ચોથી શ્રેણી

પુસ્તક ૩૦

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬
ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે
થી
તા. ૨જી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક ૩૦)

## અ નુ ક્ર મ ણિ કા

ચોથી શ્રેણી


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **શુક્રવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 10 |
| અતારાંકિત પ્રશ્નો | 11 | 72 |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | 73 | 73 |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | 74 | 99 |
| **સોમવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬ ફાલ્ગુન ૧૦, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 100 | 111 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 112 | 163 |
| રાજ્યકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪) | 164 | 164 |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | 165 | 189 |
| **મંગળવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૬ ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે (પ્રથમ બેઠક)** | | |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | 190 | 204 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | 205 | 207 |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશ:) | 208 | 219 |
| **મંગળવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૬ ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે ( બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | 220 | 230 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 231 | 290 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬) | 291 | 293 |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | 294 | 316 |
| **બુધવાર, તા. ૨જી માર્ચ, ૨૦૧૬ ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 317 | 327 |
| અતારાંકિત પ્રશ્નોત્તરી | 328 | 393 |
| મંત્રીશ્રીનો ખુલાસો – નિયમ ૪૫ | 394 | 394 |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | 395 | 413 |

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

શુક્રવાર, તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

## તારાંકિત પ્રશ્નો

પારડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૮૫૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) ૫૮,૦૦૦ રોપા |
| (૨) તેની પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૧૬.૮૧ લાખ |

શ્રી કનુભાઈ મો. દેસાઈ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સામાજિક વનીકરણ યોજના શું છે અને એને ક્યારે શરૂ કરવામાં આવી?

શ્રી બચુભાઈ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક વનીકરણ યોજના ગુજરાતમાં ૧૯૬૯-૭૦માં શરૂ કરવામાં આવી. સામાજિક વનીકરણ યોજનાને ૧૯૮૦ના દાયકામાં જ્વલંત સફળતા મળી એના પરિણામે સામાજિક વનીકરણ યોજનાને વિશ્વ પ્રણેતા તરીકે પણ માનવામાં આવે છે. સામાજિક વનીકરણમાં વન વિસ્તારની બહારના ભાગોમાં ખેડૂતોની પોતાની જમીન, ગૌચરની જમીન, પડતર જમીન, શૈક્ષણિક સંસ્થાઓની અને સહકારી સંસ્થાઓની જમીન પડતર હોય એમાં સામાજિક વનીકરણની કામગીરી કરીને વૃક્ષોનું જતન કરીને વધુ વૃક્ષો ઉછેરી શકાય અને એનાથી સ્થાનિક રોજગારી મળી રહે અને પર્યાવરણને પણ ફાયદો થાય તેમજ ઓછા વન હોવાના કારણે એની અંદર વધારે રોપા ઉછેર કરીને આપણે વન્ય સંસ્કૃતિને અને પર્યાવરણને જાળવી શકીએ એના ભાગરૂપે આ સામાજિક વનીકરણમાં આપણે કામ કરીએ છીએ.

શ્રી રમણલાલ ના. પાટકર : વલસાડ જિલ્લામાં સને ૨૦૧૫-૧૬માં તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને કેટલા હેકટરમાં ? આની પાછળ કેટલો ખર્ચ થયો અને કેટલા માનવદિનની રોજગારી ઉભી થઇ છે?

શ્રી બચુભાઈ મ. ખાબડ : માનનીય સભ્યશ્રી રમણલાલ પાટકરજીએ એમના વલસાડ જિલ્લાના સામાજિક વનીકરણની યોજના, રોપા વાવેતર અને વાવેતર ખર્ચ તેમજ રોજગારી બાબતે પ્રશ્ન પૂછેલ છે. વલસાડ જિલ્લો ખૂબ ફળદ્રુપ જિલ્લો છે અને આ વિભાગની કામગીરી પણ એ વિસ્તારમાં ખૂબ સારી થઇ છે. એમાં ખૂબ સારી જાતના રોપાઓ જેવા કે, સરુ, સાગ, કાજુ, નિલગીરી, આંબા અને એમાં પણ વિશેષ કરીને કાજુ અને આંબા જેવી ખેતી આપણે કરીએ છીએ. ૨૦૧૫-૧૬માં પારડી તાલુકામાં ૬૩ હેકટરમાં .૫૮ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ટકાવારી પણ ખૂબ સારી છે. ૯૭ ટકા રોપાઓ આજે જીવંત છે અને એની પાછળ ૧૬.૮૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો. માનવ રોજગારી મળે એના માટે ૪,૨૩૩ જેટલા માનવદિન ઉત્પન્ન કરીને એ વિસ્તારને રોજગારીની પણ તકો પૂરી પાડી હતી. ઉમરગામ તાલુકામાં ૬૭ હેકટરમાં .૫૮ લાખ રોપા રોપવામાં આવ્યા હતા અને .૫૭ રોપાઓ આજે જીવંત છે અને ટકાવારી પણ ૯૮.૨૮ જેટલી છે. વાવેતર પાછળ ૧૮.૨૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૪,૫૮૭ માનવદિનની રોજગારી એ વિસ્તારમાં ઉભી કરવામાં આવી છે. ધરમપુર તાલુકામાં ૨૮ હેકટરમાં વાવેતર કર્યું અને એની અંદર .૩૦ લાખ રોપા રોપવામાં આવ્યા હતા. ૯૩ ટકા જેટલા રોપાઓ જીવંત રોપાઓ છે. ૧૦.૫૨ લાખ જેટલો ખર્ચ કરીને ૨,૬૪૮ માનવદિન ઉત્પન્ન કરીને રોજગારી આપી છે. કપરાડા જેવા તાલુકાની અંદર પણ ૨૩ હેકટરની અંદર ૦.૩૦ લાખ રોપાનું વાવેતર કર્યું છે. એમાં લગભગ કપરાડા જેવા તાલુકાની અંદર ૮૭.૫૦ લાખ જેટલા રોપાઓ જીવંત છે. ૭.૯૪ લાખ જેટલો ખર્ચ કર્યો છે. ૨૦૦૨ માનવદિન ઉત્પન્ન થયેલા છે. આમ, કુલ મળીને આ વલસાડ જિલ્લાની અંદર ૨૩૭ હેકટર વાવેતર કર્યું હતું અને એમાં વાવેતર પાછળ ૭૩.૨૩ લાખનો ખર્ચ કરીને ૧૮,૪૪૦ માનવદિન ઉત્પન્ન કરવામાં આવ્યાં હતાં.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

### વિસનગર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૧૦૭૩ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૪૭,૦૦૦ રોપાનું વાવેતર કરેલ છે. |
| (૨) તેની પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) કુલ રૂ. ૧૦.૬૫ લાખ |

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે પૂછવું છે કે, સાંસ્કૃતિક વન બનાવવાની શરૂઆત ક્યારથી થઇ અને અત્યાર સુધી કેટલા વન બનાવવામાં આવ્યાં? અને સાહેબ, મારો બીજો પ્રશ્ન છે કે, સંસ્થાકીય જમીનો ઉપર વનીકરણ કોના ખર્ચે થાય છે, તેનો લાભ કોને મળે છે અને હેકટર દીઠ કેટલો ખર્ચો થાય છે અને વાવેતર માટે રોપા દીઠ કેટલો ખર્ચો આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક વન એ આપણી ગુજરાતની ધરતીની પરંપરા રહી છે. સંસ્કૃત્તિને વરેલી આ વિચારધારામાં પ્રાચીન સંસ્કૃતિને પરંપરાગત રીતે શાસ્ત્રોમાં વર્ણવેલા મહત્વની ઔષધિઓ અને વનસ્પતિઓને ઘ્યાન આપીને આ સાંસ્કૃતિક વનોના વિકાસ માટે વૃક્ષોનું વાવેતર કરીને એને તૈયાર કરીને સાંસ્કૃતિક વન તૈયાર કર્યા છે. લોકોની ભાવના, જાગૃત્તિ, વૃક્ષ ઊચ્છેર એની સાથે જોડાય અને રાજ્યની પ્રજાને પ્રાચીન સંસ્કૃત્તિનો પરંપરા મુજબ પુરાણા શાસ્ત્રોમાં જણાવેલ ઔષધિ અને માનવ જીવનને સ્પર્શતી કુદરતની આ વનસ્પતિથી માહિતગાર કરવા માટે સાંસ્કૃતિક વનોનું નિર્માણ કર્યું છે. સભ્યશ્રીઓએ વનોની માહિતી માગી છે એમાં અત્યાર સુધી ગુજરાત રાજ્યની અંદર આપણે ૧૨ જેટલા વનોનું નિર્માણ કર્યું છે. સંસ્કૃતિ, સમાજ એની સાજે જોડાય એના માટે ૨૦૦૪ ની અંદર ગાંઘીનગર ખાતે પુનિત વન, ૨૦૦૫ ની અંદર માંગલ્ય વન અંબાજીની અંદર, બનાસકાંઠા ખાતે ૨૦૦૬ની અંદર તિર્થંકર વન, તરંગા મહેસાણા ખાતે, ૨૦૦૭માં હરિહર વન સોમનાથ ખાતે, ૨૦૦૮માં ભક્તિવન ચોટિલા સુરેન્દ્રનગર ખાતે, ૨૦૦૯ની અંદર શ્યામલ વન શામળાજી અરવલ્લીની અંદર, ૨૦૧૦ની અંદર પાવક વન પાલીતાણા ભાવનગર ખાતે, ૨૦૧૧માં વિરાસત વન જયપુરા પાવાગઢ ખાતે, ૨૦૧૨માં ગોવિંદગુરુ સ્મૃત્તિ વન માનગઢ સંતરામપુર ખાતે, ૨૦૧૩માં નાગેશ્વર વન દ્વારકા ખાતે, ૨૦૧૪માં શકિત વન કાગવડ તાલુકો જેતપુર ખાતે, ૨૦૧૫ની અંદર જાનકીવન વાંસદા ખાતે, આ રીતે વનોનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છે કે, વનીકરણમાં આપણે રોપા જે વાવ્યાં એમાં જીવંત રોપાની ટકાવારી કેટલી અને કેટલું લક્ષ્યાંક હતું અને જો ઓછું થયું તો એનું કારણ શું?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિસનગર તાલુકાનો પ્રશ્ન છે એની અંદર વાવેતર ૩.૯૭ લાખનું કરવામાં આવ્યું હતું અને આજે ૩.૬૬ લાખ રોપાઓ જીવંત છે. એની ટકાવારી પણ ખૂબ સારી છે અને એમાં ઓછા થવાના થોડાક કારણો છે. કેટલાક વિસ્તારની અંદર પાણીની મુશ્કેલ હતી. આ વર્ષ અછતનું હતું એટલે પાણીના લીધે કેટલાક રોપાઓનો નાશ થયો હતો. કેટલાક પશુઓના ચરણને લીધે પણ થાય છે. કેટલાક દવને લીધે પણ થાય છે આ રીતે એની અંદર ઘટાડો થતો હોય છે.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વનીકરણ યોજના હેઠળ ૨૦૧૫–૧૬માં કેટલા રોપા વાવવામાં આવ્યા અને એક રોપાદીઠ કેટલો ખર્ચ થયો? માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે દક્ષિણ ગુજરાતમાં કાજુ, કેરી અને ફળાઉ રોપા વાવવામાં આવે છે તો ઉત્તર ગુજરાતમાં એ વાવવા માગો છો છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેતી પ્રધાન રાજય છે અને એને સામાજિક વનીકરણ સાથે આપણે પૂરક જોડયું છે. ગુજરાતના વિસ્તાર પ્રમાણે ખેતી થતી હોય છે. ફળદ્રુપ જમીન છે ત્યાં કાજુ અને કેરીની ખેતી થતી હોય છે ઉત્તર ગુજરાતમાં પણ ફળદ્રુપ જમીન હશે અને માગણી હશે તો એ વિસ્તારની જરૂરિયાત પ્રમાણે સરકાર ચોકકસ એ દિશામાં આગળ વઘવા માંગે છે. એક રોપાદીઠ ૨.૮૫ રૂપિયાનો ખર્ચ થાય છે.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ જે રોપાઓના વાવેતરનો ખર્ચ બતાવ્યો છે, પણ રોપાઓનું વાવેતર કરતાં પહેલાં રોપાઓને ઉગાડવા પડતા હોય છે એને પ્લાસ્ટિક બેગમાં તૈયાર કરતા હોય છે તો મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એક રોપાને તૈયાર કરવામાં પ્લાસ્ટિક બેગથી માંડીને એને યુરિયા ખાતર અને જે કંઇ કરો છો તો એક રોપો ઉગાડવા પાછળ કેટલો ખર્ચ થાય છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારાજીએ ખૂબ સારી વાત કરી અને ભવિષ્યના વનોની પણ ચિંતા કરી છે અને પર્યાવરણની પણ ચિંતા કરીને જે પ્રશ્ન પૂછયો છે કે રોપાને ઉછેરવા માટે ખૂબ કાળજી રાખવી પડે છે. બાળકને ઉછેરીએ એ રીતે રોપાને પણ ઉછેરવા પડે છે. એને અલગ અલગ સાઇઝની બેગની અંદર આપણે ઉછેરીએ છીએ અને બેગની સાઇઝ પ્રમાણે એનો ખર્ચ થતો હોય છે. ૧૦ બાય ૨૦ની પોલીથીન બેગ છે એ સાઇઝમાં ઉછેરવામાં આવેલા રોપાનો ખર્ચ બે

રૂપિયા અને પંચ્યાશી પૈસા થાય છે. ૧૫ બાય ૨૫ની પોલીથીન બેગની સાઇઝમાં ઉછેરવામાં આવેલા રોપાનો ખર્ચ પાંચ રૂપિયા અને એંશી પૈસા થાય છે. ૨૦ બાય ૩૦ ની પોલીથીન બેગની સાઇઝમાં ઉછેરવામાં આવેલા રોપાનો ખર્ચ રોપાદીઠ અગિયાર રૂપિયા અને પંદર પૈસા થાય છે. ૩૦ બાય ૪૦ની પોલીથીન બેગની સાઇઝમાં ઉછેરવાનો ખર્ચ રોપાદીઠ ૧૭ રૂપિયા થાય છે. આમ જેમ જેમ આપણે સાઇઝ વધારતા જઇએ છીએ એ રોપાની બેગની સાઇઝના આધાર પર એનો ખર્ચ થતો હોય છે.

અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ

* ૨૨૧૦૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જીલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧ માં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતી નથી તથા તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૮૬ | ૨૧૨ |
| ૨ | માલપુર | ૫૨ | ૩૭ |
| ૩ | મેઘરજ | ૧૫ | ૫૦ |
| ૪ | બાયડ | ૨૦ | ૧૧૮ |
| ૫ | ધનસુરા | ૦૪ | ૭૫ |
| ૬ | ભિલોડા | ૭૭ | ૫૫ |

(૨) તમામ શાળાઓમાં આર.ટી.ઈ. એક્ટનો અમલ કરેલ છે.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર: માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં તાલુકા વાર કુલ કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ આવેલી છે? અને તેમાં રાઇટ ટુ એજયુકેશન એકટ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬માં એસ,સી. એસ.ટી., ઓ.બી.સી. અને લઘુમતિના કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો? રાઇટ ટુ એજયુકેશન એકટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાયદામાં જોગવાઇ છે? અને તેમાં કેટલા વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં તાલુકાવાર પ્રવેશ આપવામાં આવ્યો છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓ ૩૯ છે. એમાં મોડાસા તાલુકામાં ૧૩, એમાં ૮૬ અરજી આવી હતી અને ૮૬ને પ્રવેશ આપ્યો છે. માલપુરમાં ૭ શાળાઓ છે એમાં બાવન અરજી આવી હતી, બાવનને પ્રવેશ આપ્યો છે. મેઘરજમાં ૧, એમાં ૧૫ અરજી આવી હતી અને ૧૫ ને પ્રવેશ આપ્યો હતો. બાયડમાં ૧૦, એમાં ૨૦ અરજી આવી હતી. ૨૦ને પ્રવેશ આપ્યો છે. ધનસુરા તાલુકામાં બે શાળા, એમાં ચાર અરજી આવી હતી, ચારને પ્રવેશ આપ્યો છે. ભિલોડા તાલુકામાં ૬ શાળાઓ, એમાં ૭૭ અરજી આવી હતી, ૭૭ને પ્રવેશ આપ્યો છે. ૨૦૧૪–૧૫માં કુલ ૨૫૪ અરજી આવી હતી અને ૨૫૪ને પ્રવેશ આપ્યો હતો એવી જ રીતે તાલુકાવાર ૨૦૧૫માં ૫૪૭ અરજી આવી હતી અને ૫૪૭ને પ્રવેશ આપ્યો હતો. મારી પાસે કોઇ જ્ઞાતિવાર કે ધર્મવાર આંકડાઓ નથી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મોડાસામાં ૧૩ ખાનગી પ્રાથમિક શાળામાં માત્ર ૮૬ અરજીઓ આવી એવી માનનીય મંત્રીશ્રીએ વાત કરી. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આવી ખાનગી પ્રાથમિક શાળાઓ જે ગરીબ બાળકોની અરજીઓ સ્વીકારતા નથી એવી કેટલી ફરિયાદો મળી અને ખરેખર મોડાસમાં ૧૩ ખાનગી પ્રાથમિક શાળાઓ છે, એમાં કુલ જનરલ કેટેગરીમાં કેટલાં બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો? તેની સમકક્ષ આ ૮૬ બાળકોને કેમ પ્રવેશ મળ્યો છે તે જાણવું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : સભ્યશ્રીની પહેલી ફરિયાદ ગણીએ તો ફરિયાદ અને રજૂઆત ગણીએ તો રજૂઆત કે અરજીઓ સ્વીકારવામાં આવતી નથી? મારે આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવું છે કે શાળાઓમાં પ્રવેશની એક પદ્ધતિ છે. એ પદ્ધતિ મુજબ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા જાહેર અખબારોની અંદર જાહેરાત આપવામાં આવે છે. અને તેમાં જેટલી અરજીઓ આવેલ હોય તે બધી જ અરજીઓનો સ્વીકાર કરી શાળામાં પ્રવેશ આપેલો છે. અમારા ધ્યાનમાં એક પણ રજૂઆત એવી નથી આવી કે અમે અરજી કરી અને શાળાએ સ્વીકાર ન કર્યો હોય, કારણ કે અરજી શાળાને કરવામાં આવતી જ નથી. અરજી પ્રાથમિક શિક્ષણાધીકારીને કરવામાં આવે છે. અને શહેરી વિસ્તારમાં જિલ્લા શિક્ષણાધીકારીને કરવામાં આવે છે. જિલ્લા શિક્ષણાધીકારી પાસે આવેલી અરજીઓ ત્યારપછી પ્રોસેસ થઇ જે વિસ્તારની અરજી આવેલી હોય તેની નજીકની શાળામાં પ્રવેશ આપે છે. પ્રવેશ લેવો ફરજિયાત છે. એટલે આવી કોઇપણ પ્રકારની ફરિયાદ અમારી પાસે આવી નથી. તેમ છતા સભ્ય કોઇ વ્યક્તિગત ધ્યાન દોરશે કે આ વ્યક્તિએ અરજી કરેલી અને પ્રવેશ નથી મળ્યો, તો ચોક્કસ અમે પ્રવેશ અપાવવામાં પ્રયત્ન કરીશું.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આર.ટી.ઇ. એક્ટ મુજબ ખાનગી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ આપવાની આખી પદ્ધતિ શું છે? વિગતવાર માહિતી આપો.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : મારા આગળના પ્રશ્નના જવાબમાં પ્રવેશ પદ્ધતિનો થોડોક અછડતો ઉલ્લેખ કરેલો, પરંતુ માનનીય સભ્યશ્રીએ જ્યારે વિસ્તૃત માહિતી માગી છે, ત્યારે આર.ટી.ઇ. એક્ટ હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં આવેલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારીશ્રી અને શહેરી વિસ્તારમાં જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધીકારીશ્રી દ્વારા બહોળી પ્રસિદ્ધિ ધરાવતા વર્તમાન પત્રોમાં જાહેરાત આપી પ્રવેશવાંચ્છુ વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી નીચે મુજબ પ્રવેશ ફોર્મ મંગાવવામાં આવે છે. આ માટેના પ્રવેશ ફોર્મ વિદ્યાર્થીઓના વાલીઓને નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ખાતેથી વિનામૂલ્યે પૂરા પાડવામાં આવે છે. જે ભરીને આધાર પુરાવા સાથે વાલીઓએ જે તે સ્વીકાર કેન્દ્ર ખાતે જમા કરાવવાના હોય છે. પ્રવેશ ફોર્મ મળી ગયા બાદ તેની ચકાસણી કરતા પ્રવેશ પાત્ર જણાયેલ વિદ્યાર્થીઓને તેના રહેઠાણની નજીકની શાળામાં અગ્રતાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. પ્રવેશ ફાળવણીનો હુકમ લઇને વાલીઓએ જે તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરવાનો રહે છે. જ્યાં તેઓને જે તે શાળાના આચાર્યશ્રી દ્વારા પ્રવેશ આપવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ માટેના આવક–મર્યાદાના ધોરણો શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ખાનગી શાળાઓમાં ૨૫ ટકા બાળકોને જ પ્રવેશ આપવાની આર.ટી.ઇ. એક્ટ અન્વયે જોગવાઇ છે. એમાં ૨૫ ટકા બાળકો કયા? કયા બાળકોને ૨૫ ટકા લેવા એ માટે અગ્રતાક્રમ નક્કી કરવામાં આવ્યો છે. પ્રાયોરિટી મુજબ આવેલી અરજીઓને પ્રાયોરિટી મુજબ ગોઠવી જે પ્રાયોરિટીમાં પ્રથમ આવતા હોય તેને પહેલા પ્રવેશ આપવામાં આવે છે. પહેલી પ્રાયોરિટી અનાથ બાળક છે. બીજી પ્રાયોરિટી માતા પિતા હોય પરંતુ એને રાખતા ન હોય એટલે સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક હોય એને આપવામાં આવે છે. ત્રીજી પ્રાયોરિટી બાળગૃહનાં બાળકોને. ચોથી પ્રાયોરિટી બાળમજૂર, સ્થળાંતરિત મજૂર બાળકો અને પાંચમી પ્રાયોરિટી મંદ બુદ્ધિ સેરીબ્રલ પાલ્સીનાં બાળકોને, છઠ્ઠી પ્રાયોરિટી ખાસ જરૂરીયાતવાળાં બાળકોને વિકલાંગ શારીરિક અને હવે પ્રધાનમંત્રીશ્રીએ કહ્યું દિવ્યાંગ બાળકોને. માનનીય અધ્યક્ષશ્રી, એચઆઇવીગ્રસ્ત બાળકો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના બાળકો ત્યારપછી આવે છે બી.પી.એલ. પરિવારના બાળકો આવે છે. તેની આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે ૬૮ હજાર છે અને ગ્રામીણ વિસ્તાર માટે ૪૭ હજાર છે. આમાંથી પણ જો ૨૫ ટકા ન થાય તો આવકની મર્યાદા વધારતા જાય છે. તેવી રીતે ૨૫ ટકાની સંખ્યા થાય ત્યાં સુધી તેને પ્રવેશ અપાય છે.

### ખેડા જિલ્લામાં ઈકો ટુરીઝમનો વિકાસ

* ૨૧૪૧૫ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) રાજ્યમાં ઈકો ટુરીઝમની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) ખેડા જિલ્લામાં કોઈ સ્થળ પસંદ કરવામાં આવેલ નથી. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક ૫ ના જવાબમાં મારો થોડોક સુધારો સૂચવું છું. ખેડા જિલ્લાનો જે વિસ્તાર છે તેમાં મહિસાગર જિલ્લામાં થોડોક વિસ્તાર બાલાસિનોરનો આવ્યો છે એટલો મારો સુધારો છે અને બાકીનો જવાબ છાપ્યા મુજબ.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ઇકો ટુરિઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે અને જો હોય તો ખેડા જિલ્લાના કયા સ્થળની પસંદગી કરવામાં આવેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી સાચી છે પણ ખેડા જિલ્લાની અંદર આવી ઇકો ટુરિઝમની પ્રવૃત્તિ કરવામાં આવતી નથી. તે વિસ્તારમાં જે કામગીરી કરે છે તે અમારો વિભાગ કરતો નથી. ડાયનોસૉર ફોસીલ પાર્કની કામગીરી ગુજરાત પ્રવાસન નિગમનો વિભાગ કરે છે માટે ત્યાં ખર્ચ કરવાનો કોઇ પ્રશ્ન નથી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને આપે જે રીતે જવાબમાં જણાવ્યું જવાબ નં.૧૮માં કે ઇકો સેન્સીટીવ ઝોનમાં જે ગામોનો સમાવેશ થાય..

અધ્યક્ષશ્રી : નહીં જવાબ નંબર ૧૮ કયાં આવે?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સાહેબ જવાબ એ જ છે. ઇકો સેન્સીટીવ ઝોનમાં જે ગામોનો..

અધ્યક્ષશ્રી : નહીં નહીં ઇકો ટુરિઝમની વાત છે. નહીં નહીં.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : જે ગામોનો સમાવેશ થાય તેના ડેવલપમેન્ટની જવાબદારી...

અધ્યક્ષશ્રી : નહીં નહીં આ ઇકો ટુરિઝમનો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં સુધારો રજૂ કર્યો છે કે આ જિલ્લામાં આવું કોઇ પ્લેસ જ નથી.

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સાહેબ નળ સરોવરની હું વાત કરું તો ઇકો ટુરિઝમ..

અધ્યક્ષશ્રી : બહેન નળ સરોવર ન આવે. ખેડા જિલ્લાની વાત છે. નહીં નહીં. ખેડા જિલ્લા પૂરતો પ્રશ્ન હોય તો કહો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સાહેબ નળ સરોવરનો અમારો ઇકો ટુરિઝમનો સવાલ છે.

અધ્યક્ષશ્રી : નહીં નહીં માનનીય સભ્યશ્રી સંજયભાઇ પટેલ.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જે ગ્રામીણ વિસ્તારમાં આ ઇકો ટુરિઝમ ડેવલપ થયેલ હોય તો તે ગ્રામીણ વિસ્તારના લોકોને ફાયદો થાય છે કે કેમ અને તે કેવા પ્રકારનો ફાયદો થાય છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરિઝમથી સ્થાનિક લોકોને લાભ મળે છે કે કેમ તેના માટેનો માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે. આ યોજના જ સ્થાનિક લોકોને મદદરૂપ થવાય તેના માટેની યોજના અમારા વિભાગ દ્વારા કરવામાં આવી છે. તે ગ્રામ સ્તરની સ્થાનિક લોકોની મંડળી કરવામાં આવે છે અને તેને ઇકો ટુરિઝમ ડેવલપમેન્ટ સોસાયટી અથવા પરિસર પ્રવાસન વિકાસ મંડળ તરીકે ઓળખવામાં આવે છે. આ મંડળને સોસાયટી રજીસ્ટ્રેશન એકટ ૧૯૬૧ હેઠળ રજીસ્ટ્રેશન કરવાનું થાય છે અને તેમાં સ્થાનિક વિસ્તારના ૮૦ ટકા જેટલા કુટુંબોમાંથી કુટુંબદીઠ એક સભ્ય બનાવીને આ સોસાયટીની આપણે રચના કરતા હોઇએ છીએ. આ રજીસ્ટ્રેશન થયેલી સંસ્થા છે તે સોસાયટીના માધ્યમથી ઇકો ટુરિઝમના વિકાસ માટે સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક બપસ–૧૧૦૮/૬૯૨ ડબલ્યુ તા.૧૩–૧૦–૧૯૮૦ની જોગવાઇ પ્રમાણે ૯ સભ્યોની સમિતિ બનાવીએ છીએ. અને ગ્રામ કક્ષાની ઇકો ટુરિઝમ કમિટી તરીકે ઓળખવામાં આવે છે અને એની અંદર ૯ સભ્યો પૈકી એક પ્રમુખ હોય છે, ગ્રામ સંગઠન સભ્યોમાંથી ર સભ્યો હોય છે, ગ્રામ સંગઠનની સ્ત્રી સભ્યમાંથી એક સભ્ય હોય છે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વ્યકિતના સભ્યમાંથી ર સભ્યો હોય છે, સ્વૈચ્છિક સંસ્થાના એક સભ્ય હોય છે, ગ્રામ પંચાયતના એક સભ્ય હોય છે અને એના સભ્ય સચિવ તરીકે વનપાલને નિમણૂક કરવામાં આવે છે આમ, ૯ સભ્યોની નિમણૂક કરીને એના એન.જી.ઓ.ને ભાગીદાર કરીને આના માધ્યમથી એ વિસ્તારની અનુકૂળતા પ્રમાણે પ્રવાસીઓ જ્યારે ત્યાં આવતા હોય છે ત્યારે આ મંડળીના માધ્યમથી એની વન પ્રત્યેની જાગૃકતા, સ્થાનિક જે કોઇ ત્યાં જોવા લાયક સ્થળો છે એને બતાવવાનું કામ અને એની સાથે સહયોગી બનીને જે કુદરતી સૌંદર્ય છે એની વિચારધારા પણ એની સાથે જોડાય અને એ વિસ્તાર આદિવસી વિસ્તાર હોય કે અન્ય વિસ્તાર હોય એની સંસ્કૃતિ સાથે એ લોકોને જોડીને ત્યાં સ્થાનિક જે ભોજન બનતું હોય છે એને સાદા ભોજન તરીકેની એ લોકો વ્યવસ્થા કરીને પોતાની ઉપજ કરીને આ રીતે આ વિસ્તારના ગરીબ લોકોનું જીવન ધોરણ ઉંચું આવે રીતે આ ઇકો ટુરિઝમના માધ્યમથી, આ સોસાયટીના માધ્યમથી કામ કરીને એ લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવાનો મુખ્ય ઉદેશ રહ્યો છે.

### સુરત જિલ્લામાં ખાદ્યતેલ અંગે દરોડા

* ૨૧૪૫૮ શ્રી જનક કાછડિયા (કરંજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખાદ્યતેલ અંગે કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, | (૧) ૦૩ (ત્રણ) |
| (૨) તેમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો, અને | (૨) તેમાં રૂા. ૩,૫૩,૫૯૨/– ની કિંમતનો ૬૫૯૫ કિ. ગ્રા. ખાદ્યતેલનો જથ્થો કબજે લેવામાં આવ્યો. |
| (૩) કેટલી કિંમતનો કેટલો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૨૫,૨૮૬/– ની કિંમતનો ૫૨૯ કિ.ગા. ખાદ્યતેલનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. |

શ્રી જનકભાઇ મ. કાછડિયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આશરે ૩ કરોડ ૫૦ લાખ લોકો સુધી સીધો લાભ પહોંચાડતું રાજયનું અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગ દ્વારા નવા બજેટમાં જે નવી જોગવાઇ કરવામાં આવી છે કે, પ્રતિ અંત્યોદય પરિવાર દીઠ ૩૫ કિલો અનાજ એમાં ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આ નિર્ણય માટે ગતિશીલ સરકારના માતૃસ્વરૂપ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, જે ખાદ્યતેલના દરોડા પાડવામાં આવ્યા એ કોના ઉપર પાડવામાં આવ્યા, તેમાં કેટલામાં ગેરરીતિ જણાઇ આવી? અને કેવા પ્રકારની ગેરરીતિઓ જણાયેલ છે? બીજો પ્રશ્ન છે કે, ગેરરીતિ જણાયેલ બે કેસમાં કેટલો જથ્થો કબજે લેવામાં આવ્યો? અને જે દરોડા પાડવામાં આવ્યા એ કોઇની ફરિયાદ કે અરજીના અન્વયે પાડવામાં આવ્યા છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય સભ્યશ્રીને ધન્યવાદ પાઠવીશ કે રાજયના મુખ્યમંત્રીશ્રી ગરીબોની જે ચિંતા લઇને આ રાજયમાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરે છે. આપનો પ્રશ્ન છે એમાં આ જે દરોડા પાડ્યા છે એ ત્રણ પાર્ટીઓ સામે દરોડા પાડવામાં આવ્યા છે. એક છે બી.કે.પ્રોટિન્સ ચલથાણા, તાલુકો પલસાણા, બીજો છે તિરુપતિ ટ્રેડર્સ, પાંડેસરા, સુરત અને ત્રીજો છે માતેશ્વરી ઓઇલ એન્ડ સુગર , પાંડેસરા, સુરત આ ત્રણ વેપારીઓ સામે દરોડાની કાર્યવાહી કરવામાં

આવી છે. આમાં જે ક્ષતિઓ જણાયેલ એમાં હિસાબો સાચા નોંધાયેલા ન હતા, ડબ્બા તેલના હતા એની ઉપર પેકીંગની વિગતો ન હતી અને ખાદ્યતેલ વેપાર અંગેનું રજિસ્ટ્રેશન કરવું જોઇએ એ કરવામાં આવેલ ન હતું, બીજામાં એવું પણ જોવામાં આવ્યું છે કે જે હિસાબો હતા એ બરાબર સાચા નિભાવેલા ન હતા, વેચાણ બિલો પણ ન હતા અને નિયમ અનુસાર નહોતા કરેલા એટલે આવી ક્ષતિઓ જણાવાના કારણે આ ત્રણે ઉપર કાર્યવાહી કરવામાં આવેલ હતી તે પૈકી બે કેસમાં ગુનેગાર સાબિત થયા છે અને માતેશ્વરીવાળા નિર્દોષ સાબિત થયા છે. આ જે ગુનેગાર સાબિત થયા છે એમાં એનો તેલનો જથ્થો કબજે લીધો છે એમાં પામોલિન તેલનો ૫૨૯૦ કિલોગ્રામનો જથ્થો ૪૭.૮૦ ના ભાવથી ૨,૫૨,૮૬૨ રૂપિયાની કિંમતનો અને કપાસિયા તેલનો જથ્થો ૧૩૦૫ કિલોગ્રામ ૭૭ રૂપિયાના ભાવથી ૧,૦૦,૭૩૦ રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવેલ છે. આમ કુલ ૬૫૯૫ કિલોગ્રામ જથ્થો કબજે કરીને ૩,૫૩,૯૯૨ રૂપિયાની કિંમતનો જથ્થો પકડવામાં આવ્યો છે. આ પકડવામાં આવેલ પૈકી દરોડા જે પાડવામાં આવેલ છે એ કોઇ ફરિયાદ નહોતી મળી પણ રૂટિનમાં અમારા લોકો ચેકીંગમાં જતા હોય છે એજ પ્રમાણે રૂટિન ચેકીંગમાં જ આ પકડવામાં આવેલ છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને મારે પુછવું છે કે, આ જે દરોડા પાડવામાં આવ્યો છે એ વિભાગ દ્વારા દરોડો પાડવામાં આવ્યો છે કે કોઇની ફરિયાદના આધારે દરોડો પાડવામાં આવેલ છે? બીજો એક મારો પ્રશ્ન એ છે કે, દરોડાની અંદર ૬૫૯૫ કિલોગ્રામનો જથ્થો કબજે લીધો છે અને એમાંથી ફક્ત ૫૨૯ કિલોગ્રામનો જથ્થો રાજ્યસાત કરવામાં આવેલો છે આ બન્ને વચ્ચેનો તફાવત લગભગ ૬૦૦૦ કિલોગ્રામ જેટલો જથ્થો થાય છે અને એ જથ્થો પાછો આપવામાં આવ્યો છે, આ અંગેની સ્પષ્ટતા કરવામાં આવે કે રાજ્યસાત કરેલો જથ્થો આટલો ઓછો કેમ છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : પહેલાં તો જણાવું કે એમના પ્રશ્નનો જવાબ મેં અગાઉ પણ આપી દીધેલો છે કે આ જથ્થો કોઇની અરજીના આધારે નહિ પણ રૂટિન તપાસણીના આધારે રાજ્યસાત કરવામાં આવેલો છે. બીજું જે જથ્થો અમે રાજ્યસાત કર્યો છે એ એવી રીતે કરવામાં આવે છે કે ગુનેગાર બન્યા પછી એની તપાસણી થતી હોય છે અને એ તપાસણીના આધારે ખરેખર કેટલો જથ્થો સીલ કરવા જેટલો છે કે રાજ્યસાત કરવા જેટલો છે અને એની કિંમત કેટલી છે એટલો જ જથ્થો આપણે રાજ્યસાત કરવાનો થતો હોય છે એટલે બધો જથ્થો આપણે રાજ્યસાત કરતા હોતા નથી. એટલે ગુનેગારમાં જે વસ્તુ ન આવતી હોય તે આપણે પરત કરતા હોઇએ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી આપના મારફતે હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું એક તો ત્રણ પૈકીની એક વ્યક્તિને નીચેની કોર્ટે નિર્દોષ છોડેલા છે મારે એ જાણવું છે કે એની સામે જે ફર્સ્ટ અપીલ આપણે દાખલ કરવાની હોય એ કરી છે કે કેમ અને નિર્દોષ ક્યારે છોડ્યા અને અપીલ દાખલ ક્યારે કરી છે? બીજું આ બે વ્યક્તિઓ જે દોષિત ઠર્યા છે એમને કઇ કલમો નીચે કેટલી સજા કરવામાં આવેલી છે અને આ રૂટિન ચેકીંગમાં થયું છે એનો અર્થ એવો થયો કે રૂટિન ચેકીંગમાં જો ત્રણ પકડાયા હોય તો આને સઘન બનાવીને રૂટિન ચેકીંગ એટલું કરીએ કે જેથી કરીને કમસેકમ ખાદ્ય પદાર્થો છે એની સાથે ચેડાં કરવાની ચેષ્ટા ભવિષ્યમાં કોઇ ન કરે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : આમાં કોઇ કોર્ટ મેટર થઇ નથી, આ જે રૂટિન થયું છે એના કારણે તપાસણીના અંતે કે જે જથ્થા અંગે મેં અગાઉ જણાવ્યું તેમ આટલી આટલી ક્ષતિઓ જણાઇ હતી એ ક્ષતિઓ જણાયેલા જથ્થા પૈકીનો જથ્થો રાજ્યસાત કર્યો છે અને નિયમોનુસાર એમાં દંડ કરવામાં આવ્યો છે અને એ દંડ કર્યો છે એમાં શકિતસિંહજી જે તપાસણીનું કહે છે એમાં આપણે એક વરસમાં જે દોષિત ઠરેલાઓમાં એની જે તપાસણી કરી છે એને સઘન કરવા માટે આપણે ૨૪૦ જેટલી તપાસણીઓ કરેલી છે અને એમાં પણ આપણે ૮૩.૪૭ લાખની કિંમતનો જથ્થો સુરતમાં કબજે કર્યો છે અને ૧૪.૮૨ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો છે.

### જુનાગઢ જિલ્લામાં ઘાસવીડીઓ

* ૨૦૬૭૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં કેટલી ઘાસ વીડીઓ આવેલ છે, અને | (૧) ૧૧૨ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા ઘાસવીડીઓની જમીન સુધારણા અને નવા ઘાસ ઉગાડવા માટે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ. ૪૭.૬૯ લાખ અને ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત રૂ. ૫૨.૯૪ લાખ |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે જાણવા માગું છું કે, અમારા જુનાગઢ જિલ્લામાં ઘાસની વીડીઓ છે એમાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૭.૬૯ લાખ અને વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧–૧૨–૧૫ સુધીમાં ૫૨.૯૪ લાખ ઉગાડવામાં આવેલ છે. હવે આ વીડીઓમાં ઘાસનું જે વાવેતર કરવામાં આવેલું છે એ કઇ કઇ વીડીઓમાં કરવામાં આવેલું છે અને કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલું છે? આ ઘાસની વીડીઓમાં ઉગાડવામાં આવેલ ઘાસથી છેલ્લાં બે વર્ષમાં ઘાસના ઉત્પાદનમાં કેટલો વધારો થયો છે અને જંગલ ખાતાને કેટલી આવક થઇ છે?

## ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે
## તારાંકિત પ્રશ્નો

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ જે વિગત માગી છે એ ગોડાઉનવાઇઝ મારી પાસે માહિતી છે વીડીઓ વાઇઝ મારી પાસે માહિતી નથી એની અલગથી નોટિસ આપવામાં આવશે તો હું એની માહિતી આપીશ. ૨૦૧૫–૧૬માં ૩૦.૭૧ લાખ કિલોગ્રામ ઘાસ એકત્રિત કરવામાં આવ્યું છે એનો ખર્ચ ૫૨.૯૪ લાખ થયો છે, ૨૦૧૪–૧૫માં એકત્રિત કરેલો જથ્થો ૧૫.૯૮ લાખ કિલોગ્રામ છે અને એનો ૧૦૨.૯૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૧૩–૧૪માં ૧૨.૭૮ લાખનો જથ્થો એકત્રિત કરવામાં આવ્યો છે એમાં ૪૯.૩૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૧૧–૧૨માં ૧૯.૯૮ લાખ કિલોગ્રામ ઘાસ જે એકત્રિત કર્યું છે એમાં ૭૮.૬૪ લાખ ખર્ચ કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૧૦–૧૧ની અંદર ૭૫ લાખ રૂપિયાનો ખર્ચ કરીને ઘાસ એકત્રિત કરવામાં આવ્યું છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે બિન અનામત વીડીઓ ફાળવણીના ધારા–ધોરણ શું છે ? અને તે કોને ફાળવવામાં આવે છે ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, રક્ષિત વન વિસ્તારની અંદર બે જાતની વીડીઓ આવે છે એક અનામત અને બિન અનામત. બિન અનામત જે વીડીઓ આ વિભાગની છે તેની ફાળવણી રાષ્ટ્રીય ઉદ્યાન તથા અભિયારણ્ય વિસ્તાર બહારની માત્ર એકસાલી ધોરણે તેની ફાળવણી કરવામાં આવે છે. જે વિસ્તારની અંદર સહભાગી વન–વ્યવસ્થા હેઠળ રજિસ્ટર્ડ થયેલી અધિકારપત્ર મેળવેલી સમિતિ ત્યાંની સ્થાનિક મંડળી કાર્યરત હશે તેવી સમિતિને પ્રથમ અગ્રિમતાના ધોરણે ફાળવવામાં આવે છે. અને જે ગામની સ્થાનિક સંસ્થા તેના માટેનો અગ્રિમતાક્રમ પણ નક્કી કરેલો હોય છે કે સ્થાનિક પશુઓ ધરાવતી જે ગૌશાળાઓ છે, જે પાંજરાપોળ છે, ગૌસંવર્ધનનું કામ કરતી જે સંસ્થાઓ છે અને ખૂબ મોટી સ્થાનિક માલધારી સહકારી મંડળીઓ,સ્થાનિક દૂધ મંડળીઓ, સ્થાનિક ગ્રામ પંચાયતો અને તેના સિવાયની પણ જો આ સંસ્થાઓ માગણી ના કરે તો એની બાજુના અન્ય ગામોની સંસ્થાઓને પણ અગ્રિમતા આપીને આ વીડીઓ આપણે આપી શકતા હોઇએ છીએ. આ સંસ્થાઓ તરફથી જો કોઇ માગણી ના આવે તો હરાજીથી પણ આપણે તે વીડીઓને આપી શકીએ છીએ એટલે બિન અનામત વીડીઓના ફાળવણીના ધારા–ધોરણ આ પ્રમાણેના છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સવાલ બેના જવાબમાં જે ખર્ચ આપ્યો છે ૨૦૧૪–૧૫માં ૪૭.૬૯ લાખ અને ૨૦૧૫–૧૬માં ૫૨.૯૪ લાખ તો સરકાર દ્વારા ઘાસ વીડીઓની જમીનની સુધારણા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને નવા ઘાસ ઉગાડવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો આ બન્નેની માનનીય મંત્રીશ્રી વિગતો આપે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ઘાસ ઉગાડવા માટે અને સુધારણા માટે બન્ને માટે આપણે સંયુકત તેનો ખર્ચ કરતાં હોઇએ છીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટપણે જણાવ્યું છે કે,

અધ્યક્ષશ્રી : તેમનો સવાલ એવો છે કે જમીન સુધારણા માટે શું કર્યુ ? બન્નેના ખર્ચ અલગ હોય તો કહો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : જમીન સુધારણા માટે તમે કેટલો ખર્ચ કર્યો અને આપની પાસે વિગતે ા ના હોય તો પાછળથી સંપૂર્ણ બ્રેકઅપ છે તે વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવે.

અધ્યક્ષશ્રી : અત્યારે ના હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ટેબલ ઉપર મૂકી દઇશું.

### અમદાવાદ અને રાજકોટ જિલ્લાઓમાં અનાજનું વિતરણ

* ૨૧૪૫૬ શ્રી બાવનજી મેતલીયા (ટંકારા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ અને રાજકોટ જિલ્લાઓમાં રેશનકાર્ડધારકોને દરેક માસની ૧લી તારીખથી અનાજનો જથ્થો મળી રહે તે માટે રાજ્ય સરકારે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પગલાં લીધેલ છે ? | રાજ્ય સરકારે રેશનકાર્ડધારકોને દરેક માસની ૧લી તારીખથી અનાજનો જથ્થો મળી રહે તે માટે નીચે મુજબના પગલાં લીધેલ છે.<br>• જાહેર વિતરણ યોજના હેઠળ દર માસની ૧૬ મી તારીખ થી ૨૫ મી તારીખ સુધીમાં તે પછીના માસ માટેના જથ્થાની વાજબી ભાવના દુકાન સંચાલકોને ઓનલાઈન પરમીટ ઈસ્યુ કરવામાં આવે છે.<br>• વાજબી ભાવની દુકાન સંચાલકે મેળવેલ પરમીટના જથ્થાના ૫૦ ટકા જથ્થો માસની અંતિમ તારીખ સુધીમાં દુકાનના સ્થળે પહોંચાડવામાં આવે છે.<br>• બાકીનો ૫૦ ટકા જથ્થો જે માસનો જથ્થો વિતરણ કરવાનો છે તે માસની ૭ મી તારીખ સુધીમાં પહોંચાડવામાં આવે છે. |

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬
તારાંકિત પ્રશ્નો

- પરમીટ મુજબનો તમામ જથ્થો ડોર સ્ટેપ ડીલીવરીથી વાજબી ભાવની દુકાન સુધી પહોંચાડવામાં આવે છે આ ડોર સ્ટેપ ડીલીવરીનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવે છે.
- ગોડાઉન ઉપરથી જથ્થો દુકાન સંચાલકને રવાના કરવામાં આવે તેની જાણ વિલેજ વિજીલન્સ કમિટીના સભ્યોને અને કાર્ડધારક કે જેઓએ મોબાઈલ રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમને એસએમએસ થી કરવામાં આવે છે.
- તમામ રેશનકાર્ડધારકોને યોજનાવાર વિતરણ પ્રમાણ અને ભાવની જાણકારી મળે તે હેતુથી દર મહિનાની
  ૧ લી તારીખે દૈનિક વર્તમાનપત્રમાં પેઈડ જાહેરાત આપવામાં આવે છે.
- તાલુકા કક્ષાએથી રાજ્ય કક્ષા સુધી જથ્થો મળવા બાબત તબક્કાવાર મોનીટરીંગ કરવામાં આવે છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ રાજયના સરકારના મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપવા માગુ છું કે આ અનાજના સંગ્રહ માટે તેના ગોડાઉનો માટે બજેટમાં જોગવાઇ કરી છે અને મારો પ્રશ્ન એ છે કે, પ્રશ્ન નંબર-૧ કે ડોર સ્ટેપ ડિલિવરી દાખલ કરવાનો શું ઉદેશ્ય હતો અને આ ડોર સ્ટેપ ડિલિવરી માટે પ્રશ્ન નંબર-૨ વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં શું જોગવાઇ કરવામાં આવી હતી ? અને બન્ને વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ડોર સ્ટેપ ડિલિવરી યોજના એટલે અગાઉ પહેલાં ગોડાઉન ઉપરથી દુકાન સંચાલકો આવશ્યક ચીજ-વસ્તુનો જથ્થો જે લઇ જતા હતા તે પોતાના વાહન પોતે કરતા હતા અને પોતાના દુકાન એટલે સ્થળ સુધી લઇ જતાં હતા પરંતુ આ રાજય સરકારે એમાં ફેરફાર કરીને ડોર સ્ટેપ ડિલિવરીની પદ્ધતિ શરૂ કરી છે. આ પદ્ધતિ શરૂ કરવાના કારણે ઘણા બધા લાભો પણ થયા છે. એક તો જે રાહત દરનું અનાજ ડાયવર્જન થતું હતું એ એનાથી અટકી ગયું છે અને એમાં પારદર્શકતા પણ વધી છે અને સમયસર આ જથ્થો પહોંચે એના માટે એેના કારણે સમયબદ્ધ કામ શરૂ થયું છે. આ ડોર સ્ટેપ ડિલિવરીના કારણે માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે એમાં કેટલું બજેટ આયોજન થયું છે તો ૨૦૧૪-૧૫ની અંદર ૬૨૫૦ લાખ રૂપિયા અને ખર્ચ પણ પૂરેપૂરું ૬૨૫૦ લાખ રૂપિયાનો થયો છે. ૨૦૧૫-૧૬ની અંદર પણ ૩૧૩૯ લાખ અને જે ખર્ચ થયો છે એ એપ્રિલ-૧૫ થી જાન્યુઆરી-૧૬ સુધી ૪૫૯૦.૬૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે અને આના કારણે સંચાલકોને હજાર- પંદરસો રૂપિયાનો ખર્ચ ઓછો થયો છે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમદાવાદ શહેરનો જન્મદિવસ છે એટલે અમદાવાદ શહેરને ખાસ ખાસ શુભેચ્છા. (અંતરાય) અમદાવાદ શહેરે આ રાજયને, આ દેશને ઘણું આપ્યું છે એટલા માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ, માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વિલેજ વિજીલન્સ કમિટીના સભ્યો કેટલા છે અને કઇ કક્ષાના હોય છે અને એની મિટિંગ વર્ષમાં કેટલી વખત બોલાવવામાં આવે છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ નાગરિક પુરવઠાનો અનાજનો જે પુરવઠો આપવામાં આવે છે એનું મોનિટરિંગ કરવા માટે, તકેદારી લેવા માટે ગ્રામ્ય તકેદારી સમિતિ બનાવવામાં આવી છે. એને વિલેજ વિજીલન્સ કમિટી પણ કહીએ છીએ. આ કમિટીમાં દશ સભ્યો હોય છે. આ કમિટી દરેક ગામદીઠ બનાવવામાં આવે છે. એમાં દરેક ગામના એક સભ્ય પણ હોય છે અને એક ચેરમેન હોય છે અને તેમાં ૯ સભ્યો હોય છે. ચેરમેન તરીકે ગામના સરપંચ હોય છે, અને એમાં જે સભ્યો રાખ્યા છે એ બીપીએલ કાર્ડ હોલ્ડરમાંથી બે, અંત્યોદય કાર્ડ હોલ્ડરમાંથી ૨, પ્રાથમિક શાળાના શિક્ષક એક હોય છે, મહિલા પ્રતિનિધિ બે લેવામાં આવે છે, ગામની પ્રતિષ્ઠિત વ્યક્તિ એક હોય છે, અને તલાટી કમ મંત્રી એનો પણ એક સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રી જે કહે છે એમાં બીપીએલ હોલ્ડર અથવા અંત્યોદય હોલ્ડર આમાં હોય તો તેવા સંજોગોમાં અનુસૂચિત જાતિ જનજાતિની વસતિ જો ગામમાં રહેતી હોય અથવા ઓબીસીની વસતિ રહેતી હોય તો એમના પણ બે અથવા એક પ્રતિનિધિઓ આપણે કરતા હોઇએ છીએ અને એની મિટિંગ ૧૫ થી ૨૦ તારીખ સુધીમાં દર મહિને કરવાની હોય છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, ફૂડ સિક્યોરિટી બિલ યુપીએ સરકાર દ્વારા ૨૦૧૩માં અમલમાં લાવવામાં આવ્યું હતું. સુપ્રિમ કોર્ટે ટકોર કરવી પડી કે, શું ગુજરાત ભારત દેશમાં નથી? ત્યારે અહીંયાં આપણે એને અમલ કરવાની વાત કરીએ છીએ ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે, ૩ કરોડ ગુજરાતીઓને આપણે ત્રણ વર્ષ સુધી ફૂડ સિક્યોરિટીના બિલથી વંચિત રાખ્યા ત્યારે આવનારા સમયમાં જયારે એ બિલનો અમલ થશે અને એના જે લાભાર્થીઓ છે એમને દરેક માસની પહેલી તારીખે આ રીતે પુરવઠો મળશે કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય સભ્યશ્રી જે પ્રશ્ન પૂછયો છે એ આ પ્રશ્ન સાથે સુસંગત નથી, પરંતુ માનનીય સભ્યશ્રીની લાગણીનો જવાબ પણ હું આપું છું કે ફૂડ સિકયોરિટી એકટનો અમલ આવતા દિવસોમાં ગુજરાત સરકાર, એપ્રિલ મહિનાથી અને બજેટમાં જાહેરાત કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે, અને આપણે એ કરવાના છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મંત્રીશ્રીએ કહ્યું એમ આજના સવાલના અનુરૂપ માનનીય સભ્યશ્રીનો સવાલ નથી પણ સરકારની પ્રતિબદ્ધતા છે અને એપ્રિલ મહિનાથી અમે સિક્યોરિટી બિલનો અમલ કરવાના છીએ અને સરવેના કામમાં મોડું થયું, પછી ગામમાં યાદી પ્રસિદ્ધ કરવાની, વાંધા સૂચનો મંગાવવાના, એ બધી વ્યવસ્થા વ્યવસ્થિત રીતે પૂરી કરવામાં સમય લાગે છે એટલા માટે અને અમારી પ્રતિબદ્ધતા અમે વ્યક્ત કરીએ છીએ, અમે બજેટમાં પણ કહ્યું છે અને એપ્રિલ મહિનાથી અમે આ કાર્યક્રમ શરૂ કરવાના છીએ.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : આજે જયારે કર્ણાવતી મહાનગરનો જન્મ દિવસ છે ત્યારે એણે રાષ્ટ્ર સપૂત એવા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી આપ્યા છે, રાષ્ટ્રીય અધ્યક્ષ એવા અમિતભાઇ શાહ આપ્યા છે અને એવા જ બીજા ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આપ્યા છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પંડીત દિનદયાલ રાહત ભંડારની જે વાજબી ભાવની દુકાનો આવેલી છે એમાં ઘઉ, ચોખા, ખાંડ, આયોડિન યુકત મીઠું અને ખાદ્યતેલ કેટલા પ્રમાણમાં આપવામાં આવે છે અને કેટલું વિતરણ થયું છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યકત કરી કે અમદાવાદ જલ્લામાં વાજબી ભાવની દુકાનોમાંથી ઘઉ, ચોખા, ખાંડ, આયોડિન યુકત મીઠું અને ખાદ્યતેલનું કેટલા પ્રમાણમાં વિતરણ થયું છે જે નીચે પ્રમાણે છે. ઘઉ ૩૯૫૦૪ મેટ્રીકટન, ચોખા ૧૩૦૧૪ મે.ટન, આયોડિન યુકત મીઠું ૧૭૪૭ મે.ટન ખાદ્યતેલ ૧,૬૫,૦૨૪ લીટર પૂરું પાડવામાં આવેલ છે અને એ પ્રમાણે વિતરણ કરવામાં આવેલ છે.

### છોટા ઉદેપુર જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે નિવાસી શાળાઓ

* ૨૧૪૪૩ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૫ (પાંચ) |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, | (૨) ૪ -કુમાર<br>૧ -કન્યા |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) ૫૫૮ -વિદ્યાર્થીઓ<br>૧૪૬ -વિદ્યાર્થીનીઓ |
| (૪) આ શાળાના બાળકોને મુખ્યત્વે શું સવલતો આપવામાં આવે છે ? | (૪) રહેવા જમવા અને અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ તેમજ બુટ મોજા વિગેરે તમામ સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

શ્રી જયંતીભાઇ સ. રાઠવા : આદર્શ નિવાસી શાળાઓમાં પ્રવેશ માટેની પ્રક્રિયા શું હોય છે. છોટાઉદેપુર જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓમાં કેટલા ધોરણ સુધીના અભ્યાસની સુવિધા છે. અને આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને રાજય સરકાર તરફથી કેવા પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે.

શ્રી કાંતિભાઇ રે. ગામીત : આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ ૮ અને ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયા બાદ રાજય કક્ષાએ આદર્શ નિવાસી શાળાઓની યાદી સાથે જાહેરાત આપવામાં આવે છે. ત્યારબાદ જે તે શાળામાંથી ફોર્મ મેળવીને ત્યાં રજૂ કરવાનું હોય છે. મળેલ અરજીઓ પૈકી માન્ય સંખ્યા મુજબ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ ધરાવતા હોય એને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. એ જ રીતે એસ.સી., અને એસ.ટી.ના ઉમેદવારો માટે આવકનું ધોરણ નથી જયારે અન્ય જાતિના વિદ્યાર્થીઓ માટે ગ્રામ્ય વિસ્તારમાં વાલીની વાર્ષિક આવક ૪૭ હજાર અને શહેરી વિસ્તાર માટે ૬૮ હજારથી વધવી જોઇએ નહિ. માનનીય સભ્યશ્રીના બીજા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે આદર્શ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સુવિધાની વાત કરું તો છોટાઉદેપુરની કુમાર શાળા માટે ધોરણ ૯ અને ૧૦ અને આદર્શ કન્યા શાળા માટે ૯ થી ૧૧, એ જ રીતે નસવાડી તાલુકાની આદર્શ નિવાસી કુમાર શાળામાં ધોરણ ૯ થી ૧૨, કવાંટની કુમાર શાળા માટે ધોરણ ૯, પાવી જેતાપુર આદર્શ નિવાસી કુમાર શાળા માટે ધોરણ ૯ અને ૧૦ના અભ્યાસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છોટાઉદેપુર જિલ્લામાં છ તાલુકા આવેલા છે. એમાંથી બોડેલી અને સંખેડા તાલુકામાં આદર્શ નિવાસી શાળા આવેલ નથી તો ત્યાં નવી શાળા ખોલવા માગો છો કે કેમ, આ શાળાના બાળકોને મુખ્ય શું શું સવલતો આપવામાં આવે છે. મારે એ જાણવું છે કે ગણવેશ તેમજ બૂટ, મોજા વગેરે

આપવામાં આવે છે તો એની પાછળ એક બાળક દીઠ કેટલો ખર્ચ કરવામાં આવે છે? જો ગણવેશ માટે પૈસા ઓછા આપવામાં આવતા હોય તો એમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તે તેમનું સૂચન છે પણ જે મળવાપાત્ર છે, આદિજાતિ વિદ્યાર્થીઓ માટે આદર્શ નિવાસી શાળામાં પ્રવેશની ટકાવારી જાતિવાર નીચે પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે. વર્ગ દીઠ ૪૦થી ૬૦ ટકાની માન્ય સંખ્યા, બારડોલી અને સંખેડાની જે વાત કરી તેમાં એ જિલ્લો અલગ થતાં લખેલું છે એ સૂચન છે.

અધ્યક્ષશ્રી : ગણવેશ જે આપીએ છીએ તેની રકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : એક બાળકદીઠ કેટલા આપવામાં આવે છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓને રહેવા, જમવાની, અભ્યાસ માટે જરૂરી પાઠ્યપુસ્તકો, સ્ટેશનરી, ગણવેશ તથા બુટ–મોજાંની સુવિધા વિના મૂલ્યે આપવામાં આવે છે. રહેવા માટે પલંગ અને પાથરણું, લાયબ્રેરી, લેબોરેટરી અને રમતગમતના સાધનો પણ પૂરા પાડવામાં આવે છે. બૂટ–મોજાંની જે વાત કરી તેનો અલગ ખર્ચ કહ્યો તો તે ખર્ચો એક સાથે જે બાળકને આખા મહિના દરમ્યાન ૧૨,૪૪૪ રૂપિયા થાય છે તેમાં એ ખર્ચો આવી જતો હોય છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : મારો સવાલ છે કે બૂટ–મોજાંનો જે ખર્ચ પાડવામાં આવે છે તે ફક્ત ૧૦૦ રૂપિયા વિદ્યાર્થીદીઠ. આ ૧૯૮૨માં મંજૂર થયેલું તે આજ દિન સુધી વધારો થયો નથી તો આ રકમમાં વધારો કરવા માગો છો કે નહીં?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે તે સમયે જે તે આદર્શ નિવાસી શાળાના બાળકોને જે કંઇ સુવિધા આપવામાં આવે છે તે જેમ જેમ જરૂર પડે તેમ તેમ વધારવામાં આવે છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે છોટા ઉદેપુર જિલ્લાની આદર્શ નિવાસી શાળામાં વિદ્યાર્થીઓ માટે મેડિકલ અને એન્જિનિયરીંગ પ્રવેશ માટે વિશેષ કોચીંગની સુવિધા છે? જો હોય તો કેટલા કેન્દ્રો ઉપર કેટલા વિદ્યાર્થીઓને આનો લાભ મળી રહ્યો છે?

શ્રી કાંતિભાઇ રે. ગામીત : છોટા ઉદેપુર જિલ્લાની આદર્શ નિવાસી શાળાઓના ધોરણ–૧૨ના વિદ્યાર્થીઓને મેડિકલ અને એન્જિનિયરીંગ પ્રવેશ માટે ગુજકેટ તથા જેઇઇના વિશેષ કોચીંગ વર્ગો નસવાડી અને છોટા ઉદેપુર ખાતે શરૂ કરીને સરકારે ખાસ સુવિધા પૂરી પાડેલ છે. જેમાં આ બે કેન્દ્ર છોટા ઉદેપુર અને નસવાડી ખાતે ૯૭ વિદ્યાર્થીઓને ગુજકેટ અને જેઇઇના વિશેષ કોચીંગનો લાભ આપવામાં આવી રહ્યો છે. આ તબક્કે સન્માનનીય ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબની રાહબરી હેઠળ જે અગાઉના વર્ષોમાં મેડિકલ કોલેજોમાં આદિજાતિની અનામત બેઠકો ખાલી રહેતી હતી તેના નિવારણ માટે રાજયમાં આદિજાતિના વિદ્યાર્થીઓ મેડિકલ અને એન્જિનિયરીંગમાં પ્રવેશ મેળવી અને ઉચ્ચ કારકિર્દી ઘડી શકે તે માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કોચીંગ કલાસનું આયોજન કરવામાં આવેલ જેના લીધે વર્ષ ૨૦૧૪–૧૫માં મેડિકલની અનુસૂચિત જનજાતિની ૩૫૪ અનામત બેઠકો હતી તે પૈકી ૩૨૩ બેઠકો પર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ છે. આમાંથી ૭ વિદ્યાર્થીઓ છોટા ઉદેપુર જિલ્લાના જ હતા.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : મારે એટલું જાણવું છે કે આ જે પાંચ આદર્શ નિવાસી શાળાઓ છે તેના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની સંખ્યા ૭૦૪ છે. તેની સામે હાલ કેટલા શિક્ષકો છે અને કેટલા શિક્ષકો ખૂટે છે? કેટલા ભરવાના થાય છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : કુલ મહેકમ ૫૨નું છે. ૩૨ જગ્યા અત્યારે ભરાયેલી છે. ૨૦ જગ્યા ખાલી છે. ૨૦૧૫–૧૬માં ધોરણ–૯ અને ધોરણ–૧૧ના નવા ચાર વર્ગો વધારે મંજૂર થતાં તે પૈકી નવી જગ્યા મંજૂર થઇ છે. ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની ૬ જગ્યા વેઇટીંગ લિસ્ટમાંથી અને માધ્યમિક કક્ષાના ૯ શિક્ષકોની બદલીથી નિમણૂંક આપવાની બાબત કાર્યવાહી હેઠળ છે. પાંચ જગ્યા ભરવા માંગણાપત્રક મોકલવાની બાબત કાર્યવાહી હેઠળ છે. હાલ ખાલી જગ્યાના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ જળવાઇ રહે તે માટે જિલ્લા કક્ષાએ શિક્ષકોને પસંદ કરી કોમન પુલ બનાવી તાસ દીઠ શિક્ષકો રોકવામાં આવ્યા છે.

## દાહોદ જિલ્લામાં "કુંવરબાઈનું મામેરૂં" યોજનાના લાભાર્થીઓ

* ૨૧૪૪૭ શ્રી વીંછીયાભાઈ ભૂરિયા (લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) ૧૧૫૦ કન્યાઓને |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૧૫.૦૦ લાખ |

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂં યોજનાની અંદર નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાની અંદર કેટલી આદિવાસી કન્યાઓને લાભ આપવામાં આવ્યો અને તેના માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂં યોજના ૧૯૯૫ના ઠરાવથી અમલમાં આવેલ છે. આ યોજના હેઠળ આદિજાતિ કુટુંબની એક જ કન્યાને રૂ.૫૦૦૦/– સહાય ચૂકવવામાં આવતી હતી. ૨૦૧૨ના ઠરાવથી આ સહાય

બમણી કરીને રૂ.૧૦,૦૦૦/– કરવામાં આવી છે. આ યોજનાની લાભાર્થી કન્યાઓને ચેકથી સહાય ચૂકવવામાં આવે છે. આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરતાં મને આનંદ થાય છે કે આપણા રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની રાહબરી હેઠળ ગરીબ આદિવાસી કન્યાઓના મામેરાની જવાબદારી સુપેરે નિભાવવા માટે ૨૦૧૪–૧૫થી આ યોજનામાં સુધારો કરીને આદિજાતિ કુટુંબની એક કન્યાને બદલે બે કન્યાઓને સહાય ચૂકવવામાં આવે છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ લેવા માટે ક્યાં અરજી કરવાની હોય છે અને અરજી સાથે ક્યા ક્યા આધારો અને પ્રમાણપત્રો મૂકવાના હોય છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ મેળવવા માટે જે તે જિલ્લાના મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસની કચેરીમાં અરજી કરવાની હોય છે. અરજી સાથે સક્ષમ અધિકારીનું જાતિનું પ્રમાણપત્ર, તલાટી કમ મંત્રીનું આવકનું પ્રમાણપત્ર, જન્મ તારીખની ખરાઇ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર અથવા તો જન્મનું પ્રમાણપત્ર એટલે કે જન્મ નોંધણીના દાખલાની ખરી નકલ. નિયત કરેલ ઉંમરનું પ્રમાણપત્ર ન હોય તો સરકારી હોસ્પિટલના ડોક્ટરનું પ્રમાણપત્ર. જે યુવક સાથે લગ્ન થવાના હોય એનું પૂરું નામ અને સરનામું તથા એના માતા–પિતા કે વાલી દ્વારા અગાઉ આ યોજનાનો લાભ લીધો નથી એવું એકરારનામું રજૂ કરવાનું હોય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂં યોજનામાં દાહોદ જિલ્લાની અંદર ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવ્યો છે અને કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂં યોજનામાં દાહોદ જિલ્લામાં આદિજાતિની કન્યાઓને આ મુજબ લાભ આપવામાં આવેલ છે. દાહોદ તાલુકામાં ૨૨૧ લાભાર્થીઓને રૂ.૨૨.૧૦ લાખ, ફતેપુરામાં ૧૬૩ લાભાર્થીઓને રૂ.૧૬.૩૦ લાખ, લીમખેડા તાલુકામાં ૨૫૦ લાભાર્થીઓને રૂ.૨૫/– લાખ, ગરબાડા તાલુકામાં ૧૯૮ લાભાર્થીઓને રૂ.૧૯.૮૦ લાખ, દાનપુર તાલુકામાં ૪૨ લાભાર્થીઓને રૂ.૪.૨૦ લાખ, દેવગઢ બારીયા તાલુકામાં ૧૧ લાભાર્થીઓને રૂ.૧.૧૦ લાખ, ઝાલોદ અને સંજેલી તાલુકામાં ૨૬૫ લાભાર્થીઓને રૂ.૨૬.૫૦ લાખની સહાય આપવામાં આવેલ છે. દાહોદ જિલ્લાના ૧૧૫૦ લાભાર્થીઓને રૂ.૧૧૫.૦૦ લાખની સહાય આપવામાં આવેલ છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂં યોજનામાં લાભાર્થી કન્યાઓને રૂ.૧૦,૦૦૦/– આપવામાં આવે છે. પરંતુ આ મોંઘવારીના જમાનામાં આ રકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનો

* ૨૦૪૮૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનેથી અપાતો અનાજનો પુરવઠો ખૂબ જ હલકા પ્રકારનો હોવાની કેટલી ફરીયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી છે, અને | (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સસ્તા અનાજની દુકાનેથી અપાતો અનાજનો પુરવઠો ખૂબ જ હલકા પ્રકારનો હોવાની એકપણ ફરીયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો થયેલ ફરીયાદો અન્વયે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, મેં જે પ્રશ્ન પૂછ્યો હતો એમાં હલકા પ્રકારનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે એવી કોઇ ફરિયાદ મળી છે કે કેમ? તો એના જવાબમાં લખ્યું છે કે આવી કોઇ ફરિયાદ મળી નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

સુરત જિલ્લામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ

* ૨૦૭૮૦ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાનો કયા પ્રકારની સવલતો | (૨) દુધાળા, પશુઓની સાથે પશુ વિમો, વાસણ, કીટ, |

લાભાર્થીઓને આપવામાં આવે છે, અને

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને યોજનામાં લાભ આપવામાં આવેલ છે ?

પશુ ખાણદાણ, પશુ સારવાર, તાલીમ અને પશુ ટ્રાન્સપોર્ટેશન

(૩) ૩૫૫૫

## મહીસાગર જિલ્લામાં સરકારી પોલીટિકનીક કોલેજ

* ૨૦૭૨૪ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં એક પણ સરકારી પોલીટિકનીક નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મહીસાગર જિલ્લામાં સરકારી પોલીટિકનીક કોલેજ સ્થાપવા સરકાર માંગે છે કે કેમ, અને | (૨) ચાલુ વર્ષે વિચારણામાં નથી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં કાર્યરત થશે અને જો ના તો ક્યાં કારણો છે ? | (૩) મહીસાગર જિલ્લાની આજુબાજુ પંચમહાલ, ખેડા, દાહોદ, અરવલ્લી જિલ્લાઓમાં ૦૩ સરકારી પોલીટિકનીકો ૦૧ અનુદાનિત પોલીટિકનીક અને ૧૦ સ્વનિર્ભર પોલીટિકનીકો મળીને કુલ ૧૪ પોલીટિકનીકો કાર્યરત હોવાથી. |

## મહેસાણા જિલ્લાની માધ્યમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા

* ૨૧૨૯૦ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયોની સુવિધા નથી, અને | (૧) વિજાપુર – એક<br>વડનગર – એક |
| (૨) આ સુવિધાઓ સત્વરે આપવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા પુરી પાડવામાં આવેલ છે. ઉપર્યુક્ત નવી શરૂ થયેલ બન્ને શાળામાં શૌચાલયની સુવિધા જેમ બને તેમ જલ્દીથી પુરી પાડવામાં આવશે. |

## કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૮૫૭ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૫૬૧ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ અંતિત ૪૪૮ હેક્ટર |
| (૨) તે પૈકી ગાંધીધામ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૩) તે પાછળ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## કચ્છ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૨૧૪૨૧ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૦૦૧૪.૮૫ હેક્ટર અને ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં ૮૯૨૦.૦૯ હેક્ટર. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ | (૩) વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ. ૩૫૧૬.૯૧ લાખ અને |

છે ? — ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં રૂ. ૨૨૨૪.૯૪ લાખ.

સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૨૧૦૭૪ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા અને રાજુલા તાલુકામાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તેની પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) નીચેની વિગતે રોપાનું વાવેતર કરેલ છે.

(લાખમાં)

| ક્રમ | વર્ષ | સાવરકુંડલા | રાજુલા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૦.૭૦ | ૦.૩૫ | ૧.૦૫ |
| ૨ | ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ) | ૦.૨૭ | ૦.૧૯ | ૦.૪૬ |
| | કુલ | ૦.૯૭ | ૦.૫૪ | ૧.૫૧ |

(૨) કુલ રૂ. ૭૬.૬૭ લાખ.

અમદાવાદ જિલ્લામાં રેશનકાર્ડ વિભાજનની અરજીઓ

* ૨૧૪૬૪ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ શહેરમાં રેશનકાર્ડના વિભાજન અંગેની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉક્ત અરજી પડતર હોવાના કારણો શા છે ?

જવાબ

(૧) અમદાવાદ શેહરમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રેશનકાર્ડના વિભાજન અંગેની ૩૪ અરજીઓ મળી.

(૨) ઉક્ત મળેલ ૩૪ અરજીઓ પૈકી ૩૩ રેશનકાર્ડ આપવામાં આવ્યા અને એક અરજી નામંજુર કરવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતએ કોઈ અરજીઓ પડતર નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમરેલી જિલ્લામાં "ઈકો સેન્સીટીવ ઝોન" પોલીસી

* ૨૧૬૫૭ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં "ઈકો સેન્સીટીવ ઝોન" પોલીસી ક્યારે લાગુ કરવામાં આવેલ છે,

(૨) ઉપરોક્ત "ઈકો સેન્સીટીવ ઝોન" માં અમરેલી જિલ્લાના તાલુકાવાર કયા ગામોનો સમાવેશ થાય છે,

(૩) ઉપરોક્ત "ઈકો સેન્સીટીવ ઝોન" સમાવેશ ગામો ઉપર મુખ્યત્વે કયા પ્રકારના નિયંત્રણો લાગુ પાડવામાં આવશે, અને

(૪) ઉપરોક્ત "ઈકો સેન્સીટીવ ઝોન" માં સમાવેશ ગામોને કયા પ્રકારના લાભ થશે ?

જવાબ

(૧) સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ તા. ૦૫-૧૨-૨૦૦૬થી

(૨) *પત્રક-૧ પ્રમાણે

(૩) સદર બાબત નામ. ગુજરાત હાઈકોર્ટમાં વિચારાધીન છે.

(૪) (૧) ગામના સ્થાનિક પારિસ્થિતિક તંત્રની જાળવણી થશે.

(૨) વન્યપ્રાણીના સંરક્ષણ અને સંવર્ધન બાબતે ગામ લોકો જાગૃત બનશે.

(૩) પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે.

(૪) પર્યાવરણ સુરક્ષામાં વધારો થશે.

(૫) જલસ્ત્રાવ વધારે સમૃધ્ધ થવાથી આ વિસ્તારો ફરતે પાણીની અછત ઉભી થશે નહીં.

(૬) ગામ લોકો ઓર્ગેનીક ફાર્મીંગનો લાભ લેશે, પુન:પ્રાપ્ય ઊર્જાના સાધનોનો ઉપયોગ, ગ્રીન ટેકનોલોજી વગેરેને વિશેષ પ્રોત્સાહન મળવાથી વિસ્તારના ગામોને લાભ મળશે.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### રાજ્યમાં અનાજ સંગ્રહના ગોડાઉનો

* ૨૧૪૫૭ શ્રી જિતેન્દ્ર વાઘાણી (ભાવનગર–પશ્ચિમ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૨૨૦૨૮ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે,

જવાબ

(૧) આણંદ જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ઉમરેઠ | ૦૧ | ૦૦ |
| ૩ | પેટલાદ | ૦૧ | ૦૦ |
| ૪ | સોજીત્રા | ૦૦ | ૦૧ |
| ૫ | બોરસદ | ૦૦ | ૦૦ |
| ૬ | આંકલાવ | ૦૨ | ૦૦ |
| ૭ | ખંભાત | ૦૨ | ૦૧ |
| ૮ | તારાપુર | ૦૫ | ૦૦ |

ખેડા જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | માધ્યમિક શાળા | ઉચ્ચતર માધ્યમિક શાળા |
|---|---|---|---|
| ૧ | નડીઆદ | ૦૩ | ૦૦ |
| ૨ | મહેમદાવાદ | ૦૪ | ૦૦ |
| ૩ | ઠાસરા | ૦૨ | ૦૦ |
| ૪ | કઠલાલ | ૦૫ | ૦૦ |
| ૫ | માતર | ૦૦ | ૦૧ |
| ૬ | મહુધા | ૦૨ | ૦૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સદર શાળાઓમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આણંદ જિલ્લો

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૧૦ | ૧૦ | માર્ચ–૨૦૧૨ થી |
| ૨ | મદદનીશ શિક્ષક (માધ્ય.) | ૪૪ | ૦૯ | જુન–૨૦૧૧ થી |
| ૩ | મદદનીશ શિક્ષક (ઉ.મા.) | ૧૧ | ૦૧ | જુન–૨૦૧૧ થી |

ખેડા જિલ્લો

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ | ખાલી જગ્યાઓ | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| ૧ | આચાર્ય | ૦૯ | ૦૯ | માર્ચ–૨૦૧૨ થી |
| ૨ | મદદનીશ શિક્ષક (માધ્ય.) | ૪૮ | ૦૬ | જુન–૨૦૧૧ થી |
| ૩ | મદદનીશ શિક્ષક (ઉ.મા.) | ૦૪ | ૦૧ | |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૩) જેમ બને તેમ જલ્દી.

## મોરબી અને રાજકોટ જિલ્લામાં ગ્રાન્ટેડ સ્કુલો

* ૨૧૮૭૩ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ સ્કુલ મંજૂર કરી, અને

(૧) એકપણ નહીં.

(૨) આ પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા મોરબી અને રાજકોટ જિલ્લામાં મંજૂર થઇ ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો

* ૨૧૮૯૪ શ્રી અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ કેટલા આદિવાસી કુમાર અને કન્યાઓના સરકારી છાત્રાલયો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયોમાં કેટલા આદિવાસી કુમાર અને કન્યાઓ રહીને અભ્યાસ કરે છે,

(૩) આ છાત્રાલયોના કેટલા મકાનો ભાડાના મકાનમાં કે કેટલા સરકારી મકાનમાં ચાલે છે, અને

(૪) ભાડાના મકાનમાં ચાલતાં છાત્રાલયોનું કેટલું માસિક ભાડું ચૂકવવામાં આવે છે ?

જવાબ

(૧) ૮ (આઠ) વિદ્યાર્થીઓ માટે
૨ (બે) વિદ્યાર્થીનીઓ માટે.

(૨) ૬૮૪ – વિદ્યાર્થીઓ
૪૧૫ – વિદ્યાર્થીનીઓ.

(૩) ૩ (ત્રણ) છાત્રાલય ભાડાના મકાનમાં
૭ (સાત) છાત્રાલય સરકારી મકાનમાં.

(૪) ૨ (બે) છાત્રાલયોનું માસિક ભાડું રૂ.૧,૫૦,૦૦૦/- એક છાત્રાલયનું મકાન ભાડું મંજૂર કરવાની કાર્યવાહી ચાલુ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઓરડાઓની ઘટ

* ૨૧૩૧૨ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળાઓના કેટલા ખૂટતા તથા જર્જરીત ઓરડાઓ નવીન બનાવવા છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે દરખાસ્તો મળી, અને

(૨) આ ઘટતા અને જર્જરીત ઓરડાઓ માટે સરકારે ઉક્ત સ્થિતિએ વર્ષવાર શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧)

| વર્ષ | સાબરકાંઠા | અરવલ્લી |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૪૧૨ | ૩૬૬ |
| ૨૦૧૫-૧૬ | ૨૭૦ | ૩૨૦ |

(૨) વર્ષ ૨૦૧૪-૧૫ માં સાબરકાંઠા જિલ્લામાં ૧૩૪ અને અરવલ્લી જિલ્લામાં ૧૩૬ તથા વર્ષ ૨૦૧૫-૧૬ માં સાબરકાંઠા જિલ્લામાં ૧૫૨ અને અરવલ્લી જિલ્લામાં ૮૫ નવા ઓરડાઓનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું.

ગીર સોમનાથ જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ

* ૨૦૭૪૫ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળાઓમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ ધોરણ-૧ માં પ્રવેશ મેળવેલ છે,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૩૧૯૫ | ૩૦૨૦ |
| ૨ | ઉના | ૧૪૭૮ | ૧૩૬૯ |
| ૩ | સુત્રાપાડા | ૧૪૨૧ | ૪૨૭ |
| ૪ | કોડીનાર | ૧૨૪૩ | ૧૦૩૭ |
| ૫ | તાલાલા | ૭૫૨ | ૬૫૩ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| ક્રમ | તાલુકો | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૨૫ | ૮૫ |
| ૨ | ઉના | ૨૩ | ૨૩ |
| ૩ | સુત્રાપાડા | ૧૨ | ૨૮ |

| | | | |
|---|---|---|---|
| ૪ | કોડીનાર | ૪૪ | ૬૩ |
| ૫ | તાલાલા | ૧૫ | ૫૪ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત જિલ્લામાં જો કોઇ ખાનગી પ્રાથમિક શાળા રાઇટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ ન કરતી હોય તો તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) તમામ શાળાઓએ આર.ટી.ઇ. એક્ટનો અમલ કરેલ છે.

રાજકોટ શહેરમાં આર.ટી.ઇ. નો પ્રસાર

* ૨૧૯૯૧ શ્રી ઇન્દ્રનીલ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ગરીબ પરિવારના બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ મળે તે માટે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ શહેરમાં લોકજાગૃતિ માટે સરકારે કોઇ પગલાંઓ લીધાં, અને

(૧) હા.

(૨) જો હા, તો કેવા પ્રકારના પગલાંઓ ક્યારે લીધાં અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) શહેરના નામાંકિત અખબારમાં પ્રેસનોટ પ્રસિદ્ધ કરવામાં આવી, તેમજ સર્વ શિક્ષા અભિયાનની કચેરીએ ફોર્મનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે તથા વાલીઓને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ છે. આ માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ.૪૫૦૦/– તથા વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂ.૬૦૦૦/– ખર્ચ કરવામાં આવ્યો.

બનાસકાંઠા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત મળેલ રકમ

* ૨૧૧૪૧ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ રકમમાંથી કેટલી રકમ બનાસકાંઠા જિલ્લામાં ફાળવી, અને

(૧)

| વર્ષ | રૂ.લાખમાં |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૯૫૬૭.૩૭ |
| ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ) | ૧૧૦૧૨.૧૯ |

(૨) તે અન્વયે મુખ્યત્વે ક્યા કામમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) પત્રક મુજબ.

પત્રક

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યત્વે પ્રવૃત્તિવાર કરેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

રૂ.લાખમાં

| નં. | પ્રવૃત્તિ (કામો) | ખર્ચ ૨૦૧૪–૧૫ | ખર્ચ ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧ | ટ્રાન્સપોર્ટ/એસકોર્ટ | ૧૦૮.૦૬ | ૧૭૪.૬૮ |
| ૨ | ન્યુ ટીચર્સ સેલેરી (શિક્ષક પગાર) | ૩૮૬૯.૧૯ | ૫૮૭૯.૪૯ |
| ૩ | બ્લોક રીસાર્સ સેન્ટ (બ્લોક સંસાધન કેન્દ્ર) | ૨૬૧.૭૧ | ૧૮૯.૮૮ |
| ૪ | ક્લસ્ટર રીસાર્સ સેન્ટ (બ્લોક સંસાધન કેન્દ્ર) | ૨૯૫.૯૮ | ૨૨૭.૮૯ |
| ૫ | સિવિલ વર્કસ (બાંધકામ વિભાગ | ૨૫૯૨.૯૧ | ૨૬૮૯.૪૮ |
| ૬ | સ્પેશિયલ ટ્રેનિંગ કાર્યક્રમ | ૧૧૭.૨૩ | ૩૦૧.૪૨ |
| ૭ | ફ્રી ટેક્ષ બુક | ૧૨૯.૪૫ | ૭૦.૪૪ |
| ૮ | ઇનોવેશન | ૪૭.૩૧ | ૦ |
| ૯ | આઇ.ઇ.ડી. (વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ) | ૧૪૨.૫૯ | ૧૧૨.૪૬ |
| ૧૦ | સ્કુલ મેઇન્ટેનન્સ | ૨૭૦.૭૫ | ૨૭૫.૩૦ |
| ૧૧ | મેનેજમેન્ટ અને કોમ્યુનિટી મોબીલાઇઝેશન | ૪૧૨.૫૬ | ૩૪૬.૭૨ |
| ૧૨ | આર એન્ડ ઇ (સંશોધન, મૂલ્યાંકન, સંચાલન અને નિરીક્ષણ) | ૧.૪૦ | ૦ |
| ૧૩ | સ્કુલ ગ્રાન્ટ | ૨૧૧.૭૫ | ૨૧૪.૦૮ |
| ૧૪ | ટીચર્સ ટ્રેનિંગ | ૧૮૪.૪૭ | ૧૫૦.૨૭ |

અતારાંકિત પ્રશ્નો

| નં. | પ્રવૃત્તિ (કામો) | ખર્ચ ૨૦૧૪–૧૫ | ખર્ચ ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧૫ | ટી.એલ.ઇ. (શિક્ષકોને શીખવવાના સાધનો) | ૩.૪૫ | ૦ |
| ૧૬ | એસ.એમ.સી./પી.આર.આઇ. ટ્રેનિંગ | ૪૧.૮૧ | ૨૮.૦૧ |
| ૧૭ | ઇનોવેટીવ હેડ | ૦ | ૨૭.૩૯ |
| ૧૮ | રિઇમબરેસ્ટમેટ ઓફ ફી | ૦ | ૫૪.૯૦ |
| ૧૯ | કે.જી.બી.વી. (કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય) | ૩૧૮.૯૩ | ૧૯૧.૩૯ |

બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો

* ૨૧૮૦૭ શ્રી જોઇતારામ પટેલ (ધાનેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી કન્યા/કુમાર સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો કાર્યરત છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | સરકારી છાત્રાલયની સંખ્યા | | ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧ | દાંતા | ૧ | ૧ | ૧૧ | ૫ |
| ૨ | અમીરગઢ | ૧ | – | ૬ | ૧ |
| ૩ | પાલનપુર | ૧ | – | ૧ | ૧ |
| ૪ | ડીસા | – | – | ૧ | – |
| | કુલ | ૩ | ૧ | ૧૯ | ૭ |

કુલ –૩૦ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલય કાર્યરત છે.

(૨) આ છાત્રાલયો પાછળ વાર્ષિક ખર્ચ કેટલો થાય છે ?

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ રૂ.૧૬૯.૮૭ લાખ.

તાપી જિલ્લામાં વનીકરણ

* ૨૧૩૨૬ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલુ વનીકરણ કરવામાં આવ્યું,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે વનીકરણ કરવામાં આવ્યું.

(હેક્ટરમાં)

| ક્રમ | તાલુકો | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ (તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં) |
|---|---|---|---|
| ૧ | વ્યારા | ૪૭૮.૦૦ | ૪૨૭.૦૦ |
| ૨ | સોનગઢ | ૨૧૬૦.૪૦ | ૧૯૨૮.૩૬ |
| ૩ | ઉચ્છલ | ૪૭૧.૦૦ | ૬૯૪.૦૦ |
| ૪ | ડોલવણ | ૩૭૨.૦૦ | ૩૪૦.૦૦ |
| ૫ | વાલોડ | ૫૨.૦૦ | ૪૪.૦૦ |
| ૬ | નિઝર | ૪૨.૦૦ | ૩૯.૦૦ |
| | કુલ | ૩૫૭૫.૪૦ | ૩૪૭૨.૩૬ |

(૨) તે અન્વયે આ વનીકરણ પાછળ કેટલો ખર્ચ વર્ષવાર થયો, અને

(૨) વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂ.૧૪૯૦.૯૮ લાખ અને ૨૦૧૫–૧૬ માં રૂ.૧૧૦૧.૭૯ લાખ.

(૩) કેટલા વૃક્ષો જીવીત છે ?

(૩) કુલ ૪૯.૫૪ લાખ.

દાહોદ જિલ્લામાં દુધ સંજીવની યોજના

* ૨૦૫૧૯ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ક્યા તાલુકાઓમાં સંજીવની યોજના કાર્યરત છે અને ક્યા તાલુકાઓમાં આ યોજના ક્યા કારણોસર લાગુ થઇ નથી, અને

(૨) ઉક્ત યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા બાળકોને આ યોજનાનો લાભ અપાયો અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૧) - ઝાલોદ અને ફતેપુરા તાલુકાઓમાં કાર્યરત છે.
- હાલ લીમખેડા તાલુકામાં પણ શરૂ કરવામાં આવેલ છે.
- બાકી તાલુકાની બાબત નીતિ વિષયક છે.

(૨) કુલ ૨,૧૮,૬૬૨ બાળકોને લાભ આપ્યો. રૂ.૧૯૨૧.૨૧ લાખ.

### પાલનપુર તાલુકાની શાળાઓમાં રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૦૮૩૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧ ડીસેમ્બર-૨૦૧૫ ની સ્થિતિએ રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે પાલનપુર તાલુકામાં આવેલી કેટલી ખાનગી શાળાઓએ છેલ્લા બે વર્ષમાં ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો અમલ કરેલ નથી,

(૨) અમલ ન કરનાર શાળાઓ સામે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લેવાયાં છે,

(૩) જો પગલાં ન લેવાયા હોય તો તેનાં શાં કારણો છે, અને

(૪) આ જવાબદારી કોને સોંપાઇ છે ?

જવાબ

(૧) તમામ શાળાઓએ ફાળવ્યા મુજબ પ્રવેશ આપેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ગ્રામ્ય કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અને શહેરી વિસ્તારમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને.

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગેરકાયદે વૃક્ષ છેદનના કેસો

* ૨૧૩૪૬ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદેસર વૃક્ષછેદનના કેટલા કેસો નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓ સામે શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) કુલ કેટલી કિંમતનો કેટલા લાકડાનો ગેરકાયદેસર જથ્થો પકડાયો અને કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો?

જવાબ

(૧)

| અ.નં. | તાલુકો | તા.૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | તા.૧-૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દ્વારકા | ૩ | ૧ | ૪ |
| ૨ | કલ્યાણપુર | ૦ | ૦ | ૦ |
| ૩ | ખંભાળીયા | ૦ | ૦ | ૦ |
| ૪ | ભાણવડ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૩ | ૧ | ૪ |

(૨) ઉપરોક્ત ગુન્હામાં સંડોવાયેલ કુલ ૯ આરોપી સામે ગુન્હો નોંધી એડવાન્સ રીકવરી વસુલાત કરી જામીન ઉપર મુક્ત કરવામાં આવ્યા.

(૩) રૂ. ૧૧૫૦/-ની કિંમતનો ૪.૬ ક્વિન્ટલ જથ્થો પકડાયો અને રૂ. ૮૫૦૦/- નો દંડ વસુલ કરવામાં આવ્યો.

### મોરબી જિલ્લાના તાલુકાઓમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૧૮૬૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લાના મોરબી તાલુકાના રામગઢ, કૃષ્ણનગર, કોયલી તથા ધુળકોટ તથા ટંકારા તાલુકાના ગજડી પ્રાથમિક શાળામાં સને ૨૦૧૫-૧૬ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બાળકો અનુસૂચિત જનજાતિના અભ્યાસ કરે છે,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ચૂકવવામાં

જવાબ

(૧) ૮૧-બાળકો

(૨) કુલ-૮૧ વિદ્યાર્થીઓને

આવી, અને

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ બાકી તમામ વિદ્યાર્થીઓને સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકોની નવી કેડરના નિતિનિયમો

* ૨૧૦૫૧ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (હેડ ટીચર)ની નવી કેડર સન ૨૦૧૨થી અમલમાં મુકેલ છે તે હકિકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેના નિતી નિયમો (રુલ્સ એન્ડ રેગ્યુલેશન)ક્યારે ઘડવામાં આવ્યા, અને | (૨) તા.૭–૦૨–૨૦૧૪ થી |
| (૩) જો આ નિયમો ઘડાયા ન હોય તો તેના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વલસાડ જિલ્લામાં હાઈસ્કુલોમાં શિક્ષકોની ઘટ

* ૨૧૯૪૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કયા વિષયના કેટલા શિક્ષકોની ઘટ છે, અને | (૧) • સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના તાલુકાવાર//વિષયવાર શિક્ષકોની ઘટ દર્શાવતું પત્રક–૧ સામેલ છે.<br>• સરકારી અને ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તાલુકાવાર/વિષયવાર શિક્ષકોની ઘટ દર્શાવતું પત્રક–૨ સામેલ છે. |
| (૨) આ ઘટ પૂરી કરવા સરકારે શા પગલા લીધા? | (૨) સરકારી શાળાઓઃ–<br>નામદાર હાઈકોર્ટમાં થયેલ પીટીશનના આખરી ચુકાદાને આધીન સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.<br>સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં વલસાડ જિલ્લામાં ૧૪ શિક્ષણ સહાયકોને નિમણૂંક આપેલ છે.<br>ગ્રાન્ટેડ શાળાઓઃ–<br>સરકારી માધ્યમિક શાળાઓમાં નામદાર હાઈકોર્ટમાં પીટીશન થયેલ હોઈ, તેના ચુકાદા બાદ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ભરતી અંગે નિયમાનુસાર ભરતીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.<br>ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ભરતી અંગેની પ્રક્રિયા જેમ બને તેમ જલ્દી હાથ ધરવામાં આવશે. |

પત્રક–૧

સરકારી માધ્યમિક શાળાઓના તાલુકાવાર/વિષયવાર શિક્ષકોની ઘટની સંખ્યા

| ક્રમ | જિલ્લો | ગણિત વિજ્ઞાન | અંગ્રેજી | સંસ્કૃત | ગુજરાતી | હિન્દી | સામાજીક વિજ્ઞાન | શારિરીક શિક્ષણ | ચિત્ર | કૃષિ | સીવણ | કોમ્પ્યુટર | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ધરમપુર | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કપરાડા | ૦૬ | ૦૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | પારડી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | ઉમરગામ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના તાલુકાવાર/વિષયવાર શિક્ષકોની ઘટની સંખ્યા

| ક્રમ | જિલ્લો | ગણિત વિજ્ઞાન | અંગ્રેજી | સંસ્કૃત | ગુજરાતી | હિન્દી | સામાજીક વિજ્ઞાન | શારિરીક શિક્ષણ | ચિત્ર | કૃષિ | સીવણ | કોમ્પ્યુટર | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૪ | ૦૮ | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ધરમપુર | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કપરાડા | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | પારડી | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | ઉમરગામ | ૦૨ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

પત્રક–૨

સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તાલુકાવાર/વિષયવાર શિક્ષકોની ઘટની સંખ્યા

| ક્રમ | જિલ્લો | અર્થ શા સ્ત્ર | આંકડા શાસ્ત્ર | એસ.પી. | વાણિજ્ય વ્યવસ્થા | ભુગોળ | સમાજ શાસ્ત્ર | મનો વિજ્ઞાન | ગુજરાતી | હિન્દી | સંસ્કૃત | શારીરીક શિક્ષણ | તત્વજ્ઞાન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૨ | ધરમપુર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કપરાડા | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | પારડી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | ઉમરગામ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| ક્રમ | જિલ્લો | ગણિત | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | જીવવિજ્ઞાન | અંગ્રેજી | નામું | કેમીકલ ટેકનોલોજી | ઈતિહાસ | ઉદ્યોગ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ધરમપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કપરાડા | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | પારડી | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | ઉમરગામ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

ગ્રાન્ટેડ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના તાલુકાવાર/વિષયવાર શિક્ષકોની ઘટની સંખ્યા

| ક્રમ | જિલ્લો | અર્થ શાસ્ત્ર | આંકડા શાસ્ત્ર | એસ.પી. | વાણિજ્ય વ્યવસ્થા | ભુગોળ | સમાજ શાસ્ત્ર | મનો વિજ્ઞાન | ગુજરાતી | હિન્દી | સંસ્કૃત | શારીરીક શિક્ષણ | તત્વજ્ઞાન | ગણિત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૬ | ૦૭ | ૦૦ | ૦૪ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૭ |
| ૨ | ધરમપુર | ૦૮ | ૦૩ | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૩ | કપરાડા | ૦૭ | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૭ | ૦૨ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૪ | પારડી | ૧૨ | ૦૬ | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૫ | ૦૫ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ |
| | ઉમરગામ | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ |

| ક્રમ | જિલ્લો | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | જીવવિજ્ઞાન | અંગ્રેજી | નામું | કેમીકલ ટેકનોલોજી | ઈતિહાસ | ઉદ્યોગ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૯ | ૦૯ | ૦૮ | ૦૫ | ૨૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ધરમપુર | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કપરાડા | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | પારડી | ૦૩ | ૦૬ | ૦૨ | ૦૩ | ૧૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | ઉમરગામ | ૦૪ | ૦૩ | ૦૨ | ૦૨ | ૦૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

### રાજકોટ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણીની સુવિધા

* ૨૨૦૮૧ શ્રી ભોળાભાઈ ગોહીલ (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં શુધ્ધ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શુધ્ધ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) જો હા, તો આ સુવિધા કેટલા સમયમાં આપવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અરવલ્લી જિલ્લામાં બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો

* ૨૨૧૦૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવતા બીપીએલ પરિવારોમાંથી તાલુકાવાર કેટલા પરિવારોને રેશનિંગનો જથ્થો મળે છે,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પાત્રતા ધરાવતા બીપીએલ રેશનકાર્ડ ધારક નીચે મુજબના પરિવારોને તાલુકાવાર જથ્થો મળે છે,

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ પરિવાર |
|---|---|---|
| ૧ | ધનસુરા | ૬,૭૬૬ |
| ૨ | બાયડ | ૧૯,૧૪૨ |
| ૩ | ભીલોડા | ૨૦,૫૬૭ |
| ૪ | મેઘરજ | ૧૬,૫૨૫ |
| ૫ | માલપુર | ૯,૦૨૭ |
| ૬ | મોડાસા | ૧૨,૦૪૭ |
| | કુલ | ૮૪,૦૭૪ |

(૨) તાલુકાવાર કેટલા પરિવારોને રેશનીંગનો જથ્થો મળતો નથી, અને

(૨) જે બીપીએલ રેશનકાર્ડ ધારણ કરતા પરિવાર રેશનીંગનો જથ્થો લેવા જાય છે તે પરિવારને રેશનીંગના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

(૩) આ બાકી રહેતા પરિવારોને કેટલા સમયમાં રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## જૂનાગઢ જિલ્લામાં વન સમિતિના કામો અને ખર્ચ

* ૨૦૬૭૮ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં વન સમિતિ કાર્યરત છે, અને

જવાબ

(૧) તાલુકાવાર નીચે મુજબના ૫૦ ગામોમાં વન સમિતિઓ કાર્યરત છે.

| તાલુકો | ગામની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૧૨ |
| ભેંસાણ | ૦૬ |
| માળીયા હાટીના | ૦૯ |
| માણાવદર | ૦૮ |
| કેશોદ | ૦૨ |
| માંગરોળ | ૧૩ |
| કુલ | ૫૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મુખ્યત્વે કયા કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે વાવેતર અને તેની જાળવણી, ભૂમિ અને ભેજ સંરક્ષણ, વન સંરક્ષણ અને પ્રવેશ બિંદુ જેવા કામો હાથ ધરવામાં આવે છે. જેના પાછળ વર્ષવાર તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| તાલુકો | કરેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| જૂનાગઢ | ૪૯.૬૫ | ૪૧.૧૭ |
| ભેંસાણ | ૨૫.૨૫ | ૨૪.૧૨ |
| માળીયા હાટીના | ૧૫.૫૫ | ૨૩.૦૨ |
| માણાવદર | ૦૩.૦૫ | ૦૦.૧૬ |
| માંગરોળ | ૦૦.૧૬ | ૦૩.૮૮ |

## મહેસાણા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

* ૨૧૨૯૨ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનો કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ સસ્તા અનાજની દુકાનો કાર્યરત છે,

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત દુકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૨૫ |
| ૨ | વિસનગર | ૮૯ |
| ૩ | વિજાપુર | ૯૨ |
| ૪ | બેચરાજી | ૩૨ |
| ૫ | ઊંઝા | ૬૭ |
| ૬ | વડનગર | ૫૪ |
| ૭ | ખેરાલુ | ૪૯ |
| ૮ | સતલાસણા | ૨૯ |
| ૯ | કડી | ૧૦૧ |
| ૧૦ | જોટાણા | ૨૩ |
| | કુલ | ૬૬૧ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેટલી સસ્તા અનાજની દુકાનોની ઘટ છે, અને

**જવાબ**

(૨) તે અન્વયે ૨૯ સસ્તા અનાજની દુકાનોની ઘટ છે.

**પ્રશ્ન**

(૩) આ ઘટ નિવારવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૩) આ ઘટ નિવારવા સરકારે નીચે મુજબના પગલાં લીધેલ છે.

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો અમલમાં આવતાં વાજબી ભાવની દુકાનો માટે નવી નીતિ ઘડવામાં આવેલ છે.

(૨) જે મુજબ વસતિ અને અંતરના પરિપ્રેક્ષ્યમાં ખોલવાપાત્ર દુકાનો અંગે ચકાસણી કરેલ છે.

(૩) હવે ખોલવાપાત્ર દુકાનો અંગે જાહેરાત બહાર પાડ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે.

## અમરેલી જિલ્લાની શાળાઓનું ખાનગીકરણ

* ૨૧૬૫૯ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું ખાનગીકરણ કરવાનું સરકારે આયોજન કર્યું છે, તે વાત સાચી છે, | (૧) ના |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી શાળાઓ ખાનગી સંસ્થાને સોંપવામાં આવેલ છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉપરોક્ત શાળાઓ ખાનગી સંસ્થાને સોંપવાના મુખ્ય કારણો શું છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ઉપરોક્ત શાળાઓનું ખાનગીકરણ કરવા માટે શું શરતો રાખવામાં આવેલ છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેન્દ્ર સરકારની સહાય

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૧૨૧૭ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ રાજ્યને ફાળવી, અને | (૧) (રૂ◌ા. લાખમાં) |

| વર્ષ | |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૧૧૨૨૬૪.૪૧ |
| ૨૦૧૫–૧૬ (તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | ૫૯૮૨૩.૬૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) સર્વ શિક્ષા અભિયાનના અંતર્ગત ફાળવેલ રકમના ઉપયોગ તથા યોજનાના અમલીકરણની જવાબદારી કઈ એજન્સીને કયારથી સોંપવામાં આવી? | (૨) શરૂઆતથી જ સર્વ શિક્ષા અભિયાનને જવાબદારી સોંપવામાં આવી છે. |

### છોટા ઉદેપુર ખાતે સ્થાનિક યુવાનો માટે તિરંદાજી કૌશલ્ય સંવર્ધન નવું આર્ચરી સેન્ટર

* ૨૦૫૪૦ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છોટા ઉદેપુર ખાતે સ્થાનિક યુવાનોના પરંપરાગત તિરંદાજીના કૌશલ્ય સંવર્ધન માટે નવું આર્ચરી સેન્ટર બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) ચાલુ નાણાંકીય વર્ષમાં વહીવટી મંજુરી અપાયેલ છે અને હાલ દરખાસ્ત તાંત્રિક મંજુરીના તબક્કે છે. |
| (૨) ઉક્ત સ્થિતએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) ખર્ચ થયેલ નથી |

### છોટા ઉદેપુર સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને ગ્રાન્ટ

* ૨૦૫૭૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટા ઉદેપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જાયકા યોજના હેઠળ છોટા ઉદેપુર વન વિભાગમાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ જાયકા યોજના હેઠળ છોટા ઉદેપુર વન વિભાગમાં તાલુકાવાર છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪૭ સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને કુલ રૂ◌ા. ૨૫૧.૫૪ લાખ નીચેની વિગતે ગ્રાન્ટ આપવામાં આવી. |

| તાલુકો | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ (ડીસે–૧૫ સુધી) | |
|---|---|---|---|---|---|---|
| | મંડળીની સંખ્યા | ગ્રાન્ટ (રૂ◌ા. લાખમાં) | મંડળીની સંખ્યા | ગ્રાન્ટ (રૂ◌ા. લાખમાં) | મંડળીની સંખ્યા | ગ્રાન્ટ (રૂ◌ા. લાખમાં) |
| છોટાઉદેપુર | ૪૩ | ૧૨૮.૫૧ | ૪૫ | ૨૧૧.૯૪ | ૪૫ | ૯૪.૪૯ |
| કવાંટ | ૩૧ | ૮૪.૨૫ | ૩૩ | ૧૨૨.૯૨ | ૩૩ | ૬૭.૩૩ |
| નસવાડી | ૩૯ | ૫૧.૧૦ | ૪૪ | ૮૩.૫૪ | ૪૪ | ૪૭.૨૩ |
| જેતપુરપાવી | ૧૯ | ૪૪.૯૮ | ૧૯ | ૭૮.૩૮ | ૧૯ | ૩૭.૦૮ |
| બોડેલી | ૬ | ૨૩.૨૮ | ૬ | ૨૦.૫૬ | ૬ | ૫.૪૧ |
| કુલ | ૧૩૮ | ૩૩૨.૧૨ | ૧૪૭ | ૫૧૭.૩૪ | ૧૪૭ | ૨૫૧.૫૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ ગ્રાન્ટમાંથી કેવા પ્રકારની કામગીરી માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ ગ્રાન્ટમાંથી લોક સંગઠનોનું ક્ષમતા નિર્માણ, આદિવાસી સમુદાયનો વિકાસ અને સહભાગી વન વ્યવસ્થા હેઠળ વન વિકાસ અને સંચાલન જેવી કામગીરી માટે કુલ રૂ◌ા. ૧૧૦૧.૦૦ લાખ નો ખર્ચ કરવામાં આવ્યો. |

### દાહોદ જિલ્લામાં બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો

* ૨૧૯૮૪ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જીલ્લામાં આવતા બીપીએલ પરીવારોમાંથી તાલુકાવાર કેટલા પરિવારોને રેશનીંગનો જથ્થો મળે છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જીલ્લામાં પાત્રતા ધરાવતા બીપીએલ રેશનકાર્ડ ધારક નીચે મુજબના પરીવારોને તાલુકાવાર જથ્થો મળે છે. |

| અ.નં. | તાલુકાનું નામ | બીપીએલ પરીવારોમાંથી સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૨૭૫૬ |
| ૨ | ગરબાડા | ૧૨૨૭૮ |
| ૩ | ઝાલોદ | ૨૧૧૯૭ |
| ૪ | ફતેપુરા | ૧૬૭૬૩ |
| ૫ | લીમખેડા | ૧૧૨૧૨ |
| ૬ | ધાનપુર | ૮૭૨૭ |
| ૭ | દેવગઢ બારીયા | ૭૨૧૭ |
| ૮ | સંજેલી | ૬૨૬૨ |
| | કુલ | ૧૦૬૪૧૫ |

(૨) તાલુકાવાર કેટલા પરિવારોને રેશનીંગનો જથ્થો મળતો નથી, અને

(૨) જે બી.પી.એલ. રેશનકાર્ડ ધારણ કરતા પરિવાર રેશનીંગનો જથ્થો લેવા જાય છે. તે પરિવારને રેશનીંગના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

(૩) આ બાકી રહેતા પરીવારોને કેટલા સમયમાં રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વાંસદા તથા ચીખલી તાલુકામાં ટ્રાયબલ સબ પ્લાનના કામો

* ૨૧૧૨૭ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ટ્રાયબલ સબ પ્લાનના રાજ્ય સરકારના ૨૦ ટકા ફાળામાંથી નવસારી જિલ્લાના વાંસદા તથા ચીખલી તાલુકાને છેલ્લા બે વર્ષમાં કેટલાં કામો ફાળવવામાં આવ્યા, અને

(૧)

| તાલુકો | ફાળવેલ કામો |
|---|---|
| વાંસદા | ૭ |
| ચીખલી | ૧૨ |

(૨) કેટલા કામો પૂર્ણ થયા ?

(૨)

| તાલુકો | પૂર્ણ થયેલા કામો |
|---|---|
| વાંસદા | ૪ |
| ચીખલી | ૪ |

અરવલ્લી જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું બાકી વિતરણ

* ૨૧૯૨૮ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ રાજ્યમાં જીલ્લાવાર નાગરિકોને બારકોડેડ રેશનકાર્ડ આપવાની સમય મર્યાદા શું હતી, અને

(૧) રાજ્યમાં નાગરિકોને બારકોડેડ રેશનકાર્ડ આપવા અંગે નાગરિક અધિકાર પત્રમાં ૩૦ દિવસની સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે.

(૨) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જીલ્લામાં કુલ કેટલા બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી છે?

(૨) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ અરવલ્લી જીલ્લામાં કુલ–૬૦ બારકોડેડ રેશનકાર્ડ આપવાના બાકી છે

આણંદ જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની ગ્રાન્ટેડ અને ખાનગી કોલેજો

* ૨૧૮૨૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) આણંદ જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ પ્રવાહની કોલેજો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આવેલી છે,

(૧) ૧૮ કોલેજો

(૨) તે પૈકી કેટલી કોલેજો સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી છે, અને

(૨) સરકારી: ૦ (શૂન્ય)
ગ્રાન્ટેડ : ૧૭
ખાનગી : ૦૧
કુલ : ૧૮

(૩) ઉકત જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સની

(૩) હાલ, આ જિલ્લામાં રાજ્ય સરકારનું કોઈ આયોજન

## અતારાંકિત પ્રશ્નો

સરકારી કોલેજો ન હોય તો સરકાર નવી સરકારી કોલેજો સ્થાપવા માંગે છે ? — નથી.

### પંચમહાલ જિલ્લામાં રમત ગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળઓ

* ૨૨૦૪૬ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત ગમતના મેદાન નથી.

(૧)

| તાલુકો | રમત–ગમતના મેદાન વગરની સરકારી પ્રાથમિક શાળાઓ | રમત–ગમતના મેદાન વગરની ખાનગી સરકારી પ્રાથમિક શાળાઓ |
|---|---|---|
| ઘોઘંબા | ૦ | ૧ |
| ગોધરા | ૯૧ | ૬ |
| હાલોલ | ૪૮ | ૧ |
| જાંબુઘોડા | ૦ | ૦ |
| કાલોલ | ૨૦ | ૪ |
| મોરવા (હ) | ૨ | ૦ |
| શહેરા | ૭૨ | ૨ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૨) ૨૨

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો કયાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

### બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ

* ૨૧૮૧૩ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી,લાઈટ તથા શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને

(૧) થરાદ તાલુકાની ૯ પ્રાથમિક શાળાઓમાં ફકત લાઇટની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ઉકત સ્થિતિએ કેટલા સમયમાં સરકાર આ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં માંગે છે ?

(૨) જેમ બને તેમ જલ્દી.

### જૂનાગઢ જિલ્લામાં જંગલી પ્રાણીઓ દ્વારા ઉભા પાકને નુકશાન માટે વળતર

* ૨૧૦૩૪ શ્રી જવાહર ચાવડા (માણાવદર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) જૂનાગઢ જિલ્લામાં વંથલી, માણાવદર અને મેંદરડા તાલુકામાં જંગલી પ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતા નુકશાનીનું કેટલું વળતર સન ૨૦૧૪ અને ૨૦૧૫ માં ચુકવાયુ.

(૧) ના જી, એવી યોજના અમલમાં નથી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલું વળતર ચુકવવાનું બાકી છે અને તેના શા કારણો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત સ્થિતિએ બાકી વળતર કયાં સુધીમાં ચુકવાશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### આણંદ જિલ્લામાં વૃક્ષોની હરાજીની બાકી રકમ

* ૨૨૦૨૯ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર રોડ અને કેનાલ

(૧) તાલુકાવાર ચુકવવાની બાકી રકમની વિગત નીચે મુજબ છે.

સાઈડના વૃક્ષોની હરાજીની રકમ પૈકી કેટલી રકમ તાલુકાવાર આપવાની બાકી છે,

| તાલુકો | તાલુકા પંચાયતને ચુકવવાની થતી રકમ (રૂ.) |
|---|---|
| આણંદ | ૩૦,૭૨૮– |
| બોરસદ | ૧,૪૩,૮૨૦– |
| પેટલાદ | ૧,૦૫,૧૦૨– |

(૨) ઉકત સ્થિતિએ રકમ બાકી રહેવાના કારણો શાં છે, અને

(૨) વૃક્ષોથી નીકળેલ માલની હરાજી થયેલ છે, પરંતુ ઈમારતી માલની હરાજી હજી થવાની બાકી હોઈ, તાલુકા પંચાયતને તેમનો ભાગ ચુકવવાનો બાકી છે.

(૩) બાકી રકમ કેટલા સમયમાં ચુકવવામાં આવશે ?

(૩) જેમ બને તેમ વહેલી તકે

ગીર સોમનાથ જિલ્લામાં રમતગમતના મેદાનો વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૦૭૪૬ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાન નથી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સરકારી | ખાનગી |
|---|---|---|---|
| ૧ | વેરાવળ | ૪૫ | ૦૬ |
| ૨ | ઉના | ૩૯ | ૦૪ |
| ૩ | તલાલા | ૧૩ | ૦૫ |
| ૪ | સુત્રાપાડા | ૨૨ | ૦૨ |
| ૫ | કોડીનાર | ૨૧ | ૦૨ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાની કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૨) એક પણ નહીં

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેતી સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતના મેદાનો કયાં સુધીમાં બનાવવામાં આવશે.

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

રાજકોટ શહેરમાં આર. ટી. ઈ. હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ

* ૨૧૯૯૨ શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૧ માં રાઈટ ટુ એજ્યુકેશન એકટ હેઠળ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

જવાબ

(૧)

| વર્ષ | ધોરણ–૧ માં પ્રવેશ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૪૬૭ |
| ૨૦૧૫–૧૬ | ૧૮૨૦ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરતી નથી તથા તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) તમામ શાળાઓએ આર.ટી.ઈ. એકટનો અમલ કરેલ છે.

તાપી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ

* ૨૧૩૨૭ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

જવાબ

(૧)

| અ.નં. | તાલુકો | આ.નિ.શા.ની સંખ્યા |
|---|---|---|
| ૧. | વ્યારા | ૦૧ |
| ૨. | સોનગઢ | ૦૨ |
| | કુલ | ૦૩ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે આ શાળાઓમાં સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | જગ્યાનું નામ | સંવર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ મહેકમ | ખાલી જગ્યા | કયારથી ખાલી |
|---|---|---|---|---|---|---|
| ૧. | આચાર્ય | ૨ | ૩ | ૩ | – | – |
| ૨. | ઉ. મા. શિક્ષક | ૩ | ૧૫ | ૮ | ૭ | ૩ વર્ષથી વધુ–૬ એક વર્ષથી વધુ–૧ |
| ૩. | માધ્યમિક શિક્ષક | ૩ | ૨૨ | ૧૫ | ૭ | ૩ વર્ષથી વધુ સમયથી |
| ૪. | શારિરીક શિક્ષક | ૩ | ૨ | ૧ | ૧ | ૨ વર્ષથી વધુ |
| ૫. | એકાઉન્ટન્ટ | ૩ | ૨ | ૧ | ૧ | – |
| ૬. | વોર્ડન/ આસી.લેડી.સુપ્રિ. | ૩ | ૩ | ૨ | ૧ | ૩ વર્ષથી વધુ સમયથી |
| ૭. | પટાવાળા | ૪ | ૬ | ૬ | – | – |
| ૮. | ચોકીદાર | ૪ | ૨ | ૨ | – | – |
| ૯. | રસોડા કામદાર | ૪ | ૪ | ૪ | – | – |
| ૧૦ | હમાલ | ૪ | ૨ | ૨ | – | – |
| ૧૧. | સફાઈ કામદાર | ૪ | ૨ | ૨ | – | – |
| | કુલ | | ૬૨ | ૪૬ | ૧૬ | |

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

### પાલનપુર તાલુકામાં પ્રાથમિક સુવિધા ન ધરાવતી ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓ

* ૨૦૮૩૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાલનપુર તાલુકામાં તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ પીવાના પાણી, બ્લેકબોર્ડ, ટોઈલેટ, લાઈટ, રમતગમતના મેદાનોની પ્રાથમિક સુવિધા ન ધરાવતી કેટલી ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓ છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત શાળાઓમાં આ પ્રાથમિક સુવિધા ન હોવાના શા કારણો છે,

(૩) તે માટે કોણ જવાબદાર છે, અને

(૪) ઉકત તમામ શાળાઓમાં આ પ્રાથમિક સુવિધાઓ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) પાલનપુર તાલુકામાં તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૫ ની સ્થિતિએ પીવાના પાણી, બ્લેકબોર્ડ, ટોઈલેટ, લાઈટની સુવિધા ન ધરાવતી એક પણ ખાનગી કે સરકારી પ્રાથમિક શાળા નથી. જ્યારે રમત ગમતના મેદાન ન ધરાવતી સરકારી ૩૬ અને ખાનગી ૩ પ્રાથમિક શાળાઓ છે.

(૨) જમીનના અભાવે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જમીનની ઉપલબ્ધી થયેથી.

––––

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બી. બોખીરીયા (પશુપાલન મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી શંકરભાઇ લ. ચૌધરી (રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી જશાભાઇ ભા. બારડ (રાજયકક્ષાના કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( ઉદ્યોગ રાજય કક્ષાના માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલો, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમ લિમિટેડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવા ની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

ગુજરાત રાજય મહિલા આયોગનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

પ્રો વસુબેન ન. ત્રિવેદી ( ઉદ્યોગ રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મહિલા આયોગનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૪–૧૫નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

શહેરી વિકાસ વિભાગની અધિસૂચના

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ વિભાગની–

(૧) સન ૧૯૪૯ની ધી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ અન્વયેની તાઃ૨૪–૦૮–૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક–કેવી/૨૦૧૫નો ૨૬૭/ઇએલઇ/૧૦૨૦૧૧/૩૦૧૧/પી તથા તાઃ૧૪–૦૮–૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક કેવી/૨૦૧૫નો ૨૪૮/ઇએલઇ/૧૦૨૦૧૫/૫૫–૧/પી તેમજ આ અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨)સન ૨૦૦૮ના ગુજરાત મેટ્રોપોલીટન આયોજન સમિતિ અધિનિયમ અન્વયેની તાઃ૨૧–૦૧–૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકજીએચ/વી/૧૯/ઓફ ૨૦૧૬/ડીપીસી/૧૦૯૭/૧૩૮૪/પાર્ટ–૨/વી

સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

નાણા વિભાગની અધિસૂચના

શ્રી સૌરભ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણા વિભાગની–

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની

(૧) તાઃ૩૧/૦૮/૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૨૮) વીએટી-૨૦૧૫-એસ.૫(૨)(૪૪)-ઠ

(૨) તાઃ૨૦/૧૦/૨૦૧૫ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩૭) વીએટી-૨૦૧૫-(એસ-૫)(૨)(૪૫)-ઠ

(૩) તાઃ૦૫/૦૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૧)વીએટી-૨૦૧૬-એસ.૫(૨)(૪૬)-ઠ

(૪) તાઃ૮/૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૫)વીએઆર-૨૦૧૬-(૩૭)-ઠ

(૫) તાઃ૧૫/૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૦૬)વીએટી-૨૦૧૬-એસ.૫(૨) (૪૭)-ઠ

સભાગૃહના મેજ ઉપર મૂકવા ની રજા લઉં છું.

અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમની અધિસૂચના

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તાઃ૨૦-૦૨-૨૦૧૫ની અધિસૂચના ક્રમાંકજીએચટી/૨૦૧૫/૪/મનર/૧૦૨૦૧૩/૨૩૨૬/એ તેમજ આ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અધિસૂચના અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા<#FN/PMR0935-N.DOC/FN#>

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૬ના રોજ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રી જગદીશભાઇ પંચાલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧ રજૂ કરું છું.

'' રાજ્યમાં ૩.૫૧ લાખ જેટલા શ્રમયોગીઓને યુ-વિન (U-WIN) કાર્ડ અપાયા, પરંતુ બાકી રહેલા શ્રમયોગીઓને આ કાર્ડ ક્યારે આપવામાં આવશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૨ રજૂ કરું છું.

'' અરવલ્લી જિલ્લા માટે રૂપિયા ૫૧૭ કરોડનું વાત્રક અને માઝુમ જળાશય આધારિત પાણી પુરવઠાનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૪ રજૂ કરું છું.

'' પોલીસ આવાસ નિગમ દ્વારા ૬૦૫૪ આવાસોના કામો હાથ ધરાયા, પરંતુ જર્જરિત પોલીસ આવાસોની મરામતની કામગીરી બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૫ રજૂ કરું છું.

''મુસાફરોના સૂચનો તેમજ ફરિયાદો મેળવવા ટોલ ફ્રી નંબરની સુવિધા ઉપલબ્ધ કરાઇ, પરંતુ તેના નિરાકરણ માટે કરેલ આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૬ રજૂ કરું છું.

'' કોલસાના પરિવહન ખર્ચમાં થયેલ ઘટાડાથી રાજ્યને રૂપિયા ૧૩૧ કરોડનો ફાયદો થયો, પરંતુ તેનો લાભ રાજ્યના વીજ ગ્રાહકોને પૂરો પાડવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૭ રજૂ કરું છું.

''રાજ્યના પોલીસ દળમાં ૮૪૫૦ પોલીસ કર્મચારીઓની ભરતી કરાઇ, પરંતુ હજુ પોલીસ દળમાં કુલ કેટલી જગ્યાઓ ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે તેના આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક-૭ રજૂ કરવામાં આવ્યો.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૮ રજૂ કરું છું.

'' રાજયમાં સલામત અને સુગમ માર્ગ મુસાફરી માટે રૂપિયા ૫૦૩૨ કરોડનું રોકાણ કરવા છતાં માર્ગ અકસ્માતોમાં થતા મૃત્યુ અને ગંભીર ઇજાઓ અટકાવવા લીધેલ પગલાંનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૯ રજૂ કરું છું.

''થેલેસેમિયા રોગના દર્દી અને તેના સગાને હોસ્પિટલ પહોંચાડવા મુસાફરીમાં ૫૦ ટકા સહાય અપાય છે, પરંતુ કેટલા વ્યકિતઓને આ સહાયનો લાભ આપવામાં આવ્યો, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૯ રજૂ કરવામાં આવ્યો.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

''રાજયમાં છેલ્લી વસતિ ગણતરીના આધારે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરિયાત ઉભી થઇ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

'' રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૪૧૬ આચાર્ય અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૧૧૨૪ શિક્ષકોની ભરતી કરવામાં આવી છે, પરંતુ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા આચાર્ય અને શિક્ષકોની જગ્યાઓ હજુ ખાલી છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

'' રાજયની પ્રત્યેક વ્યક્તિ સ્વસ્થ રહે તેવા લક્ષ્યાંક સાથે ગુજરાતની જનતાને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ બાબતે રાજ્યમાં ડેન્ગ્યુ અને સ્વાઇન ફ્લુ જેવા ગંભીર રોગોને કાબૂમાં લેવા કરેલ બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

'' લોક જાગૃતિ અને લોક ભાગીદારી દ્વારા સ્વચ્છતા જાળવવા સંસ્થાઓને સાંકળી લેવાઇ છે, પરંતુ આવી ખાનગી સંસ્થાઓને તે અન્વયે કેટલી રકમ ફાળવવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

''ધનવંતરી રથ દ્વારા શ્રમિકોના આરોગ્યની તપાસ સારવાર અન્વયે કેટલા શ્રમિકોની આરોગ્ય તપાસ થઇ અને કેટલા બાંધકામના સ્થળોએ જઇ આરોગ્ય ચકાસણી કરી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

''શ્રમિકોની સલામતી–સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે વિવિધ યોજનાઓ અંતર્ગત કુલ કેટલી રકમ ફાળવવામાંઆવી અને તે પૈકી રાજ્ય સરકારના બજેટમાંથી કેટલી રકમ ફાળવાઇ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

'' સેલ્ફ હેલ્પ ગૃપ અને સખી મંડળોને બેંક દ્વારા આપવામાં આવતી પાંચ લાખની રકમના લોન ધિરાણના લેખોમાં સ્પેમ્પ ડ્યુટીમાં માફી અપાઇ, પરંતુ તે અન્વયે કેટલી સેલ્ફ હેલ્પ અને સખી મંડળોએ બેંક લોન લીધી અને કેટલી રકમની સ્ટેમ્પ ડ્યુટી માફ કરાઇ, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

'' કચ્છ જિલ્લામાં અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકામાં ઉભી થયેલ ઘાસચારાની તંગી નિવારવા તથા રાહત દરે ઘાસ વિતરણ કરવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

'' ચાલુ નાણાકીય વર્ષમાં દસ હજાર કિલોમીટર જેટલી કેનાલ નેટવર્કના કામો પૂરા થશે, પરંતુ કુલ કેટલા કામો હજુ બાકી છે અને તે ક્યારે પૂર્ણ થશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવ્યો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

''રાજ્યમાં યોજાતા ગુણોત્સવ કાર્યક્રમો અંતર્ગત સી. અને ડી. કક્ષાની કુલ કેટલી શાળાઓ છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૩ રજૂ કરું છું.

'' અત્યાર સુધીમાં ૯,૩૮,૮૪૬ શૌચાલયો નિર્માણ કરવામાં આવ્યા, પરંતુ બાકી રહેલા પરિવારો માટે શૌચાલયોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

'' રાજ્યમાં પશુધન વસતિમાં ૧૫.૩૬ ટકાનો વધારો થયો છે, પરંતુ છેલ્લે ક્યારે પશુધનની ગણતરી કરવામાં આવી તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

'' રાજ્યમાં ઉદ્યોગકારોને નવા ખનીજ સભર વિસ્તારો ઉપલબ્ધ બને તે હેતુસર ૯૬૨૦ ચો.કિ.મિ. વિસ્તારમાં ૭૨,૦૮૯ મીટર સારકામ હાથ ધરાયું, પરંતુ ખનિજની ચોરીઓ અટકાવવા અંગેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

'' રૂર્બન ભૂગર્ભ ગટરના કામો અંતર્ગત થયેલ ફરિયાદો પરત્વે લેવાયેલા પગલાં બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

'' રાજ્યમાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં નવા કુલ ૧૨૯૪ આરોગ્ય કેન્દ્રો મંજૂર કર્યા છે, પરંતુ આ આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થયા છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

સુધારા ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલના આ સન્માનનીય સભાગૃહને સંબોધન બદલનો આભાર પ્રસ્તાવ રજૂ થયો છે તે ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્ય તરીકે આ એક ગૌરવપ્રદ બાબત છે. સવાયા ગુજરાતના પનોતા પુત્રોને યાદ કરીએ ત્યારે હર્ષની લાગણીનો અનુભવ થાય. રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજી, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલ, મહા ગુજરાત ચળવળના પ્રણેતા પૂજ્ય રવિશંકર મહારાજ અને મહાન ગુજરાત અસ્મિતાના શિલ્પી ઇન્દુલાલ યાજ્ઞિક આ તમામ મહાન વિભૂતિઓ કે જેમણે અર્થપૂર્ણ, લાયક, દૂરંદેશી, ભવ્ય સાંસ્કૃતિક ગુજરાત આપણી સમક્ષ મૂક્યું છે. વંદન છે આ મહાન વિભૂતિઓને. ગુજરાતનો વિકાસ આપણા મહાત્મા ગાંધીજીએ જોયેલ વિઝન પ્રમાણે ભારતીય જનતા પાર્ટીનું સબળ અને સફળ નેતૃત્વ રહ્યું છે. ગાંધીજીના શબ્દોમાં કહું તો વિકાસ ફક્ત આજ માટે નહીં પણ ભવિષ્યની વાત હોય, <#FN/SST0940–O.DOC/FN#> અને તેમાંય જેમણે ગુજરાતની આગવી ઓળખ પ્રદાન કરી છે. જેમાં જેણે કૂશળ નેતૃત્વ, દીર્ઘ દ્રષ્ટિભર્યું નેતૃત્વ, વિઝનરી લીડરશીપ આપી છે. આ રાજ્યના પનોતા પૂત્ર, તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના નામનો ઉલ્લેખ કર્યા વિના ગુજરાતના વિકાસની વાત અધૂરી લાગે છે. ૧૯૬૦ની સ્થાપના કાળથી આપણે જોતાં આવ્યાં છીએ, પણ જે છેલ્લા ૧૪ વર્ષથી જે વિકાસ થયો છે, જે પ્રતિષ્ઠા, જે શાખ, જે આબરૂ, જે નામના અંકે કરી છે તે ૧૩ વર્ષ પૂર્વ ૪૦ વર્ષમાં ક્યારેય પ્રાપ્ત નથી થઇ. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘ દ્રષ્ટિ, તેમનું વિઝન અને મિશનની આ કમાલ છે. આ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબેન પટેલે જ્યારે સુકાન સંભાળ્યું ત્યારે મોદીજીની વિકાસની યાત્રાને પ્રબળ બનાવી તેમાં ગતિશીલતા લાવી ગતિશીલ ગુજરાતનો એક નવતર અભિગમ અપનાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને વિકાસની નવી ઉંચાઇ પર પહોંચાડવા માટે ગતિશીલ ગુજરાતનો મંત્ર આપી એની અંદર પ્રાણ ફૂંક્યાં છે. ઘણાં મિત્રો પૂછે છે કે ગતિશીલ ગુજરાત એટલે શું? ગતિશીલ ગુજરાત એટલે ગોલ સેટિંગ, ટારગેટ સેટિંગ, મીનીમમ ગવર્નમેન્ટ, મેકસીમમ ગવર્નન્સના મૂળ મંત્ર સાથે જનજનનો વિકાસ એ ગતિશીલ ગુજરાત છે. ગતિશીલ ગુજરાતનો મંત્ર આપી સરકાર અને જનતામાં એક નવો જૂસ્સો અને નવો જોમ ઉમેર્યો છે. ગુજરાતનો વિકાસ વધુ ગતિવાન, પ્રાણવાન અને ઊર્જાવાન બન્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે ગતિશલ ગુજરાતના માધ્યમથી પરિશ્રમ, પ્રગતિ અને પ્રતિતિનો અહેસાસ કરાવ્યો છે. તેમનું કુશળ નેતૃત્વ, દીર્ઘ દ્રષ્ટિ અને લોકસેવાના પરિશ્રમે તમામ ક્ષેત્રે ગુજરાત વધુ તેજ બન્યું છે. સૌ કોઇના સાથથી સૌ કોઇનો વિકાસ સાચા અર્થમાં એ ચરિતાર્થ થયો છે. યુવાનો, મહિલાઓ, બાળકો, ખેડૂતો, વંચિતો, ગરીબો, વનબંધુઓ, સાગરખેડૂઓ આમ તમામ સૌ કોઇને વિવિધ યોજનાના અસરકારક અમલથી ગુજરાતે ઉંચી ઉંચાઇઓ પ્રાપ્ત કરી છે. સમાજના દરેક સ્તરનો વિકાસ વિવિધ યોજનાઓથી કોઇપણ ભેદભાવ વગર આ રાજ્યમાં થયો છે ત્યારે ભારતીય જનતા પાર્ટીનો મંત્ર રહ્યો છે. ડેવલપમેન્ટ વીથ જસ્ટિસ, ગ્રોથ વીથ ઇક્વાલિટી અને ટેકનોલોજી વીથ હ્યુમન ફેઇસ, ન્યાય સાથે વિકાસ, સમાનતા સાથે વૃદ્ધિ

અને સંવેદનશીલતા સાથે ટેકનોલોજી, ત્યારે જ આ રાજ્ય આજે દેશની અંદર ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા છે, મોડલ સ્ટેટ ઓફ ઇન્ડિયા છે, Best governed state of India છે, હાઇએસ્ટ ફિલ્ડ ઇકોનોમિ ઓફ ઇન્ડિયા છે અને આઇડિયલ પ્લેટફોર્મ પર ઇન્ડિયાની નામના અને ખ્યાતિ મેળવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧મી સદી કેવી હોય? એ જોવાની જરૂર આપણા સૌની છે. એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્નાને સાકાર કરવા માટે ગુજરાત વિકાસની યાત્રાને નવી શોચ, નવી આશા અને નવી દિશા આરંભી છે. ગુજરાત વિકાસ મોડલમાં ત્રણ મુખ્ય પિલર છે – ઔદ્યોગિક વિકાસ, કૃષિ વિકાસ અને સામાજિક ક્ષેત્ર, આ ત્રણેયનું સંતુલન જાળવીને નવી ઉંચાઇઓ આ રાજ્યે પ્રાપ્ત કરી છે એના પરિણામે દેશ અને દુનિયાની અંદર ગુજરાતની ગતિ, પ્રગતિ અને ઉન્નતિની ચર્ચા છે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪–૧૫નું બજેટ, ૨૦૧૫–૧૬નું બજેટ અને ૨૦૧૬–૧૭ના બજેટમાં જોશો તો સામાજિક સેવા ક્ષેત્રે ઓછામાં ઓછા ૪૮% ની જોગવાઇઓ એની અંદર કરવામાં આવી છે આ જ બતાવે છે કે આધુનિક ભારતના સ્વપ્ન દ્રષ્ટા સરદાર વલ્લભભાઇ પટેલ ગામડાં અને શહેરોનો સમતોલ વિકાસ જોવા માગતા હતા. તેથી જ આ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શહેરોના વિકાસની સાથે સાથે ગામડાંને પણ એટલું જ પ્રાધાન્ય આપ્યું છે. આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે સ્માર્ટ સિટી વિકસાવવાનું ક્રાંતિકારી અભિયાન હાથ ધર્યું છે અને મને કહેતા ગર્વ થાય કે આ જ રાજ્યના અમદાવાદ અને સુરત શહેરની એમાં પસંદગી કરવામાં આવી છે. આ ક્ષણે આ દેશના વડાપ્રધાનને હું અભિનંદન પાઠવું છું. આપણા ગુજરાત રાજ્યની જીવાદોરી સમાન નર્મદા યોજના છે.

સરદાર સરોવર ડેમ ૧૨૧.૯૨ મીટર પૂર્ણ થયો. ગત કેન્દ્રની સરકાર પાસે આ સરકારે અનેક વખત દરવાજા બેસાડવાની પરવાનગી માગી હતી પણ *(×××) સરકારે આ પરવાનગી આપી નહોતી.

અધ્યક્ષશ્રી : સરકારની ટીકા કરી શકતા નથી. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાન, વડાપ્રધાન બનતાની સાથે જ સત્તરમા દિવસે દરવાજા મૂકવાની પરવાનગી આપી અને ગર્વ સાથે આ રાજયના મુખ્યમંત્રીએ દરવાજા બેસાડવાનું કામ તે જ દિવસે શરૂ કરાવી દીધું. આજે મને જણાવતા આનંદ થાય છે કે આ જ વર્ષની અંદર આ દરવાજા મૂકવાનું કામ પૂર્ણ થશે તેથી આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ, આ રાજયના મુખ્યમંત્રી અને સરકારને હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. દેશને નવી દિશા ચિંધતી બહુ આયામી મહત્વાકાંક્ષી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના આ રાજયના તમામ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષણની સમાન તક મળી રહે તે માટેનું એક આર્થિક પેકેજ સહાય સમગ્ર રાજયને, સમગ્ર સમાજને એક તાંતણે બાંધવાનો પ્રયાસ આ યોજનાના માધ્યમથી કરાયો છે. આ બાબત સમગ્ર રાજય માટે ગૌરવરૂપ અને દેશ માટે દિશા ચિંધનાર છે. હમણા જ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના ધોરણો વધુ સરળ બનાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે જેથી સહાયના લાભો વધુ વિદ્યાર્થી, વધુ યુવાનોને મળે આથી સરકારે યુવા હિતનો અભિગમ અપનાવ્યો છે. મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મજયંતિ આપણે ૨૦૧૯ના વર્ષમાં ઉજવવા જઇ રહ્યા છીએ. આ દેશના વડાપ્રધાને સ્વચ્છ ભારત મિશનની હાકલ કરી છે ત્યારે આ રાજયના મુખ્યમંત્રીએ સ્વચ્છતા મિશનનું વિશાળ અભિયાન હાથ ધર્યું છે. ઘરે ઘરે શૌચાલયના પ્રેરક સંકલ્પોથી લોકો સ્વચ્છતાના આગ્રહી બને તે માટે જનજાગૃતિ અભિયાન ચલાવ્યું છે. આજે દેશભરમાં વ્યકિતગત શૌચાલયનું નિર્માણ થયું છે તેમાં આપ જોશો તો એકલા ગુજરાત રાજયની અંદર ૭૦ ટકા વ્યકિતગત શૌચાલય ઉભા કર્યા છે. હમણા જ દેશભરમાં સ્વચ્છ શહેરોની પસંદગી કરવામાં આવી. મને જણાવતા આનંદ થાય છે કે આ રાજયના સુરત અને રાજકોટ શહેરે અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્વચ્છ ભારત અભિયાનના અમલીકરણમાં ગુજરાત આજે દેશભરમાં પ્રથમ સ્થાને આવે છે ત્યારે આ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, સરકાર અને આ રાજયની સાડા છ કરોડ જનતાને હું અભિનંદન આપું છું. ગુજરાત લોકશાહી વિરાસતનું સાક્ષી રહ્યું છે. આપણને પૂજય મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના મૂલ્યો વારસામાં મળ્યા છે. આ મૂલ્યોના આધારે આપણે દરિદ્રનારાયણની સેવા કરી રહ્યા છીએ. ''સર્વે ભવન્તુ સુખીનઃ, સર્વે સન્તુ નિરામયા'' ના મંત્ર સાથે નાગરિકોના આરોગ્યની ચિંતા કરીને સરકારે વિવિધ યોજનાઓ કરી પોતાની પ્રતિબદ્ધતા સાબિત કરી છે. ગુજરાત સ્વચ્છ, સલામત, સમૃદ્ધ અને સ્વસ્થ બને તે માટે સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી મા અમૃતમ યોજનાનો વ્યાપ વધારી મધ્યમ અને નીઓ મીડલ કલાસના તમામ વર્ગો માટે ''મા વાત્સલ્ય યોજના'' શરૂ કરવામાં આવી છે. આ રાજયની ત્રણ કરોડ મહિલાઓ માટે આ રાજયના મુખ્યમંત્રીએ આજના સમયની સૌથી મોટી સમસ્યા એ બ્રેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સરના મફત નિદાન અને જરૂર પડે તો અદ્યતન હોસ્પિટલની અંદર તેની વિના મૂલ્યે સારવાર કરવાનો અભૂતપૂર્વ નિર્ણય લીધો છે. આ માનનીય મુખ્યમંત્રીશ્રીને વંદન કરું છું. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. ૬૫ટકા વસતિ ખેતી પર નિર્ભર છે ત્યારે આ રાજયની અંદર ઔદ્યોગિક વિકાસની સાથે સાથે કૃષિ વિકાસને પણ પ્રાધાન્ય આપ્યું છે. કૃષિ મહોત્સવ દ્વારા અને આધુનિક ખેતી દ્વારા આજે ગુજરાતનો કૃષિ વિકાસ દર આ દેશમાં અવ્વલ નંબરે છે. ગુજરાતના ખેડૂતો વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે અને ઉચ્ચ વળતર મેળવે તે માટે અનેક પ્રોત્સાહન યોજનાઓ અમલમાં મુકાઇ છે આથી ખેડૂતના હિતને હંમેશા ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. કૃષિ મહોત્સવનો કાર્યક્રમ આખા દેશમાં સ્વીકૃતિ પામ્યો છે. ગુજરાત રાજય સરકારે ખેતીના વિકાસ માટે રવિ કૃષિ મહોત્સવનું આયોજન કર્યું છે. અને રવિ કૃષિ મહોત્સવથી લાખો ખેડૂતોને કરોડો રૂપિયાની સાધન સહાય સામગ્રી આપવામાં આવી છે. આમ કૃષિ મહોત્સવને લઇને નવું 'કિસાન આઇ પોર્ટલ' રજૂ કર્યુ છે. અને ઓર્ગેનિક ખેતીની નવી નીતિ જાહેર કરી છે. ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથ માટે ગુજરાત આખા દેશમાં એક વાઇબ્રન્ટ સ્ટેટ છે. રાજયના વિકાસની

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્રક્રિયામાં ઔદ્યોગિક વિકાસ એક મહત્વની ભૂમિકા ભજવે છે. ગુજરાતના સર્વાંગી વિકાસમાં ઔદ્યોગિક વિકાસનો સિંહફાળો રહ્યો છે. દેશના વડાપ્રધાનની હાકલ 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' અને 'મેક ઇન ઇન્ડિયા'ના સંકલ્પને સાકાર કરવા માટે રાજ્ય સરકારે આર્થિક વિકાસને બળ મળે તે માટે  ઇન્ડસ્ટ્રિયલ ફ્રેન્ડલી પૅાલિસી જાહેર કરવામાં આવી છે. લઘુત્તમ અને મધ્યમ ઉદ્યોગને પ્રોત્સાહન આપેલ છે. નવી ટેક્ષટાઇલ પૅાલિસી જાહેર કરી છે. ગતિશીલ ગુજરાતના માધ્યમથી ઉદ્યોગ વેપારને સવલતો મળી રહે તે માટે માળખાકીય સુવિધાઓ સરળ બનાવવામાં આવી છે. હમણા જ વર્લ્ડ બેંકવાળા ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનો આખા દેશભરની અંદર સરવે કરવામાં આવ્યો તેમજ બેસ્ટ ડેસ્ટીનેશન તરીકે ગુજરાતનું અવ્વલ નંબરે સ્થાન આવે છે, એટલે જ આજે કહેવાનું મન થાય કે સ્ટાર્ટ અપ ઇન્ડિયા અને મેક ઇન ઇન્ડિયાનું  ગુજરાત એક આઇડિયલ પ્લેટફોર્મ છે. આપણું રાજ્ય એ એનર્જી સરપ્લસ રાજ્ય છે. ઊર્જા ઉત્પન્નમાં ગુજરાત સ્વાવલંબન છે. જ્યોતિગ્રામ યોજના દેશભરની અંદર એક અનોખી યોજના છે. સોલર એનર્જી ઉત્પાદનમાં આપણે બીજા નંબરે આવીએ છીએ. એમ કહી શકાય કે ઊર્જા ક્ષેત્રે આપણે સાત અશ્વ ઉપર સવાર છીએ. બિનપરંપરાગત ઊર્જા ઉત્પન્ન કરવામાં ગુજરાત આજે મોખરે છે જેમાં સોલર, વિન્ડ, હાઇડલ, ટાઇડલ, જીયોથર્મલ, વેસ્ટ એનર્જી આમ કહેવાય કે નોન કન્વેન્શનલ એનર્જી સોર્સિસમાં આજે ગુજરાતની નામના છે. પૂરા રાજ્યની અંદર ગુણવત્તાયુકત વીજળી પૂરી પાડવામાં સરકાર સંકલ્પબદ્ધ છે. કેન્દ્રના ઊર્જા મંત્રાલયે ઊર્જા ક્ષેત્રે આપણને અનેક એવોર્ડો આપેલ છે. સિંચાઈની વાત કરું તો 'પર ડ્રોપ મોર ક્રોપ'ના મંત્ર સાથે ગુજરાતે કૃષિ ક્રાંતિની નવી દિશા આપી છે. શ્વેત ક્રાંતિ બાદ કૃષિ ક્રાંતિ સમગ્ર દેશની અંદર અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. અને છેલ્લા દશકામાં જોઇએ તો રાજ્યની સિંચાઇ હેઠળની જમીન વધી છે. રાજ્યની સૂકી જમીનને સિંચાઇ મળી રહે તે માટે સરદાર સરોવર નર્મદા યોજના આધારિત નવી નહેરોનું પણ નિર્માણ કાર્ય કરવામાં આવ્યું છે. આ રાજ્યના મુખ્યમંત્રી જ્યારે મહિલા છે, ત્યારે મહિલા વધુ સામર્થ્યવાન બને તે દિશામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. મહિલાઓ સશક્તિકરણ માટે ઈતિહાસમાં પહેલી વાર ગુજરાતે જેન્ડર બજેટ રજૂ કર્યુ છે. મહિલાઓ માટે સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સશક્તિકરણનાં પગલાં લીધાં છે. પોલીસ ભરતી તથા સરકારી ભરતીની અંદર ૩૩ ટકા મહિલા અનામતનો એક અભૂતપૂર્વ નિર્ણય આ સરકારે લીધો છે.  સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા સુધી વધારી છે. પીડિત મહિલાઓને તત્કાલ મદદ મળે તે માટે ૧૮૧ હેલ્પલાઇન અભયમ્ યોજનાથી સુરક્ષા કવચ પૂરું પાડ્યું છે. આજનો યુગ એ ડિઝિટલ યુગ છે. ડિઝિટલ યુગની બોલબાલા છે,ત્યારે ડિઝિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે ડિઝિટલ સ્ટેટ બનવા માટે આ રાજ્ય સંકલ્પબદ્ધ છે. ગતિશીલ ગુજરાત અંતર્ગત જનતાના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ માટે દરેક જિલ્લામા લોકસંવાદ સેતુ યોજવામાં આવે છે. એની સફળતા ધ્યાને લઇને દરેક તાલુકાની અંદર લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજી હજારો પ્રશ્નો જે વર્ષોથી પડ્યા હતા, તેનો નિકાલ કરવામાં આવ્યો છે. જનમાનસમાં પારદર્શક વહીવટના દર્શન માટે ઝડપી નિરાકરણ કરી શકે તેવા આંટીઘૂંટીવાળા મહેસૂલી કાયદાનું સરળીકરણ કરવામાં આવ્યું છે. આ રાજ્યના પોણા બે કરોડથી વધારે ખેડૂતોને વિનામૂલ્યે ૭/૧૨, ૮–અ ના ઉતારા વર્ષે એક વખત મળે તેવો અભૂતપૂર્વક નિર્ણય સરકારે કર્યો છે. ૭/૧૨ ના ઉતારા ઇન્ટરનેટથી જોઇ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ અનેક કાયદામાં સુધારા કરી પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આ  રાજ્ય સરકાર અગ્રેસર છે.  ગતિશીલ ગુજરાત અંતર્ગત રાજ્યના વિકાસ માટે અનેક નવી નીતિઓ જાહેર કરેલ છે. નવી આઇ.ટી. નીતિ, નવી ઓર્ગેનિક ખેતીની નીતિ, નવી ગૌચર વિકાસની  નીતિ, નવી ઇલેકટ્રોનિકસ નીતિ, નવી ઇ–ગવર્નન્સની નીતિ, નવી પ્રવાસનની નીતિ, નવી ફિલ્મ ઉદ્યોગની નીતિ, સ્લમ રીડેવલપમેન્ટ નીતિ અને સોલર પ્રોજેકટ માટે જમીન નીતિ. આમ, રાજ્યના સર્વાંગી વિકાસ માટે અનેક નિર્ણયો આ સરકારે લીધા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી આપણું ગૌરવ છે. સરદાર પટેલની વિશ્વમાં ઊંચામાં ઊંચી પ્રતિમા બને અને વૈશ્વિક પ્રવાસનનું કેન્દ્ર બને તે માટે ગુજરાત સરકારે કેવડીયા કોલોની  સ્થિત સાધુ ટેકરી ખાતે આ પ્રતિમા મૂકવાનું કામ ચાલી રહ્યું છે. બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી  રહી છે. ઉજવણીની સાથોસાથ તમામ પ્રકારના ભેદભાવ મિટાવી વિશ્વ કલ્યાણની વાત પાયામાં રહે તે ભાવથી રાજયભરમાં કાર્યક્રમો થઇ રહ્યા છે. રાજ્યની અંદર શિક્ષણ અને ટૅકનિકલ એજયુકેશન મળી રહે તે માટે ૭૦૦ આઇ.ટી.આઇ. તથા કૌશલ્ય વર્ધન કેન્દ્રો કાર્યરત છે. તેમાં હજારો બાળકો ટૅકનિકલ શિક્ષણ મેળવી રહ્યા છે. આઇ.ટી.આઇ. અને ટૅકનિકલ સંસ્થામાં  અભ્યાસ કર્યા બાદ ઉદ્યોગ ક્ષેત્રની અંદર નોકરી મળી રહે તે માટે રોજગાર ભરતી મેળાનું આયોજન આ સરકારે કરેલું છે. શિક્ષણક્ષેત્રે ગુજરાતે વિકાસની નવી ક્ષિતિજો આંબી છે. ગુજરાતના વિદ્યાર્થીને ગુણવત્તાભર શિક્ષણ મળે, ઉચ્ચ શિક્ષણ મળે, ટૅકનિકલ એજયુકેશન મળે, અત્યારે જે રીતે ઔદ્યોગિક વિકાસ થઇ રહ્યો છે તે પ્રકારનું શિક્ષણ મળે તે પૂરું પાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. ગુણોત્સવ દ્વારા સો ટકા  શાળાઓનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. અનેક નવતર યુનિવર્સિટીઓનું નિર્માણકાર્ય કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં કુલ ૫૬ યુનિવર્સિટીઓ કાર્યરત છે. મને કહેતાં આનંદ થાય છે કે દિલ્હી જેવી એકપણ બદનામ યુનિવર્સિટી આ રાજ્યની અંદર નથી તેનું અમને ગર્વ છે. આમ, રાજ્યનો સર્વાંગી વિકાસ થાય, રાજ્યના તમામ વર્ગોની જરૂરિયાત સંતોષાય, માળખાકીય સુવિધાઓ મળે, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી, સુરક્ષા, રસ્તા, પર્યાવરણ મળે અને લોક સાંસ્કૃતિનો વારસો જળવાય તથા સામાજિક સમરસતા ધ્યાને રાખીને આ ગુજરાત સરકાર કામ કરી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા અને ખાનગી નામાંકિત સંસ્થાઓ દ્વારા અનેકવિધ એવોર્ડો આ રાજયે પ્રાપ્ત કર્યા છે ત્યારે આ ગુજરાત રાજ્ય બેસ્ટ ગવર્નન્સ સ્ટેટ ઓફ ઇન્ડિયા તરીકે પ્રસ્થાપિત થયું છે.

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

શ્રી જગદીશભાઇ પંચાલ (નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ નામદાર રાજયપાલશ્રીના પ્રવચન માટે આભાર પ્રસ્તાવ લાવ્યા છે. હું સાથી મિત્રોને કહું છું કે આપણે સૌ સાથે મળી તેમનો આભાર વ્યક્ત કરીએ અને હું તેમના આભાર પ્રસ્તાવને મારો ટેકો આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે તેમના પ્રવચનમાં હમણાં જ બે દિવસ પહેલાં મહામહિમ રાષ્ટ્રપતિના પ્રવચનના આભાર પ્રસ્તાવની અંદર બહુ સરસ વાત કરી હતી કે વિરોધપક્ષે ચોક્કસ વિરોધ કરવો જોઇએ. શૈલેષભાઇ, ના નથી, કામની ટીકા કરવી જોઇએ તેની પણ ના નથી, પણ જે વિરોધ કરો તે વિરોધ મુદ્દાસર કરો. આ ગૃહને શરમાવે તેવી કોઇ પ્રવૃત્તિ આપણે ના કરવી જોઇએ. જનતા જનાર્દને આપણને મત આપીને જે વિશ્વાસથી આ ગૃહમાં મોકલ્યા છે ત્યારે જનહિતના કાર્યો થાય તે માટે આપણને અહીં મોકલ્યા છે, નહીં કે આ ગૃહમાં શરમથી માથું ઝૂકી જાય તેવી કોઇ પ્રવૃત્તિ કરવા માટે. •(×××) છે. તેથી આ સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આવો સૌ સાથે મળી સૌનો સાથ સૌનો વિકાસ કરવા માટે આ ગૃહની ગરિમા જાળવી આ રાજયનો વિકાસ કરીએ. નામદાર રાજયપાલશ્રીએ તેમના પ્રવચનમાં સરકારશ્રીએ કરેલ કામગીરીની રજૂઆત કરી છે. મને દુઃખ થાય છે કે વિપક્ષના સભ્યોએ આ સભાગૃહમાં તેમનું વર્તન, વ્યવહાર કર્યો તેને આ ગુજરાતની પ્રજાએ જોયો, આપણે જોયો અને અખબારના માધ્યમો દ્વારા તથા મીડિયા દ્વારા સમગ્ર ગુજરાતની પ્રજાએ જોયો છે ત્યારે ખૂબ દુઃખ થાય છે.

અધ્યક્ષશ્રી : જગદીશભાઇ આપ આભાર પ્રસ્તાવ ઉપર આવી જાઓ.

શ્રી જગદીશભાઇ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, માતૃતુલ્ય એવા આપણા મુખ્યમંત્રી સમગ્ર ગુજરાતનો પ્રવાસ કરી લોકોની વેદનાઓને સરકારના માધ્યમથી પૂર્ણ કરવા માટે જે દિશામાં ગતિશીલતા લાવ્યા છે એને સાચા અર્થમાં આ ગતિશીલ ગુજરાત બનાવ્યું છે તેવા આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને લાખ લાખ અભિનંદન આપવાનું મન થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજયનો કોઇ પણ વિભાગ હોય, શિક્ષણ વિભાગ હોય, આરોગ્ય વિભાગ હોય, મહેસૂલ વિભાગ હોય, ઊર્જા વિભાગ હોય કે અન્ન અને નાગરિક પૂરવઠા વિભાગ હોય, માર્ગ અને મકાન વિભાગ હોય, યાત્રાધાભ વિભાગ હોય, શ્રમ અને રોજગાર વિભાગ હોય, મહિલા અને બાળ વિકાસ વિભાગ હોય કે સહકાર વિભાગ હોય એ સમગ્ર વિભાગોની કામગીરી રાજયના જનજનના ઘર સુધી અને જનજનના દિલ સુધી પહોંચાડવાનું કોઇએ કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ''મન હોય તો માળવે જવાય'' માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ વાક્યને સાચા અર્થમાં ચરિતાર્થ અને પરિપૂર્ણ કર્યું છે. એમની ખંત, મહેનત અને પોતાની આગવી સૂઝબૂઝથી ગુજરાતના છેવાડાના માનવીની ચિંતા કરી છે. વંચિતોના વિકાસથી લઇ અને વાઇબ્રન્ટ ગુજરાત સુધીની સફળ યાત્રાનું નેતૃત્વ કરનાર ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે લોકોની ચિંતા કરી છે ત્યારે આરોગ્યની વાત કરું તો મારું ગુજરાત સ્વચ્છ ગુજરાત, મારું ગુજરાત સ્વસ્થ ગુજરાતની નેમ લઇને આ સરકારે જ્યારે આ અભિગમથી સમાજના દરેક જરૂરિયાતમંદ પરિવારોની ચિંતા કરી છે ત્યારે માતૃત્વની ભાવના અને લાગણી વ્યક્ત કરીને સમગ્ર ગુજરાતની પ્રજાને તેમનું નેતૃત્વ મળ્યું છે એવા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ ગુજરાતના દરેક પરિવારની ચિંતા કરી રહ્યા છે ત્યારે એમની સતત કાળજી લે એવા આ રાજયને માતૃતુલ્ય મુખ્યમંત્રી મળ્યા છે. તેમણે સમાજના નાનામાં નાના વર્ગની ચિંતા કરી માં વાત્સલ્ય કાર્ડ જે પરિવારની આવક ૧.૨૦ લાખ કરતા ઓછી છે એવા સમગ્ર પરિવારોને વાર્ષિક ૨.૦૦લાખ રૂપિયાની માતબર રકમ દ્વારા medical assurance આપવાનું કામ કરીને ઐતિહાસિક સફળતા મેળવવાનો યશ આ ભારતીય જનતા પાર્ટીને શીરે જાય છે. એક માં જ એક સ્ત્રીની વેદના સમજી શકે. આપણા સમાજમાં આજે પણ સામાજિક સંકૂચિતતાના કારણે ઘરની સ્ત્રીઓને બોલવાનો અધિકાર નથી હોતો, ઘરની સ્ત્રીઓને કોઇ પણ દુઃખ કે વેદના હોય આજે પણ એ સ્ત્રી મૂંગા મોઢે સહન કરતી હોય છે પણ આ મુખ્યમંત્રીશ્રીએ એ સ્ત્રીઓની વેદના અને લાગણીઓને સમજવાનો પ્રયાસ કર્યો છે ત્યારે બાળકો અને મહિલાઓની સંવેદનશીલ લાગણીને સમજવાનો પ્રયાસ કરીને મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કોઇ પણ આવક જૂથની તમામ મહિલાઓને માટે બ્રેસ્ટ કેન્સર અને સર્વાઇકલ કેન્સરના શંકાસ્પદ કેસો શોધી કાઢીને સમગ્ર ગુજરાતની મહિલાઓને ભય મુક્ત બનાવવાનો પ્રયાસ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે ત્યારે ખૂબ મને આનંદ થાય છે. અત્યાર સુધીમાં બ્રેસ્ટ કેન્સરના ૬૬ હજાર કેસ તપાસવામાં આવ્યા છે અને સર્વાઇકલ કેન્સરના ૪૧,૩૦૦ કેસ તપાસવામાં આવ્યા છે અને જે પણ કેસ પોઝિટિવ નીકળે એ કેસોની સંપૂર્ણ સારવાર થઇ શકે એ માટે આ રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. જયારે રાજયના આરોગ્યની વાત થાય ત્યારે અમારા લોક લાડીલા આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબને ક્યાંથી ભૂલી શકાય, અને એવા જ બીજા અમારા રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી, આ બંને મંત્રીશ્રીઓને લાખ લાખ અભિનંદન આપવાનું મન થાય છે. પ્રજાની યોગ્ય સારવાર થઇ શકે તે અર્થે ઓચિંતી હોસ્પિટલમાં મુલાકાત તેઓ લે છે. દર્દીઓની સારવારની ગુણવત્તા સચવાય, સ્વચ્છતા જળવાય તે હેતુસર અને દર્દીઓને કોઇ મુશકેલી તો નથી પડતીને? એ તેઓ જોવા જાય છે આવા મુખ્યમંત્રીશ્રી અને બંને મંત્રીશ્રીઓ હોય તેઓ ઓચિંતી મુલાકત લઇ વ્યવસ્થા જુએ છે અને ડોકટરોની પણ ઓચિંતી મુલાકાત તેઓ લે છે અને ગુજરાતની પ્રજાને ગુણવત્તાવાળી સારવાર મળે તે માટે સતત આ રાજય સરકાર પ્રયત્નશીલ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે જ ગુજરાતની આસપાસના જે રાજયો છે જેવા કે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

રાજસ્થાન, મધ્યપ્રદેશ એ રાજ્યોના દર્દીઓ પણ ગુજરાતમાં સારવાર માટે આવી રહ્યા છે. મહિલા શસક્તિ કરણની વાત કરીએ તો ''યત્ર નાર્યૈસ્તુ પુજ્યન્તે રમન્તે તત્ર દેવતા વસન્તે'' જે સમાજ, જે ઘર જે રાજયમાં નારીનું સન્માન જળવાય છે તેજ રાજ્ય સાચા અર્થમાં સુખી અને સમૃદ્ધ કહેવાય છે. પોલાદી મનોબળ, કોમળ હૃદય અને ઉંડી સહાનુભૂતિ જેઓનું વ્યક્તિત્વ છે એવા ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ગુજરાત રાજયની મહિલાઓનું સન્માન જળવાય તે હેતુસર આર્થિક રીતે પગભર બને અને સદ્ધર બને તે માટે ઘણાં બધા સુધારાઓ કર્યા છે. રાજ્ય કે રાષ્ટ્રની પ્રગતિનો આધાર તંદુરસ્ત સમાજ છે અને સમાજની સતત ચિંતા કરતા રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે મહિલાઓ સંબંધી અનેક યોજનાઓ અમલમાં મૂકી છે ત્યારે મહિલાઓના આર્થિક વિકાસ અને સશક્તિકરણ માટે રાજ્યના ઇતિહાસમાં સૌપ્રથમ વખત ૨૦૧૫-૧૬ની અંદર જેન્ડર બજેટ લાવીને ૧૦૦ ટકા મહિલાલક્ષી એવી ૫૯૩ યોજનાઓનો સમાવેશ કરવાનું કામ કર્યું હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે, મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપવા ઘટે કે ૩૩ ટકા અનામતથી વધારીને ૫૦ ટકા મહિલા અનામત કરી ઐતિહાસિક કોઇ નિર્ણય લીધો હોય તો તે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધો છે, રાજયની મહિલાઓને રાજ્યના વહીવટમાં ભાગીદાર બનાવવા માટેની પહેલ કરી છે અને એ માટે ગુજરાતની બહેનોને સાચા અર્થમાં સ્વાભિમાન પૂરું પાડવાનું કામ કર્યું હોય તો આ ગુજરાતના મહિલા મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ પોતાના શાસનની ધૂરા સંભાળી ત્યારથી જ ગતિશીલ ગુજરાતને વધુ વેગવંતું બનાવવા માટે મહિલા સશક્તિકરણનું પખવાડિયું ઉજવવાનું કામ કર્યું હોય તો આ સરકારે કર્યું છે. વંચિતોનો વિકાસ, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે અનસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને વિચરતી અને વિમુકત જાતિ, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતિ, વિકલાંગો અને નિરાધારોની અંદાજે ૮૦ ટકા વસતિના કલ્યાણ અર્થે સીમાચિહ્ન રૂપ કામ કરીને ગુજરાતને દેશનું નમૂનારૂપ રાજ્ય બનાવ્યું છે. જ્યારે સમાજ કલ્યાણ ખાતાની વાત હોય ત્યારે માનનીય રમણભાઇ સાહેબને કેમ ભૂલી શકાય, સતત નાના અને દરેક પરિવારની ચિંતા કરતા માનનીય રમણભાઇને પણ લાખ લાખ અભિનંદન આપવાનું મને મન થાય છે. જરૂરિયાતમંદ દરેક પરિવારોની તેઓ સતત ચિંતા કરતા રહ્યા છે. વંચિતોની વિકાસ યાત્રા હોય કે ગમે તે હોય, આ વખતે જ્યારે રાષ્ટ્રના ઘડવૈયા અને બંધારણના ઘડવૈયા ભારતના રત્ન સમાજ સુધારક અને સ્ત્રી શિક્ષણના હિમાયતી એવા ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવાનો રાજ્ય સરકારે સંકલ્પ કર્યો છે અને બાબાસાહેબ આંબેડકરે આ રાષ્ટ્રને આપેલ યોગદાનને સાર્થક કરવા આ હાઉસના સૌ સભ્યશ્રીઓ ભેગા મળીને આપણે આદરાંજલિ આપીએ અને ગુજરાતના શીરે જ્યારે ૨૦૧૫-૧૬ દરમિયાન સમગ્ર ગુજરાતમાં વિવિધ કાર્યક્રમો દ્વારા નાનામાં નાના છેવાડાના માનવી સુધી સહાય પહોંચે એના માટે રાજ્ય સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

શ્રમ અને રોજગાર વિભાગની જ્યારે વાત કરું ત્યારે ભારતીય જનસંઘના સ્થાપક પરમ શ્રદ્ધેય શ્રી પંડિત દિનદયાલજીએ છેવાડાના માનવી સુધી પહોંચવા માટેના કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની સરકારે ''હર હાથ કો કામ, હર ખેત કો પાની, જહાં હાથ વહી હો કામ, હર કામ કા સહી હો દામ.'' આ પંક્તિને સાચા અર્થમાં જો કોઇએ ચરિતાર્થ કરેલ હોય તો તે આ વિભાગના બન્ને મંત્રીશ્રીઓ છે અને એમને લાખ લાખ અભિનંદન આપું છું. હમણાં જ નયનિયુક્ત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને આ જ વિભાગના મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય શ્રી દિલીપભાઇ ઠાકોરને પણ લાખ લાખ અભિનંદન આપવાનું મન થાય છે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ગુજરાતમાં વસતા શ્રમજીવીઓનું રજિસ્ટ્રેશન સમગ્ર રાષ્ટ્રમાં પહેલી વખત કોઇ સરકારે યુ-વીન કાર્ડ આપવાની કોઇ વાત કરી હોય અને નોંધણી કરીને કાર્ડના વિતરણ કરવાની શરૂઆત કરી હોય તો ગુજરાત એ આ રાષ્ટ્રનું પહેલું રાજ્ય છે. બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા અને સતત છૂટક મજૂરી કરીને પોતાનું જીવન નિર્વાહ કરતા લોકો, જેવા કે બાંધકામના કારીગર કડિયા, લુહાર, સુથાર, ઇલેકટ્રીક વિગેરેનું વિવિધ કામ કરતા શ્રમિકો, અસંગઠિત કામદારો, વગેરે અઢાર લાખ જેટલા શ્રમિકોની નોંધણી કરવામાં આવી છે. એમાંથી આ વખતે વિશ્વકર્મા જયંતી તેરસના દિવસે અંદાજે નવ લાખ જેટલા કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા જે કામ કરવામાં આવ્યું છે તેમાં હું એક વિશ્વકર્મા પરિવારમાંથી આવું છું ત્યારે મને ગર્વ થાય છે કે અમારી સરકાર અમારા જેવા નાના સમાજ માટે પણ આટલું બધું જ્યારે કાર્ય કરી રહી છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીનો તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો ફરીથી સમગ્ર વિશ્વકર્મા સમાજ તરફથી હું આભાર વ્યક્ત કરું છું. આ અસંગઠિત અને શ્રમિક મજૂરોના ઘરમાં આશાસ્પદ દિપ પ્રગટાવવાનું શુભ કાર્ય થઇ રહ્યું છે. આ ગૃહના સૌ સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું કે 'ચલો દિપ જલાયે વહાં, જહાં અભી ભી અંધેરા હૈ' આવો સૌ સાથે મળીને આપણે આ યાત્રાને આગળ વધારીએ. આજે મને કહેવાનું મન થાય છે અને આનંદની લાગણી થાય છે કે એક સમયના શિક્ષણના સદાય માર્ગદર્શક રહ્યા અને વર્ષો સુધી શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર રહ્યા અને પોતાની જિંદગીના અમૂલ્ય વર્ષ શિક્ષણ પાછળ જેમણે ખર્ચી નાંખ્યા છે, જેમને ૩૦ વર્ષ સુધીનો શિક્ષક તરીકેનો અનુભવ છે, ૧૭ વર્ષ સુધી જેમણે શિક્ષણ પ્રધાન તરીકે જતન કર્યુ છે તેવા આજના ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ દ્વારા ગુજરાતમાં શિક્ષણની ક્રાંતિ લાવવા માટે ખૂબજ ભગીરથ પ્રયત્નો થયા છે. આજના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા તે દરમિયાન શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગુણોત્સવ જેવા વિવિધ કાર્યક્રમો કરી ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે. અત્યારના શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અને શ્રીમતી વસુબહેન ત્રિવેદીને પણ લાખ લાખ અભિનંદન આપું છું કે જેમણે આ અવિરત પ્રવાહને સતત ચાલુ રાખવાનો પ્રયાસ કર્યો છે.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : જગદીશભાઇ, અમદાવાદથી ગાંધીનગર આવવાની બૂલેટ ટ્રેન બાકી છે એટલે તમારી પાસે સમય છે, શાંતિથી બોલો.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની વાત કરું તો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ દેશનું સુકાન સંભાળ્યા પછી તરત જ ૧૭ દિવસમાં, મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે જે દરવાજાની તમે વર્ષોથી મંજૂરી નહોતા આપતાં એ મંજૂરી આ દેશના વડાપ્રધાને વડાપ્રધાનપદ સંભાળ્યા પછી ૧૭ જ દિવસમાં આપી છે. વર્ષો સુધી જે લાખો ક્યુસેક પાણી દરિયામાં વેડફાઇ ગયું છે અને જે ખેડૂતોની ચિંતા ભારતીય જનતા પાર્ટીની આ સરકાર કરી રહી છે તેમને સિંચાઇ માટે પાણી, પીવાનું પાણી આપવા માટે વર્ષો સુધી જે લાખો ક્યુસેક પાણી વેડફાઇ ગયુ છે (અંતરાય) તમને ગુજરાતની પ્રજા આના માટે ક્યારેય માફ નહીં કરે.

માનનીય અધ્યક્ષશ્રી,ઢાંકી ખાતે એશિયાનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન અને ગ્રેવીટીથી લિફ્ટ કરીને પાણી આપવામાં આવ્યુ અને તેની કલ્પના પણ ના કરી શકાય એશિયાનું અભૂતપૂર્વ કામ જો કોઇએ કર્યુ હોય તો એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા મિશનની વાત કરું તો માનનીય દેશના વડાપ્રધાન અને રાષ્ટ્રને આઝાદી અપાવનાર પરમ પૂજ્ય મહાત્મા ગાંધી પણ તેના આગ્રહી હતા. તેના માટે આપણાં વડાપ્રધાનશ્રીએ બીજી ઓક્ટોબર, ૨૦૧૪ના દિવસે ૧૫૦મી જયંતિ ઉજવવા માટે ૨૦૧૯માં સમગ્ર દેશને ગંદકીથી દૂર કરવો એવી નેમ લીધી છે ત્યારે આપણાં આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ પણ ૧૮ હજાર ગામડાંમાંથી એક પણ ગામ કે એક પણ ઘર શૌચાલય વગરનું ના રહે એવી નેમ લઇને જયારે ચાલી રહ્યાં છે ત્યારે સમગ્ર ભારતીય જનતા પાર્ટીના મારા સૌ મંત્રીશ્રીઓને અને સૌ સાથી સભ્યશ્રીઓને અભિનંદન આપવાનું મન થાય છે. ખાસ અમારા જયંતિભાઇ કવાડિયા સાહેબને લાખ લાખ અભિનંદન આપું છું કે તેમણે આ જહેમત ઉઠવી અને આ યોગદાનને આગળ વધાર્યુ છે ત્યારે અમારા મુખ્યમંત્રીશ્રી અને ભારતીય જનતા પાર્ટીના તમામ મંત્રીશ્રીઓ, સાથી સભ્યશ્રીઓ, માનનીય મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની સરકાર સાચા અર્થમાં ગતિશીલ ગુજરાતને વેગવંતુ કર્યુ છે.અનંત ધૈર્ય, અનંત ખંત, અનંત પવિત્રતા જેમના જીવન સાથે જોડાયેલી છે તેવું વ્યકતિત્વ પોતાની આગવી સુઝબૂઝથી પોતાની અંદર રહેલી ઇચ્છા શકિતને સાથે લઇને સ્વચ્છ ગુજરાત, સશકત ગુજરાત, સ્વાવલંબી ગુજરાત, સુરક્ષિત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત, સુરમ્ય ગુજરાત, સ્વાભિમાની ગુજરાત, સાક્ષરાત્મક ગુજરાત, શિક્ષિત ગુજરાત, સ્કીલ ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત, સૌનું ગુજરાત, સૌનો સાથ સૌનો વિકાસ આ શબ્દોને સાચા અર્થમાં જો કોઇએ ચરિતાર્થ કર્યો છે તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. મને ગર્વ થાય છે કે આવા કામો કરતી ગતિશીલ ગુજરાતનો હું સભ્ય છું. વંદે માતરમ, ભારત માતા કી જય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ માનનીય રાજયપાલશ્રીનો આભાર માનવા ઉભો થયો છું. કારણ કે તેમણે વિરોધપક્ષની હકારાત્મક લાગણી અને જે મુદ્દા લઇને અમે ગાંધી ચિંધ્યા માર્ગે આ હાઉસની મર્યાદામાં રહીને આ ભાષણનો વિરોધ કરેલો અને પરિણામે તેમણે ભાષણ ટૂંકાવ્યું તે બદલ હું આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા મુદ્દા બહુ વ્યવસ્થિત હતા, પાટીદારો જેલમાં, ભાગીદારો મહેલમાં. કેટલા ભાગીદારો કયાં, શું, વિચારો ? છેલ્લા ૨૦–૨૫ વર્ષથી એક પેઢીથી ભારતીય જનતા પાર્ટી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શાસનમાં, મારા જેવાના હાથમાં ૨૫ મહિના હોય તો પણ પૂરતાં હોય. દર બજેટ, દર ભાષણ, એની એ વાત, એની એ વાત પીવાનું પાણી, નોકરીઓ, સલામતી આ ૨૫ વર્ષથી. આનો અભ્યાસ કરવો જોઇએ જાતને પૂછવું જોઇએ કે આપણે કોને •(×××) છીએ ? કયા આંકડાની માયાજાળમાં અધિકારીઓ જે કંઇ કહે એ પણ પાર્ટીના કોઠાસૂઝવાળા આગેવાનો જે પાર્ટીનો ઢંઢેરો પબ્લિકને ધ્યાનમાં રાખીને બહાર પાડતા હોય છે. એ ઢંઢેરાનો આધારા લઇને આ ભાષણ, આ બજેટ અમારામાં મૂકેલો વિશ્વાસ અમે તેની પૂર્તિ કરવા કોશિશ કરીશું એવુ હોવું જોઇએ. એવો બીજો મુદ્દો હતો દારૂની રેલમછેલ પ્રજા પાડે જનતા રેડ, કાઢી નાંખો દારૂબંધી. તમે કન્ટ્રોલ ન કરી શકતા હોય, ગુજરાતની જવાન પેઢી બરબાદ થઇ રહી છે, આમાં વધારો થયો છે, પોલીસવાળાને મારી નાખવામાં આવે છે, એના ઉપર જીપ ચઢાવી દેવામાં આવે છે, અને ખુલેઆમ અડ્ડાઓ, ખૂલેઆમ એટલે કે એક કિલોમીટર જગ્યા બાકી નહીં હોય કે જયાં દારુની કોથળીઓ ન મળતી હોય. આનો વિચાર કરો કે આ નવી પેઢી બરબાદ થઇ રહી છે. સરકારની ખોટી વાહ –વાહ એ મુદ્દા પર હું આવીશ. પાણી આપો, પાણી આપો. આજે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, કચ્છમાં ઢોર અને માનવીઓ તરસે મરે છે, તો આ મુદ્દો અમે મૂકેલો કે બધાયને પાણી આપો. બંધ કરો, બંધ કરો, ભ્રષ્ટાચાર બંધ કરો. વાપીનું ટોલનાકુ હોય કે કચ્છનું નાકુ હોય, પ્રાઇવેટ એજન્સીને આપીને કરોડો રૂપિયા, એક –એક ટ્રકના બે હજાર રૂપિયા, કોમ્પ્યુટર બંધ, સિસ્ટમ બંધ હોય, એ લોકો કોના આશીર્વાદથી કરોડપતિ થયા? કચ્છમાં તો નાકુ જ નથી. બાયપાસ, સીધા ભાગો, જયાં જવું હોય ત્યાં, એક ટ્રક બે હજાર રૂપિયા, ત્યાં તમને પુછવા આવે, તો આ ગતિશીલ ગુજરાત છે? ભ્રષ્ટાચારમાં ગતિ વધી રહી છે એ, આનો વિચાર કરો, આટલું વિજ્ઞાન આગળ વધવા છતાં તમે જો કોમ્પ્યુટરથી કન્ટ્રોલ ન કરી શકતા હોવ અને આ ભ્રષ્ટાચારનો અડ્ડો વર્ષોથી બની જતા હોય તો એનો પણ પુનઃવિચાર કરવો જોઇએ.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

મોંઘવારીથી પ્રજા ત્રસ્ત, રાજય સરકાર ભ્રષ્ટાચારમાં મસ્ત અને આ મોંઘવારી એટલે પેટ્રોલ– ડીઝલના ભાવ જુઓ, કંઇ થતું નથી આપણને? સરકાર આવક કરે, પણ એ કોના ભોગે આવક કરે છે? આવક સ્વાભાવિક છે કે દરેક સરકારને પ્રજાના વિકાસ માટે આવક જોઇએ પણ કમસેકમ તમે આટલો મોટો ડીઝલ, પેટ્રોલનો, ક્રુડનો ભાવ ઘટવા છતાં આ ટેક્સ ને બીજો ટેક્સ નાખો છો. પ્રજાને મોંઘવારીનો માર અહીં પડે છે. આપણે માર પાડીએ છીએ. બધાયે દબાણ કરવું જોઇએ, ભારત સરકાર હોય કે ગુજરાત સરકાર હોય, મર્યાદા રાખો. માનનીય મનમોહનસિંહ વખતે ભાવ વધતા અને એમાં રોડ ઉપર આપણે આવતા હતા અને અત્યારે તો એ ભાવ ઘટે છે, અને પેલા ભાવ વધે છે. તો આટલો તો વિચાર કરો?

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે માનનીય રાજયપાલશ્રીના ભાષણની શરૂઆત થઇ, અહિંસાના પૂજારી મહાત્મા ગાંધી, યુનોમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ, ભગવાન મહાવીર પણ અહિંસાના પૂજારી, અહિંસાના પૂજારી એ શાબ્દિક વસ્તુ થઇ, પણ એમાં મૂલ્યોનું અમલીકરણ, આચરણ થાય છે? કેટલી હિંસા થાય છે? કેટલી ગાયો કપાય છે? કેટલાં પશુ કપાય છે? કેટલા માણસોના ખૂન થાય છે? કેટલી મારામારી થાય છે? અહિંસાનો કયાંક તો આધાર લો કે આ નહીં થવું જોઇએ. ગાયો માટે તો પોલીટીકલી, ગાય એ તો ધાર્મિક સાધન છે અને એટલા માટે એનો પવિત્રતાથી ઉપયોગ થવો જોઇએ. રોજ ટેમ્પા ભરી ભરીને મટન પકડાય છે, વાછરડાં પકડાય છે, રાજસ્થાન બોર્ડર પરથી પકડાય, તમારા જિલ્લાની બોર્ડર પરથી પકડાય છે. તમે અહિંસાની વાત કરો એમાં હું સહમત છું પણ આ બધું રોકવા માટેની કોશિશ તો કરો. કયાંય તમને થોડીકે માનવતા હોય અને થોડીકે અહિંસા માટે, ગાંધીજી માટે લાગણી હોય તો કમસેકમ ગુજરાતમાં ગાયો કપાતી બંધ થાય એવું તો કરો.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી સશક્તિકરણની વાત થાય છે. એક તો મુખ્ય મંત્રીશ્રીનો, સ્ત્રી સશક્તિકરણનો દાખલો આપ્યો અને મુખ્ય મંત્રીશ્રી બન્યા છે પરંતુ સ્ત્રીઓની દશા જુઓ, આજે ગામડાંની અંદર ચોટલા પકડીને બહેનોને બહાર કાઢે છે, આજે પણ એને દહેજ હોય, બીજું હોય, ત્રીજું હોય, તો અહિંસાનો વિચાર અહીં કરવો જોઇએ.

એવી જ રીતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ. એમાંય પ્રધાન મંત્રી, મહર્ષિ મહેશ યોગી જે અમેરિકામાં યોગ કરતા હતા એ કયો યોગ હતો? બાબા રામદેવ પેટ અંદર નાખીને શું શું કરે છે એ કયો યોગ છે? માનનીય નરેન્દ્રભાઇ કરે છે એ કયો યોગ છે, આ પ્રયોગ, શાબ્દિક પ્રયોગ, અહિંસા, યુનોએ કહ્યું કે યોગ દિવસ પણ એમાં કમસેકમ આપણે શું? જે હકીકત હોય પ્રજાલક્ષી વાત હોય એને પ્રાધાન્ય આપવું જોઇએ.

બાબાસાહેબની ૧૨૫મી જન્મ જયંતિની વાત કરી. થાનગઢના દલિતોને ન્યાય આપ્યો? હજી પણ દલિત સરપંચને મારીને એની હત્યા થાય, દલિતોને પીવાનું પાણી મળતું નથી. મંદિરોમાં પ્રવેશ આપવામાં આવતો નથી. આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. દલિત હોય અને એ કોઇના ઘેર જાય તો એને ખાટલા ઉપર બેસવા દેવાની અનુમતિ આજે પણ નથી મળતી એનો વિચાર કરોને? ૧૨૫ વર્ષની વાત થઇ નેચરલી આવતા વર્ષે ૧૨૬ વર્ષ થશે. ઉજવવાનો મતલબ શાબ્દિક ઉજવવું છે? સત્તા આપણી પાસે હોય તો અમલીકરણ કેમ ન હોય, શેના માટે ખાલી ખોખા, ખોટા શબ્દો, ખાલી શબ્દો, માયાજાળ આ ખાલી શબ્દો સન ૨૦૦૨થી ચાલ્યા આવે છે, કેશુભાઇ અને સુરેશભાઇને થોડીક તો ક્રેડિટ આપો એ પારકા તો નહોતાને?

એવી રીતે સરદાર સાહેબ જીવતા હોત તો આ પ્રતિમા માટે ના પાડત કે મારા માટે થઇને આવો ખેલ ન કરો. કરોડો રૂપિયા, બે હજાર કરોડ જે હોય તે એની પછળનો શું આશય છે એ પણ ખબર નથી. દુનિયમાં બહુ મોટી પ્રતિમા ભારતને એનાથી શું લાભ થશે એ પણ ખબર નથી. કુછ દિન તો ગુજારો ગુજરાતમાં, તો જરા વડાપ્રધાનને કહો કે કુછ દિવસ તો ગુજરાતમાં પધારો. અને પેલી ૧૫ લાખની ઉઘરાણીનું શું થયું? આ જે મેક ઇન ઇન્ડિયા ભારતીય જનતા પાર્ટીએ આખા દેશમાં લોખંડનો ભંગાર એકઠો કરેલો. હું સરકાર પાસે જવાબ માગું છું કે કયાં ગયું આ લોખંડ, કયાંથી લાવ્યા એ ખોખા કયાં ગયા, કોની ફેકટરીમાં ઓગળી ગયા, તમે લોકોની લાગણીઓ ભડકાવીને લાવો લોખંડ, સામાન્ય ખેડૂતો બિચારા દાતરડું આપે પાવડો આપે પછી સરદાર સાહેબ માટે એમની લાગણીઓ સાથે •(×××) કરવાની અને મેક ઇન ઇન્ડિયા થવાનું છે? કોની જવાબદારી છે કયા મંત્રીના વિભાગમાં આ આવે છે. પણ ચાઇના પ્રત્યેનો પ્રેમ મેક ઇન ચાઇના એના બદલે મેઇડ ઇન ચાઇના એવું બોર્ડ ન લાગે તો સારું. જાહેરાત મેક ઇન ઇન્ડિયા આપવામાં આવે છે. સરદાર સાહેબની પ્રતિમા ચાઇનામાં બનશે. જો એ જીવતા હોત તો આ પસંદ ન કરત.

એટલું જ નહિ ઇન્દુચાચાની વાત કરી. એમની ગાંધીનગરના ચ ઝીરો પાસે પ્રતિમા તો મૂકો. મેં ગયા વર્ષે પણ કહેલું કે આનો વિચાર કરો નેનપુર આશ્રમ છે ત્યાં જવાનો રસ્તો વિચારો, નડિયાદમાં ઘર છે,સ્કૂલ છે એનું ઠેકાણું નથી. એકાદ જાહેરાત કે મેળા પાછળ ખર્ચ ન કરીને ત્યાં થોડોક ખર્ચ તો કરો. એના લીધે આપણે અહીયા બેઠા છીએ. મહાગુજરાત અલગ થયું એના લીધે આપણે અહીંયા એમ.એલ.એ. ગુજરાત વિધાનસભામાં બેઠા છીએ. ક્રેડિટ ગો ટુ ઇન્દુચાચા, એમના માટે થોડું તો વિચારો, ખાલી ભાષણ, ખાલી ઇન્દુચાચા શબ્દ વાપરવાનો? જોયા છે કોઇએ, એટલું જ નહિ આમાં ઉલ્લેખ છે કે વિધાન મંડળોના પ્રમુખ અધિકારીઓની પરિષદ આપના સાનિધ્યમાં મળેલી, લોકસભાના સ્પીકર સુમિત્રા મહાજન આવેલા. અમે આપને અનેક વખત રજૂઆત કરેલી, વજુભાઇ વખતે પણ રજૂઆત કરેલી કે તમે વિધાનસભા પાંચ દિવસ તો વધારો. તમારી પાસે નહિ હોય તો અમે તમને બિઝનેસ આપીશું. આ ગુજરાતમાં તમે ૬૦ દિવસનો ઠરાવ કરતાં હોય વિઠ્ઠલભાઇનું નામ, ગાંધીજીનું નામ કમસેકમ આ સત્રમાં ૨૮ દિવસના બદલે ૩૫ દિવસ તો કરો શું તકલીફ છે, ચાર દિવસ વધે એમાં તકલીફ શું છે? સભ્યો ભેગા

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રહે અને પ્રજાની વાત કરે એમાં તકલીફ કયાં છે? અને એટલા માટે અહીંયા વિધાનસભાના મંડળોનું સંમેલન મળ્યું એના ઠરાવનું અમલીકરણ થાય. આપણી પાસે અપેક્ષા રાખીશું કે કમસેકમ આના પછી સત્ર મળે એ એક બે દિવસ માટે નહિ પણ કમસેકમ દસ દિવસ માટે મળે અને એના પછી દસ દિવસ માટે મળે અને બજેટ સત્ર ૪૦ દિવસ માટે મળે. ૬૦ દિવસ થઇ ગયા. ઠરાવમાં ના પાડવી હતી ને ઉભા થઇને. જે કોઇ હશે આમાં. નહીં, સોરી, અમે ૨૮ ના ૨૬ દિવસ થાય તો કરીશું પણ ૪૦ દિવસ અહીં નહીં કરીએ. મને સમજણ નથી પડતી ૨૫ વષર્થી રૂટિન ચાલે છે તેમાં આપણે કયા મૂલ્યોની વાત કરીએ છીએ. સમાજના દરેક વર્ગના યુવાનોને તેઓની બૌદ્ધિક ક્ષમતા. કેટલા મિત્રો કટોકટીમાં જેલમાં હતા, બહુ ઓછા મને દેખાય છે. [1•] (×××)

અધ્યક્ષશ્રી : માનનીય વિપક્ષના નેતાશ્રીને મારી વિનંતી છે કે આ બધી જ બાબતો કોર્ટને આધીન છે તો તેનો ઉલ્લેખ અત્યારે ન કરીએ અને હું રેકર્ડ ઉપરથી પણ દૂર કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ઓ. કે. પણ સાહેબ, આ એક ધ્યાનમાં રખાય. રાજકીય વળતરની અપેક્ષા હોય પણ જે અસહિષ્ણુતા છે એ અહીં દેખાય છે. ટોલરન્સ. માનનીય અધ્યક્ષશ્રી, હું બહુ લાંબી વાત નહીં કરું, કારણ કે મુદ્દાસર વાત કરીશ. આરોગ્ય અંગે કહું. કુપોષણ માટે કાલે જ હાઉસમાં જવાબ હતો. ગુજરાત કુપોષણમાં નં.૧ અને એ મહિલાઓ અને બાળકો. કોઇ જિલ્લો, કોઇ તાલુકો, શહેરી વિસ્તાર પણ આના સિવાય બાકી નથી. જેને પૂરું પોષણ નથી મળતું. તમે કેટલા બધા રૂપિયા ખર્ચો છો. આ જે બધા ઉત્સવો અને બીજું, ત્રીજું. એમાં કોઇ એકાદ ઉત્સવનો ખર્ચો કમસેકમ આમાં ધ્યાન રાખીને બહેનો અને બાળકો માટે સ્પેશિયલ. કોઇના પણ બાળકો હોય. આપણાં બાળકો છે આ. કુપોષણથી પીડિત આપણું બાળક છે. કાલે એ જુવાની કેવી થશે? જેનું આજે કંઇ ઠેકાણું નથી એમાં ૧૫-૨૦ વર્ષે કયાંથી કરંટ આવશે? સરકારને મા-બાપ કહેતા હોય તેમની આ જવાબદારી નથી? આવા છોકરાઓના, આવી બહેનોના મા-બાપ બને. આ બધું વિચારો. અહીંથી આશીર્વાદ મળશે અને એમ કરતાં કરતાં તમને ફરી મત મળે તો પણ અમને વાંધો નથી પણ આનું કુપોષણ તો દૂર કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની બાબતમાં અને શિક્ષણની બાબતમાં આ પ્રાથમિકતા છે. ગુજરાતમાં ખાનગી ક્ષેત્રમાં આરોગ્ય બહુ વધ્યું. સૌરભભાઇએ હમણાં ઓપરેશન કરાવ્યું છે, હું નથી માનતો કે સરકારી દવાખાનામાં કરાવ્યું હોય.

વિરામનો સમય લંબાવવા અંગે

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (કોંગ્રેસપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું પ્રવચન પૂરું ત્યાં સુધી વિરામનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માનનીય વિરોધપક્ષના નેતાશ્રીનું પ્રવચન પૂરું ત્યાં સુધી વિરામનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : બહુ લાંબી નહીં, પાંચેક મિનિટ વાત કરીશ. આરોગ્ય અંગે કહું તો દિવસે દિવસે ખાનગી હોસ્પિટલોમાં દવા મોંઘી, ડોકટરની ફી મોંઘી, લેબૉરેટરીનો ટેસ્ટ કરવો હોય તો મોંઘો. સામાન્ય માણસ પહોંચી શકતો નથી. તમે ઇન્સ્યોરન્સ સ્કીમ એવી ઇઝી કરો કે જેથી કરીને માણસને કોઇનાય ઉપર આધાર વગર એક કાર્ડ જે તમે આપો એ લઇને જાય અને એની દવા થાય. ચાર-પાંચ લાખ રૂપિયા એક નાગરિકને જો તેને કેન્સર હોય, કીડનીની બીમારી હોય, હાર્ટ કે લીવરની બીમારી હોય તેમાં સરકાર આપે તો ખોટું નથી. બધા આવા દર્દી ન હોય. જેની પાસે સગવડ નથી. લીવર બદલી શકતો નથી, કીડની રિપ્લેસ નથી કરી શકતો. હાર્ટ રિપ્લેસમેન્ટ કાઢું હોય છે તેમાં સ્ટેન્ટ મૂકવાનું વિગેરે વિગેરે. એક બાજુ સરકારી દવાખાનાઓમાં હાલત ભયંકર ખરાબ. વી.એસ. જેવી હોસ્પિટલમાં દર્દીઓ લોબીમાં પથારીમાં પડ્યા હોય તેને ઓળંગીને જવું પડે. કૂતરું બાજુમાં સૂતું હોય. સિવિલમાં એ હાલત છે અને બીજી બાજુ પ્રાઇવેટ દવાખાનામાં ફર્સ્ટ કલાસ ફાઇવસ્ટાર હોટેલ જેવી સગવડ. એટલે આ આરોગ્ય અંગે સામાન્ય માણસો માટેનો વિચાર કરો. તમે મેડિકલમાં સંખ્યા વધારો પણ આજે પણ એક-એક કરોડ રૂપિયા ફી પોસ્ટ ગ્રેજ્યુએશન, મેડિકલ એડમિશન માટે. એનો અર્થ કે આપણો કંટ્રોલ કયાંય નથી. એટલા માટે જેને ભણવું છે, આ ભડકો જે થાય છે તે આમાંથી થાય છે. મારે એડમિશન લેવું છે. મારી પાસે કરોડ રૂપિયા નથી. પેલી મેડિકલ કોલેજ મારી પાસે એક કરોડ રૂપિયા ડોનેશન માગે છે. મારે પી.જી. થવું છે, ડોકટર થવું છે, એમ.એસ. થવું છે, એમ.ડી. થવું છે. કરોડ રૂપિયા નથી. સરકાર કયાંક તો કંટ્રોલ કરે. પ્રાઇવેટ મેડિકલ કોલેજીસને સીલ મારવાની કોશીશ તો કરો. ત્યાં સરકારી માણસ મૂકો. ચાલ, હું તને મેરિટ્સ પ્રમાણે એડમિશન અપાવું. એ સિવાય જે શિક્ષણનું માળખું છે એ બરાબર નથી. મને કહેતાં દુઃખ થાય છે કે પ્રાથમિક શાળાઓ બંધ થતી જાય છે. આપ બધા પ્રાથમિક શાળામાં ભણ્યા હતા, અમે પણ સરકારી પ્રાથમિક શાળામાં ભણ્યા હતા. ઘણા બધા પ્રાથમિક શાળામાં ભણ્યા હતા. પ્રાથમિક શાળાઓ તો ગામડાંમાંથી પણ ગઇ. બીજી બાજુ પ્રાઇવેટ પ્રાથમિક શાળાઓ ઘણી બધી ફી સાથે એટલે કે એક એક લાખ રૂપિયા ફી લઇને ભણાવે છે. એનું મૂળ કારણ આપણી પાસે મહેકમ નથી, પૂરો સ્ટાફ નથી, પ્રિન્સિપાલ પૂરા નથી, પ્રોફેસરો પૂરા નથી, શિક્ષકો પૂરા નથી. હમણાં શ્રી મંગુભાઇ જવાબ આપતા હતા કે ૫૦ ટકા કરતાં વધારે સ્ટાફ ટ્રાયબલમાં ખાલી છે. ક્યાંક તો ભગવાન માથે રાખીને નવી પેઢીનું શિક્ષણ કમસેકમ સારું કરવા પ્રયત્ન કરો. તમારી નૈતિક જવાબદારી છે કે આ સંસ્થાઓને સારો સ્ટાફ આપીને બાળકોને સારી રીતે ભણાવીએ. દુનિયામાં ઘણી ડેવલપ કન્ટ્રીઝ પોતાના યંગ જનરેશનને મફત

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શિક્ષણ આપે છે. મફત શિક્ષણ તો એક બાજુ રહ્યું પણ કમસેકમ પ્રાઇવેટમાં શોષણ ન થાય એ તમારે જોવું જોઇએ. સ્ટાફ ભરવાની તમારી જવાબદારી છે એ તો તમે ભરો. દિશા વિહિન સરકાર ચાલે છે. હમણાં શિક્ષણની બહુ વાતો થાય છે. મુખ્યમંત્રીશ્રી પહેલાં શિક્ષણ મંત્રી હતા એટલે એ સારી રીતે જાણી શકે છે કે શિક્ષણની હાલત શું છે? નાગરિકોનો ઓપિનિયન લો. આપ બધી યુનિવર્સિટીઓ બનાવો છો, ચિલ્ડ્રન યુનિવર્સિટી, નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગુરૂ ગોવિંદસિંહ યુનિવર્સિટી, યોગા યુનિવર્સિટી, કોઇપણ યુનિવર્સિટી જુઓ. એમાં એક એક વ્યક્તિનો સ્ટાફ છે. એમાં ફક્ત પટાવાળા છે. એનું મકાન ક્યાં આવ્યું એ પણ ખબર ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રોજગારીની વાત કરીશ. તલાટીની ભરતીની ગઇકાલે વાત હતી. સાબરકાંઠામાં તલાટીની ભરતી માટે લાખો રૂપિયાનું કરપ્શન પકડાયેલું. શું થયું ખબર નથી. તલાટીની ભરતી માટે ૧૬ લાખ અરજીઓ આવી એટલે કે ૧૬ લાખ બેકાર. બીજા પાંચ–દસ લાખ ગણો તો એ જુદા. ગુજરાતમાં ૨૬ લાખ ક્વોલિફાઇ દસમું, બારમું અને ગ્રેજ્યુએટ બેકાર છે. આ સ્કિલ્ડ બેકારો છે. આપણે નંબર વનની વાત કરીએ છીએ. જે સ્કિલ્ડ નથી અર્ધ શિક્ષિત છે એ બીજા ૨૦ લાખ. તમે ૬૦ લાખ લોકોનું શું કરશો? તમે વીજળીની વાત કરો છો કે આપણે વીજળીમાં એક્સેસ છીએ. છતાં ખેડૂતોને વીજળી આપતા નથી. તમે ખેડૂતોને એટ એ ટાઇમ કનેક્શન આપી દોને! જે ચાર–પાંચ લાખ કનેક્શન હોય એ આપી દોને! તકલીફ ક્યાં છે? એ સમજણ પડતી નથી. શાના માટે તમે લટકાવી રાખો છો? આ ભાઇ તું મોટો થા એવું કરો છો. એમને કહો લઇ જા. આજે આંગણવાડીની બહેનોની હાલત ખરાબ છે. એમાં ઘણું બધું ખરાબ છે એ આપે જોવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું દૂધની વાત કરીશ. દૂધમાં આપણો બીજો નંબર નહીં ચોથો નંબર છે. દિલ્હીના મિનિસ્ટર શ્રી મોહનભાઇ કુંડારિયાનો જવાબ છે. દૂધમાં સરકારને ક્યાં તકલીફ પડી? શ્રી રામસિંહ રાઠવા હાઇકોર્ટના આધારે જીવે છે, દૂધ સાગર સુપ્રીમના લીધે જીવે છે. શ્રી શંકરલાલ કેમ જીત્યા મને ખબર છે. મેં એમને અભિનંદન પણ આપ્યા. આ બધાયમાં કમસેકમ સરકાર ક્યાં આવી? (અંતરાય) કોઇપણ હોય એમને અભિનંદન તો આપવા પડે, તમે હોવ તો તમને પણ આપું. પણ આ બધાયમાં કમસેકમ કો–ઓપરેટીવને કો–ઓપરેટીવ રહેવા દો. જે કોઇ હોય. એવા પ્રેશરથી કદાચ શ્રી રામસિંહભાઇ તમારી બાજુ ન આવે. શ્રી વિપુલભાઇ બહુ પ્રેશર થાય તો ત્યાંથી આ બાજુ પણ આવે. કમસેકમ દૂધને આમાંથી બચાવો. આમાં આ બધું કરવું જોઇએ નહીં. બજેટમાં વાત આવશે એટલે જીએસટીની વાત કરીશ. માનનીય અધ્યક્ષશ્રી આપનો આભાર માનું છું આપે મને સમય વધારી આપ્યો, મને બોલવાની તક આપી, આપ બધાનો પણ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. સભાગૃહ ૩૦ મિનિટ પછી ફરીથી મળશે.

(વિરામ સવારના ૧૦.૩૫ થી ૧૧.૦૫)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ડો. નીમાબેન ભા. આચાર્ય(ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા સાથી સભ્ય માનનીય દુષ્યંતભાઇ રાજયપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉપસ્થિત થઇ છું. જે રીતે અહીંયા ચર્ચાઓ થતી હતી સાંભળીને ઘણું બધું કહેવાનું મન થાય પણ હું આજે માત્ર મારા કચ્છ અને નર્મદાની જ વાત કરવા માગુ છું. રાજય સરકારે જે કામો કર્યા છે અને એ કામોના ફળ જે લોકોના ઘર સુધી પહોંચ્યા છે અને એટલે જ આ સરકાર ગરીબોની બેલી છે અને સરકારે ખેડૂતો માટે પોતાની કટિબદ્ધતા આ નર્મદાના કામ કરીને બતાવેલ છે. નર્મદાના વિષયની લંબાણપૂર્વક ચર્ચા નહીં કરું પણ ૪૦–૪૦ વર્ષ સુધી એક ઇંટ મૂકાઇ નહોતી પણ નરેન્દ્રભાઇ આવ્યા અને એમણે આવીને પહેલું જ કામ આ નર્મદાના કામની પ્રગતિનું કર્યું એના માટે ઉપવાસ પણ કરવા પડયા તો કર્યા. મંજૂરી લીધી અને આજે જે રીતે નર્મદાના કામો થઇ રહ્યા છે. અહીંયા ઘણી વખત વાતો થતી હોય છે કે નર્મદાના કામ નથી થતા. માઇનોર કેનાલ નથી થઇ, સબમાઇનોર કેનાલ નથી થઇ ઘણી બધી વાતો થતી હોય છે. નર્મદાના કામોમાં જે રીતે કેન્દ્રની યુ.પી.એ. સરકારે ગુજરાતને જે અન્યાય કર્યો અને જેવા નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા સૌથી પહેલું કામ એમણે નર્મદાના વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીમાં અમારા કચ્છના ૨૩ કિલોમીટરના કામો જે મંજૂરીના અભાવે નહોતા થઇ શકતા અને કચ્છના લોકો સિંચાઇના પાણીથી વંચિત રહ્યા હતા એમાં પહેલો ન્યાય એમણે કર્યો અને વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરીની ૨૩ કિલોમીટરની મંજૂરી આપી અને આજે તમે જોઇ શકો છો કે આ સમાચારથી અમારા કચ્છની અંદર ખેડૂતો અને પ્રજામાં જાન આવી ગઇ છે. નર્મદાનો ડેમ જોવા અમારી સમિતિ ગઇ હતી. નર્મદાના જે દરવાજા મૂકવાના હતા ડેમની હાઇટ વધારવા માટે દરવાજા મૂકવાની જે વાત હતી એ દરવાજાઓ બનેલા તૈયાર પડયા હતા પણ એને મંજૂરી કેન્દ્ર સરકાર નહોતી આપતી વિષય એટલો કે ગુજરાતને અન્યાય કરો. ગુજરાતમાં સારું થઇ જશે તો પછી નરેન્દ્રભાઇને જશ મળી જશે અને ભા.જ.પ.ની પ્રગતિ થઇ જશે આના લીધે આટલો બધો અન્યાય ખેડૂતોને થતો હતો. ત્યારે એમને ખેડૂતો ના દેખાયા અને આજે આવતાની સાથે નરેન્દ્રભાઇએ મંજૂરી આપી અને મંજૂરી પછી તરત જ આપણા આજના મહિલા મુખ્યમંત્રી સીધા એકપણ મિનિટ બગાડયા વગર તરત જ ત્યાં પહોંચ્યા છે અને નર્મદા બંધ ઉપર ખાતમુહૂર્ત કર્યુ અને ત્યાં કામ ચાલુ થયું અને આજે મને કહેતા આનંદ છે કે આપણા ૨૯ પીલર્સ તૈયાર થઇ ગયા છે આપણા બ્રીઝના સ્લેબના ૩૦ ગાળા પણ તૈયાર થઇ ગયા છે. અને દરવાજાનું કામ ખૂબ ઝડપથી સંતોષકારક રીતે ચાલી રહ્યું છે. આજે હું કહીશ કે જે રીતે દસ હજાર કિલોમીટરની કેનાલનો માઇનોર–સબમાઇનોર જે કંઇ કેનાલોના કામો છે એ પૂર્ણ થાય એ રીતનું આયોજન રાજય સરકારમાં થઇ રહ્યું છે. બજેટમાં એના માટે પચાસ કરોડની ફાળવણી કરી છે. કચ્છમાં રાપરમાં જાવ અને ત્યાં આવીને જુઓ કે નર્મદાના પાણી કેવી રીતે પહોંચ્યા છે, ત્રણ–

ત્રણ તોતીંગ મહાકાય પંમ્પીંગ સ્ટેશન કર્યા છે જે જોઇને આપણે રાજી થઇએ આપણી છાતી ગજ ગજ ફુલે કે આવું કામ નર્મદાનું થયું છે. અને અહીંયા આવી વાત થાય એટલે મારે આ કહેવું પડે. કચ્છની અંદર આ કેનાલના પાણી આવવાથી ત્રણ–ત્રણ મોટા જળાશયો પાણીથી ભરાઇ ગયા અને સાથોસાથ સૂકીભઠ્ઠ જમીન હોવાના કારણે જીરુનો પાક જે સાવ નહિવત થતો હતો એ જમીન નવપલ્લવિત થવાથી કરોડો રૂપિયાનો પાક થયો. મારે એ પણ કહેવું છે કે ભાભર અને વાવ વિસ્તાર જે મારું સાસરું છે અને દર બે–ત્રણ મહિને અમે જતા હોઇએ છીએ. આજે ચૂંટણીમાં જોઇએ તો લોકોની ઉપર એવી અસર હતી કે ૨૪માંથી ૨૪ સિટો આપી. હું એમ કહીશ કે આ કામનું ફળ છે. રાજ્ય સરકારે જે રીતે ત્યાં પાણી પહોંચાડ્યું છે અને મારા ઘરથી બે કિલોમીટરના અંતરે નર્મદાની કેનાલમાં પાણી વહે છે. મેં નજરે જોયું છે કે ૫૦૦ કરોડથી વધુની ખેત પેદાશો અને જીરુની આવક માર્કેટીંગ યાર્ડમાં આવી છે. આ પરિણામલક્ષી કામો છે. માત્ર વાતો નથી, વાતો કરવી હોય તો ઘણી થાય. ચૂંટણીમાં ભાભરમાંથી ૧૬૦૦ વોટ મેળવતા હતા પણ આજે જે કામ કર્યું છે, રાજ્ય સરકારના મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરીને મારે અભિનંદન આપવા છે. જ્યારે આફત આવી, અતિ વરસાદના કારણે પાણી ભરાયા અને કેડ સમા પાણીમાં ખડે પગે રહીને શંકરભાઇ અને સાથે સરકારના પ્રતિનિધિઓ અને તમામ કાર્યકર્તાઓ, બુથ લેવલના કાર્યકર્તાઓ ખડે પગે ઉભા રહીને લોકોને મદદ કરવાનું કામ કર્યું છે એનું આ પરિણામ છે. આ તો ૨૦૧૭નું ટ્રેલર છે. ભાભરની ચૂંટણીનું રિઝલ્ટ એ ૨૦૧૭ની ચૂંટણીના રિઝલ્ટનું ટ્રેલર છે. જોતા જાઓ, કામ કરીને ફળ લેવાના છે, વાતો કરીને નહીં. લોકોની વચ્ચે રહેવાનું છે. નરેન્દ્રભાઇ અમને શિખામણ આપીને ગયા છે કે તમે લોકોની વચ્ચે જાઓ અને મદદ કરો અને સરકારની યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડવાની વાત છે. (અંતરાય) મારે કચ્છની વાત કરવી છે. કચ્છની અંદર જે રીતે અત્યારે પણ નહેરોના કામ માટે ૮૪૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે અને ૨૩ કિલોમીટરનું કામ પૂરું થશે એટલે ભુજ સુધી પાણી આપવાના છીએ અને ૮ લિન્ક કેનાલના કામો કરવા માટે ટોટલ આયોજન થયું છે એ મેં જોયું છે. પ્લાન અને એસ્ટિમેટ તો રેડી છે. આ ૨૩ કિલોમીટરની કેનાલના કારણે ભુજ સુધી પાણી પહોંચતું ન હતું પણ હવે જ્યારે ૮ લિન્ક કેનાલના કામો જ્યારે પુરા થશે એટલે અમારો રૂદ્રમાતા ડેમ અને એડવિન ડેમ પણ નર્મદાના પાણીથી ભરાશે અને મારો આખો વિસ્તાર પાણીની સુવિધાથી નવપલ્લવિત થવાનો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સન્માનનીય સભ્ય ભાઇશ્રી દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં પહેલા પાને જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અમારા નેતાશ્રીએ એ બાબતે વાત કરી છે એટલે વાતને દોહરાવીશ નહીં. એમાં ઇન્દુચાચાને યાદ કરવામાં આવ્યા છે અને શ્રદ્ધાંજલિના રૂપમાં એમના માટે શબ્દો લખવામાં આવ્યા છે. પણ આ સન્માનનીય ગૃહમાં મારે કહેવું છે કે આજે સરકારે શ્રદ્ધાંજલિ રૂપે શબ્દો માટે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કર્યો છે ત્યારે આ ઇન્દુચાચાની પ્રતિમાનું અનાવરણ કરવા માટે, પ્રતિમાને મૂકવા માટે રાજ્યના ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી સનતભાઇ મહેતાએ અમદાવાદમાં જગ્યા ફાળવવા માટે લેખિત માગણી કરી, ગાંધીનગરમાં જગ્યા ફાળવવા માટે માગણી કરી. છતાં પણ આ સરકાર દ્વારા ઇન્દુચાચાની પ્રતિમા મૂકવા માટે જગ્યા ફાળવવામાં ન આવી અને પરિણામે અમદાવાદમાં એહમદભાઇ પટેલના પ્રયત્નોથી ઓ.એન.જી.સી.એ જગ્યા ફાળવી અને ઓ.એન.જી.સી.ની જમીનમાં અનાવરણ વિધિ કરવામાં આવી છે. આવા સંજોગોમાં સરકારના કહેવાના, બોલવાના અને ચાવવાના અલગ અલગ દાંત છે. રાજ્યપાલના પ્રવચનમાં મારા નેતાશ્રીએ પણ વાત કરી. આ વિધાનસભામાં આખા દેશના તમામ રાજ્યોના સ્પીકરોની કોન્ફરન્સ થઇ. શરૂઆત આપણાંથી થવી જોઇએ પણ છેલ્લા વર્ષોમાં મેં જે અનુભવ્યું છે ૧૯૯૦ થી આ ગૃહમાં બેસતાં આવ્યાં છીએ ત્યારથી જ્યારથી ભાજપની સરકાર ૨૦૦૨ પછી આ વિધાનસભા ગૃહને બોલાવવા માટેના જે સત્રોના દિવસો છે એ દિવસે દિવસે ઘટાડવામાં આવ્યાં છે ત્યારે મારે કહેવું જોઇએ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય પ્રજાના અવાજને પુરતા પ્રમાણમાં આ વિધાનસભાની અંદર રજૂ ના કરી શકે એટલા માટે સરકાર વિધાનસભાના સત્ર માટે વધુ દિવસો ફાળવતી નથી એવો હું સ્પષ્ટપણે માનનીય અધ્યક્ષશ્રી આક્ષેપ કરું છું. પરિણામે અમે અમારી વાત રજૂ કરી શકતા નથી, રજૂ કરવા માટે સમય પૂરતો નથી. સમસ્યાઓ આટલી બધી છે ત્યારે અપેક્ષા રાખીએ કે લોકસભાના સ્પીકર જે અહીંયા કહી ગયા છે કે વર્ષની અંદર ૬૦ દિવસ તો વિધાનસભા મળવી જ જોઇએ એનો અમલ કરશે તો ગમશે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના પ્રવચનમાં પ્રધાનમંત્રી જનધન યોજનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. દુષ્યંતભાઇએ ઘણી બધી લંબાણપૂર્વક સરકારની વાહવાહ, સરકારની કામગીરી, વિકાસની વાત કરી છે જનધન યોજના નીચે ૭૪ લાખ કરતા પણ વધારે ખાતા ખોલવામાં આવ્યાં છે એની વાત કરવામાં આવી છે એ બહુ સારી વાત છે પણ લોકસભાની ચૂંટણી પહેલા આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કીધું હતું કે મને વડાપ્રધાન બનાવો, દિલ્હીની ગાદી આપો તો વિદેશમાં કાળા નાણા જે છે એને હું લઇ આવીશ અને •(×××)

ઉપાધ્યક્ષશ્રી : પૂંજાભાઇ આપણે ગુજરાતની વાત કરીએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : અરે મારે પૂછવું છે માનનીય અધ્યક્ષશ્રી,

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : પૂંજાભાઇ આપણે ગુજરાતની જ વાત કરીએ. (અંતરાય) હું એ જ કહું છું.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોતાના પ્રવચનમાં આ દેશના વડાપ્રધાનશ્રીનો ઉલ્લેખ કરીને *(×××) એવી જે વાત કરી છે એ સત્યથી વેગળી છે. આ દેશના વડાપ્રધાનશ્રીએ પોતાના એક પણ પ્રવચનમાં આ પ્રમાણેનો ક્યારેય ઉલ્લેખ કરેલો નથી. આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરીએ છીએ. (અંતરાય) માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે એ બાજુ બધા શાંત છે. માનનીય કરમશીભાઇ પ્લીઝ,

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય ખોટો બગાડવામાં આવે છે. (અંતરાય) જે રેકર્ડ છે એ રેકર્ડના આધારે કહેવા માગુ છું. માનનીય મંત્રીને વિનંતી કરું છું કે મારો સમય ના બગાડે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પૂંજાભાઇ આપ ચાલુ રાખો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મંત્રીશ્રી સાચી વાતને સ્વીકારવાની માનસિકતા રાખો . (અંતરાય) એનાથી આગળ વધીને કહેવા માગું છું કે, આ ગૃહની અંદર સરકાર ખેડૂતોની ચિંતા કરવા માટેની વાત કરતી હોય ત્યારે ખેડૂતોને પોતાની જણસના પોષણક્ષમ ભાવો મળે એટલા માટે વારંવાર ગુજરાતની અંદર કહેવામાં આવ્યું છે કે ગુજરાતના ખેડૂતોને પોતાના કપાસના ભાવ ૧૫૦૦ રૂપિયા મળવા જોઇએ આવી વાત ભાજપના આગેવાનો દ્વારા જાહેરમાં ચૌરે અને ચૌટે કહેવામાં આવે છે. ૧૫૦૦ રૂપિયાની માગણી કરનાર વ્યક્તિ આજે ગુજરાતના ખેડૂતોને કપાસના ભાવ કેટલા મળે છે એ મારે સરકારને પૂછવું છે. ૭૦૦ થી ૮૦૦ રૂપિયા કપાસના ભાવ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર અન્યાય કરે છે, યુ.પી.એ. સરકાર અન્યાય કરે છે, હળાહળ અન્યાય કરે છે, કરોડો રૂપિયા પક્ષની જાહેરાત પાછળ પ્રજાના પૈસે ખર્ચ કરવામાં આવ્યો અને જાહેરાત આપવામાં આવી. આજે તમારા પક્ષની સરકાર છે મારે સ્પષ્ટપણે કહેવું જોઇએ કે પી.એમ.જી.વાય.ના રસ્તા મંજૂર થઇ ગયા છે. છેલ્લાં ત્રણ ત્રણ વર્ષથી ગ્રાન્ટ નહીં આપવાના કારણે આ રસ્તાઓ રાજ્યમાં ચાલુ નથી થઇ શક્યાં એવું સરકારનું ધ્યાન દોરવા માગુ છું.

ઉપાધ્યક્ષશ્રી : વઘાસિયાજી આપને બોલવાનું હોય ત્યારે આપ જવાબ આપજોને. અંદરો અંદર ચર્ચા નહિ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સ્વચ્છતા અભિયાનની વાત કરવામાં આવી. કરોડો રૂપિયા ખર્ચવાની વાત કરવામાં આવી છે. મારે બહુ નમ્રતાપૂર્વક કહેવું જોઇએ •(×××) એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ પૂંજાભાઇ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. સાહેબ, એમને સ્વચ્છતા ન રાખવી હોય તો ન રાખે એમના ઘરમાં. એ વિષય નથી પણ એમણે એમ કીધું આ *(×××). આવી રીતે ન થાય સાહેબ, તમે ના કરો તો કોઇને કરવા દો. સ્વચ્છતા રાખવી પડે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીના શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતને સમજો. હું *(×××) છે એમ કહેવા માગું છું અને એટલા માટે કારણો સાથે કહેવા માગું છું કે સ્વચ્છતાની આપણે વાતો કરીએ છીએ પણ સ્વચ્છતા કયાં છે? સ્વચ્છતાની પાછળ કરોડો રૂપિયા ખર્ચાઇ જાય છે. ખરેખર સ્વચ્છતા થાય છે ખરી? મારે વાત યાદ દેવડાવવી છે કે ઝાડુ હાથમાં લઇ ૨૦૦૦ વર્ષથી જે બહેનો, વાલ્મિકી સમાજ સફાઇનું કામ કરે છે એને ફોટામાં, અખબારમાં કે ટી.વી. ચેનલની અંદર આપણે કયાંય જોતા નથી કે એના ઉપર આપણે ધ્યાન નથી દોર્યું એટલા માટે *(×××) એમ કહેવું ખોટું નથી અને ત્યારે મારે સરકારને કહેવું છે કે સ્વચ્છતા પાછળ જે આપણે ખર્ચ કરીએ છીએ એનો વ્યવસ્થિત રીતે ઉપયોગ થાય એવી સરકારને વિનંતી કરું છું. સાગર ખેડૂની વાત કરવામાં આવી છે. સાગર ખેડૂ એટલે કોણ? સાગર ખેડૂની વ્યાખ્યા સરકારે નકકી કરવી પડે. જે ફીશર મેનો દરિયાની અંદર મચ્છી મારવા જાય છે એને સાગર ખેડૂ ગણો છો કે જે બોટ માલિકો છે એને સાગર ખેડૂ ગણે છે? ફીશર મેનોને તો કાંઇ મળતું નથી. એને અકસ્માત વિમો મળતો નથી. દરિયામાં ડૂબીને મરી જાય તો એને કાંઇ સહાય મળતી નથી. પાકિસ્તાનની જેલમાં જે માછીમારો પકડાઇને રહે છે એને સહાય નથી આપતા. કોઇ અકસ્માતમાં ગુજરી જાય કે મરી જાય એને રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવે છે તો પાકિસ્તાનની જેલની અંદર જે લોકો છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ઋષિકેશભાઇ,

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) :માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીએ ગુજરાતની પ્રજાને આ ગૃહના માધ્યમથી સરકારે કરેલા કામો, ગુજરાતના સર્વાંગી વિકાસની વાત એમના ઉદ્‌બોધનમાં કરેલી છે કે જેને ગૃહના સભ્ય દુષ્યંતભાઇએ ખૂબ વિગતવાર ચર્ચા કરી અને આખેઆખી વાત લગભગ મોટાભાગની વાત આવરી લઇને પ્રવચન કર્યું એમાં મારા વિચારો વ્યકત કરવા અને શહેરી વિકાસમાં ખાસ કરીને હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. શહેરીકરણમાં સમગ્ર દેશમાં

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપણું રાજય અગ્રેસર રાજય પૈકીનું એક છે. ૧૯૯૧ની વસતિ ગણતરી મુજબ સૌથી વધુ શહેરીકરણ રાજયો પૈકીનું આપણું રાજય બીજા નંબરે આવે છે. ૨૦૦૦માં ભારતની વસતિના દાયકાના સરેરાશ વિકાસ દર ૨૭.૮૨ ટકાની સરખામણીએ ગુજરાતનો વિકાસ દર ૩૭.૩૬ ટકા એટલે કે લગભગ ૪૦ ટકા જેટલો વધારે છે. સન ૨૦૧૧ની છેલ્લી વસતિ ગણતરી મુજબ ગુજરાતની કુલ ૬.૦૪ કરોડની વસતિમાંથી ૨.૫૭ કરોડ એટલે કે કુલ વસતિના ૪૨.૫૮ ટકા વસતિ શહેરી વસતિ છે. ગુજરાતની આ શહેરી વસતિના આંક સામે સમગ્ર ભારતનો શહેરી વસતિનો આંક ૩૧.૧૬ ટકાનો છે. આમ ભારતના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતમાં શહેરી કરણ અને શહેરમાં જવાનો ક્રેઝ અને શહેરમાં જવાનો આવેગ ખૂબ વધારે છે આ સંદર્ભમાં રાજય સરકારે આગોતરું આયોજન કર્યું છે. શહેરી નાગરિકોની સુવિધા ગુણવત્તાયુકત બનાવવા, અસરકારક નીતિ ઘડી, પગલાંઓ ભરી વિવિધ યોજનાઓ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. સરકાર દ્વારા ૨૦૧૩માં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ <#FN/VLP1125-AD.DOC/FN#> રાજ્યના શહેરોને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવાનું આયોજન અને સ્વપ્ન જોયું હતું. મુખ્યમંત્રી ગૃહ યોજના જાહેર કરી હતી. મુખ્યમંત્રી ગૃહ યોજના પણ અત્યારે કાર્યરત છે. લગભગ ૩,૧૩,૦૦૦ હાઉસની યોજના છે. જેમાંથી ૧,૩૦,૦૦૦ મકાનો તૈયાર કરી ફાળવણી કરી આપેલ છે. ૧,૬૦,૦૦૦ જેટલા મકાનોનું કામ પ્રગતિ હેઠળ છે. ત્યારે મારે કહેવું છે કે સમગ્ર રાજ્યની વાત કરતા હોઇએ ત્યારે શહેરોની વાત આપણે ભૂલી જઇએ? ગામડાંના સ્થાને શહેરોની અંદર લોકો વસતા થયા હોય ત્યારે મકાનોના અભાવના કારણે રહેવા માટે સુવિધા ન મળતી હોય ત્યારે ગરીબ, મધ્યમવર્ગ હોય એમના માટે અલગ અલગ યોજનાઓ કરી છે. સરકારની નેમ છે કે આગામી વર્ષોમાં સ્વર્ણિમ સિટીની વાત સમગ્ર દેશમાં થતી હોય ત્યારે શહેરોને આધુનિક બનાવવાની વાત હોય ત્યારે નાના નગરોથી માંડી મોટા મહાનગરો સુધી લોકોને આવાસો સારી રીતે મળી શકે તેના માટે સરકારે ખૂબ જ શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. પ્રધાનમંત્રી આવાસ યોજના સુરત, રાજકોટ, વડોદરા, મોરબી, કલોલ આમ કુલ ૪૪ પ્રોજેકટમાં ૩૨૩૧૧ આવાસોની મંજૂરી આપેલ છે. એટલું જ નહિ, પરંતુ પીપીપી દ્વારા ખાનગી વિકાસકારોને પ્રોત્સાહન આપી જાહેર જમીન ઉપર આવેલ ઝૂંપડપટ્ટીનું પુનઃવસન કરવા માટે વધારે એફ.એસ.આઇ., ટી.ડી.આર. ના ઉદાર આયોજન દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. ઝૂંપડપટ્ટીઓના લાભાર્થીઓને ૨૫ ચો.મી. કાર્પેટ વિસ્તારવાળા પાકા મકાનો પાયાની સવલતો વાળા મળે તેના માટે રાજય સરકાર પ્રયત્નશીલ હોય ત્યારે ઘણી વખત એવું થાય કે ખાનગી વિકાસકારો રસ ન દાખવે અને રસ ન દાખવતા હોય પરિણામે એવી જગ્યા જે સરકારી જગ્યાઓ છે એમાં સરકાર સંસ્થા દ્વારા નવનિર્માણ કરવાની કામગીરી રાજય સરકારે હાથ ઉપર લીધી છે. ખાનગી વિકાસકારોને જોડવા રાજય સરકારની ગુજરાત એફોર્ડેબલ હાઉસિંગ નીતિ ૨૦૧૪ જાહેર કરી છે. ખાનગી વિકાસકારોને પ્રોત્સાહિત કર્યા છે. એફોર્ડેબલ હાઉસિંગ માટે વિકાસ યોજનામાં આ હેતુ માટે જગ્યા અનામત રાખવામાં આવે છે. ટી.પી. ડી.પી. સ્કીમ હોય, કે શહેરી વિસ્તારના અન્યત્ર પ્લોટિંગની વાત હોય, એફોર્ડેબલ હાઉસિંગ માટે જગ્યાઓ આપણે અનામત રાખી છે. ઔડામાં ડી.પી. ૨૦૨૧ માં રીંગ રોડ બહાર એક કિ.મી. પટ્ટો આપણે અનામત રાખ્યો છે. જગ્યા કેટલી થાય? ૭૫ ચોરસ કિલોમીટર જેટલી જગ્યા એફોર્ડેબલ હાઉસિંગ માટે નાના અને મધ્યમવર્ગને સારી રીતે મકાન મળી શકે તેના માટે ચિંતિત છીએ. એનું આયોજન આપણે કરી રહ્યા છીએ. ઇ.ડબલ્યુ.એસ., એલ.આઇ.જી.નો તમામ પ્રકારની, ઇકોનોમિક વીકર સેક્શન હોય, લો ઇન્કમ ગ્રૂપ હોય જેમાં પહેલા ૧ લાખની મર્યાદા હતી તે ૩ લાખની કરી છે. એલ.આઇ.જી. માં ૩ લાખ હતી, જે ૬ લાખની કરી છે. ગરીબની વાત અને આ વધતી મોંઘવારીમાં મધ્યમવર્ગ કેવી રીતે પોતાનું ઘર ખરીદી શકે તેની ચિંતા સરકાર કરી રહી છે, ત્યારે હું સમર્થનમાં ટેકો આપું છું.

શ્રી અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ મહામહિમ રાજ્યપાલના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. સભ્યશ્રી પુંજાભાઇએ હમણા વાત કરી કે અમને આ વખતે જરૂર આશા હતી કે વિધાનસભાનું સત્ર લાંબુ હશે અને અમને અમારા પ્રશ્નો રજૂ કરવાની તક મળશે જે ઇચ્છા ઠગારી નીવડી લાગે છે. સરકાર સૌનો સાથ સૌના વિકાસની વાત કરતી હોય છે, પરંતુ અમે જોઇએ છીએ સૌનો વિકાસ નથી થતો, પણ મોંઘવારીનો વિકાસ થયેલ છે. સૌથી વધુ મોંઘવારી આ રાજ્યમાં વધી છે. ભ્રષ્ટાચાર વધ્યો હોય તો આ સરકારમાં વધ્યો છે. સૌથી વધારે બેરોજગારી આ સરકારમાં વધી છે. ગતિશીલ ગુજરાતની વાત આ સરકાર કરે છે. આ સરકારમાં ગામડાંનો વિકાસ રૂંધાઇ ગયો છે તેમ કહું તો ખોટું નથી. હમણાં પાટીદારોનું આંદોલન થયું, શા માટે આંદોલન થયું? તેના માટે કોઇ વિચાર કરશે ખરું? આજે આ યુવાધન આ આંદોલન તરફ વળ્યું છે . આજે જે યુવાનો ખાનગી શાળાઓમાં ભણે છે, વધુ ફી આપીને ભણે છે અને પછી ગ્રેજયુએટ, ડબલ ગ્રેજયુએટ થાય છે તેમ છતાં નોકરી મળતી નથી ત્યારે તે માણસ કયાં જાય? એટલા માટે તેમને આંદોલનનો માર્ગ પકડવો પડયો છે. શૈક્ષણિક સંસ્થાઓ જે સરકારી હોવી જોઇએ તે અત્યારે સરકારી રહી નથી. મોટાભાગે બધી જ ખાનગી થઇ ગઇ છે. સરકાર જે વાત કરે છે કે અમે રોજગારી બહુ આપી. ૮૭ ટકા રોજગારી આખા દેશમાં અવ્વલ નંબરે આપી. તો પછી આ બેકારો કેમ વધ્યા. સરકારને મારે કહેવું છે અને તમે આદિવાસી વિસ્તારોમાં કહો છો કે વાતો નહીં વચન પાલન. આદિવાસી વિસ્તારોનું શિક્ષણ સાવ કથળી ગયું છે. ૧૨મા ધોરણનું પરિણામ છેક અંબાજીથી ઉમરગામ સુધી જોઇએ તો ૩૦ ટકા થી નીચે આવે છે. તેનું કારણ શું છે? સાહેબ, છેલ્લા દસ વર્ષથી શિક્ષકો નિવૃત્ત થાય છે અને નવી ભરતી આ સરકાર કરતી જ નથી. આ સરકાર શાળા પ્રવેશોત્સવ કરે છે, ગુણોત્સવ કરે છે. તેમને એ ખબર નથી કે આ પરિણામ કેમ નીચું આવે છે. પ્રાથમિક શાળાના બાળકો વાંચી લખી શકતા નથી. તેનું કારણ શું? સાહેબ, ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના તો શિક્ષકો જ નથી. તેનાથી આજે પરિસ્થિતિ એવી થઇ છે કે ૧૦ મા અને ૧૨ મા ધોરણનું પરિણામ નીચું આવ્યું છે. અમારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે

આના માટે શિક્ષકો ભરે. આદર્શ નિવાસી શાળાની અમારે ત્યાં યોજના છે તેમાં અમારા આદિવાસી છોકરાં છે તે ટ્યુશન લેતા હોય છે. આજે એક એક જિલ્લામાં ૨૦-૨૦ જગ્યાઓ ખાલી છે. આખા ગુજરાતની તો શું હાલત હશે? ૧૦ મા પછી ૧૨ મું ધોરણ આવે છે તેમાં શિક્ષકોની ભરતી કરી જ નથી. તેના કારણે અમારા છોકરાઓનું શિક્ષણ બગડયું છે. કોઇ રાજયનું શિક્ષણ બગડયું અને કોઇ સમાજનું શિક્ષણ બગડયું તો સમજવાનું કે તે રાજયની પ્રગતિ કયારેય નહીં થાય. હમણાં સરકારે એવું નકકી કર્યું છે કે પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવશે. શાના માટે પ્રવાસી શિક્ષકો? આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક કે હાઇસ્કૂલમાં કાયમી શિક્ષકો ભરો. પ્રવાસી એટલે આજે અહીં અને કાલે ત્યાં એવી રીતે નહીં ભરો. સરકારે હમણાં કહ્યું કે અમે છેવાડાના માનવી સુધી સરકારી સેવાઓના લાભ પહોંચાડવા માગીએ છીએ . ૬૬ હજાર જગ્યાઓ ભરવાની સરકારે જાહેરાત કરી છે. છેલ્લા પંદર વર્ષથી સરકારે જગ્યાઓ ભરી જ નથી. કારણ કે એક એક વિભાગમાં ૫૦ થી ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે. વિભાગ કેવી રીતે ચલાવવો તે કર્મચારી કે અધિકારીને પૂછો તો ખબર પડે. એક એક અધિકારી પાસે ત્રણથી ચાર જગ્યાનો ચાર્જ છે. ગામડાંમાં જુઓ, તાલુકા પંચાયતમાં જુઓ, મામલતદાર ઓફિસ, જિલ્લા પંચાયત, કલેકટર ઓફિસ, આર એન્ડ બી ડિપાર્ટમેન્ટ બધે આ દશા છે. તમારી પાસે તો ફીડર કેડર પણ નથી. તેવું કોઇ તંત્ર જ રહ્યું નથી. કયાં સુધી તમે રાહ જોશો? હવે તો જગ્યાઓ ભરો. પ્રમોશન માટે કોઇ કેડર જ નથી રહી એવી પરિસ્થિતિ આ ગુજરાતનમાં ઉભી થઇ છે ને તમે વિકાસની વાતો કરો છો. તમારી પાસે માણસો જ નથી તો કેવી રીતે વિકાસ થવાનો છે? દવાખાનાઓમાં ભિલોડા તાલુકામાં ૧૨ જગ્યાઓ કલાસ વનની છે તેમાંથી દસ જગ્યાઓ ખાલી છે. કયાં જતા હશે દર્દીઓ? તમે મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજનાની વાત કરો છો તો આ દર્દીઓને જવાનું કયાં? તેની કોઇ સગવડ જ નથી તો તે કયાં જશે? આ રીતે સરકારમાં છેલ્લા ઘણા સમયથી કોઇ ભરતી ન કરવાના કારણે ગુજરાતનું વ્યવસ્થાતંત્ર કથળી ગયું છે. આ સરકાર મોટાભાગના પૈસા છે તે ઉત્સવોમાં વાપરી રહી છે. જે ઉત્સવો છે તેમાં બિનપ્રોડકટીવ ખર્ચો સરકાર વધારી રહી છે. મારી તો વિનંતી છે કે ઘણાબધા કર્મચારીઓને પગાર કરવાની મુશ્કેલી છે તો આપ એવું કરો કે આ બિનપ્રોડકટીવ ખર્ચો છે તે સરકારને એમ લાગે કે કરવા જેવો નથી તો તે ખર્ચ કરવાનું બંધ કરે. આ ખર્ચને પ્રોડકશન માટે લઇ જાય. જે જરૂરિયાત છે ત્યાં લઇ જાય તેવી મારી વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર સાચી વાત રહે એટલા માટે રાજય સરકારના કોઇપણ કર્મચારીને પગાર કરવાની કયાંય કોઇ તકલીફ નથી. બિલકૂલ નિયમિતરીતે સમય મર્યાદામાં રાજય સરકારના તમામ કર્મચારીઓને પગાર કરવામાં આવે છે તો રેકર્ડ ઉપર સાચી વાત મૂકવામાં આવે.

શ્રી અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં બે મહિનાથી પગાર નથી મળ્યો એટલા માટે આ વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિસ્તારના રસ્તાઓ તો બિલકૂલ વાહન વ્યવહારને લાયક રહ્યા જ નથી. સરકાર નોન પ્લાનના રસ્તાઓ કરે છે ત્યાં ડામર નથી કરતી. અગાઉની સરકારોએ જરૂરિયાત પ્રમાણે ડામર કર્યા હતાં આ સરકાર બિલકૂલ કરતી નથી. ગઇ કાલે ગાંધીનગર વિસ્તારમાં નોન પ્લાન રસ્તાઓ જે પ્લાનમાં ફેરવ્યા ત્યારે મને એમ થયું કે આ નિર્ણય આખા ગુજરાત રાજય માટે હશે પણ નીતિનભાઇએ ફકત ગાંધીનગર પૂરતો જ આ નિર્ણય સિમિત રાખ્યો છે, અમારા આદિવાસી પછાત વિસ્તારો માટે આ પ્રકારનો નિર્ણય નથી કરવાનો? મારી તો વિનંતી છે કે, બાજુના રાજય રાજસ્થાનના રસ્તાઓ જુઓ કેવા સરસ છે. અહીંથી જવું હોયને તો ઘણાં અધિકારીઓ રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવે છે એવી પરિસ્થિતિ છે. અમારા પેલા બોળનારા-ખાખરધારામાં જવું હોય તો પહેલા અધિકારીઓ રાજસ્થાનમાં જાય અને રાજસ્થાનમાંથી પાછા ગુજરાતમાં આવે આ પરિસ્થિતિ છે. એકે એક રસ્તો ખરાબ છે.

ઉપાધ્યક્ષશ્રી : ડો.જોષીયારા, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસના અમારા આદરણીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ રાજયપાલના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેમને અનુમોદન અમારા આદરણીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલે આપ્યો છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ મેં સામેથી સાંભળ્યું ઇન્દુ ચાચાને યાદ કર્યા બધાએ, પણ ૨૨ તારીખે ૧૦.૩૦ વાગ્યે એમનો જન્મ દિવસ આપણા હાઉસમાં પુષ્પાંજલિનો રાખ્યો ત્યારે કોંગ્રેસના એકેય સભ્ય આવ્યા નહીં, આજે યાદ કરે છે. છતાં તમે યાદ કરો એ વાત સારી છે. મારે આપને કહેવું છે કે, કામ તો એવા કરો કે, મોતના મૂખમાંથી પણ જિંદગી સરી પડે. આ અમારા આરોગ્ય વિભાગે જે કામ કર્યા છે આ સરકારની અંદર ૧.૯૦ કરોડ લોકોની જિંદગી બચાવવા માટે ક્યાંયને ક્યાંય આ સરકારનું યોગદાન રહ્યું છે. એ પછી ૧૦૮ની યોજના હોય, ૧૯૯૦-૯૫માં ડો.જોષીયારા અમારે ત્યાં સિવિલ સર્જન હતા ત્યારે એમણે જોયું છે કે, મારા આદિવાસીઓ ડુંગરમાંથી ઝોળી બાંધીને દર્દીઓને દવાખાને લાવતા હતા અને ચાલતા આવે, ચાર ચાર,પાંચ પાંચ, દસ દસ કિલો મીટર અને જ્યારે એમને આ પરિસ્થિતિમાં જોઇએ તો અમને એટલું બધું દુઃખ થાય કે આમના માટે શું કરવું જોઇએ, આના માટે શું વ્યવસ્થા કરવી જોઇએ? અને તે વખતની સરકારોને અમે કહેતા કે ભાઇ, આ અમારી ગરીબ પ્રજા ઉપર દયા કરો. પણ ભલું થાય જે તે વખતના રાજયના મુખ્યમંત્રી અને દેશના હાલના વડા પ્રધાન ૧૦૮ જેવી યોજના લાવ્યા અને આ ૧૦૮ની યોજનાએ આખા ગુજરાતની અંદર ૯.૮૩ લાખ લોકોની જિંદગી બચાવી છે. એટલું જ નહીં, અમારા ઊંડાણના વિસ્તારની બહેનો કે જેને નજીકમાં કોઇ વાહનની વ્યવસ્થા ન મળે અને પ્રસૂતિનો છેલ્લો ટાઇમ હોય એવી ૩.૫૭ લાખ બહેનોની આ ૧૦૮ એ સહીસલામત

પ્રસૂતિ કરાવીને દીકરા અને બહેનની જિંદગી બચાવી છે. એટલું જ નહીં, ૧૦૮થી ઊંડાણના વિસ્તારની અંદર ક્યાંક આપણો સંપર્ક ન થઇ શકે તેમ હોય અને કનેક્ટિવિટી ન થાય તો એ માટે હમણા ગુણોત્સવમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ આવ્યા અને એમને આ વાત કરવામાં આવી કે, ઊંડાણના વિસ્તારમાં કનેક્ટિવિટી નથી મળતી, ત્યાં મોબાઇલ સેવા નથી તો ત્યાં ૧૦૮ માટે મુશ્કેલી થાય છે. તો એ માટે વન વિભાગ, ટ્રાયબલ વિભાગ અને આરોગ્ય વિભાગે ભેગા મળીને વન સંજીવની યોજના આપીને એને કનેક્ટિવિટી કરવા માટે બીજી એમ્બ્યુલન્સ આપી જેને વાયરલેસ અને જી.પી.એસ. સિસ્ટમથી અપ ટુ ડેટ કરવામાં આવી, એની સફળતા પછી હમણા નાણા મંત્રીશ્રીએ પ્રવચનમાં કહ્યું કે આખા રાજ્યની અંદર ૧૦૮ની કનેક્ટિવિટી ન થાય ત્યાં વન સંજીવની યોજના લાગુ કરવામાં આવશે. એટલું જ નહિ મેં ઘણા દાખલા જોયા છે અને ઘણા ગરીબોને જોયા છે કે દવાખાનાની અંદર એક લાખ દોઢ લાખ રૂપિયાનો ખર્ચો કરવા માટે ખેતર ગીરવે મૂકેલા છે, ઘરેણાં બહેનોએ વેચેલા છે, આજે પણ એ ખેતર છોડાવી નથી શક્યા, આવા લોકો માટે કે બહેન પોતાનું ઘરેણું ના વેચે, એનું ખેતર ગીરવે ના મૂકે, ખેડૂત પોતાનું જાનવર ના વેચે એના માટે મા અમૃતમ્ અને મા વાત્સલ્યમ્ યોજના આ ગુજરાતના ગરીબ બી.પી.એલ.ના લોકો માટે પ્રેરણાદાયક છે. મા અમૃતમ્ યોજનામાં ૮૪૫૮૫ વ્યક્તિઓએ લાભ લીધો અને ૧૪૧ કરોડ રૂપિયા ખર્ચ કર્યો. ૧૯૯૦ થી ૧૯૯૫ દરમિયાનનું આરોગ્ય વિભાગનું પંચવર્ષીય બજેટ નહોતું. ૧૪૧ કરોડ રૂપિયા ફક્ત મા અમૃતમ્ યોજનામાં વાપર્યા છે. સારી સ્પેશ્યાલિટી હોસ્પિટલ, હમણાં શ્રી અનિલભાઇ જોષીયારા કહેતા હતા કે અમારે આ કાર્ડનો ઉપયોગ ક્યાં કરવાનો? મારે કહેવું છે ડોકટર સાહેબને કે આ કાર્ડ સારી હોસ્પિટલમાં વાપરવાનું. એક ગરીબ મને એમ કહેતો કે સુરતમાં મહાવીર હોસ્પિટલની અંદર બાજુના પલંગમાં એક બિલ્ડર સારો માલદાર વ્યક્તિ સારવાર લેતો હતો એની બાજુમાં ફાટેલા કપડાં પહેરેલો મારો આદિવાસી સમાજનો ભાઇ સારવાર લેતો હતો. આ મા અમૃતમ્ યોજનાના કારણે, સાહેબ એ તો એને જોઇને જ સારો થઇ ગયો કે આવી વ્યક્તિ સાથે મારી સારવાર આ હોસ્પિટલમાં થાય છે. આવી વ્યવસ્થા છે આ યોજનામાં.

મા વાત્સલ્ય યોજનામાં ૬૨૦૦૦ લોકો માટે ૨૪૪ કરોડ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી. સિકલ સેલનો રોગ અમારા આદિવાસી વિસ્તારમાં ખૂબ છે. આગલી સરકારો હતી ત્યારે એને નહોતી ખબર કે સિકલસેલ અહીંયા છે. સિકલ સેલ રોગ ટ્રાયબલ વિસ્તારમાં છે એવી ખબર પડી હતી. આજે ૯૦ – ૯૫ આદિવાસીઓ દુઃખી થાય છે. જો તે વખતે એની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોત તો આજે અમારે ૮૦ લાખ આદિવાસીઓનું સ્ક્રીનીંગ કરવાની જરૂર ન પડત. ૨૯૦૦૦ લોકોને સારવાર આપવાની જરૂર ના પડત. તે વખતે સરવે થઇ ગયેલ હોત તો આ ગંભીર બિમારીથી અમારા સમાજને આ સાત આઠ જિલ્લાઓમાંથી ઉગારી લીધા હોત એટલે માનનીય દુષ્યંતભાઇ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. તારીખ ૨૭–૭–૨૦૧૫ના રોજ ગયા વરસે બનાસકાંઠા જિલ્લાની અંદર અતિવૃષ્ટિ થઇ અને ભારે પૂર આવ્યું એના લીધે જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર જળબંબાકાર થઇ ગયો. લોકોને ઘણી હાલાકી પડી, અઠવાડિયા અઠવાડિયા સુધી લોકો પાણીમાં રહ્યાં. સરકારે રાહતની કામગીરી શરૂ કરી. મારે દુઃખ સાથે કહેવું છે કે જે ખેડૂતોની જમીન નાશ થઇ ગઇ એમાં સરકારનું જે જમીન વિકાસ નિગમ છે એ સરવેની કામગીરી કેવા પ્રકારે કરે છે તે અમને ખબર નથી પડતી. એક સરવે નંબર જોડે હોય, બીજો સરવે નંબર જોડે હોય, ત્રીજો સરવે નંબર જોડે હોય તો આજુબાજુના બન્ને સરવે નંબરોને સહાય મળે અને વચ્ચેના સરવે નંબરવાળાને સહાય ના મળે. પાછળથી એમ કહવામાં આવે કે તમારી અરજી આવી નથી. જમીન વિકાસ નિગમે પોતાના અધિકારીને બેસાડીને અરજી લેવા માટેની વ્યવસ્થા કરવી જોઇએ એના બદલે કોઇ સ્વૈચ્છિક સંસ્થાને ત્યાં અરજી આપવાની વ્યવસ્થા કરી એટલે અરજી ગેરવલ્લે ગઇ જેના કારણે અમે સંકલન સમિતિની મીટિંગમાં બધા પક્ષના ધારાસભ્યો ભા.જ.પ. હોય કે કોંગ્રેસ હોય એ બધા જ રજૂઆત કરીએ છીએ અને કલેકટરશ્રી અને ડી.ડી.ઓ. શ્રી એમ કહે છે કે દરખાસ્ત સરકારમાં મોકલી છે પૈસા નથી. મારે દુઃખ સાથે કહેવું છે કે બાકીની વાતમાં તો તમે બનાસકાંઠાને અન્યાય કરો જ છો પણ મને એમ થાય છે કે બનાસકાંઠાને તમે કયાં ગણો છો ? શું બનાસકાંઠાની જનતાએ એવું પાપ કે દુઃખ કર્યુ છે, કે શું બગાડયું છે કે અમને જે સહાય આપવી જોઇએ તે સહાય આપતા નથી. પૂર સંકટમાં ગરીબોના આંસુ લૂંછવા જોઇએ તે લૂંછવાની અંદર તમે ઉણા ઉતરો છો. બન્ને મંત્રીશ્રીઓ તારાજી જોઇ ગયા છે. ત્રીજા મંત્રીશ્રી આવ્યા હશે તો મને ખબર નથી પણ માનનીય ચુડાસમા સાહેબ અને બાબુલાલ બોખીરીયા સાહેબ ત્યાં આવ્યા હતા. તેઓએ ત્યાં આવીને ત્યાં ઘણી સારી વાતો કરી અને કેટલુ બધુ નુકસાન થયુ છે. દસ– દસ, વીસ–વીસ ફૂટના ખાડા ખેતરોમાં પડયા છે એ જગ્યાએ ઉભાં રહીને તેમણે ફોટાઓ પણ પડાવ્યા છે મારી વાત ખોટી ના હોય. અને તે વખતે તેમણે હૈયાધારણા આપી હતી કે તમારી જે પૂર નિયંત્રણની કામગીરી છે, પૂર નિયંત્રણ દિવાલો બાંધવાની છે તે અમે કરીશું, તમારી જમીન જે નાશ થઇ ગઇ છે અને તેને નવસાધ્ય કરવાની અંદર જે ખર્ચો થશે તે અમે આપીશું. પણ સાહેબ મારે દુઃખ સાથે કહેવુ પડે છે કે તેમાંનુ જે કામ પૂર્ણ થવું જોઇએ એક ગામની અંદર બસ્સો જણાનું કર્યું અને સો જણને બાકી રાખ્યા એટલે *(×××)અને લોકોને •(×××). દરેકને સરખો ન્યાય આપવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) તે શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : હા, સાહેબ કાઢી નાંખો. હવે મારે બીજી વાત પૂરને લગતી કરવી છે. મારે એ વાત કરવાની કે હજારો પશુઓ મર્યા અને ૩૩ માણસો મર્યા. આમાં પશુઓનું વળતર આપવાની સરકારે જે નીતિ નક્કી કરી હતી એ પ્રમાણે પશુઓનું વળતર મળ્યું નથી. જેટલા પશુઓનું ડોકટરોએ પોસ્ટમોર્ટમ કર્યુ એટલાને પશુ સહાય ચૂકવી પણ જે પશુઓ એક ગામથી બીજા ગામ, બીજા ગામથી ત્રીજા ગામ સુધી ખેંચાઇ અને ગયા અને જે પશુઓ મરી ગયા અને તેનુ મડદું પણ હાથમાં ના આવ્યું, ગ્રામસભા બોલાવી અને ગ્રામસભાની વચ્ચે જે તે ગામના ઈષ્ટદેવ, જેને જે માનતા હોય તેના સોગંદ ખવડાવી ખવડાવી અને ગીતાજી ઉપડાવી ઉપડાવીને બધાનું ગ્રામસભામાં નક્કી કર્યુ કે આ ગામના આટલા ૨૦૦ પશુઓ છે કે આ ગામના ૫૦૦ પશુઓ છે. પણ ટોટલ આખા તાલુકાના ફકત ૨૫૦૦ પશુઓ છે કોઇએ ખોટો આંકડો આપ્યો નથી. છતાં પણ તે પશુઓની સહાય હજુ ચૂકવાતી નથી જેના લીધે અત્યારે અમારે ત્યાં લોકોને એમ થાય છે કે આ અમરેલીમાં આટલી બધી સહાય આપી અને આ બનાસકાંઠાને સાવકો ભાઇ તમે શું કામ ગણો છો ? (અંતરાય) અરે, નીતિનભાઇ, તમારી ફરજ છે આપ પાર્લામેન્ટની પેટા ચૂંટણીમાં આવ્યા હતા તે વખતે આપ ધારાસભ્ય થયા હતા અને લોકોને કહ્યું હતું કે હું તમારો ધારાસભ્ય છું અને આમના આંસુ લૂંછવા માટે આપને પણ પધારવાનું હતુ. (અંતરાય) અમારે ત્યાં તો સાહેબ આપના દર્શન નહોતાં થયા. મારે દુઃખ સાથે કહેવું પડે કે માર્ગ અને મકાન વિભાગનો હવાલો નીતિનભાઇ સંભાળે છે ત્યારે તેમણે જે એક ગામથી બીજા ગામ સુધી જવાના રસ્તાઓ છે તેમાં દસ-દસ ફૂટ, પાંચ-પાંચ ફૂટ ઊંડા પાણીના વોંકળા ચાલવાથી ખાડા પડી ગયા છે અને જવા લાયક રહ્યા નથી. પાકા રસ્તા તો તમે બાંધેલા છે તે રીપેર કરશો પણ જે કાચા રસ્તાઓ છે કે જયાંથી દૂધનું પરિવહન કરવાનું છે એવી જગ્યાએ લોકોને ભારે હાલાકી પડે છે, મુશ્કેલી પડે છે તો એ રસ્તાઓ તાત્કાલિક યુદ્ધના ધોરણે પાકા કરી આપવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી વિનંતી એ છે કે, વિધાનસભાની અંદર આવીએ..

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : ૧૯૮૦માં હું ધારાસભ્ય હતો એ વખતે ૮૦-૮૦, ૯૦-૯૦ દિવસ સુધી વિધાનસભા ચલાવતા અને અત્યારે અમને પૂરતો સમય રજૂઆત માટે મળતો નથી. મારા મનના જે અરમાનો હતા, ઉત્સાહ હતો કે આ વખતે બનાસકાંઠાને મેડિકલ કોલેજ મળશે. ગુજરાત રાજયની અંદર બનાસકાંઠા જિલ્લો સૌથી વસતિમાં મોટો જિલ્લો છે અને રોગોનું પ્રમાણ પણ આખા ગુજરાતમાં સૌથી વધારે બનાસકાંઠા જીલ્લાની અંદર કીડનીના અને કેન્સરના એવા ભયંકર પ્રકારના દર્દો ત્યાં વધારે છે અને દર વર્ષે દરેક પક્ષના ધારાસભ્યો માગે, મિનિસ્ટરો જે સરકારમાં બેઠેલાં છે તેમને અમે બધી વાત કરી તો પણ બનાસકાંઠા જિલ્લાને મેડિકલ કોલેજ ના આપી અને બનાસકાંઠા જિલ્લાની ઘોર ઉપેક્ષા કરી છે અને હું તો એમ કહીશ કે •(×××) અને બનાસકાંઠાની જનતાનો શ્રાપ આ સરકારને લાગશે લાગશે અને લાગશે એવી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી દુષ્યંતભાઇ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીનું આખું પ્રવચન હતું. એ આખા પ્રવચનની અંદર ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં એકેએક વર્ગ માટે એ દલિતો હોય, ગરીબો હોય, યુવાનો હોય, મહિલાઓ હોય, ખેડૂતો હોય, એ બધા જ માટે કોઇકને કોઇક પ્રકારની યોજના કરીને સમગ્ર ગુજરાતના તમામે તમામ લોકોને એનો લાભ મળે એના માટેના જે જે પ્રયત્નો ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યા છે એનું વિગતવાર સમગ્ર પ્રવચનમાં જાહેર કરવામાં આવ્યું હતું. મારા કોંગ્રેસના મિત્રોએ કદાચ સાંભળ્યું નહીં હોય એટલે એમને ખબર નથી, પરંતુ સમગ્ર ગુજરાતની પ્રજાએ ૧૯૯૫થી શરૂ કરીને ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨ની બધી જ ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી જે રીતે વિકાસના કામો કરે છે, જે પ્રકારે ગરીબો, દલિતો, યુવાનો, મહિલાઓને એનો લાભ મળે છે એનું પરિણામ એકેએક ચૂંટણીમાં દેખાયું છે. તાલુકા જિલ્લા પંચાયત, જિલ્લા પંચાયતની વાત, ૨૦૦૦ની સાલમાં પણ તમને પરિણામ મળ્યું હતું, અને એ જે લાળ ટપકતી હતી એ આજે પણ ૨૦૧૬માં હજુ તો ચાલુ જ છે. એમાં કંઇ બહુ ફેરફાર થયો નથી. ૨૦૦૨માં તો તમે મંત્રી મંડળ પણ નકકી કરી દીધું હતું, કોણ મુખ્ય મંત્રી બનશે, કોણ મંત્રી બનશે, આજે એને પંદર વર્ષ થયાં, તમે કયાં છો, એ બધી તમને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી , ગુજરાતના ખેડૂતોને જે પ્રકારે ગુજરાતની સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ દ્વારા લાભ થયો છે, એમાં ખાસ કરીને જેની વારંવાર ટીકા કરવામાં આવે છે એ કૃષિ મહોત્સવ. માનનીય મુખ્ય મંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ હતા એ વખતથી આ કૃષિ મહોત્સવની શરૂઆત કરવામાં આવી, અને કૃષિ મહોત્સવમાં તો જે ગયા હોય એમને ખબર પડે કે કૃષિ મહોત્સવ એ ગુજરાતના ખેડૂતો માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કેવી રીતે થાય, વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરીને ખેડૂતો સુખી કેવી રીતે થાય, એના માટેની ખૂબ જ સારી માહિતી ગુજરાતની કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞો દ્વારા ખેડૂતોને આપવામાં આવે છે, અને એના કારણે સાહેબ, મારા વિસ્તારની જ વાત કરું તો, મારા વિસ્તારમાં એક ભાલ કરીને પછાત વિસ્તાર છે એમાં કદાચ કોંગેસના મિત્રોને પણ ખબર હશે કે મઠિયા પણ નહોતા પાકતા, એ જગ્યાએ આજે એ વિસ્તારના ખેડૂતો જીરૂ પકવીને ઉંઝાના બજારમાં વેચે છે એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતની સરકાર દ્વારા કરવામાં આવી છે. વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવાના કારણે ખેત ઉત્પાદન વધ્યું છે, સાથે સાથે ગુજરાત સરકારની મહેનત, ગુજરાત સરકારનો સપોર્ટ અને ગુજરાતના ખેડૂતોની અથાક મહેનતના કારણે મગફળીનો પાક હોય, દિવેલાનો પાક હોય, કપાસનો પાક હોય, એના ઉત્પાદનની અંદર આ ગુજરાત સમગ્ર દેશમાં પહેલા નંબરે છે. મગફળીનું

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ઉત્પાદન ગુજરાતમાં ૫૧ ટકા થાય છે, દિવેલાનું ૮૧ ટકા ઉત્પાદન સમગ્ર ગુજરાતની અંદર થાય છે. ગુજરાતની સરકાર ખેડૂતોને ખેતી માટે મદદ તો કરે જ છે, સાથેસાથે ખેડૂતોને જયારે તકલીફ પડે છે, હમણાં જ વાત કરી એમ, જુન –૨૦૧૫માં અમરેલી, રાજકોટ અને ભાવનગર, જુલાઇ– ૨૦૧૫માં બનાસકાંઠા, પાટણ અને કચ્છમાં જયારે ભારે વરસાદ થયો અને ખેડૂતોને, જાનમાલને, ખેડૂતોની જમીનનું ધોવાણ થયું, ખૂબ નુકસાન ખેડૂતોને થયું તે વખતે આપણા ગતિશીલ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે અગાઉ એસ.ટી.આર.એફ. માં સહાય માટેનું જે ધોરણ હતું એ ધોરણની અંદર ૫૦ ટકા કરતાં જો વધારે નુકસાન થાય તો જ ખેડૂતોને સહાય મળે. આ પ્રકારનું ધોરણ હોવાને લીધે ખેડૂતોને સહાય નહોતી મળતી ત્યારે આપણા મુખ્યમંત્રીશ્રીએ આપણા ગુજરાતના પનોતા પુત્ર એવા વડાપ્રધાન સમક્ષ રજૂઆત કરી કે ૫૦ ટકા નુકસાનીનું ધોરણ છે એના બદલે ૩૩ ટકા નુકસાન હોય તો પણ સહાય મળવી જોઇએ. કેન્દ્ર સરકારે આપણી આ રજૂઆતનો સ્વીકાર કર્યો અને એ રીતે કેન્દ્ર સરકાર એમાં ૩૩ ટકા સહાય આપે છે. રાજય સરકારે પણ એ સહાયમાં ઉમેરો કરીને એસ.ડી.આર.એફ.ના ધોરણો છે એના ૨૫ ટકા નુકસાન થયું હોય તો એ ૨૫ ટકાથી ૩૩ ટકા જે નુકસાન થયું છે એમને પણ ગુજરાત સરકાર પોતાના ભંડોળમાંથી સહાય આપશે એવું નક્કી કરવામાં આવ્યું એના દ્વારા જ ખ્યાલ આવે છે કે આ સરકાર ખેડૂતો સાથે છે એવું પ્રસ્થાપિત થાય છે. બજેટમાં ૧૪૦૯ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી હતી એમાં રાજય સરકારે બીજા ૫૦૭ કરોડનો ઉમેરો કરીને ગુજરાતના ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં સહાય આપવામાં આવી છે. સાથે સાથે ગુજરાત સરકાર દ્વારા સોઇલ ટેસ્ટીંગનું કામ કરવામાં આવ્યું હતું. સાથે સાથે આઇ કિસાન પોર્ટલ કે જેના દ્વારા ખેડૂત નોંધણી કરીને યોજનાકીય લાભો માટે ઓન લાઇન અરજી કરી શકે છે. કૃષિ વીમા યોજના, કૃષિ ધિરાણની માહિતી, કૃષિ પાકની તાંત્રિક માહિતી, ખેત સામગ્રી એના ડીલરોની માહિતી તથા હવામાનની માહિતી આ આઇ કિસાન પોર્ટલ દ્વારા મેળવી શકે તેવી વ્યવસ્થા રાજય સરાર દ્વારા કરવામાં આવી છે ત્યારે મહામહિમ રાજયપાલશ્રીનું સંબોધન ખૂબ જ યોગ્ય હતું એના ઉપર માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ એમના ભાષણમાં જો અત્યારની ગુજરાતની હાલની પરિસ્થિતનું વર્ણન કર્યું હોત તો અમને આનંદ થાત. સૌનો સાથ અને સૌના વિકાસની વાતો કરે છે પરંતુ વાતોનો જે ફુગ્ગો ફૂટી ગયો છે એ સૂત્રનો અત્યારે ખરા ખર્થમાં લોકોને ખ્યાલ આવી ગયો છે. જેને સામાજિક અને આર્થિક મદદની જરૂર હતી એવી એસ.સી., એસ.ટી. બક્ષીપંચના વિકાસની વાત સશકિતકરણની વાત ન કરી શકયા પરંતુ જે પ્રગતિશીલ સમાજ કહેવાય તે પાટીદાર, વણિક, બ્રાહ્મણ, ક્ષત્રિય એવા સમાજને જયારે અનામત માગવાનો વારો આવ્યો ત્યારે આનાથી વધારે કરુણ દશા ગુજરાતની શું હોઇ શકે? •(×××)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સબજયુડિશયલ મેટરનો ઉલ્લેખ ન કરવા બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રા.ક.નાવૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી પોતાના પ્રવચનમાં જે ઉલ્લેખો કરી રહ્યા છે નામદાર હાઇકોર્ટ દ્વારા સમગ્ર ઘટનાની ક્રાઇમ બ્રાન્ચના પોલીસના વડપણ હેઠળ તપાસ ચાલી રહી છે ત્યાં સુધી એના અંગેની કોઇપણ ટીકા ટીપ્પણ, અવલોકન કે આક્ષેપ કરવા એ અયોગ્ય કહેવાય.

ઉપાધ્યક્ષશ્રી : એ તમામ ઉચ્ચારો હું રેકર્ડમાંથી દૂર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : મહિલા સશકિતકરણની વાતો કરો છો, હું તો ધન્યવાદ આપું છું *(×××)

ઉપાધ્યક્ષશ્રી : બહેન, આપને હું બીજી વખત કહું છું કે આ મેટર સબજ્યુડીશ છે, મહેરબાની કરીને ઉપયોગ નહીં કરો. (અંતરાય)

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : કોઇ એકની વાત નથી. આ આખા સમાજની વાત છે.

ઉપાધ્યક્ષશ્રી : નો, નો. નોટ એટઓલ પ્લીઝ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આંદોલન તોડી પાડવા માટે સરકારે શું શું ન કર્યું? સામ, દામ, દંડ, ભેદની રાજનીતિ કરી. અંગ્રેજોની યાદ અપાવી દીધી. (અંતરાય) ચાલો, બીજી વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : મેં પહેલેથી કહ્યું હતું કે બહેન, તમે વિવાદાસ્પદ નિવેદનોથી દૂર રહો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : સાહેબ, આ ઘટનાઓ બની છે તેની વાત કરું છું.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપની સૂચના પાછી પણ એકની એક વાતનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવે, સાહેબ, બોલવાનું જ બંધ કરાવવું જોઇએ. આ પ્રકારની ભાષા કે અસંસદીય ભાષા બોલવામાં આવે.. (અંતરાય) આ ભાષા અહીં વાપરવાની ન હોય. આ કંઇ ખેતર નથી સાહેબ. અધ્યક્ષનું અપમાન છે.

ઉપાધ્યક્ષશ્રી : બહેન, આપ બેસો. હું કહું છું. (અંતરાય)

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે અધ્યક્ષની સૂચનાની અમલવારી ન થાય , આ અપમાન કરવાનો અધિકાર એમને નથી. આ ભાષા જ ન હોઇ શકે.

ઉપાધ્યક્ષશ્રી : પહેલાં આપ બધા બેસી જાવ પ્લીઝ. પરેશભાઇ સીટ ડાઉન.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : સંસદીય ભાષાની વાત કરે. (અંતરાય) બેસી જાવ ભાઇ, હું પણ પટેલની દીકરી છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય એ છે કે અધ્યક્ષશ્રીની સૂચના પછીથી તેનું પાલન ન થાય અને બોલવાનું ચાલુ રાખે. આ સંસદીય પ્રણાલી નથી.

ઉપાધ્યક્ષશ્રી : સંસદીય પ્રણાલી આપણે જાળવીએ. અધ્યક્ષની સૂચના પછી આપણે એની ઉપરવટ નહીં જઇએ.

પ્રો. વસુબહેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ એકની એક વાતનું પુનરાવર્તન થાય તો બોલવાનું બંધ કરાવવું જોઇએ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : હવે તેમને બોલવા દો. એમનો સમય આપ નહીં બગાડો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : છાશવારે કાશ્મીરમાં પાકિસ્તાનના ઝંડા ફરકાવવામાં આવે તો તેના પર દેશદ્રોહની કલમ લગાવવામાં નથી આવતી.

ઉપાધ્યક્ષશ્રી : બહેન, ફરીથી હું કહું છું.. આપનું પ્રવચન...(અંતરાય) ના, ના. નો પોઇન્ટ ઓફ ઓર્ડર. કારણ વિના શા માટે એવું બોલો છો?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : તમારા (×××)વાત કરું.

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રીબેન, તમારી પાસે બે મિનિટ છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : *(×××) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પિયુષભાઇ પ્લીઝ. ભાઇ, પરેશભાઇ, તમે તેમને શા માટે ઉશ્કેરો છો? (અંતરાય)

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : ચાલો બીજી વાત કરું. હરિયાણામાં જાટ સમુદાયે આંદોલન કર્યું.

ઉપાધ્યક્ષશ્રી : આપ બધા બહેનો બેસી જાવ પ્લીઝ.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : તો ભારતીય જનતા પાર્ટી ઘૂંટણીયે પડી ગઇ. માનનીય અધ્યક્ષશ્રી, પાટીદારવાળી વાત તેમને નથી ગમતી તો નથી કરવી. એસ.સી., એસ.ટી., ઓ.બી.સી.ની વાત કરું. તો તેમાં ૪૭ જ્ઞાતિઓ આવી છે. તેમાં ઠાકોર સમાજ અને કોળી પટેલ સમાજ એ મોટો છે. ત્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. તે ખેતી અને ખેતમજૂરીની સાથે સંકળાયેલા છે. તેઓ મોંઘવારીના કારણે મજૂરી કરે છે. ત્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે ત્યાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે સરકારને અપીલ કરું છું. હું ધન્યવાદ આપું છું ઠાકોર સેનાને, ઓ.બી.સી. સેનાને કે તેમણે રેડ પાડી પાડીને દારુબંધીનો અમલ કરાવવા નીકળવું પડ્યું અને આ સરકારને, આ ગૃહ ખાતાને એમણે બતાવી દીધું કે ૨૫૪ કરોડ લીટર દારુ પકડાયો. પાંચ વર્ષમાં ૪૩ લાખ લીટર દારુ પકડાયો અને બે કરોડ વિદેશી દારુની બોટલો પકડાઇ. શરમ આવે છે આ ગુજરાતને, દારુબંધીનો અમલ છે એવું કહેતા.

ઉપાધ્યક્ષશ્રી : તેજશ્રીબેન, આપનું પ્રવચન પૂરું થાય છે. હવે ડો. માણિયા સાહેબ. (અંતરાય) પરેશભાઇ બેસી જાવ. (અંતરાય) આઇ હેવ ઓલરેડી પરમિટેડ, પછી કયાં પ્રશ્ન આવે છે તમારે? તમે બેસો કરમશીભાઇ. આ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં કાયદાની વાત આવશે એટલે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન વારંવાર એ વાત જોવામાં આવી છે કે, આ ગૃહમાં અભિવ્યક્તિની આઝાદી છે. પરંતુ ટ્રેઝરી બેંચ દ્વારા *(×××) બિનજરૂરી વારંવાર હસ્તક્ષેપ કરવામાં આવે છે. ત્યારે આપના દ્વારા અમને ફાળવવામાં આવેલ સમયનું રક્ષણ કરવામાં આવે અને ટ્રેઝરી બેંચને જરૂરી આદેશ આપવામાં આવે તેવી વિનંતી છે.

સભાપતિશ્રી : આપના સમયનું રક્ષણ થશે. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થતો નથી. ડો. ટી. ડી. માણીયા.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને સ્ત્રી સશક્તિકરણનો અનુભવ કરાવનાર ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના માર્ગદર્શન નીચે અનેક યોજનાઓ અને અનેક આયોજનો થયેલ છે. તેના ભાગરૂપે તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ, કૌશલ્ય અને રોજગાર માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના બનાવવામાં આવી છે અને તેનું અમલીકરણ પણ શરૂ થઇ ચૂક્યું છે. મારા મત પ્રમાણે એસ.સી., એસ.ટી., ઓબીસી વર્ગની અનામતની ટકાવારીને બિલકૂલ ટચ કર્યા વિના ફક્તને ફક્ત મેરિટ્સ એન્ડ મિન્સ એટલે કે યોગ્યતા અને આર્થિક અક્ષમતાના માપદંડથી આ યોજના બનાવવામાં આવી છે. આનાથી વધુ યોગ્ય કે વધુ સારી યોજના કે વધુ સારી સમતોલ યોજના શક્ય જ નથી અને શક્ય હોઇ જ ન શકે અને હોય તો વ્યવહારું ન હોઇ શકે. મારા ગૃહના દરેક સાથી મિત્રોએ પણ આ યોજનાનો અભ્યાસ કરવા જેવો છે. વિશેષ વાત કરું તો વિપક્ષના સભ્યોએ પણ આના પેરામિટર્સનું મૂલ્યાંકન કરવા જેવું છે. ત્રણ ''પ'' બાજુમાં મૂકીને અંતરાત્માને પૂછીને મૂલ્યાંકન કરશો તો આ યોજનાની સફળતામાં યશભાગી થશો. પક્ષપાત, પૂર્વગ્રહ અને પોલિટિક્સ, આ ત્રણ ''પ'' વિના

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ યોજનાનું મૂલ્યાંકન કરવામાં આવે તો એને વધાવી લેવા જેવી છે અને એના માટે તમારે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનને અભિનંદન આપવા જોઇએ. હિન્દુસ્તાનમાં પ્રથમવાર અને બીજા રાજ્યો માટે મોડેલરૂપ બની શકે એવી આ યોજના છે. એના મુખ્ય પાસા જોઇએ તો એમાં બે મોટી મુખ્ય વાત છે જે આવક મર્યાદા છે. ઇકોનોમિકલી વિકર સેક્શન ઉપર જઇએ છીએ. જેને આર્થિક પછાતપણું ગણીએ છીએ. પહેલાં રૂ.૪.૫૦ લાખની મર્યાદા જાહેર કરેલી, પરંતુ હમણાં થોડા સમય પહેલાં રૂ.૪.૫૦ લાખને બદલે રૂ.૬/–ની આવક મર્યાદા આ યોજના માટે કરવામાં આવી છે. છ લાખ રૂપિયા એટલે મહિને રૂ.૫૦૦૦૦/– અને એક દિવસના રૂ.૧૬૬૦/– ની આવકની લિમિટ નક્કી કરવામાં આવી છે. આનાથી વધારે આવકવાળાને ગરીબની વ્યાખ્યામાં કઇ રીતે મૂકી શકો? એટલે છ લાખ રૂપિયા છે એ મેક્સિમમ છે. એ બહુ યોગ્ય છે. એનાથી વધારે હોય એ શક્ય નથી. એટલે આવક મર્યાદાનું પાસું અને બીજું મેરિટ્સ્. ૯૦ પર્સેન્ટાઇલ હતા એના બદલે હવે ૮૦ પર્સેન્ટાઇલ કર્યા એટલે ૭૦ ટકાની અંદર આવી જાય. આ બે વસ્તુ કરવાથી લગભગ પ્રજાનો મોટો વર્ગ અને વિદ્યાર્થી જગતનો મોટો વર્ગ આમાં આમેજ થઇ શકે છે. એટલે હવે એમાં ખાસ તો જે સહાયના ધોરણોની વાત કરી છે એ જોઇએ તો પ્રાથમિકના ૬૦ લાખ વિદ્યાર્થીઓને આવકની મર્યાદા રાખ્યા વિના આપણે બધી વસ્તુ પૂરી પાડીએ છીએ. આવકની મર્યાદા વિના ગણવેશ, પાઠ્યપૂસ્તકો અને શિષ્યવૃત્તિ એમને આપવામાં આવે છે. સાથેસાથે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકને એમાં આવરી લેવામાં આવ્યા છે અને એમાં આવકની મર્યાદા વિના દરેક વિદ્યાર્થીને પાઠ્યપૂસ્તકો આપવામાં આવશે. મેડિકલ, ડેન્ટલની વાત કરીએ તો એમાં મોટામાં મોટી તકલીફ છે. એમને બે લાખ રૂપિયાની મર્યાદામાં ૫૦ ટકા સુધીની સહાય, એન્જિનિયર, ફાર્મસીમાં રૂ.૫૦૦૦૦/– વાર્ષિક ફીની સહાય, ડિપ્લોમા કોર્ષ માટે વાર્ષિક રૂ.૨૫૦૦૦/–ની સહાય, ગ્રેજ્યુએટ, બી.એ., બી.કોમ., બી.એસ.સી.ને રૂ.૧૦૦૦૦/– ની સહાય, સાથોસાથ હોસ્ટેલની પણ સહાય આપવામાં આવે છે. પોતાના વતનની બહાર ભણતો હોય અને સરકારી હોસ્ટેલમાં એડમિશન ન મળે તો માસિક રૂ.૧૦૦૦/– એટલે વાર્ષિક રૂ.૧૨૦૦૦/– સુધીની સહાય ચૂકવવામાં આવે છે. આ બધી સુવિધા ઉપરાંત કોઇ એન્જિનિયરીંગ કે ડીપ્લોમા કોર્સ કરીને પાંચ વર્ષની મર્યાદામાં એપ્લાય થાય તો મુદ્રા યોજના હેઠળ પચાસ હજાર થી દસ લાખ સુધીની સહાય પણ આપવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. મોટી અને મહાન વાતો કરવાથી નથી પરિવર્તન થતું કે નથી મહાન બનાતું, હા હાસ્યાસ્પદ બનવાનું જોખમ એમાં રહેલું છે અને આ વાતમાં માહિર ભા.જ.પ. સરકાર વારંવાર આનો ઉપયોગ કરે છે. હમણાં મેં આજ ગૃહમાં થોડા સમય પહેલાં સાંભળ્યું નર્મદા ડેમની ઉંચાઇ અને ગેટની યુ.પી.એ. સરકાર વખતે મંજૂરી નહોતી આપવામાં આવતી અને સરકાર બદલાતા મંજૂરી મળી ગઇ એટલે ૧૮ લાખ હેકટર જમીનમાં એમને પાણી આપી દીધું હોય એવો અહેસાસ તમે જે વ્યકત કરો છો એ તદ્દન ભૂલભરેલી વાત છે. આજે પણ તમે ૪૦ ટકા જમીનમાં સિંચાઇનું પાણી આપી શકયા નથી, માઇનોર–સબમાઇનોર અને એની પેટા શાખાઓ આ કામ આજે પણ ૫૦ ટકા કરતા વધુ બાકી છે. આ કામ સમયસરપૂર્ણ કરી અને સૌરાષ્ટ્રના ખેડૂતોને પાણી આપ્યું હોત અને પછી તમે આ વાત કરતા હોત તો માનત કે વાતમાં દમ છે. નર્મદા બંધની ઉંચાઇના બાબતે •(×××)ગુજરાત સરકાર હવે જયારે ખુદ કામ કરવાનો સમય આવ્યો છે ત્યારે ગોકળગાય ગતિએ કામ કરે છે એનું મને દુઃખ છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)શબ્દ હું રેકોર્ડ પરથી દુર કરુ છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ : સાહેબ, આ યોજનામાં કુલ ૧૩૧ નાના શહેર અને ૯૬૩૩ ગામોને પીવાનું પાણી આપવાનો પ્રબંધ હતો. આજની તારીખે પણ એ કામ થઇ શકયું નથી. આજ ગૃહની અંદર મેં અનેકવાર સાંભળ્યું છે કે જયારે પાણી આપવાની વાત આવે ત્યારે ટેન્કર રાજની વાત એ કોંગ્રેસ શાસનમાં બનતું એમ કહેતા પણ આજે તમારી એ જ પરિસ્થિતિ ઉભી થઇ છે. ટેન્કર દ્વારા પણ તમે જયાં પીવાના પાણીની સુવિધા નથી ત્યાં આપી શકતા નથી. કોંગ્રેસના રાજયમાં ૭૬થી ૮૭ સુધીમાં ૧૧ વર્ષના ગાળામાં સાત દુકાળ પડયા ટેન્કરથી અને ટ્રેનથી પણ પાણી આપ્યું પાણીની એટલી તકલીફ કોંગ્રેસે પડવા નથી દીધી. વાઇબ્રન્ટ ગુજરાતના નારા ગજવીને માર્કેટીંગ કરવામાં માહિર ભા.જ.પ. સરકાર નર્મદાનું પાણી ખેતર સુધી પહોંચાડી શકી નથી એનું મને દુઃખ છે અને આ કામ માટે કાયમ એવી રજૂઆત કરવામાં આવે કે હવે અમે આ કામ ૨૦૧૬માં પૂરું કરી દઇશું, ૨૦૧૭માં પૂરું કરી દઇશું પણ એ જશ અમને મળવાનો છે એટલે તમે એ નિર્ધારિત સમજી લો કે એ જશ તમને મળવાનો નથી. આ રાજયમાં શિક્ષણ તદ્દન ખાડે ગયું છે. ખાડે ગયું છે એમ એટલા માટે કહું કે ૨૦૧૦ થી ૨૦૧૫ આ પાંચ વર્ષના ગાળામાં ૨૫૪૮ સેલ્ફ ફાઇનાન્સ શાળાઓને મંજૂરી મળી અને સ્વનિર્ભર શાળાઓને મંજૂરી આપવાનું કામ કરી અને આ શિક્ષણને માફીયાના હવાલે સોંપી દીધું છે. માત્ર પાંચ વર્ષમાં ૧૬૭ સરકારી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. હમણાં ઘણા મિત્રોએ રજૂઆત કરી કે શાળામાં શિક્ષકો નથી. મારી મધ્ય ગુજરાત યુનિવર્સિટિની વાત કરું તો ૩૫ સરકારી અને ગ્રાન્ટેડ કોલેજો છે. એ બન્ને મળીને આ ૩૫ માંથી ૧૫ કોલેજોમાં આચાર્યો છે અને બાકીની કોલેજોમાં આચાર્ય નથી. એવું રાજયમાં ૫૦ ટકા શાળાઓમાં આચાર્યની જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ભરાતી નથી અને મૂળ વાત તો એ છે કે આ શિક્ષણમાં એક એન્યુઅલ સ્ટેટસ ઓફ એજયુકેશન–૨૦૧૪ના રિપોર્ટના આધારે વાત કરું તો ધોરણ ૩ થી ૫ વાળા ૭૦ ટકા બાળકોને સરવાળા બાદબાકીનો 'ઢ' આવડતો નથી. ૪૩

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દુર કરવામાં આવ્યા.

ટકા બાળકો પહેલા ધોરણની ચોપડી સુદ્ધા વાંચી શકતા નથી. સેલ્ફ ફાયનાન્સના ફીક્સ પગારના મોડલમાં ભણેલ છોકરાઓમાં ૧૦માં ધોરણમાં ૪૬ ટકા નાપાસ થયાં. કોંગ્રેસના શાસનમાં મેં ૩૮ વર્ષ આ ક્ષેત્રમાં કામ કર્યું છે. કોઇ પણ શાળામાં વર્ગની જરૂર પડે તો વર્ગ વધારાની મંજૂરી મળે. કોલેજોમાં પણ મંજૂરી માગવામાં આવે તો મંજૂરી મળે પણ આજે આ સરકાર એક વર્ગ વધારાની મંજૂરી આપતી નથી.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને મારા સાથી મિત્ર દુષ્યંતભાઇ પટેલ આવ્યા છે ત્યારે તેમને સમર્થન આપવા માટે ઉભો થયો છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણને લગતા અનેક પ્રશ્નો સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અત્યંય અગત્યના બની ગયેલા છે. કયાંક જંગલને ઉજ્જડ બનાવવાની સમસ્યા, ક્યાંક દુર્લભ વન્ય પ્રાણીઓ અને પશુઓના જીવન માટે ખતરો ઉભો થયો છે. વૈશ્વિક સ્તરે ગ્રીન હાઉસ ઈફેક્ટ તેમજ ઓઝોન સ્તરની ક્ષતિએ ચિંતાઓ ઉપજાવી છે. પૃથ્વીનું તાપમાન વધવાની સમસ્યા ભયજનક બનતી જાય છે. આ સમસ્યાઓના ઉકેલમાં લોકો યોગદાન આપી શકે તેવી સરળ કામગીરી કરીને જ્યાં જગ્યા હોય ત્યાં રોપાઓનું વાવેતર કરીને, તેનું રક્ષણ કરીને ધરતીને લીલીછમ કરવાથી આ સમસ્યાઓને અટકાવી શકાશે. ગુજરાત વન વિભાગે લોક-સહયોગથી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા દુર્લભ જાતિના વૃક્ષોના સંરક્ષણ માટે ભાર મૂકેલ છે. આ પ્રવૃત્તિથી વન વિસ્તાર નજીક વસવાટ કરતા વનવાસીઓને રોજગારીનો લાભ મળી રહ્યો છે અને લોક ભાગીદારીના પ્રયત્નોથી વનીકરણના કાર્યક્રમને સફળતા મળી છે. સામાજિક વનીકરણમાં ખેડૂત ભાઇઓ દ્વારા નિલગીરી, દેશી બાવળ તથા અરડૂસીનું વાવેતર કરવામાં આવે છે. પરંતુ ખેડૂત ભાઇઓ આર્થિક રીતે સદ્ધર થાય અને વૃક્ષોની ખેતીનો વ્યાપ વધે એટલા માટે અરડૂસી, સાગ, નિલગીરી, સરુ જેવી ઉચ્ચ ગુણવત્તા ધરાવતા રોપાઓ તૈયાર કરવા હાઇટેક નર્સરી, ટિશ્યુ કલ્ચર, ક્લોન જેવી આધુનિક પદ્ધત્તિઓ અપનાવવામાં આવેલ છે. તે માટે ક્લોન તથા ટિશ્યુ કલ્ચરના રોપા લોકોને મળે છે. જેના વાવેતરથી ગ્રામ્ય વિસ્તારની આર્થિક સદ્ધરતામાં વધારો થયો છે. સાથે સાથે ગુજરાતમાં સાંસ્કૃતિક વનોનો વિકાસ કરવામાં ગુજરાત સરકારે આ દેશમાં પહેલ કરી છે. હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વન મહોત્સવોમાં લોકોને સક્રિય રીતે સામેલ કરીને રાજયની પ્રજામાં જાગૃતિનો જુવાળ ઉભો કરી રાજ્યમાં જુદી જુદી જગ્યાએ સાંસ્કૃતિક વનોની સ્થાપના કરીને લોકાર્પણ કરવામાં આવેલ છે. આ રાજ્યમાં આવા ૧૨ સાંસ્કૃત્તિક વનો બનાવવામાં આવ્યા છે. પ્રશ્નોત્તરીમાં આના નામ લેવાઇ ગયા છે એટલે દોહરાવતો નથી. આ રીતે આ વનો લોકોને લોકાર્પણ કરવામાં આવ્યા છે. સાથે સાથે હમણાં હમણાં મારા જિલ્લામાં બાજુના ગીર સોમનાથ જિલ્લામાં એક નવી ફેશન આવી અને એના નામે બની બેઠેલા નેતાઓ લોકપ્રિયતા મેળવવા ઇકો સેન્સેટીવ ઝોન જે અમારા જિલ્લા અને બાજુના ગીર સોમનાથને લાગુ પડે છે અને *(×××) મેળવવા માટે ઉપવાસ આંદોલનો થયા, લોકોને ગેરમાર્ગે દોર્યા, ઉંધા ચશ્મા પહેરાવવામાં આવ્યા અને લોકોની નરી બનાવટ કરવામાં માહીર......

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દ હું દૂર કરું છું.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસિયા : ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારના અને દેશના ગૌરવ સમાન એશિયાઇ સિંહોના સંવર્ધન અને સંરક્ષણમાં અહીંના સ્થાનિક લોકોનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ રહ્યો છે. તે માટે ગીરનું જંગલ, તેમાં વસતાં વન્ય પ્રાણીઓ ગીરની આસપાસ રહેનારા લોકોને આભારી છે. ગીર જંગલના કારણે તેની આસપાસ ઘાસિયા મેદાનોમાં થતું પોષણયુક્ત ઘાસ પશુપાલકો, માલધારીઓના માલ-ઢોર માટે ઉત્તમ આહાર પૂરો પાડે છે. આવા ઉપયોગી ગીર, પાણિયા અને મિતિયાળા વન વિસ્તાર ટકી રહે તે માટે ઇકો સેનસીટીવ ઝોન તે માટેની પહેલ ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્ય ફરતે ઇકો સેનસીટીવ ઝોન નોટિફાયડ થયેલ ના હોય જેથી નામદાર સુપ્રીમ કોર્ટના તા.૫-૧૨-૨૦૦૬ના નિર્દેશન મુજબ ઉપરોક્ત ત્રણેય અભયારણ્યની સરહદથી ૧૦ કિ.મી. સુધીનો વિસ્તાર ઇકો સેનસીટીવ ઝોન તરીકે માનવામાં આવે છે. એમાં રાજ્ય સરકાર દ્વારા વિધિસરની ઇકો સેનસીટીવ ઝોન જાહેર કરવાની દરખાસ્ત ભારત સરકારને રજૂ થયેલ છે જેનું જાહેરનામું બહાર પડેથી લોકોને વાંધા-સૂચનો રજૂ કરવા માટે પણ ૬૦ દિવસનો સમય ઉપલબ્ધ થશે ત્યારે રજૂઆતના આધારે આ ઇકો સેનસીટીવ ઝોનમાં ગીર, પાણિયા અને મિતિયાળા અભયારણ્ય ફરતે આવેલ તમામ તાલુકાના ગામડાંનો સમાવેશ કરવામાં આવેલ નથી. અહીંયા લોકોને કહેવામાં આવે છે કે બધા ગામો ઇકો સેનસીટીવ ઝોનમાં છે તેમજ સરકારશ્રી દ્વારા બહાર પાડેલા પરિપત્રોની જોગવાઇ મુજબ નાના-મોટા ઉદ્યોગો, કોઇ સમુદાય કે ઘર, દુકાન, હોટલ, કારખાના અને વિસ્તારમાં કરી શકે છે. અહીંયા ફક્ત મોટા પ્રદૂષણ ફેલાવતાં ઉદ્યોગો ઉપર નિયંત્રણ કરવામાં આવેલ છે. સાહેબ, અહીંયા તો અમારાં વિસ્તારમાં લોકોને એટલા બધા ભરમાવવામાં આવે છે કે ખેડૂત એમાં ખેતી નહિ કરી શકે, ઘરમાં ઘરઘંટી નહિ ચલાવી શકે, ટ્રેકટર નહિ ચલાવી શકે, પોતાનો બોર નહિ કરી શકે. કુવો નહિ ખોદી શકે, કોઇ એમાં થ્રેસર નહિ ચલાવી શકે, વીજળી પણ મળી નહિ શકે, નદીમાં પ્રવેશ પણ નહિ કરી શકે આવા ખોટા ભરમાવીને ખેડૂતોને ગેરમાર્ગે દોરવમાં આવ્યાં છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા (ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સન્માનનીય ગૃહ સમક્ષ કરેલ પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઇને અમારા મિત્ર દુષ્યંતભાઇ આવ્યાં છે એને ટેકો ભાઇશ્રી જગદીશે આપેલ છે એના સમર્થનમાં હું મારી વાત કહેવા માગુ છું.

ફાલ્ગુન ૭, ૧૯૩૭ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ પૂજ્ય ગાંધીજીને યાદ કરીને પોતાની વાત શરૂ કરી. મહાત્મા ગાંધીજીને ગામડાં ખૂબજ પ્રિય હતા અને ગામડાં કેમ આગળ વધે એના માટે એમની ઇચ્છા હતી. પરંતુ કોંગ્રેસે ૪૦ વર્ષ રાજ કર્યું છતાં પણ ગામડાંનો વિકાસ થયો નહિ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પૂત્ર અને એ વખતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ, આજના વડાપ્રધાન અને આનંદીબેનની ઇચ્છાથી ગામડાંનો વિકાસ કરવા માટે ગામડાંમાં જે સુવિધા જોઇએ એ ૨૪ કલાક વીજળી, નર્મદા કેનાલના પાણી, ઇ–ગ્રામ, વિશ્વ ગ્રામ, ઇન્ટરનેટની સુવિધા આ સુવિધાઓ આપવાથી ગામડાંનો વિકાસ થયેલ છે. ગુજરાતની પ્રજા મહેનત કસ તો છે જ. પરંતુ એને કામ કરવા માટેના કોઇ સાધનો જોઇએ એ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આનંદીબેનની સરકારે પૂરા પાડેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંનો વિકાસ હમણાં જ મારા મિત્ર જોષીયારાભાઇ કહેતા હતા કે, ગામડાંનો વિકાસ રુંધાઇ ગયેલ છે તો હું સુરેન્દ્રનગર જિલ્લાના પછાત ગામો હતા એવા એ વખતના પછાત ગણાતાં ધ્રાંગધ્રા તાલુકાના માનનીય મંત્રી જયંતિભાઇ નથી એમનો જ વિસ્તાર છે. એ વિસ્તારના ગામડાં ૨૦૦૧ પહેલાં કેવાં હતા અને આજે શું છે? આ ગામો નર્મદાના પાણી, વીજળી કનેકશન એના હિસાબે ખૂબ જ સમૃદ્ધ થયા છે અને ૯–૯ કિલોમીટર સુધી પાણીના ડેમ ભરેલા છે. આ સરકારના ચેકડેમની યોજનાઓના હિસાબે આ ગામડાંનો ખૂબ જ વિકાસ થયો છે. હું રણના કાંઠાના એક ગામની વાત કરીશ. રણોલપુરા ગામની આજે પાંચ હજારની વસતિ છે. ૨૦૦૧ પહેલા કોંગ્રેસના શાસનમાં આ ગામમાં ૩૦ ટ્રેકટર હતા આજે ૪૩૭ ટ્રેકટર છે. સન ૨૦૦૦ પહેલા જે કોંગ્રેસના શાસનમાં આ ગામના લોકો સાઇકલ રાખતા હતા આજે બધા ફોરવ્હીલ રાખે છે અને ૨૪૭ ફોરવ્હીલ છે. આ વિકાસ નથી તો શું છે? આ ગામમાં ચાર દૂધ મંડળીઓ છે. કોંગ્રેસના શાસન વખતે આ ગામોમાં જો મકાન બનાવવા હોય અને દરવાજા બાકી રહી ગયા હોય તો દરવાજા પણ નહોતા કરી શકતા. આજે ગોદરેજની તિજોરીઓ ઘરમાં રાખતા થયા છે. આ ગુજરાતનો વિકાસ છે. આ ગામ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી સાથે ખેડૂત પોર્ટલથી જોડાયેલું છે અને એના હિસાબે આ ગામમાં ખેતીનો ખૂબ જ વિકાસ થયો છે. આ ગામમાંથી ટ્રકો ભરીને ભીંડો જયપુરમાં વેચવા જાય છે જયાં આજે ૧૧૦૦ થી ૧૨૦૦ રૂપિયા મણનો ભાવ આવે છે. આ છે ગામનો વિકાસ. આ ગામ સરગવાની પણ ખેતી કરે છે. સરગવાની ટ્રકો ભરીને ખેડૂતો કલકત્તા વેચવા જાય છે. આ ગામના લોકો ઇન્ટરનેટના માધ્યમથી ખેડૂત પોર્ટલથી જોડાયેલા છે. શાકભાજીની ખેતી ઉપર એક એકરે ૧૩૦૦૦ બિયારણ અને ખાતર ઉપર જે સબસિડી આપે છે સરકાર એ સબસિડીનો આ આખેઆખું ગામ લાભ લે છે અને ગયા વર્ષ સુધી કોઇ સબસિડી બાકી નથી. આ ગામ દાંતરડાથી માંડી અને ટ્રેકટર સુધી સબસિડી મેળવે છે. આ ગામ જે અત્યારે ઇન્ટરનેટના માધ્યમથી જોડાયેલ છે એ લોકો પોતે જુનાગઢ યુનિવર્સિટીની સાથે રહીને પેસ્ટીસાઇડ ફ્રાન્સથી મંગાવે છે. એ પેસ્ટીસાઇટનું નામ છે આઇના કલ્ટીવેટ એ પણ આ ટેકનોલોજીનો જે લાભ સરકારે આપ્યો છે એ ટેકનોલોજીના હિસાબે આ ગામડાં આટલા ડેવલપ થયા છે. બાજુના જે ગામો છે એ લીંબુની ખેતી માટે પ્રખ્યાત છે એ ગામો સૂપેડી ગામ અને શિવપુર ગામના લોકો દિલ્હી આઝાદપુર માર્કેટમાં લીંબુ વેચવા માટે ટ્રકો ભરીને જાય છે. તમે કહો છો ગામડાંનો વિકાસ નથી થયો તો આ કયાંથી થયું? પણ તમે સવલત જ નહોતી આપી તો કયાંથી લોકો કામ કરી શકે? આજે આ વિસ્તારની અંદર, હળવદની અંદર એ.પી.એમ.સી.નું મોટું માર્કેટ છે. આ માર્કેટમાં અત્યારે માલ મૂકવાની જગ્યા નથી એટલો ત્યાં ખેડૂતો માલ લઇને આવે છે અને આજુબાજુના વિસ્તારમાંથી બધેથી ઉંઝા, ગોંડલમાંથી પણ લોકો આ માર્કેટમાં ખરીદી કરવા આવે છે અને આ વિસ્તાર જે પહેલા નધણિયાતો હતો એની જગ્યાએ આજે આ ગામડાંનો વિકાસ થયેલ છે. આભાર.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય વિધાનસભા ગૃહની અંદર માનનીય રાજયપાલશ્રીએ જે પ્રવચન કર્યું અને તેમનો આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આવ્યા છે અને જેને જગદીશભાઇ પંચાલે સમર્થન આપ્યું છે એમાં હું સમર્થન આપીને મારો સૂર પુરાવું છું. ૧૯૭૦ થી ૧૯૭૫ ના દાયકામાં જે લોકો જન્મ્યા એવા લોકોએ બે કાળ જોયા છે. કેમ કે ૧૯૭૦ માં જન્મ્યા હોય તો ૧૯૯૦ સુધીમાં વીસેક વર્ષની ઉંમરના થયા હોય અને ૧૯૭૫ માં હોય તો ૧૫ વર્ષની ઉંમરના. એમણે એક કાળ એવો પણ જોયો કે જે અંધકારમય હતો. એમણે બીજો એક કાળ જોયો જે પ્રગતિની દિશામાં એક નવી દિશા દેખાય, નવા સ્વપ્ન દેખાય, નવી આશાઓ દેખાય. હું ભાગ્યશાળી છું કે આ ૭૫ થી ૭૦ ના દાયકાની અંદર મારો જન્મ થયો. એટલે મેં બંને સમયને જોયા છે. બંને સમયનો પ્રત્યક્ષ રીતે અનુભવ કર્યો છે. એટલે આખો એક સમય બદલાતો હોય અને એ બદલાતા સમયમાં આવું સૌભાગ્ય બધાને નથી મળતું હોતું. અહીયા પણ ઘણા બધા ભાગ્યશાળી ધારાસભ્યો આ ગેપ વચ્ચેના હશે. ઉનાળામાં લગભગ જૂન મહિનાની શરૂઆત થાય અને બાળકો સાથે જુવાન જોધ દીકરા દીકરીઓ સાથે મા–બાપ કર્ણાટક, મહારાષ્ટ્ર એ બાજુ ઉનાળાના વેકેશનમાં જતા હોય ત્યારે એવું લાગે કે આ બાળકોને લઇને ફરવા માટે જતાં હશે? આખે આખા ધાડે ધાડા બહાર જતા હતા. કારણ શું? એ ફરવા માટે નહોતા જતા. અહીયા આગળ કૅાલેજ માટેનું શિક્ષણ નહોતું, એટલે કોઇ દીકરીને નર્સિંગ કરાવવાનું હોય, કોઇ દીકરાને એન્જિનિયરિંગની અંદર મૂકવો હોય તો મા–બાપ પોતાનાં બાળકને લઇને બીજાં રાજ્યમાં અભ્યાસ માટે એડમિશન માટે ધાડે ધાડા જતા હતા. આ તબક્કો મેં જોયો છે. આજે એ તબક્કો પણ જોયો છે કે રાજયની અંદર કોઇ વિદ્યાર્થીને અભ્યાસ માટે કોઇ બીજા રાજ્યમાં જવું ન પડે અને અહીંયા એને બધી સુવિધા મળી રહે એટલા મોટા પ્રમાણમાં છેલ્લા ૧૫ વર્ષમાં કૅાલેજીસની સ્થાપના કરી અને એટલા મોટા પ્રમાણમાં સીટોની વ્યવસ્થા થઇ. જેના કારણે સુવિધા ઘરઆંગણે ઊભી થઇ. મારી બાજુમાં માનનીય મંત્રીશ્રી વસુબહેન બેઠા છે. મેં એમને પૂછ્યું કે કૅાલેજોનું શું પ્લાનિંગ છે? તો બીજા રાજ્યમાં અભ્યાસ કરવાની વ્યવસ્થા હતી એની જગ્યાએ આજે શિક્ષણ વિભાગે એવો નિર્ણય

કર્યો કે દરેક તાલુકાની અંદર એક-એક કૅાલેજ હશે. એવી રીતે એક કાળ એ જોયો અને આ કાળ પણ આપણે જોયો છે. હવે એ દિશાની અંદર ૧૨ જેટલી યુનિવર્સિટીઓ હતી. અને અત્યારે ૪૩ જેટલી યુનિવર્સિટીઓ આ રાજ્યની અંદર કાર્યરત છે. કૅાલેજીસ વધારે થાય, અભ્યાસની વ્યવસ્થા થાય,સીટો વધારે થાય. હવે એની કડીની અંદર હેવ અને હેવ નોટ આ વચ્ચેની ગૅપને પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે એક ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. જેણે ભણવું છે એમને માટે કૅાલેજોની વ્યવસ્થા કરી. અભ્યાસની અંદર સારા પર્સેન્ટાઇલ લાવવાની દિશામાં આગળ વધ્યા. દસમાં અને બારમાની અંદર પણ ગામડે ગામડે જ્યોતિગ્રામ યોજનાની વ્યવસ્થા થઇ અને વધારે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા થયા. હાઇસ્કૂલ કે પ્રાથમિક શિક્ષણની ક્વૅાલિટી સુધરી. વિદ્યાર્થીને અભ્યાસ કરવા આગળ જવું છે. ગરીબ સમાજનો વિદ્યાર્થી ભલે ને એ બ્રાહ્મણ સમાજનો દીકરો કે દીકરી હોય, આર્થિક વ્યવસ્થા એની ઠીક ન હોય, ફી પરવડે તેવું ન હોય, પણ એવાં બાળકો ટેલેન્ટ હોય એના માટેની ચિંતા શું? કોઇ વ્યવસ્થા પહેલા નહોતી. આ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે યુવા સ્વાવલંબન યોજના થકી મહિને ૫૦,૦૦૦ રૂપિયા કમાતા હોય તેવા પરિવારના દીકરા અને દીકરીને પણ ૫૦ ટકા સુધી ૮૦ ટકા પર્સન્ટાઇલથી ઉપરના વિદ્યાર્થીઓને ૫૦ ટકા ફીની અંદર મદદ કરવાનું ઐતિહાસિક પગલું લીધું છે. અને 'હેવ અને હેવ નોટ' વચ્ચેની ગૅપ પૂરવા માટેનું ઐતિહાસિક કદમ છે. વિદ્યાર્થી કૅાલેજમાં અભ્યાસ તો કરે પણ એને હોસ્ટેલમાં રહેવા માટેની સગવડનું શું? એ સરકારી હોસ્ટેલમાં હોય, ત્યાં વ્યવસ્થા થઇ જાય, પણ કોઇ પ્રાઇવેટ જગ્યાએ અભ્યાસ કરવો પડે અને પૈસાની વ્યવસ્થા ન હોય તો શું કરે? તો આ બાળક માટે પણ મહિને ૧૨૦૦ રૂપિયા જેમ મા-બાપ ચૂકવે એ પ્રમાણે સાચા અર્થમાં સરકાર માઇ-બાપ થઇને એની હોસ્ટેલની ફી ચુકવવા માટે આ રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વિચાર્યું હોત તો બાકીના રસ્તા વિચારી શકત, પણ બે જાતના રાજનીતિની અંદર શબ્દો હોય છે. એક રાજકારણીઓ હોય છે બીજા રાજનેતાઓ હોય છે. ખાસ કરીને એક આફ્રિકાના 'ધ ગ્રેટ રિલિજિયસ' નામનું પુસ્તક જેને મિ. ક્લર્કે લખ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, એની અંદર એમનું એક ક્વૉટેશન છે કે કેટલાક લોકો પોલિટિશ્યન હોય છે અને કેટલાક સ્ટેટ્સમેન હોય છે. પોલિટીશીયન આવનારી ચૂંટણીનો વિચાર કરતા હોય છે અને સ્ટેટ્સસમેન આવનારી પેઢીનો વિચાર કરતા હોય છે. આ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આવનારી પેઢીની ચિંતા કરીને રાજયના હિતમાં પ્રજાલક્ષી નિર્ણયો લીધા છે. હેવ અને હેવ નોટનો પ્રશ્ન એજયુકેશન પૂરતો નથી રાખ્યો. માત્ર અભ્યાસ કે શાળા કોલેજ પૂરતો રાખ્યો નથી. હેવ અને હેવ નોટની ગેપ પૂરવા માટે જે કરોડપતિનો દીકરો કે દીકરી બિમાર પડયા હોય અને તે જે હોસ્પિટલની અંદર સારવાર લેતો હોય, સામાન્ય માણસ તે હોસ્પિટલના પગથિયે ચડવાનો વિચાર ન કરી શકે તેવી હોસ્પિટલની અંદર મા યોજના અને મા-અમૃતમ્ યોજનાની અંદર બી.પી.એલ.નો લાભાર્થી પણ જેમ કરોડપતિ સારવાર લઇ શકે તેવી સારવાર લેવાનું અને હેવ અને હેવ નોટ વચ્ચેની ગેપ પૂરવાનું કામ આ રાજ્ય સરકારે કર્યુ છે. એટલા પૂરતું જ નહીં ગરીબ અનવોઇસ પીપલ હોય, તેને પોતાની જમીન વેચી હોય અથવા તો પોતાની નાની મોટી જરૂરિયાતો ઉભી થતાં તેના વતી કોઇએ પ્રસ્થાપિત કરી નાંખી હોય તેવા અનવોઇસ પીપલ ઓફિસોના ધક્કા ખાઇ ખાઇને થાકી જાય. તેવી અનેક ફરિયાદો આવે કે મારી જમીન હતી, હું બે-પાંચ વીઘા ખેડતો હતો તે કોઇક બીજાએ તેના નામે કરી નાંખી. તે પછી જેણે દસ્તાવેજ ખોટો કર્યો હોય તે કોર્ટની અંદર પહોંચી જાય અને પછી લડ્યા કરે, પેલા માણસનો તો કોઇ હકક કે અધિકાર રહે જ નહીં. આ ગરીબ અને સામાન્ય બી.પી.એલ.નો લાભાર્થી કહી શકાય તેવા ગરીબ લોકો માટે રાજ્ય સરકારે ઐતિહાસિક નિર્ણય કર્યો કે હવે દસ્તાવેજ થાય તો તે આપવાવાળો અને લેવાવાળા બંન્નેના ફોટા આવે, ફોટા આવે એટલું જ નહીં જેવો દસ્તાવેજ થઇ જાય એટલે તાત્કાલિક એસ.એમ.એસ.થી માહિતી મળે કે તમારી જમીન વેચાઇ છે અને તમને મળી છે. તે પછી જેવી એન્ટ્રી પડે કે તુરત જ એસ.એમ.એસ. ત્યાં પહોંચી જાય કે તમારી જમીન વેચાઇ છે અથવા તો તમે જમીન ખરીદી છે. પૈસાનું ટર્નઓવર થતું હોય તેમાં પણ એસ.એમ.એસ. પહોંચી જાય અને તેનું રેકોર્ડીંગ પણ થાય. આ ટૅકનોલોજીનો ઉપયોગ કોના માટે કર્યો? તો તે ગરીબ હતો, લાભાર્થી હતો, અનવોઇસ પીપલ હતો તેના હિત માટે થઇને રાજ્ય સરકારે ઇ-ગવર્નન્સના માધ્યમથી તે માણસના હિતોનું રક્ષણ કરવા માટેનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે. હેવ અને હેવ નોટ વચ્ચેની ગેપ પૂરવાનું કામ કર્યુ છે. નર્મદાનું પાણી કયા વિસ્તારની અંદર પહોંચ્યું તો રાપરનો વિસ્તાર હોય, પાકિસ્તાનની સરહદ પર આવેલા વાવ કે સૂઇગામનો વિસ્તાર હોય, પાંચ પચ્ચીસ વીઘા જમીન ખેડૂત પાસે હોય પણ તેને મજૂરી કરવા માટે અન્ય જગ્યાએ જવું પડે. આ નર્મદાનું પાણી ત્યાં પહોંચાડીને, અને હું ગૌરવ સાથે તે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું કે જે વિસ્તારની અંદર આજથી ત્રણ વર્ષ પહેલાં મજૂરી કરવા માટે બહાર જવું પડતું હતું તે ૨૫-૫૦ વીઘા જમીન ધરાવતો ખેડૂત તેના બાળકો, તેની જુવાન દીકરીઓને લઇને મજૂરી કરવા જવું પડે તેવી સ્થિતિ હતી. આજે તે વિસ્તારની અંદર નર્મદાનું પાણી પહોંચ્યું એટલે ખુશીની લહેર ત્યાં પહોંચી છે. પૈસાદાર અને ગરીબ માણસ વચ્ચેની ગેપ હતી તેને ઠીક કરવાની વ્યવસ્થા આ રાજ્ય સરકારે કરી છે. માત્ર સરકારના માધ્યમથી જ નહીં પરંતુ એક સારી પ્રેરણા આપવાનું કામ પણ રાજ્ય સરકારે કર્યુ છે. સન્માન સત્તાપક્ષે બેઠા હોય ત્યારે બધાનું થતું હોય, પણ આ રાજ્ય સરકારે ફળ અને બીજા પોષક તત્વોના આધારે સન્માન કરવાની પરંપરા ચાલુ કરી. અમારા મંત્રીશ્રીઓ, અમારા પદાધિકારીઓ, અમારા પાર્ટીના કાર્યકરો આ બધાની અંદર અને ધીમે ધીમે સામાજિક સંસ્થાઓની અંદર આ વાત પહોંચી ગઇ. રાજ્ય સરકારે આ એક પરંપરા ઉભી કરી તો પરિણામ એ આવ્યું કે આ આવેલી ચીજવસ્તુઓ આવે ગરીબ કે કુપોષિત હોય તેવા આંગણવાડીના ગરીબ બાળકો સુધી પહોંચાડવી. અત્યાર સુધીમાં ૧૧ હજાર ૩૦૦ મે.ટન જેટલો ખોરાક આ સ્વાગત સન્માનની અંદર મળ્યો અને ગરીબ બાળકના મોંઢા સુધી પહોંચ્યો. આ એવી પરંપરા આપી કે તેનું સામાજિક જન આંદોલન કુપોષણ સામે લડવા માટે ઉભું થયું. હમણાં બાપુ કુપોષણની વાત કરતા હતા. કુપોષણ માટે બાળકોમાં શું કરવું? કુપોષણ માત્ર બાળકોમાં નથી હોતું તેની મધરમાં પણ હોય છે.

૩૦–૪૦ વર્ષના મા–બાપ કુપોષિત હોય તો ધીમે ધીમે બાળકો પણ કુપોષિત બનતા હોય છે. હવે ૩૦–૪૦ વર્ષ પહેલાંની વ્યવસ્થાતો અમારી પાસે હતી નહીં. અમારી પાસે ગઇકાલ નથી. અમારી પાસે આજ છે. અમે ગઇ કાલના ગાણા ગાવાના બદલે આજ બગડે નહીં, આજની કોઇ સગર્ભા માતા કે કોઇ કિશોરી કે કોઇ નાનું બાળક એ કુપોષિત ન રહે એટલા માટે રાજય વ્યાપી એક જન આંદોલન હાથ ઉપર લીધું. છેલ્લા એક વર્ષની અંદર બાળકોને કુપોષણમાંથી બહાર લાવવા માટે આંગણવાડીના બાળકોમાં ૪૩ લાખ જેટલા બાળકોની ચકાસણી કરી અને ચકાસણી કર્યા પછી એને પૂરતો પોષણક્ષમ ખોરાક મળી રહે એટલા માટે દરેકને પહેલા અલગ અલગ વસ્તુઓ આપતા હતા. અહીંયા અમૂલના ચેરમેન રામસિંહભાઇ બેઠાં છે એમને ખ્યાલ છે કે, હમણા અમે એમની ડેરી દ્વારા એક ૧૫૦ થી ૨૦૦ ગ્રામ જેટલું પાઉચ તૈયાર કરાવ્યું છે જેની અંદર પાઉડર, મગફળીની પેસ્ટ અને બાકીના પોષક તત્વો રાખીને દરેક બાળકને કેટલાક દિવસ સુધી આ પ્રમાણે ખવડાવીએ તો એ બાળક તાત્કાલિક એમાંથી બહાર આવે અને સતત મોનિટરિંગ કરાવીએ એક અભિયાન તરીકે અમે આને લીધું છે. જો કદાચ આ અભિયાન આજથી ૩૦–૪૦ વર્ષ પહેલા લીધું હોત તો ગુજરાતની અંદર એક પણ બાળક કુપોષિત ન હોત. પણ ગઇ કાલે ન કરી શક્યા, અમે આજે આ કામને હાથ ઉપર લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતની અંદર જો કોઇએ અભિનંદન આપ્યા હોત તો સો ટકા અમને પણ એમ લાગત કે વિરોધ પક્ષને વિરોધ કરવાનો અધિકાર છે લોકશાહીની અંદર એ વિરોધ કરે, અમારી ખામીઓ હોય, અમારી તૃટિઓ હોય એ બતાવે એમાં કોઇ વાંધો નથી પરંતુ જે સારું કર્યું હોય એના માટેની સારી વાત પણ એમણે કરવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, જોઇતાભાઇ અમારા વડીલ છે, અમારા જિલ્લાના આગેવાન છે અને ગોવાભાઇને એ બંને ખાસ ભાઇબંધ છે. ગોવાભાઇ તો બોલ્યા નથી એટલે મારાથી કાંઇ કહેવાય નહીં પણ એમણે ચિંતા કરી પૂરની અંદર મદદ કરવા માટેની, પૂરની સ્થિતિ બનાસકાંઠાની હોય કે અમરેલીની હોય એ બધા ગુજરાતના અંગો છે. એમાં આમને મદદ કરીએ કે આમને કરીએ છેવટે તો બધા ગુજરાતના પ્રજાજનો છે અને ગુજરાતના પ્રજાજનોમાં અમરેલીને પણ મદદ થાય અને બનાસકાંઠાને પણ થાય. અમરેલીને મદદ કરી એના માટે પણ અમને આનંદ છે અને બનાસકાંઠાને મદદ કરી એનો પણ આનંદ છે. ખાસ કરીને નેપાળ કે બીજા રાજ્યોની અંદર ગુજરાતીઓને ત્યાં આગળ કોઇ અકસ્માત થયો હોય અને એને જો કોઇ સહાય કરી હોય તો તેનો પણ રાજયની સરકાર તરીકે અમને સંતોષ છે. બનાસકાંઠા જિલ્લામાં માનનીય જોઇતાભાઇને ખબર છે પૂરની અંદર કેશડોલ ચૂકવી એમાં અગાઉ ૧૫૦ થી ૨૦૦ રૂપિયાથી વધારે કેશડોલ ચૂકવાતી ન હતી. અમે આ બનાસકાંઠાની પૂરની સ્થિતિમાં રૂપિયા ૩૦ કરોડ માત્ર કેશડોલમાં જ ચૂકવ્યા છે અને એમાં તમે અને અમે બધાએ ભેગા થઇને આ કામ કર્યું હતું અને ત્યારે એમ કહેતા હતા કે બહુ સારુ કર્યું અને આજે કહો છો કે નથી સારું કર્યું. આવું હોય? ઘરવખરી માટેની વાત કરી એની અંદર (અંતરાય) ચાલો આ વાત કરી એના માટે તમારો આભાર માનું છું. ! જોઇતાભાઇ કહે છે કે, નથી કર્યું એમ નથી કહેતો પણ આટલું રહી ગયું છે એવું કહું છું. પણ સાથે સાથે એ બાબત પણ કહીશ કે ૨૩ કરોડ રૂપિયા અમે ઘરવખરી માટે ચૂકવ્યા છે અને અત્યાર સુધીમાં જમીન ધોવાણ માટે ૨૭૯ કરોડ રૂપિયા ચૂકવાય ગયા છે, ૮૫ કરોડ રૂપિયા પાક ધોવાણ માટેના ચૂકવાયા છે અને ગૌરવ સાથે કહી શકીએ કે પૂર આવ્યું ત્યારે જે પૂર આવ્યું એના ૨૪ કલાકની અંદર અમે બધા તાત્કાલિક એજ દિવસે પૂરની અંદર પાણીમાં પહોંચી પ્રજાને મદદ કરવા માટેના પૂરતા પ્રયત્નો કર્યાં હતા. માત્ર હું પોતે નહીં, બીજા જ દિવસે રાજયના મુખ્યમંત્રીશ્રી હેલિકોપ્ટર ઉપડી શકે એવી સ્થિતિ ન હોવા છતાં પોતે બાય કાર જઇને ત્યાં આગળ પહોંચીને તાત્કાલિક સૂચના આપી કે જે નિર્ણય ગાંધીનગરથી કરવાના હોય એ બધા નિર્ણયના અધિકાર અહીંયા આપું છું, અમારો બનાસકાંઠાનો એક પણ વ્યક્તિ મૃત્યુ ન પામે એના માટે જે કરવું હોય તે કરો. હેલિકોપ્ટરની વ્યવસ્થા કયાં કરવી? હેલિપેડ બધા પાણીમાં ડૂબેલા હતા અમે હાઇવે ઉપર પાંચ પાંચ હેલિકોપ્ટર ઉતારી અને માણસોને બચાવવા માટેની વ્યવસ્થા કરીને ૧૧૦૦ જેટલા લોકોને રેસ્ક્યુ કરીને એને બચાવવાનું ઐતિહાસિક કામ બનાસકાંઠાની ધરતી ઉપર આપણે બધા ભેગા મળીને કરી શક્યા છીએ. (અંતરાય) શ્રાપ તો તેઓ વડીલ છે એટલે ન આપે, શ્રાપ આપવાનું કામ એમનું નથી. શ્રાપ આપવાનો વિષય હું એટલા માટે નથી કહેતો શ્રાપ આપવાનું કામ કોણ કરી શકે? લોકશાહીની અંદર તો પ્રજા કરે. આ પુર આવ્યા પછી ત્યાંની પ્રજાએ ત્રણ નિર્ણયો કર્યા, અમારે ત્યાં ચાર ચૂંટણીઓ આવી. મારે ન કહેવાય છતાં પણ મારે આજે આ વાત અહીંયા કરવી છે. એક અમારે પાલનપુરની અંદર નગરપાલિકાની ચુંટણી આવી. બીજી ડીસામાં આવી અને ત્રીજી હમણાં ભાભરમાં આવી. એક નાનકડી ડેરીની પણ ગોવાભાઇ આપણે સામસામી લડ્યા. આ બધાની અંદર લોકશાહીમાં પ્રજાનો મત એ આખરી મત હોય છે. પ્રજાનો ચૂકાદો આખરી હોય છે. પ્રજાએ ચારે ચારની અંદર ચૂકાદો આપી દીધો છે વનસાઇડ, એ પણ આ પુરની સ્થિતિ પછી. બાપુ અહીંયા હમણાં વાત કરતા હતા આપણા વડીલ અને ડોકટર અનિલભાઇ પણ કરતા હતા. તેઓ કહેતા હતા તહેવારો વિશે. તહેવારો તમે ઉજવો છો, ઉત્સવો ઉજવો છો. હા અમે ઉત્સવો ઉજવીએ છીએ અને ઉત્સવ અમે એટલા માટે ઉજવીએ છીએ કે ઉત્સવ અમારી ધરોહર છે અને હું માત્ર કહું છું એવું નથી હમણાં વિદેશની અંદર તમારા કેન્દ્રના પૂર્વ મંત્રી શશી થરૂર ગયા હતા. એમણે વાત કરી કે ઇન્ડિયા એ સોફ્ટ પાવર છે. એમણે કહ્યું કે ફ્યુચરનું સોફ્ટ પાવર ઇન્ડિયા છે. એમના જ શબ્દોની અંદર કહુ છું કે અમેરિકાને કદાચ ગૌરવ હશે પોતાના ફોલાદી વાહનોનું, જાપાનને કદાચ પોતાના લાઇટ વેઇટ વ્હીકલો માટેનું કે પોતાના લાઇટ વેઇટ સાધનો વિષે ગૌરવ હશે, ઇન્ડિયાને પોતાના સોફ્ટ પાવરનો પ્રાઉડ છે અને સોફ્ટ પાવર એટલે શું? સોફ્ટ પાવર એટલે કલ્ચર. ઉત્સવો, લચકપણું, આત્મીયતા, કુટુંબપ્રથા, સોફ્ટ પાવર એટલે આ આપણી ચાલી આવતી પરંપરાઓ અને આ પરંપરાઓ વગરનો વ્યક્તિ, એ ઉત્સવો વગરનો વ્યક્તિ, શું આપણે રોબોટ બનાવી નાંખવો છે, ઇ–ક્યુ વગરની વ્યવસ્થા કેવી રહેશે? માત્ર આઇ–ક્યુ, આઇ–ક્યુની દિશાની અંદર જ આગળ વધીશું અને માણસની અંદર જો સંવેદના જ નહિ હોય, ઇ–ક્યુ નહિ હોય, સંવેદનશીલતા અંદર હશે જ

નહિ તો શું થશે? ઇમોશનલપણું આવે છે આ ઉત્સવોને કારણે. આપણી પરંપરાની અંદર તો ઉત્સવો છે જ. પરંતુ રાજ્ય સરકારે તેની અંદર વધારે ઉમેરો કરવાનું ઐતિહાસિક કામ કર્યું છે અને એનું અમને ગૌરવ છે અને આ કામ અમે કરતા રહીશું. ગૌરવ તો આપણે શેનું ઉજવવું પડે, અમે ગરીબોને મદદ કરતા હોઇએ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી તો એ અમે ઉત્સવ તરીકે લીધેલ છે. કોઇને મદદ કરવી તો પણ એ ગરીબ કલ્યાણ મેળો કરીને. એટલે ખાલી મદદ કરવી એટલા પૂરતું નહિ. બીજી વાત અહીંયા યોગની કરવામાં આવી. અહીંયા ચર્ચા કરતા હતા, બાપુ પણ વાત કરતા હતા કે રામદેવજી મહારાજ પેટ બહાર કાઢે છે અને અંદર નાંખે છે, વડીલ છે એમનો અનુભવ છે, યોગ તો બાપુ પણ કરે છે પણ આજે બાપુ છે નહિ, નહિતર હું વાત કરત યોગ વિશે. પણ યોગનું શિક્ષણ હાલના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ જ્યારે શિક્ષણ મંત્રી હતા ત્યારે એમણે યોગ વિષયને સિલેબસની અંદર દાખલ કરેલો. પ્રાથમિક શાળાથી માંડીને હાઇસ્કૂલની અંદર યોગ વિષયને આપણે દાખલ કર્યો. યોગને આપણે બધાએ સ્વીકૃત કરવો જોઇએ. શિક્ષણની અંદર યોગને દાખલ કર્યા પછી, આજથી પંદર વરસ પહેલાં શિક્ષણમાં યોગના વિષયને દાખલ કર્યો. આજે એ યોગ ક્યાં પહોંચ્યો? અમેરિકા મહાસત્તા હોવાનું ગૌરવ લે છે, દુનિયામાં સૌથી પહેલો સુરજ જ્યાં ઉગે છે તેનું જાપાન ગૌરવ લે છે તે જ પ્રમાણે હિંદુસ્તાનની જનતા ગૌરવ લે છે કે અમે વિશ્વને યોગની ભેટ આપી છે. યુનાઇટેડ નેશન્સે આ બાબતને સ્વીકારી છે. સદભાગ્ય તો માત્ર હિંદુસ્તાનનું નહિ, આપણા ગુજરાતીઓનું એ ગૌરવ છે કે યુનાઇટેડ નેશન્સની અંદર યોગને વૈશ્વિક ભેટ આપવા માટેનું કામ આ ગુજરાતના સપૂત નરેન્દ્રભાઇ મોદી સાહેબના હાથે થયું. આ બાબત આ પક્ષ કે પેલા પક્ષની નથી, પરંતુ આપણી ધરોહર, આપણી પરંપરાને દુનિયાએ સ્વીકૃત કરેલ છે. આ ઘટના આપણા માટે એક ઐતિહાસિક ઘટના છે. આને કોઇએ પણ પોઝીટીવલી જ લેવું પડે. હમણાં એક લોકસંવાદ કાર્યક્રમ કર્યો પ્રજાના પ્રશ્નો સીધે સીધા સાંભળવા માટે માનનીય મંત્રીશ્રીઓ એક એક પ્રાંત ઓફિસ કક્ષાએ ગયા. ત્યાં પ્રજાના પ્રશ્નો લીધા, પ્રજાને બોલાવી અને ત્યાંજ લોક–દરબાર ભરીને ૨૪૭ જેટલા લોક–સંવાદ કાર્યક્રમોની અંદર ૧૩,૨૯૬ જેટલા પ્રશ્નોના માનનીય મંત્રીશ્રીઓની હાજરીમાં ત્યાં અને ત્યાં તેના ઉકેલ લાવ્યા. પહેલાંના સમયમાં રામરાજયની કલ્પના કરતા હતા, વાતો કરતા ત્યારે લાગતું કે રાજા પોતે પ્રજાની વચ્ચે જતા. લોકશાહીની આ સંસદીય પ્રણાલીની અંદર આજની જે સીસ્ટમ છે તેમાં સૌથી સારુ જે કરી શકાય તે પ્રમાણેનું કામ અને પ્રજા વચ્ચે જઇને તેનો ઉકેલ લાવવાનું કામ આ રાજય સરકારે કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલતા માટે હમણાં આપણાં મુખ્યમંત્રીશ્રીએ એક વાત કરી કે એક એક વર્ષનો ટાર્ગેટ નક્કી કરીએ કેટલાક માપદંડો સાથે આપણે નિર્ણય કરીએ કે ગુજરાતની પ્રગતિ કરવા માટે અને ગતિશીલ વર્ષ એક તબક્કો, બીજો તબક્કો, ત્રીજો તબક્કો આ પ્રમાણે નિર્ણય કર્યો. પ્રથમ તબક્કાની અંદર જે માપદંડો હતા, જે ટાર્ગેટ નક્કી કર્યા હતા માનનીય અધ્યક્ષશ્રી, સો ટકા ટાર્ગેટ પૂરા કરીએ એટલે આપણને લાગે કે આપણે કામ પૂર્ણ કર્યુ. માત્ર પ્રથમ તબક્કાની અંદર સો ટકા નહીં એ જે ટાર્ગેટ આપ્યા હતા તેમાંથી ૧૩૮ ટકા જેટલા લક્ષ્યાંક આ ગુજરાતની ટીમે ભેગાં થઇને પ્રજા કલ્યાણ માટેના પૂર્ણ કર્યા અને બીજો તબક્કો ચાલુ કર્યો વિશ્રામ, આરામ નહીં બીજુ કામ તાત્કાલિક પ્રજા કલ્યાણ માટેનો ફરી યજ્ઞ આદર્યો. બીજા તબક્કાની અંદર પણ ૧૨૬ ટકા જેટલો લક્ષ્યાંક આ રાજય સરકારે પ્રજા કલ્યાણ માટેનો પૂર્ણ કર્યો. પ્રજાના હિત માટે કરીને નવી નવી પોલિસી લાવવાનું કર્યુ. કેટલીક બિમારીઓ, કેટલાક ડિસીસ ખોરાકના કારણે, ખાસ રાસાયણિક દવાઓના કારણે જે ઉત્પાદન થતા અનાજની અંદર બાકીની દવાઓને કારણે થાય છે. ઓર્ગેનિક એગ્રીકલ્ચર માટે કરીને, એનો બઢાવો મળે એટલા માટે કરીને ભવિષ્યની અંદર લોકો પોતે કુદરતી ખોરાક, જે કુદરતી અનાજ પાકે છે તે પ્રમાણે ખાતા થાય એ માટે રાજય સરકારે નવી ઓર્ગેનિક ખેતી નીતિ રાજયની અંદર આપણે ત્યાં અમલમાં મૂકી. ફ્યૂચરની અંદર આપણે આવતીકાલ તો જોઇએ પરંતુ આપણાં બાળકોના ખોરાકની અંદર ધીમુ ઝેર ના જાય તે માટે આજે આ લીધેલું પગલું આવતીકાલે ખૂબ મોટું પરિણામ નવી પેઢી માટે આવશે. એટલે મેં જે વાત કરી હતી માત્ર પોલિટીશ્યન નહીં સ્ટેટ્સમેન કે જે માત્ર આજની ચિંતા કરે છે તેવું નહીં, માત્ર મતોની ચિંતા કરે છે તેવુ નહીં પરંતુ આવતીકાલનું ભવિષ્ય એની ચિંતા કરીને પ્રજાને આવતીકાલની ચિંતા કરવાનો નિર્ણય જે કરવાવાળા રાજનેતાઓ હોય છે તેમાંનુ કામ એટલે એગ્રીકલ્ચર માટેની આ ઓર્ગેનિક એગ્રીકલ્ચર પોલિસી.

માનનીય અધ્યક્ષશ્રી, નવી ગોચર, નવી પોલિસી બનાવી નવી ગોચર નીતિ. નવી ઇલેક્ટ્રોનિક્સ નીતિ, નવી ઇ–ગવર્નન્સ નીતિ, નવી પ્રવાસન નીતિ, ફિલ્મની અંદર પણ પ્રોત્સાહન મળે તે માટેની નીતિ, અલંગ ડેવલપમેન્ટ માટેની નીતિ અને હમણાં આવાસો માટેની રી–ડેવલપમેન્ટ પોલિસી. આ બધી નીતિઓ ગુજરાતની પ્રજાના કલ્યાણ માટે કરીને આ કામ કરતા કરતા સાથે સાથે આવતીકાલનું ભવિષ્ય ઉજળું થાય તે માટે જયાં જયાં લાગે કે કાયદાની અંદર સુધારો કરવો છે તો કાયદાની અંદર સુધારો કરીને, નવી પોલિસી નિર્માણ કરીને રાજયની પ્રજાના કલ્યાણ માટેનું કામ આ રાજય સરકાર કરી રહી છે. પ્રજાની સંવેદના દેખાતી હોય છે આફતના સમયે. એ આફત નિલોફરની હોય કે કોઇ કાઠમંડુની અંદર દુર્ઘટનાની અંદર લોકો પડી ગયા હોય તો એવા વખતે ખબર પડે. નિલોફરનું વાવાઝોડું કચ્છની અંદર આવતું હતું ત્યારે આખી રાજય સરકારની ટીમ ત્યાં પહોંચાડીને એ રીતની વ્યવસ્થા પ્લાનબદ્ધ કરી કે આજે પણ કચ્છ જીલ્લાના પ્રજાજનો કહે છે કે પૂરની સ્થિતિ હોય કે આફતની સ્થિતિ હોય ત્યારે ગુજરાત સરકાર જે અમારી પડખે બેઠી છે એનો જે વિશ્વાસ જે અમારા હૃદયને છે એટલે ગમે એવુ વાવાઝોડું આવે, ગમે એવી આફત આવે પણ અમને ધરપત છે સંવેદના સાથે કામ કરે છે. કાઠમંડુની ખીણની અંદર સુરેન્દ્રનગરના કે બાકીના કોઇ લોકો મૃત્યુ પામ્યાં હોય તો માત્ર તેને આશ્વાસન આપવા માટે નહીં, માત્ર રાહત જાહેર કરે એટલા પૂરતું નહીં પણ સન્માનપૂર્વક જરૂર પડે હેલિકોપ્ટર કે

વિમાનની જરૂર પડે તો લઇને પણ તેમની લાશો માન−સન્માન સાથે તેમના વતન સુધી પહોંચાડે. પ્રજા સાચા અર્થમાં માઇ−બાપ શું છે એનું ઉદાહરણ આવી ઘટનાઓની અંદર સંવેદના દેખાતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, પોલીટીક્સની અંદર, રાજનીતિની અંદર છીએ અને વિરોધપક્ષ ટીકા ન કરે એવી કોઇ અપેક્ષા રખાય નહીં અને હું માનું છું કે, રાજનીતિની અંદર જે પરંપરા છે એની અંદર રાજય સરકારની કયાંય તૃટી રહેતી હોય તો એમને હકક અને અધિકાર છે અને એ અધિકાર આપણે કયાંય દબાવીએ નહીં, પરંતુ પોઝીટીવ બાબતમાં, રચનાત્મક જો વિરોધપક્ષ તરીકેની ભૂમિકા ભજવીએ તો હું જોઉં છું કે ઘણા બધા મિત્રો છે અને અહીંયાં બેઠેલા મિત્રોને મારે અભિનંદન આપવા પડે કે, માનનીય નરેન્દ્રભાઇ મોદી જેવા મુખ્ય મંત્રી હોય અને એવા સમયે આટલા મિત્રો જીતીને આવ્યા છે એટલે અહીંયા જીતીને આવ્યા છે એ લોકો સામાન્ય છે એવું નથી સમજતો, હું સમજું છું કે આ લોકો છે એ પાવરફૂલ લોકો છે અને એમણે પોતાની વ્યકિતગત તાકાત એવી હશે કે આખી આખી પાર્ટીની નીતિ ગમે તેવી પ્રજાએ સ્વીકૃત ન કરી હોય છતાંય એમને સ્વીકાર્યા છે, ગઇ કાલે કદાચ એમની પાર્ટીની નીતિ પ્રજાએ નહીં સ્વીકારી હોય, છતાંય એમને સ્વીકારીને અહીંયાં મોકલ્યા છે,પરંતુ હવે આવનારા સમયની અંદર પણ તમે અહીંયાં વિરોધપક્ષમાં બેસી શકો તે માટે રચનાત્મક ભૂમિકા તમારે ભજવવી જ પડશે. (અંતરાય) હું તમને કહું છું, તમને હું એ જ વાત કરું છું કે દિલ્હીમાં બેઠેલા લોકોએ *(×××) એ પ્રમાણે હું માનું છું કે, અહીંયાં બેસવાની જગ્યા પણ નહીં રહી શકે. તમારા જેવા સક્ષમ લોકો કે જે પ્રજાનો અવાજ અહીં સુધી પહોંચાડવાનું કામ કરે છે, (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : આપે જે યુનિવર્સિટીનો અહીં ઉલ્લેખ કર્યો છે એટલા પૂરતું દૂર કરીએ છીએ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત ચોખ્ખી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની સંવેદનશીલ ઘટનાનો અહીંયાં પડઘો પડે....

ઉપાધ્યક્ષશ્રી : આપણે શબ્દો માનનીય નીતિનભાઇ, આપણે દૂર કર્યા હતા. આપણે દૂર કર્યા હતા રેકર્ડ પરથી... (અંતરાય) માનનીય શંકરભાઇ, ચાલુ રાખો. ભાઇ, બેસી જાઓ, પ્લીઝ, માનનીય પુંજાભાઇ, માનનીય તેજશ્રી બેન, માનનીય પરેશભાઇ, આપ બેસી જાઓ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં બેઠેલા કોઇપણ સભ્યોની દેશભકિત પર સહેજ પણ મને શંકા ન હોય અને એનો અધિકાર પણ મને નથી, પણ માનનીય અધ્યક્ષશ્રી, હિન્દુસ્તાનની કોઇ યુનિવર્સિટીની અંદર, આપણા દેશની યુનિવર્સિટીની અંદર જયાં વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યાં આ *(×××) (અંતરાય) એ કયારેય...સભ્ય સંસ્કારને..

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીએ દેશની યુનિવર્સિટીની વાત કરી છે, જે સબજયુડિસ મેટર છે એની વાત નથી કરી. પ્લીઝ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન માત્ર એટલો જ છે કે, (અંતરાય) ભારત માતા માત્ર અમારી માતા નથી, પણ આ દેશમાં વસતા જનજનની માતા છે અને ભારત માતાના વિરોધમાં કોઇએ પણ ઉચ્ચારણ કરવું એ કોઇ પણ દેશ માટે... (અંતરાય)..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસી જાઓ, પ્લીઝ, એ હું જોઇ લઇશ અને એવું હશે તો એ દૂર કરીશ. ચાલો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદીઓને સમર્થન કરવું અને આતંકવાદીઓના સમર્થનમાં...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, પ્લીઝ, કોર્ટને અસર કરતા શબ્દો હશે તો હું દૂર કરીશ પણ આપ બેસી જાઓ, પ્લીઝ..ચાલો, માનનીય શંકરભાઇ, હવે એક મિનિટ છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપ આપના રેકર્ડ ઉપર જોઇ લે ા, મેં કોઇના નામજોગ નથી કહ્યું પણ હું એટલી જ વાત કરું છું કે...

ઉપાધ્યક્ષશ્રી : બસ, પૂરું. હવે, પરેશભાઇ પ્લીઝ, આપ બેસી જાઓ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇ આપ બેસો, તમે ત્રાસવાદીઓ સાથે ન બેસો એવો મને ભરોસો છે. તમે એવું ન કરો, પણ જે લોકો જોડાયા હોય, એમના સમર્થનની અંદર ગયા હોય એવા લોકોને કહેવું જોઇએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આજના તબકકે મહામહિમ રાજયપાલશ્રીએ આવીને આ સભાગૃહને સંબોધન કર્યું અને આ સંબોધનની અંદર વિધાનસભાના તમામ સભ્યશ્રીઓનો જે મત છે એની અંદર માનનીય અધ્યક્ષશ્રી, મારો મત છે.

'' સભાગૃહનું કામકાજ બપોરના ૧−૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તારીખ ૨૯−૨−૨૦૧૬ના રોજ બપોરના ૧૨−૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.''

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬
ફાલ્ગુન ૧૦, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

### તારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

* ૨૦૯૪૯ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮૭ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૭૦ અરજીઓ. |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૨૭૦ સાયકલો. |

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, સરસ્વતી સાધના યોજનામાં સાયકલ આપવાની યોજના ક્યારથી અમલમાં આવી છે અને આ યોજના હેઠળ લાભ મેળવવા માટેના પાત્રતાના ધોરણો શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સને ૧૯૯૯–૨૦૦૦માં સરસ્વતી સાધના યોજના અન્વયે આ સાયકલ આપવાની યોજના ચાલુ થઇ છે અને આ યોજનામાં ધોરણ ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને આ સાયકલ આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં આવકની મર્યાદા ૪૭૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૬૮૦૦૦ની આવક મર્યાદાની વિદ્યાર્થીનીઓને આ સાયકલ આપવામાં આવે છે.

### અમદાવાદ જિલ્લામાં ચૂકવેલ આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૦૯૪૦ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯૭. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૯૦.૦૦ લાખ. |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાના ધારા ધોરણ શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્નની અંદર ૫૦,૦૦૦ની સહાય કરવામાં આવે છે, તેમાં ૨૫,૦૦૦ રૂપિયાના પ્રમાણપત્રો આપવામાં આવે છે અને ૨૫,૦૦૦ રૂપિયાના ઘર વપરાશના સાધનોની ખરીદી માટે રોકડ સ્વરૂપે આપવામાં આવે છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, આંતરજ્ઞાતિય લગ્નની સહાય મેળવવા માટે પાત્રતાના માપદંડો શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ લગ્ન કરનાર દીકરીની ઉંમર ૧૮ વર્ષ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષની હોવી જોઇએ, આમાંનું એક પાત્ર અનુસૂચિત જાતિનું હોવું જોઇએ, લગ્ન કર્યાની બે વર્ષની સમય મર્યાદામાં એમણે અરજી કરવાની હોય છે, લગ્નનું રજિસ્ટ્રેશન થયેલું હોવું જોઇએ, એ મૂળ ગુજરાતના વતની પણ હોવા જોઇએ અને એમના મા–બાપ પરપ્રાંતના હોય અને પાંચ વર્ષથી ગુજરાતમાં રહેતા હોય એને પણ આ સહાયનો લાભ આપવામાં આવે છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, આંતરજ્ઞાતિય લગ્નની સહાય માટે અમદાવાદ શહેરની કેટલી અરજીઓ આવી, કેટલી નામંજૂર થઇ અને કેટલી મંજૂર કરવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરી વિસ્તારની અંદર ૧૯૧ અરજીઓ આવી જેની અંદરથી ૧૮૯ અરજીઓ મંજૂર કરવામાં આવી અને બે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

ફાલ્ગુન ૧૦, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી અને વર્ષ ૨૦૧૫-૧૬માં કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના રાજ્ય સરકારે આંતરજ્ઞાતિય સમૂહ લગ્ન માટેની યોજના શરૂ કરી અને એના માટેની અત્યાર સુધીમાં જ્યાં સુધી અમદાવાદ જિલ્લાને સંબંધ છે ત્યાં સુધી ૧૯૭ અરજીઓ મંજૂર કરેલી અને એની અંદર ૯૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, અમદાવાદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્નો જે થયા હોય એ તો ઠીક છે પણ જે લોકોએ લવ મેરેજ કરીને લગ્ન કર્યા હોય તેમને આ સહાય ચૂકવવામાં આવે છે કે કેમ? બીજું, અમદાવાદ જિલ્લામાં કયા કયા તાલુકામાં કેટલા આંતરજ્ઞાતિય લગ્ન થયેલા છે તેની વિગતવાર માહિતી આપવા મારી વિનંતી છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જેમણે લગ્ન કર્યા હોય એમણે લગ્નના બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની હોય છે. એક પાત્ર અનુસૂચિત જાતિનું હોય એ ફરજીયાત છે. અનુસૂચિત જાતિના હોય, બે વર્ષમાં અરજી કરી હોય તો આ યોજનાનો એમને લાભ મળે છે. અમદાવાદ જિલ્લાના ૧૧ તાલુકામાંથી કુલ ૧૯૯ અરજી આવી હતી એમાંથી ૧૯૭ અરજી મંજૂર કરી અને ૯૦ લાખની ચૂકવણી કરવામાં આવી છે. સી.ટી. તાલુકામાં ૧૯૧ અરજી મળી જેમાંથી ૧૮૯ મંજૂર કરવામાં આવી. દસક્રોઇમાં ૩ આવી ૩ મંજૂર કરી, ધોળકામાં ૨ અરજી આવી ૨ મંજૂર કરી. ધંધુકામાં ૧ અરજી આવી ૧ મંજૂર કરી. વિરમગામમાં ૨ અરજી આવી ૨ મંજૂર કરી. કુલ ૧૯૯ અરજી આવી ૧૯૭ મંજૂર કરી.

વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૨૧૯૪૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરી ?

જવાબ

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | નામંજુર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૩૭૧ | ૩૨૮ | ૪૩ |
| ૨ | પારડી | ૧૫૭ | ૧૪૧ | ૧૬ |
| ૩ | ઉંમરગામ | ૧૦૭ | ૧૦૧ | ૬ |
| ૪ | ધરમપુર | ૦૨ | ૦૧ | ૧ |
| ૫ | કપરાડા | ૦૦ | ૦૦ | ૦ |
| ૬ | વાપી | ૦૧ | ૦૧ | ૦ |
| | કુલ | ૬૩૮ | ૫૭૨ | ૬૬ |

શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ ૬૩૮ અરજીઓ થઇ તેમાં ધરમપુર તાલુકામાં બે અરજી, કપરાડા તાલુકામાં એક પણ નહીં , વાપી તાલુકામાં એક અરજી થઇ, આ તાલુકામાં નહીવત અરજી થવાના કારણો શા છે? ૬૩૮ અરજી થઇ એમાંથી ૬૬ અરજીઓ નામંજૂર થઇ એના કારણો શા છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં અનુસૂચિત જાતિની અરજીઓ ૫૫ હતી, વિકસતી જાતિની ૫૮૩ કુલ ૬૩૮ અરજી આવી હતી તે પૈકી ૫૭૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. કુંવરબાઇના મામેરા યોજના હેઠળ પાત્રતાના ધોરણો છે એમાં કોઇ લોકો અરજી કરે તો જ એને મળવાપાત્ર છે. જયારે કોઈ અરજી કરી જ ન હોય તો એવા તાલુકાને સામેથી કંઇ આપવાનું હોતું નથી.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કુંવરબાઇનું મામેરું યોજનાનો હેતુ શું છે? આ યોજનાનો અમલ કયારથી શરૂ થયો? હાલમાં આ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે? બીજો પ્રશ્ન છે કે આ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તાલુકવાર કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ કુંવરબાઇનું મામેરું યોજનાની ૧૯૯૫ પછી શરૂઆત કરવામાં આવી. જે તે વખતે એનું ધોરણ ૫૦૦૦ રૂપિયા ચૂકવવાનું હતું છેલ્લે અત્યારે ૧૦૦૦૦ રૂપિયા આપણે ચૂકવીએ છીએ. પહેલા એક દીકરી પૂરતી આ યોજના મર્યાદિત હતી હવે બે દીકરીઓ સુધી આપણે ૧૦૦૦૦ની સહાય આપીએ છીએ. એમણે પૂછ્યું એ પ્રમાણે વલસાડ જિલ્લાના ૬ તાલુકાઓમાં કુલ ૫૫ જેટલી અરજીઓ આવી છે. ૫.૫૦લાખ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી છે. વિકસતી જાતિની ૫૧૭ અરજીઓ આવી, બધી જ અરજી મંજૂર કરી, ૫૧,૭૦,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સહાયનું ધોરણ એક સરખું છે. તમામ અરજદારોને ૧૦૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. માત્ર આવકની મર્યાદામાં શહેરી વિસ્તાર હોય તો ૬૮૦૦૦, ગ્રામ્ય વિસ્તાર હોય તો ૪૭૦૦૦ આ આવકનું

ધોરણ હોય એ લોકોને ૧૦૦૦૦ રૂપિયા સમગ્ર રાજયમાં એક જ ધોરણે આપવામાં આવે છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ મેળવવા માટે પાત્રતા શું છે અને એની સાથે કયા પુરાવા રજૂ કરવાના હોય છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સક્ષમ અધિકારીનો જાતિનો દાખલો આપવાનો હોય છે. ઉંમરનો પુરાવો ૧૮ વર્ષ દીકરી માટે, ૨૧ વર્ષ દીકરા માટે. લગ્નની કંકોતરી આપણે સ્વીકારીએ છીએ અને એની સાથે લગ્નનું રજીસ્ટ્રેશન હોવું ફરજીયાત છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ લેવા માટે અરજી સાથે કયા કયા પુરાવા રજૂ કરવાના હોય છે? વાપી તાલુકાની અંદર અનુસૂચિત જાતિની ઘણી મોટી સંખ્યા છે એમ છતાં અરજી એક જ આવી છે તો વિભાગે કામગીરીમાં શું અસર કરી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : મેં અગાઉ કહ્યું તેમ સક્ષમ અધિકારીનો કઇ જ્ઞાતિના છે, કઇ જાતિના છે તેનો દાખલો આપવાનો હોય છે. ઉમરનો પુરાવો આપવાનો હોય છે. લગ્ન-કંકોત્રી આપવાની હોય છે. લગ્ન રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે. અનુસૂચિત જનજાતિની વાપી જિલ્લામાં ૧,૦૦૦ અરજીઓ આવેલી છે. પહેલા કહ્યું તે પ્રમાણે જે પણ અરજદાર હોય જેણે લગ્ન કર્યા હોય તેણે પુરતા પુરાવા સાથે સમાજ કલ્યાણ અધિકારી સમક્ષ રજૂ કરવાનું હોય છે. જેટલા લોકો પુરાવા રજૂ કરે એમાંથી મંજૂર, નામંજૂરની પ્રક્રિયા થતી હોય છે.

બનાસકાંઠા જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓ

* ૨૧૮૦૮ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કઈ જગ્યાએ વિકસતી જાતિના બાળકો માટે આદર્શ નિવાસી શાળાઓ આવેલ છે, અને

(૨) આદર્શ નિવાસી શાળાથી વંચિત કયા તાલુકાઓમાં આદર્શ નિવાસી શાળા કેટલા સમયમાં શરૂ કરાશે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | થરાદ | ૦૧ |
| ૨ | ડીસા | ૦૧ |

(૨) હાલ આવી કોઈ બાબત વિચારણા હેઠળ નથી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : મારા પ્રશ્નના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે એક થરાદમાં એક ડીસામાં આદર્શ નિવાસી શાળાઓ બાંધી છે. બાકીના તાલુકામાં બાંધવાનું કોઇ આયોજન નથી, તો આ બે શાળા કયા વર્ષમાં બાંધી અને આ રકમ જે વપરાઇ તે કેન્દ્ર સરકારની હતી કે રાજ્ય સરકારની? હાલ આ શાળામાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? બાકીના તાલુકામાં ક્યારે બાંધવામાં આવશે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ડીસામાં જે આદર્શ નિવાસી શાળા બાંધવામાં આવી તેની પાછળ ૫૫૭.૮૩ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. થરાદમાં બાંધવામાં આવી તેમાં ૭૨૨.૨૮ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. આ બંનેય આદર્શ નિવાસી શાળા જ્યારે મંજૂર કરવામાં આવી, ત્યારે આપણું મકાન ન હોવાના કારણે અન્ય વિસ્તારમાં ચલાવાતી હતી. મકાન આપણું પૂર્ણ થયા પછી થરાદ અને ડીસામાં શાળા કાર્યરત કરવામાં આવેલ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : સ્ટાફ કેટલો છે? બાળકો કેટલાં છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : હાલ બંને શાળાની અંદર ૩-૩ ના સ્ટાફનું મંજૂર મહેકમ છે. બાકીની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. વિદ્યાર્થીની સંખ્યા ડીસામાં ૧૦૨ અને થરાદમાં ૮૪ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : કેન્દ્ર સરકારની કે રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી બનાવેલ છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : આ તમામ યોજના રાજય સરકાર હસ્તક છે. આમાં કેન્દ્ર સરકારની આજે કે ગઇકાલે કયારે ય કોઇ ગ્રાન્ટ આવી નથી. આ જિલ્લાની અંદર ગત વર્ષે જેમ જરૂરિયાત હતી તેમ ૧૨.૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ આ બંનેય છાત્રાલયો બાંધવા પાછળ થયેલ છે. સમય પ્રમાણે જયાં જયાં જરૂરિયાત થતી હોય ત્યાં બજેટમાં જોગવાઇ કરીને નવા છાત્રાલયો બાંધીએ છીએ.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટેના ધોરણો શા છે? સાથે સાથે પ્રવેશ માટે આવક-મર્યાદા શું નક્કી કરેલ છે? આ શાળામાં વિદ્યાર્થીઓને શું શું સગવડતા આપવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આદર્શ નિવાસી શાળામાં ધોરણ ૯ થી પ્રવેશ આપવામાં આવે છે. આદર્શ નિવાસી શાળામાં પ્રવેશ માટે ધોરણ-૮ ની પરીક્ષામાં કુમારે ૫૦ ટકા ગુણ અને કન્યાએ પ્રવેશ માટે ૪૫ ટકા ગુણ મેળવેલા હોવા જોઇએ. વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૪૭૦૦૦/- રૂપિયાની અને શહેરી વિસ્તાર માટે ૬૮૦૦૦/- ની નક્કી કરવામાં આવેલ છે. આ આદર્શ નિવાસી શાળામાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કોઇ આવક-મર્યાદાનું

ધોરણ નથી. આ આદર્શ નિવાસી શાળાની અંદર વિનામૂલ્યે રહેવાની સગવડ, વિનામૂલ્યે જમવાની સગવડ બે જોડી ગણવેશ, બૂટ મોજાં, ભણવા માટેના પુસ્તકો, રમતગમતના સાધનો, સ્ટેશનરીની સુવિધા, મફત શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓનું આરોગ્ય જળવાય તે માટે આર.ઓ. પ્લાન્ટ પણ લગાવવામાં આવેલ છે તથા ઠંડા પાણીની વ્યવસ્થા માટે વૉટર કુલરની વ્યવસ્થા આ બન્ને આદર્શ નિવાસી શાળાઓની અંદર કરવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના બાળકોની સંખ્યા કેટલી છે? બનાસકાંઠા બહુ મોટો જિલ્લો છે અને ત્યાં આગળ માત્ર બે જ સ્કૂલો છે. આમાં જો ધોરણો બદલાય તો તે ધોરણો બદલીને બીજે આદર્શ નિવાસી શાળા આપવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાની અંદર બે આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે અને તેમાં નકકી કરેલી જ્ઞાતિના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. બનાસકાંઠાની અંદર આદર્શ નિવાસી શાળા ઉપરાંત બક્ષીપંચ છાત્રાલયો અને બીજી વ્યવસ્થા હોવાના કારણે જેમ માનનીય જોઇતાભાઇએ કહ્યું તેમ આ અંગે બીજું કોઇ આયોજન છે કે નહીં તો આ બધી વ્યવસ્થાઓ હોવાના લીધે બીજી કોઇ આદર્શ નિવાસી શાળા બનાવવાનું હાલ વિચારણામાં નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિના બાળકોની સંખ્યા કેટલી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, આ આદર્શ નિવાસી શાળાઓનો પ્રશ્ન છે. આખા જિલ્લાનો પ્રશ્ન નથી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે ડીસાની અંદર આદર્શ નિવાસી શાળા કયારે મંજૂર થઇ અને તે મંજૂર થયા પછી કેટલા વર્ષો પછી આ ડીસાની અંદર ચાલુ થઇ, બાકીના વર્ષોમાં આ આદર્શ નિવાસી શાળા જિલ્લામાં ચાલુ હતી કે જિલ્લા બહાર હતી. આ ડીસાની અંદર આદર્શ નિવાસી શાળામાં કેટલા બાળકોનો સમાવેશ થાય છે અને હાલ કેટલા બાળકો છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી,આ બંને શાળાઓ તારીખ ૮-૧૨-૧૯૮૯થી મંજૂર કરવામાં આવી હતી. થરાદની શાળા ૧૯૯૧માં મંજૂર કરવામાં આવી હતી. આ શાળા માટે ભાડાનું મકાન ઉપલબ્ધ ન થયું એટલા માટે ખેરાલુમાં આપણું પોતાનું મકાન હોવાથી આ બધા વિદ્યાર્થીઓને ખેરાલુમાં રાખી ત્યાં આગળ શિક્ષણ આપતા હતા. તે પછી મકાનની સગવડ થઇ ત્યારથી એટલે કે ૧૬-૧૦-૨૦૧૩થી આ બંને મકાનો તૈયાર થયા છે તેથી આજે આપણે પોતાના મકાનની અંદર આ શાળાઓ ચલાવીએ છીએ.

બનાસકાંઠા જિલ્લામાં આવાસોની ફાળવણી

* ૨૧૬૩૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આંબેડકર આવાસ યોજના હેઠળ કેટલાં મકાન ફાળવવામાં આવ્યા, | (૧) ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન ફાળવવામાં આવતા નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલાં આવાસો ફાળવવાના બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બાબતે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ લાભાર્થીઓને વ્યક્તિગત મકાન બાંધવા માટેની કેટલી અરજીઓ મળી, બીજો પ્રશ્ન છે કે બીજા અને ત્રીજા હપ્તાની ચૂકવણી કરવા માટે ગ્રાન્ટના અભાવે લાભાર્થીઓને કરવા માટે વિલંબ થયેલ છે તે વાત સાચી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જિલ્લાની અંદર આવાસ યોજના માટેનો લક્ષ્યાંક આપવામાં આવેલો હોય છે. તે પ્રમાણે બનાસકાંઠા જિલ્લામાં જેટલો લક્ષ્યાંક આપવામાં આવેલ છે તેના કરતાં સિદ્ધિ વધારે છે. એમણે કહ્યું તે પ્રમાણે ત્રણ હપ્તાની અંદર આપણે આની ચૂકવણી કરતા હોઇએ છીએ. પહેલો હપ્તો ૧૭ હજાર ૫૦૦ રૂપિયા, બીજો હપ્તો ૪૨ હજાર રૂપિયા અને ત્રીજો હપ્તો ૧૦ હજાર ૫૦૦ રૂપિયાનો હોય છે. પ્રશ્ન પૂછ્યો છે કે ૩૧-૧૨-૨૦૧૫ સુધીના આંકડાઓ આપેલા છે. બાકીની જેની પણ ગ્રાન્ટ ચુકવવાપાત્ર છે તે ચુકવાઇ ગઇ છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આંબેડકર આવાસ યોજનામાં સહાયના ધોરણો શું છે અને તેની આવક મર્યાદા કેટલી છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજનામાં પહેલા સહાયનું ધોરણ ૪૫ હજાર હતું હવે તે સહાયનું ધોરણ ૭૦ હજાર કરવામાં આવેલ છે. મેં પહેલા કહ્યું તેમ શહેરી વિસ્તારમાં આવકની મર્યાદા ૬૮ હજાર અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૭ હજાર હોય તેને આ સહાય ચુકવવામાં આવે છે.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન ફાળવવામાં આવતું નથી તેવું પ્રશ્ન નંબર ૧ માં જણાવેલ છે. ત્યારે મારા પ્રશ્ન નં.૧૮૫માં સાબરકાંઠા જિલ્લામાં આવાસો ફાળવવામાં આવે છે તેવો જવાબ આપેલ છે. તો બનાસકાંઠા જિલ્લામાં મકાનો ફાળવવામાં આવતા નથી તેવો જવાબ આપવાનું કારણ શું છે અને બનાસકાંઠા જિલ્લામાં મકાનો ફાળવવામાં આવ્યા છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના છે એ વ્યક્તિગત લાભાર્થીની યોજના છે. એ આંબેડકર આવાસ મંજૂર થાય, મંજૂર થાય એટલે એને પહેલો હપ્તો આપવામાં આવે, બીજો હપ્તો આપવામાં આવે, ત્રીજો હપ્તો આપવામાં આવે છે. તમારો મૂળ પ્રશ્ન છે કે મકાન, આમાં મકાન બનાવીને ફાળવવાના હોતા નથી. લાભાર્થીની યાદી નક્કી થયા પછી લાભાર્થીએ પોતે આ મકાન બાંધવાનું હોય છે એટલે એમને ફાળવણી કરવામાં આવતી નથી.

શ્રી નારાયણભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ૨૦૧૫-૧૬માં ડો.બાબાસાહેબ આંબેડકર યોજનાનો કેટલો લક્ષ્યાંક હતો, અને કેવી રીતે એના હપ્તા મંજૂર કરવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી બનાસકાંઠા જિલ્લાને સંબંધ છે ત્યાં સુધી ૨૦૧૪ માં ૩૨૮નો લક્ષ્યાંક હતો અને એની સામે ૫૪૪ની સિદ્ધિ થઇ, ૨૦૧૫-૧૬માં ૧૫૦નો લક્ષ્યાંક હતો ૪૪૩ની સિદ્ધિ થઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે, ડો.બાબાસાહેબ આંબેડકર યોજનામાં ૭૦ હજાર રૂપિયા ફાળવવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે, આ મોંઘવારીમાં ૭૦ હજારનું એક્ટિવા પણ આવતું નથી ત્યારે આ યોજનામાં ફક્ત ૭૦ હજાર રૂપિયા દલિત સમાજના લોકોને ફાળવવામાં આવે છે તો સરકારને મારી વિનંતી છે કે, મોંઘવારીને ધ્યાને લઇને શ્રમિક આવાસ યોજના હેઠળ ૧.૬૦ લાખની જે રીતે સહાય આપવામાં આવે છે એ રીતે વધારે સહાય આપવાનું સરકારની વિચારણા હેઠળ છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના જુદા જુદા વિભાગોમાં અનેકવિધ યોજનાઓ છે. આપણે બધા જાણીએ છીએ તેમ ઇન્દિરા આવાસ યોજના છે, સરદાર આવાસ યોજના છે એજ પ્રમાણે ડો.બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના છે. આ બધી જ આવાસ યોજનાઓનું બે વર્ષ પહેલા એટલે ૨૦૧૪ પહેલાની વાત કરીએ તો ત્યારે એનું ધોરણ ૪૫ હજારની સહાય ચૂકવવાનું હતું અને એ સહાયમાં વધારો કરીને અત્યારે આપણે ૭૦ હજાર ચૂકવીએ છીએ અને એની સાથે સાથે આપણે એ લક્ષ્યાંક રાખ્યો છે કે એ ૭૦ હજારના આવાસની સાથે સાથે એ એનું શૌચાલય પણ બનાવે તો શૌચાલયના ૧૨ હજાર રૂપિયા એને વધારાના આપવામાં આવે છે જેના કારણે એને શૌચાલયનો લાભ પણ મળી શકે.

### વલસાડ જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી

* ૨૦૯૭૮ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃતિ યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૮,૪૭૦. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૮,૪૭૦ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૪૨,૩૫,૦૦૦/- ની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પારડી તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ ૧ થી ૪ની શિષ્યવૃત્તિની કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરી, અને કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર જિલ્લાની વાત કરીને તો ૮૪૭૦ વિદ્યાર્થીઓની અરજી આવી હતી અને તમામની શિષ્યવૃત્તિ આપણે મંજૂર કરી છે. આ શિષ્યવૃત્તિ ૪૨.૩૫ લાખ રૂપિયાની પૂરેપૂરી શિષ્યવૃત્તિ ચૂકવી દેવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં ૪૨.૩૫ લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી તે પૈકી વલસાડ તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૧ થી ૪ ધોરણના કેટલા વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજી કરી, કેટલી મંજૂર કરી, અને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ તાલુકામાં ૨૯૫૫ અરજીઓ આવી, તમામ અરજીઓને મંજૂર કરવામાં આવી અને ૧૪,૭૭,૫૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવી.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વલસાડ જિલ્લાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી માટે શિષ્યવૃત્તિ મેળવવા તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને એક વિદ્યાર્થી દીઠ કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાની અંદર વલસાડ તાલુકાની ૨૯૫૫ અરજી, પારડી તાલુકાની ૧૧૨૯, ઉંમરગામની ૩૭૨૧, ધરમપુરની ૨૧૧, કપરાડાની ૧૬૦ અને વાપીની ૨૯૪ આમ કૂલ ૮૪૭૦ અરજીઓ આવી અને આ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને એ અરજીઓ પાછળ મેં અગાઉ કહ્યું તેમ ૪૨.૩૫ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિ વખતોવખત વધારતા ગયા છે, મારે એ જાણવું છે કે, આ વધારો ક્યારે ક્યારે કરવામાં આવ્યો અને એમાં ય ખાસ કરીને અનુસૂચિત જાતિ અને જનજાતિ, એમાં અનુસૂચિત જનજાતિની અંદર હળપતિ સમાજને સ્પેશ્યલ વધારે ચૂકવવામાં આવે છે તો આ અસમાનતા માટેના કારણો શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં શિષ્યવૃત્તિનો દર ૨૫૦ રૂપિયા હતો તારીખ ૧૩-૧૦-૨૦૧૫થી આ શિષ્યવૃત્તિના દરમાં વધારો કરીને ૫૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે અને એની સાથે સાથે આવકની મર્યાદાનું જે ધોરણ હતું એ નાબૂદ કરવામાં આવ્યું છે.

શ્રી અશ્વિન કોટવાલ : આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત એવા ધોરણ ૧ થી ૪ ની અંદર ભણતા વિદ્યાર્થીઓ હોય તેઓ આર્થિક અને પછાત હોય તે બધાને જ આપણે સ્કોલરશીપ આપીએ છીએ કે પછી એના આર્થિક ધોરણે આપીએ છીએ કે એના બી.પી.એલ. કાર્ડના આધારે આપીએ છીએ? કેવી રીતે આપીએ છીએ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આપણે બધા જાણીએ છીએ તેમ માનનીય મુખ્યમંત્રી સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્ય સરકારની તમામ શાળાઓના બાળકોને કોઇપણ પ્રકારનું આવકનું ધોરણ રાખ્યા વગર તમામને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : વર્ષ પૂરું થઇ ગયું હોવા છતાં કેટલીક જગ્યાએ આચાર્યશ્રી જે તે બાળકના ખાતાની અંદર પૈસા જમા કરાવી દેતા નથી, શું આવી ફરિયાદ આપને મળે છે અને ફરિયાદ મળી હોય તો જવાબદાર સામે આપ કેવા પ્રકારના પગલાં લો છો?

શ્રી રમણલાલ ઇ. વોરા : છેલ્લાં વરસોથી આપણે પ્રણાલીકા એવી પાડી છે કે, પહેલાં જ અઠવાડિયાની અંદર કન્યા કેળવણી ઉત્સવ અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ થાય છે અને પહેલાં જ અઠવાડિયાની અંદર તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જે તે વખતે એનો પૂરેપૂરો ચેક ચૂકવી દેવામાં આવે છે. કદાચ કોઇ શાળાના આચાર્ય અથવા ત્યાંના જિલ્લાના અધિકારીઓએ જો અહીંયા વિગત ન મોકલેલ હોય તો વહેલું મોડું થવાની સંભાવના છે, મારી પાસે આવી કોઇ અરજી કે ફરિયાદ આવેલી નથી તેમ છતાં અહીંયા બેઠેલા કોઇપણ ધારાસભ્યશ્રીના ધ્યાને જો આવી વિગતો આવશે અને મારા ધ્યાન પર મૂકશે તો તરત જ એનું નિરાકરણ કરીશું.

### આણંદ જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો

* ૨૦૯૬૩ શ્રી રોહીત પટેલ (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૬. |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૩૯૫. |
| (૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૩૮૬. |
| (૪) ઉકત છાત્રાલયમાં મુખ્યત્વે શું સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી છાત્રાલયમાં રહેવાની, જમવાની તથા રમત-ગમતના સાધનો બુકબેંક સામાચિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે. |

શ્રી રોહિત પટેલ : આપના માધ્યમ દ્વારા એ જાણવાની અપેક્ષા રાખું છું કે, આણંદ જિલ્લામાં તારીખ ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, એમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો અને તેમાં શું સગવડો આપવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા :આણંદ જિલ્લાની અંદર ચાર અનુસૂચિત જાતિના કુમાર અને બે અનુસૂચિત જાતિના કન્યા છાત્રાલયો આજે ચાલે છે. આ છાત્રાલયોની અંદર વલ્લભવિદ્યાનગરમાં ૭૫ની સામે ૭૫ વિદ્યાર્થીઓ છે, વિદ્યાનગર સંકુલ - ૨માં ૭૫ ની સામે ૭૫ વિદ્યાર્થી છે. સરકારી કુમાર છાત્રાલય જી.પી.ની અંદર ૭૫ની સામે ૫૬ વિદ્યાર્થીઓ છે, કન્યા છાત્રાલયોમાં ૩૯૫ની

માન્ય સંખ્યા માટે ૩૮૬ વિદ્યાર્થીનીઓ આજે અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ જ્યાં અભ્યાસ કરે છે તેમને રહેવા જમવાની સગવડ આપણે મફત આપીએ છીએ, તે સાથે એમને બુકબેન્કની યોજનાનો પણ લાભ મળે છે, એમને સામાયિકો આપવામાં આવે છે અને રમતગમતના સાધનો પણ પૂરા પાડવામાં આવે છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે અનુસૂચિત જાતિના છ છાત્રાલયો છે એમાં ભાડાના મકાનમાં કેટલા ચાલે છે અને સરકારી મકાનમાં કેટલા ચાલે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ ભાડાના મકાનમાં ચાલે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ કહ્યું તેમ બધા જ છાત્રાલયો લગભગ વિદ્યાનગરની આજુબાજુ ચાલે છે, જિલ્લામાં સૌથી વધારે અનુસૂચિત જાતિની વસતિ સોજીત્રા, તારાપુર અને ખંભાત તાલુકામાં છે, એ વિસ્તાર પછાત પણ છે તો એ તાલુકાઓમાં સરકારી અનુસૂચિત જાતિ અથવા તો સમરસ છાત્રાલયો શરૂ કરવા માગો છો કે કેમ અને હાલમાં જે છાત્રાલયો ચાલે છે એમાં વિદ્યાર્થીઓને હાલના કમ્પ્યુટર યુગ મુજબ અનેક પ્રકારની માહિતી તેના દ્વારા મેળવવાની હોય છે તો આ છાત્રાલયોમાં અલગથી એક કમ્પ્યુટર રૂમ કે સેન્ટરની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે આપણે બધા જાણીએ છીએ તેમ વલ્લભવિદ્યાનગર તે કેન્દ્ર છે અને ત્યાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધારે છે અને જરૂરિયાત પણ ત્યાં છે અને છતાંય બીજી જયાં પણ જગ્યાએ જરૂરિયાત હોય તો તમે બધા જાણો છો તેમ આપણે ત્યાં સમરસ હોસ્ટેલ કરી રહ્યાં છીએ. આ સમરસ હોસ્ટેલમાં અનુસૂચિત જાતિ, જનજાતિ અને બક્ષીપંચના બાળકોને તેનો લાભ મળવાનો છે અને મને લાગે છે કે આ છાત્રાલયનું કામ પૂર્ણ થવાથી એક હજાર કરતાં વધારે વિદ્યાર્થી મિત્રોને અહીંયા વધારાનો લાભ મળવાનો છે.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ સરકારના મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી સરકારી છાત્રાલયમાં પ્રવેશની પાત્રતા અને કુલ બાળકોની સંખ્યા હું જાણવા માગુ છું.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, છાત્રાલયમાં જે પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓ છે તેના માટેના ધોરણો નક્કી કરેલા છે. મેડિકલ, એન્જીનીયરીંગ, પોલિટેકનીક, ફાર્મસી, આયુર્વેદિક આ પ્રકારના વિદ્યાર્થીઓની પ્રવેશની મર્યાદા ૨૦ ટકાની છે. અનુસ્નાતક કક્ષામાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય એવા ૧૦ વિદ્યાર્થીઓ, ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૨ વિદ્યાર્થી અને સામાન્ય પ્રવાહના ૮ વિદ્યાર્થી, સ્નાતક કક્ષામાં સાયન્સમાં ૨૦ વિદ્યાર્થી, કોમર્સમાં ૧૨ અને આર્ટસમાં ૮ વિદ્યાર્થી. એ સિવાય આર્ટસ, ઇ.ટી.ડી, સી.પી.એડ, એમ.પી.એડ, બી.એડ, એલ.એલ.બી., એમ.ફીલ આ તમામ માટેની કુલ ૧૦, આમ ૧૦૦ વિદ્યાર્થીઓને આ પ્રમાણે પ્રવેશ આપવામાં આવે છે. જેટલા પણ વિદ્યાર્થીઓએ આમાં અરજી કરેલ હોય તેમાં સો ટકા મેરિટનાં ધોરણે કોઇ પણ પ્રકારની કોઇ આમાં ભલામણ સ્વીકારતાં નથી જેટલા વિદ્યાર્થીઓએ અરજી કરી છે તેમાં જે જે સ્કેલમાં જે વિદ્યાર્થીઓ મેરિટ પ્રમાણે આવતા હોય એ વિદ્યાર્થીઓને આપણે પ્રવેશ આપીએ છીએ.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, તેમણે હમણાં વાત કરી અમીતભાઇના જવાબમાં કે વિદ્યાનગરની અંદર આ બધી વધારે જરૂરિયાત છે પણ મારુ મંત્રીશ્રીને એમ કહેવું છે કે તારાપુર અને ખંભાત બન્ને જૂના એક જ તાલુકા હતા. જિલ્લા પંચાયતની બન્ને દલિતની અનામત સીટો તારાપુર અને ખંભાત છે. એટલે દલિત અને ઓ.બી.સી.ની વસતિ અમારા ભાલ વિસ્તારમાં છે અને તેનું સેન્ટર આમ જુઓ તો ખંભાત અને આમ જુઓ તો તારાપુર છે. તો આ જગ્યાએ નવી છાત્રાલયો ઉભી કરવા માગે છે કે કેમ ? બીજો મારો પ્રશ્ન એ છે કે, ૩૯૫ની સામે ૩૮૬ ઓછાં બાળકોનો સમાવેશ કરવાના કારણો કયા ? એક છાત્રાલય પાછળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે જયાં જયાં જરૂરિયાત હોય ત્યાં અનુસિચત જાતિની કે જનજાતિની છાત્રાલયો આપણે બાંધીએ છીએ. જયાં સુધી આ વર્ષનો સબંધ છે ત્યાં સુધી તારાપુર કે સોજીત્રામાં સરકારનું આયોજન નથી પરંતુ આગામી દિવસમો આ આયોજન અંગે જરૂર વિચારી શકાય. અત્યાર સુધીમાં જેમને એડમીશન આપ્યું છે તે ૩૯૫ની સામે ૩૮૬ વિદ્યાર્થી છે એમાંની નિર્લીજ કૂંજ વલ્લભ વિદ્યાનગર, કરમસદ રોડવાળી એક છાત્રાલયને સિફ્ટ કરવાના કારણે એની સંખ્યામાં ૭૫ના બદલે ૫૬ થયો છે, એટલે ઘટાડો થયો છે. કારણ કે વિદ્યાર્થીઓની સંખ્યા નહીં મળવાના કારણે આપણે તેને અધવચ્ચેથી સિફ્ટ કરી હતી. એ વિદ્યાર્થીઓની સંખ્યા પૂરી થઇ ગઇ છે એ પ્રમાણે આ સરકારી છાત્રાલય મેં અગાઉ કહ્યું એ પ્રમાણે એમને રહેવા જમવાની પૂરતી સુવિધાઓ રાજય સરકાર તરફથી આપવામાં આવે છે. બુક બેન્કની યોજના, સામયિકો માટેની યોજના અને રમત–ગમતના સાધનો આ બધું જ વિનામૂલ્યે આ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશના ધોરણો શું છે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે આગલી પરીક્ષામાં એટલે સ્નાતક પરીક્ષામાં ૫૫ ટકા હોવા જોઇએ અને સામાન્ય રીતે ૫૦ ટકા ગુણ મેળવેલા હોય એ જ વિદ્યાર્થી આની અંદર અરજી કરી શકે છે. વિદ્યાર્થીઓ હોય તો એની આવકની મર્યાદા એક લાખ રૂપિયા છે પરંતુ દીકરીઓ માટે એટલે કન્યાઓ માટે આવકની કોઇ મર્યાદા નથી.

ફાલ્ગુન ૧૦, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળો

* ૨૧૦૧૭ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૨. |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૨૩૩૫. |

શ્રી કિરીટસિંહ જિ. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળામાં કુલ કેટલા ઉમેદવારો હાજર રહેલ ? મારો બીજો પ્રશ્ન એ છે કે, આ ભરતી મેળામાં ઉમેદવારોને કેવા પ્રકારની રોજગારીઓ આપવામાં આવે છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગરના ભરતી મેળામાં ૪૨૮૯ લોકો હાજર રહેલા અને આ ભરતી મેળાની અંદર અમારા રોજગાર અધિકારી મારફત જિલ્લાની અંદર નજીકના ઉદ્યોગપતિઓ પાસે જે લોકોને માણસોની જરૂરિયાત હોય. એ અમે માહિતી મેળવીએ છીએ અને જે લોકોને રોજગારીની જરૂરિયાત હોય એમને અને ઉમેદવારોને આ તમામને ભેગા કરવાનું કામ રોજગાર વિભાગ મારફત કરવામાં આવતું હોય છે અને રીતે ૪૨૮૯ લોકો હાજર રહ્યા હતા અને આ ભરતી મેળામાં હાજર રહેલ લગભગ ૯૧ જેટલા નોકરીદાતાઓ હાજર રહીને આ ૪૨૮૯ પૈકી ૨૩૩૫ લોકોને રોજગારી આપી છે.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય રોજગારીની બાબતમાં સમગ્ર દેશમાં નંબર એક છે. એ કેન્દ્રની તત્કાલિન સરકારે પણ સ્વીકાર્યુ છે. જયારે સુરેન્દ્રનગર જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૨ ભરતી મેળા થયા, એમાં કેટલા નોકરીદાતાઓ હાજર રહેલા, અને આ ભરતી મેળામાં આવનાર ઉમેદવારોને સરકાર તરફથી શું લાભ આપવામાં આવે છે? એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ભરતી મેળામાં ૯૧ જેટલા નોકરીદાતાઓ હાજર રહ્યા હતા. રોજગાર વિભાગ મારફત જે લોકોને રોજગારી જોઇતી હોય, જેને કોઇ કામ આવડતું હોય, આ બધા લોકોને ભેગા કરીને એમને બોલાવવાનું કામ કરવામાં આવે છે અને જે કામ કરવા માટે જે ઉદ્યોગપતિઓ હોય, જે કારખાનાવાળા હોય જેમને જરૂરિયાત હોય એવા લોકોને ભેગા કરીને આ ભરતી મેળાનું આયોજન એટલા માટે કરવામાં આવે છે કે, રોજગાર વાંચ્છુઓ અને રોજગારી આપનાર લોકો બંન્ને એક સ્ટેજ ઉપર ભેગા થાય, અને સરકાર જે લોકોને કોલ લેટર મોકલે છે એને અમે એસ.ટી.ની કૂપન પણ સાથે મોકલીએ છીએ. જો એ આવવા માટે એસ.ટી.નો ઉપયોગ કરે તો એનો ખર્ચ અમે રોજગાર વિભાગમાંથી પાડીએ છીએ અને એ લોકો સ્થળ ઉપર ભરતી મેળામાં જયારે આવે ત્યારે અમે આ ભરતી કરનાર, નોકરી આપનાર દાતાઓને ભેગા કરીએ, એમને કયા પ્રકારની નોકરી જોઇએ, એમને કયા પ્રકારનું કામ આવડે છે, આ તમામને સમન્વય કરાવીને આ ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે અને રોજગાર વિભાગની આ કામ કરવાની પદ્ધતિના કારણે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ કેટલીક બાબતો હું ઘ્યાન ઉપર મૂકવા માગું છું કે, સમગ્ર હિન્દુસ્તાનની અંદર બધા જ રાજયોની અંદર રોજગાર કચેરીઓ આ રીતે કામ કરતી હોય છે. જયારે રોજગાર ક્ષેત્રે ભારત સરકારના એમ્પ્લોયમેન્ટ એકસેન્જ સ્ટેટેસ્ટીક -૨૦૧૫ મુજબ જે આંકડાઓ પ્રસિદ્ધ થયા છે એ આંકડાઓ મુજબ સમગ્ર ભારતમાં તમામ રાજયોએ આખા ભારતના બધા જ રાજયોએ રોજગારી આપવાનું કામ કર્યું છે એની અંદર ૩ લાખ ૩૮ હજાર ૫૦૦ ઉમેદાવરોને સમગ્ર ભારતના બધા જ રાજયોમાંથી રોજગારી આપી છે ત્યારે ૨૦૧૫ની અંદર ગુજરાતના રોજગાર વિભાગે જે કામ કર્યું છે એની અંદર ૨ લાખ ૯૦ હજાર ૮૦૦ ઉમેદવારોને રોજગારી આપીને સમગ્ર ભારતની અંદર પ્રથમ ક્રમાંક ગુજરાત રહ્યું છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપશ્રીના માઘ્યમ દ્વારા જાણવા માગું છું કે, સુરેન્દ્રનગરની અંદર જે આ ભરતી મેળા થયા, એમાં મારા વઢવાણ તાલુકામાં કેટલા ભરતી મેળાનું આયોજન થયું, એમાં કેટલા ઉમેદવારો હાજર રહ્યા અને કેટલા ઉમેદવારોને આપણે નોકરી આપી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીને મારે જણાવવાનું કે, આ ભરતી મેળામાં કુલ ૪૮૪ને રોજગારી આપી, એમાં ૪૮૪ મહિલાઓને રોજગારી આપવામાં આવી, અનુસૂચિત જાતિની ૧૭૮ મહિલાઓને રોજગારી આપવામાં આવી, અનુસૂચિત જનજાતિની બે મહિલાઓને રોજગારી આપવામાં આવી, અને બક્ષી પંચ સમાજમાંથી ૨૩૩ લોકોને રોજગારી આપવામાં આવી, અને અન્ય ૭૧ લોકોને રોજગારી આપીને વઢવાણમાં ૧૨ ભરતી મેળાઓ યોજવામાં આવ્યા તેમાં ૨૯૬૫ ઉમેદવારો હાજર રહ્યા હતા તેમાંથી ૧૫૫૮ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ કહ્યું કે, આ દેશમાં આ રાજય પહેલું એવું છે કે, જે રોજગારી આપવામાં પ્રથમ છે એટલા માટે અભિનંદન, પણ ગઇ કાલે સાડા આઠ લાખ લોકોએ તલાટી કમ મંત્રીની પરીક્ષા આપી હતી, ભારતમાં પહેલું છે એટલે આપને હાર્દિક અભિનંદન. સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા થયા એ વાત સાચી પરંતુ ગઇ કાલે તલાટી કમ મંત્રીની પરીક્ષામાં સાડા આઠ લાખ યુવાનોએ પરીક્ષા આપી છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી

જાણવા માગું છું કે કુલ ૪૨૮૯ લોકોએ અરજી કરી હતી એમાંથી ૨૩૩૫ લોકોને રોજગારી મળી. બાકીના ૧૯૫૪ લોકો નોકરી મેળવ્યા વગરના રહી ગયા એના કારણો શું? સુરેન્દ્રનગર જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા કેટલી એ મારે જાણવું છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : તલાટીઓની ગઇકાલે પરીક્ષા હતી પરંતુ એની પરીક્ષા લેવાનું કામ કે બીજી સરકારી નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓ લેવાનું કામ ગૌણ સેવા પસંદગી મંડળ કે ગુજરાત જાહેર સેવા આયોગ જેવી સંસ્થાઓ કરતી હોય છે. પરંતુ જે બેકાર લોકો હોય જેને સાચી દિશા ન મળતી હોય એને સાચી દિશાએ પહોંચાડવાનું કામ અમારો રોજગાર વિભાગ કરે છે. જેને કામ આવડતું હોય કે ઓછા ભણેલા હોય એને રોજગારીની તક સુધી પહોંચાડવાનું કામ અમારો વિભાગ કરે છે.

અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના

* ૨૦૯૬૫ શ્રી અરવિંદભાઇ પટેલ (સાબરમતી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, અને | (૧) ૧૯૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી ? | (૨) તે પૈકી કુલ ૧૪૭૭ અરજીઓ મંજૂર કરી અને ૪૦૮ અરજીઓ ના મંજૂર કરી. |

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ :હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં નિરાધાર વૃદ્ધ યોજના કયારથી અમલમાં આવી, આ યોજના હેઠળ સહાય મેળવવા માટેની લાયકાત શું છે. મારો બીજો પ્રશ્ન છે કે વૃદ્ધ સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં સન ૨૦૧૫–૧૬માં તાલુકાવાર કેટલી અરજીઓ આવી એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : નિરાધાર વૃદ્ધ સહાય યોજના ૧૯૭૮ થી આ રાજયમાં અમલમાં છે. એની પાત્રતા માટે અરજદાર ઉમેદવારની વય મર્યાદા ૬૦ વર્ષથી વધારે હોવી જોઇએ, અપંગના કિસ્સામાં ૪૫ વર્ષની મર્યાદા છે. પરંતુ અપંગતાની ટકાવારી ૭૫ ટકાથી વધુ હોવી જોઇએ. અરજદાર ગુજરાતમાં દસ વર્ષથી વસવાટ કરતો હોવો જોઇએ. અરજદારને ૨૧ વર્ષનો પુત્ર ન હોવો જોઇએ પરંતુ આ પુત્ર શારીરિક અપંગ કે માનસિક અસ્થિરતા અગર કેન્સર કે કીડની જેવા ગંભીર રોગથી પિડાતો હોય તો અરજી માન્ય કરીએ છીએ. અમદાવાદ જિલ્લાના કુલ ૧૫ તાલુકા છે એમાં તાલુકા વાઇઝ જોઇએ તો અસારવામાં ૨૦૨ અરજીઓ મંજૂર કરવામાં આવી. મણીનગર ૬૨૩, વટવા ૧૧૫, સાબરમતી ૧૭૧, ઘાટલોડિયા ૨૯, વેજલપુર ૮૪, વિરમગામ ૧૦૫, માંડલ ૯, દેત્રોજ ૩, ધોળકા ૩૬, બાવળા ૨૪, સાણંદ ૬૩, દસક્રોઇ ૧૧૦ એમ કુલ ૧૪૭૭ અરજીઓ મંજૂર કરવામા આવી છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે મણીનગરની ૬૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે એ બદલ હું એમને અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે આ યોજના નીચે કેટલી સહાય મળે છે અને એમાં કયારે કયારે વધારો કરવામાં આવ્યો છે. નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં જે સહાય મળે છે એમાં પતિ પત્ની બંનેને મળે છે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ યોજનાની શરૂઆત ૧૯૭૮ થી કરવામાં આવી હતી ત્યારે સહાયની મર્યાદા ૩૦ રૂપિયા હતી જયારે વિકલાંગના કિસ્સામાં ૪૫ રૂપિયા આપવામાં આવતી હતા. ૩૦ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી એમાં વધારો કરીને ૬૦ કર્યા ત્યારપછી ૧૨૦ રૂપિયા કર્યા એ પછી ૨૦૦ રૂપિયા અને તારીખ ૧–૮–૨૦૧૪ થી આ સહાય ૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. પતિ–પત્ની બન્નેના ધોરણોમાં બન્ને ૬૦ વર્ષ કરતા વધારે ઉંમરના હોય તો બન્નેને લાભ મળવાપાત્ર છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું જાણવા માગું છું કે અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં ૧૯૨૦માંથી ૧૪૭૭ અરજી મંજૂર કરી. પરંતુ આ નિરાધાર વૃદ્ધો માટેની અરજીઓ છે. તો ૪૦૮ જેટલી અરજી કેમ નામંજૂર કરવામાં આવી ? એ સિવાયની પણ ૩૫ બાકી રહે છે તો તેને મંજૂરી આપવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં તેની પાત્રતા મંજૂર કરવાના ધોરણો છે. આ ધોરણો પ્રમાણે આપણે ૪૦૮ જેટલી અરજી નામંજૂર કરી છે. તેમાં નિયત આવક કરતા આવક વધુ હોવાથી, પુખ્ત વયનો પુત્ર હોવાથી, તેમનું અવસાન થવાથી, ઉંમરના પુરાવા રજૂ ન કરવાથી, પેઢીનામું રજૂ ન કરેલ હોવાથી, રેશનકાર્ડ રજૂ ન કરેલ હોવાથી. પરંતુ આ બધી અરજીઓમાં પણ જ્યારે આપણે પૂર્તતા કરતા હોઇએ છીએ ત્યારે ધારો કે કોઇ પણ નાની–મોટી અરજી હોય ત્યારે મારો અધિકારી એ અરજી કેવી રીતે મંજૂર થાય, કારણ કે આ નિરાધાર વૃદ્ધ સહાયની યોજના છે. તો તેના માટેના અમે અલગથી પ્રયાસો કરીએ છીએ અને વધારેમાં વધારે લોકોને આ લાભ મળે એ પ્રકારનું અમારા વિભાગનું કામ છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આ રાજ્યની આનંદીબેનની સરકાર નિરાધાર વૃદ્ધો માટે ખૂબ જ લાગણીશીલ છે. ત્યારે રાજયની નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં જે સહાય ચૂકવવામાં આવે છે તે કેવી રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : ૬૦ વર્ષથી વધારે ઉંમરવાળા લોકોની આ યોજના હોવાના કારણે એ ઉંમરલાયક પણ છે, અશક્ત પણ હોય, શારીરિક મુશ્કેલીઓ પણ હોય એટલે આમાં ડોરસ્ટેપ પેમેન્ટ એટલે કે ઘરઆંગણે ચૂકવણી થાય તેના માટે તમામ લાભાર્થીઓને મનીઓર્ડરથી તેમના ઘેરબેઠાં આ સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : હું જાણવા માગું છું કે આ યોજનાના ઘણા બધા ક્રાઈટેરિયા છે. કોઇ વૃદ્ધ મા–બાપ હોય, એનો દીકરો અપંગ હોય એવા લોકોને સહાય આપવાનું ક્રાઈટેરિયામાં છે. મારે એટલું જાણવું છે કે ઘણાં મા–બાપ નિરાધાર હોય છે, તેના દીકરા પણ સાજા હોય છે. તેવા સંજોગોમાં ઘણા બધા મા–બાપને તેના દીકરા પણ સાથે રાખતા નથી. તો આવા ત્યજી દીધેલા મા–બાપને સરકાર નવેસરથી વિચારીને ક્રાઈટેરિયાની બહાર જઇને તેમને કોઇ સહાય આપવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ યોજના રાજય સરકારની પણ છે અને કેન્દ્ર સરકારની પણ છે. ૨૧ વર્ષનો પુત્ર હોય એ ધોરણ કેન્દ્ર સરકારનું છે અને એ ધોરણ આપણે સ્વીકાર્યું છે. વાસ્તવમાં તમારી એ વાત સાચી કે નિરાધાર હોય, ૨૧ વર્ષનો પુત્ર તેને ન રાખે પણ કાયદાની મર્યાદાને કારણે આપણે તેમને આપી શકતા નથી. માત્ર એમાં એક જ ક્લોઝ છે કે એ પુત્ર શારીરિક રીતે અશક્ત હોય અથવા બીજી કોઇ ગંભીર બીમારીથી પીડાતો હોય તો જ આપણે તેમને આપી શકીએ છીએ. બાકી એ સિવાય આપણે તેમને આપી શકતા નથી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : મારું કહેવું એમ છે કે ઘણા બધા માં–બાપો એવા છે કે દીકરા કમાતા હોવા છતાં મા–બાપને રાખતા નથી. ગુજરાતમાં આવા અસંખ્ય કેસ છે તો સરકાર તેમના માટે કંઇક નવું વિચારવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય ધારાસભ્યશ્રીનું સૂચન છે.

### વડોદરા જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી

* ૨૦૯૭૭ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૮,૬૨૬. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૨૮,૬૨૬ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૧,૪૩,૧૩,૦૦૦/-ની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી. |

શ્રી જયંતીભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વડોદરા તાલુકામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ ૧થી ૪ની શિષ્યવૃત્તિ મેળવવા માટે કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી? કેટલા વિદ્યાર્થીઓની અરજી મંજૂર કરવામાં આવી અને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : વડોદરા તાલુકામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ ૧થી ૪ની શિષ્યવૃત્તિ મેળવવા ૧૧,૪૯૭ અરજીઓ આવી. અને એ તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી અને મંજૂર કરેલ અરજીઓના રૂ. ૫૭,૪૮,૫૦૦/– શિષ્યવૃત્તિના ચૂકવી દેવામાં આવ્યા છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ એકથી ચારમાં ભણતા કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મળી અને કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ એકથી ચારમાં ભણતા ૫૪૦૭ વિદ્યાર્થીઓની અરજીઓ આવી હતી અને તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને એ પેટે રૂ.૨૭,૦૩,૫૦૦/– ચૂકવી દેવામાં આવી છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ એકથી ચારમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ મળે છે અને એના માટે વાર્ષિક આવક મર્યાદા કેટલી હોય છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ એકથી ચારના વિદ્યાર્થીઓને અગાઉ રૂ.૨૫૦/– શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવતી હતી. ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની પ્રેરણાથી આમાં સો ટકા વધારો કરી હવે રૂ.૫૦૦/– ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાથોસાથ ગ્રામ્ય વિસ્તારમાં રૂ.૪૭૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂ.૬૮૦૦૦/– આવક મર્યાદા હતી એ નાબૂદ કરવામાં આવી છે.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬
## તારાંકિત પ્રશ્નો

નવસારી જિલ્લામાં ચૂકવેલ આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૦૯૩૯ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૩,૦૦,૦૦૦/-. |

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સોળમા પ્રશ્ન સુધીની અનુકૂળતા લગભગ થતી નથી. પરંતુ આજે વધુ પ્રશ્નોની ચર્ચા થઇ અને બધા સભ્યોને ન્યાય મળ્યો તે માટે આપનો આભાર માનું છું. મારો પ્રશ્ન નવસારી જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય માટેનો છે. આંતરજ્ઞાતિય લગ્ન સહાયમાં રૂ.૫૦,૦૦૦/– સહાય આપીએ છીએ કે એના પ્રમાણપત્ર આપીએ છીએ અને એમાં પાત્રતાના માપદંડો શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્ન માટે રાજ્ય સરકારે રૂ.૫૦,૦૦૦/–ની સહાય જાહેર કરેલ છે. એમાં રૂ.૨૫,૦૦૦/– ના નાની બચત યોજનાના પ્રમાણપત્રો આપવામાં આવે છે અને રૂ.૨૫,૦૦૦/– ઘર ગૃહસ્થીની ચીજવસ્તુઓ ખરીદવા માટે સહાય આપવામાં આવે છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના માટે નવસારી શહેરમાંથી કેટલી અરજીઓ મળી અને કેટલી મંજૂર થઇ અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના માટે ૫ અરજીઓ મળી અને ૫ મંજૂર કરવામાં આવી છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના માટે ગણદેવી તાલુકામાંથી કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ગણદેવી તાલુકામાંથી ૨ અરજીઓ મળી એમાંથી ૧ મંજૂર કરવામાં આવી અને ૧ નામંજૂર કરવામાં આવી અને રૂ.૫૦,૦૦૦/– ની સહાય ચૂકવવામાં આવી છે. એક અરજીમાં પુનર્લગ્ન કરેલ હોવાથી નામંજૂર કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં હેન્ડપંપોના રીપેરીંગની કામગીરી

* ૨૦૯૨૪ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬ દરમ્યાન તાલુકાવાર કેટલા હેન્ડપંપ રીપેર કરવા માટેની દરખાસ્ત કે માંગણીઓ મળેલ છે,<br>(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા હેન્ડપંપ રીપેર કરવામાં આવ્યા, અને | (૧) અને (૨)<br>નીચે મુજબ |

| તાલુકો | હેન્ડપંપ રીપેર માટે મળેલ ફરીયાદની સંખ્યા | રીપેર કરેલ હેન્ડપંપની સંખ્યા |
|---|---|---|
| ઝઘડીયા | ૮૪૫ | ૮૩૮ |
| વાલીયા | ૮૫૧ | ૮૪૫ |
| નેત્રંગ | ૯૩૩ | ૯૨૭ |
| ભરૂચ | ૧૩૩ | ૧૩૩ |
| અંકલેશ્વર | ૬૨ | ૬૨ |
| આમોદ | ૧૨૦ | ૧૨૦ |
| જંબુસર | ૫૯૪ | ૫૯૪ |
| વાગરા | ૩૧ | ૩૧ |
| હાંસોટ | ૦ | ૦ |
| કુલ | ૩૫૬૯ | ૩૫૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) બાકી હેન્ડપંપ રીપેરીંગની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) બાકી રહેતા ૧૯ હેન્ડપંપ માહે જાન્યુઆરી ૨૦૧૬ માં રીપેરીંગ પૂર્ણ કરેલ છે. |

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં ચાલુ વર્ષમાં નવા હેન્ડપંપની કેટલી અરજી આવી એમાંથી કેટલી મંજૂર કરવામાં આવી અને આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી જયેશકુમાર વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં કુલ ૧૩૩ અરજીઓ એમાંથી ૧૩૩ મંજૂર કરવામાં આવી છે અને કામ પૂરા કરવામાં આવ્યા છે. અંકલેશ્વરમાં ૬૨ અરજીઓ આવી આવી એમાંથી ૬૨ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. વાગરામાં ૩૧ અરજીઓ આવી એમાંથી ૩૧ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. આમોદમાં ૧૨૦ અરજીઓ આવી

એમાંથી ૧૨૦ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. જંબુસરમાં ૫૯૪ અરજીઓ આવી એમાંથી ૫૯૪ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. ઝગડીયામાં ૮૪૫ અરજીઓ આવી એમાંથી ૮૩૮ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. વાલીયામાં ૮૫૧ અરજીઓ આવી એમાંથી ૮૪૫ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે. નેત્રંગમાં ૯૩૩ અરજીઓ આવી એમાંથી ૯૨૭ ના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે પાણી પુરવઠા બોર્ડ દ્વારા જે હેન્ડપંપ બનાવવામાં આવે છે એ જ હેન્ડપંપ રીપેર કરવામાં આવે છે. પરંતુ તાલુકા આયોજન કે જિલ્લા આયોજન કે ધારાસભ્યના ફંડમાંથી જે કોઇ હેન્ડપંપ બનાવવામાં આવ્યા છે એ રીપેર કરવામાં આવતા નથી તો પાણી પુરવઠા બોર્ડ એવી ચોકકસ નીતિ કરવા માગે છે કે એ પણ હેન્ડપંપ પાણી પુરવઠા બોર્ડ દ્વારા રીપેરીંગ થઇ શકે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગ સિવાયના જે હેન્ડપંપ બનાવેલ હતા આની પહેલાના ગૃહમાં મેં જવાબ આપેલ હતો કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવો પણ નિર્ણય કર્યો છે અને જી.આર. પણ બહાર પાડયો છે કે પાણી પુરવઠા વિભાગ સિવાયના અન્ય વિભાગ કે આયોજનમાંથી જે હેન્ડપંપ બનાવવામાં આવેલ હોય એ તમામ હેન્ડપંપનું રીપેરીંગ અને જાળવણી પાણી પુરવઠા વિભાગ કરશે. માનનીય સભ્યશ્રીઓ, જી.આર. પણ બની ગયો છે અને તમારા વિસ્તારમાં કોઇ તકલીફ હોય તો કહેજો અમારો પાણી પુરવઠા વિભાગ ચોકકસ એ કામ પૂર્ણ કરશે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે ભરૂચ જિલ્લામાં રીપેરીંગની કેટલી ટીમ છે અને જે હેન્ડપંપ બતાવ્યા એમાંથી કેટલા હેન્ડપંપ ચાલુ છે અને કેટલા ઊંડા બનાવેલા છે અને કેટલામાં પાણી હાલ નથી આવતું?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં કુલ ૫૬૩૦ હેન્ડપંપો આવેલા છે અને જે હેન્ડપંપ રીપેર માટેની ૩૫૬૯ ફરિયાદો મળી હતી એમાંથી ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ૩૫૫૦ને રીપેર કરવામાં આવ્યા છે બાકી રહેતા ૧૯ હેન્ડપંપો કે જે જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યા છે આ માટે જિલ્લાની અંદર આઠ ટીમો કાર્યરત છે.

સુરત જિલ્લામાં ઔધોગિક ભરતી મેળો

* ૨૧૦૧૬ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔધોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૯. |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૨૫૬૭૧. |

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ વિભાગને ખૂબ ધન્યવાદ આપવા છે એટલા માટે કે આ ભરતી મેળાઓની પદ્ધતિથી બેરોજગારી દૂર કરવાનો જે પ્રયત્ન ચાલે છે એ એક નવલ પ્રયોગ છે અને મને બહુ આનંદ થાય છે. મારે ઉલ્લેખ કરવો હતો આ પુસ્તિકાની અંદર જે ચાર જિલ્લાઓનો ઉલ્લેખ છે કચ્છ જિલ્લામાં ૪૦ ભરતીમેળા થયા, આણંદમાં ૫૧ થયા, સુરેન્દ્રનગરમાં ૨૨ થયા, સુરત જિલ્લામાં ૬૯ ભરતી મેળાઓ થયા. ૧૮૨ ભરતી મેળાઓ દ્વારા ૩૮હજાર કરતા વધારે રોજગારી આપી. આ પ્રમાણે આખા ગુજરાતમાં તમામને રોજગારી આપવાનો જે સીલસીલો ચાલે છે એ મારી દ્રષ્ટિએ ખૂબ સારું કામ છે. મારે એટલું જાણવું છે કે આ ભરતી મેળાઓનું આયોજન કઇ રીતે કરવામાં આવે છે કારણ કે એક જિલ્લાની અંદર ઘણા બધા ઉધોગો આવેલા હોય છે તો એ ઉધોગોને કેવી રીતે માહિતી આપવામાં આવે છે અને એમને કેવી રીતે એકઠા કરવામાં આવે છે અને એમાં ભરતી મેળાઓ કરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જેવા મોટા જિલ્લાની અંદર ઘણાબધા ઉધોગોપતિઓ આવેલા હોય છે. ઘણા બધા એકમો આવેલા હોય છે આ તમામ એકમો પાસેથી અમારા રોજગાર અધિકારીઓ એમને જે પ્રકારના માણસો જોઇએ એ પ્રકારની માહિતી એકત્રીત કરવામાં આવે છે અને જે લોકોને જે કામ જોઇતું હોય એ બધાને ભેગા કરીને એકમંચ ઉપર આવા એક રોજગાર મેળાનું આયોજન કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો
અતારાંકિત પ્રશ્નોત્તરી
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

અમદાવાદ જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો

* ૨૦૯૫૯ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કુલ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, અને | (૧) ૮. |
| (૨) તે પૈકી કન્યાઓ માટે કેટલા છાત્રાલયો આવેલા છે ? | (૨) ૩. |

પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળો

* ૨૧૦૧૫ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૯. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૪૪૫૬. |

રાજકોટ આર.ટી.ઓ. કચેરીની કામગીરી અંગે ફરીયાદો

* ૨૧૮૭૪ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ આર.ટી.ઓ. કચેરીની વહીવટી કામગીરી અંગે વર્ષવાર કેટલી ફરીયાદ સરકારને મળી, અને | (૧) વર્ષ ૨૦૧૪–૦૪ ફરીયાદ<br>વર્ષ ૨૦૧૫–૦૪ ફરીયાદ |
| (૨) સરકારશ્રીએ આ અંગે શાં પગલાં લીધા ? | (૨) મળેલ ફરીયાદ અંગે આરટીઓ કચેરી રાજકોટને જરૂરી કાર્યવાહી કરવા સારૂ જાણ કરેલ. જે અન્વયે આરટીઓ રાજકોટ દ્વારા અરજદારની અરજીઓનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

રાજકોટ જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૦૯૮૨ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૪૮,૧૯૨. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૪૮,૧૯૨ વિદ્યાર્થીઓને<br>રૂ. ૪,૪૪,૫૭,૬૦૦/-ની સહાય ચૂકવવામાં આવી. |

ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

* ૨૦૯૫૧ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી | (૧) ૩૬૫. |

અરજીઓ મળી,

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૬૩. |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૩૬૩. |

## દેવભૂમિ દ્વારકા જિલ્લાને પાણીનો જથ્થો વધારવા બાબત

* ૨૧૩૪૭ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાને સન ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ જરૂરીયાતના જથ્થાને બદલે નર્મદા આધારીત પાઈપ લાઈન દ્વારા ૪૦ થી ૪૨ એમ.એલ.ડી. પાણી પુરૂં પાડવામાં આવી રહ્યું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. દેવભૂમિ દ્વારકા જીલ્લાની સને ૨૦૧૧ ની વસતિ ગણતરી મુજબ જીલ્લાની પાણીની જરૂરીયાત ૫૫.૦૦ એમ.એલ.ડી.ની સામે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા આધારિત પાઈપ લાઈન દ્વારા ૪૦.૦૦ એમ.એલ.ડી. તેમજ સ્થાનિક સોર્સ માંથી ૧૫.૦૦ એમ.એલ.ડી. મળીને કુલ ૫૫.૦૦ એમ.એલ.ડી. પાણી પુરૂ પાડવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ પાણીની અછત ઉભી ન થાય તે માટે જિલ્લાની જરૂરીયાત મુજબનો પાણીનો જથ્થો સરકાર પૂરો પાડવા માંગે છે કે કેમ, અને | (૨) દેવભૂમિ દ્વારકા જીલ્લાની હાલની સ્થિતિએ જરૂરીયાત ધ્યાને લઈ નર્મદા પાઈપ લાઈન દ્વારા ૪૫ એમ.એલ.ડી. પાણીનો જથ્થો આપવામાં આવે છે. જે ક્રમશઃ વધારી ૫૫.૦૦ એમ.એલ.ડી. પાણી આપવાનું આયોજન છે. |
| (૩) જો હા, તો આ જવાબદારી કોને સોંપાઈ છે ? | (૩) ગુજરાત પાણી પુરવઠા બોર્ડને સોંપવામાં આવેલ છે. |

## ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરજીઓ

* ૨૦૯૬૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૨૯૧. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ ૨૭૭ ચૂકવેલ સહાય રૂા. ૯૪.૬૮ લાખ. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૧૪. |

## બનાસકાંઠા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

* ૨૧૧૪૪ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલા છે, અને | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૮૮૪૩ |
| ૨ | અમીરગઢ | ૭૩૦ |
| ૩ | વડગામ | ૩૯૪૯ |
| ૪ | ડીસા | ૨૧૮૪ |
| ૫ | કાંકરેજ | ૧૪૪૭ |
| ૬ | દિયોદર | ૯૯૨ |
| ૭ | ભાભર | ૪૨૬ |
| ૮ | વાવ | ૮૪૬ |
| ૯ | થરાદ | ૧૨૨૭ |
| ૧૦ | ધાનેરા | ૮૦૪ |
| ૧૧ | દાંતીવાડા | ૫૩૩ |
| ૧૨ | દાંતા | ૧૬૯૦ |
| ૧૩ | સુઈગામ | ૩૪૦ |

| | | |
|---|---|---|
| ૧૪ | લાખણી | ૬૭૯ |
| | કુલ | ૨૪૬૯૦ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે પાંચ વર્ષથી વધુ સમયથી કેટલા બેરોજગારો છે ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૫૪૧ |
| ૨ | અમીરગઢ | ૫૦ |
| ૩ | વડગામ | ૭૪૫ |
| ૪ | ડીસા | ૨૮૬ |
| ૫ | કાંકરેજ | ૧૪૦ |
| ૬ | દિયોદર | ૬૯ |
| ૭ | ભાભર | ૨૩ |
| ૮ | વાવ | ૬૩ |
| ૯ | થરાદ | ૧૦૨ |
| ૧૦ | ધાનેરા | ૫૨ |
| ૧૧ | દાંતીવાડા | ૬૮ |
| ૧૨ | દાંતા | ૩૧૨ |
| ૧૩ | સુઇગામ | ૧૫ |
| ૧૪ | લાખણી | ૫૦ |
| | કુલ | ૩૫૧૬ |

આણંદ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળો

* ૨૧૦૧૪ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ?

જવાબ

(૧) ૫૧.

(૨) ૭૧૩૧.

કુકાવાવ અને વડીયા તાલુકાના ગામોને ભૂગર્ભસંપ બનાવી આપવાની કામગીરી

* ૨૧૬૮૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧ જાન્યુઆરી-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી જિલ્લાના કુકાવાવ અને વડીયા તાલુકાના ક્યાં અને કુલ કેટલા ગામોમાં મહીપરીએજ યોજનાથી પહોંચાડવામાં આવતું પાણી સંગ્રહ કરવા માટે સ્થાનિક કક્ષાએ પુરતી વ્યવસ્થા નથી.

(૨) ઉપરોકત પાણી સંગ્રહની ઘટ ધરાવતા ક્યાં ગામોને

જવાબ

(૧) કુકાવાવ-વડીયા તાલુકાના નીચે મુજબના કુલ ૨૨ ગામોએ સ્થાનીક કક્ષાએ પાણી સંગ્રહની પુરતી વ્યવસ્થા નથી.

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧ | મોરવાડા |
| ૨ | ખાન ખીજડીયા |
| ૩ | ખજુરી પીપરીયા |
| ૪ | ખડખડ |
| ૫ | નવા ઉજળા |
| ૬ | અરજણસુખ |
| ૭ | જંગર |
| ૮ | બાંટવા દેવળી |
| ૯ | દેવળકી |
| ૧૦ | બરવાળા બાવળ |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧૨ | લુણીધાર |
| ૧૩ | તાલાળી |
| ૧૪ | વાવડી |
| ૧૫ | કોલડા |
| ૧૬ | અમરાપુર |
| ૧૭ | લાખાપાદર |
| ૧૮ | મોટી કુંકાવાવ |
| ૧૯ | સુર્ય પ્રતાપગઢ |
| ૨૦ | વડીયા |
| ૨૧ | ભુખલી સાંથળી |

(૨) ઉક્ત ૨૨ ગામોએ સ્થાનિક કક્ષાએ ભુગર્ભ સંપ

## અતારાંકિત પ્રશ્નો

જરૂરીયાત મુજબના ભૂગર્ભસંપ બનાવી આપવા કેટલી રકમના ખર્ચે સૈધ્ધાંતિક અને વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે,

બનાવવા માટે નીચે મુજબ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

| અનુ | તારીખ | ગ્રોસ અંદાજીત કીંમત (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|
| ૧ | તા. ૧/૧૦/૨૦૧૪ | રૂ. ૫૮.૬૧ |
| ૨ | તા.૩૦/૧/૨૦૧૬ | રૂ. ૯૯.૪૫ |

(૩) ઉકત કામો કોના મારફતે અને કેટલા સમયમાં પૂર્ણ કરાવવાનું આયોજન કરેલ છે, અને

(૩) ઉક્ત કામો પાણી પુરવઠા બોર્ડ મારફતે વહેલીતકે પૂર્ણ કરાવવાનું આયોજન છે.

(૪) ઉકત કામો અંગે, ઉકત સ્થિતિએ ભૌતિક તેમજ નાણાકીય પ્રગતિની શી વિગતો છે ?

(૪) હાલ કામો ટેન્ડરના તબક્કે હોઈ, ભૌતિક તેમજ નાણાકીય પ્રગતી થયેલ નથી.

### હાંફેશ્વર પાણી પુરવઠા યોજના અન્વયે નવી પાઈપલાઈન લગાવવાની કામગીરી

* ૨૦૫૭૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નર્મદા આધારીત હાંફેશ્વર પાણી પુરવઠા યોજનાને કેટલી રકમના અંદાજ સાથે છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂરી આપવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર ઉકત યોજના પાછળ કેટલો ખર્ચ થયો,

(૩) આ યોજના અન્વયે લગાવવામાં આવેલી પાઈપલાઈન પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો,

(૪) ઉકત સ્થિતિએ ઉકત પાઈપલાઈન બદલી મજબૂત પાઈપો લગાવવાની છે, તે હકીકત સાચી છે, અને

(૫) જો હા, તો આ પાઈપો બદલવાનાં કારણો શાં છે ?

જવાબ

(૧) છેલ્લા ૨ (બે) વર્ષમાં કોઈપણ યોજનાને મંજુરી આપવામાં આવેલ નથી. પરંતુ તા. ૨૪–૮–૨૦૦૯થી અંદાજીત કિંમત રૂ. ૧૨૧૨૨.૫૩ લાખ માટે હાંફેશ્વર જુથ પાણી પુરવઠા યોજનાને મંજુરી આપવામાં આવેલ છે.

(૨) મંજુર થયેલ હાંફેશ્વર જુથ યોજનાના વર્ષવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | અંદાજીત કિંમત (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૯.૨૭ |
| ૨૦૧૧–૧૨ | ૨૭૨૮.૮૭ |
| ૨૦૧૨–૧૩ | ૧૭૩૯.૨૬ |
| ૨૦૧૩–૧૪ | ૮૪૪.૪૪ |
| ૨૦૧૪–૧૫ | ૧૧૦૫.૩૪ |
| ૨૦૧૫–૧૬ | ૧૫.૭૮ |
| કુલ ખર્ચ | ૬૪૪૨.૯૬ |

(૩) કુલ ખર્ચ પૈકી પાઈપલાઈનનો ખર્ચ રૂ. ૩૩૫૧.૦૦ લાખ થયેલ છે.

(૪) અને (૫) :

યોજનાની કામગીરી હાલ પ્રગતિમાં છે. આ અંતર્ગત પાઈપ લાઈન નાંખવાની કામગીરી પ્રગતિમાં હોવાથી પાઈપલાઈન બદલવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અરવલ્લી જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ

* ૨૧૭૮૯ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું સેટઅપ કેટલું છે,

જવાબ

(૧) તાલુકા દીઠ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | મોડાસા | ૦૧ |
| ૨. | માલપુર | ૦૧ |
| ૩. | બાયડ | ૦૧ |
| ૪. | ધનસુરા | ૦૧ |
| ૫. | મેઘરજ | ૦૧ |
| ૬ | ભીલોડા | ૦૦ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ચાર્જથી કાર્યરત છે, અને

(૨) તે પૈકી ૦૩ તાલુકાની જગ્યાઓ ભરેલી છે અને ૦૨ તાલુકાની જગ્યાઓ ચાર્જથી કાર્યરત છે.

(૩) ઉકત સ્થિતિએ કેટલી ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ?

(૩) શક્ય તેટલી, વહેલી તકે.

### કચ્છ જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળો

* ૨૧૦૧૩ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૪૦. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૧૩૬૩૦. |

### અમદાવાદ જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૦૯૭૧ શ્રી સુરેશભાઈ પટેલ (મણીનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૭૮. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) ૧૩૯૪. |
| (૩) કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ? | (૩) ૧૩૯૪. |

### વડોદરા જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૦૯૬૮ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૭૭૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) ૭૭૯. |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૭૭૯. |

### અમદાવાદ શહેર અને જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી

* ૨૧૦૯૮ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં કુલ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, | (૧) ૮૧,૭૦૧. |
| (૨) તે અન્વયે અંધજન બેરોજગારોની સંખ્યા કેટલી છે, તેમજ તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અંધજનોને રોજગારી આપવામાં આવી ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નોંધાયેલ અંધજન બેરોજગારોની સંખ્યા ૧૧૫ છે. છેલ્લા બે વર્ષમાં અંધજનો માટે કોઈ નોકરીદાતાઓએ માંગણી કરેલ નહિ હોવાથી કોઈ અંધજનોને રોજગારી આપેલ નથી. |

### વલસાડ જિલ્લામાં શારકામ કરેલ બોર/હેન્ડપંપ

* ૨૦૯૩૦ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં વલસાડ જિલ્લામાં કેટલા બોર/હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૪૪૧ બોર/હેન્ડપંપ |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બોર/હેન્ડપંપ શારવામાં આવ્યા, અને | (૨) ૧૦૩૧ બોર/હેન્ડપંપ |
| (૩) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં | (૩) માર્ચ ૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

આવશે?

રાજકોટની હોસ્ટેલમાં અપાતા ભોજનમાં મૃત ગરોળી બાબત

* ૨૨૦૬૪ શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ (રાજકોટ પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા છ માસમાં રાજ્ય સરકાર દ્વારા ચાલતી હોસ્ટેલ પૈકી રાજકોટની સરકારી હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને અપાતા ભોજનમાં મૃત ગરોળી મળી આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે આ અન્વયે જવાબદારો સામે શાં પગલાં લીધા, અને | (૨)<br>• કોન્ટ્રાક્ટ પેઢીને નોટીસ આપવામાં આવેલ છે.<br>• મુખ્ય રસોયાને સસ્પેન્ડ કરવામાં આવેલ છે.<br>• સમગ્ર રસોડા ટીમ નવી મુકવામાં આવેલ છે.<br>• કોન્ટ્રાકટરને સતત હાજર રહી પરિસ્થિતિને ધ્યાને રાખવા સુચના આપેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તમામ સરકારી હોસ્ટેલોમાં ભોજનની ગુણવત્તાની નિયમિત ચકાસણી થાય તે માટે સરકારે કોને જવાબદારી સોંપેલ છે ? | (૩)<br>• ઝોન વાઈઝ નાયબ નિયામક કક્ષાના અધિકારીઓની ૬ ટુકડીઓ બનાવીને તમામ સરકારી છાત્રાલયોમાં ભોજન અને રહેઠાણ માટે તપાસ કરવા સુચના આપેલ છે.<br>• વહીવટી અધિકારીશ્રીઓની સ્કવોડ બનાવી તમામ છાત્રાલયોમાં સ્વચ્છતા તથા સાત્વીક ભોજનની ચકાસણી કરવા વ્યવસ્થા કરેલ છે. |

વડોદરા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૦૫ શ્રી જીતેન્દ્ર સુખડિઆ (સયાજીગંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જિલ્લા રોજગાર કચેરી, વડોદરા ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૪૧૯૧૧. |
| (૨) છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૭૬૦૯. |

જામનગર જિલ્લામાં મફત તબીબી સહાય યોજના

* ૨૦૯૭૪ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મફત તબીબી સહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૬૦૨. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજુર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અરજીઓ ૫૯૮.<br>ચૂકવેલ સહાય રૂ. ૩૪.૫૯ લાખ. |
| (૩) કેટલી અરજીઓ ના નંજુર કરી ? | (૩) ૦૪. |

બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય

* ૨૦૯૪૬ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫– | (૧) ૬૫૩૪૭ અરજીઓ મળી. |

૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી,

(૨) મંજુર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨) ૬૫૩૪૭ મંજુર કરવામાં આવી.

(૩) રૂ. ૧,૯૬,૦૪,૧૦૦/-.

## અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં સમાજ કલ્યાણ નિરીક્ષકની ખાલી જગ્યાઓ

* ૨૦૬૫૭ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર વિકસતી જાતિ કલ્યાણ વિભાગ હસ્તકની કચેરીઓમાં સમાજ કલ્યાણ નિરીક્ષકનું મંજુર થયેલ મહેકમ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ, ત્રણ વર્ષ અને પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) ,(૨) અને (૩)

જિલ્લાવાર નીચે મુજબ

| વિગત | અમદાવાદ | સુરેન્દ્રનગર |
|---|---|---|
| મંજુર થયેલ મહેકમ | ૯ | ૮ |
| ભરાયેલ જગ્યાઓ | ૬ | ૪ |
| ખાલી જગ્યાઓ | ૩ | ૪ |
| ખાલી જગ્યાઓ પૈકી | | |
| એક વર્ષથી વધુ સમયથી ખાલી | ૨ | ૨ |
| ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી | ૧ | ૨ |
| પાંચ વર્ષ કરતાં વધુ સમયથી ખાલી | ૦ | ૦ |

(૪) વહેલી તકે.

## જુનાગઢ જિલ્લાના ગામોને નર્મદાનું પાણી

* ૨૧૦૨૦ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના કેટલા ગામોને તાલુકાવાર નર્મદા આધારીત પાઈપ લાઈન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પીવાનું પાણી પુરું પાડવામાં આવી રહ્યું છે,

(૨) ઉક્ત સ્થિતિએ બાકી ગામોને ક્યાં સુધીમાં નર્મદા આધારીત પાઈપ લાઈનથી પીવાનું પાણી પુરુ પાડવામાં આવનાર છે, અને

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર નીચેની વિગતે ૧૪૭ ગામોને નર્મદા આધારીત પાઈપ લાઈન દ્વારા પાણી આપવામાં આવે છે.

| અનુ. | તાલુકો | નર્મદા અને સ્થાનિક ડેમ તેમજ નર્મદા આધારિત પાઈપ લાઈનમાંથી પાણી મેળવતા ગામો |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૯ |
| ૨ | મેંદરડા | ૩ |
| ૩ | વંથલી | ૧૩ |
| ૪ | વિસાવદર | ૨૫ |
| ૫ | ભેંસાણ | ૧૨ |
| ૬ | કેશોદ | ૧૬ |
| ૭ | માળીયા | ૧૧ |
| ૮ | માણાવદર | ૨૨ |
| ૯ | માંગરોળ | ૩૬ |
| | કુલ | ૧૪૭ |

જુનાગઢ જિલ્લામાં કુલ ૫૧૮ ગામો પૈકી

- ૪૨૮ ગામોને ઉક્ત સ્થિતિએ નર્મદા પાઈપ લાઈનથી જોડવામાં આવેલ છે. જે પૈકી ૧૪૭

ગામો તેમાંથી હાલ પાણી મેળવે છે જ્યારે ૨૮૧ ગામો સ્વૈચ્છિક રીતે સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે.

- નર્મદા પાઈપ લાઈનથી ન જોડાયેલ બાકી રહેતા ૯૦ ગામો પૈકી ૦૭ ગામોએ કામગીરી પ્રગતિમાં છે તથા ૨૬ ગામો ૫૦૦ થી ઓછી વસતી વાળા તથા જંગલ અને નેસ વિસ્તારનાં હોય નર્મદા પાઈપ લાઈન કનેકટીવીટી તાંત્રીત રીતે શક્ય નથી. જ્યારે આયોજન હેઠળના ૫૭ ગામોને વહેલી તકે તબક્કાવાર કનેકટીવીટી આપવાનું આયોજન છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે ? | (૩) ગુજરાત પાણી પુરવઠા બોર્ડને સોંપવામાં આવેલ છે. |

### રાજ્યના શહેરોમાં એન.આર.જી. સેન્ટરોની સ્થાપના

* ૨૦૮૬૦ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય બિન–નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બિન–નિવાસી ગુજરાતીઓને મદદરૂપ થવા માટે રાજ્યના શહેરોમાં એન.આર.જી. સેન્ટરોની સ્થાપના કરવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયા શહેરોના સેન્ટરો પરથી કઈ માહિતી મળી શકે છે ? | (૨) અમદાવાદ, વડોદરા, આણંદ, સુરત, રાજકોટ અને મહેસાણા શહેરોના એન.આર.જી. સેન્ટરો પરથી નીચે મુજબની માહીતી મળી શકે છે. :–<br>(૧) ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનની પ્રવૃત્તિઓની યોજનાઓ સંબંધિત જાણકારી<br>(૨) ''ગુજરાત કાર્ડ'' સંબંધિત માહિતી અને તેની અરજીનો સ્વીકાર<br>(૩) પ્રવાસ, હૉટેલ એકોમોડેશનની માહિતિ અને ગુજરાતના પ્રવાસન સ્થળોના રોડમેપ<br>(૪) પરિવહન સેવા અને તેના રૂટની માહિતી<br>(૫) એન.આર.જી.ના પ્રશ્નો–સમસ્યાઓ જેવી કે પાસપોર્ટ, વીઝા, નેટીવીટી સર્ટિફિકેટ, રીયલ એસ્ટેટ, ઉદ્યોગો, જન્મ પ્રમાણપત્ર, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ સંબંધે માહિતી અને માર્ગદર્શન<br>(૬) વિદેશી ચલણના એક્સચેન્જ અંગેની માહિતી<br>(૭) તબીબી સેવાઓની માહિતિ |

### જુનાગઢ જિલ્લાના છાત્રાલયોમાં ખાલી જગ્યાઓ

* ૨૦૬૮૧ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ છાત્રાલયોની સંખ્યા કેટલી છે, | (૧) ૧૩૦. |
| (૨) તે અન્વયે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે તથા તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ | (૨) |

| સરકારી છાત્રાલય | | | | |
|---|---|---|---|---|
| સંવર્ગ | મંજુર | ભરાયેલ | ખાલી | ખાલી જગ્યાની |

ભરાયેલ અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

| | મહેકમ | જગ્યા | જગ્યા | તારીખ |
|---|---|---|---|---|
| સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) | ૦૧ | ૦૦ | ૦૧ | ૧-૧-૧૩ |
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૦૫ | ૦૧ | ૦૪ | ૨૪-૯-૧૪<br>૧૪-૧-૧૫<br>૧૭-૧૧-૧૫<br>૨૪-૨-૧૫ |
| કલાર્ક | ૦૨ | ૦૧ | ૦૧ | ૧૮-૨-૧૪ |
| વર્ગ-૪ | ૧૪ | ૧૨ | ૦૨ | ૩૦-૪-૧૫<br>૩૦-૬-૧૧ |
| અનુદાનિત છાત્રાલયો | | | | |
| ગૃહપતિ/ગૃહ માતા | ૧૨૪ | ૧૨૪ | - | - |
| મદદનીશ ગૃહપતિ/ગૃહ માતા | ૧૦ | ૧૦ | - | - |
| રસોયા | ૧૨૪ | ૧૨૪ | - | - |
| મદદનીશ રસોયા | ૨૬ | ૨૬ | - | - |
| ચોકીદાર | ૧૨૪ | ૧૨૪ | - | - |

(૩) ઉક્ત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/સીધી ભરતીથી ભરાયેલ છે, અને

(૩) સરકારી છાત્રાલયો

| સંવર્ગ | ભરેલ | ફીક્સ પગાર / સીધી ભરતી |
|---|---|---|
| કલાર્ક | ૦૧ | સીધી ભરતી |
| વર્ગ-૪ | ૧૨ | સીધી ભરતી |
| અનુદાનિત છાત્રાલયોની તમામ સંવર્ગની કુલ ૪૦૮ જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે. | | |

(૪) ઉક્ત સ્થિતિએ આ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) વહેલી તકે.

### અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૦૭ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૮૧૭૦૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૭૨૫૬. |

### ખેડા જિલ્લામાં આવેલ છાત્રાલયો

*૨૧૨૧૯ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને અનુસૂચિત જાતિના કુમાર અને કન્યા છાત્રાલયોની કેટલી સંખ્યા છે, અને

(૧)

| તાલુકો | છાત્રાલયોની સંખ્યા |
|---|---|
| નડિયાદ | ૦૮ |
| કપડવંજ | ૦૭ |
| કઠલાલ | ૦૭ |
| મહેમદાવાદ | ૦૮ |
| ખેડા | ૧૧ |
| ઠાસરા | ૧૨ |
| મહુધા | ૦૨ |
| માતર | ૦૭ |
| વસો | ૦૧ |

| કુલ | ૬૩ |
|---|---|

(૨) તે અન્વયે આ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ વધારાના નવા છાત્રાલયો અથવા તો હયાત છાત્રાલયોમાં વધુ છાત્રો રહી શકે તે માટે શી વ્યવસ્થા કરવામાં આવી ?

(૨) આ અંગે નવા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો અને સંખ્યા વધારાની બજેટમાં કરેલી જોગવાઈ મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

### સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને લોન સહાય

* ૨૧૮૯૫ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગુજરાત સરકાર દ્વારા વિદેશમાં અભ્યાસ અર્થે જતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લોન/સહાય આપવામાં આવે છે, તે વાત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬માં સાબરકાંઠા જિલ્લાના કેટલા વિદ્યાર્થીઓની વિદેશ અભ્યાસ લોન/સહાય માટે અરજીઓ મળી,

(૩) ઉક્ત અરજીઓ પૈકી કેટલા વિદ્યાર્થીઓને લોન આપવામાં આવી, અને

(૪) બાકી રહેલા વિદ્યાર્થીઓને ક્યાં સુધીમાં લોન ચૂકવવામાં આવશે ?

જવાબ

(૧) હા,

(૨)

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૦૩ |
| ૨૦૧૫–૧૬ | ૦૮ |

(૩)

| વર્ષ | લોન આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૪–૧૫ | ૦૩ |
| ૨૦૧૫–૧૬ | ૦૦ |

(૪) આઠ માસિક બજેટમાં વધારાની જોગવાઈ સુચવવામાં આવેલ છે. જે અન્વયે ઉપલબ્ધ થનાર ગ્રાન્ટ મુજબ ગ્રાન્ટ જેમ બને તેમ જલ્દી ચુકવવામાં આવશે.

### સાગબારા તાલુકામાં નવા હેન્ડપંપના બોર

* ૨૦૯૨૫ શ્રી મોતીલાલ વસાવા(દેડીયાપાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાગબારા તાલુકામાં વર્ષ ૨૦૧૫–૧૬ માં કેટલા હેન્ડપંપના બોર બનાવવાનું આયોજન છે,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા હેન્ડપંપના કામ પૂર્ણ થયા, અને

(૩) ઉક્ત કામો માટે સરકાર ને કેટલું ખર્ચ થનાર છે ?

જવાબ

(૧) ૭૨ હેન્ડપંપના બોર

(૨) ૪૭ હેન્ડપંપના બોર

(૩) રૂ।. ૩૭.૬૯ લાખનો ખર્ચ થનાર છે.

### દાહોદ જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૧૯૭૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે,

(૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને યોજના વાર કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં કેટલા આવાસો બનાવવામાં કે મંજૂર કરવામાં આવ્યા ?

જવાબ

(૧) હા

(૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે, જેમાં લાભાર્થીદીઠ રૂ।. ૧,૬૦,૦૦૦/–ની આર્થિક સહાય આપવામાં આવે છે.

(૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવામાં આવે છે. આવાસો બનાવવામાં કે મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી.

### ખેડા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૦૯૫૦ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૫૪૨ અરજીઓ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૪૨ અરજીઓ |
| (૩) કેટલી સાયકલ આપવામાં આવી ? | (૩) ૫૪૨ સાયકલો |

### ભરૂચ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૧૦ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, ભરૂચ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૨૧૩૩ |
| (૨) ઉક્ત સ્થિતએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૨૧૭૩. |

### રાજકોટ જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

* ૨૦૯૨૧ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના જેતપુર, જામકંડોરણા, ધોરાજી તથા ઉપલેટા તાલુકાના ગામોને નર્મદાના પીવાના પાણીની બલ્ક પાઈપ લાઈનની કનેકટીવીટી માટે આયોજન હાથ ધરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ યોજના કયા તબક્કે છે ? | (૨) યોજનામાં ૧૭૧.૫૦ કિ.મી. લાંબી એમ.એસ. બલ્ક પાઈપલાઈન તથા ત્રણ પંપીગ સ્ટેશનની ક્ષમતામાં વધારો કરવાના કામોનો સમાવેશ થાય છે. તે પૈકી બલ્ક પાઈપલાઈનના કામો માટે હાલ ટેન્ડર માંગેલ છે. જ્યારે પંપીગ સ્ટેશનના ટેન્ડર માંગવામાં આવનારા છે. |

### અમદાવાદ અને સુરત જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૭૭૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને સુરત જિલ્લાની રોજગાર વિનિમય કચેરીઓમાં વર્ષવાર કેટલા શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારો નોંધાયા, અને

(૧)

| જિલ્લો | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | વર્ષઃ ૨૦૧૪ | | વર્ષઃ ૨૦૧૫ | |
| | શિક્ષિત | અશિક્ષિત | શિક્ષિત | અશિક્ષિત |
| અમદાવાદ | ૪૫૪૭૬ | ૬૨૦૫ | ૫૦૯૩૯ | ૬૦૮૮ |
| સુરત | ૨૮૫૭૨ | ૧૨૬૦૪ | ૨૫૪૩૪ | ૧૬૦૨૧ |

(૨) તે પૈકી કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ?

(૨)

| જિલ્લો | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રોજગારી અપાયેલ બેરોજગારોની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | વર્ષઃ ૨૦૧૪ | | વર્ષઃ ૨૦૧૫ | |
| | શિક્ષિત | અશિક્ષિત | શિક્ષિત | અશિક્ષિત |
| અમદાવાદ | ૧૪૫૫૬ | ૨૬૯૬ | ૧૮૮૪૭ | ૨૫૯૩ |
| સુરત | ૮૨૮૮ | ૪૧૦૧ | ૭૮૯૧ | ૫૨૮૫ |

## અતારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૦૯૭૦ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં વિકસતી જાતિના લોકોમાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કીટસની વહેંચણી કરવામાં આવી ? | ૨૮૭. |

### પંચમહાલ જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૨૦૪૭ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને યોજના વાર કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે, જેમાં લાભાર્થીદીઠ રૂા. ૧,૬૦,૦૦૦/–ની આર્થિક સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લામાં કેટલા આવાસો બનાવવામાં કે મંજૂર કરવામાં આવ્યા ? | (૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવામાં આવે છે. આવાસો બનાવવામાં કે મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી. |

### બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો પર બંધ રહેલ સીસીટીવી કેમેરા

*૨૧૯૧૫ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં અંબાજી (છાપરી) અને અમીરગઢ ચેક પોસ્ટ પર મુકવામાં આવેલ સીસીટીવી કેમેરા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બંધ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કેટલા સમયથી બંધ છે, | (૨) છેલ્લા બે વર્ષથી બંધ છે. |
| (૩) ઉક્ત સીસીટીવી કેમેરા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દિવસ બંધ રહેલ છે, અને | (૩) છેલ્લા બે વર્ષથી બંધ છે. |
| (૪) સીસીટીવી કેમેરા કયાં સુધીમાં ચાલુ કરવામાં આવશે ? | (૪) હાલમાં સીસ્ટમ ઈન્ટીગ્રેટ પ્રોજેકટની અમલવારી ચાલુમાં છે. જે અન્વયે રાજ્યની તમામ ચેક પોસ્ટ ખાતે અદ્યતન ટેકનોલોજીવાળા સીસીટીવી કેમેરા લગાવવામાં આવનાર છે. |

### આણંદ જિલ્લામાં શ્રમિકોને ફાળવેલ આવાસ

* ૨૧૮૨૧ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને યોજનાવાર કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે. જેમાં લાભાર્થીદીઠ રૂા. ૧,૬૦,૦૦૦/–ની આર્થિક સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે | (૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી |

વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા ? | કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવામાં આવે છે, આવાસો મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી.

ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૦૮ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, ગાંધીનગર ખાતે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૫૨૮૦ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૦૫૯૪ |

ભાવનગર શહેરને નર્મદાનું પાણી

* ૨૦૯૨૨ શ્રીમતી વિભાવરીબેન દવે (ભાવનગર પૂર્વ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર શહેરને નર્મદાનું કેટલું પાણી આપવામાં આવે છે, | (૧) ૩૫ એમ.એલ.ડી. |
| (૨) તેમાં વધારો કરવાનું રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૨) ભાવનગર મહાનગરપાલિકા તરફથી વધારાના પાણીની માંગણી રાજ્ય સરકારને મળ્યેથી હયાત બલ્ક પાઈપલાઈનમાંથી પાણી આપી શકાય તેવું આયોજન છે. |
| (૩) જો હા, તો ભાવનગર શહેરને કેટલું પાણી આપવામાં આવશે ? | (૩) ભાવનગર મહાનગરપાલિકાની માંગણી અને નર્મદા યોજનામાંથી મળતા પાણીની ઉપલબ્ધી મુજબ આપવામાં આવશે. |

અમદાવાદ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના

* ૨૦૯૭૨ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૧૪૯૫ |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજૂર અરજીઓ ૧૪૭૬<br>ચૂકવેલ સહાય રૂ. ૬૩.૨૬ લાખ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૧૯ |

મહેસાણા જિલ્લામાં કાર્યરત એમ્પાવર સેન્ટર

* ૨૧૭૫૩ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કેટલા એમ્પાવર સેન્ટરો કાર્યરત છે, | (૧) શૂન્ય. |
| (૨) તેમાં ક્યા વ્યવસાય આવરી લેવામાં આવેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત કોર્સની કેટલી ફી રાખવામાં આવેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્યા ઉમેદવારોને ફી માંથી મુકિત આપવામાં આવે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તાપી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૩૨૨ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને કેટલા અર્ધશિક્ષિત

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|

બેરોજગારો નોંધાયેલા છે, અને

| | | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | વ્યારા | ૩૩૧૭ | ૩૬૮ |
| ૨ | વાલોડ | ૧૦૪૬ | ૧૯૦ |
| ૩ | સોનગઢ | ૩૩૬૫ | ૨૮૩ |
| ૪ | ઉચ્છલ | ૭૪૭ | ૯૭ |
| ૫ | નિઝર | ૩૨૩ | ૪૨ |
| ૬ | ડોલવણ | ૮૧૩ | ૧૩૭ |
| ૭ | કુકરમુંડા | ૧૭૫ | ૨૭ |
| | કુલ | ૯૭૮૬ | ૧૧૪૪ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલાને રોજગારી આપવામાં આવી ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપાયેલ રોજગારી | |
|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત |
| ૧ | વ્યારા | ૮૭૦ | ૪૩૩ |
| ૨ | વાલોડ | ૯૯ | ૭૭ |
| ૩ | સોનગઢ | ૪૪૧ | ૫૬૯ |
| ૪ | ઉચ્છલ | ૨૬ | ૦૬ |
| ૫ | નિઝર | ૪૪ | ૧૫ |
| ૬ | ડોલવણ | ૦૦ | ૦૦ |
| ૭ | કુકરમુંડા | ૧૭ | ૦૦ |
| | કુલ | ૧૪૯૭ | ૧૧૦૦ |

લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાઓ માટે પાણીની પાઈપલાઈન પાછળ ખર્ચ

* ૨૧૧૧૩ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાઓ માટે પીવાના પાણીની પાઈપ લાઈન માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

તા. ૩૧-૧-૧૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકા માટે પીવાના પાણીની પાઈપ લાઈન માટે રકમની જોગવાઈ અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | રકમની જોગવાઈ (રૂ।. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ।. લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૬૪૨.૧૪ | ૬૧૭.૪૧ |
| ૨૦૧૫-૧૬ | ૧૧૭૮૯.૧૫ | ૬૬૦૩.૭૧ |

અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવનના નિર્માણમાં સહાય

* ૨૦૮૫૯ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય બિનનિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દેશના અન્ય રાજ્યોમાં ગુજરાતી સમાજ સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના નિર્માણ માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

જવાબ

(૧) હા જી.

(૨) ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે વિસ્તરણ માટે રૂપિયા ૨૦ લાખ અથવા ખર્ચના ૨૫ ટકા એ બે માંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે.

વધુમાં હયાત ગુજરાતી સમાજ ભવનના મરામત, સમારકામ કે નવીનીકરણ માટે રૂપિયા ૫ લાખ અથવા ખર્ચના ૨૫ ટકા, બેમાંથી જે ઓછું હોય તેટલી રકમની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગુજરાતી સમાજને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવી ?

(૩) ત્રણ ગુજરાતી સમાજોને કુલ રકમ રૂપિયા ૧૧,૩૬,૬૨૫/-ની

નર્મદા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૦૯ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, નર્મદા ખાતે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૬૪૫૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૪૮૮૬ |

જૂનાગઢ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૨૦૯૩૪ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૬૫૬૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૫૬૯ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૬૫૬૯ |

અમદાવાદ જિલ્લામાં આવેલ કુમાર છાત્રાલયો

* ૨૦૯૫૭ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં કુમાર છાત્રાલયો કેટલા છે, | (૧) ૩૫ |
| (૨) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુમાર છાત્રાલયોની સંખ્યા કેટલી છે,અને | (૨) |

| ક્રમ | તાલુકાનું નામ | કુમાર છાત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીટી | ૧૫ |
| ૨ | બાવળા | ૦૦ |
| ૩ | ધંધુકા | ૦૩ |
| ૪ | ધોળકા | ૦૨ |
| ૫ | માંડલ | ૦૨ |
| ૬ | સાણંદ | ૦૧ |
| ૭ | વિરમગામ | ૦૩ |
| ૮ | દેત્રોજ | ૦૪ |
| ૯ | ધોલેરા | ૦૦ |
| ૧૦ | દશક્રોઈ | ૦૫ |
| | કુલ | ૩૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં દાખલ કરેલ કુમારોની સંખ્યા કેટલી છે ? | (૩) ૧૪૯૪. |

કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય

* ૨૦૯૪૪ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિ જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી, | (૧) ૩૪૦૭૩ અરજીઓ મળી. |

| | |
|---|---|
| (૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૩૪૦૭૩ મંજુર કરવામાં આવી. |
| (૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૯૮,૩૮,૫૦૦/-. |

### આંકલાવ તાલુકામાં કોર્ટ સંકુલ

* ૨૨૦૩૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આંકલાવ તાલુકામાં નવું કોર્ટ સંકુલ બનાવવા તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. |
| (૨) કેટલા સમયમાં નવું કોર્ટ સંકુલ કાર્યરત થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૧૯ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૨૩૫૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૫૦૧૩ |

### પાટણ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૨૦૯૩૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૮૧૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૮૧૦ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૫૮૧૦ |

### મહીસાગર જિલ્લાની જૂથ યોજનાઓમાં પીવાના પાણીની અપ્રાપ્યતા

* ૨૦૫૫૭ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વણાકબોરી ડેમમાંથી મહીસાગર જિલ્લાના બાલાસીનોર-વિરપુર-જનોડ-રવિયાત-કોતરબોર-ઝાંખરીયા-ગઢનામુવાડા-વનોડ જુથ અને નમનાર જુથ યોજનામાં પીવાનું પાણી મળતું નથી, તે હકિકત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ પીવાનું પાણી સત્વરે મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે ? | (૧) અને (૨) : મહીસાગર જિલ્લાની નમનાર જુથ યોજનામાં જનોડ-કોતરબોર-ગઢના મુવાડાનો સમાવેશ કરવામાં આવેલ છે. જ્યારે વનોડા જુથ યોજનામાં રળીયાતાનો સમાવેશ કરવામાં આવેલ છે. વિરપુરનો ખેરોલી જુથ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે જેમાંથી પુરતુ પાણી મેળવે છે. ઝાંખરીયામાં સ્વતંત્ર પાણી પુરવઠા યોજના છે. બાલાશિનોર કપડવંજ લસુન્દ્રા જુથ યોજનામાંથી તેની જરૂરીયાત પૈકીનું આંશિક પાણી મેળવે છે બાકી સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવે છે.<br>જુથ યોજનામાં સમાવિષ્ટ જનોડ, કોતરબોર, ગઢના મુવાડા અને રળીયાતા ગામો હાલ સ્થાનિક સોર્સમાંથી પુરતુ પાણી મેળવે છે. આ ગામોને ગ્રામપંચાયતની માંગણી મળ્યેથી જુથ યોજનામાંથી પાણી આપી શકાય તેમ છે. |

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં એસ.કે.-૪(૧) અને એસ.કે.-૪(૨) યોજના

* ૨૧૮૪૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક | (૧) નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં |

વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં પીવાના પાણી માટે એસ.કે.-૪(૧) અને એસ.કે.-૪(૨) યોજનામાં યોજનાવાર કેટલા રૂપિયાનું પ્રાવધાન કરેલ છે,

- એસ.કે.-૪(૧)ની અંદાજીત કિંમત રૂ. ૪૩૨૬.૯૬ લાખની સામે રૂ. ૨૦૦.૦૦ લાખ અને
- એસ.કે.-૪(૨)ની અંદાજીત કિંમત રૂ. ૩૪૯૨.૧૨ લાખની સામે રૂ. ૧૬૦૦.૦૦ લાખનું પ્રાવધાન કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓ પાછળ યોજનાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ
- એસ.કે.-૪(૧) જુથ પાણી પુરવઠા યોજનામાં રૂ. ૨૮૮૭.૭૯ લાખ અને
- એસ.કે.-૪(૨) જુથ પાણી પુરવઠા યોજનામાં રૂ. ૧૭૮૯.૨૮ લાખ ખર્ચ થયેલ છે.

(૩) આ યોજનાઓ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

(૩) આ યોજનાના કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

### સુરત જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લગ્ન સહાય

* ૨૦૯૬૬ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સુરત જિલ્લામાં વિકસતી જાતિની કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મળી, અને | (૧) મળેલ અરજીઓ<br>સંસ્થા – ૫<br>યુગલ – ૨૭૯ |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી તેમજ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) |

| મંજૂર અરજીઓ | ચૂકવેલ સહાય |
|---|---|
| સંસ્થા – ૫ | સંસ્થા – રૂ. ૨.૩૦ લાખ |
| યુગલ–૨૭૯ | યુગલ – રૂ. ૨૭.૯૦ લાખ. |

### અરવલ્લી જિલ્લામાં શ્રમિકોને સહાય

*૨૨૧૧૦ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને યોજના વાર કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે. જેમાં લાભાર્થીદીઠ રૂા.૧,૬૦,૦૦૦/- ની આર્થિક સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં કેટલા આવાસો બનાવવામાં કે મંજુર કરવામાં આવ્યા ? | (૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવામાં આવે છે, આવાસો બનાવવાની કે મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી. |

### મહીસાગર જિલ્લામાં નવિન હેન્ડપંપો લગાવવા બાબત

* ૨૦૬૦૯ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાદીઠ કુલ કેટલા હેન્ડપંપ કાઢી નાખવામાં આવ્યા છે, | (૧) શૂન્ય. |
| (૨) આ હેન્ડપંપો કાઢી નાખવાનું શું કારણ છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) ઉક્ત કાઢી નાંખવામાં આવેલ હેન્ડપંપોની જગ્યાએ સરકાર નવીન હેન્ડપંપ લગાવવા માંગે છે કે કેમ ?

જામનગર જિલ્લાના વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય

* ૨૦૯૪૫ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી, | (૧) ૭૬૯૨ અરજી મળી. |
| (૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજી મંજુર કરવામાં આવી, અને | (૨) ૭૬૯૨ અરજી મંજુર કરી. |
| (૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૩,૦૭,૬૦૦/-. |

સાબરકાંઠા જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો

* ૨૦૯૬૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૨. |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૧૦૦. |
| (૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૮૯. |
| (૪) ઉક્ત છાત્રાલયમાં મુખ્યત્વે શું સગવડતાઓ આપવામાં આવે છે? | (૪) સરકારી છાત્રાલયમાં રહેવાની જમવાની તથા રમત–ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબીરોનું આયોજન

* ૨૧૦૧૨ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૫૮. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા? | (૨) ૧૦૫૬૨. |

મોરબી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૧૧ શ્રી કાન્તીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, મોરબી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૫૨૩૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૭૨૧. |

ગાંધીનગર જિલ્લામાં અકસ્માત પામેલ મજૂરો

* ૨૧૭૭૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે ઘાયલ કે ગંભીર ઈજા પામેલ મજુરોની કેટલી સંખ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં અકસ્માતને કારણે ઘાયલ કે ગંભીર ઈજા પામેલ મજુરોની સંખ્યા ૨૪ છે, તે પૈકી |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તે પૈકી કેટલા મૃત્યુ થયા, | ૨૩ મજુરોના મૃત્યુ થયા. |
| (૨) આ મજુરોની સારવાર માટે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) આ મજુરોની સારવાર માટે તાત્કાલિક તેમને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવેલ હતા, જેમાં ૨૩ મજુરોને તપાસીને મૃત જાહેર કરવામાં આવેલ જ્યારે એક મજુરને સારવાર આપીને રજા આપવામાં આવેલ. |
| (૩) આ અકસ્માતો માટેની ઔદ્યોગિક એકમોના સંચાલકો સામે કોઈ પગલા લેવાયા હોય તો તેની વિગતો શી છે? | (૩) આ અકસ્માતોના સંદર્ભમાં કારખાના ધારા, ૧૯૪૮ અને તે હેઠળના ગુજરાત કારખાનાના નિયમો, ૧૯૬૩ ની જુદી જુદી જોગવાઇઓ અન્વયે કાયદાકીય કાર્યવાહી કરી ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે. જે કિસ્સામાં કારખાના ધારો, ૧૯૪૮ લાગુ પડતો ન હતો તે કિસ્સામાં મોટર વ્હીકલ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવેલ છે. |

### અમરેલી જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓ

* ૨૦૯૫૪ શ્રી હિરાભાઈ સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કુમારની કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, અને | (૧) ૦૧. |
| (૨) આદર્શ નિવાસી શાળામાં મુખ્યત્વે શી સગવડતા આપવામાં આવે છે? | (૨) તેમાં વિદ્યાર્થીઓને અભ્યાસ, રહેવા જમવાની, બે જોડી ગણવેશ, બુટમોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મુલ્યે આપવામાં આવે છે. |

### વલસાડ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૨૦૯૩૧ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય સમાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૮૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૪૭૬. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૧૪૭૬. |

### પંચમહાલ જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી

* ૨૦૯૭૫ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૬૦,૦૫૪. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી? | (૨) ૬૦,૦૫૪ વિદ્યાર્થીઓને કુલ રૂ.૩,૦૦,૨૭,૦૦૦/- ની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી. |

### બહુચરાજી માતાજી મંદિરના વિકાસ માટે થયેલ ખર્ચ

* ૨૦૮૨૨ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બહુચરાજી ખાતે આવેલ બહુચરાજી માતાજીના મંદિરના વિકાસ માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ | (૧) બહુચરાજી ખાતે આવેલ બહુચરાજી માતાજીના મંદિરના વિકાસ માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા |

## અતારાંકિત પ્રશ્નો

છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના કામો માટે ખર્ચ કરવામાં આવ્યો.

વર્ષ ૨૦૧૪

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | કામનું નામ | કરેલ ખર્ચની રકમ | કામગીરી પૂર્ણ કરવાની સુચિત તારીખ |
|---|---|---|---|
| ૧ | પોપટવસા યાત્રિક ભવન માટે વધારાની કામગીરી | ૬૮.૦૦ | પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૨ | પોપટવસા યાત્રિક ભવન માટે ફર્નીચરની કામગીરી | ૭૨.૦૦ | પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૩ | ફુડ કોર્ટ–૨, ઓવરહેડ ટેન્ક–૧, દુકાનો–૪૦, ચેનલ પેવેલીયન–૩, સ્ટોન છત્રી–૨૦, ટોયલેટ બ્લોક–૨, બેઠક વ્યવસ્થા, નવીન પૂર્વાભિમુખ ગેટ, પ્રદક્ષિણા પથ, એરાઇવલ પ્લાઝા, વિજળીકરણ જેવી કામગીરી | ૩૨૨.૦૦ | પૂર્ણ કરવામાં આવેલ છે. |

વર્ષ ૨૦૧૫

(રકમ રૂપિયા લાખમાં)

| ક્રમ | કામનું નામ | કરેલ ખર્ચની રકમ | કામગીરી પૂર્ણ કરવાની સુચિત તારીખ |
|---|---|---|---|
| ૧ | પાલખી પથ | ૧૭૦.૦૦ | પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૨ | બહુચરાજી રેલ્વે ફાટકથી વલ્લભભટ્ટ વાવ સુધીનો રોડ | ૧૨૦.૦૦ | પૂર્ણ કરવામાં આવેલ છે. |
| ૩ | સ્થાપત્ય (મ્યુરલ) લગાવવાની કામગીરી | કામગીરી પ્રગતિમાં છે. | તા. ૩૧–૧૨–૨૦૧૬ |
| ૪ | બહુચરાજી માતાજીના મંદિરના વિકાસના જુદા જુદા કામો | કામગીરી પ્રગતિમાં છે. | તા. ૩૧–૯–૨૦૧૭ |
| ૫ | બહુચરાજી માતાજીના મંદિરની બાજુમાં આવેલ બાંધલિયા તળાવના વિકાસનું કામ | કામગીરી પ્રગતિમાં છે. | તા. ૩૧–૧૨–૨૦૧૭ |

(૨) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૨) ઉક્ત કામો પૈકી વર્ષ ૨૦૧૫ના ક્રમાંક ૩, ૪, અને ૫ સામે દર્શાવેલા કામોની કામગીરી પ્રગતિમાં છે. બાકીના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

### દાહોદ જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય

* ૨૦૯૪૩ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ગણવેશ સહાય અંતર્ગત કુલ કેટલા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની અરજી મળી,

(૨) તે પૈકી કુલ કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજુર

જવાબ

(૧) ૬૯૭૮.

(૨) ૬૯૭૮.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કરવામાં આવી, અને | |
| (૩) મંજુર કરેલ અરજીઓ પૈકી કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૬,૭૦,૭૦૦/-. |

ખેડા જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી

* ૨૦૯૮૦ શ્રી ભુષણ ભટ્ટ (જમાલપુર–ખાડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૩,૦૪૪. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૧૩,૦૪૪ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫૨,૭૧,૦૦૦/– ની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી. |

વડોદરા જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ સાધન સહાય

* ૨૦૯૪૨ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની સાધન સહાય યોજના હેઠળ ની કેટલી અરજી મંજૂર કરવામાં આવી, અને | (૧) ૭૨. |
| (૨) આ યોજના હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ. ૩,૧૯,૦૦૦/–. |

સુરત જિલ્લામાં ચૂકવેલ મરણોત્તર સહાય

*૨૦૯૩૬ શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૨. |
| (૨) તે કેટલી પૈકી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૧. |
| (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૫૫,૦૦૦/–. |

છોટાઉદેપુર જિલ્લાના દેવસ્થાનોના વિકાસ માટે ગ્રાન્ટ

* ૨૦૫૪૨ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના ક્યા દેવસ્થાનોના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ? | તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના દેવસ્થાનોના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોઈ રકમની ફાળવણી કરવામાં આવેલ નથી. પરંતુ તાજેતરમાં તા.૨૨–૨–૨૦૧૬ ના પત્રથી નીચે દર્શાવ્યા પ્રમાણે રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |

વર્ષ ૨૦૧૪

| ક્રમ | કામનું નામ | ફાળવવામાં આવેલ રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧. | ઝંડહનુમાન, બોડેલી તાલુકો | ૧.૦૦ |

| | | |
|---|---|---|
| ૨. | હાંફેશ્વર, ક્વાંટ તાલુકો | ૧.૦૦ |

વર્ષ .૨૦૧૫

| ક્રમ | કામનું નામ | ફાળવવામાં આવેલ રકમ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧. | સોનગીર ઈન્દ્રાલ, સંખેડા તાલુકો | ૧.૦૦ |
| ૨. | તાંદલજા, બોડેલી તાલુકો | ૧.૦૦ |

આમ ઉપર મુજબ સરકારશ્રી દ્વારા ઉપરોક્ત ચાર કામો માટે કુલ રૂપિયા ૪ કરોડની ગ્રાન્ટ ફાળવવા મંજુરી આપેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં નવા હેન્ડપંપ

* ૨૦૯૨૩ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫–૧૬માં કેટલા હેન્ડપંપ લગાવવાનું આયોજન છે, | (૧) ૪૫૦ હેન્ડપંપ. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા હેન્ડપંપ લગાવવામાં આવ્યા, અને | (૨) ૩૦૯ હેન્ડપંપ. |
| (૩) ઉક્ત હેન્ડપંપ લગાવવાથી જિલ્લાના કેટલા ગામો તથા ફળિયાઓને પાણીનો લાભ મળનાર છે ? | (૩) ૧૭૫ ગામો તથા ૪૫૦ ફળિયાને પાણીનો લાભ મળનાર છે. |

દાહોદ જિલ્લાની ચેકપોસ્ટો પરથી ટેક્સ ભર્યા વિના પસાર થતા વાહનો

* ૨૦૫૨૦ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય વાહનવ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આવેલ ચેક પોસ્ટો પરથી ટેક્સ ભર્યા વગર ગેરકાયદેસર નીકળી જનાર કેટલા વાહનોને છેલ્લા એક વર્ષમાં પકડવામાં આવ્યા, અને | (૧) ૧૪૦ વાહનોને પકડવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલી રકમ વસૂલ કરવામાં આવી, અને કડક જાપ્તો રાખવા સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધા ? | (૨) તે અન્વયે કુલ રૂ. ૧૫,૧૦,૯૩૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. આવા વાહનો ટેક્ષ ભર્યા સિવાય પસાર ન થાય તે માટે દાહોદ જીલ્લામાં અલગ અલગ સમયે અલગ અલગ રૂટ ઉપર દૈનિક ધોરણે ચેકીંગ કરવામાં આવેલ છે અને દંડ અને બાકી ટેક્ષની વસુલાત અંગેની કાયર્વાહી પણ હાથ ધરવામાં આવે છે. |

અમદાવાદ જિલ્લામાં આવેલ આદર્શ નિવાસી શાળાઓ

* ૨૦૯૫૩ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કુલ કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યાન્વિત છે, અને | (૧) ૦૧. |
| (૨) તે પૈકી કન્યાઓ માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ છે ? | (૨) ૦૧ (કન્યા). |

ડભોઈ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ

* ૨૦૯૨૬ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણીસમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ | (૧) ૧૩ યોજનાઓ. |

| | |
|---|---|
| યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને | |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂા. ૮૭.૯૨ લાખ. |

ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો

* ૨૦૯૬૪ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો છે, | (૧) ૨. |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૨૩૦. |
| (૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં તા.૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૨૩૦. |
| (૪) ઉક્ત છાત્રાલયમાં મુખ્યત્વે શું સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી છાત્રાલયોમાં રહેવાની જમવાની તથા રમત-ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

વડોદરા જિલ્લામાં વિદ્યાર્થીઓને લોન સહાય

*૨૦૯૪૭ શ્રીમતી મનિષા વકીલ (વડોદરા શહેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને | (૧) ૧૩ અરજીઓ. |
| (૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી ? | (૨) ૧૩ અરજીઓ મંજુર કરી રૂ.૧૯૫.૦૦ લાખ લોન આપવામાં આવી. |

તાપી જિલ્લામાં ચૂકવેલ આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૦૯૩૮ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૦૧ અરજી મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૧ અરજી મંજુર કરવામાં આવી. |
| (૩) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૫૦,૦૦૦- |

જામનગર જિલ્લાના ગામોને પીવાનું પાણી

* ૨૦૬૨૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : તા.૨૪-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૩૪૩ (અગ્રતા-૧૦૨) ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લાના ૪૬ ગામોને નર્મદા આધારીત પાઈપલાઈનથી | (૧) હા, જી. અંશત. |

જોડાયેલા હોવા છતાં તાંત્રિક કારણોસર પીવાનું પાણી આપી શકાતું નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાંત્રિક કારણોની સમસ્યાઓ દૂર કરી ક્યા ગામોને તાલુકાવાર પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે, અને

(૨) ઉકત ૪૬ ગામો પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ તાલુકાવાર ગામોને નીચીની વિગતે પીવીનું પાણી પહોંચાડવામાં આવ્યું.

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| તા. જામનગર | |
| ૧ | ધ્રાંગડા |
| ૨ | હર્ષદપુર |
| ૩ | જગા |
| ૪ | મીયાત્રા |
| તા. લાલપુર | |
| ૫ | બાબરીયા |
| ૬ | ચોરબેડી |
| ૭ | રામપર |
| ૮ | રંગપર |
| ૯ | રીઝપર |
| ૧૦ | સેવકભરૂડીયા |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| તા. ધ્રોલ | |
| ૧૧ | ખેંગારકા |
| તા.કાલાવાડ | |
| ૧૨ | પીઠડીયા ૧/૩ |
| તા. જામજોધપુર | |
| ૧૩ | બગધરા |
| ૧૪ | બુટાવદર |
| ૧૫ | ચીરોડાસંગ |
| ૧૬ | ગીગણી |
| ૧૭ | કોટડા |
| ૧૮ | સતાપર |
| ૧૯ | સોનવડીયા |

(૩) બાકી રહેલા ગામોને ક્યા સમય સુધીમાં પીવાનું પાણી પહોંચાડવામાં આવનાર છે ?

(૩) બાકી રહેતા ૨૬ ગામોને વહેલી તકે પીવાનું પાણી પહોંચાડવાનું આયોજન છે.
હાલમાં સ્થાનિક સોર્સ તથા ટેન્કરથી પાણી મેળવે છે.

## અમદાવાદ જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૦૯૮૩ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) ૨,૯૨,૮૮૨

(૨) ૨,૯૨,૮૮૨ વિદ્યાર્થીઓને રૂ. ૮,૭૬,૮૪,૬૦૦/- ની સહાય ચૂકવવામાં આવી.

## ગાંધીનગર જિલ્લાના ગામોના પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ

* ૨૧૪૮૬ શ્રી અમિતભાઈ ચૌધરી (માણસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીમાં ફ્લોરાઈડનું ઊંચુ પ્રમાણ છે,

(૨) તે પૈકી તાલુકાવાર જે ગામોનાં પાણી પીવા લાયક ન હોય તેવાં કેટલા ગામો છે,

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવા અંગે સરકારશ્રી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) તાલુકાવાર ગામોની થયેલ કાર્યવાહી અંગે જણાવવું?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર, દહેગામ, માણસા, અને કલોલના તાલુકાના ગામોમાં ફ્લોરાઈડનું પ્રમાણ નિયત કરેલ માત્રાથી વધુ નથી.

(૨) (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં આવેલ કન્યા છાત્રાલયો

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૦૯૫૫ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાં કન્યા છાત્રાલયો કેટલા છે, | (૧) ૮ (આઠ) |
| (૨) વડોદરા જિલ્લામાં તાલુકાવાર કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે, અને | (૨) |

| ક્રમ | તાલુકાનું નામ | કન્યા છાત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૦૧ |
| ૨ | ડભોઈ | ૦૦ |
| ૩ | કરજણ | ૦૧ |
| ૪ | પાદરા | ૦૧ |
| ૫ | સાવલી | ૦૩ |
| ૬ | શિનોર | ૦૨ |
| ૭ | વાઘોડિયા | ૦૦ |
| ૮ | દેસર | ૦૦ |
| | કુલ | ૦૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉકત સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં દાખલ કરેલ કન્યાની સંખ્યા કેટલી છે ? | (૩) ૨૩૧ |

### મહેસાણા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૦૪ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા ખાતે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૬૧૭૧ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૦૮૮૭ |

### ખેડા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૨૧૨૫૨ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ કેટલી લોક અદાલતો યોજવામાં આવી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કુલ ૫૭૫ લોક અદાલતો યોજવામાં આવેલ છે. |
| (૨) આ લોક અદાલતોમાં કેટલા કેસો દાખલ કરવામાં આવ્યા, | (૨) આ લોક અદાલતોમાં કુલ ૬૫૬૫૦ કેસો દાખલ કરવામાં આવ્યા. |
| (૩) તે પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૩) તે પૈકી ૨૪૬૮૧ કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને |
| (૪) તે પૈકી કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું ? | (૪) તે પૈકી રૂ. ૫૪૩૫૮૮૯૪૩ રકમનું વળતર ચૂકવવામાં આવ્યું. |

### અમદાવાદ જિલ્લામાં ચૂકવેલ પાયલોટ તાલીમ લોન સહાય

* ૨૦૯૪૮ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજી મળી, | (૧) ૦૧ અરજી મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૧ અરજી મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી લોન ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૨૫.૦૦ લાખ લોન ચુકવવામાં આવી. |

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી

* ૨૦૯૭૯ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃત્તિ યોજનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૦૩,૩૪૦ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી ? | (૨) ૧,૦૩,૩૪૦ વિદ્યાર્થીઓને કુલ ૪,૦૮,૬૭,૨૫૦– ની રકમ ચૂકવવામાં આવી. |

### રાજકોટ જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો

* ૨૦૯૬૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૭ |
| (૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૮૪૫ |
| (૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૩૧–૧૨–૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૭૯૮ |
| (૪) ઉકત છાત્રાલયમાં મુખ્યત્વે શું સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી છાત્રાલયમાં રહેવાની જમવાની તથા રમત–ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પૂરી પાડવામાં આવે છે. |

### ખેડા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોને સરકારી નોકરી

* ૨૦૬૯૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કુલ કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૨૬૬૩૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોને સરકારી નોકરીઓ અપાઈ? | (૨) ૯૦. |

### પાલનપુર શહેરને પિવાના પાણીનો ઓછો જથ્થો આપવા બાબત

* ૨૦૮૩૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેરને પીવાના પાણીની દૈનિક જરૂરિયાત સામે તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ ઓછો જથ્થો પુરો પાડવામાં આવી રહ્યો છે તે હકિકત સાચી છે, | (૧) પાલનપુર શહેરને ધરોઇ આધારીત જુથ યોજના દ્વારા તેમજ સ્થાનીક સોર્સ દ્વારા પુરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવે છે. યોજનાની હયાત પાઇપલાઇન દ્વારા અનિવાર્ય સંજોગોમાં પડેલ ભંગાણ અને વિક્ષેપ કે રીપેર કામ સિવાય નિયમિત પાણી પુરવઠો આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ સમસ્યાના ઉકલ માટે સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અંગેની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે અને તેની જવાબદારી ઉચ્ચ કક્ષાએ કોને સોંપેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમરેલી જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

## અતારાંકિત પ્રશ્નો

* ૨૦૯૩૫ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય સમાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૪૫૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૪૫૫. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૫૪૫૫. |

### લઘુમતિ વર્ગના વિકાસ માટે ખર્ચ થયેલ રકમ

* ૨૦૪૮૫ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લઘુમતી વર્ગના વિકાસ માટે બજેટમાં વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨)

| વર્ષ | બજેટ ફાળવણી (રૂ. કરોડમાં) | ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૯૭.૪૬ | ૯૭.૪૬ |
| ૨૦૧૪–૨૦૧૫ | ૯૨.૬૦ | ૭૪.૬૧ |
| ૨૦૧૫–૧૬ | ૧૧૯.૨૩ | ૨૯.૮૬ |
| કુલ | ૩૦૯.૨૯ | ૨૦૧.૯૩ (ડિસે.૧૫ સુધી |

### વિજાપુર તાલુકામાં મંજૂર યોજનાઓ

* ૨૧૨૯૬ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં કયા ગામોમાં પીવાના પાણી અંગેની કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકામાં કુલ ૨૬ ગામોમાં ૨૮ પીવાના પાણી અંગેની યોજનાઓ મંજુર કરવામાં આવી

| અનુ. | ગામનું નામ | અનુ. | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | કુકરવાડા (મુક્તિધામ) | ૧૫ | રામપુર (કોટ) રીવાઇઝ |
| ૨ | કુકરવાડા (સ્ટેશનપુરા) | ૧૬ | તાતોસણ |
| ૩ | ગોવિંદપુરા (વારીગૃહ) | ૧૭ | કનકપુરા |
| ૪ | પટેલપુરા (પીલવાઇ) | ૧૮ | ગુંદરાસણ |
| ૫ | અશનાપુર (ગેરીતા) | ૧૯ | ટીંટોદણ |
| ૬ | ગેરીતા | ૨૦ | ખણસા |
| ૭ | બીલીયા | ૨૧ | ઉબલખ |
| ૮ | વજાપુર | ૨૨ | કનકપુરા |
| ૯ | પામોલ | ૨૩ | વણજારાપુરા (દેવપુરા) |
| ૧૦ | ડાભલા | ૨૪ | મંડાલી (ખરોડ) |
| ૧૧ | સુંદરપુર | ૨૫ | ટેચાવા |
| ૧૨ | ધનપુરા (ધાંટુ) | ૨૬ | હસ્નાપુર (સોજા) |
| ૧૩ | કોલવડા | ૨૭ | બામણવા |
| ૧૪ | રામપુર (કોટ) | ૨૮ | જેપુર |

(૨) તે અન્વયે કેટલી યોજનાઓના કામો ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયા અને તે માટે કેટલો ખર્ચ થયો?

(૨) ૨૫ યોજનાઓના કામ પૂર્ણ થયેલ છે અને કુલ રૂ. ૩૩૭.૦૪ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે ૩ યોજનાના કામો

પ્રગતિમાં છે. જે ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

કચ્છ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૦૦૬ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, ભૂજ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૮૪૭૫. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૨૫૬૦૬. |

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં શ્રમિકોને આવાસ માટેની યોજના

* ૨૦૭૪૭ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નોંધાયેલ શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા. |
| (૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને તેમાં લાભાર્થીદીઠ કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે, જેમાં લાભાર્થીદીઠ રૂ. ૧,૬૦,૦૦૦/–ની આર્થિક સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર કેટલા લાભાર્થીઓ માટે આવાસો મંજુર કરવામાં આવ્યા? | (૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવામાં આવે છે. આવાસો મંજૂર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી. |

બોટાદ જિલ્લામાં ચૂકવેલ આંતરજ્ઞાતિય લગ્ન સહાય

* ૨૦૯૩૭ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોટાદ જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૦૧ અરજી મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૦૧ અરજી મંજુર કરવામાં આવી. |
| (૩) મંજુર કેરલ અરજીઓ પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૫૦,૦૦૦/–. |

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં ખાલી જગ્યાઓ

* ૨૨૦૭૮ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૬ની સ્થિતિએ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતી કલ્યાણ ખાતાની સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૧) ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | રાજકોટ જિલ્લો | સુરેન્દ્રનગર જિલ્લો |
|---|---|---|---|
| ૧ | નાયબ નિયામક | ૧ | ૦ |
| ૨ | આચાર્ય | ૦ | ૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૨ | ૦ |
| ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૪ | ૪ |
| ૫ | સીનીયર કલાર્ક | ૨ | ૧ |
| ૬ | શિવણ સંચાલિકા | ૨ | ૧ |
| ૭ | મદદનીશ શિક્ષક | ૬ | ૧૬ |
| ૮ | ડ્રાઈવર | ૧ | ૧ |
| ૯ | પટાવાળા | ૧ | ૧ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં

(૨) વહેલી તકે.

આવશે?

પાદરા તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ

* ૨૦૯૨૭ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણીસમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૧૧ યોજનાઓ. |
| (૨) મંજુર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે? | (૨) રૂા. ૨૧૦.૮૮ લાખ. |

ભાવનગર જિલ્લામાં માનવ ગરીમા યોજના

* ૨૦૯૬૯ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજીઓ મળી, | (૧) ૬૫૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૬૫૬ |
| (૩) કેટલી કીટસ વિતરણ કરવામાં આવી ? | (૩) ૬૫૬ |

મહેસાણા જિલ્લામાં આવેલ કન્યા છાત્રાલયો

* ૨૦૯૫૮ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની ગ્રાન્ટ–ઈન–એઈડ છાત્રાલયોમાં કન્યા છાત્રાલયો કેટલા છે, | (૧) ૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી કન્યાઓને દાખલ કરવામાં આવેલ છે, | (૨) ૧૨૪ |
| (૩) તાલુકાવાર કન્યા છાત્રાલયોની સંખ્યા કેટલી છે, અને | (૩) |

| ક્રમ | તાલુકાનુ નામ | કન્યા છાત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | કડી | ૩ |
| ૨ | મહેસાણા | ૨ |
| ૩ | બેચરાજી | – |
| ૪ | ખેરાલુ | – |
| ૫ | વડનગર | – |
| ૬ | વિજાપુર | – |
| ૭ | સતલાસણા | – |
| ૮ | ઉંઝા | – |
| ૯ | વિસનગર | – |
| ૧૦ | ગોજારીયા | – |
| ૧૧ | જોટાણા | – |
| | કુલઃ– | ૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) ઉક્ત છાત્રાલયોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬માં દાખલ કરેલ કન્યાઓની સંખ્યા કેટલી છે ? | (૪) ૧૨૪ |

મોરબી જિલ્લામાં આવેલ સરકારી છાત્રાલયો

* ૨૦૯૬૨ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) મોરબી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે,

(૧) ૧

(૨) આ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે,

(૨) ૧૦૦

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને

(૩) ૧૦૦

(૪) ઉક્ત છાત્રાલયમાં મુખ્યત્વે શું સગવડો આપવામાં આવે છે ?

(૪) સરકારી છાત્રાલયમાં રહેવાની, જમવાની તથા રમત-ગમતના સાધનો, બુક બેંક, સામયિકો વગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને સાયકલ સહાય

* ૨૦૯૫૨ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સાયકલ આપવામાં આવી ?

જવાબ

(૧) ૧૦૯૭

(૨) ૧૦૯૭

(૩) ૧૦૯૭

## નવસારી જિલ્લામાં કાર્યરત પાણી પુરવઠાની યોજનાઓ

* ૨૧૧૨૮ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લાના વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકામાં પાણી પુરવઠાની કેટલી યોજનાઓ આવેલ છે, અને

(૨) તે અન્વયે કેટલી યોજનાઓ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે અને કેટલી યોજનાઓ કેટલા સમયથી બંધ છે ?

જવાબ

(૧) અને (૨)

નવસારી જિલ્લાના વાંસદા, ચીખલી અને ખેરગામ તાલુકામાં કુલ ૧૨૩૧ પાણી પુરવઠા યોજના બનાવવામાં આવેલ છે. જે પૈકી ૧૧૫૦ યોજનાઓ કાર્યરત છે, જ્યારે બાકીની ગ્રામપંચાયત હસ્તકની નિભાવણી હેઠળની પાણી પુરવઠા યોજનાઓ વિકાસ કામોના પ્રગતિને કારણે પાઈપ લાઈન તુટી જવાથી તેમજ સોર્સ નિષ્ફળ જવાને કારણે સમયાંતરે બંધ પડેલ છે. જે કાર્યરત કરવાની કામગીરી જરૂરીયાત મુજબ હાથ ધરવામાં આવે છે.

## એસ. ટી. નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ

* ૨૦૭૬૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનને નવી બસો ખરીદવા માટે વર્ષવાર કેટલી રકમ ફાળવી ?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનને નવી બસો ખરીદવા વર્ષવાર નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ.

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | રૂ. ૨૯૦.૦૦ |
| ૨ | ૨૦૧૪-૧૫ | રૂ. ૯૦.૦૦ |

## સુરત જિલ્લામાં ગણવેશ સહાય

* ૨૦૯૮૧ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરત જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં

જવાબ

(૧) ૧,૯૧,૭૩૪

## અતારાંકિત પ્રશ્નો

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમ સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૧,૯૧,૭૩૪ વિદ્યાર્થીઓને રૂ. ૫,૭૫,૨૦,૨૦૦/- ની ગણવેશ સહાય ચૂકવવામાં આવેલ છે.

### દાહોદ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૨૦૯૩૨ શ્રી વીંછીયાભાઈ ભૂરિયા (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૬૯૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૬૯૦ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૨૬૯૦ |

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૨૧૧૯૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર - ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૧)

| | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જિલ્લાવાર | |
|---|---|---|
| જિલ્લો | શિક્ષિત | અર્ધશિક્ષિત |
| જામનગર | ૧૪૬૭૫ | ૧૯૧૬ |
| દેવભૂમિ દ્વારકા | ૪૬૨૫ | ૨૬૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત જિલ્લાવાર કેટલાને સરકારી નોકરી મળેલ છે ?

(૨)

| જિલ્લો | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી નોકરી મળેલ બેરોજગારોની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | વર્ષ: ૨૦૧૪ | | વર્ષ: ૨૦૧૫ | |
| | શિક્ષિત | અર્ધશિક્ષિત | શિક્ષિત | અર્ધશિક્ષિત |
| જામનગર | ૨૬૯૭ | ૧૨ | ૮૫૯ | ૦૮ |

### વલસાડ જિલ્લામાં એસ. ટી. નિગમને પાસ ઈસ્યુ કરવા સબસીડી

* ૨૨૦૦૦ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

વલસાડ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિક્ષણ અર્થે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને પાસ ઈસ્યુ કરવા માટે રાજ્ય સરકારે કેટલી સબસીડી ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને આપી ?

| ક્રમ | વર્ષ | સબસીડીની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | રૂ. ૧૯.૩૬ |
| ૨ | ૨૦૧૪-૧૫ | રૂ. ૨૦.૫૫ |

### સુરત જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી

* ૨૦૯૭૬ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ધોરણ ૧ થી ૪ શિષ્યવૃતિ યોજનામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત | (૧) ૨૧,૩૮૪. |

વર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવા કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી શિષ્યવૃત્તિની રકમ ચૂકવવવામાં આવી ?

(૨) ૨૧,૩૮૪ વિદ્યાર્થીઓને કુલ રૂ.૧,૦૬,૯૨,૦૦૦/- ની શિષ્યવૃત્તિની રકમ ચૂકવવામાં આવી.

પ્રાંતિજ શહેરની ભુગર્ભ ગટર યોજના હેઠળ થયેલ ખર્ચ

* ૨૧૩૧૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શહેરમાં મંજૂર થયેલ ભુગર્ભ ગટર યોજના હેઠળ સરકારે કેટલા રૂપિયાનો ખર્ચ કરેલ છે,

(૨) આ યોજના થકી શહેરના કયા વિસ્તારોને ભુગર્ભ ગટર લાઇન નાખવા છતાં ઉક્ત સ્થિતિએ જોડાણ મળી શકે તેમ નથી, અને

(૩) સરકારી નાણાંનો ખર્ચ થવા છતાં જે વિસ્તારમાં જોડાણ મળી શકે તેમ નથી તે અંગે જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શું પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) રૂ.૫૩૩.૭૨ લાખ.

(૨) અને (૩)

પ્રાંતિજ ભુગર્ભ ગટર યોજનાનો ડીપીઆર જીયુડીએમ ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે તેમજ સદર યોજના મંજુર કરેલ ટેન્ડર મુજબ વર્કીંગ સર્વે કરી પાઇપલાઇન, મેનહોલ, હાઉસ ચેમ્બર, પંપીગ સ્ટેશન તથા પંપીગ મશીનરી વગેરેની કામગીરી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ડીપોઝીટ વર્ક તરીકે હાથ ધરવામાં આવેલ છે.

આ કામગીરી અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં ઘરોના શૌચાલયથી હાઉસ ચેમ્બર સુધીના જોડાણની કામગીરી જે તે નગરપાલિકા દ્વારા હાથ ધરવાની થાય છે.

પ્રાંતિજ શહેરમાં અમુક નીચાણવાળા વિસ્તાર આવેલ છે. મંજુર થયેલ ટેન્ડર મુજબ સોસાયટીના ઘરો સુધી મંજુર કરેલ વર્કીંગ સર્વે પ્રમાણે પાઇપલાઇન નાંખવામાં આવેલ છે. ઘરોના શૌચાલયથી હાઉસ ચેમ્બર સુધીની પાઇપલાઇન નગરપાલિકા દ્વારા નાંખવામાં આવનાર છે. આમ, આ યોજનાનું કામ મંજુરી મુજબ હાથ ધરવામાં આવેલ હોવાથી જવાબદારો સામે કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

ભાવનગર જિલ્લામાં આવેલ કન્યા છાત્રાલયો

* ૨૦૯૫૬ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં કન્યા છાત્રાલયો કેટલા છે,

(૨) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છાત્રાલયોની સંખ્યા કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ માં

જવાબ

(૧) ૪.

(૨)

| ક્રમ | તાલુકાનુ નામ | કન્યા છાત્રાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૧ |
| ૨ | શિહોર | ૦૩ |
| ૩ | ઘોઘા | - |
| ૪ | મહુવા | - |
| ૫ | પાલિતાણા | - |
| ૬ | ગારીયાધાર | - |
| ૭ | તળાજા | - |
| ૮ | ઉમરાળા | - |
| ૯ | વલ્લભીપુર | - |
| ૧૦ | જેસર | - |
| | કુલ | ૦૪ |

(૩) ૧૭૩.

દાખલ કરેલ કન્યાની સંખ્યા કેટલી છે ?

વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૧૯૪૨ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના બાળકોને કેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે, અને

(૨) આ શિષ્યવૃત્તિમાં સરકારે છેલ્લે ક્યારે કેટલી રકમનો વધારો કરેલ છે ?

જવાબ

(૧) રૂ.૫૦૦/– થી રૂ.૮૦૦૦/– સુધી.

(૨) વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂ.૨૫૦/– થી રૂ.૫૦૦/– સુધીનો વધારો કરવામાં આવેલ છે.

શહેરા અને ગોધરા તાલુકામાં કાર્યરત યોજનાઓ

* ૨૧૪૯૯ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે પંચમહાલ જિલ્લાના શહેરા અને ગોધરા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કઈ યોજનાઓ કાર્યરત છે અને તે માટે કેટલી રકમ ફાળવેલ છે?

જવાબ

(૧) ૩૩ યોજનાઓ
– શહેરા તાલુકાની ૧૩
– ગોધરા તાલુકાની ૨૦.

(૨) કુલ ચાર યોજનાઓ કાર્યરત છે.

| ઉક્ત સ્થિતિએ કાર્યરત યોજનાઓ અને તે માટે ફાળવેલ રકમ નીચે મુજબ છે | | |
|---|---|---|
| તાલુકો | કાર્યરત યોજનાનું નામ | પાણી સમિતિને ફાળવેલ ફંડ રૂ.લાખમાં |
| શહેરા | વક્તાપુર | ૧.૪૫ |
| ગોધરા | પઢીયાર | ૧.૭૯ |
| ગોધરા | શ્રીનાથનગર (જાફરાબાદ) | ૨.૩૦ |
| ગોધરા | મેહલોલ | ૪.૯૮ |
| | કુલ | રૂ.૧૦.૫૨ લાખ |

બનાસકાંઠા જિલ્લામાં આવેલ છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓ

* ૨૧૮૦૯ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ અનુસૂચિત જાતિની કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) કન્યાઓને સરકારી છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓમાં શી સવલતોઆપવામાં આવે છે ?

જવાબ

(૧)

| અ.નં. | તાલુકો | કન્યા છાત્રાલય | કન્યા આદર્શ નિવાસી શાળા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧ | ૧ | ૨ |
| ૨ | થરાદ | ૧ | – | ૧ |
| | કુલ | ૨ | ૧ | ૩ |

(૨)

| અ. નં. | છાત્રાલય/આદર્શ નિવાસી શાળાનું નામ | વર્ષ ૨૦૧૪–૧૫માં આપેલ કન્યાઓને પ્રવેશ | વર્ષ ૨૦૧૫–૧૬માં આપેલ કન્યાઓને પ્રવેશ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | સરકારી કન્યા છાત્રાલય થરાદ | ૨૫ | ૨૩ | ૪૮ |
| ૨ | સરકારી કન્યા છાત્રાલય પાલનપુર | ૨૩ | ૨૬ | ૪૯ |
| ૩ | આદર્શ નિવાસી શાળા (કન્યા) પાલનપુર | ૮૬ | ૧૧૯ | ૨૦૫ |
| | કુલ | ૧૩૪ | ૧૬૮ | ૩૦૨ |

(૩) સરકારી કન્યા છાત્રાલયોમાં રહેવા–જમવાની તથા રમત–ગમતના સાધનો બુકબેંક સામયિકો વિગેરે નિયમોનુસાર

તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે.

આદર્શ નિવાસી શાળામાં કન્યાઓને અભ્યાસ, રહેવા–જમવાની બે જોડી ગણવેશ, બુટ–મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે.

## મોરબી જિલ્લામાં ‘‘સ્કીલ ડેવલોપમેન્ટ’’ ના અભ્યાસક્રમો

* ૨૧૮૭૫ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ‘‘સ્કીલ ડેવલોપમેન્ટ’’ હેઠળના વિવિધ અભ્યાસક્રમો માટે રાજ્ય સરકારશ્રીએ કેટલી સંસ્થાઓને મંજૂરી આપી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા અભ્યાસક્રમના તાલુકા કક્ષાએ કઈ સંસ્થામાં કેટલા તાલીમાર્થી જોડાયા છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ‘‘સ્કીલ ડેવલોપમેન્ટ’’ હેઠળ

૧. મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીમ (MES) હેઠળ ૦૮ (આઠ) સંસ્થાઓને,
૨. ઔદ્યોગિક કૌશલ્ય વર્ધન કેન્દ્ર (i-KVK) હેઠળ ૦૩ (ત્રણ) સંસ્થાઓને,
૩. ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (સીઇડી) દ્વારા ટેક્ષટાઇલ ક્ષેત્રના અભ્યાસક્રમો માટે ૦૨ (બે) સંસ્થાઓને,અને
૪. ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીમીટેડ દ્વારા દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ ૦૪ (ચાર) સંસ્થાઓને મંજુરી આપેલ છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તાલુકા કક્ષાએ આવા અભ્યાસક્રમમાં જોડાયેલ તાલીમાર્થીઓને સંસ્થાવાર સંખ્યા નીચે દર્શાવ્યા મુજબ છે.

| (૧) મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીમ (MES) હેઠળ | | | |
|---|---|---|---|
| ક્રમ | વીટીપીનું નામ | તાલીમાર્થીઓની સંખ્યા | |
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સરકારી કે.વી.કે., ચરડવા | ૦૦ | ૦૦ |
| ૨ | ઔદ્યોગિક તાલીમ સંસ્થા, મોરબી | ૦૦ | ૦૦ |
| ૩ | પટેલ કોમ્પ્યુટર એજ્યુકેશન, મોરબી | ૭૯૮ | ૨૦ |
| ૪ | સરકારી કૌશલ્ય વર્ધન કેન્દ્ર, ચુડા | ૦૦ | ૦૦ |
| ૫ | શ્રી પારૂલ મહિલા પ્રગતિ મંડળ, મોરબી | ૩૨૭ | ૦૦ |
| ૬ | ઔદ્યોગિક તાલીમ સંસ્થા, વાંકાનેર | ૦૦ | ૦૦ |
| ૭ | શ્રી વાંકાનેર એજ્યુકેશન સોસાયટી, વાંકાનેર | ૨૩૨ | ૦૦ |
| ૮ | અર્પિત મહિલા ટ્રસ્ટ, મોરબી | ૦૦ | ૦૦ |
| | કુલ | ૧૩૫૭ | ૦૦ |
| (૨) ઔદ્યોગિક કૌશલ્ય વર્ધન કેનદ્ર (i-KVK) હેઠળ | | | |
| ક્રમ | ઔદ્યોગિક કૌશલ્ય વર્ધન કેન્દ્રનું નામ | તાલીમાર્થીઓની સંખ્યા | |
| | | ૨૦૧૪ | ૨૦૧૫ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એસર ગ્રેનીટો પ્રા.લી., મોરબી | ૨૦ | ૭૮ |
| ૨ | એટલાસ ઇન્ડસ્ટ્રી. મોરબી | ૨૦ | ૬૦ |
| ૩ | એફઇએ સીરામીક્સ પ્રા.લી., મોરબી | ૨૦ | ૭૩ |
| | કુલ | ૬૦ | ૨૧૧ |
| (૩) ઉદ્યોગ સાસિકતા વિકાસ સંસ્થાન (CED) દ્વારા | | | |
| ૧ | અર્પિત મહિલા ટ્રસ્ટ, મોરબી | ૦૦ | ૨૦ |
| ૨ | પ્રાક્ષલ ઇન્ફોટેક પ્રા.લી., મોરબી | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| | કુલ | ૦૦ | ૦૦ |
| (૪) ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીમીટેડ દ્વારા દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના હેઠળ | | | |
| ૧ | કેપ ફાઉન્ડેશન, હૈદ્રાબાદ | ૦૦ | ૦૦ |
| ૨ | નવજીવન ટ્રેસ્ટ, રાજકોટ | ૨૬ | ૬૯ |
| ૩ | એડ્યુજોબ્સ એકેડમી પ્રા.લી., કલકત્તા | ૦૦ | ૦૦ |
| ૪ | પીસી ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ લી. અને ચીરંજીલાલ ગુપ્તા એન્ડ સન્સ પ્રા.લી.દિલ્હી | ૦૦ | ૦૦ |
| | કુલ | ૨૬ | ૬૯ |

(૩) આ અભ્યાસક્રમો માટે કેન્દ્ર સરકાર કોઈ સહાય આપે છે, જો હા, તો ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકારે વર્ષવાર કેટલી સહાય આપી ?

(૩) ખંડ-(૧) માં ઉલ્લેખાયેલ ચાર યોજના/અભ્યાસક્રમો પૈકી ઔદ્યોગિક કૌશલ્ય વર્ધન કેન્દ્ર (i-KVK) સિવાય બાકીના ૦૩ કિસ્સાઓમાં કેન્દ્ર સરકાર તરફથી સહાય મળે છે. જેની વિગતો નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | અભ્યાસક્રમ/યોજનાનું નામ | ભારત સરકાર તરફથી મળેલ સહાય (રૂ.કરોડમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીમ (MES) | ૬.૦૦ | ૧.૬૬ |
| ૨ | ઉદ્યોગ સાસિકતા વિકાસ સંસ્થાન (CED) ના ટેક્ષટાઇલ લક્ષી અભ્યાસક્રમો | ૦૦ | ૭૦૮.૭૫ |
| ૩ | ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લીમીટેડ દ્વારા દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના | ૦૦ | ૦૦ |

## વાપી ખાતે રહેણાંકના આવાસનું બાંધકામ

* ૨૨૧૮૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૨૦-૧-૨૦૧૬ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૧,૮૫,૬૦,૯૦૦/-. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પૂર્ણતાને આરે છે. |

## જેતપુર પાવી ખાતે ન્યાયિક સ્ટાફના મકાનનું બાંધકામ

* ૨૨૧૭૮ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં જેતપુર પાવી ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૨૦-૧-૨૦૧૬ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૩,૦૬,૧૭,૦૦૦/-. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) કામ પૂર્ણ થયેલ છે. |

## અતારાંકિત પ્રશ્નો

### ખંભાલિયા તાલુકાના ગામોને નર્મદા આધારિત પાઈપલાઈનથી પાણી

* ૨૧૩૪૮ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા તાલુકાના ગામોમાં પીવાનું પાણી મેળવવામાં પડતી મુશ્કેલીના નિવારણ માટે નર્મદા આધારિત પાઈપલાઈન દ્વારા સરકાર પાણી પુરૂં પાડવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે, અને<br>(૩) ક્યાં સુધીમાં પાણી પુરૂં પાડવામાં આવનાર છે ? | (૨) અને (૩)<br>ખંભાલિયા તાલુકાના કુલ ૮૧ ગામો પૈકી હાલ ૭૨ ગામોને નર્મદા પાઈપલાઈનની કનેક્ટીવીટી આપવામાં આવેલ છે. જ્યારે બાકી રહેતા ૯ ગામોને પાણી પહોંચાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. જેને વહેલી તકે તબક્કાવાર પાણી આપવાનું આયોજન છે. |

### અમરેલી તાલુકાની ચાંદગઢ અને વિઠ્ઠલપુર યોજનાની કામગીરી

* ૨૧૬૮૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી તાલુકાની ચાંદગઢ અને વિઠ્ઠલપુર પાણી પુરવઠા જુથ યોજના અંતર્ગત સમાવિષ્ટ ગામો માટે ઊંચી ટાંકી, ભુગર્ભસંપ, પમ્પહાઉસ અને સંલગ્ન મશીનરી તથા પાણી વિતરણ માટેની પાઈપલાઈનો સહીત ક્ષતિગ્રસ્ત કામોના સમારકામ અને નવીનીકરણ માટેની યોજનાને ક્યારે અને કેટલી રકમના ખર્ચ માટે સૈધાંન્તીક મંજુરી આપવામાં આવેલ છે, | (૧) તા. ૦૯/૦૩/૨૦૧૫ થી રૂ.૨.૪૫ કરોડ માટે સૈધાંન્તીક મંજુરી મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત કામોને ક્યારે અને કેટલી રકમના ખર્ચ અંગે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) વહીવટી મંજુરી મળવી બાકી છે. |
| (૩) જો વહીવટી મંજુરી આપવામાં ના આવી હોય, તો વિલંબના કારણો શાં છે અને કેટલા સમયમાં જરૂરી મંજુરી સાથે ઉક્ત કામો હાથ ઉપર લઈ પુર્ણ કરવામાં આવશે ? | (૩) યોજના અંતર્ગત ગામોને નિયમિત પાણી આપવામાં આવે છે. યોજના સુધારણાના અંદાજો તાંત્રિક બાબતોની ચકાસણી અર્થે વહીવટી મંજુરીની પ્રક્રિયામાં છે. જે મંજુર કરી કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

### અમદાવાદ જિલ્લામાં વૃદ્ધોને સહાય

* ૨૧૦૯૯ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી, | (૧) ૧૯૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલી રકમની સહાય ચૂકવાઈ છે, અને | (૨) તે પૈકી કુલ ૧૪૭૭ અરજીઓ મંજુર કરેલ છે અને રૂ.૬૧.૦૮ લાખની સહાય ચુકવાઈ છે. |
| (૩) જે અરજીઓ નામંજૂર કે રદ થઈ છે તેના મુખ્યત્વે કારણો શા છે ? | (૩) અરજીઓ નામંજુર કે રદ નીચે મુજબના કારણોથી થયેલ છે.<br>(૧) નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી.<br>(૨) પુખ્તવયનો પુત્ર હોવાથી.<br>(૩) ઉંમર ઓછી હોવાથી.<br>(૪) સ્થળે રહેતા ન હોવાથી.<br>(૫) અવસાન થવાથી.<br>(૬) ઉંમરના પુરાવા ન હોવાથી.<br>(૭) પેઢીનામું રજુ કરેલ ન હોવાથી. |

(૮) કચેરીના કાર્યક્ષેત્ર બહાર હોવાથી.
(૯) રેશનકાર્ડ રજુ કરેલ ન હોવાથી.

રાજકોટ શહેરને નર્મદા યોજના દ્વારા પાણીનો જથ્થો

* ૨૨૦૬૫ શ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ (રાજકોટ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા યોજના દ્વારા રાજકોટ શહેરને પીવાના પાણીનો દૈનિક જરૂરીયાત સામે કેટલો જથ્થો અપાય છે ? | ૧૮૦ એમ.એલ.ડી. |

પોરબંદર જિલ્લાના આચાર્ય સામે ફરીયાદો અંગે તપાસ

* ૨૦૬૫૯ ડૉ. તેજશ્રીબેન પટેલ(વિરમગામ) : તા. ૩૧–૩–૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૯૪૫૯ (અગ્રતા–૧૨૫) ના અનુસંધાને માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પોરબંદરના આચાર્ય સામે મળેલ ફરીયાદો પૈકી ૦૮ ફરિયાદો અંગે તપાસની કાર્યવાહી ચાલુ હતી, તે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પોરબંદરના આચાર્ય સામે મળેલ ફરીયાદો પૈકી ૦૮ ફરિયાદો અંગે તપાસની કાર્યવાહી ચાલુ હતી, તે તમામ ૦૮ તપાસની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. |
| (૨) તે અન્વયે કોઈ ફરીયાદોમાં તપાસ પૂર્ણ થઈ હોય તો સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલા લીધા, અને | (૨) (૧) નિયામકશ્રીની કચેરી દ્વારા ૦૬ ફરિયાદો અન્વયે પ્રાથમિક તપાસ અહેવાલના આધારે આચાર્યશ્રીની ઔદ્યોગિક તાલીમ સંસ્થા–વિરમગામ ખાતે બદલી કરેલ છે તેમજ તેઓ દ્વારા થયેલ ક્ષતિઓમાં ગંભીર પ્રકારનું નાણાંકીય નુકશાન થયેલ જણાતુ ન હોઈ પ્રકરણ દફતરે કરવામાં આવેલ છે.<br>(૨) ૦૨ ફરિયાદો અન્વયે નાયબ નિયામક(તાલીમ), પ્રાદેશિક કચેરી, રાજકોટના તપાસ અન્વયેમાં કરેલ ભલામણ મુજબ નિયામકશ્રી કક્ષાએથી ફરીયાદ દફતરે કરેલ છે. |
| (૩) બાકી તપાસ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જુનાગઢ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

* ૨૧૦૨૧ શ્રી જવાહરભાઈ ચાવડા(માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ ધોરણ–૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ મળતી સાયકલ સહાય બંધ કરવામાં આવેલ છે, તે હકિકત સાચી છે, | (૧) ના જી.<br>ધોરણ–૮ના બદલે ધોરણ–૯માં સાયકલ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત વિદ્યાર્થીનીઓને આ સહાય પુરી પાડવાનું આયોજન છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

"દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય"

* ૨૧૯૭૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂં યોજનામાં કેટલી અરજીઓ મળી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | તા.૧–૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ | તા.૧–૧–૧૫ થી તા.૩૧–૧૨–૧૫ | કુલ |
| (૧) | દાહોદ | ૧૨ | ૦૧ | ૧૩ |
| (૨) | ગરબાડા | ૦ | ૦૨ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| (૩) | ઝાલોદ | ૪ | ૧૦ | ૧૪ |
| (૪) | ફતેપુરા | ૧ | ૫ | ૬ |
| (૫) | લીમખેડા | ૪૭ | ૩૧ | ૭૮ |
| (૬) | દે.બારીયા | ૪૦ | ૬૨ | ૧૦૨ |
| (૭) | ધાનપુર | ૧ | ૭ | ૮ |
| (૮) | સંજેલી | ૦ | ૨ | ૨ |
| | કુલ | ૧૦૫ | ૧૨૦ | ૨૨૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

(૨) ૨૨૨ મંજુર.
૩ ના મંજુર.
ના મંજૂરના કારણો નીચે મુજબ છે.
૧ અરજી સમય મર્યાદા બહારની હોઈ.
૨ ઉંમરના પુરાવા રજુ કરેલ ન હોઈ.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભરૂચ જિલ્લા ખાતે ફેમીલી કોર્ટ

* ૨૨૧૭૫ શ્રી દુષ્યંતભાઈ પટેલ(ભરૂચ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યના ભરૂચ જિલ્લા ખાતે તા. ૨૦–૦૧–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્ધારા ફેમીલી કોર્ટ શરૂ કરવામાં આવેલ છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો તે ક્યારથી શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) તા.૦૧–૦૯–૨૦૧૪થી.

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ધોરાજી ખાતે કોર્ટના મકાનમાં વધારાના માળનું બાંધકામ

* ૨૨૧૭૦ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજકોટ જિલ્લાના ધોરાજી ખાતેની હયાત ફાસ્ટ ટ્રેક કોર્ટના મકાનમાં વધારાના માળના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૨૦–૧–૧૬ની સ્થિતિએ મંજુરી આપી છે તે હકીકત સાચી છે,

(૧) હા જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂપિયા ૯૭,૯૧,૦૦૦/-ની સુધારેલી વહીવટી મંજુરી આપેલ છે.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

### પંચમહાલ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૨૨૦૪૮ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂં યોજનામાં કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | તા.૧–૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ | તા.૧–૧–૧૫ થી તા.૩૧–૧૨–૧૫ | કુલ |
| (૧) | ગોધરા | ૫૩ | ૯૧ | ૧૪૪ |
| (૨) | કાલોલ | ૨૦ | ૫૭ | ૭૭ |
| (૩) | હાલોલ | ૦૮ | ૨૦ | ૨૮ |
| (૪) | જાંબુઘોડા | ૦૫ | ૧૧ | ૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| (૫) | ઘોઘંબા | ૦૭ | ૦૬ | ૧૩ |
| (૬) | મોરવા(હ) | ૧૨ | ૧૬ | ૨૮ |
| (૭) | શહેરા | ૧૯ | ૪૦ | ૫૯ |
| | કુલ | ૧૨૪ | ૨૪૧ | ૩૬૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

(૨) ૩૫૫ અરજીઓ મંજુર.
૧૦ અરજીઓ નામંજુર.
ના મંજૂરના કારણો નીચે મુજબ છે.
૫ અરજી સમય મર્યાદા બહારની હોઈ
૪ લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી
૧ અરજી વધુ આવકવાળી હોઈ

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં શ્રમિકોને આવાસ

* ૨૧૯૧૭ શ્રી કાન્તિભાઈ ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યમાં નોંધાયેલા શ્રમિકોને આવાસ બનાવવા માટેની કોઈ યોજના તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિેએ અમલમાં છે,

(૧) હા.

(૨) જો હા, તો કઈ યોજના અમલમાં છે અને યોજના વાર કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૨) બાંધકામ શ્રમિકોને રહેવા માટેની શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના અમલમાં છે. જેમાં લાભાર્થીદીઠ રૂા.૧,૬૦,૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત યોજનાઓ અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં કેટલા આવાસો બનાવવામાં કે મંજુર કરવામાં આવ્યા ?

(૩) ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય ચુકવવા માં આવે છે, આવાસો બનાવવામાં કે મંજુર કરવાની બાબત બોર્ડના કાર્યક્ષેત્રમાં નથી.

આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૨૧૮૨૨ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂં યોજનામાં કેટલી અરજીઓ મળી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૪ | ૨૦૧૫ | કુલ |
| ૧ | આણંદ | ૮૦ | ૧૦૭ | ૧૮૭ |
| ૨ | ઉમરેઠ | ૧૯ | ૪૨ | ૬૧ |
| ૩ | બોરસદ | ૧૦૧ | ૧૩૮ | ૨૩૯ |
| ૪ | આંકલાવ | ૯ | ૨૬ | ૩૫ |
| ૫ | પેટલાદ | ૪૯ | ૧૩૬ | ૧૮૫ |
| ૬ | સોજીત્રા | ૨૩ | ૩૫ | ૫૮ |
| ૭ | ખંભાત | ૨૦૦ | ૧૮૩ | ૩૮૩ |
| ૮ | તારાપુર | ૧૩ | ૨૪ | ૩૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર અરજીઓ ૧૧૧૮
નામંજુર અરજીઓ ૬૭
નિયત આવક કરતાં વધુ હોવાથી ૪૧
સમય મર્યાદા બહાર હોવાથી ૧૩
અગાઉ લાભ મળેલ હોવાથી ૦૯
લગ્ન રજીસ્ટ્રેશન થયેલ ન હોવાથી ૦૪

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તેનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૧૦, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### હાઈકોર્ટ કેમ્પસમાં સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૧૬૯ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ કેમ્પસમાં ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના નવીન બિલ્ડીંગના બાંધકામ માટે તા. ૨૦–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂા. ૧૨,૪૦,૦૪,૭૦૦/- |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) પ્રગતિમાં છે. |

### મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૨૧૭૫૪ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી, | (૧) ૯૩૨. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી તથા કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૨) મંજુર અજીઓ ૮૯૪<br>ચૂકવેલ સહાય રૂ. ૮૯.૪૦ લાખ. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી તથા અરજીઓ નામંજૂર કરવાના કારણો શાં છે ? | (૩) નામંજુર ૩૮<br>૩૦ અરજી આવક વધુ હોવાથી.<br>૦૨ લગ્ન રજીસ્ટર થયેલ ન હોવાથી.<br>૦૧ પુનઃલગ્ન કરેલ હોવાથી.<br>૦૧ અગાઉ લાભ મળેલ હોવાથી.<br>૦૩ ઉંમરના પુરાવા રજુ કરેલ ન હોઇ.<br>૦૧ સમય મર્યાદા બહારના હોઇ. |

### તાપી જિલ્લાના તાલુકાઓને તાપી નદીમાંથી પાઇપ લાઇન દ્વારા પાણી

* ૨૧૩૨૪ શ્રી પુનાભાઈ ગામીત(વ્યારા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, ડોલવણ તાલુકાઓને તાપી નદીમાંથી પાઇપ લાઇન કરી પીવાનું પાણી પુરૂ પાડવા માટેની યોજનાને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે મંજૂરી કેટલી રકમ સાથે આપવામાં આવી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા, વાલોડ, ડોલવણ તાલુકાઓને તાપી નદીમાંથી પાઇપ લાઇનથી પીવાના પાણી પુરૂ પાડવાની યોજના તાપી બલ્ક પાણી પુરવઠા યોજનાને તા. ૧૦–૧૨–૨૦૧૪ થી રૂ. ૪૪૦.૨૮ કરોડ (ગ્રોસ)ની રકમની મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૨) વહેલામાં વહેલી તકે કામ પૂર્ણ કરવાનું આયોજન છે. |

### કેવડિયા કોલોની ખાતે સ્ટેચ્યુ નિર્માણ અર્થે પર્યાવરણ મંજૂરી

* ૨૧૧૧૪ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે સરદાર પટેલ સાહેબના સ્ટેચ્યુના કામકાજ અંગે પર્યાવરણ મંજૂરી બાબતે થયેલ કાયદાકિય લડત પાછળ સરકાર પક્ષે/સરકારવતી લડતા ખાનગી વકીલોને કેટલી ફી ઉક્ત સ્થિતિએ ચૂકવવામાં આવી ? | ફી પેટે રૂ. ૬,૫૦૦૦૦/–ની રકમ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ચુકવવામાં આવેલ છે. ખાનગી વકીલોને કોઇ ફી ચૂકવવામાં આવેલ નથી. |

## અતારાંકિત પ્રશ્નો

### રાજપીપળા ખાતે નવિન ડિસ્ટ્રીક્ટ કોર્ટ મકાનનું બાંધકામ

* ૨૨૧૭૧ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે નવીન ડિસ્ટ્રીક્ટ કોર્ટના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૨૦–૧–૧૬ ની સ્થિતિએ મંજુરી આપી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૪૧,૭૪,૯૪,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

### ગાંધીધામ ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૧૭૨ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતે છ કોર્ટ માટે વધારાની કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬માં તા. ૨૦–૧–૧૬ની સ્થિતિએ મંજુરી આપી છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા તો કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૭,૮૦,૨૩,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

### કપડવંજ તાલુકાના ગામો માટે પીવાના પાણીની વ્યવસ્થા

* ૨૦૫૫૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કપડવંજ તાલુકાના ગામો માટે પીવાના પાણી માટેની કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે ? | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કપડવંજ તાલુકાના ૧૦૬ ગામો પૈકી ૧૦૩ ગામોને જુદી જુદી ૪ જુથ પાણી પુરવઠા યોજનાઓ દ્વારા અને બાકીના ૩ ગામોને સ્વતંત્ર યોજના દ્વારા પીવાનું પાણી પૂરૂ પાડવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

### બાંધકામ ક્ષેત્રના શ્રમિકો માટે સેસની જમા રકમ

* ૨૧૮૪૫ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલ શ્રમિકો માટે સેસની કેટલી રકમ જમા છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટના હિસાબો મુજબ બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલ શ્રમિકો માટે સેસની કુલ રકમ રૂ. ૧૨૩૬.૫૮/– કરોડ જમા થયેલ છે. |
| (૨) આ સેસની રકમ સરકારના કયા હેડમાં જમા થાય છે, અને | (૨) આ સેસની રકમ ગુજરાત સરકારના નીચેના સદરે જમા થાય છે.<br>મુખ્ય સદર–૦૨૩૦ શ્રમ અને રોજગાર, ગૌણ સદર–૧૦૬ ફીસ અન્ડર કોન્ટ્રાકટ લેબર (રેગ્યુલેશન એન્ડ એબોલીશન) રૂલ્સ, પેટા સદર (૦૪) ઇનકમ ફ્રોમ સેસ લેવીડ અન્ડર ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલ્ફેર સેસ એક્ટ–૧૯૯૬. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલ શ્રમિકો માટે કેટલી રકમ વાપરવામાં આવી તથા કેટલી રકમ અન્ય હેતુઓ અને શ્રમયોગી મેળાઓ માટે વાપરવામાં આવી ? | (૩) ઉક્સ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એકલે કે વર્ષ ૨૦૧૪–૧૫માં રૂ. ૩.૩૭ કરોડ શ્રમિકો માટેના યોજનાકીય હેતુઓ માટે અને રૂા. ૧.૨૧ કરોડ અન્ય હેતુઓ માટે જ્યારે વર્ષ ૨૦૧૫–૧૬ માં રૂ. ૮.૭૧ કરોડ શ્રમિકો માટેના યોજનાકીય હેતુઓ અને રૂા. ૧.૭૩ કરોડ અન્ય હેતુઓ માટે |

વાપરવામાં આવેલ છે અને રૂ઼ા. ૫૦/-લાખ શ્રમિક કલ્યાણ મેળાઓ માટે વાપરવામાં આવેલ છે.

સુરત જિલ્લા ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૧૭૯ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સુરત ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં તા. ૨૦-૧-૧૬ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂપિયા ૪૭,૯૫,૭૩,૦૦૦/-

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે ?

(૩) આ કામના નકશા નામ. હાઈકોર્ટમાં મંજુરીની પ્રક્રિયામાં છે.

અરવલ્લી જિલ્લામાં કુંબરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય

* ૨૨૧૧૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂં યોજનામાં કેટલી અરજીઓ મળી ,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | |
|---|---|---|---|
| | | તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ | તા.૧-૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ |
| ૧ | મોડાસા | ૧૩૭ | ૧૬૭ |
| ૨ | મેઘરજ | ૨૬ | ૪૮ |
| ૩ | માલપુર | ૨૯ | ૪૧ |
| ૪ | ભિલોડા | ૧૯ | ૧૬ |
| ૫ | ધનસુરા | ૯૦ | ૯૪ |
| ૬ | બાયડ | ૪૩ | ૨૪ |
| કુલ | | ૩૪૪ | ૩૯૦ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર ના મંજૂર કરવામાં આવી, અને

(૨) ૭૨૫ અરજીઓ મંજૂર
૯ અરજી આવક મર્યાદા કરતાં વધુ આવક હોવાથી નામંજૂર કરેલ છે.

(૩) ઉકત સ્થિતિએ અરજીઓ પડતર છે તથા તેનો નિકાલ ક્યાં સુધી કરવામાં આવશે?

(૩) કોઈ અરજી પડતર નથી.

મહિસાગર જિલ્લામાં વૃધ્ધોને પેન્શન સહાય

* ૨૦૬૧૦ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના તથા વયવંદના યોજના હેઠળ નાણાકીય સહાય તાલુકાદીઠ કુલ કેટલા અરજદારોને ચુકવવાની બાકી છે,

(૧) કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) આ સહાય સમયસર ન ચુકવવાના શા કારણો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) બાકી લાભર્થીઓને સહાય ક્યાં સુધીમાં ચુકવવાનું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

નવરંગપુરા ખાતે જૂની હાઈકોર્ટના મકાનનું રિનોવેશન

* ૨૨૧૮૧ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રિજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) અમદાવાદ જિલ્લાના નવરંગપુરા ખાતે જૂની હાઈકોર્ટના મકાનમાં કોર્ટો કાર્યરત કરવા તેના રીનોવેશન માટે છેલ્લા બે વર્ષમાં તા. ૨૦-૧-૨૦૧૬ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) રૂ. ૩,૦૦,૦૦,૦૦૦/- ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(૩) આ કામ ઉકત સ્થિતિએ કયા તબક્કે છે?

(૩) કામગીરી પૂર્ણ થયેલ છે.

## પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં લઘુમતી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૨૦૮૨૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર લઘુમતી વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક સ્કોલરશીપ માટેની કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી , અને

(૩) કેટલી અરજીઓ જિલ્લાવાર પડતર છે, તથા આ અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર મળેલ અરજીઓની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લો | પ્રિ.મેટ્રીક | પોસ્ટ મેટ્રીક |
|---|---|---|
| પાટણ | ૩૬૮૨૧ | ૨૩૪૨ |
| બનાસકાંઠા | ૪૪૮૧૮ | ૨૯૫૭ |

(૨) પાટણ જિલ્લો

| | પ્રિ.મેટ્રીક | | પોસ્ટ મેટ્રીક | |
|---|---|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| મંજુર | ૧૨૩૬૦ | ૭૮૨૧ | ૧૨૬૩ | ૦૦ |
| નામંજૂર | ૪૯૭૨ | ૩૧ | ૧૩૫ | ૦૦ |

બનાસકાંઠા જિલ્લો

| | પ્રિ.મેટ્રીક | | પોસ્ટ મેટ્રીક | |
|---|---|---|---|---|
| | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ | ૨૦૧૪-૧૫ | ૨૦૧૫-૧૬ |
| મંજુર | ૧૧૫૧૦ | ૯૨૩૧ | ૧૪૦૦ | ૦૦ |
| નામંજૂર | ૬૧૯૩ | ૬૭૫ | ૧૦૭ | ૦૦ |

(૩) પાટણમાં ૧૨૫૮૧ અને બનાસકાંઠામાં -૧૮૬૫૯ અરજીઓ પડતર છે, જે ભારત સરકારની મંજુરી મળ્યેથી નિકાલ કરવામાં આવશે.

## નસવાડી, કવાંટ બોડેલી તાલુકામાં નર્મદા આધારિત યોજનાઓના બાકી કામો

* ૨૦૫૪૩ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદ્દપુર જિલ્લાના નસવાડી, કવાંટ અને બોડેલી તાલુકામાં પીવાના પાણી માટે નર્મદા આધારીત કેટલી યોજનાઓ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવી,

(૨) તે અન્વયે આ યોજનાઓને કયારે મંજૂરી અપાઈ, અને

(૩) ઉકત સ્થિતિએ ઉકત યોજનાઓના કામો શરૂ નહી થવાના કારણો શા છે અને ઉકત કામો કેટલા સમયમાં શરૂ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી, કવાંટ અને બોડેલી તાલુકામાં પીવાના પાણી માટે નર્મદા આધારીત છેલ્લા બે વર્ષમાં એકપણ યોજના બનાવવામાં આવેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ

* ૨૦૫૨૨ શ્રીમતી ચંદ્રીકાબેન બારીઆ (ગરબાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને નવી એસ.ટી.બસો ખરીદવા કેટલી રકમ કયારે ફાળવી?

**જવાબ**

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને નવી એસ.ટી.બસો ખરીદવા નીચે મુજબ રકમની ફાળવણી કરવામાં આવેલ.

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | ૩.૨૯૦.૦૦ |
| ૨ | ૨૦૧૪-૧૫ | ૩.૯૦.૦૦ |

ફાલ્ગુન ૧૦, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### વકફ ટ્રિબ્યુનલ ખાતે મંજૂર કરેલ જગ્યાઓ

* ૨૨૧૭૪ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વકફ ટ્રિબ્યુનલ, ખાતે નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા.૨૦–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ વર્ગ–૧ થી ૪ ની જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો કેટલી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે, અને | (૨) વર્ગ–૧ની ૨ જગ્યા, અને વર્ગ–૩ ની ૫ જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે. |
| (૩) આ ટ્રિબ્યુનલની સ્થાપના કરવાથી શા ફાયદા થનાર છે? | (૩) વકફ ટ્રિબ્યુનલની સ્થાપના થવાથી વકફ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ સામે જુદી જુદી જીલ્લા કાર્ટોના બદલે એક જ જગ્યાએ એટલે કે વકફ ટ્રિબ્યુનલ સમક્ષ અપીલ થઈ શકશે. જીલ્લા અદાલતોમાં કામગીરીનું ભારણ વધારે હોવાથી વકફને લગતા કેસોમાં ન્યાય મળવામાં વિલંબ થાય છે. વકફ ટ્રિબ્યુનલની રચના થતાં વકફ બોર્ડ દ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ સામેની અપીલો વકફ ટ્રિબ્યુનલ સમક્ષ દાખલ થતા જાહેર જનતાને ઝડપથી ન્યાય મળી શકશે. |

### જામનગર જિલ્લામાં સાયકલ સહાયથી વંચિત વિદ્યાર્થીનીઓ

* ૨૦૬૨૨ શ્રી રાઘવજી પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ –૮ની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ સાયકલ સહાય મળતી હતી તે તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ બંધ કરી દેવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) ના જી. ધોરણ–૮ ના બદલે ધોરણ–૯માં સાયકલ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સહાયથી વંચિત વિદ્યાર્થીનીઓને આ યોજના હેઠળ સાયકલ સહાય પુરી પાડવાનું શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ખેડા જિલ્લામાં નોટરી માટેની પડતર અરજીઓ

* ૨૧૨૫૪ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા નોટરીઓની રાજ્ય સરકારે નિમણૂક આપી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર નોટરીની નિમણુંક માટે કોઈ જાહેરાત રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ નથી. અને કોઈ નિમણુંક કરવામાં આવેલ નથી. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નોટરી માટેની કેટલી અરજીઓ આવેલ હતી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સ્થિતિએ નોટરી મોટેની કેટલી અરજીઓ પડતર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### રાજકોટ જિલ્લા ખાતે ફેમિલી કોર્ટના મકાનનું બાંધકામ

* ૨૨૧૭૩ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લા ખાતે ફેમિલી કોર્ટના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં તા. ૨૦–૧–૧૬ની સ્થિતિએ કોઈ મંજુરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં | (૨) રૂપિયા ૨૩,૫૩,૯૦,૦૦૦– ની સુધારેલ વહીવટી |

આવેલ છે, અને મંજુરી આપેલ છે.

(૩) બાંધકામ કયારે શરૂ કરવામાં આવશે? (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

## બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય

* ૨૦૮૩૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ –૮ની વિદ્યાર્થીનીઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ સાયકલ મળતી હતી તે તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૫ની સ્થિતિએ બંધ કરી દેવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) ના જી. ધોરણ–૮ને બદલે ધોરણ–૯માં સાયકલ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય પુરી પાડવાનું શું આયોજન કરેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ભુજ ખાતે વધારાના કોર્ટ બિલ્ડીંગનું નવિનીકરણ

* ૨૨૧૭૬ શ્રીમતી નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભૂજ ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગમાં સુધારા વધારાના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં તા.૨૦–૧–૨૦૧૬ ની સ્થિતિએ મંજુરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૩,૯૨,૧૮,૯૦૦/– |
| (૩) આ કામ ઉકત સ્થિતએ કયા તબક્કે છે? | (૩) જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |

## ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ફેમીલી કોર્ટ બનાવવા બાબત

* ૨૦૭૪૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ફેમીલી કોર્ટ નથી, તે હકીકત સાચી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ફેમીલી કોર્ટની સ્થાપના થયેલ નથી, જ્યારે જુનાગઢ જિલ્લામાં ફેમીલી કોર્ટની સ્થાપના થયેલ છે, તે તા. ૦૧–૦૬–૨૦૧૦ના રોજથી ફેમીલી કોર્ટ કાર્યરત છે. |
| (૨) જા હા, તો ઉકત જિલ્લામાં ફેમીલી કોર્ટ બનાવવા સરકારનું શું આયોજન છે, અને | (૨) ગીર સોમનાથ જિલ્લાની ન્યાયિક જિલ્લો જાહેર કરવામાં આવેલ નથી. તેથી ફેમીલી કોર્ટની સ્થાપના થયેલ નથી. |
| (૩) તે કયાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) નામ. વડી અદાલત તરફથી દરખાસ્ત મળ્યેથી વિચારણા કરવામાં આવશે. |

## બોટાદ ખાતે નવિન કાર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૨૨૧૭૭ ડૉ. ટી.ડી. માણીયા (બોટાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોટાદ જિલ્લાના બોટાદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં તા.૨૦–૧–૧૬ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જા, હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૩૧,૧૭,૦૩,૦૦૦/– |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) સિવિલ કામની તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. વિદ્યુત કામના અંદાજો બનાવવાની કામગીરી ગતિમાં છે. |

રાજકોટ અને મોરબી જિલ્લામાં લઘુમતિઓ માટેની યોજના

* ૨૨૦૭૯ શ્રી ભોળાભાઈ ગોહેલ(જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં લઘુમતિઓ માટે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિની કઈ યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં છે,

(૨) આ યોજનાના અમલ માટે રાજ્ય સરકારે જિલ્લાવાર કેટલું મહેકમ મંજુર કરેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે તે ખાલી જગ્યા કેટલા સમયમાં ભરાશે.

જવાબ

(૧) ૧. પ્રિ. મેટ્રિક શિષ્યવૃત્તિ
૨. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ
૩. મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ

(૨) કોઈ મહેકમ મંજૂર કરેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બિન નિવાસી ગુજરાતી પ્રભાગ હસ્તક થતી કામગીરી

* ૨૦૭૬૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બિન નિવાસી ગુજરાતી પ્રભાગમાં સંવર્ગવાર મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૨) આ પ્રભાગ દ્વારા કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે, અને

જવાબ

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ | ભરાયેલ જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | સચિવ | ૧ | ચાર્જ સોંપાયેલ છે. |
| ૨ | અધિક સચિવ | ૧ | ૧ |
| ૩ | સેકશન અધિકારી | ૧ | ૧ |
| ૪ | નાયબ સેકશન અધિકારી | ૧ | ૧ |
| ૫ | સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ (અંગ્રેજી) | ૧ | ૧ |
| ૬ | સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ (ગુજરાતી) | ૧ | ૧ |
| ૭ | સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ (ગુજરાતી) | ૧ | ૧ |
| ૮ | પટાવાળા/હવાલદાર | ૪ | ૪ |

(૨) બિન નિવાસી ગુજરાતીઓને સબંધિત નીચે પ્રકારની કામગીરી કરવામાં આવે છે.

૧. ગુજરાત રાજ્યની બહાર દેશ વિદેશમાં સ્થાયી થયેલ ગુજરાતીઓનો રાજ્ય સાથેનો જીવંત સંપર્ક, ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને સંસ્કારો સાથેનો સબંધ જાળવવાની કામગીરી

૨. બિન નિવાસી ગુજરાતીઓની સમસ્યાઓ–પ્રશ્નોના નિરાકરણમાં સહાયરૂપ થવાની કામગીરી

૩. રાજ્યના વિકાસમાં તેઓને સહભાગી બનાવવા પ્રોત્સાહિત કરવાની કામગીરી

૪. ‘‘ગુજરાત કાર્ડ’’ની યોજના હેઠળ બિન–નિવાસી ગુજરાતીઓને ગુજરાત કાર્ડ

૫. અન્ય રાજ્યોમાં આવેલ ગુજરાતી સમાજોને ગુજરાતી સમાજ ભવનના નિર્માણ માટે અર્થિક સહાય.

૬. રાજ્યના મુખ્ય શહેરોમાં પ્રતિષ્ઠિત સંસ્થાઓના સહયોગમાં એન.આર.જી. સેન્ટરોની સ્થાપના

૭. બિન–નિવાસી ભારતીયોના પ્રશ્નોના નિરાકરણ/માર્ગદર્શન માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા એન.આર.જી. સમિતિની રચના

૮. વતન સેવા પ્રોજેક્ટ અંગે ડોક્યુમેન્ટેશન.

૯. સ્વૈછિક સંસ્થાઓના ડેટાબેઝ અને સંકલનની કામગીરી

૧૦. પ્રતિવર્ષ ભારત સરકાર દ્વારા યોજવામાં આવતા પ્રવાસી ભારતીય દિવસમાં રાજ્ય સરકાર વતી સક્રિય ભાગીદારી

૧૧. સદાકાળ ગુજરાત કાર્યક્રમ, ગુજરાતી ડાયસ્પોરા સેમિનાર, એન.આર.આઈ. મેરેજ સેમિનાર, એન.આર.જી. સંમેલન જેવા કાર્યક્રમોનું આયોજન

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

(૩) રૂ. ૮,૧૧,૯૩,૨૯૩/- (અંકે રૂપિયા આઠ કરોડ અગિયાર લાખ ત્રાણુ હજાર બસો ત્રાણુ પૂરા)

જામનગર જિલ્લામાં સરકારી છાત્રાલયોની સંખ્યા અને મહેકમ

* ૨૧૧૯૮ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લામાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ સરકારી છાત્રાલયોની સંખ્યા કેટલી છે,

(૧) ૦૫ છાત્રાલયો

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે અને કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| સંવર્ગ | મંજૂર | ભરેલ | ખાલી | ખાલી જગ્યાની તારીખ |
|---|---|---|---|---|
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૩) | ૦૫ | ૦૪ | ૦૧ | તા.૫/૨/૨૦૧૫ થી |
| કલાર્ક | ૦૧ | ૦૧ | ૦૦ | - |
| વર્ગ-૪ | ૦૩ | ૦૩ | ૦૦ | - |

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) સીધી ભરતી/બઢતીથી ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

વલસાડ જિલ્લામાં મિની પાવર પ્રોજેકટ ની યોજના

* ૨૨૦૦૧ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા પ્રભાગ હસ્તકના યાંત્રિક અને મિકેનીકલ વિભાગની મીની પાવર પ્રોજેકટની કુલ કેટલી યોજના બનાવવામાં આવેલ છે.

(૧) નીચે મુજબ

| તાલુકો | છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવેલ મીની યોજના | | |
|---|---|---|---|
| | વર્ષઃ ૨૦૧૪ | વર્ષઃ ૨૦૧૫ | કુલ |
| વલસાડ | ૭૫ | ૧૦ | ૮૫ |
| પારડી | ૫૨ | ૯ | ૬૧ |
| વાપી | ૮ | ૫ | ૧૩ |
| ઉમરગામ | ૧૫ | ૨૧ | ૩૬ |
| ધરમપુર | ૮૦ | ૧૪ | ૯૪ |
| કપરાડા | ૭૦ | ૩૪ | ૧૦૪ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી યોજનાનું કામ ચાલુ છે, કેટલી યોજના બંધ છે, અને

(૨) તમામ યોજના કાર્યરત છે.

(૩) ઉકત સ્થિતિએ યોજના બંધ હોવાના કારણો શું છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં સ્પેશ્યલ ટ્રિબ્યુનલ કોર્ટ

* ૨૧૩૧૫ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા(પ્રાંતિજ) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં

## અતારાંકિત પ્રશ્નો

સરકાર દ્વારા રાજ્યના કેટલા જિલ્લાઓમાં સ્પે. અકસ્માત ટ્રિબ્યુનલ કોર્ટ સ્થાપવામાં આવી ?

રાજ્યોમાં મોટર અકસ્માત કલેઈમ પીટીશનોના ઝડપી નિકાલ કરવા માટે સરકાર દ્વારા રાજ્યમાં નીચે પ્રમાણેના જિલ્લાઓમાં સ્પે. અકસ્માત ટ્રીબ્યુનલ કોર્ટો સ્થાપવામાં આવેલ છે.

(૧) અમદાવાદ (ગ્રામ્ય)
(૨) બનાસકાંઠા (પાલનપુર)
(૩) દાહોદ
(૪) કચ્છ (ભુજ)
(૫) ખેડા (નડીયાદ)
(૬) પંચમહાલ (ગોધરા)
(૭) રાજકોટ
(૮) સુરત
(૯) વડોદરા
(૧૦) સીટી સિવિલ કોર્ટ, અમદાવાદ

વધુમાં વડી અદાલતના તા ૧૬-૦૨-૨૦૧૬ના પત્રક્રમાકઃ એ. ૧૨૩૪/૧૯૯૧ થી જિલ્લાના હેડ કવાર્ટર ખાતે મોટર અકસ્માત કલેઈમ પીટીશનો કોઈપણ એક એડી. ડીસ્ટ્રીક જજ અલાયદી રીતે ચલાવી શકશે તે મુજબ તેમને નિર્દેશ કરવા સબંધિત જિલ્લાના પ્રિન્સીપાલ જ્યુડીશીયલ ઓફિસરને સૂચના આપવામાં આવેલ છે.

### વલસાડ જિલ્લાની આશ્રમશાળાઓમાં ખાલી જગ્યાઓ

* ૨૧૯૪૩ શ્રી ઈશ્વરભાઈ પટેલ(ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અનુ. જાતિની આશ્રમશાળાઓમાં ગૃહપતિ અને ગૃહમાતાની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) એક પણ આશ્રમશાળા કાર્યરત ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### પંચમહાલ જિલ્લામાં કાર્યરત છાત્રાલયો

* ૨૧૫૦૦ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લાં બે વર્ષ દરમ્યાન સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો માટે તથા અનુસૂચિત જાતિના બાળકો માટે કન્યા/કુમાર છાત્રાલયો કેટલા છે, | (૧) ૫૧. |
| (૨) તે પૈકી છાત્રાલયો ક્યા ટ્રસ્ટ દ્વારા ક્યા સ્થળે કાર્યરત છે તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે, | (૨) *પત્રક-૧ અને *પત્રક-૨ મુજબ. |
| (૩) આ છાત્રાલયોમાં ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલીવાર અને ક્યા છાત્રાલયમાં તપાસ કરી, અને | (૩) *પત્રક-૩ અને *પત્રક-૪ મુજબ. |
| (૪) તપાસ દરમ્યાન ક્યા પ્રકારની ગેરરીતિ જણાયેલ છે તથા તે બાબતે શાં પગલાં લીધા ? | (૪) *પત્રક-૫ મુજબ. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટ પર આવક

* ૨૧૮૧૦ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં આવેલ કઇ ચેકપોસ્ટ પર તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમ્યાન વાહન વ્યવહાર ખાતાને કેટલી આવક થઇ ?

**જવાબ**

| ચેકપોસ્ટ | થયેલ આવક (રૂ. કરોડમાં) | |
|---|---|---|
| | ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ | ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ |
| અમીરગઢ | ૨૦.૦૨ | ૨૧.૯૦ |

| | | |
|---|---|---|
| ગુંદરી અને થાવર | ૨૫.૭૩ | ૨૧.૨૯ |
| થરાદ | ૧૩.૧૪ | ૧૫.૦૮ |
| અંબાજી | ૪.૧૮ | ૩.૯૩ |
| કુલ | ૬૩.૦૭ | ૬૨.૨૦ |

વાંકાનેર તાલુકાના સ્થળોનો પ્રવાસન તરીકે વિકાસ

* ૨૧૮૭૬ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના જડેશ્વર, માટેલ, વાંકાનેરના શાહબાવા મિનારા તથા જૈન દેરાસરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રાજ્ય સરકાર સમક્ષ કલેક્ટરશ્રીએ તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યારે દરખાસ્ત કરી, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા આ દરખાસ્ત મંજુર કરવા કોઇ કાર્યવાહી કરી, જો ના તો તેના શા કારણો શાં છે ?

જવાબ

(૧) અને (૨) મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના જડેશ્વર મંદિર માટે કલેકટરશ્રી મોરબી દ્વારા તા. ૨૩–૩–૨૦૧૫ ના રોજ વિભાગને દરખાસ્ત કરેલ હતી. પરંતુ આ દરખાસ્તમાં જિલ્લા પ્રવાસન સમિતિની મંજુરી બાકી હોઇ કલેકટરશ્રી મોરબીને વિભાગના તા. ૧૦–૮–૨૦૧૫ના પત્રથી આ દરખાસ્ત જિલ્લા પ્રવાસન સમિતિમાં મૂકી મંજુરી મેળવી મોકલી આપવા જણાવેલ. જે અન્વયે કલેકટરશ્રી મોરબી દ્વારા જડેશ્વર મંદિર માટેની દરખાસ્ત તા. ૨૪–૧–૨૦૧૬ ના પત્રથી વિભાગને કરી છે આ ઉપરાંત મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના માટેલ ગામે આવેલ આઇ શ્રી ખોડિયાર માતાજી મંદિરના વિકાસ માટેની દરખાસ્ત કલેકટરશ્રી મોરબી ના તા. ૨૪–૧–૨૦૧૬ ના પત્રથી મળેલ છે. આ બન્ને દરખાસ્ત વિચારણા હેઠળ છે.

જ્યારે વાંકાનેરના શાહબાવા મિનારા તથા જૈન દેરાસર આ સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટેની કોઇ દરખાસ્ત કલેકટરશ્રી મોરબી તરફથી વિભાગને મળેલ નથી.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાયકલ સહાયથી વંચિત વિદ્યાર્થીનીઓ

* ૨૧૩૪૯ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાળિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ધોરણ–૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સરસ્વતી સહાય યોજના હેઠળ સાયકલ સહાય મળતી હતી, તે તા.૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ બંધ કરી દેવામાં આવી છે, તે હકીકત સાચી છે, | (૧) ના જી. ધોરણ–૮ ના બદલે ધોરણ–૯માં સાયકલ આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યોજના હેઠળ ધોરણ–૮ ની કન્યાઓને સાયકલ સહાય આપવા સરકારનું આયોજન છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ગુજરાત સામૂહિક જુથ જનતા અકસ્માત વિમા યોજનાનું પ્રિમીયમ જમા નહિ કરાવવા બાબત

* ૨૧૧૦૦ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સને ૨૦૧૫–૧૬ ના બજેટમાં ગુજરાત સામૂહિક જુથ જનતા આકસ્મિક વિમા યોજાનાનું પ્રિમીયમ ભરવા માટે ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરને કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) રૂ. ૫.૦૦ કરોડ. |
| (૨) આ રકમ ફાળવ્યા પછી ઉક્ત યોજનાનું પ્રિમીયમ વિમા નિયામક કચેરી, ગાંધીનગર ખાતે ઉક્ત સ્થિતએ જમા કરાવેલ નથી, તેના કારણો શાં છે, અને | (૨) સને ૨૦૧૫–૧૬માં આ યોજના ખાતા રાહે ચલાવવાનો સરકારશ્રીનો નિર્ણય હોવાથી પ્રીમીયમ વિમા નિયામક કચેરી, ગાંધીનગર ખાતે જમા કરાવેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કુલ કેટલા કેસો છેલ્લા એક વર્ષથી પડતર છે ? | (૩) ૨૭૬. |

જુનાગઢ જિલ્લામાં શ્રમિક સુરક્ષા યોજના હેઠળ સહાય

## અતારાંકિત પ્રશ્નો

* ૨૧૦૨૨ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૫ માં તાલુકાવાર કેટલા શ્રમિકોની શ્રમીક સુરક્ષા યોજના અંતર્ગત અરજીઓ મળી,

(૧)

| | તાલુકો | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૦૫ |
| ૨ | માણાવદર | ૦૪ |
| ૩ | વંથલી | ૦૧ |
| ૪ | ભેંસાણ | ૦૨ |
| ૫ | કેશોદ | ૦૪ |
| ૬ | માંગરોળ | ૦૯ |
| ૭ | માળીયા હાટીના | ૦૫ |
| ૮ | મેંદરડા | ૦૪ |
| ૯ | વિસાવદર | ૦૦ |
| ૧૦ | વેરાવળ | ૦૧ |
| ૧૧ | સુત્રાપાડા | ૦૬ |
| ૧૨ | તલાલા | ૦૨ |
| ૧૩ | કોડીનાર | ૦૨ |
| ૧૪ | ઉના | ૦૬ |
| ૧૫ | ગીર ગઢડા | ૦૧ |
| | કુલ | ૫૨ |

(૨) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ તે પૈકી કેટલા અરજદારોને તાલુકાવાર સહાય ચુકવવામાં આવી,

(૨)

| | તાલુકો | સંખ્યા | અરજદારોને ચુકવવામાં આવેલ સહાય રકમ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૨ | માણાવદર | ૦૩ | ૩,૦૦,૦૦૦/– |
| ૩ | વંથલી | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૪ | કેશોદ | ૦૨ | ૧,૫૦,૦૦૦/– |
| ૫ | માંગરોળ | ૦૮ | ૭,૫૦,૦૦૦/– |
| ૬ | માળીયા હાટીના | ૦૨ | ૨,૦૦,૦૦૦/– |
| ૭ | મેંદરડા | ૦૩ | ૩,૦૦,૦૦૦/– |
| ૮ | વેરાવળ | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૯ | સુત્રાપાડા | ૦૬ | ૬,૦૦,૦૦૦/– |
| ૧૦ | તલાલા | ૦૨ | ૨,૦૦,૦૦૦/– |
| ૧૧ | કોડીનાર | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૧૨ | ઉના | ૦૪ | ૪,૦૦,૦૦૦/– |
| | કુલ | ૩૪ | ૩૩,૦૦,૦૦૦/– |

(૩) કેટલા અજદારોને સહાય ચુકવવાની બાકી છે, તેના કારણો શા છે, અને

(૩) ૦૭
૦૩ (ત્રણ) કેસો અરજદાર તરફથી ક્ષતિ પૂર્તતાના અભાવે પડતર છે. ૦૨ (બે) કેસો ગ્રાહક સુરક્ષા ફોરમમાં પડતર છે. અને ૦૨ (બે) કેસો વિમા નિયામકશ્રી ગાંધીનગર પાસે પડતર છે.

(૪) ઉક્ત અરજદારોને આ સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) પડતર અરજીઓ ઉપર સંપૂર્ણ કાર્યવાહી થયા બાદ.

### કચ્છ જિલ્લામાં દેવસ્થાનોના વિકાસ માટે કરેલ ખર્ચ

* ૨૧૧૧૫ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) કચ્છ જિલ્લામાં કેટલા દેવસ્થાનોના વિકાસ માટે વિભાગ દ્વારા તા.૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નિર્ણય કરવામાં આવેલ છે, અને

(૧) તા. ૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લાના દેવસ્થાનોના વિકાસ માટે વિભાગના તા. ૨–૧–૨૦૧૫ના ઠરાવની જોગવાઈ અનુસાર નીચે મુજબના ત્રણ સ્થળોના વિકાસ માટેની યોજના મંજૂર કરવામાં આવેલ છે.

૧. થાન જાગીર–ધીણોધર, નખત્રાણા
૨. માતાના મઢ, લખપત
૩. જેસલ–તોરલ મંદિર, અંજાર

(૨) ઉક્ત દેવસ્થાનો માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) અમલીકરણની કાર્યવાહી પ્રગતિમાં છે.

શામળાજી ખાતે યાત્રાધામ વિકાસ

* ૨૧૮૪૬ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શામળાજી ખાતે યાત્રાધામ વિકાસ માટે કુલ કેટલી રકમનું પ્રાવધાન કરવામાં આવેલ છે, અને

(૨) એમાં ક્યા કામો પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં શામળાજી ખાતે યાત્રાધામ વિકાસ માટે કુલ રૂપિયા ૧૦.૦૦ કરોડની રકમનું પ્રાવધાન કરવામાં આવેલ છે.

(૨) એમાં નીચે જણાવેલ કામો પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો

(રૂપિયા કરોડમાં)

| વર્ષ | કામનું નામ | ખર્ચ |
|---|---|---|
| ૨૦૧૪ | ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ પેકેજ ૧ | ૬.૯૪ |
| | ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ પેકેજ ૨ | ૨.૫૯ |
| ૨૦૧૫ | ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ પેકેજ ૧ | ૧.૧૩ |
| | ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ પેકેજ ૨ | ૦.૩૬ |

લુણાવાડા તાલુકાના ગામોને નમનાર જુથ યોજનાથી પાણી આપવા બાબત

* ૨૦૭૧૦ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગરીઆ, કોલવણ ગામના ઝરખલા, છાપરીમુવાડા, સુઢેલામાં પાઇપ લાઇન અને ટાંકીઓ હોવા છતાં નમનાર જૂથ પાણી પુરવઠા યોજનાથી પીવાનું પાણી મળતું નથી, તે વાત સાચી છે,

(૨) જો હા, તો પાણી ન મળવાનું શું કારણ છે, અને

(૩) આ ગામોને ઉક્ત યોજનાનું પીવાનું પાણી મળે તે માટે સરકારશ્રીનું ઉક્ત સ્થિતિએ શું આયોજન છે ?

જવાબ

(૧) (૨) અને (૩) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ગરીઆ, કોલવણ ગામના ઝરખલા, છાપરીમુવાડા, સુઢેલા ગામ/પરાનો સમાવેશ ચારણગામ જુથ પાણી પુરવઠા યોજનામાં થયેલ છે. પરંતુ અપુરતા પાણીના કારણે કોલવણ ગામ તથા તેના પરા સુંઢેલાને ખેરોલી જુથ પાણી પુરવઠા યોજનામાંથી પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે.

જ્યારે ગરીયા ગામ તેમજ છાપરીના મુવાડા અને ઝરખલા ફળીયા સ્વતંત્ર/મીની પાણી પુરવઠા યોજના અને હેન્ડપંપ દ્વારા પાણી મેળવે છે.

આ ગામોને જુથ યોજનાનું પાણી મળે તે માટે ખેરોલી જુથ પાણી પુરવઠા યોજના સુધારણાના કામો હાથ ધરવાનું આયોજન છે.

એસ.ટી.બસોના ભાડામાં ઘટાડો

* ૨૦૮૨૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગેસ અને ડીઝલ આધારિત ચાલતી એસ.ટી. બસોના ભાડામાં ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ,

(૨) ઉક્ત બસ ભાડામાં વધારો કરવાના કારણો શા હતા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ડીઝલ અને ગેસના ભાવ ઘટવાના કારણે એસ.ટી. બસના ભાડાના દરમાં ઘટાડો કરવાનું શું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્યમાં ગેસ અને ડીઝલ આધારિત ચાલતી એસ.ટી.બસોના ભાડામાં વધારો કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એસ.ટી. બસના ભાડાના દરમાં હાલ ઘટાડો કરવાનું કોઈ આયોજન નથી.

ગરબાડા તાલુકાના ગામો માટે પિવાના પાણીની વ્યવસ્થા

* ૨૦૫૨૩ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ

જવાબ

(૧) અને (૨)

જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ બોરીયાલા–ગાંગરડા–જાંબુઆ–સીમળીયા ગામોને પીવાનું પાણી મેળવવા માટે ભારે હાડમારી વેઠવી પડે છે તેહકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા તો આ ગામોને કેટલા સમયમાં પીવાના પાણી માટેની વ્યવસ્થા કઈ રીતે કરવામાં આવશે?

તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ આ ગામો પીવાનું પુરતું પાણી સ્વતંત્ર, મીની અને હેન્ડપંપ યોજના દ્વારા મેળવે છે.

ગત ચોમાસા દરમ્યાન દાહોદ જિલ્લામાં સરેરાશ વરસાદ કરતાં ઓછો વરસાદ થવાને કારણે આગામી ઉનાળામાં ઉપસ્થિત થનાર સંભવિત તંગીના નિવારણ માટે નવા હેન્ડપંપ અને ટેન્કરથી પાણી આપવાનું આયોજન કરેલ છે.

## જામનગર જિલ્લાના ગામોને નર્મદાનું પીવાનું પાણી

* ૨૦૮૪૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : તા.૧૭–૩–૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૮૪૨૦ (અગ્રાતા –૧૮૫) ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં ૪૩૦ ગામો પૈકી ૭ ગામોને તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ટેન્ડર દ્વારા પાણી પુરૂ પાડવામાં આવે છે તે હકીકત સાચી છે;

(૨) જો હા, તો ઉપરોક્ત સાત ગામોને ટેન્કરને બદલે નર્મદા પાઈપ લાઈન મારફતે પાણી પુરૂ પાડવા ઉક્ત સ્થિતિએ શી વ્યવસ્થા થઈ છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપાઈ છે?

જવાબ

(૧) હા,જી.

(૨) ઉપરોક્ત ૭ ગામો પૈકી ૧(એક) ગામને નર્મદા પાઇપલાઇન મારફતે પીવાનું પાણી પુરૂ પાડવામાં આવેલ છે. બાકી રહેતા ૬(છ) ગામોને નર્મદાનું પાણી પુરૂ પાડવા માટેની કામગીરી પ્રગતિમાં છે.

(૩) ઉક્ત કામગીરી વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન છે. અને સદર કામગીરીની જવાબદારી પાણી પુરવઠા બોર્ડ અને વાસ્મો કચેરીને સોંપાયેલ છે.

## હાઈકોર્ટમાં સરકારી વકીલોને ચૂકવવામાં આવતું મહેનતાણું

* ૨૦૭૬૭ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલોને મહેનતાણા/ફી પેટે કેટલી રકમ વર્ષવાર ચુકવાઈ ?

જવાબ

(૧) તા.૦૧–૦૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ ના વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સરકારી વકીલશ્રીઓને મહેનતાણા/ફી પેટે રૂ.૬,૭૯,૬૮,૩૨૪/– (છ કરોડ ઓગણાએંસી લાખ અડસઠ હજાર ત્રણસો ચોવીસ પુરા) ચુકવવામાં આવેલ છે.

(૨) તા.૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ ના વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત સરકારી વકીલશ્રીઓને મહેનતાણા/ફી પેટે રૂ.૩,૪૭,૪૧,૦૭૯/– (ત્રણ કરોડ સુડતાલીસ લાખ એકતાલીસ હજાર ઓગણાએંસી પુરા) ચુકવવામાં આવેલ છે.

## વલસાડ જિલ્લામાં કાર્યરત બાંધકામ અને ગટરની યોજના

* ૨૨૦૦૨ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા પ્રભાગની બાંધકામ અને ગટર યોજનાની કુલ કેટલી યોજના બનાવવામાં આવેલ છે,

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે પાણી પુરવઠા યોજનાઓ બનાવી મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકા | યોજના |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૨૨ |
| ૨ | પારડી | ૯૬ |
| ૩ | ધરમપુર | ૧૯૯ |
| ૪ | કપરાડા | ૨૨૪ |
| ૫ | ઉમરગામ | ૭૫ |
| ૬ | વાપી | ૩૬ |
| | કુલ | ૭૫૨ |

ગટર યોજના એક પણ બનાવવામાં આવેલ નથી.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી યોજનાનું કામ ચાલુ છે, કેટલી યોજના બંધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ યોજના બંધ હોવાના કારણો શું છે?

(૨) અને (૩)
ઉક્ત યોજનાઓ પૈકી ૪૬૫ યોજનાઓ પુર્ણ કરી પાણી પુરવઠો કાર્યરત કરવામાં આવેલ. જ્યારે ૨૮૭ યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે. જે વહેલામાં વહેલી તકે પુર્ણ કરવાનું આયોજન છે. યોજનાઓ બંધ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સાબરકાંઠા જિલ્લામાં ચૂકવેલ આવાસ સહાય

* ૨૧૩૧૬ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા(પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓની મકાન સહાય મંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર થયેલ લાભાર્થીઓને કેટલી રકમ ચુકવવામાં આવી અને ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવાની બાકી છે તથા તે કેટલા સમયમાં ચુકવાશે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ડૉ.આંબેડકર આવાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કુલ ૪૬૧ લાભાર્થીઓને તાલુકાવાર નીચેની વિગતે મકાન સહાય મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાઓના નામ | મકાન સહાય મંજુર કરેલ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૬ |
| ૨ | ઇડર | ૧૨૦ |
| ૩ | વડાલી | ૬૪ |
| ૪ | પ્રાંતિજ | ૮૩ |
| ૫ | તલોદ | ૧૦૨ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩૪ |
| ૭ | પોશીના | ૦૦ |
| ૮ | વિજયનગર | ૦૨ |
| | કુલ | ૪૬૧ |

(૨) મંજુર થયેલ લાભાર્થીઓને રૂ.૧,૧૪,૬૮,૦૦૦/- રકમ ચુકવેલ છે. જ્યારે રૂ.૧,૮૮,૫૨,૦૦૦/- રકમ ચુકવવાની બાકી છે. જે વહેલી તકે ચુકવવામાં આવશે.

---------

રાજયકક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

<#D/( વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ)/D#>

રાજ્યની નવી ઈલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૧૬-૨૧ જાહેર કરવા બાબત

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ ( રાજ્ય કક્ષાના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓનું ઉત્પાદન હાલમાં ખૂબ જ ઝડપથી વિકસી રહેલ ઉદ્યોગ તરીકે પ્રસ્થાપિત થયેલ છે. ભારતમાં ઇલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓની ખરીદી કે જે હાલમાં વાર્ષિક ૧૦૦ બિલિયન અમેરિકન ડોલર સુધી પહોંચવાની શક્યતા છે. આમ એક બાજુ ઔદ્યોગિકી વિકાસ માટે અને રોજગારીનું નિર્માણ કરવા માટેની તક છે તો ઇલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓના ઉત્પાદનનું યોગ્ય વાતાવરણ ઉભું ન કરીએ તો વિદેશી મુદ્રાના ભંડોળ માટેના એક પડકાર જેવું પણ છે.

ભારત સરકારની Make in India નીતિ અંતર્ગત અને તેઓની સુધારેલી M sips યોજનાની જોગવાઇઓ ધ્યાને લઇને ઇલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓનું ઉત્પાદન ગુજરાતમાં વિશાળ પાયા પર થાય તે હેતુથી એક યોગ્ય વાતાવરણ ઉભું કરવા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્ત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા રાજ્યની નવી ઇલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૧૬-૨૧ જાહેર કરવામાં આવે છે.

આ નવી નીતિ અંતર્ગત ઇલેક્ટ્રોનિક મેન્યુફેકચરીંગ કલસ્ટર બનાવવા કુલ કેપિટલ ખર્ચના ૨૫ ટકાની મર્યાદામાં રૂપિયા ૧૦૦ કરોડ સુધીની સહાય આપવાની જોગવાઇ કરેલ છે. જ્યારે કે ઇલેક્ટ્રોનિક સિસ્ટમ ડિઝાઇન મેન્યુફેકચરીંગ એકમોને કેપિટલ સબસિડી, વ્યાજ રાહત, વીજ વપરાશના ટેરિફ અને ઇલેક્ટ્રિસિટી ડ્યૂટીમાં રાહત, વેટ રીએમ્બર્સમેન્ટ તેમજ કલસ્ટર અને એકમોમાં જમીનના વેચાણ / તબદિલી પર સ્ટેમ્પ ડ્યૂટી અને રજિસ્ટ્રેશન ફીમાં રાહત, વૈજ્ઞાનિક ખોજને પેટન્ટ કરાવવા રાહત વગેરે જોગવાઇ રાખવામાં આવેલ છે. ઉદ્યોગ સાહસિકોને આ નીતિ અંતર્ગત ઇન્સેન્ટિવ મેળવવા માટે યોજનાઓ / અરજીપત્રો એક સાથે મળી રહે અને તેમને રાજ્ય સરકારના વિવિધ વિભાગોની જરૂરી પરવાનગીઓ અંગેનું સંકલન એક બારી પદ્ધતિથી મળી રહે તે માટે ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ મિશનની સ્થાપના કરવાનું નક્કી કરેલ છે.

આ ઈલેક્ટ્રોનિકસ નીતિ દ્વારા આવનાર પાંચ વર્ષોમાં અંદાજિત ૬ અબજ અમેરિકન ડોલરનો નિવેશ આમંત્રિત કરીને આશરે પાંચ લાખ લોકોને રોજગારી પૂરી પાડવાની આશા છે. રાજ્ય સરકારે શ્રેષ્ઠ વહીવટી વ્યવસ્થાના આધારસ્તંભ તરીકે પોલિસી લેડ ગવર્નન્સના ભાગરૂપે ઔદ્યોગિક વિકાસના વિવિધ ક્ષેત્રો જેવા કે ટેક્ષટાઇલ, પ્રવાસન, કુટિર ઉદ્યોગ, આઇ.ટી. વગેરે જેવા ક્ષેત્રો માટે પોલિસીઓ અમલમાં મૂકેલ છે, તે જ પ્રમાણે ઇલેક્ટ્રોનિકસ ક્ષેત્ર માટે આકર્ષક પોલિસી થકી Make in India નું સપનું સાકાર કરવા રાજ્યનો આગવો સંકલ્પ દર્શાવેલ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ નીતિની જાહેરાત કરી છે એમાં ઇલેક્ટ્રોનિક્સમાં મોટાભાગની વસ્તુઓ કોમ્પ્યુટરાઝડ અને મશીન ઓરિએન્ટેડ હોય છે એટલે એમ્પ્લોટમેન્ટ જનરેશનનું પ્રમાણ બીજા કરતાં આમાં ઓછું હોય છે. એમણે જે ૫ લાખને રોજગારી પૂરી પાડવાનો અંદાજ આંક્યો છે એ માટે કેટલા યુનિટો સ્થપાવાથી હાંસલ થઇ શકશે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : ઇલેકટ્રોનિક્સ ક્ષેત્રમાં અનેક ચીજવસ્તુઓ જેવી કે ચીપથી માંડીને કોમ્પ્યુટર, ટેલિફોન જેવી અનેક વસ્તુઓના નાના નાના એકમો દ્વારા ઉત્પાદન થઇ શકે છે. આજ દિવસ સુધી આપણે વિદેશથી આયાત કરીને એસેમ્બલ કરતા હતા એ વસ્તુ આપણે બનાવીએ અને નાના ઉદ્યોગો સ્થપાય તો એના મારફતે વધુને વધુ રોજગારી મળે એ પ્રકારનો એક પ્રયાસ છે. રાજ્ય સરકારની આ યોજના છે અને એ યોજનામાં કેટલા પ્રકારના કેટલા યુનિટો આવશે એના ઉપર રોજગારીની તકો ઉપલબ્ધ થશે. પણ એક અનુભવ એવો છે કે ૬ અબજ અમેરિકન ડોલરનો નિવેશ થાય તો ૫ લાખને રોજગારી મળે.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય આર. એમ. પટેલ

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆત આ બાજુથી કરવામાં આવે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રથા એ જ છે કે ઓપનિંગ આ બાજુથી જ થયું હતું. બાપુથી ઓપનિંગ થયું હતું. માનનીય આર. એમ. પટેલ, હું જોઇ લઇશ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા): માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરનો આભાર પ્રસ્તાવ મારાં વિદ્વવાન સાથી માનનીયશ્રી દુષ્યંતભાઇ પટેલ લઇને આવ્યાં છે તથા અમદાવાદ શહેરના યુવાન ધારાસભ્યશ્રી જગદીશભાઇ પંચાલે જેને ટેકો આપ્યો છે એમાં હું ગૃહ વિભાગ અંગે મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આપણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ જોતાં હતાં કે, લોકો ગરીબાઇ, બેરોજગારી, નિરક્ષરતા, માંદગી અંગે ચર્ચા કરતાં હતાં. આજે સમગ્ર વિશ્વની અંદર એ પછી અમેરિકા હોય, ફ્રાંસ હોય કે ભારત હોય કે પાકિસ્તાન હોય દરેક જગ્યાએ આતંકવાદની જે સમસ્યા છે એ અંગે વિશ્વભરની અંદર ચર્ચા કરવામાં આવી રહી છે અને આ સમસ્ય દિન-પ્રતિ-દિન ગંભીર થતી જાય છે. આજે આપણે જોઇએ તો સિરિયા, ઇરાક, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન આ બધા આતંકવાદના અડ્ડા બન્યાં છે અને જો ફક્ત સિરિયાની વાત કરું તો છેલ્લા પાંચ વર્ષની અંદર અઢી લાખથી વધારે લોકોના મૃત્યુ થયાં છે અને એક કરોડથી પણ વધારે લોકોએ યુરોપમાં અને અન્ય જગ્યાએ શરણાર્થી તરીકે હિજરત કરવાની પરિસ્થિતિ આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાકિસ્તાનની અંદર જે લાલ મસ્જિદ છે એના માટે એવું કહેવાય છે કે સ્ટેટ વિથ-ઇન-સ્ટેટ, રાજ્યની અંદર રાજ્ય. ત્યાં પોલીસ અને આર્મી નથી જઇ શકતી અને આતંકવાદીઓને તાલીમ અને ઉશ્કેરણી ત્યાં કરવામાં આવી રહી છે. આપણાં દેશની અંદર, જવાહરલાલ નહેરુ યુનિર્વસિટીની અંદર (અંતરાય)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, ઓફ ધ રેકર્ડ અમને પણ ચર્ચા કરવા દેજો. (અંતરાય)

શ્રી રજનીકાન્ત મો. પટેલ : જે લોકોએ સંસદ ઉપર હુમલો કર્યો (અંતરાય) અને જેણે એ યોજના બનાવી એવા અફઝલ ગુરુને જ્યારે ફાંસી આપવામાં આવી એ ફાંસીની તિથિની ઊજવણી જવાહરલાલ નહેરુ યુનિર્વસિટીમાં કરવામાં આવી. (શેઇમ શેઇમના પોકારો) આ બાબત ખૂબ ગંભીર છે. માનનીય અધ્યક્ષશ્રી, જે લોકોએ દેશના ટુકડા કરવા માટે અને આ દેશની બરબાદી માટે અને આઝાદી માટે જો નારા લગાવતાં હોય એવા લોકો સામે ભારત સરકારે કડકમાં કડક કાર્યવાહી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને દુ:ખની વાત જણાવું તો આવા આંદોલનકારીઓને મળવા માટે •(×××)જેએનયુની મુલાકાત લીધી હતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, આર.એમ. પટેલ જે આપણાં ગૃહના મેમ્બર નથી એની આપણે ટીકા ના કરીએ. પ્લીઝ, હું આપના શબ્દો દૂર કરું છું. પ્લીઝ, રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હમણાં સમાચાર મળ્યાં કે જેણે ગૃહ વિભાગ સંભાળ્યો હતો એવા એક કેન્દ્રીય મંત્રી, જેને લોકોએ પાસ કર્યા છે એવા લોકોએ કહ્યું કે, અફઝલ ગુરુની ફાંસી અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે આ દેશની અંદર સુપ્રીમ કોર્ટ ફાયનલ છે કે પૂર્વ ગૃહમંત્રી ફાયનલ છે? આખરી સત્તા સુપ્રીમ કોર્ટની છે. ભારત દેશ તરીકે જેનું વર્ણન કરવામાં આવે છે એવા લોકો જે દેશના ટૂકડા કરવા માગે છે એવા લોકોને જે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે એ વખોડવા લાયક છે, નિંદાપાત્ર છે. (અંતરાય)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ આભાર પ્રસ્તાવ પર બોલો, પ્લીઝ. (અંતરાય) આપ આભાર પ્રસ્તાવ પર બોલો. પ્લીઝ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગ પર બોલવા માગુ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, એ મેં કહી દીધું છે. (અંતરાય) આપણે આભાર પ્રસ્તાવ પર આવી જાવ પ્લીઝ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : દુ:ખતી નસ પર હાથ મૂક્યો છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર જે લોકોએ (અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના માનનીય ધારાસભ્યશ્રીએ કદાચ નામનો ઉલ્લેખ કર્યો હોય એ આપના તરફથી સૂચિત થઇને નામ રદ કરવામાં આવશે પરંતુ આખા દેશને હલાવી દે એવી ઘટના બની હોય તો એમાં નિયમોની મર્યાદામાં જેટલો ઉલ્લેખ થાય એ આ સભાગૃહને કરવા દેવો જોઇએ.

અધ્યક્ષશ્રી : એ હું જોઇ લઇશ. કોઇપણ બાબત દૂર કરવાપાત્ર હશે તો હું દૂર કરી દઇશ પણ આપણા સભ્યશ્રીને વિનંતી છે કે આપણે આભાર પ્રસ્તાવ ઉપર જ બોલીએ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આભાર પ્રસ્તાવ ઉપર જ આવું છું. ગુજરાતની શાંતિ જરૂરી છે. દેશના વિકાસ માટે ગુજરાતની અંદર આતંકવાદ ન પ્રવેશે એ ખૂબ જરૂરી છે અને એટલા જ માટે ગુજરાતની અંદર હેડલીએ કહ્યું કે ઇશરત જહાં આતંકવાદી સંગઠન સાથે જોડાયેલી હતી. માની લો કે આપણે હેડલીના સ્ટેટમેન્ટને ન સ્વીકારીએ પરંતુ ભારત સરકારના ગૃહ સચિવે કહ્યું છે કે ઇશરત જહાંનું જે એફીડેવીટ કરવામાં આવેલું હતું એ ફકત ને ફકત તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીને બદનામ કરવા માટે બદલવામાં આવ્યું હતું. ઓગસ્ટની અંદર કહેવામાં આવે કે આઇ.બી. રિપોર્ટ બરાબર છે અને એ રિપોર્ટ પ્રમાણે ઇશરત જહાં, જાવેદ શેખ ઉર્ફે પરમેશ પિલ્લાઇ, જિસન જોહર અને અકબર વી. રાણા લશ્કરે તોઇબાના સભ્યો હતા અને સપ્ટેમ્બર મહિનાની અંદર આઇ.બી. રિપોર્ટ કન્કલુઝીવ નથી એવું કહેવામાં આવે એ કોઇ સંજોગોમાં ચલાવી ન શકાય. ગુજરાતની અંદર હમણા આપણે જોયું કે ભરૂચમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓનું ખૂન કરવામાં આવ્યું અને મારે સરકારને અભિનંદન આપવાના છે કે દુબઇબેઝ જે આતંકવાદીઓ હતા એનું પગેરું શોધીને ૧૫ દિવસની અંદર આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી. ગુજરાત સરકારને, માનનીય મુખ્યમંત્રીશ્રીને આપણે જેટલા અભિનંદન આપીએ તેટલા ઓછા છે. જે લોકો આજે દેશભરમાં અસહિષ્ણુતાની વાત કરે છે તે એ જ લોકો છે કે જેમણે કટોકટી આ દેશની અંદર લાદેલી હતી અને લાખો માણસોની ધરપકડ કરી હતી. બાહ્ય સુરક્ષા અને આંતરિક સુરક્ષા મહત્વના ઇશ્યૂ છે અને એટલા જ માટે વડાપ્રધાનશ્રીએ કચ્છ જિલ્લાના ધોરડો ગામની અંદર ઓલ ઇન્ડીયા ડી.જી.પી. અને આઇ.જી.ની કોન્ફરન્સ કરીને એમને માર્ગદર્શન આપેલું છે. ગુજરાતની જયારે વાત કરીએ ત્યારે ૨૦૧૪ની સ્થિતિએ ઓલ ઇન્ડીયાનો ક્રાઇમ રેટ ૨૨૯ છે જયારે ગુજરાતનો ક્રાઇમ રેટ ૨૧૩ છે. ૨૦૧૩માં જે આઠમુ સ્થાન હતું આજે ક્રાઇમની અંદર ૧૫મુ સ્થાન છે. મને જણાવતા આનંદ થાય છે કે ૧૯૮૬થી ૨૦૦૦ અને ૨૦૦૧ થી ૨૦૧૫ની અંદર જયારે નરેન્દ્રભાઇ મોદી અને ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું એમાં ગુનાઓની ટકાવારીમાં ૩૦ ટકાનો ઘટાડો થયો છે. આ આંકડાઓ જે છે કોઇ પૂછે કે કયાંથી લાવ્યા તો ક્રાઇમ ઇન રિપોર્ટ આપ જોઇ લો એવી વિનંતી છે. કાયદો અને વ્યવસ્થા ખૂબ નિયંત્રિત છે અને એટલા માટે જો આપણે ગુનાવાર લઇએ તો ખૂનમાં દેશની અંદર ક્રાઇમ રેટ ૨.૩ છે જયારે ગુજરાતમાં ૧.૮ છે અને ગુજરાતનું સ્થાન ૨૯મુ છે. ખૂનની કોશિશની અંદર ઓલ ઇન્ડીયા ક્રાઇમ રેટ ૩.૪ છે. ગુજરાત ૧.૨ છે. ગુજરાતનું સ્થાન ૩૨ મુ છે. લૂંટ હોય, ધાડ હોય, અપહરણ હોય, ચોરી હોય આ લોકો કહે છે કે ગુજરાતની અંદર મહિલાઓ સલામત નથી. બાળત્કારના જે કિસ્સાઓ બન્યા છે ઓલ ઇન્ડીયા લેવલે એમાં ક્રાઇમ રેટ ૬.૧ છે. જ્યારે ગુજરાતનો ૨.૯ છે અને ગુજરાતનું સ્થાન ૨૯મું છે. આજે દેશની અંદર ચાર્જશીટનો રેટ ૭૯.૮ છે. જ્યારે ગુજરાતનો રેટ ૮૬.૬ છે. અગાઉ આપણે જોયું તે પ્રમાણે ગુજરાત પોલીસને મજબૂત કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે નક્કી કર્યુ કે પોલીસમાં ભરતી શરૂ થવી જોઇએ. અને એટલા માટે જ ૮,૪૫૦ પોલીસની ભરતી કરવામાં આવી છે. અને એમાં ૨,૭૮૮ મહિલાઓની ભરતી કરવામાં આવી છે. મારે રાજ્ય સરકારને અભિનંદન આપવા જોઇએ અને તેમાં ય ખાસ કરીને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ ૩૩ ટકા મહિલાઓને પોલીસમાં તમામ તબક્કે સ્થાન આપવાનો નીતિ-વિષયક નિર્ણય કર્યો. અને એટલા માટે જ ૧૭,૨૦૦ જેટલા પોલીસ કર્મીઓનું આયોજન કરવામાં આવ્યું છે અને એના માટે ૨૦૧૬-૧૭ ના બજેટમાં ૪,૬૪૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ફક્ત ગુનાઓ નહિ, પણ ગુનાનું સંશોધન પણ એટલું જ મહત્વનું છે અને એટલા માટે જ ગુજરાતની અંદર આઇ.એસ.ઓ. આઇ.ઇ.સી. માન્યતા ધરાવતી દેશની એકમાત્ર પ્રથમ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સ્થાપના કરવામાં આવી છે. સાઇબર સિક્યોરિટી અંગે આ યુનિવર્સિટીની અંદર આંતરરાષ્ટ્રીય કૅાન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું. આજે ૧૩ લાખથી વધારે કેસો ૧૯ લાખથી વધારે નમૂનાઓ આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા ચકાસવામાં આવ્યાં છે. બીજાં રાજ્યના ૧,૭૯૪ જેટલા કેસો અને ૭૦૦૦ જેટલાં નમૂનાઓ આ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનાં પૃથ્થકરણ માટે આવેલાં છે. આ લેબોરેટરી મારફતે ૧૩.૯૦ લાખ ગુનેગારોના ફિંગર પ્રિન્ટ ડેટા ઉપલબ્ધ કરવામાં આવ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતની અંદર ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના આ સન્માનનીય ગૃહે જુલાઇ-૨૦૦૯ માં કરી અને કાર્યાન્વિત થયેલ છે. આજે ૧,૨૦૬ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ૧૨૨ જેટલા વિદ્યાર્થીઓ પરદેશના આવીને અભ્યાસ કરી રહ્યા છે. આ યુનિવર્સિટીમાં બેલેસ્ટિક રિસોર્સ સેન્ટર અને સેન્ટર ઓફ એક્સલન્સ ઇન હોમલેન સિક્યોરિટીની પણ સ્થાપના કરવામાં આવી છે. આ સરકાર જનભાગીદારીમાં માને છે. લોક સહકારથી

આ સરકાર ચાલે છે અને એટલા માટે જ ધોરણ–૮–૯ ના વિદ્યાર્થીઓ માટે લગભગ ૫૨,૦૦૦ વિદ્યાર્થીઓની પોલીસની સાથે દર ૨ વર્ષ માટે દર મહિને એક અઠવાડિયા માટે તાલીમની વ્યવસ્થા કરી છે. મહિલા સુરક્ષા સમિતિઓ સ્થાપવામાં આવી છે. ૩,૧૨૦૦૦ મહિલાઓને સ્વ રક્ષણની તાલીમ આપવામાં આવી છે. આ ગૃહ વિભાગ છે એ પોલીસ કર્મચારીઓની ચિંતા કરે છે. ૨૭,૮૦૦ જેટલા આવાસો ૧,૨૪૮ કરોડના ખર્ચે બાંધવામાં આવ્યા છે. ૧,૦૭૮ પોલીસ રિસર્ચનાં કામો ૬૨૭ કરોડનાં ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યાં છે. મારી વિનંતી છે કે વિરોધપક્ષો પોતે આ દેશના હિતમાં આ દેશની અખંડિતતા, સાર્વભૌમત્વ અને એકતાના હિતમાં રાજ્ય સરકારને સહયોગ આપે. આતંકવાદીઓ સામે, દેશદ્રોહીઓ સામે, દેશના ગદ્દારો સામે ગમે ત્યાંથી હોય તેઓની સામે ભારત સરકાર અને ગુજરાત સરકારે જંગ ખેલ્યો છે એ જંગમાં મદદ કરે, સહયોગ આપે. આ દેશના ફરી ટૂકડા ન થાય. આઝાદી પછી એનું પાર્ટીસન થયું અને કરોડો લોકોના જાન ગયા, કરોડો લોકોનું સ્થળાંતર કરવાની જરૂર પડી. આ દેશનું ફરી બાલ્કનાઇઝેશન ન થાય. આ દેશની અંદર જ્ઞાતિના નામે, ધર્મના નામે, પ્રાંતના નામે, કોમવાદના નામે વિભાજન ન થાય તે માટે આપણે બધા સાથે મળીને પ્રયત્ન કરીએ તે જ વિનંતી. ભારત માતાકી જય.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, જે આપણી સંસદીય પ્રણાલીકાઓ છે તેમાં સરકાર પોતાની નીતિ અને નિયત સાથે એક પ્રવચન •(×××) માનનીય રાજ્યપાલશ્રી તેનું વાંચન કરે તેના પરથી સરકારની નીતિ અને નિયતની ખબર પડે. મારે દુઃખ સાથે કહેવું પડે..

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર. માનનીય શકિતસિંહે એમ કહ્યું કે *(×××)તે માનનીય રાજ્યપાલશ્રીનું અપમાન ગણાય. એટલે આવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ લોહશાહીની પ્રણાલી છે. ભારત સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, સરકારનું પ્રતિનિધિત્વ, સરકારના વિચારોનું પ્રતિબિંબ ગવર્નર પાડતા હોય છે પણ તેમની પાસે *(×××) એ પ્રમાણેનું એમનું જે નિવેદન છે તે રેકર્ડ ઉપરથી દૂર થવું જોઇએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી મુશ્કેલી એ છે કે *(×××). આ શબ્દો આપ જરૂર લાગે તો દૂર કરજો. આપ વાંચી લેજો અને દૂર કરજો.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇને તે દૂર કરીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચનમાં સરકારની નીતિ કે નિયત સ્પષ્ટ નથી. જયારે બંધારણ ઘડવા માટેની બંધારણીય વિધાનસભા મળવાની હતી ત્યારે બાબુજગજીવનરામજીની સાથે આ દેશના રાષ્ટ્રીય નેતાઓ મહાત્મા ગાંધીજી પાસે ગયા હતા અને કહ્યું હતું કે અમે બંધારણ તૈયાર કરીએ છીએ આપના આશિર્વાદ અને માર્ગદર્શન લેવા આવ્યા છીએ. ત્યારે મહાત્મા ગાંધીએ કહેલું કે હું એક મંત્ર આપીશ. તમે શબ્દોની સજાવટ કેવી કરો છો, કેવા શબ્દો લખો છો તેનું મહત્વ નથી. જયારે કંઇ લખો, જયારે કંઇ બોલો, જયારે કંઇ કામ કરો ત્યારે આ દેશનો સૌથી દીન, હીન, દરિદ્ર, ગરીબ , લાચાર માણસ કે તમે જેને જોયો હોય તેને નજરમાં રાખજો. તેનું હિત થાય છે, જો તેનું હિત થતું હોય તો જ તમારી નીતિ, નિયત કે કર્તવ્ય સાર્થક છે. મારે દુઃખ સાથે કહેવું જોઇએ, બહુ શબ્દોની સજાવટ છે. વાસ્તવિક જમીની સચ્ચાઇને એક શેરના સ્વરૂપમાં કહેવું હોય તો એમ જ કહી શકાય,'' મુશ્કિલે ઓર બઢતી રહી, કોઇ હલ નહીં મિલા, તેરે આને કે બાદ પ્યાસ બહુત બઢી કિન્તુ જલ નહીં મિલા. ભ્રષ્ટાચાર ઇતના બઢા કી ભ્રષ્ટાચારીઓકી ખેતી ચલતી રહી, બેચેન રહી જનતા કી બરસતા હુંઆ કોઇ બાદલ નહીં મિલાં.''

માનનીય અધ્યક્ષશ્રી, અહીં ખૂબ વાતો થઇ છે ત્યારે વંચિતોના વિકાસને લઇને પ્રવચનમાં ઉલ્લેખ છે. કોણ વંચિત અને તેના માટેનું શું? ભારત સરકારનો કાયદો આવ્યો કે વન સંપત્તિ પરનો વિકાસ. આપણે તેની ચિંતા કરી ખરી કે આદિવાસી ભાઇને પોષણક્ષમ ખેતીની જમીન આપવાનો ભારત સરકારનો કાયદો છે. આપણે આદિવાસીઓને તેના હકક સાથેની તે જમીન આપવાનો પ્રયત્ન કર્યો ખરો? રાઇટ ટુ એજયુકેશન એક એવો કાયદો કે જેમ સુદામા અને ભગવાન ક્રિષ્ણ એક આશ્રમમાં ભણતા હતા તેમ શ્રીમંતનો દીકરો મર્સિડીઝમાં જાય અને ત્યાં એક થેલો ધોનારનો ગરીબ માણસનો દીકરો ભણી શકે તેવો રાઇટ ટુ એજયુકેશનનો કાયદો ભારત સરકારનો હતો. ગુજરાત સરકારે તેનું પાલન કરાવ્યું ખરું? તમે એડમિશન લેવા જાઓ અને ત્યાં કોઇ ડોનેશન ન આપવું પડે એટલા માટે કાયદામાં જોગવાઇ કરી કે ડ્રો પદ્ધતિથી એડમિશનો આપવાના. આ ગુજરાત સરકારે શું કર્યુ ખબર છે? ગુજરાત સરકારે એક કાયદાથી વિરુદ્ધનું નોટીફીકેશન કર્યુ કે કાં તો ડ્રો કરો નહીં તો વહેલા તે પહેલાંના ધોરણે એડમિશન આપો. જે ડોનેશન આપે તેની અરજી વહેલી હતી તેમ માની લેવાનું એટલે પૈસા લઇને તેનું પહેલું એડમિશન. પેલા પૈસા નહીં આપનારને એડમિશન નહીં. સાંથણીની જમીન મળતી હતી અને તે જમીન પર મારો દલિતભાઇ ખેતી કરીને ગુજરાન ચલાવતો હતો, મારો બક્ષીપંચનો ભાઇ તે જમીન પરથી ગુજરાન ચલાવતો હતો. આપણે સાંથણીની જમીન દેવાનું જ બંધ કરી દીધું. સાંથણીની જમીન નહીં ઉદ્યોગપતિ આવે માંગો તે મળશે તમારા માટે આ સરકારના દ્વાર ખુલ્લા છે. વી આર વાઇબ્રન્ટ ફોર યુ.

માનનીય અધ્યક્ષશ્રી, મને આનંદ થાત, મેં જોઇ છે એવી સરકારો, એ સરકારોમાં હું મંત્રી રહ્યો છું. કેબિનટ હોયને તો પણ દલિત મિનિસ્ટર અને સાથી મંત્રીઓ લડતા હતા કે આ ગરીબના હિતનું નથી. આ વિધાનસભાના એ જૂના પ્રવચનો વાંચે તો ખ્યાલ આવશે કે સત્તાધારી પક્ષના ધારાસભ્યો વાહ વાહ નહીં, સરકારના કાન ખેંચતા હતા કે આમાં ગરીબનું હિત છે અને એની ચિંતા કરતા હતા. કોણ ભણવા જાય છે સરકારી શાળામાં? સામાન્ય માણસનો બાળક જાય છે, આમ ગુજરાતીનો બાળક જાય છે. આ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

સરકાર ગુણોત્સવ કરે છે, આ સરકાર પ્રવેશોત્સવ કરે છે પરંતુ ત્યાં ભણાવનારો શિક્ષક જ નથી તો પહેલા ભરતી ઉત્સવ કરો અને શિક્ષકો ભરો. મારે કેટલાક દાખલા આપવા છે માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ વિધાનસભામાં કહ્યું બનાસકાંઠા જિલ્લામાં ૯૨૨ શાળાઓ એવી છે કે, જ્યાં એક ઓરડામાં એક કરતા વધારે વર્ગના વિદ્યાર્થીઓને બેસવું પડે છે. આપણી પાસે એન્જિનિયરીંગ કોલેજો છે એમાં પ્રિન્સિપાલોની ૧૬ જગ્યાઓ છે અને આ ૧૬ જગ્યા પૈકી માત્ર ૮ જગ્યા ભરેલી છે. ૫૦ ટકા પ્રિન્સિપાલો આ એન્જિનિયરીંગ કોલેજોમાં નથી. ખૂબ દુ:ખ સાથે કહેવું પડે છે કે, એમ.પી.શાહ મેડિકલ કોલેજ જ્યાં વર્ગ ૧ની મંજૂર મહેકમ ૨૬૨નું છે અને કલાસ ૧ ભરેલા કેટલા છે? માત્ર ૫૭ જણા, ભાવનગર મેડિકલ કોલેજ વર્ગ ૧નું મંજૂર ૨૧૧, ભરેલા કેટલા છે? માત્ર ૩૩ જણા વર્ગ ૧ના ભરેલા છે. હવે આ બાળક કોની પાસે ભણવા જશે? તેજસ્વી વિદ્યાર્થી એને ભણાવનારો નહીં હોય એને શું ગતિશીલ ગુજરાત કહીશું? આપણે આને ગતિશીલ ગુજરાત કહીશું? અહીં કેટલીક વાતો કરવામાં આવી, સારા વહીવટની, નવી ભરતીઓની. બંધારણીય સિદ્ધાન્ત છે સમાન કામ સમાન વેતન, ગુજરાતની નામદાર હાઇકોર્ટે કહ્યું કે, ફિક્સ પગાર નહીં એને પૂરતો પગાર આપો. •(×××)

(અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ફિક્સ પગારના સંદર્ભમા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચૂકાદા પછી આખી ઘટના..(અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સારું, માનનીય અધ્યક્ષશ્રી, હું એમાં નથી પડતો. *(×××) (અંતરાય)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો પાછા ખેંચી લેવા જોઇએ અથવા રેકોર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, સવાલ સુપ્રિમ કોર્ટનો નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સારું, માનનીય અધ્યક્ષશ્રી, હું બીજા મુદા ઉપર જાવ છું, છોડો આ વાત નહીં કરું.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ સુપ્રિમનો નથી, સવાલ પદ્ધતિનો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ જે બોલ્યા છો એ સબ જ્યુડિશ હોય તો હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ :માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની શાળાઓમાં કોમ્પ્યુટરો છે એ ધૂળ ખાય છે કારણ કે, કોમ્પ્યુટર માટેના શિક્ષક જ નથી ત્યાં. માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નોકરીમાં ખૂબ અમે ભરતી કરવાના છીએ, હજારોના આંકડા આપો છો, મારી ચેલેન્જ છે કેરલમાં જઇને જોજો કેટલાની વસતિએ કેટલાને સરકારી નોકરી છે? અરે, આપ તો જેને સારું રાજય નથી કહેતાને એવા રાજયમાં જઇને જોજો, બિહારમાં જઇને જોજો કેટલાની વસતિએ કેટલી સરકારી નોકરીઓ છે? અને ગુજરાતમાં કેટલી વસતિએ કેટલા યુવાનને સરકારી નોકરી મળે છે? આ આંકડાઓ વિધાનસભામાં જાહેર કરશો તો ખબર પડશે કે આ ગુજરાતમાં કઇ હદે આપણે લોકોને સરકારી નોકરીથી વંચિત રાખવામાં આવ્યા છે? નાના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા જોઇએ. જી.આઇ.ડી.સી., અમે કરતા હતા દરેક શહેરોમાં જી.આઇ.ડી.સી. બનતી હતી એમાં કોને જગ્યા મળતી હતી? પેલો વિશ્વકર્મા ભાઇ નાનો હોય ને એને ત્યાં જગ્યા મળતી હતી અને એ નાની એવી જગ્યા લઇને કામ કરતો હતો અને એનું કલ્યાણ થતું હતું. આપણે શું કર્યું? મોટા ઉદ્યોગપતિઓ માટે વાઇબ્રન્ટ થઇ ગયા. ગાય માતાના નામે મત લીધા પછી ગાય માતા માટે કે પશુઓ માટેની યુનિવર્સિટી જે બનવાની હતી એ પશુ સંવર્ધન યુનિવર્સિટીની જમીન લઇને ટાટાને પધરાવી દીધી. <#FN/YKM1330-S.DOC/FN#> અને એ જ ટાટા આપણા ગુજરાતીને નોકરી ના આપે અને થોડીક આપી હોય એને કાઢી મૂકે અને એમણે આંદોલન કરવું પડે, આવા ટાટાને ટાટા-બાય-બાય કરો અને જમીન પાછી લઇ લો અને ગુજરાતનું હિત થાય તેવું કરો આ મારે કહેવું છે. મહિલા મુખ્યમંત્રી છે, મહિલા સશક્તિકરણની વાત છે, અમે જરૂર એમને ડિસ્ટર્બ નહિ કરીએ. ૨૦૧૭માં લડવા જઇશું, જનતાના આશિર્વાદ મળશે તો મારી પાર્ટીનો કોઇ ત્યાં મુખ્યમંત્રી થઇને બેઠો હશે અમારે એમને ડિસ્ટર્બ નહિ કરવા પડે. નહિ ગમે તમને તો હું આપને એ કહેવા માગું છું કે યાદ કરજો, થોડાક દિવસ પહેલાં ૩૧ જિલ્લા પંચાયતોની ચુંટણીઓ હતી અને એ ૩૧માંથી અમારી પાસે ખાલી એકજ જિલ્લા પંચાયત હતી, ૩૦ જિલ્લા પંચાયતમાં તમે બેઠાં હતા, અને 'ગર્વ કર્યો સોહિ નર હાર્યો, ગર્વ કર્યો સોહિ નર હાર્યો.' ૩૧માંથી ૩૦ જિલ્લા પંચાયતો તમારી પાસે હતી અને જપ દઇને આંચકી લીધી જનતાએ, જનતા જનાર્દન મહાન છે, આ અહંકાર શેનો લઇને ફરો છો ? આ બહેનને ચિંતા હોય તો આ ભાઇ કે આ ભાઇની નહિ પણ આ ભાઇની અને પેલા ભાઇની કરવાની જરૂર છે, આ બહેનને ચિંતા આ ભાઇની કે પેલા ભાઇની કરવાની છે, આ ભાઇ કે આ ભાઇની કરવાની નથી. અમે તો સ્ત્રી દાક્ષિણ્યમાં માનીએ છીએ. એટલા જ માટે અમેરિકામાં કે ઇંગ્લેન્ડમાં રાષ્ટ્રના વડા જ્યારે મહિલા નહોતા બન્યા કે જર્મનીમાં રાષ્ટ્રના વડા મહિલા નહોતા બન્યા ત્યારે હું એ પક્ષનો વારસદાર છું કે મહિલાને દેશના વડાપ્રધાન બનાવનાર કોંગ્રેસ પાર્ટી હતી. એટલે અમે આ બહેનને તકલીફ નહિ આપીએ. બહેનને ચેતવાનું છે એ એમના છે એમનાથી જ છે અને એમનાથી ચેતે એટલે બહુ. કોણ આપે છે માહિતી, અમને તો માહિતી અધિકારમાં ના પાડતા હતા. દિલ્હીથી સ્ટોરી લીક થાય છે અને એ સ્ટોરી આવે છે એના કેટલાક આંકડાઓ, જેની સાથે ઓથેન્ટિક પેપર્સ પણ રજૂ થાય છે અને ત્યારે વાઇલ્ડ વુડ રિસોર્ટસ એન્ડ રિયાલ્ટીઝ, *(×××)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સબ જ્યુડીસ મેટર અંગે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે, માનનીય શકિતસિંહ દ્વારા જે ઉલ્લેખો કરવામાં આવ્યા છે, આ સમગ્ર ઘટના અત્યારે નામદાર ગુજરાત હાઇકોર્ટની અંદર પી.આઇ.એલ. તરીકે દાખલ થયેલ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું નથી પડતો એમાં હવે હું આગળ વધું છું.

અધ્યક્ષશ્રી : કોર્ટને આધિન હોય તેવી બાબતોની ચર્ચા આપણે અહીંયા નથી કરતા. એ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ એમને બચાવો માનનીય અધ્યક્ષશ્રી, હું હવે બીજા મુદ્દા ઉપર આવું છું.

અધ્યક્ષશ્રી : એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો કરવા દો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે નિર્ણય આપી દીધો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મને મારી વાત પૂરી કરવા દો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના નિર્ણય પછી શું હોય?

અધ્યક્ષશ્રી : એમના એ શબ્દો મેં રેકર્ડ ઉપરથી દૂર કરેલ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : દર વખતે આ પ્રમાણેના જે સબ જ્યુડીસ મેટર હોય એના મુદ્દાઓ રેકર્ડ ઉપર મૂકવા માટેનો એમનો પ્રયાસ હોય છે. સભાગૃહનો સમય બગાડે છે.

અધ્યક્ષશ્રી : આ મુદ્દો સબ જ્યુડીસ છે એટલા માટે જ મેં એમના પ્રવચનમાંથી એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરેલ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની તકલીફને હું સમજી શકું છું. કોઇક જગ્યાએ શાસનને કોઇ તકલીફ પડે એવું લાગે. કોઇને જેલમાં નાંખવાથી શાસન સલામત રહેતું હોત ને તો ઇતિહાસ તપાસજો. (અંતરાય) આને શું લેવા દેવા છે અત્યારે. આ કઇ સબ જ્યુડીસ મેટર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : જેલમાં સરકારે નથી નાંખ્યા કોર્ટના હુકમ પ્રમાણે જેલમાં નાંખવામાં આવ્યા છે.

અધ્યક્ષશ્રી : એમણે કોઇના નામનો ઉલ્લેખ કરેલ નથી. કોઇ કેસનો પણ પર્ટીક્યુલર ઉલ્લેખ નથી કરેલો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇના નામનો ઉલ્લેખ નથી કર્યો અને જે અત્યારે કોર્ટમાં નથી એનો ઉલ્લેખ કરીને કહું તો કંસે કનૈયાને જેલમાં નાંખ્યો હતો તો કંસનું શાસન સલામત રહ્યું હતું ખરું? અને જ્યારે જ્યારે આવા કંસો કનૈયાઓને જેલમાં નાંખે છે ત્યારે એમના શાસનના પાયાઓ વધારે ડગમગતા હોય છે અને આ કોઇ સબ જ્યુડીશ નથી આ જ્યુડીશીયલ ઓવર થઇ ગયેલ વસ્તુ છે એ પણ કહુ છું, અને એટલા માટે કહેવા માગુ છું કે, કનૈયાઓને જેલામાં નાંખવાથી કંસના શાસન સલામત રહેતા નથી.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે,

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મિનિટ વધારી છે.

અધ્યક્ષશ્રી : હા, એ ત્રણ મિનિટ વધાર્યા સાથે જ બે મિનિટ બચી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હાજી, હું મારા સમયમાં પૂરું કરીશ. અહીંયાથી ઉલ્લેખ થયો હું જાણુ છું આર.એમ.પટેલે મને તક આપી હું તેમનો આભાર માનુ છું. તમે જે ગૃહ સચિવનું નામ લીધુ અને કહ્યું કે એમણે આમ કહ્યું મારે એમ કહેવું છે કે હવે આપે નામની છૂટ આપી છે ત્યારે મારે કહેવું છે કે આપના પક્ષના એક સાંસદ, આપના નેતાના એક વકીલ રામ જેઠમલાણીજીએ કહ્યું હતુ કે જે અફઝલ ગુરુને ફાંસી અપાઇ છે તે ખોટી અપાઇ છે, તે ખોટો નિર્ણય છે તેમ કહેનાર તે સાંસદ હતા. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા કહેવાયુ કે તમે એક યુનિવર્સિટીની વિદ્યાર્થીઓની બાબતમાં કહ્યું મારે કહેવું છે જે રાજ્ય સરકારની જે પોલિટિકલ પાર્ટીએ આખા કાશ્મીરની અંદર એ આંદોલન ચલાવ્યું કે અફઝલ ગુરુ એક શહીદ હતો અને શહીદને ફાંસી અપાઇ તેની સાથે હાથ મિલાવીને તો તમે કાશ્મીરમાં સરકાર બનાવી. ત્યારે તમને કંઇ ના નડયુ ? ત્યારે તમને આડુ ના આવ્યું ? અરે, ઇશરત જહાં આતંકવાદી હતી તો તમારે વધારે જવાબદાર થાય કે એક આતંકવાદી પોલીસ કસ્ટડીમાં હોય એને કોર્ટ ફાંસીએ ચડાવે ત્યાં સુધી તમે રાખીને તેની પાસેથી માહિતી કઢાવી હોત તો આ રાષ્ટ્રનું કેટલુ હિત થયુ હોત. પરંતુ તમારા પોલીસ અધિકારીઓએ, જે વાત હું નથી કહેતો ત્રણ જણાની સીટ બની તેમાં એક અધિકારી આ સરકારની પસંદગીવાળા હતા એ ત્રણ અધિકારીઓની સીટે કહ્યું પ્રાયર કસ્ટડી હતી આ પોલીસની કસ્ટડીમાં હતા અને નિર્દોષ રીતે એમને ફેક એન્કાઉન્ટરમાં મારી નાંખ્યા છે. એ ફેક એન્કાઉન્ટર ના કર્યુ હોત અને તેને જીવતા રાખ્યા હોત અને જો એ આતંકવાદી તમે જેને મહાન પ્રમાણપત્ર..

અધ્યક્ષશ્રી : આપને સમય પૂરો થાય છે શકિતસિંહજી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : જી, એક જ સેકન્ડમાં પૂરું કરુ છું. એ માણસના કહેવાથી જો હોત તો તમે તેને જીવતી રાખીને ઘણું મેળવી શકયા હોત એ જ શબ્દો સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા(સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ વિધાનસભાના સત્રમાં મહામહિમ રાજયપાલશ્રીએ કરેલ સંબોધન બદલ તેઓનો આભાર માનતો પ્રસ્તાવ લાવ્યા છે તેને હું અનુમોદન આપુ છું અને ઊર્જા વિભાગ વિશે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ તેઓના સંબોધનમાં જણાવ્યું છે કે, electricity consumption is one of the criteria for the evaluation of social and economic development આ આદરણીય રાજયપાલશ્રીના

સંબોધનના શબ્દો છે. આજે રાજયમાં ઊર્જાની પરિસ્થિતિ શું છે ? રાજયની વીજળી ઉત્પાદન ક્ષમતા ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ૨૬૦૬ મેગાવોટ છે અને તેની સામે રાજયની વીજળી શકિતની મહત્તમ માગ ૧૪૯૮૨ મેગાવોટ છે. રાજયમાં વીજળીની જે માગણી છે તેના કરતા તેની ઉત્પાદન શકિત લગભગ બમણી છે અને રાજયમાં થઇ રહેલો વિકાસ, ઝડપી વિકાસ industrial development in the state સાથે વીજળીની માંગ પણ વધી રહી છે. એ માગને પહોંચી વળવા માટે રાજય સરકાર દ્વારા નવા વીજ ઉત્પાદન મથકો સ્થાપવાની કામગીરી પણ સતત ચાલતી રહે. It is a continuous process. ઇલેકટ્રિસિટીનો વપરાશ રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસનો એક માપદંડ છે. અમે ગૌરવ અનુભવીએ છીએ we feel privileged that per capita consumption of electricity in Gujarat during 2014-15 is 1839 units as compared to national average of 1010 units. Per capita consumption is more in Gujarat than the national average. Higher per capita consumption of electricity and as Gujarat is a surplus state <#FN/RRP1340-U.DOC/FN#> ૧૦૧૦ યુનિટની નેશનલ consumption 829 units per capita consumption is more in Gujarat than the national average. Higher per capita consumption of electricity, અને સરપ્લસ સ્ટેટ હોવાના કારણે રાજયમાં કેટલીક સોશીયલ ઇકોનોમિક્સ અસરો આપણે અનુભવીએ છીએ. પ્રોડક્શન ઓફ ઇલેક્ટ્રીસિટી, ડિમાન્ડ ઓફ ઇલેક્ટ્રીસિટી આ બધું જ જયારે સંતોષકારક ચાલતુ હોય અને સરપ્લસ સ્ટેટ હોય ઇલેક્ટ્રીસિટીની સામે વી આર સરપ્લસ એનો અર્થ એ થયો કે, આપણે બધી જ માંગને પહોંચી વળ્યા પછી પણ આપણી પાસે વધારાનું ઉત્પાદન છે ત્યારે socio economic impacts પણ આવતી હોય છે. આની કેટલીક સોશીયલ ઇકોનોમિક્સ ઇમ્પેક્ટસ હું પોતે ફીલ કરું છું એ વાત કરવા હું જઇ રહ્યો છું. આંકડા તો ઘણા આવશે પણ આપણે એવું વિચારીએ છીએ કે નજીકના સમયની અંદર પરીક્ષાઓ આવવાની છે. આખું વર્ષ સતત અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ચ, એપ્રિલમાં આવતી પરીક્ષાઓ દરમિયાન આ સતત વીજળી પુરવઠો મળતો હોવાના કારણે વિદ્યાર્થીઓને કેટલો સંતોષ મળતો હોય છે, આ social impact છે. સોશીયલ ઇમ્પેક્ટ્સ આ છે. પ્રજાનો ખૂબ મોટો વર્ગને આ ઇલેક્ટ્રીસિટીનો સપ્લાય સતત મળતો હોવાના કારણે ખૂબ સારો સંતોષ છે. આ સોશીયલ ઇમ્પેક્ટ્સ હંમેશાં આંકડાઓની સાથે સમજવી પડતી હોય છે. આ આપણું ઇન્ડસ્ટ્રીયલ સ્ટેટ છે. ખૂબ સારી ઇન્ડસ્ટ્રીઝ ચાલે છે. આપણા રાજયના industrialist પોતાન પ્રવર્તમાન કેપેસીટી જેટલું ઉત્પાદન આજે મેળવી રહ્યા છે. સાહેબ, જો વીજળી ન હોત તો, એ લોકોના પ્લાન્ટ પૂરી શક્તિથી ચાલતા પણ ન હોત, એ લોકોને પોતાનું brake even point ન મેળવી શક્યા હોત, અને આ પ્લાન્ટ નુકસાનમાં ચાલતા હોત, ત્યારે એ industryને સંતોષ છે એ પણ એક ઇકોનોમિક્સ અસર છે એમ કહું તો ખોટુ નથી. આપણે આનાથી એ પણ we can also feel that સતત કારખાના ચાલતાં હોવાના કારણે કામદારોને સતત રોજી મળે છે અને કામદાર ખુશ રહે છે અને એનો પરિવાર ખુશ રહે છે. આ પણ એક છેવાડાનો માનવીને મળતી રોજગારી અને સતત રોજગારીના કારણે એનું કુટુંબ પણ સુખી રહે છે. આ આપણી વીજળી શક્તિની સોશીયલ ઇમ્પેક્ટસ છે એમ કહું તો ખોટુ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, sufficient electricity supply હોવાના કારણે કોઇપણ જાતની હડતાલો ના પડતી હોવાના કારણે આ રાજય આપણુ ઇન્ડસ્ટ્રીયલી પીસ જયારે, ઔદ્યોગિક શાંતિ જયારે રાજયની અંદર હોય ત્યારે સાચે જ રાજયની અંદર ધંધો કરવાની મજા આવતી હોય છે. કારીગર વર્ગને પણ મજા આવતી હોય છે. પ્રજાને પણ મજા આાવતી હોય છે. There is no industrial strike. Industrial strike હોતી નથી. આ પણ સામાજિક જીવનનો એક ખૂબ અગત્યનો ભાગ છે. ગુજરાત આદ્યૌગિક ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યું છે, રાજય ઉદ્યોગના વિકાસમાં વીજળી એ પાયાનું પરિબળ બની રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ પાવર જનરેશનની બાબતમાં પણ ઉલ્લેખ કર્યો છે કે, ઘણા પાવર સ્ટેશનો તેમની ઉપયોગીતા સમય મર્યાદા પૂર્ણ કરે છે અને ઘણા પાવર પ્રોજેકટ પૂર્ણતાના આરે છે. આ વીજળી મથકો દ્વારા છેલ્લા આઠ વર્ષ દરમિયાન સતત ૭૫ ટકાથી વધારે પ્લાન્ટ availability factor મેળવવામાં આવે છે. પ્લાન્ટ availability factorને ઇલેક્ટ્રીસિટી generating plant સાહેબ, ખૂબ અગત્યનું માનવું છે તમે મેક્સિમમ કેપેસીટી એ પ્લાન્ટ availability તમે સમજી શકતા હોય તો જ ઇલેક્ટ્રીસિટીની બાબતની અંદર ગુજરાત આજે આટલું પ્રભુત્વ ધરાવતું હોય અને મારે કહેવું જોઇએ કે ૨૦૧૫-૧૬ દરમિયાન પ્લાન્ટ અવેલીબિટી ફેક્ટર ૮૦ ટકા પણ વધુ હાંસલ કરવામાં આવ્યો છે. સાહેબ કોઇ એક જગ્યાએ પ્લાન્ટ નાખવો છે તેવું વિચારવું, પ્લાન્ટ શરૂ કરવો છે એવું વિચારવું એક બાબત છે અને જયારે આખો પ્લાન્ટ એની સમય મર્યાદામાં શરૂ કરવો એ બીજી બાબત છે. આ પ્લાન્ટ શરૂ કરવો એ એક વાત છે અને એ પ્લાન્ટ એની મહત્તમ કેપેસિટીએ ચલાવવો એ પણ બીજી બાબત છે. રાજયના ઊર્જા વિભાગે આ બાબતમાં કરેલી કામગીરી ખૂબ ઉત્તમ છે. પ્રાઇવેટ સેકટરમાં આ કામો થતાં હોય છે અને સમયસર શરૂ પણ થતા હોય છે અને પૂરા પણ થતાં હોય છે એના માટે ઊર્જા વિભાગ ખરેખર અભિનંદનને અધિકારી છે તેથી આ વિભાગને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય રાજયપાલશ્રીએ રાજય સરકારની બિન પરંપરાગત એનર્જી બાબતની નીતિને બિરદાવી છે. મારી પાસે અંગ્રેજીમાં પ્રવચન છે. He has said that additional wind farms with the capacity of 241.56 megawatt have become functional in the State during the current year. The capacity of the wind farm થોડાક ભૂતકાળમાં જઇએ તો સોલર એનર્જીમાં આપણી કેપેસિટી ઝીરો હતી. The capacity was zero. By the end December 2015 સુધીમાં ૧૦૪૪ મેગાવોટની કેપેસિટી ઇન્સ્ટોલ કરી છે તેના કારણે વાતાવરણમાંથી ૧.૬૬ મિલિયન

ટન કાર્બન ડાયોકસાઇડ વાયુના ઉત્સર્જનમાં ઘટાડો થયો છે. Production by way of wind power farm એ જુદો ફાયદો છે પણ એ થવાને કારણે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઇડ ઓછો આવે છે એ અગત્યની બાબત છે. એકબાજુ સોલર વીજળીના ઉત્પાદનમાં વધારો થયો છે એના લીધે વાતાવરણની સ્વચ્છતા પણ આપણે મેળવી શકયા છીએ. The installed capacity of wind farm energy in 2002 was mere 99 megawatt. By the end of December 2015 the capacity was increased to 3818 megawatt.

વિન્ડ ફાર્મની વાત કરું તો wind farm energy and સૌર ઊર્જાને સ્વચ્છ અને પ્રદૂષણ રહિત ઊર્જાની શોધ તરીકે ગણીએ છીએ. રાજયમાં સૌર ઊર્જાની મહત્તમ વપરાશ માટેની નીતિ ૨૦૧૫માં જાહેર કરવામાં આવી છે. સૌર ઊર્જા અપનાવવા માટે રાજય સરકાર તરફથી એના સંચાલનનો સમય ૩૧-૩-૨૦૦૦ સુધીનો આપનાવવામાં આવ્યો છે એમાંથી મળવાપાત્ર ગાળો ૨૫ વર્ષનો છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

એવું કહેવાય છે કે ગુજરાત રાજયને ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો વારસામાં મળ્યો છે જે ખૂબ સારી બાબત કહેવાય. ભારત દેશમાં કોઇપણ રાજયને જો સૌથી લાંબો દરિયા કિનારો મળ્યો હોય તો એ ગુજરાત રાજયને છે. એમાં ૨૦-૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતને ભ્રષ્ટાચારનો વારસો મળ્યો છે. એથી આગળ કહું, ભાજપ એટલે ભ્રષ્ટાચારનું મશીન એવું કહેવું હોય તો હું કહી શકું. આ વાત હું એટલા માટે કહી રહ્યો છું..

અધ્યક્ષશ્રી : આપણે આભાર પ્રસ્તાવ ઉપર જ આવી જાવ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : કલોલ તાલુકો અને કડી તાલુકો, અમદાવાદની આજુબાજુનો અમારો મોટો મતવિસ્તાર કહેવાય. ત્યાં જમીનના ખૂબ ઉંચા ભાવ છે. ઔડામાં વિકાસના નામે આ સરકારની અંદર ૬૭ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેની સામે અમને વાંધો નથી. આ ૬૭ ગામોની અંદર કહેવાતા મોટા-મોટા માથાઓની જમીન છે અને જમીનના ભાવ વધારે લેવા માટે આ ૬૭ ગામનો સમાવેશ કર્યો હોય એવું મને લાગે છે. કરો તેની સામે વાંધો નથી. મારો વાંધો માત્ર એટલો જ છે કે આ ૬૭ ગામોની અંદર હજારો વીઘા જમીન ગૌચરની આવેલી છે. કપાતના નામે ૪૦ ટકા જમીન ખેડૂતો પાસેથી ઔડા લઇ લેવાની છે. આ ૬૭ ગામોની મોટા ભાગની જમીન કપાતના નામે સરકાર પાસે આવશે અને સરકાર તેનો વેપાર કરવાની છે ત્યારે અમદાવાદની આજુબાજુમાં જેટલી જમીન હોય, સરકારને જેટલો વિકાસ કરવો હોય તેટલી જમીન રાખે. કામ વગરના બીજા ગામોને મુક્તિ આપે તેવી આ સરકારમાં હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ અમારા વિસ્તારમાંથી રેલવે કોરીડોર નીકળે તેમાંથી ઘણા બધા ખેડૂતોની જમીન કપાઇ. એ જમીનના પૈસા ખેડૂતોને મળ્યા, પણ આ જમીન જે તે ગ્રામપંચાયતના ગૌચરોની કપાઇ એવા ૬૫ કરોડ રૂપિયા એ સરકારમાં જમા કર્યા પરંતુ ગ્રામપંચાયતમાં જમા ન કર્યા. ગ્રામપંચાયતના ગૌચરની જે જમીન હોય એ પૈસા ખરેખર એ ગ્રામપંચાયતના વિકાસ માટે ગામડાંમાં આપવા પડતા હોય છે પણ એવું ન થયું. ગ્રામપંચાયતના ગૌચરોના પૈસા સરકારે તેમની તિજોરીમાં નાખ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ લીલાપુર ગામ દત્તક લીધું. આનંદ થાય. એ આખા લીલાપુર ગામની જગ્યા ભેગી કરીએ તો ૧૦૦૦ વીઘા થાય. સારૂં કરવા માટે દત્તક લીધું, સારી વાત કહેવાય. ગામને સુંદર બનાવવા માટે દત્તક નથી લીધું, એ ગામની હજાર વીઘા જમીન છે અને હજારે વીઘા જમીન વેચાઇ ગઇ. એ જમીન કોની છે તેની સરકાર તપાસ કરાવે. કયા બિલ્ડરની છે, તેમાં કોણ ભાગીદાર છે. એ જમીનની આજુબાજુમાં રોડ નથી. એ જમીન રિપેર કરવા માટે આપણાં મુખ્યમંત્રીએ ગામ દત્તક લીધું. જોઇ આવો ગામની દશા. આખું ગામ ઠાકોર સમાજનું છે. એ ગામની દશા શું છે. ઓ.બી.સી.ના નામે ભારતીય જનતા પાર્ટીના અમારા ઘણા બધા આગેવાનો, ઓ.બી.સી.ને કોઇ અડી તો જૂએ. અનામતમાં કોઇએ કશું કરવાનું નથી ત્યારે આ ગૃહમાં મારે યાદ કરાવવું છે કે અનામત માટે તો અમારા પૂર્વ સી.એમ. ત્યાગમૂર્તિ કહી શકાય એવા માધવસિંહ સોલંકીએ સી.એમ. ની ખુરશી જતી કરી હતી. અનામત એમ ને એમ નથી મળી. આ ગૃહના વિરોધપક્ષના નેતા જે વખતે મુખ્યમંત્રી હતા ત્યારે ઠાકોર વિકાસ નિગમ બોર્ડ એમણે બનાવ્યું. તે વખતે ૧૦૦ કરોડ રૂપિયા તેમણે આપેલા. શું કરે છે આ સરકાર, ઓ.બી.સી.ના નામે મતો લે છે. શું કરે છે, ઠાકોર-કોળીના મતો લે છે આ સરકાર. બનાવો જો તમારામાં હિંમત હોય. ઠાકોર અને કોળી વિકાસ નિગમનું જે બોર્ડ છે તેને કોર્પોરેશન બનાવો. કોર્પોરેશન દ્વારા તેમના હાથમાં કોમ્પ્યુટર આપો. તેમના હાથમાં ટ્રેકટર આપો. તેમને નાની-મોટી ફેક્ટરી બનાવવા માટે લોન આપો. તમારામાં જો નિયત સાચી હોય તો આ કોળી વિકાસ નિગમને કોર્પોરેશન તમે બનાવો. પણ એવું નહીં, વાતો કરવાની કંઇ, કરવાનું બીજું. જો તેમનામાં નિયત સાચી હોત તો મારું કહેવું છે કે તમારી આ વસતિના પ્રમાણે તમે કેબીનેટમાં બક્ષીપંચને મહત્વ તો આપો. કેટલા બક્ષીપંચના કેબિનેટ મંત્રી છે? વાત કરવાની કંઇ અને કરવાનું કંઇ. આ બાબતે તમને બધાને અભિનંદન છે. અત્યારે જમીનનો રી-સરવે ચાલે છે એની હું વાત કરીશ. આપણા મુખ્યમંત્રી પહેલાં શિક્ષણ મંત્રી હતા. અત્યારે શહેરી વિકાસ ખાતુ પણ એમની પાસે, ગૃહ ખાતુ પણ એમની પાસે, મહેસૂલ ખાતુ પણ એમની પાસે. આ ચારેય મલાઇદાર ખાતા મુખ્યમંત્રી પાસે છે. એકેય ખાતુ કોઇ સિનિયર મંત્રીને આપવા માગતા નથી. મુખ્યમંત્રી એવું માને છે કે આ ચારેય ખાતાનો વહીવટ મને જ આવડે છે બીજા કોઇને આવડતો નથી. હું કોઇ પ્રમાણપત્ર આપવા માગતો નથી. એક નંબરનું સ્થાન શ્રી

નીતિનભાઇને મળે તો ૫૦ ટકા ભ્રષ્ટાચાર બંધ થઇ જાય. સારામાં સારા મલાઇદાર ખાતા એમણે પોતાની પાસે રાખ્યા છે. •(×××) એમાં કોઇ શંકાને સ્થાન નથી.

અધ્યક્ષશ્રી : આપ અંદાજપત્ર પર આવી જાઓ. સરકારના બધાય પદ સારા જ હોય છે, બધા સરખા જ હોય છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દો રદ કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. દરેક વિભાગના મંત્રીશ્રીઓ પોતપોતાના વિભાગની કામગીરી કરે છે. આ *(×××) એ પ્રમાણેનો આક્ષેપ વાજબી નથી એ શબ્દો રદ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : એ શબ્દો રદ કરવામાં આવે છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એ શબ્દો કાઢી નાંખો કશો વાંધો નહીં. મહેસૂલ વિભાગ તરફથી હમણાં ટૂંક સમયથી સરવેની કામગીરી ચાલે છે. કઇ કંપનીને આ કામગીરી આપી છે? ક્યા રાજ્યની આ કંપની છે? સરકારમાં છો તો એ કંપનીની ખાતરી તો કરો. જમીન માપવાનું એ કામ કરે છે. ખેડૂતની જમીનનો નકશો કંઇ હોય અને ૭/૧૨માં કંઇ આવતો હોય છે. પાંચ ટકા વેરિએશન આવતું હોય છે. જમીન નીચે હોય છે અને એ ઉપર તમારું કાંઇક પેલું ચકરડું ફરતું હોય છે એનાથી આ જમીન મપાતી હોય છે. આ રીતે સરવે થાય અને ખેડૂતનું જે થવું હોય એ થાય. પણ પેલી કંપની છે એ માલામાલ થાય છે. ખેડૂતની કોઇને પડી નથી. એટલા માટે મારી સરકારને વિનંતી છે કે, ગામડે ગામડે અભણ ખેડૂતો છે, ખેડૂતોને કોઇપણ પ્રકારની ખબર નહીં હોવાના કારણે એકની જમીન બીજાના નામે અને બીજાની જમીન ત્રીજાના નામે જાય છે. આવા ઘણા બધા પ્રશ્નો ઉપસ્થિત થયા છે. જ્યારે આવા પ્રશ્નો થયા હોય ત્યારે સરકારને વિનંતી કરું છું કે આ રી–સરવે છે એનો ફરીથી રી–સરવે થાય અને કોઇને અન્યાય ન થાય એનું આ સરકાર ધ્યાન રાખે. મારે બીજી વાત કરવી છે. ખેડૂતો ખેડૂતો વચ્ચેના ઘણા બધા દસ્તાવેજો અટવાયા છે. અત્યારે ઇન્કમટેક્ષના નામે ખેડૂતોની પાસે વ્હાઇટ પૈસા ન હોવાના કારણે તે દસ્તાવેજ કરાવી શકતો નથી. એના કારણે એક નાનો ભાઇ બીજા ભાઇને જગ્યા આપતા હોય, કુટુંબનો એક ભાઇ બીજાને જગ્યા આપતો હોય ત્યારે જંત્રીના નામે કરોડો રૂપિયાના વ્યવહારો થતા હોય તો એ કરોડોનો ચેક ક્યાંથી લાવે અને કેવી રીતે દસ્તાવેજ કરાવી શકશે. આ ભયંકર પરિસ્થિતિથી ખેડૂત મૂંઝાય છે ત્યારે આપણે જોવું પડશે. અનાર એટલે મારી ભાષામાં જેને દ્રાક્ષ કહી શકાય. હું ભણેલો ઓછો છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય પ્રદિપસિંહ જાડેજા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર આ સન્માનનીય સભાગૃહના માનનીય ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ પ્રસ્તાવ લઇને આવ્યા છે જેને શ્રી જગદીશભાઇ પંચાલે સમર્થન આપ્યું છે એને સમર્થન આપવા અને મારી વાત કરવા માટે હું અહીંયાં ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૯મી ફેબ્રુઆરી છે અને ભારતના પૂર્વ વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇનો આજે જન્મદિવસ છે. આપણને સૌને ગૌરવ છે કે એક સાચા ગુજરાતી પ્રથમ વડાપ્રધાન તરીકે આ દેશમાં વડાપ્રધાન તરીકે બેઠા હતા. બિનકોંગ્રેસી વડાપ્રધાન હતા એ અને એ વડાપ્રધાન તરીકે કયા સમયમાં બેઠા હતા જયારે કટોકટીનો કાળો કાળ હતો, નેતાઓ અને પત્રકારોને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા, કોંગ્રેસવાળા ગેલમાં હતા, આખા દેશની અંદર કોંગ્રેસ દ્વારા અમાનુષી અત્યાચાર કરવામાં આવ્યો હતો.

<u>પોઇન્ટ ઓફ ઓર્ડર</u>

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપથી લઇને ભૂતકાળના અનેક માનનીય અધ્યક્ષશ્રીઓ કહ્યું છે જે તે સમયે પણ એક સરકાર હતી, આપણે કોઇપણ સરકાર કે એણે કરેલા કામોની આ વિધાનસભા ગૃહમાં રાજયપાલશ્રીના પ્રવચન ઉપર માનનીય મંત્રીશ્રી તો કાયદાના મંત્રી વૈધાનિક બાબતોના મંત્રીશ્રી છે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ બાબતમાં પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલઃ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે કોઇ પણ સરકારે કરેલા સરકારી કામ દરિમયાનના કૃત્યોની ટીકા, સરકારની ટીકા નથી કરી શકતા.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમનું આખેઆખું પ્રવચન ટીકાવાળું છે.

અધ્યક્ષશ્રી : સમગ્ર દેશની પ્રજાને જયારે કોઇ બાબત અસર કરતી હોય તો પાર્લામેન્ટ અને વિધાનસભાને એની ચર્ચા કરવાનો અધિકાર હોય જ છે અને આપને પણ મેં રોકયા નથી એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર અંધકારમય વાતાવરણ હતું અને એ અંધકારમય વાતાવરણની અંદરથી કોંગ્રેસનો સફાયો કરીને મોરારજીભાઇ દેસાઇ આ દેશના પ્રથમ ગુજરાતી વડાપ્રધાન તરીકે બેઠા હતા. ત્યારબાદ સતત લાગલગાટ પચ્ચીસ વર્ષથી જે સરકાર સત્તાસ્થાનેથી દૂર ફેંકાઇ ગઇ છે. ગુજરાતના રાજકારણમાં સીધી રીતે જે કોંગ્રેસ પ્રજાની અંદર જનમત મેળવી શકતી નથી. જિલ્લામાં મેળવી શકતી નથી. ૧૯૯૦માં કોંગ્રેસ હારી, ૧૯૯૫માં કોંગ્રેસ હારી, ૧૯૯૮માં કોંગ્રેસ હારી, ૨૦૦૨ માં કોંગ્રેસ હારી, ૨૦૦૭માં માં કોંગ્રેસ હારી, ૨૦૧૨માં માં કોંગ્રેસ હારી, ૨૦૧૪માં ૨૬માંથી ૨૬. આ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કોંગ્રેસની સ્થિતિ છે. જ્ઞાતિ-જ્ઞાતિ વચ્ચે, કોમ-કોમ વચ્ચે ઝગડા કરાવીને મતોના તૃષ્ટિકરણની રાજનીતિના આધાર ઉપર પ્રજાને ઉશ્કેરવા માટેનો પ્રયાસ થાય, ભૂતકાળમાં ૨૦૦૦માં જીત્યા હતા પરંતુ ૨૦૦૨ની અંદર ભારતીય જનતા પાર્ટીનો ભગવો ફેલાયો હતો. આજે પણ હું આપ સૌને કહેવા માગુ છું કે માનનીય પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતની ૫૦ ટકા જનસંખ્યા જે શહેરોમાં વસે છે એમાં છ એ છ મહાનગરપાલિકામાં ભા.જ.પ.નો ભગવો ફેલાયો છે. ૪૨ નગરપાલિકાઓ ૨૦૮૮માં (અંતરાય) શક્તિસિંહભાઇ, હું બધા મુદ્દાનો સમાવેશ કરવાનો છું, આપ જરા ધીરજ રાખો. આજે આપે હજી ઘણી લાંબી ધીરજ રાખવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, ૪૨ નગરપાલિકા ૨૦૮૮માંથી ૧૧૭૧ બેઠકો ભારતીય જનતા પાર્ટીને મળી હતી. હમણાં જ સુરત-ચોર્યાસીમાં વિધાનસભાની ચૂંટણી થઇ, અમારા ઝંખનાબેન થોડા મતોથી નહીં સુરતના મતદારોએ ૪૪હજાર મતોથી ભારતીય જનતા પાર્ટીને વિજયી બનાવ્યા. જે •(×××) ત્યાંની પ્રજા ભારતીય જનતા પાર્ટીને ઓળખે છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ ગૃહના કોઇ પણ સભ્યશ્રી બોલે છે એને ટાંકીને તમે (×××) એ શબ્દો...(અંતરાય)

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇ લઇશ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ અને સન્માનનીય સભાગૃહમાંથી આપણા આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી કે જેમણે લાગલગાટ ૧૪ વર્ષ સુધી ગુજરાતના વિકાસનો યજ્ઞ કર્યો. આ જ સન્માનનીય સભાગૃહના એક સભ્ય, માનનીય અમિતભાઇ શાહ બીજી વખત ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા. એ અમિતભાઇ શાહના નેતૃત્વમાં ૬ માંથી ૪ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો લહેરાયો. આપણને સૌને ગૌરવ થઇ શકે, આ જ સન્માનનીય સભાગૃહના વિજયભાઇ રૂપાણીની ફરીથી ભારતીય જનતા પાર્ટીના ગુજરાતના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ઇન્દુચાચાની ૧૨૫મી જન્મજયંતિ છે. હું ઇન્દુચાચાને એટલા માટે યાદ કરું છું કે, ધારાસભ્ય તરીકે, દંડક તરીકે મને યાદ છે કે જ્યારે સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણી હતી ત્યારે એ વખતે તત્કાલિન મુખ્યમંત્રી માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદીની સાથે લાલ દરવાજા પાસે ઇન્દુચાચાની જે પ્રતિમા છે એ પ્રતિમાએ વહેલી સવારે સાત વાગ્યે ગુજરાતના મુખ્યમંત્રીએ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીનો પહેલો કાર્યક્રમ કર્યો હોય તો ઇન્દુચાચાના બાવલાને ફુલ ચડાવીને કર્યો હતો. ઇન્દુચાચાના કારણે આપણને આ ગુજરાત મળ્યું છે. મને કહેવા દો કે ‘મહા ગુજરાત લે કે રહેંગે’ના નારા સાથે જ્યારે ઇન્દુચાચાની આગેવાની હેઠળ રેલી નીકળી હતી ત્યારે અત્યારની જે કોંગ્રેસ છે એ કોંગ્રેસના ભવન, સરદાર કોંગ્રેસ ભવનમાંથી એ મહા ગુજરાત લેવા માટે નીકળેલા લોકો ઉપર ગોળીઓ ચલાવવાવાળા કોણ હતા? આ દેશમાં બહુ દુઃખજનક ઘટના બની અને ઘટના એ બની કે આ દેશ લોકશાહી પ્રેમીઓનો દેશ છે કે આ દેશ લોકશાહી દ્રોહીઓનો દેશ છે? આપણે સૌ જાણીએ છીએ કે ૨૦૦૧માં આ દેશની સંસદ ઉપર આતંકવાદીઓ દ્વારા હુમલો થયો અને એ હુમલામાં ૬ પોલીસના જવાનો, બે સાંસદના સુરક્ષાકર્મીઓ અને એક માળી સહિત ૯ લોકોએ શહાદત વ્હોરી. આની ટ્રાયલ ચાલી, નીચલી કોર્ટ, હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધી એને સજા આપવામાં આવી, ફાંસીની સજા રાષ્ટ્રપતિ સુધી જેને એન્ડોર્સ કરવામાં આવી. આતંકવાદીઓ સાથે જે ન્યાય કરવો જોઇએ એ આ દેશના ન્યાયતંત્રે તમામ પાસાઓ ચકાસીને કર્યો. પણ જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં રાષ્ટ્રવિરોધી નારા લાગ્યા, કેવા નારા? આપણું માથું શરમથી ઝૂકી જાય, ‘પાકિસ્તાન જિન્દાબાદ’ ‘ભારત કી બરબાદી તક જંગ જારી રહેગી’એવા નારાઓ લગાવ્યા. આ એ ગુજરાત છે જે ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદીએ પોતાના ઘર-બાર છોડીને ભારત માતાની સેવા માટે આખું જીવન સમર્પિત કર્યું છે. આ એ નરેન્દ્ર મોદીનું ગુજરાત છે. કશ્મીરના શ્રીનગરના લાલચોકમાં જ્યારે આતંકવાદીઓએ ચેલેંજ ફેંકી હતી ત્યારે આતંકવાદીઓની ગોળીઓની મોં-ફાડ વચ્ચે ભારતમાતાનો તિરંગો ઝંડો શ્રીનગરના લાલચોકમાં કોઇએ લગાડ્યો હોય તો એ નરેન્દ્ર મોદી છે, આવા વ્યક્તિના હાથમાં જ્યારે દેશનું શાસન હોય તો આ જેએનયુની સભામાં કોંગ્રેસના એક મોટા આગેવાન ગયા. માનનીય અધ્યક્ષશ્રી, આ શરમજનક ઘટના છે અને આ રાષ્ટ્રદ્રોહી તત્વોની પાસે ઊભા રહીને ‘‘એક ભારત, શ્રેષ્ઠ ભારત’’ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે – ‘‘ખૂન ભી દેગેં, જાન ભી દેગેં એ વતન તેરે લીયે’’ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાને શિખડાવવામાં આવ્યું છે કે– કાશ્મિરની બાબતમાં ‘‘દૂધ માગોગે તો ખીર દેંગે, ઔર કશ્મીર માંગોગે તો ચીર દેગેં’’ જન સે બડા દેશ હોતા હૈ, નેશન ફર્સ્ટ. આ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા છે. આ ગુજરાતમાં ૧૦ વર્ષમાં કેવી હેરાનગતિ કરવામાં આવી? ગુજરાતની અંદર સી.એ.જી. નો ઉપયોગ કરવામાં આવ્યો, ગુજરાતની અંદર સી.બી.આઇ.નો દુરુપયોગ કરવામાં આવ્યો, ગુજરાતના ફેડરલ સ્ટ્રકચર ઉપર કુઠારાઘાત કરવામાં આવ્યાં છતાંય એ જવામર્દ નરેન્દ્રભાઇ મોદી જરા પણ વિચલિત થયા વગર હું પડકાર ઝીલનારો માણસ છું. હું તેજ ઉછીનું લઉં નહિ, હું જાતે બળતું ફાનસ છું. અનેક જાતના કમિશનો નિમાયા. આખે આખી સરકાર ગુજરાતની સાથે દુશ્મન દેશ જેવો વ્યવહાર કરવામાં આવતો હતો એના કારણે આ કેન્દ્ર સરકાર દ્વારા નરેન્દ્રભાઇ મોદી આ દેશના લાખો લોકોની આશાનું કિરણ આ દેશના વડાપ્રધાન બન્યાં. વડાપ્રધાન બનવાની સાથે ગુજરાતનું કિસ્મત ખૂલી ગયું. જેના કારણે આ ગુજરાતને અન્યાય થતો હતો. નર્મદા બંધની ઉંચાઇ કોઇપણ કારણ વગર સાડા સાત વર્ષ, ૨૭૪૦ દિવસ એ સરકાર દ્વારા રોકી લેવામાં આવી. ( ‘શેઇમ શેઇમ‘ ના પોકારો ) નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના પનોતા પુત્ર એ ગુજરાતના ખેડૂતો માટે ૧૭

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દિવસની અંદર નર્મદા બંધના ગેટના દરવાજા આપ્યાં. માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ શહેરના વટવામાંથી ધારાસભ્ય છું. વસ્ત્રાલમાં અને પૂર્વ પશ્ચિમની અંદર થલતેજને જોડતો મેટ્રોરેલ અને એ મેટ્રોરેલનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો. આજે વસ્ત્રાલની અંદર એ કામ ગતિમાં છે અને થલતેજની અંદર એ કામ થવાનું છે. ઓ.એન.જી.સી. દ્વારા પોસ્ટ ડિસ્કાઉન્ટ રોયલ્ટી આપણને જે મળવાની હતી એ મળવાની શરૂ થઇ ગઇ છે અને એમાં ૧૬૪૪ કરોડનો પહેલો હપતો મળ્યો. માનનીય અધ્યક્ષશ્રી, જેણે ''એક ભારત, શ્રેષ્ઠ ભારત'' બનાવ્યું છે એવા સરદાર વલ્લભભાઇ પટેલને યાદ કરીને સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ કરોડ રૂપિયા બજેટમાં ફાળવવામાં આવ્યાં. જે સરદાર સાહેબને કોંગ્રેસ દ્વારા સતત અન્યાય કરવામાં આવ્યો છે એ સરદાર વલ્લભભાઇની પ્રતિમા રૂ. ૩૬૦૦ કરોડની યોજના, ૪૧ જેટલા રેલવે ક્રોસિંગની મંજૂરી રેલ્વેવાળા નહોતા આપતા. પાણી પુરવઠા દ્વારા પાણી ગામડાંને પહોંચાવડવા માટે ૧૧૦ દરખાસ્તોને મંજૂરી આપીને ગામડાં સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે. કચ્છના રણમાં આવેલા વાઇલ્ડ લાઇફ અભ્યારણ્યમાંથી પસાર થતી સરદાર સરોવર યોજનાની બ્રાન્ચ કેનાલની સાંકળ ૧૪૪ થી ૧૬૭ વચ્ચે ૧૩૪ હેક્ટર જમીનની મંજૂરી આપી. અમદાવાદથી મુંબઇ બુલેટ ટ્રેન એ આ સરકારની અંદર આપણને મળી છે. વડોદરાને વિશ્વ વિદ્યાલય, રેલવે, વણાકબોરી થર્મલ આવા કેન્દ્ર સરકાર દ્વારા સતત અન્યાય કરતા હતા એમને નરેન્દ્રભાઇ મોદીએ આ દેશના વડાપ્રધાન બનીને ગુજરાતની ૬ કરોડ પ્રજાના હિત માટે ન્યાય કર્યા છે. હું આપ સૌને યાદ દેવડાવવા માગું છું કે આ ગુજરાતની અંદર કિસાનોના હિત માટે એક ટકાના દરે ધિરાણ, ૧૦૦૦ કરોડની યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના. તમારા વખતે કાયદો અને વ્યવસ્થાની શું પરિસ્થિતિ હતી? ૧૯૮૫ થી ૧૯૯૦માં છાશવારે અમદાવાદ શહેરની અંદર સ્ટેબીંગ થાય, ખુનામરકી થાય, સવારે ઘરેથી ગયેલો છોકરો સલામત પાછો આવશે કે નહીં એનો જીવ પડીકે બંધાય. અંબાજીથી કોઇએ અમદાવાદ આવવું હોય તો બે વાર ફોન કરે કે અમદાવાદમાં તોફાન તો નથીને? બહેન દીકરીઓ સલામત નહોતી, પ્રજા પારેવાની જેમ ફફડતી હતી અને ગુજરાતમાં આખેઆખા નગરો ગુંડાઓના નામથી ઓળખાતા હતા. આ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કયાંક કયાંક જીત્યા છે પણ લોકોને પાછી ખબર પડવા માંડી છે કે જો ગુજરાતમાં કોંગ્રેસ આવે તો ફરીથી બહેન દીકરીઓની સલામતી જતી રહે, ગુંડાઓ બેફામ થાય. જે સરકારની વિપક્ષના નેતાએ પોતાના પ્રવચનમાં વાત કરી, ૧૯૯૮માં એ ટનાટન સરકારના કુરચા પણ આ જ ભારતીય જનતા પાર્ટીની સરકારે બોલાવેલા એટલે ગોવાભાઇ, ભા.જ.પ.ના રાજમાં હવે કોઇ ગેંગ નથી. પ્રજા સલામત છે અને સલામતીને કારણે સમૃદ્ધિ છે. આ સરકારે શું નથી કર્યું ? આ સરકારે કોલસાની દલાલીમાં કાળા હાથ અમે નથી કર્યા, હેલિકોપ્ટરની દલાલીમાં કોઇ કાળા હાથ અમે નથી કર્યા, ટુજી કે થ્રીજીમાં સરકારની તિજોરીમાં કોઇ નુકસાન અમે નથી કર્યું. લશ્કરના જવાનોની વિધવાના મકાનો પાડી •(×××) અમે નથી કર્યું. દશા બદલો, દિશા બદલો તમારી દુર્દશા થઇ ગઇ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે મંત્રીશ્રી પોતે જ સબજ્યુડીશ બાબતનો ઉલ્લેખ ન કરવો એવું વારંવાર ઊભા થઇને કહેતા હતા. સૈનિકોની બાબતમાં કોફિનવાળું પૂરું થઇ ગયું છે. બોલાય વાંધો નહિ. પરંતુ *(×××)એ સબજ્યુડીસ મેટર છે અને સબજ્યુડીશ મેટરનો મંત્રીશ્રીએ અહીયા ઉલ્લેખ કર્યો છે. મુંબઇમાં ત્યાં સબજ્યુડીશ છે. મેટર આજે પણ કોર્ટને આધીન છે. મારાં માટે ધોરણો જુદા અને એના માટેના ધોરણો જુદા?

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : મેં કેસના સંદર્ભમાં માત્ર(અંતરાય) ઉલ્લેખ કર્યો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હું તમને કહું.

અધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : આ ગૌચરની વાતો કરે છે. ૧૯૮૫ થી ૧૯૯૦ માં જમીન જે ઉદ્યોગોને તમારા વખતમાં ફાળવી એમાં ૯૪ ટકા જમીનો તમે ગૌચરની જમીન ફાળવી છે. ગાય અમારી માતા છે. ૩૩ કરોડ દેવતાઓ તેમાં વસે છે. એની રક્ષા કરવી અમારી ફરજ છે. અમે કાયદો કડક બનાવ્યો. આપ જોઇ લેજો. અનઅધિકૃત હેરાફેરી ઉપર પ્રતિબંધ, વાહનોની જપ્તી. ગોવાભાઇ, ગૌ હત્યા કરનારાઓને પકડીને જેલમાં પાસા કરી છે. આ એમને એમ નથી થતું. તમારું શાસન આવશે તો તમે બીજા સમાજના દબાણથી નહિ કરી શકો. આ તો પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર લીધેલો નિર્ણય છે. ૧૫ વર્ષ થયાં. હું નાનો હતો ત્યારથી રથયાત્રામાં ભગવાન જગન્નાથના દર્શન કરવા માટે જતો હતો. રથયાત્રા આવે એટલે આખું શહેર ટેન્શનમાં રહે. કારણ કોંગ્રેસ. એમના વખતમાં ભગવાન જગન્નાથની રથયાત્રા બુલેટપ્રૂફ બનાવવી પડતી હતી. જ્યાં સુધી રથ પાછા ન આવે ત્યાં સુધી આખું શહેર ઉચાટમાં રહે. ૧૫-૧૫ વર્ષથી ભગવાન જગન્નાથની રથયાત્રા આ ભારતીય જનતા પાર્ટીના કારણે શાંતિથી પસાર થાય છે. છાસવારે કર્ફ્યુ પડે, સ્ટેબિંગ થાય. વેપાર ધંધા, ઉદ્યોગો બંધ થાય. ૧૫ વર્ષથી આજે ૨૦ વર્ષના છોકરાને પૂછીએ તો એને કર્ફ્યુની ખબર નથી. ૧૫ વર્ષ થયાં. કર્ફ્યુ મુક્ત શાસન જો કોઇએ આપ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. (સભ્યશ્રી બેઠા બેઠા બોલતા ) તેજશ્રીબેન, *(×××). એટલા માટે ગુજરાતની શાંતિ, સલામતી માટે ઇન્ટરનેટ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : પ્રદીપસિંહજી, (અંતરાય)હું રેકર્ડ ઉપરથી દૂર કરી નાખીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ઘણું ન ગમે પરંતુ વ્યક્તિગત રીતે બહાર વાત થાય. આપે જોયું છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : તેજશ્રી બેન બોલ્યા છે. બહેન બોલ્યા છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એ કેવી રીતે કહી શકે? સાહેબ. શબ્દો તો આપ કહો એ દૂર થાય.

અધ્યક્ષશ્રી : બંને પક્ષોના સભ્યોને મારી વિનંતી છે કે બેઠા બેઠા કોમેન્ટ ન કરે. એક પક્ષે શરૂઆત થાય તો બીજા પક્ષે આપણને આવો જ જવાબ મળે. (અંતરાય) એટલે આપણે બધા લોકો સભાગૃહની મર્યાદા સાચવીએ. પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એ ઓન લેગ હોય એનું રેકર્ડ ઉપર જાય છે. એની જવાબદારી.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ હું જોઇ લઇશ. (અંતરાય) હું જોઇ લઇશ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવી. આનંદીબેનની સરકાર આવી. અમે ગરીબ કલ્યાણ મેળા કર્યા. ગરીબ કલ્યાણ મેળા એટલા માટે કર્યા કે વચ્ચેના દલાલો, વચેટિયાઓને દૂર કરવા માટે એટલે નરેન્દ્ર મોદીની સરકારથી આવા તત્વોના *(×××) આવા તત્વોને નરેન્દ્ર મોદી આંખમાં કણાની જેમ ખૂંચે. પણ આ સરકાર તે ગુજરાતના ગરીબોની સરકાર છે અને ગરીબોના હિત કરવાવાળી સરકાર છે.

અધ્યક્ષશ્રી : પ્રદિપસિંહજી આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ બધુ એટલા માટે થયું છે કે, ચૌદ–ચૌદ વરસ સુધી ગુજરાતની ગાદી ઉપર ગુજરાતને પ્રેમ કરે તે મારો આત્મા અને ભારતને પ્રેમ કરે તે મારો પરમાત્મા, વિશ્વમાં જે શ્રેષ્ઠ છે તે ગુજરાત માટે કરીને ઝંપીશ તેવા નરેન્દ્રભાઇ મોદીએ લાગલગાટ ગુજરાતના વિકાસનો એક યજ્ઞ કર્યો. આ એમને એમ નથી થયું પણ પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર કોઇની શેહ શરમમાં આવ્યા સિવાય એમને ગુજરાતનો વિકાસ કર્યો એટલે આ ગુજરાત ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા બન્યું છે. ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ શરૂ કર્યો. ૧લી જુન ૨૦૧૫થી બ્રેસ્ટ, સર્વાઇવલ કેન્સર સારવાર ફ્રી, તેના ઉપરાંત મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજનાના માધ્યમથી ગુજરાતની મહિલા, ગુજરાતનો કોઇ દીકરો આનાથી વંચિત ન રહે તેના માટે સંવેદના બતાવવા માટેનું કામ કર્યુ છે. ઇઝ ઓફ ડુઇંગ બીઝનેશની અંદર સમગ્ર દેશની અંદર પ્રથમ નંબરનું સ્થાન મેળવ્યું હોય તો તે ગુજરાતે મેળવ્યું છે. સ્ટાર્ટઅપ ઇન્ડિયા, મેઇક ઇન ઇન્ડિયા અને મુદ્રા યોજનાના માધ્યમથી શ્રમેવ જયંતિ વિશ્વકર્મા જયંતિના દિવસે ગુજરાતના લાખો બેરોજગાર યુવાનોને સ્વરોજગારીના માધ્યમથી તેને રોજગારી મળે તેના માટે રાજ્ય સરકાર દ્વારા કામ થયું છે. આ સરકાર સ્વાવલંબન યોજનાના માધ્યમથી યુવાનોની સરકાર છે. આ સરકાર ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ગરીબોની સરકાર છે. આ કિસાનોની સરકાર છે. આદિવાસીઓની સરકાર છે, દલિતોની સરકાર છે. નરેન્દ્રભાઇ મોદી પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આપણે ગુજરાતની બહાર જતા તો કોઇ પૂછે કે કહાં સે આતે હો? આપણે તેમને કહેતા કે હમ ગુજરાતસે આતે હૈ. તે આપણો હાથ પકડીને કહેતા કે આપ તો નરેન્દ્ર મોદી કે ગુજરાત સે આતે હો. સવાસો કરોડનો આ દેશ અને આ દેશના વડાપ્રધાન અન્ય કોઇ રાષ્ટ્રમાં જાય તો તેની નોંધ નહોતી લેવાતી. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અમેરિકા જાય, ચીન જાય, જાપાન જાય વિશ્વના જે દેશની અંદર જાય તે વિશ્વભરના રાષ્ટ્રના વડાઓ નરેન્દ્રભાઇ મોદીને આવકારવા, સ્વાગત કરવા માટે પહોંચે છે. નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વની અંદર સવાસો કરોડ ભારતીયોનું માન અને સન્માન વધાર્યુ છે. આમ સમગ્રતયા વન ઓફ ધી બેસ્ટ રોડ કનેકટીવિટી, રેલ કનેકટીવિટી, એર કનેકટીવિટી, પોર્ટ કનેકટીવિટી, આઇ.ટી. કનેકટીવિટી અને જુદી જુદી પૉલીસીઓના માધ્યમથી ગુજરાતની વિકાસની પ્રક્રિયા આપણે આગળ વધારીએ. હમણાં ઓલ ઇન્ડિયા સ્પીકર્સ કોન્ફરન્સ થઇ અને તે ઓલ ઇન્ડિયા સ્પીકર્સ કોન્ફરન્સમાં વિપક્ષના મિત્રો ૬૦ દિવસની વાત કરે છે. મેં આ વિધાનસભા શરૂ થઇ ત્યારથી આજ દિવસ સુધીના બધા આંકડા જોયા. કોંગ્રેસના શાસનમાં પણ કયારેય ૬૦ દિવસ વિધાનસભા આ મિત્રો દ્વારા ચલાવવામાં આવી નથી. આ લોકો દ્વારા કયારેય ચલાવવામાં આવી નથી અને સન્માનનીય સભાગૃહમાં આ પ્રમાણે સરકારની વાતને ડીસ્ટર્બ કરવી, પ્રશ્નોત્તરીને ડીસ્ટર્બ કરવી, •(×××) આ બધા મુદાઓના માધ્યમથી ..

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે વ્યક્તિગત વાત કરવી...

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બેસી જાઓ. આપ બેસો. નહીં નહીં પક્ષ સામે આક્ષેપ છે. આપ બેસો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વ્યક્તિગત કહ્યું નથી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બેસી જાઓ. હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતનો વિકાસ થયો હોય તો તે છ કરોડની પ્રજા સૌનો સાથ અને સૌનો વિકાસ અને ગુજરાતની સ્થિરતા...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનો સમય પૂરો થાય છે. વિરામનો સમય થયો છે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫ વાગ્યા સુધી)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવમાં મારા સૂચનો કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે બોલવાનું હતું એટલે કાલનો હું માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન વાચતો હતો પરંતુ સામેના મિત્રો જે બોલ્યા એના ઉપરથી એવું લાગે છે કે, આ મારી મહેનત ખોટી છે કારણ કે, ગુજરાતની પ્રજાની

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જરૂરિયાત શું છે? એ માટે એક અક્ષર પણ કોઇ બોલ્યું નથી. બાપુ પણ છેલ્લે ન બોલ્યા, બધી જ વાતો બીજી કરી. ખરેખર ગુજરાતની જનતાની જરૂરિયાત શું છે? ગુજરાતની ૬.૫૦ કરોડની જનતાને આ પ્રવચનમાં શું નથી આવ્યું? એનો એક પણ શબ્દ કે ઉચ્ચાર સામેથી કોઇએ કર્યો નથી. ખરેખર પ્રવચનમાં જે રહી ગયું છે લોકોને ઉપયોગી, વિકાસલક્ષી એ માટેનો એક અક્ષર કોઇ બોલ્યું નથી, બધી જુદી જ વાતો કરી છે અને એકદમ રાજકીય વાતો કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી પહેલા એમણે એક જાહેરાત પણ બહાર પાડી હતી કે, નર્મદાની અંદર પેલા બે રાજયો મહારાષ્ટ્ર અને રાજસ્થાન ભાગીદાર છે અને પૈસા નથી આપતા એમ કરીને દે થપ્પડ. હવે પૈસા આપી દીધા? થપ્પડ મારો! આ રીતે ઓ.એન.જી.સી.ની વાત આવી તો કહે આટલા પૈસા નથી આપતા. તો માર થપ્પડ, તો હવે બે મારો. કોલસો સસ્તો, નજીકમાં અને સારી ક્વોલિટિનો અને સસ્તો હજી એની એજ દશા છે ખાલી વાતો છે. બધા નર્મદા, નર્મદાની વાતો કરે છે એમને બધાને ચેલેન્જથી કહું છું કે, તમે તમારા આંકડા આપો કે કોંગ્રેસના શાસન સુધી નર્મદાનું કેટલું કામ થયું હતું? ૮૦ ટકા નર્મદાનું કામ થઇ ગયું હતું, ૯૦ ટકા કેનાલનું માટી કામ-નાળા વગેરે થઇ ગયું હતું. નર્મદાના ખાલી એક દરવાજા લગાવવાથી નર્મદા યોજના નથી થતી એનું સંપાદન કરવું, પુનઃવસવાટ કરવો, એ પાણીને રોકવું, એની કોર્ટ મેટર, એટલો જ મેધા પાટકરનો ડખો આ બધા ઉભા થયેલા ડખામાંથી પસાર થઇને નર્મદા આખી ઉભી કરી હોય તો કોંગ્રેસની સરકારે કરી છે. તમે તો માત્ર દરવાજા ચડાવ્યા છે એમાં વાહ વાહ ન કરો. તમે તો નર્મદા, નર્મદા કરો છો ત્યારે નર્મદામાં શું તમે કર્યું છે? ઉપરના દરવાજા ચડાવ્યા છે એ સિવાય શું તમે કર્યું? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની મેઇન કેનાલ તો એ વખતે જ થઇ ગઇ હતી.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગોવાભાઇ, બે મિનિટ. બધા જ સભ્યો શાંતિ જાળવે. બાબુભાઇ, આપે પણ બોલવાનું છે ત્યારે જે બોલવું હોય તે બોલજો. તમામ સભ્યશ્રીઓને સૂચના આપું છું કે, વચ્ચે દખલ ન કરો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, આભાર આપનો. હું તો સાચી વાત કરું છું. નીતિનભાઇ, હું તો સાચી વાત કરું છું. હું નર્મદાની વાત કરું છું ત્યારે અમારા જિલ્લાની વાત કરું તો ગઇ કાલે આ બહેને પણ એવું કહ્યું કે, બનાસકાંઠા જિલ્લો મારું સાસરું થાય છે એની વાત કરું તો નર્મદામાં એક ઇંટ ચોટાડી નથી. હવે એ બહેન ૨૦૦૨માં એમ કહેતા હતા કે, આ સરકારે કાંઇ કર્યું નથી અને આજે કહે છે કે અમે એક ઇંટ ચોટાડી નથી. તો જૂઠું બોલવાની પણ થોડી હદ હોય! હવે દરવાજા ચડાવ્યા, થોડી પાંચ પચ્ચીસ મીટર ઉંચી કરી એમ કહે તો બરાબર છે. પરંતુ એમ કહે છે કે એક ઇંટ ચોટાડી નથી નર્મદામાં આ જાતની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે, કમ સે કમ હાઉસની અંદર થોડીક સાચી વાત કરો. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની મેઇન કેનાલમાં ૨૦૦૩-૦૪માં પાણી રાજસ્થાન પહોંચ્યું હતું આજે પણ મારા જિલ્લામાં જે બે કે અઢી તાલુકા આવે છે એ તાલુકાનો જે કમાન્ડ એરિયા છે એમાં ફક્ત ૩૦ ટકા કમાન્ડ એરિયામાં પાણી નર્મદાનું જાય છે, ૭૦ ટકા હજુ બાકી છે. એની બ્રાન્ચો અને કેનાલો બનાવી છે એ પણ ટેસ્ટ કરે છે ત્યાં જ બધી તૂટી જાય છે અને એને લીધે ખેડૂતોના ખેતરનો બધો પાક સાફ થઇ જાય છે અને અમે રજૂઆત કરીએ કે આ જોગવાઇ નથી તો જોગવાઇ કરો અને એવી વાત કરો કે જે ખેડૂત મરે છે એ જીવે. આજે ખેડૂત મરી રહ્યો છે, બરબાદ થઇ રહ્યો છે તો નવી જોગવાઇ કરો. એના બદલે દે ધનાધન એક ઇંટ પણ ચોટાડી નથી એવી વાત કરે છે એ યોગ્ય નથી. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની આ બધી વાતો છે. નર્મદાના આજે પણ ૫૦૦૦ થી ૫૫૦૦ કરોડ રૂપિયા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાન જેવા જે ભાગીદાર રાજ્યો છે એમના બાકી છે ત્યાં આજે એમની જ સરકારો છે તો શા માટે આટલી કરકસર કરો છો? એ પૈસા લાવો અહીંયા કામ આવશે ગુજરાતમાં ઘણાં વિકાસના કામ કરવાની જરૂર છે ત્યારે તમે શેની રાહ જૂઓ છો? હવે એ વખતે તો કહેતા હતા કે કોંગ્રેસ નથી આલતી દે થપ્પડ, તો હવે બે થપ્પડ મારો, એ જ રીતે અમારે ત્યાં સિપુ ડેમ છે, અમારા હરજીવનભાઇ અહીંયા મિનિસ્ટર હતા ત્યારથી અમારે ત્યાં જાહેરાત કરતા હતા કે નર્મદાની પાઇપથી આ ડેમ ભરી દઇશું ગોવાભાઇ અને તમારે આ બધું લીલુંછમ્મ થશે, અમે તો થાકી ગયા, પાંચ વર્ષ, સાત વર્ષ, આઠ વર્ષ આ ક્યારે લીલુંછમ્મ થશે પણ હજી સુધી થયું નથી. આ વખતે પ્રોવીઝન છે. ડેમ ભરવાની વાત નથી. એટલે આ જાતની દરેક વખતે વાતો થાય છે જાહેરાતો થાય છે પણ એમાંથી કેટલું પૂરું થયું એ થોડુંક તપાસતા હોય તો પણ સારું છે.

ઉદ્યોગની ઘણી બધી વાતો કરી એમાં સેટલમેન્ટની યોજના લાવ્યા, થોડો ઘણો વેટ માફ કર્યો, હું એમને એ પૂછું છું કે જે ખેડૂત છે આ ધરતી માનો પુત્ર છે, જે ભગવાન ભરોસે છે એના માટે તમે એક ટકો ક્યાંય ઓછો કર્યો છે ખરી? આજે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની અંદર પુર આવ્યું, બધું જ સાફ થઇ ગયું, અત્યારે શિયાળુ સિઝનની અંદર મોટો મોલા નો રોગ આવ્યો છે. રાયડો અને એરંડા જે ખેડૂતોએ પહેલાં વાવ્યા હતા એ વાઢ્યા પણ નથી, કાપ્યા પણ નથી, આ પરિસ્થિતિ છે, એરંડા ૧૪૦૦ રૂપિયે વેચતા હતા, આજે ૬૦૦ અને ૫૫૦ રૂપિયાનો ભાવ છે, એના માટે કોઇ ચિંતા કરોને. જે બહોળો વર્ગ છે ૭૦ ટકા વર્ગ છે એની પાછળ બધા છે પણ ઉદ્યોગમાં કંઇકનું કંઇક કરે છે, વ્યાજનું સેટલમેન્ટ કરે છે, ટેક્સનું કરો છો, ઘટાડો, સેટલમેન્ટ એટલે બીજી વાત નથી કરતો, ઉદ્યોગમાં નેનો લાવ્યા, ઢોલ વગાડ્યા, નેનો નેનો, અમે તો વિચાર્યું શુંય હશે નેનો? શેનું નેનો છે, પરંતુ આ ટાટાને ૧૧૦૦ એકર જમીન જ્યાં ચાર હજાર રૂપિયા ભાવ છે તે પાણીના ભાવે આપી દીધી, ૩૩ હજાર કરોડ રૂપિયા ઝીરો પોઇન્ટ વનના વ્યાજે વીસ વર્ષની મુદત માટે આપ્યા. આજે કેટલી રોજી મળે છે? એ દહાડે કહેતા હતા કે લાખ્ખોને રોજી મળશે આ નેનો ચાલશે એટલે. આ નેનો ઢબુકડું બંધ થઇ ગયું. ટાટા નેનોની જગ્યાએ જો હીરાના ધંધાવાળાને આટલી સુવિધા આપી હોત તો આજે લાખ્ખો માણસો ત્યાં રોજી કરતા હોત અને બિલકૂલ પ્રદૂષણ મુક્ત ધંધો હીરાનો છે, પરંતુ એમાં કોઇ જોતું નથી, હીરાનો ધંધો તમારા ઘરમાં બેસીને થઇ શકે છે. પરંતુ એને જોવાવાળા કે પુછવા વાળા કોઇ નથી કારણકે ગરીબ વર્ગ છે, મજૂર વર્ગ છે, મારે ગર્વથી કહેવું જોઇએ

કે આજે દુનિયાની અંદર બનાસકાંઠાનો જૈન સમાજ હીરાના ધંધામાં છે, આખી દુનિયામાં એ લોકો અગ્રેસર છે. એનો લાભ ચાઇના લે છે, આજે લાખ્ખો માણસોને રોજી ચાઇના આપી રહ્યું છે પણ આપણે ત્યાં આ વાતને કોઇ વિચારતું જ નથી, દે ધનાધન, નેનો લાવોને, ટાટા લાવોને, આ બધું ચાલે છે, ખરેખર હજી પણ આ બજેટના પચીસ ટકા તમે કાપીને તમે હીરાના ધંધાની અંદર રોકો, એ મોટા મોટા માણસોને લાવો, લાખ્ખો માણસોને રોજીરોટી એકજ ઝાટકે મળી જશે.

જે આરોગ્યની વાત કરી તો એમાં બધા જ કર્મચારીઓ કોન્ટ્રાક્ટથી છે, એ માણસોની જિંદગીનું શું? અગિયાર મહિનાનો કોન્ટ્રાકટ, ગમે ત્યારે છૂટી જાય, જે મા-બાપે ભણાવી ગણાવીને મોટા કર્યા હોય એનું શું થશે? એટલું જ નહિ જે અંધ માણસોને ભણાવે છે, અંધ બાળકોને ભણાવવા વાળો જે શિક્ષક હોય છે એ લોકો બધા રાજ્યોમાં કાયમી થઇ ગયા, આપણા રાજ્યમાં એ કાયમી નથી થતાં, અંધને ભણાવવાવાળા ટ્રેનર કોઇક જ શિક્ષક હોય છે, આખા ગુજરાત રાજ્યમાં ૫૦૦ થી ૧૦૦૦ હશે, પણ એના માટે કોઇ વિચારતું નથી, માત્ર આપણે ભાષણો અને જાહેરાતો કરીએ છીએ, હવે અંધને ભણાવવાવાળા કેટલા શિક્ષક હોય, એ બાપડા રોવે છે, ૧૨૦૦ જણા છે આખા ગુજરાતમાં, એનું કોઇ પુછવાવાળું નથી, એના માટે કંઇક વિચારવું જોઇએ.

વીજળીની વાત કરું તો વીજળી સસ્તી થઇ, કોલસો સસ્તો આવ્યો, પણ ખેડૂતોને શું સસ્તું કર્યું તમે? જોડાણ આપો છો તમે, આજે ઉદ્યોગને ૧૦૦૦ હોર્સ પાવરનું જોડાણ જોઇએ તો એ મળી જાય છે અને ૧૦ હોર્સ પાવર જોઇએ તો એ નથી મળતું. ખેડૂત એમને એમ રોવે છે. અમારા જિલ્લાની અંદર કેટલાય બોર બનેલા છે. જી.ઇ.બી.ના કહેવાથી એમણે કહ્યું કે બોર બનાવી દો, આજે છ - છ મહિના, આઠ-આઠ મહિનાથી જોડાણ નથી આપતા એટલે એ બોર ફેઇલ થઇ જશે. મારા વિસ્તારની અંદર એક ફાગુદરા ગામ છે. ત્યાં નાઇ સમાજનો એક નાઇ માણસ છે એણે વ્યાજે પૈસા લાવીને બોર કર્યો, થોડીક લેઇટ જાણ કરી એના કારણે એની અરજી જ રદ કરી નાંખી. બે વરસથી એ માણસ ગાંડો થઇને ભટકે છે, બરબાદ થઇ ગયો. એ બોરનું ભૂંગળું જોઇને આખો પરિવાર રોજ રોવે છે. પણ એની અરજી રદ કરી નાંખી કે તે લેઇટ અરજી કેમ કરી.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર): માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં મારા સાથી ધારાસભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ જગદીશ પંચાલના ટેકાથી જે રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તે બાબતમાં હું અનુમોદન આપવા તથા મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ વ્યકિત, કોઇ પણ સંસ્થા કે કોઇ પણ સમાજ કે કોઇ પણ સરકાર તેની પ્રગતિ કરવી હોય તો દુનિયામાં જે નવી ટેકનોલોજી આવી રહી છે કે આવે છે તેનો અને સાથે સાથે સાયન્સનો જો પ્રગતિમાં કે ગતિશીલતામાં તે ઉપયોગ કરે તો હું માનુ છું કે, પ્રગતિની વિકાસની હરણફાળ ભરી શકે અને તેના માટે હું માનુ છું કે આ સમગ્ર હિન્દુસ્તાનમાં આ ટેકનોલોજીનો કે આ સાયન્સનો સૌથી વધારે ઉપયોગ કર્યો હોય તો આપણી ગુજરાત સરકારે કર્યો છે અને તેના કારણે જ રોલ મોડલ તરીકે આપણાં ગુજરાતને સમગ્ર ભારતે સ્વીકાર્યો છે અને તેના કારણે જ આપણાં જે તત્કાલિન મુખ્યમંત્રી હતા અને આજે દેશના પ્રધાનમંત્રી તરીકે બેઠેલા છે. સાયન્સ અને ટેકનોલોજીની અંદર આપણે આ વર્ષે રાજયપાલશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં તેની વાત કરી છે અને આપણે પણ બજેટમાં ૩૭૩.૬૩ કરોડ રૂપિયાની ફાળવણી કરેલી છે. હવે એમાં છ વિભાગ આવે છે જેમાં ગુજરાત ઇન્ફોર્મેટિક લિમિટેડ, જી.આઇ.એલ. જેના માધ્યમથી આખા ગુજરાતના આપણે ગાંધીનગર પાટનગર સાથે ૩૩ જિલ્લાઓ અને ૨૪૮ તાલુકાઓની અંદર ઇન્ટરનેટથી જીસ્વાનની સુવિધાઓ આપણે કરેલી છે. આ સુવિધાઓ ૪૫૦૦ કચેરીઓમાં ૮૦ હજાર કરતાં વધારે આપણાં કર્મચારીઓ વપરાશ કરે છે અને આ યોજના આપણે ૨૦૦૧માં ચાલુ કરી જયારે કેન્દ્ર સરકારે આ યોજના ૨૦૦૫માં ચાલુ કરી. એટલે કેન્દ્રની સરકાર પણ આપણા કરતાં ચાર વર્ષ પાછળ ચાલતી હતી. સાથે સાથે આ જીસ્વાન મારફત આપણે ઇ-ગ્રામની અંદર જન્મ-મરણના દાખલા, જ્ઞાતિ, આવક, ચારિત્ર્યના દાખલા, વિવિધ ફોર્મ્સ, પી.ડી.એસ. ઓન લાઇન, કુપન, બિલ પેમેન્ટ વગેરે ગ્રામ પંચાયત મારફતે કરવામાં આવે છે. ઇ-ગ્રામના ૧૩,૬૮૫ ગામડાંમાંથી ૬૮.૭ લાખ વીજળીના બિલો આપણે સ્વીકાર કરવામાં આવ્યા. ૨૦૧૪-૧૫માં ૧૦ લાખ ૭૨ હજાર ૩૧૭ ડોકયુમેન્ટ રજિસ્ટ્રેશન કરવામાં આવ્યા અને એ.ટી.વી.ટી. આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો તેમાં ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૬૨ લાખ ૨૯૧૦ અરજીઓનો સ્વીકાર કરવામાં આવ્યો. અત્યારે હાલ નવજુવાનોમાં ઓજસ છે તે ખૂબ જ પ્રખ્યાત છે. નવજુવાન દીકરા-દીકરીઓ નોકરી માટે તેના ઉપર સર્ચ કરતાં હોય છે અને આ ઉપરથી આપણાં તમામ ૨૦૧૪-૧૫ની અંદર બધીજ પ્રકારની ઇ-સર્વિસો જે થઇ તે ૭૨ લાખ ૬૧ હજાર થઇ. બારકોડેડ રેશનકાર્ડ તે આના મારફત ૧ કરોડ ૨૦ લાખ બારકોડેડ કાર્ડો ઇશ્યુ કર્યા. આ યોજના જે તમામ જિલ્લાઓમાં જનસુવિધા કેન્દ્રોથી થાય છે કોર્પોરેશનમાં સી.ટી.સી સેન્ટર ઇ-મમતા. ઇ-મમતાની અંદર આપણે ૯૯ લાખ કુટુંબોની નોંધણી કરેલી અને આ ઇ-જીસ્વાનમાં આઇ.ટી.છે આપણી તેને ઇ-ગવર્નમેન્ટસમાં સરકારને અત્યાર સુધીમાં ૧૮૦ એવોર્ડ મળ્યાં છે. ૨૦૧૪-૧૫ની અંદર ૫૫ એવોર્ડ મળ્યાં છે અને ૨૦૦ ઉપરાંત સરકારી વેબસાઇટો આપણે ચાલુ કરેલી છે જેની અંદરથી સરકારની તમામ યોજનાઓની આપણને માહિતી મળતી હોય છે. આમાં સરકારનો મૂળ અભિગમ એ રીતનો છે કે 'From citizen standing in line to citizen being online' એના કારણે મોટા ભાગે પેપરલેસ સુવિધા થાય, પેપર દૂર થાય અને ઓનલાઇન બધી સેવાઓ મળે એના માટે કરીએ છીએ. આપણે ચાર શહેરોમાં સાયન્સ સીટીઓની સ્થાપના કરી અને સાયન્સ સીટીમાં વૈજ્ઞાનિક અભિગમ તરીકે બાળકોને ઉનાળાના વેકશનમાં, શિયાળાના વેકેશનમાં ટ્રેનિંગ આપવામાં આવે છે અને આ સાયન્સ સીટીની પાંચ લાખ બાવીસ હજાર લોકોએ મુલાકાત લીધી. મૂળ અત્યારે હાલ જે મેઇક ઇન ઇન્ડિયા કોન્સેપ્ટ લઇને

આવ્યા છે એની અંદર આપણે ૨૦૧૬માં આઇ.ટી.ની નવી પોલિસી, આજે કેન્દ્ર સરકારમાં આપણા નાણા મંત્રીશ્રી અરૂણ જેટલી સાહેબે જે બજેટ રજૂ કર્યું છે એમાં પણ આપણા ગુજરાતમાં ૨૫ કરોડ સુધીની આર્થિક સહાયતાઓ, કેપીટલ સબસિડી, વ્યાજ રાહત, VAT reimbursement, electricity duty માં, એ બધામાં સંશોધન વિકાસ માટે, આપણી આગામી વર્ષમાં આઇ.ટી. ઉદ્યોગ ૨૦૦૦ ડોલર સુધી જાય એ રીતના પ્રયત્નો આ સરકાર કરી રહી છે.

સાથે સાથે સૌથી મોટી વાત એ છે કે, ૨૦૦૧માં ભૂકંપ આવ્યો, આખુ કચ્છ તબાહ થઇ ગયું એમ કહીએ તો ચાલે, એ સમયે ભૂકંપ માટેની કોઇ સંસ્થા ન હતી, એટલે એ સમયના રાષ્ટ્રપતિ એ.પી. અબ્દુલ કલામ આઝાદે એક સૂચન કરેલું કે, ભૂકંપના સંશોધન માટેની કોઇ સંસ્થા શરૂ કરવી જોઇએ. ગુજરાત સરકારે આ બાબતમાં નિર્ણય લીધો અને આ સંસ્થાની સ્થાપનાનો શ્રેય ઓક્ટોબર-૨૦૧૩માં, એ સમયના આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને જાય છે. અને સાહેબ હું ગર્વ સાથે કહું કે, આ ભૂકંપની એક માત્ર સંસ્થા હિન્દુસ્તાનમાં છે કે, જે આખા હિન્દુસ્તાનની અંદર ભૂકંપ માટેનો સરવે કરીને માહિતી આપે છે, એની પાસે ૨૪૫ સાધનો છે. આ ભૂકંપ આવ્યો એની ફકત ૧૫ મિનિટમાં આ આઇ.એસ.આર. ટોટલ ડેટા, કોઇપણ સંસ્થાને એસ.એમ.એસ. દ્વારા, ફેકસ દ્વારા, વેબસાઇટ દ્વારા અને જે જવાબદાર અધિકારીઓ ડિઝાસ્ટર મેનેજમેન્ટના હોય એ લોકો સુધી ટોટલ મૂકી દે છે. આજે આ સંસ્થા આખા વિશ્વમાં પ્રસિધ્ધ છે એને અત્યારે હાલ આંતરરાષ્ટ્રીય ચાર પ્રોજેકટ શરૂ કર્યા છે અને તાઇવાન સાથે, જર્મની સાથે, રશિયા સાથે મળીને કેટલાક પ્રોજેકટો ચાલી રહ્યા છે અને આ સંસ્થામાં દર વર્ષે સો વિદ્યાર્થી શિયાળા અને ઉનાળામાં તાલીમ લેવા આવે છે. આ આઇ.એસ.આર. સંસ્થાની અંદર અત્યારે જે વૈજ્ઞાનિકો છે એ પી.એચ.ડી. માટેની વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપતા હોય છે. આ સંસ્થા છે એ ઉંચી ઇમારતો જે બનતી હોય એના બાંધકામ માટે ઓટોમેટિક જમીનનો સરવે, ધરતીકંપની સલામતી માટેનો સરવે કરીને ઉંચી ઇમારતો માટે આપે છે. હિન્દુસ્તાનમાં જયાં જયાં પણ ભૂકંપો આવ્યા એ તમામની માહિતી, ઇવન વિદેશોમાં પણ ઘણા બધા વૈજ્ઞાનિકોએ આની સરાહના કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મારા મિત્ર નર્મદાની વાત કરી, નર્મદા ઉપર ઘણા બધા રાજકારણ ખેલે છે પણ એ કોઇનાથી છૂપેલી હકીકત નથી કે, ૧૯૬૨માં જવાહરલાલ નહેરુએ આની શિલા મૂકી હતી. (અંતરાયો) ૧૯૬૨માં પથરો મૂક્યો હતો, પણ એ શરૂ કયારે થઇ? માનનીય ગોવાભાઇ એ શરૂ કયારે થઇ? હું માનું છું કે, અમે બધા તો નાના નાના હતા. એ શરૂ કયારે થઇ? પણ એનું મોટા ભાગનું કામ ભાજપની સરકાર આવી ત્યારે થયું છે. સાહેબ, હું ગત ચૂંટણીમાં વાવ ગયો હતો, ત્યાં વાવમાં કે જયાંથી આપણા માનનીય શંકરભાઇ ચૌધરી ધારાસભ્ય છે, સાહેબ, હું પહેલી વખત વાવ ગયો, ત્યારે વાવના લોકોએ મને વાત કરી કે અહીંયા હજાર, બે હજાર, પાંચ હજાર, દશ હજાર ભાવે વીઘે જમીન હતી, આજે એ પચીસ લાખ, ત્રીસ લાખ, પાંત્રીસ લાખ એનો ભાવ છે અને હું જોઇને આવ્યો છું કે વાવ જેવો વિસ્તાર લીલોછમ પડેલો છે. (અંતરાય) આભાર.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભી થઇ છું.

મહામહિમ રાજયપાલશ્રીએ ગૃહને કરેલ સંબોધન ઉપર મારે કહેવું છે. ગતિશીલ ગુજરાતમાં ભ્રષ્ટાચાર ઝડપી ગતિએ અને વિકાસ મંદ ગતિએ થઇ રહ્યો છે. ત્યારે બોયા પેડ બબૂલકા, આમ કૈસે હોય. આવી દશા આ ગુજરાતની છે. બાવળનું ઝાડ રોપીએ તો કેરીઓ કેવી રીતે મળશે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે એક મહિલા હોય ત્યારે સ્વાભાવિક છે કે મહિલાઓ માટે વિશેષ લાગણી હોય એ સહજ બાબત છે. મા અમૃતમ વાત્સલ્ય યોજના દાખલ કરી છે ખુશીની વાત છે કે *(×××) એ જોતા દિકરીઓ માટે વિશેષ લાગણી હોઇ શકે.

મારા દાહોદ જિલ્લાની વાત કરું તો ૨૨ મી ડિસેમ્બર એ અમારા દાહોદ જિલ્લા તથા આખા ગુજરાત માટે કાળો દિવસ હતો. મારે દુઃખ સાથે કહેવું છે કે ૨૨મી ડિસેમ્બરના રોજ જે બનાવ બન્યો એમાં *(×××) અને ધ્રુજતા હૈયે આખી રાત બસમાં કાઢી. ૨૨ ડિસેમ્બર,૨૦૧૫ એટલે ગુજરાત રાજયનો કાળો દિવસ. આ દિવસે સાંજે ચાર કલાકે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી હતી ત્યારે *(×××) અને જિલ્લા પંચાયતમાં તોડફોડ કરી, ગોળીબાર કર્યો, પથ્થરમારો કર્યો. અમારા મહિલા સભ્યોને જિલ્લા પંચાયત કચેરીમાં રાતવાસો કરવો પડ્યો. પોલીસ સરકારના ઇશારે મૂક દર્શક બનીને જોઇ રહી હતી. કોંગ્રેસના સભ્યો સલામત નહોતા. શરમથી માથુ નમી જાય એવી વાત કરું છું ત્યારે એક મહિલા મુખ્યમંત્રીશ્રી હોવા છતાં એક મહિલાને મોબાઇલની લાઇટથી કુદરતી હાજતે જવું પડે તેવી *(×××) ભાજપના રાજમાં થઇ છે. અમારા દાહોદ જિલ્લાના લોકોએ કોંગ્રેસને જીતાડી એના લીધે ભાજપને ન ગમ્યું તેથી ભાડૂતી માણસો લાવીને આવું કૃત્ય કર્યું છે. સન ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસનો ઝંડો લહેરાવાનો છે અને કોંગ્રેસ સત્તા ઉપર આવવાની છે.

આજે સમગ્ર ગુજરાત મંદી તરફ આગળ વધી રહ્યું છે. ગઇ ચૂંટણી વખતે પ્રજાને ખૂબ આશા આપી હતી કે અમે સત્તા ઉપર આવીશું તો ગરીબોનો હાથ પકડીશું, વિદેશોમાંથી કાળુ નાણું લાવીશું. માનનીય અધ્યક્ષશ્રી, કયાં છે ૧૫ લાખ રૂપિયા. કોના ખાતામાં ૧૫ લાખ રૂપિયા? *(×××) ગરીબ લોકો જે કાગડોળે પોતાના ખાતામાં રૂપિયાની રાહ જૂએ છે. હાથમાં થેલી લઇને મારો ગરીબ ભાઇ, મારી ગરીબ બહેન, એક ઉંમરલાયક માણસ કોઇ કામ માટે જાય, બેંકમાં જાય, રસ્તામાં ગાડી ન મળે. આવા *(×××) માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓની વાત કરું તો જે આદિવાસી વિસ્તારમાં અમે લોકો વસીએ છીએ, ઉમરગામથી અંબાજી સુધી જે શાળાઓ આદિવાસી વિસ્તારમાં આવેલી છે, ત્યાં અમારા આદિવાસી છોકરાઓને ભણવા માટે શિક્ષકોની ભરતી કરવામાં

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવતી નથી. મારા દાહોદ જિલ્લામાં આદિજાતિ મંત્રી આવે છે તો અમને આદિવાસી ધારાસભ્યોને જોવા પણ મળતા નથી. સાહેબ આવ્યા હતા. આદિવાસીના પ્રશ્નો દૂર કરવા માટે આવ્યા. સાહેબ, કમસેકમ દાહોદ આવો તો અમારા જેવા આદિવાસી ધારાસભ્યને તો બોલો, તો અમને કંઇક ખુશી થાય.

ઉપાધ્યક્ષશ્રી : મંગુભાઇ, હવે તમે દાહોદ જાવ તો બહેનને ત્યાં જઇ આવજો.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : રાજ્યમાં કુપોષણ એટલું બધું થઇ ગયું છે. છોકરાઓની સંખ્યા ઘણી બધી જોવા મળે છે. ઉમરગામથી અંબાજી સુધીનો આદિવાસી પટ્ટો છે તેમાં સીકલસેલનો રોગ ઘણો બધો ફેલાઇ ગયો છે. આદિવાસી વિસ્તારમાં બહેનોનું કુપોષણ ૫૦ ટકા વધી ગયું છે ત્યારે આ સરકાર વાહ-વાહની વાતો કરે છે. આ સરકાર કયા મોઢાની વાતો કરે છે? અમે આદિવાસીઓનું ભલું કર્યું? શું ભલું કર્યું? મને તો કંઇ દેખાતું નથી. ૪૦ હજાર કરોડ. ૧૭ હજાર કરોડ, વનબંધુ યોજના. મને તો અત્યાર સુધી કંઇ દેખાયું નથી. હું આઠ વર્ષથી આ ગૃહમાં બોલું છું. આદિવાસી વિસ્તારના એક-એક ગામડાંમાં ૧૦-૧૦ હજાર રૂપિયા ભાગે ન પડે એટલી ગ્રાન્ટની બજેટમાં જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની વાત કરું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના એક પનોતા પુત્ર અને હાલના દેશના વડાપ્રધાનને કોટિકોટિ વંદન કે જેણે ગુજરાતની કાયાપલટ કરી અને દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું અને ગુજરાત રાજ્યના પનોતા પુત્રી અને પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ ગતિશીલ ગુજરાતના માધ્યમથી કેટલો બધો વિકાસ કર્યો એ આ સન્માનનીય ગૃહમાં બધા જાણે છે. અમારા દુષ્યંતભાઇ પટેલ મહામહિમ રાજ્યપાલ સાહેબના સંબોધન બદલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે પછાત વર્ગના તમામ સમાજના લોકોને શિક્ષણ, આરોગ્ય અને વસવાટ માટે, વિકાસ માટે અગાઉના સમયમાં ઘણો સમય થયો ત્યારે ૫૭૨.૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. આપણાં ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતનું શાસન સંભાળ્યું ત્યારે છેલ્લા ૧૦-૧૨ વર્ષની અંદર ૨૦૦૧થી ૨૦૧૫ના ગાળામાં વધારો કરી અને રૂપિયા ૪,૫૧૪ કરોડની જોગવાઇ કરવામાં આવી. આનું નામ વિકાસ કહેવાય. આ વિકાસ સિવાય કોઇ વાત નથી. આપ પણ જાણો છો. ૨૦૦૨ની સાલ પછી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ ઉચ્ચ અભ્યાસ કરવા જવા માટે સરકારની કોઇ યોજના નહોતી. અને ત્યાર પછી ૨૦૦૧ થી ૨૦૧૪ના ગાળામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકો માટે ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે રૂ.૧૫/- લાખની લોનની જોગવાઇ કરવામાં આવી હતી. આ ગતિશીલ ગુજરાતની સરકારનો વિકાસ છે. એથીય આગળ કહું તો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના વિદ્યાર્થીઓ માટે ૨૦૦૦ પહેલાં પાયલોટની તાલીમ માટે માત્ર રૂપિયા બે લાખ લોનની સહાય આપવામાં આવતી હતી. આજની તારીખે ૨૦૦૧થી ૨૦૧૫ના ગાળામાં રૂ.૨૫/-લાખની સહાય કરવામાં આવે છે. આનું નામ વિકાસ કહેવાય

માનનીય અધ્યક્ષશ્રી, આદર્શ નિવાસી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની જગ્યાઓ ખાલી હતી. એ સમયે એસ.એસ.સી.નું પરિણામ ૪૦થી ૪૫ ટકા આવતું હતું. આજે ૯૦ મદદનીશ શિક્ષક અને ૨૬ આચાર્યની ભરતી કરવામાં આવી છે અને એના પરિણામે ૯૯.૬૬ ટકા પરિણામ આવતું થયું છે. આ વિકાસનો જીવતો જાગતો દાખલો છે. પંડિત દિન દયાળ ઉપાધ્યાય આવાસ યોજનામાં ૨૦૦૦ પહેલાં ૩૧૧૩૫ લોકોને રૂ.૧૭.૯૪ લાખની સહાય આપવામાં આવી હતી. આજે ૨૦૦૧ થી ૨૦૧૨ના દાયકામાં એક કરોડ પાંસઠ લાખ લાભાર્થીઓને મકાન બનાવવા માટે રૂ.૩૫૭/- કરોડની સહાય આપવામાં આવી છે. આનું નામ વિકાસ કહેવાય. એથી આગળ કહું તો રાજ્યમાં આદર્શ નિવાસી શાળાઓ ૨૦૦૦ની સાલ સુધી ફક્તને ફક્ત ચાર જ હતી, સરકારી મકાનો નહોતા. છેલ્લા દશકામાં આદર્શ નિવાસી શાળાઓ બાંધવા માટે રૂ.૬૦/- કરોડની સહાય આપવામાં આવી છે અને આજની તારીખે સાત સરકારી મકાનોનું કામકાજ ચાલુ છે. ૨૦૦૨ પહેલાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની ૨૮૨૧૪ કન્યાઓને લગ્ન પ્રસંગે મામેરા માટે રૂ.૧૪.૧૧ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી. છેલ્લા દશકામાં ૭૯૮૮૩ કન્યાઓને મામેરા માટે રૂ.૪૬.૬૮ કરોડની સહાય આપવામાં આવી છે. ૨૦૦૦ પહેલાં બક્ષીપંચના ૬૯૧ યુવક-યુવતીઓને રૂ.૩૪.૫૫ લાખની સહાય આપવામાં આવી હતી. છેલ્લા દશકામાં રૂ.૭.૭૯ કરોડની સહાય આપવામાં આવી છે. બક્ષીપંચની ભણતી કન્યાઓને ૨૦૦૦ પછી ૬૪૬૧૧ કન્યાઓને રૂ.૭.૫૮ કરોડની સાઇકલ સહાય આપવામાં આવી છે. ૨૦૦૧થી ૨૦૧૫ના ગાળામાં ૫૮૯ લાખ કન્યાઓને રૂ.૧૨૪/- કરોડની સાઇકલ સહાય આપવામાં આવી છે. પહેલાં બક્ષીપંચના ૫૧૫ છાત્રાલયો હતા અને એમાં ૧૯૧૪૪ વિદ્યાર્થીઓ સહાય લેતા હતા. એમાં ૨૦૮ નવા છાત્રાલયો બનાવવામાં આવ્યા છે અને આજે ૩૯૦૯૦ વિદ્યાર્થીઓ એમાં સહાય મેળવી રહ્યા છે. મારી તળપદી ભાષામાં કહુ તો '' સૌને લીલાલહેર છે, ભાજપની મહેર છે. આનંદીબેનના રાજમાં હવે લીલાલહેર છે, મોદી સાહેબના રાજમાં હવે લીલાલહેર છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી હર્ષદભાઇ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રી જે પ્રવચન લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. હવે લીલા લહેર તો ખબર જ છે બધાયને. માનનીય મંત્રીશ્રી હમણા જ બોલતા હતા પ્રવચનમાં એમાં ૨૦૧૫નો દાખલો ના આપ્યો એમણે કોણ જીત્યું એ. આ બધા વાતો કરે છે અને એમને ગામડાંમાં કોઇ જવા દે એમ નથી

અને હમણા જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની ચૂંટણીમાં ધબો નમઃ કરી નાખ્યું હતું તોય હજી સાનમાં સમજતા નથી. એક દાખલો દઉ અમારે ત્યાં એક મગરો છે, હું વાડીએ બેઠો હોવ તો મગરો ત્યાંથી નીકળે, એની પાસે એક પાંજરૂ હોય એમાં તેતર હોય છે. મેં એને બે-ત્રણ વખત પૂછયું કે મગરા તું તેતર લઇને જાય છે અને પાછું એનું એ લઇને આવે છે આનું કારણ શું છે? તો મને કહે કે આ તેતર મારું પાળેલું તેતર છે. આને હું કાજુ-બદામ ખવડાવું છું. આ તેતર મારું હેવાયું થઇ ગયું છે. આ તેતરને હું છૂટું મૂકું એટલે બીજા આઠ-દસ તેતર લઇને આવે અને આને પાછો પાંજરામાં રાખી લઉ. આ સરકારમાં પણ આવા મલાઇ ખવડાવવા વાળા તેતર હમણાં છૂટા મૂકયા છે બે મહિનાથી. આ તેતરો બિચારા ભોળા પાટીદારોને સમજાવવા નીકળ્યા છે. શરમ આવવી જોઇએ તમને કે આ પાટીદારોએ રાત-દિવસ એક કરીને તમને મત આપીને ખભે બેસાડીને અહીંયા બેસાડયા છે. તમને શરમ આવવી જોઇએ દસ-દસ પટીદારોને મારી નાખવામાં આવે, અમારા યુવાનોને જેલમાં પૂરી દેવામાં આવે, શરમ આવવી જોઇએ તમને. ગામડાંમાં જાવ તમને ખબર પડે. પાટીદારોનો આ ગુજરાતને સદ્ધર કરવામાં મોટો ફાળો છે. અમારા પાટીદાર સમાજના દસ ટકા જ ઉદ્યોગપતિઓ છે. નેવું ટકા પાટીદારો બિચારા ગામડાંમાં ખેતી કરી ધાન્ય પેદા કરી અને રાષ્ટ્રનું પેટ ભરવાવાળો આ સમાજ છે. ડાયમંડમાં તમે જુઓ બ્યાંસી હજાર કરોડ રૂપિયા વિદેશી હૂંડિયામણ કમાવી આપતો આ સમાજ છે તો શું આપ્યું તમે આ રત્ન કલાકારોને? ટેકસટાઇલમાં અબજો રૂપિયા વિદેશી હૂંડિયામણ કમાવી આપતો આ પાટીદાર સમાજ છે, બ્રાસપાર્ટમાં જુઓ, કરોડો રૂપિયા સરકારને કમાવી આપતો બ્રાસપાટ ઉદ્યોગ પાટીદારો ચલાવે છે. તમે તો ફકત ચાર ઉદ્યોગપતિઓને જ સાચવ્યાં છે. ટોકનના ભાવે જમીનો આપી છે. ટેકસમાં રાહત આપી, વ્યાજ માફી કરી છે પણ આ કરોડો લોકોને જે રોજી રોટી આપે છે તેના માટે તમને શરમ આવવી જોઇએ કે તમે કયારેય વિચાર્યુ નથી. અનામત આંદોલનમાં તમારા જે તેતરો બે મહિનાથી છૂટા કર્યા છે એના કરતા આપી દો ને, આ *(×××) શું કામ આપો છો પાટીદારોને?

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દ રેકોર્ડ પરથી દૂર કરું છું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : જે અમારા પાટીદાર યુવાનોને ખોટી રીતે ફીટ કરવામાં આવ્યા છે એને તમે જેલમાંથી છૂટા કરી દો અને તમને બધાને શરમ આવવી જોઇએ અમારા પાટીદાર મહિલા ધારાસભ્ય જયારે આ ગૃહની અંદર પ્રવચન કરતા હોય ત્યારે તમારે સપોર્ટ આપવાને બદલે તમે ઉભા થઇને વાતો કરો છો. (અંતરાય)ભાગીદાર તમે પણ છો, અમને લોકોએ જીતીને મોકલ્યા છે, ખભે બેસાડીને મોકલ્યા છે, પાટીદારના ૪૫ ધારાસભ્યો છે એમાંથી ૮ તો મંત્રી છે, એમને શરમ આવવી જોઇએ કે આ સમાજની બહેનો-દીકરીઓને મારવામાં આવે, દસ દસ પાટીદારોને મારવામાં આવે. તમને શરમ આવવી જોઇએ, તમારે બોલવું જોઇએ સરકાર સામે કેમ બધા ચૂપ થઇ ગયા છો? આ અનામત આંદોલનની શરૂઆત ક્યારે થઇ છે? આ રાજ્યની અંદર ૭૦ ટકા પાટીદાર લોકો ધરતીપુત્રો છે અને ખેતી સાથે જોડાયેલા છે. હમણાં જ વાત કરી કે કપાસમાં ખૂબ જ મોટું નુકસાન ખેડૂતોને થયું છે. કપાસના ઝીંડવામાં સરકારની ટેકનીકલ ખામીના કારણે એક ઇયળ આવી છે. આ ઇયળ આવવાથી આખા રાજ્યમાં ખેડૂતોના કપાસ ફેઇલ ગયા છે. આ બાબતે સરકારે પહેલેથી ધ્યાન કેમ ન દોર્યું? અહીંયા મોટી મોટી વાતો કરવામાં આવે છે પણ અમે જ્યારે ગામડાંમાં જઇએ ત્યારે લોકો સરકારની કામગીરી વિશે પૂછે છે કે ધારાસભ્ય તરીકે તમે શું કરો છો? તમે મોટી મોટી વાતો કરવાનું બંધ કરો અને હકીકતમાં સાચી રજૂઆતો આવી છે. આ ખેડૂત પાટીદારો માટે કંઇક કરો તો સારું છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ ગૃહમાં જે પ્રવચન કર્યું એનો આભાર પ્રસ્તાવ ભાઇશ્રી દુષ્યંતમભાઇ પટેલ લઇને આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના વિકાસ માટે મહામહિમ રાજ્યપાલશ્રીએ સમગ્ર રાજ્યના વિકાસનું એક દ્રષ્ટિબિંદુ ગૃહના માધ્યમથી ગુજરાતની પ્રજાને આપ્યું. મારા પૂર્વ વકતાઓએ પણ ઘણા જુદા જુદા વિષયો ઉપર વાતો કરી છે ત્યારે મારે માત્ર કૃષિ વિષયના એક-બે મુદ્દા ઉપર ચર્ચા કરવી છે. ગુજરાત રાજ્યે છેલ્લા દાયકામાં કૃષિ ક્ષેત્રે સમગ્ર દેશમાં નમૂનારૂપ કામગીરી કરીને વિકાસ કરેલ છે. સરકારની કૃષિ વિષયક નીતિ તેમજ કૃષિ વિસ્તરણની વિવિધ પ્રવૃત્તિઓ સાથે ખરીફ ઋતુમાં કૃષિ મહોત્સવના આયોજન થકી ગામડાંના છેવાડાના ખેડૂત સુધી કૃષિની અદ્યતન જાણકારી પહોંચતી કરીને સરકાર દ્વારા હાથ ધરાયેલ જળ સંચયના કામો, સોઇલ હેલ્થ કાર્ડ, ખેતપેદાશની યોગ્ય બજાર વ્યવસ્થા વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. સરકારની નીતિઓ તેમજ વિવિધ કૃષિલક્ષી યોજનાઓ અને પ્રવૃત્તિઓના કારણે રાજ્યના ખેડૂતોના ખેત ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. આની કૃષિ ક્ષેત્રે વાત કરીએ તો મગફળી, દિવેલા અને કપાસ જેવા પાકોમાં સમગ્ર દેશમાં ગુજરાત આજે અગ્રેસર છે. દેશના દિવેલાના કુલ ઉત્પાદનમાં ૮૧ ટકા ઉત્પાદન માત્ર ગુજરાતમાં થાય છે. દેશના મગફળીના કુલ ઉત્પાદન પૈકી ૫૧ ટકા ઉત્પાદન માત્ર ગુજરાતમાં થાય છે. કપાસના પાકમાં ૨૦૧૪-૧૫માં લગભગ ૯૮ લાખથી વધુ ગાંસડીનું ઉત્પાદન ગુજરાતમાં થયું છે. કૃષિ ઉત્પાદન ૫ વર્ષમાં બમણું કરવાના ઉદેશથી સૌ પ્રથમ વર્ષ ૨૦૦૫-૦૬માં કૃષિ મહોત્સવ-૨૦૦૫ તરીકે શરૂઆત કરી. તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત જામનગર જિલ્લાના કાલાવાડ તાલુકામાંથી કરી હતી એનો મને આનંદ અને ગૌરવ એટલા માટે છે કે ખેડૂતોની આવક બમણી કરવા માટેના ધ્યેય સાથે આ કૃષિ મહોત્સવની શરૂઆત કરી હતી. કૃષિ મહોત્સવના પરિણામો ખૂબ જ સારા આવ્યા છે. મારી સામેની પાટલીના મિત્રોને કદાચ આ વિકાસ ક્યારેય દેખાશે નહીં. એ ભૂતકાળ તરફ નજર કરે તો ખબર પડે કે ૧૯૯૫ પહેલાં ગામડાંના ખેડૂતોની દશા શું હતી, ગામડું શું હતું, આરોગ્યની સગવડો શું હતી, પીવાના પાણીની સગવડતા શું હતી? શિક્ષણની વ્યવસ્થા શું હતી? મિત્રો ભૂતકાળ તરફ જરા નજર કરશો તો

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

અમારે જવાબ દેવાની જરૂર પડશે નહિ. માત્ર અને માત્ર આક્ષેપો કરવાથી લોકોની વાહવાહ મળવાની નથી. લોકો છે તે અરીસો છે. જેવું કરશો તેવું પામશો. માત્ર અને માત્ર ખોટી અફવાઓ ફેલાવી, લોકોને ગુમરાહ કરી લોકોને છેતરવા માટેનો પ્રયત્ન ના કરે એટલી મારી આપ સૌને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સેન્દ્રીય ખેતી નીતિ ૨૦૧૫ રાજ્ય સરકાર દ્વારા તા.૧૦–૪–૨૦૧૫ થી અમલમાં મૂકી છે. તા.૨૦–૬–૨૦૧૫ થી રાજ્યના ખેડૂતોને સેન્દ્રીય ખાતરના પ્રોત્સાહન માટે સહાય પૂરી પાડવા ઠરાવ થયેલ છે. એ અન્વયે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્યની નવી સેન્દ્રીય નીતિ ૨૦૧૫ના અમલીકરણ માટે નીચેના મુદ્દાઓને ધ્યાને રાખીને ચાર તાલીમ કેન્દ્રમાં ૯૦ માસ્ટર ટ્રેનર સજીવ ખેતી વિષે તાલીમ આપશે. ૫૦ કરતા વધુ પાકો માટે સેન્દ્રીય ખેતી માટેની પાક પદ્ધતિનો ૨૦૦ પાનાનો સંપૂટ. સેન્દ્રીય ખેતી માટેની પાક પદ્ધતિ પુસ્તિકાનું રવી કૃષિ મહોત્સવ દરમ્યાન નિયમોસરનું સંપૂટ. સેન્દ્રીય ખેતી માટે એક દિવસીય અને પાંચ દિવસીય તાલીમ મેન્યુઅલ તૈયાર કરવામાં આવેલ છે. ગુજરાતની ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી સાથે ૧૩૯ હેકટરનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. સેન્દ્રીય ખેતીના પ્રોત્સાહન માટે સહાય પૂરી પાડવા માટે અરજી કરવા આઇ–ખેડૂત પોર્ટલની પણ ઓન લાઇન સુવિધા તૈયાર કરવામાં આવી છે. ચારેય કૃષિ યુનિવર્સિટીના ઓર્ગેનિક રિસર્ચ સેન્ટરની સ્થાપનાની કામગીરીની કાર્યવાહી પણ કરવામાં આવી છે. યોજનાના પ્રચાર –પસાર માટે રૂપિયા અઢી કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ૧,૫૪,૦૦૦ હેકટરના સી–ફોર્મ સર્ટિફિકેટ મેળવેલ અને ખેડૂતોને સેન્દ્રીય નીતિ હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ચીમનલાલ આપની પાસે બે મિનિટ છે.

શ્રી ચિમનભાઇ ધ. સાપરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર, જૂનાગઢ, બનાસકાંઠા અને ખેડામાં ૧૪૦૦ હેકટરને સેન્દ્રીય ખેતી હેઠળ આવરી લેવામાં આવેલ છે. ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ મારફત ૫૦૦૦ હેકટરમાં બટાકાના પાકની સેન્દ્રીય ખેતી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાસ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. કૃષિ વિકાસ વધારવા માટે ટાસ્ક ફોર્સની રચના સરકારશ્રી કૃષિ અને સહકાર વિભાગના તા.૧૯–૩–૨૦૧૫ના ઠરાવથી કરવામાં આવી છે, જેમાં માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને અન્ય મંત્રીઓ અને કૃષિ યુનિવર્સિટીના કુલપતિઓ, અગ્રસચિવ કૃષિ અને અન્ય કૃષિ તજજ્ઞ અને સભ્ય સચિવ તરીકે ખેતી નિયામકશ્રી ગુજરાત રાજ્યને નિમવામાં આવેલ છે. કૃષિ વિકાસ સંબંધિત મુદ્દાઓ માટે પ્રાથમિક કક્ષાની બેઠક યોજવામાં આવી ત્યારબાદ કૃષિ અને સંલગ્ન ખાતાના સ્ટેમ્પ હોલ્ડરની કન્સલ્ટન્ટટીવ બેઠક તેમજ માનનીય અધ્યક્ષશ્રીના અધ્યક્ષસ્થાને પ્રગતિશીલ ખેડૂતોનું ઇનપુટ સપ્લાયર એ.પી.એમ.સી.ના ચેરમેન, મિલ્ક માર્કેટિંગ ફેડરેશન, જી.એસ.એફ.સી., જી.એન.એફ.સી. તેમન નાબાર્ડના પ્રતિનિધિની હાજરીમાં બેઠક યોજવામાં આવી છે. જેમાં નીચેના મુદ્દાઓ પર સેકટરવાઇઝ વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી છે. ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ચિમનલાલ, આપનું પ્રવચન પુરું થાય છે. શ્રી નટવરસિંહજી આપની ૬ મિનિટ છે. કોઇ ડિસ્ટર્બ નહિ કરતા.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના પ્રવચન પર હું મારા વિચારો રજૂ કરું છું.

''સમય સમય બલવાન હૈ, નહિ મનુષ્ય બલવાન, અદને કાબે લૂંટિયા વહી ધનુષ્ય વહી બાણ'' સાહેબ સમય આવશે.

ઉપાધ્યક્ષશ્રી : બાપુ, આભાર પ્રસ્તાવ પર આવો. તમે તો શરૂઆત જ કરી દીધી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : ૫૬ ની છાતીવાળા બેઠા છે. આ પાકિસ્તાન આપણા આટલા બધા સૈનિકોને મારી નાખ્યાં. આપણે શું કર્યું?

ઉપાધ્યક્ષશ્રી : બાપુ, આપણે આભાર પ્રસ્તાવની વાત કરો.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : આ બોલ્યાં નહિ. મારે બોલવાનું ને,

ઉપાધ્યક્ષશ્રી : સિસ્ટમ નથી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : ત્યારે પછી મારેય બોલવું જ પડેને તમે વાત કરો છો તે. આપણી રામમંદિરની ઇંટો કયાં જતી રહી?, ઇંટો ખવાઇ ગઇ? આવી રીતે લોકોને •(×××) ન બનાવો. બીજું, જેમ પાકિસ્તાનના બે ભાગ પાડયા, કોણે કર્યા? ઇન્દિરા ગાંધી ૫૬ની છાતી વાળી કહેવાય. ૫૬ની છાતી હોય તો બે ભાગ પાડી દોને. એને ૫૬ની છાતી કહેવાય. (અંતરાય) અમારા ઇન્દિરાજી અને રાજીવજીએ દેશ માટે શહીદી વહોરી. તમે એક તો વહોરી જુઓ ખબર પડે કે કેવી રીતે શહીદી વહોરાય છે. કોમ્પ્યુટર અને ટેકનોલોજી કોણ લાવ્યું? તમે લાવ્યા? એ તો રાજીવજી અને સામ પિત્રોડા લાવ્યા. ડેરી ઉદ્યોગ કોણ લાવ્યું? ડેરી ઉદ્યોગ લાવ્યા એમાં તો આખા ગુજરાત નહીં, આખા દેશમાં લોકોને રોજીરોટી મળી. ડેરી ઉદ્યોગે ગરીબી ઓછી કરી, તમે નથી કરી, શાકભાજી લાવો તો ખબર પડે. અમારા નાના અને સિમાંત ખેડૂતો માટે સૌરભભાઇ ટુએચપી આપે તો નાના અને સિમાંત ખેડૂતો જીવે પણ સૌરભભાઇ વિચાર કરતા નથી. ના કરો તમે એ તો અમે આવીશું ત્યારે કરીશું. તમારી તાકાત નથી એ તો અમારી તાકાત છે. હવે તમારા પાણી પાછા ઉતરતા થયા છે. એક વખત તમારા પાણી ચડયા હવે પાછા ઉતરે છે. થોડા દિવસમાં ઉતરશે તમે જોજો. આ ના જોયું? જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સાફ થઇ ગયા. હવે તમારો સમય આવી રહ્યો છે. બહુ ચિંતા નથી. નીતિનભાઇ આરોગ્ય મંત્રી છે. તમે સિવિલ હોસ્પિટલોના મકાનો બાંધો છો પણ ડોકટરો છે? મહેકમ છે? આખા ગુજરાતમાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એકેએક ડિપાર્ટમેન્ટમાં મહેકમ નથી. કેમ પુરતા નથી, એ પૂરે તો પણ ગરીબી ૫૦ ટકા ઓછી થઇ જાય. તમે જુઓ, સિવિલ હોસ્પિટલમાં એટલી બધી મશીનરી પડી છે પણ તમારી પાસે મશીન ચલાવવા માટે ટેકનિશીયનો નથી. કરોડો, અબજો રૂપિયાની મશીનરી પડી છે. ટેકનિશીયનો લાવો, કેમ નથી લાવતા? ખાનગી હોસ્પિટલોમાં તો મળે છે અને તમને મળતા નથી? તમારી પાસે છે પણ તમારે મૂકવા નથી. એમને સારો પગાર આપવો નથી એટલે નથી મળતા નહીંતર ખાનગી હોસ્પિટલમાં છે જ ને? તમારી પાસે નથી. એકે એક સિવિલ હોસ્પિટલમાં કરોડો રૂપિયાની મશીનરી પડી રહી છે પણ એનો ઉપયોગ કરતા નથી. કરોડો રૂપિયાનું પાણી કરી દીધું અને આ *(×××) ઓછા કરો તો લોકોની ગરીબી ઓછી થઇ જાય.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)શબ્દ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : પાછા લઉં છું. પઠાણકોટમાં શું કર્યું? પાકિસ્તાનમાં આપણા વડાપ્રધાન બિરિયાની ખાઇ આવ્યા, શું કર્યું? અને તોય ચાલુ ને ચાલુ. કેટલા સૈનિકો મરી ગયા આપણા? એ બંધ કરોને ૫૬ની છાતીવાળા કેમ બંધ કરતા નથી? એ બંધ કરો તો ખરું. ૫૬ની છાતીવાળા હોય તો બંધ કરી દોને, શું કામ પાકિસ્તાન જાવ છો? બંધ કરો તો ખરા. ખોટા ખર્ચા કરવાની કયાં જરૂર હતી? મોંઘવારી કૂદકેને ભૂસકે વધી ગઇ તમે કઠોળના ભાવ જુઓ. ગરીબી એટલી બધી વધી ગઇ છે કે લોકોને જીવવાનું મુશ્કેલ થઇ ગયું છે. લોકો ભુખે મરે છે. અમારા ખેડૂતભાઇઓ આપઘાત કરે છે. ભણતર મોંઘું થઇ ગયું. સેલ્ફ ફાઇનાન્સ કરી દીધી કોલેજો, પ્રાથમિક શાળાઓ એટલે કોના છોકરા ભણશે? ગરીબોના છોકરા નહીં ભણે, માલદારના છોકરા ભણશે. દારૂના પીઠા તો ઓછા કરો? આ ભૂમાફિયાઓએ બધા પશુઓને ચરવાના ચરાણ ખોદી કાઢયા. માટી વેચી કાઢી. લોકોના ઢોર કયાં ચરશે? વિચાર કરો. હું ફોટા પાડીને અહીંયા લાવ્યો છું. બતાવું?

ઉપાધ્યક્ષશ્રી : ના, પછી બતાવજો. અત્યારે ગૃહમાં નહીં.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : તમે જુઓ અને એ લોકોને શિક્ષા કરો. જે લોકોએ ગૌચરો ખોદી કાઢયા એમને શિક્ષા કરો, એમની પાસેથી પેનલ્ટી વસૂલ કરો. એમની સામે એફ.આઇ.આર. ફાડો, કેમ ફાડતા નથી? તમારા વાલેશ્રી છે બધા? ગમે તેના હોય કોંગ્રેસના હોય કે ભા.જ.પ.ના હોય.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા ઊભો થયો છું.

મારે જળ સિંચાઇ માટેની વાત કરવી છે. ગુજરાત સરકારે જળ સિંચાઇની અંદર કરેલાં કામોની દેશે નોંધ લીધી છે. હજારો ચેકડેમ, ખેત તલાવડી, બોરીબંધ, તળાવો ઊંડા કર્યા, જૂની કેનાલો મરામત કરી, આધુનિક ટપક પદ્ધતિ, સુજલામ્ સુફલામ્ યોજના અને ક્ષાર પ્રવેશ નિયંત્રણ કર્યા, નર્મદા નહેરોનું પાણી દાંતીવાડા સુધી લઇ ગયા. મિત્રો, હું આ જળસિંચાઇની વાત કરું છું, ત્યારે આપે ૨૦૦૦ ની અંદર સરદાર પટેલ સહભાગી સિંચાઇ યોજના બનાવી. જે ૬૦:૪૦ માં બની. ખૂબ યશ મળ્યો. પછી આ સરકારે ૧-૪-૨૦૦૫ ની અંદર ૮૦:૨૦ માં કરી. લોકભાગીદારીથી ચેકડેમ ખૂબ બનાવ્યા. આ કોંગ્રેસે ૪૦ વર્ષ રાજ કર્યુ. ગોવાભાઇ હમણા કહેતા હતા તો મારે ગોવાભાઇને કહેવું છે કે ૪૦ વર્ષમાં ૧૭,૦૦૦ ચેકડેમ બનાવ્યા. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે છેલ્લાં ૧૫ વર્ષની અંદર ૧,૬૬,૩૩૮ ચેકડેમ કર્યા. આને કહેવાય વિકાસ! ગોવાભાઇ આને કહેવાય કામ! ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઓછા ખર્ચે બોરીબંધ કર્યા, ચેકડેમ કર્યા અને મોટી નદીઓની અંદર ચેકડેમ કર્યા અને પાણી રોક્યું. તમારા વખતમાં તો બધુ પાણી દરિયામાં જતું રહેતું હતું. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે પાણી રોક્યું. મારે કહેવું જોઇએ કે જે પાણી રોકવાથી આપણી પ્રજાને, ખેડૂતોને લગભગ ૨૨ થી ૨૫ ફૂટે કૂવામાં પાણીનું સ્તર આવ્યું. ગોવાભાઇને કહેવું છે કે એમના વખતમાં જે કૂવા હતા તે કૂવામાં અંદર ઉતરીને છોકરાઓ લખોટી રમતા હતા. જ્યારે આજે એ કૂવામાં ૧૫ ફૂટ પાણી છે અને તેના લીધે સજીવન ખેતી થઇ. આ કામ કોઇએ કર્યુ હોય તો તે ભાજપની સરકારે કર્યુ છે. મારે વાત કરવી છે કે આ સરકાર જયાં ખર્ચાની જરૂર ન હોય ત્યાં આ કામ કરે છે. મારે ગોવાભાઇને કહેવું છે કે આ યોજનાથી શું લાભ થયો? આ લોકોને મારે કહેવું છે કે ખરીફ સીઝનની અંદર આજે ખેડૂત ખેતી કરી રહ્યો છે. મારા વિસ્તારમાં આજની તારીખમાં આવી કટોકટીની અંદર ઘઉં અને ડાંગરનો પાક ચાલી રહ્યો છે. એનું જો કોઇ કારણ હોય તો તે ખારીકટ કેનાલ છે. આ ખારીકટ કેનાલ બ્રિટિશ ગવર્નમેન્ટે બાંધી હતી. ૧૦૦ વર્ષ જૂની કેનાલ છે. આ લોકોએ જો કામ કર્યુ હોત ને તો પરિસ્થિતિ અલગ હોત. ગુજરાતની અંદર ૪૦ વર્ષ અને દેશની અંદર ૫૦ વર્ષ તમારી સરકાર રહી. પંચાયત, પાર્લામેન્ટ એમની હતી. એમણે કોને રોક્યા હતા? ખારીકટ કેનાલમાં પાણી જો કોઇ લાવ્યા હોય ને તો મર્દ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા છે. એથી આગળ વાત કરું તો ખારીકટ કેનાલ તૂટી ગઇ હતી. એના સમારકામ માટે આ સરકારે ૧૯ કરોડ રૂપિયા આપ્યા. કેનાલનું નવીનીકરણ કર્યુ. બીજી કેનાલ એ અમારા વિસ્તારમાં છે. ગોવાભાઇ તમે નર્મદા, નર્મદા કરો છો. ફતેવાડી કેનાલમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એના રિપેર કરવાના ૧૦૫ કરોડ રૂપિયા આપ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ગોવાભાઇ મારે તમને એ વાત કરવી છે અને હમણાં હાલ બાપુ કહેતા હતા કે આ નર્મદા યોજનામાં હું કહું છું કે તમે અડધી સદી રાજ કર્યુ તમે આખી સદી બગાડી. મિત્રો મારે એ વાત કરવી છે કે, ગુજરાતના મુખ્યમંત્રીને નર્મદાના પાણી માટે ઉપાવાસ ઉપર ઉતરવું પડે? આ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ઉપવાસ ઉપર ઉતર્યા અને પાણી લાવ્યા. બીજી વાત કરું તો વરસાદનું વધારાનું પાણી દરિયામાં જતું રોકયું કે જેનાથી પાણીના સ્તર પાંચથી દસ મીટર ઉંચા આવ્યા. આવી

પાણીની ઉપલબ્ધીના કારણે વાવણીની પદ્ધતિ બદલાઇ. જે જૂની પદ્ધતિ હતી તે આખી બદલાઇ. ભૂગર્ભ જળથી ખેતીના ઉત્પાદનમાં નોંધપાત્ર સુધારો થયો. મારે એ વાત કરવી છે કે, ભારતીય જનતા પાર્ટીએ જે કામ કર્યું તેના લીધે પાટીદારો ભાજપને લાવવાના છે. તમે પાટીદાર પાટીદાર કરો એટલે કોઇ ફેર પડવાનો નથી. ફરીવાર ૨૦૧૭માં ભારતીય જનતા પાર્ટીને કોઇ બેસાડશે તો પાટીદાર બેસાડશે. મારે કહેવું જોઇએ કે આ નવયુવાનો કે જેમનો જન્મ ૧૯૮૫માં થયો છે તેમને કોંગ્રેસની ખબર નથી. તમારી સરકારની બધા પાટીદારોને ખબર છે. તેઓ ખેતરમાં જઇ શકતા ન હતા. બોરની લાઇનો કાપી નાંખતા હતા, રાત્રે મીટરો ચોરી જતા હતા. ગાંસડીઓ ઉપાડી જતા હતા આ બધું જોયું છે. પાટીદારો દુઃખી, દુઃખી અને દુઃખી હતા તમારા રાજમાં એ મારે કહેવું જોઇએ. ગુંડારાજ હતું. આ પાટીદારને કચ્છમાંથી અમદાવાદ આવવું હોય તો પૂછે કે ભાઇ શાંતિ છે તો હું આવું, તમારી સરકારમાં પાટીદારોએ જે સહન કર્યું છે એટલું તો સહન કોઇએ નથી કર્યુ. રખે ભૂલતા કે પાટીદારો તમને મત આપે અને તમે બેસી જાઓ એ કોઇ દિવસ વિચારતા નહીં. મારે એ વાત કરવી જોઇએ કે જે ટુ વ્હીલર કંપનીઓમાંથી વેચાય છે તે શહેર કરતાં ગામડાંમાં વધારે વેચાય છે. આનું કોઇ કારણ હોય તો ખેડૂત સમૃદ્ધ બન્યો છે તે છે.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર મારા મંતવ્યો રજૂ કરું છું. શિક્ષણની વાત કરીએ તો ગામડાંમાં જોઇએ તો શિક્ષકોની ઘટ છે, ઓરડાંઓની ઘટ છે. આના માટે સરકારે કંઇક વિચારવું જોઇએ. આ વિસ્તારમાં આદિવાસી હોય, દલિત હોય કે બક્ષીપંચ હોય ત્યાં જે સરકારી સ્કૂલો છે તે સ્કૂલોમાં ફકતને ફકત આ ત્રણ સમાજ ઉપરાંત જે સવર્ણો છે તે સવર્ણોના આર્થિક રીતે ગરીબ બાળકો છે તે લોકો જ ભણતા હોય છે તો આવા વિસ્તારોમાં વધારેમાં વધારે શિક્ષકોની ભરતી કરવી જોઇએ. વધારેમાં વધારે ઓરડાં બાંધવા જોઇએ તેવી મારી વિનંતી છે. આપણે વાત કરીએ કે ડૉકટરી લાઇનમાં લોન આપવામાં આવે તેમાં આદિવાસી સમાજ, દલિત સમાજ કે બક્ષીપંચ સમાજ છે તેની લોન મર્યાદા ૧૦ લાખ છે. આજે ડોનેશન જોઇએ તો ૧ કરોડ જેટલું છે. આપણે એમ નથી કહેતા કે નબળો વિદ્યાર્થી હોય તેને તમે સહાય કરો પણ જે લોકો ગરીબ છે, આર્થિક રીતે પછાત છે, તેમાં સવર્ણોના બાળકો પણ આવી જાય તેવા બાળકોને આપણે તેનું હિત ઇચ્છતા હોઇએ તો તેને ડોકટર બનવા માટે કેટલા પૈસાની જરૂર છે, તેને જેટલા પૈસાની જરૂર હોય તેટલી લોન આપવી જોઇએ. આવા બાળકોને ૧૦૦ ટકા સહાય આપવી જોઇએ. આજે આવા વિદ્યાર્થીઓ છે એને વિદેશમાં જવા માટે આપણા દેશમાં જે ખર્ચ થાય છે એના કરતા ઓછો ખર્ચ થતો હોય તો આવા જે વિદ્યાર્થી હોય એને માટે ૮૦ ટકા કે ૭૦ ટકા એવું એક ધોરણ નક્કી કરીને એવા વિદ્યાર્થીને જો વિદેશમાં ભણવા જવું હોય અને એને ૩૫ લાખ કે ૪૦ લાખ જેવો ખર્ચ થતો હોય તો પૂરેપૂરી લોન આપવી જોઇએ અને આવા વિદ્યાર્થી ડોકટર બનીને આપણા દેશમાં આવે ત્યારે એ લોકો એ લોન પાંચ વર્ષે ભરપાઇ કરી શકે એ માટે પણ વિચારવું જોઇએ. આજે આપણે ખેડૂતોની વાત કરીએ છીએ ત્યારે કહેવું છે કે ખેડૂતોના માલનું ઉત્પાદન થવાની તૈયારીમાં હોય ત્યારે અમૂક સ્વાર્થી તત્વો છે, જે દલાલો છે એ લોકો શરૂઆતમાં જ કહેવા માંડે છે કે આ વખતે બમ્પર પાક થવાનો છે અને એને હિસાબે ભાવ ઓછો થઇ જશે. એમાં માંડવી, ઘઉં, કપાસ કે ડુંગળી જેવા પાકો છે એમાં ડુંગળી ખેડૂત પાસે હોય ત્યારે એવી અફવા ચાલે છે કે ડુંગળીના ભાવ સાવ તળિયે જશે અને આ ગરીબોની કસ્તૂરી છે, પ્રજાની કસ્તૂરી છે એવું કહે છે અને ડુંગળીના ભાવ પોષણક્ષમ મળવાના બદલે ખૂબ જ ઓછા ભાવે ખેડૂતો ડુંગળી વેંચી નાંખે છે અને ખેડૂતોને ખોટ જાય છે. આપણે ખેડૂતોને જગતનો તાત કહીએ છીએ પણ આજે એ જગતના તાત પાસે કપડાં પણ નથી રહેવા દીધા એવો બનાવી દીધો છે તો આ જગતના તાત માટે કાંઇક કરવું જોઇએ કે જેથી એના ઉત્પાદનના એને પોષણક્ષમ ભાવ મળે. આજે આપણે એમ વાત કરીએ છીએ કે, ઘઉં છે એનો જે ભાવ મળે એની ટકાવારીને હિસાબે એક મહિનામાં એનો ભાવ કેટલો ઓછો થાય, બીજે મહિને કેટલો ઓછો થાય અને એમ કરીને આખા વર્ષમાં એનો ભાવ જો નક્કી કરવામાં આવે તો બરાબર છે. આજે દાખલા તરીકે ઘઉં છે તો એ વેપારી ખડૂત પાસેથી ૨૫૦ રૂપિયાના ભાવે લઇ લે છે અને પછી આખરમાં ૪૦૦ રૂપિયા ભાવ થાય છે તો ફકતને ફકત એ ભાવનો લાભ વેપારીને જ મળે છે. એટલે આ ભાવનો લાભ ખેડૂતોને પણ મળતો નથી અને ગ્રાહકોને પણ મળતો નથી તો આના માટે કાંઇક વિચારવું જોઇએ. આજે ખેડૂત છે એને વીજળી આપવાની વાત કરીએ છીએ ત્યારે સરકાર એમ કહે છે કે આપણી પાસે સરપ્લસ વીજળી છે. સરપ્લસ વીજળી હોય તો ખેડૂતને પૂરેપૂરી વીજળી મળવી જોઇએ. જે ખેડૂતો નવા કનેકશનની અરજીઓ કરે છે એ પેન્ડીંગ છે એને વધારેમાં વધારે લાભ આપીને નવા કનેકશનો તાત્કાલીક આપવા જોઇએ અને એને મોટરના કનેકશન આપવા જોઇએ. જે ગરીબ માણસો છે એ વીજળીથી વંચિત છે એના માટે હમણાં જ છાપામાં મેં વાંચેલું કે, અમુક ગામડાં તો એવા છે કે ત્યાં વીજળીની લાઇન પણ નથી અને વીજળીની લાઇન ન હોય તો તેને વીજળી આપવા માટે સરકારે પૂરતા પ્રયત્નો કરવા જોઇએ. સરકાર એમ કહે છે કે શહેરીકરણ થઇ રહ્યું છે તો શહેરીકરણથી બધું નથી થઇ જવાનું, શહેરીકરણથી આ દેશનો વિકાસ નથી થઇ જવાનો, શહેરીકરણથી આ ગુજરાતનો વિકાસ નથી થવાનો પણ અંતરિયાળ ગામડાંનો માણસ હોય અને અંતરિયાળ ગામડાંમાં જે પ્રજા છે એ પ્રજાને પૂરતો લાભ મળે એ માટે સરકારે વિચારવું જોઇએ. વીજળી માટેના પોલની વાત છે એમાં ગામડાંમાં જે પોલ મૂકવામાં આવે છે એ પોલનો ખર્ચ વધારે થાય છે. આ ગુજરાતની પ્રજા છે, આ આમ પ્રજા છે એના માટે નફા નુકસાનીનું ધોરણ છે એ બાજુએ રાખી અને જયાં નફો મળતો હોય એ નફામાંથી બીજાને લાભ આપવો જોઇએ. આજે ખેડૂતોની વાત કરીએ, ગરીબ માણસોની વાત કરીએ છીએ ત્યારે રોડ રસ્તામાં જે કપાત જમીન જતી હોય એની હમણા જ વાત કરી અને કહ્યું કે, ૨૫ લાખ રૂપિયાની જમીન છે એને માટે હમણા વાત કરી, સરકારે દયા ખાઇને કહ્યું કે, ૫ લાખ રૂપિયા આપીશું. પણ ખરેખર તો એની જમીનનો ૨૫ લાખ રૂપિયા ભાવ છે તો એને ૨૫ લાખ ભાવ આપોને! આ ટોલ ટેકસ નાંખી અને લૂંટે છે એમાં થોડાંક બીજા ૫ રૂપિયા વધારી દો અને આ ખેડૂતને ૨૫ લાખ રૂપિયા મળે એવું

કરો. જે એના વિસ્તારમાં ભાવ હોય એવો મળે એવો વિચાર કરવો જોઇએ, આજે ઉદ્યોગપતિઓ ખેડૂતો પાસેથી જમીન લઇ લે, મફતના ભાવે, પચીસ લાખનો ભાવ હોય, વીસ લાખનો ભાવ હોય તો એવા માણસો પાસેથી, એવા ખેડૂતો પાસેથી લઇને આ ઉદ્યોગપતિઓને જે જમીન આપે છે અને એ ઉદ્યોગપતિ ૨૦૦૦ કરોડ રૂપિયાનો પ્લાન્ટ કરતો હોય એમાં કદાચ ખેડૂતને ૨૦૦ કરોડ રૂપિયા આપવા પડે તો એમાં એ ઉદ્યોગપતિનું કંઇ નથી જતું રહેવાનું. એમાં એને લોન વધારે આપી દો ને ૨૦૦ કરોડ રૂપિયાની, તો એને તો છૂટ જ છે, ખેડૂતને જ છૂટ નથી.  આજે હમણાં જ એક બિલ આવ્યું કે ત્રણ લાખ રૂપિયા સુધી ખેડૂતોને એક ટકાના વ્યાજે આપશે પણ એને આજે ત્રણ લાખ રૂપિયાની જરૂર નથી, એને મકાન બનાવવા માટે પંદર વીસ લાખ રૂપિયાની જરૂર છે તો એને એક ટકાએ લોન નથી જોઇતી, એની પાસેથી પૂરેપૂરું વ્યાજ લો પણ એને પૂરેપૂરી લોન આપો. જેથી કરીને એને પાંચ ટકા કે દસ ટકાએ બીજા પાસે પૈસા લેવા જવું ના પડે. આટલું કહીને હું મારી વાત પૂરી કરું છું.

શ્રી  રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર માનનીય અભ્યાસુ સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જગદીશભાઇએ જેને સમર્થન કર્યું છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. ચાણક્યએ એવું કહેલું કે જે રાજ્ય ધર્મનું રક્ષણ કરે છે, ધર્મ એ રાજ્યનું રક્ષણ કરે છે. વિવેકાનંદજીએ શિકાગોમાં વિશ્વ ધર્મ હિન્દુ પરિષદમાં આપેલું સંબોધન આજે પણ  સમગ્ર દેશ, વિદેશમાં લોકો ગર્વભેર યાદ કરે છે. ગુજરાત એવું એક પ્રથમ રાજ્ય છે કે જે રાજ્યમાં યાત્રાધામ અને તીર્થસ્થાનોના વિકાસ માટે બીજા રાજ્યોની સરખામણીમાં ખૂબ પ્રગતિ કરી છે. એ માટે પ્રથમ તો આદરણીય આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન અને મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાતની પવિત્ર ધરતી ઉપર જે તીર્થ સ્થાનો આવેલા છે એનો ઉલ્લેખ  આપણા ઐતિહાસિક, પૌરાણિક અને ધાર્મિક શાસ્ત્રોમાં પણ છે. ગુજરાત સરકારે એના વિકાસ માટે એક આયોજનબદ્ધ નવી દિશા કંડારી. આ હિંદુસ્તાનના રાજ્ય ગુજરાતમાં આપણે ત્યાં  જે વિશ્વ પ્રસિદ્ધ છે, કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા, વિશ્વાસ અને શ્રદ્ધાના પ્રતિક સમા લગભગ છ યાત્રાધામ તીર્થસ્થાન આવેલા છે. એમાંય અમારા સાબરકાંઠાને અડીને જે અંબાજી યાત્રાધામ છે જે બનાસકાંઠામાં આવેલું છે ત્યાં એકાવન શક્તિપીઠનું નિર્માણ કરેલ છે. એના દર્શન માટે સમગ્ર દેશ અને દુનિયાના શ્રદ્ધાળુઓ અહીંયા આવે છે અને એ માટે ફરીથી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.   માનવજીવનમાં શક્તિ એ ઊર્જાનું સ્વરૂપ છે. એ ઊર્જા આપણને આ તીર્થ સ્થાનોમાંથી પ્રાપ્ત થતી હોય છે. એમાં પણ મહાકાળીનું મંદિર પાવાગઢ ખાતે આવેલ છે તે, અંબાજી ખાતે આવેલું મંદિર, અમારા વિસ્તારમાં આવેલ શામળાજીનું સુપ્રસિદ્ધ મંદિર, ચારધામ યાત્રા માટેનું દ્વારકા, જ્યોતિર્લીંગ સોમનાથ. આવા બધા મંદિરો જે આપણી મુળ આસ્થાનું પ્રતિક છે એનો વિકાસ થાય તે જરૂરી છે.  ઘણી વખત આપણને કેટલાક શબ્દો અહીંયા સાંભળવા મળતા હોય છે સહિષ્ણુ–અસહિષ્ણુ, સાંપ્રદાયિકતા–બિન સાંપ્રદાયિકતા, પણ ગુજરાત સરકારે એના ઉપરથી ઉઠીને સર્વ ધર્મ સમાજ માટે.  તમામ સમાજના જે અહીં પૌરાણિક યાત્રાસ્થાન છે કે દેવસ્થાન છે તેમાં સરખેજ  હોય કે ઉદવાડાનું પારસી ધર્મસ્થાન હોય કે બેટ દ્વારકામાં આવેલ સંત શીખ સમુદાયનું મંદિર હોય. આ બધાની જાળવણી, એમનું રક્ષણ, એમનું ડેવલપમેન્ટ થાય એ દિશામાં ખૂબ કાર્યો કર્યા છે. એમાંય અંબાજીમાં તો આપણે માનનીય નીતિનભાઇ પટેલ સાહેબને પણ અભિનંદન આપવા ઘટે કે તેમણે હિંમતનગરથી અંબાજી સુધી ફોરલેન્ડનો ગયા વર્ષે બજેટમાં પણ સમાવેશ કરેલો. એ કનેક્ટીવીટી, મંદિરોનો વિકાસ, યાત્રાધામોનો વિકાસ અગાઉની ઘણાં વર્ષો કોંગ્રેસની સરકાર રહેલી પણ તેમને આ વિચાર નહીં આવેલો ત્યારે આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ વિકાસ થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ગયા વર્ષે દેવની મોરી અમારી શામળાજીની બાજુમાં આવેલું ત્યાં ભગવાન બુદ્ધના અવશેષો આપણને મળ્યાં. તે નગરી શામળાજીમાં પણ સો કરોડના ખર્ચે સરકારે તેનો વિકાસ કરવાનું કાર્ય આરંભી દીધુ છે અને તેમાં ૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ થઇ ચૂક્યો છે. તેની બાજુમાં જ દેવની મોરી છે ભગવાન બુદ્ધના મૂળ ઉદેશો અને બૌદ્ધ ધર્મની સંસ્કૃતિ ઉજાગર કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ બુદ્ધિષ્ઠ સર્કીટ નામની નવી ડેવલપ કરવા માટે જઇ રહ્યા છે, નગરીને વિકસાવવા માટે જઇ રહ્યાં છે. એવો જ બીજો ડ્રીમ પ્રોજેક્ટ ગુજરાત સરકારે અપનાવ્યો છે.  જયારે ભગવાન શ્રીરામ વનવાસ દરમિયાન જે ગુજરાતના વનોમાંથી નીકળ્યાં હતા એક મેટ્રો, આખો પ્રોજેક્ટ અને તેમાં શબરીધામ અને બીજી જે જે જગ્યાએથી પસાર થયા હતા ત્યાં આખી ટ્રેન મારફતે તેનો પણ વિકાસ કરવાનું સરકારશ્રીએ નક્કી કર્યુ છે. કૈલાસ માનસરોવરમાં પહેલાં વીસ હજાર રૂપિયા સબસિડી આપતા હતા. પણ ગુજરાત સરકારે પહેલ કરી ૩૫ હજાર રૂપિયા રોકડ સબસિડી આપવાની જાહેરાત કરી છે અને તે અન્વયે ગયા વર્ષે લગભગ ૧૯૩ યાત્રીઓએ માનસરોવરનો પ્રવાસ કરેલો. માનનીય અધ્યક્ષશ્રી, ખુશ્બુ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી  ઝંખના હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું મારા પિતા સ્વર્ગીય રાજેન્દ્રભાઇને શ્રદ્ધાંજલિ આપુ છું. હું મારા વિસ્તારના તમામ મતદારોનો આભાર માનુ છું કે આટલું ઓછું મતદાન થયુ તે છતાં મને આટલી સારી લીડ આપીને વિજયી બનાવી તેમનો હું દિલથી આભાર માનુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના સશક્તિકરણ માટે ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબહેન પટેલ સરકાર મહિલાઓના બાળકોના વિકાસ માટે જે પગલાં ભરી રહી છે તે સબંધમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભી થઇ છું.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વમાં મહિલાઓની પ્રગતિ અને વિકાસને લઇને એક પ્રકારનું વાતાવરણ ઉભું થયું છે. દરેક ક્ષેત્રમાં નારી પુરુષો સાથે કદમ મિલાવીને ચાલી રહી છે. કોઇ પણ સમાજની પ્રતિષ્ઠા એ સમાજની નારીની પ્રતિષ્ઠા ઉપર આધાર રાખે છે. સ્ત્રી એક માતા, પત્ની, પુત્રી, પુત્રવધૂ જેવી વિવિધ જવાબદારીઓ નિભાવતી હોય છે જેના દ્વારા દેશના સમાજનો આર્થિક વિકાસ મહત્વનો ભાગ ભજવે છે. પ્રાચીન કાળમાં પણ મહિલાઓ સામાજીક અને રાજકીય જવાબદારીઓ નિભાવતી આવી છે. રાણી લક્ષ્મીબાઇ, અહલ્યાબાઇ, પદમીની અને રઝિયા બેગમ જેવી વિરાંગનાઓ અને આધુનિક યુગમાં કલ્પના ચાવલા, સુનિતા વિલિયમ્સ, સુધા મૂર્તિ જેવાં રત્નો આપણને મળ્યાં છે. આપણા દેશમાં નારી પૂજનીય ગણવામાં આવી છે અને તેથી જ કહેવાય છે કે યત્ય નારી પૂજયંતે, રમત્ય તત્ર દેવતાઃ, ગુજરાતમાં વિકાસમાં મહિલા સશક્તિકરણ ભાગીદારીમાં ઘ્યાનમાં રાખીને મહિલાઓને અગ્રણ્ય પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. શિક્ષિત નારી પ્રજાની પ્રગતિનું દામ્પત્ય છે. પિતાને ત્યાં શિક્ષિત થયેલી કન્યા બે કુટુંબનો દિપક બને છે. બાળકના ભાવિના સંસ્કાર ઘડવામાં માતા મહત્વનો ફાળો ભજવે છે, તેથી જ કહેવાય છે કે, એક શિક્ષિત નારી સો શિક્ષકોની ગરજ સારે છે, આવી નારી શકિતથી તંદુરસ્ત સમાજ રચનામાં નારી શક્તિની અમૂલ્ય ભાગીદારીમાં મહત્વનું ધ્યાન રાખી તેમના વિકાસ, પ્રગતિ, સુખ–સમૃધ્ધિ અને નિર્ભયી જીવનના રાજયની સરકારે અનેક યોજનાઓ દ્વારા અસરકારક પગલાંઓ ભર્યા છે. મહિલાઓઆ સ્વાસ્થ્યને લઇને પણ આપણી આ સરકાર ચિંતિત છે. કેન્સર , ડાયાબીટી., કીડની જેવી ગંભીર બિમારીઓની સારવાર અનેક મહિલાઓ લઇ રહી છે. આપણી સરકાર બાળકોને માટે એટલી જ ચિંતિત છે. બાળકોમાં વધતા જતા કુપોષણ જેવી ગંભીર બિમારીઓ માટે આપણી સરકાર ખૂબ ચિંતિત છે. સરકાર દ્વારા સાધારણ કુપોષિત અને અતિકુપોષિત બાળકો માટે જિલ્લાઓમાં સુવિધાઓ ઉપલબ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, જયાં ૨૧ દિવસ સુધી કુપોષણવાળા બાળકોને હોસ્પિટલમાં રાખી કુપોષણની સ્પેશિયલ ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. આપણી સરકાર જે પગલાંઓ ભરી રહી છે, તેનાથી બાળકોમાં સાત ટકા કુપોષણ ઓછું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે ઉપરાંત અમુલ જેવી પ્રખ્યાત કંપની સાથે મળી પ્રોટીન પાવડર, પ્રોટીન રીંગ બનાવી રહી છે જેનાથી કુપોષણનો દર આપણે વધુ ઘટાડી શકીશું અને આ ભારતમાં સૌ પ્રથમવાર ગુજરાતમાં શરૂ થઇ રહ્યું છે. આભાર.

શ્રી સતિશભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર મારા સાથી મિત્ર અને આ ગૃહના સભ્યશ્રી એવા દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આ જ ગૃહના સભ્યશ્રી અમારા સાથી મિત્ર શ્રી જગદીશભાઇ પંચાલે જેને ટેકો આપ્યો છે તેમાં સુર પૂરાવા માટે અને ડેરી ઉદ્યોગ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે સૌનો સાથ સૌનો વિકાસ સાથે બધાનો વિકાસ થાય એ માટે ડેરી ઉદ્યોગ, પશુપાલન અને ગૌસંવર્ધનમાં પૂરતું ધ્યાન રાખીને બજેટમાં ૬૧૪.૪૯ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. પશુપાલન સમાજના દરેક વર્ગ માટે, ખાસ કરીને સામાન્ય અને ગરીબ લોકોના આર્થિક વિકાસ માટે પૂરક આવકનું સાધન છે. તે સમગ્ર રોજગારીની તકો પૂરી પાડે છે. કુદરતનો અને ઇશ્વરનો આભાર માનીએ એટલો ઓછો છે. કારણ કે ગાય માતા જેવા પશુઓ જગતને આપ્યા છે. દૂધ એ જગતનું અમૃત છે, કલ્પના કરો કે દૂધનું વ્યવસ્થાપન ન હોય તો માનવ જીવનનું મહત્વનું પોષણ કેવી રીતે મળત.

આપણો દેશ અને તેમાંય આપણું ગુજરાત ખેતી પ્રધાન છે, જયાં જયાં ખેતી હોય ત્યાં ત્યાં પશુપાલનનો વ્યવસાય વધ્યો છે એમાં પણ ખાસ કરીને ગુજરાત સમગ્ર દેશમાં આગળ છે. વિકાસ અને સ્વાસ્થ્ય માટે ડેરી ઉદ્યોગ મહત્વનો છે. આ પ્રગતિશીલ ગુજરાત સરકારે ડેરી ઉદ્યોગ માટે મદદ, સહાય, પ્રોત્સાહન કરવામાં જરાય પાછી પાની કરી નથી. સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માગતા લોકો માટે આ વ્યવસાયમાં પૂરતી તકો ઉપલબ્ધ છે. કૃષિ સંલગ્ન સેવામાં સૌથી વધુ વિકાસના માળખામાં પશુપાલન વ્યવસાય અગત્યનો ભાગ ભજવે છે. જેથી રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ના અંદાજપત્રમાં પશુપાલન સદરે રૂપિયા ૪૨૩.૬૧ કરોડ અને ડેરી વિકાસ સદરે રૂપિયા ૧૩૮.૯૦ કરોડ અને ગૌસંવર્ધન ક્ષેત્રે રૂપિયા ૫૧.૯૮ કરોડ મળી કુલ રૂપિયા ૬૧૪.૪૯ કરોડની જોગવાઇની દરખાસ્ત છે.

વર્ષ ૨૦૧૪–૧૫માં ગુજરાત રાજય ૧૧૬.૯૧ લાખ મેટ્રિક ટનના દૂધ ઉત્પાદન સાથે સમગ્ર દેશમાં ત્રીજા ક્રમે રહેલ છે.

આપણું રાજય દેશના કુલ દૂધ ઉત્પાદન જે ૧૪૬૩.૧૪ લાખ મેટ્રિકટનમાં ૭.૯૯ ટકાનો હિસ્સો ધરાવે છે. એટલે કે દેશમાં પેદા થતાં દર ૧૨.૫૨ લીટર દૂધમાં ગુજરાત રાજય ૧ લીટર દૂધ પેદા કરી રહેલ છે.

વર્ષ ૨૦૦૪–૦૫ના વર્ષમાં ૬૭.૪૫ લાખ મેટ્રિકટન દૂધ ઉત્પાદનની સરખામણીએ છેલ્લા દસ વર્ષમાં સરેરાશ ૭.૩૩ ટકાના વાર્ષિક વૃદ્ધિદરે કુલ ૭૩.૩૩ ટકાનો રાજયના દૂધ ઉત્પાદનમાં વધારો થયેલ છે. વર્ષ ૨૦૦૪–૦૫માં રાજયની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૩૪૪ ગ્રામ/દિન હતી જે ૪.૩૦ ટકાના સરેરાશ વાર્ષિક વૃદ્ધિદર સાથે વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૯૨ ગ્રામ/દિન થયેલ છે.

આગામી સમયમાં ગુજરાતનું એક પણ ગામ દૂધ સહકારી મંડળી વગર અને એક પણ જિલ્લો દૂધ ઉત્પાદક સહકારી સંઘ વિનાનો ન રહે તથા પશુપાલન ક્ષેત્રમાં ખાસ કરીને મહિલાઓનું વિશેષ સશકિતકરણ થાય તે માટે રાજય સરકાર ઝુંબેશના રૂપે કામગીરી કરી રહી છે તેના આપણે સૌ સાક્ષી છીએ. આ ઝુંબેશના ભાગરૂપે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની રાહબર હેઠળની સરકારે નવીન અભિગમ તરીકે વર્ષ ૨૦૧૪–૧૫માં રાજયની મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ મહિલા પશુપાલક સભાસદોને પશુપાલન વ્યવસાય માટે પોત્સાહન મળે તે માટે ખાસ પેકેજ

અમલમાં મુકાયેલા છે. વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં આ યોજના હેઠળ રાજયની મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તથા મહિલા પશુપાલક સભાસદોને બલ્ક મિલ્ક કુલર, ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ, દૂધ ઘર, મિલ્કીંગ મશીન, પશુ વિમા માટે સહાય આપવા માટે રૂપિયા ૨૧.૧૭ કરોડની દરખાસ્ત છે જે સરકારનું આવકારદાયક પગલું છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં અમલમાં મુકેલ નવતર યોજનાથી મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને મળેલ પ્રોત્સાહન થકી વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ ૨૬૪૧ મહિલા મંડળીઓની સાપેક્ષે ૪૦.૭૩ ટકાના વધારા સાથે વર્ષ ૨૦૧૪-૧૫માં કુલ ૩૭૧૬ મહિલા મંડળીઓ નોંધાયેલ છે. તથા મહિલા મંડળીઓના સભાસદોની સંખ્યામાં એક વર્ષમાં ૧૩.૧૫ ટકાનો વધારો થયેલ છે. વર્ષ ૨૦૧૬-૧૭થી એક નવીન અભિગમ અપનાવતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ વિસ્તારના ૫૦ ટકા કે તેથી વધુ મહિલા સભાસદો ધરાવતી મહિલા સંચાલિત ગ્રામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ તેમજ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલા પશુપાલક સભાસદને પશુપાલન વ્યવસાય માટે પ્રોત્સાહન મળે તે માટે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં નવીન યોજનાઓ અમલમાં મૂકવા માટે કુલ ૧૧.૭૮ કરોડની જોગવાઇ સૂચવાયેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનને આવકારતો આભાર પ્રસ્તાવમાં માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ અને તેમના સમર્થનમાં માનનીય સભ્યશ્રી જગદીશભાઇએ જે વાત કરી છે તેને હું મારું અનુમોદન આપું છું. સાથે સાથે ઉદ્યોગ માટે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજકીય ક્ષેત્રે રાષ્ટ્રવાદ એ હિંદુસ્તાનનો પ્રાણ છે. સામાજીક ક્ષેત્રે તહેવારો અને ઉત્સવ એ હિંદુસ્તાનનો પ્રાણ છે. સાંભળો. શંકરસિંહ આજે હાજર નથી. આર્થિક ક્ષેત્રે ઉદ્યોગ એ હિંદુસ્તાનનો પ્રાણ છે. ઉદ્યોગ એ કોઇ પણ રાજ્ય કે રાષ્ટ્રની પ્રગતિ માટે મહત્વનું અંગ છે, પરિબળ છે. ઉદ્યોગને કારણે જે ચીજવસ્તુનું ઉત્પાદન થાય છે તેને કારણે જી.ડી.પી.ના દર નક્કી થાય છે. જેને કારણે વિકાસના દર અને જેને કારણે આખા હિંદુસ્તાન અને ગુજરાત રાજ્યની આર્થિક પારાશીશીનો માપદંડ એ આ ઉત્પાદન છે તે ઉદ્યોગ સાથે સંકળાયેલું છે, ત્યારે ઉદ્યોગનું મહત્વ આપોઆપ વધી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોને વધારવા માટે, ઉદ્યોગોને રક્ષણ આપવા માટે, ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રકારના પગલાં ગુજરાત સરકારે લીધા છે અને આગામી દિવસોમાં લેવાના છે.

વીજળી અને ઊર્જાના ક્ષેત્રમાં જયારે વાત કરીએ ત્યારે કોલસો, ગેસ, થર્મલ, બધા જ આધારિત વીજ ઉત્પાદન જયારે ગુજરાત સરપ્લસ કરે છે અને આ વીજ ઉત્પાદનના કારણે ઉદ્યોગોની હરણફાળનું મહત્વનું પગલું ગુજરાતે ભર્યું છે તેના કારણે ઔદ્યોગિક ક્ષેત્રે હિંદુસ્તાનના રાજ્ય તરીકે ગુજરાત આગળ છે. ભાજપના શાસનમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આદરણીય આનંદીબેન પટેલ સાહેબના રાજમાં ઔદ્યોગિક ક્ષેત્રે હિંદુસ્તાનનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. આજે જ્યારે બજેટમાં આદરણીય નાણામંત્રી નવી ઔદ્યોગિક નીતિ લઇને આવ્યા છે તેમાં ૨૦૧૫ માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝ. આને માટે સહાયની વિવિધ યોજનાઓને કારણે વેપાર, ધંધા, ઉદ્યોગને ગુજરાતમાં સ્થાપવા માટે હિંદુસ્તાનના લોકો તલપાપડ બન્યા છે. સમગ્ર હિંદુસ્તાનમાં ગુજરાતની જે ઇમેજ ઉભી થઇ છે, ‘‘ ન ભૂતો ન ભવિષ્યતિ ’’છે. તેના માટે હું ગુજરાત સરકારના આનંદીબેન પટેલ અને નાણામંત્રીનો એટલા માટે આભાર પ્રગટ કરવા માગું છું કે માનનીય સભ્યશ્રીએ જ્યારે રોજગારી અને ઇન્ડસ્ટ્રીની વાત કરી. એમણે કૃષિની વાત કરી, હીરા ઉદ્યોગની વાત કરી. ટેક્ષટાઇલની વાત કરી. હું અભિનંદન આપીશ કે આજે જે કંઇ હીરા ઉદ્યોગની પ્રગતિ છે તે આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ કેન્દ્રમાં જે નીતિ લાવ્યા છે તેના કારણે હીરા ઇન્ડસ્ટ્રીઝ એક જમાનામાં મંદીમાં હતી. સમગ્ર ગુજરાતમાં આ ઉદ્યોગ વેરવિખેર થઇ ગયો હતો, આજે એ હીરા ઉદ્યોગ પૂરજોશમાં ધમધમી રહ્યો છે. તેના જશના ભાગીદાર કેન્દ્રની સરકારના આદરણીય નરેન્દ્રભાઇ મોદી અને ગુજરાતના આપણાં મુખ્યમંત્રી છે.

હું ટેક્ષટાઇલની વાત કરવા માગું છું. સુરત ટેક્ષટાઇલ સિટી છે. ટેક્ષટાઇલમાં નવી નીતિના કારણે ૧૫ હજાર કરોડ જેવા રોકાણની નવી નીતિ જયારે અમલમાં આવી ત્યારે આપણી આ સરકારે બજેટની અંદર ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝને માટે ખૂબ મહત્વનું અંગ કહેવાય, સમગ્ર હિંદુસ્તાન જે કપડાં પહેરી રહ્યું છે એવા ટેક્ષટાઇલ વ્યવસાયને પ્રોત્સાહિત કરવાનું કામ ગુજરાત સરકારે કર્યું છે. એટલું જ નહીં પણ આજે જ્યારે વિશ્વ બદલાયું છે, આધુનિક ટેકનોલોજીની વાત થઇ રહી છે, સમગ્ર વિશ્વમાં નવા નવા કન્સેપ્ટ આવી રહ્યા છે. સંપૂર્ણ આધુનિક ટેકનોલોજીના સહારે આપણે આગળ વધી રહ્યા છીએ. આપણા પ્રધાનમંત્રીએ સ્ટાર્ટ અપ યોજનાની વાત કરી. સ્ટાર્ટઅપ યોજના અંતર્ગત માનવ જીવનની સુખાકારી વધારવા માટે, સમાજના તમામ વર્ગના લોકોનું જીવનધોરણ ઉંચું લાવવા માટે અહીંયાં અમે કોઇ ભેદભાવ કરતા નથી, અહીંયાં કોઇ બક્ષીપંચની વાત નથી, અહીંયાં અમુક જ્ઞાતિની વાત નથી. અહીંયાં છ કરોડ લોકોના ઉત્થાનની વાત છે અને સમગ્ર દેશના ૧૨૫ કરોડ લોકોના ઉત્થાનની વાત લઇને આગળ વધી રહ્યા છીએ. દેશના લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવા માટે સ્ટાર્ટ અપ યોજનાને વેગ આપીને એનો અમલ કર્યો છે અને આ વિચારને વેગ આપ્યો છે. એમાં ખાસ કરીને યુવાઓ. આ યુવાઓ અનેક પ્રકારની નવીન ટેકનોલોજીની શોધખોળમાં આગળ વધ્યા છે. આજે આપણા દેશના ૬૫ ટકા લોકો યુવાન છે, ૩૫ વર્ષ કરતાં નાની ઉંમરના છે. આ યુવાનો દેશના વિકાસને વેગ આપવાનું કામ કરી રહ્યા છે. તેમના દ્વારા બનાવવામાં આવેલ ઇનોવેટીવ પ્રોડક્ટથી ઉદ્યોગ ધંધાની કાયાપલટ કરવા માટે આ સ્ટાર્ટઅપ યોજના કેન્દ્રના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી લાવ્યા છે અને તેના ઝડપી અમલ માટે આ ગુજરાત સરકાર તલપાપડ બની છે. નવા ઉદ્યોગપતિ, નવા વેપારી આ નવી પ્રોડક્ટને પોતાના ધંધામાં ઉપયોગ કરીને ઉત્પાદન

વધારવાનું કામ કરી રહ્યા છે. જેનાથી આપણા ઉદ્યોગો ધમધમે, ગુજરાતના યુવાનોને રોજગારી મળે, આપણા યુવાન વિશ્વ બજારમાં એક થનગનતા ગુજરાતી તરીકે આગળ વધે એવી એની પાછળની કલ્પના છે. આજે ઉદ્યોગના કારણે રોજગારી વધવાની વાત થઇ છે. રોજગારીમાં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. મારે વાત નથી કરવી કે આટલા લોકો તલાટીમાં ભર્યા? એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જમાં કેટલા લોકો નોંધાયેલા છે એના આધારે રોજગારીની નીતિ નક્કી થાય છે. આ લોકો ભલે તલાટીની ભરતીની વાત કરે. તલાટી માટે જે લોકોએ અરજી કરી એ લોકો પણ કોઇને કોઇ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો છે. મારે એ પણ વાત કરવી છે કે દેશના ભાગલા પડ્યા પાકિસ્તાનનું સર્જન થયું અને તેમાં પણ પછી તમે પાકિસ્તાનના ભાગલા પાડો છો અને એની ક્રેડિટ લેવાની વાત કરો છો? આ પ્રકારની માનસિકતાના કારણે આ દેશની આ સ્થિતિ થઇ છે. ઉદ્યોગના કારણે રોજગારી છે, રોજગારીના કારણે રોજી-રોટી છે, રોજી-રોટીના કારણે સમૃદ્ધિ છે અને સમૃદ્ધિના કારણે શિક્ષણ છે. શિક્ષણ એ આ રાષ્ટ્રના વિકાસનો પાયો છે. એવી જ રીતે સલામતી પણ જરૂરી છે. સલામતી માટે સદભાવના જોઇએ અને સદભાવના માટે શાંતિ જોઇએ, શાંતિના કારણે ઉદ્યોગો ધમધમી રહ્યા છે. ત્યારે ગુજરાતનો વિકાસ તેજ બન્યો છે. આજે મારે આક્ષેપ કરવો છે, કોંગ્રેસ પાર્ટી ઉપર આક્ષેપ કરવો છે. એણે ગુજરાતને વર્ગવિગ્રહ તરફ લઇ જવાની કોશિશ કરી છે અને આ વર્ગવિગ્રહના કારણે ગુજરાત અસ્થિર થાય અને એના કારણે ગુજરાતના ઉદ્યોગ-ધંધા પડી ભાંગે અને એના કારણે ગુજરાતના લોકો દુ:ખી થાય. ગુજરાતના વિકાસને વેગ મળે એવા પ્રયાસના બદલે ગુજરાતના વિકાસને રોકવાનો પ્રયાસ કરે છે એની મારે નિંદા કરવી છે. ૨૦૦૪થી લઇને ૨૦૧૪નો ગાળો મારે કોંગ્રેસને યાદ કરાવવો છે. ન પ્રાંતવાદ, ન જાતિવાદ, હંમે ચાહીયે વિકાસ. હંમે ચાહીયે રાજ્ય કા વિકાસ, ન નક્સલવાદ, ન માઓવાદ, ન આતંકવાદ, હમે ચાહીએ રાષ્ટ્રવાદ, સબસે બડા રાષ્ટ્રવાદ, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીમાં જે બન્યું છે એના માટે મારે એટલું જ કહેવું છે કે, દેશદ્રોહીના નારા સામે અમારો એક જ અવાજ છે, દેશ સહે ઔર હમ ન બોલે, ઐસા હમ ગદ્દાર નહીં, ઐસા હમ ગદ્દાર નહીં. ધન્યવાદ.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં ભૂકંપ આવ્યો એ પછી માર્ગ અને મકાન વિભાગ દ્વારા એના વિકાસ માટેની જે ડિઝાઇન કરવામાં આવી એને જોવા માટે નેપાળના વડાપ્રધાન ૨૩મી તારીખે કચ્છમાં આવ્યા હતા નરેન્દ્રભાઇએ કેવું કચ્છ બનાવ્યું છે, કેવી રીતે ભૂકંપમાંથી કચ્છને બહાર લઇ આવ્યા હશે, માર્ગ અને મકાન વિભાગે કેવું કામ કર્યુ છે એ જોવા માટે વડાપ્રધાન નેપાળથી આવ્યા હતા. નેપાળના લોકોને વિકાસની ખબર પડે છે પણ કોંગ્રેસને ખબર પડતી નથી. આપણે બધા જ આજે દેશનું બજેટ લોકસભાની અંદર રજૂ થયું એમાં વડાપ્રધાન સડક યોજના માટે ૧૯હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. વડાપ્રધાન સડક યોજના ૨૦૧૯માં સંપૂર્ણ રીતે પૂરી કરવાની છે. જેટલા પણ આ ગુજરાતની અંદર કાંટાળા રસ્તાઓ છે એ કાંટાળા રસ્તાઓ બધા સાફ કરીને સારા બનાવવાના છે. રાજયની અંદર આ માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રગતિ પંથ વિકાસ પંથ, પ્રવાસી પંથ, કિસાન પંથ આવા અનેક પંથોની યોજનાઓ બનાવીને રાજયને માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિકાસ તરફ લઇ જવાયું છે ત્યારે ગુજરાતનું ૧,૧૩,૭૧૬ કિલોમીટરની લંબાઇવાળો માર્ગ નેટવર્કમાં આવેલ છે. આપણે બધા સૌએ સાથે મળીને આ ગુજરાતને હજી પણ વિકાસ તરફ લઇ જવું હશે તો જે નેશનલ હાઇવે છે એ ૫૧૨૨ કિલોમીટર નેશનલ હાઇવે આવેલો છે. ૧૬૭૯૬ કિલોમીટર રાજયનો ધોરીમાર્ગ આવેલ છે. ૨૦૨૭૬ કિલોમીટર મુખ્ય જિલ્લા માર્ગ આવેલા છે. ૭૧,૪૯૨ કિલોમીટરના ગ્રામ્ય અને જિલ્લા માર્ગ આવેલા છે. આ દેશની અંદર આ રાજયની અંદર એમ થતું હતું કે ગામડાંના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ કેવી રીતે બનશે તો માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલે, આ સરકારના મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં ૧૮હજાર જેટલા ગામડાં અને ૧૬,૨૪૫ જેટલા પરાઓને રૂપિયા દસ હજાર કરોડ જેટલી માતબર બજેટમાં જોગવાઇ કરી છે. પ્રગિતપંથમાં ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમમાં આવેલા આદિજાતિના જે વિસ્તારો છે અને જે પ્રગતિ પંથો છે જે આપણા નમન કરવાના સ્થાનો છે એ સ્થાનો પર જે વિકાસ થયો છે જે રીતે પીપાવાવ-અંબાજી-આબુ ૪૩૦.૫૮ કરોડ, રાધનપુર-શામળાજી ૧૧૧.૧૮ કરોડ, નારાયણ સરોવરથી દાહોદ ૪૯૨.૮૦ કરોડ, દ્વારકાથી ડાકોર ૪૧૧ કરોડ, સુરતથી આહવા ૨૧૨.૧૫ કરોડ, વાપીથી શામળાજી ૨૭૫.૭૦ કરોડ, દહેજ- સાગબારા ૨૬૪.૫૦ કરોડ, દ્વારકાથી ભાવનગર ૨૭.૩૫ કરોડ થરાદ, વાવ નર્મદા ડેમ ૩૭૦ કરોડ એવી રીતે ૨૫૯૬.૧૬ કરોડની માતબર રકમ આ પ્રગતિપંથના માધ્યમથી જે આપણા દેવસ્થાનો છે ત્યાં આપણે આ વિકાસના કામો કર્યા છે. વિકાસ પંથ શહેરમાં તો આ યોજના હેઠળ ૧૩૨ નગરપાલિકાઓ ૭૪૯.૮૫ કિલોમીટરની લંબાઇના રસ્તાઓ રૂ.૫૮૮.૬૬ કરોડની રકમ સાથે સાત તબકકામાં મંજૂરી આપેલ છે. આ ભારતીય જનતા પાર્ટી અને શ્રી નરેન્દ્રભાઇ અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ માર્ગ અને મકાન વિભાગના માધ્યમથી આટલો વિકાસ કર્યો છે. તાલુકા મથકે પણ વિકાસપથ, એમાં પણ રાજય ધોરી માર્ગ પસાર થતા હોય તેવા ૫૫ તાલુકા મથકોને વિકાસપંથ જેવી સુવિધા આપવા માટે પ્રથમ વર્ષ ૨૦૧૦-૧૧માં વહીવટી મંજૂરી આપીને ૧૦૬ કિલોમીટરની લંબાઇના ૬૭ રસ્તાઓ ૧૬૧.૧૬ કરોડના ખર્ચે બનાવેલ છે. પ્રવાસી પંથમાં જયાં પ્રવાસ કરવા માટે લોકો જાય છે એના માટે રાજય સરકારે રૂપિયા ૮૬૨.૧૦ કરોડની રકમના ૧૧૫૩.૬૬ કિલોમીટર લંબાઇ વાળા ૧૦૧ કામો પૂરા કર્યા છે. ૩૧૮.૪૮ કરોડની રકમના ૫૬૩.૬૦ કિલોમીટરની લંબાઇવાળા ૮ કામો પ્રગતિમાં છે. ૨૬૦.૧૦ કરોડની રકમના ૧૩૧.૧૫ કિલોમીટરની લંબાઇવાળા ૧૦ કામો શરૂ કરવામાં આવ્યા છે. આ રીતે લાભાન્વિત પર્યટક ધાર્મિક સ્થળો પણ છે. જેમાં અમદાવાદમાં લોથલ, નળ સરોવર, વૌઠા, ગણપતપુરા, સારંગપુર, ખેડામાં ડાકોર અને વડતાલ, આણંદમાં

સિકોતર માતા, સાબરકાંઠામાં ઝાંઝરી અને ખેડબ્રહ્મા, પાટણમાં બેચરાજી અને શંખેશ્વર, મહેસાણામાં વડનગર, મોઢેરા અને ચેહરમાતા, બનાસકાંઠામાં અંબાજી અને જાસોદ, કચ્છ જિલ્લામાં ધોળાવીરા, માતાનો મઢ અને અંજાર, વડોદરામાં પાવાગઢ, આજવા, ચાંદોદ, ખંભેશ્વર, માલસર અને નારેશ્વર, ભરુચમાં શુક્લતીર્થ, કબીરવડ અને ઝાડેશ્વર, નર્મદામાં નર્મદા ડેમ, માલસા મોઢ, દાહોદમાં રતનમહાલ, વલસાડમાં તીથલ, ઉદવાડા, નવસારીમાં ઉભરાટ, ડાંગમાં સાપુતારા, રાજકોટમાં ટંકારા, જામનગરમાં દ્વારકા અને નાગેશ્વર, સુરેન્દ્રનગરમાં તરણેતર, ખારાઘોડા અને ચોટીલા, ભાવનગરમાં પાલીતાણા, અયોધ્યાપુરમ, વેળાવદર, જુનાગઢમાં સાસણ, સોમનાથ, તુલસીશ્યામ, પોરબંદરમાં કિર્તીમંદિર, અને ગાંધીનગરમાં અડાલજ, રૂપાલ મંદિર અને મહુડી આવા તીર્થધામોનો પણ રાજ્ય સરકારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિકાસના કામો કરેલ છે. જિલ્લાને જોડતા રસ્તાઓ જોઈએ તો એક જિલ્લાથી બીજા જિલ્લાને જોડતા રસ્તા માટે વંથલીથી મોટા સરાડિયા ૬૦ કરોડ રૂપિયા, અમરેલીથી સાસણ–તલાલા–વેરાવળ ૧૦૬–૬૪ કરોડ રૂપિયા, બાલાસિનોર–લુણાવાડ ૯૫.૭૦ કરોડ રૂપિયા, રાજકોટથી જસદણ બાયપાસ બોટાદ ૪૦ કરોડ, મોરબીથી હળવદ ૯૦.૮૮ કરોડ રૂપિયા, આ માતબર રકમથી એક શહેરથી બીજા શહેરને જોડતા રસ્તાઓ આપણે બનાવ્યા છે. જે રીતે ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે એ દરિયા કિનારાના વિકાસ માટે ધોલેરાથી રાતાળ તળાવ માટે ૧૨ કરોડ રૂપિયા, નલિયા જખૌ પોર્ટ માટે ૩૭ કરોડ રૂપિયા, આદિપુરથી ભદ્રેશ્વર મુંદ્રા રોડ માટે ૫.૨૦ કરોડ રૂપિયા, આ માતબર રકમથી ગુજરાતના દરેક શહેર, ગામો અને વિકાસધામોનો આ રાજ્ય સરકારે જે વિકાસ કર્યો છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સાથી સભ્ય માનનીયશ્રી દુષ્યંતભાઇ માન્યવર રાજ્યપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને જગદીશભાઇ પંચાલે ટેકો આપ્યો છે એને મારા સમર્થન સાથે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આજની આ સરકાર એ 'સૌનો સાથ સૌનો વિકાસ' એને આધારસ્તંભ બનાવીને કામ કરી રહી છે. સમાજના દરેક વર્ગને માટે, કોઇ એક જાતિ માટે નહીં, કોઇ એક વ્યક્તિ માટે નહીં, ખેલના મેદાનમાં હોય તો રમતના મેદાનનો ધર્મ હોય છે નહીં કે જાતિ હોય છે. એમાં સૌ સમાન હોય છે, હાર કે જીત એ જુદી બાબત છે. હમણાં ઘણા બધા મિત્રોએ કહ્યું કે પાટીદાર, પાટીદાર પણ પોતાના હૃદય ઉપર હાથ મૂકીને કહે કે હું સભ્ય બન્યો હોય તો એક સમાજના વોટથી જીત્યો હોય એવું પોતાના હૃદય ઉપર હાથ મૂકીને વાત કરે તો ખબર પડે કે હું અહીંયા આવ્યો છું એ કોઇ વ્યક્તિ કે કોઇ સમાજના આધારે નહીં પણ સૌ સમાજે મને મત આપ્યા છે, સૌ સમાજે મને જીતાડીને અહીં મોકલ્યો છે. તમારે અહીં વાત કરવી હોય તો સૌ સમાજની વાત કરવી જોઇએ. એકાત્મ માટે છેલ્લા પંદર વર્ષમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ જે શાસનની ધુરા સંભાળી અને એમાં 'સૌનો સાથ સૌનો વિકાસ'ની વાત કરી, કોઇ એક વ્યક્તિ કે સમાજ માટે નહીં. વોટ આપે તો પણ સલામ, વોટ ન આપે તો પણ સલામ, વોટની રાજનીતિ ખતમ કરીને વિકાસની રાજનીતિ અપનાવી. વિકાસની રાજનીતિના કારણે સતત ૧૫–૧૫ વર્ષથી ગુજરાતની અંદર આ ધરતી ઉપર ગુજરાતના ૬ કરોડ લોકોએ, જનતાએ સ્વીકાર્યા એનું કારણ એકજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના આભાર પ્રસ્તાવમાં મારે રમત ગમત વિભાગની વાત કરવાની હતી. તમે વાત કરી તે પ્રમાણે ગુજરાતની અંદર પહેલા અનેક રમતો હતી. આજે પણ અનેક રમતો છે. ભૂતકાળની અંદર કોઇએ આ વિભાગ પાછળ ધ્યાન આપ્યું જ નથી. કોઇ આ વિભાગ પાછળ જોતું નહોતું. જેમ રસ્સા ખેંચ હોય તેમ ટાંટિયા ખેંચ છેલ્લાં ૪૦ વર્ષથી જોતા હતા અને આ જ રીતે ટાંટિયા ખેંચ ખેંચ કરતા કરતા ૪૦ વર્ષ સુધી તમે આ રાજ્યમાં અને આ દેશમાં શાસન કર્યુ પણ મારે કહેવું પડે કે, ગુજરાત રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની અંદર ખેલ મહાકુંભની સ્વર્ણિમ જયંતિ ૫૦ વર્ષ ગુજરાતને પૂરાં થયા. તે વર્ષથી ગુજરાતની અંદર ખેલ મહાકુંભની શરૂઆત કરી અને એ શરૂઆત કર્યા પછી વર્ષ ૨૦૧૪–૧૫માં એ તબક્કો વધતાં વધતાં પાછલા ૪૦ વર્ષમાં ગુજરાતને રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ માત્ર ૧૬ એવોર્ડ મળ્યાં હોય પણ માત્ર છેલ્લાં ૩ વર્ષમાં ગુજરાતને રાષ્ટ્રીય કક્ષાએ, આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૪૦ થી વધારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ચંદ્રકો મળ્યાં એનું જો કોઇ કારણ હોય તો એ આ ખેલ મહાકુંભ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું મન એટલા માટે થાય કે, આ જ્યારે રમત ગમતની વાત આવે ત્યારે મને મનમાં એમ થાય કે ગુજરાતે ખૂબ આપ્યું છે. ગુજરાતે અનેક આશાસ્પદ ખેલાડીઓ આપ્યાં છે. બે દિવસ પહેલા ભારત અને પાકિસ્તાનની મેચ રમાઇ અને એમાં પણ તમે જુઓ તો આજથી ૫–૧૦–૧૫ વર્ષ પહેલાં ૧૧ની ટીમ હોય, ૨૫ નું સિલેકશન હોય, ૪૦ સુધી સિલેકશન થાય એમાંથી કેમ્પ થાય. એક પણ ગુજરાતી જોવા ના મળે. આજે ૧૧ કે ૧૫ની ટીમનું સિલેકશન થાય એમાં ૫–૫ ખેલાડી ગુજરાતના હોય અને ગુજરાતની અંદરથી એ હાર્દિક હોય, રવિન્દ્ર જાડેજા હોય, ચેતેશ્વર પુજારા હોય, નયન મોગિયા હોય, કિરણ મોરે હોય, કૃણાલ પટેલ હોય એ ગુજરાતે ક્રિકેટ માટે આપ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર ક્રિકેટની વાત નહિ કરીએ. ચેસ, અક્ષર પટેલ ખેડા જિલ્લાના નડિયાદનો ખલાડી. એટલે ગુજરાતે અનેક આશાસ્પદ ખેલાડીઓ આ સરકારે ખેલની પાછળ ધ્યાન ના આપ્યું હોત તો આ છોકરાઓ દરવાજા બહાર બેઠાં હોત અને દરવાજો ખુલવાની રાહ જોતાં હોત. ભૂતકાળમાં દરવાજા ના ખૂલ્યાં અનેક છોકરાં, આશાસ્પદ યુવાનો એ આજે અંધકારમય જીવન જીવતાં થયાં.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક વાત કહેવાનું મન થાય કે ચેસની રમત ગમત એ પશ્ચિમની રમત હોય પણ પશ્ચિમની રમત આ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતની અંદર ચેસની રમત એક સમયે, એક જગ્યાએ, એક સ્થળ ઉપર

ચેસની રમત રમાડીને ગુજરાત નહિ વિશ્વની અંદર વિશ્વ વિક્રમ સ્થાપ્યો અને ૩૦,૦૦૦ કરતા વધારે લોકો ચેસની રમત રમ્યાં. પ્યાદા રમવા, પ્યાદાની ચાલ એ એક જ ચાલ ચાલે માનનીય નટવરસિંહ બાપુ તમે જે ચાલવા જાવને તો પ્યાદું તો એક જ ચાલ ચાલે એ તમને ખબર હોવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું મન એટલા માટે થાય કે, રાયફલ શુટિંગની વાત કરીએ તો પાછલા ૩૦ વર્ષની અંદર ગુજરાતને માત્ર રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૧૫-૧૬ એવોર્ડ મળ્યાં હતાં. આ છેલ્લાં ૩ વર્ષની અંદર ૫૦ કરતા વધારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળ્યાં હોય તો એ આ ગુજરાતની અંદર મળ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાત માત્ર અહીંયાથી નથી અટકતી અને આ ખેલ મહાકુંભની વાત કરીએ તો ૨૦૧૪-૧૫ના વર્ષની અંદર ૩૫ લાખ લોકોનું રજિસ્ટ્રેશન થાય. આ વર્ષે એ વધીને ૪૦ લાખ થાય. અનેક જગ્યાએ, એની પાછળ પણ મેં કીધું તેમ સંવેદનશીલ સરકારના લાગણીશીલ પ્રધાન તે વખતે માંદગીના બિછાને હોય. તો કોઇ અધિકારી એમની ખબર પૂછવા જાય ત્યારે વિભાગના મંત્રીશ્રી એમ કહે કે રાજયનો ખેલ મહાકુંભ બરાબર ચાલી રહ્યો છે કે નહીં? એની અંદર કોઇ તકલીફ તો પડતી નથી ને, ખેલાડીઓને કોઇ મુશ્કેલી તો નથી ને? હોસ્પિટલના બિછાને સુતા સુતા પણ આવી ચિંતા જો કોઇ કરતું હોય તો એ આ રાજયની અંદર, આ સરકારની અંદર , આનંદીબેન પટેલના નેતૃત્વમાં આ પ્રધાન મંડળના સભ્યો કરી શકે. રસ્સા ખેંચની ટોપ ઓફ વર્લ્ડની રસ્સા ખેંચ ચાલી. ભરૂચની અંદર રસ્સા ખેંચ ચાલી, એક સાથે પાંચ હજાર કરતા વધારે દુષ્યંતભાઇએ પણ એમાં ભાગ લીધો હતો. છત્રસિંહભાઇ, કલેકટરો, આઇ.એ.એસ., આઇ.પી.એસ. અનેક લોકોએ ભાગ લીધો અને ભરૂચની અંદર પાંચ હજાર કરતા વધારે લોકોએ ભાગ લીધો એનો વિશ્વ વિક્રમ નોંધાવવાનું જો કોઇ કામ થયું હોય તો એ આ રાજય સરકારની અંદર થયું છે. ખેલના મેદાનની અંદર અનેક જાતની રમત હોય છે. ખેલના મેદાનમાં કોઇ ધર્મ નથી હોતો અને આ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ખેલાડીઓને પ્રોત્સાહન અને પ્રેરકબળ પૂરું પાડવાનું કામ કર્યું છે. જયદિપસિંહજી એવોર્ડ હોય, સરદાર પટેલ એવોર્ડ હોય, એકલવ્ય એવોર્ડ હોય આવા અનેક જાતના એવોર્ડથી એમને સન્માનવાનું કામ કર્યું છે. એક લાખ રૂપિયા સુધીની મર્યાદા, પચાસ હજાર રૂપિયા સુધીની મર્યાદા, પચ્ચીસ હજાર રૂપિયા સુધીની મર્યાદા અને એમાંથી કોઇ ઉત્કૃષ્ટ ખેલાડી બહાર આવતો હોય તો એને વેકેશનની અંદર ટ્રેનીંગ કેમ્પમાં સારા કોચ પાસે માર્ગદર્શન મળે, એને મફત રહેવાનું, એને મફત ભોજન, એને સ્ટાઇપેન્ડ આપીને તૈયાર કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. અને આના કારણે અનેક તેજસ્વી તારલાઓ આપણને મળ્યા. એમાં મનોજ કોઠારી, લજજા ગોસ્વામી શુટીંગની અંદર મળ્યા, રૂપેશ શાહ, બિલિયર્ડની અંદર ઝીલ દેસાઇ મળી હોય, શાઇના મળી હોય, અંકિતા રાજપરા મળી હોય, સ્વિમિંગની અંદર માના પટેલ મળ્યા હોય, ભામિની પટેલ, સોનલ પટેલ, પારૂલ પરમાર, પૂજા મળી હોય કે માયા મળી હોય દેવી પૂજકની દીકરીને કયારેય સપનું નહોતું. મેં એક પરિવારની દીકરીને અનેક એવોર્ડો લેતા જોઇ હતી. એના લગ્નની સ્થિતિ આવી, પરિવારમાં એના લગ્નની ચિંતા થઇ. કરિયાવરમાં મા બાપે શું આપવું એની ચિંતા હતી એના પરિવારની અંદર દીકરીને પરણાવી. આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ, એના મા-બાપે કીધું કે સરકાર આપણા માબાપ છે તું ચિંતા ન કર.એ દીકરીએ કીધું કે તમે મને કરિયાવરમાં કંઇ ના આપો, રાજય સરકારે જે મને ટેકો કર્યો છે અને એ ટેકાને કારણે મેં આ જે શિલ્ડ મેળવ્યા છે, પ્રમાણપત્ર મેળવ્યા છે એ કરિયાવર તરીકે મને સાથે લઇ જવાની છૂટ આપજો. આ દીકરીએ આવી વાત કરી છે અને એટલા માટે ખેલે તે ખેલશે, રમશે અને જીતશે એવી અનેક બાબતો આજે આની અંદર કરી છે ત્યારે મારે વિરોધ પક્ષના સૌ સાથી સભ્યોને એટલું જ કહેવાનું કે તમે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવમાં જે સુધારા લઇને આવ્યા છો , આવો આપણે સાથે મળીને એક નવો આયામ કરીએ. તમારા સુધારા પાછા ખેંચી આભાર પ્રસ્તાવ આપણે એક સાથે ગવર્નરશ્રીને મોકલી એક ચીલો પાડીએ એ જ અભ્યર્થના સાથે વંદેમાતરમ્.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર,તારીખ ૧લી માર્ચ, ૨૦૧૬ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૧લી માર્ચ, ૨૦૧૬

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે
સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.
( પહેલી બેઠક )

ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર, માનનીય સભ્યશ્રી નરોત્તમભાઇ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને અમારા માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલે એને સમર્થન આપ્યું છે એમાં મારા સમર્થન માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન સાંભળતા હતા ત્યારે વિપક્ષના કોંગ્રેસના મિત્રો બેજવાબદારીપૂર્વક ખલેલ પહોંચાડતા હતા. તો શા માટે ખલેલ પહોંચાડતા હતા તેનો કોઇ ખ્યાલ આવતો ન હતો પરંતુ તેઓ ઇચ્છતા હતા કે રાજ્યપાલશ્રી આ પ્રવચન અધુરું છોડે. એમના માટે જે મુદ્દો હતો એ મુદ્દાને કોઇ મોટો અવકાશ હતો નહીં પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીએ જ્યારે અડધું પ્રવચન વાંચ્યા પછી જ્યારે એમનું પ્રવચન બંધ કરીને, સહી કરીને, એન્ડોર્સ કરીને ગયા ત્યારે ખુશ થયા અને વિપક્ષના નેતાએ આભાર માન્યો કે અમે આભાર માનીએ છીએ રાજ્યપાલશ્રીનો કે, એમણે આ પ્રવચન અધુરું છોડ્યું. એનો અર્થ એવો નથી કે, આ પ્રવચન અધુરું છોડ્યું. માનનીય રાજ્યપાલશ્રીએ પ્રવચનને એન્ડોર્સ કર્યું અને આ વિધાનસભાને એમનું પ્રવચન સોંપી દીધું.

માનનીય અધ્યક્ષશ્રી, મિત્રો ઘણી વખતે, ઘણા બધા મુદ્દાઓ લઇને અહીંયા આવે છે. માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન જો એમણે બરાબર સાંભળ્યું હોત તો એમના ઉલ્લેખો એવા હતા કે, સર્વાંગી વિકાસ માટે આવતી જે નીતિઓ હતી એ નીતિઓ પણ સાંભળવા માટે એ તૈયાર નથી કે, ગુજરાતની પ્રજા માટે આ સરકાર શું કરવાની છે. જ્યારે નીતિઓ બહાર પડતી હતી, સેન્દ્રીય ખેતીની નીતિ વિશે કહેતા હતા, ગૌચર વિકાસ નીતિની વાત હતી, આઇ.ટી. નીતિ, ઇ-ગવર્નન્સ નીતિ, ફિલ્મને પ્રોત્સાહનની નીતિ, સોલાર પ્રોજેક્ટની નીતિ, તમે નીતિઓ પણ સાંભળવા તૈયાર નથી અને ટીકા કરો છો ? એ શું વાંચે છે. માનનીય અધ્યક્ષશ્રી, જમીન નીતિ, શ્રમ ડેવલપમેન્ટ નીતિ, કુટિર ઉદ્યોગ નીતિ, પ્રવાસન નીતિ આ બધી નીતિઓનું વાંચન કર્યું અને તમે સાંભળતા ન હતા. આ સારી વાતો જ્યારે કહેતા હતા પરંતુ મારે આ બધી તમારા માટે ટીકા કરવી નથી. કોંગ્રેસના સભ્યોએ જ્યારે જળ વ્યવસ્થાપન વિશે વાંચતા હતા ત્યારે પણ હસતા હતા. મને એમ લાગ્યું કે, " અસ્થાને, સ્થાન ભ્રષ્ટા ને શોભંતે કેશા દન્તા નખા નરા". જ્યારે સ્થાન ભ્રષ્ટ થઇ જાય છે ત્યારે શોભતું નથી. પાણીની જળ વ્યવસ્થાપન પર જ્યારે આ સરકાર જે કામ કરી રહી છે એ વાત જ્યારે ગૃહમાં માનનીય રાજ્યપાલશ્રી કરતા હતા ત્યારે સામેના મિત્રો હસતા હતા. મારે એમને એવું કહેવું છે કે, મિત્રો તમારે તો હસવા જેવું કાંઇ છે જ નહીં. તમારા માટે તો ભૂતકાળ યાદ કરવો જોઇએ. જ્યારે જ્યારે તમે અમારી સામે જુઓ ત્યારે તમારે તમારા ભૂતકાળ ઉપર નજર કરવી જોઇએ. અરે તમારું જેટલું બજેટ કુલ હતું આખા વર્ષનું બજેટ તો, એના કરતાં મોટું બજેટ તો અમારા એક એક ડિપાર્ટમેન્ટનું છે. પાણી પુરવઠાની વાત મારે કરવી છે. મને પાણી પુરવઠાનો થોડોક અનુભવ છે, પીવાના પાણી માટેનો અનુભવ છે. એટલા માટે મને જ્યારે જોગાનુજોગ જવાબદારી સોંપી હતી પાણી પુરવઠાની, એ પહેલાં કોંગ્રેસનું શાસન ગુજરાત ઉપર હતું. લોકો એમ ઇચ્છતા હતા આઝાદી વખતે, આઝાદી મેળવવાની હતી ત્યારે કે, આ કોંગ્રેસ અહીંથી ટળે તો સારું પરંતુ તમે જ્યારે ચાળીસ વર્ષ સુધી અને ગુજરાતમાં ત્રીસ વર્ષ સુધી શાસન કર્યું ત્યારે પ્રજા હાથ જોડીને કહેતી હતી કે, હવે તમે જાઓ તો સારું અને કોઇ બીજી સરકાર આવે અને એમાંથી ભારતીય જનતા પાર્ટીનો જન્મ થયો છે. તમે તો એમ ઇચ્છતા હતા (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ જયન્તીલાલ તમારો આજે બર્થ-ડે છે, વાતાવરણ નહીં બગાડો, સવારનું ખુશનુમા ભરેલું વાતાવરણ છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલઃ તમે તો એમ ઇચ્છતા હતા કે અમે "ભારત માતા કી જય" એવા સ્લોગન જ બોલ્યા કરીએ અને તમને સાંભળવાની મજા આવતી હતી પરંતુ અમારે ભારત માતા કી જયની સાથે તમને મોકલી દેવાનો અવાજ હતો. ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી. વિવિધ વિભાગોની જવાબદારી અલગ અલગ મિત્રોએ લીધી અને એમાં એક વિભાગ મારી પાસે પણ આવ્યો. ૧૯૯૮માં જ્યારે મારી પાસે પાણી પુરવઠા વિભાગ આવ્યો ત્યાં સુધી તમને ૩૦-૩૦ વર્ષ સુધી તક આપી ત્યાં સુધી ગુજરાતની પ્રજા પાણી વગર ટળવળતી હતી. પશુઓને પીવાનું પાણી નહોતું. સૌરાષ્ટ્રની ધરતી ઉપર અને કચ્છની ધરતી ઉપર નજર કરીને મારા સાથી બેઠા છે ત્યાંના માલધારીઓ તેમના પશુઓ લઇને છેક કચ્છથી નીકળી અને દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતમાં આવી જયાં પાણી મળે ત્યાં ૩-૪ મહિના રહેતા. વરસાદ આવે ત્યારે પશુઓ લઇને પાછા જતા

હતા. આ છે તમારો ઈતિહાસ. સૌરાષ્ટ્રના અમારા મિત્રો, અમારી બહેનો પાંચ પાંચ કિલોમીટર સુધી બેડા લઇને પાણી ભરવા જાય અને તમને દયા ન આવે, તમને કદી એમ ન થાય કે પાણીની કોઇ વ્યવસ્થા કરીએ. તમે કયારેય પાણીની વ્યવસ્થા કરી શકયા નહોતા. હું બોલું છું ત્યારે તમને તમારો ભૂતકાળ યાદ આવતો હશે કે આ નરોત્તમભાઇ કહે છે તે વાત સાચી લાગે છે. સૌરાષ્ટ્રના લોકોને પીવાનું પાણી નહોતું. કોઇની વાડીમાં, કૂવામાં પાણી દેખાય તો બહેનો ત્યાં પાણી ભરવા જતી અને એના કારણે આ શહેરો મોટા થયા. એમને એમ નથી થયા. સૌરાષ્ટ્રના લાખો માણસોએ સ્થળાંતર કર્યું, કચ્છના લાખો લોકોએ સ્થળાંતર કરી અને જે ગયા એ પાણીના પાપે, તમે પાણી ન આપ્યું એના કારણે. બહેનો, હું જયારે સુરતમાં જઉં છું તો પુછું છું કે બહેનો, તમે સૌરાષ્ટ્ર જેવી ધરતી છોડીને અહીંયા કેમ આવ્યા? તો કહે ભાઇ, બધું જ ત્યાં છે પણ અમારી પાસે પીવાનું પાણી નથી. અમે પીવાનું પાણી લેવા જઇએ તો ત્યાંના સરકાર પ્રેરિત લોકો અમારી છેડતી કરે છે અને આવી છેડતીના કારણે અમારે અમારો વિસ્તાર છોડવો પડયો છે. આવું શાસન તમે અમારા હાથમાં મુકયું છે. તમે અનેક વિભાગોમાં ઘણુંબધું કામ કર્યું છે પણ આ પાણી પુરવઠાના વિભાગમાં ઉત્તર ગુજરાતમાં એમનો ભૂતકાળ મારે યાદ અપાવવો છે. મારો જન્મ ઉત્તર ગુજરાતમાં થયો છે. ગામડાં મેં જોયા છે. તળાવમાં પશુઓને પાણી પીવડાવવા લઇ જતા હતા અને ગામડાંમાં પીવાના પાણી માટે બોર અથવા કૂવાઓ નહોતા એ વખતે કૂવાની ગ્રાન્ટ આપવામાં આવતી હતી. યાદ કરે આ મિત્રો, કે પહેલા કૂવો ખોદવા માટે ગ્રાન્ટ આપતા હતા અને કૂવો ગામમાં ખોદી અને તેમાંથી પાણી કાઢી અને પીવો, જેટલું મળે તેટલું પીવો. કોઇ વખતે જાગૃત એમનો કોંગ્રેસનો સરપંચ હોય તો એને બોર કરી આપતા પણ એ બોર કરી આપે તો એ બોરના સાટામાં આખા ગામના મતના રાજકારણનો તમે સોદો કરતા હતા કે અમે તમને એક બોર આપીએ છીએ. ગામના તમામ લોકો જો બધા મત સો ટકા આપો તો અમે તમને આપવા તૈયાર છીએ, તો એ આપતા. ગામડાંમાં કોઇ કોઇ જગ્યાએ બોર થયા (અંતરાય) રાઘવજીભાઇ, તમે આ વિભાગનો હવાલો લીધો લાગે છે એટલે તમારા ચહેરા પર મુસ્કાન આવે છે. ઉત્તર ગુજરાતમાં બોરમાંથી મોટર બળી જાય તો એ મોટર મેળવવા માટે તો મને લાગે છે કે સ્વર્ગમાં ઈન્દ્રલોકમાં જવું સહેલું પણ પીવાના પાણી માટેની એક મોટર મેળવવી અઘરી હતી અને તે પણ ૫-૧૦ હોર્સ પાવરની મોટર લેવી હોય પીવાના પાણી માટે તો મળે નહીં અને તમને બધાને અનુભવ છે કે ન તો પાણી હતું, ન તો મોટરો હતી, બળી ગયેલી મોટરને રીપેર કરનાર કોઇ નહોતું. કૂવાઓમાં પાણી નહોતું અને તમને કોઇ સૂઝ નહોતી. જયાં તળના પાણી હતા ત્યાં પાણી ખેંચી નાખ્યા અને એમને એટલી પણ ખબર નહીં કે ધરતીના પેટાળમાં અનેક ખડકો આવેલા છે, અનેક મીનરલ આવેલા છે. એમાં ફ્લોરાઇડ પણ આવેલું છે. આ ફ્લોરાઇડના લીધે જે પાણી આવતું હતું તે પીવાલાયક હતું નહિ. આવું પાણી પીવું એના કરતા ઝેર પીવું સારું. આવા ફ્લોરાઇડયુક્ત પાણીના કારણે ઉત્તર ગુજરાત, કચ્છ, કાઠિયાવાડનો માણસ ૪૦ વર્ષે વૃદ્ધ થઇ જતો હતો. એમને ખબર નહોતી કે આનો ઉપાય શું? ઉપાય એમને સૂઝ્યો નહિ. જયારે પ્રજાએ એમને કાઢી મૂક્યા. પછી અમારા હાથમાં એટલે ભારતીય જનતા પાર્ટીના હાથમાં શાસન આવ્યું, ત્યારે ભાજપના લોકોએ ચિંતન કર્યું. મને કહેતા યાદ આવે છે કે જોગાનુજોગ પાણી પુરવઠા યોજનાની જવાબદારી મને સોંપી. નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું જાવ પાણી આપો? ત્યારે મેં એમને પ્રશ્ન પૂછ્યો સાહેબ પાણી તો છે નહિ. આ કોંગ્રેસના લોકો •(×××) કરે છે કે પાણી નથી. તો એ ચિંતક વ્યક્તિએ શું કહ્યું નરોત્તમભાઇ પાણી ખોબલામાં આપવાનું ન હોય. તમે આકાશ સામે જુઓ. આકાશમાંથી પડતું પાણી એ તમારી મૂડી છે. એને એકઠું કરો, એનું વહન કરો અને લોકોને આપો. ત્યારે મને ખબર પડી કે પાણી શોધવા જવાનું નથી. મને ખબર પડી કે કુદરત આકાશમાંથી પાણી વરસાવે છે અને તળાવો ભરે છે, ડેમો ભરે છે, સાગરો, નદીઓ ભરે છે અને એ ભરેલ પાણીને અમે ફિલ્ટર કરીને આપવાનું શરૂ કર્યું. મને કહેતા આનંદ થાય છે કે તમામ મુખ્યમંત્રીઓએ અમને સંભાળ્યા હતા. પાણી પુરવઠાના સેક્રેટરીને વાત કરી. બજેટ અમને આપોને. એમણે કહ્યું નરોત્તમભાઇ આટલું બજેટ પણ તમે વાપરી શકવાના નથી. એ વખતના મુખ્યમંત્રીશ્રીએ અને સી.એસ. એ મને કહ્યું તમે આટલું બજેટ નહિ વાપરી શકો. એ વખતે ૪૦૦ કરોડનું બજેટ આપેલું. આ બજેટ તમે નહિ વાપરી શકો. મેં કહ્યું કેમ? તો એમણે કહ્યું કે અમારો સીલસીલો છે કે તમારું બજેટ વધવાનું છે. અને આ જ વધેલું બજેટ પીડબલ્યુડી વાળા રસ્તા માટે લઇ જશે. આ બધો ભૂતકાળ એમનો છે. આ તો ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. એમનામાં અને અમારામાં ફરક છે. આજે ૪-૪ હજાર કરોડ, ૮-૮ હજાર કરોડનું બજેટ પાણી પુરવઠામાં આવે છે. પાણી પુરવઠા યોજના બની. પાણી શોધવા લાગ્યા અને જોયું કે આ તો ધરતીના પેટાળનું પાણી લોકોને આપી શકાય નહિ. એમાંથી બચાવવા માટે સરફેસ વોટરની વ્યવસ્થા કરો. સરફેસ એટલે નર્મદા નદીનું પાણી. નર્મદા નદીનો ડેમ ઊંચો જાય તો પાણી કેનાલમાં વહે ને? નર્મદા ડેમ ઊંચો કરવા દે તો એ પાણી કેનાલમાં વહેતું વહેતું કનેવાલ સુધી જાય તો સૌરાષ્ટ્રને પંપ કરીને પાણી અપાય. ઊંટે કર્યા ઢેંકા તો માણસે કર્યા કાંઠા. અમે નર્મદા કેનાલની બાજુમાં આવેલો પહાડ તોડી નાખ્યો. એનું બોગદું બનાવ્યું અમે ટનલ બનાવી. ૩૦-૩૦ પંપો અમે કિનારા ઉપર મૂક્યા. પાણીનું પંપ કર્યું. સરોવરો ભર્યા અને કેનાલમાં પાણી વહેતું કર્યુ અને તે પાણી છેક કનેવાલ અને ખેડા સુધી આપ્યું. એમાંથી પાણીને ફિલ્ટર કર્યુ અને છેક સૌરાષ્ટ્રની ધરતી સુધી નાવડા, કનેવાલ થઇને બુંદેલ સુધી અને છેક અમરેલી, રાજકોટ સુધી પાણી પહોંચાડ્યું. આ પાણીની વ્યવસ્થા. આ તો પ્રીફેસ કહ્યો. આખી હિસ્ટ્રી તો કહેવાની બાકી છે. પાણીની વ્યવસ્થા એટલે એ તો એમના ગજા બહારનું છે. આ તો ઘણીવાર એમ કહે અમારી પાસે એટલું બધું લાંબુ લિસ્ટ છે. હું એમને એમેન્ડમેન્ટ મૂળ યોજનાઓ નહિ, પણ એના એમેન્ડમેન્ટ માટેનો સીલસીલો વાંચ્યો. ત્યારે મને એમ થયું કે ભારતીય જનતા પાર્ટીની આજની સરકાર આટલું મોટું એમેન્ડમેન્ટ અને એમાં પાણીમાં સુધારો કરે છે. હજારો, કરોડો રૂપિયાની યોજનાઓ બનાવી. સૌરાષ્ટ્ર, કચ્છની ધરતી ઉપર

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પાણી આપ્યું. આ લોકો પાણી નથી પહોંચ્યું એની ટીકા કરે છે. મિત્રો, જેની ટ્રંક લાઇનોમાં આખી ગાડી ચાલી જાય તેવી પાઇપો ૨૭૦૦ કિ.મી. લાંબી નાખી છે. લાખો કિ.મી.ની પાઇપલાઇન આખું નેટવર્ક શરીરની નસોની જેમ ગૂંથી નાખ્યું હોય..

ઉપાધ્યક્ષશ્રી : નરોત્તમભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી એક મિનિટ. પાણી ગામમાં ન આવે તો એને એમ કહે કે પાણી આવતું નથી. પાણી નથી આવતું તે કહેવું સહેલું છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેવા માટે ઉભો થયો છું. આ ગુજરાતે ત્રણ મહાઆંદોલનો જોયા. એક મહાગુજરાત આંદોલન, બીજું નવનિર્માણ આંદોલ અને ત્રીજું પાટીદાર અનામત આંદોલન.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ પ્લીઝ રાઘવજીભાઇ આપ આની ચર્ચા પર આવો ને. એક જ મિનિટ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતની પરિસ્થિતિની વાત કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : પ્લીઝ રાઘવજીભાઇ, સવારના ખુશનુમા વાતાવરણને બગાડવાનો પ્રયત્ન નહીં કરો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વાતાવરણ નહીં બગડે. મારી વાત તમારે સાંભળવી પડશે. મારો રાઇટ છે. મારી વાત હું કરવાનો. રાજયમાં પાટીદાર સમાજના યુવાનોએ..

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ પ્લીઝ તમને કહ્યું કે જે વસ્તુ કોર્ટ મેટર હોય તેનો મહેરબાની કરીને અહીં ઉલ્લેખ ના કરો.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર આ બાબત આવતી નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાતમાં કોર્ટ મેટર નહીં હોય, વિવાદાસ્પદ વસ્તુ નહીં હોય. •(×××)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ આખી ચોપડીમાંથી જે કહેવું હોય તે કહે.

ઉપાધ્યક્ષશ્રી : ચોપડીમાં કયાંય આનો ઉલ્લેખ નથી પ્લીઝ. ના એવું નહીં તમે ખોટી રીતે..

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની વર્તમાન પરિસ્થિતિ વિશે રાજયપાલના પ્રવચન ઉપર ન બોલું તો મારે શું કરવાનું?

ઉપાધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ તમારી પાસે બહાર બહુ મોટું મેદાન છે. અહીં બીજી ચર્ચા કરો. ત્યાં કરોને જે કરવું હોય તે બધુ.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં આજે કટોકટી જેવી સ્થિતિ પ્રવર્તે છે.

ઉપાધ્યક્ષશ્રી : મહેરબાની કરીને અહીંયાં કોઇ સમાજની વાત કરશો નહીં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાટીદાર સમાજના યુવાનોને કોઇ કાર્યક્રમ માટે સભા કરવી હોય, તેને સરઘસ કાઢવું હોય, તેને રેલી કરવી હોય, આવેદનપત્ર આપવું હોય તો સરકાર મંજૂરી નથી આપતી. આ પાટીદાર સમાજને પોતાની વ્યાજબી માગણી રજૂ કરવા માટે..

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ બાબત ચોપડીમાં આવતી નથી. આપના વારંવાર કહેવા છતાં પણ તે વાત ચાલુ રાખે છે.

ઉપાધ્યક્ષશ્રી :રાઘવજીભાઇ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર ચર્ચા ચાલુ રાખો. આ વિષયનો કયાંય ઉલ્લેખ નથી. નહીં નહીં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :એક મિનિટ રાઘવજીભાઇ માનનીય અધ્યક્ષશ્રી, દરેકને માટે નિયમ સરખો હોવો જોઇએ. પેલી બાજું નરોત્તમભાઇ સાહેબ બોલતા હતા ત્યારે મેં આપનું ધ્યાન દોર્યુ હતું. અમે એક અક્ષર નથી બોલ્યા નહીંતર પરંપરા આ થશે અને ત્રણે દિવસ..

ઉપાધ્યક્ષશ્રી : કોઇ વર્ગનો કે સમાજનો ઉલ્લેખ નથી કર્યો બલવંતસિંહભાઇ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તમે એમને એમ માઇક ઉપર ઉભા થઇ જાઓ તે ચાલતું હશે.

ઉપાધ્યક્ષશ્રી : કોઇ વર્ગ કે સમાજનો ઉલ્લેખ નથી કર્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારો ટાઇમ બગડે છે.

ઉપાધ્યક્ષશ્રી : તેમણે કોઇ વર્ગ કે સમાજનો ઉલ્લેખ નથી કર્યો તે આપ સારી રીતે જાણો છો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારો ટાઇમ બગડે છે. એ વચ્ચે બોલે છે એટલે. એવી રીતે નહીં ચાલે. આપને ન બોલવા દેવા હોય તો અમે ઉભા થઇ ચાલવા માંડીએ. આ કેવી રીતે ચાલી શકે?

ઉપાધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ આપ બેસી જાઓ પ્લીઝ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ કેવી રીતે ચાલે. તમે પેલી બાજુ બોલતા નથી. એવી રીતે નહીં ચાલે.

ઉપાધ્યક્ષશ્રી : બલવંતસિંહભાઇ નરોત્તમભાઇએ કોઇ વર્ગનો ઉલ્લેખ નથી કર્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં શાંતિ સ્થપાય, ઉશ્કેરણી કરવાની વાત છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : શાંતિનું વાતાવરણ થાય તેવા પ્રયત્નો કરીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આ નીતિનભાઇ સાહેબ કઇ રીતે ઉભા થયા તે કહો. તમે મને કહ્યું છે એટલે હું ઉભો થયો છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો ચાલુ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા બોલો તમે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, તમે બેસોને પહેલાં. આવી રીતે નહીં ચાલે.

ઉપાધ્યક્ષશ્રી : આપના દંડકશ્રી બોલે છે આપ પોત પોતાનું સ્થાન લો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

ઉપાધ્યક્ષશ્રી : પહેલાં બધાને બેસાડી દો. પહેલા બધાને બેસાડો ભાઇ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર લઇ લો પછી મારો પોઇન્ટ ઓફ ઓર્ડર લો.

ઉપાધ્યક્ષશ્રી : હું લઉં છું. હાઉસ પહેલાં ઓર્ડરમાં આવે પછી હું આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર લઇશ. તમે તમારી જગ્યા પર સ્થાન લો. પ્લીઝ તેજશ્રીબેન તમારી જગ્યા પર જાઓ. આપ આપનું સ્થાન લો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, રાઘવજીભાઇ બે મિનિટ.

ઉપાધ્યક્ષશ્રી : આપના દંડકશ્રી બોલે છે મેં તેમને પરવાનગી આપી છે. પ્લીઝ સીટ ડાઉન.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અમારા કોઇપણ સભ્ય કોઇપણ કોર્ટ મેટર ઉપર બોલે તો આપ ચોકકસપણે રોકજો પણ જે ચાલી રહ્યું છે તેમાં કયાંય એવો ઉલ્લેખ નથી કોર્ટનો. પાટીદાર આંદોલનમાં વ્યક્તિગત કેસો છે. તે સામૂહિક ગુજરાતમાં જે થઇ રહ્યું છે તેના ઉપરની વાત કરે છે. તે વાત પણ તેઓ ગૃહમાં નહીં કરી શકે. કોઇનું વ્યક્તિગત નામ લે તો તમે ચોકકસપણે રોકજો.

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ન હોય તેવા વિષય પર ન બોલવા બાબત

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનની આખી ચોપડી આપ જોઇ લો, બધા જ માનનીય સભ્યશ્રીઓ જોઇ લે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાય અને સલામતી રહે, ભાઇચારો જળવાય, દરેક જ્ઞાતિ સમાજો સાથે રહી હળીમળી ગુજરાતનો વિકાસ કરે એ માટે દરેકે પોતાના મંતવ્યો આપવા જોઇએ. રાજ્યમાં અશાંતિ થાય, રાજ્યમાં તોફાનો થાય, રાજ્યમાં જ્ઞાતિઓ જ્ઞાતિઓ વચ્ચે વિખવાદો થાય એ પ્રમાણેની કોંગ્રેસની જે માનસિકતા છે એ વિધાનસભામાં રેકર્ડ ઉપર મૂકે છે એ દુઃખદાયક છે, એ શબ્દો રેકર્ડ ઉપર નહીં રહેવા જોઇએ. સાહેબ, આપે સાચું કહ્યું કે બહાર પ્રજાની વચ્ચે જઇ જેને જે વાત કરવી હોય તે કરી શકે છે પણ આ વિધાનસભા ગૃહમાં જ્યાં ગુજરાતના વિકાસની વાત કરવાની હોય, શાંતિ–સલામતીની, સૌહાર્દપૂર્ણ વાતાવરણની, સદભાવનાની વાત કરવાની હોય ત્યાં કોંગ્રેસ જ્ઞાતિઓ જ્ઞાતિઓ વચ્ચે ઝગડા થાય, ગુજરાતમાં વેરઝેર થાય, ગુજરાતમાં તોફાનો ફાટી નીકળે એ પ્રકારની કુટિલ ચેષ્ટા કરે છે એને પ્રોત્સાહન ન આપવું જોઇએ અને એને કોઇ પણ રીતે આ વિષય ઉપર બોલવાની પરવાનગી ન આપવી જોઇએ.

શ્રી પ્રદીપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભમાં મારે એટલું જ કહેવાનું છે કે, આ સભાગૃહમાં થયેલી વાતનો પડઘો સમગ્ર ગુજરાતમાં પડતો હોય છે. આજે જ્યારે ગુજરાતમાં શાંતિ છે ત્યારે ફરીથી ગુજરાતના વાતાવરણને ઉશ્કેરીને ગુજરાતમાં અશાંતિ કરવાનો પ્રયત્ન આ સભાગૃહે તો ન જ કરવો જોઇએ. એવા સંજોગોમાં ગુજરાતની શાંતિ અને સલામતીને અનુલક્ષીને એકવાર આપે નિર્ણય આપ્યો છે કે, આ પ્રમાણેના ઉદગારો આ સભાગૃહમાં ન કરવા જોઇએ. આ માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય પછી કોઇ સભ્યશ્રી પોતાની વાત ચાલુ રાખે તો એ માનનીય અધ્યક્ષશ્રીનું અવમાન છે. એટલે આ કોઇ પણ હિસાબે ચાલુ ન રહેવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ, બળવંતસિંહજી આપને પણ સાંભળ્યા છે. આપ બેસો તો ખરા અને મને સાંભળો. તેજશ્રીબેન આપ બેસી જાવ જયારે આપના પક્ષના દંડક ઉભા છે ત્યારે આપ કેમ ઉભા થઇ જાવ છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇએ હજુ એક પણ શબ્દની શરૂઆત નથી કરી, માત્ર એટલું જ બોલ્યા છે કે, આ ગુજરાતમાં ત્રણ આંદોલનો થયા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ, એમની જે વાત છે એ આપણે અહીંયા હાઉસમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓની ફરજ છે કે, ગુજરાતમાં શાંતિ અને સલામતીનું વાતાવરણ રહે. રાઘવજીભાઇ, પ્લીઝ, હું કહું છું એ પહેલા સાંભળો, તમને બોલવાનો અધિકાર છે. આપણી પાસે બહાર બહુ મોટું ક્ષેત્ર છે, બહાર બહુ મોટું મેદાન છે અને આપ ત્યાં બોલો છો ત્યાં તમને કોઇ રોકશે નહીં, પણ અહીંયા આ હાઉસમાં બોલાતા શબ્દો એ લોકો માટે બ્રહ્મવાક્ય સમાન છે અને એટલા માટે આપણે આ વિષયની ગંભીરતા જાળવીએ અને સમાજમાં શાંતિ, સલામતી અને સૌહાર્દનું વાતાવરણ જળવાયેલું રહે અને તમારા જેવા સિનિયર ધારાસભ્ય પાસેથી અમે એવી આશા રાખીએ છીએ કારણ કે, આપે બધાને સાથે લઇને ચાલવાનું છે, કોઇ એક વર્ગની વાત મહેરબાની કરીને કરશો નહીં.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી એ રાજયમાં વર્તમાન જે સ્થિતિ છે એના વિષે વાત કરી છે, મેં જે વાત કરી છે એ કોઇ એક સમાજની જાહેર પ્રવૃત્તિઓ ઉપર જે રીતે તરાપ મારવામાં આવે છે એનું મેં સભાગૃહ સમક્ષ ધ્યાન દોર્યું છે. હું એમ કહેવા માગુ છું કે, • (×××) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ વાતને અહીંયા કાંઇ લાગતું વળગતું નથી. *(×××) શબ્દો રેકર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપે કહ્યા પછી હજી એની એ જ વાત ચાલુ રાખે છે. આપ એમને રોકો.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ તમે બીજા વિષય લોને બીજા બહુ વિષય છે. તમારી પાસે આગળ ગૃહની ચર્ચા આવશે, માગણીઓની ચર્ચા આવશે, રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ માટેનું સરસ મજાનું વાતાવરણ શાના માટે બગાડીએ આપણે?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, વાતાવરણ બગાડવાની વાત નથી, અહીંયા અફઝલ ગુરૂની પણ વાત થઇ છે, સિરિયાની પણ વાત થઇ છે, પાકિસ્તાનની પણ વાત થઇ છે, સાહેબ હું તો ગુજરાતની વાત કરું છું. નીતિનભાઇ ખેડૂતોની સાંભળો. આ ગુજરાતના ખેડૂતોને પોષણક્ષમ ભાવો નથી મળતા. પોષણક્ષમ ભાવો આપવા માટે રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનમાં કોઇ વાત કરી નથી. પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે ખેડૂતો ખેતી છોડતા જાય છે. ૨૦૧૪-૧૫ના વર્ષમાં રવિ પાકનું વાવેતર ૨૦.૫૪ લાખ હેકટરમાં થયેલું એ ચાલુ વર્ષે ૧૭.૨૮ લાખ જેટલું વાવેતર થયું. આનું કારણ એ છે કે ખેતી આજે કોઇને પોષાણના ધંધા લાયક રહી નથી. ખેડૂતોને ખેતીમાં પૂરતું વળતર નથી મળતું. એને પૂરતા પોષણક્ષમ ભાવો નથી મળતા અને એના પરિણામે દિનપ્રતિદિત ખેડૂતો ખેતી છોડતા જાય છે. માનનીય રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં આની જો વાત કરી હોત, આના માટે કોઇ યોગ્ય વ્યવસ્થાની વાત કરી હોત તો અમને આનંદ થાત. એવી જ રીતે પાક વીમો. ખેડૂતોનું વર્ષ માઠું જાય કે કુદરતી આપત્તિ આવે ત્યારે ખેડૂતોએ જે પ્રિમિયમ ભર્યું હોય એના ઉપર પાક વીમો ચૂકવવાની વાત આવે. પણ ક્યારેય ખેડૂતોને સમયસર પાક વીમો ચૂકવાયો નથી. કેવી રીતે પાક વીમો ચૂકવાય છે એની કોઇ જાણકારી પણ ખેડૂતોને આપવામાં આવતી નથી અને આ રીતે ખેડૂતોને કાયમ માટે અન્યાય થાય છે. કહેવાય છે કે નર્મદા આપણી જીવાદોરી છે. સાચી વાત છે. નર્મદા આપણી જીવાદોરી છે, પણ નર્મદા યોજના કોના માટે છે? નર્મદા ટ્રીબ્યુનલે જે ચૂકાદો આપ્યો ત્યારે ઉદ્યોગો માટે પાણી આપવાની વાત હતી એના કરતા પાંચગણું વધુ પાણી આજે ઉદ્યોગોને અપાય છે. ટાટા નેનો માટે સ્પેશ્યલ લાઇન કાઢી આપવામાં આવે. એના માટે સ્પેશ્યલ પાઇપલાઇન નાંખવામાં આવે. એના માટે બારમાસી કેનાલ ચાલુ રહે. એના માટે પાણીનો એટલો વેસ્ટેજ જાય અને ગુજરાતના ખેડૂતોને સિંચાઇ માટે નર્મદાનું પાણી મળતું નથી. એવી રીતે મોટા ઉપાડે બહુ મોટા ખર્ચે જાહેરાત કરી હતી ''સૌ'' ની યોજનાની. આ ''સૌ'' ની યોજના પૈકીના સૌરાષ્ટ્રના એક પણ ડેમમાં હજી પાણી ભરવામાં આવ્યું નથી.

સાગરખેડૂના નામે આ સરકારે બહુ મોટી વાતો કરી હતી. સાગરખેડૂની હાલત એવી છે કે સાગરખેડૂમાં માછીમારોના જીવનના ઉત્કર્ષ માટે, એના ધંધાના વિકાસ માટે જે યોજનાઓ કરવી જોઇએ એના બદલે પૈસા વાપરી નાંખ્યા, દરિયાકાંઠાના ગામડાંની વીજળીના વાયરો બદલાવવા માટે. આખી યોજના માટે જે નાણું ફાળવ્યું હતું એના ૮૦ ટકા પૈસા વીજળીના વાયરો બદલવામાં વાપર્યા. આ વીજ વાયરો બદલવાનું કામ તો જી.ઇ.બી.નું છે. એની અલગ કંપની છે. એના નફા નુકશાનનું ખાતું પણ અલગ છે. પણ સાગરખેડૂના નામે આવડા મોટા પૈસા ખર્ચ્યા, ફંડ ડાયવર્ટ કરી અને સાગરખેડૂ યોજનાનો જે હેતુ હતો એ માર્યો ગયો છે. પીવાના પાણી માટે આજે પણ એવી જ સમસ્યાઓ છે. મારા જામનગર જિલ્લામાં જામનગર તાલુકામાં, ધ્રોળ તાલુકામાં, કાલાવાડ તાલુકામાં, જોડીયા તાલુકામાં ભયંકર તકલીફ છે. ૨૦૦૦ની સાલથી નર્મદાની પાઇપલાઇનો નંખાઇ છે, પણ હજી કેટલાય ગામોમાં પાઇપલાઇનોની ખામીના હિસાબે પાણી પહોંચતું નથી. હજી ગઇકાલે જ મેં પાણી પુરવઠા મંત્રીને કાલાવાડ તાલુકાના ગામોનું લિસ્ટ આપ્યું છે. અગાઉ પણ મેં પરામર્શ સમિતિની મિટીંગમાં જામનગર જિલ્લાના કેટલાય ગામડાંના પાણીના પ્રશ્નોની રજૂઆત કરી હતી. સરકાર એમ કહે છે કે ગુજરાત ટેન્કર મુકત છે. હવે બેડાની લાઇનો થતી નથી, માનનીય મંત્રીશ્રી પાણી પુરવઠાને હું બતાવવા માગું છું કે આવો મારી સાથે મારા જામનગર તાલુકાના જામનગરથી ત્રણ ત્રણ કિલોમીટર દૂરના ગામડાંમાં પીવાના પાણી માટે લોકો કેવી હાડમારી ભોગવે છે એ નજરે જોવું હોય તો હું બતાવવા તૈયાર છું. કહેવાય છે કે આ ગુજરાત તો વિકસિત ગુજરાત છે, આ ગુજરાત તો ગતિશીલ ગુજરાત છે, આ ગુજરાત તો બેરોજગારીવિહોણું ગુજરાત છે. હમણાં જ તલાટી કમ મંત્રીશ્રીની ૨૫૬૦ જગ્યાઓ માટે બાર લાખ અરજદારોએ અરજી કરી અને કેવા અરજદારો? પી.એચ.ડી. થયેલા, બી.કોમ. એલ.એલ.બી. આવા અરજદારોએ આ જગ્યા માટે અરજી કરેલી. આ ગતિશીલ ગુજરાત છે?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, જેનામાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો થાય અને જો અમારામાં તેનો ટાઇમ ગણાવાનો હોય,

ઉપાધ્યક્ષશ્રી : બધામાં જ એવું થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં, નહીં તો આ પરંપરા થઇ જશે કોઇ બોલી નહીં શકે આ બન્ને તરફથી પોઇન્ટ ઓફ ઓર્ડરમાં દરેક સભ્યનો ટાઇમ જશે.

ઉપાધ્યક્ષશ્રી : હું આપનો વિષય સમજી ગયો છું. આ વિષય એવો છે કે આપ બન્ને દંડકો એક વખત બેસીને નક્કી કરી લેજો અને અમને કહેજો અમો એ પ્રમાણે ચાલીશું. (અંતરાય) રાઘવજીભાઇ, આપને બીજી ઘણી તક મળશે આપ બોલજો.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી એ છે કે, બન્ને તરફ આ થશે અને બીજી તરફ થશે એટલે બધા પોઇન્ટ ઓફ ઓર્ડર જ ઉભા થવાના.

ઉપાધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભા થવાના કારણો આપણે આપીએ છીએ તેમાંથી ઉભા થાય છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : નહીં સાહેબ આપતાં નથી સામેથી લઇ લેવામાં આવે છે. આમાં બિલકૂલ કોઇ બોલી નહીં શકે. આપણો ભૂતકાળ એવો રહેલો છે આપણી પરંપરાઓ.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બહુ ચાન્સ છે હજુ તો આખુ હાઉસ બાકી છે, આપ બેસો. માનનીય અધ્યક્ષશ્રીના આદેશ પછી આપ ઉભા રહો તે ઠીક નહીં લાગે પ્લીઝ, આપ બેસો. મારી વાત સાંભળી લો આ બાજુ પણ એ જ થશે પ્લીઝ.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આ સભાગૃહના માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલે જેને સમર્થન આપ્યું છે તેને હું સમર્થન આપવા અને સમર્થન આપીને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ આભાર પ્રસ્તાવમાં સમગ્ર રાજયની છ કરોડની જનતા માટે, તમામ સમાજો માટે, તમામ જાતિઓ માટે કોઇ પણ જાતના નાત, જાત, ધર્મ, જાતિના ભેદ વગર સર્વાંગી વિકાસ કઇ રીતે થાય તેના માટે થઇને આ જે પ્રવચન લઇને આવ્યા છે અને તે વાંચવાથી સાહેબ ખ્યાલ આવે કે આ રાજયની છ કરોડની જનતા માટે આ સરકાર શું કરી રહી છે.

આદરણીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી સામે બેઠેલાં મારા સભ્યશ્રીઓને સહેજ યાદ કરાવવું છે કે, સહેજ તો એ ભૂતકાળ યાદ કરે જેણે ૧૯૯૦ પહેલાંનું શાસન જોયું છે તેમને મારે યાદ કરાવવું છે. આદરણીય અમારા વડીલશ્રી નરોત્તમભાઇ જયારે કહી રહ્યા હતા મિત્રો, મારે અહીંયા બેઠેલાં સભ્યોને કહેવું છે કે, ૧૯૯૦ પહેલાં રાજય સરકારમાં શું હતું ? પ્રજાનું શું થતું હતું ? મિત્રો, સર્વાંગી વિકાસ માટે કયારેય કોઇ સરકારે ચિંતા કરી નથી. આ રાજયના સર્વાંગી વિકાસ માટે તમામ પ્રજાજનોનો, તમામ વિસ્તારોનો વિકાસ થાય એવું જો કોઇએ કામ શરૂ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. મારે શિક્ષણ વિશે પણ વાત કરવી છે કે આ દેશના અત્યારના લોકલાડીલા વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી ગુજરાતની ધૂરા સંભાળી ત્યારથી મારે કહેવું છે કે ૧૯૯૦ પહેલાં રાજયમાં ૧૯ જિલ્લા હતા અને તેમાં બનાસકાંઠા, પંચમહાલ અને ડાંગ જે શિક્ષણમાં છેલ્લા ક્રમે હતા તેમાં શિક્ષણમાં વ્યાપ વધારવાનું કામ કોણે કર્યુ ? મારે યાદ કરાવવુ છે કે, શિક્ષકો ન હતા, શાળામાં વર્ગખંડો ન હતા, શાળામાં કયાંય લાઇટ અને પાણીની સુવિધા રાજય સરકાર આપતી ન હતી. કયાંક એમ.એલ.એ.ની ગ્રાન્ટમાંથી, કયાંક પંચાયતે આપ્યું છે, મારે યાદ કરાવવું છે કે કયાંય પણ વીજળી માટે શાળાનો શિક્ષક ૨૬મી જાન્યુઆરી કે ૧૫મી ઓગસ્ટ કે એના વખતે લોક ભાગીદારીથી દાન મેળવીને શાળામાં વીજળી માટેનું એસ્ટીમેટ ભરતો હતો સહેજ યાદ તો કરો મારા મિત્રો. આ નરેન્દ્રભાઇએ ૨૦૦૩થી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીની જે શરૂઆત કરી, શરૂઆત કરી એટલે રાજયના મુખ્યમંત્રી, રાજયનું આખું મંત્રી મંડળ, ઉચ્ચ અધિકારીઓ, આઇ.એ.એસ., આઇ.પી.એસ., આઇ.એફ.એસ., રાજયના તમામ ગામડાંમાં અને બધીજ શાળાઓમાં જઇને ત્રણ દિવસ સુધી સચિવાલયનું કામ ગ્રામ વિકાસ માટે બંધ રહે, શિક્ષણ માટે અને સો ટકા શિક્ષણ તરફ જવા માટેનો અવિરત પ્રયાસ કર્યો છે અને જેને લીધે શિક્ષણનું સ્તર ઉંચુ આવ્યું છે. શિક્ષણના સ્તરમાં જયારે શાળા પ્રવૃત્તિમાં કન્યા કેળવણીની શરૂઆત કરી ત્યારે રાજયમાં આપણું જે નામાંકન થાય એ દર ૭૫.૭ ટકા હતો, એ ૨૦૧૪–૧૫માં ૯૮.૧૩ ટકાએ એટલે કે સો ટકાની નજીકમાં પહોંચ્યો છે. ડ્રોપ આઉટ રેશિયો ધોરણ એક થી છનો ૨૦.૯૩ ટકા હતો જે ૨૦૧૪–૧૫ માં ૧.૯૭ ટકા સુધી પહોંચ્યો. સાથે સાથે ધોરણ સાત સુધીનો જે ડ્રોપ આઉટ રેશિયો ૩૮.૯૨ ટકા હતો જે ઘટીને ૨૦૧૪માં ૬.૧ ટકા સુધી પહોંચ્યો છે. શિક્ષણનો સાક્ષરતા દર જે દરે વધી રહ્યો છે, છેલ્લા દશકામાં સમગ્ર હિન્દુસ્તાનમાં સાક્ષરતા દરમાં ૮.૬૪ ટકાનો વધારો થયો છે ત્યારે ગુજરાતની અંદર ૧૦.૧૭ ટકાનો વધારો થયો છે. આ શું બતાવે છે? સ્ત્રી સાક્ષરતા દર ભારતમાં છેલ્લા દશકામાં ૧૧.૭૯ ટકા થયો છે ત્યારે ગુજરાતની અંદર ૧૨.૯૩ ટકા સ્ત્રી સાક્ષરતા દર થયો છે.

આંતરમાળખાકીય સુવિધાઓની જેમ હું વાત પહેલાં કરતો હતો કે, કયાંય પીવાનું પાણી ન આપીએ, કયાંય વીજળી ન આપીએ, શૌચાલય પણ લગભગ કયાંક જ હતાં. ૨૦૦૧ સુધીમાં પીવાના પાણીની બાબતમાં જોઇએ તો, સમગ્ર રાજયમાં ૧૦૧૮૪ શાળાઓમાં પીવાના પાણીની ઉપલબ્ધી હતી. ૧૯૯૦ પહેલાં નહીં, ૧૯૯૦ થી ૯૫ની વાત છે. ૨૦૧૪માં લગભગ બધી જ શાળાઓને સો ટકા પાણીની સગવડતા આપવામાં આવી છે. શૌચાલય ૨૦૦૧ પહેલાં ૧૦૪૦૨ હતાં, જે અત્યારે દીકરીઓ માટે અને દીકરાઓ માટે, કન્યા અને કુમાર માટે લગભગ ૨૦૧૪માં બધી જ શાળાઓમાં પૂર્ણ કરવામાં આવ્યાં છે. કમ્પાઉન્ડ વોલ ૧૯૯૫ પહેલાં કયાંય જોવા નહોતી મળતી, પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૫માં આવી હતી અને કમ્પાઉન્ડ વોલની શરૂઆત કરી હતી. ૨૦૦૧ સુધીમાં ૧૦૨૯૨ શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ હતી, જે ૨૦૧૪–૧૫માં ૪૧ હજાર કરતાં પણ વધારે શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ કરવામાં આવી છે. આનાથી આગળ વધીને કહું તો, ૧૦થી ૧૬ વર્ષની દીકરીઓ કે જે કયારેય શાળાએ ગઇ ન હોય, શાળા જેમણે જોઇ નથી, એવી દીકરીઓ માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો શરૂ કરવામાં આવી, અને આ દીકરીઓ માટે અત્યારે ૯૧૭૫ દીકરીઓ આ નિવાસી શાળાઓમાં અભ્યાસ કરે છે. જેમાં એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., માઇનોરીટી અને બી.પી.એલ. પરિવારની તમામ દીકરોઓ આનો લાભ લઇ રહી છે. આનાથી આગળ વધીને કહું, તો કયારેય કોઇએ કલ્પના નહોતી કરી, સમગ્ર હિન્દુસ્તાનમાં મોટામાં મોટો કાર્યક્રમ ગુજરાતનો ગુણોત્સવનો કાર્યક્રમ, આદરણીય શ્રી નરેન્દ્રભાઇની આગેવાની નીચે ૨૦૦૯માં ગુણોત્સવનો કાર્યક્રમ શરૂ થયો અને આ કાર્યક્રમમાં શાળાનું સ્વમૂલ્યાંકન થાય અને

અત્યારે પણ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીથી માંડીને તમામ મંત્રી મંડળ, ઉચ્ચ અધિકારીઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ ગામડે ગામડે જઇને, રાજયના આઇ.એ.એસ, અધિકારીઓ કે રાજયના મુખ્ય સચિવશ્રી હશે એ ગામડે ગામડે જઇને કરે છે, ત્યારે કોઇએ કોઇ દિવસ કોઇ શાળાની મુલાકાત લીધી હતી? પણ અત્યારે તો આખો દિવસ ત્યાં શાળામાં રહે, અને સર્વગ્રાહી નીતિ નકકી કરવામાં, શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે જે કામ કર્યુ છે, એ અદ્વિતિય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૌતિક સુવિધામાં સહેજ યાદ કરાવું. મિત્રો, બે ટર્મ ગ્રાન્ટ આપતા હતા. ચોક અને ડસ્ટર માટે આપતા હતા. બીજું કશું હતું જ નહીં. ખુરશી લાવવા માટે પણ પૈસા ન હતા, અને વાતો કરો છો કે શું કર્યું? હા, ચોકકસ શરૂઆત કરી હતી, પા – પા પગલી કરી હતી, ખાબોચિયામાં હતા, અને ખાબોચિયામાંથી બહાર નીકળીને વિશાળ પ્રમાણમાં જે શરૂઆત થઇ છે, એને તો મિત્રો, ધન્યવાદ આપવા પડે કે જે સરકારે કામ કર્યું છે, આટલી શાળાઓ શરૂ કરી છે, ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉભી કરી છે. હું માધ્યમિક શાળાઓની વાત કરું તો એમ કહેવામાં આવ્યું કે પૂરતા શિક્ષકો નથી, પૂરતી ગ્રાન્ટેડ શાળાઓ નથી. મારે એ પૂછવું છે કે તમારા શાસનમાં માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા કોલેજો કેટલી હતી? સન ૨૦૦૧ સુધીમાં આઝાદ થયાને આટલા વર્ષો પછી પણ ગુજરાત રાજયમાં ફકત ૨૨ કોલેજો હતી. એ પછીના ૧૫ વર્ષના શાસનમાં ૬૨ કોલેજો આપી છે. કોઇ એક વર્ષ એવું બતાવો કે કોંગ્રેસની સરકારે દસ કોલેજો આપી હોય. ગયા વર્ષે જ આ રાજય સરકારે દસ નવી કોલેજો આપી છે. એની આગળના વર્ષે ૧૬ એમ કુલ મળીને છેલ્લા ત્રણ ચાર વર્ષમાં જ ૩૧ કોલેજો આપવામાં આવી છે.

હું મારા ઉત્તર ગુજરાતની વાત કરું તો ફકત વિસનગરમાં એક જ સરકારી વિજ્ઞાન કોલેજ હતી. અત્યારે આદિવાસી પટ્ટામાં ૨૫ કોલેજો તો આપી જ છે. સાથે સાથે આદિવાસી વિસ્તારમાં સાયન્સની કોલેજો પણ આપવામાં આવી છે. આ રાજય સરકારની નેમ છે કે રાજયનો એક પણ તાલુકા વિજ્ઞાન પ્રવાહની ગ્રાન્ટેડ શાળા વગરનો ન રહેવો જોઇએ. સાથે સાથે કયારેય કોઇએ પણ વિચાર્યુ નહિ હોય કે ગ્રાન્ટેડ શાળા મળે છે. આ રાજય સરકારે ઐતિહાસિક નિર્ણય કર્યો છે કે પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જે મહેકમ મંજૂર થયેલ હોય અને જયાં શિક્ષકો નથી ત્યાં એક વિદ્યાર્થી દીઠ ૭૫૦૦ રૂપિયા આપવાની સરકારે નીતિ નક્કી કરી છે એ નીતિના અનુસંધાને ગયા વર્ષે ૨૦ હજાર અને આ વર્ષે ૫૦ હજાર વિદ્યાર્થીઓ માટે જોગવાઇ કરી છે. આ રીતે આ સરકાર સારામાં સારું કામ કરી રહી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર છેલ્લા બે દિવસથી હું સાંભળી રહ્યો છું અને હમણાં એક વકતાશ્રીને સાંભળ્યા. બધામાંથી એકજ અવાજ નીકળે છે અને કહે છે કે કોંગ્રેસે કંઇ કર્યું નથી. આ દેશને જો કોઇએ આઝાદી અપાવી હોય તો એ કોંગ્રેસ પાર્ટીએ અપાવી છે. આ દેશ આઝાદ થયો ત્યારે આ દેશમાં એક ટાકણી પણ નહોતી બનતી આજે વિશ્વમાં જઇને વખાણ કરો છો તેવી મહાસત્તા બનાવવાનું કામ જો કોઇએ કર્યું હોય તો એ કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે.

કોંગ્રેસે આ દેશની અંદર સમાનતા અને અનામતો આપીને દરેક સમાજને સરખો રાખ્યો છે. એ રાખવા માટે જે સમાજો આર્થિક અને સામાજિક રીતે નબળા હતા એ બધાને ભેગા કરીને પછી એ દલિત સમાજ હોય કે આદિવાસી સમાજ હોય કે પછી બક્ષીપંચ સમાજ હોય એ બધાને અનામત આપવાનું કામ કર્યું હોય તો એ કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહે કહ્યું એ પ્રમાણે કોંગ્રેસે અનામત આપી છે એ વાત સત્યથી વેગળી છે. ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૩૨ના દિવસે બાબાસાહેબ આંબેડકરે પુના કરાર કરેલ એના અનુસંધાને અનામત આપી છે એટલે કોંગ્રેસે અનામત આપી નથી. તેથી આ શબ્દો કાઢી નાખવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : પુના કરારને લીધે અનામતની જોગવાઇ કરી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારે માનનીય મંત્રીશ્રી સાથે કોઇ વિવાદ કરવો નથી. પરંપરાઓની જાળવણી કોંગ્રેસ પાર્ટીએ કરી છે. હમણાં રાજયપાલશ્રીના પ્રવચન ઉપર ભૂતકાળની અંદર સન ૨૦૦૧ સુધી પરંપરા એવી હતી કે રાજયપાલશ્રીના પ્રવચન ઉપર ત્રણ દિવસ પૂરા થાય એના અંતે જે જવાબ આપવાનો થાય એ માનનીય મુખ્યમંત્રીશ્રીઓ આપતા હતા. ચીમનભાઇ પટેલ સાહેબ હોય, માધવસિંહ સોલંકી સાહેબ હોય, અમરસિંહ ભાઇ હોય કે શંકરસિંહ વાઘેલા સાહેબ હોય. ભૂતકાળની આ પરંપરા રહી છે. રાજય સરકાર સાચી રીતે આ પરંપરા જાળવી રાખવા માગતી હોય તો હું સરકારને વિનંતી કરું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રસ્તાવના છેલ્લા દિવસે તેમનું પ્રવચન આપે. તો અમને એ વાતનો આનંદ થશે કે આ પરંપરા જળવાઇ છે. તેનાથી આગળ વધીને વાત કરવી છે કે સરકાર એમ કહે કે અમે વિકાસના કામો કર્યા છે. મારે એ કહેવું છે કે કેન્દ્રમાં આ ગુજરાતનું વિકાસ મોડલ બનાવીને સમગ્ર ભારતમાં જીત્યા. એમ કહેવામાં આવ્યું કે ગુજરાતના પ્રાણપ્રશ્નો અમે ઉકેલીશું. સામે બેઠેલાં મારા મિત્રો એમ કહેતા હતા કે તમારી સરકારમાં ઉકેલ નથી આવતો. મારે આંકડા સાથે કહેવું છે કે ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના આંકડા જોશો તો ૮૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતને આપવામાં કેન્દ્ર સરકારે અન્યાય કર્યો છે. આની વાસ્તવિક સ્થિતિ આ કાગળ ઉપર છે. કેટલાય પ્રાણપ્રશ્નો પડ્યા છે. જે મિત્રો અહીં કહેતા હોય છે કે ભૂતકાળના સી.એમ.શ્રી કેન્દ્રમાં ગયા. બધાએ અહીં વિધાનસભામાં બોલાવીને અભિનંદન આપ્યા હતા. આજે બે–અઢી વર્ષ સુધી અહીંયાના પ્રાણપ્રશ્નો ઉકેલાયા નહીં તો અમને એમ થાય કે ગુજરાતમાં સમગ્ર દેશમાં નં.૧ તરીકે પૈસા આવતા હોત તો ચોક્કસ ખુશી થાત. અમે અભિનંદન આપ્યા હોત.

ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં નર્મદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. મારે નર્મદા માટે વાસ્તવિકતા એ કહેવી છે. અમે હંમેશા નર્મદાની માગણીઓ ઉપર સપોર્ટ કરતા આવ્યા છીએ અને એમ કહ્યું છે કે નર્મદા એક પાર્ટીની નહીં, સાડા છ કરોડ જનતાની છે. ભારતીય જનતા પાર્ટીએ તેમના ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યું હતું કે અમે ૨૦૦૫માં પૂરી કરીશું. આજે ૨૦૧૬ થઇ. આજે પણ નર્મદા યોજના પૂરી ન થઇ. તેનું માત્ર જો કોઇ કારણ હોય તો બેઠેલી સરકાર છે. મારે એ વાત કરવી છે કે ૪૦૦ ટકા નહેરોમાં ભાવવધારો આપ્યો. ૧૮ લાખ હેકટર જમીનને પાણી આપવાની વાત કરતા હતા આજે છ થી સાત લાખ હેકટરને પાણી આપી શકતા નથી. નર્મદા યોજના ક્યારે પૂરી થશે? ૯,૦૦૦ કોરોડ રૂપિયા ફાળવાય તેમાંથી ૭૦ ટકા પૈસા વપરાય. તેમાં ૩૩૦૦ કરોડ રૂપિયાની રકમ તો વ્યાજમાં જાય છે. મારે આ સરકારને પૂછવું છે કે આ નર્મદા યોજનાની વાતો કરીને ખરેખર નર્મદા યોજના ક્યારે પૂરી કરવા માગો છો? આજે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે એવી સ્થિતિ પેદા થઇ છે ત્યારે મારે સરકારને કહેવું છે કે આ ખોટી રીતે, જે રીતે પૈસા આપવામાં આવે છે. કેગનો રિપોર્ટ એમ કહે છે કે કે.જી. બેઝીન કંપનીને ૫,૦૦૦ કરોડ રૂપિયા આપણે આપી શકતા હોઇએ. ગેસનું એક બુંદ પણ ન નીકળતું હોય અને ૧૦ હજાર કરોડ રૂપિયા આપણે આપીને છેવટે શૂન્ય હોય. મારે આ સરકારને કહેવું છે કે આ કંપની કોની છે? કેવી રીતે આપો છો? તેના કરતા આ સાડા છ કરોડ જનતાની નર્મદા યોજના છે તેમાં ૧૦ હજાર કરોડ રૂપિયા આપો. ચોક્કસપણે ઉગી નીકળશે તેની હું ખાતરી આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જાની વાત થાય. મેં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું છે. ભૂતકાળમાં ૨૦૦૬ની અંદર પોતાના પાવર પ્લાન્ટનું ૨૭,૧૬૦ મેગાવોટ મિલિયન યુનિટ આપણે ઉત્પન્ન કરતા હતા. આ ગુજરાતને ગતિશીલ ગુજરાતનું નામ આપવામાં આવે. ગતિશીલ એને કહેવાય કે જે ગતિ પકડે. આજે ૧૦ વર્ષ પછી ગુજરાતના આપણાં પ્લાન્ટોની સ્થિતિ શું છે? તો ૧૦ વર્ષમાં ઘટાડો થયો અને ૧૫,૮૫૦ મિલિયન યુનિટ થયું. એટલે આ ગતિશીલ સરકારમાં ૧૧,૨૮૦ મિલિયન યુનિટનો ઘટાડો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, આપણા પ્લાન્ટ છે, આપણી સરકાર છે, આપણે ગતિશીલ હોઇએ, આપણે વહીવટમાં હોંશિયાર હોઇએ તો શા માટે ઉત્પાદનમાં ઘટાડો થાય છે? આ ગુજરાતની અંદર પ્રાઇવેટ લોકો આવે છે, ખાસ કરીને ખાનગી ઉત્પાદકો આવે છે. ૨૦૦૬માં એમનું ઉત્પાદન હતું માત્ર ૧૨૮૦૦ મિલિયન. આજે છેલ્લા દસ વર્ષમાં એ વધીને ૫૦૮૮૩ મિલિયન થયું છે. એનો અર્થ એ થયો કે પ્રાઇવેટ ઉત્પાદનમાં ચાર ગણો વધારો થયો છે અને આપણા ગુજરાતના ઉત્પાદનમાં દિન-પ્રતિદિન ઘટાડો થઇ રહ્યો છે. આ શું બતાવે છે? ગુજરાતનો વહીવટ એ માત્ર બહારના લોકોને ફાયદો થાય એ રીતે કરવામાં આવી રહ્યો છે ગુજરાતના લોકોને કોઇ ફાયદો થતો નથી. એ આપણે પ્રત્યક્ષપણે જોઇ રહ્યા છીએ. આજે વીજ બિલ દરમાં ખેડૂતોને રાહત આપવાની વાત થાય, ઘર વપરાશના બિલમાં રાહત આપવાની વાત થાય, પણ તેમને રાહત આપવામાં આવતી નથી. બીજા રાજ્યોની સરખામણીમાં જોઇએ તો આપણે ત્યાં દર નીચો છે. અહીંયાં નાના-મોટા ઉદ્યોગપતિઓને રાહત આપવા માટે સ્પેશિયલ બિલ લાવવામાં આવે છે. ડ્યૂટીમાં રાહત આપવાની વાત થઇ. ૪૫ પૈસે પ્રાઇવેટને આપવાની વાત થઇ. ૨૫-૨૫ વર્ષના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા. એ હિસાબે જોઇએ તો રોજના બે-ત્રણ કરોડ રૂપિયાનો ફરક પડે. ૩૦ વર્ષનો હિસાબ કરીએ તો કરોડો રૂપિયા થાય. આટલો ફાયદો આપણા ઘર-વપરાશકારોને આપ્યો હોત તો? આપણા ખેડૂતોને આપ્યો હોત તો? આપ સૌને ચોક્કસપણે આનંદ થાત. આ વખતે પણ સરકારે રૂ.૪૦૦/- કરોડનો વેરામાં ઘટાડો કર્યો છે. એનાથી આગળ વધીને કહું તો ઉદ્યોગપતિઓનો કેગનો રિપોર્ટ જોયો, એમાં ટાટા માટે ઘણા બધા પ્રોજેક્ટોની વાત થઇ છે. આપણને એમ થાય કે આ પ્રોજેક્ટની વેલ્યૂ કેટલી અને એનો લાભ ગણીએ તો કેટલો મોટો થાય? આ કેગનો નોંધાયેલો રિપોર્ટ છે. એને જમીનના ભાવ અને બીજી સુવિધા આપી એનો હિસાબ ગણીએ તો રૂ.૩૩,૦૦૦/- કરોડનો લાભ આપ્યો છે. વ્યાજનો રેશિયો ગણીએ તો ૦.૦૦૧ થાય. આપણા નાના-મોટા ઉદ્યોગને રાહત આપવામાં આવતી નથી. આજે ગુજરાતની અંદર ૫૦,૦૦૦ થી વધુ નાના-મોટા ઉદ્યોગો બંધ થઇ ગયા છે. એનું એક માત્ર કારણ હોય તો સરકારની દસ-પંદર ઉદ્યોગપતિઓને સાચવવાની નીતિ છે. તેઓ દિન-પ્રતિદિન આગળ વધી રહ્યા છે અને સંખ્યાબંધ નાના-મોટા ઉદ્યોગો બંધ થઇ રહ્યા છે. એવા સંજોગોમાં મારે મંત્રીશ્રીને કહેવું છે કે બધાને સાથે રાખીએ, બે બાજુ સરખું રાખીએ. અહિંના લોકો પીસાતા જાય છે, બહારથી આવનાર દસ-પંદર લોકોને ફાયદો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીમાં આપણે કહેતા હોઇએ છીએ કે ગુજરાત નંબર-૧ છે. મારે છાતી ઠોકીને કહેવું છે કે ગુજરાતમાં જે પ્રમાણમાં બેકારી છે, જે પ્રકારની સ્થિતિ છે એ ખૂબ જ દયનીય છે. આજે કોઇ જાહેરાત બહાર પડે ત્યારે લાખોની સંખ્યામાં અરજીઓ આવે છે. આજે સરકાર એમ કહે છે કે જ્યાં જોઇએ ત્યાં જગ્યાઓ ખાલી છે. દવાખાનામાં જગ્યાઓ ખાલી છે, દરેક કચેરીઓમાં જગ્યાઓ ખાલી છે, મહેકમની જગ્યાઓ ખાલી છે. સરકાર મોટી મોટી જાહેરાતો કરે છે કે અમે આટલું બજેટ ફાળવીએ છીએ. પરંતુ ડિસેમ્બરની ૧૫મી તારીખ સુધીમાં બજેટના માત્ર ૫૪ ટકા ખર્ચ થયો છે. તેથી ખરેખર જે બજેટ ફાળવવામાં આવે છે એ વપરાવવું જોઇએ. આટલી બધી ખાલી જગ્યાઓ છે તો એ ભરવી જોઇએ. જેથી આપણે બધાને આનંદ થાય. મેં એક નાનકડા પેપરમાં વાંચેલું. બહુ મોટો ભાર થવાથી તલાટીએ આત્મહત્યા કરી. તલાટી પર ભાર વધ્યો એટલે એણે આત્મહત્યા કરી. આવું જો અનેક જગ્યાએ થતું હોય તો મારે સરકારને વિનંતી કરવી છે કે સરકાર આ મહેકમ ભરવાની કોશીશ કરે. નરોત્તમકાકા પાણીની વાત કરતા હતા. કદાચ નરોત્તમકાકા વડીલ છે એટલે એમની બાબતમાં કશું નથી કહેવું પણ એટલું ચોકકસ કહીશ કે તમે જયાં જન્મ્યા છો એ વતનમાં પૂછો કે આજે દિનપ્રતિદિન હજાર ફૂટે પાણી જતા ગયા છે. ત્યાં આગળ ફલોરાઇડવાળું પાણી આવે છે. નર્મદાનું જે પાણી આપવાની વાત કરી હતી એ નર્મદામાં સરસ્વતી નદીમાં ૧૨૦ કરોડ રૂપિયા ખર્ચીને પાણી નાખવાની વાત થઇ. પૂરા ભારતની અંદર એની કેસેટ બતાવીને કેટલા પ્રકારના ફાયદા કર્યા હશે એ તો ભગવાન

જાણે પણ આ સરસ્વતી નદીમાં કમસેકમ બાર વખત પાણી નાખ્યું ખરું? આ તમારા આત્માના અવાજને પૂછો તો એમ લાગે કે આ સમગ્ર વિસ્તારની અંદર પાણી નંખાણું હોત તો લોકોની શ્રદ્ધાનો વિષય બદલાત. અમારા દરિયાના પાણી ઉંચા આવ્યા હોત નરોત્તમકાકા. આજે અમે જે રીતે પાણી પીએ છીએ અમારા ઢીંચણ બગડી ગયા એટલું બધું ફલોરાઇડનું પ્રમાણ છે. હાઇકોર્ટે એમ કીધું છે કે આ પીવાલાયક પાણી નથી. કદાચ આપ રહ્યા હતા એ વખતે આ થયું હોત તો લોકો તમને પૂજેત. એમ થાત કે નરોત્તમકાકા સારામાં સારું કામ કરીને ગયા. વિશેષ વાત નહીં કરું પણ એટલું જ કહુ છું કે આ સરકારની રાજનીતિ અહીંયા આગળ જે બોલે એની પરંપરા છે એ પરંપરા જળવાય અને બે બાજુ સરખું થાય એવી વિનંતી. જય હિન્દ, જય ભારત.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતના રાજયપાલ મહોદયે જે આપણી સભા સમક્ષ સંબોધન કર્યુ હતું એનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલે મૂકયો છે એમાં હું સમર્થન કરવા માટે મારા વિચારો આપની સમક્ષ રજૂ કરું છું. રાજયપાલ મહોદયે આપણા સભાગૃહમાં આવીને આરોગ્ય અને પરિવાર કલ્યાણની જે બાબતોની આપણી સમક્ષ વાત કરેલી, છેલ્લા કેટલાય સમયથી આ સરકારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રે ખૂબ નોંધપાત્ર કામગીરી કરી હતી એના અનેક ઉદાહરણો આ સભા સમક્ષ આપણને રજૂ કર્યા હતા અને એનું સમર્થન પણ કરુ છું. હું આદિવાસી વિસ્તારમાંથી આવુ છું. લગભગ ૧૯૯૦ પહેલાના સમયમાં મારા નર્મદા જિલ્લા અને આખા ગુજરાત રાજયમાં આદિવાસી વિસ્તારમાં માતા મૃત્યુદર અને બાળમૃત્યુદરનું પ્રમાણ લગભગ એટલી બધી ખરાબ સ્થિતિમાં હતું કે સંસ્થાગત સુવાવડો ના થાય, આદિવાસીઓની અજ્ઞાનતાના કારણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની એટલી બધી સગવડો પણ નહોતી. દૂર શહેરના દવાખાના સુધી લઇ જવાય એવી કોઇ પરિસ્થિતિ તે સમયમાં નહોતી. દવાખાને પહોંચે તે પહેલા રસ્તામાં સુવાવડ થાય અથવા ગામડાંમાં ઘેર સુવાવડ કરવાથી માતાનું મૃત્યુ અને બાળકનું મૃત્યુ થતું હતું અને એના લીધે જન્મદર જે આપણો સચવાવો જોઇએ અને બાળક અને માતાનું આરોગ્ય સચવાવું જોઇએ એ નહોતું સચવાતું આ દ્રષ્ટિએ રાજય સરકારે વસતિ સ્થિરતાનું ધ્યેય હાંસલ કરવા માટે ખૂબ સારી સવલતો પૂરી પાડી. માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી આખા રાજયમાં તમામ સ્ત્રીઓમાં બ્રેસ્ટ અને ગર્ભાશયના મુખના કેન્સરની સમસ્યા હતી. છૂપા રોગો હતા જેથી શરમજનક સ્થિતિમાં સ્ત્રીઓને મૂકાવું પડતું હતું. લોકોને કહી ના શકે એવી બાબત હોવાને કારણે કેટલાય લોકોનું આમાં મૃત્યુ થતું હતું. ઘણા વર્ષો પહેલાં એમ કહેવાતું હતું કે કેન્સર થાય એટલે માણસ કેન્સલ થઇ જાય એવી આપણી માન્યતા હતી. સ્ત્રીઓમાં આવા છુપા રોગના કારણે બહાર કોઇને કહી શકતી ન હતી એના કારણે આવી ગંભીર બિમારી માટે આપણા રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ આવી શંકાસ્પદ સ્ત્રીઓનું ચેક-અપ કરાવી સારવાર કરાવવાનો નિર્ણય કર્યો અને આવી હજારોની સંખ્યામાં ચેક-અપ કરાવી અને બ્રેસ્ટ કેન્સરની શક્યતાના ૪૨૩૦૦ કેસો શોધી કાઢયા અને ૫૯૫ દર્દીઓને બ્રેસ્ટ કેન્સર અને ૧૮૮ દર્દીઓને સર્વાઇકલ કેન્સર હોવાનું નિદાન થયું. આ બધા દર્દીઓને નિઃશુલ્ક સારવાર રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી એ એક ખૂબ પુણ્યશાળી કાર્ય કર્યું છે. મા અમૃતમ્ યોજના કે જે બી.પી.એલ. કાર્ડધારકો માટે આ યોજના બહાર પાડી હતી અને આ યોજનામાં લગભગ ૨ લાખ રૂપિયા સુધીની મફત સારવાર હૃદય રોગ, કીડનીના રોગો જેવા મોટા રોગો માટે આપવામાં આવતી હતી. મને યાદ છે કે આ ગૃહમાં આપણા ગ્યાસુદીનભાઇ કે જે કોંગ્રેસના ધારાસભ્ય છે એમણે માનનીય મુખ્યમંત્રીશ્રીને કહ્યું હતું કે, તમે માત્ર બી.પી.એલ.ને શા માટે સહાય કરો છો? શહેરોમાં અને ગ્રામ્ય વિસ્તારમાં એવા ઘણા લોકો છે કે એમને આની જરૂરિયાત છે. એના માટે મા અમૃતમ વાત્સલ્ય યોજનાનો અમલ કરી અને આખા રાજ્યમાં યોજનાનો અમલ કર્યો અને આજે લાખો લોકો રાજ્યમાં આ યોજનાનો લાભ લઇ રહ્યા છે. સરકારશ્રીની સારી નીતિઓના કારણે આ બધું શક્ય બન્યું છે. મારા આદિવાસી વિસ્તારના બાળકો અને માતાઓના આરોગ્યની જાળવણી થાય અને એના ઘર સુધી એમ્બ્યુલન્સ એને મૂકવા જાય એના માટે મા ચિરંજીવી યોજના એ ખૂબ સારી યોજના છે અને ૧૦ લાખ લોકોએ એનો લાભ લીધો છે. ગરીબી રેખા હેઠળની બહેનોની ખાનગી સ્ત્રી રોગ નિષ્ણાતો મારફતે વિનામૂલ્યે પ્રસુતિ થાય એના માટે આ યોજના છે. વર્ષ ૨૦૦૫-૦૬માં ૫૪.૭ ટકા સંસ્થાકીય પ્રસુતિનું પ્રમાણ હતું તે વધીને હાલમાં લગભગ ૯૮ ટકાએ પહોંચ્યું છે. સરકારશ્રીની આ યોજનાથી પ્રજામાં વધારે જાગૃતિ આવી છે અને આ ચિરંજીવી યોજનાની સફળતાના કારણે આપણા બાળકો થકી ગુજરાતનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી સ્વસ્થ ગુજરાતનું નિર્માણ કેવી રીતે થાય અને ગુજરાતનું ભવિષ્ય આ બાળકો મારફતે ખૂબ તંદૂરસ્ત બને એના માટે સરકારે અનેક પ્રયત્નો કર્યા છે. અમારા આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યામાં ખૂબ મોટો વધારો થયો છે. ઊંડાણના વિસ્તારમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અમારા વિસ્તારમાં જે વર્ષો પહેલાં એક આરોગ્ય કેન્દ્ર હતું એની જગ્યાએ આજે ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને એક સામૂહિક આરોગ્ય કેન્દ્ર બન્યું છે. એના દ્વારા ઊંડાણના વિસ્તારના લોકોને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. આજે આદિવાસી વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં આરોગ્ય કેન્દ્રો ઉપલબ્ધ થયા છે એના કારણે ખૂબ સારી આરોગ્યની સેવાઓ મળી રહી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની વાત કરીએ તો જાણે ઘણી વખત અતિશયોક્તિથી વાત થતી હોય તેમ લાગે પણ એ અતિશયોક્તિ નથી. યમરાજ પણ એમ કહેતા હોય કે મારી પહેલાં ૧૦૮ પહોંચી જાય છે. ૧૦૮ માટે એ અતિશયોક્તિભરી વાત નથી. ખૂબ સારી સેવાઓ મળે છે. વન વિસ્તારમાં જ્યાં ૧૦૮ની સેવાઓ મેળવવા માટે મોબાઇલની કનેક્ટિવિટી નથી એવા વિસ્તારમાં હમણાં જ સરકારે વન સંજીવની નામનો પ્રોજેક્ટ ઉભો કર્યો છે. વન કર્મચારી વાયરલેસ ઉપર ખબર આપે કે ફલાણા ગામે ૧૦૮ ની જરૂર છે અને દર્દીને લેવા જવાનું છે તો ૧૦૮ વાયરલેસથી ફોન કરી જે તે ગામમાં કનેક્ટિવિટી માટેની ખૂટતી કડી પૂરી પાડવાનું કામ વન વિભાગ કરે છે. વન સંજીવની પ્રોજેક્ટ એક જિલ્લામાં શરૂ થયો હતો જે આજે આખા ગુજરાતમાં ચાલુ કર્યો છે. આ સિવાય ખૂબ વંશપરંપરાગત

આનુષંગિક રોગ આદિવાસી વિસ્તારની અંદર સિકલસેલ, એનિમિયાનો છે. ઘણાં વર્ષોથી વાતો કરીએ છીએ. સિકલસેલ એનિમિયાને રોકી શકાય એવી દવા બની નથી ત્યારે એનો આનુષંગિક રીતે કેવી રીતે ઉપચાર થાય, લોકોને કેવી રીતે ખબર પડે, આખા રાજ્યમાં આદિવાસી વિસ્તારની અંદર લગભગ ૮૬ લાખ જેટલા લોકોનું સ્કેનિંગ કરીને એમાંથી ૨૯,૩૨૬ સિકેલસેલ એનિમિયાના કેસ શોધી કાઢીને સારવાર હેઠળ છે. માનનીય નીતિનભાઇ પટેલ અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનો આ તબક્કે ખૂબ મોટો આભાર માનીએ કે આટલી મોટી આરોગ્યની સેવાઓ પૂરી પાડી છે. એક મારા વિસ્તારનો દાખલો આપું. શાળા આરોગ્ય કાર્યક્રમમાં અનેક બાળકોની તપાસણી કરવામાં આવે છે. અનેક પ્રકારના રોગો નીકળે છે એમાંથી હૃદય રોગ, કીડનીના અને અનેક પ્રકારના બાળકોને ગંભીર રોગો, જે બાળકોની તપાસ ના કરવાથી ખરેખર એની જિંદગી બરબાદ થઇ જાય તેવા લગભગ ૪૨૦૦ હૃદયના, ૧૧૭૬૧ કેન્સર, બોનમેરો, લિવર ટ્રાન્સપ્લાન્ટ અને કોકલિયર ટ્રાન્સપ્લાન્ટ ૬૨૦૦ જેટલા સુપર સ્પેશ્યાલિટીના કેસોનો આ તબકકે સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે મારે માનનીય નીતિનભાઇનો એક દાખલો છે. કોકલિયર પ્લાન્ટ બે વર્ષનું એક મુંગું!–બહેરું બાળક હતું. જ્યારે મેં નીતિનભાઇ પટેલ સાહેબને કીધું કે, આ બે વર્ષનું બાળક આંગણવાડીમાં અને પ્રાથમિક શાળામાં પણ નથી જતું તો એની શું અસર થાય? એનું ભવિષ્ય આના ઉપર જોડાયેલું છે. માનનીય નીતિનભાઇ પટેલ સાહેબે અને માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબે તાત્કાલિક આનો સમાવેશ કરી કોકલિયર પ્લાન્ટ જે બાળકને કાનમાં ફિટ કરીને સાંભળતું થાય, બોલતું થાય તેવા પ્રકારનો એક નિર્ણયાત્મક નિર્ણય લીધો હતો. આ તબક્કે આખા વિસ્તારનો, ગુજરાત રાજ્યની વસતિનો વિષય આવે છે.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ ઉપર મારાં વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું બોલવા ઊભો થયો છું ત્યારે આ ગુજરાતની અંદર જો મોટામાં મોટું નૂકસાન થયું હોય તો આદિવાસી સમાજને નૂકસાન થયું છે. મારે કહેવું છે કે, આ ગુજરાતનો કોઇપણ વ્યક્તિ પોતાની માલિકીની જમીન અમદાવાદમાં હોય, વડોદરામાં હોય, સુરતમાં હોય છતાં મારે દુ:ખ સાથે કહેવું છે કે, ગુજરાતની અંદર કોઇપણ આદિવાસી પોતાની જમીન એન.એ. કરાવી શકતો નથી એ બધા માટે દુ:ખની બાબત છે. એના માટે અમે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને અને આ સરકારના લાગતા વળગતાને રજૂઆત કરી પણ આદિવાસીઓનો વિકાસ થાય એમાં કોઇને રસ નથી. એના માટે મારે આ ગૃહની અંદર બીજી પણ વાત કહેવી છે. અમારી જે આદિવાસી વિકાસ પરિષદ ચાલતી હોય છે. આદિવાસી વિકાસ પરિષદ આદિવાસીઓનું ગુજરાતની અંદર કોઇને નૂકસાન થતું હોય એના માટે જો દેખરેખ રાખવાની જવાબદારી આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની જ હોય છે. અમે વારંવાર રજૂઆત કરીએ છીએ. અમને ઘણી તકલીફો પડતી હોય છે. તમે ત્રણ મહિનાની અંદર આ આદિવાસી સલાહકાર સમિતિની મિટીંગ બોલાવો પણ એક એક વર્ષ થાય છતાં પણ આદિવાસીઓની ચિંતા કરવામાં નથી આવતી. હા, એની મિટીંગ બોલાવવામાં આવે છે ખરી પણ એનો એજન્ડા ફિક્સ હોય છે. અમારે જ્યારે પ્રશ્નો પૂછવાના હોય છે એ પ્રશ્નો પણ લેવામાં આવતા નથી. આપણ આદિવાસી, દલિતો, ઓ.બી.સી. સમાજની પણ વાત કરીએ છીએ. હું આજે આ સ્થળે અહીંયા આવીને કહું છું કે દલિત હોય, આદિવાસી હોય, ઓ.બી.સી. હોય આ સમાજનો જો કોઇ વિરોધી હોય તો આ ભારતીય જનતા પાર્ટી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું તમને કહેવા માગુ છું કે, જેવી રીતે અહીંયા કહેવામાં આવ્યું કે ડો. બાબસાહેબ આંબેડકરે બંધારણ ઘડ્યું. ઘણાં એ કીધું કે કોંગ્રેસે બંધારણ નથી ઘડ્યું પણ બંધારણ પ્રમાણે આદિવાસી સમાજને ૧૪ ટકા અનામત આપવામાં આવી, દલિત સમાજને ૭ ટકા અનામત આપવામાં આવી, ઓ.બી.સી.ને પણ અનામત આપવામાં આવી પણ આ સરકાર આ બંધારણનો અમલ કરતી નથી. બંધારણનો છડેચોક ભંગ થાય છે. આજે ગુજરાતની અંદર ગલીએ ગલીએ જાવ ત્યારે આદિવાસી સમાજ, દલિત સમાજ, ઓ.બી.સી. સમાજ આજે દુ:ખની અંદર પસાર થઇ રહ્યો છે

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધી વાતો કરીએ છીએ કે, દલિત સમાજને અમે આગળ લાવ્યા, આદિવાસી સમાજને અમે આગળ લાવ્યા, ઓ.બી.સી. સમાજને અમે આગળ લાવ્યા. હું આ બધા લોકોને પૂછવા માગુ છું કે, આટલા વીસ –પચીસ વર્ષોની અંદર કોઇ આદિવાસી, દલિત માટે કોઇ ઉદ્યોગ સ્થાપવા માટે કોઇ જી.આઇ.ડી.સી.માં તમે કોઇ પ્લોટ આપ્યો છે ખરો ? એક પણ તમે ગુજરાતની અંદર કોઇ આદિવાસીએ ઉદ્યોગ સ્થાપ્યો હોય એવો દાખલો બતાવો? આપણે ઘણી વાતો કરતા હોઇએ કે, આદિવાસીઓ, દલિતો માટે આપણે આ કામ કર્યું. આ ગૃહમાં એમ કહેવામાં આવે છે કે, આદિવાસીઓ, દલિતો અને ઓ.બી.સી. હેલિકોપ્ટર ઉડાડતા થઇ ગયા છે. હેલિકોપ્ટર ઉડાડવાની વાત તો એક બાજુ રહી, પાયલોટ બનાવવાની વાત એક બાજુ રહી પણ પહેલાં એસ.ટી. ખાતાના ઠાઠિયા બસોના ડ્રાયવર પણ જો તમે એમને બનાવ્યા હોત તો આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જ્યારે આ ગૃહમાં પેલા *(×××) વાત યાદ આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જમીનોની વાતો કરીએ છીએ. ભારતીય જનતા પક્ષે એક પણ સરકારી જમીન કોઇ ગામમાં રહેવા દીધી છે ખરી ? કોઇ જગ્યાએ ગામતળ રહેવા દીધું ખરું ? એક પણ આ ગુજરાતની અંદર કોઇ ગામમાં યોજના બનાવવી હોય તો કોઇ જગ્યાએ ગામતળ બાકી રાખ્યું નથી. કોઇ જગ્યાએ સરકારી જમીન બાકી રાખી નથી. સામાન્ય માણસ પોતાનું મકાન બનાવવા માગણી કરે છે ત્યારે એની કશી વાત થતી નથી.

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૬

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આજે દલિત સમાજની હું વાત કરીશ. દલિત સમાજને આ ગુજરાતમાં મોટામાં મોટો અન્યાય થયો છે. મારા ખેડબ્રહ્માામાં ટ્રાયબલ-સબ-પ્લાનમાં એક શ્રી પરમાર નામના પ્રાયોજના વહીવટી અધિકારી હતા. પ્રાયોજના વહીવટી અધિકારીએ આ મહિના પહેલાં આ સરકારના ત્રાસના લીધે રાજીનામું આપી દીધું. એના પહેલાં એક શ્રી સી.બી.પરમાર કરીને પણ એડિશનલ કલેકટર હતા એમને પણ કલેકટર તરીકે પ્રમોશન આપવાનું હતું પણ આ સરકારે એક દલિત હોવાના કારણે એને પ્રમોશન નહીં આપ્યું અને એણે પણ રાજીનામું આપી દીધું. એક બીજી પણ વાત કરીશ મને જાણવા મળ્યા પ્રમાણે સ્પીપામાં એક અમરાજી કરીને આઇ.એ.એસ. કલેકટર કક્ષાના અધિકારી છે એને કલેકટરનું પ્રમોશન આપ્યું ખરું મહામુસીબતે, પણ એને કોઇ જિલ્લાની જવાબદારી ન આપી. આજે એ વર્ષોથી કઇ જગ્યાએ છે ? એ સ્પીપામાં કોઇ જગ્યાએ ખૂણામાં ધકેલી દીધા છે. તમે કેવી રીતે દલિત સમાજની વાતો કરો છો ? દલિત સમાજને તમે કોઇ જગ્યાએ ન્યાય નથી આપ્યો એટલે મારી આપને વિનંતી છે. આપણે ઇંદિરા આવાસની વાતો કરીએ છીએ. આપણે બધા કહીએ છીએ કે ઇંદિરા આવાસમાં ૧ થી ૧૪માં ગુજરાતનો કોઇ પણ લાભાર્થી બાકી નથી. વાતો કરીએ છીએ આપણે પણ ૧ થી ૧૪માં લાખ્ખો લાભાર્થીઓ આ ગુજરાતમાં બાકી છે. અને આ ગૃહમાં હું ખાતરી આપું છું કે, સરકાર અહીંયા જાહેરાત કરે છે કે, એક પણ બાકી નથી પણ એનો જોઇતો હોય તો હું પુરાવો આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી,નાના નાના માણસો સાથે કેમ અન્યાય કરવામાં આવે છે? ઇંદિરા આવાસના જ્યારે પૈસા લેવાની વાત આવે છે. જ્યારે પૈસા લેવામાં આવે છે ત્યારે બે ખાડા બનાવો. એક ખાડો બનાવો, બીજો ખાડો બનાવો. હું તમને બધાને પૂછવા માગુ છું અહીંયા બેઠેલા બધા એમને કે તમારું પણ શૌચાલય બનાવો છો ત્યારે તમે બે ખાડા બનાવો છો ખરા ? ખાડો તમે એક બનાવો છો, ગરીબ માટે કેમ બે ખાડા ? શેના માટે બે ખાડા અને એનું તમે કેટલું માપ રાખ્યું છે ? એના લીધે આખા ગુજરાતની અંદર, આ ગરીબ માણસોના આ બે ખાડાને લીધે આજે એનું પેમેન્ટ બાકી રહી ગયું છે એટલે તાત્કાલિક એ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ એક વાત કરવામાં આવી છે, બધી જગ્યાએ આપણે રજૂઆત કરતા હોઇએ છીએ. મારા મત વિસ્તારમાં ઘાસચારાની ઘણી તંગી છે ત્યારે અમે બધી જગ્યાએ રજૂઆત કરીએ છીએ ત્યારે એવું કહે છે કે, ઢોરો મરી જાય એનો ફોટો લાવો અને ઢોરો મરી જાય એના પછી અમે ઘાસચારો આપીશું. મારી એક વિનંતી છે કે, રાજસ્થાનની અંદર ઘાસચારો લાવીને ત્યાં પશુધનને અત્યારે બચાવવાની કામગીરી કરે છે. એ રીતે કોઇ જગ્યાએ અછત જાહેર નહીં કરો છતાં પણ ત્યાં ઘાસચારા માટેની તાત્કાલિક વ્યવસ્થા કરવી જોઇએ. આપણે બધી જગ્યાએ કહીએ છીએ કે, ટ્રાયબલ વિસ્તારની અંદર જુથ યોજના દ્વારા એના ઘરે ઘરે નળ આપ્યા છે. હું પૂછવા માગુ છું મારા ટ્રાયબલ વિસ્તારના ઘણા વડીલ ધારાસભ્યો પણ છે. આદિવાસી કોઇ જગ્યાએ નળથી પાણી પીવે છે ખરો? આપણે ખાલી વાતો કરીએ છીએ. ગુજરાતમાં એક પણ જગ્યાએ પ્રોજેકટ યોજના ચાલુ નથી. હેન્ડપંપથી પાણી લેવા જવું પડે છે. હેન્ડપંપના પાણીના તળ નીચે જતા રહ્યા. હેન્ડપંપની પાણી ખેંચવાની કેપેસીટી ૧૨૦ ફુટ હોય છે પણ ગમે તેટલા પાણી પુરવઠાના મંત્રીઓ બદલાયા પણ આદિવાસી હેન્ડપંપ સિવાય કેવી રીતે પાણી પીવે એના માટે કોઇ વ્યવસ્થા કરી નથી. આપણે ગુજરાતની કોઇપણ ઓફિસમાં જઇએ. સચિવાલયમાં જઇએ, તાલુકા પંચાયતમાં જઇએ, જિલ્લા પંચાયતમાં જઇએ, કલેકટર ઓફિસમાં જઇએ મારે દુઃખ સાથે કહેવું છે જયારે ઓફિસમાં જઇએ ત્યારે *(×××) હું વિનંતી કરું છું કે પરિપત્ર કરે અને ભારતના જે ઘડવૈયા છે.(અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ કાં તો જે તે ઓફિસનું નામ અને સ્થળ બતાવીને આવો આક્ષેપ કરવો જોઇએ. બાંધ્યા ભારે આવા ખોટા આક્ષેપ કરવાનો કોઇ મતલબ નથી અને ડો. બાબાસાહેબ આંબેડકરનું સન્માન અમારા ભારતીય જનતા પક્ષે જેટલું કર્યું છે, કોંગ્રેસે કદી કર્યું નહોતું. તમે સતત એમની અવગણના કરી છે અને અત્યારે અશ્વિનભાઇ, ખોટી વાત ન કરો અને એમને પૂછો અને રેકર્ડ ઉપરથી રદ કરો સાહેબ. એ પર્ટીકયુલર ઓફિસનું નામ આપે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, અમને એવું લાગતું હતું કે આ વખતે જયારે નવું સત્ર ચાલુ થશે ત્યારે હવે પછી ગુજરાતના મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ જ હશે.

શ્રી શંભુજી એ. ઠાકોર (ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહને મહામહિમ રાજયપાલશ્રીએ સંબોધન કર્યું અને તેમના માટે આભાર પ્રસ્તાવ લઇને આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આવ્યા છે અને તેમને અમારા અમદાવાદના ધારાસભ્યશ્રી જગદીશભાઇ પંચાલે ટેકો આપ્યો છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. આજે ગુજરાતનો જે રીતે સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે. કોંગ્રેસના શાસનમાં વિકાસ ગોકળ ગાયની ગતિની માફક ચાલતો હતો. આજે મારે વાહન વ્યવહારની ચર્ચા કરવી છે ત્યારે, એ વખતે એસ.ટી. હતી પણ એસ.ટી. કાચા રસ્તામાં ચાલતી હતી. ૧૯૭૦ની વાત કરું તો હું એસ.ટી.માં કલોલથી કડી તાલુકાના ચારોલ ગામે જવા નીકળ્યો હતો. વિરજ ગામ આવ્યું અને વરસાદ પડયો ત્યાંથી આગળ બસ જઇ શકે એમ નહોતી. વિરજના એક પેસેન્જર અમારી સાથે હતા એ અમને એમના ઘરે લઇ ગયા અને એમના ઘરે અમને સુવડાવ્યા. એ પછી ૧૯૮૪ની વાત કરું. શેરથાથી ગાંધીનગર કોર્ટમાં આવવા માટે અમે એસ.ટી.માં આવીએ. ઉવારસદથી કાચું નાળીયું, બે અઢી ફુટ ઉંડુ નાળીયું. એમાં જો સામે ગાડું મળે તો એસ.ટી. પાછી લેવી પડે અને અમે સમયસર કોર્ટમાં પહોંચી શકતા નહોતા એવા કોંગ્રેસના શાસનમાં વાહનવ્યવહાર માટેના રસ્તા હતા. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં નરેન્દ્રભાઇ મોદીસાહેબે બોમ્બે-અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટ માટેના કરાર કર્યા છે. અમદાવાદનો જે રીતે વિકાસ થઇ રહ્યો છે, અમદાવાદના વિકાસ માટે

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વાહન વ્યવહારની જરૂર પડે છે એ માટે થલતેજથી વસ્ત્રાલ સુધી મેટ્રો રેલના પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ફેઝ–રમાં જીવરાજપાર્કથી મારા મોટેરા મત વિસ્તાર સુધી મેટ્રો રેલના પ્રોજેકટનું ખાતમુહૂર્ત કર્યું છે. આ વખતના બજેટમાં મોટેરાથી ગાંધીનગર માટે મેટ્રો રેલ માટે જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે આ ગુજરાતનો જે રીતે વિકાસ થયેલો છે. અમારા સુરતના ધારાસભ્યશ્રીઓ કહેતા હોય સુરતથી ગાંધીનગર આવવું હોય તો પહેલાં અમને ૭ કલાક થતા હતા. આજે અમે ૩ કલાક કે સાડા ત્રણ કલાકમાં ગાંધીનગર પહોંચીએ છીએ. આ વાહન વ્યવહારની સાથે સાથે રસ્તાઓનો વિકાસ થયો છે. આજે વાહનોની સંખ્યાની વાત કરીએ તો વર્ષ ૨૦૦૦ માં પર લાખ વાહનોની સંખ્યા હતી. આજે તે વધીને ૨૦૧૫ સુધીમાં ૨.૬૦ કરોડ વાહનો નોંધાયાં છે. આજે લાઇસન્સ માટે સ્માર્ટ કાર્ડ ડ્રાઇવિંગ લાઇસન્સ આપવામાં આવે છે અને એ સ્માર્ટ કાર્ડ સરળતાથી ઇસ્યુ થાય તે માટે એક નવી કંપની સાથે કરાર કરીને ૫ વર્ષ સુધી આ અંગેની કામગીરી કરવામાં આવશે અને એના માટે આ વખતે બજેટમાં પણ તેની જોગવાઇ કરી છે. મોટર વાહન વેરો જે લેવામાં આવે છે તે દ્વી–ચક્રિય વાહનો કાર તેમજ નવાં ગુડ્ઝ વાહનો ઉપર ઉચ્ચક વેરો લેવામાં આવે છે અને મોટાં ગુડ્ઝ વાહનો તેમજ બાંધકામ કે બીજાં વાહનો માટે આ વેરો રિકરિંગ ધોરણે લેવામાં આવે છે. સને ૨૦૦૧–૦૨ માં વેરાની આવક ૭૮૫ કરોડની હતી. જે વધીને વર્ષ ૨૦૧૫–૧૬ સુધી ૨૫૧૪.૭૩ કરોડની આવક આ વાહન વેરામાંથી થયેલ છે. વેરાના માળખાને તર્કસંગત અને સરળ બનાવવા માટે મોટર વાહન વેરાના આજે ૬૭ પ્રકારના દરો અમલમાં હતા, તેની જગ્યાએ સરળતા થાય તે માટે તેમાં ફેરફાર કરીને ૧૪ પ્રકારના વેરા રાખવામાં આવેલ છે. ગાંધીનગરમાં કોંગ્રેસના શાસનમાં આર.ટી.ઓ. ઓફિસ એક રહેણાંકના મકાનમાં હતી. ગુજરાતે ૨૦૧૦–૧૧ માં સ્વર્ણિમ વર્ષની ઊજવણી કરી અને ગાંધીનગરમાં અદ્યતન આર.ટી.ઓ. ઓફિસ સેક્ટર–૩ માં બનાવવામાં આવી. એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી રણજિતભાઇ ગિલિટવાલાની સાથે હું ઉદ્દ્ઘાટનમાં ગયો હતો અને ત્યારે મને કહ્યું ધારાસભ્યશ્રી ક્યાં છે? મેં કહ્યું હું પાછળ જ છું. તેમણે કહ્યું આ ચાવી તમારા હસ્તે આપવાની છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આ રીતે આર.ટી.ઓ.નો વિકાસ થઇ રહ્યો છે. કોમ્પ્યુટરાઇઝેશન યોજના અંતર્ગત બધી આર.ટી.ઓ. કચેરીમાં થતી કામગીરીનું કોમ્પ્યુટરાઇઝેશન કરવું તેમજ લોકોને માહિતી, તકનિકી નવાં સાધનોનો ઉપયોગ કરીને ઓનલાઇન સેવા પૂરી પાડવા માટે આ સરકારે યોજના હાથ ધરી છે. દરેક જગ્યાએ કચેરીઓમાં લાઇસન્સ માટે જઇએ ત્યારે એક ઓફિસમાંથી બીજી ઓફિસમાં જવું પડતું હતું. આજે ભાજપના શાસનમાં તેના માટે સીંગલ વિન્ડો સિસ્ટમથી એક જ જગ્યાએથી લાઇસન્સ મળે છે. રાજ્યનાં ૫૮ ટકા ગામડાંને પરિવહન સેવા પૂરી પાડવામાં આવી રહેલ છે. રાજ્ય સરકારની સહાયથી ૨૦૧૬–૧૭ માં ૭૦૦ એક્સપ્રેસ ૧૨ મીટર લાંબી ગુર્જર નગરી બસો, ૧૦ મીટર લાંબી ૫૦૦ ગુર્જર નગરી બસો અને ૨૦૦ સ્લીપર મળીને કુલ ૧૬૦૦ નવી બસો સંચાલનમાં મુકવામાં આવશે અને ૩૦ નવી હાઇ એન્ડ બસો રાજ્યના આંતરિક તેમજ આંતર રાજ્ય રૂટો ઉપર મુકવામાં આવશે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો રજૂ કરવા આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવની અંદર કહેવામાં આવ્યું છે કે મારી સરકાર સમાજના તમામ વર્ગ અને લોકોને આગળ વધવાની પૂરતી તક આપે છે. કાયદા મંત્રીશ્રી અહીં ઉપસ્થિત છે ત્યારે તેમનું હું એક ગંભીર બાબત પર ધ્યાન દોરવા માગું છું કે વકફ બોર્ડ છે તેની કામગીરી રાજયની અંદર જેટલી ધાર્મિક સંસ્થાઓ છે, મુસ્લિમ સમાજની ધર્માદાની સંસ્થાઓ છે તેનું રક્ષણ કરવાની જવાબદારી છે. તેને મેન્ટેન કરવા માટે આ બોર્ડે પૂરતા પ્રયાસો અને મહેનત કરવાની હોય છે, પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે કે રાજય વકફ બોર્ડ છે તે બિલકૂલ નિષ્ક્રિય અને નિષ્ફળ છે. તે પોતાની કામગીરી કરવામાં સદંતર નિષ્ફળ નિવડયું છે. તેનાથી વિશેષ હું કહેવા માગું છું કે, રાજય વકફ બોર્ડે ૨૬ પ્રોપર્ટી વેચી નાંખી છે. વકફના અધિનિયમ મુજબ ૧૯૯૫ સુધી વકફની પ્રોપર્ટી વેચી શકાતી નહોતી. જયારે ૨૦૧૩ની અંદર વકફ કાઉન્સિલે જે નવા કાયદાઓ બનાવ્યા તે નવા કાયદા પ્રમાણે વકફની કોઇપણ પ્રોપર્ટી વેચી શકાતી નથી. આ ૨૬ પ્રોપર્ટી રાજય વકફ બોર્ડે વેચી નાંખી. જયારે વકફ કાઉન્સિલની અંદર દિલ્હીમાં આની સામે રજૂઆત કરવામાં આવી. આની બહુ ગંભીરતાથી નોંધ લેવામાં આવી. ગુજરાત રાજય વકફ બોર્ડ પાસેથી તેનો રિપોર્ટ મંગાવવામાં આવ્યો. તે રિપોર્ટ આવ્યો તો તેમાં તેમણે સ્વીકાર્યુ કે અમે ૨૬ પ્રોપર્ટી ગુજરાતમાં વેચી નાંખી છે. મારો કહેવાનો મતલબ એ છે કે જે વસ્તુ પર ૨૦૧૩ની ૧લી નવેમ્બરથી પ્રતિબંધ હોય તે જગ્યા રાજય વકફ બોર્ડ વેચી શકે નહીં. પરંતુ તેમણે તેની અંદર કરોડો રૂપિયાની લગભગ ૨૬ પ્રોપર્ટી ૨૦૦ કરોડ રૂપિયાની થવા જાય છે તેની અંદર બહુ જ મોટા ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે કહે છે કે તે વકફ બોર્ડની કવોસી જયુડીશ્યરી પ્રોસેસ હોય છે. કવોસી જયુડીશ્યરી પ્રોસેસ અનુસાર જે નિર્ણય લીધો છે તે નિર્ણયના આધાર ઉપર જાણકારી પણ આપવામાં આવી છે. માનનીય સભ્યશ્રી જે ૨૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે તે પ્રકારના શબ્દો બોલે છે તે અયોગ્ય છે માત્ર એટલા પૂરતું આપનું ધ્યાન દોરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : ઓકે ચાલો હું એ એમાઉન્ટમાં નથી પડતો પરંતુ તે બાબતની ગંભીરતાથી નોંધ લઇ માઇનોરીટીના જે એફ.એસ. મીનીસ્ટર છે નઝમા હેપતુલ્લા તેમણે રાજય સરકારને પત્ર લખ્યો છે. મુખ્યમંત્રીને બે વખત પત્ર લખ્યો છે કે આમાં બહુ જ મોટી ગેરરીતિ થઇ હોય તેવું લાગે છે. આમાં જે અધિકારીઓ છે તેમને પદભ્રષ્ટ કરવા જોઇએ. આ જે સોદા થયા છે તે રદ કરવા જોઇએ એટલે બે વખત મુખ્યમંત્રીશ્રીને કેન્દ્ર સરકારના મંત્રીશ્રી નઝમા હેપતુલ્લાએ પત્ર લખ્યો છે. એટલે મારી

મંત્રીશ્રી બેઠા છે ત્યારે આ સંપૂર્ણ બાબત છે તે ધ્યાન પર લો તેવી વિનંતી છે. આ વકફની જે પ્રોપર્ટી છે તેના માટે કહેવાય છે કે વકફની પ્રોપર્ટી એટલે અલ્લાહની પ્રોપર્ટી છે. આ પ્રોપર્ટી કોઇ વેચી શકતું નથી. અહીં આગળ આ પરિસ્થિતિ જે નિર્માણ થઇ છે તેના પર આપનું ધ્યાન દોરું છું અને જયારે બે વખત મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યો તેની ગંભીરતાથી નોંધ લઇ આ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની આજીવિકા આની અંદરથી ચાલતી હોય છે, તેની અંદરથી આવક થાય છે તેની અંદરથી ગરીબ લોકોને સહાય પણ કરવામાં આવતી હોય છે. એટલે વકફની જે પ્રોપર્ટી છે તેની રક્ષા થાય તેના માટે સરકાર ગંભીર થાય અને આમાં જે ગેરરીતિ દેખાય તેની સામે કાયદેસરનાં પગલાં લઇ જે કંઇ સોદા થયા છે તે રદ કરવામાં આવે. બીજું હું કહેવા માગુ છું કે રાજયની અંદર માઇનોરીટી ફાઇનાન્સ કોર્પોરેશન છે તે આજે જુઓ તો બિલકૂલ મૃતઃપ્રાય હાલતમાં છે. તેને ૩.૫ કરોડ રૂપિયા જેટલું ભંડોળ આપવામાં આવ્યું છે અને તેનો ઉપયોગ પણ કરવામાં આવતો નથી. તેનાથી વિશેષ પ્રી–મેટ્રીક સ્કૉલરશીપની વાત કરું તો તેના માટે છેક સુપ્રીમ કોર્ટ સુધી લડાઇ લડવી પડી. સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી તેની અમલવારી ગુજરાતમાં શરૂ કરવામાં આવી. તેમાં ૨ લાખ ૨૬ હજાર લોકોએ ફોર્મ ભરયા હતા તેમાંથી ફકત ૯૫ હજાર લોકોના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે અને લગભગ સવાલાખ લોકો બાકાત રહ્યા છે. એટલે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આપ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી જે રીતે યુ.પી.એ. સરકાર વખતે તમામ લાભાર્થીઓના ફોર્મ જેટલા આવ્યા હતા એ તમામને સહાય ચૂકવવામાં આવી હતી એ રીતે કોઇ પણ જાતનો ભેદભાવ રાખ્યા વગર તમામને સહાય ચૂકવાય એ માટેના પ્રયાસ રાજય સરકાર કરે એવી હું વિનંતી કરું છું. બીજું માનનીય અધ્યક્ષશ્રી, જે વાત થાય છે કે, ગરીબોના હિતોના કામોમાં અમે અગ્રેસર રહ્યા છીએ તો આર.ટી.ઇ. માટે પણ સૌથી પહેલા રાજયમાં અમલ થાય એ માટેના પ્રશ્નો મેં જ અહીંયા વિધાનસભા ગૃહમાં ઉભા કર્યા હતા એની અંદર પણ જ્યારે હાઇકોર્ટે નિર્ણય આપ્યો એ પછી પણ અધકચરા મને એની અમલવારી કરવાની શરૂઆત કરવામાં આવી છે. હું એવું કહેવા માગુ છું કે, સંપૂર્ણ રીતે આર.ટી.ઇ.નો અમલ થાય જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગના જે છોકરાઓ છે એ માલેતુજાર છોકરાઓ છે જેને બુદ્ધિશાળી કહેવાય છે એની સાથે બેસી એ પોતાનો પણ વિકાસ કરી શકે અને પોતાની પ્રતિભા ઉપસાવી શકે અને એમને યોગ્ય કક્ષાનું એજ્યુકેશન ત્યાં મળી શકે. માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે સ્કોલરશીપ માટે પણ હાઇકોર્ટમાં જવું પડ્યું, આપણે ખાદ્ય અન્ન સુરક્ષા બિલની વાત કરીએ છીએ અને આપણે અત્યારે એમ કહ્યું કે, ખાદ્ય અન્ન સુરક્ષા બિલનો પહેલી એપ્રિલથી અમલ કરવામાં આવશે. આપણે આની બહુ મોટા પાયે જાહેરાત કરવામાં આવે છે ત્યારે મારું કહેવું છે કે, ત્રણ વર્ષ આપણે મોડા પડ્યા છીએ અને ગરીબોના મોઢેથી આપણે કોળિયો છીનવ્યો છે. આની અમલવારી આખા દેશના તમામ રાજયોમાં થઇ ગઇ છે સૌથી છેલ્લે આપણે ગુજરાતમાં કરી રહ્યા છીએ અને એ પણ સુપ્રિમ કોર્ટના કહ્યા પછી. એટલે ગરીબોના જે કોઇ પ્રશ્નો હોય એના માટે દરેક વખતે હાઇકોર્ટમાં જવું, સુપ્રિમ કોર્ટમાં જવું? ત્યાંથી હુકમ લઇને આવીએ અને હાઇકોર્ટ કે સુપ્રિમ કોર્ટ આપણને લપડાક મારે ત્યારે ઉભા થઇને એમ કહીએ કે અમે આની અમલવારી કરવાના છીએ તો આ બાબત પણ બરાબર નથી.

બીજી વાત કરું તો અત્યારે પૂરવઠા ખાતાની વાત થઇ એમાં મેં એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે, જે ઢોર પણ ન ખાય એવું અનાજ ગરીબ લોકોને પૂરવઠા તંત્ર દ્વારા આપવામાં આવે છે. એમાં કહ્યું કે, આવી કોઇ ફરિયાદ અમને મળી નથી. મેં પોતે બે થી ત્રણ વખત અમદાવાદ જિલ્લા પૂરવઠા અધિકારીને આ બાબતે ફરિયાદ કરી છે. કેરોસીનની વાત કરું તો કેરોસીન માટે વહેલી સવારે ૪ વાગ્યામાં લાઇનો લગાવવામાં આવે છે, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વહેલી સવારે અંધારામાં જેટલું કેરોસીન આપે એટલું લેવું પડે છે. એટલે જે ઘોર અંધેર તંત્ર ચાલી રહ્યું છે, ગરીબોની કોઇ દરકાર લેનાર નથી આ બાબતે ગંભીર ચિંતા કરી ખાદ્ય અન્ન સુરક્ષા ધારો જે અમલમાં લાવ્યા છીએ એની સંપૂર્ણ રીતે અમલવારી થાય અને ગરીબોને પૂરતા પ્રમાણમાં સારી કવોલિટીનું અનાજ મળી રહે અને પૂરતા પ્રમાણમાં કેરોસીન મળી રહે એ માટે હું વિનંતી કરું છું. આપ તપાસ કરાવો, માનનીય મંત્રીશ્રી અહીંયા બેઠાં છે એ તપાસ કરાવે કે, અનાજ કઇ ક્વોલિટીનું મળે છે? કદાચ અહીંયાથી રાજય સરકાર સારી કવોલિટીનું અનાજ મોકલતી હોય તો પણ જે વચેટિયાઓ છે એ લોકો અનાજમાં ગરબડ કરે છે અને ઘણી વખત ટ્રકો પણ પકડાય છે તો માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ બાબતમાં ધ્યાન આપે. બીજું હું કહેવા માગુ છું કે, રાજયની અંદર હવે તો વ્યસન મુકિતના નામે મહાકુંભ થવા લાગ્યા છે. ત્રણ ત્રણ લાખ લોકો હવે ભેગા થાય છે તોય આ સરકાર જાગતી નથી. ૨૦૧૫ના ગયા સત્રની અંદર આખા સત્ર દરમ્યાન આ અવાજ મેં ઉપાડ્યો હતો અને હાઇકોર્ટમાં પણ આ બાબતમાં મેં અપીલ કરી હતી છતાં દારુના અડ્ડા છડેચોક આજે પણ ચાલી રહ્યા છે. જિલ્લાના પોલીસ વડાઓને ૫૦–૫૦ લાખ રૂપિયાનું ટાર્ગેટ આપવામાં આવે છે, પોલીસ કમિશનર હોય એમને એક એક કરોડનું ટાર્ગેટ આપવામાં આવે છે. •(×××)

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ ઉપરથી દૂર કરો પણ મંત્રીશ્રી બેઠાં છે અહીં એમને કહું છું કે, દારુ જુગારના અડ્ડાઓ ત્યાં ચાલી રહ્યા છે એ તમામ દારુ જુગારના અડ્ડાઓ બંધ કરાવો. સમગ્ર ગુજરાતની અંદર મા–બહેનો રણચંડી બનીને નીકળી છે અને બહેનો જાતે જઇને દારુ જુગારના અડ્ડાઓ બંધ કરાવે છે ત્યારે પોલીસ શું કરે છે? આટલી બધી ખાયકી થતી હોય અને પોલીસ અધિકારીઓ હવે કાયદેસર સોપારીઓ લેવા માંડ્યા છે. આટલાથી એમનું પેટ નથી ભરાતું હવે તો જમીનના માફિયાઓ છે, ભૂ–માફિયાઓ છે એ વધારે પડતા પોલીસ અધિકારીઓ જ છે તેઓ ગુનેગારોની સાથે મળીને ધંધા કરી રહ્યા છે કેમ કે, એને ટાર્ગેટ આપવામાં આવે છે એ ટાર્ગેટ પૂરો કરવા માટે એમણે આ ખોટા ધંધા કરવા પડે છે.

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની પણ આની અંદર વાત છે, સ્માર્ટ સીટી બનાવવાની વાત છે ત્યારે મારે કહેવું છે કે, આપ અમદાવાદ આવીને જુઓ કે, પરિસ્થિતિ શું છે? આ બી.આર.ટી.એસ.ને કારણે ટ્રાફિકની સમસ્યા વધી છે. આજે મેગા સીટી કહેવાય છે અને સ્માર્ટ સીટી થવાની છે ત્યાં ૨૦ ટકા વિસ્તારોમાં પાણીનું નેટવર્ક જ નથી અને ૩૦ થી ૩૫ ટકા ખાળકૂવા અમલમાં છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદીનભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી, હસમુખભાઇ પટેલ.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને માનનીય જગદીશભાઇ પંચાલે જેને સમર્થન આપ્યું છે એ આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. મારા વિચારો રજૂ કરું એ પહેલાં ગઇકાલે કેન્દ્રીય નાણામંત્રી શ્રીમાન અરૂણ જેટલીજીએ જે સર્વગ્રાહી સર્વ વર્ગને સમાવિષ્ટ, ગ્રામ્યલક્ષી, ગરીબલક્ષી અને ખેડૂતલક્ષી જે બજેટ રજૂ કર્યું એ બદલ એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ઔદ્યોગિકીકરણની સાથે સાથે ગામડાંનો માનવી રોજગારીની અપેક્ષાએ શહેર તરફ વળ્યો. શહેરોનો વિકાસ, શહેરોનો વ્યાપ વધવા લાગ્યો. પરંતુ દુઃખ સાથે કહેવું પડે કે તત્કાલિન શાસકો આ શહેરીકરણને સ્વીકારી ન શક્યા. સમયના બદલાતા પ્રવાહને આ તત્કાલિન શાસકો સમજી ન શક્યા. અંગ્રેજીમાં કહેવત છે કે "what cannot be cured must be endured" જે નિવારી ન શકાય એને સ્વીકાર્યે જ છૂટકો. હું વાત કરું છું ૧૯૬૦ થી ૧૯૯૦ના સમયની. શહેરોનો વ્યાપ વધતો હતો. તત્કાલિન શાસકો આ વસ્તુ સ્વીકારી ન શક્યા. પરિણામ શું આવ્યું? શહેરોનો આડેધડ વિકાસ થયો. ઝુંપડપટ્ટીઓ થઇ. પાણી, ગટર જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ, રોડ રસ્તાનો અભાવ. આરોગ્ય અને સુવિધાઓનો અભાવ. આવી તકલીફો વચ્ચે શહેરી માનવ રહેવા માટે મજબૂર બન્યો. પરંતુ મને કહેતા ગર્વ થાય છે કે તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન દીર્ઘદષ્ટા આદરણીય નરેન્દ્રભાઇએ ૨૦૦૫માં આ સમસ્યાનો વિચાર કરીને ૨૦૦૫ના વર્ષને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઘોષિત કર્યું અને ત્યારથી શરૂઆત થઇ શહેરોના આયોજનબદ્ધ વિકાસની. ૨૦૧૦માં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતી શહેરી વિકાસ યોજનાની શરૂઆત કરી. મહામહિમ રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં ખૂબ સારી વાત કરી છે કે આ યોજના થકી ગુજરાતના વિવિધ શહેરોનો ખૂબ સુંદર વિકાસ થયો છે. આ યોજના અંતર્ગત ગુજરાતના વિવિધ શહેરોની વાત કરીએ તો આંતરમાળખાકીય સુવિધાઓ માટે કુલ રૂપિયા ૧૧૧૬૪ કરોડની ફાળવણી કરવામાં આવી અને ૨૪૩૨૫ કામો મંજૂર કર્યા અને એ પૈકી ૧૭૨૯૩ કામો તો પૂર્ણ પણ થયા. બાકીના પ્રગતિ હેઠળ છે. શહેરી વિસ્તારમાં આવેલી સોસાયટીઓ ડસ્ટબીન સોસાયટી બને. એમને રોડ, પાણીની લાઇનો, સ્ટ્રીટલાઇટ જેવી સુવિધાઓ પ્રાપ્ત થાય એ માટે જનભાગીદારી યોજના શરૂ કરી અને આ માટે કુલ રૂપિયા ૧૫૩૯ કરોડ રૂપિયાની ફાળવણી કરી અને ૧૭૫૯૬ કામો મંજૂર કર્યા અને એ પૈકી ૧૩૩૧૬ કામો પૂર્ણ પણ કરવામાં આવ્યા. નગરપાલિકાના વિસ્તારોમાં નાગરિકોને પીવાનું શુદ્ધ પાણી પૂરું પડે તે માટે પાણી પુરવઠા યોજનાઓ માટે કુલ રૂપિયા ૧૫૨૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા અને એમાં ૧૫૯ કામો મંજૂર કર્યા અને તે પૈકી ૯૩ કામો તો પૂર્ણ પણ થઇ ગયા. એ જ રીતે નગરપાલિકાઓની અંદર ભૂગર્ભ ગટર વ્યવસ્થા માટે કુલ રૂપિયા ૫૬૭૬ કરોડ મંજૂર કર્યા, ૩૦૭ કામો મંજૂર કર્યા, ૬૧ કામો પૂર્ણ કર્યા તે પૈકી ૮ તો એસ.ટી.પી. પણ પૂર્ણ કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ઘોષિત અમૃત એટલે કે Amrut-Atal Mission for Rejuvenation & Urban Transformation યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬માં કુલ રૂપિયા ૧૨૦૪ કરોડનું આયોજન કરવામાં આવ્યું અને આ યોજના અંતર્ગત વિવિધ શહેરોમાં પાણી પુરવઠો, ભૂગર્ભ ગટર યોજના, વરસાદી પાણીનો નિકાલ, બગીચા, આંગણવાડી જેવા અનેક કામો મંજૂર કરવામાં આવ્યા છે. આદિજાતિ વિસ્તારોની વાત કરીએ તો એ વિસ્તારોમાં આવેલા ૧૮ શહેરો પૈકી ૧૧ શહેરોમાં કુલ રૂપિયા ૧૧૫ કરોડના ખર્ચે પાણી પુરવઠા યોજનાઓ પૂર્ણ થઇ છે અને હાલમાં બે શહેરોમાં ૨૦ કરોડના ખર્ચના કામો પ્રગતિ હેઠળ છે. મને કહેતા આનંદ થાય કે હમણાં જ ભારત સરકાર દ્વારા ઘોષિત કરવામાં આવેલી સ્માર્ટસીટી યોજના અંતર્ગત આ દેશના કુલ ૨૦ શહેરો પૈકી ગુજરાતના બે શહેરોની પસંદગી કરવામાં આવી છે તે બે શહેરો છે અમદાવાદ અને સુરત. માય હાર્ટ અમદાવાદ, માય સ્માર્ટ અમદાવાદ આ થીમ ઉપર આવનારા દિવસોમાં આ બન્ને શહેરોની કાયાપલટ થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ શહેરને વાયબ્રન્ટ બનાવવુ હોય, કોઇ પણ શહેરને જીવંત રાખવું હોય તો તેના માટે mass transportation, public transportation ખૂબ આવશ્યક હોય છે. જો નાગરિકોનું આવન-જાવન સરળતાથી થાય, ટ્રાફિક જામમાં માનવ કલાકો બગડતા અટકે તો અને તો જ શહેર જીવંત રહી શકે. અદ્યતન ટેકનોલોજીના સહારે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ બનવા જઇ રહી છે એનું પ્રથમ ચરણમાં ખૂબ ઝડપી કામ ચાલી રહ્યુ છે અને બીજા ચરણનું ભૂમિપૂજન હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે વેજલપુર ખાતે કરવામાં આવ્યું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હસમુખભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર માનનીય મંત્રીશ્રીએ રાજયપાલના પ્રવચન ઉપર એવુ નિવેદન આપ્યું હતુ કે જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી લોકોમાં ભય અને કર્ફ્યુનો માહોલ જોવા મળતો નથી. સુશાસનની વાત

કરી, સારા શાસનની વાત કરી તો હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે એમના શાસનની અંદર કયાંય કર્ફ્યુ લાદવામાં નહોતો આવ્યો ? નરોડા પાટીયા કાંડની વાત કરીએ, ગોધરાકાંડની વાત કરીએ કે એમના રાષ્ટ્રીય અધ્યક્ષને •(×××)

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દ રદ કરવાઅંગે

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) જેથી આ શબ્દ રેકર્ડમાંથી દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે આપણે વાયબ્રન્ટ સમિટની વાત કરીએ. શેના માટે વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવ્યો *(×××) શું વિકાસ થયો? શું છે વિકાસની પરિભાષા? દેશ –વિદેશના ઉદ્યોગપતિઓ માટે લાલજાજમ બીછાવવી, કરોડો રૂપિયાનો ખર્ચ, પ્રધાનમંત્રીશ્રીને બોલાવ્યા, પી.એમ.ઓ. હાઉસ બનાવ્યું, કરોડો રૂપિયાનો ખર્ચ, એ ખર્ચનું ભારણ કોનું? એ પૈસા કોના?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી ખોટી ના જાય એટલા માટે કહેવા માગું છું કે, માનનીય વડાપ્રધાનશ્રી ગવર્નર હાઉસમાં જયાં અતિથિગૃહ છે જયાં બધા જ મહેમાનો રહે છે ત્યાં વડાપ્રધાનશ્રીનો ઉતારો હતો, કોઇ ખર્ચો કરવામાં આવ્યો નથી એટલે માનનીય કામિનીબહેને આવા કરોડો રૂપિયાના ખર્ચા એમ કરીને સસ્તી લોકપ્રિયતાની આવી બધી વાતો ન કરવી જોઇએ, તમે પહેલીવાર બોલો છો એટલે બહુ ડિસ્ટર્બ નહીં કરું, પણ જે બોલો *(×××) બોલો.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર જે ખર્ચ કરવામાં આવ્યો...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છમાં પણ કોઇ ખર્ચો નથી કર્યો, ત્યાં ટેન્ટ સીટી બનાવેલું જ છે, હજારો લોકો ટુરિસ્ટો દર વર્ષે ત્યાં આવે છે, એનો ઉપયોગ થયો છે, અને વડાપ્રધાનશ્રીની સલામતી માટે વધારાની કાર્યવાહી કરવામાં આવી છે, શું વડાપ્રધાનની સલામતી પણ નહીં કરવાની અમારે? શું તમે એવું ઇચ્છો છો કે વડાપ્રધાનશ્રીને સલામતી નહીં આપવાની?

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, બેસાડી દો ને. વિદેશી ઉદ્યોગપતિઓ પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે, આપ આપની ઓરિજીનાલિટી જાળવી રાખો.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ.. (અંતરાય) ૨૫ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. થયા, પરિણામ શું? એ ૨૫ લાખ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. જો થયા અને આ પૈસો જો ગુજરાતમાં આવ્યો હોત તો અત્યારે મારું ગુજરાત એ સોનાનું ગુજરાત બની જાત. લાખો અને કરોડો રૂપિયાનો વ્યય કરી દેશ વિદેશના ઉદ્યોગપતિઓ માટે લાલજાજમ બીછાવી, ગરીબોની મજાક ઉડાવી, ગરીબોને પડદા પાછળ સંતાડવાનું કામ કરતી આ સરકારને ૨૦૧૭ની અંદર આ પ્રજા જવાબ આપી દેશે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની વાત કરીએ ત્યારે જયારે કોઇપણ વ્યક્તિ પોતાના હક્ક માગવા માટે બહાર નીકળે ત્યારે આ સરકાર શું કરે છે? ૧૪૪ની કલમ લગાડે. ચાર માણસ ભેગા થાય તો ૧૪૪ની કલમ, ખેડૂતોની માગણી હોય અને એમના પ્રશ્નો હોય તો એ ભેગા થાય તો ૧૪૪ની કલમ, યુવાનો જો પોતાના હક્કની વાત કરે તો ૧૪૪ની કલમ, મહિલા મુખ્ય મંત્રીશ્રી હોય અને મહિલાઓના હક્કની વાત થાય તોયે ૧૪૪ની કલમ, અરે, વ્યસનમુક્તિનો કાર્યક્રમ હોય અને બધા ભેગા થાય તો પણ ૧૪૪ની કલમ. આમ, જોતાં તો લાગે છે કે આઇ.એ.એસ. ઓફિસર ઓફિસ આવે એટલે તરત જ કહે છે કે, બહેને કઇ જગ્યાએ ૧૪૪ની કલમ લગાડવાની કહી છે, એ કાગળ ઉપર હું પહેલી સહી કરું.

માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી ચિંતા કરવી હોય તો ગુજરાતમાં ચાલતા દારુ–જુગારના અડ્ડાઓની કરો, અહીં બેઠેલા તમામ ગૃહના માનનીય સદસ્યોને હું પૂછવા માગું છું અને ખાસ કરીને અહીં બેઠેલી બહેનોને પૂછવા માગું છું કે, શું એમના વિસ્તારમાં દારુ–જુગારના અડ્ડા નથી ચાલતા? એનો મને ઉભા થઇને જવાબ આપો. જવાબ આપો કે નથી ચાલતા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કામિનીબહેન, એ તમે અંદર અંદર ચર્ચા કરી લેજો, બહાર બેસીને..

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, એ ખૂબ શરમજનક વાત કહેવાય અને મારા ક્ષત્રિય સેનાના ભાઇઓને હું વંદન કરું છું કે, જયારે એમને માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેન પટેલ અને આપના પ્રધાન મંત્રી અને ગૃહ રાજય મંત્રીશ્રીના વતનની અંદર ૯૦૦ જેટલા ચાલતા દારુના અડ્ડાઓનું લિસ્ટ આપ્યું, તો આ સરકાર એ લિસ્ટના આધારે આગળ પગલાં લેશે કે કેમ? એ એક વિચારવા જેવો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી *(×××)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કામિનીબહેન, મેં કહ્યું કે, આપ ઓરિજીનાલિટી જાળવો, *(×××)

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું કહેવા માગું છું કે, ૨૦૧૨માં એક ઘોષણાપત્ર બહાર પાડ્યો હતો કે, ૫૦ લાખ મકાનો બનાવીશું. આ ઘોષણાપત્રની અંદર સરકારે શું કર્યું? ત્રણ વર્ષની અંદર ત્રીસ લાખ મકાનો બનાવ્યાં? હું જવાબ જાણવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, સરકારની નીતિ ઉપર એક કહેવત યાદ આવે છે કે, તેથી વા ફરે, વાદળ ફરે , ફરે નદીના પૂર, પણ સૂરા બોલ્યા ના ફરે, ભલે પશ્ચિમે ઉગે સૂર.

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પોઇન્ટ ઓફ ઓર્ડર
શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી મારા વિશે જે શબ્દો બોલ્યા છે એ યોગ્ય નથી એ રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ. બાકી *(×××)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીના શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. નેકસ્ટ, માનનીય સભ્યશ્રી પુનમભાઇ મકવાણા. (અંતરાય) સૌ સભ્યશ્રીઓ નીચે બેસી જાવ. માનનીય દુષ્યંતભાઇ, જીતુભાઇ આપ સૌ બેસી જાવ. બહેનો આપ પણ બેસી જાવ. મારા શબ્દો માનનીય જીતુભાઇ, આપે સાંભળવા નથી? માનનીય બલવંતસિંહ, માનનીય સભ્યશ્રી બોલ્યા જ છે, બધી વસ્તુ રેકર્ડ થયેલી છે.

(આ તબક્કે માનનીય સભ્ય શ્રીમતી કામીનીબેન રાઠોડ, માનનીય સભ્યશ્રી ચંદ્રિકાબેન બારિયા અને ડો. તેજશ્રીબેન પટેલ વેલમાં આવીને બેસી જતાં)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કામીનીબેન આપ વેલમાં નહિ આવી શકો, આપ ઉભા થઇ જાવ પછી હું આપની વાત સાંભળીશ.વેલમાં નહિ આવવું જોઇએ એવો કાયદો છે નહિતર એનું પરિણામ આપે ભોગવવું પડશે. માનનીય શૈલેષભાઇ, મારી આપને વિનંતી છે કે આપ રજૂઆત કરી શકો છો પરંતુ વેલમાં નહિ મોકલો. વેલમાં કોઇ સભ્યશ્રીઓ આવે નહિ. માનનીય શૈલેષભાઇ, વેલમાં કોઇ સભ્યશ્રીઓ આવે નહિ, હજી પણ મારી આપને વિનંતી છે.

(આ તબક્કે શ્રી મોહનસિંહ રાઠવા સિવાયના બધા જ કોંગ્રેસના સભ્યશ્રીઓ વેલમાં આવી જતા)
હું આપને સાંભળવા તૈયાર છું, આપ આપની જગ્યા પર બેસી જાવ.

ગૃહની કાર્યવાહી વિરામ સુધી મુલતવી રાખવામાં આવે છે.

(વિરામ સવારના ૧૦-૨૩ થી ૧૧-૦૦)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

(વિપક્ષના માનનીય સભ્યશ્રીઓ પોતાના સ્થાને ઉભા રહી સૂત્રોચ્ચાર કરતા)

અધ્યક્ષશ્રી : ઓર્ડર, ઓર્ડર. આપ બેસી જાવ. પ્લીઝ. બધા સભ્યશ્રીઓને વિનંતી છે. (સુત્રોચ્ચાર)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે..

અધ્યક્ષશ્રી : બાપુ, આપને સાંભળીશ પણ પહેલાં આપ બધા જગ્યા ઉપર જાવ.(અંતરાય) તેમને હું સાંભળી લઇશ. પ્લીઝ. જયારે સભાગૃહ ઓર્ડરમાં જ ન હોય તો કોઇ સભ્ય બોલી શકતા નથી. પ્લીઝ. આપ જાવ. આપ બેસી જાવ. આપના નેતાશ્રી ઉભા છે. અહીંયા નહીં, હર્ષદભાઇ. આપની ચેર ઉપર.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું ચેમ્બરમાં બેઠાં બેઠાં ગૃહની કાર્યવાહી નિહાળતો હતો. મને પોતાને શરમ આવી કે એક સિનિયર મિનિસ્ટર એક મહિલા માટે આવા અભદ્ર શબ્દ પ્રયોગ કરે એના માટે સ્ત્રી સશક્તિકરણની વાતો કરવાવાળી આ પાર્ટીને શરમ આવવી જોઇએ. આ શબ્દો મંત્રીશ્રીએ પાછા ખેંચવા જોઇએ. માફી માગવી જોઇએ અને આવું નહીં થાય તો આ હાઉસ અત્યારે નહીં, ૩૧ માર્ચ સુધી પણ નહીં ચાલે એવી હું આપને વિનંતી કરું છું. આ ધ્યાનમાં રાખીને આપે જે કાર્યવાહી કરવી હોય એમાં અમે સહમત છીએ, પણ જો આ ચાલવાનું હોય તો ૩૧ માર્ચ સુધી પણ આ હાઉસ નહીં ચાલે, નહીં ચાલે ને નહીં ચાલે. આવા બીલૉ સ્ટાન્ડર્ડના...

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષના સભ્યો શાંતિ રાખો. પ્લીઝ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : વિરોધપક્ષે બોલતા હોય, એક મહિલા બોલે છે તો સાચું બોલે, જે બોલે પણ તમને કોઇ •(×××) આ શબ્દપ્રયોગ સારા નહીં. આપને વિનંતી છે કે આનો આપ જે ફેંસલો આપો એ, નહીં તો ૩૧ માર્ચ સુધી અમારી આ વિધિ ચાલુ રહેશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે અભદ્ર શબ્દનો ઉપયોગ થયો છે. મારી આપને વિનંતી છે કે રેકર્ડ તપાસી લે. વિરોધપક્ષના નેતાશ્રી પણ અત્યારે પ્રિન્ટ મગાવીને જોઇ લે. કોઇ પણ પ્રકારના અભદ્ર શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો હોય એવું મને બતાવે તો હું જે કહે એ કરવા તૈયાર છું, કોઇ રીતનો અભદ્ર શબ્દનો ઉપયોગ નથી. હું સૌજન્યશીલ માણસ છું. વિવેકી છું અને કોઇ પણ રીતે અભદ્ર શબ્દનો કોઇ ઉપયોગ નથી. એટલે પહેલાં તો *(×××) કે અભદ્ર શબ્દનો ઉપયોગ થયો છે. માનનીય વિપક્ષના નેતાશ્રી એમ કહી વાતને બેવડાવે નહીં.

અધ્યક્ષશ્રી : બસ, બન્ને પક્ષે વાત થઇ ગઇ. પ્લીઝ. આપણે જાણીએ છીએ કે સંસદીય લોકશાહીમાં વિધાનસભાને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવેલ છે. વિધાનસભાને અન્ય સંસ્થાઓ કરતા વિશેષ અધિકારો આપવામાં આવ્યા છે. એટલે અહીંયા જે કંઇ ચર્ચાઓ થાય તેની ગરિમા તમામે તમામ સભ્યોએ જાળવવાની આપણી સૌની ફરજ છે. આપણે સૌ સૌમ્ય અને સુસંસ્કૃત ભાષામાં જ વાત કરીએ છીએ અને ચર્ચામાં પણ બન્ને પક્ષના મારા સભ્યશ્રીઓને વિનંતી છે કે એ માનનીય સભ્યશ્રી હોય કે માનનીય મંત્રીશ્રી હોય પણ જયારે આપણે એક જગ્યાએથી શરૂઆત કરીએ છીએ ત્યાર પછી સામેથી તેનો જવાબ આપે છે અને

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧લી માર્ચ, ૨૦૧૬

પોઇન્ટ ઓફ ઓર્ડર

આપણાં નિયમોમાં પણ સ્પષ્ટ જોગવાઇઓ છે કે આપણે કોઇના પણ ઉપર આક્ષેપો કરી શકતા નથી. આક્ષેપ કરવો હોય તો સંપૂર્ણ જવાબદારી સભ્ય બોલ્યા હોય તો સભ્યની થતી હોય છે. મંત્રીશ્રી બોલ્યા હોય તો મંત્રીની થતી હોય છે. હું તો હાજર નહોતો, પણ માનનીય ઉપાધ્યક્ષશ્રી પાસેથી મેં માહિતી મેળવી છે અને એમણે કહ્યું છે કે બન્ને પક્ષના જે કંઇ પ્રવચનો થયા છે, જેના ઉપર વિવાદ થયો છે એ તમામ બાબત રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવી છે. એટલે હવે આ મુદ્દો આપણે અહીંયા પૂરો કરવો જોઇએ અને આગળ આપણી કાર્યવાહી કરવી જોઇએ. પ્લીઝ. રેકર્ડ ઉપરથી જ જયારે દૂર થઇ ગયું છે અને..(અંતરાય) નહીં, પ્લીઝ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મહત્વનું અહીં જે બોલાયું છે એ જો વિથડ્રો થાય..

અધ્યક્ષશ્રી : એક જગ્યાએ જો શરૂઆત થાય તો બીજી જગ્યાએ આવવાનું જ છે સ્વાભાવિકપણે. એટલે સભ્યશ્રીઓએ જ ખ્યાલ રાખવો જોઇએ કે આપણે ગૃહની ગરિમા જળવાય એ પ્રકારનું જ પ્રવચન કરવું જોઇએ. પ્લીઝ. હવે આપણે વિષય પૂરો કરીએ. શ્રી બલવંતસિંહજી, જ્યારે રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા હોય ત્યારે ચર્ચા રહેતી નથી. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આવું નહીં ચાલે, મહિલાઓ સાથે આવો અભદ્ર વ્યવહાર ચલાવવામાં આવશે નહીં. બધા મિત્રોને આપ કાઢી મૂકવાના હોવ તો કાઢી મૂકો પણ આવું નહીં ચાલે અને નહીં ચાલે.

અધ્યક્ષશ્રી : આપને વિનંતી છે કે જ્યારે બધુ રેકર્ડ ઉપર જ રહ્યું નથી ત્યારે ચર્ચા થતી નથી અને ભૂતકાળમાં આપણી પરંપરા રહી છે આ બાબત ઉપરના અધ્યક્ષશ્રીના નિર્ણયો પણ છે એટલે હવે આ વિષયે ચર્ચા રહેતી નથી. બન્ને પક્ષના સભ્યોને તાકીદ કરું છું. વિધાનસભાની ગરીમા જળવાય તે પ્રકારનું પ્રવચન થાય. છેલ્લા ૩ દિવસથી ખૂબ સારી ચર્ચા ચાલી રહી છે અને મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચાનો આજે છેલ્લો દિવસ છે. આપ સૌને વિનંતી છે કે આ વિષય પૂરો થાય છે. વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી છે કે આપના સભ્યશ્રીઓને બેસવાનું કહે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માફી ન માગવાના હોય અને આ શબ્દો પાછા ન ખેંચવાના હોય અને આપ એને રેકર્ડ ઉપરથી કાઢી નાંખો પણ મેં જે સાંભળ્યું છે એ મારા મનમાંથી જવાનું નથી. પબ્લિકે જે સાંભળ્યું છે એ પણ જવાનું નથી. એટલે મહેરબાની કરીને એ શબ્દો વિથડ્રો કરીને માફી માગે નહીં તો અમે આ વિધાનસભામાં આવું ચલાવવાના નથી. (વિરોધપક્ષના હાજર રહેલા બધા સભ્યો વેલમાં બેસવા લાગ્યા.)

અધ્યક્ષશ્રી : ઉપાધ્યક્ષશ્રીએ જે તે વખતે આ શબ્દો દૂર કર્યા છે એટલે ચર્ચાનો વિષય રહેતો નથી. નહીં પ્લીઝ. હવે શાંતિ રાખો. શ્રીમતી કામીનીબેન પ્લીઝ શાંતિ રાખો. નિર્ણય થઇ ગયા પછી આ પ્રકારનો વિક્ષેપ નહીં ચલાવાય. સભાગૃહમાં આ પ્રકારનું વર્તન બરાબર નથી. વિધાનસભાનું ગૌરવ જળવાય તેવું પ્રવચન કરવું જોઇએ. પ્લીઝ આપ સભ્યશ્રીઓને વિનંતી કરું છું છતાં પણ આપ વેલમાં બેસો છો. આપશ્રીઓ પર પછી મારે પગલાં લેવાં પડશે. આપ સૌને વિનંતી છે કે, આપ પોતાના સ્થાન ઉપર બેસો, પ્લીઝ. (સતત અંતરાય) ઉપાધ્યક્ષશ્રીએ જે બાબત રેકર્ડ ઉપરથી દૂર કરી છે એ બાબતની ચર્ચા કરવાની ન હોય. બન્ને પક્ષના સભ્યોને વિનંતી કરું છું કે આ વિષય હવે પૂરો થઇ ગયો છે. અધ્યક્ષશ્રી જે શબ્દો દૂર કરે એના ઉપર ચર્ચા કરવાની રહેતી નથી અને એ રેકર્ડ ઉપર આવતા નથી. નહીં પ્લીઝ. આપ સૌને વિનંતી છે કે આપ સૌ પોતાના સ્થાન ઉપર જાઓ. બન્ને બાજુની બહેનોને હું બોલવા દઇશ. હું અહીં બેઠો છુંને! કોઇ બહેનના અધિકાર ઉપર તરાપ નથી મારવાની. બન્ને પક્ષની બહેનોને પૂરી તક મળશે. વિધાનસભાગૃહનું ગૌરવ જળવાય તેવી ભાષા હોવી જોઇએ. આપ સૌને વિનંતી કરું છું કે, આપ આપના સ્થાન ઉપર જાઓ. પ્લીઝ. શ્રીમતી ચંદ્રિકાબેન પ્લીઝ. હવે કોઇ ચર્ચા નહીં. આપ આપના સ્થાન ઉપર જાઓ. આજે છેલ્લો દિવસ છે. નહીં પ્લીઝ. બન્ને પક્ષે ચર્ચાઓ થઇ ગઇ છે. પ્લીઝ આપ બેસી જાઓ. નહીં આપ બેસો. આપના સ્થાન ઉપર બેસો. પ્લીઝ શ્રીમતી કામીનીબેન પ્લીઝ આપ પોતાના સ્થાન ઉપર બિરાજો. પ્લીઝ, સભ્યોની લાગણી સમજી ગયા એટલે બન્ને પક્ષે શબ્દો રેકોર્ડ પરથી દૂર કર્યા છે. કોઇ એક પક્ષે નહીં બન્ને પક્ષે દૂર કર્યા છે. (સતત અંતરાય)પછી રમણભાઇ બન્ને પક્ષે ચર્ચા આપવી પડે. પછી એમને પણ એલાઉ કરવા પડશે મારે. પુનમભાઇ , અહીંયા બેઠા બેઠા કોઇ ચર્ચા ના થાય. ચર્ચા કરવી હોય તો પોતાના સ્થાન ઉપર જાય. આપના વિપક્ષના નેતાને મેં સાંભળ્યા છે. નીતિનભાઇને પણ સાંભળ્યા છે. શું બોલ્યા છે શું નહીં માનનીય બલવંતસિંહજી, જયારે રેકોર્ડ ઉપરથી તત્કાલિન અધ્યક્ષે એને દૂર કરેલ હોય તો એને ચર્ચાનો વિષય નથી આવતો. ભૂતકાળમાં અનેક અધ્યક્ષના નિર્ણયો છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અમને સવારથી બોલવા નથી દેતા.

અધ્યક્ષશ્રી : હું બોલવા દઇશ. અરે તમને બોલવા દઇશ હજી આખો મહિનો છે કોણ ના પાડે છે બોલવાની? તમે બન્ને દંડકશ્રીઓ જે નામ આપો છો એમને બોલવા દઇએ છીએ. (અંતરાય) આપ સૌને હું છેલ્લી વાર વિનંતી કરુ છું આપ પોતાની ચેર ઉપર જાવ પ્લીઝ. નહીં તો પછી મારે આપને પગલા ભરીને ગૃહમાંથી દૂર કરવા પડશે. (અંતરાય)એક તરફી નહીં આપને હું ચાર–પાંચ વખતથી વિનંતી કરુ છું કે આપ બેસો, આપના વિપક્ષના નેતાને સાંભળ્યા, મંત્રીશ્રીને સાંભળ્યા, પૂર્વ અધ્યક્ષોના પણ અનેક નિર્ણયો છે કે અધ્યક્ષે જે શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કર્યા હોય એના ઉપર ચર્ચા પણ થતી નથી. એ બાબત મીડીયામાં પણ છાપી શકાતી નથી એવા ભૂતકાળના અધ્યક્ષોના અનેક નિર્ણયો છે. અધ્યક્ષે શબ્દો દૂર ના કર્યા હોય તો વસ્તુ અલગ છે કે આપ આ પ્રશ્ન ઉઠાવી શકો છો. હજી આપણે ઘણા દિવસ વિધાનસભા ચલાવવાની છે. બધા સભ્યોને પોતાના વિચારો રજૂ કરવાની તક મળશે આમ ઉતાવળા ના બનો. બન્ને પક્ષના સભ્યોએ બોલતી વખતે ધ્યાન રાખવું જોઇએ. (સતત અંતરાય) પ્લીઝ

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશ:)

પરેશભાઇ, આપ અહીંયા વેલમાંથી ના બોલી શકો, આપની ચેર ઉપર જાવ. બલવંતસિંહજી હું આપને વિનંતી કરુ છું કે આપ બધા બેસો. (અંતરાય) વિપક્ષના સભ્યોને મેં સાંભળ્યા, આપના નેતાને સાંભળ્યા છે અને દૂર કર્યા પછી પણ એમને સાંભળ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યો માટે આવું કેવી રીતે બોલી શકે?

અધ્યક્ષશ્રી : બીજી વાતો ના યાદ કરાવો શૈલેષભાઇ, (સતત અંતરાય) વિપક્ષના માનનીય સભ્યશ્રીઓને મારી અનેક વિનંતીઓ હોવા છતાં પણ તેઓ વેલમાં આવી ગયા છે અને સભાગૃહના કાર્યમાં તેઓ વિક્ષેપ ઉભા કરે છે. હું વિધાનસભાના નિયમ-૫૧ હેઠળ મને મળેલી સત્તાના રૂએ એમને આજની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરુ છું. પ્લીઝ. એક દિવસ માટે આપને સસ્પેન્ડ કર્યા છે આપ શાંતિથી બહાર બેસો. આપને વિનંતી છે. બધાને માટે અધિકાર સરખા છે, નિયમ સરખા છે. આપણે વેલમાં આવી શકતા નથી. આપ સૌ નિયમોથી પણ સારી રીતે વાકેફ છો. આપનો અવાજ રજૂ કરવાનો પૂરેપૂરો અધિકાર મળશે પણ એ વિધાનસભાના નિયમો અનુસાર મળશે.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : અમારું રક્ષણ આપ નહીં કરો તો કોણ કરશે?

અધ્યક્ષશ્રી : બધાયનું રક્ષણ મારે કરવાનું છે. તમામ સભ્યોનું રક્ષણ કરવાનું છે. સાર્જન્ટ મિત્રોને વિનંતી છે કે એમને પ્રેમપૂર્વક બહાર લઇ જાવ.

(સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા અને વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઇ રાઠવા સહિતના બાકીના સભ્યશ્રીઓ સભાગૃહ છોડી ગયા.)

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશ:)

શ્રી પૂનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારું પ્રવચન અત્યારે શરૂ થાય છે. ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ ૨૨મી ફેબ્રુઆરીએ ગૃહને જે સંબોધન કર્યું તેનો આભાર પ્રસ્તાવ લઇને ગૃહના સભ્ય માનનીય દુષ્યંતભાઇ આવ્યા છે તેના સમર્થનમાં સામાજિક ન્યાયનો વિષય લઇને મારા વિચારો ગૃહ સમક્ષ વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત સમાજના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. અનેકવિધ પગલાંઓ ભરી રહી છે. દલિતોના ઉત્થાન માટે અસંખ્ય યોજનાઓ અમલમાં છે. દેશના હાલના વડાપ્રધાન અને આપણા ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇનું એક સ્વપ્ન હતું કે, મારા ગુજરાતની અંદર એક પણ બાળક ભણ્યા વગરનું ન રહે અને એ વિષયને લઇને એમણે કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટેની બાબત હાથ ઉપર લીધી હતી. આમાં સરકારની સરસ્વતિ સાધના યોજના અંતર્ગત છેલ્લા ૧૫ વર્ષમાં ૧ લાખ ૯૨ હજાર સાઇકલો કન્યાઓને વિનામૂલ્યે આ રાજ્ય સરકારે આપી છે. આ સરકાર ગરીબોની સરકાર છે. ગરીબ અને વંચિતોને વિવિધ યોજનાઓનો લાભ સીધે સીધો પહોંચે અને વચેટિયાઓનું સામ્રાજ્ય નાબૂદ થાય તે દિશામાં સરકારે નક્કર કામગીરી કરી છે. આ વચેટિયાઓ કોણ હતા એ મારે તમને કહેવાની જરૂર નથી, સૌ જાણે છે. કામીનીબેને ગરીબોની બાબતમાં જે વાત કરી, ૧૫ વર્ષની અંદર ગુજરાતના ગરીબો માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે કર્યું છે એ ૫૦ વર્ષમાં કોંગ્રેસની સરકારોએ કર્યું ન હતું એટલું કામ આ ગરીબો માટે કર્યું છે. ગરીબ કલ્યાણ મેળા થકી સમગ્ર દેશમાં ગુજરાત સરકારનો આ પ્રથમ પ્રયોગ છે. આખા દેશમાં કોઇ રાજ્યે આ પ્રયોગ કર્યો નથી. રાજ્ય સરકારની ગરીબલક્ષી અને અતિ લોકપ્રિય યોજના એવી ગરીબ કલ્યાણ મેળા થકી રાજ્યમાં ૧૩૪૮ ગરીબ કલ્યાણ મેળા થયા અને એમાં કુલ એક કરોડથી વધુ લાભાર્થીઓને ૧૬,૩૯૨ કરોડની નાણાકીય સહાય આ સરકારે આપી છે. ચાલુ વર્ષે ૧૨૩ મેળા દ્વારા ૧૪ લાખ ૪૦ હજાર લાભાર્થીઓને રૂપિયા ૩ હજાર કરોડથી વધુની નાણાકીય સહાય આ સરકાર આપવાની છે. વિશ્વવિભૂતિ મહામાનવ ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની ઊજવણી કરવાનું આ સરકારે નક્કી કર્યું છે. વિવિધ કાર્યક્રમો દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકર સાહેબના જીવન સંદેશનો પ્રચાર અને પ્રસાર નાટક, ભવાઇ, શો, લોક ડાયરો વગેરે જેવા કાર્યક્રમો દ્વારા સમાજ જાગૃતિનું કાર્ય સરકાર કરી રહી છે અને તેના માટે ૧૨૫ કરોડ રૂપિયાનું આયોજન આ સરકારે કર્યું છે. એમાં વડોદરાની જે બાબા સાહેબની સંકલ્પભૂમિ છે એના માટે પણ ૧૦ કરોડ રૂપિયાનું આયોજન જ્યારે થયું હોય, ત્યારે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન અને સામાજિક ન્યાય મંત્રી આદરણીય રમણભાઇને લાખ લાખ ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડે ડો. બાબ સાહેબને વિદેશ અભ્યાસ માટે મોકલયાં હતાં. તેમના નામ સાથે જોડીને દલિત સમાજના ૭૯૧ વિદ્યાર્થીઓને રૂ.૭૨ કરોડના ખર્ચે વિદેશ અભ્યાસ માટે રાજ્ય સરકારે મોકલ્યાં છે અને આમાં ૧૮૮ કન્યાઓનો પણ એમાં સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોને શૌચાલય. ગુજરાતના પનોતા પૂત્ર, ગુજરાતનું ગૌરવ અને દેશના હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ''એક કદમ સ્વચ્છતા કી ઔર'' આ સૂત્ર આપીને સ્વચ્છતા અભિયાનની આહલેક જગાવી. ભારત દેશમાં ગરીબો માટે જે શૌચાલયની યોજના મૂકી એમાં ગુજરાતે આ દિશામાં ૪,૩૪,૭૩૪ શૌચાલયની કામગીરી પૂર્ણ કરી છે. સમગ્ર દેશના વ્યક્તિગત શૌચાલયના નિર્માણમાં એક માત્ર ગુજરાતે આખા દેશમાં શૌચાલય થયા એમાં ૭૦ ટકા એકલા ગુજરાતમાં થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો ગૃહમાં નથી પણ આ ગૃહના માધ્યમથી કદાચ એમની ઓફિસમાં બેઠા હોય તો એ પણ સાંભળે ઊંટ જે હોય છે એનો હોઠ પડતો નથી. ઊંટ તો બધાએ જોયો હશે અને આ કોંગ્રેસના મિત્રોને હમણાં હોઠ ટૂટે અને આપણાં હાથમાં આવે એ પ્રકારના કોંગ્રેસના મિત્રો થોડા મહિનાથી સપના જોઇ રહ્યાં છે. રાહ જોઇને બેઠાં છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીના પરિણામોથી કોંગ્રેસ ગેલમાં આવી ગઇ છે. મુંગેરીલાલના હસીન સપના જેવા એ લોકો અત્યારે સપના

જોઇ રહ્યાં છે. સામેની ખુરશી ઉપરથી ક્યારે આનંદીબેનની ખુરશીએ પહોંચી જઇએ એના એ લોકો સપના જોઇ રહ્યાં છે. કોંગ્રેસના મિત્રો સમજી લે કે તેમને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં બગાસું ખાતાં પતાસું મળ્યું છે અને કયા મુદ્દાના કારણે મળ્યું છે એ લોકો પણ જાણે છે ત્યારે આજે ગૃહને જણાવવું છે કે પાટીદાર સમાજ ખૂબ જ ભલો, ભોળો અને એટલો ચતૂર સમાજ પણ છે. એ સમાજ સત્ય સમજે છે અને આગામી સમયની અંદર એ સત્ય વસ્તુ પણ બહાર આવવાની છે કે કોના કારણથી, કોની ચઢામણીથી આ બધું ગુજરાતમાં ચાલ્યું. માનનીય અધ્યક્ષશ્રી, ''ધોકાનું માર્યું પાણી છૂટું પડતું નથી.'' અને આગામી સમયમાં ગોળાનું પાણી ગોળામાં સમાશે અને ૨૦૧૭ના કોંગ્રેસના સપના ચકનાચૂર થઇ જાશે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીમાં મતોનો તફાવત ફક્ત ૩ ટકાની અંદર છે. કોંગ્રેસના મિત્રોએ આ ગણતરી કરી નથી. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણીઓની વારંવાર વાતો કરીને આ લોકો ગેલમાં આવી ગયા છે તો મહાનગરની ચૂંટણીનું પરિણામ અને હમણાં જ ૨૭ નગરપાલિકાનું પરિણામ થયું એનું વિશ્લેષણ એ લોકોએ કર્યું લાગતું નથી. તાજેતરમાં જે નગરપાલિકાની ચૂંટણી થઇ ૬૬૦ બેઠકો કુલ, એની અંદરથી ભાજપને ૩૯૦ સિટો મળી. ૬૦ ટકા સીટો એક માત્ર ભાજપને મળી. જ્યારે કોંગ્રેસને ફક્ત ને ફક્ત ૧૧૯ બેઠકો ગુજરાતમાં મળી અને એ પણ ફક્ત ૨૦ ટકાની અંદર ત્યારે કોંગ્રેસના મિત્રો સમજી લે, અહીં તો છે નહિ પણ જ્યાં પણ બેઠાં હોય એમની ઓફિસમાં, ૨૦૧૭ની વાત છોડો, ૨૦૨૭ સુધી પણ એમનો મેળ પડવાનો નથી. ભવિષ્યમાં પણ ગુજરાતમાં કોંગ્રેસની સરકાર બનવાની જ નથી. મેં અગાઉ કહ્યું તેમ ગુજરાતનો દલિત સમાજ ખૂબ જાગૃત થયો છે. એક સમય હતો જ્યારે દલિતો પણ "આધી રોટી ખાયેંગે, કોંગ્રેસ કો લાયેંગે" આ સૂત્રો પોકારતા હતા. આ એક સમય હતો પણ આજે દલિત સમાજમાં પણ એટલી જાગૃતિ આવી છે, એમને પણ અહેસાસ થયો છે કે, આ સૂત્રો પોકારીને અડધી જ રોટલી આપણને મળી છે ત્યારે એમનો પણ મોટો વર્ગ કોંગ્રેસથી વિમુખ થયો છે. ગુજરાત વિધાનસભા સમક્ષ મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનને હાર્દિક આવકાર સાથે તેમનો આભાર પ્રસ્તાવ જે રજૂ થયો છે તેને સમર્થન કરતાં અત્યંત ગૌરવની લાગણી અનુભવું છું.

અધ્યક્ષશ્રીનો નિર્ણય

(સભ્યશ્રીને પ્રથમ બેઠક પૂરતા સસ્પેન્ડ કરવા અંગે.)

અધ્યક્ષશ્રી : મારે એક સ્પષ્ટતા કરવાની છે કે, વિરામ બાદ વેલમાં આવેલ વિરોધપક્ષના સભ્યશ્રીઓને આજના દિવસ માટે મેં નિયમ- ૫૧ હેઠળ દૂર કર્યા છે પણ આમ તો આજે બે બેઠકો છે એટલે માત્ર પ્રથમ બેઠક પૂરતા જ એમને સસ્પેન્ડ કરીએ છીએ, બીજી બેઠકમાં આવી શકશે. માનનીય રાજેન્દ્રભાઇ.

શ્રી રાજેન્દ્ર સૂ. ત્રિવેદી(રાવપુરા) : माननीय अध्यक्ष महोदय मैं महामहिम राज्यपाल महोदय के निवेदन पर आभार प्रस्ताव पर बोलने के लिए खडा हुआ हूं जो कि मेरे परममित्र, इस सदन के विधायक, भाई श्री दुष्यंत पटेल जो आभार प्रस्ताव लाए है उस प्रस्ताव का मैं तहेदिल से समर्थन करने के लिये, उनके कुतर्क के सामने तर्क देते हुए, माननीय अध्यक्षश्री, मैं अपने विचार प्रस्तुत करता हूं। माननीय मुझे रोजगार और श्रमिक कल्याण विषय पर बोलना है। मुझे इस सरकार की जो अच्छी बातें है उन्हें बताना चाहता हूं। साहेब, ना भूतो न भविष्यति । जो कभी किसी ने ऐसा सोचा नहीं, क्योंकि 60 साल पुरानी कॉग्रेस ने, जो बूढी हो गई है । उसमें अब सोच की कमी है। भारतीय जनता पार्टी की जो हमारी सरकार है यह सरकार ने यह एक नया आयाम दिया। कभी किसी ने यह नहीं सोचा था कि गरीब कल्याण मेले होंगे, कभी नहीं सोचा कि श्रमिक के कल्याण के लिये यूविंन कार्ड रखा जाएगा । आज हमारे भारतीय जनता पार्टी के माननीय अध्यक्ष श्री रुपाणीजी को बधाई देता हूं, जो कि इस विभाग के मंत्री होने के नाते एक नया विचार रखा । उस विचार को अमल करने के लिये उनके पूरे विभाग ने पूरा जोश भी लगा दिया । साथ ही साथ भारतीय जनता पार्टी के कार्यकर्ताओं ने भी अपना पूरा जोश लगा दिया। माननीय अध्यक्षश्री कॉग्रेस के मित्रों को, कार्यकर्ताओं को इस कार्यक्रम में शामिल होने के लिये किसने ना बोला था । अगर वो इस कार्यक्रम में शामिल होतेतो हम उनका भी अभिवादन करते, उनका भी सम्मान करते। यह तो गरीबों का ही काम था। बडे शर्म की बात है कि आप कहते है कि हमारी यह सरकार अमीरों की सरकार है। माननीय अध्यक्षश्री, हमारी सरकार गरीबों की सरकार है, इसका इनको पता ही नहीं चलता। माननीय अध्यक्षश्री इस सरकार ने इतने सारे मेले लगाए। अभी एक सदस्य ने बताया कि रु 16 हजार करोड से ज्यादागरीब कल्याण मेले के व्दारा वितरित

किये है। उसमें भी खास बात यह थी कि उसमें बीच में कोई बिचौलिया नहीं था। वह पैसा सीधा गरीबों के हाथ में जाते है। उनको यह सरकार व्दारा की जा रही कार्यवाही नहीं दिखती है। क्योंकि उनको मालूम है कि उनके हाथ में कभी सरकार आनेवाली नहीं है इसलिये वो वर्ग विग्रह करना चाहतेहै। इसलिये वो बाते लेकर आते है जो अप्रस्तुत है। माननीय अध्यक्षश्री, 14 लाख लाभार्थी को हम अपने हाथ से सहायता करके अपने बल पर खडा करते है, मदद करते है। स्वामी विवेकानंदेजी ने कहा है कि गरीबों की मदद करो, चलो, उठो और आगे बढो इसके लिये सरकार काम करती है। इसलिए मैं सरकार का बहुत बहुत अभिनंदन करता हूं। इस सदन में महामहिम राज्पाल महोदय ने अग्रेजी में प्रवचन दिया , किसी ने कहा गुजराती में प्रवचन क्यों नहीं दिया मैं उन्होने बताना चाहता हूंकि हिन्दी हमारी राष्ट्र भाषा है, गुजराती हमारी मातृभाषा है। मातृभाषा का जरुर सम्मान करो किन्तु मैं राष्ट्रभाषा मैं बोल रहा हूं यह मेरा राष्ट प्रेम है, यह मेरा आदर है। वो लोग राष्ट प्रेम कभी नहीं समझ सकेतेहै। जो जे एन यू का जो समर्थन करते है वो, राष्ट्र द्रोह वाले कभी नहीं समझ सकते ।वो राष्ट्र प्रेम कभी नहीं समझ सकते। आज हमने जो शब्द दिया कामदार श्रमिक,को उनको हमने श्रम योगी का शब्द दिया वो भी योग करता है , वो भी अपने श्रम से काम करता है व उपार्जन करता है । इसलिये श्रम योगी कहा । उन्हें 60 साल तक नहीं दिखा कभी श्रमिक नहीं दिखे, कभी उन्हें योगी नहीं माना, कभी उनके घर जाकर उनकी कोई मदद नहीं की। माननीय अध्यक्षश्री, मुझे कहने दो कि हम जो श्रमिकों का कल्याण मेला करते है उसमें आने जाने की व्यवस्था हम मुफत में करते है। उनका सम्मान करतेहै । इन श्रमिको का सम्मान इस देश का सम्मान है। मुझे खुशी है कि 786 आई टी आई, हर तालुका वाईस आई टी आई की घोषणा की है , एवं चालू भी हो गई है। अंत में जो नया तालुका था गरुडेश्वर, उसमें भी आई टी आई शुरु कर दी है। हम विकास की दिशा में पूरे देश को ले जाना चाहतेहै। माननीय अध्यक्षश्री 2015 में एक लाख 53 हजार 708 लाभार्थी तैयार किये। जिसमें से एक लाख महिलाएँ थीं इसको कहते है महिला, शसक्तीकरण ।अगर आज एक महिला फत्थर फेंकती है तो सामने से बडे पत्थर का जवाब तो आयेगा ही। माननीय अध्यक्षश्री, औदयोगिक प्रशिक्षण के लिये हमने नौ हजार 18 महिला प्रशिक्षार्थी को साईकिल वितरण का कार्य किया। श्रमएवं रोजगार विभाग में हम पूरे देश में , गुजरात राज्य प्रथम रहा है। राज्य में शांति होती है तो उसकी प्रगति दो गुनी हो जाती है और चार चांद लग जाते है। शांति जो बनी हुई है, उसको ये लोग मिटटी में मिलाने चाहते है ।उसमें वो फायदा उठाना चाहते है। हमारी भारतीय जनता पार्टी की हमेशा यह सोच रही है कि हमें सारे समाजों को आगे बढाना है। सभी समाज को साथ लेकर चलना है। उनको पटेलो से बहुत प्यार हो गया है मगर यह नहींजानते माननीय अध्यक्षश्री कि हमें तुमसे पहले से प्यार है ,आज भी है और कल भी रहेगा। अगर इनको पटेलो से प्यार है, तो मैं कल की घटना नहीं भुल सकता। माननीय अध्यक्षश्री, गॉधीनगर जो है वह गुजरात का मुख दर्शन है । अगर मुख दर्शन करना है तो गीता बेन पटेल को शिक्षण समिति के चेयरमेन के लिये कॉग्रेस के मित्रों ने मेडेन्ट दिया था मुझे अनुकम्पा होती है कि उन्होंने अपना वचन पूरा नहीं किया वे महिला शसक्तीकरण की बात करते है उन्होंने इस महिला को अध्यक्ष नहीं बनने दिया। मेन्डेट की अवमानना की वो गीता बेन पटेल को अध्यक्ष नहीं बनने दिया इसीसे पता चलता है कि उनका जो पटेल के प्रति जो प्रेम है वो सिर्फ दिखावा है जैसे ऊट के होंठ -------

**अध्यक्षश्री-** माननीय श्री त्रिवेदी भाई, यह सब बातें कोर्ट के अधीन है। आप आभार प्रस्ताव पर ही बोलिये।

**श्री राजेन्द्र त्रिवेदी -** इसलिए राज्य सरकार ने सर, राज्य श्रम रत्न 25,000 राज्य श्रम भूषण 15,000 बढाए है राज्य श्रम वीर को रु 10,000 राज्य श्रम श्री श्रम देवी को रु 5,000 अगर अभी हम देखे तो 20 तारीख को माननीय प्रदीपसिंह , माननीय नीतीनभाई मंत्रीश्री भी मंत्री के रुप में उपस्थित थे , श्रम योगी सम्मेलन बडौदा में। हमने उन गरीबों की ऑखों में आशा का संचार देखा है, जिसका पति गुजर गया है, जो भाई गुजर गए उनकी पत्नी को एक लाख रुपए बीमा का दिया गया। असंगठित श्रम योगी व्यवसाय के साधन दिये गये।बांधकाम श्रम योगी शिक्षण सहाय के रुप में एक लाख रु दिये गये और इसी तरह से राज्य श्रम रत्न, राज्य श्रम वीर, राज्य श्रम भूषण से हम उनका सम्मान करते है। कुछ उदाहरण देता हूं श्रम योगी का क्या महत्व है अगर यह समझा होता तो उनको आज यह दिन देखने को नहीं मिलते। महेश कुमार छोटाभाई पटेल पोषक लिमिटेड हलोल उसने फलोरेट बढ गया था पाईप में, कार्बाइड मोनोकसाइंड का। उस समस्या को हल करने के लिये उसने अपनी होशियारी का उपयोग करके 3करोड 59 लाख का आर्थिक फायदा कंपनी का किया उसको हमने श्रमरत्न से सम्मानित किया। धन्यवाद।

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેમ મારું સમર્થન કરું છું. મહિલા અને બાળ કલ્યાણ વિષે મારા વિચારો વ્યક્ત કરું છું.

લોકશાહીનાં આટલાં વર્ષો પછી અગાઉ સરકારો આવી એમાં ખાસ કરીને કોંગ્રેસે ઘણાં વર્ષો સુધી સત્તામાં રહી શાસન કર્યું, પરંતુ મહિલાઓના વિકાસ માટે કયારેય વિચાર જ નહોતો કર્યો. સમાજ જીવનમાં ૫૦ ટકા હિસ્સો મહિલાનો છે, પરંતુ તેના માટે અગાઉની સરકારોએ કયારેય વિચાર્યુ જ નહોતું. જ્યારથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું અને મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઇ મોદીએ શાસન સંભાળ્યું ત્યારથી ૨૦૦૨ માં મહિલા અને બાળવિકાસ વિભાગ અલગ શરૂ કરવામાં આવ્યો અને આજના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ દ્વારા મહિલા અને બાળકલ્યાણ વિભાગના મંત્રી તરીકે કામ કરીને અનેકવિધ યોજનાઓ મહિલા અને બાળકોના વિકાસ માટે બનાવવામાં આવી છે. આનંદીબેન પટેલે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા પછી સતત બહેનોની ચિંતા કરીને મહિલાઓનો સાચા અર્થમાં સર્વાંગી વિકાસ કર્યો છે. જે સમાજમાં મહિલાઓનું સન્માન જળવાય તે રાજ્ય સાચા અર્થમાં સુખી અને સમૃદ્ધ રાજ્ય કહેવાય. નારીનું સન્માન ત્યારે જ જળવાય જ્યારે એ આર્થિક રીતે સદ્ધર હોય. પોતાના ઘરના આંગણે બેસીને આર્થિક ઉપાર્જન કરી શકે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે મહિલાઓના હક્ક અંગે કોઇ બાંધછોડ કરતા નથી. પુત્ર, પુત્રીને સંપૂર્ણ સમાનતાના આધારે રાખવા જોઇએ. આ વાક્યને સાર્થક કરતા રાજ્ય સરકાર એક વાતાવરણ ઊભું કરવા પ્રયત્નશીલ છે કે જેમાં મહિલા પુરુષોની જેમ સામાજિક, આર્થિક સ્વતંત્રતા ભોગવી શકે. સરકાર દ્વારા ૨૦૧૪ થી મહિલા સશક્તીકરણ પખવાડિયું દર વર્ષે ઉજવવામાં આવે છે. એનો અસરકારક અમલ કરવામાં આવે છે. આ પખવાડિયાની અંદર સરકાર દ્વારા જે યોજનાઓ મહિલાઓ માટેની હોય છે, તેનાથી માહિતગાર કરવામાં આવે છે. મહિલા ઉપર થતી હિંસા અને તેમાંથી કઇ રીતે બહાર કાઢી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવે છે. બહેનો સ્વમાનભેર કઇ રીતે જીવી શકે. આર્થિક રીતે પગભર કઇ રીતે થઇ શકે એ બાબતની માહિતી આ પખવાડિયાની અંદર મહિલા સશક્તીકરણ કાર્યક્રમમાં આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પોલીસ ભરતી સહિત તમામ સરકારી ભરતી માટે ૩૩ ટકા મહિલાઓ માટે અનામત આપીને મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે. એટલેથી નહીં અટકતાં સ્થાનિક સ્વરાજય સંસ્થાઓમાં ૩૩ ટકાથી વધારીને આજે ૫૦ ટકા અનામત મહિલાઓને આપીને મહિલાઓને વધારે પ્રતિનિધિત્વ અપાવ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે આ તેરમી ગુજરાત વિધાનસભામાં અત્યારે અમે મુખ્યમંત્રી સહિત પંદર બહેનો પ્રતિનિધિત્વ કરીએ છીએ. તેમાં ભારતીય જનતા પાર્ટીની અમે ૧૨ બહેનો પ્રતિનિધિત્વ કરીએ છીએ. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જયારે કોઇ કાર્યક્રમમાં જતા હોય છે ત્યારે તેમને સન્માનવા અનેક લોકો આવતા હોય છે. પરંતુ તેમણે એવું કહેલું કે ફૂલહાર કે ગુલદસ્તાથી મારું સન્માન ન કરો. બાળકોમાં જે કુપોષણ રહેલ છે તે દૂર કરવા માટે મુખ્યમંત્રી જે કાર્યક્રમમાં જાય છે ત્યાં કઠોળ અથવા તો ફ્રુટ વગેરે આપીને તેમનું સન્માન કરવામાં આવે છે. આ કઠોળ અને ફ્રુટ ત્યાં કાર્યક્રમમાં જ આંગણવાડીના બહેનોને આપવામાં આવે છે. બાળકોનું કુપોષણ દૂર થાય તે માટે માનનીય આનંદીબેન તેમજ સરકાર પ્રયત્નો કરી રહી છે. મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે ૧૮૧ નંબરની અભયમ્ હેલ્પ લાઇન આખા ગુજરાત રાજયમાં તમામ જિલ્લાઓમાં કાર્યરત છે. જેનાથી મહિલાઓ પોતાની સુરક્ષા અને સલામતી અનુભવે છે.

સમાજમાં મહિલાઓની મહત્વની ભૂમિકા અને મહિલા સંબંધી ગુનાઓનો ઝડપી ઉકેલ અને અત્યાચાર નિવારણમાં સ્વૈચ્છિક મહિલા કાર્યકરોના અનુભવનો લાભ મેળવી શકાય તે હેતુસર રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે મહિલા સુરક્ષા સમિતિઓની રચના કરવામાં આવી છે. પશુપાલનમાં મહિલાઓના અગ્રીમ ફાળાને ધ્યાને લઇ સરકારે મહિલા સંચાલિત ગ્રામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ બનાવી છે. આવી નોંધાયેલ દૂધ ઉત્પાદક મંડળીઓને દૂધઘર બાંધવા માટે રૂપિયા એકના ટોકન દરે ૩૦૦ ચોરસવાર સરકારી પડતર જમીન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ ઉપરાંત મહિલા પશુપાલકોને બલ્ક મિલ્ક કુલર, મિલ્કીંગ મશીન, ચાપ કટર જેવા સાધનો તથા પશુ વીમા માટે સહાય પણ આપવામાં આવે છે. ૧લી જુન ૨૦૧૫ થી મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી સમગ્ર રાજયમાં આવકની મર્યાદા વગર તમામ સ્ત્રીઓમાં બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સરની તપાસ કરાવી અને તેની જિંદગી બચાવવાના હેતુથી તેની સમયસર સારવાર શરૂ કરાવી. આવી ૫૦ લાખ મહિલાઓનું સ્ક્રિનીંગ સ્ત્રી આરોગ્ય કાર્યકરો દ્વારા કરવામાં આવ્યું. આમાં બ્રેસ્ટ કેન્સરમાં ૬૬ હજાર અને સર્વાઇકલ કેન્સરના ૪૨૩૦૦ શંકાસ્પદ કેસો શોધી કઢાયા. જેમાંથી ૫૯૫ મહિલાઓને બ્રેસ્ટ કેન્સર અને ૧૮૮ મહિલાઓને સર્વાઇકલ કેન્સરનું નિદાન થયું છે. આ નિદાન પછી તેમને રાજય સરકારની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં સારવાર આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. શહેરી વિસ્તારોમાં મિશન મંગલમ્ યોજના હેઠળ શહેરી મહિલાઓને લઘુ ઉદ્યોગોની તાલિમ આપીને આર્થિક રીતે પગભર બનાવવાના પ્રયત્નો થયા છે. સરકાર દ્વારા જે આવાસો બનાવવામાં આવે છે તેની ફાળવણી કુટુંબના મહિલા સભ્યના નામે કરવાની શરૂઆત આ સરકારે કરી છે. રાજયમાં દિનપ્રતિદિન શિક્ષણના વ્યાપની સાથોસાથ રાજયની મહિલાઓમાં શિક્ષણનું પ્રમાણ વધવા પામેલ છે. રાજયની મહિલાઓ સ્વમાનભેર રોજગાર મેળવી પગભર થઇ શકે તે હેતુથી રાજયમાં મહિલાઓ માટે ખાસ અને અલાયદી રોજગાર સેવાઓ ઉપલબ્ધ કરવા અમદાવાદ અને જામનગર જિલ્લા ખાતે મહિલાઓ માટેની ખાસ રોજગાર કચેરીઓ શરૂ કરવામાં આવી છે.

શ્રી જયંતીભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ આ ગૃહની અંદર જે સંબોધન કર્યુ તે સંબોધન પરનો પ્રસ્તાવ આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે અને આદિજાતિ વિસ્તારના વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

હું મારા આદિજાતિ વિસ્તારની વાત કરું ત્યારે દેશના વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુઓ માટે, આદિવાસીઓના વિકાસ માટે ખૂબ જ અમીદ્રષ્ટિ રાખીને ૨૦૦૭માં વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરીને આદિવાસીઓને શિક્ષણ મળે, આરોગ્ય મળે, સિંચાઇની સુવિધા મળે, વીજળી મળે એ માટે ૨૦૦૭ થી ૨૦૧૨ સુધી આદિવાસીઓનો વિકાસ કરવા માટે ૧૭ હજાર કરોડ રૂપિયા આપ્યા હતા અને એના કારણે આદિવાસીઓનો તમામ પ્રકારે વિકાસ થયો. પછી એમાં શિક્ષણની વાત હોય, આરોગ્યની વાત હોય, વીજળીની વાત હોય, સિંચાઇની વાત હોય એ તમામ પ્રકારે વિકાસ થવાના કારણે એ વનબંધુ કલ્યાણ યોજનાને વધુ વેગ આપવા માટે આપણા રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી અને સંકલ્પબદ્ધ પ્રણાલીને વરેલા શ્રીમતી આનંદીબેન પટેલે પંચવર્ષિય યોજનાના બીજા તબક્કામાં ૪૦ હજાર કરોડ રૂપિયા આદિવાસીઓને માટે ફાળવીને તમામ પ્રકારે આદિવાસીઓનો વિકાસ થાય એના માટેના આશીર્વાદ આપ્યા. એ આશીર્વાદના ભાગરૂપે છેલ્લા બે વર્ષમાં ૩૩,૪૪૪.૫૫ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. મારા આદિજાતિ વિસ્તારની શિક્ષણની વાત કરું તો કોંગ્રેસના શાસનમાં મારા વિસ્તારમાં શિક્ષણની કોઇ સુવિધા ન હતી. મારો વિસ્તાર છોટા ઉદેપુર જિલ્લો મધ્યપ્રદેશની બોર્ડર નજીક આવેલો વિસ્તાર છે. આપણા હાલના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમને જિલ્લો ભેટમાં આપ્યો છે જેથી ત્યાંના આદિવાસી વિસ્તારના લોકો, મધ્ય પ્રદેશની બોર્ડર ઉપર વસતા હોય તેમણે જિલ્લના કામ માટે અત્યાર સુધી વડોદરા જવું પડતું હતું અને ૧૦૦ કિલોમીટરનું અંતર કાપીને જવું પડતું હતું એ મુશ્કેલી દૂર થાય એના માટે માનનીય વડા પ્રધાનશ્રીએ અમને જિલ્લો આપ્યો અને જિલ્લો આપવાના કારણે મધ્ય પ્રદેશની નજીકના જે ગામો છે એ ડુંગરાળ વિસ્તારના આદિવાસી ભાઇઓને પહાડોનું અંતર કાપીને, નદીઓનું અંતર કાપીને જંગલ વિસ્તારનું અંતર કાપીને તાલુકા કક્ષાએ શિક્ષણ લેવા માટે જવું પડતું હતું જેના કારણે આપણા વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કન્યા કેળવણી રથ યાત્રા અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો કરીને આપણા આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ ઉંચું આવે એના માટેના પ્રયત્નો કર્યા અને એના ભાગરૂપે આપણા ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આદિવાસીઓમાં શિક્ષણનું સ્તર ઉંચું આવે એના માટે પહાડોની અંદર, જંગલ વિસ્તારોની અંદર અને અંતરિયાળ વિસ્તારોની અંદર માધ્યમિક શિક્ષણ તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ત્યાંના લોકો મેળવી શકે એના માટે અંતરિયાળ વિસ્તારોમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આપીને આદિવાસીઓના બાળકોને શિક્ષણ પૂરું પડ્યું છે. મારા વિસ્તારની વાત કરું તો મારો મત વિસ્તાર મધ્ય પ્રદેશની બોર્ડરની નજીક આવેલો વિસ્તાર છે. કોંગ્રેસના શાસનમાં ત્યાં શિક્ષણની કોઇ સુવિધા ન હતી. કવાટ વિસ્તાર, છોટા ઉદેપુર જિલ્લામાં માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે અવાર નવાર પ્રવાસ કાર્યક્રમ કરીને ત્યાંના બાળકોની ખૂબ જ ચિંતા કરી છે. આદિજાતિ વસ્તારમાં આદિવાસી બાળકોનું મન શુદ્ધ થાય, એમનું સ્વાસ્થ્ય તંદૂરસ્ત રહે અને બાળકો નિયમિત શાળાએ જાય એના માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી વિસ્તારમાં ૭ તાલુકામાં દૂધ સંજીવની યોજના ચાલુ કરીને આદિવાસી બાળકોને દૂધ આપવાની યોજના આપી હતી. પરંતુ એનાથી વિશેષ ૨૧ તાલુકાઓની અંદર આપણા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે દૂધ આપવા માટે દૂધ સંજીવની યોજના આપવાનું કામ કર્યું તે આદિવાસીઓને આશિર્વાદ રૂપ બન્યું છે ત્યારે એમનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

આપણા વન વિસ્તારની વાત કરું, વન વિસ્તારની અંદર આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે આદિવાસી કુટુંબોને વન અધિકારના પત્રો આપ્યા અને એના માટે ૧૯૬ જેટલા ફોરેસ્ટ વિલેજ હતા એને રેવન્યુ રેકર્ડમાં ફેરવીને રેવન્યુમાં એની નોંધ પડે એના માટે પણ ખૂબ જ સારા પ્રયત્નો કર્યા છે. જેના કારણે અમારા ૭૫૪૫૭ આદિજાતિ કુટુંબોને જંગલની જમીન ખેડવાના અધિકારો રાજ્ય સરકારે આપ્યા છે. અને એમાં ૧,૧૦,૯૭૩ એકર જમીન માન્ય કરવામાં આવી છે. સામૂહિક હેતુઓ માટેની વાત કરું તો આ અધિકારો માટે પણ રાજ્ય સરકારે ૪૫૯૭ સામૂહિક દાવાઓ મંજૂર કરેલા છે અને ૧૦ લાખ ૮૧ હજાર ૫૮૩ એકર જમીન માન્ય કરવામાં આવી છે. આદિવાસી વિસ્તારોની અંદર આદિવાસી બાળકોને ભણવા માટે કોઇ વ્યવસ્થા ના હોય અને ઉચ્ચ અભ્યાસ માટે એમના માટે કોઇ વ્યવસ્થા ના હોય તો એ પણ આ સરકારે વ્યવસ્થા કરી છે.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી કે જેઓએ આ ગૃહની સમક્ષ સંબોધન કર્યું અને એમના આભાર માટેનો આભાર પ્રસ્તાવ લઇને આ ગૃહના અમારા સાથી સદસ્ય શ્રી દુષ્યંતભાઇ આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. મારા મત મુજબ મહામહિમ રાજ્યપાલશ્રી દ્વારા આ ગૃહમાં જે સંબોધન કરવામાં આવ્યું એની બૂકસ જે અમને આપવામાં આવી એ આ સૌનો સાથ અને સૌના વિકાસના મંત્રને આ સરકારે જે ચરિતાર્થ કરેલ છે એની સંકલ્પપૂર્તિનો દસ્તાવેજ માનું છું. આ મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનની બૂકને આ રાજ્યની સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ગતિશીલ ગુજરાતનું સૂત્ર આપ્યું એ ગતિશીલ ગુજરાતનો અહેસાસ કરાવતો દસ્તાવેજ હું માનું છું અને મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનને હું આવકારું છું અને એને સમર્થન આપું છું. હું ત્રણ દિવસથી અહીંયા ચાલતી ચર્ચા સાંભળી રહ્યો છું. વિરોધપક્ષના સન્માનનીય નેતા શ્રી શંકરસિંહ વાઘેલાજીએ અહિંસાની વાત કરીને ભગવાન મહાવીરની વાતને આ ગૃહ સમક્ષ મૂકેલ હતી, હું એમને યાદ કરાવવા માગું છું કે ભગવાન મહાવીરે એવો જ એક બીજો સિદ્ધાંત આપ્યો અને સિદ્ધાંત છે અનેકાંતનો. અનેકાંતનો સિદ્ધાંત એમ કહે છે કે દરેકની વાતને સાંભળવી જોઇએ, દરેકની વાતને સમજવી જોઇએ. અહીં તો વિરોધપક્ષે મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનને સાંભળ્યા વગર જ હો હા કરીને એનો વિરોધ કર્યો. મને નથી સમજાતું કે આ કયા પ્રકારની રાજનીતિ છે. મહામહિમ રાજ્યપાલશ્રીએ પોતાના પ્રવચનની અંદર પ્રવાસનની વાત પણ કરી છે. હું એને આવકારું છું અને આ પ્રવાસનની બાબતમાં આપણા સૌને ખ્યાલ છે કે ગુજરાત એ અનેક વરસોથી અનેક રીતે પ્રવાસનની ભૂમિ રહી છે. પરંતુ આઝાદી પછીના કેટલાક કાળની અંદર જ્યારે કોંગ્રેસનું શાસન આ રાજ્ય ઉપર હતું એવા સમયકાળની અંદર આ પ્રવાસન વિભાગ ઉપર તેમણે દુર્લક્ષ્ય સેવ્યું પરંતુ માનનીય નરેન્દ્રભાઇના નેતૃત્વની અંદર ગુજરાતના બધા જ પ્રવાસન સ્થળોને પુનઃ આ દેશની સમક્ષ મૂકીને જે પ્રકારે પ્રવાસન ઉપર આ સરકારશ્રીએ કામ કર્યુ છે, પ્રવાસનની નીતિ જાહેર કરી, હોટલને ઉદ્યોગનો દરજ્જો આપ્યો, Home stay ની પોલીસી આપી મોટા પ્રમાણમાં ગુજરાતની અંદર ગાઇડ્સને ટ્રેઇન કર્યા અને તેના કારણે ગુજરાતના ગીરના સિંહો, ગુજરાતનું સોમનાથનું મંદિર, માતા અંબાજીની શકિતપીઠના દર્શન, અમારા વાગડ જેવા પછાત વિસ્તારની અંદર આવેલા પરંતુ હડપ્પન સંસ્કૃતિના અવશેષો જયાં છે એવા ધોળાવીરા, ફ્લેમીંગો સીટી, નળ સરોવર, કચ્છનું છારીઘંડ જે પક્ષીનો રક્ષિત વિસ્તાર, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાધુ બેટ ઉપર એ નર્મદાના બંધને વિશ્વનું પ્રવાસનનું સ્થળ તરીકે ડેવલપ થાય એ પ્રકારના એ ગૌરવ સાથેના પ્રયાસો થયા છે. પણ કયારેક દુઃખ પણ થાય કે એ સ્ટેચ્યુ ઓફ યુનિટીની અંદર જે પ્રકારે ભાવનાત્મક રીતે આખા દેશની જનતા, ખેડૂતો જોડાય એવા ઉમદા હેતુ સાથે જે લોખંડ એકત્રિત કરીને પ્રયાસ થયો તેને કયાંક વિરોધપક્ષના લોકો ભંગાર જેવા શબ્દો વાપરે, કારણ કે તેમને ભાવનાની કદર ના હોય અને ભાવનાની ખબર ના હોય. અરે, ચારણકા જેવા વિસ્તારની અંદર સોલાર પાર્ક એ પણ કયાંક અને કયાંક આજે પ્રવાસનનું કેન્દ્ર બનતું જાય. અમારું કચ્છનું વ્હાઇટ રણ જે દુનિયાનું ભારત માટેનું એક વિકાસનું તોરણ બન્યું હોય. હમણાં જ ભારતના ઉપરાષ્ટ્રપતિ હામિદ અન્સારીજી કચ્છની મુલાકાતે આવ્યા હતા અને કચ્છની ધરતી ઉપર પગ મૂકતાની સાથેના પહેલા તેમના શબ્દો હતા આદરણીય નરેન્દ્રભાઇને કહા થા જીવનમેં એકબાર કચ્છ જાકે આના, આજ કચ્છમેં આના હુઆ હૈ. આ રીતે આ એ જ કચ્છ છે, આ એ જ રણ છે, આ એ જ દરિયો છે, એ જ ડુંગર છે જેને કોઇ ઓળખતું નહોતું જેને શ્રાપિત ભૂમિ ગણવામાં આવતી હતી. આજે ત્યાં પ્રવાસીઓની હારમાળા સર્જાય છે. ઓલ ઈન્ડિયા ડી.જી. કોન્ફરન્સ પણ કચ્છના સફેદ રણની અંદર થાય છે અને આના કારણે અનેક નાના મધ્યમ વર્ગના કારીગરો, વેપારીઓને રોજગારી મળે છે. રોજગારીનું ઉત્તમ અને મોટામાં મોટું કોઇ સાધન બન્યું હોય તો આ પ્રવાસન બન્યો છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી પંકજ અ. મહેતા : અમારે ત્યાં ભીરંડીયાની અંદર કચ્છનો માવો પણ પુષ્કળ પ્રમાણની અંદર વહેંચાય છે. શાંતિ, સલામતી અને સદભાવના છે માટે પ્રવાસીઓ આવે છે. ''કુછ દિન તો ગુજરો ગુજરાત મેં, કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'' ''ગુજરાતકી આંખો કા તારા હૈ સાપુતારા'' આ બધાજ સૂત્રોના કારણે ગુજરાતની ધરતી ઉપર ગયા વર્ષે સવા ત્રણ કરોડ પ્રવાસીઓ આ ગુજરાતની અંદર આવ્યા છે આને કહેવાય વિકાસ. આમ તો આપણે ત્યાં કહેવાય છે કે •(×××) પણ અમારા વિરોધપક્ષના મિત્રો દૂધમાંથી પોરા શોધવા નીકળ્યા છે તે કયારેય નીકળવાના નથી. આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સંવેદનશીલ સરકારે સૌનો સાથ અને સૌનો વિકાસ થાય એ પ્રકારે ગુજરાતના તમામ ક્ષેત્રની અંદર નાનામા નાના વ્યકિત સુધી વિકાસ પહોંચે,નાનામા નાના વ્યકિત સુધી રોજગારી પહોંચે એ પ્રકારના જે આયામો કર્યા છે તેને હું આવકારું છું, ધન્યવાદ આપુ છું.

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)(ક્રમશ:)

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં માનનીય મહામહિમ રાજયપાલશ્રી મહોદયશ્રી ઓ.પી.કોહલી સાહેબ પ્રવચન લઇને આવ્યા છે તેને આ વિધાનસભાના સન્માનનીય મારા સાથી સભ્ય, મને ગૌરવ થાય છે કહેતાં કે દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને તેને મારા સન્માનનીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલે ટેકો આપ્યો છે તેને સમર્થન આપવા માટે તથા મારા વિચારો દર્શાવવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું વન અને પર્યાવરણ વિભાગની વાત કરવા માગું છું તે પહેલાં આ દેશના છપ્પન ઇંચવાળા અને લોકલાડીલા વડાપ્રધાનશ્રી અને ભૂતપૂર્વ મુખ્ય મંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ–લાખ અભિનંદન આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનગૃહમાં ૨૦૦૨ થી ૨૦૦૭ માં હું પોતે આ વિધાનસભાનો સભ્ય હતો અને તે સમયે આ વન વિભાગની જે વાત અને વન વિભાગમાં જે કાર્ય કરવામાં આવ્યું અને આ દેશના વડાપ્રધાન અને તે સમયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ૨૦૦૪થી વિકાસની ગાથા ઉપાડી અને વિકાસની ગાથામાં સાંસ્કૃતિક વનોની ઉજવણી, અનોખો લોકોત્સવ વનમહોત્સવ તરીકે ઉજવણી કરવાનું કાર્ય આરંભ્યું અને તે સમયે વન વિભાગમાં જે ગરીબ આદિવાસી લોકો જે વનના અધિકારથી વંચિત રહેતા હતા એમને વન અધિકાર અપાવવાનો એમણે પ્રયાસ શરૂ કર્યો. આ સાંસ્કૃતિક વનો ૨૦૦૪થી ૨૦૧૫ સુધીમાં જે સાંસ્કૃતિક વનો કરવામાં આવ્યા એમાં ગાંધીનગરથી પુનિત વન શરૂ કરવામાં આવ્યું અને એ બાર જેટલા આ વનો જયારે વનીકરણ કરીને, અને વનીકરણમાં વૃક્ષો પણ જાતજાતના, ઔષધિઓ પણ જાતજાતની, અને એ આકર્ષક બનાવીને પ્રવાસીઓ એનો લાભ લે અને ત્યાંની સ્થાનિક જનતા પણ લાભ લે એ પ્રકારનું વનીકરણ કરવામાં આવ્યું અને એ સાંસ્કૃતિક વનોને કારણે ત્યાંના લોકોમાં જે જનજાગૃત્તિ આવી જેના કારણે વૃક્ષો ઘરે ઘરે રોપવાનો કાર્યક્રમ પણ ઉપાડવામાં આવ્યો, તે સમયે ૨૦૦૪માં ૨૫ કરોડ જેટલાં વૃક્ષો હતાં, અને ૨૦૧૩ સુધીમાં ૩૦ કરોડ જેટલાં વૃક્ષોનો વધારો થયો છે. એ જ બતાવે છે કે, જનજાગૃત્તિ લાવવાનો આ વન વિભાગમાં જે કાર્યક્રમ ઉપાડ્યો અને દેશના વડાપ્રધાનશ્રીએ જે કાર્ય કર્યું તેના કારણે આ વન વિભાગમાં ખૂબ ચેતના આવી છે, જાગૃત્તિ આવી છે અને આપણને ભૂતકાળ પણ ખબર છે કે, આ કોંગ્રેસના લોકો એમ કહેતા હતા કે, ભ્રષ્ટ સરકાર છે પણ તે સમયની જે સરકાર અને કોંગ્રેસની જે સરકાર હતી અને એ કોંગ્રેસની સરકારમાં જે મંત્રી રહી ચૂકેલા, મુખ્ય મંત્રી રહી ચૂકેલા, અને લોકાયુકતે જેમને દોષિત ઠરાવ્યા છે એમણે જંગલ આખું વેચી માર્યું હતું, તે સમયે ભ્રષ્ટાચારનો કોઇ પાર ન હતો, એના આપણે બધા સાક્ષી પણ છીએ અને એ કોંગ્રેસને કહેવાનો કોઇ અધિકાર નથી કે ભ્રષ્ટ સરકાર આપણને બધાને કહ્યા કરે છે પણ એમને કોઇ કહેવાનો અધિકાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪ પછીનો જે વન અધિકાર માન્યતા ધરાવતો ધારો ૨૦૦૬ અને વન અધિકાર માન્યતા નિયમો ૨૦૦૮ની અમલીકરણ કામગીરી માનનીય મુખ્ય મંત્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમથી વનવાસીઓની વિકાસ ધારા શરૂ થઇ, એમાં જે વનવાસીઓની વન સમિતિની રચના, વનવાસીના ગ્રામસભાથી વનવાસીઓને અધિકાર મળી રહે એ પ્રકારની ગરીબ વનવાસીઓ વન અધિકારથી વંચિત ન રહી જાય એની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કાળજી લીધી હતી. એ કાળજી લેવાના કારણે આ પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રીએ, ગતિશીલ સરકારના મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ ઐતિહાસિક નિર્ણય કર્યો કે, જેમને વન અધિકારની સનદ મળી, અને એ સનદ મળ્યા પછી એને ૭(૧૨) અને ૮(અ)નો અધિકાર આપવામાં આવ્યો અને એ અધિકાર આપ્યા પછી પણ મહિલા મુખ્ય મંત્રીશ્રીને સંતોષ ન થયો પણ એમને તમામ પ્રકારના અધિકાર મળવા જોઇએ. રસ્તાના પણ મળવા જોઇએ, સ્કૂલોના પણ મળવા જોઇએ, આવાસોના પણ મળવા જોઇએ. સરકારની દરેક પ્રકારની યોજનાઓનો આદિવાસીભાઇઓને લાભ મળે તે પ્રકારનું આયોજન અમારા પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. ૩૫ હજાર લાભાર્થીઓને ૧૯૬૩ લાખની સહાય આપવામાં આવી છે તેનો મને ખૂબ જ આનંદ થાય છે. અમારા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સન ૨૦૧૫નો ૬૬મા વન મહોત્સવની ઉજવણી અમારા નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના ખડકાળા ગામે કરવામાં આવી હતી એના લીધે ત્યાંની જનતામાં ખૂબ જ આનંદ અને ઉત્સાહ વ્યાપ્યો છે. અહીંયા હજારો પ્રવાસીઓ આવી રહ્યા છે અને એનો લાભ ગ્રામ્ય પ્રજા લઇ રહી છે. આવું મોટુ ભગીરથ કાર્ય કરવા બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું એટલા ઓછા છે.

મને એક વાત કહેતા આનંદ થાય છે કે દક્ષિણ ગુજરાતના આદિવાસી ખેડૂતોને કરોડો રૂપિયાનો પિયાવો વરસોથી બાકી હતો એ માફ કરવાનું ભગીરથ કાર્ય અમારી સરકારે કર્યું છે. દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના આદિવાસી ખેડૂતો હતા, આ રાજયમાં આદિવાસીભાઇઓની સરકાર હોય ત્યારે *(×××) પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ આ નિર્ણય કર્યો છે એ આવકારદાયક છે. અમારા ભાઇઓની વર્ષોની માગણી હતી, કોંગ્રેસના સમયમાં ખેડૂતો ઉપર ભારણ આવ્યું એમાં ખોટા ખોટા ફોર્મો પણ ભરાયેલા હતા.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા(લીમખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું અને મારા આદિવાસીભાઇઓના વિકાસ પર વિચારો વ્યકત કરું છું.

ગુજરાત રાજયની અંદર ઉમરગામથી અંબાજી સુધીનો આદિવાસી વિસ્તારનો પટ્ટો આવેલો છે એ સિવાય રાજયમાં છૂટાછવાયા આદિવાસી ભાઇઓ રહે છે. ત્યારે આ સભાગૃહને મારે જણાવવું છે કે જયારે ૧૯૯૨ની અંદર હું પોતે સરપંચ તરીકે ચૂંટાયેલો હતો ત્યારે કોંગ્રેસની સરકાર હતી. મારા પંચાયત વિસ્તારની અંદર ચાર ગુજરાતી શાળાઓ ચાલતી હતી. એ ગુજરાતી

શાળામાં એક શિક્ષક હતો એના માટે ઓરડો પણ નહોતો. ગામના પટેલના ઢાળિયામાં શાળા ચાલતી હતી એમાં હું ભણવા ગયેલો, શાળાએ જવા માટે રસ્તો પણ નહિ, શાળા માટે ઓરડો પણ નહિ. હું સરપંચ તરીકે ચૂંટાયો ત્યારે ચારેય શાળાની અંદર મારા ખર્ચે ખુરશીઓ આપી હતી. એટલે કોંગ્રેસની સરકારે શિક્ષકોને બેસવા માટે ખુરશી પણ નહોતી આપી. ઢાળિયામાં શાળાઓ ચાલતી હતી અને એક નાનકડો ઓટલો બનાવીને એના પર શિક્ષકો બેસતા હતા. એક શિક્ષક અને ૧થી ૪ ધોરણની શાળા. મિત્રો, આજે કોંગ્રેસના મિત્રો મોટી મોટી વાતો કરે છે પરંતુ તેમણે જે કંઇ ભૂલ કરી છે. ઉમરગામથી અંબાજી સુધીના પટ્ટાના આદિવાસીઓને ભણવા માટેની શાળાઓ ખોલી નથી. ૧ થી ૪ ધોરણની શાળા. સાતમા ધોરણની શાળા નહોતી. દસમા અને બારમા ધોરણની શાળા નહોતી. કોલેજ નહોતી. આ આદિવાસીઓને વર્ષોથી તેના માથા ઉપર હાથ ફેરવીને વોટ લઇને રાજ કરવાનું કામ કોંગ્રેસે કર્યું છે. તેના વિકાસ માટે કંઇ કામ કર્યું નથી. મારે આ સભાગૃહને જણાવવું છે કે મારા ગામથી એક બાજુ નદી આવે. બીજી બાજુ જંગલ. ચોમાસાના સમયમાં જવાનું હોય. કોઇ બહેનને પ્રસૂતિ આવવાની હોય અથવા કોઇ ભાઇને એટેક આવે, કોઇ બીમાર થાય ત્યારે મારે રણધીકપુર જવું, બીજી બાજુ ઝાલોદ તાલુકામાં સંજેલી જવું. મિત્રો, એક મોટું લાકડું રાખતા. માણસ બીમાર થાય ત્યારે એક પણ રસ્તો ન મળે. એટલે ખાંધે ઝોળી બાંધી અને બહેનને લઇને જતા. રસ્તામાં જતાં જતાં જીવે તો ઠીક અને મરી ગઇ તો ગઇ. કોંગ્રેસના સમયમાં આ હાલત હતી. વર્ષોથી હરહંમેશના માટે આદિવાસીઓને છેતરીને, ભરમાવીને મત લઇ અને રાજ કર્યું છે. તે વખતમાં એક રાજ્ય જોયું. ચાલે, કોઇ પૂછે નહીં. આજે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આ ગુજરાતના એક-એક આદિવાસીની, છેવાડાના માનવીની સંભાળ રાખીને તેના સુધી પહોંચવા માટે ખૂબ ચિંતા કરે છે. મિત્રો, જયારે સુવાવડ વખતે કે કોઇ બીમારી વખતે દવાખાને જવાનો સમય આવે ત્યારે આદિવાસીના ઘરમાં એક પણ પૈસો ન હોય. એવા સમયે આ દેશના વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ૧૦૮ની સુવિધા કરી છે એ અમારા આદિવાસી વિસ્તારો માટે ખૂબ અગત્યની છે. પૈસો પણ ન હોય એવા સમયમાં ૧૦ થી ૧૫ મિનિટમાં ગાડી આવે, દવાખાને લઇ જાય, ડોકટરની સહી લઇ, દર્દીને સોંપીને પરત થાય છે. એટલું જ નહીં, મારે આ સભાગૃહને જણાવવું છે કે બહેનોની પ્રસૂતિ પછી તેની પાસે પૈસા ન હોય તેવા સમયમાં ઘેર પરત મુકવા માટે અમારે ત્યાં 'ખિલખિલાટ' ગાડી ચાલે છે અને તે ઘર સુધી બાળકને મુકવા આવે છે. એટલે ગુજરાત સરકારનો નિતિનભાઇનો આરોગ્ય વિભાગ હરહંમેશ માટે એક પણ પૈસા વગર આદિવાસીઓની સેવા કરે છે. ગરીબ લોકોની સેવા કરે છે. એટલે મારે સૌ પ્રથમ તો નીતિનભાઇને અભિનંદન આપવા છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબને પણ ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. ગતિશીલ ગુજરાતના પ્રણેતા એવા મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને જણાવું કે અમારા આદિવાસી વિસ્તારમાં અગાઉની સરકારના સમયમાં લાઇટનો એક તણખો પણ ન મળે. લાઇટ એટલે દિવસે એક-બે મિનિટ આવે. પાછી જતી રહે. કોઇ ઠેકાણા નહીં. ગામની અંદર ચાર ગોળા બળતા હોય. ૧૯૯૫માં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી આદિવાસી વિસ્તારોમાં આપણાં નાણા મંત્રી અને ઊર્જા મંત્રી સૌરભભાઇ પટેલે અમારા તાલુકાની અંદર આવીને વીજ સ્ટેશનો ખોલીને ગામડે ગામડે લાઇટની સુવિધા કરી. એટલે સૌરભભાઇને પણ હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. ગુજરાત સરકારને પણ હું લાખ લાખ અભિનંદન પાઠવું છું. કોંગ્રેસના મિત્રોને હરહંમેશ માટે કહેવાનું કે જયારે ૨૦૧૭ યાદ આવે છે એ ઉપર બાંધેલું શીકું છે પણ બિલાડી ખાવા માટે ઢૂંકે પણ એ મળવાનું નથી. એટલે હું રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ બદલ આપ સર્વેને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને સંબોધન કર્યું એ બદલ વિધાનસભાના આદરણીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને આદરણીય સભ્યશ્રી જગદીશભાઇ પંચાલે એને સમર્થન આપ્યું છે એને સમર્થન આપવા માટે અને રાજ્ય સરકારની સિદ્ધિઓની વાત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ તેમ સમગ્ર ભારત વર્ષમાં ૩૦ વર્ષ પછી ગુજરાત મોડેલના નામે સમગ્ર દેશની જનતાએ ભારતીય જનતા પાર્ટીને ૨૮૨ બેઠકો સાથે ભવ્ય વિજય અપાવ્યો છે. ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્રભાઇ મોદીએ ભારતીય જનતા પાર્ટીને એકલે હાથે જીતાડીને દેશના વડાપ્રધાન બન્યા. આદરણીય નરેન્દ્રભાઇ મોદીના એ ૧૪ વર્ષના શાસન દરમિયાન ''ફૂલ ખીલે હૈ ગુલશન ગુલશન, વિકાસ કે યહાં પૈર ઠહરે, જીસને ન દેખા સ્વર્ગ વો આકર દેખે મેરે ગુજરાત કો.''

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતને જેણે સ્વર્ગ બનાવ્યું છે એમના પગલે ચાલનાર ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલ આ જ રાહ પર ચાલીને ગુજરાતમાં નવા આયામો સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. ગુજરાતના દરેક વિભાગો અને દરેક ક્ષેત્રનો શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં આ સરકારે વિચાર કર્યો છે એનો મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં પડઘો પડ્યો છે અને આ પડઘાની વાત કરું છું ત્યારે વિપક્ષના નેતાશ્રી અને અન્ય સભ્યો બાબતે મને લાગે છે કે, વિરોધપક્ષની ભૂમિકા છે એ રાજ્ય સરકારની કોઇપણ ખામી હોય તો એ ખામી કહેવી જોઇએ અને સાથેસાથે એમના સૂચનો પણ કરવા જોઇએ એના માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. માત્ર નકારાત્મક ભૂમિકા વિરોધપક્ષની હોય એ લોકશાહીમાં વાજબી વાત નથી. જ્યારે મહામહિમ રાજ્યપાલશ્રીએ પ્રવચન કર્યું ત્યારે પ્રથમ પંક્તિમાં વિધાનસભાગૃહમાં રહેલા તમામ સભ્યોના સ્વાગતથી એમણે શરૂઆત કરી. એમણે પોતાના પ્રવચનની અંદર પૂજ્ય મહાત્મા ગાંધીજીને અને એમની અહિંસાની વાત કરી છે. ગુજરાતના પનોતા પુત્ર અને દેશના લોક-લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના કારણે તારીખ ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગા

દિવસ ઉજવવાનું નક્કી કર્યું છે એની વાત પણ તેમણે કરી છે. સાથેસાથે જેમણે ભારત વર્ષને અમૂલ્ય બંધારણની ભેટ આપી છે એવા ભારત રત્ન બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની વાત પણ એમણે એમના પ્રવચનમાં કરી છે. ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા એટલે કે સ્ટેચ્યૂ ઓફ યુનિટિ બનાવવાની વાત પણ એમણે પોતાના પ્રવચનમાં કરી છે. એની સાથોસાથ એ દિવસે ઇન્દુલાલ યાજ્ઞિકનો જન્મ દિવસ પણ હતો. એ ઇન્દુચાચાની વાત પણ એમણે કરી છે. સૌથી વધારે અગત્યની વાત એમણે સમગ્ર ગુજરાતના નવ યુવાનોને ધ્યાનમાં રાખીને કરી છે, એમણે શિક્ષણને ધ્યાનમાં રાખીને કરી છે, એમણે રોજગારીને ધ્યાનમાં રાખીને કરી છે. શ્રીમતી આનંદીબેન પટેલે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના આ યુવાનોને સમર્પિત કરી છે. ઇન્દુચાચાની યાદમાં આ વર્ષને યુવા વર્ષ તરીકે ઉજવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ બે–ત્રણ બાબતો કહી છે એને આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું. એમણે એવું કહ્યું છે કે આ સરકાર ૨૫ વર્ષથી એક પેઢીના નામે ચાલે છે. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એમના હાથમાં શાસન રહેલું છે. મારા જેવાના હાથમાં માત્ર ૨૫ મહિના હોયને તો પણ પૂરતા છે. મારે વિરોધ પક્ષના નેતાશ્રીને કહેવું છે કે •(×××) આપણે રાજયના મુખ્યમંત્રી બન્યા હતા અને રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારે આ જ કોંગ્રેસે તમને ટેકો આપ્યો હતો. તમારી જ ટનાટન સરકારને કોંગ્રેસે ટેકો પાછો ખેંચ્યો હતો અને ટેકો પાછો ખેંચી લેતા પહેલા એમણે અઢાર મુદ્દાનું આવેદનપત્ર મહામહિમ રાજયપાલશ્રીને આપ્યું અને એવું કહ્યું કે આ શંકરસિંહ વાઘેલા અને એમની સરકાર એ ભ્રષ્ટાચારી સરકાર છે અને આવી ભ્રષ્ટાચારી સરકારને અમે અનુમોદન આપી શકીએ નહીં એમ કરીને ટેકો પાછો ખેંચી લીધો હતો. આજે એ વિરોધપક્ષના નેતા કોંગ્રેસ પાર્ટીમાં બેસીને ભ્રષ્ટાચારની વાત કરતા હોય તો આ વાત એમને શોભતી નથી. એમણે કહ્યું કે મને માત્ર પચ્ચીસ મહિના આપો. રાજપાની સરકાર હતી. એ મુખ્યમંત્રી હતા. ૧૯૯૮માં ફરીથી ચૂંટણી થઇ રા.જ.પા.ના માત્ર ચાર ધારાસભ્યો ચૂંટાઇને આવ્યા હતા. આપણી પરંપરા એવી છે કે કોઇપણની સ્મશાન યાત્રા જતી હોય તો કાંધ દેનારા ચાર જણા હોય અને પાંચમો દોણીવાળો પણ જરૂરી હોય છે. ગુજરાતની પ્રજાએ રા.જ.પા.ની સરકારને દોણી પકડવાવાળો પણ આપ્યો નહોતો એ એમના ધ્યાન ઉપર રહેવું જોઇએ. અને જયારે એમણે ભ્રષ્ટાચારની વાત કરી ત્યારે મેં કહ્યું એ પ્રમાણે જે ભ્રષ્ટાચારના નામે એમનું સમર્થન પાછું ખેંચી લીધું છે એ પાર્ટી પર બેસીને એ ભારતીય જનતા પાર્ટીને કહે એ મને વાજબી લાગતું નથી. એમણે ભારતીય જનતા પાર્ટીની વાત કરી અહિંસાની વાત કરી આ જ ગાંધીજીએ દેશની આઝાદી મળ્યા પછી એવું કહ્યું હતું કે હવે કોંગ્રેસનું વિસર્જન કરો. કોંગ્રેસનું વિસર્જન કેમ ના કર્યું? માત્ર મહાત્મા ગાંધીના નામે એમના વિચારોનું છડે ચોક ખંડન દિન પ્રતિદિન આ કોંગ્રેસ પાર્ટી કરી રહી છે. વિરોધ પક્ષના નેતાશ્રીએ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિ ઉજવવાની સાથે એમણે થાનગઢના બનાવની વાત કરી હતી. મારે આ સન્માનનીય સભાગૃહમાં કહેવું છે થાનગઢની ધરતી પર આ કમભાગી, કમનસીબ બનાવ બન્યો, એ દિવસે હું થાનગઢની ધરતી ઉપર હતો, એ મહોલ્લામાં હતો. એ દલિત સમાજની વચ્ચે હતો અને એ થાનગઢની વાત કરું એ પહેલા કોંગ્રેસ શાસનની મારે વાત કરવી છે. તા. ૨૦–૩–૧૯૯૧ના દિવસે સિદ્ધપુર તાલુકાના બીલીયા ગામે ૧૨૦ દલિત પરિવારોને ૧૩૪ લોકોને ગામ છોડીને હીજરત આ કોંગ્રેસના શાસનમાં કરવામાં આવી હતી. તારીખ. ૧૯મી ઓકટોબર ૧૯૮૧ના દિવસે વીસનગર તાલુકાના ચીત્રોડીપરા ગામે ૧૦૯ કુટુંબોની ૧૮૦ વ્યકિતઓને આ કોંગ્રેસના શાસનમાં હીજરત કરવી પડી હતી. તા. ૨૫–૧–૧૯૮૬ ખંભાત તાલુકાના ગોલાણા ગામે અગિયાર દલિતોના મૃત્યુ થયા હતા. આ જ કોંગ્રેસના શાસનમાં થયું હતું. તા. ૨૬મી માર્ચ ૧૯૮૯ના દિવસે પાલનપુરના સાંબરડા ગામે કોંગ્રેસના આગેવાન અને કેન્દ્રીય મંત્રી શ્રી બી. કે. ગઢવીનું ગામ અને આ ગઢવીઓના ત્રાસના કારણે સાબરડા ગામમાંથી ૮૧ કુટુંબો ૧૩૧ દિવસ સુધી એમણે હીજરત કરવી પડી હતી. તારીખ. ૨૯મી ફેબ્રુઆરી ૧૯૯૭ અણીયારી ભીમજી તાલુકો ધંધુકા જિલ્લો અમદાવાદ ખાતે દલિત સમાજનું મૃત્યુ કરીને ૬૯ લોકોને હીજરત કરવી પડી હતી. કોંગ્રેસ એમના જૂના દિવસો યાદ કરે. દલિત, પીડીત, શોષિત સમાજને કચડવાનું કામ જો કર્યું હોય તો આ કોંગ્રેસે કર્યું છે. જનતા પાર્ટીના શાસનમાં આદરણીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં એકમાત્ર કમભાગી ઘટના બની અને જયારે થાનગઢની ઘટના બની ત્યારે આ સરકારે એના પરિવારજનોને ૩૨,૫૯,૮૫૦ની એમને સહાય ચૂકવવામાં આવી છે. માત્ર સહાય ચૂકવી છે એમ નહીં એમને પેન્શન આપવામાં આવ્યું, નિભાવ ભથ્થું આપવામાં આવ્યું , વિધવા સહાયની યોજનાનો લાભ આપવામાં આવ્યો અને એમને થાનગઢ નગરપાલિકાની અંદર સો વારના પ્લોટ આપવામાં આવ્યા છે. ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના અંતર્ગત એમને મકાનની સહાય પણ ચૂકવવામાં આવી છે. એ જ જગ્યાએ આ અસરગ્રસ્ત કુટુંબોને ચોટીલાના વેલાણા ગામ ખાતે ત્રણ એકર જમીન આપવામાં આવી હતી પણ જમીન પથરાળ હોવાને કારણે એમણે સ્વીકારી નહોતી. પછી એમણે બીજે વરમાધાર ગામે જમીનની માગણી કરી પરંતુ એ વન વિભાગની જમીન હોઇ, સરકાર આપી શકી ન હતી. હમણાં મળતી માહિતી પ્રમાણે પ્રાંત અધિકારીશ્રીએ જામવાડી ગામે ૪૯૫૦ સરવે નંબરમાં એમને સાથણી પેટેની જમીન આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ થાનની ઘટનાને કોંગ્રેસ દ્વારા રાજકીય સ્વરૂપ અપાઇ રહ્યું છે ત્યારે મારે એમને કહેવું છે કે થાનગઢની ઘટના પછી ૨૦૧૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ થઇ અને ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય જંગી બહુમતીથી આ સીટ ઉપર વિજયી થઇને આવ્યા. આ બનાવ પછી થાનગઢની નગરપાલિકાની ચૂંટણી થઇ એમાં ૩ અનામત બેઠકો હતી. ભારતીય જનતા પાર્ટીએ સામાન્ય સીટ ઉપર પણ દલિત ઉમેદવારને ઉભો રાખ્યો હતો. થાનગઢ નગરપાલિકાની ચારે ચાર બેઠકો ભારતીય જનતા પાર્ટીએ જંગી બહુમતીથી જીતી છે. એટલા માટે માત્ર થાનગઢના બનાવને યાદ કરીને દોષારોપણ કરવું એ મને લાગે છે કે ઠીક નથી.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, એમણે ઇન્દુચાચાનું સ્ટેચ્યુ મુકવાની વાત કરી. મહાગુજરાતની ચળવળના આંદોલનના મુખિયા એવા ઇન્દુચાચાની પ્રતિમાની એમણે વાત કરી. એમણે એમના મેનપુર આશ્રમની વાત કરી. નડિયાદના ઘર અને સ્કૂલની વાત કરી. મારે એમને પૂછવું છે કે કોંગ્રેસે ૪૦ વર્ષ સુધી શાસન કર્યું ત્યાં સુધી એમને એ યાદ આવ્યું નહીં? વિરોધ પક્ષના નેતા જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે એમને ઇન્દુચાચા યાદ ન આવ્યા? પણ કોંગ્રેસને ઇન્દુચાચા ક્યારેય યાદ આવ્યા નથી અને આવવાના નથી. એટલા માટે કે ઇન્દુલાલ યાજ્ઞિકે જ્યારે મહાગુજરાત ચળવળનું આંદોલન કર્યું ત્યારે ગુજરાતના કોંગ્રેસ હાઉસમાંથી એમના ઉપર ગોળીબાર કરવામાં આવ્યો અને લોકોને મોતને ઘાટ ઉતારીને એમને શહિદ કરવાવાળા આ કોંગ્રેસના લોકો ઇન્દુચાચાનું નામ લે છે ત્યારે આ વાત એમના મોંઢે શોભતી નથી. એમણે આંદોલનકારો જેલમાં છે એમ કહીને કહ્યું કે દિવાળીના સમયે એમને જેલમાંથી છોડવા હતા. વિરોધ પક્ષના નેતાને મારે પૂછવું છે કે કટોકટીના કાળ દરમિયાન માત્ર ગુજરાત નહીં, સમગ્ર હિન્દુસ્તાનના પહેલી હરોળના નેતાઓને ૧૮-૧૮ મહિના સુધી તમે જેલમાં રાખેલા. એ વખતે હોળી, ધૂળેટી કે દિવાળીનો તહેવાર નહોતો આવતો? અમારા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ અને મંત્રીમંડળના સાથી આદરણીય વિજયભાઇ રૂપાણી પણ ૧૮ મહિના જેલમાં હતા. એમને હોળી કે દિવાળી યાદ આવી ન હતી? આ જ કોંગ્રેસ છે, માત્રને માત્ર ભડકાઉ વાતો કરીને (અંતરાય) શંકરસિંહ એ વખતે અમારી પાર્ટીમાં હતા એના કારણે એમને પણ જેલમાં નાખ્યા અને એમણે પણ દિવાળી જેલમાં કરી હતી. પણ કોંગ્રેસ સાથે બેઠેલા છે એટલે બોલવું પડે. એમની પાસે વિકલ્પ નથી. કારણ કે એમને પણ વિરોધ પક્ષના નેતા તરીકે ઉઠાડવાની એક હિલચાલ ચાલતી હતી પણ કોણ જાણે શું થયું, પણ બેઠા છે. આપણે એમનું પણ સન્માન કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : આભાર પ્રસ્તાવ ઉપર વાત કરીએ.

શ્રી રમણલાલ ઇ. વોરા : આજે ગુજરાતના લોકો માટે આરોગ્યની સુવિધાઓ મળે એના માટે તત્કાલિન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ મુખ્યમંત્રી અમૃતમ યોજના અમલમાં મૂકી અને બી.પી.એલ. કુટુંબોને વર્ષે બે લાખની વૈદ્યકીય સારવાર મળે એ હેતુથી આ યોજના અમલમાં મૂકી હતી. મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ બિરાજમાન છે ત્યારે ગુજરાતની મહિલાઓને ૧ લાખ ૨૦ હજારની આવક હોય તેને બે લાખની સારવાર આપવા માટે મા વાત્સલ્ય યોજનાની વાત માનનીય આનંદીબેનના નેતૃત્વમાં કરી છે. એટલા માટે કે જ્યારે ગુજરાતમાં ૭૫ ટકા લોકો વીમાથી સુરક્ષિત છે ત્યારે અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે પહેલી વખત યુ-વીન કાર્ડ આપીને ગુજરાતના ઇતિહાસમાં વિશ્વકર્મા દિવસની ઉજવણી કરીને શ્રમ અને રોજગાર વિભાગ અને આદરણીય વિજયભાઇ રૂપાણીના સાનિધ્યમાં કાર્યક્રમ થયો છે. યુવાનોને રોજગારી આપવાની વાત જ્યારે આ રાજ્ય સરકારે કરી છે ત્યારે ૨૦૦૩ થી ૨૦૧૫ સુધી આ ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં રોજગારી આપવામાં પહેલા નંબરે રહ્યું છે અને જ્યારે પહેલો નંબર રહ્યો છે ત્યારે મારે વિરોધપક્ષના નેતાશ્રી એમના ભાષણમાં કહેતા હતાં કે ગુજરાતમાં બેકારી એટલી છે કે તલાટીની ભરતીમાં ૧૬ લાખ લોકોએ અરજી કરી. બીજા દિવસે એમના ધારાસભ્ય બોલવા ઊભા થયા તો કહે છે કે તલાટીની ભરતી માટે ૮ લાખ લોકોએ અરજી કરી. એક જણો ૧૬ લાખ કહે છે, એક જણો ૮ લાખ કહે છે, આજે રાઘવજીભાઇ લેઉઆએ કહ્યું કે ૧૨ લાખ તલાટીઓની. અરે, ભાઇ કોંગ્રેસવાળા ભેગા થઇને નક્કી કરે ૮ લાખ છે, ૧૨ લાખ છે, ૧૬ લાખ છે? માત્ર અને માત્ર ઠીક લાગે એ પ્રકારના આકડાં આપીને આ ગુજરાતના યુવાનોને અપમાનિત કરવા ઠીક નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એ સાથે સાથે પહેલા વિરોધપક્ષના નેતા રહી ચૂકેલા છે એવા આદરણીય શક્તિસિંહ ગોહિલે પણ આ વિધાનસભાની અંદર એમણે બંધારણીય પ્રવચન કર્યું અને એ પ્રવચન કરવા માટે મારે એમની અક્ષરશ: વાત કરવી છે ત્યારે એમણે એવું કહ્યું કે – જ્યારે બંધારણ ઘડવા માટે બંધારણ સભા મળવાની હતી ત્યારે બાબુ જગજીવનરામની સાથે આ દેશના રાષ્ટ્રીય નેતાઓ મહાત્મા ગાંધી પાસે ગયા અને વંચિતોના વિકાસની, છેવાડાના માનવીની ચિંતા કરવાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, બાબુ જગજીવન રામને આજે આદરપૂર્વક, શ્રદ્ધાપૂર્વક એમનું પણ હું આજે સન્માન કરું છું, એમને શ્રદ્ધાંજલિ અર્પૂ છું. પરંતુ જ્યારે બંધારણની વાત આવે અને ડો. બાબા સાહેબ આંબેડકર ભૂલાઇ જાય, ડો. બાબા સાહેબ આંબેડકરની અવગણના કરવામાં આવે કોંગ્રેસની પહેલેથી તાસિર અને તસ્વીર રહી છે કે ડો. બાબા સાહેબ આંબેડકરને જીવંત પર્યંત અને એમના અવસાન પછી પણ એમને અપમાનિત કરવાની એકપણ તક આ કોંગ્રેસ ક્યારેય છોડતી નથી અને એટલા માટે જ્યારે બંધારણની વાત કરી છે ત્યારે એમણે આદરપૂર્વક બાબુ જગજીવન રામની જરૂર કરી પણ એ વખતે ડો. બાબા સાહેબ આંબેડકરને મિત્રો યાદ કરવા જોઇતાં હતાં. આ ડો. બાબા સાહેબ આંબેડકર કે જેમણે આપણને બંધારણ આપ્યું. બે વર્ષ, અગિયાર મહિના અને અઢાર દિવસના સતત પરિશ્રમના કારણે બંધારણ સમિતિના અધ્યક્ષ તરીકે એમણે કામ કર્યું. આ ડો. બાબા સાહેબ આંબેડકર એક સારા અર્થશાસ્ત્રી હતા અને આજે દેશની અંદર રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ છે. ડો. બાબા સાહેબ આંબેડકરનો મહાનિબંધ પ્રોબ્લેમ ઓફ રૂપી. આ ડો. બાબા સાહેબ આંબેડકરના આ મહાનિબંધના કારણે આ દેશમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપના થઇ. ગુજરાત સમગ્ર ભારત વર્ષમાં એક માત્ર અમાર્ત્ય સેનને નોબલ પારિતોષિક અર્થશાસ્ત્રના વિષયમાં મળ્યું. આ અમાર્ત્યસેને કહ્યું કે અર્થશાસ્ત્રના વિષયમાં ડો. બાબા સાહેબ આંબેડકર એ મારા ગુરુ સમાન છે, આવા અર્થશાસ્ત્રી ડો. બાબા સાહેબ આંબેડકર. એમણે મહિલાઓ માટેની વાત કરી, એમણે મજૂરો માટેની વાત કરી અને મિત્રો આ જ ડો. બાબા સાહેબ આંબેડકરે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી. ગત વર્ષે આ કોલંબિયા યુનિવર્સિટીએ એક સરવે કરાવ્યો. કોલંબિયા યુનિવર્સિટીના ૩૦૦ વર્ષના ઇતિહાસમાં મારો સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થી કોણ? વિદેશની ધરતી પર કોલંબિયા યુનિવર્સિટીના ૩૦૦ વર્ષના ઇતિહાસમાં સમગ્ર ભારત વર્ષના તમામ નાગરિકોને ગૌરવ થાય, આપણી છાતી ગજગજ ફૂલે એવો નિર્ણય થયો. કોલંબિયા

યુનિવર્સિટીના ૩૦૦ વર્ષના ઇતિહાસનો સર્વશ્રેષ્ઠ કોઇ વિદ્યાર્થી હોય તો એ ડો. બાબા સાહેબ આંબેડકર હતા અને એટલા માટે આ ડો. બાબા સાહેબ આંબેડકરની અવગણના કરવી, બંધારણ માટે શક્તિસિંહ ગોહિલે એમની અવગણના કરવી હું માનું છું કે એ ડો. બાબા સાહેબ આંબેડકરનું અપમાન છે અને એમને યાદ કરનારા કરોડો દલિતોનું પણ એમણે અપમાન કર્યું છે એમ કહું તો જરાય ખોટું નથી.

શક્તિસિંહે રાઇટ ટુ એજ્યુકેશનની વાત કરી. આપણે બધા જ સારી રીતે જાણીએ છીએ કે વડોદરાના સર સયાજીરાવ ગાયકવાડે શિક્ષણ માટે કામ કર્યું, ભાવનગરના મહારાજા આદરણીય કૃષ્ણપાલસિંહજીએ શિક્ષણ માટે કામ કર્યું, ગોંડલના મહારાજા ભગવતસિંહજી મહારાજ એમણે પણ શિક્ષણ માટે કામ કર્યું, ડો. બાબા સાહેબ આંબેડકરે બંધારણમાં શિક્ષણને પ્રાધાન્ય આપ્યું, ફરજીયાત કર્યું. ''શિક્ષિત બનો''નો નારો આપ્યો. માત્ર અને માત્ર રાજકીય હેતુ માટે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ તો ડો. બાબા સાહેબ આંબેડકરે બંધારણ શેના માટે કર્યું? તમારા નામે માત્ર ચઢાવવા માટે કાયદો કર્યો રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ અને માનનીય અધ્યક્ષશ્રી,જે તે દિવસોમાં હું રાજ્યનો શિક્ષણ મંત્રી હતો અને એ વખતે મેં કહ્યું હતું કે ઝૂંપડપટીનો બાળક ૨૫ ટકા વિદ્યાર્થીમાં સારી સ્કુલમાં જશે તો તમે એને એડમિશન તો આપશો. પરંતુ એ બાળકના ગણવેશનું શું? એ બાળકના બૂટ–મોજાનું શું? એ બાળક કયા વાહનમાં જશે? અને ત્યાં ગયેલો બાળક એ પણ લઘુતાગ્રંથીથી પીડાશે અને એટલા માટે તમારી આ યોજના કરવી હોય તો આ બાળકોની પણ ચિંતા કરવી જોઇએ. કોંગ્રેસે તો એ ચિંતા ન કરી પણ ગુજરાત સરકારે માનનીય આનંદીબેન પટેલના નેતૃત્વમાં આદરણીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આવા રાઇટ ટુ એજ્યુકેશન એક્ટવાળા બાળકોને જ્યારે શાળામાં મૂકવામાં આવે ત્યારે એની ફી માટેના દસ હજાર રૂપિયા, એના યુનિફોર્મ માટે, એના બૂટ મોજા માટે, એના લંચ બોક્ષ માટે દર વર્ષે દરેક વિદ્યાર્થીને તેર હજાર રૂપિયા આપવાની જાહેરાત આ સરકારે કરી છે. અને ક્મ્પ્યુટર તો છે પણ ક્મ્પ્યુટરના શિક્ષકો નથી. વિરોધપક્ષના મિત્રોને મારે કહેવું છે કે, પી.ટી.સી. થનાર તમામ શિક્ષકોને ક્મ્પ્યુટર એ ફરજિયાત વિષય છે. ક્મ્પ્યુટરનો વિષય એમને ભણવો પડે, પાસ થવું પડે, પી.ટી.સી. તો જ થવાય. સરકારી નોકરીમાં તમે આવો તો સી.સી.સી. પ્લસની પરીક્ષા તમારે પાસ કરવી ફરજિયાત છે એટલે ત્યાં બેઠેલા કર્મચારીઓએ પણ ક્મ્પ્યુટર શીખવાડવાની જરૂર છે એના માટે અલગ શિક્ષકોની ભરતી થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શક્તિસિંહે ખૂબ મોટી વાત કરી કે, કાશ્મીરમાં અફઝલ ગુરુ શહીદ છે એવું નિવેદન પી.ડી.પી.એ કર્યું અને ભા.જ.પે. પી.ડી.પી. સાથે હાથ મિલાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એ કોંગ્રેસને મારે પૂછવું છે કે, ભૂતકાળમાં આ જ પી.ડી.પી. સાથે તમે હાથ મિલાવ્યા હતા કે નહોતા મિલાવ્યા ? આજે પણ પી.ડી.પી. સાથે હાથ મિલાવવા માટે તમે અને તમારા આગેવાનો પ્રયત્નશીલ છો કે કેમ ? તમારા ત્રાજવા જુદા અને બીજા માટેના જુદા ? મિત્રો આ દેશની લોકશાહીમાં આવું કયારેય થઇ શકે નહીં અને જ્યારે પણ વાત થતી હોય ત્યારે મારા અનેક મિત્રોએ કહ્યું છે ૨૦૧૭ દેખાય છે અને ૨૦૧૭ દેખાય ત્યારે એમણે ધ્યાનમાં રાખવું જોઇએ કે, ગુજરાતમાં થયેલી ચૂંટણીમાં ૬ એ ૬ મહાનગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ લહેરાયો છે. ૫૬ નગરપાલિકાઓમાંથી ૪૬ નગરપાલિકા એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આવી છે અને હમણાં થયેલી ૨૭ નગરપાલિકાની ચૂંટણી, આદરણીય વિજયભાઇ રૂપાણી ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ બન્યા અને ૨૭ નગરપાલિકાની ચૂંટણી આવી, ૨૭ માંથી ૧૬ નગરપાલિકા ભારતીય જનતા પાર્ટીએ જીતી અને ૬ નગરપાલિકા એવી છે કે, જ્યાં કોંગ્રેસને એક પણ સીટ મળી નથી, એક પણ સીટ. જીતવાની વાત તો બાજુ પર રહી, એક પણ સીટ મળી નથી અને એટલા માટે હમણાં પૂનમભાઇ કહેતા હતા કે, ઊંટનો હોઠ ક્યારે પડે અને અમે કરીએ. માનનીય અધ્યક્ષશ્રી, આજ દરમિયાન સૂરતની પેટા ચુંટણી થઇ, બક્ષીપંચની ચોર્યાસીની ચૂંટણી પરથી આપણા સ્વર્ગસ્થ રાજાભાઇની ખાલી પડેલી જગ્યા પર બહેન ઝંખનાબહેન, માનનીય અધ્યક્ષશ્રી, ૪૪૦૦૦ની જંગી બહુમતીથી આ બહેન જીતીને આવ્યા છે અને એટલા માટે આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટી માટે મારે કહેવું છે કે, કોંગ્રેસને હરાવવા માટે મારે ઝાઝું કાંઇ કરવાની જરૂર નથી. કોંગ્રેસ કોંગ્રેસને જ હરાવવાના કામમાં લાગેલી છે અને એ હરાવીને રહેશે. એમના આગેવાનોની અંદરો અંદરની ફાટફૂટ જ કોંગ્રેસને હરાવવાની છે અને એટલા માટે એમના એક–બે આગેવાનો તો એવા છે કે, જ્યાં સુધી ઇ–ટીવી પર દેખાવાના છે ત્યાં સુધી તો ક્યારેય કોંગ્રેસ સત્તામાં આવવાની કોઇ સંભાવના નથી, કોઇ સંભાવના નથી. અને એટલા માટે આ સંજોગોની અંદર "મુંગેરી લાલ કા હસીન સપના"ઓની જ્યારે વાત કોંગ્રેસ કરતી હોય ત્યારે મારે બે–ત્રણ બાબતો આ રાજ્ય સરકારની એ પણ કહેવી છે. એમણે ખેડૂતોની બહુ ચિંતા કરી, ખેડૂતો માટે આમ કરવું જોઇએ, ખેડૂતોને માટે તેમ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ૧૯મી માર્ચ, ૧૯૮૭નો દિવસ યાદ કરવો છે. ૧૯મી માર્ચ, ૧૯૮૭ના દિવસે ભારતીય કિસાન સંઘે વીજળી માટે ગાંધીનગર ઘેરાવનો કાર્યક્રમ કર્યો. સ્વર્ગસ્થ શ્રીઅમરસિંહભાઇ ચૌધરી કોંગ્રેસના મુખ્યમંત્રી બિરાજમાન હતા અને જ્યારે ભારતીય કિસાન સંઘે આ આંદોલન કર્યું ત્યારે એક જ દિવસે આ કોંગ્રેસના શાસનમાં ૧૯–૧૯ લોકોને ગોળીએ દેવાયા. આ ખેડૂતોને ગોળીએ દેવાયા અને એની લાશ ઉપરથી પસાર થવાવાળી કોંગ્રેસ આજે ખેડૂતોની ચિંતા કરી રહી છે. મહેસાણા જિલ્લામાં ખેડૂતોનું સંમેલન થયું, ભારે લાઠીચાર્જ થયો અને બે ટ્રક ભરાય એટલા જૂતા મૂકીને ખેડૂતોને ભાગવું પડેલું, આ કોંગ્રેસ એ ખડૂતોની વાત કરે છે. મારી કે મારી પાર્ટીના અમારા સંસ્કારો નથી. પણ કોંગ્રેસના આગેવાને જે રીતે વાણી વિલાસ કર્યો એમની મિટિંગમાં એ અહીં કહેવું પણ ઠીક નથી અને બોલવું પણ ઠીક નથી. શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં આ રાજ્ય સરકારે અનેકવિધ કામો કર્યા છે ત્યારે ગુજરાતના પનોતા પુત્ર અને લોક લાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત માટે અનેકવિધ વિકાસના કામ કર્યા છે. આપણે બધા વાત કરીએ છીએ તો નર્મદા ડેમના દરવાજાની ઉંચાઇની મંજૂરી આપી. મારે

શરૂઆતથી વાત કરવી છે જયારે ૧૧૦ મીટર નર્મદા ડેમની ઉંચાઇ હતી, દિલ્હીમાં બેઠેલા શૈફુદ્દીન શેખે ના પાડી કે હવે બંધની ઉંચાઇ વધારાશે નહીં અને એ વખતે ગુજરાતના પનોતા પુત્ર અને આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ અમદાવાદની ધરતી ઉપર ત્રણ દિવસના ઉપવાસ કર્યા અને ત્રણ દિવસના ઉપવાસના અંતે ૧૧૦ મીટરથી ૧૨૧ મીટર બંધની ઉંચાઇ •(xxx) દિલ્હીની સરકારે આપવી પડી અને એટલા માટે જયારે ૧૨૧ મીટર બંધની ઉંચાઇ આવી છે ત્યારે ગુજરાતના ખેડૂતોના પાણી રાજસ્થાન સુધી પહોંચાડવા હોય, કચ્છની ધરતીને જો લીલીછમ કરવી હોય તો બંધના દરવાજા બનાવવા જોઇએ. અનેક વખત એની ચર્ચા વિચારણા થઇ પણ કોંગ્રેસના મિત્રોએ આ વાત માની નહીં. નરેન્દ્રભાઇ દેશના વડાપ્રધાન બન્યા અને માત્ર સત્તરમા દિવસે નર્મદા બંધના દરવાજા મૂકવાની ઉંચાઇ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આપી. આપણા સૌરભભાઇ પટેલ અનેક વખત વાત કરતા હતા કે કોલસો બહારથી લાવવો પડે છે, મોંઘો પડે છે. કોલસો મોંઘો હોવાને કારણે વીજળી મોંઘી પડે છે. વીજળી મોંઘી હોવાને કારણે ખેડૂતોને નુકસાન થાય છે. આ નરેન્દ્રભાઇ મોદીની સરકાર આવ્યા પછી કોલસાની ખાણો માટે આજે ૮૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન થાય એની વ્યવસ્થા દિલ્હીની સરકારે આપણને કરી આપી છે. રાજયના અનેકવિધ પ્રશ્નો, પર્યાવરણને લગતા પ્રશ્નો હતા એ પ્રશ્નો આપણા ઉકેલાયા છે. સ્માર્ટ સિટીની વાત કરી. ગુજરાતના પણ બે સ્માર્ટ સિટી સુરત અને અમદાવાદનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રેલવે યુનિવર્સિટી વડોદરા ખાતે જાહેરાત કરવામાં આવી છે. ધોલેરા ખાતે ૨૦૦૦ કરોડ રૂપિયાની સહાયની વાત દિલ્હીની સરકારે કરી છે. હમણા જ ખેડૂતો માટેના પાક વીમાની વાત કરી છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટિ માટે ૨૦૦ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. અમદાવાદ ખાતે મેટ્રો ટ્રેનની વાત એ પણ અમદાવાદ-મુંબઇ ની વાત આ દિલ્હીની સરકારે આપણને કરી છે. જયારે આપણે યુવાઓની વાત કરીએ છીએ ત્યારે દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ જે ૨-૩ બાબતો આપણા ધ્યાન ઉપર મૂકી છે. નરેન્દ્રભાઇ મોદીની વાત કરતા પહેલા સૌરભભાઇના વિષયની ઊર્જા વિભાગની એક વાત કરી દઉં. આ વિધાનસભા ગૃહમાં પહેલી વખત ૧૯૯૫માં ધારાસભ્ય થઇને આવ્યો. ઊર્જા વિભાગનો મંત્રી બન્યો. ઇડર મારો મત વિસ્તાર હતો. એ વખતે હું ગામડાંનો પ્રવાસ કરતો. એ વખતે જયારે હું ફરતો અને ગામડાંમાં જઉં અને રાતનું અંધારું થાય અને વીજળી જાય તો મારા ગામનાં છોકરાઓ બુમો પાડે કે રમણભાઇ ગયા. વીજળી આવે તો રમણભાઇ આવ્યા અને વીજળી જાય તો રમણભાઇ ગયા મેં કીધું કેમ? કારણ, વાળુના સમયે આ ગુજરાતમાં વીજળી નહોતી એ જયોતિ ગ્રામના માધ્યમથી ૨૪ કલાક વીજળી આપવાનું કામ આદરણીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં કર્યું છે ત્યારે પ્રધાનમંત્રી જનધન યોજનાની વાત પણ આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આપણને આપી છે. એની સાથે અટલ પેન્શન યોજના, પ્રધાન મંત્રી જીવન જયોતિ યોજના અને પ્રધાન મંત્રી સુરક્ષા વીમા યોજનાનો લાભ દિલ્હીની સરકાર અને માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આપ્યો છે. આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં અને ગુજરાતમાં જયારે અવિરત વિકાસના કામો થઇ રહ્યા છે ત્યારે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજય સરકાર જયારે કામગીરી કરી રહી છે ત્યારે આ કામગીરીના સમર્થનમાં દુષ્યંતભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એ પ્રસ્તાવને મારું સમર્થન આપું છું, બધાનો આભાર માનું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ત્રણ દિવસ દરમિયાન માનનીય ધારાસભ્યશ્રીઓએ અને માનનીય મંત્રીશ્રીઓએ ભાગ લીધો છે. એમણે આભાર વ્યક્ત કર્યો એ પહેલાં વિરોધ પક્ષના માનનીય એક સભ્યે ગઇકાલે પોતાના વાતની અંદર મંત્રીપદના જે પદ છે એને એમ કહ્યું હતું કે આ બધા મલાઇવાળાં ખાતાં. માનનીય બળદેવભાઇ ઠાકોરે આ ઉચ્ચાર કર્યો હતો. એમને ખ્યાલ નથી કે ભારતીય જનતા પાર્ટીમાં કોઇ પદ નથી, એક દાયિત્વ છે, એક જવાબદારી છે. ભારતીય જનતા પાર્ટી એક વિચારધારાને વરેલી પાર્ટી છે. પાર્ટીના મૂલ્યો છે, નીતિ છે, સંસ્કાર છે, ધ્યેય છે અને ધ્યેય એ છે કે ભારત માતાને પરમ વૈભવના શિખર ઉપર લઇ જવાનો નિર્ધાર છે. એમનો વિચાર એવો છે કે દુનિયા અમને શું આપશે. આવું વિચારનારા એ લોકો છે. ભારતીય જનતા પાર્ટી એ છે કે દુનિયાને અમે શું આપીશું. એ વિચારનારા આપણે છીએ. આ ભારતીય જનતા પાર્ટીનો મૂળ મંત્ર છે કે દેશ પ્રથમ છે અને પાર્ટી બીજા સ્થાને છે અને સેલ્ફ એટલે પોતે છેલ્લે સ્થાને આવે છે. ખાસ કરીને ભારતીય જનતા પાર્ટીની દરેક યોજનાઓ જે આ સરકારે અમલમાં મૂકી છે, જે ખરેખર લોકોના હિત માટે છે. છેવાડાના માનવીને કેવી રીતે લાભ મળે એ હેતુથી દરેક યોજના આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મૂકી છે. આ કોંગ્રેસના શાસનની અંદર દેશ આઝાદ થયો, ત્યારથી આપ જોશો અનેક યોજનાઓ મૂકાઇ છે એ કૌભાંડો કરવા માટેની યોજનાઓ મૂકાઇ છે. આ કાર્યો એમણે કર્યા છે, ત્યારે આ બોલવાનો કોઇ અધિકાર એમને રહેતો નથી. અંગ્રેજીમાં બહુ સરસ લાઇન છે. *(xxx) અને બહાર બીજું કશું નહિ કરવાનું. છેલ્લાં ૮ વર્ષથી જોતા આવ્યા છીએ કે અહીયા *(xxx) એના માટે અહીયા બેસે છે. અને જેવી *(xxx).

અધ્યક્ષશ્રી : આપણે કોઇ સભ્ય માટે એવું ન કહી શકીએ કે *(xxx)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એના બીજા સ્વરૂપમાં કહું કે 'વેલ ડન ઇઝ બેટર ધેન વેલસેઇડ' એટલે સારું કાર્ય કરનારા આપણે લોકો છીએ, ત્યારે માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર આભાર પ્રસ્તાવમાં ચર્ચા ઉપર ૩ દિવસ દરમિયાન આ ગૃહના તમામ સભ્યશ્રીઓ તેમજ માનનીય મંત્રીશ્રી શંકરભાઇ, માનનીય મંત્રીશ્રી પ્રદીપસિંહજી અને મંત્રીશ્રી રમણભાઇ વોરા સાહેબે ચર્ચામાં ભાગ લીધો છે. તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓનો સહ્રદયી આભાર વ્યક્ત કરું છું.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને રાજ્યપાલશ્રીને તેઓશ્રીએ સંબોધન બદલ આ સભાગૃહમાં રજૂ થયેલ આભાર પ્રસ્તાવ આપણે સૌ સર્વાનુમતિથી પસાર કરીએ અને રાજ્યપાલશ્રીને સંદેશો પાઠવીએ એ જ અભ્યર્થના.

સુધારા ક્રમાંક–૧, ૨, ૪, ૫,૬ , ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૯, ૩૨ અને ૩૩ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

‘‘અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨–૫૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૧લી માર્ચ, ૨૦૧૬
ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે
બીજી બેઠક
સભાગૃહ બપોરના ૨.૩૦ વાગ્યે મળ્યું.
અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

અધ્યક્ષશ્રીની જાહેરાત
શબ્દો પાછા ખેંચવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. આજરોજ ગૃહની પ્રથમ બેઠક દરમ્યાન માનનીય સભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડે તેમના પ્રવચન દરમ્યાન માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સામે કરેલ ઉચ્ચારણો તથા માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ તે ઉચ્ચારણો સામે વાંધો લેતી વખતે શ્રીમતી કામિનીબા સામે કરેલ ઉચ્ચારણો બાબત અંગે ગૃહની પ્રથમ બેઠક બાદ બંને પક્ષના દંડકો, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ તથા માનનીય સભ્યશ્રી કામિનીબા મારી ચેમ્બરમાં મને મળ્યા હતા. આ બાબતે લંબાણપૂર્વક ચર્ચા કર્યા બાદ માનનીય મંત્રીશ્રી તથા સભ્યશ્રીએ કરેલ ઉચ્ચારણો અંગે મારી સમક્ષ ખેદ વ્યક્ત કર્યો છે અને તેઓએ જણાવેલ હતું કે તેઓનો ઇરાદો કોઇની લાગણીને ઠેસ પહોંચાડવાનો ન હતો. આમ, આ ઘટના અંગે બંને પક્ષોએ ખેદ વ્યક્ત કર્યો છે અને માનનીય મંત્રીશ્રી તથા માનનીય સભ્યશ્રીએ કરેલ ઉચ્ચારણો પાછા ખેંચવાની તત્પરતા દર્શાવી છે ત્યારે મારે ગૃહના સર્વે સભ્યોનું ધ્યાન દોરવાનું કે બંને પક્ષે આ સભાગૃહની ઉચ્ચ સંસદીય પરંપરાનું ઉદાહરણ પૂરું પાડયું છે. હું માનનીય સભ્ય શ્રીમતી કામિનીબા અને મંત્રીશ્રીને વિનંતી કરું છું કે પોતાના શબ્દો પાછા ખેંચે. માનનીય સભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડ

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ: માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવની ચર્ચા દરમિયાન મેં જે મંત્રીશ્રી સામે વાત કરેલી તેમાં મારો કહેવાનો ભાવાર્થ તેમ ન હતો. છતાં માનનીય મંત્રીશ્રીને એમ લાગ્યું હોય અને મંત્રીશ્રી દિલગીર હોય અને માફી માગતા હોય તો હું મારા શબ્દો પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : નહીં. માફીનો સવાલ નથી. માફીની વાત નથી. શબ્દો પાછા જ ખેંચવાના છે. આપે બોલેલા શબ્દો આપે પાછા ખેંચવાના છે. બસ એટલું જ છે. માનનીય બલવંતસિંહજી કહો. આપ જે શબ્દો બોલ્યા છો તેટલા શબ્દો પાછા ખેંચું છું એટલું જ કહો.

શ્રીમતી કામિનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા બોલેલા શબ્દો પરત ખેંચું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારું મન તો કાયમ મોટું છે એટલે આપના પ્રયત્નો સફળ થાય અને બહેને જ્યારે તેમના શબ્દો પાછા ખેંચ્યા છે તો હું પણ મારા શબ્દો પાછા ખેંચું છું.

અધ્યક્ષશ્રી : બહુ સરસ.

તારાંકિત પ્રશ્નો
અમરેલી જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૧૫૮૩ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૪ માં ૭૭૩<br>વર્ષ ૨૦૧૫ માં ૮૮૦<br>એમ કુલ ૧૬૫૩ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે. |

શ્રી વલ્લભભાઈ વ. વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત અમરેલી જિલ્લામાં કેટલી શાળાઓમાં સ્ટુડન્ટ પૉલીસ કેડેટ યોજના નીચે કેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવી છે, તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે તેમજ કઇ કઇ બાબતો આ તાલીમમાં આવરી લેવાઇ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે સ્ટુડન્ટ પોલીસ કેડેટની આ યોજનાથી કયા હેતુઓ સિદ્ધ કરવામાં સફળતા મળેલ છે.

શ્રી રજનીકાંત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં સ્ટુડન્ટ પોલીસ કેડેટ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪માં ૨૪ જેટલી શાળાઓના ૪૦૭ વિદ્યાર્થીઓ અને ૩૬૬ વિદ્યાર્થીનીઓ તથા વર્ષ ૨૦૧૫ માં ૨૭ શાળાઓના ૪૪૦ વિદ્યાર્થીઓ અને ૪૪૦ વિદ્યાર્થીનીઓને તાલીમ આપવામાં આવી છે. આ તાલીમમાં વર્ષ ૨૦૧૪માં ૧૧.૩૪ લાખ અને ૨૦૧૫ માં ૧૨.૪૦ લાખ

એમ કુળ મળીને ૨૩.૭૪ લાખનો બે વર્ષમાં ખર્ચ થયેલ છે. અને એમણે કહ્યું કે, કયા કયા હેતુઓ સ્ટુડન્ટ પોલીસ કેડેટ તાલીમ યોજનાથી સિદ્ધ થાય છે? તો કોઇ પણ વ્યક્તિનો સર્વાંગી વિકાસ ત્યારે શક્ય બનતો હોય છે જયારે શારીરિક અને માનસિક વિકાસ એનો થાય. બાળકોમાં વિવિધ રમતો વગેરે આઉટ ડોર ગેમ્સ હોય છે એના દ્વારા એ શરીરથી મજબૂત બને અને માનસિક રીતે પણ વિવિધ વિષયોને લઇને મજબૂત બને એનો સર્વાંગી વિકાસ થાય એ પ્રકારની વ્યવસ્થા આ સ્ટુડન્ટ પોલીસ કેડેટમાં ચાર ઇનડોર અને ચાર આઉટડોર લેક્ચર રાખીને કરવામાં આવેલ છે. આમાં રમત-ગમત, યોગાભ્યાસ, પરેડ, ટ્રાફિકના સંદર્ભમાં જાણકારી, સ્વચ્છતા, વ્યસન મુક્તિ, પર્યાવરણની જાળવણી આ બધા વિષયો ઉપર વાત કરવામાં આવે છે. આ પ્રકારે આવી બધી જ બાબતોમાં એ જાગૃત બને એનો લાભ રાજયને થાય એ હેતુ આમાં રહેલો છે.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, આ એસ.પી.સી. પ્રોજેકટ યોજના શું છે? અને તેના જેવી બીજી કોઇ યોજના અમલમાં છે કે નહીં? અને આવી કોઇ બીજી યોજના અમલમાં હોય તો અમરેલી જિલ્લામાં એણે શું શું કામગીરી કરી છે? એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત જે વિવિધ બાબતો ચલાવવામાં આવે છે એમાં ગુજરાત પોલીસ દ્વારા સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપવામાં આવે એ હેતુથી એની સ્થાપના કરવામાં આવી છે. પોલીસ અને પ્રજા વચ્ચેનો સેતુ સુદ્રઢ બને અને એક બીજાને પરસ્પર ઉપયોગી થઇ શાંતિ-સલામતીના વાતાવરણનું નિર્માણ થાય અને સકારાત્મક રીતે આખી વ્યવસ્થા ઉભી થાય એના માટે વિવિધ યોજનાઓ જેમ સ્ટુડન્ટ પોલીસ કેડેટ છે એ જ પ્રકારે સિનિયર સિટિઝન્સ માટે અને મહિલાઓ માટે પણ આમાં કામ કરવામાં આવે છે અને એટલે મહિલાઓને સ્વરક્ષણ માટે કરાટે, ઝૂડો, રાયફલ્સ શૂટિંગ જેવી બાબતો સાથે જોડી અને એમની હિંમત અને આત્મ વિશ્વાસ બુલંદ થાય એ પ્રકારની વ્યવસ્થાઓ, ક્યાંક કોઇ બૂટલેગર્સ જેવી પ્રવૃત્તિઓમાં કોઇ બહેનો જોડાયા હોય તો એમાંથી એ બહાર નીકળી અને એનું પુનઃસ્થાપન થાય અને સમાજમાં એ સ્વાભિમાનથી કોઇ વેપર-ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે એવા પ્રકારની વ્યવસ્થાઓ આમાંથી કરવામાં આવે છે. મહિલાઓ માટે ૧૦૯૧ જેવી હેલ્પ લાઇન દ્વારા એમને મદદરૂપ થવામાં આવે છે, ટ્રાફિકની જાગૃત્તિ માટે પણ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવે છે અને સાથે સાથે સિનિયર સિટિઝન્સ માટે પણ અનેક ઉપક્રમ આ યોજના દ્વારા કરવામાં આવે છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે આદરણીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, સુરક્ષા સેતુ સોસાયટી યોજના હેઠળ અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં થયેલી કામગીરી શું છે? અને તાલુકાવાર વિગતો હોય તો પ્રસિદ્ધ કરે.

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રકારે આ સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સમાજના વિવિધ વર્ગો માટે જે પ્રકારે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે એમાં અમરેલી જિલ્લામાં જે કામગીરી થઇ છે એમાં મહિલાઓને સ્વરક્ષણની તાલીમ ૭૨૨૮ બહેનોને આપવામાં આવી છે, બાળકો અને યુવાનોનું કાઉન્સેલીંગ આ યોજના અંતર્ગત કરવામાં આવે છે અને એમાં ૩૧૧૪ જેટલા બાળકો અને યુવાનોનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું છે, સિનિયર સિટિઝન્સ માટેની વાત કરું તો ૨૯૯ જેટલા સિનિયર સિટિઝન્સને વિવિધ બાબતોમાં આ યોજના અંતર્ગત ઉપયોગી થવાનું બન્યું છે, મહિલાઓ માટે ૧૧૮ સેમિનારો કર્યા છે. સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા સમાજમાં જાગૃત્તિનું લાવવાનું કામ પણ આના દ્વારા થાય છે એટલે ૩૨ જેટલા એવા કાર્યક્રમો કર્યા છે અને ૩૧ જેટલી વિવિધ સ્પર્ધાઓ પણ કરી છે. આમ વિવિધ પ્રકારની કામગીરી આ યોજના અંતર્ગત થાય છે.

રાજ્યમાં નગરપાલિકાઓમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટની કોમન કેડર બાબત

* ૨૧૫૯૫ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ ઓફીસરની કોમન કેડર ઉભી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ભરતીના નિયમો આખરી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા |
| (૩) જો હા, તો આ અંગે કેટલા મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટની ભરતી કરવામાં આવી ? | (૩) નીચે મુજબ ભરતી કરવામાં આવેલ છે. |

| ભરતી વર્ષ | ભરતી કરવામાં આવેલ તેની સંખ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૩ | ૧૧૧ | ૪૮ |
| ૨૦૧૪ | ૨૫ | ૨૩ |

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નગરપલિકાઓમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યાઓ ઉભી કરવા માટે અને ૧૩૬ જેટલી ભરતી કરવા માટે રાજ્ય સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ કેડર ઉભી કરી એ પહેલા નગરપાલિકામાં કેવી વ્યવસ્થા હતી? અને આ કેડર ક્યારથી ઉભી કરવામાં આવી છે?

## તા. ૧લી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં જ્યારથી નગરપાલિકાઓની રચના થઇ ત્યારથી વસતિના ધોરણે અ, બ, ક અને ડ એ પ્રમાણે નગરપાલિકાઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. અગાઉના સમયમાં નગરપાલિકાઓ પોતે પોતાના કર્મચારીઓની પસંદગી અને ભરતી કરતી હતી અને એમાં દરેક પ્રકારના કર્મચારીઓ નગરપાલિકાના ભરતી થયેલા કાયમી રિટાયર્ડ થાય ત્યાં સુધી એ નગરપાલિકામાં રહેતા હતા. સમયાંતરે જેમ જેમ નગરપાલિકાઓનું કામ વધતું ગયું, રાજ્ય સરકાર તરફથી નગરપાલિકાઓને કરોડો રૂપિયાની ગ્રાન્ટ અપાવા માંડી, અનેક વિકાસના કામો શરૂ થયા ત્યારે સ્વાભાવિક છે કે આ વધેલા કામને યોગ્ય રીતે યોગ્ય ગુણવત્તાવાળા અધિકારીઓ દ્વારા સંચાલન કરવા માટે રાજ્ય સરકાર તરફથી સૌથી પહેલાં ચીફ ઓફિસરની કોમન કેડર આખા રાજ્ય માટે ઉભી કરવામાં આવી અને એ ચીફ ઓફિસરોની બદલી પણ એક નગરપાલિકામાંથી બીજી નગરપાલિકામાં થઇ શકે એ પ્રમાણે જોગવાઇઓ થઇ. ક્યાંક સારું કામ કરતા હોય તો એમને પ્રોત્સાહન મળે અને ક્યાંક કોઇક પ્રશ્ન ઉભા થાય તો એ અધિકારીની બદલી પણ કરી શકાય એ પ્રમાણે કોમન કેડર આખા રાજ્યની આપણે ઉભી કરી. એ પછી આપણે જરૂરિયાત પ્રમાણે ૨૦૦૭માં માનનીય આર.એમ. પટેલે જે પ્રશ્નો પુછ્યો છે એ એકાઉન્ટન્ટની જગ્યા માટે રાજ્યની નગરપાલિકાઓની કોમન કેડર બનાવવાનું નક્કી કર્યું અને આખા રાજ્યમાં ભરતી કરીને એકાઉન્ટને લગતા નગરપાલિકાઓની કામગીરી સારી રીતે સંભાળી શકે એવા ભરતી નિયમો બનાવી અને આ એકાઉન્ટન્ટોની ભરતી કરવાનું રાજ્ય સરકારે ૨૦૦૭થી શરૂ કર્યું છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૨૦૧૪–૧૫ની અંદર જે નગરપાલિકાઓની અંદર મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટની ભરતી કરવામાં આવી એની ફાળવણી કઇ રીતે કરવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : રાજ્ય સરકારની ફાળવણી અંગેની એક સૈદ્ધાંતિક પ્રક્રિયા છે કે જેના મેરિટ વધારે હોય એ પોતે પસંદગી કરે એ ઝોનમાં એ વિસ્તારમાં એ જિલ્લામાં એ કર્મચારીઓને શક્ય હોય ત્યાંસુધી રાજ્ય સરકાર તરફથી નિયુક્ત કરવામાં આવે છે. આપણે જે એકાઉન્ટન્ટની ભરતી કરી એમને પણ પોતે જે પસંદગી બતાવી મેરિટના પ્રમાણે એ જ પ્રમાણે લગભગ આપણે એમની નિમણૂંક કરીએ છીએ. એટલે પોતાના નજીકના વિસ્તારમાં પોતાના સામાજિક સંબંધોવાળા વિસ્તારમાં કર્મચારી, અધિકારી રહી શકે, સારી રીતે ફરજ બજાવી શકે અને સામાજિક રીતે પણ એમને અનુકૂળતા આવે અને વહીવટી રીતે પણ જે નગરપાલિકામાં મૂક્યા હોય ત્યાં પૂરો સમય આપી કામ કરી શકે એ પ્રમાણે આપણે બન્ને પક્ષે સરળતા થાય એ રીતે નિમણૂંક કરીએ છીએ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજ્યમાં કઇ કઇ નગરપાલિકાઓમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યાઓ ખાલી છે અને તે જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માગો છો ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે લગભગ સાત આઠ પાનાઓનું લિસ્ટ છે કઇ નગરપાલિકામાં ભરેલી છે અને કઇ ખાલી છે એ વાંચું એના કરતાં એમના બીજા પ્રશ્નનો હું જવાબ આપું કે બાકીની ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ત્યારે આ પ્રસંગે હું ચોક્કસ વિગતવાર જણાવીશ કે પ્રશ્નના કોલમ–૩માં જો આપ જૂઓ તો રાજ્ય સરકારે ભરતી કરી ૨૦૧૩માં ૧૧૧ એકાઉન્ટન્ટની એની સામે હાજર કેટલા થયા તો ૪૮, એવી જ રીતે ૨૦૧૪માં ૨૫ની ભરતી કરી, ૨૩ હાજર થયા, હવે કોઇને એમ થાય કે આ બધા હાજર કેમ નથી થતાં, તો મને આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, રાજ્ય સરકાર અત્યારે મોટા પ્રમાણમાં જુદી જુદી કેડરની ભરતી કરી રહી છે ત્યારે સમજી લો કે કોઇ એકાઉન્ટન્ટ તરીકે પસંદ થયા હોય એ મામલતદાર તરીકે, ટી.ડી.ઓ તરીકે, પી.આઇ. તરીકે એ જુદી જુદી જગ્યાએ પરીક્ષા આપતા હોય છે અને ત્યાં સિલેક્ટ થાય તો આ જગ્યા છોડી વધુ સારા ગ્રેડેશન વાળી વધુ મોભાવાળી જગ્યા ઉપર અધિકારીઓ, કર્મચારીઓ જતા હોય છે એટલે મોટા પ્રમાણમાં કર્મચારીઓને પસંદગી કરવાનું કામ પછી પાછા હાજર થાય. પછી પાછા હાજર થાય, પછી નવી પરીક્ષા બહાર પડે ત્યાં સિલેક્ટ થાય. માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ મંત્રી હતો મને અનુભવ છે કે એક પરીક્ષામાં ડી.વાય.એસ.પી.માં લગભગ ૭ થી ૧૦ જેટલા અમારા ચીફ ઓફિસરો તે ડી.વાય.એસ.પી.માં, મામલતદારમાં અને ટી.ડી.ઓ.ની પરીક્ષામાં પસંદ થયા એટલે ચીફ ઓફિસર તરીકે રાજીનામું આપી તે એ જગ્યા ઉપર ગયા. એટલે ઘણી વખત આપણે બધા એમ કહીએ છીએ કે છ લાખ તલાટીઓની અરજી આવી તો આ બધી બેકારો અરજી કરે એવુ નથી. દરેક વ્યકિત પોતે પ્રમોશન કરવા, સારી માન મોભાવાળી જગ્યા ઉપર જવા પ્રયત્ન કરતા હોય છે. એટલે શિક્ષક હોય તો પણ મામલતદાર થવા પ્રયત્ન કરે, મામલતદાર હોય તે ડેપ્યુટી કલેકટર થવા પ્રયત્ન કરે એટલે બધા વારંવાર ઇન્ટરવ્યુ આપતાં હોય છે. એટલે આંકડો મોટો લાગે તેના કારણે આ થતું હોય છે એટલે આ સરકારમાં પણ અમારે અધિકારીઓ હાજર થાય અને પછી નવા કામમાં જોડાઇ જાય, નવી સરકારી નોકરીમાં જાય એટલે સતત આ ભરતીની પ્રક્રિયા સરકારને પણ ચાલુ રાખવી પડે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે, સરકારે આટલી જગ્યાએ ા ઓછી ભરાણી તેના કારણો વિગતવાર આપ્યા ત્યારે માનનીય મંત્રીશ્રીને સીધો મારો સવાલ છે કે આપણે જેમને પગાર આપીએ છીએ તે ફિક્સ પગાર છે કે પૂરો પગાર આપીએ છીએ ? અને બીજો સવાલ કે આમાં અનામતના ધોરણો જળવાય છે કે કેમ ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બીજા પ્રશ્નનો જવાબ પહેલા આપી દઉં કે રાજય સરકારની તમામ ભરતીઓમાં ગમે તે કેડરની ભરતી હોય બધામાં અનામતના ધોરણો પ્રમાણે જ તેની જગ્યાઓ ભરવામાં આવે છે તેની પૂરેપૂરી કાળજી અને ચોકસાઇ દરેક વિભાગ રાખે છે. રાજય સરકારનો સામાન્ય વહીવટ વિભાગ અને જુદા જુદા વિભાગના સચિવશ્રીઓ પણ રાખે છે એટલે બધી જગ્યાએ આ પ્રક્રિયા જળવાય છે. બીજુ જે આપે કહ્યું તે પ્રમાણે આવે અને જાય તેના કારણે થાય છે. અત્યારે ગૌણ સેવા પસંદગી મંડળને અનેકગણી, બજેટમાં પણ જેમ સરકારે જાહેરાત કરી છે, મુખ્યમંત્રીશ્રીએ નિર્ધાર કર્યો છે કે ગુજરાતમાં સરકારની ખાલી જગ્યાઓ ભરવા માટે મોટા પ્રમાણમાં ભરતી પ્રક્રિયા જુદી જુદી કેડરમાં હાથ ધરવી અને ૬૦ હજાર જેટલા કર્મચારીઓની ભરતી કરવી. હવે આ બધુ જો જી.પી.એસ.સી.મારફતે, ગૌણ સેવા પસંદગી મારફતે કે પંચાયત સેવા પસંદગી બોર્ડ મારફતે આપણે કરીએ તો તેમના ઉપર કામનું ભારણ ઘણું આવે છે એટલે સરકારે એક પ્રક્રિયા બીજી પણ કરી છે કે જરૂરિયાતવાળી જગ્યાઓ એ જે તે વિભાગ અને પસંદગી સમિતિ દ્વારા બધાજ ઇન્ટરવ્યુ લઇ, બધુ મેરિટનું ધોરણ, અનામતનું ધોરણ બધુ જાળવી અને તેની ભરતી કરવાની પ્રક્રિયા આ એકાઉન્ટટોની અત્યારે નાણા વિભાગમાં ફાઇલ મૂવ કરી છે તેનાથી મંજૂરી મળશે તો બારોબાર સીધી પસંદગી સમિતિ દ્વારા બધાજ ધોરણો પ્રમાણે, મેરિટ પ્રમાણે ભરતી પ્રક્રિયા કરાશે જેથી ઝડપથી ખાલી જગ્યાઓ ભરાય.

બીજુ સાહેબ એ તો અગાઉથી નક્કી જ છે. તમે બધા કહો છો પણ જૂનું રેકર્ડ જોઇ લેજો માનનીય શંકરસિંહજી વાઘેલા મુખ્યમંત્રી હતા ત્યારથી આ ફિકસ પગારનું અને બધુ અગાઉના વખતથી ચાલે છે. સાહેબ કાપ કરવાની જે વાત છે, રેકર્ડ જોવાની બધાને છૂટ છે. સન્માનનીય વિદ્વાન સભ્યો છે (અંતરાય) અગાઉની સરકાર ચીમનભાઇ પટેલ મુખ્યમંત્રી હતા તે વખતથી વીસ ટકા કપાત કર્મચારીઓની ભરતી ઉપર પ્રતિબંધ હતો. તે ધીમે ધીમે હટાવ્યો અને અમે હવે આ મોટા પ્રમાણમાં ભરતી પ્રક્રિયા કરી છે. સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ભરતી ઉપર પ્રતિબંધ હતો માનનીય શંકરસિંહજી વાઘેલા મુખ્યમંત્રી હતા ત્યારે ભરતી નહોતી થતી. બાલગુરુ યોજના તેમણે ફિકસ પગારથી બલવંતસિંહભાઇ, નીચે રેકર્ડ છે આપને જોઇએ તો અમે એમને એમ આપીશું. માનનીય શંકરસિંહજી વાઘેલા મુખ્યમંત્રી હતા ત્યારથી બાલગુરુ નામની ફિકસ પગારથી ભરતી પ્રક્રિયા ચાલતી હતી અમે ચાલુ કરેલી પ્રક્રિયા નથી. આ તમારા વખતથી ચાલતી પ્રક્રિયા છે, કોંગ્રેસના ટેકાવાળી સરકારથી ચાલતી પ્રક્રિયા છે. એટલે અમારા ઉપર એનું કોઇ જાતનું દોષારોપણ હવે ભવિષ્યમાં કરતા નહીં.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ફિક્સ પગારની બાબતમાં કેટલોક પ્રકાશ પાડ્યો છે ત્યારે હું જાણવા માગું છું કે, બે જોગવાઇઓ હોય છે, એક આપણું મંજૂર થયેલું મહેકમ અને મંજૂર થયેલા મહેકમ મુજબ ભરાતી જગ્યાએ ા, એ કોઇ સરકાર નવી કે જે મહેકમમાં મંજૂર થયેલી જગ્યા નથી અને એના માટે કામ કરવા માટે રાખે. માનનીય શંકરસિંહજી વાઘેલાની હોય કે, માનનીય ચીમનભાઇ પટેલની સરકાર હોય, માનનીય દિલીપભાઇની હોય કે બીજી સરકાર હોય, માનનીય છબીલદાસભાઇની સરકાર હોય,(અંતરાય) આપને ઘણી ઉતાવળ છે અને આપની આવશે તો આપની સરકાર કહીશું. એ આવશે એટલે એ પણ કહીશું અમને એમાં કોઇ સંકોચ નથી. આજે માનનીય આનંદીબેનની સરકાર છે. અમે દાક્ષિણ્ય સાથે કહીએ છીએ કે, માનનીય આનંદીબેનની છે. આપ આવી જશો તો આપની કહીશું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે, આ જે વાત કરીને આખી વાતને માનનીય મંત્રીશ્રી આ બહુ જ અસરકારક પ્રશ્ન છે આને પોલિટિકલ જવાબ આપીને કે માનનીય શંકરીસિંહજીની સરકારે બાલગુરુ નામની કોઇ મહેકમ મંજૂર થયેલી જગ્યા નહોતી, વધારાની શૈક્ષણિક પ્રવૃત્તિ માટે ઉભી કરેલી જગ્યા હતી. આપ જે વાત કરો છો એ નિયમિત જગ્યા, તલાટીની નિયમિત જગ્યા, પોલીસ કોન્સ્ટેબલની નિયમિત જગ્યા, પી.એસ.આઇ.ની નિયમિત જગ્યા, ગ્રામ સેવકની નિયમિત જગ્યા, આ તમામ જગ્યાએ જે ફિક્સ પગાર કર્યો છે અથવા તો આપ તો નંબર વન, બીજા કરતાં ઉત્તમ છો, તો જૂનું બધુ ભૂલી જાઓ અને સુપ્રિમ કોર્ટમાંથી મેટર પાછી ખેંચી લો અને હાઇકોર્ટના ધોરણે પૂરતો પગાર આપો. એક માણસને એક વસ્ત્ર ઓછું હોય તો આપણને નિર્વસ્ત્ર થવાનો અધિકાર નથી મળતો, તો આપણે આ બધુ જ કરીને પૂરતો પગાર આપવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આભાર માનું છું કે, માનનીય શક્તિસિંહજીનો, શબ્દોનો શણગાર કરીને એમણે આડકતરી રીતે સ્વીકાર્યું ખરું કે માનનીય શંકરસિંહજી વાઘેલા વખતથી જ અથવા એના પહેલાંથી આ પ્રકારની યોજના હતી. બીજું આપને કહું કે, અમે ભરતી પછી જે ભૂતકાળમાં ફિક્સ પગારમાં થયા એનું તબક્કાવાર બધાનું પગાર ધોરણ અમારી માનનીય નરેન્દ્રભાઇની સરકાર હતી ત્યારે સુધાર્યું છે, માનનીય આનંદીબેનની સરકાર છે ત્યારે પણ અમે સતત સુધારીએ છીએ અને બીજું હું કહેવા માગું છું કે, પાંચ વર્ષની અંદર અથવા મોડામાં મોડું પાંચ વર્ષ પછી દરેક કર્મચારીઓ ફૂલ પગારમાં, પૂરેપૂરા પગાર ધોરણમાં આવી જાય છે એમને બધા પગારના લાભ, છેક પેન્શન સુધી મળે છે, બધા જ ભાડા ભથ્થા, મોંઘવારી ભથ્થું બધુ જ મળે છે એટલે એવું કોઇ વર્ણન કરવાની કે એવી છાપ ઉભી કરવાની જરૂર નથી કે, જે ફિક્સ પગારમાં છે એ કાયમ માટે છે, માનનીય અધ્યક્ષશ્રી, મારે ન કહેવું જોઇએ કે, પહેલાં ભરતી કરવા માટે લાખો રૂપિયાની લાંચ આપવી પડતી હતી. અમારી સરકારે પારદર્શીતાથી મેરિટ પ્રમાણે આ બધી ભરતી કરી છે અને પારદર્શીતાથી મેરિટ પ્રમાણે અમે ભરતી કરીએ છીએ. એક પણ કર્મચારી લાવો કે, એને લાંચ આપવી પડી હોય. મારી ચેલેન્જ છે આપને કે, જેને ઇચ્છા હોય, અમે લગભગ કર્મચારીઓની ફિક્સ પગારમાં ભરતી કરી છે, એક પણ કર્મચારી લાવો અને એ એમ કહે કે, મારી ભરતી માટે મારે ફલાણી જગ્યાએ લાંચ આપવી પડી અમે એની તપાસ કરાવવા માટે તૈયાર છીએ.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

વાગડીયા સિંચાઈ યોજનાથી ડૂબમાં જતાં રહેણાંક મકાનો સામે વળતર બાબત

* ૨૧૩૫૦ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર તાલુકાની વાગડીયા સિંચાઈ યોજનામાં વાગડીયા ગામના તા.૩૧મી ડિસેમ્બર –૨૦૧૫ની સ્થિતિએ ૭૦ જેટલા કુટુંબોના રહેણાંક મકાનો ડૂબમાં ગયા છે તે હકીકત ખરી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ ડૂબમાં જતા મકોનોના સંપાદનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને સંપાદન કરેલ રહેણાંક મકાનોને વળતર કેટલા સમયમાં ચૂકવવામાં આવશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામગીરી કોને સોંપાઈ છે ? | (૩) આ કામગીરી રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ હેઠળના ઉંડ નહેર વિભાગ, જામનગરની કચેરીને સોંપવામાં આવેલ છે. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર તાલુકાના દસ થી બાર જેટલાં ગામડાં માટે આ ડેમ બહુ મહત્વનો છે. ડેમમાં પાણી ભરાય તો આ બાર જેટલાં ગામડાંના તળમાં પાણી આવે અને એનાથી આ બાર જેટલાં ગામડાંમાં સિંચાઇ અને પીવાના પાણીનો એમ બંન્ને પ્રશ્ન હલ થાય એવી સ્થિતિ છે ત્યારે અમારી વર્ષોની માગણી પછીથી આ ડેમ મંજૂર થયો, ૨૦૦૫માં એનું કામ શરૂ થયું અને ૨૦૦૮માં ડેમનું લગભગ કામ પૂરું થઇ ગયું, પણ સવાલ માત્ર એટલો જ છે કે એક તો એનો કાઢિયો બાકી છે જો એ કાઢિયો પૂરી દેવામાં આવે તો કમસેકસ ડેમમાં પાણી ભરાય અને સીધો એનો દસ થી બાર જેટલાં ગામડાંને ફાયદો થાય એટલે એક વાત એનો કાઢિયો પૂરવાની વાત છે. બીજુ સાહેબ વાગડીયા સિંચાઇ યોજનાની અંદર ગામના રહેણાંક મકાનો ડૂબમાં જાય છે. ઘણા મકાનોનું સંપાદનનું કામ કરીને એને વળતર પણ આપવામાં આવ્યું છે પણ એકસગ્રેસીયા વળતર નથી આપ્યું. હજી ઘણા મકાનો એવા છે કે જયારે ડેમની અંદર પાણી ભરાશે ત્યારે પાણીની સપાટી રહેણાંક મકાનો સુધી પહોંચી જશે, એના લીધે લોકો ત્યાં રહી શકે તેવી સ્થિતિ રહેવાની નથી. તો મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બાકી ૭૦ જેટલા મકાનો છે એ મકાનો સંપાદન કરવા માગે છે કે કેમ, જો હા, તો કેટલા સમયમાં અને ઝડપથી આ ડેમ ભરાય તેવું કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી છે એ જામનગર જિલ્લાના જામનગર તાલુકાના વાણીયા ગામની પાસે નાની કુલઝર નદી ઉપર વાગડીયા ડેમ બની રહ્યો છે. સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો કે એમાં અમુક મકાનો ડૂબમાં જવાના છે જે ખરેખર ડૂબમાં જાય છે. સરકારની અત્યારની નીતિ છે કે કોઇપણ ડેમ બને એની પૂર્ણ સપાટી અને મહત્તમ સપાટી એની વચ્ચે જે ઘરો આવતા હોય અને એ જો ડૂબમાં જતાં હોય એને વળતર આપવાની જોગવાઇ છે. પરંતુ ડેમ બને પૂર આવે અને એફલેકસ સપાટી હોય એમાં કયારેક થોડી ઘણી અસર થતી હોય. આ કેસના સંદર્ભમાં જે અભ્યાસ થયો છે એમાં ૧૦૦ વર્ષે એકાદ વખતે પૂર આવે ત્યારે અસરગ્રસ્ત થાય છે. એટલે જે ૭૦ મકાનો વચ્ચે આવે છે એને વળતર આપવાનું નથી. સો વર્ષે જયારે પૂર આવે ત્યારે એને અસર થાય એ અસર ન થાય એના માટે થઇને બે કરોડ કરતાં વધારે ખર્ચ કરીને પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની છે. એટલે આ ૭૦ ઘર વાગડીયા ગામના છે. કુલ આ ગામમાં ૨૧૦ ઘર હતા એમાંથી ૫૮ ઘરો એફ.આર.એલ. વચ્ચે હતા એને સંપૂર્ણ વળતર આપી દેવામાં આવેલ છે. જમીન પણ મળી ગઇ છે એટલે ટૂંક સમયમાં પ્લોટની ફાળવણી કરી દેવામાં આવશે. એફલેકસે અને એચ.એફ.એલ. સપાટીમાં ૭૦ મકાનો આવે છે એને દિવાલ બનાવી દેવાની હોય એને વળતર આપવાનો પ્રશ્ન રહેતો નથી. સરકારની નીતિ પ્રમાણે વળતર દેવાને પાત્ર રહેતા નથી.

શ્રી ચિમનભાઇ ઘ. સાપરિયા : આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાગડીયા સિંચાઇ યોજનામાં કુલ કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનામાં કુલ કેટલી સંગ્રહશકિત છે. આ યોજના થવાથી કેટલા ગામોને અને કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ થવાનો છે અને હાલ આ યોજનાની સ્થિતિ શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : વાગડીયા સિંચાઇ યોજનામાં કુલ ૧૨૬૦.૩૬ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાની કુલ સંગ્રહશકિત ૮૦.૩૦૬ મિલિયન ઘનફૂટ છે. આ યોજનામાંથી ત્રણ ગામો વાગડીયા, વાણીયા અને મોટી ભલસાણની ૨૮૨ હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ મળશે. એની કામગીરી જોઇએ તો માટી બંધની લંબાઇ ૪૭૫.૫૦ મીટરના કામો પૂર્ણ થયેલ છે. બહીર્દ્વારની કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે. છલતી બંધની કામગીરીની લંબાઇ ૨૦૦ મીટર સામે એફ.આર.એલ. ૬૨.૫ મીટર લેવલ સુધી ૧૭૧.૫૦ મીટર સુધીની કામગીરી પૂર્ણ થયેલ છે. છલતી બંધ ૨૮.૫૦ મીટર ગેપ રાખવામાં આવેલ છે. જયારે પુનઃવસવાટ માટે ૧૪૧ પ્લોટો ફાળવવાની પ્રક્રિયા ચાલુ છે.

ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાગડીયા સિંચાઇ યોજના છે એની અંદર એક સુકલી નદીનો બ્રીજ આવેલ છે. આ બ્રીજ ઉપરથી ત્રણ ચાર ગામોનો જવાનો રસ્તો છે એ ખૂબ નીચો છે એટલે એનો સર્વે કરીને ઉંચો કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય સભ્યશ્રીએ સુકલીનું ધ્યાન દોર્યું છે એ અત્યારે મારા ધ્યાનમાં નથી. પરંતુ એમની રજૂઆત પ્રમાણે અમે અભ્યાસ કરાવીશું અને જરૂરિયાત હશે, ખરેખર અગવડતા કે મુશ્કેલી હશે તો સરકાર તો કરવા માગતી જ હોય છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : હું જાણવા માગું છું કે આ યોજનામાં ડૂબાણ વિસ્તારમાં કેટલી જમીન સંપાદન કરવાની થાય છે? ડૂબાણ વિસ્તારમાં અત્યારે કેટલી જમીન સંપાદન કરવામાં આવેલી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : વાગડીયા સિંચાઇ યોજનામાં વાગડીયા ગામને આંશિક અસર થાય છે. આ ગામની અસરની વાત કરું છું અને આ યોજનામાં કુલ ૧૫૫.૯૯ હેકટર જમીન ડૂબાણમાં આવે છે જે પૈકી ૧૪૬.૪૭ હેકટર સરકારી અને ૯.૫૨ હેકટર ખાનગી જમીન સંપાદન કરવાની થતી હતી. તેમાં ગામતળનો પણ સમાવેશ થઇ ગયેલ છે. આ યોજનામાં કુલ ૧૫૫.૯૯ હેકટર જમીન સંપાદન કરવામાં આવેલ છે. આ માટે ખાનગી માલિકીની ૯.૫૨ હેકટર અને ૫.૮૩ લાખ રૂપિયાનું વળતર પણ ચૂકવવામાં આવેલ છે.

વલસાડ જિલ્લામાં ચેકડેમ બનાવવા બાબત

* ૨૦૮૬૮ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ માં કુલ કેટલા ચેકડેમ બનાવવાનું આયોજન હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વર્ષ વાર કુલ કેટલા ચેકડેમોના કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧) વર્ષવાર ચેકડેમોનું આયોજન

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૬૪ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૩ |
| ૨૦૧૫-૧૬ | ૧૯૫ |

(૨) પૂર્ણ કરવામાં આવેલ ચેકડેમો

| વર્ષ | સંખ્યા |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૦૩ |
| ૨૦૧૪-૧૫ | ૧૪૩ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૧૫ સુધી) | ૭૮ |

(૩) થયેલ ખર્ચ

| વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૭૮૩.૭૯ |
| ૨૦૧૪-૧૫ | ૨૬૫૯.૯૮ |
| ૨૦૧૫-૧૬ (તા.૩૧-૧૨-૧૫ સુધી) | ૯૩૩.૪૦ |

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં ૨૦૧૪-૧૫ની સ્થિતિએ કુલ કેટલા ચેકડેમો બનાવવામાં આવેલ છે? તેનાથી કેટલો જળસંગ્રહ થયેલ છે અને તેનાથી કેટલા વિસ્તારને લાભ થયેલ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ગુજરાતનો છેવાડાનો એવો વલસાડ જિલ્લો. આદિવાસી વસતિની બહુમતી અને ડુંગરાળ વિસ્તાર. આ વિસ્તારની અંદર પાણીનું ખૂબ મહત્વ હોઇ રાજ્ય સરકારે વલસાડ જિલ્લામાં ૨૦૧૪-૧૫ની સ્થિતિએ કુલ ૨૯૪૯ ચેકડેમો બનાવ્યા છે. તેનાથી કુલ ૧૨૨૪ મિલિયન ઘનફૂટ જેટલો જળસંગ્રહ થયેલ છે. તેનાથી કુલ ૧૨,૫૭૩ હેકટર જેટલા વિસ્તારને લાભ થયેલ છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : હું જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં જે ચેકડેમ બનાવ્યા છે તેમાં પાંચ મીટર હાઇટવાળા કેટલા અને દસ મીટર હાઇટવાળા કેટલા ચેકડેમ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હાઇટની મારી પાસે વિગત નથી. સભ્યશ્રી માગશે તો જરૂર તેમને આપીશ.

અધ્યક્ષશ્રી : તેમને માહિતી આપી દેજો.

શ્રી રમણલાલ ના. પાટકર : વલસાડ જિલ્લામાં ૨૦૧૪-૧૫માં જળસંચય યોજના હેઠળ કેટલા તળાવો ઊંડા કરવા માટેનું આયોજન હતું? તે પૈકી કેટલો ખર્ચ થયો અને એ તળાવોમાં પાણી સંગ્રહમાં કેટલો વધારો થયો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી જિલ્લામાં ચેકડેમથી જળસંગ્રહ તો થયો છે પરંતુ જે હયાત તળાવો છે તેને ઊંડા ઉતારીને જળસંગ્રહશક્તિમાં વધારો કરવાનો આ રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે. માનનીય સભ્યશ્રીએ જે

માહિતી માગી તેના સંદર્ભમાં તે મુજબ વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ સુધીમાં જળસંચય માટે કુલ ૨૨૩ તળાવો ઊંડા કરવાની કામગીરી હાથ ઉપર ધરેલ અને તેની પાછળ કુલ ૭૩૨.૫૮ લાખનો ખર્ચ થયો. આ કામગીરીના કારણે કુલ ૧૦૯ મિલિયન ઘનફૂટ જળસંગ્રહશક્તિમાં વધારો થયેલ છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : હું પૂછવા માગું છું કે વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૬૪ ચેકડેમો મંજૂર કરવામાં આવેલા. તેમાંથી ૧૦૩ બનાવવામાં આવ્યા છે અને ૬૧ ચેકડેમો બાકી છે એ કયા તાલુકામાં બાકી છે અને અત્યાર સુધી ન બનાવવાના કારણો શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : જે સ્થિતિએ પ્રશ્ન પૂછ્યો હતો એ સ્થિતિનું છે. આજે બધા ચેકડેમનું કામ ચાલુ છે. એક પણ કામ બંધ નથી અને તાલુકાવાઇઝ કયા બાકી છે તેનું લિસ્ટ મારી પાસે નથી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : હું જાણવા માગું છું કે ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ૨૦૧૫–૧૬ના વર્ષમાં આયોજન કરેલ ડેમોમાંથી કેટલા ડેમોની કામગીરી પૂર્ણ થઇ છે અને કેટલી બાકી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ૧૧૭ ચેકડેમ પૂર્ણ કરવાનું આયોજન હતું. એમાંથી ૬૯ ચેકડેમ પ્રગતિ હેઠળ છે અને ૨૯ ચેકડેમો વર્ક ઓર્ડરના સ્ટેજે છે અને ૧૯ ચેકડેમો ટેન્ડરના સ્ટેજે છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં નવસારી અને વલસાડ એક જ જિલ્લા હતો. એમાંથી નવસારી અલગ પડ્યો. વલસાડ જિલ્લામાં દમણગંગા યોજનાથી કેટલા તાલુકાના ગામોને લાભ મળે છે અને કેટલા ગામની જમીનમાં સિંચાઇનો લાભ મળે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ચેકડેમનો છે પણ આપની મંજૂરી હોય તો જવાબ આપું?

અધ્યક્ષશ્રી : ના, એ પછી પ્રથા પડે છે, આપ રહેવા દો. પ્રશ્ન ક્રમાંક– ૫

### ખેડા જિલ્લામાં અનિયમિત વરસાદથી કૃષિ પાકોને નુકશાન

* ૨૧૨૨૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫માં પડેલા અનિયમિત વરસાદના કારણે ખેડા જિલ્લામાં તાલુકાવાર ક્યા કૃષિ પાકોને કેટલું નુકશાન થયેલ, | (૧) વર્ષ ૨૦૧૫માં પડેલા અનિયમિત વરસાદના કારણે ખેડા જિલ્લામાં એપ્રિલ–૨૦૧૫ તથા જુલાઈ–૨૦૧૫ દરમ્યાન પાક નુકસાન થવા પામેલ હતું. જેની માહિતી પત્રક– મુજબ સામેલ રાખેલ છે. |
| (૨) તે સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા ક્યારે સર્વે કરવામાં આવ્યો, અને | (૨) ખેડા જિલ્લામાં એપ્રિલ–૨૦૧૫ દરમ્યાન થયેલ કમોસમી વરસાદ/કરાથી ખેતી પાકોને નુકસાનનો સર્વે તા.૧૮–૦૪–૨૦૧૫ થી તા.૨૨–૦૪–૨૦૧૫ દરમ્યાન અને જુલાઈ –૨૦૧૫ દરમ્યાન પુરથી થયેલ નુકશાનનો સર્વે તા. ૨૬–૦૮–૨૦૧૫ થી તા.૦૪–૦૯–૨૦૧૫ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતો. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કૃષિ પાકમાં થયેલ નુકશાન પેટે કેટલું વળતર ખેડા જિલ્લામાં તાલુકાવાર ચૂકવવામાં આવ્યું ? | (૩) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ખેડૂતોને યોજનાના નોર્મ્સ મુજબ મળવાપાત્ર નુકસાનની સહાય પેટે રૂ. ૪૦૮ લાખ પાક નુકસાનીના વળતર પેટે ચુકવવામાં આવેલ છે. તાલુકાવાર વિગત નીચે મુજબ છે.<br>(૧) ખેડા : રૂ. ૩૨૪.૮૭ લાખ<br>(૨) માતર : રૂ. ૭.૩૨ લાખ<br>(૩) મહેમદાવાદ: રૂ. ૧૭.૦૦ લાખ<br>(૪) નડીયાદ: રૂ. ૫૦.૧૫ લાખ<br>(૫) વસો : રૂ. ૧.૫૨ લાખ<br>(૬) કપડવંજ: રૂ. ૭.૧૪ લાખ |

| પત્રક– | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખેડા જિલ્લામાં માહે એપ્રિલ ૧૫ તથા માહે જુલાઈ ૧૫ દરમ્યાન કુદરતી આપતીના કારણે થયેલ કૃષિ બાગાયતી પાક નૂકશાનીની વિગત | | | | | | | | | |
| ખેડા જિલ્લામાં એપ્રિલ ૧૫ દરમ્યાન થયેલ કમોસમી વરસાદને કારણે ખેતી પાકોને થયેલ નુકશાનની માહિતી | | | | | ખેડા જિલ્લામાં જુલાઈ ૧૫ દરમ્યાન નદીઓમાં પૂર આવવાના કારણે ખેતી બાગાયતી પાકોને થયેલ નુકશાનની માહિતી | | | | |
| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પાકનું નામ | કુલ અસરગ્રસ્ત વિસ્તાર (હે) | અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | પાકનું નામ | કુલ અસરગ્રસ્ત વિસ્તાર (હે) |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | નડીયાદ | તમાકુ | ૪૮૧.૪૨ | ૧ | ખેડા | ખેડા | કપાસ | ૩૮૦.૦૦ |
| | | | બટાટા | ૧૧૩.૬૪ | | | | ડાંગર | ૩૨૫૦.૦૦ |
| | | | ઘઉં | ૮૬.૨૦ | | | | ગવાર | ૯૨.૦૦ |
| | | | ચિકોરી | ૧૪૦.૩૯ | | | | શાકભાજી | ૨૯૬.૦૦ |
| | | | બીટ | ૦.૮૭ | | | | દિવેલા | ૧૨.૦૦ |
| | | | આંબો | ૦.૪૦ | | | | બાજરી | ૫.૦૦ |
| | | | કુલ | ૮૨૨.૯૨ | | | | કુલ | ૪૦૩૫.૦૦ |
| | | વસો | તમાકુ | ૬૧૩.૧૦ | | | માતર | ગુલાબ | ૧૭.૦૦ |
| | | | ઘઉં | ૧૫૭.૦૦ | | | | ડાંગર | ૨.૦૦ |
| | | | કુલ | ૭૭૦.૧૦ | | | | દિવેલા | ૩.૦૦ |
| | | મહેમદાવાદ | તમાકુ | ૧૭૫.૭૩ | | | | તલ | ૨.૦૦ |
| | | | દિવેલા | ૫.૦૦ | | | | કેળ | ૨.૦૦ |
| | | | આંબો | ૧.૫૦ | | | | ગવાર | ૯૧.૦૦ |
| | | | કુલ | ૧૮૨.૨૩ | | | | કપાસ | ૨૩.૦૦ |
| | | ખેડા | ઘઉં | ૭.૪૩ | | | | શાકભાજી | ૧૩.૦૦ |
| | | | સવા | ૦.૯૨ | | | | કુલ | ૧૫૩.૦૦ |
| | | | દુધી | ૦.૨૫ | | | જીલ્લાનું | કુલ | ૪૧૮૮.૦૦ |
| | | | તમાકુ | ૪૦.૩૮ | | | | | |
| | | | કુલ | ૪૮.૯૮ | | | | | |
| | | કપડવંજ | ઘઉં | ૧૦.૫૦ | | | | | |
| | | | તમાકુ | ૧૦.૦૦ | | | | | |
| | | | જીરૂ | ૧.૧૬ | | | | | |
| | | | વરીયાળી | ૨૦.૦૦ | | | | | |
| | | | શકરટેટી | ૨.૭૦ | | | | | |
| | | | તરબુચ | ૮.૫૫ | | | | | |
| | | | કુલ | ૫૨.૯૧ | | | | | |
| | | જીલ્લાનું કુલ | | ૧૮૭૭.૧૪ | | | | | |

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રિલ ૨૦૧૫ની અંદર ખૂબ વરસાદ આવેલ. વરસાદ આવેલ અને જોડેજોડે ડેમનું પાણી પણ સાબરમતી નદીમાં છોડવામાં આવેલ અને મારા વિસ્તારના કઠવાડા, ચર્લીદ્રા, નવા ગામ, કલોલી, નાની કલોલી, ચિત્રાસણ વગેરે ગામોમાં ચારથી પાંચ દિવસ પાણી પણ ભરાઇ રહેલ. એનાથી સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો અને જમીનનું ખૂબ ધોવાણ થયું. એના માટે કેશ ડોલ્સ ચૂકવવાની હોય એ ખૂબ વિલંબથી ચૂકવવામાં આવી અને સરવે પણ ચાર-પાંચ માસ પછી થયો. પાકના નુકસાનનું વળતર આપી દીધું છે. છતાં પણ કલોલી ગામની ફરિયાદ મને મળેલ છે. કેટલાક લોકોને પાકનું અને જમીનના ધોવાણનું નુકસાન ચૂકવવાનું બાકી રહ્યું છે. જે ખેડૂતો બાકી રહી ગયા છે એમને માનવતાના ધોરણે ફરીથી ચકાસણી કરી જમીનનું ધોવાણ અને પાકનું નુકસાન ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે એપ્રિલ મહિનામાં કમોસમી વરસાદ કે સાબરમતીમાં પૂર આવેલ નથી પણ જુલાઇ મહિનામાં આવેલ છે. માનનીય સભ્યશ્રીએ કેશ ડોલ કે જમીનના ધોવાણની સહાયની વાત કરી છે ત્યારે જુના જે સહાયના ધોરણો હતા એમાં બહુ ઓછા પ્રમાણમાં રકમ મળતી હતી. આ ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને તા.૧૮-૩-૧૫ના રોજ પત્ર લખ્યો અને આખા દેશની અંદર જે કમોસમી વરસાદ થયો છે એનું વળતર ચૂકવવાની માગણી કરેલ હતી. પહેલાં કમોસમી વરસાદની અંદર જો ૫૦ ટકા પાકનું ધોવાણ થાય તો જ સહાય મળી શકે એવી જુની જોગવાઇ હતી એના બદલે આ ધોરણોમાં ફેરફાર થાય અને વળતરમાં પણ ફેરફાર થાય તે માટે જેવી રીતે નર્મદા યોજના માટે વડાપ્રધાન બન્યાના ૧૭ દિવસમાં જ દરવાજાના બાંધકામની મંજૂરી મળી એવી રીતે તા.૮-૪-૧૫ના રોજ ભારત સરકારે નવા સ્કેલથી મંજૂરી આપીને ઇતિહાસ સર્જ્યો છે. સભ્યશ્રીને હું પૂરો જવાબ આપીશ. કેલૅમીટી ફંડમાં બિન પિયત પાકના નુકસાન માટે રૂ.૪૫૦૦/- હતા. નાના ખેડૂતોને જેટલું નુકસાન થાય એટલું વળતર આપવાનું હતું એમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના પ્રયત્નો પછી આખા હિન્દુસ્તાનમાં, નહીં કે ગુજરાતમાં, આખા હિન્દુસ્તાનના ખેડૂતોને ફાયદો કર્યો છે. એમાં ૬૮૦૦ રૂપિયાનો ફાયદો થયો છે. પિયત પાક માટે ૯,૦૦૦ રૂપિયાના જે જૂના ભાવ હતા એના ૧૩,૫૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. એમાં બારમાસી જે પાક છે એમાં ૧૨૦૦૦ના ૧૮૦૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. જમીન ધોવાણના જે ૮૧૦૦ રૂપિયા હતા એના ૧૨,૨૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે. જે સ્કેલમાં ચૂકવણું કર્યુ છે એ ચૂકવણું પણ ૪૦૮ લાખ રૂપિયા કરવામાં આવ્યું છે. એક પણ ફરિયાદ મળી નથી. ૩૩ ટકા જે સુધારો થયો એના હિસાબે ખેડૂતને વળતર મળી શક્યું છે બાકી વળતરના મળ્યું હોત.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે બાગાયત પાક તેમજ જમીન ધોવાણમાં નુકસાનનો હાલ તાલુકાવાર કેટલો ખર્ચો થયેલો છે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર મારે સભ્યશ્રીને વાત કરવી છે કે ખેડા તાલુકામાં અસરગ્રસ્ત ગામોની સંખ્યા ૧૨ છે. નાના ખેડૂત ૨૭ ને ૨ લાખ ૫૫ હજારનું વળતર ચૂકવેલ છે. અન્ય ખેડૂત ૧૮ છે એમને ૧.૭૦ લાખની મંજૂરી આપીને પૈસા ચૂકવ્યા છે. મહેમદાવાદમાં ૨૧ અસરગ્રસ્ત ગામોની સંખ્યા છે. ૭૭ નાના અને સીમાંત ખેડૂતો છે. ૧૦,૨૪,૦૦૦નું ચૂકવણું કર્યુ છે. અન્ય ખેડૂતમાં ૩૭ ખેડૂતોને ૬.૮૩ લાખનું ચૂકવણું કર્યુ છે. નડીયાદમાં ૧૫ ગામોમાં ૩૪૩ની સંખ્યામાં નાના ખેડૂતને ૨૫ લાખ અને ૪૯ હજારનું ચૂકવણું થયું છે. અન્ય ખેડૂત ૧૫૮ ખેડૂતોને ૨૪.૬૭ લાખનું થયું છે. વસોમાં ૭ ગામોની સંખ્યામાં ૭ નાના ખેડૂતને ૦.૯૧ હજારનું વળતર ચૂકવ્યું છે. અન્ય ખેડૂતમાં ૪ ખેડૂતને ૬૧ હજારનું ચૂકવણું થયું છે. કપડવંજમાં ૧૪ અસરગ્રસ્તો ગામોમાં ૩૮ નાના ખેડૂતને ૪.૨૮ લાખનું ચૂકવણું થયું છે. અન્ય ૧૩ ખેડૂતને ૨.૮૬ લાખનું ચૂકવણું થયું છે આમ નાના ૬૯ખેડૂતને ૪૪૧ લાખ ને ૪૭ હજારનું ચૂકવણું થયું છે અને મોટા ૨૩૦ ખેડૂતને ૩૬ લાખ અને ૬૭ હજારનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં આપ્યું છે કે પૂરની પરિસ્થિતિ જુલાઇ-૧૫માં ઉદભવી અને સરવે શરૂ કરવામાં આવ્યો તા. ૨૬-૮ થી ૪-૯ની વચ્ચે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે સરવે થવામાં વિલંબના કારણો શા છે અને જેમ સભ્યશ્રીએ ચિંતા કરી કે પૂરની પરિસ્થિતિમાં ખૂબ મોટા પ્રમાણમાં જમીનોનું ધોવાણ થયું છે અને જમીન ધોવાણના પૈસા અનેક ગામોમાં આજે પણ મળ્યા નથી તો એ જમીનધોવાણનું વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં અસરગ્રસ્ત ૮ ગામોમાં ધોવાણ થયા છે. નાના અને સીમાંત ખેડૂત ૪૮૧ ખેડૂતને ૧૪૮.૪૯ હેકટર જમીન જે ધોવાણ થયું હતું એમાં ચૂકવાયેલી રકમ છે ૩૭ લાખ અને ૧૨ હજાર. કેન્દ્ર સરકારના ૧૮.૧૨ હજાર અને રાજય સરકારના ૧૯ લાખ અને અન્ય ખેડૂતમાં ૩૪૨ ખેડૂતને ૨૪૧.૪૧ હેકટરમાં ૬૦ લાખ અને ૩૫ હજારનું ચૂકવણું કર્યુ છે. મારે એ પણ કહેવું છે કે અન્ય ખેડૂતને ચુકવણામાં ધોવાણના પૈસા કેલીમીટી ફંડમાં આપવામાં આવતા નહોતા પણ આ ગુજરાતના મહિલા મુખ્યમંત્રી છે એમણે પોતાના રાજય સરકારના ભંડોળમાંથી સ્પેશીયલ ગ્રાન્ટમાંથી ૬૦.૩૫ લાખ રૂપિયાનું ચૂકવણું કર્યુ છે.

### કચ્છ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૧૫૭૫ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૫ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૬૬ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી અને કેટલા પશુઓને રસીકરણ આપવામાં આવ્યું ? | (૨) સારવાર-૧,૨૦,૪૧૩<br>રસીકરણ -૧,૪૯,૫૧૯ |

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ૨૦૧૫ના વર્ષમાં કૃષિ મહોત્સવની સાથોસાથ જે પશુઓની સારવાર અને રસીકરણ કરવામાં આવ્યું છે એમાં ૨ લાખ ૭૦ હજાર પશુઓની સારવાર કરવામાં આવી છે તે આવકારદાયક અને અભિનંદનને પાત્ર ઘટના છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ૨૦૧૫ના વર્ષ દરમિયાન કચ્છ જિલ્લામાં તાલુકાવાર કરવામાં આવેલ આરોગ્ય મેળાઓ અને પશુઓની કરવામાં આવેલ સારવારની વિગતો શું છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અબડાસા તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૬ છે, તબીબી સારવાર ૬૭૦, શસ્ત્રક્રિયા ૧૪, જાતિ આરોગ્યના ૨૨૪, કૃમિનાશક દવાના ૪૨૨૦ એમ કુલ ૫૧૨૮ પશુઓને સારવાર આપવામાં આવી છે. અંજાર તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૬ છે, તબીબી સારવાર ૫૭૩, શસ્ત્રક્રિયા ૪૨, જાતિ આરોગ્યના ૨૬૯, કૃમિનાશક દવાના ૨૨૮૫૬ એમ કુલ ૨૩૭૪૦ પશુઓને સારવાર આપવામાં આવી છે. ભચાઉ તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૬ છે, તબીબી સારવાર ૪૩૬, શસ્ત્રક્રિયા ૩૮, જાતિ આરોગ્યના ૨૭૮, કૃમિનાશક દવાના ૧૨૭૦૯ એમ કુલ ૧૩૯૪૬ પશુઓને સારવાર આપવામાં આવી છે. ભુજ તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૧૪ છે, તબીબી સારવાર ૧૩૫૦ , શસ્ત્રક્રિયા ૫૬, જાતિ આરોગ્યના ૧૩૭, કૃમિનાશક દવાના ૨૨૬૮૯ એમ કુલ ૨૪૨૩૨ પશુઓને સારવાર આપવામાં આવી છે. ગાંધીધામ તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૨ છે, તબીબી સારવાર ૧૩૭, શસ્ત્રક્રિયા ૩, જાતિ આરોગ્યના ૭૨, કૃમિનાશક દવાના ૫૨૫ એમ કુલ ૭૩૭ પશુઓને સારવાર આપવામાં આવી છે. લખપત તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૨ છે, તબીબી સારવાર ૧૫૬, શસ્ત્રક્રિયા ૪, જાતિ આરોગ્યના ૮૬, કૃમિનાશક દવાના ૨૫૮૫ એમ કુલ ૨૮૩૧ પશુઓને સારવાર આપવામાં આવી છે. માંડવી તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૮ છે, તબીબી સારવાર ૮૧૪, શસ્ત્રક્રિયા ૧૨, જાતિ આરોગ્યના ૨૦૬, કૃમિનાશક દવાના ૭૭૦૪ એમ કુલ ૮૭૩૬ પશુઓને સારવાર આપવામાં આવી છે. મુંદ્રા તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૪ છે, તબીબી સારવાર ૩૦૧૪, શસ્ત્રક્રિયા ૭, જાતિ આરોગ્યના ૨૬૩, કૃમિનાશક દવાના ૬૫૮૪ એમ કુલ ૭૦૬૮ પશુઓને સારવાર આપવામાં આવી છે. નખત્રાણા તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૧૦ છે, તબીબી સારવાર ૬૬૦, શસ્ત્રક્રિયા ૨૨૫, જાતિ આરોગ્યના ૯૯૨, કૃમિનાશક દવાના ૧૭૮૩૩ એમ કુલ ૧૯૭૧૦ પશુઓને સારવાર આપવામાં આવી

છે. રાપર તાલુકામાં પશુ આરોગ્ય મેળાઓની સંખ્યા ૮ છે, તબીબી સારવાર ૮૬૬, શસ્ત્રક્રિયા ૮૬, જાતિ આરોગ્યના ૩૦૯, કૃમિનાશક દવાના ૧૩૬૦૮ એમ કુલ ૧૪૮૬૯ પશુઓને સારવાર આપવામાં આવી છે. આમ કુલ ૧ લાખ ૨૦ હજાર ૪૪૩ પશુઓને સારવાર આપવામાં આવી છે.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે કુલ ૬૬ મેળાઓ કર્યા અને એમાં ૧ લાખ ૨૦ હજાર ૪૪૩ પશુઓને સારવાર આપી એ બહુ સારી વાત કહેવાય. પશુ મેળાઓ વખતે જ પશુઓ બિમાર પડે એવું નથી. કાયમ બિમાર પડતા હોય છે. એના માટે પશુ દવાખાનાઓ કેટલા છે અને કચ્છ જિલ્લામાં આ દવાખાનાઓમાં ડોકટરોની જગ્યા કેટલી છે, ભરાયેલી કેટલી છે અને ખાલી કેટલી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં રાજ્ય સરકાર પશુ આરોગ્ય મેળાઓ કરે છે એમાં સામૂહિક સારવાર કરવામાં આવે છે. એ સિવાય પણ સતત સારવાર ચાલુ હોય છે. પોલી ક્લિનિક હોય છે એમાં સારવાર આપવામાં આવે છે. પશુ દવાખાનામાં સારવાર થાય છે. પશુ સારવાર કેન્દ્રો અને ફરતા પશુ દવાખાના હોય છે. મારે આપના મારફત માનનીય સભ્યશ્રીને ખાસ કહેવું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક નિર્ણય લીધેલ છે કે દર ૧૦ ગામ વચ્ચે એક વિચો અને વાહન સાથેની સગવડતા સાથે સારવાર શરૂ કરેલ છે. એટલા માટે આજે બધા પશુઓને ઘર બેઠા અને નિઃશૂલ્ક સારવાર મળે છે. એમનો બીજો પ્રશ્ન મહેકમને લગતો છે. ફરતા દવાખાના શરૂ થયા છે એટલે કોઇપણ પશુ સારવાર વગર નહીં રહે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ રાજ્યની અંદર પશુ આરોગ્ય મેળા જે થયા છે એનાથી પશુની અંદર થતા રોગ છે એ આ રાજ્યમાંથી કેટલા નાબૂદ થયા?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે કુલ ૧૬૧ પશુ રોગ હતા એમાંથી અત્યારે ૧૧ રોગો જ કચ્છ જિલ્લામાં રહ્યાં છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, કચ્છમાં કેટલા પશુઓની સંખ્યા છે? તમામ પશુઓ ઘેટાં, બકરા, ગધેડા સહિત. માનનીય અધ્યક્ષશ્રી,૧,૨૦,૪૧૩ ને સારવાર આપી, ૧,૪૯,૫૧૯ ને રસીકરણ કર્યું છે તો આ કેટલા દિવસોમાં કર્યું? મેળામાં લાવીને કર્યું કે ગામમાં જઇને કર્યું એ માહિતી આપે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પશુઓ છે એ જ્યાં પશુ આરોગ્ય મેળો હોય છે ત્યાં આવે છે. ત્યાં એની સારવાર કરવામાં આવે છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, કેટલા પશુઓ છે તેની સંખ્યા.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે ગોવાભાઇને આખા ગુજરાતમાં જોડે રાખજો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સભ્યશ્રીનો પ્રશ્ન છે એ અત્યારે પૂછાયેલો છે એની અંદર આવતો નથી. આ છે એ રસીકરણ અને સારવારનો છે છતાંપણ મારે માનનીય સભ્યશ્રીને જણાવવું જોઇએ કે કચ્છ જિલ્લો છે એ એવો જિલ્લો છે કે જ્યાં માનવ વસતિ કરતા પશુઓની વસતિ વધારે છે. મારી પાસે ચોક્કસ આંકડાં નથી પણ લગભગ ૧૭ લાખ કરતા પણ વધારે બધા પ્રકારના પશુઓ ત્યાં છે.

જૂનાગઢ જિલ્લાની સિંચાઇની કેનાલોમાંથી કાંપ/માટી કાઢવા બાબત

* ૨૧૭૨૭ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સિંચાઇની કેનાલોમાં કાંપ/ માટી ભરાયેલી છે,

જવાબ

(૧)

| (૧) | તાલુકાનું નામ | સિંચાઇ યોજનાની કેનાલોમાં કાંપ /માટી ભરાયેલ હોય તેવી યોજનાઓની સંખ્યા |
|---|---|---|
| | જુનાગઢ | ૫ |
| | વિસાવદર | ૪ |
| | મેંદરડા | ૧ |
| | ભેંસાણ | ૪ |
| | માંગરોળ | ૧ |
| | માળીયા હાટીના | ૨ |
| | કુલ સંખ્યા | ૧૭ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી કેનાલોમાંથી કાંપ/માટીની સફાઇ કરવામાં આવી અને કેટલી કેનાલોની સફાઇ બાકી છે, અને

(૨)

| (૨) | તાલુકાનું નામ | કેનાલ સફાઇ પૂર્ણ કરેલ યોજનાઓ | કેનાલ સફાઇ બાકી હોય તેવી યોજનાઓ |
|---|---|---|---|
| | જુનાગઢ | ૪ | ૧ |
| | વિસાવદર | ૪ | ૦ |
| | મેંદરડા | ૧ | ૦ |
| | ભેંસાણ | ૩ | ૧ |
| | માંગરોળ | ૦ | ૧ |
| | માળીયા હાટીના | ૨ | ૦ |

| | કુલ સંખ્યા | ૧૪ | ૩ |
|---|---|---|---|

(૩) ઉક્ત બાકી કેનાલોની સફાઈ કેટલા સમયમાં સરકાર પૂર્ણ કરવા માંગે છે ?

(૩) કેનાલોની સફાઈના કામો માટેનું આયોજન નાણાંકીય ઉપલબ્ધિ અનુસાર હાથ ધરવામાં આવશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કેનાલનો જે પ્રશ્ન છે એ સિંચાઇ અને ખેડૂતો સાથે જોડાયેલો પ્રશ્ન છે. અમારાં જૂનાગઢ જિલ્લાની અંદર કોઇ એવા મોટા ડેમો આવેલા નથી. ફક્ત નાની સિંચાઇ યોજનાથી ખેડૂતોને પાણી મળે છે. આ નાની નાની કેનાલોમાં વર્ષમાં જ્યારે સિઝન હોયને ત્યારેજ બે–ત્રણ પિયત મળતા હોય છે ત્યારે મારો પ્રશ્ન એ પણ છે કે માનનીય મંત્રીશ્રીએ હમણાં જવાબમાં એવું આપ્યું છે કે ૧૭ કેનાલો પૈકી ૧૪ કેનાલો જે છે એની સફાઇ અમે કરી છે. મને ત્યાં ખેડૂતો દ્વારા જાણવા મળ્યું છે કે અહીંયા કોઇ સફાઇ કરવા આવ્યું જ નથી તો આ સફાઇ થઇ કેવી રીતે? વાત એ છે માનનીય અધ્યક્ષશ્રી, અમે ત્યાં ગામડાંમાં ફરીએ, અમને લોકો પૂછે છે કે – આ સૌની યોજનાની આપણે વચ્ચે વાતો કરી. હું ત્યાં હોઉં ત્યારે ઘણાં ખેડૂતો મને પૂછતા હોય છે કે – ભાઇ, પેલી સરકાર વાતો કરે છે (અંતરાય) નેવાના પાણી મોભે ચઢાવીએ..

અધ્યક્ષશ્રી : હર્ષદભાઇ, જૂનાગઢ જિલ્લાની વાત છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : હા, એ જૂનાગઢ જિલ્લાની જ વાત કરું છું. સૌની યોજના (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાંથી પ્રશ્ન ઊભો થતો હોય એ જ પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : ત્યાં પાણી પહોંચાડવામાં આવે છે કે કેમ? એ પણ પ્રશ્ન હતો. માનનીય અધ્યક્ષશ્રી, વાત એ છે કે, જ્યારે જ્યારે સિંચાઇને લગતો પ્રશ્ન છે ત્યારે ડેમની અંદરથી કાંપ કાઢવામાં આવે છે ત્યારે વરસાદ આવે એની શરૂઆતમાં કાંપ કાઢવામાં આવે. એનાથી શું થાય છે કે વરસાદનું પાણી ડેમમાં આવે છે એટલે ખબર નથી પડતી કે કાંપ કાઢ્યો છે કે નથી કાઢ્યો? કાંપ રેકર્ડ ઉપર આવી જાય છે પણ જો તમારે કાંપ કાઢવો જ હોય તો તમે અત્યારથી જ ચાલુ કરી દો ને. જેમ પાણી ઉતરે તેમ કાંપ કાઢતા જાવ પણ છેલ્લે પૂર આવે અને ડેમમાં પાણી આવે ત્યારે જ કાંપ કાઢવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : હર્ષદભાઇ,

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે

અધ્યક્ષશ્રી : હજુ તમે પ્રશ્ન ઉપર પહોંચ્યાં જ નથી. જવાબ મળશે એ પહેલા પ્રશ્નનો સમય પૂરો થઇ જશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : આ કેનાલોનું સમયાંતરે ચેકિંગ કરવામાં આવે છે કે કેમ? આ કેનાલોની સફાઇ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? (અંતરાય) બધા સભ્યશ્રીઓ શાંતિ રાખો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કેટલાં પ્રશ્ન પૂછ્યા, એનો મૂળ હેતુ શું હતો? એ ક્રમસેક્રમ મારાં ધ્યાનમાં તો આવ્યું નથી.

અધ્યક્ષશ્રી : ફરી પૂછવો હોય તો ઊભા કરીએ. (અંતરાય) હવે સીધો પ્રશ્ન પૂછજો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૭ કેનાલો પૈકી ૧૪ કેનાલોમાં કાંપ કાઢીને સફાઇ કરવામાં આવી છે એવું આમાં બતાવેલ છે. મારો પ્રશ્ન એ છે કે, આ ૧૪ કેનાલોમાં તમે જે કાંપ કાઢ્યો છે એનું તમે ચેકિંગ કર્યુ છે કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ કેનાલો પાછળ તમે કેટલો ખર્ચ કર્યો છે ? એની મારે માહિતી જોઇએ છે.

અધ્યક્ષશ્રી : ચકાસણી થઇ છે કે કેમ અને કેટલો ખર્ચ કર્યો છે બસ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારનું કોઇ પણ કામ હોય તો એમાં સ્વાભાવિક વાત છે કે, પહેલાં કામ અપાય પછી કામ થાય અને ત્યાર પછી ચકાસણી થતી જ હોય છે. સભ્યશ્રીએ આગળ એવી પણ વાત કરી કે, આ કામમાં મોડું બહુ થાય છે એ એમનું સુચન હતું અને સુચન જો વાજબી હશે તો અમે સમયસર કામ કરાવવાનો પ્રયત્ન કરીશું. સૂચન કાંઇ ના સ્વીકારવા એવું નથી. વાત એના ખર્ચની છે તો માનનીય અધ્યક્ષશ્રી, નવ લાખ રૂપિયાનો ખર્ચ આમાં થયેલો છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત સરકાર સિંચાઇ દ્વારા ખૂબ સરસ મજાનું કામ કરે છે ત્યારે હું જાણવા માગુ છું કે, મારા જુનાગઢ જિલ્લાની અંદર નાની, મોટી અને મધ્યમ કક્ષાની કેટલી સિંચાઇ યોજનાઓ છે ? આ સિંચાઇ યોજનાઓની અંદર કેટલી ક્ષમતા છે અને આ સિંચાઇ યોજનાઓ દ્વારા કેટલા ગામડાંના કેટલા વિસ્તારોને આનો લાભ મળે છે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં કુલ પંદર નાની અને સાત મધ્યમ સિંચાઇ યોજનાઓ આવેલી છે. જુનાગઢ જિલ્લામાં કોઇ મોટી સિંચાઇ યોજના નથી પરંતુ ભાદર સિંચાઇ યોજનાનો એક ભાગ થોડીક કેનાલ એકવીસ કિલો મીટરની કેનાલ જુનાગઢ જિલ્લામાં પિયત થાય છે. આ યોજનાઓથી કુલ ૫,૪૪૪ મિલિયન ઘન ફૂટ સંગ્રહ શક્તિ થાય છે અને સત્તાણું ગામડાંના ૧૭,૯૭૭ હેકટર વિસ્તારને એનો લાભ થાય છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે હું, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, માળિયા હાટીના તાલુકાના ગડું અને લાડુલી ગામે કેનાલ આવેલી છે અને આ કેનાલમાં બે વર્ષમાં કેટલો ખર્ચો કરવામાં આવ્યો આ કેનાલોમાં સિમેન્ટ–કોંન્ક્રીટ કરવાનું હતું તો એ સિમેન્ટ–કોંન્ક્રીટ કરેલ છે કે કેમ અને કેટલા સમયમાં કરશો ?

બીજો સવાલ એ છે કે, લાડુલી અને ગડુ ગામે આ કેનાલો આવેલ છે એમાં ખેડૂતોએ પોતાના ખેતરો ઉપર જવા–આવવા માટે પુલીયાની માગણી કરેલ છે તો આ પુલીયાની માગણી કેટલા સમયમાં પૂરી કરશો ?

ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ આ પ્રશ્ન સાથે સુસંગત નથી, તાલુકા ફેર છે.

જસદણ શહેરમાં ભૂગર્ભ ગટરની મંજૂરી

* ૨૧૭૧૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જસદણ શહેરમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટરના કામને કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભ ગટરના કોઈ કામને મંજૂરી આપવામાં આવેલ નથી. પરંતુ વર્ષ ૨૦૧૧માં મંજૂરી આપેલ છે. |
| (૨) ઉકત ભૂગર્ભ ગટરના કામમાં યોગ્ય લેવલીંગ થયું નથી, ટાંકીના અંદર ભાગે પ્લાસ્ટર કરવામાં આવ્યું નથી, તથા ઈંટો સહીતનું મટીરીયલ્સ હલકી પ્રકારનું વાપરવામાં આવતું હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ,અને | (૨) રોડના લેવલીંગ અંગે ફરિયાદ મળી હતી. |
| (૩) ઉકત કામ પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો છે ? | (૩) આ યોજના પાછળ રૂ. ૨૧.૨૪ કરોડ ખર્ચ થયેલ છે. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમારે જસદણ શહેરની અંદર ભૂગર્ભ ગટર યોજના ૨૦૧૧માં મંજૂર કરવામાં આવી. સાહેબ, આજની તારીખે પણ કામો અધુરા છે. કોન્ટ્રાકટર દ્વારા લગભગ મોટાભાગના રોડ–રસ્તાઓ તોડી નાખવામાં આવ્યા છે. ભૂગર્ભ ગટર નાખ્યા પછી એ રસ્તાઓ પણ લેવલીંગ કર્યા નથી, સરકારને પણ આ બાબતે ફરિયાદ કરી છે. તો આના અનુસંધાને સરકારે શું કાર્યવાહી કરી અને જે પેટા શેરીઓમાં જે ભૂગર્ભ ગટર નાખવાની છે એ પણ નાખી નથી અને હાઉસ કનેકશનો આજની તારીખે આપ્યા નથી તો ક્યાં સુધીમાં કામો પૂર્ણ કરવામાં આવશે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જસદણ એ નાનું નગર છે. એવા વિસ્તારોમાં એવા નગરોમાં જુના ગામોમાં કે જે સાંકડી ગલીઓવાળું શહેર છે ત્યાં પણ અમારી ભારતીય જનતા પક્ષની સરકારે સાડત્રીસ કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવી અને ભૂગર્ભ ગટર યોજનાનું કામ મંજૂર કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, ભૂગર્ભ ગટર એટલે આનું નામ જ ભૂગર્ભ ગટર છે. બધી અન્ડર ગ્રાઉન્ડ પાઇપ લાઇનો નાખવાની થાય. મહોલ્લાઓ, શેરીઓ, બજારો, સોસાયટીઓ બધી જ જગ્યાએ ઊંડી પાઇપ લાઇન નાખવાની થાય. જે પાઇપ લાઇન નખાય એ પણ એના ઢાળ પ્રમાણે એની ગ્રેવીટી પ્રમાણે નાખવી પડે અને પંદર થી વીસ ફૂટ ઊંડા ખાડા કરી અને એમાં મોટી પાઇપ લાઇનો, તોતીંગ પાઇપ લાઇનો પાથરવાની હોય છે પછી એની જે કુંડીઓ બનાવવાની હોય છે, જુદી જુદી જગ્યાઓથી જે પાઇપો ભેગી થાય એના જંકશન ઉપર કુંડીઓ બનાવવાનું કામ પણ મોટું છે...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

અમદાવાદ જિલ્લામાં ઘઉંના પાક માટે તાલીમ શિબિર

* ૨૧૫૨૪ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિકયુરીટી મિશન અંતર્ગત ઘઉંના પાક માટે કેટલી ખેડૂત તાલીમ શિબિર યોજવામાં આવી, | (૧) ૫૫ |
| (૨) તેમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો, અને | (૨) ૧૬૫૦ |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ. ૬,૨૩,૭૯૦/– |

નર્મદા યોજના અંતર્ગત કચ્છ શાખા નહેરના કામ બાબત

* ૨૧૫૯૯ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન જવાબ

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) નર્મદા યોજના અંતર્ગત કચ્છ શાખા નહેરને સાંકળ ૧૪૪ થી ૧૬૭ કિ.મી. લંબાઈમાં તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કામ ક્યા તબક્કે છે, અને

(૧) નર્મદા યોજના અંતર્ગત કચ્છ શાખા નહેરને સાંકળ ૧૪૪ થી ૧૬૭ કિ.મી. લંબાઈમાં તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કામ પ્રગતિમાં છે.

(૨) આ કામ પૂર્ણ કરવાનું આયોજન શું છે ?

(૨) આ કામ માર્ચ -૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### વલસાડ જિલ્લામાં દારૂની હેરાફેરી કરતાં વાહનો સામે ગુન્હા

* ૨૨૩૫૫ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૧-૧-૧૫ થી તા.૩૧-૧૨-૧૫ સુધીમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઈંગ્લીંશ દારૂના વાહતુક થતા કેટલા ગુન્હા નોંધાયેલ છે, અને

(૧)

| | |
|---|---|
| વલસાડ | ૨૦૯ |
| પારડી | ૨૩૮ |
| વાપી | ૨૩૨ |
| ઉમરગામ | ૧૦૮ |
| ધરમપુર | ૨૬ |
| કપરાડા | ૪૬ |

(૨) તે અન્વયે કેટલા વાહનો કબજે લીધેલ છે ?

(૨) ૮૮૮.

### 0 અમરેલી શહેરમાં જાહેર માર્ગ પર પોલીસ ખાતા દ્વારા અનઅધિકૃત દબાણ

0 * ૨૧૬૭૮ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : તા.૩-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૩૮૩૫ (અગ્રતા-૧૦૧) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧ જાન્યુઆરી-૨૦૧૬ની સ્થિતિએ અમરેલી શહેરમાં સરદાર સર્કલથી વાયા પોલીસ લાઈન-મણીનગર સુધીના જાહેર માર્ગ ઉપર પોલીસ ખાતા દ્વારા કરાયેલ અનઅધિકૃત દબાણ ખુલ્લું કરવા અંગે સરકાર દ્વારા ક્યારે અને શું કાર્યવાહી કરવામાં આવેલ છે,

(૧) અમરેલી શહેરમાં સરદાર સર્કલથી વાયા પોલીસ લાઈન-મણીનગર સુધીના જાહેર માર્ગ પરના પોલીસ ખાતાના હયાત બાંધકામ માટે જમીનની અવેજીમાં સર્વે નં. ૬૨ પૈકીની કુલ હે.૧-૯૬-૩૬ ચો.મી. જમીન કલેકટરશ્રી અમરેલીના તા.૩૧-૧૨-૨૦૧૫ના હુકમથી પોલીસ ખાતા (ગૃહ વિભાગ)ના નામે તબદીલ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ અનઅધિકૃત દબાણ દૂર નહીં કરવાના કારણો શું છે, અને

(૨) ઉક્ત બાંધકામો હટાવવા માટે વૈકલ્પિક જમીનની જરૂરીયાતના કારણે આ તમામ આનુષાંગિક કાર્યવાહીઓ ચાલુમાં હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ સરકારી હુકમોનો અનાદર કરનાર સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૩) ઉક્ત બાંધકામો હટાવવા માટે વૈકલ્પિક જમીનની જરૂરીયાતના કારણે આ તમામ આનુષાંગિક કાર્યવાહીઓ ચાલુમાં હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### 0 આણંદ અને વડોદરા જિલ્લામાં પડતર તુમારો

0 * ૨૨૩૭૬ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં કુલ કેટલા તુમારો પડતર છે,

(૧)

| જિલ્લો | પડતર તુમારોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૧૧૦૪ |
| વડોદરા | ૧૧૪૭ |

(૨) તે પૈકી ત્રણ માસ કરતાં વધારે સમયથી પડતર તુમારો કેટલા છે,

(૨)

| | |
|---|---|
| આણંદ | ૨૬૭ |
| વડોદરા | ૪૬૮ |

(૩) ઉક્ત સ્થિતિએ તુમારોના નિકાલમાં વિલંબ થવાના કારણો શાં છે, અને

(૩) અપુરતી માહિતીની પુર્તતા, ખાતા કચેરીના બાકી અભિપ્રાયો, મતદાર યાદીઓ, ચુંટણી અંગેની કાર્યવાહીમાં વ્યસ્તતા તેમજ અરજદારોને પાઠવેલ નોટીસોના જવાબો મળવામાં વિલંબ થવાના વગેરે કારણોસર.

(૪) સરકારે પડતર તુમારોના નિકાલ માટે નક્કી કરેલ સમય– મર્યાદામાં નિકાલ થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૪) તુમારોના નિકાલ અર્થે આર.ઓ. બેઠકોમાં ચર્ચા તેમજ સમીક્ષા કરવી તથા મહેસુલ વિભાગ દ્વારા રાખવામાં આવતી કલેકટર કોન્ફરન્સમાં આપવામાં આવતી સુચનાઓની અમલ વગેરે અંગેના જરૂરી પ્રયત્ન કરવામાં આવેલ છે.

0 કચ્છ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

0 * ૨૧૫૮૨ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત શાળાના બાળકોને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને આવી તાલીમ આપવામાં આવેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૪માં ૧૧૩૧
વર્ષ ૨૦૧૫માં ૧૦૧૦
એમ કુલ ૨૧૪૧ વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ પોલીસ કેડેટની તાલીમ આપવામાં આવેલ છે.

0 જૂનાગઢ જિલ્લામાં પશુઓને રસીકરણ

0 * ૨૦૮૭૦ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૧) ૧૪,૦૭,૬૯૨ પશુઓને.

(૨) ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ?

(૨) ગળસુંઢો, ગાંઠિયો તાવ, ખરવા મોવાસા, આંતરવિષજવર અને હડકવા વિરોધી પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું.

1 પાટણ જિલ્લાના ગામોમાં ગૌચર ન હોવા બાબત

1 * ૨૧૦૫૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં બિલકૂલ ગૌચર નથી, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં નીચે મુજબના તાલુકાવાર ગામોમાં ગૌચર નથી.

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|
| ૧. | સરસ્વતી | ૫ |
| ૨. | ચાણસ્મા | ૧ |
| ૩. | સિધ્ધપુર | ૧ |
| ૪. | સમી | ૫ |
| ૫. | શંખેશ્વર | ૧ |
| | કુલઃ– | ૧૩ ગામ |

(૨) આ ગામોને ગૌચર મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા ?

(૨) વિભાગના તા. ૧–૪–૨૦૧૫ના ઠરાવથી નિયત થયેલ ગૌચર નીતિ અંતર્ગત ગૌચર જમીનના વિકાસ, સંવર્ધન અને જાળવણી બાબતે ગૌચર ડેવલપમેન્ટ મિશન અંતર્ગત કાર્યવાહી કરવાનું નિયત કરાયેલ છે.

1 બનાસકાંઠા જિલ્લામાં મહેસૂલી તલાટીનું મહેકમ

1 * ૨૧૯૧૩ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર મહેસૂલી તલાટીનું મંજૂર મહેકમ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલી તલાટીનું મંજૂર થયેલ તાલુકાવાર મહેકમ

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૯ | ૮ | ધાનેરા | ૧૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | દાંતીવાડા | ૫ | ૯ | થરાદ | ૧૬ |
| ૩ | વડગામ | ૧૧ | ૧૦ | વાવ | ૧૨ |
| ૪ | અમીરગઢ | ૭ | ૧૧ | દિયોદર | ૭ |
| ૫ | દાંતા | ૧૯ | ૧૨ | ભાભર | ૬ |
| ૬ | ડીસા | ૧૭ | ૧૩ | લાખણી | ૦ |
| ૭ | કાંકરેજ | ૧૧ | ૧૪ | સૂઈગામ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલી તલાટીની તાલુકાવાર ભરાયેલ અને ખાલી જગ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્રમ | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩ | ૬ | ૮ | ધાનેરા | ૬ | ૪ |
| ૨ | દાંતીવાડા | ૪ | ૧ | ૯ | થરાદ | ૯ | ૭ |
| ૩ | વડગામ | ૮ | ૩ | ૧૦ | વાવ | ૮ | ૪ |
| ૪ | અમીરગઢ | ૪ | ૩ | ૧૧ | દિયોદર | ૩ | ૪ |
| ૫ | દાંતા | ૧૨ | ૭ | ૧૨ | ભાભર | ૨ | ૪ |
| ૬ | ડીસા | ૮ | ૯ | ૧૩ | લાખણી | ૦ | ૦ |
| ૭ | કાંકરેજ | ૮ | ૩ | ૧૪ | સૂઈગામ | ૦ | ૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહેસૂલી તલાટીની તાલુકાવાર ૧ વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યા

| ક્રમ | તાલુકાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યા | ક્રમ | તાલુકાનું નામ | ૧ વર્ષથી વધુ સમયથી ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૬ | ૮ | ધાનેરા | ૪ |
| ૨ | દાંતીવાડા | ૧ | ૯ | થરાદ | ૭ |
| ૩ | વડગામ | ૨ | ૧૦ | વાવ | ૪ |
| ૪ | અમીરગઢ | ૩ | ૧૧ | દિયોદર | ૪ |
| ૫ | દાંતા | ૭ | ૧૨ | ભાભર | ૪ |
| ૬ | ડીસા | ૯ | ૧૩ | લાખણી | ૦ |
| ૭ | કાંકરેજ | ૩ | ૧૪ | સૂઈગામ | ૦ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ખાલી જગ્યા ભરવા માટેનું માંગણાપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરને આપવામાં આવેલ છે.

## 2 મહેસાણા જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

2 * ૨૧૬૨૧ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની તમામ (ઉંઝા, કડી, મહેસાણા, વિસનગર, વડનગર, વિજાપુર અને ખેરાલુ) નગરપાલિકામાં બે વર્ષ અગાઉ ભુગર્ભ ગટર યોજના મંજુર કરવામાં આવી છે.

(૨) અને (૩)

હાલની સ્થિતિએ યોજનાની મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

૧. ઉંઝાઃ સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમ-કામ પૂર્ણ
STP ના કામો ટેન્ડર તબક્કે

૨. કડીઃ સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમ-કામ પૂર્ણ
STP તેમજ આનુષાંગિક કામગીરી

પ્રગતિ–૬૨ %

3. મહેસાણાઃસ્યુઅર કલેકટીંગ સીસ્ટમ–કામ પૂર્ણ STP તેમજ આનુષાંગિક કામગીરી પ્રગતિમાં–૨૪ %

૪. વિસનગરઃ સ્યુઅર કલેકટીંગ સીસ્ટમ–કામ પૂર્ણ STP વર્ક ઓર્ડર આપેલ છે.

૫. વડનગરઃ સ્યુઅર કલેકટીંગ સીસ્ટમ અને STPના કામ પ્રગતિ હેઠળ છે ભૌતિક પ્રગતિ–૮૨ %

૬. વિજાપુરઃ સ્યુઅર કલેકટીંગ સીસ્ટમના કામ પ્રગતિ હેઠળ છે. ભૌતિક પ્રગતિ–૬૫ % STPનું કામ ટેન્ડર તબક્કે

૭. ખેરાલુઃ સ્યુઅર કલેકટીંગ સીસ્ટમના કામ પ્રગતિ હેઠળ છે. ભૌતિક પ્રગતિ ૯૦ % STPનું કામ ટેન્ડર તબક્કે

## 3 મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પશુદવાખાના અને મહેકમ

3 * ૨૦૭૨૭ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા પશુ દવાખાના આવેલા છે,

**જવાબ**

(૧) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આવેલા પશુદવાખાનાઓની સંખ્યા વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | પશુદવાખાનાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહીસાગર | ૧૮ |
| ૨ | પંચમહાલ | ૨૨ |

(૨) તે પૈકી ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત જિલ્લાવાર, સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલુ છે, જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લો | સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | | |
|---|---|---|---|---|
| | | પશુ ચિકિત્સા અધિકારી | ડ્રેસર | એટેન્ડન્ટ/ પટાવાળા/ ડ્રેસર |
| ૧ | મહીસાગર | ૧૩ | ૫ | ૮ |
| ૨ | પંચમહાલ | ૧૯ | ૯ | ૧૬ |

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની સંવર્ગવાર વિગત નીચે મુજબ છે.

| જિલ્લો | સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | પશુ ચિકિત્સા અધિકારી | | ડ્રેસર | | એટેન્ડન્ટ/ પટાવાળા/ ડ્રેસર | |
| | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
| મહીસાગર | ૮ | ૫ | ૩ | ૨ | ૪ | ૪ |
| પંચમહાલ | ૧૧ | ૮ | ૮ | ૧ | ૯ | ૭ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ નિયમિત પણે ભરવા માટે સરકારશ્રીએ ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક મોકલી આપેલ છે. જે પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો

ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપી શકાશે.

એટેન્ડન્ટ/પટાવાળા/ડ્રેસર, વર્ગ–૪ની ખાલી જગ્યાઓ સબંધિત જિલ્લા પંચાયત દ્વારા ભરવાની થાય છે.

## 3 બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી બાબત

3 * ૨૨૪૯૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી કઈ એજન્સીને કેટલા રૂપિયાના ખર્ચે સોંપવામાં આવી,

(૩) બનાસકાંઠા જિલ્લામાં આ માપણી દરમ્યાન મુખ્યત્વે કેવા પ્રકારની ફરીયાદો ઉભી થવા પામી છે, અને

(૪) આ ફરીયાદો પૈકી કેટલી ફરીયાદો દૂર કરવામાં આવી છે, અને બાકીની ફરીયાદો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નીચેના તબક્કે છે.

| | |
|---|---|
| જિલ્લાના કુલ ગામ | ૧૨૪૬ |
| માપણી | ૯૦૯ ગામોની પૂર્ણ કરેલ છે. |
| વાંધા નિકાલ | ૭૨૫ ગામોની પૂર્ણ કરેલ છે. |
| આખરી રેકર્ડ | ૬૬૭ ગામોની પૂર્ણ કરેલ છે. |
| પ્રમોલગેશન | ૩૦૩ ગામોની પૂર્ણ કરેલ છે. |

(૨) આ કામગીરી સીકોન પ્રા.લી. બેંગલોરને રૂ. ૧૫,૬૮,૮૧,૦૧૦/–ના ખર્ચે સોંપવામાં આવેલ છે.

(૩) બનાસકાંઠા જિલ્લામાં આ માપણી દરમ્યાન મુખ્યત્વે
(૧) ક્ષેત્રફળમાં વધ–ઘટ,
(૨) જમીન સંપાદન, કેનાલમાં જવાથી એક સર્વે નંબરના બે ભાગ,
(૩) ભાઇઓ ભાગની વહેંચણી પછી ગામ નમુના નં. ૭માં જણાવેલ ક્ષેત્રફળ મુજબની માપણી કરવાનો આગ્રહ વિગેરે ફરીયાદો ઉભી થવા પામી છે.

(૪) કુલ ૫૫૯૮૧ ફરીયાદો પૈકી ૪૮૧૧૨નો નિકાલ કરવામાં આવ્યો છે અને બાકીની ફરિયાદોનો તબક્કાવાર નિકાલ કરવાની કામગીરી ચાલુ છે.

## 4 અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતાનું મહેકમ

4 * ૨૧૭૯૩ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતામાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨)
પત્રક મુજબ.

(૩) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલઃ૧૫૮ ઉમેદવારોની અરવલ્લી જિલ્લામાં ફાળવણી કરી બેઝીક/તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઇ./પી.એસ.આઇ. ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવે છે.

પત્રક

તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પોલીસ ખાતાનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ/ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૮ | ૫ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧૨ | ૦ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૭ | ૬ |
| ૪ | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૬૨ | ૬ |
| ૫ | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૪૨ | ૨૦ |
| ૬ | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧ | ૦ |
| ૭ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૧૩ | ૪૮ |
| ૮ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૫૭ | ૨૩ |
| ૯ | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૯ | ૦ |
| ૧૦ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૭૯ | ૧૬૫ |
| ૧૧ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૮૧ | ૧૫૫ |
| ૧૨ | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૧૨ | ૦ |
| ૧૩ | આઉટ સોર્સ (ડ્રાયવર) | ૧૦ | ૧૦ |

## 4 રાજ્યના ઇંટ ઉત્પાદકોને, બિનખેતી જમીન અંગે વિશિષ્ટ જોગવાઈ

5 * ૨૧૬૦૨ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ઇંટ ઉત્પાદકોને જમીનની બિનખેતી અંગે કોઈ ઉત્પાદકોને જમીનની બિનખેતી અંગે કોઈ વિશિષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો શી જોગવાઈ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) (૧) ઇંટ ઉત્પાદકોની અરજીઓને સીંગલ વિન્ડો કલીયરન્સ સીસ્ટમથી મંજુરી અપાશે.

(૨) અરજીની તારીખથી દિન-૪૫ માં આખરી મંજુરીના હુકમો કરવાના રહેશે.

(૩) અરજીની તારીખથી દિન-૪૫ માં આખરી હુકમ ન થાય તો ઉત્પાદકોને આપોઆપ ડીમ્ડ એન.એ. નો લાભ મળવાપાત્ર બનશે.

(૪) બિનખેતીની મંજુરી/ડીમ્ડ એન.એ. નો લાભ મળ્યા બાદ GPCB નુ પ્રમાણપત્ર મળ્યેથી ઉત્પાદન હાથ ધરી શકાશે.

(૫) આ જોગવાઈઓનો લાભ કાયદેસર રીતે પોતાની જમીન અથવા ભાડાપટ્ટાની જમીનમાં ફીક્સ ચીમનીથી માન્ય બળતણનો ઉપયોગ કરીને ઇંટ ઉત્પાદનનો વ્યવસાય કરતા હોય તેવા વ્યવસાયકારોને મળવાપાત્ર થશે.

## 5 નર્મદા યોજના અંતર્ગત બે જળ વિદ્યુત મથકોની સ્થાપિત ક્ષમતા

5 * ૨૧૫૯૭ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત મુખ્ય બે જળ વિદ્યુત મથકોની સ્થાપિત ક્ષમતા કેટલી

**જવાબ**

(૧) (૧) નહેર આમુખ જળ વીજ મથકની સ્થાપિત ક્ષમતા ૨૫૦ મેગાવોટની છે અને (૨) નદી તળ ભુગર્ભજળ

છે, અને

વિજમથકની સ્થાપિત ક્ષમતા ૧૨૦૦ મેગોવોટની છે.

(૨) આ વીજ મથકોના વીજ ઉત્પાદનમાં ક્યા રાજ્યનો હિસ્સો કેટલો છે ?

(૨) આ વીજ મથકોના વીજ ઉત્પાદનમાં સાથી રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતને અનુક્રમે ૫૭%, ૨૭% અને ૧૬% લેખે હિસ્સો છે.

## 5 અરવલ્લી જિલ્લામાં ગુનાહિત કૃત્યો

5 * ૨૨૦૮૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ધાડ, ચોરી, અપહરણ અને આપઘાતોના કેટલા બનાવો નોંધાયા,

(૨) આ ગુનાઓ અટકાવવા સરકારે શાં પગલાં લીધાં, અને

(૩) તે પૈકી ઉકત વર્ષવાર કેટલા ગુનાઓ ડીટેકટ થયા અને કેટલા ગુનાઓ અનડીટેકટ છે ?

જવાબ

(૧) પત્રક મુજબ.

(૨) આ પ્રકારના બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેકીંગ હેઠળ નાઇટ પેટ્રોલિંગ, મોબાઇલ પેટ્રોલિંગ, કોમ્બીંગ નાઇટ, મોટર સાઇકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પેટ્રોલિંગ તેમજ નાઇટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રી સીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા ગુના કરવા વાળા તથા બહારથી મજૂરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઇસમો ઉપર વોચ રાખવામાં આવે છે. તેમજ આંગડિયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ–દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કૂલ, કોલેજ, એસ.ટી. સ્ટેન્ડ જેવી ભીડ–ભાડ વાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલિંગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લીક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. મહિલાઓને થતી મુશ્કેલી નિવારવા સરકારશ્રી દ્વારા ૧૦૯૧ તથા ૧૮૧ અભયમ્ નામની હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે.

(૩)

| વર્ષ | ડીટેક્ટ | અનડીટેક્ટ |
|---|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | ૨૦૮ | ૪૯ |
| તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | ૧૯૪ | ૯૩ |

પત્રક

| તા.૦૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
| મોડાસા | ૬ | ૧ | ૧ | ૩ | ૩૫ | ૬ | ૧૮ |
| બાયડ | ૩ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૭ | ૧૩ |
| ભિલોડા | ૭ | ૧ | ૧ | ૧ | ૨૧ | ૭ | ૪૧ |
| મેઘરજ | ૭ | ૨ | ૨ | ૦ | ૪ | ૭ | ૧૦ |
| માલપુર | ૨ | ૦ | ૧ | ૦ | ૭ | ૭ | ૪ |
| ધનસુરા | ૩ | ૧ | ૦ | ૦ | ૪ | ૩ | ૭ |

| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
| મોડાસા | ૪ | ૭ | ૩ | ૧ | ૪૦ | ૫ | ૭ |
| બાયડ | ૨ | ૧ | ૩ | ૧ | ૨૩ | ૧૨ | ૧૬ |
| ભિલોડા | ૧૦ | ૩ | ૨ | ૧ | ૧૩ | ૨૧ | ૩૩ |
| મેઘરજ | ૨ | ૧ | ૨ | ૦ | ૯ | ૫ | ૯ |
| માલપુર | ૩ | ૦ | ૦ | ૦ | ૬ | ૩ | ૧૧ |
| ધનસુરા | ૨ | ૧ | ૧ | ૦ | ૧૨ | ૭ | ૫ |

## 6 સાણંદ તાલુકાના તેલાવ ગામે સરકારી પડતર જમીન ઉપર દબાણ

6 * ૨૧૬૯૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના તેલાવ ગામે સરકારી પડતર જમીન સર્વે નં.૩૧૨ માં ગેરકાયદેસર દબાણો થયા છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ દબાણો દૂર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## 6 નર્મદા જિલ્લામાં પશુઓને રસીકરણ

6 * ૨૦૮૭૨ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૭,૫૯,૨૩૦ પશુઓને. |
| (૨) ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ગળસુંઢો, ગાંઠિયો તાવ, ખરવા મોવાસા, હડકવા વિરોધી રસી પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું. |

## 7 ભાવનગર જિલ્લાનાં ડેમોમાંથી કાંપ કાઢવા બાબત

7 * ૨૦૮૬૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના ક્યા ડેમોમાંથી કાંપ કાઢવાની કામગીરી કરવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | યોજનાનું નામ |
|---|---|
| ૧ | જસપરા-માંડવા સિંચાઇ યોજના |
| ૨ | હણોલ સિંચાઇ યોજના |
| ૩ | રોજકી સિંચાઇ યોજના |
| ૪ | માલણ સિંચાઇ યોજના |
| ૫ | રંઘોળા સિંચાઇ યોજના |
| ૬ | શેત્રુંજી સિંચાઇ યોજના |
| ૭ | રજાવળ સિંચાઇ યોજના |
| ૮ | ખારો સિંચાઇ યોજના |
| ૯ | હમીરપરા સિંચાઇ યોજના |
| ૧૦ | લાખણકા સિંચાઇ યોજના |

(૨) આ ડેમોમાંથી કેટલા જથ્થામાં કાંપ કાઢવામાં આવેલ છે અને કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) (અ) ૩,૪૫,૪૦,૬૪૮ ઘ.ફુટ
(બ) રૂ.૧૪૨.૪૦ લાખ.

(૩) કાંપ કાઢવાથી આ ડેમોમાં જળસંગ્રહમાં કેટલો વધારો થયેલ છે.

(૩) કુલ ૩૪.૫૪ મી. ઘ.ફુટ.

તા. ૧લી માર્ચ, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નોત્તરી

7 સુરેન્દ્રનગર જિલ્લા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના

7 * ૨૧૬૨૦ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાની થાનગઢ નગરપાલિકા સિવાય, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, વઢવાણ, પાટડી, લીંબડી અને ચોટીલા નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાઓ બે વર્ષ અગાઉ મંજુર કરવામાં આવી છે. જ્યારે થાનગઢ નગરપાલિકાની ભૂગર્ભ ગટર, ગટર યોજનાને જાન્યુઆરી ૨૦૧૪ માં રૂ. ૭૭.૮૦ કરોડના ખર્ચે મંજુરી આપવામાં આવી છે.

(૨) અને (૩) હાલની સ્થિતિએ યોજનાઓના મુખ્ય ઘટકોની પ્રગતિની વિગત નગરપાલિકાવાર નીચે મુજબ છે.

૧. સુરેન્દ્રનગર: સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમની કામગીરી પ્રગતિમાં–૭૫% STP ના કામો ટેન્ડર તબક્કે.
૨. ધ્રાંગધ્રા: સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમ–કામ પૂર્ણ STP ના કામો ટેન્ડર તબક્કે.
૩. વઢવાણ: સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમની કામગીરી પ્રગતિમાં–૮૦% STP ના કામો ટેન્ડર તબક્કે.
૪. પાટડી: કામગીરી પૂર્ણ (ઓક્સીડેશન પોન્ડ સાથે)
૫. લીંબડી: સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમની કામગીરી પ્રગતિમાં–૪૯% STP ના કામો ટેન્ડર તબક્કે.
૬. ચોટીલા: સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમની કામગીરી પૂર્ણ STP ના કામો ટેન્ડર તબક્કે.
૭. થાનગઢ: સ્યુઅર કલેક્ટીંગ સીસ્ટમની કામગીરી પૂર્ણ STP ના કામો ટેન્ડર તબક્કે.

8 મહીસાગર જિલ્લામાં ફળઝાડના લાભાર્થી

8 * ૨૦૫૯૧ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફળઝાડના વાવેતર માટે તાલુકાદીઠ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

પત્રક મુજબ.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪ (તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધી) | | વર્ષ ૨૦૧૫ (તા.૧–૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ સુધી) | |
|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | સહાય રૂ. | લાભાર્થી | સહાય રૂ. |
| ૧ | લુણાવાડા | ૪ | ૨૩,૦૦૨ | ૭ | ૩,૪૨,૨૩૧ |
| ૨ | ખાનપુર | ૨૪ | ૧૨,૪૦,૩૧૮ | ૬ | ૧,૦૪,૬૦૦ |
| ૩ | સંતરામપુર | ૩ | ૧૦,૨૦૭ | ૨ | ૯,૫૬૨ |
| ૪ | કડાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | વીરપુર | ૦ | ૦ | ૩૨ | ૨૧,૬૩,૨૫૭ |
| ૬ | બાલાસિનોર | ૦ | ૦ | ૭૭ | ૩૩,૯૩,૦૯૯ |
| | કુલ | ૩૧ | ૧૨,૭૩,૫૨૭ | ૧૨૪ | ૬૦,૧૨,૭૪૯ |

8 દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

8 * ૨૧૯૬૧ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ધાડ, ચોરી, અપહરણ અને આપઘાતોના કેટલા બનાવો નોંધાયા,

(૧) પત્રક મુજબ.

(૨) આ ગુનાઓ અટકાવવા સરકારે શા પગલાં લીધાં, અને

(૨) આ પ્રકારના બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેકીંગ હેઠળ નાઇટ પેટ્રોલિંગ, મોબાઇલ પેટ્રોલિંગ, કોમ્બીંગ નાઇટ, મોટર સાઇકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પેટ્રોલિંગ તેમજ નાઇટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રી સીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા ગુના કરવા વાળા તથા બહારથી મજૂરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઇસમો ઉપર વોચ રાખવામાં આવે છે. તેમજ આંગડિયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ-દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કૂલ, કોલેજ, એસ.ટી. સ્ટેન્ડ જેવી ભીડ-ભાડ વાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પેટ્રોલિંગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લીક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે.

(૩) તે પૈકી ઉકત વર્ષવાર કેટલા ગુનાઓ ડીટેકટ થયા અને કેટલા ગુનાઓ અનડીટેકટ છે ?

(૩)

| વર્ષ | ડીટેક્ટ ગુનાઓ | અનડીટેક્ટ ગુનાઓ |
|---|---|---|
| ૨૦૧૪ | ૩૩૦ | ૧૭૯ |
| ૨૦૧૫ | ૩૧૮ | ૧૭૪ |

પત્રક

| તા.૦૧-૦૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ દરમિયાન નોંધાયેલ ગુનાઓ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
| દાહોદ | ૮ | ૧૬ | ૭ | ૪ | ૧૨૬ | ૨૪ | ૭ |
| ગરબાડા | ૭ | ૩ | ૨ | ૩ | ૧૫ | ૧૦ | ૫ |
| ધાનપુર | ૪ | ૩ | ૧ | ૦ | ૬ | ૧ | ૯ |
| દે. બારીયા | ૪ | ૨ | ૪ | ૨ | ૧૧ | ૧૫ | ૨૧ |
| લીમખેડા | ૭ | ૪ | ૭ | ૧ | ૧૧ | ૧૭ | ૧૮ |
| ઝાલોદ | ૯ | ૨ | ૧ | ૭ | ૩૨ | ૮ | ૪ |
| સંજેલી | ૦ | ૨ | ૧ | ૧ | ૪ | ૪ | ૦ |
| ફતેપુરા | ૪ | ૫ | ૨ | ૩ | ૧૨ | ૧૩ | ૧૦ |
| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ દરમિયાન નોંધાયેલ ગુનાઓ | | | | | | | |
| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર | ધાડ | ચોરી | અપહરણ | આપઘાત |
| દાહોદ | ૫ | ૧૩ | ૧૪ | ૦ | ૯૪ | ૨૯ | ૭ |
| ગરબાડા | ૪ | ૨ | ૩ | ૪ | ૯ | ૧૮ | ૭ |
| ધાનપુર | ૩ | ૨ | ૫ | ૨ | ૫ | ૬ | ૬ |
| દે. બારીયા | ૪ | ૧ | ૬ | ૧ | ૧૮ | ૧૧ | ૧૩ |
| લીમખેડા | ૧ | ૧ | ૪ | ૦ | ૨૩ | ૧૭ | ૧૩ |
| ઝાલોદ | ૪ | ૩ | ૬ | ૫ | ૩૭ | ૨૧ | ૧૦ |
| સંજેલી | ૨ | ૦ | ૧ | ૦ | ૪ | ૭ | ૧ |
| ફતેપુરા | ૪ | ૩ | ૧ | ૨ | ૧૪ | ૧૧ | ૫ |

9 વ્યારા તાલુકા સોનગઢનાં ગામોને ઉકાઇ ડેમમાંથી પમ્પીંગ દ્વારા પિયત માટે પાણી

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

9 * ૨૧૩૧૯ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં વ્યારા તાલુકાના સોનગઢના બિન પિયત ગામોને ઉકાઇ ડેમમાંથી પમ્પીંગ સ્ટેશન ઉભુ કરી પાઇપ લાઇન દ્વારા ડોસવાડા ડેમમાં પાણી નાખી ખેડૂતોને પાણી આપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) આ અંગે કોઇ યોજના હાલમાં વિચારણા હેઠળ નથી. |
| (૨) આ પાણી કેટલા સમયમાં આપવાનું આયોજન છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

9 માંગરોળ અને માળીયા તાલુકામાં કોકોનટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને જમીન

9 * ૨૦૬૮૨ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય કૃષિ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને માળીયા તાલુકામાં નાળીયેર પકવતા ખેડૂતો માટે કોકોનટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે જમીન મેળવવા માટેની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે, | (૧) એક પણ અરજી આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી તથા કેટલી મંજૂર કરી અને કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજૂર કરી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

9 અમરેલી જિલ્લામાં પશુઓને રસીકરણ

9 * ૨૦૮૭૩ શ્રી હિરાભાઇ સોલંકી (રાજુલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૪,૭૫,૦૫૬ પશુઓને. |
| (૨) ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ગળસૂંઢો, ગાંઠીયો તાવ, ખરવા મોવાસા, આંત્રવિષજ્વર, બ્રુસેલોસીસ, હડકવા વિરોધી અને પીપીઆર પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું. |

વણાકબોરી સિંચાઇ યોજનાની શેઢી શાખા નહેર તૂટવાથી નુકશાન બાબત

* ૨૨૬૫૭ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં વણાકબોરી સિંચાઇ યોજનાની શેઢી શાખા નહેર તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વખત તુટી છે. | (૧) એક વખત. |
| (૨) તે અન્વયે આ નહેર તુટવાથી ક્યા ગામના ખેડૂતોના પાકને કેટલુ નુકશાન થયેલ છે, | (૨) કોઈ નુકશાન થયેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ નુકશાન પેટે ખેડૂતોને કેટલુ વળતર ચુકવવામાં આવેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) બાકીના ખેડૂતોને વળતર ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જામનગર શહેરને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ રકમ

* ૨૧૧૮૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) ફાળવેલ રકમની વિગતો નીચે મુજબ છે. |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

વર્ષવાર જામનગર શહેરના વિકાસ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

| સમગગાળો | રકમ (કરોડમાં) |
|---|---|
| ૦૧-૦૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | ૧૩૩.૭૧ |
| ૦૧-૦૧-૧૫ થી ૩૧-૧૨-૧૫ | ૧૮૦.૫૨ |
| કુલ | ૩૧૪.૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ઉપયોગ કરવામાં આવેલ અને કેટલી રકમ વણવપરાયેલ છે ?

(૨) ઉક્ત સ્થિતિએ રૂ. ૨૫૫.૪૬ કરોડનો ખર્ચ થયેલ છે અને રૂ. ૫૮.૭૭ કરોડ વણવપરાયેલ છે.

### મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓને સરકારી પડતર જમીન

* ૨૧૬૦૦ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળીઓને દુધઘર હેતુ માટે સરકારી પડતર જમીન આપવાની કેવા પ્રકારની જોગવાઈ કરેલ છે?

**જવાબ**

તા. ૧૭-૧૨-૧૫ના ઠરાવથી જે મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી કાર્યરત હોય અને તેની પાસે પોતાનું મકાન ન હોય તેવી મંડળીને ૩૦૦ ચો.મી. જમીન રૂ. ૧/-ના ટોકન દરે ફાળવવાનું તથા સબંધીત મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી બલ્ક મિલ્ક કૂલર (B.M.C.) સુવિધા બનાવવા માંગે તો વધારાની ૫૦૦ ચો.મી. જમીન રૂ. ૧/-ના ટોકન દરે ફાળવવાનું નક્કી થયેલ છે.

### દાહોદ જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૨૦૫૨૫ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર ખુન-લુંટ-ધાડ-બળાત્કાર-અપહરણ અને ચોરીના કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં નોંધાયા, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખુન | લુટ | ધાડ | બળાત્કાર | અપહરણ | ચોરી |
|---|---|---|---|---|---|---|
| દાહોદ | ૦૫ | ૧૩ | ૦૦ | ૧૪ | ૨૯ | ૯૪ |
| ગરબાડા | ૦૪ | ૦૨ | ૦૪ | ૦૩ | ૧૮ | ૦૯ |
| ધાનપુર | ૦૩ | ૦૨ | ૦૨ | ૦૫ | ૦૬ | ૦૫ |
| દે.બારીયા | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૬ | ૧૧ | ૧૮ |
| લીમખેડા | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૪ | ૧૭ | ૨૩ |
| ઝાલોદ | ૦૪ | ૦૩ | ૦૫ | ૦૬ | ૨૧ | ૩૭ |
| સંજેલી | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૭ | ૦૪ |
| ફતેપુરા | ૦૪ | ૦૩ | ૦૨ | ૦૧ | ૧૧ | ૧૪ |

(૨) આ બનાવો અટકાવવા સરકારે શા પગલા લીધા ?

(૨) આ પ્રકારના બનાવો અટકાવવા માટે ઉપરી અધિકારીઓના ચેકીંગ હેઠળ નાઈટ પેટ્રોલિંગ, મોબાઈલ પોટ્રોલિંગ, કોમ્બીંગ નાઈટ, મોટર સાઈકલ તથા પી.સી.આર. વાનનું ક્રોસ પેટ્રોલિંગ તેમજ નાઈટ રાઉન્ડ દરમ્યાન હિસ્ટ્રી સીટરોને ચેક કરવામાં આવે છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા ગુના કરવા વાળા તથા બહારથી મજુરી કામ અર્થે આવતા શંકાસ્પદ ઈસમો ઉપર વોચ રાખવામાં આવે છે. તેમજ આંગડીયા પેઢીના મેનેજરોને મોટી રકમની લેવડ-દેવડ કરવાની હોય તેવા સંજોગોમાં પોલીસને જાણ કરી અગાઉથી જ પોલીસ બંદોબસ્ત મેળવવા માટે જણાવવામાં આવે છે. સ્કૂલ, કોલેજ, એસ.ટી.સ્ટેન્ડ જેવી ભીડ-ભાડ વાળી જગ્યાઓ ઉપર સાદા કપડામાં પોલીસ તથા મહિલા પોલીસનું પોટ્રોલિંગ રાખવામાં આવે છે. અગાઉથી મળેલ પબ્લીક અરજીઓ તથા નોન કોગ્નિઝેબલ ફરિયાદોની ત્વરિત તપાસ કરાવડાવી જરૂર જણાયે તાત્કાલિક અટકાયતી પગલાંઓ લેવામાં આવે છે. મહિલાઓને થતી મુશ્કેલી નિવારવા સરકારશ્રી દ્વારા ૧૦૯૧

તથા ૧૮૧ અભયમ્ નામની હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી પકડાયેલ દેશી/વિદેશી દારૂ

* ૨૨૪૪૫ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા પોલીસ સ્ટેશનની હદમાંથી કેટલી કિંમતનો દેશી/વિદેશી દારૂ પકડાયો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર જિલ્લાવાર કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ દારૂ પકડાયો,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં દારૂનું વેચાણ અટકે તે માટે સરકારે વર્ષવાર શા પગલા લીધા ?

જવાબ

(૧) પત્રક સામેલ છે.

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | જે પો.સ્ટે.ની હદમાંથી સૌથી વધુ દેશી દારૂ પકડાયેલ તેનું નામ | જે પો.સ્ટે.ની હદમાંથી સૌથી વધુ વિદેશી દારૂ પકડાયેલ તેનું નામ |
|---|---|---|---|
| ૨૦૧૪ | સાબરકાંઠા | પ્રાંતિજ | પ્રાંતિજ |
| | અરવલ્લી | બાયડ | શામળાજી |
| ૨૦૧૫ | સાબરકાંઠા | ઇડર | પ્રાંતિજ |

(૩) જિલ્લામાં દારૂ વેચાણની પ્રવૃત્તિ અટકે તે માટે તાબાના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા પેટ્રોલીંગ, નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગ તથા પ્રોહિબીશન અંતર્ગત નિયમિત ડ્રાઇવનું આયોજન કરી તેમજ ખાનગી રાહે બાતમી હકિકતો મેળવી ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિ કરનારાઓ ઉપર સફળ રેઇડો કરી કેસ કરવામાં આવે છે. લોક દરબાર વિગેરે યોજી આવી બદી નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરિકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે. તેમજ અવારનવાર આ પ્રકારની પ્રવૃત્તિ કરતાં પકડાયેલા આરોપીઓ વિરુદધ પ્રોહિબીશન ધારા કલમ ૯૩, તડીપાર, પાસા જેવા કેસ મૂકી જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

પત્રક

સાબરકાંઠા

| તાલુકાનું નામ | પોલીસ સ્ટેશન | દેશી દારૂના પકડાયેલ જથ્થાની કિંમત (રૂપિયા) | વિદેશી દારૂના પકડાયેલ જથ્થાની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|
| હિંમતનગર | હિંમતનગર એ.ડીવી. | ૮૫૪૮૦ | ૭૦૨૩૨૨૫ |
| | હિંમતનગર બી.ડીવી | ૮૨૦૪૦ | ૭૭૫૪૧૯ |
| | હિંમતનગર ગ્રામ્ય | ૭૮૭૫૦ | ૪૩૯૩૬૬૫ |
| | ગાંભોઇ | ૪૯૬૪૦ | ૧૩૧૫૪૫૦ |
| પ્રાંતિજ | પ્રાંતિજ | ૫૮૬૭૨ | ૨૪૩૯૮૩૭૨ |
| તલોદ | તલોદ | ૪૯૦૮૦ | ૨૦૬૩૭૬૦ |
| ઇડર | ઇડર | ૧૭૯૯૦૮ | ૮૦૭૮૭૨ |
| | જાદર | ૪૧૯૪૦ | ૩૯૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| વડાલી | વડાલી | ૪૦૧૪૦ | ૩૭૯૪૭૪ |
| ખેડબ્રહ્મા | ખેડબ્રહ્મા | ૧૦૭૬૬૦ | ૮૯૨૬૦૪ |
| | ખેરોજ | ૧૪૨૦૮ | ૧૦૫૯૨૨૦ |
| પોશીના | પોશીના | ૬૧૨૦ | ૪૨૨૦૫ |
| વિજયનગર | વિજયનગર | ૧૩૯૯૦૦ | ૧૬૪૭૫૦૦ |
| | ચિઠોડા | ૯૦૬૦ | ૧૩૯૦૦ |

અરવલ્લી

| તાલુકાનું નામ | પોલીસ સ્ટેશન | દેશી દારૂના પકડાયેલ જથ્થાની કિંમત (રૂપિયા) | વિદેશી દારૂના પકડાયેલ જથ્થાની કિંમત (રૂપિયા) |
|---|---|---|---|
| મોડાસા | મોડાસા ટાઉન | ૪૫૮૮૦ | ૨૧૪૦૫૦૦ |
| | મોડાસા રૂરલ | ૭૮૬૨૦ | ૧૬૫૮૩૮૭૫ |
| બાયડ | બાયડ | ૬૩૪૪૦ | ૧૭૯૬૫૭૫ |
| | આંબલીયારા | ૧૯૧૨૦ | ૧૨૪૦૦ |
| | સાઠંબા | ૫૩૬૦ | ૩૬૮૦૦ |
| ભિલોડા | ભિલોડા | ૨૯૫૮૦ | ૬૪૩૨૨૫ |
| | શામળાજી | ૧૫૭૪૦ | ૯૪૭૯૧૭૧૫ |
| મેઘરજ | મેઘરજ | ૨૪૪૨૦ | ૧૪૧૯૮૭૦૫ |
| | ઇસરી | ૨૧૪૨૦ | ૬૫૩૦૩૦ |
| ધનસુરા | ધનસુરા | ૩૨૫૨૦ | ૧૧૧૫૫૪૦ |
| માલપુર | માલપુર | ૨૫૧૬૦ | ૧૨૮૪૭૪૦ |

પાલનપુર અને ડીસામાં બી–૪ સત્તા પ્રકારની મિલકતો બાબત

* ૨૨૪૭૨ શ્રી જોઇતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને ડીસામાં બી–૪ સત્તા પ્રકારની મિલકતોનો સત્તા પ્રકાર રદ કરવા અંગેની તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે રજૂઆતો સરકાર સમક્ષ આવી છે. | (૧) બે (૨) રજૂઆતો મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે સરકાર દ્વારા શો નિર્ણય લેવાયેલ છે? | (૨) આ બાબત નિતી વિષયક છે અને સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |

તાપી જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૧૬ શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ ` ૨૬,૯૦,૯૯૪/–. |

રાજ્યમાં નગરપાલિકાઓમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટની કોમન કેડર બાબત

* ૨૧૫૯૩ શ્રી જનકભાઇ કાછડીયા (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ ઓફીસરની કોમન કેડર ઉભી કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ભરતીના નિયમો | (૨) હા. |

આખરી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ અંગે કેટલા મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટની ભરતી કરવામાં આવી ?

(૩) નીચે મુજબ ભરતી કરવામાં આવેલ છે.

| ભરતી વર્ષ | ભરતી કરવામાં આવેલ તેની સંખ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૩ | ૧૧૧ | ૪૮ |
| ૨૦૧૪ | ૨૫ | ૨૩ |

વાંકાનેર તાલુકાના કણકોટ ગામમાં રેવન્યુ નોંધ પાડવા બાબત

* ૨૧૯૮૭ શ્રી ઇન્દ્રનીલભાઈ રાજ્યગુરૂ (રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના કણકોટ ગામમાં, રેવન્યુ નોંધ ૭/૧૨, ૮/અ માં પડેલ હોય અને ૬ નંબરમાં નોંધ પડેલ ન હોય તેવા કેટલા કિસ્સા નોંધાયેલ છે,

(૧) શૂન્ય.

(૨) ઉક્ત કિસ્સાઓના સર્વે નંબરો શા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે અન્વયે નિયમોનુસાર નોંધ પડે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

થાનગઢ ખાતે પોલીસ ફાયરીંગ સંબંધમાં તપાસપંચના અહેવાલ બાબત

* ૨૧૭૮૨ શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ ખાતે પોલીસ દ્વારા થયેલ ફાયરીંગ સંબંધમાં તપાસપંચનો રિપોર્ટ તા.૦૧–૦૫–૨૦૧૩ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગને સોંપવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો ગૃહ વિભાગ દ્વારા આ સંબંધમાં સરકારશ્રીને શું રિપોર્ટ રજુ કરવામાં આવ્યો છે, અને

(૩) જો ના, તો ક્યા કારણોસર આ રિપોર્ટ રજૂ કરવામાં આવતો નથી ?

(૨) અને (૩) બાબત સરકારની વિચારણા હેઠળ છે.

રાજ્યના ખેડૂતો માટે આંતરરાષ્ટ્રીય કૃષિ પ્રદર્શન મેળા બાબત

* ૨૧૨૨૫ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ રાજ્યના ખેડુતો માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના કૃષિ પ્રદર્શન મેળાનું આયોજન છેલ્લા બે વર્ષમાં ક્યા સ્થળે કરવામાં આવ્યુ, અને

(૧) છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેડુતો માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના કૃષિ પ્રદર્શન મેળાનું કોઇ આયોજન કરવામાં આવેલ નથી.

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યમાં પોલીસ દળની સંવર્ગવાર ભરતી

* ૨૧૫૭૯ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) રાજ્યમાં પોલીસ દળને વધુ સુદ્રઢ તેમજ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકારે જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવાનું આયોજન કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ક્યા સંવર્ગમાં કેટલી ભરતી કરવામાં આવી ?

(૨) પોલીસ સબ ઈન્સ્પેક્ટર/આસિસટન્ટ સબ ઈન્સ્પેક્ટર ભરતી બોર્ડ તેમજ લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા નીચે મુજબ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

| ક્રમ | સંવર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૫૦૦ |

| | | |
|---|---|---|
| | (બિન હથિયારી) | |
| ૨ | આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી) | ૮૦૦ |
| ૩ | લોકરક્ષક (બિન હથિયારી) | ૫૬૫૦ |
| ૪ | લોકરક્ષક (હથિયારી) | ૧૫૦૦ |

માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં ગૌચર સુધારણાવાળા કામો

* ૨૧૦૨૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં સન ૨૦૧૪ અને ૨૦૧૫ ના વર્ષમાં ગૌચર સુધારણાના ક્યા કામો ક્યા ગામોમાં હાથ ધરવામાં આવ્યા,

જવાબ

(૧) (૧) જૂનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં (અ) માણાવદર તાલુકાના (૧) ખડીયા (૨) ચુડવા (૩) જિંજરી તથા (૪) સરદારગઢ ગામમાં (બ) વંથલી તાલુકામાં (૧) વાડલા અને (૨) બોડકા ગામોમાં તથા (ક) મેંદરડા તાલુકાના રાજેસર ગામમાં ગૌચર સુધારણાના કામો હાથ ધરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૪ માં કાર્યરત ગૌચર સુધારણા અંગેની આનુષાંગિક પૂર્વ તૈયારી કે જેમાં તાલુકા શીબીર/જિલ્લા કક્ષાના અધિવેશનમાં ગોપાલકો સર્વેને યોજના વિષયક માહીતગાર કરવામાં આવ્યા.

(૨) તે પૈકી કેટલા કામો અધૂરા છે અને કેટલા પૂર્ણ થયા, અને

(૨) ખંડ (૧) માં દર્શાવેલ ત્રણેય તાલુકા પૈકી માણાવદર તાલુકાના ચૂડવા ગામનું કામ પૂર્ણ થયેલ છે. જ્યારે બાકીનાં ગામોનાં કામો પ્રગતિમાં છે.

(૩) આ કામગીરી પેટે કઇ એજન્સી/વ્યક્તિઓને કેટલું ચૂકવણું કરાયું ?

(૩) માણાવદર તાલુકાના ચુડવા ગામ માટે આ કામગીરી અર્થે શ્રી પુરૂષોત્તમલાલજી ગૌસેવા ટ્રસ્ટ, ચુડવાને રૂ.૧૫ લાખનું ચુકવણું કરાયેલ છે.

વલસાડ જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૨૧૯૪૪ શ્રી ઇશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકો ગુમ કે અપહરણ થયેલ નોંધાયા,

જવાબ

(૧)

| તાલુકાનું નામ | ગુમ | અપહરણ |
|---|---|---|
| વલસાડ | ૦૬ | ૩૯ |
| પારડી | ૦૪ | ૧૭ |
| વાપી | ૨૫ | ૧૨૭ |
| ધરમપુર | ૦૨ | ૦૬ |
| કપરાડા | ૦૦ | ૦૭ |
| ઉમરગામ | ૧૧ | ૩૩ |

(૨) તે અન્વયે કેટલા બાળકો મળી આવ્યા, અને

(૨) ૨૧૨.

(૩) ઉક્ત સ્થિતિએ જે બાળકો મળી શક્યા નથી તેની ભાળ મેળવવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) ગુમ કે અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવા જિલ્લામાં પોલીસ અધિકારી–કર્મચારીઓની ટીમ બનાવી અવાર–નવાર ડ્રાઇવ રાખવામાં આવે છે, જેમાં જરૂર જણાયે બાળ સુરક્ષા એકમ તથા એન.જી.ઓ. ની સાથે રહી કામગીરી કરાય છે.

બાલાસિનોર નગરપાલિકાના નવા વિકાસ નકશાની મંજૂરી બાબત

* ૨૦૫૫૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૫ ની સ્થિતિએ બાલાસિનોર નગરપાલિકાનો વિકાસ નકશો સન ૧૯૯૪ માં બનેલ તે હકીકત સાચી છે,

જવાબ

(૧) હા.

(૨) જો હા તો સરકારશ્રીના ધારાધોરણ મુજબ નવા

(૨) સમુચિત સત્તામંડળ (બાલાસિનોર નગરપાલિકા/

વિકાસ નકશાની મંજુરી આપવામાં આવેલ નથી તેના કારણો શા છે, અને

એડીએ) દ્વારા અધિનિયમની કલમ–૧૬ હેઠળ પુનરાવર્તિત વિકાસ યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર થયેથી મંજૂરી અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહે છે.

(૩) ઉક્ત નવા વિકાસ નકશાની કેટલા સમયમાં મંજૂરી અપાશે ?

(૩) કલમ–૧૬ હેઠળ વિકાસ યોજના સરકારશ્રીની મંજૂરી અર્થે સાદર થયેથી સરકારશ્રી દ્વારા અધિનિયમની કલમ–૧૭ ની જોગવાઇ મુજબ વિકાસ યોજના સત્વરે મંજૂર કરવા અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### અમદાવાદ જિલ્લામાં ઘઉંના પાક માટે તાલીમ શિબિર

* ૨૧૫૨૫ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન અંતર્ગત ઘઉંના પાક માટે કેટલી ખેડૂત તાલીમ શિબિર યોજવામાં આવી, | (૧) ૫૫. |
| (૨) તેમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો, અને | (૨) ૧૬૫૦. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ.૬,૨૩,૭૯૦/–. |

### વડોદરા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૧૫૭૮ શ્રી કેતનભાઈ ઇનામદાર (સાવલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે કોઇ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૪ માં ૩૭૮૨<br>વર્ષ ૨૦૧૫ માં ૪૪૫૦<br>એમ કુલ ૮૨૩૨ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે. |

### રાજકોટ જિલ્લામાં તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા શિબિરો

* ૨૧૫૨૩ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા સંબધિત યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) તેલીબીયા પાકોનું ઉત્પાદન વધારવા નેશનલ મિશન ઓન ઓઈલસીડ એન્ડ ઓઈલપામ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ સત્તર (૧૭) ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી. |
| (૨) સદર તાલીમોમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને | (૨) સદર તાલીમોમાં કુલ ૭૭૧ ખેડૂતો એ હાજરી આપી. |
| (૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૩) સદર તાલીમોમાં કુલ રૂ. ૨,૦૫,૪૯૦ – ખર્ચ થયો |

### મોરબી જિલ્લાની હળવદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય, ગ્રાન્ટની મંજુરી

* ૨૧૬૨૨ શ્રી કાંતીલાલ અમૃતીયા (મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મોરબી જિલ્લાની હળવદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હળવદ નગરપાલિકાને કુલ ૧૧૪૭ શૌચાલયો મંજુર કરેલ છે અને તે પરત્વે કુલ રૂ. ૧૨૭.૪૪ લાખની ગ્રાન્ટ નીચે મુજબ મંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૫૧૯ | ૪૧.૫૨ |
| ૨૦૧૫ | ૬૨૮ | ૮૫.૯૨ |
| કુલ | ૧૧૪૭ | ૧૨૭.૪૪ |

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૨) તે પેટે રૂ. ૧૦૫.૯૦ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૪૧.૫૨ |
| ૨૦૧૫ | ૬૪.૩૮ |
| કુલ | ૧૦૫.૯૦ |

(૩) તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે ?

(૩) તે પરત્વે કુલ ૧૧૧૯ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ કરેલ છે.

પંચમહાલ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૧૫૭૩ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૧) ૬૦

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી અને કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ?

(૨) સારવાર–૨૧,૮૬૪
રસીકરણ –૧,૦૯,૭૭૭

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં અનુસુચિત જાતિના ઈસમોને જમીન

* ૨૧૬૪૩ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લામાં જમીન ટોચ મર્યાદા ધારા હેઠળ ફાજલ થયેલ જમીનો પૈકી તારીખ ૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે, વર્ષમાં કેટલી જમીનો અનુસૂચિત જાતિના ઈસમોને જિલ્લાવાર ફાળવવામાં આવી ?

બનાસકાંઠા જિલ્લામાં હે. ૧–૩૦–૫૧ ચો.મી. જમીનની ફાળવણી કરી દેવામાં આવેલ છે. તેમજ હે. ૫૨–૧૯–૪૩ ચો.મી. જમીનની ફાળવણીની કાર્યવાહી ચાલુમાં છે.સાબરકાંઠા જીલ્લામાં કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી.

રાજયની નગરપાલિકાઓમાં ડેપ્યુટી એકાઉન્ટન્ટની કોમન કેડર બાબત

* ૨૧૫૯૪ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા નગરપાલિકાઓમાં મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટ ઓફીસરની કેડર ઉભી કરવામાં આવેલ છે કે કેમ,

(૧) હા

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ ભરતીના નિયમો આખરી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) હા

(૩) જો હા, તો આ અંગે કેટલા મ્યુનિસિપલ ડેપ્યુટી એકાઉન્ટન્ટની ભરતી કરવામાં આવી ?

(૩) નીચે મુજબ ભરતી કરવામાં આવેલ છે.

| ભરતી વર્ષ | ભરતી કરવામાં આવેલ તેની સંખ્યા | ભરાયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૩ | ૧૧૧ | ૪૮ |
| ૨૦૧૪ | ૨૫ | ૨૩ |

ખેડા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૨૧ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે

(૧) હા, જી

કે કેમ, અને

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬ માં ખેડા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

(૨) કુલ રૂ. ૧૩,૭૪,૫૫૫ -

ગાંધીનગર મહાનગરપાલિકા ને વ્યક્તિગત શૌચાલય ગ્રાન્ટની મંજૂરી

* ૨૧૬૨૫ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર-ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગાંધીનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર મહાનગરપાલિકાને કુલ ૩૫૮૩ શૌચાલયો મંજૂર કરેલ છે અને તે પરત્વે કુલ-રૂ. ૪૨૫.૪૮ લાખની ગ્રાન્ટ નીચે મુજબ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૮૫૧ | ૧૪૮.૦૮ |
| ૨૦૧૫ | ૧૭૩૨ | ૨૭૭.૪૦ |
| કુલ | ૩૫૮૩ | ૪૨૫.૪૮ |

(૨) તે પેટે રૂ. ૨૭૬.૭૯ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૧૧૧.૦૨ |
| ૨૦૧૫ | ૧૬૫.૭૭ |
| કુલ | ૨૭૬.૭૯ |

(૩) તે પરત્વે કુલ ૩૩૬૩ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ કરેલ છે.

પાનમ, હડફ,કબૂતરી અને કડાણાના અસરગ્રસ્ત ખેડૂતોને કબજેદાર બનાવવા બાબત

* ૨૧૫૦૧ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યની પાનમ, હડફ, કબુતરી અને કડાણા જળાશય યોજનાઓના અસરગ્રસ્તોને પુનર્વસન માટે ફાળવવામાં આવેલ ખેતીની જમીનો પૈકી જે ખેડૂતોના નામ મહેસૂલી દફતરે બીજા હક્કમાં ચાલે છે અને કબજેદાર તરીકે દાખલ કરવાના બાકી છે તેવા કુલ કેટલા ખાતેદારો છે,

(૨) ઉકત સ્થિતિએ આ ખેડૂતોને કબજેદાર બનાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આ કાર્યવાહી કયારે પુરી કરવામાં આવશે?

જવાબ

(૧)
૧) પાનમ જળાશય યોજનામાં કોઈ ખાતેદારો બાકી રહેતા નથી.
૨) કડાણા જળાશય યોજનાના ૩૯૦ ખાતેદારોના નામ કબજેદાર તરીકે દાખલ કરવાના બાકી છે.
૩) હડફ અને કબૂતરી જળાશય યોજનામાં ૩૭૯ ખાતેદારોને કબજેદાર તરીકે દાખલ કરવાના બાકી છે.

(૨) વળતર વનીકરણ પેટે વન વિભાગને ચૂકવવાની થતી રકમ રૂ. ૮૪.૯૯ કરોડ પૈકી રૂ.૬૬.૬૭ કરોડ વન વિભાગને ચુકવેલ છે. બાકી રહેતી રકમ જુન-૨૦૧૬ સુધીમાં ચુકવણું કરવામાં આવશે.

(૩) વન અને પર્યાવરણ વિભાગની સ્ટેજ-૨ ની મંજૂરી આવ્યેથી,

કચ્છ જિલ્લામાં પશુ ડોકટર/એલ.આઈ.ની જગ્યાઓ

* ૨૧૧૧૬ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં પશુ ડોકટર તથા એલ.આઈ.ની તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ મંજુર થયેલ છે. અને

(૨) આ પૈકી કેટલી જગ્યાઓ ઉકત સ્થિતિએ ખાલી છે?

જવાબ

(૧) કચ્છ જિલ્લામાં તા.૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ પશુ ડોકટરની ૪૩ જગ્યાઓ તથા એલ.આઈ.ની ૫૨ જગ્યાઓ મંજુર થયેલ છે.

(૨) કચ્છ જિલ્લામાં તા.૧-૧-૨૦૧૬ નીસ્થિતિએ પશુ ડોકટરની ૨૬ જગ્યાઓ તથા એલ.આઈ.ની ૨૬ જગ્યાઓ ખાલી છે.

નવસારી જિલ્લામાં મહેસૂલી કચેરીઓમાં મહેકમ

ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૧૨૯૯ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

જવાબ

(૧)

| અનુક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ મહેકમ | ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. |
| ૧. | નવસારી | ૧૭૦ | ૬૧ |
| ૨. | ચીખલી | ૦૪૯ | ૧૮ |
| ૩. | વાંસદા | ૦૪૩ | ૧૯ |
| ૪. | ખેરગામ | ૦૧૩ | ૦૬ |
| ૫. | જલાલપોર | ૦૦૫ | ૦૧ |
| ૬. | ગણદેવી | ૦૦૬ | ૦૧ |
| | કુલ | ૨૮૬ | ૧૦૬ |

(૨) માગણા પત્રકો અન્વયે મહેકમ ઉપલબ્ધ થયેથી, બઢતી થયેથી, આઉટસોર્સિંગથી મહેકમ ઉપલબ્ધ થયેથી.

જામનગર જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૧૫૭૪ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યુ?

જવાબ

(૧) ૧૧,૫૨,૮૪૩ પશુઓને.

(૨) ગળસુંઢો, ગાંઠિયો તાવ, ખરવા મોવાસા, આંતરવિષજવર, હડકવા વિરોધી રસી પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું.

સાબરકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૧૫૮૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૪માં ૫૨૦૦
વર્ષ ૨૦૧૫માં ૩૬૦૦
એમ કુલ ૮૮૦૦ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

દાહોદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૦૮૭૧ શ્રી વિંછીયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૫ દરમ્યાન દાહોદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી અને કેટલા પશુઓને રસીકરણ આપવામાં આવ્યુ?

જવાબ

(૧) ૭૯.

(૨) સારવાર – ૭૮,૩૧૨
રસીકરણ– ૧,૦૯,૯૫૨

અમરેલી જિલ્લામાં પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પ

* ૨૧૫૭૬ શ્રી બાવકુભાઈ ઉંધાડ (લાઠી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુ વ્યંધ્યત્વ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ, અને

(૧) ૧૮૭.

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી?

(૨) ૪૩૭૦૦.

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુદવાખાના

* ૨૨૪૨૭ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુદવાખાનાઓ આવેલા છે,

જવાબ

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલ પશુ દવાખાનાઓની વિગત નીચે મુજબ છે.

| અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | પશુદવાખાનાઓની સંખ્યા | તાલુકો | પશુદવાખાનાઓની સંખ્યા |
| બાયડ | ૩ | ઈડર | ૩ |
| મેઘરજ | ૫ | પ્રાંતિજ | ૪ |
| માલપુર | ૧ | ખેડબ્રહ્મા | ૪ |
| મોડાસા | ૩ | વડાલી | ૨ |
| ભિલોડા | ૬ | હિંમતનગર | ૫ |
| ધનસુરા | ૨ | વિજયનગર | ૩ |
| | | તલોદ | ૨ |
| કુલઃ- | ૨૦ | કુલઃ- | ૨૩ |

(૨) તે પૈકી જિલ્લાવાર અને તાલુકાવાર પશુ ડોકટરોનું કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર અને તાલુકાર પશુ ડોકટરોનું મંજુર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| અરવલ્લી જિલ્લો | | સાબરકાંઠા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | પશુ ડોકટરોનું મંજુર થયેલ મહેકમ | તાલુકો | પશુ ડોકટરોનું મંજુર થયેલ મહેકમ |
| બાયડ | ૩ | ઈડર | ૨ |
| મેઘરજ | ૪ | પ્રાંતિજ | ૪ |
| માલપુર | ૧ | ખેડબ્રહ્મા | ૩ |
| મોડાસા | ૩ | વડાલી | ૨ |
| ભિલોડા | ૨ | હિંમતનગર | ૪ |
| ધનસુરા | ૨ | વિજયનગર | ૧ |
| | | તલોદ | ૨ |
| કુલઃ- | ૧૫ | કુલઃ- | ૧૮ |

(૩) ઉક્ત મંજુર મહેકમમાંથી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત મંજુર મહેકમમાંથી ઉક્ત સ્થિતિએ ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અરવલ્લી જિલ્લો | | | સાબરકાંઠા જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | ભરેલી જગ્યા | ખાલી જગ્યા | તાલુકો | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
| બાયડ | ૨ | ૧ | ઈડર | ૧ | ૧ |
| મેઘરજ | ૧ | ૩ | પ્રાંતિજ | ૨ | ૨ |
| માલપુર | ૦ | ૧ | ખેડબ્રહ્મા | ૦ | ૩ |
| મોડાસા | ૨ | ૧ | વડાલી | ૨ | ૦ |
| ભિલોડા | ૨ | ૦ | હિંમતનગર | ૧ | ૩ |
| ધનસુરા | ૨ | ૦ | વિજયનગર | ૦ | ૧ |
| | | | તલોદ | ૨ | ૦ |
| કુલઃ- | ૯ | ૬ | કુલઃ- | ૮ | ૧૦ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, અને

(૪) દસ વર્ષિય ભરતી કેલેન્ડર અન્વયે.

આ જિલ્લાઓમાં ખાલી રહેલ પશુ ચિકિત્સા

અધિકારી–વર્ગ–૨ ની ૧૬ જગ્યાઓના માંગણાપત્રકો ગુજરાત જાહેર સેવા આયોગને તા. ૧૭–૦૨–૨૦૧૬ના રોજ સરકારશ્રી દ્વારા મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૫) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૫) ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ઉપર નિમણુંક આપી શકાશે.

### કડી અને જોટાણા તાલુકાનાં ગામોને સિંચાઈ સુવિધા

* ૨૧૭૫૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તારીખ ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના કડી અને જોટાણા તાલુકાના કેટલા ગામોને સિંચાઈ સુવિધા પ્રાપ્ત થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે બાકી રહેલા ગામોને કેટલા સમયમાં સિંચાઈની સુવિધાઓ આપવાનું આયોજન છે?

જવાબ

(૧) કડી તાલુકામાં ૯૪ તથા જોટાણા તાલુકામાં ૧૨ ગામોમાં સિંચાઈ સુવિધા મળે છે.

(૨) કડી તાલુકામાં બાકી ૧૩ પૈકી ૬ માં તથા જોટાણા તાલુકામાં બાકી ૨૧ પૈકી ૭ ગામોમાં સિંચાઈની સુવિધાઓ સત્વરે આપવાનું આયોજન છે.

### ભારત સરકારનાં રેલ્વે મંત્રાલયને નવસારી જિલ્લામાં ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેક્ટ માટે ફાળવેલ જમીન

* ૨૧૬૦૩ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભારત સરકારનાં રેલ્વે મંત્રાલયના ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેકટ માટે તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં કોઈ સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે, અને

(૨) જો હા, તો કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### વડોદરા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૧૮ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ માં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) કુલ રૂા. ૨૬,૨૫,૫૨૫/–

### છોટાઉદેપુર જિલ્લામાં ટ્રેકટર ખરીદીમાં સહાયના લાભાર્થી

* ૨૦૫૮૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ટ્રેકટર ખરીદીમાં સહાય માટે કેટલા ખેડૂતોએ અરજી આપી,

જવાબ

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ટ્રેકટર ખરીદીમાં સહાય માટે કુલ ૮૪૦ ખેડૂતોએ અરજીઆપી, જેની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી આપેલ અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૦૧–૦૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ | ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | |
| ૧ | કવાંટ | ૪૦ | ૧૬ | ૫૬ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩ | ૨૧ | ૩૪ |
| ૩ | જેતપુર પાવી | ૫૪ | ૩૯ | ૯૩ |
| ૪ | નસવાડી | ૧૦૪ | ૪૩ | ૧૪૭ |
| ૫ | બોડેલી | ૯૮ | ૭૭ | ૧૭૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | સંખેડા | ૧૪૪ | ૧૯૧ | ૩૩૫ |
| | કુલઃ- | ૪૫૩ | ૩૮૭ | ૮૪૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી સહાય ચૂકવી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૨૦૨ અરજીઓ મંજુર કરી અને રૂ. ૯૯,૦૦,૦૦૦/- સહાય ચૂકવી. જેની વર્ષવાર તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪

| અ. નં. | તાલુકાનું નામ | પુર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૩૫ | ૩ | ૩ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩ | ૩ | ૩ |
| ૩ | જેતપુર પાવી | ૫૪ | ૧૫ | ૧૫ |
| ૪ | નસવાડી | ૧૦૨ | ૨૯ | ૨૯ |
| ૫ | બોડેલી | ૯૨ | ૨૮ | ૨૮ |
| ૬ | સંખેડા | ૧૩૨ | ૬૮ | ૬૮ |
| | કુલઃ- | ૪૨૮ | ૧૪૬ | ૧૪૬ |

તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫

| અ. નં. | તાલુકાનું નામ | પુર્વ મંજુર કરેલ અરજી (સંખ્યા) | સહાય માંગણી માટે મળેલ અરજી (સંખ્યા) | મંજુર કરેલ અરજી (સંખ્યા) |
|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૧૨ | ૯ | ૯ |
| ૨ | છોટાઉદેપુર | ૧૨ | ૯ | ૯ |
| ૩ | જેતપુર પાવી | ૧૨ | ૮ | ૮ |
| ૪ | નસવાડી | ૧૨ | ૬ | ૬ |
| ૫ | બોડેલી | ૧૩ | ૧૦ | ૧૦ |
| ૬ | સંખેડા | ૨૨ | ૧૪ | ૧૪ |
| | કુલઃ- | ૮૩ | ૫૬ | ૫૬ |

વર્ષવાર-તાલુકાવાર ચુકવેલ સહાયઃ

| અ. નં. | તાલુકાનું નામ | ૦૧-૦૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | ૦૧-૦૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૧૫૦૦૦૦ | ૪૩૫૦૦૦ | ૫૮૫૦૦૦ |
| ૨ | છોટાઉદેપુર | ૧૬૫૦૦૦ | ૪૩૫૦૦૦ | ૬૦૦૦૦૦ |
| ૩ | જેતપુર પાવી | ૭૫૦૦૦૦ | ૩૭૫૦૦૦ | ૧૧૨૫૦૦૦ |
| ૪ | નસવાડી | ૧૪૨૫૦૦૦ | ૨૮૫૦૦૦ | ૧૭૧૦૦૦૦ |
| ૫ | બોડેલી | ૧૩૩૫૦૦૦ | ૪૮૦૦૦૦ | ૧૮૧૫૦૦૦ |
| ૬ | સંખેડા | ૩૩૬૦૦૦૦ | ૭૦૫૦૦૦ | ૪૦૬૫૦૦૦ |
| | કુલઃ- | ૭૧૮૫૦૦૦ | ૨૭૧૫૦૦૦ | ૯૯૦૦૦૦૦ |

(૩) તો પૈકી કેટલા ખેડૂતોને કેટલી રકમની સહાય ચુકવવાની બાકી છે, અને

(૩) તે પૈકી ૨૭ ખેડૂતોને રૂ. ૧૩,૩૫,૦૦૦/- સહાય ચૂકવવાની બાકી છે. જેની વર્ષવાર તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા અને સહાય રકમ ચુકવવાની બાકી અરજીઓ | | કુલ |
|---|---|---|---|---|
| | | ૦૧-૦૧-૨૦૧૪ થી ૩૧-૧૨-૨૦૧૪ | ૦૧-૦૧-૨૦૧૫ થી ૩૧-૧૨-૨૦૧૫ | |

| | | ખેડૂતોની સંખ્યા | સહાય ચુકવવાની બાકી (રૂા.) | ખેડૂતોની સંખ્યા | સહાય ચુકવવાની બાકી (રૂા.) | ખેડૂતોની સંખ્યા | સહાય ચુકવવાની બાકી (રૂા.) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કવાંટ | ૦ | ૦ | ૩ | ૧૫૦૦૦૦ | ૩ | ૧૫૦૦૦૦ |
| ૨ | છોટાઉદેપુર | ૦ | ૦ | ૩ | ૧૫૦૦૦૦ | ૩ | ૧૫૦૦૦૦ |
| ૩ | જેતપુર પાવી | ૦ | ૦ | ૪ | ૨૧૦૦૦૦ | ૪ | ૨૧૦૦૦૦ |
| ૪ | નસવાડી | ૦ | ૦ | ૬ | ૩૦૦૦૦૦ | ૬ | ૩૦૦૦૦૦ |
| ૫ | બોડેલી | ૦ | ૦ | ૩ | ૧૫૦૦૦૦ | ૩ | ૧૫૦૦૦૦ |
| ૬ | સંખેડા | ૦ | ૦ | ૮ | ૩૭૫૦૦૦ | ૮ | ૩૭૫૦૦૦ |
| | કુલઃ– | ૦ | ૦ | ૨૭ | ૧૩૩૫૦૦૦ | ૨૭ | ૧૩૩૫૦૦૦ |

(૪) બાકી સહાય ક્યારે ચુકવાશે?

(૪) બાકી રહેલ અરજીઓ કાર્યવાહીમાં હોઈ, ચુકવવા પાત્ર અરજીઓની સહાય માર્ચ–૧૬ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

### ડીસા તાલુકામાં પસાયતી જમીનો બાબત

* ૨૧૧૪૬ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ડીસા તાલુકામાં પસાયતી જમીનો કેટલા ગામોમાં કેટલી જમીનો આવેલ છે, | (૧) ૩૧ ગામોમાં હે. ૩૫૪–૯૩–૪૮ ચો.મી. જમીન |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જમીન રીગ્રાન્ટ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા જી. ખંડ ૧ પૈકીની હે. ૧૫૮–૪૨–૭૬ ચો.મી. જમીન. |
| (૩) રીગ્રાન્ટ થયેલ ન હોય તેના કારણો શાં છે? | (૩) વહીવટી કારણો સર |

### પંચમહાલ જિલ્લામાંથી પકડાયેલ દારૂ

* ૨૨૦૫૬ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં દેશી, ઈંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલો પકડવામાં આવી,

(૧)

| દેશી દારૂનો જથ્થો લીટરમાં | ઈંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો બોટલમાં | બીયરનો જથ્થો બોટલમાં |
|---|---|---|
| ૨૩૯૪૨ | ૪૧૯૦૮૬ | ૧૦૪૮૬૯ |

(૨) ઉક્ત પકડવામાં આવેલ દારૂની કેટલી કિંમત થતી હતી, અને

(૨) રૂ. ૫૪૨૧૬૯૨૨/–

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તે પૈકી દેશી, ઈંગ્લીંશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલોનો નાશ કરવામાં આવ્યો અને તેની કિંમત કેટલી હતી?

(૩)

| દેશી દારૂનો નાશ કરેલ જથ્થો | | ઈંગ્લીશ (વિદેશી) દારૂનો નાશ કરેલ જથ્થો | | બીયરનો નાશ કરેલ જથ્થો | |
|---|---|---|---|---|---|
| લિટરમાં | કિંમત રૂ.માં | બોટલમાં | કિંમત રૂ.માં | બોટલમાં | કિંમત રૂ.માં |
| ૫૨૫૧ | ૧૦૫૦૨૦ | ૨૦૯૮૧ | ૨૪૩૦૦૨૮ | ૭૪૦ | ૭૪૭૦૦ |

### ગણદેવી તાલુકામાં મેઘર ખાતે મત્સ્યોદ્યોગ માટે ફાળવેલ જમીનનો કબજો આપવા બાબત

* ૨૦૬૨૩ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ મહેસુલ વિભાગના તા. ૨૫–૫–૧૫ના પરીપત્રથી નવસારી જિલ્લાના મોજે મેઘર તા. ગણદેવીના બ્લોક નં. ૯૦૩ની ખાર ખાજણની જમીનમાંથી ભાંભરા પાણીમાં મત્સ્યોદ્યોગ માટે ફાળવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) આ ફાળવેલ જમીનનો ઉક્ત સ્થિતિએ કબજો આપવામાં આવેલ છે કે કેમ અને જો ના તો, તેનાં કારણો શા છે, અને

(૨) ના જી, હાલમાં માસ્ટર મેપીંગની કામગીરી ચાલુ છે.

(૩) કેટલા સમયમાં તેનો કબજો સોંપવામાં આવશે?

(૩) માસ્ટર મેપીંગની કામગીરી પુર્ણ થયેથી.

રાજ્ય સરકારે પોલીસ કર્મીઓની ભરતીનું કરેલ આયોજન

* ૨૦૭૬૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોલીસ કર્મીઓની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવા કેવા પ્રકારનું આયોજન કરેલ છે?

જવાબ

પોલીસ સબ ઈન્સ્પેક્ટર/આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ભરતી બોર્ડ તેમજ લોકરક્ષક ભરતી બોર્ડની રચના કરી, નીચે મુજબ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.

| ક્રમ | સંવર્ગ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીસ સબ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી) | ૫૦૦ |
| ૨ | આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી) | ૮૦૦ |
| ૩ | લોકરક્ષક (બિન હથિયારી) | ૫૬૫૦ |
| ૪ | લોકરક્ષક (હથિયારી) | ૧૫૦૦ |

આણંદ જિલ્લામાંથી પકડાયેલ દારૂ

* ૨૧૮૩૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં દેશી, ઇંગ્લીશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલો પકડવામાં આવી,

જવાબ

(૧)

| દેશી દારૂનો જથ્થો લીટરમાં | ઇંગ્લીશ (વિદેશી) દારૂનો જથ્થો બોટલમાં | બીયરનો જથ્થો બોટલમાં |
|---|---|---|
| ૪૨૫૬૯ | ૬૭૫૯૪ | ૨૯૦૮૨ |

(૨) ઉક્ત પકડવામાં આવેલ દારૂની કેટલી કિંમત થતી હતી, અને

(૨) રૂ. ૧૬૩૩૨૩૦૦/-

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી દેશી, ઇંગ્લીંશ (વિદેશી) દારૂ અને બીયરની કેટલી બોટલોનો નાશ કરવામાં આવ્યો અને તેની કિંમત કેટલી હતી?

(૩)

| દેશી દારૂના જથ્થાનો નાશ | | ઇંગ્લીશ (વિદેશી) દારૂના જથ્થાનો નાશ | | બીયરના જથ્થાનો નાશ | |
|---|---|---|---|---|---|
| લિટરમાં | કિંમત રૂપિયા | બોટલની સંખ્યા | કિંમત રૂપિયા | બોટલની સંખ્યા | કિંમત રૂપિયા |
| ૩૫૦૫૫ | ૭૦૧૧૦૦ | ૩૭૦૨૭ | ૭૭૨૩૧૧૦ | ૨૨૫૪૮ | ૨૧૯૯૫૧૩ |

બોટાદ જિલ્લાની બોટાદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય, ગ્રાંટની મંજુરી

* ૨૧૬૨૩ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બોટાદ જિલ્લાની બોટાદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ નગરપાલિકાને કુલ ૬૬૩૧ શૌચાલય મંજૂર કરેલ છે અને તે પરત્વે કુલ-રૂ. ૭૬૨.૨૪ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં. |
|---|---|---|
| ૨૦૧૪ | ૫૨૩૬ | ૪૧૮.૮૮ |
| ૨૦૧૫ | ૧૩૯૫ | ૩૪૩.૩૬ |
| કુલ | ૬૬૩૧ | ૭૬૨.૨૪ |

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૨) તે પેટે રૂ. ૬૧૨.૬૬ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં. |
|---|---|

| | |
|---|---|
| ૨૦૧૪ | ૩૪૫.૬૬ |
| ૨૦૧૫ | ૨૬૭.૦૦ |
| કુલ | ૬૧૨.૬૬ |

(૩) તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે?

(૩) તે પરત્વે કુલ ૬૪૯૪ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ કરેલ છે.

પાટણ જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૦૮૬૩ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેનો ખર્ચ કેટલો થયો?

જવાબ

(૧) ૧૨૩

(૨) રૂા. ૭૫૭ લાખ.

આણંદ જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ

* ૨૧૫૮૧ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત મહીલાઓને સ્વરક્ષણ માટે કોઈ તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તારીખ ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી મહિલાઓને આ તાલીમ આપવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૪માં ૫૫૩૯
વર્ષ ૨૦૧૫માં ૧૦૯૬૧
એમ કુલ ૧૬૫૦૦
મહિલાઓને સ્વ–રક્ષણની તાલીમ આપવામાં આવેલ છે.

અમદાવાદ જીલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૧૫૭૭ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું?

જવાબ

(૧) ૧૮,૦૭,૯૩૪ પશુઓને.

(૨) ગળસુંઢો, ગાંઠિયો તાવ, ખરવા મોવાસા, આંતરવિષજવર, હડકવા વિરોધી, ઘેટામાં શીતળા અને પીપીઆર પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું.

દાહોદ જિલ્લા નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના

* ૨૧૬૧૮ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે?

જવાબ

(૧) દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બે વર્ષ અગાઉ મંજૂર થઈ હોઈ, એક પણ નહિ.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભરૂચ જિલ્લાની ભરૂચ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય, ગ્રાંટની મંજુરી

* ૨૧૬૨૪ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લાની ભરૂચ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ નગરપાલિકાને કુલ ૪૧૭૮ શૌચાલય મંજૂર કરેલ છે

છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે, અને

અને તે પરત્વે કુલ–રૂ. ૪૬૮.૬૪ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજુર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજુર કરેલ રકમ રૂ. લાખમાં. |
|---|---|---|
| ૨૦૧૪ | ૩૦૩૪ | ૨૪૨.૭૨ |
| ૨૦૧૫ | ૧૧૪૪ | ૨૨૫.૯૨ |
| કુલ | ૪૧૭૮ | ૪૬૮.૬૪ |

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૨) તે પેટે રૂ. ૩૨૬.૩૩ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં. |
|---|---|
| ૨૦૧૪ | ૧૮૬.૧૨ |
| ૨૦૧૫ | ૧૪૦.૨૧ |
| કુલ | ૩૨૬.૩૩ |

(૩) ઉક્ત સ્થિતિએ તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે?

(૩) તે પરત્વે કુલ ૪૧૭૮ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ કરેલ છે.

## સાબરકાંઠા જિલ્લામાં રોટાવેટર ખરીદી બાબત

* ૨૨૪૯૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪–૧૫માં આર.કે.વી.વાય હેઠળ સાબરકાંઠા જિલ્લામાં એમ પેનલ હેઠળ મંજુર થયેલ રોટોવેટર પાંચ ફુટના કેટલા અને સાડા પાંચ ફુટના કેટલા મંજુર કરવામાં આવ્યા, | (૧) પાંચ ફુટના ૯૪ અને સાડા પાંચ ફુટના ૪૪૭. |
| (૨) સાડા પાંચ ફુટના રોટોવેટરની ખરીદી કરવામાં આવી ત્યારે તે મંજુર કરવામાં આવેલ હતા કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો સાડા પાંચના વોટોવેટર મંજુર થયેલા ન હોય છતાં ખરીદવામાં આવ્યા હોય તો તેની સહાય કયા કારણોસર મંજુર કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. |

## ખેડા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૧૭ શ્રી અરવિંદભાઈ પટેલ (સાબરમતી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં ખેડા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૧૩,૭૪,૫૫૫/–. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૦૮૬૭ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને | (૧) ૫૩. |
| (૨) ઉક્ત તળાવો ઉંડા ઉતારવા માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) વર્ષ : ૨૦૧૪ ૧૪૭.૨૬ લાખ<br>વર્ષ : ૨૦૧૫ ૨૦૮.૧૦ લાખ. |

## અરવલ્લી જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૨૨ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પપૈયા | (૧) હા, જી. |

| | |
|---|---|
| પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | |
| (૨) જો હા, તો તે માટે તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વર્ષ ૨૦૧૫-૧૬માં ખેડા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) કુલ રૂા. ૧,૫૪,૭૩,૪૬૭/-. |

એસ.આર.પી. જૂથ-૯ વડોદરાની પોલીસ ખાતામાં આરોગ્ય ચકાસણી

* ૨૧૫૯૧ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ-૯ વડોદરાની કચેરીમાં કેટલા પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૪માં ૬૮૧<br>વર્ષ ૨૦૧૫માં ૬૩૦. |

ખેડા જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૦૮૬૯ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જીલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૧,૮૩,૬૪૩ પશુઓને. |
| (૨) કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ગળસુંઢો, ખરવા મોવાસા, આંતરવિષજવર, હડકવા વિરોધી રસી પીપીઆર પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું. |

રાજ્યમાં કૃષિ ઉદ્યોગ નીતિ બાબત

* ૨૦૬૬૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કૃષિ ઉદ્યોગ નીતિ-૨૦૦૦ જ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો લાંબા સમયથી નવી કૃષિ ઉદ્યોગ નીતિ જાહેર ન કરવાના કારણો શા છે, અને | (૨) નવી કૃષિ ઉદ્યોગ નીતિ જાહેર કરવાનું વિચારણા હેઠળ છે. |
| (૩) કૃષિને વેગ મળે અને ખેડૂતોના હિતમાં નવી કૃષિ ઉદ્યોગ નીતિ ક્યાં સુધીમાં જાહેર કરવામાં આવશે ? | (૩) શક્ય તેટલું જલદી. |

આણંદ જિલ્લામાં પોલીસ ખાતામાં આરોગ્ય ચકાસણી

* ૨૧૫૮૯ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૪માં ૧૨૬૦<br>વર્ષ ૨૦૧૫માં ૮૯૪. |

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી બાબત

* ૨૨૪૯૩ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૫ની | (૧) દેવભૂમિ-દ્વારકા જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૫ની |

સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) આ કામગીરી કઈ એજન્સીને કેટલા રૂપિયાના ખર્ચે સોંપવામાં આવી,

(૩) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ માપણી દરમ્યાન મુખ્યત્વે કેવા પ્રકારની ફરિયાદો ઉભી થવા પામી છે, અને

(૪) આ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદો દૂર કરવામાં આવી છે, અને બાકીની ફરિયાદો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

સ્થિતિએ ૧૦૦% પુર્ણ થયેલ છે.

(૨) આ કામગીરીમાં વિભાજન પહેલાંના જામનગર જિલ્લા માટે આઈ.આઈ.સી. ટેક્નોલોજીસ પ્રા. લિ. હૈદરાબાદને રૂ. ૧૯,૯૯,૬૭,૬૨૫/–ના ખર્ચે સોંપવામાં આવી હતી.

(૩) અને (૪) : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ માપણી દરમ્યાન મુખ્યત્વે કબજા અદલબદલની, ક્ષેત્રફળ વધઘટની તેમજ નકશા/આકૃતિમાં ફેરફારની વગેરે પ્રકારની કુલ ૨૫૭૪૭ ફરિયાદો ઉભી થવા પામેલ હતી. જે તમામનો નિકાલ કરવામાં આવેલ છે.

ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય, ગ્રાંટની મંજૂરી

* ૨૧૬૨૬ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર–પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાવનગર મહાનગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શૌચાલયો માટે કેટલી ગ્રાંટ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેટે કેટલી રકમ ચુકવવામાં આવેલ છે, અને

(૩) તે પરત્વે કેટલા શૌચાલયોની કામગીરી પુર્ણ થયેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર મહાનગરપાલિકાને કુલ ૧૨૪૫૧ શૌચાલયો મંજૂર કરેલ છે અને તે પરત્વે કુલ–રૂ. ૧૪૦૦.૪૪ લાખની ગ્રાંટ નીચે મુજબ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર કરેલ વ્યક્તિગત શૌચાલયો | મંજૂર કરેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૨૦૧૪ | ૪૩૫૪ | ૩૪૮.૩૨ |
| ૨૦૧૫ | ૮૦૯૭ | ૧૦૫૨.૧૨ |
| કુલ | ૧૨૪૫૧ | ૧૪૦૦.૪૪ |

(૨) તે પેટે રૂ. ૯૫૯.૧૮ લાખની રકમ નીચે મુજબ ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૪ | ૧૭૩.૮૯ |
| ૨૦૧૫ | ૭૮૫.૨૯ |
| કુલ | ૯૫૯.૧૮ |

(૩) તે પરત્વે કુલ ૧૦૯૨૨ વ્યક્તિગત શૌચાલયો પુર્ણ કરેલ છે.

વડોદરા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૨૦ શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬માં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

જવાબ

(૧) હા, જી.

(૨) કુલ ` ૨૬,૨૫,૫૨૫/–.

નર્મદા યોજના અંતર્ગત દસાડા તાલુકામાં સબ માઈનોરના કામ

* ૨૧૫૯૮ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં સબ માઈનોરના કામો તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કામો પૂર્ણ થતાં કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે?

જવાબ

(૧) નર્મદા યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં સબ માઈનોરના ૩૯૦ કિ.મી. ના કામો તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ હાથ ધરવામાં આવેલ છે.

(૨) આ કામો પૂર્ણ થતાં સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ૧૩૧૪૨ હેકટર પિયત વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

## ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### વડોદરા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય

* ૨૧૫૧૯ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૫–૧૬ માં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) કુલ ` ૨૬,૨૫,૫૨૫/–. |

### ધરોઈ કેનાલની ભાવસોર અને લાડોલ પ્રશાખાનાં બાકી કામ

* ૨૧૨૮૧ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકાની ધરોઈ કેનાલમાંથી નિકળતી ભાવસોર અને લાડોલ પ્રશાખા કેનાલોનાં કામ અધુરા છે તે હકિકતથી સરકાર વાકેફ છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કેનાલો અધુરી રાખવાના કારણો શા છે, અને | (૨) જમીન સંપાદન બાબતે ખેડૂતોના વિરોધના કારણે. |
| (૩) કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે? | (૩) જમીન સંપાદન પૂર્ણ થયેથી નિયમોનુસાર પૂર્ણ કરવામાં આવશે. |

### જામનગર જિલ્લામાં ખેતીની જમીનના પ્રમોલગેશન બાબત

* ૨૧૩૫૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય)તા. ૩–૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૫૨૫૬ (અગ્રતા–૧૪૫)ના અનુસંધાને : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ખેતીની જમીનના નવી માપણી કરવાની કામગીરી તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પુર્ણ કરવામાં આવેલ છે પરંતુ જુન–૨૦૧૫ સુધીમાં પ્રમોલગેશન પૂર્ણ કરવાનું આયોજન હતુ તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો ૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ આ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે કે કેમ, | (૨) ના જી. તા. ૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના કુલ ૪૨૧ ગામ પૈકી કુલ ૨૯૦ ગામના રેકર્ડ પ્રમોલગેટ થયેલા છે. |
| (૩) જો ના, તો તેના શા કારણો છે, અને | (૩) રેકર્ડની ચકાસણી પછી તેમાં મળતી ક્ષતિઓ સુધારવી. રેકર્ડ પ્રમોલગેશનની નોટીસ જાહેર થયા પછી તેમાં ખાતેદારો તરફથી મળતા વાંધાના નિકાલ મૂળ રેકર્ડ તૈયાર થયાની તારીખ પછી નવી પડેલ ફેરફાર નોંધોના કારણે તેની અસરો રેકર્ડમાં આપવી, પુન:પ્રિન્ટીંગ કરવું વગેરે વહીવટી કારણોસર રેકર્ડ પ્રમોલગેશન કામગીરી પૂર્ણ થઈ શકેલ નથી. |
| (૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૪) વધુ સરવે ટીમ બનાવી રેકર્ડ ચકાસણી પૂર્ણ કરી શક્ય તેટલી ઝડપથી પ્રમોલગેશન પૂર્ણ કરવાનું આયોજન કરેલ છે. |

### ખેડા જિલ્લામાં તળાવો ઉંડા ઉતાર્યા બાબત

* ૨૧૨૨૯ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોના તળાવો ઉંડા ઉતારવામાં આવ્યા, | (૧) ચાર. |
| (૨) આ અંગે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) તાલુકાવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે. |

| તાલુકો | થયેલ ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ખેડા | ૨૩.૧૦ |

| | |
|---|---|
| કઠલાલ | ૫.૩૭ |
| કુલ | ૨૮.૪૭ |

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર આ પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી અને બાકી રહેલી રકમ ક્યારે ચૂકવવામાં આવશે?

(૩) વર્ષવાર ચુકવવામાં આવેલ રકમ અને બાકી રકમ નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | ચુકવાયેલી રકમ રૂ. લાખમાં | ચુકવવાની બાકી રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૨૦૧૪ | ખેડા | ૧૫.૧૬ | – |
(૧) અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વારસાઈ હક્કની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી,

(૧)

| તાલુકાનું નામ | વર્ષ: ૨૦૧૪ | વર્ષ:૨૦૧૫ | કુલ |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| મોડાસા | ૧૩૮૯ | ૭૨૦ | ૨૧૦૯ |
| મેઘરજ | ૯૮૮ | ૪૧૧ | ૧૩૯૯ |
| ભીલોડા | ૧૨૬૪ | ૬૨૫ | ૧૮૮૯ |
| બાયડ | ૧૪૯૮ | ૮૧૭ | ૨૩૧૫ |
| ધનસુરા | ૧૦૭૩ | ૪૯૩ | ૧૫૬૬ |
| માલપુર | ૬૧૨ | ૩૪૮ | ૯૬૦ |
| કુલ | ૬૮૨૪ | ૩૪૧૪ | ૧૦૨૩૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને એન્ટ્રીઓ પાડવામાં આવી, અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ એન્ટ્રીઓ | નામંજુર કરવામાં આવેલ અરજીઓ | નામંજૂર કરવાના કારણો |
|---|---|---|---|
| મોડાસા | ૨૧૦૯ | તમામ અરજીઓની એન્ટ્રીઓ પાડવામાં આવેલ હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| મેઘરજ | ૧૩૯૯ | | |
| ભીલોડા | ૧૮૮૯ | | |
| બાયડ | ૨૩૧૫ | | |
| ધનસુરા | ૧૫૬૬ | | |
| માલપુર | ૯૬૦ | | |
| કુલ | ૧૦૨૩૮ | | |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા તે ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) કોઈ અરજી પડતર ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## દાહોદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ

* ૨૧૯૬૩ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર વારસાઈ હક્કની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળી,

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ વર્ષ–૨૦૧૪ | મળેલ અરજીઓ વર્ષ–૨૦૧૫ |
|---|---|---|
| ફતેપુરા | ૭૨૯ | ૬૩૦ |
| ઝાલોદ | ૯૩૫ | ૮૦૨ |
| લીમખેડા | ૧૬૩૪ | ૪૮૦ |
| દાહોદ | ૧૫૧૧ | ૬૭૮ |
| ગરબાડા | ૪૩૩ | ૩૬૬ |
| દેવગઢ–બારીયા | ૧૨૯૬ | ૬૨૧ |
| ધાનપુર | ૭૩૨ | ૨૮૬ |
| સંજેલી | ૨૧૧ | ૨૧૯ |
| કુલ | ૭૪૮૧ | ૪૦૮૨ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને એન્ટ્રીઓ પાડવામાં આવી, અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયા કારણોસર નામંજુર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડેલ એન્ટ્રીઓ વર્ષ–૨૦૧૪ | પાડેલ એન્ટ્રીઓ વર્ષ–૨૦૧૫ |
|---|---|---|
| ફતેપુરા | ૭૨૯ | ૬૩૦ |
| ઝાલોદ | ૯૩૫ | ૮૦૨ |

| | | |
|---|---|---|
| લીમખેડા | ૧૬૩૪ | ૪૮૦ |
| દાહોદ | ૧૫૧૧ | ૬૭૮ |
| ગરબાડા | ૪૩૩ | ૩૬૬ |
| દેવગઢ–બારીયા | ૧૨૯૬ | ૬૨૧ |
| ધાનપુર | ૭૩૨ | ૨૮૬ |
| સંજેલી | ૨૧૧ | ૨૧૯ |
| કુલ | ૭૪૮૧ | ૪૦૮૨ |

તમામ અરજીઓની એન્ટ્રીઓ પાડવામાં આવેલ હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે તથા ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વ્યારા તાલુકામાં પિયત માટે આંબાપાણી–પૂર્ણા નદીમાંથી પાઈપલાઈન દ્વારા પાણી

* ૨૧૩૨૧ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વ્યારા તાલુકાના મીરપુર – કાટકુઈ – કરંજવેલ – કપડવણ – ખુરદી ગામોને આંબાપાણી પૂર્ણા નદીમાંથી પાઈપલાઈન દ્વારા ખેડૂતોને ખેતી માટે પાણી આપવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

જવાબ

તાપી જિલ્લાના વ્યારા તાલુકાના મીરપુર–કાટકુઈ–કરંજવેલ–કપડવણ–ખુરદી ગામો પૂર્ણા નદીથી ૫ થી ૧૦ કિ.મી. દુર હોય તેમજ વચ્ચે જંગલ વિસ્તાર આવતો હોય ઉક્ત ગામોને પાણી માટે પુર્ણા નદીમાંથી ઉદવહન સિંચાઈ યોજનાઓ તાંત્રિક રીતે થઈ શકે તેમ નથી.

આંબાપાણી ગામે પૂર્ણા નદીમાંથી આશરે ૩૦ હેક્ટર વિસ્તાર માટે ઉદવહન સિંચાઈ યોજનાની શક્યતા જણાયેલ છે. જેની વિગતવાર સર્વેક્ષણની કામગીરી ચાલુ છે.

જામનગર શહેર માટે પીવાના પાણી બાબત

* ૨૧૧૯૫ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ જામનગર શહેરને દરરોજ પીવાના પાણીની કેટલી જરૂરિયાત છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલું પીવાનું પાણી પુરૂં પાડવામાં આવે છે, અને

(૩) ઉક્ત શહેરમાં પીવાના પાણીની અછત નિવારવા રાજ્ય સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે ?

જવાબ

(૧) જામનગર શહેર તથા શહેરની હદમાં નવા ભળેલા નગરસીમ વિસ્તાર સહિતની ૭.૦૦ લાખની વસતી ઉપરાંત સંરક્ષણ દળની ત્રણેય પાંખો તથા સરકારી હોસ્પિટલ વિગેરે મળી દૈનિક ૧૨૫ એમ.એલ.ડી. પાણીની જરૂરિયાત રહે છે.

(૨) હાલની સ્થિતિએ નર્મદા કેનાલ આધારિત NC/8 પાઈપ લાઈન મારફતે પાણી મેળવીને દૈનિક ૯૦ થી ૯૫ એમ.એલ.ડી. પાણીનું વિતરણ કરવામાં આવે છે.

(૩) પાણીની અછત નિવારવા આજી–૩ ડેમ ખાતે સ્ટેન્ડ બાય પમ્પીંગ મશીનરી ઈન્સ્ટોલ કરવામાં આવેલ છે અને જરૂરિયાત અનુસાર દૈનિક ૧૫ થી ૨૦ એમ.એલ.ડી. વધારાનું પાણી આગામી જુલાઈ–૨૦૧૬ સુધી મેળવવાનું આયોજન કરવામાં આવેલ છે. શહેરના જુદા–જુદા જરૂરિયાતવાળા વિસ્તારોમાં સ્ટેન્ડ પોસ્ટ ઉભા કરી, પીવીસી ટેન્ક મુકી, દૈનિક ૨૦ વોટર ટેન્કર દ્વારા અંદાજે ૧૦.૦ લાખ લીટર પાણીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

તલોદ તાલુકાનાં ભાટિયા ગામની સીમમાં તુટી ગયેલ ચેકડેમ પુન: બનાવવા બાબત

* ૨૨૪૪૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તલોદ તાલુકાના ભાટીયા ગામની સીમમાં તૂટી ગયેલ

જવાબ

(૧) સર્વેક્ષણ કામગીરી પૂર્ણ કરેલ છે. નકશા આલેખન મંજુરીની પ્રક્રિયામાં છે.

ચેકડેમને પુન: બનાવવા સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) આ કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ?

(૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી, શક્ય તેટલી જલદી પૂર્ણ કરવાનું આયોજન છે.

અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેન પાછળ ખર્ચ

* ૨૧૭૮૫ શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) છેલ્લા એક વર્ષમાં રૂ. ૩૯૯.૯૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ મેટ્રો ટ્રેનની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) ઈસ્ટ–વેસ્ટ કોરિડોરની વસ્ત્રાલ ગામથી અપૅરેલ પાર્ક વચ્ચેની બાંધકામની કામગીરી પ્રગતિમાં છે. નોર્થ–સાઉથ કોરિડોરનું જીઓ. ટેકનિકલ ઈન્વેસ્ટીગેશનનું ૮૦% કામ પૂરું કરેલ છે ઉપરાંત ગ્યાસપુર ડેપોમાં બાઉન્ડ્રી વોલ, અર્થવર્ક અને લેન્ડગ્રેડિંગની કામગીરી ચાલુ છે. |
| (૩) આ પ્રોજેક્ટ માટે છેલ્લા એક વર્ષમાં ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ થયો અને કેટલી રકમ વણવપરાયેલ છે ? | (૩) ચાલુ વર્ષની ફાળવણી સામે રૂ. ૩૯૯.૯૬ કરોડ ખર્ચ થયેલ છે આમ કોઈ રકમ વણવપરાયેલી રહેલ નથી. |

જૂનાગઢ જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જને રોકવા પગલા બાબત

* ૨૨૪૯૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ક્લાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સન ૨૦૧૪ અને ૨૦૧૫માં શા કાર્યક્રમો હાથ ધરાયા,

જવાબ

(૧) સન ૨૦૧૪ના કાર્યક્રમો :–

(૧) સરકારી આઈ.ટી.આઈ., જુનાગઢ, જુનાગઢ (મહિલા) અને તલાલામાં કુલ ૧૫ કિ.વોટની સોલર પીવી સિસ્ટમ વીજ ઉત્પાદન માટે લગાવેલ છે.

(૨) સિંચાઈ માટે પાણી ખેંચવાની બે પવન ચક્કીઓ ખોડાદા અને માતરણવાણિયા ખાતે સ્થાપિત કરવામાં આવેલ છે.

(૩) સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓને તાલીમ શિબીર દ્વારા તથા ઊર્જા સંરક્ષણ નિદર્શન મોબાઈલ વાન દ્વારા પુન: પ્રાપ્ય ઉર્જા અંગે જન જાગૃતિ લાવવામાં આવેલ છે.

સન ૨૦૧૫ના કાર્યક્રમો :–

(૧) જનરલ હોસ્પિટલ, જુનાગઢ, જોઈન્ટ એગ્રીકલ્ચર ડાયરેક્ટરની કચેરી જુનાગઢ, મામલતદાર કચેરી માણાવદર, મામલતદાર કચેરી, કેશોદ અને પોલીસ સ્ટેશન, બીલખામાં સૌર ઊર્જા દ્વારા વીજ ઉત્પન્ન કરવાની કુલ ૨૬૦ કિ.વોટની સોલર પીવી સિસ્ટમ લગાવેલ છે.

(૨) અક્ષયગઢ અને વિસાવદર ખાતે કુલ ૧૧૦ ઘનમીટર પ્રતિ દિનની ક્ષમતાનો બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

(૩) શેરિયાખાણ અને કરંજીયાકુવા ખાતે સિંચાઈ માટે પવન ચક્કી સ્થાપિત કરવામાં આવેલ છે.

(૪) પુન: પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણ બાબતે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ ખાતે શાળાના બાળકો અને મહિલાઓ માટે લોકજાગૃતિ અંગે વ્યાખ્યાન તથા નિદર્શન, છ એસ.ટી. ડેપોમાં હોર્ડીંગ, ૫૪ બસોમાં પેનલ્સ લગાવી અને ૪૪,૦૦૦ ગેસ બીલો ઉપર માહિતી આપીને જનજાગૃતિ લાવવામાં આવેલ છે.

(૫) ગુજરાત યુનિવર્સિટી જુનાગઢ ખાતે "વોટર મેનેજમેન્ટ અને ક્લાઈમેટ સ્માર્ટ એગ્રીકલ્ચર" વિષય અંગે રાષ્ટ્રીય કક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

(૨) તેનાં શા પરિણામો કે શી સકારાત્મક અસરો ઉભી થઈ, અને

(૨) (૧) વાર્ષિક ધોરણે ૪.૨૪ લાખ યુનિટ પુન: પ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન થાય છે.

(૨) વાતાવરણમાં વાર્ષિક ધોરણે ૪૨૪ ટન કાર્બન ડાયોક્સાઈડ વાયુના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.

(૩) પુન: પ્રાપ્ય ઊર્જા તથા ઊર્જા સંરક્ષણના કાર્યક્રમોના અમલથી ક્લાઈમેટ ચેન્જ અંગે જન–જાગૃતિ કેળવાય છે.

(૩) જો ઉક્ત વર્ષવાર કોઈ જ કાર્યક્રમ હાથ ન ધરાયા હોય તો તેના શા કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પંચમહાલ જિલ્લા નગરપાલીકાઓમાં ભુગર્ભ ગટર યોજના

* ૨૧૬૧૯ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભુગર્ભ ગટર યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી યોજના પૂર્ણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે?

જવાબ

(૧) હાલોલ નગરપાલિકાના કામને તાંત્રિક મંજૂરી તા.૧૦–૧૨–૧૪ થી આપેલ છે જ્યારે જિલ્લાની બાકીની નગરપાલિકાઓની યોજનાઓ તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ બે વર્ષ અગાઉ મંજૂર કરવામાં આવી છે.

(૨) અને (૩) હાલની સ્થિતિએ ગોધરાની ૬૦% શહેરાની ૯૫% અને કાલોલની ૮૫% કામગીરી પૂર્ણ થઈ છે.

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં રીસર્વેની કામગીરી

* ૨૨૪૨૯ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જીલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં જમીનની માપણી અંગેની રીસર્વેની કામગીરી માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ એમાંથી કેટલા કેસોમાં રીસર્વેની કામગીરી પૂર્ણ કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ રીસર્વે માટે કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) આ પડતર અરજીઓનો રીસર્વેનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

જવાબ

(૧), (૨) અને (૩) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અરવલ્લી જીલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકામાં જમીન માપણી અંગેની રીસર્વેની મળેલ અરજીઓ અને તે પરત્વે કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | કુલ મળેલ અરજીઓ | રી સર્વેની કામગીરી પૂર્ણ થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|
| ભિલોડા | ૫૭૨ | ૨૧૫ | ૩૫૭ |
| મેઘરજ | ૬૩૨ | ૧૭૮ | ૪૫૪ |

(૪) આ પડતર અરજીઓનો નિકાલ ખાસ ટીમ બનાવી શક્ય તેટલી ઝડપથી કરવાનું આયોજન કરેલ છે.

## મહેસાણા જિલ્લામાં પોલીસનું મંજૂર મહેકમ

## તા. ૧લી માર્ચ, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૧૭૫૭ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતાનું મંજુર થયેલ મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

જવાબ

(૧) *પત્રક મુજબ

પત્રક

તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પોલીસ ખાતાનું મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાની વિગતો દર્શાવતું પત્રક.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧. | બહુચરાજી | ૧૧૨ | ૪૮ |
| ૨. | કડી | ૧૬૬ | ૫૮ |
| ૩. | વિસનગર | ૧૯૬ | ૫૮ |
| ૪. | વિજાપુર | ૧૬૫ | ૮૩ |
| ૫. | વડનગર | ૯૬ | ૩૯ |
| ૬. | ખેરાલુ | ૭૨ | ૨૧ |
| ૭. | સતલાસણા | ૪૨ | ૯ |
| ૮. | ઉંઝા | ૧૪૩ | ૫૩ |
| ૯. | સાંથલ | ૪૪ | ૧૪ |
| ૧૦. | મહેસાણા | ૧૦૯૩ | ૨૭૬ |

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે છેલ્લા એક વર્ષમાં શાં પગલા લીધા, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) અને (૩) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ ૧૮૧ ઉમેદવારોની મહેસાણા જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે.

એ.એસ.આઈ/પી.એસ.આઈ.ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે.

### પંચમહાલ જિલ્લામાં મહેસૂલી તલાટીનું મહેકમ

* ૨૨૦૫૮ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર મહેસૂલી તલાટીનું મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | મંજુર થયેલ મહેકમ |
|---|---|
| ગોધરા | ૧૮ |
| કાલોલ | ૦૯ |
| હાલોલ | ૧૬ |
| ઘોઘંબા | ૧૦ |
| જાંબુઘોડા | ૦૫ |
| શહેરા | ૦૯ |
| મોરવા (હ) | ૦૫ |
| કુલ | ૭૨ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નીચે મુજબ ભરાયેલ અને ખાલી જગ્યા છે.

| તાલુકાનું નામ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ગોધરા | ૧૧ | ૦૭ |
| કાલોલ | ૦૪ | ૦૫ |
| હાલોલ | ૦૪ | ૧૨ |
| ઘોઘંબા | ૦૨ | ૦૮ |
| જાંબુઘોડા | ૦૧ | ૦૪ |
| શહેરા | ૦૪ | ૦૫ |
| મોરવા (હ) | ૦૨ | ૦૩ |
| કુલ | ૨૮ | ૪૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ૩૬ (છત્રીસ) જગ્યાઓ એક વર્ષથી વધુ સમયથી ખાલી છે.

(૪) ૨૪૮૦ મહેસૂલી તલાટીઓની ભરતી કરવા અંગેનું માંગણાપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને મોકલવામાં આવેલ છે. જે અન્વયે મંડળ દ્વારા પરીક્ષા લઈને ઉમેદવારોની ભલામણ થયેથી ખાલી જગ્યાઓ ભરી શકાશે.

## આણંદ જિલ્લામાં પોલીસનું મહેકમ

* ૨૧૮૪૦ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) : પત્રક મુજબ

(૪) તાજેતરમાં પૂર્ણ થયેલ હથિયારી/બિન હથિયારી લોકરક્ષકની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોમાંથી કુલ : ૮૨ ઉમેદવારોની આણંદ જિલ્લામાં ફાળવણી કરી બેઝીક તાલીમમાં મોકલવામાં આવેલ છે. એ.એસ.આઈ./પી.એસ.આઈ.ની ભરતી પ્રક્રિયાના અંતે મળેલ ઉમેદવારોની બેઝીક તાલીમ પૂર્ણ થયેથી સપ્રમાણ ફાળવણી કરવામાં આવશે. જ્યારે બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતી માટેની જરૂરી કાર્યવાહી કરી વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવે છે.

પત્રક

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ/ભરાયેલ અને ખાલી જગ્યાઓ દર્શાવતું પત્રક

| ક્રમ | સંવર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | એક વર્ષથી ઉપરની ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧. | બિન હથિયારી પોલીસ ઈન્સ્પેક્ટર | ૧૩ | ૯ | ૪ | ૨ |
| ૨. | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૫૩ | ૩૯ | ૧૪ | ૩ |
| ૩. | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૬ | ૩ | ૩ | ૧ |
| ૪. | બિન હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૧૩૬ | ૧૩૩ | ૩ | ૦ |
| ૫. | હથિયારી મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૫૩ | ૫૧ | ૨ | ૦ |
| ૬. | મહિલા મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૭ | ૬ | ૧ | ૦ |
| ૭. | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૦૭ | ૧૫૩ | ૫૪ | ૦ |
| ૮. | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૯૨ | ૬૪ | ૨૮ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯. | મહિલા હેડ કોન્સ્ટેબલ | ૨૮ | ૧૪ | ૧૪ | ૧૩ |
| ૧૦. | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૫૩૮ | ૩૭૭ | ૧૬૧ | ૧૦૮ |
| ૧૧. | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૭૭ | ૨૬૦ | ૧૧૭ | ૯૮ |
| ૧૨. | મહિલા પોલીસ કોન્સ્ટેબલ | ૬૬ | ૨૪ | ૪૨ | ૩૮ |

રાજ્યમાં આઈ.એ.એસ.નું મહેકમ

* ૨૨૪૯૨ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મંજુર થયેલ મહેકમ પૈકી રાજ્યમાં આઈ.એ.એસ.ની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં શા પ્રયત્નો કરવામાં આવ્યા ?

જવાબ

(૧) ગુજરાત કેડરમાં આઈ.એ.એસ. અધિકારીઓની ૬૮ જગ્યાઓ ખાલી છે.

(૨) આઈ.એ.એસ. સંવર્ગમાં નિમણૂકની સત્તા ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગ તેમજ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનને હોય છે. રાજ્ય સરકારની દરખાસ્તથી કેન્દ્ર સરકારે છેલ્લા એક વર્ષમાં સીધી ભરતીથી ૯ અને બઢતીથી ૧૨ અધિકારીઓની નિમણૂક કરેલ છે.

રાજ્યમાં કેન્દ્ર સરકારે ફાળવેલ રાસાયણિક ખાતરનો જથ્થો

* ૨૦૬૬૩ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં રાસાયણિક ખાતર યુરિયા, ડીએપી, પોટાશ અને એનપીકેની જરૂરીયાત કરતાં કેન્દ્ર સરકારે ઓછો જથ્થો ફાળવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સમયગાળા દરમિયાન રાજ્યમાં યુરિયા, ડીએપી, પોટાશ અને એનપીકેના કેટલા જથ્થાની જરૂરીયાત હતી અને તેની સામે કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૩) કેન્દ્ર સરકાર પાસેથી ખાતરનો પુરતો જથ્થો મળે તે માટે રાજ્ય સરકારે ક્યારે શા પ્રયાસો કર્યા ?

જવાબ

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ભારત સરકાર દ્વારા દર અઠવાડિયે યોજવામાં આવતી વીડીઓ કોન્ફરન્સમાં જરૂરી રજૂઆતો કરવામાં આવે છે. તેમજ ભારત સરકાર સાથે જરૂરી પત્ર વ્યવહાર પણ કરવામાં આવે છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જ રોકવા પગલા બાબત

* ૨૨૪૯૫ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ક્લાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કલાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા સન ૨૦૧૪ અને ૨૦૧૫માં શા કાર્યક્રમો હાથ ધરાયા,

જવાબ

(૧) સન ૨૦૧૪ના કાર્યક્રમો :–

(૧) ૧૭.૬૦ મેગાવોટની ક્ષમતાના પવન વિદ્યુત મથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

(૨) પ્રજાસત્તાક દિન નિમિત્તે ખંભાળિયા ખાતે રાજ્ય કક્ષાની પરેડમાં પુન:પ્રાપ્ય ઊર્જા વિષયે ટેબ્લો રજુ કરી નિદર્શન કરેલ છે.

સન ૨૦૧૫ના કાર્યક્રમો :–

(૧) મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરી, ભાણવડ તેમજ મામલતદાર કચેરી અને પોલીસ સ્ટેશન, ખંભાળીયા ખાતે કુલ ૩૫ કિ.વોટની સોલર પીવી સિસ્ટમ વીજ ઉત્પાદન માટે લગાવેલ છે.

(૨) ૫૧.૪૨ મેગાવોટની ક્ષમતાના પવન વિદ્યુત મથકો સ્થાપિત કરવામાં આવેલ છે.

(૩) ભાણવડ અને મીઠાપુર ખાતે કુલ ૧૭૦ ઘનમીટર પ્રતિ દિનની ક્ષમતાનો બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે.

(૪) ઊર્જા નિદર્શન વાન, હોર્ડિંગ્સ, દૂર–દર્શન પર ઓડિઓ વીઝ્યુઅલ કાર્યક્રમો અને એસ.ટી. બસોમાં પેનલ્સ દ્વારા જન જાગૃતિ લાવવામાં આવેલ છે.

| | |
|---|---|
| (૨) તેનાં શા પરિણામો કે શી સકારાત્મક અસરો ઉભી થઈ, અને | (૨) (૧) વાર્ષિક ધોરણે ૮૧૦ લાખ યુનિટ પુન: પ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન થાય છે.<br>(૨) વાતાવરણમાં વાર્ષિક ધોરણે ૮.૧૦ લાખ ટન કાર્બન ડાયોક્સાઈડ વાયુના ઉત્સર્જનમાં ઘટાડો થાય છે.<br>(૩) પુન: પ્રાપ્ય ઊર્જા તથા ઊર્જા સંરક્ષણના કાર્યક્રમોના અમલથી કલાઈમેટ ચેન્જ અંગે જનજાગૃતિ કેળવાય છે. |
| (૩) જો ઉક્ત વર્ષવાર કોઈ જ કાર્યક્રમ હાથ ન ધરાયા હોય તો તેના શા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

વિજાપુર તાલુકામાં નવા તળાવો બાબત

* ૨૧૨૮૩ શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા નવા તળાવો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા તળાવોના કામો પૂર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે અને કેટલા કામો શરૂ કરવામાં આવ્યા નથી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ - ૧૧૬)

રાજ્યમાં ઘાસ ખાવાથી થયેલ પશુઓના મોત અંગે

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તા. ૨૩-૦૨-૨૦૧૬ના રોજ રાતના ૧૧ વાગ્યાની આસપાસ દાંતીવાડા તાલુકાના ફતેપુરા ગામે બટાટાનું ઘાસ ખાવાથી અંદાજે ૫૬ જેટલી ગાયોના મોત થયા છે. જેનાથી પશુપાલકોમાં ચિંતાની લાગણી ફેલાયેલ છે. ભવિષ્યમાં આ પ્રકારે ગાયોના મોત ન થાય અને જે ગાયોના મૃત્યુ થયા છે તેના પશુપાલકોને આર્થિક સહાય આપવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

- શ્રી બાબુભાઈ ભી. બોખીરિયા : તા. ૨૩/૦૨/૨૦૧૬ના રોજ રાત્રે ૮-૧૫ કલાકે પશુચિકિત્સા અધિકારી, પાંથાવાડાને ફતેપુરા ગામની સીમમાં બટાકા પલુરની ઝેરી અસરથી ગાયો તરફડી રહી છે તેવા સમાચાર મળતાં પશુચિકિત્સા અધિકારી, પંથાવાડા તાત્કાલિક પોતાની ટીમના કુલ ત્રણ (૩) સભ્યો સાથે રાત્રે ૮:૪૫ વાગ્યે સ્થળ પર પહોંચી ગયા અને સારવાર શરૂ કરી.
- ખોરાકી ઝેરની અસરગ્રસ્ત પશુઓ જે ફતેપુરા ગામથી અડધો કિલોમીટર દુર સીમમાં ચરીયાણ દરમિયાન બટાટાનું પલુર ખાધુ હોવાનું હાજર પશુમાલિકોને પુછપરછ કરતાં જાણવા મળ્યું પશુમાલિકોના જણાવ્યા મુજબ ૧૮૦ જેટલાં પશુઓને ગામથી અડધો કિલોમીટર દુરની સીમમાં તેઓ ચરવતાં હતાં.
- આ પશુઓને ચરીયાણ દરમિયાન તા. ૨૩/૦૨/૨૦૧૬ના રોજ સાંજે ૬.૦૦ વાગ્યા આસપાસ બટાટાનું પલુર ખાધુ હતુ અને તેને કારણે સાંજે ૭:૦૦ વાગ્યા પછી ખોરાકી ઝેરની અસર થવાની શરૂઆત થઈ હતી એમ પશુમાલિકો પાસેથી જાણવા મળેલ.
- પશુમાલિકોએ શરૂઆતમાં પોતાની રીતે ખોરાકી ઝેરની અસરવાળા અંદાજે ૮૬ પશુઓને દેશી ઉપચાર કરેલ. પરંતુ દેશી ઉપચારથી ખોરાકી ઝેરની અસર ઓછી ન થતાં તેઓએ પશુચિકિત્સા અધિકારીને ઘેટાં ઉછેર કેન્દ્ર-દાંતીવાડા મારફતે જાણ કરેલ.
- ખોરાકી ઝેરની પશુઓમાં થયેલી ગંભીર અસર ધ્યાને લેતાં પશુચિકિત્સા સારવાર માટેની વધુ બે ટીમ કુલ છ (૬) સભ્યો સાથે રાત્રે ૯:૩૦ કલાકે સ્થળ પર મોકલી અને ટીમ દ્વારા પણ સારવાર શરૂ કરી દેવામાં આવી.
- મુલાકાત સમયે ૩૬ નાના મોટા પશુઓ મરણ પામેલ જોવા મળ્યા. તેમજ અંદાજીત ૫૦ પશુઓ બટાટાના પલુરની મેણાની અસર હેઠળ હોવાનું જણાયું. જે પૈકી ૭ પશુઓ ગંભીર રીતે અસરગ્રસ્ત હતા.
- પશુચિકિત્સા અધિકારી અને ટીમ દ્વારા તાત્કાલિક જીવીત અસરગ્રસ્ત પશુઓની સારવાર હાથ ધરવામાં આવી.
- પશુચિકિત્સા અધિકારીની મુલાકાત દરમ્યાન અસરગ્રસ્ત પશુઓને તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવી અને ખોરાકની ઝેરી અસર ઓછી કરવા સારૂ ઈન્જેકશન એવીલ, ઈન્જેકશન ડેક્ઝોના, લોહીમાં નોર્મલ સલાઈન અને કેલ્શિયમ બોરોગ્લુકોનેટ આપવામાં આવ્યા.
- જે ૭ પશુઓની હાલત ગંભીર હતી તે પશુઓ સારવાર દરમિયાન મરણ પામેલ હતા. તે સાથે કુલ ૪૩ પશુઓનું મરણ થયેલ છે.

તા. ૧લી માર્ચ, ૨૦૧૬

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

- સમગ્ર રીતે જોતાં પશુમાલિકો તરફથી મળેલ માહિતી, પશુપાલન ખાતાની પશુચિકિત્સા ટીમના નિષ્ણાતો દ્વારા થયેલ નિદાન, મૃત પશુઓના પોસ્ટ મોર્ટમ અન્વયે પ્રાથમિક નિદાન વગેરે વિગતો જોતાં આ કિસ્સામાં કોઈ ગુનાહિત કૃત્ય થયુ હોય તેવું સ્પષ્ટ રીતે જણાયું નથી. તેમ છતાં આ પ્રસંગ બન્યા બાબતની "જાણવા જોગ" ફરીયાદ ૪/૧૬ સ્ટેશન ડાયરી એન્ટ્રી નંબર ૧૩/૧૬, કલાક ૨૩:૩૦, તા. ૨૩/૦૨/૨૦૧૬ દાંતીવાડા પોલીસ સ્ટેશનમાં સત્તા તંત્ર દ્વારા કરવામાં આવેલ છે.
- દાંતીવાડા પોલીસ સ્ટેશનના હેડ કોનસ્ટેબલ દ્વારા તા.૨૩/૦૨/૨૦૧૬ના રોજ રાત્રે તાત્કાલિક પંચનામુ કરી મરણ પામેલ પશુઓના પશુમાલિકોના નિવેદનો લીધેલ છે. જે મુજબ જુદા જુદા કુલ ૪ પશુમાલિકોના કુલ ૪૩ પશુ મરણ થયાનું નોંધવામાં આવેલ છે.
- ત્રણેય પશુચિકિત્સા ટીમ દ્વારા ઈમર્જન્સી ધોરણે રાત્રે ૧.૦૦ કલાક (તા.૨૪/૦૨/૨૦૧૬) સુધી સારવાર કરી.
- દરમિયાનમાં રાત્રે ૧:૦૫ કલાકે (તા.૨૪/૦૨/૨૦૧૬) મામલતદારશ્રી દાંતીવાડાને એસ.પી.સી.એ. પાલનપુરના સદસ્યશ્રી ભરતભાઈ કોઠારી મારફતે સમાચાર મળતાં મામલતદારશ્રી પણ સ્થળ પર આવેલ હતાં.
- રાત્રે ૧:૩૦ કલાકે (તા.૨૪/૦૨/૨૦૧૬) મૃત્યુ પામેલ એક ગાયનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ હતું.
- પોસ્ટ મોર્ટમનાં પ્રાથમિક નિદાનમાં ખોરાકી વનસ્પતિનું ઝેર હોવાનું જણાયું.
- મરણ પામેલ પશુઓને રાત્રે ૩:૩૦ વાગ્યા (તા.૨૪/૦૨/૨૦૧૬) સુધી સતત કામગીરી કરીને મોટા ખાડા કરી મીઠું નાખી દાટી દેવામાં આવેલ.
- તા.૨૪/૦૨/૨૦૧૬ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે અસરગ્રસ્ત પશુઓને સારવાર માટે પશુચિકિત્સાની ત્રણ ટીમોએ સ્થળની મુલાકાત લીધી અને ૫૦ પૈકીના જીવીત ૪૩ પશુઓની હાલત સુધારા પર હતી. આ પૈકી ૬ પશુઓને ઘનિષ્ટ સારવારની જરૂરિયાત જણાતા તેમની સારવાર કરવામાં આવી.
- તા.૨૪/૦૨/૨૦૧૬ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે પશુરોગ નિદાન લેબૉરેટરીનાં નિષ્ણાત મદદનીશ પશુપાલન નિયામકને જાણ કરવામાં આવતા તેઓ તથા તેમની ટીમ સવારે ૮:૦૦ વાગ્યે સ્થળ પર પહોંચી ગયેલ અને વધુ એક મૃત પશુનું પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ અને રોગ પરિક્ષણ અને નિદાન માટેનાં જરૂરી નમુના લેવામાં આવેલ.
- તા.૨૪/૦૨/૨૦૧૬ના રોજ એક મૃત્યુ ગાયનું પોસ્ટ મોર્ટમ કરી તેમાંથી રોગ નિદાન માટેના જરૂરી નમૂનાઓ ( પોસ્ટ મોર્ટમ રિપોર્ટ સહિત ) જેવા કે, યકૃત, બરોળ, મુત્રપિંડ તેમજ આંતરડા અને જઠરમાંથી જરૂરી નમુનાઓ તેમજ બટાટાનાં પલુરનો નમુનો યોગ્ય/સુરક્ષિત રીતે લઈ ફોરેન્સીક સાયન્સ લેબૉરેટરી ગાંધીનગરમાં મોકલી આપવા માટે પોલીસ સ્ટેશન દાંતીવાડાને સુપ્રત કરવામાં આવેલ હતા.
- તા.૨૪/૦૨/૨૦૧૬ના રોજ કોઈ પણ પશુનું મરણ થયેલ નથી. તમામ જીવીત અસરગ્રસ્ત પશુઓની પરિસ્થિતિમાં સુધારો જોવા મળેલ.
- દિવસ દરમિયાન સમગ્ર પરિસ્થિતિ પર નિયંત્રણ, નિરીક્ષણ અને જરૂરી સારવાર સારૂ ઘટના સ્થળે પશુચિકિત્સા અધિકારીઓની ટીમ સતત હાજર રાખવામાં આવેલ છે.
- તા.૨૫/૦૨/૨૦૧૬ના રોજ પણ દિવસ દરમિયાન પશુચિકિત્સા સારવારની ટીમ દ્વારા હાજર રહી જરૂરીયાત મુજબ ત્રણ ગાયોને સારવાર આપવામાં આવેલ છે. બધા જ પશુઓ સારી, તંદુરસ્ત હાલતમાં છે અને આ પશુઓએ સામાન્ય પણે ખોરાક લેવાનું/વાગોળવાનું અને ચરવાનું ચાલુ કરી દીધેલ છે.
- તા.૨૫/૦૨/૨૦૧૬ના રોજ નાયબ પશુપાલન નિયામક, જીલ્લા પંચાયત–પાલનપુર દ્વારા બટાટાના પલુર ખાવાથી પશુઓમાં ઝેરી અસર થાય છે અને મૃત્યુ થાય છે તે બાબતે જાગૃત રહેવા અને આવુ પલુર પશુઓ ખાય નહિ તેની કાળજી લેવા સારૂ પશુપાલકોને જાહેર પ્રિન્ટ માધ્યમથી વાકેફ કરવા સારૂ વર્તમાનપત્રમાં જાહેર વિજ્ઞપ્તિ આપવા સારૂ પાલનપુરના નાયબ માહિતી નિયામકશ્રીને પત્ર લખી વિજ્ઞપ્તિ માટેની વિગતો સહિત મોકલી આપેલ છે.
- તા.૨૬/૦૨/૨૦૧૬ના રોજ સવારના ૯:૦૦ વાગ્યાના રિપોર્ટ મુજબ હાલમાં પશુચિકિત્સા સારવાર કરવામાં આવેલ છે. તમામ પશુઓનું આરોગ્ય સારૂ જણાયેલ છે અને પશુમાલિકો પોતાના પશુઓને ચરિયાણ માટે લઈ ગયેલ છે.
- આમ સમગ્ર રીતે રાજયના પશુપાલન ખાતા દ્વારા તાત્કાલિક કુલ ૨૦ સભ્યો (નાયબ પશુપાલન નિયામક તથા પશુચિકિત્સા અધિકારીઓ તથા મદદનીશ પશુરોગ સંશોધન અધિકારી સહિત ) ની પાંચ ટીમ દ્વારા જરૂરી દવાઓ/ઈન્જેકશન સાથે ઘનિષ્ઠ રીતે સારવાર આપી તેતાલીસ પશુઓને બચાવી લેવામાં આવેલ છે.
- હાલમાં ફતેપુરા ગામના પશુઓમાં કોઈ રોગચાળો નથી. તેમજ કોઈ પણ પશુ આવા ખોરાકી ઝેરની અસરથી અસરગ્રસ્ત નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં પશુપાલકોમાં અને તેમાં પશુઓના આરોગ્યના રક્ષણ માટે જાગૃતિ કેળવવા રાજય સરકાર દ્વારા શું કામગીરી કરવામાં આવી છે?

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર પશુ આરોગ્યના રક્ષણ માટે પશુ આરોગ્ય કેમ્પ પણ કરવામાં આવે છે. ત્યાં એનું રસીકરણ કરવામાં આવે છે, ઓપરેશન કરવામાં આવે છે અને અનેક પ્રકારની બીજી પણ તબીબી સારવાર એને આપવામાં આવે છે. આ ઉપરાંત અત્યારે ગુજરાત રાજયની અંદર માનનીય મુખ્યમંત્રી નિઃશૂલ્ક જે પશુ સારવાર છે એની અંદર આ બધી સારવારમાં, મેડીસીન સાથે એને ફ્રી મેડીસીન પણ આપવામાં આવે છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં દાંતીવાડા તાલુકાના ફતેપુરા ગામે બટાટાનું ઘાસ ખાવાથી ૫૬ જેટલી ગાયોના મોત થયા છે તો ગાયોના મોત ન થાય અને ગાયોના મૃત્યુ થયા છે એવા પશુપાલકોને શું આર્થિક સહાય કરવા માગો છો એ મારે જાણવું છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સુકો અને લીલો ચારો ખાવાથી ઝેરની અસર થાય છે. એના માટે રાજય સરકાર એક પત્રિકા પણ છાપે છે અને પશુ આરોગ્ય મેળામાં અને કૃષિ મહોત્સવ વખતે પણ દરેક પશુપાલકોને એ આપવામાં આવે છે. આના સિવાય પણ જે માનનીય સભ્યશ્રીએ પૂછયું છે જેમના પશુઓનું મૃત્યુ થાય તેમના માટે શું કરવામાં આવે છે? તો જે પશુ મૃત્યુ પામે એના માટે સહાયની જે યોજના છે એમાં ગાય, ભેંસ અને બળદ એમાં જો ગાયનું મૃત્યુ થયું હોય તો ૧૬,૪૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. ભેંસના મૃત્યુમાં પણ ૧૬,૪૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. બળદમાં ૧૫૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. પાડી, પાડા, વાછરડા, વાછરડીના મૃત્યુ થાય તો ૧૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. ઘેટા, બકરા પુખ્ત વયના હોય તો ૧૬૫૦ રૂપિયા, ઉંટ કે ઘોડા પુખ્ત વયના હોય તો ૧૫૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. મરઘા, બતકા આ બધા હોય તો એના માટે દરેકને ૩૭ રૂપિયાની સહાય આપવામાં આવે છે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, ઘાસ ખાવાથી જે ગાયોના મૃત્યુ થયા છે એમાં પશુઓના લીલા, સુકા ચારાના ઝેરી તત્વો વિશે પશુપાલકોને જાણકારી આપવાના કોઇ ચોકકસ પ્રયત્નો કરવામાં આવ્યા છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન પોર્ટલ મારફતે જે પશુપાલકો આપણી પાસે સારવાર માટે આવે છે તેની યાદી હોય છે. એસ.એમ.એસ. દ્વારા પણ આપણે એને માહિતી આપીએ છીએ. આ વર્ષે આપણે ૩૨૯૦૦૦ જેટલા પશુપાલકોને એસ.એમ.એસ. દ્વારા માહિતી પણ આપી છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, દાંતીવાડા તાલુકાના ફતેપુરા ગામની અંદર બટાટાનું ઘાસ ખાવાથી પશુઓ મરી ગયા એ વાત સાચી પરંતુ રોજ પશુઓ ઘાસ ખાય છે. આ જ ઘાસની અંદર કેમ પોઇઝન આવ્યું એના માટે કોઇ તપાસ થઇ? આ મારો પોતાનો વિષય છે. ઢોર પણ છે અને ખેતી પણ છે તો પશુઓ ખાય છે તો કયાંય ઝેર ન આવ્યું, આમાં કેમ આવ્યું? આ બટાટામાં પણ ઝેર હશે. માણસોને પણ નુકસાન થશે. એની અંદર જે બીજી ગાયો બચી ગઇ છે એના વાછરડા છે એ દૂધમાં પોઇઝન આવશે તો એ પણ મરી જશે. એના બાળકો દૂધ પીશે એ પણ મરી જશે એની પણ ટ્રીટમેન્ટ, તપાસ થવી જોઇએ. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એસ.એમ.એસ., હું સ્થળ પર રવિવારે ગયો હતો. એના નાના નાના બાળકો રડે, જે ૪૩ ગાયો મરી ગઇ એમાંથી ૩૫ ગાયના નાના બચ્ચા છે. એ બચ્ચાને ખોળામાં રાખીને એમનું કુટુંબ રડે આપણાથી હાલત જોઇ ન શકાય. વાછરડાને કેવી રીતે બચાવવા? એને કયો એસ.એમ.એસ. સાહેબ? જેને મેળો શું છે અને આ દુનિયા કયાં છે એ પણ ખબર નથી એને એસ.એમ.એસ.થી જાણ થાય તો પણ એવી પરિસ્થિતિ છે કે ૧૦ માલધારીઓ હતા એમના એક પણ બાળકે નિશાળ જોઇ નથી. મેં કહ્યું કે હવે સમય પ્રમાણે ખેતી કરો તો એક ભાઇઓ કહ્યું કે જમીન લેવી છે આ બધું થોડું ઘણું વેચીને પણ આ સરકારમાં અમે ખેડૂત નથી બની શકતા, અમે જમીન લઇને ઘંઘો નથી કરી શકતા, અમે વિચરતી જાતિમાં નથી આવી શકતા. આવી કપરી પરિસ્થિતિમાં મત ગણતરી હોય કે વસતિ ગણતરી હોય એમાં પણ એમનો સમાવેશ નથી. પશુઓનો સમાવેશ છે, પણ આ માલધારીઓનો સમાવેશ નથી. ક્યાંક વિચાર કરો. એમના માટે વિચારો. મેળા, એસ.એમ.એસ. કોના માટે છે? આ પરિસ્થિતિમાં આ બધી તપાસ થવી જોઇએ. એનાં પશુઓ બચી જાત? પણ એ કોને એસ.એમ.એસ. કરે કે કોને ફોન કરે? એમને ખબર જ નથી. પશુઓ મર્યાં એટલે એ તો રડવા બેઠો હતો. ૪ વાગ્યે પશુઓ મરવા પડ્યાં હતાં અને ૯ વાગ્યે ડૅાક્ટર આવ્યા. ડૅાક્ટરનો દોષ નથી. પેલો તો રડવા બેસી ગયો હતો. ઢોર તરફડી તરફડીને મરે.

અધ્યક્ષશ્રી : હવે પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી ગોવાભાઇ હ. રબારી : આ પરિસ્થિતિ બધા મિત્રોને જણાવવી છે. એમના ઉપર વિચારો. ગાયોને રોટલી ખવડાવવાથી ગૌ ભક્ત નથી થવાતુ, મંત્રી સાહેબને મારી વિનંતી છે કે આ મરી ગયા છે. એમને કેટલી સહાય આપવામાં આવી છે? અને કેટલી આપશો? ખાસ કિસ્સામાં બહેનને વિનંતી છે કે તમે દયા કરીને ખાસ કેસમાં જે ધોરણો છે તેમાં વધઘટ કરીને આપશો. આપ નજરે જુઓ તો એમ કહો કે પોતાના ફંડમાંથી પૈસા આપી દો. એટલી દયાજનક પરિસ્થિતિ છે. હું રિયલી વાત કરું છું. હું જાતે જોઇને આવ્યો છું. એને પૂરેપૂરું વળતર ક્યારે આપવામાં આવશે? વાછરડાના દૂધમાં પોઇઝન રહ્યું છે કે કેમ એની તપાસ થયેલ છે કે નહીં અને કરવા માગો છો કે કેમ? ખાસ કરીને વળતર કારણ કે એમને કોઇ પ્લોટ નથી, ઘર નથી. એ જંગલમાં ફરે છે એ એનો પ્લોટ. અત્યારે તો ગૌચર રહ્યું નથી. તો આપ સહાય કેટલી આપશો અને કયારે આપશો? એટલી જાહેરાત કરો એવી વિનંતી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના ઘણા બધા પ્રશ્નો છે જે કઇ રીતે કહેવા? મારે ખાસ જણાવવાનું છે કે પશુપાલકોની સ્થિતિ વિષે કહ્યું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતે પશુપાલન કરેલ છે. ખેતી પણ કરેલ છે. પશુપાલકની પરિસ્થિતિનો ખ્યાલ છે અને એટલા માટે જ પોતે મુખ્યમંત્રી તરીકે સત્તારૂઢ થયા પછી જ્યાં આખી યોજનાઓ આવી

છે, એનો આપ અભ્યાસ કરશો તો ખ્યાલ આવશે કે પશુપાલકો માટે અનેક પ્રકારની યોજના જેવી કે, મીલ્કિંગ મશીન માટે, દૂધ ન બગડે એના સંગ્રહ માટે, પશુઓ લે તો લોન અને સબસિડી, આવી અનેક પ્રકારની યોજનાઓ પશુપાલકોને ધ્યાનમાં રાખીને કરી છે. બીજી વસ્તુ માનનીય સભ્યશ્રીએ કહ્યું બટેટાનું પલુર ખાતા આવું થયું. તો અમે આ પત્રિકા બહાર પાડીએ છીએ. એમાં માત્ર આ બટાટાનું પલુર જ નહિ, પણ તમે જુવાર વાવી હોય અને પિયત ન આપી હોય, કાચી જુવાર હોય તો તે ખાય અને ઝેર ચડે છે. એની પણ આવી પત્રિકા દ્વારા જાણ કરીએ છીએ. મકાઇમાં સાંજે યુરિયા નાખ્યું હોય અને સવારે નાખવામાં આવે તો મકાઇને લીધે પણ ઝેર ચડે છે. લીલો રજકો એ પૈ◌ાષ્ટિક છે, પણ પ્રમાણ વધી જાય અને વધારે રજકો ખાય તો ઝેર ચડે છે. બટાટાના પલુર માપમાં હોય તો એને મેણો નથી ચડતો. પણ પ્રમાણ વધી જાય તો આ રીતે થાય છે. ઓટ હોય એનો ચારો હોય, ઘઉંનો હોય, જવનો હોય, લીલા શાકભાજીના પાન હોય આવી અનેક પ્રકારની વનસ્પતિ પશુઓને આપીએ છીએ. કઇ રીતે કેટલા પ્રમાણમાં આપીએ એના ઉપર એનો આધાર હોય છે. પશુપાલકોને લગભગ નોલેજ હોય છે. ન હોય તો પત્રિકા દ્વારા નોલેજ આપીએ છીએ.

શ્રી ગોવાભાઇ હ. રબારી : વળતર કેટલું?

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : આંકડા સાથે કહી દીધેલ છે. બધાની યાદી કરીને તાત્કાલિક આપી દઇશું.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજે ૧૧૬ ની નોટિસ દાખલ કરવામાં આવી. તેમાં જોઇતાભાઇ પટેલનું પ્રથમ નામ છે. જેઓ હાજર નથી. બીજા ક્રમે કૌંસમાં દુષ્યંતભાઇ પટેલ, જે તે સભ્યશ્રી દાખલ કરે. અને આપ દાખલ કરો એટલે સભ્યશ્રીએ અહીં મૂવ કરવાનો હોય છે. જોઇતાભાઇ પટેલ નથી. એટલે દુષ્યંતભાઇ પટેલે મૂવ કરવો જોઇતો હતો. એના બદલે સીધેસીધો દુષ્યંતભાઇ પટેલે પ્રશ્નકાળથી શરૂઆત કરી અને આ ગૃહની પ્રણાલિકામાં એ યોગ્ય જણાતું નથી જે અંગે માર્ગદર્શન મળે એટલા માટેની મારી વાત છે.

અધ્યક્ષશ્રી : નોટિસ ૪-૪ લોકોએ આપી હતી. એમાં જોઇતાભાઇએ પહેલાં આપી હતી. ત્યારપછી ૩ સભ્યશ્રીઓએ આપી હતી, એટલે મૂવ કરવાને બદલે સીધો સવાલ કર્યો છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, તે પછીના સભ્યશ્રીએ મૂવ કરવાની હોય છે અને કાયમ માટે આ ગૃહની પ્રણાલિકા રહી છે. મૂળ સભ્ય હાજર ન હોય તો બીજા સભ્યશ્રી મૂવ કરે સાહેબ.

અધ્યક્ષશ્રી : આપણે આવનારા દિવસોમાં ધ્યાન રાખીશું. નેક્સ્ટ. જોઇતાભાઇ કેમ હાજર નથી રહ્યા.

પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ સને ૨૦૧૫-૧૬ના વર્ષના પૂરક પત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની માનનીય રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવીશ. ભારતના બંધારણની કલમ-૨૦૩(૩) સાથે વાંચતાં તેની કલમ-૨૦૫ મુજબ પોતાને અપાયેલ સત્તાની રૂએ ગુજરાતના રાજ્યપાલશ્રી આ સાથે સામેલ અનુસૂચિમાં દર્શાવેલ સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટેની ગ્રાન્ટ અંગેની પૂરક માગણીઓની વિચારણા કરવા ગુજરાત વિધાનસભાને ભલામણ કરે છે.

ગૃહ વિભાગ

પૂરક માગણી ક્રમાંક : ૪૩.

શ્રી સૌરભ પટેલ (નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૩,૬૬,૮૫,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક૪૩ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી .

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.

કૃષિ અને સહકાર વિભાગ.

પૂરક માગણી ક્રમાંક ૫

શ્રી સૌરભ પટેલ : : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ. ૩૬,૧૩,૩૯,૦૦૦/-ની પૂરક માગણી ક્રમાંક-૫ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી .

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

---

*પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ફાલ્ગુન ૧૧, ૧૯૩૭ શાકે

પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

પૂરક માગણી ક્રમાંક ૧૩

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજના સેવાને લગતી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૧,૭૪,૯૪,૦૦,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦,૧૮,૬૪,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી .

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.

અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ.

પૂરક માગણી ક્રમાંક ૨૨

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠા સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૪,૦૨,૬૮,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી .

શ્રી પ્રવિણભાઇ જી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પૂરક માગણી ક્રમાંક ૩૯

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૩૮,૦૨,૯૪,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી .

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.

સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી મંગળવાર, તા. ૧–૩–૨૦૧૬, બીજી બેઠક (પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | ગૃહ વિભાગ<br>માગણી નં .૪૩ | | |
| ૧ | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯– જિલ્લા પોલીસ | ૧૦૦ | પોલીસ અનામત દળના જવાનોને તાકીદની ફરજ દરમિયાન પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની | શ્રી પૂનમભાઇ પરમાર<br>(અશ્વિન કોટવાલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨–MEP–૭ રાજય અનામત..દળ<br>રૂ. ૧૩,૬૬,૮૫,૦૦૦<br>પાના નં. ૫૯ | | નિષ્ફળતા | |
| કૃષિ અને સહકાર વિભાગ<br>માગણી નં .૫ | | | | |
| ૨ | ૪૪૨૫–સહકાર.....જોગવાઇ<br>૧૦૭–ધિરાણ.......રોકાણ<br>૦૧–COP–૨ ટોચ .....બેંક<br>રૂ. ૧૩,૭૫,૦૦૦<br>પાના નં. ૧૨ | ૧૦૦ | ખેડૂતોને ધિરાણ આપવામાં થતો હસ્તક્ષેપ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા<br>(કામીનીબા રાઠોડ) |
| ૩ | '' '' '' | ૧૦૦ | ખેડૂતોને રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ટ્રેકટર જેવા વાહનોની ખરીદી માટે લોન મળે છે તેવી લોન સહકારી બેંકો દ્વારા મળે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી<br>(ધીરૂભાઇ ભીલ) |
| ૪ | '' '' '' | ૧૦૦ | ખેડૂતોને જરૂરિયાત મુજબનું ધિરાણ સત્વરે મળે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઇ વાજા<br>(ભોળાભાઇ ગોહેલ) |
| ૫ | '' '' '' | ૧૦૦ | ખેડૂતોને અપાતા ધિરાણ માળખાને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. તેજશ્રીબેન પટેલ<br>(રામસિંહ પરમાર) |
| ૬ | '' '' '' | ૧૦૦ | ખેડૂતોને અપાતા ધિરાણ પરના વ્યાજનો દર ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત<br>(બળદેવજી ઠાકોર) |
| ૭ | '' '' '' | ૧૦૦ | ખેડૂતોને જમીનની કિંમત કરતાં ઘણી ઓછી રકમનું ધિરાણ મળે છે તે નિવારવા અંગે તંત્રની ઉદાસીનતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા<br>(ગૌતમભાઇ ચૌહાણ) |
| ૮ | '' '' '' | ૧૦૦ | બેંકો તરફથી ખેડૂતોને સમયસર ધિરાણ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાઘવજી પટેલ<br>(ભોળાભાઇ ગોહેલ) |
| ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ<br>માગણી નં .૧૩ | | | | |
| ૯ | ૨૮૦૧– પાવર<br>૮૦– સામાન્ય<br>૧૯૦– જાહેર ક્ષેત્ર.... સહાય<br>૦૪– GERC કૃષિ વિષયક..... સહાયકી<br>રૂ. ૪,૦૫,૭૪,૦૦૦<br>પાના નં. ૨૬ | ૧૦૦ | ખેડૂતોને કૃષિ માટે આપેલ વીજળીની સાચી માહિતીના આંકડા આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રમેશભાઇ ચાવડા<br>(કાન્તીભાઇ ખરાડી) |
| ૧૦ | '' '' '' | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા ખેડૂતોને અપાતી વીજળીના આંકડાઓ ચકાસ્યા વગર સબસીડીની રકમ ચૂકવવાનું નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મેરામણભાઇ ગોરીયા<br>(મંગળભાઇ ગાવિત) |
| ૧૧ | '' '' '' | ૧૦૦ | ખેડૂતોને વિજળી ખર્ચમાં ૫૦ ટકા સહાયના દાવાઓના માંડવાળનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર<br>(રાજેન્દ્રસિંહ પરમાર) |
| ૧૨ | ૬૮૦૧– વીજળી શકિત... લોન<br>૦૦–૨૦૨–થર્મલ વીજળી..નિર્માણ<br>૦૯– પીડબલ્યુઆર–૪૭....લોન<br>રૂ. ૫૪,૮૪,૯૯,૦૦૦<br>પાના નં. ૨૭ | ૧૦૦ | લીગ્નાઇટ આધારિત ૫૦૦ મેગાવોટ પાવર પ્લાન્ટ સ્થાપવા માટે ભાવનગર એનર્જી કંપનીને વ્યાજ મુકત લોન આપેલ છે પરંતુ આ પ્લાન્ટ કયારે શરૂ થશે અને કુલ કેટલો ખર્ચ થશે તેની વિગતો દર્શાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ<br>(શૈલેષ પરમાર) |
| અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માગણી નં .૨૨ | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ૩૪૫૬– નાગરિક પુરવઠો<br>૧૯૦–જાહેર......સહાય<br>૧૪– ઘરવપરાશના....યોજના<br>રૂ. ૧૩,૩૬,૧૯,૦૦૦<br>પાના નં. ૩૪ | ૧૦૦ | ઘરેલુ સહાયક એલ.પી.જી. સીલીન્ડર અંગે સહાયકી ચૂકવણી અન્વયે વર્ષ દરમ્યાન ખરેખર કેટલા ગેસ સીલીન્ડરોનું વેચાણ થયું તેની આંકડાકીય માહિતી આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ (માનસિંહ ચૌહાણ) |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં .૩૯ | | | | |
| ૧૪ | ૨૨૧૦– તબીબી...જાહેર આરોગ્ય<br>૦૬– જાહેર આરોગ્ય<br>રૂ. ૫૫,૬૭,૦૦૦<br>પાના નં. ૫૩ અને ૫૪ | ૧૦૦ | પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોનો કથળતો જતો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કરમશીભાઇ પટેલ (ચંન્દ્રિકાબેન બારીયા) |
| ૧૫ | vv cc vv | ૧૦૦ | ડેન્ગ્યુ, મેલેરીયા જેવા રોગો મૂળમાંથી નાબૂદ થાય તે માટે જરૂરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગ પણદા (નટવરસિંહ ઠાકોર) |

અદ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતા જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઇએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે, તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતો મર્યાદિત રાખવો જોઇએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દાઓ પર ખાસ ધ્યાન રાખે એવી હું એમની પાસેથી આશા રાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે, એમાં ગૃહ વિભાગની પૂરક માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, આ રાજયના ગૃહ વિભાગની અંદર પોલીસ સહાયકોની ખાસ જરૂરત હોય, એને લગતા વાહનોની જરૂરત હોય, એને રહેવા માટે મકાનોની જરૂરત હોય એ બધી માહિતી ગૃહ વિભાગ દ્વારા નાણામંત્રીશ્રીને પહોંચતી હોય છે. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે, ગૃહ વિભાગ માટે કહેવામાં આવે છે કે આ ગતિશીલ ગુજરાતની અંદર માણસ બનાસકાંઠાથી અમદાવાદ જવા નીકળ્યો હોય તો માતા ફોન ન કરે કારણ કે એ જાણે છે કે શાંતિથી અમદાવાદ પહોંચી ગયો હશે. આવી ચર્ચા હાઉસની અંદર થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને આ રાજયમાં આવાસો માટેની માગણી છે માગણી નં.૪૩ અને ૪૬ એના ઉપર હું ચર્ચા કરું છું. ખાસ કરીને પોલીસના મહેકમની વાત કરું તો રાજય સરકાર દ્વારા કચેરી સહાયકની ૬ જગ્યાઓ માટેની આમાં વાત કરવામાં આવી છે, ગ્રામ રક્ષકદળના પગાર ભથ્થા અંગેની વાત છે, ગૃહ રક્ષકદળના પગાર ભથ્થા અંગેની વાત છે, સરહદી પાંખના કર્મચારીઓના પગાર ભથ્થા અંગેની વાત છે તેમજ મકાન બાંધકામ અને વાહન ખરીદી માટેની આ પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે. આજે પણ ગ્રામ રક્ષકદળ હોય કે ગ્રામ ગૃહ રક્ષકદળ હોય એ લોકોને ફિકસ પગાર ઉપર રાખવામાં આવે છે અને એ કારણસર રાજય સરકારનું ખર્ચનું ધોરણ નક્કી થતું નથી જેના ભાગરૂપે આવી પૂરક માગણીઓ લાવવામાં આવે છે.

સરહદી પાંખના કર્મચારીઓની વાત થઇ, જે રીતે સરહદ ઉપર દિન–પ્રતિદિન જે ઘટનાઓ બનતી જાય છે, એના ભાગરૂપે જ્યારે સરહદની વાત થતી હોય ત્યારે દરિયાઇ સરહદ પાર કરીને બોટ દ્વારા પણ આતંકવાદીઓ આ રાજયમાં પ્રવેશ કરી શકે છે. હવે જ્યારે સરહદની સુરક્ષાની વાત હોય ત્યારે સુરક્ષનું જે બજેટ હોય એમાં સુરક્ષાને લગતા વાહનની વાત હોય, મકાનની વાત હોય કે કર્મચારી ગણની વાત હોય એ રાજયના સરકારના માઇન્ડમાં ફિકસ હોવું જોઇએ કે આટલા કર્મચારીઓ અમારે જોઇશે, આટલા વાહનો અમારે જોઇશે અને આટલો ખર્ચ થશે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સરહદી પાંખના કર્મચારીઓની બાબતમાં પણ આ સરકાર જ્યારે સરહદની વાત થતી હોય ત્યારે એમાં ચિંતિત નથી અને એના માટેની પૂરક માગણીઓ લઇને આવે એ વાજબી નથી. મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે જે રીતે ગ્રામ રક્ષક દળની વાત છે કે ગૃહ રક્ષક દળની વાત છે કે અન્ય પોલીસ મહેકમની

જ્યારે વાત હોય ત્યારે આ રાજ્યમાં ગૃહ વિભાગ દ્વારા ૨૦૧૪–૧૫માં નક્કી હોય કે ગૃહ વિભાગ દ્વારા વર્ગ –૧ થી વર્ગ–૪ ની અંદર ૧,૧૪,૩૬૧ કર્મચારીઓ–અધિકારીઓની જરૂર છે અને આજે પણ એવું કહેવામાં આવે દીકરાને માતા તરફથી કે દીકરા સૂઇ જા ચિંતા કરવાની જરૂર નથી પણ આ ગૃહવિભાગની અંદર મારે દુઃખ સાથે કહેવું પડે કે ૩૧૯૦૨ જગ્યાઓ વર્ગ–૧ થી વર્ગ–૪ ની ખાલી છે. આજે આ રાજ્યની વાત કરીએ તો જો પોલીસની વાત કરીએ તો ૬૫૬ વ્યક્તિએ ફક્ત એક પોલીસ છે અને અમદાવાદ શહેરની અંદર પણ એ જ પરિસ્થિતિ છે કે ૩૭૭ વ્યક્તિએ ફક્ત એક પોલીસ છે. મને એ સમજાતું નથી કે જ્યારે બજેટ રજૂ થતું હોય, બજેટમાં આ રાજ્યની સરકાર જો નાગરિકની ચિંતા કરતી હોય, એ જો સરહદની ચિંતા કરતી હોય તો અહીંયા બેઠાં બેઠાં હૈદરાબાદમાં બનેલો કિસ્સો હોય કે જે.એન.યુ.માં બનેલા કિસ્સાની આપણે જો ચર્ચા કરતા હોઇએ અને ગુજરાતમાં •(×××) હોય એ કઇ રીતે ચાલે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : મારું કહેવાનું તાત્પર્ય એ છે, બહુ લાંબી વાત નહિ કરું. મંત્રીશ્રીને હું વિનંતી કરીશ કે બજેટના ભાગ રૂપે આપે લખ્યું તે પ્રમાણે હાઇકોર્ટનો ઓર્ડર થયો અને પૈસા ચૂકવવાની વાત આવી એમાં અમે સંમત થઇ શકીએ એમ છીએ. પણ જ્યારે વાહનની વાત હોય, મકાનની વાત હોય, મહેકમની વાત હોય, પગાર ભથ્થાંની વાત હોય એમાં સરકાર કેમ કાચું કાપે છે આ બજેટની અંદર એ મને સમજાતું નથી. કારણકે કેન્દ્ર સરકાર દ્વારા પણ અને રાજ્ય સરકાર દ્વારા પણ પોલીસના આધુનિકીકરણ માટે ગ્રાન્ટની ફાળવણી થતી હોય છે અને ગ્રાન્ટની ફાળવણીના ભાગરૂપે એ ગ્રાન્ટ મળ્યા પછી પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એ ગ્રાન્ટનો પૂરતા પ્રમાણમાં જે ઉપયોગ કરવો જોઇએ એ સરકાર કરી શકતી નથી અને વણવપરાયેલી ગ્રાન્ટ રાજ્ય સરકાર પાસે પડી રહે છે. હું એક આપનું ધ્યાન દોરું છું કે ખાસ કરીને નાણાં ખાતામાં કોઇ જોગવાઇ લઇને આવે ત્યારે ગૃહ વિભાગની જો હું વાત કરું તો સરકારની એક જોગવાઇ હોય કે અંદાજ હોય અને એ અંદાજ મુજબ આટલો ખર્ચ અમે કરીશું. ૨૦૧૨–૧૩ની અંદર એ પ્રવાસ ખર્ચ હોય કે અન્ય ભથ્થાંનો ખર્ચ હોય એમાં જે અંદાજ મૂક્યો હતો એ અંદાજ કરતાં પણ ખર્ચ વધુ આવ્યો. ૨૦૧૩–૧૪માં જે અંદાજ મૂક્યો હતો એ અંદાજ કરતાં પણ પ્રવાસન ખર્ચ ઓછો આવ્યો અને અન્ય ભથ્થાંનો ખર્ચ વધુ આવ્યો. આજે પણ ૨૦૧૪–૧૫માં પ્રવાસન ખર્ચનો અંદાજ લઇને આ સરકાર નીકળી છે અને એના ભાગરૂપે આ પૂરક માગણીનો પ્રશ્ન જ્યારે ઉપસ્થિત થયો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસે અને ગૃહ વિભાગ પાસે ચોકક્સ અપેક્ષા રાખીશ કે જો આ રાજ્ય સરકાર સામાન્ય નાગરિકની ચિંતા કરતી હોય તો પોલીસ એ આપણા સૌની રક્ષક છે, એને મળતી સહાય હોય, એને મળતા વાહનો હોય, એમને મળતા મકાનો હોય કે એમની ભરતી હોય કે એમના પૂરતા પગારની વાત હોય તો એ કુલ બજેટમાં લઇને આવે અને હોમ ડિપાર્ટમેન્ટની તમામ માગણીઓ પૂર્ણ કરવામાં આવે અને આ રાજ્યના નાગરિક માટે કોંગ્રેસ પાર્ટી એને સમર્થન આપશે પણ પૂરક માગણીના ભાગરૂપે લાવીને આજે જે પણ વાહનોની વાત હોય, મકાનોની વાત હોય કે રાજ્યની સરહદની સલામતીની વાત હોય ત્યાં પૂરક માગણી લાવવી પડે એ મારી દૃષ્ટિએ અયોગ્ય છે, નાણામંત્રીશ્રી તરીકે એવું કહેવાય કે આપે ખૂબ સારું બજેટ આ વખતે રજૂ કર્યું છે પણ ખાસ કરીને શિક્ષણની વાત હોય કે આરોગ્યની વાત હોય એમાં પહેલી પ્રાયોરિટી હું હોમ ડિપાર્ટમેન્ટને આપું છું, જ્યારે હોમ ડિપાર્ટમેન્ટ ગુજરાતમાં સારું કામ કરતું હોય ત્યારે આવતા વરસમાં એના માટે પૂરક માગણી લઇને ન આવવું પડે અને ફાળવેલું બજેટ વધવું જોઇએ એવું આપ કંઇક કરો એ જ અભ્યર્થના સાથે આભાર.

શ્રી પંકજ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની પૂરક માગણી ક્રમાંક૨૨ લઇને જે માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્યની પ્રજા માટે, ગરીબ પ્રજા માટે, બી.પી.એલ.પરિવારો માટે, અંત્યોદય પરિવારો માટે સૌથી અગત્યની કોઇ બાબત હોય તો એ ખાદ્યધાન પૂરું પાડવું તે સૌથી અગત્યની બાબત હોય છે અને તેના માટે કયારેય કોઇ પણ સરકાર માટે ખર્ચની કોઇ મર્યાદા ના રહે તે જરૂરી હોય છે. ભારતના બંધારણમાં દર્શાવવામાં આવેલ કેટલાક માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર બધાજ રાજ્ય તે કલ્યાણ રાજ્યના સિદ્ધાંતને વરેલા હોય છે અને આ સિદ્ધાંતને પ્રતિપાદિત કરવાના પગલારૂપે જાહેર વિતરણ વ્યવસ્થાને ગણાવી શકાય છે. મારે આ રાજ્ય સરકારને અભિનંદન આપવા છે કે ગત વર્ષે ગરીબી રેખા અને અંત્યોદયના જે પરિવારો છે તે પરિવારો માટે ૧૬ લાખ મે.ટન ઘઉં અને ૩.૩ લાખ મે.ટન ચોખા આ સરકારે ગત વર્ષ દરમિયાન આ ગરીબ, ગરીબી રેખા નીચે જીવતાં અને અંત્યોદય પરિવારોને પૂરાં પાડયા છે તે અભિનંદન અને આવકારદાયક બાબત છે. જે જથ્થો રાજ્ય સરકાર દ્વારા અંત્યોદય અને ગરીબ પરિવારોને આપવામાં આવે છે તે પૈકી ઘઉંની અંદર પ્રતિ કિલો ૩ રૂપિયા અને ૫૪ પૈસા, ચોખાની અંદર પ્રતિ કિલો ૪ રૂપિયા અને ૧૭ પૈસા રાજ્ય સરકાર સબસિડીરૂપે ભોગવતી હોય છે અને એટલે આ પ્રકારે ખર્ચની જરૂરિયાત ઉભી થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી આ જાહેર વિતરણ વ્યવસ્થા પદ્ધતિ આ દેશની અંદર અને આ રાજ્યની અંદર ચાલતી હતી પણ આપણને બધાને ખબર છે કે અગાઉના સમયની અંદર જે જાહેર વિતરણ વ્યવસ્થા હતી તે જાહેર વિતરણ વ્યવસ્થાની અંદર અનેક કમીઓ, અનેક ખામીઓ હતી અને એટલા માટે આ રાજ્યની અંદર અગાઉની સરકારો વખતે મોટા પ્રમાણની અંદર ભૂતિયા રેશનકાર્ડોનો જથ્થો અનેક રેશનીંગની દુકાન ધરાવતાં દુકાનદારો પાસે પડયો રહેતો હતો. ગામડાંની અંદર અનેક ગરીબ પરિવારના રેશનકાર્ડ પણ કયાંક અને કયાંક આ પ્રકારે જેમને વિતરણ વ્યવસ્થાની જવાબદારી સોંપવામાં આવી હોય એવા દુકાનદારો પાસે

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મોટા પ્રમાણમાં પડયા રહેતાં, એના બિલો બનતા અને એ જથ્થો કયાંક અને કયાંક બારોબાર પગ કરી જતો અને ગરીબ ત્યાં અને ત્યાં રહેતો તેને ખબર જ નહોતી પડતી કે અમારા નામે કેટલા ઘઉં, કેટલા ચોખા, કેટલું રેશન લેવાય છે અને કયાં જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે પારદર્શિકતાપૂર્વક સમાજના છેવાડાના માનવીને, સમાજના ગરીબમાં ગરીબ માનવીને, સમાજના અંત્યોદય પરિવારને, બી.પી.એલ. પરિવારને પોતાનો જે અનાજ મેળવવા માટેનો અધિકાર છે એ પારદર્શકતાથી મળી રહે, એની અંદર કોઇ વચેટિયા ન હોય, એની અંદર કોઇ ગોડાઉનમાંથી પગ કરી જનારા ના હોય, એની અંદર કોઇ ટેમ્પાની અંદર માલ ભરી જનારા વચ્ચે ન હોય, એ પ્રકારની વ્યવસ્થા ઉભી કરીને છેક ગરીબ પરિવારના ઘર સુધી અનાજ પહોંચે, એ જાતે જ પોતે લઇ જાય એ પ્રકારની વ્યવસ્થા બાયો મેટ્રિક પધ્ધતિ જે અપનાવી છે એ આવકારદાયક છે અને એ બાયોમેટ્રિક પધ્ધતિ અપનાવવાના કારણે છેક ગામડાંના વિસ્તાર સુધી (અંતરાય) મને ખબર છે, તમે સવારે હાજર નહોતા અને મેં કહ્યું હતું કે, •(×××)

મારા ભાઇઓ, જયારે કોઇ નવી યોજના લઇ આવીએ ત્યારે એની વ્યવસ્થા ઉભી કરવાની અંદર સમય લાગે, પ્રજાને એની સાથે જોડવાની અંદર પણ સમય લાગે પણ આખરે આ સરકારનો હેતુ, આ સરકારનો ઉદ્દેશ એ પ્રજાની અંદર ગરીબ માનવીના ઘર સુધી એ અનાજ પહોંચે એ પ્રકારે ઇમાનદારીપૂર્વકનું કાર્ય આ રાજય સરકારે કર્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××) શબ્દો આપણે દૂર કરીએ છીએ.

શ્રી પંકજ અ. મહેતા: માનનીય અધ્યક્ષશ્રી, એટલે જ તો આ ભારતીય જનતા પાર્ટીની ગરીબો પ્રત્યેની સંવેદનશીલ સરકારે આ પ્રકારની બાયોમેટ્રિક પધ્ધતિ લઇ આવીને અંત્યોદયનો જે સિધ્ધાંત અમને જે આપ્યો છે ભારતીય જનતા પાર્ટીના સ્થાપકે અમને જે અંત્યોદયનો સિધ્ધાંત આપ્યો છે એ સિધ્ધાંતના આધારે છેવાડાના ગરીબમાં ગરીબ માનવીનું સેવા કરવાનું કાર્ય આ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે અને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ માટે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એની અંદર હું મારું સમર્થન આપું છું, અને હું મારી વાતને પૂર્ણ કરું છું. વંદે માતરમ્.

ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં આરોગ્ય અને કૃષિ અને સહકાર પર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી ખર્ચ મૂળ માગણી અંદાજ પ્રમાણે ૩૭૭૦. ૫૮ કરોડ રૂપિયા છે અને પૂરક માગણીની રકમ ૧,૩૮,૦૨,૯૪,૦૦૦/- રૂપિયા છે. પૂરક માગણીને કારણે ખર્ચનો વધારો ૩.૫૩ ટકા છે. આટલો બધો ખર્ચ કરવા છતાં આરોગ્યમાં દિન - પ્રતિદિન રોગોનું પ્રમાણે ખૂબ વધતું જ જાય છે અને રાજયમાં મેલેરિયા, કમળો, મરડો, ડેન્ગ્યુ, ટાઇફોઇડ, ઓરી, અછબડા, ચીકનગુનીયા અને સ્વાઇનફલુ જેવા રોગ દિન- પ્રતિદિન વધતા જ જાય છે અને રોગ થાય, એક્ચ્યુલી તો પ્રિવેન્શન ઇઝ ઓલવેઝ બેટર ધેન ક્યોર, પરંતુ પ્રિવેન્ટ પણ નથી કરી શકાતું અને રોગો થાય ત્યારે જે રીતે મોર્ટાલિટી રેટ ગુજરાતમાં વધારે છે એ ખૂબ ચિંતાજનક છે એટલે કે મૃત્યુ ન થવા જોઇએ, મૃત્યુ દર ઓછો હોવો જોઇએ, એના માટે જે પણ સગવડો આપવી જોઇએ દર્દીઓને એ આપવી જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રકતદાન એ મહાદાન છે એટલે કે બ્લડ માટે કોઇ ફેકટરીઓ દુનિયામાં નથી. એ માનવ શરીરમાંથી જ મળે છે. તો બ્લડની ઉણપથી જે રોગો થાય છે અને જે પેશન્ટો સિરિયસ થાય છે એને બ્લડ જ બચાવી શકે તો નામદાર હાઇકોર્ટે તા. ૮-૧૨- ૨૦૧૪ના રોજ ઓર્ડર કરેલો કે, તમામ સરકારી અને પ્રાઇવેટ બ્લડ બેંકોએ નફાનું ધોરણ ન રાખી અને અલગ બ્લડ બેંક માટે વ્યવસ્થા કરવી જોઇએ અને અલાયદા સ્ટાફની એના માટે વ્યવસ્થા કરવી જોઇએ, પણ આજદિન સુધી સિવિલ હોસ્પિટલમાં એના માટે અલાયદા સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવતી નથી અને પ્રાઇવેટ બ્લડ બેંકો ઓછા દરે બ્લડ આપતી નથી. તો આજે હું સરકારને અનુરોધ કરું છું કે, એનું ધ્યાન આપવામાં આવે અને જે કેન્સર હોસ્પિટલ હોય. દા.ત. સિવિલ હોસ્પિટલ હોય, વી.એસ. હોસ્પિટલ હોય અને અન્ય બીજી ઘણી હોસ્પિટલો કે જયાં ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓ વધારે જતા હોય છે. ત્યાં સગાસંબંધીઓને જોડે લઇને જતા નથી અને બ્લડ આપવાની વાત આવે ત્યારે રિપ્લેશમેન્ટ કરવાની વાત હોય ત્યારે તેમને ખરીદીને બ્લડ આપવું પડતું હોય છે. રીપ્લેસમેન્ટ કરવા ખરીદીને આપવું પડતું હોય છે તેથી એમણે ડોનરોને શોધવા પડે છે ત્યારે એની ગુણવત્તા જળવાતી નથી અને એના લીધે જુનાગઢમાં એચ.આઇ.વી. કાંડ થયું તેવી બીક રહેતી હોય છે. એટલે બ્લડ બેંકોમાં પૂરતો સ્ટાફ અને અવારનવાર બ્લડ માટે કેમ્પો થવા જરૂરી છે.

મારા તારાંકિત પશ્નના જવાબમાં સરકારે કહ્યું છે કે ૧૨૩૬ જગ્યાઓ ખાલી છે. એટલે કે મેડિકલ કોલેજોમાં ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે. એમણે જવાબમાં એવું લખ્યું કે યોગ્ય ઉમેદવારો મળશે ત્યારે જગ્યાઓ ભરાશે. મેડિકલ કોલેજોમાં સ્ટુડન્ટ્સને ભણાવવા હોય તો એના માટે હોંશિયાર ડોકટરોની પણ એટલી જ જરૂરિયાત છે. સાથે સાથે પોસ્ટ ગ્રેજયુએશનની સીટો વધારવી પણ એટલી જરૂરી છે, જેથી આપણા વિદ્યાર્થીઓને બહાર ગામ કે અન્ય રાજયોમાં કે પરદેશ ન જવું પડે. પી.જી.ની સીટો વધારવી હોય તો જીમર્સ કોલેજોને હવે પાંચ વર્ષ થઇ ગયા છે અને ઘણી બધી કોલેજો છે તો ત્યાં સીટો વધારવા માટે હું અનુરોધ કરું છું.

ગુજરાતમાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૬,૫૮,૧૫૧ છે. હજાર બાળકોએ ૩૮ બાળકોના મૃત્યુ થાય છે જે ખૂબજ દુઃખદ બાબત છે. બાળકો એ દેશનું ભવિષ્ય છે ત્યારે આપણા બજેટમાં એના આરોગ્ય, શિક્ષણ અને પોષણ માટે ફકત ૧૩ ટકા જ જોગવાઇ કરીએ છીએ જે વધારવી જોઇએ.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૬

## પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

રાજયમાં ફાઇલેરીયાના કેસો ૨૩૮૬૩, કુષ્ટરોગના ૫૨૦૯,આદિવાસી વિસ્તારમાં સીકલસેલ એનીમીયાના ૨૯૫૮૪ રોગીઓ છે તેથી આ બધા કેસો વધતા જાય છે એને અટકાવવા માટે આવા કેસોમાં ફ્રી ટ્રીટમેન્ટ આપીને કન્ટ્રોલમાં લાવવા જોઇએ.

રાજયમાં ૧૦૮ તાલુકા એવા છે કે જયાં આરોગ્ય કચેરીઓમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂક થઇ છે જયારે ૧૩૫ તાલુકાઓમાં હજી નિમણૂક થઇ નથી તો જેમ બને તેમ જલદી નિમણૂકો કરવી જોઇએ. જયારે હોમીયોપેથીક કોલેજની સંખ્યા ગુજરાતમાં ફકત એક જ છે એમાં પણ વધારો કરવો જોઇએ.

એક વાત સાચી છે કે દિવસેને દિવસે ગુજરાતની હેલ્થ બગડતી ગઇ છે. છે. ત્યારે એની નાડ પારખનાર કોઇ નથી. તાલુકા જિલ્લારૂપી એટેકો આવી ગયા છે. ફકત નગરપાલિકારૂપી નાના નાના વેન્ટીલેટરોથી ઓકસીજન લઇ રહેલ છે તો •(×××)ઓકસીઝન પર છે તો નાડ પારખીને મહેરબાની કરીને ૨૦ ટકા બિન અનામત જ્ઞાતિઓને અનામત આપવાની હું વિનંતી કરું છું.

આ રાજય સરકારે સન ૨૦૧૩–૧૪ના બજેટમાં કહેલું,

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, *(×××)એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય નાણા મંત્રીશ્રીએ કહેલું કે ડાંગર, બાજરી, મકાઇ અને કઠોળ જેવા ખાદ્ય પાકોનું ઉત્પદન વધારવા રાજય ખાદ્ય મીશનની રચના કરવામાં આવી છે અને કૃષિ પંચની રચના કરવાની જાહેરાત કરેલી એને આજે એક વર્ષ થઇ ગયું છે. આજે તારાંકિત પ્રશ્નમાં પૂછયું છે એના જવાબમાં કહ્યું કે એની જરૂર નથી એ યોજના પડતી મૂકી છે. આ (×××) આપવાનું બંધ કરો.

ઉપાધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું. અને મહેરબાની કરીને આપ ટ્રેક પર રહો તો સારું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : દિવા સ્વપ્ન બતાવવાનું સરકાર બંધ કરે. ૨૦૦૦ની સાલમાં કૃષિ ઉદ્યોગ નીતિની તમે જાહેરાત કરેલી. ૨૦૦૦ની સાલથી આજે ૨૦૧૬ની સાલ થઇ.આજના તારાંકિત પ્રશ્નના જવાબમાં જણાવ્યું કે આના ઉપર કોઇ નવી નીતિની ચર્ચા કરી નથી. કૃષિ ઉદ્યોગ નીતિ માટે સરકારને ટાઇમ નથી અને ગતિશીલ ગુજરાતની વાતો કરે છે પણ તાતાને લોન આપવાની હોય તો નીતિઓમાં રાતોરાત ફેરફાર થઇ જાય. ઇકો સેન્સિટવ ઝોનમાં જમીન આપવાની હોય તો રાતોરાત નીતિની જાહેરાત થઇ જાય. આ ખેડૂતોની નીતિ માટે ૧૬–૧૬ વર્ષ થઇ ગયા.

સન ૨૦૧૪–૧૫માં અનાજનું ઉત્પાદન ઘટયું છે. ૭૭.૯૫ લાખ ટન હતું એ ઘટીને ૬૧.૯૨ લાખ ટન થઇ ગયું. ૨૦૧૪–૧૫માં કપાસનું ઉત્પાદન ૯૬.૨૪ લાખ ગાંસડી હતું એ ઘટીને ૮૮ લાખ ગાસડી થયું ૨૦૧૪–૧૫માં તેલીબીયાનું ઉત્પાદન ૪૮.૮૨ લાખ ટન હતું એ ૨૦૧૫–૧૬માં ઘટીને ૪૬ લાખ ટન થયું. ઉદ્યોગપતિઓની ચિંતા કરવા કરતાં ખેડૂતોની ચિંતા કરે એવો રાજય સરકારને અનુરોધ કરું છું. કિસાનો કે હિતમે હૈ અપના જીવન દેના, કરે રાષ્ટ્ર નિર્માણ બનાએ મીટ્ટી સે સોના.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજરોજ ગૃહ સમક્ષ માગણી નં. ૩૯ તબીબી અને જાહેર આરોગ્યની પૂરક માગણી ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થઇ છું. 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ'આપણાં શાસ્ત્રમાં આરોગ્યનું ખૂબ મહત્વ આંકવામાં આવ્યું છે. જો માણસ સ્વસ્થ હશે તો પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ સારી રીતે કરી શકશે તથા રાજ્યની વિકાસ પ્રક્રિયામાં યોગદાન આપી શકશે. તેથી જ ગુજરાતના પ્રજાવત્સલ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ માતાના ગર્ભથી લઇને વૃદ્ધ નાગરિકો માટે ચિંતા કરીને તેમનું આરોગ્ય સારું રહે તે માટે વિવિધ યોજનાઓ શરૂ કરી અને પ્રજાને મદદરૂપ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માતૃવત્સલ અને માતૃતુલ્ય મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલના શાસનકાળમાં અનેક પ્રકારે આરોગ્યલક્ષી યોજનાઓ અમલમાં આવી છે. કારણ કે એમણે સત્તાને સેવાનું માધ્યમ બનાવ્યું છે. આ માધ્યમ દ્વારા છેવાડાના ગામડાંના વિસ્તારમાં રહેનાર લોકો સુધી સેવા પહોંચે એવા પ્રયત્નો આ સરકારે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વમાં કેન્સરના રોગનું પ્રમાણ વધી રહ્યું છે. આ બીમારી ગરીબી–અમીરી કે ઉંચ–નીચ નથી જાણતી. એમાં પણ જયારે એક સાંધે ત્યાં તેર તૂટે તેવી સ્થિતિ હોય ત્યારે કેન્સર જેવી ગંભીર બીમારી શાપ સિદ્ધ થાય છે. આવા કપરા સમયે દવા માટે કોની પાસે હાથ ફેલાવવો તે મોટી સમસ્યા હોય છે. આવી પરિસ્થિતિમાં નાગરિકને પોતાના જ પરિવારના માનનારા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વિપરિત પરિસ્થિતિમાંથી પરિવારને બેઠાં કરીને બહાર લાવ્યા છે. એક મહિલા બીજી મહિલાની પીડા સહજ રીતે સમજી શકે છે તે સ્વાભાવિક છે. માતૃતુલ્ય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પાસે આવતી કોઇ પણ દુઃખી મહિલા સમાધાન લઇને જ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને એક ઘટના જણાવવી છે કે થોડા મહિના પહેલાંની વાત છે. નાની ઉંમરની એક મહિલા આપણાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઓફિસે મળવા આવી. પોતાની વ્યથા ઠાલવતા તેણે કહ્યું કે તેને કેન્સર છે અને હવે કદાચ તે બચી શકશે નહીં. મોંઘી સારવાર કરાવી શકે તેટલા પૈસા પણ તેની પાસે નહોતા. તેનું મોત થાય

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

તો નાના બાળકો સહિત આખો પરિવાર તૂટી પડે તેવી પરિસ્થિતિ હતી. તેની વાત આપણાં માતૃતુલ્ય મુખ્યમંત્રીશ્રીને ઘણી પીડા આપી ગઇ. તેમણે તાત્કાલિક અધિકારીઓની સાથે આ અંગે મનોમંથન કર્યું અને પ્રારંભ થયો ગુજરાતના સાડા છ કરોડ લોકોના આરોગ્ય ચકાસણી અને સારવાર અંગે એવું મહા–અભિયાન કે જે ભારતભરમાં પહેલાં ક્યાંય અને ક્યારેય કરવાનું આવ્યું નથી. તેજશ્રીબહેન હમણાં કહેતા હતા કે Prevention is better than cure. I would like to draw your attention this is what is called prevention is better than cure. અને આપ તો મહિલા છો તો આપ જાણતા હશો કે સર્વાઇકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સર જેવી બીમારી બહેનોને કેટલી પીડા આપતી હોય છે. ૧લી જૂન–૨૦૧૫માં શરૂ થયેલા આ અભિયાનમાં મહિલાઓમાં સર્વાઇકલ કેન્સર અને બ્રેસ્ટ કેન્સરના ચેકઅપ માટે લગભગ ૬૦ લાખથી વધુ મહિલાઓએ પોતાનું પરિક્ષણ કરાવ્યું અને જેમાંથી ૬૪૭ મહિલાઓને બ્રેસ્ટ કેન્સર અને ૨૩૧ મહિલાઓને સર્વાઇકલ કેન્સર હોવાનું નિદાન થયું છે. આ રોગગ્રસ્ત મહિલાઓને મુખ્યમંત્રી અમૃતમ્ અને માં–વાત્સલ્ય યોજના હેઠળ નિઃશૂલ્ક સારવાર આપવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૦ વર્ષના હેમીબેન મેર. રહેવાનું જામનગર. એમને કેન્સરના હેલ્થ કેમ્પમાં ચેકઅપ કર્યું ત્યારે ખબર પડી કે તેમને બ્રેસ્ટ કેન્સર છે. એમના પતિ એક રીક્ષા ડ્રાઇવર છે. કયાંથી ઇલાજ કરવો તેની ચિંતા. આવી વિકટ પરિસ્થિતિમાં એક દીકરીને તેની માં યાદ આવે. આ જ ભાજપ સરકારમાં માંની ભૂમિકા ભજવી છે અને તેમના પરિવારના પડખે આવીને તેનો ઇલાજ કરાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૫ વર્ષના માતુબેન ખાંભલીયા. તાલુકો દેવભૂમિ દ્વારકા. સામાન્ય ઘરના છે. માતુબેનને પણ સર્વાઇકલ કેન્સરની જાણ થઇ અને તેમના પડખે સરકાર આવી અને તેમનું ઓપરેશન કરાવ્યું અને ઇલાજ જામનગરની જી.જી. હોસ્પિટલમાં થયો. એક મહિલા પ્રતિનિધિ તરીકે હું જાહેર જીવનમાં કામ કરું છું. અનેક વિવિધ પ્રશ્નો મારી સમક્ષ આવતા હોય છે. તેનું નિરાકરણ કરીને જયારે બહેનોના આશીર્વાદ મળે છે તો હું ખૂબ ગર્વની લાગણી અનુભવું છું. લોકો આપણને બધાને માનભેર જોતાં હોય છે. આપણાં ગૃહના વ્યવહારો, ઉચ્ચારણો સમગ્ર ગુજરાતની જનતા સુધી પહોંચતું હોય છે ત્યારે પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણી સૌની ગૃહની ગરિમા જાળવવાની વિશેષ જવાબદારી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ કહીશ કે પાર્ટીના સંસ્કાર અને સિંચન આમાં બહુ મોટો ભાગ ભજવતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયનું ભવિષ્ય જેના હાથમાં છે એવા બાળકોના સ્વાસ્થ્ય માટે અતિ મહત્ત્વનો શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ ગુજરાત સરકારે અમલમાં મૂકયો છે. રાજ્યના નવજાત શિશુને લઇને છ વર્ષના આંગણવાડીના બાળકો પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બાળકો સહિત કુલ એક કરોડ અને પંચાવન લાખથી વધુ બાળકોની ચકાસણી અને સારવાર કરવામાં આવી. બાળકોમાં એટલે કે ફાટેલા તૂટેલા હોઠ હોય અને વાંકાચૂંકા પગ હોય એવો જે રોગ જોવા મળે છે એમાં આઠેક વર્ષની ઉમર સુધીમાં સારવાર મળી જાય તો રોગ નિયંત્રણમાં આવી જાય છે. પરંતુ જાગૃતિના અભાવે જીવનભર બાળકો પીડા ભોગવતા હોય છે. આવા બાળકોને શોધીને તેમની સારવાર કરવાનો પ્રારંભ પણ ગુજરાત સરકારે કર્યો છે. રાજ્યનો કોઇ નાગરિક, કોઇ બાળક આરોગ્ય ચકાસણીમાંથી બાકી ન રહી જાય તેની ચિંતા આ સરકારે કરી છે. કોઇપણ યોજના સાથે જ્યારે સંવેદનાની સુગંધ ભળે ત્યારે એ એક સરકારી યોજના ન રહેતાં જન કલ્યાણ માટેની સુખાકારી યોજના સાબિત થાય છે. મા વાસ્તલ્ય યોજનાના કારણે આજે ગુજરાતમાં કોઇપણ સામાન્ય પરિવાર હોસ્પિટલના દવાખાનાના બિલની નહીં પણ સ્વાસ્થ્યની ચિંતા કરે છે. માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક પાંચ કૃષિ અને સહકાર વિભાગની લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. એમાં ૫૦ ટકા મૂડી ખર્ચમાં વધારાની માગણીઓ છે. જો બજેટ બનાવતી વખતે ધ્યાન રાખ્યું હોત તો કદાચ પૂરક માગણી કરવાનો અવસર ન આવત અને જ્યારે માગણી કરી ત્યારે આ વધારાનું ખર્ચ થયું છે તે જો ખેડૂતોના હિતમાં અને ખેડૂતોના વિકાસ અર્થે, ખેડૂતોની મુશ્કેલીમાં મદદરૂપ બનવાના ઇરાદાથી કર્યું હોત તો એ કામગીરીને જરૂર બિરદાવત. એક દાખલો આપું. ચાલુ વર્ષે ખેડૂતોએ કપાસ પકવ્યો. ખેડૂતોને રૂ.૮૦૦/– થી નીચે વેચવાનો વખત આવ્યો. ખેડૂતોના કપાસના ટેકાના ભાવ રૂ.૮૧૦/–ની આસપાસ નક્કી કર્યા. પરંતુ એ ભાવે ખરીદવાની વાત આવી તો ખરીદી કરી નહીં અને રૂ.૫૦૦/– કરોડની સહાય કરવાની વાત કરી. એમાં પણ એમણે રૂ.૧૪.૫૦ કરોડ સહાય પેટે ચૂકવ્યા. જ્યારે તેઓ સત્તા પર નહોતા ત્યારે ૨૦ કિલો કપાસનો ભાવ રૂ.૧૪૦૦/-, રૂ.૧૫૦૦/– અને રૂ.૧૬૦૦/– આપવાની વાત આ ગૃહમાં અને બહાર બહુ જોરશોરથી કરેલી. પણ જ્યારે મોકો મળ્યો ત્યારે એ કામમાં સફળ રહ્યા નહીં.

ઉપાધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ ઉપર આપની વાત રાખો તો સારું. શિક્ષિત માણસને બહુ કહેવું ઠીક લાગતું નથી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સોસીયો ઇકોનોમિકના સરવે પ્રમાણે ૨૦૧૫–૧૬ના ચાલુ વર્ષ દરમિયાન ૧૬ મેટ્રીક ટન કરતાં વધુ અનાજનું ઉત્પાદન ઘટ્યું, ૮૧૫ લાખ ગાંસડી કપાસનું ઉત્પાદન ઘટ્યું, ૨.૭૫ લાખ ટન તેલીબીયાંનું ઉત્પાદન ઘટયું. ૮ લાખ ટન કરતા મગફળીનું ઉત્પાદન ઘટયું અને કેગના રિપોર્ટ પ્રમાણે રાજયમાં કૃષિ વિકાસનો દર રાજય સરકાર જે ગણાવે છે એ રહ્યો નથી. ગયા વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન આ દર પાંચ પૂર્ણાંક અને ચાર દશાંશ ટકા જેટલો રહ્યો. રાજય સરકારના કૃષિક્ષેત્રે અને સહકાર ક્ષેત્રે વિકાસ માટેના કોઇપણ પ્રયત્નો હોય પણ કૃષિક્ષેત્રમાં ત્યારે જ સફળ થવાય કે જયારે ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે, ઉત્પાદન ડબલ થવાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરી જતી નથી પણ એના ઉત્પાદન ખર્ચને ધ્યાનમાં લઇને જો ભાવ નકકી કરવામાં આવે અને એના કરતા જો ભાવ નીચા જાય તો ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે અને એ

હેતુસર જો આ વધારાનું ખર્ચ કરવામાં આવે તો એનો કોઇને વાંધો કે વિરોધ હોઇ શકે નહીં પણ સરકારશ્રીએ એ કામ કર્યુ નથી. ટેકાના ભાવે ખરીદી કરવાનું કામ ચાલુ વર્ષે ના કર્યુ, ઉત્પાદન ઓછું થયું, ભાવ નીચા ગયા ખેડૂતોની આર્થિક સ્થિતિ દિનપ્રતિદિન બગડતી જાય છે. ખેડૂતો ખેતી છોડી રહ્યા છે. આવા સંજોગોમાં આ ખેડૂતોને ખેતીમાંથી રસ ઓછો થાય એને અટકાવવા માટે પણ જે પગલાં ભરવા જોઇએ એ ના ભર્યા અને આજે ખેત ઉત્પાદન વાવેતર કરીને એને પકવીને ઘેર લાવવાનું કામ એનાથી પણ વધારે કઠિન છે. ભૂંડ એટલા ખેડૂતોને હેરાન કરે છે ત્યારે એ કાંટાળી વાડ કરવાનું આયોજન છે પણ છેલ્લા બે વર્ષો દરમિયાન એમાં પણ નહીવત ખર્ચ આ સરકારે કર્યુ છે. કદાચ આ વધારાનું ખર્ચ એની પાછળ જો કર્યું હોત તો પણ આનંદ થાત. બીજી વાત કરું તો હમણા ખેડૂતોને જે પહેલા હોર્સ પાવર દીઠ વીજળીનો ભાવ હતો એની જગ્યાએ મીટર બેસાડવાની કામગીરી સરકારે હાથ ધરી છે. આમ પડયા ઉપર પાટુ, ખેડૂત બેહાલ થઇ ગયો છે. જે સંજોગોમાં જૂની પદ્ધતિને દૂર કરી અને મીટર પદ્ધતિ દાખલ કરી એ ખેડૂતોને હેરાન કરવાની વાત છે. બીજું ખેડૂતોને કોઇપણ નાની ભૂલ આમાં થાય તો એમને જેલભેગો કરવાની વાત કરીને ડરાવવામાં આવી રહ્યો છે. ખેડૂતોના ઉત્પાદનનો બગાડ અટકાવવા માટે ગ્રામ્ય વિસ્તારમાં ગોડાઉન બનાવવાની સ્કીમ લઇ આવ્યા, પણ છેલ્લા એક વર્ષથી આ સ્કીમ જે અમલમાં છે એમાં હું નથી માનતો કે દસ ટકા આનો અમલ થયો હોય એમાં પણ અનેક અડચણો આવે છે. એના માટે પણ જો સ્કીમ બદલીને વધારાનું ખર્ચ કર્યુ હોત તો એનો આનંદ થાત અને એને સ્વીકારવામાં કોઇ મુશ્કેલી ના રહેત. સહકારી ક્ષેત્રે સરકારનો હસ્તક્ષેપ દિનપ્રતિદિન વધતો જાય છે અને એના કારણે અનેક નાની નાની સહકારી ધિરાણ મંડળીઓને ટ્રીબ્યુનલમાં જવાનો પ્રસંગ આવે છે અને ટ્રીબ્યુનલમાં જાય છે ત્યારે આઠ-દસ વર્ષ સુધી એનો નિકાલ નથી આવતો. નિકાલ નહીં આવવાનું માત્ર અને માત્ર એ કારણ છે કે ત્યાં કાયમી મેજીસ્ટ્રેટ નથી. મેજીસ્ટ્રેટ મૂકીને પણ આ વધારાનું ખર્ચ કર્યુ હોત તો એને સ્વીકારતા આનંદ થાત પણ એવું કર્યુ નથી.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગૃહ વિભાગની માગણી ક્રમાંક ૪૩, રુ. ૧૩,૬૬,૮૫,૦૦૦ની લઇને આવ્યા છે તેમાં મારા વિચારો સમર્થન સાથે રજૂ કરું છું. આ ગૃહ વિભાગ રાજયનો અતિ સંવેદનશીલ વિભાગ છે. અને અતિસંવેદનશીલ વિભાગની અંદર ખૂબ ઝીણવટતાથી કામ થઇ રહ્યું છે. મને જણાવતા આનંદ થાય કે રાજ્ય સરકારમાં પોલીસ ખાતામાં સરાહનીય કામગીરી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી રહી છે જેના આપણે સૌ સાક્ષી છીએ. ૨૦૧૫-૧૬માં પણ પોલીસ દ્વારા અનેક પ્રકારની પ્રશંસનીય કામગીરી આ ગુજરાતમાં થઇ છે. હમણાં જ આપણા સભ્યશ્રી શૈલેષભાઇ વાત કરીને ગયા કે પોલીસ વાહનો માટે, પોલીસની કોલોની માટે, પોલીસ સ્ટેશનો માટે જો આ માગણીઓ લવાઇ હોત તો આનંદ થાત અને સમર્થન સાથે અમે સ્વીકારી લેતા. કહેવાનું મન એટલા માટે થાય કે તા. ૧-૧૧-૧૯૮૮ના રોજ ગૃહ વિભાગના હુકમથી તે વખતના મુખ્યમંત્રીશ્રી અમરસિંહભાઇ ચૌધરીના શાસનકાળ દરમિયાન પોલીસ હાઉસિંગ કોર્પોરેશનની સ્થાપના થઇ. ૧૯૮૮ થી ૨૦૦૦ની વાત કરીએ અને ૨૦૦૦થી ૨૦૧૬ની વાત કરીએ તો ૧૯૮૮ થી ૨૦૦૦ની સાલ દરમિયાન પોલીસ હાઉસિંગ કોર્પોરેશન બન્યા પછી પોલીસ હાઉસીંગ કોલોની આખા ગુજરાતમાં માત્ર ૩ બની હતી. આજે છેલ્લા ૧૫ વર્ષમાં ગુજરાતની અંદર જે પોલીસ પરિવારના કર્મચારીઓ કામ કરી રહ્યા છે એમને રહેવા માટે અદ્યતન ફ્લેટની કોલોની હોય તો ૧૦ કરતાં વધારે હાઉસિંગ કોલોની માત્ર અને માત્ર અમદાવાદમાં બની છે. આખા ગુજરાતની વાત નથી કરતો. અદ્યતન પોલીસ સ્ટેશનો બન્યા, ટેકનોલોજી આવી, સી.સી.ટી.વી. કેમેરા આવ્યા, વાહનો આવ્યા એ વાહનો જૂના થતા ગયા, કોમ્પ્યુટરો આવ્યા અને કોમ્પ્યુટરો પછી અનેક પ્રકારની નવી ટેકનોલોજીનો ઉપયોગ આ શાસનમાં થયો છે. હાલમાં એનો ઉપયોગ ચાલી રહ્યો છે. જ્યારે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મને કહેવાનું મન થાય કે હમણાં જ બે-ત્રણ મહિના પહેલાં સૌરાષ્ટ્ર અને બનાસકાંઠામાં પૂર આવ્યાં અને અતિ વરસાદના કારણે આપણા લોકો જ્યારે પાણીમાં ફસાયેલા હતા ત્યારે આ જ પોલીસ પરિવારના જવાનોએ રાત-દિવસ જોયા વગર સરાહનીય કામગીરી કરી છે. સરાહનીય કામગીરી કરીને અનેક લોકોને બચાવ્યા છે. આવું લોકોની જિંદગી બચાવવાનું સાહસનું કામ આ પરિવારના જવાનોએ કર્યું છે. એનાથી આગળ વાત કરીએ તો તા. ૩૦-૧૧-૨૦૧૫ થી તા. ૨-૧૨-૨૦૧૫ દરમિયાન રાષ્ટ્રપતિશ્રી ખેડા, અમદાવાદ, ગાંધીનગર, દ્વારકાની મુલાકાતે આવ્યા ત્યારે એમની સલામતીમાં પણ આ જ પોલીસ પરિવારના લોકોએ ખૂબ સરાહનીય કામગીરી કરી છે. મારે એટલા માટે કહેવું પડે કે, કદાચ દેશમાં પહેલી વખત કચ્છના ધોરડો ખાતે પ્રથમ ડી.જી.પી. કોન્ફરન્સ થઇ. સમગ્ર દેશના ડી.જી., ડી.આઇ.જી. એક જગ્યા ઉપર આવી આખા વર્ષની ચિંતા અને ચિંતન કર્યું કે આખા દેશની પોલિસી શું હોવી જોઇએ? આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના અધ્યક્ષસ્થાને અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં મળી. આખા દેશના ડી.જી. અને ડી.આઇ.જી. કદાચ આવ્યા હોય એ પહેલી ઘટના આ શાસનમાં બની. અહીંયા બનેલી રણનીતિ, ગુજરાત જે નક્કી કરે છે એ સમગ્ર દેશ નક્કી કરે છે એ ન્યાયે આવનારા દિવસોમાં સમગ્ર દેશમાં લાગુ પડવાની છે. આ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શાસનમાં ભરતી ઉપરનો પ્રતિબંધ ઉઠ્યો અને પહેલી વખત ૮૪૫૦ જેટલા પોલીસ કર્મચારીઓની ભરતીની શરૂઆત થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : ભૂષણભાઇ, આપનું પ્રવચન ચાલુ રહે છે. વિરામનો સમય થયો છે.

(વિરામ સાંજના ૪-૩૦ થી ૫-૦૦)

ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર અધ્યક્ષસ્થાને

શ્રી ભૂષણભાઇ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો કે, ગુજરાતની અંદર પહેલી વખત રાજ્યમાં પોલીસ ભરતી બોર્ડની શરૂઆત થઇ. એ ધ્યાને લઇને પહેલી વખત ૮૪૫૦ જેટલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા સંપન્ન કરી દીધી અને તેની અંદર ૫૦૦ બિન હથિયારધારી પી.એસ.આઇ., ૮૦૦ એ.એસ.આઇ., ૫૬૫૦ બિન હથિયારધારી કોન્સ્ટેબલ અને ૧૫૦૦ હથિયારધારી પોલીસ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. આ પોલીસ ઇન્સ્પેક્ટર, પી.એસ.આઇ., સબ ઇન્સ્પેક્ટર તેમજ લોકરક્ષક સંવર્ગમાં ભરતીની પ્રક્રિયાની ઉમેદવારીના ફોર્મ ભરવાની પણ આજના યુગની અંદર વેબ સાઇટ ઉપર ઓન લાઇન શરૂઆત થઇ અને એની શારીરિક ક્ષમતાની કસોટી પણ તા. ૨૧-૧-૨૦૧૫ થી તા. ૨૬-૨-૨૦૧૫ સુધી રાજ્યના અલગ અલગ ૧૬ કેન્દ્રો ઉપર સફળતાપૂર્વક થઇ. આ ભરતીની પ્રક્રિયાની અંદર શારીરિક ક્ષમતાની કસોટીમાં પણ પારદર્શિતા. એ દ્રષ્ટિને ધ્યાનમાં લઇને વિશ્વમાં માન્ય હોય એવી ટેકનોલોજીનો પણ પહેલી વખત આખા દેશની અંદર માઇક્રોચીપ્સનો ઉપયોગ કરવામાં આવ્યો અને એ શારીરિક કસોટીની અંદર જે પરીક્ષાર્થી મેદાનમાં ઉતરે એ દરેકના પગે ઇલેક્ટ્રોનિક બેલ્ટ બાંધવાની શરૂઆત થઇ અને શારીરિક કસોટીમાં આખોને આખો રેકોર્ડ એ કોમ્પ્યુટરાઇઝ નીકળે એટલે ક્યાંય ભ્રષ્ટાચારની ગંધ ના આવે. જે સૌથી પહેલો આવે, જે નિયમ મુજબ આવતો હોય એને આપવાની શરૂઆત થઇ અને આ પ્રક્રિયાની અંદર પણ લગભગ ૧૫૦ જેટલા સી.સી.ટી.વી. કેમેરા લગાવીને આ પ્રક્રિયાની શરૂઆત કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેવાનું મન થાય કે ૮,૪૫૦ જેટલી જગ્યાઓની પ્રક્રિયાની અંદર ગતિશીલ રાજ્યના મુખ્યમંત્રીશ્રીની કલ્પના મુજબ પોલીસમાં કોઇ મહિલા આવે? આવો વિચાર કોઇને ના આવે, પણ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીને વિચાર આવ્યો અને પોલીસની ભરતીની અંદર પણ ૩૩% મહિલા ભરતી અનામત કરવાનો વિચાર આવ્યો અને એ ભરતી એમણે ૩૩% મહિલા અનામત કરી અને એના આધારે પણ એ ૩૩% અનામત કરવાને કારણે અનેક બહેનો પોલીસ વિભાગની અંદર નોકરી માટે આવી. માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૧-૧-૨૦૧૫ થી રાજ્યના અલગ અલગ ૧૬ કેન્દ્રો ઉપર આ એ.એસ.આઇ. અને લોકરક્ષકનો ભરતી મેળો થયો ત્યારે બે લાખ ઉમેદવારો એમાં ઉતીર્ણ થયા હતા. આ ઉમેદવારોની લેખિત પરીક્ષા પણ રાજ્યની અંદર જૂનાગઢ, રાજકોટ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર, અમદાવાદ જેવા લગભગ ૪૫૦ કેન્દ્રો ઉપર ૪૬૦ જેટલી શાળાઓની અંદર લેવામાં આવી અને આ લેખિત પરીક્ષાનું પરિણામ પણ એ વેબસાઇટ અને ફિઝિકલ બંને રીતે જાહેર કરવામાં આવ્યું અને એમાં લગભગ ૨,૬૮૬ ઉમેદવારોને ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવ્યાં અને ઇન્ટરવ્યુમાં હવેની પ્રક્રિયાની અંદર એમ નક્કી કરવામાં આવ્યું કે આની અંદર મૌખિક ઇન્ટરવ્યુ બંધ કરીને એના ક્રમ મુજબ આવતું હોય, મેરિટમાં આવતો હોય એ એના ઘર બેઠો હોય અને ટપાલ મળે એ કહે કે મને નોકરી મળી છે. આ કાર્યવાહી આ ગુજરાતની અંદર શરૂ થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ મારાં સાથી મિત્રો જે કહેતા હતા એમને કહેવાનું એટલા માટે મન થાય કે ''સીસો કે ઘર મેં રહેને વાલે દૂસરે કે ઘર મેં પથ્થર નહિ ફેંકા કરતે''

માનનીય અધ્યક્ષશ્રી, આ પોલીસ નવજવાનોની અંદર જો વાત કરીએ એનું મોરલ વધારવાની વાત કરીએ, એની ક્ષમતા વધારવાની વાત કરીએ, એની તાકાત વધારવાની વાત કરીએ. એની જગ્યાએ કેટલાક લોકોએ અહીંયા કાંઇક વાત કરવાની અને ઘરે ગયા પછી એજ અધિકારી જોડે ફોન દ્વારા કેટલાક કામ કરાવવાની પદ્ધતિ પણ, એ પદ્ધતિઓ પણ આપણે જાણીએ છીએ. આ પોલીસ અધિકારીઓ જાંબાઝ અધિકારીઓને આપણે બીજું કાંઇ ના આપી શકીએ તો કાંઇ વાંધો નથી પણ મારે એટલું કહેવું પડે કે, આજ અધિકારીઓએ ગુજરાતની અંદર દેશની અંદર, પાકિસ્તાન કે બાંગ્લાદેશમાંથી આવતી ચલણી નોટો પકડવાનું ષડયંત્ર એ દેશમાં જો સૌથી મોટી માત્રામાં પકડ્યું હોય તો એ આ જ અધિકારીએ પકડ્યું છે અને જેલના સળિયા પાછળ એ લોકોને મોકલી આપ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. પુનાભાઇ ગામીત.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત (વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે જે રીતે કૃષિમાં ખેડૂતોનું જે હિત વિચારવું જોઇએ, આમ તો માનનીય નાણામંત્રીશ્રી ખૂબ સારા- છે પરંતુ અમુક વિસ્તારોમાં નાણાં મૂકવાના ભૂલી ગયા છે, એટલે અમુક વિસ્તાર રહી ગયા હોય અમારા જેવાના, તે વિસ્તારોમાં નાણા ફાળવવા માટે માગણી લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ખેડૂતોને સિંચાઇ પૂરી પાડવા માટે જે જોગવાઇઓ કરી છે એ પૂરતી કદાચ નહીં હોય અને ખેડૂતો આશા અને મીટ માંડીને બેઠા છે. સામાન્ય રીતે મારા વિસ્તારના મારા તાપી જિલ્લાની હું વાત કરું તો મારે પણ જરૂર છે ત્યારે મારા તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ૪૦ થી ૪૫ ગામડાં એવા છે કે, ત્યાં આકાશી ખેતી, વરસાદી ખેતી ઉપર જ નભતા ખેડૂતો છે. એજ રીતે મારા વ્યારા તાલુકામાં પણ એવી જ પરિસ્થિતિ ઉભી છે ત્યાં લગભગ ચુંમાળીસ જેટલા ગામડાં એવા છે કે, એ ખેડૂતો આકાશી વરસાદ પર જ નભે છે. મેં ગત વિધાનસભામાં પણ આ રીતેની માગણી ઉપર મારા વિચારો રજૂ કર્યા હતા કે, ભાઇ અમારે ખૂબ સરસ ઉકાઇ ડેમ છે અને ઉકાઇ ડેમની કેનાલ અમારા વિસ્તારમાંથી પસાર થઇને વલસાડ અને સુરતમાં જાય છે. એ કેનાલમાંથી પમ્પીંગ સ્ટેશન ઉભું કરીને ડોસવાડા ડેમમાં પાણી નખાય અને ત્યાંથી ત્યાંના આજુબાજુના ખેડૂતોના જે ગામડાં છે લગભગ ચાળીસ થી પિસ્તાળીસ ગામડાં છે તેમને પાણી આપી શકાય તેમ છે. એ જ રીતે ત્યાંથી જે પાણી લેવાનું છે એ કેલાઇ જે ગામ છે એ કેલાઇ ગામ ફકત સાત થી આઠ કિલોમીટર છે. સાત થી આઠ કિલોમીટર નહેરથી જે પાણી લેવાનું છે ત્યાં પમ્પીંગ

સ્ટેશન ઉભું કરીને જો પાણી આપવામાં આવે ડોસવાડા ડેમમાં તો બોરમાં પાણી આવે, કુવામાં પાણી આવે તો ખેડૂતોનો ઉદ્ધાર થાય એવી પરિસ્થિતિ છે. એટલે આ બંને તાલુકાઓના થઇને ૮૭ ગામડાંને ફાયદો થઇ શકે છે તેવું છે. આ બજેટમાં મૂકવાનું કદાચ ભૂલી ગયા છે એટલે માનનીય મંત્રીશ્રીને આ ફરીવાર પાછા બજેટ લઇને આવ્યા છે, આ માગણીઓ લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ પાણી પૂરવઠા મંત્રી માનનીય નરોત્તમકાકા હજી સભ્યમાં ચાલુ છે જ પરંતુ એમની કમિટીમાં હું ગયો હતો અને સૌરાષ્ટ્રમાં જે રીતે પાઇપલાઇનો કરી છે ખેડૂતો માટેની સુવિધા ઉપલબ્ધ કરી છે અઢીસોથી ત્રણસો કિલોમીટર પાઇપલાઇન કરી છે. અમારે ૨૫૦-૩૦૦ કિલોમીટર પાઇપલાઇન નથી જોઇતી. એ સમીક્ષા માટે અમે માનનીય સભ્યશ્રી નરોત્તમભાઇ જોડે ગયા હતા. મેં એમને પૂછ્યું કઇ ગ્રાન્ટમાંથી એ કહ્યું નહીં, ખરાબ લાગે, અપમાન થાય પરંતુ એ પરિસ્થિતિ ઉભી થાય કે બધા ખેડૂતોનો એકસરખો હેતુ જળવાતો હોય તો અમારા વિસ્તારમાં પણ ગુજરાત રાજયના નકશામાં અમે જીવીએ છીએ. અમારો તાપી જિલ્લો સુરતમાંથી છુટો થયા પછી કદાચ નકશામાંથી કાઢી નાખવાના હોય તો અમને *(×××) (અંતરાય) કાંઇ વાંધો નહીં સાહેબ, કાઢી નાખવાનું. તમારા તો મેં વખાણ કર્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દ કાઢી નાખીએ છીએ.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અમારી જે પરિસ્થિતિ છે એ માનનીય મંગુભાઇ સાહેબ પણ જાણે છે અને માનનીય મંત્રીશ્રી પણ જાણે છે. અમારી પરિસ્થિતિ અત્યારે એવી છે કે સૂકા વિસ્તારની અંદર અત્યારે જે લોકો જીવે છે એ આજે સુરત જાય છે, વલસાડ જાય છે ધંધા-રોજગાર માટે. અમારે ૨૫૦ કે ૩૦૦ કિલોમીટરની મોટી લાઇન નથી જોઇતી, પણ જો સાતથી આઠ કિલોમીટરની પાઇપલાઇન કરીને એમાં જો પાણી નાખવામાં આવે તો તમને પૂણ્ય મળશે કેમ કે માનનીય મંત્રીશ્રી જે રીતે માગણી લઇને આવ્યા છે, મોહનભાઇ તમારા ગામમાં થઇને નહેર જાયને એટલે તમને પાણી મળે છે એટલે તમને કોઇ વાંધો નથી, તમે મજાક મશ્કરી ન કરો, ગરીબ ખેડૂતોનું ધ્યાન રાખીને તમે કરો નહીંતર તમને વ્યારામાં આવવા નહીં દઇએ. માનનીય મંત્રીશ્રીને મારી ખાસ નમ્ર વિનંતી છે કે આવા વિસ્તારને પણ ધ્યાનમાં રાખીને તમે પ્રાધાન્ય આપો તો હું જાતે સૌરભભાઇને હારતોરા પહેરાવીશ. નાણામંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એ માગણી અમને સંતોષકારક જણાય છે. પક્ષથી પર રહીને માનનીય સૌરભભાઇને હારતોરા કરવા માટે હું જાતે આવીશ કારણ કે પ્રજાના વિકાસ માટે, જનતાના વિકાસ માટે તેનું હિત જાળવતા હોય તો એમાં કોઇ પાર્ટીથી હું ગભરાતો નથી. પાર્ટીથી પર રહીને જો ગરીબ માણસો, ગરીબ ખેડૂતોનું કામ કરતા હોય તો માનનીય મંત્રીશ્રીને હું મારા તરફથી ખાતરી આપું છું એટલે માગણીઓ લઇને આવ્યા છે એની સાથેસાથે ખાતરી પણ આપે. આપણે સૌ ખેડૂતના હિતમાં જ કરતા હોઇએ અને ખેડૂતોનું જ ખાસ ધ્યાન રાખતા હોઇએ. નાના ખેડૂતો છે.

શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, " ઘડ ધીંગા, ઘરમાધુડા, આરધીગા હથિયાર, ભલો મારો વિસ્તાર વઢીયાળ " મારે આભાર માનવો છે. ગયા બજેટ સત્રમાં હું હાજર નહોતો રહી શકયો. હાલના આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી નીતિનભાઇ પટેલ અને અમારા દંડક સાહેબે મને ફોન કરીને સિવિલમાં દાખલ કર્યો તે બદલ હું એમનો આભાર માનું છું. સાથે સાથે તમામ આ ગૃહના સભ્યોએ મારા વિષે ચિંતા કરી અને બધાએ સમાચાર લીધા તે બદલ આ ગૃહના સભ્યોનો હું આભાર માનું છું. માનનીય મંત્રીશ્રી જે સહકાર વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમા મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

સહકાર એટલે દરેક વિભાગને આ સહકાર લાગુ પડે. પિયત મંડળી હોય, દૂધ મંડળી હોય, સહકારી મંડળી હોય, કૃષિ ક્ષેત્રે આ બધાને લાગુ પડે, એટલે મારે મારી સામે વિપક્ષના સભ્યો બેઠા છે. એમને મારી વિનંતી છે કે સાડા છ કરોડની જનતાએ આપણને આ ગૃહમાં ચૂંટીને મોકલ્યા હોય, તેમાં શાસક હોય કે વિપક્ષ હોય તેમણે આ બિલને આવકારવું જોઇએ. આ માગણીઓને આપણે સ્વીકારવી જોઇએ. ગોવાભાઇ, આ પ્રજા માટે છે.

અધ્યક્ષશ્રી : આપણે પૂરક માગણી ઉપર બોલીએ. આપણી લાગણી મહત્વની છે, માગણી નહીં.

શ્રી નાગરજી હ. ઠાકોર : આ રાજ્યની સહકારી પ્રવૃત્તિ દેશભરમાં અગ્રેસર રહેલી છે. આ સહકારમાં બધુ આવે. આપણે કોઇને વાતવાતમાં પૂછીએ કે ભલા માણસ મને સહકાર આપજે. એ પણ આમાં આવે. નાની મોટી વાતો, લેતી-દેતી સહકારમાં આવે. આ સહકાર દેશભરમાં અગ્રેસર છે. આગળ વાત કરું તો આ રાજ્યમાં ૭૩,૦૦૦ કરતા વધારે સહકારી મંડળીઓ નોંધાયેલી છે. એના અલગ અલગ વિભાગમાં આ મંડળી કામ કરતી હોય અને ખૂબ મોટો ફાયદો થતો હોય. સહકારી એ ખૂબ મોટું માળખું છે. બળદેવજી બે દિવસ પહેલાં કહેતા હતા કે અમે ઓછું ભણેલા હોય આમાં ઓછી ખબર પડે. હું પણ એમાં આવું છું. એ પૂર્વ સરકારના પાપે આપણે રહી ગયા છીએ, કારણ કે કોઇ વ્યવસ્થા એ સરકારમાં નહોતી. એ અમારા અને બળદેવજીના ભાગમાં આવ્યું છે. એટલે અમે રહી ગયા. મારે આપને કહેવું છે કે આ મંડળી નોંધાયેલી છે. જેની સાથે ૧.૬૨ કરોડ કરતા વધારે સભાસદો જોડાયેલા છે. આ નાનીસૂની વાત નથી. આની અંદર ખૂબ લાભ થતો હોય છે. બધા વિભાગોમાંથી આપણને પ્રેરણા મળતી હોય છે. કેનાલની વાતો થતી હતી. એક જમાનામાં આપણા વડીલો જ્યારે યાત્રાએ જતા હતા ત્યારે ગંગાજળની બોટલો ભરીને લાવતા હતા. આ ગંગાજળ માટે મારે આપને કહેવું છે કે પૂર્વ આપણા મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને હાલના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આ બંનેના નેતૃત્વ નીચે આ તમામ વ્યવસ્થા થઇ હોય ત્યારે બોટલો નહિ, હજારો કિલોમીટર, હજારો ફૂટ પહોળી કેનાલો ભરી ભરીને ગંગાજળ લઇ આવ્યા. તો પણ વિપક્ષ કહે કે અમને કઇ દેખાતું નથી. ના દેખાતું હોય તો આ ભારતીય જનતા

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પાર્ટીની સરકારે ખૂબ સારી વ્યવસ્થા કરી છે. ત્યાં થોડું જોવડાવી લો. આ સરકારમાં ખૂબ સારી વ્યવસ્થા છે, એટલે આગળ વાત કરું તો સહકારમાં આપણે એમ કહી શકીએ કે દર ચોથો ગુજરાતી સહકારી પ્રવૃત્તિમાં સંકળાયેલો છે. મારે આપને કહેવું છે કે આ મંડળીઓ મારફત અનેક યોજનાઓ ચાલતી હોય છે. આજે આપણે દૂધની વાત કરીએ તે પણ એક દૂધ મંડળી મારફતે થાય છે. મારો વઢિયાળ સૂકો વિસ્તાર છે. ભારતીય જનતા પાર્ટીની સરકારના આધારે આ કેનાલો આવી અને તેના લીધે મારા વિસ્તારનો એક ગરીબ માણસ કે જેને કોઇ આધાર ન હોય તો પણ આ કેનાલના આધારે બપોરે જઇ એક પોટલો ઘાસ લઇ આવે અને પશુપાલન થકી તેની રોજીરોટી રળે. આ ગતિશીલ ગુજરાત છે. આને ગતિશીલ ગુજરાત કહેવાય. તો પણ મારા સાથી મિત્રો કહે છે કે કંઇ દેખાતું જ નથી. જોઇતાભાઇ ધાનેરાના ધારાસભ્ય કહેતા હતા.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, સૌરભભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં કૃષિ અને સહકાર વિશે હું બોલવા માટે ઉભો થયો છું. તેમાં ૩૬ કરોડ ૧૩ લાખ ૩૯ હજારની પૂરક માગણી લઇને આવ્યા છે પણ આ માગણી પહેલેથી લઇને આવ્યા હોય તો શું વાંધો હતો તે આ માગણી પાછળથી શું કામ લઇને આવ્યા? આપણો ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે અને તેમાંય ગુજરાત રાજય ખેતીપ્રધાન રાજય છે. ખેતી એક ફેકટરી છે. બધી ફેકટરીઓ બંધ રહે પણે ખેતીની ફેકટરી બંધ ન રહે. ગુજરાત સરકારને ખબર નથી કે આ ખેતીનું શું કરવું. એક તો મહેકમ જ નથી. પહેલાં કોંગ્રેસના વખતમાં એટલા બધા સેવકો હતા કે ઘેર ઘેર જઇ ખેતી વિશે બતાવતા હતા કે ભાઇ આ ખેતી કરો, આ ખેતી કરો. અત્યારે મહેકમ જ નથી, સેવકો જ નથી તો પછી ખેતીની શું વાત કરવાની. પહેલાં તમે મહેકમ પૂરો પછી ખેતીની વાત કરો કે આ ખેતી સારી. આ રાજયમાં દિવસે દિવસે ખેડૂતો દેવાદાર બનતા જાય છે. ખેડૂતોની જે ઉપજ થાય છે તેનો ભાવ કોણે નકકી કરવાનો? વેપારીએ નકકી કરવાનો, ખેડૂતે નહીં. તમે આમાં ડેરી જેવું કરો તો ખેડૂતોને ફાયદો થાય. સહકાર જેવું ખેતીમાં કરો તો ખેડૂતોને ફાયદો થાય પણ તે કરી શકતા નથી. બીજું તમે જુઓ કે ખેતીમાં ટાઇમે પાણી જોઇતું હોય ત્યારે નહેરનું પાણી ન મળે. વીજળી આઠ કલાક મળે. કોઇને દસ પંદર વીઘા જમીન હોય તેને તમે સાડા સાત એચ.પી.નું કનેકશન આપો તો તેનું જ પૂરું ન થાય તો બીજાને કયાંથી પાણી આપવાનો હતો. નાના અને સીમાંત ખેડૂતો મરવા પડયા છે, દેવાદાર બન્યા છે, રોજીરોટી નથી મળતી. તે તમે સમજતા નથી. નાના અને સીમાંત ખેડૂતો માટે કંઇક કરો. મેં પહેલાં સૌરભભાઇને કહ્યું હતું કે બે એચ.પી.નું કરી આપો પણ નથી માનતા. ખેડૂતો ખેતી સારી નહીં કરે તો તમે અનાજ કયાંથી લાવશો. અહીં દિવસે દિવસે વસતિ વધતી જાય છે એટલે અનાજની ખોટ પડશે. બધા વગર ચાલશે પણ અનાજ વગર નહીં ચાલે. માટે ખેતીને વધુને વધુ પ્રોત્સાહન આપવુ જોઇએ તેમ છતાં તમે નથી આપતા. નહેરોમાં જયારે જરૂર હોય ત્યારે પાણી નથી આપતા. જયારે •(×××) તમે ટાઇમે પાણી આપો તો ખેતી સારી થાય. ઘઉં પાકે, બાજરી પાકે, બીજું અનાજ પાકે. ટાઇમે પાણી તમે નથી આપતા. આઠ કલાક લાઇટ આપે અને તેમાં રાતે આઠ કલાક આપે અને દિવસે આઠ કલાક લાઇટ આપે છે. કોઇકને દિવસે લાઇટ આપે છે અને કોઇકને રાત્રે લાઇટ આપે છે. પંદર દિવસ દિવસે લાઇટ આપે છે અને પંદર દિવસ રાત્રે લાઇટ આપે છે. રાત્રે ખેડૂતને કંઇક એરું, સાપ કરડીને મરી જાય તો તેનો રણીધણી કોણ. એટલે દિવસે લાઇટ આપવી જોઇએ. તમે ફેકટરીમાં ચોવીસ કલાક લાઇટ આપો છો તો ખેડૂતોને કેમ નથી આપતા. શું કામ તમે બીજા રાજયોમાં વીજળી વેચી ખાઓ છો. ખેડૂતોને આપો. ખેતી વગર નહીં ચાલે. અનાજ કયાંથી લાવશો બીજા દેશોમાંથી અનાજ લાવવું પડશે. ખેતી માટે જરા સહાનુભૂતિ રાખો અને ખેતી સારી થાય તેવું કંઇક કરો. અમારી કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી તો તેમણે ૭૨ હજાર કરોડ રૂપિયા ખેડૂતોનું દેવુ માફ કર્યુ. તમે કશું કર્યુ નથી. આજે ખેડૂતો આપઘાત કરે છે એની પ્રત્યે તો લાગણી રાખો નહીં તો જેમ રજવાડા ગયા એમ તમે પણ જશો, આ બહુ ચાલશે નહીં એટલે ખેડૂતોને સાચવો. ખેતી હશે તો જીવન જરૂરિયાતની વસ્તુ પેદા થશે અને અનાજ વગર ચાલશે નહીં માટે ખેતીની ખાસ જરૂર છે. શ્રી ત્રિભોવનદાસ કાકાએ ડેરી બનાવી એનાથી હજારો ખેડૂતોને આખા ગુજરાતમાં અને આખા હિન્દુસ્તાનમાં પણ રોજી-રોટી મળે છે કેમ કે, પશુ પાલકો ગાય-ભેંસ રાખે છે એનાથી એમનો જીવન ગુજારો ચાલે છે અને એનાથી ગરીબી ઓછી થઇ છે. આપણે ગરીબી ઓછી કરવા માટેના ઘણાં રસ્તાઓ છે પણ તમારે એ કરવું નથી, નહીં તો આપણા દેશમાં ગરીબી જ ન રહે. આપણી પાસે એટલી બધી ખેતી છે કે, જો એની સારી રીતે સાર સંભાળ લેવામાં આવે તો ગરીબી જ ન રહે. નહેરોની વાત કરું તો અમારા ખેડા જિલ્લામાં શેઢી શાખાની જે નહેરો છે એ નહેરો ખેડૂતો માટે કરી છે પણ એમાંથી અમદાવાદ શહેરને પાણી આપે છે, અને બીજું કે એ શેઢી શાખા નહેર છે એ કેટલાય વર્ષો જૂની છે ઓછામાં ઓછી ૧૫ વખત તૂટી હશે અને એને લીધે કેટલાય ખેડૂતોના ઉભા પાકને નુકસાન થયું છે તેમ છતાં એનું વળતર પણ આ સરકાર આપતી નથી. મેં બે-ત્રણ વખત આ બાબતમાં માનનીય સિંચાઇ મંત્રીશ્રીને રજૂઆત કરી છે કે, તમે શેઢી શાખા નહેરનું સમાર કામ કરાવો પણ એ કામ કરવામાં આવતું નથી અને એને કારણે ૫૦ ટકા પાણી પણ અમદાવાદ સુધી પહોંચતું નથી લિકેજ થઇને ૫૦ ટકા પાણી બહાર જતું રહે છે. તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, એ રિપેર કરવામાં આવે, એનું લાઇનિંગ કરવામાં આવે જેથી અમારા ખેડૂતોને ઘણો લાભ થશે અને ટાઇમે પાણી મળશે. એજ રીતે શેઢી શાખાની ઘણી બધી નહેરો બાકી છે, ઘણી બધી અધૂરી છે એ પણ પૂરી કરતા નથી અને તેમાં પણ પૂર આવ્યું એના લીધે બધી જૂની નહેરો પણ તૂટી ગઇ છે તો ખેડૂતો કેવી રીતે ખેતી કરી શકે? અમે આ બાબતમાં રજૂઆત કરી કરીને થાક્યા છીએ પણ આ સરકારની ઉંઘ ઉડતી નથી. કયારે તમે કરવાના છો? તો મારી રજૂઆત છે કે, સહકારી ધોરણે આ બધું કરવામાં આવે તો ખેડૂતોને ફાયદો થાય. બીજું ઊર્જા મંત્રીશ્રીને વાત કહેવા માગુ છું કે, બીજા રાજયોને વીજળી વેચો નહીં અને એને

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બદલે આપણા ખેડૂતોને જ આપો તો ખેડૂતોને વધુ આવક થશે અને રાજયમાં વધુ અનાજ પાકશે તો આપણા રાજયને પણ એનાથી ફાયદો થશે જેથી બહારથી અનાજ લાવવું નહીં પડે, બીજા દેશોને અને બીજા રાજયોને પણ આપણે અનાજ વેંચી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૭૦ ટકા ખેડૂતો ખેતી ઉપર નભે છે. બીજું હમણા * (×××) એવા ઉભા થયા છે એ *(×××)નાના અને ગરીબ ખેડૂતોની જમીનો લઇ લે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય નટવરસિંહજી, *(×××) અને *(×××) શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. આ શબ્દો યોગ્ય નથી, આપણી ભાષામાં થોડો વિનય અને વિવેક હોવો જોઇએ.

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પશુ પાલનનો ધંધો છે એ ખેતીની સાથે સહિયારો ધંધો છે, એ ખેતી સાથેનો પૂરક ધંધો છે. આજે મારે એ બાબતમાં કહેવું છે કે ગૌચરો બધા ખોદી કાઢયા છે અમારા પશુઓ ચરે ક્યાં બિચારા? તો એના માટે કાંઇક કરો. તમે તો ખાણ ખનિજ મંત્રી છો એની ઉપર રેડ પાડીને કાંઇક કરો. આખા ગુજરાતમાં જે ગૌચરો હતા એ ખોદી કાઢયા છે તો પશુઓ બિચારા ચરે કયાં? આ ગૌચરોમાં જે ખોદકામ થઇ રહ્યું છે એ બંધ કરી દો કેમ કે એનાથી સરકારની પણ આવક જાય છે તો આ રીતે ગેરકાયદે જે લોકો ખોદકામ કરતા હોય એને દંડ કરો અને એફ.આઇ.આર. ફાડો, ગમે તે કરો પણ આ ગેરકાયદે ગૌચરોમાં થતા ખોદકામ અટકાવો. બીજું આ બે એચ.પી.નું તો કાંઇક કરો કરોને કરો, જો નાના અને સિમાંત ખેડૂતને જીવતા કરવા હોય, ગરીબી ઓછી કરવી હોય તો બે એચ.પી.ના કનેકશનનું કરો. બે એચ.પી. કરો એટલે નાના અને સિમાંત ખેડૂત હોય બે વિઘાવાળો, પાંચ વિઘાવાળો ખેડૂત હોય એ જીવી શકે એ શાકભાજી કરે, અનાજ પકવે અને ગરીબી ઓછી થાય. પણ નથી સમજતા. પંદર વરસથી હું વાત કરું છું પણ સાંભળતા જ નથી ને. એ કહે છે કે નથી થાય એવું હું કહુ છું કે કેમ ન થાય? બધું થાય એવું હોય છે ને આ કેમ ન થાય. તમે તો ઉદ્યોગપતિ છો એટલે આવું તો કંઇ વિચારો. ગમે તેવું કામ હોય એ વ્યવસ્થિત ના કરીએ તો ફેઇલ જઇએ. અમે વ્યવસ્થિત કરીએ છીએ એટલે ફેઇલ નથી થતાં. હવે આ કહ્યું છે એ નહિ કરો તો ૨૦૧૭માં પછી ફેઇલ જશો. સમય સમય બલવાન હૈ એ કહેવત જાણીતી જ છે. અમારો સમય આવશે જ તમે ચિંતા ના કરો.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વવાળી સરકારમાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે તબીબી અને જાહેર આરોગ્ય માટે રૂપિયા ૧૩૮ કરોડ ૨ લાખ ૯૪ હજાર મહેસૂલ ખર્ચ માટે અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૦૦૦ની પૂરક માગણી નંબર–૩૯ લઇને આવ્યા છે એમાં હું સુર પુરાવું છું. ગઇકાલે લોકસભામાં દીર્ઘદષ્ટા લોકલાડીલા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં માનનીય નાણા મંત્રીશ્રી અરૂણ જેટલીજીએ ભારતની ૧૨૯ કરોડ જનતાને ધ્યાનમાં રાખીને સામાન્ય બજેટ જે પ્રસ્તુત કર્યું છે જે ગામ, ગરીબ, ખેડૂત, મહિલા અને યુવાઓના ઉત્કર્ષ માટેનું બજેટ છે અને એના માટે હું આપના માધ્યમથી તેઓને લાખ લાખ અભિનંદન પાઠવું છું.

આ વરસના બજેટમાં નરોડા વિધાનસભા મત વિસ્તારમાં નરોડા જી.આઇ.ડી.સી. નજીક રેલ્વે ફલાય ઓવરબ્રીજ અને ખારીકટ કેનાલના સરવે માટે જે બજેટની જોગવાઇ કરવામાં આવી છે એના માટે નરોડા વિધાનસભાની જનતા વતી હું નાણામંત્રીશ્રી અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું.

ભારત વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દિલ્હીમાં ૫ અને ૬ માર્ચ, ૨૦૧૬ના રોજ સમસ્ત દેશના મહિલા એમ.એલ.એ. અને એમ.પી. માટેની કોન્ફરન્સ યોજવામાં આવી રહી છે તે માટે આ સદનની મહિલા સભ્યશ્રીઓને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને લોકસભાના મહિલા સ્પીકર માનનીય શ્રીમતી સુમિત્રા મહાજન જેમને અમે તાઇ કહીએ છીએ એમને હું અભિનંદન પાઠવું છું અને આ તબક્કે તેમનો આભાર વ્યક્ત કરું છું.

દેશના ઇતિહાસમાં કદાચ પ્રથમ વખત આવું બન્યું હશે કે પ્રધાનમંત્રીશ્રીના માતુશ્રી બિમાર થયા હોય તો એમણે સરકારી દવાખાનામાં સારવાર લીધી હોય અને એ પ્રધાનમંત્રીશ્રીનો ગુજરાત સરકારના સ્વાસ્થ્ય વિભાગ ઉપર જે વિશ્વાસ છે એના માટે હું સ્વાસ્થ્ય વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. It is always said "Preventiom is better than cure અને "Early treatment always gives better result" અને આ વાતને સાર્થક કરવા માટે ગુજરાતની પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વવાળી સરકારે મહિલા સશક્તિકરણ થાય અને તેનું સ્વાસ્થ્ય જળવાઇ રહે એના માટે ઘણા બધા અભૂતપૂર્વ પગલાં લીધા છે.

કેન્સર એક ગંભીર બિમારી છે તેનું સમયસર નિદાન ન થાય તો દર્દીનું મૃત્યુ થાય છે અને આ દર્દી જો મહિલા હોય તો એનું મૃત્યુ થવાથી બાળકો અનાથ થઇ જાય છે અને સામાજિક સમતુલા બગડે છે. આના લીધે પહેલી જુન, ૨૦૧૫થી સંવેદનશીલ માતૃતુલ્ય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી સમગ્ર રાજ્યમાં આવકની કોઇપણ મર્યાદા વગર ૩૦ થી ૫૯ વર્ષની તમામ સ્ત્રીઓમાં બ્રેસ્ટ અને સર્વાઇકલ કેન્સરની ચકાસણીના અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. ૩૦ વર્ષની ઉમર પછી દરેક મહિલાઓના Pap-smear ટેસ્ટ દરેક વરસે એક વખત કરાવવો જોઇએ અને એનાથી અંદાજે એક વરસ પહેલાં ખબર પડી જાય છે આ દર્દીને ભવિષ્યમાં સર્વાઇકલ કેન્સર થવાની શક્યતા છે અને જેને Dysplasia કહેવામાં આવે છે અને જો કેન્સરની શરૂઆતમાં જ ખબર પડી જાય તો તેના માટે એક માઇનોર ઓપરેશનથી સારવાર થઇ જાય છે અને કોથળી કાઢવાની જરૂરિયાત પડતી નથી. અને જો સર્વાઇકલ કેન્સરનું સમયસર નિદાન ના થાય તો તેનું સ્ટેજ વધી જાય છે અને મેજર ઓપરેશનની જરૂરિયાત ઉભી થાય છે અને

જાનનું જોખમ પણ વધી જાય છે. આવી જ રીતે બ્રેસ્ટ કેન્સર માટે પણ સોનોગ્રાફી અને મેમોગ્રાફીથી અર્લી સ્ટેજમાં નિદાન થાય છે અને સારવારમાં બહુ મુશ્કેલી પડતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ અભિયાનમાં ૧લી જૂન, ૨૦૧૫થી અત્યાર સુધી માત્ર ૯ મહિનામાં સમગ્ર ગુજરાત રાજયમાં ૬૦ લાખ ૨૭ હજાર સ્ત્રીઓની સ્ક્રીનિંગ કરવામાં આવી હતી અને તેમાં બ્રેસ્ટ કેન્સરના ૬૬,૧૫૬ અને સર્વાઇકલ કેન્સરના ૪૨,૭૫૭ શંકાસ્પદ કેસો શોધી કાઢ્યા છે. જેમાંથી ૬૬૫ બ્રેસ્ટ કેન્સર અને ૨૩૪ સર્વાઇકલ કેન્સરના દર્દીઓની રાજય સરકારની સ્પેશ્યાલિટી અને સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં સંપૂર્ણપણે નિઃશૂલ્ક સારવાર કરવામાં આવી છે તેના માટે હું ગુજરાત સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિરોધપક્ષના મહિલા તબીબ સભ્યશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે, સરકારની નીતિઓનો ફકત વિરોધ ના કર્યા કરે અને તેમને મહિલા હોવાના નાતે આગ્રહ કરું છું કે સરકારની જે મહિલા સ્વાસ્થ્યલક્ષી યોજના છે..

ઉપાધ્યક્ષશ્રી : ડોકટર સાહેબ આપ આપની લાઇન જ પકડી રાખો આપે ટ્રેક બદલવાની જરૂર નથી.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : મહિલાઓ સુધી પહોંચાડવાનું પૂણ્યનું કામ કરે. માનનીય અધ્યક્ષશ્રી, ડાયાબીટિસ અને બ્લડપ્રેસર તે પણ એક Life Style Diseases છે અને ઘણા બધા લોકો તેનો ભોગ બને છે. ઘણી વખત તો ડાયાબીટિસ થવાની ખબર લોકોને પડતી નથી અને તેની અસરના લીધે આંખોમાં અંધાપો, કીડનીની તકલીફ અને પગમાં ગેંગરીન, જેના કારણે પગ કાપવાની નોબત આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : ડોકટર સાહેબ આપની પાસે એક મિનિટ છે.

શ્રી નિર્મલાબહેન સુ. વાધવાણી : શરીરના મોટા ભાગના Vital Organs ને નુકસાન પહોંચે છે તેને એક મિશનની જેમ સરકારે લીધો છે અને ગ્લુકોમીટરથી ફકત એક જ મિનિટમાં તેનો રિપોર્ટ થઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીમા કામદારોને તબીબી સારવારોના બિલોની ચૂકવણી અને કેન્દ્ર સરકારે નવી જાહેર કરેલ કેન્સર, ડાયાબીટિસ અને કાર્ડીયોવસ્કયુલર અને સ્ટ્રોકની બિમારીના નિવારણ અને નિયંત્રણ કાર્યક્રમ માટેનો ખર્ચ નવી સેવાનો હોવાના લીધે વધારાની રકમની જરૂર છે અને ટી.એ, ડી.એ, લીવ એન્કેશમેન્ટ, ટીકુ કમિશનના કારણે પગારમાં વધારો, આયુર્વેદ મેડિકલ કોલેજના ડોકટરોને સુપ્રીમ કોર્ટના ચૂકાદા મુજબ પગારની રકમમાં વધારો તેમજ રાજયમાં આરોગ્યની સુવિધામાં થતા ગરીબ દર્દીઓને પૂરી પાડવામાં આવતી દવા તથા સારવારના સાધનોના ખર્ચમાં વધારો થવાથી વધારાની રકમની જરૂરિયાત છે તેમાં હું મારો સૂર પૂરાવુ છું. ભારત માતાકી જય, વંદે માતરમ્ , જય જય ગરવી ગુજરાત.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જુદી જુદી ચાર વીજળી શકિત, સહકારમાં નાગરિક પુરવઠા અને આરોગ્ય તબીબીની પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા સૂચનો કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની જે પૂરક માગણી છે આમ તો બજેટમાં પૂરી કરતા હો છો પણ કયાંક અને કયાંક આઘો પાછો કોઇ બંદોબસ્તમાં ખર્ચો થઇ ગયો ત્યારે આવતા હોય છે. પણ અમારું સૂચન એ છે કે, જયારે પોલીસ ડિપાર્ટમેન્ટની અંદર મહેકમ જે જૂનુ હતું એ જ છે. બધે ગુન્હા વધ્યા, કયાંક જમીનના તોડફોડના ગુન્હા વધ્યા, વસતિ વધી, દારૂ પીવાવાળાની સંખ્યા વધી તેમાં દરેક જગ્યાએ વધ્યુ પણ પોલીસનું મહેકમ તો એનું એ જ છે અને એમાં પણ ૫૦ ટકા લગભગ ખાલી છે. છતાં પણ આપણે દરેક ક્ષેત્રે બધીજ જો વાત કરીએ તો એ ડિપાર્ટમેન્ટની ભૂલ કાઢવી ખોટી છે આપણે અહીંયાથી જ પૂરી વ્યવસ્થા, પૂરો સ્ટાફ હોય તો એ કામ પૂરું કરી શકશે. પોલીસની અંદર જો ગાડી જોઇએ તો આખા રાજયમાં સ્પીડમાં છેલ્લા નંબરે ગાડી ચાલતી હોય તો એ પોલીસ પાસે હોય અને ગુન્હો પોલીસને પકડવાનો. તો આપણો એ વિચાર માગી લે છે કે ખરેખર તેને સાધન કેવુ આપવું જોઇએ કે તેનાથી સ્પીડવાળું કોઇ સાધન ના હોય એ જાતનું તેને આપો તો એ કંઇક કામ કરી શકે. પણ આપણે એ બાબતમાં કશું નહીં, મહેકમમાં નહીં અને ભૂલ આપણે કાઢીએ કે આ પોલીસનું આમ છે એટલે ખરેખર આ બધુ કરવુ જોઇએ અને એવી બધી માગણીઓ લાવ્યા હોત તો તેમાં કંઇક સંમત થાત પણ આમાં તો કંઇ છે નહીં. પોલીસ પણ એક માણસ છે જયારે બીજા ડિપાર્ટમેન્ટમાં, બીજી નોકરીઓમાં બધુજ રજા બીજુ બધું મળે છે જયારે તેને એમ કહેવામાં આવે કે આજે બંદોબસ્ત છે કશું જ ના હોય તો કહે મંત્રીશ્રી આવે છે તો બંદોબસ્ત છે તો એનુ બધુ ઉભું રહે અને તેને પાછી રજા રદ કરીને આવવું પડે તો ભલે એને આવવું પડે, એની ડ્યુટી એવી છે પણ એની સાથે એને વળતર એટલું આપવું જોઇએ. એનો પગાર એનું કુટુંબ જીવી શકે, એનાં બાળકો ભણી શકે એ જાતની વ્યવસ્થા પૂરેપૂરી કરો તો એ ચોક્કસથી કામ કરશે. તલાટીથી પણ ઓછો પગાર પોલીસનો છે ત્યારે એનો જીવ ફરતો હોય કે મારા છોકરાની ફીનું શું થશે, મારા છોકરાનાં લગ્ન આવે છે તો શું થશે, ત્યારે એનો જીવ ત્યાં ફરતો હોય, તો એ બંદોબસ્ત કરે કે પેલું કરે? તો એના માટે પૂરી વ્યવસ્થા કરવી જોઇએ અને એ માટે માગણી લાવવી જોઇએ, એના માટેની જોગવાઇ કરવી જોઇએ એ કરો, આ સાચી હકીકત છે અને આ મારું સૂચન માનનીય નાણાં મંત્રીશ્રીને છે.

બીજું સૂચન સહકાર અંગે છે તો સહકાર વિશે વાત કરું તો, સહકારની અંદર ખૂબ સારી વ્યવસ્થા માટે ખેડૂતને આ રાજયના તમામ નાના લોકો માટે પોતાના ગામમાં જ એને વ્યવસ્થા મળી રહે એના માટે હેઠ મંડળીથી માંડીને માળખુ ઉભું કર્યું પણ આજે તમામ સહકારી માળખુ એક વ્યવસાય થઇ ગયું છે, રાજકીય પાર્ટીઓના અડ્ડા બની ગયેલું છે, કે આપણા માટે મિટિંગ ભરવા માટે, વ્યવસ્થા કરવા માટે આ સંસ્થા આપણી તો ખરેખર એનો જે હેતુ હતો, એનો જે આશય હતો તે મરી ગયો છે. લોકો તો એમ જ કહે છે કે, આ તો રાજકીય માણસોના અડ્ડા માટે સહકારી માળખુ છે. તો એનો આશય જે હતો એ આખો મરી ગયો છે તો એમાંથી

આપણે રાજકીય કિન્નાખોરી દૂર કરીને સાચો સહકારી, સાચા માળખામાં લોકોને ફાયદો થાય એ તરફ જોવું જોઇએ. મંડળીઓ જે ગામનો પાયો છે, આ સરકારે કાયદો કર્યો કે, ગામમાં એક જ મંડળી હોવી જોઇએ અને એક મંડળી હોય તો ગામને સમતુલા થાય અને બધાને વ્યવસ્થા મળે. આજે તો એક ગામમાં દસ દસ મંડળીઓ છે, એક ગામમાં ચારસો પાંચસોની વસતિ હોય અને દસ બાર મંડળીઓ હોય, હવે આ તો એક ધંધાદારી થઇ ગયું છે, સરકારનો જે હેતુ છે એમાં ખરેખર ખોટું થઇ રહ્યું છે. સહકારી માળખાને તોડફોડ કરીને સાફ કરવાનો હેતુ છે અને સરકારની જવાબદારી છે અને સરકારે બનાવેલા કાયદાનું ઉલ્લંઘન થાય છે, તો સરકારની એ પૂરી જવાબદારી છે કે આ રોકવું જોઇએ અને આખું માળખું જડમૂળથી જાય એમ છે એને રોકીને કાયદાનો અમલ કરાવવો જોઇએ અને એમાં રાજકારણથી પર રહીને સ્વતંત્ર સહકારી માળખુ ચાલે એવું કરશો તો પણ લોકોના હિતની વાત થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો પુરવઠાની પૂરક માગણીનો છે. પુરવઠાની અંદર પણ જે સસ્તા અનાજની દુકાન છે એ દુકાનવાળાને કમિશન જ બિચારાને મળતું નથી તો પછી કેરોસીનને એ આઘુપાછુ ન કરે તો કરે શું? એને પણ રોટલા કાઢવા છે, આખો મહિનો દુકાન ખોલીને બેસી રહેવાનું, દસ ગ્રાહક ન આવે તો પણ ખોલીને બેસી રહેવાનું, એટલે ખરેખર એના માટે પણ વ્યવસ્થા કરવી જોઇએ, એને પૂરું વળતર મળે, એને પૂરતી રોજી મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઇએ, એ આખો દિવસ બેસી રહે પણ એના હાથમાં ૧૫૦૦ રૂપિયા આવે છે. ૧૫૦૦ રૂપિયામાં એને આખો મહિનો ઘર રોકીને બેસી રહેવાનું, એટલે એ પણ એક ખોટુ થઇ રહ્યું છે. મધ્યાહન ભોજનની યોજનાનું અનાજ પણ એની મારફતે જાય છે. મેં અઠવાડિયા પહેલાં જ એક મધ્યાહન ભોજનની ખબર કાઢી હતી અને મેં પૂછ્યું કે, ભાઇ તને પગાર શું મળે છે? તો એણે કહ્યું કે, અમે ત્રણ જણા છીએ અને ત્રણેને હજાર હજાર રૂપિયા મળે છે. તો આ એક મશ્કરી છે. મધ્યાહન ભોજન એ બાળકો માટેની એક સુવિધા આપી છે એની પાછળ કરોડો રૂપિયા ખર્ચો છો પણ એનો સંચાલક છે,એનાં વાસણ માંજે છે કે એની વ્યવસ્થા કરે છે એનો માત્ર હજાર રૂપિયા પગાર. હવે હજાર રૂપિયામાં શું થઇ શકે? એ એમાં થોડુક આઘાપાછું ન કરે તો બીજું શું કરે? એનાં છોકરાં ભૂખે મરે. આપણે સૌ જાણીએ છીએ અને બધાયને ખબર છે છતાં એના માટે કશું જ વિચારતા નથી,એના માટે માગણી પણ નથી લાવતા એના વેતનમાં કંઇ વધારો પણ કરતા નથી. તો એના માટે ખરેખર આ જમીન પરના માણસો પાસેથી માર્ગદર્શન લો, એમની પાસેથી સાચી હકકત લો કે ખરેખર આ ખોટુ કેમ થાય છે? ખોટુ થવાની પાછળના કારણો આ બધાં છે.

એ જ રીતે આરોગ્યની અંદર પણ મોટા મોટા દવાખાનાઓ – સિવિલો છે પણ ડોકટર નથી. એમ. બી. બી. એસ. એક જ ડોકટર હોય છે, તો બીજા ડોકટરો કેમ નથી આવતા? બબે કરોડ રૂપિયા ડોનેશન આપીને ડોકટર બન્યો હોય પછી એ તમારા ચાલીસ હજાર, પચાસ હજાર પગારમાં ન આવે, એના માટે એમને પૂરતો પગાર આપો માનનીય નીતિનભાઇ સાહેબ, એ ડોકટર બે લાખ માગે, ત્રણ લાખ માગે, એ માગ પણ લોકોને સેવા આપે સાહેબ, બધાં જ દવાખાના પૂરાં થઇ જશે, કોઇ પ્રાઇવેટ દવાખાના પણ નહીં કરે, આપણી દવાઓ બહાર ફેંકી દેવાય છે, કંપનીઓની ખરાબ દવાઓ આવી જાય છે, એમાં કરોડો રૂપિયા આપણા જતા રહે છે, દવાઓ એકસપાયર્ડ થઇ જાય છે, તો પણ આપણે ચલાવી લઇએ છીએ પણ ડોકટરો અને પૂરતો સ્ટાફ નથી ભરતા જેથી આપણે જે મશીનરી લાવીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રીઃ માનનીય પરેશભાઇ, ફોન નીચે મૂકી દો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, દવાખાનાની અંદર એકસ રે મશીન, બીજાં મશીન હોય છે એ બધાં લાવીને મૂકીએ છીએ પણ એના માટે ઓપરેટરો નથી, એના ટેકનીશીયનો નથી માટે એ મશીનો એમને એમ ધૂળ ખાય છે, તો એના માટે પણ વિચારવું જોઇએ અને દવાખાનાની અંદર પૂરેપૂરી વ્યવસ્થા આપવી જોઇએ. હું મારા વિસ્તારની વાત કરું તો, ડીસા તાલુકામાં એક ડામા ગામ છે તો ત્યાં એક સરકારી દવાખાનુ છે. હું ધારાસભ્ય બન્યો ત્યારથી એ રોડ ઉપર ચાલુ છું પણ મકાનને તાળુ જ હોય છે. છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી ત્યાં કોઇ છે જ નહિ છતાં આપણે વાહવાહ કરીએ કે દવાખાના છે. આ બધા દવાખાના ચલાવવાની જવાબદારી સરકારની છે.

સહકારી માળખાની વાત કરીએ તો મંડળીની અંદર કોઇ સારો મંત્રી આવ્યો હશે પરંતુ દરેક મંડળીમાં એક મહિલા, એક એસ.સી. અને એક એસ.ટી. સભ્ય હોવો જોઇએ. હું કહીશ કે એક માણસ ડિરેકટરમાં છે એ ન ચાલે આપણે એસ.સી., એસ.ટીની જગ્યા આપી દીધી કે દરેક મંડળીમાં એક એક હોવા જોઇએ. જો હોય તો પણ આપણને નથી ગમતું ફકત ભાષણ કરીએ છીએ, પરિપત્ર કરીએ છીએ પણ આવવા ન જોઇએ. હું વાસ્તવિક વાત કરું તમારે કડક કાયદો બનાવવો જોઇએ કે મંડળીમાં એક એક માણસ તો હોવો જ જોઇએ. કોઇ માર્કેટયાર્ડ હોય, સંઘ હોય કે ડેરી હોય એમાં એસ.સી, એસ.ટી.નો એક ડિરેકટર હોવો જ જોઇએ એવું કરીએ તો •(×××) લેશે પરંતુ એ નથી કરવું.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી : કડક કાયદો કરો તો ફાયદો થાય ફકત ભાષણો કરવાથી કંઇ વળવાનું નથી.

વીજળીની માગણી લઇને પણ આવ્યા છે. જી.ઇ.બી.ના મંત્રીશ્રી અહીંયા બેઠા છે. બોર્ડના કહેવાથી ખેડૂતોએ બોર બનાવી દીધા છે પરંતુ બાર બાર મહિના થવા છતાં હજી સુધી એને જોડાણ આપવામાં આવેલ નથી. આપણે પૂછીએ તો કહેવામાં આવે કે મટિરિયલ નથી, ટ્રાન્સફોર્મર નથી કે કેબલ નથી, પણ જો એની માગણી લઇને આવ્યા હોત તો ચોક્કસ મંજૂરી આપી દેત. બિચારા ખેડૂતોએ લાખો રૂપિયાનું દેવું કરીને બોર બનાવેલ હોય એને તમે કનેકશન આપતા નથી અને પેલો ફેકટરીવાળો

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય એ એક હજાર હોર્સ પાવર વીજળી માગે તો એને રાતો રાત આપી દેવામાં આવે છે. મારા મત વિસ્તારમાં સાકુદ્રા ગામ છે ત્યાંનો ખેડૂત જાતે નાઇ છે એણે બોર કર્યાને બે વર્ષ થઇ ગયા છે એને હજી કનેકશન આપવામાં આવેલ નથી એટલે એ તો પાગલ થઇ ગયો છે. કારણકે વ્યાજે પૈસા લાવીને બોર કરેલ હતો અને એને જોડાણ ન મળતા એ પાગલ બની ગયો. એની અરજી જ રદ કરી નાખવામાં આવી છે એણે તપાસ કરી તો કહેવામાં આવ્યું કે તમે છ દિવસ મોડા પડ્યા છો. એ અભણ ખેડૂત પુત્ર છે એ પાંચ દસ દિવસ મોડો પડે તો પણ એને મંજૂરી આપવી જોઇએ.

ટ્રાન્સફોર્મર માટે હું એક દાખલો આપવા માગું છું. મેં ૫૦ હોર્સ પાવરના પૈસા ભર્યા, અમે બે ભાઇઓ સો હોર્સ પાવરના પૈસા ભરીએ ત્યારે ટ્રાન્સફોર્મર તો ૭૦ હોર્સ પાવરનું જ આપવામાં આવે છે અને જયારે કહીએ તો કહેવામાં આવે છે કે મટિરિયલ નથી. જો મટિરિયલ ન હોય તો પૈસા શા માટે લો છો?

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં વીજળી શકિત અને પરિયોજના અંગે મારી વાત કહેવા માગું છું અને તેને સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

કોઇપણ રાજયનો વિકાસ કરવો હોય તો એના માટેના જુદા જુદા પરિબળો હોય છે એમાં જો સૌથી મહત્વનું પરિબળ હોય તો એ વીજળી છે. કોઇપણ રાજયના વિકાસનો માપદંડ માપીએ તો તે રાજયમાં વ્યકિતગત વીજ વપરાશ કેટલો છે એનાથી આપણને ખ્યાલ આવે કે રાજયનો કેટલો વિકાસ થયો છે. કે આ રાજયમાં કેટલો વિકાસ છે. તેમાં હું તમને કહીશ કે આ રાજ્યમાં ૨૦૧૪-૧૫માં વ્યક્તિગત વીજ વપરાશ ૧૮૧૮નો હતો. તો દેશ લવેલે સરાસરી ૧૦૧૦નો વીજ વપરાશ. તેનો અર્થ એ થયો કે આખા દેશમાં વધુમાં વધુ ગુજરાતમાં એ ઘર વપરાશ હોય કે ઔદ્યોગિક વપરાશ હોય, સરાસરી ૮૦ ટકા વીજ વપરાશ આપણે ત્યાં વધારે હતો. અહીં આપણે વાત કરી કે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની વીજ ક્ષમતા ૨૪,૬૦૬ મેવાગોટનું માતબર વીજ ઉત્પાદન આપણે કરીએ છીએ અને આપણે કહીએ કે આવનારા સમયમાં હજી પણ જે જરૂરિયાત હોય તેને પહોંચી વળવા માટેનું રાજ્ય સરકારનું આયોજન છે અને ૩૩૦૦ મેગાવોટથી વધુ ૨૦૧૯ સુધીમાં આપણે વધારો કરવો છે તેના માટેની માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે પણ આપણો વપરાશ ૧૪,૯૮૨ મેગાવોટ છે. મારે અહીં પક્ષાપક્ષીથી પર રહીને કહેવું છે કે એક વખત આ રાજ્યના ગામડાં, ખેડૂતો, ઉદ્યોગપતિઓએ જોયું છે કે છ હજાર, સાડા છ હજાર મેગાવોટ વીજળી ઉત્પન્ન થતી હતી. તે વખતે ૮,૮૦૦ મેગાવોટની જરૂરિયાત હતી. નેશનલ પાવર ગ્રીડમાંથી જે પાવર લેતા હતા અને તેમાં રાજકીય રીતે હેરાન કરવા માટેના બનાવ જોયા છે કે ગમે ત્યાં સરકીટો બંધ કરી દે. તેનાથી અહીં અશાંતિ થાય. તેનાથી પર રહીને ભારતીય જનતા પક્ષની સરકાર આવી તેણે ' સૌનો સાથ- સૌનો વિકાસ' કરવા માટેનો જે મંત્ર લીધો તેના માટે વીજળીને એક મહત્વના અંગ તરીકે સ્વીકારી અને આ રાજ્યમાં સતત છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં વીજ પોલ, વીજ રેસાઓ. સૌરભભાઇ નાણા મંત્રી પણ છે અને ઊર્જા વિભાગની જવાબદારી પણ સંભાળે છે. તો અગાઉ જેટલા સબસ્ટેશનો હતા એટલા આપણે ટૂંકા સમયમાં કરી દીધા. મને ખ્યાલ છે કે સૌરાષ્ટ્રમાં અહીંયા આપણું લીંબડી ૪૦૦ કે.વી.નું ચોરણીયા એક જ સબસ્ટેશનમાંથી આખા સૌરાષ્ટ્રને પાવર જતો હતો. તેના બદલે આજે અમરેલી હોય, હળવદ હોય, કચ્છ હોય, અમારું હડાણા રાજકોટમાં હોય, આવા ૨૦૦ કે.વી. સબસ્ટેશનોની પૂર્તતા કરીને પ્રયાસ કર્યો છે. ૪૦૦ કે.વી.ના સબસ્ટેશનો આપીને પૂરા વોલ્ટેજથી જે પાવર આપવાનો રાજ્ય સરકારે પ્રયાસ કર્યો છે. ગામડાંમાં આવનારા સમયમાં એક લાખથી વધુ ખેડૂતોને જે વીજળી આપવાની છે તેના માટે ૧૬૦૦ કરોડથી વધારેનું આયોજન વિચાર્યું છે. મારે એથી વિશેષ કહેવું છે કે આ રાજ્યના આદિજાતિ વિસ્તારના ભાઇઓ માટે કનેકશન આપવા અને સાગર ખેડૂતોને કનેકશન આપવા માટે પણ જે આયોજન કર્યું છે, તેને પૂરા વોલ્ટેજથી વીજળી મળે તેના માટેના જે ૧૦૦ નવા સબ સ્ટેશનો નાખવાનું વિચાર્યું છે તેમાં ૨૭ સબસ્ટેશન આદિવાસી પટ્ટામાં અને ૨૭ સાગરકાંઠા વિસ્તારમાં. કુલ મળીને આ રાજ્યમાં આવનારા સમયમાં, કહેવત છે કે નેવાના પાણી મોભે ન જાય. આ રાજ્ય સરપ્લસ છે, હું ન ભૂલતો હોઉં તો તામિલનાડુ, મહારાષ્ટ્ર અને ગુજરાત હતા. અત્યારે આપણે લગભગ પ્રથમ ક્રમે પહોંચીએ છીએ. માત્ર વીજળી એક જ નહીં, આવનારા સમયમાં ક્લાઇમેટ ચેન્જ માટેનો ભગીરથ પ્રયાસ થઇ રહ્યો છે. અત્યારના દેશના વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ તે વખતે ચારણકાથી સૌર ઊર્જાની શરૂઆત કરી અને અહીંયા ૩૪૩ મેગાવોટની ક્ષમતા આપણે ઉભી કરવાની છે, પહેલું એક યુનિટ ચારણકાથી આપણે શરૂ કર્યું છે. તેનાથી વિશેષ કહું કે આવનારા સમયમાં ૮૦૦ મેગાવોટનું વણાકબોરીમાં કોલસા આધારિત કરવાના છીએ.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં માગણી નં.૨૨ નાગરિક અને પુરવઠા વિભાગ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ ફૂડ સિક્યોરીટી બિલ ૨૦૧૩નો અમલ તા.૧-૪-૨૦૧૬થી ગુજરાત રાજ્ય જ્યારે કરી રહ્યું છે ત્યારે આ કાયદા અંતર્ગત એવરેજ ૬૫ ટકા વસતિને આ યોજનાનો લાભ મળવાનો છે. નાનો મધ્યમવર્ગનો નાગરિક તેમજ રાજ્યનો દરિદ્રનારાયાણ સન્માનભેર જીવન જીવી શકે તે હેતુથી પૂરતા પ્રમાણમાં અન્ન દરેક વ્યક્તિને પરવડે તેવી કિંમતે ઉપલબ્ધ કરાવવાની નેમ સાથે કામ કરતી અમારી સરકારે નિર્ણય લીધો છે એ ખૂબ ઐતિહાસિક અને આવકાર્ય છે. છેવાડાના માનવીની ચિંતા અને અંત્યોદયની સેવાની વિચારધારા સાથે કામ કરતી અમારી સરકાર ૧-૪-૨૦૧૬થી જાહેર વિતરણ વ્યવસ્થામાં પ્રજાલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણયથી આગળ વધી રહી છે ત્યારે ભારત સરકાર દ્વારા જે સરવે થયો એમાં અગ્રતા ધરાવતા કુટુંબની પસંદગી કરવામાં આવી છે. આપણે ત્યાં ગુજરાતમાં પહેલાં અંત્યોદય અને બીપીએલ લાભાર્થીઓની સંખ્યા ૩૪ લાખ હતી અને

વસતિ અંદાજે બે કરોડ હતી. પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે, હવે જે નવો સરવે થયો છે એ મુજબ ૩૪ લાખ કુટુંબની જગ્યાએ ૭૪ લાખ કુટુંબોને અનાજ મળવાનું છે. એની વસતિનો અંદાજ જોઇએ તો જે બે કરોડ હતો તે વધીને ૩.૮૩ કરોડ થયો છે અને આ તમામ વસતિ લાભાન્વિત થવાની છે. રાજ્યની એવરેજ ૬૫ ટકા વસતિને આ યોજનાનો લાભ મળવાનો છે. રાજ્યની આટલી મોટી વસતિમાં જ્યારે અનાજ આપીને સરકારે મદદ કરી છે ત્યારે સાચા અર્થમાં એક માનું નેતૃત્વ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પૂરું પાડ્યું છે તેમ કહું તો ખોટું નથી. આજે આપણી સરકાર આ લાભાર્થી સિવાય ૭૪ લાખથી વધારે લોકોને તેનો લાભ આપવાની છે. અંત્યોદયના ૭.૫ લાખ લાભાર્થીઓ છે એ આમાં ગણવામાં આવ્યા નથી. સરકાર કુટુંબ દીઠ ૩૫ કિલોગ્રામ અનાજનું વિતરણ કરે છે. ગુજરાત ફેડરેશન એક્ટના કાયદા મુજબ પસંદ થયેલા અગ્રતા કુટુંબમાં પ્રતિ કુટુંબ દીઠ ૫ કિલોગ્રામ અનાજ આપવાનું નક્કી કર્યું છે. જેમાં રૂ.૨/-ના ભાવે એક કિલો ઘઉં અને રૂ.૩/-ના ભાવે એક કિલો ચોખા આપવાનું આ યોજનામાં નક્કી કર્યું છે. શહેરોમાં અને ગામડાંમાં જઇએ છીએ ત્યારે એપીએલ કાર્ડધારકો અમારી પાસે આવે છે અને કહે છે કે અમારે એપીએલમાંથી બીપીએલ કાર્ડ કરાવવું છે. આ ફેરફાર શેના માટે કરાવવો છે એનો પ્રશ્ન થતો હતો. કારણ કે બીપીએલ કાર્ડની અંદર જે અનાજ મળતું હતું એ એપીએલ કાર્ડમાં મળતું નથી. એટલા માટે એમને બીપીએલ કાર્ડ કરાવવું છે. આ બધી ઝંઝટમાંથી મુક્તિ માટે રાજ્ય સરકારે આ નિર્ણય કર્યો છે. જે યોજના પ્રમાણે એપીએલ અને બીપીએલ સાથે મળીને ૩.૮૩ કરોડ લોકોને એક સરખું અનાજ આપવાનું નક્કી કર્યું છે. આ વિભાગ ગરીબોની સેવાનો વિભાગ છે. ગરીબોનો જીવન નિર્વાહ સારી રીતે ચાલે, કોઇ માણસ ભૂખ્યો ન સુવે તે ભાવનાની તૃપ્તિ કરાવતો આ વિભાગ છે ત્યારે મારા સૌ સાથી મિત્રોને જણાવવું છે કે આપણે જે ભાવના સાથે કામ કરીએ છીએ તેવો આ વિભાગ છે. આજથી ૧૫ વર્ષ પહેલાંની સ્થિતિમાં જે અભૂતપૂર્વ પરિવર્તન આવ્યું છે એ આપણે સ્વીકારવું જોઇએ. ભૂતકાળમાં આપણે સૌ સભ્યો જાણીએ છીએ કે અનાજ અને કેરોસીનનો પુરવઠો બારોબાર જતો રહેતો હતો એવા આક્ષેપો આપણે સૌએ ગૃહમાં કર્યા છે. ગુજરાત એક માત્ર રાજ્ય એવું છે કે એણે આની દવા શોધી કાઢી એ દવા એટલે બાયોમેટ્રીક પદ્ધતિથી અનાજ વિતરણ. શરૂઆતની અંદર આ કામગીરીની ખૂબ ફરિયાદો આવી, ઉહાપોહ થયો, પડકારો થયા, સમસ્યાઓ ઉભી થઇ. પરંતુ આપણે એક કરોડ ભૂતિયા રેશન કાર્ડ નાબૂદ કરી શક્યા અને ગરીબોનો સાચો અધિકાર હતો એ પ્રાપ્ત કરાવી શક્યા. આ ગરીબ જનતા માટે ગરીબ લોકો માટે અપાતું અનાજ, તેલ, ખાંડ એના પર માત્રને માત્ર અધિકાર એ લાભાર્થીનો છે. એ પહોંચાડવા માટે આપણે સમર્થ બન્યા છીએ. આ સરકારે ઓન લાઇન પરમિટની અમલવારી કરી. તમામ મળવાપાત્ર જથ્થો એના ડેટામાં ફીક્સ હોય છે. દુકાનદાર પોતે જ દુકાન ઉપરથી ઓનલાઇન પોતાની દુકાનમાં કેટલો જથ્થો જોઇએ છે તે બુકીંગ કરાવતો હોય છે અને આ રીતે સંપૂર્ણ પારદર્શકતાવાળી સિસ્ટમ બનાવતા આજે સાચા અર્થમાં જેનું હતું તેના ચરણોમાં આપણે આપી શકયા છીએ. આ રાજ્યનો દરીદ્રનારાયણ આવતા દિવસોમાં મુખ્ય ધારામાં જોડાય તે માટે તેના હાથમાં કામ, હૃદયમાં વિશ્વાસ અને પેટમાં અન્નનો દાણો ઇમાનદારીથી પહોંચાડયો છે એમાં બેમત નથી. ગતીશીલ રાજ્યના પ્રણેતા અને મકકમપણે આગળ વધતા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કેવળ વાતો નહીં, વચનો નહીં પણ ગુજરાતના જરૂરિયાત મંદ લાભાર્થીને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા થાળીમાં ઠાકોરજીના દર્શન કરાવ્યા છે તેમ કહું તો ખોટું નથી. ગરીબના ખાટલે બેસી રહેવાથી કંઇ ગરીબાઇ દૂર થતી નથી. એનો રોટલો ખાવાથી એમાં કોઇ મીઠાશ ભળતી નથી પરંતુ એની વેદનાને સમજવી પડે, એની વેદનાને સાંભળવી પડે અને એના કલ્યાણ માટે કામ પણ કરવું પડે. મને આજે યાદ આવે છે કે પહેલી ટમમાં ચૂંટાઇને આવ્યા એ વખતે માનનીય નરોત્તમભાઇ પટેલ સાહેબ અન્ન અને પુરવઠાના મંત્રી હતા અને આખા રાજ્યની અંદર કેરોસીનનો કકળાટ થયેલો. આપણે તો કેરોસીન બનાવતા નથી કેન્દ્ર સરકાર આપણને કેરોસીન આપે છે. એ વખતે યુ.પી.એ.ની સરકાર હતી અને એકાએક ૩૨ ટકા જેટલો આપણા કેરોસીનના જથ્થામાં ઘટાડો કરી અને ગુજરાતને હેરાન પરેશાન કરી નાખ્યું હતું. આજે જયારે ૩.૮૨ લાખ જનતાને આટલું બધું અનાજ આપવાનું છે ત્યારે એક હાશકારો છે કે કમસેકમ કેન્દ્રમાં આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર બેઠી છે એટલે હવે આપણે આવો કોઇ કકળાટ કરવાનો રહેવાનો નથી. ગુજરાતની છ કરોડની જનતા માટે માતૃભાવથી કામ કરતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સરકારે અન્ન, સલામતી, ટેકનોલોજીનો મજબૂતાઇથી ઉપયોગ અને આધાર લઇને દરીદ્ર નારાયણની સેવા કરવાનો જયારે સમગ્ર રાજયમાં યજ્ઞ આરંભ્યો છે ત્યારે આપણા કવિ હૃદય ધરાવતા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇની કાવ્ય પંકિતમાં કહુ તો, અન્ન, વસ્ત્ર, સંસ્કાર, સુવિધા સહજપણે સુલભ હશે, એકતા, સમતા અને મમતાને અમે જતન કરી જાળવીશું. અમે અજવાળા પાથરીશું ઘરે ઘરે અજવાળા પાથરીશું.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, વીજળી શકિત પરિયોજનાની પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગૃહમાં લાવ્યાછે તેમાં હું મારા વિચારો વ્યકત કરુ છું. ખેડૂતોની ચિંતા કરી ખેડૂતોનું જીવન ધોરણ ઉંચું આવે એ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે એટલું જ નહીં ખેડૂતલક્ષી નૂતન પગલા ભરીને દેશભરમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. વીજ બિલની જયારે વાત કરીએ તો જેમ જેમ સમય જાય એમ વીજળીના ભાવ વધે એ સર્વસ્વાભાવિક છે પરંતુ આ રાજય સરકાર, માનનીય નરેન્દ્રભાઇ તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના મુખ્યમંત્રી આનંદીબેન અને ઊર્જામંત્રી સૌરભભાઇને લાખ લાખ ધન્યવાદ આપુ છું કે બાર વર્ષથી વીજળીના ભાવમાં વધારો કર્યો નથી. દર વર્ષે વીજ બિલમાં રાહત માટે કરોડો રૂપિયાની સબસિડી દર વર્ષે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૪-૧૫માં ખેડૂતોને વીજ બિલમાં ૫૦ ટકા રાહત આ રાજય સરકારે આપી છે. ૧૯૮૩થી ખેતીવાડી વીજ જોડાણમાં ઇલેકટ્રીસીટી ડયુટી વસૂલ કરવામાં આવતી નથી એટલે પહેલા

કોંગ્રેસની સરકારમાં ઇલેક્ટ્રિસિટી ડયુટી લેવામાં આવતી હતી. માનનીય બલવંતસિંહજી તો નથી અત્યારે ગૃહમાં વિપક્ષના દંડક, પણ એમણે આજે સવારે જ વીજળી બાબતમાં અસંતોષ વ્યકત કર્યો. કોંગ્રેસના શાસનમાં સમગ્ર ગુજરાતમાં વર્ષના પંદર હજાર સરેરાશ વીજ જોડાણ આપવામાં આવતા હતા અને છેલ્લા ત્રણ વર્ષની જ વાત કરું તો દર વર્ષે વાર્ષિક સરેરાશ એક લાખ વીજ જોડાણ ખેડૂતોને આપવામાં આવે છે. કોંગ્રેસના શાસનમાં વધારાની લાઇન માટે ચાર્જ લેવાતો હતો જયારે ભા.જ.પ.ની સરકારમાં ગમે તેટલી લંબાઇ વાળી લાઇન હોય એક રૂપિયો પણ વસૂલ કરવામાં આવતો નથી. કોંગ્રેસના શાસનમાં પાંચ થી દસ ખેડૂતો હોય ત્યારે એક જ ટ્રાન્સફોર્મર આપવામાં આવતું હતું. અત્યારે દરેક ખેડૂતને અલગ અલગ ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે અને એ સમયે અપૂરતા વોલ્ટેજના કારણે મોટરો વારંવાર ઉડી જતી હતી અને ખેડૂતને દસ થી વીસ હજાર રૂપિયા મોટર બંધાવવાનો ખર્ચો થતો. આજે સતત આઠ કલાક થ્રી ફેઝ વીજળી પાકને જરૂર હોય ત્યારે આપવામાં આવે છે. મારો મત વિસ્તાર દસાડા-પાટડી રણ કાંઠાનો સૂકો ભઠ્ઠ પ્રદેશ હતો અને આજે જીરૂથી લઇને કપાસ, એરંડાનો ભરપૂર પાક ખેડૂતો લઇ રહ્યા છે. જ્યારે જરૂર પડે ત્યારે માનનીય સૌરભભાઇને કહીએ તો ૧૦ કલાક વીજળી દિવાળી પછી જીરૂના પાક માટે આપી રહ્યા છે. જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક સિંગલ ફેઝ વીજળી આપવામાં પણ આપણું રાજ્ય દેશમાં સૌ પ્રથમ રાજ્ય છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ યોજનાનો શુભારંભ ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામથી કરાવેલ હતો અને તે સમયે વિરોધીઓ હાંસી ઉડાવતા હતા કે આ શક્ય જ નથી. અશક્યને શક્ય કરી બતાવે એનું નામ નરેન્દ્રભાઇ મોદી. કોંગ્રેસના શાસનમાં એક સમય એવો હતો કે, બિલકૂલ વીજળી ન હતી, ક્યાંક હતી તો રામ ભરોસે વીજળીનું ગાડું ચાલતું. હું કેમેસ્ટ્રીના વિષય સાથે સાયન્સ ગ્રેજ્યુએટ છું. હું ભણતો હતો ત્યારે બિલકૂલ વીજળી ન હતી. મારા ગામમાં બિલકૂલ વીજળી ન હતી. હું ફાનસમાં કેરોસીન નાખીને ભણ્યો અને ગુજરાત યુનિવર્સિટીમાં કેમેસ્ટ્રી વિષય સાથે મારો ત્રીજો નંબર આવેલો. આ ઉદાહરણ એટલા માટે આપું છું કે કોંગ્રેસના મિત્રો સાંભળો, વીજળી બાબતમાં એ સમયે કોંગ્રેસે ચિંતા કરી હોત તો નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આનંદીબેને જે શાળા પ્રવેશોત્સવ કર્યો છે...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : તો પહેલો નંબર આવતો.

શ્રી પૂનમભાઇ કા. મકવાણા : એ વખતે વીજળીની ચિંતા કરી હોત તો કેરાલાની જેમ આખું ગુજરાત ૧૦૦ ટકા સાક્ષર હોત. એક કવિએ કાવ્ય રચનામાં લખ્યું છે કે, ‘ઊંડા અંધારેથી પરમ તેજે તું લઇ જા’. માનનીય સૌરભભાઇએ અગાઉ બજેટ સત્રમાં કહ્યું છે કે (અંતરાય) દિશા બદલાઇ તો દશા સુધરી, તમારે ત્યાં હતો ત્યારે આ દશા હતી અમારી. એ સમજી લો કે બે વર્ષ નહીં પણ ૨૦૨૭ સુધી ગુજરાતમાં તમારો કોઇ અતો-પતો નથી. આ સરકાર ગુજરાતનું અંધારું ઉલેચવાનું કામ કરે છે ત્યારે વીજળીની ઉપેક્ષા બિલકૂલ પાલવે તેમ નથી. (અંતરાય) શૈલેષભાઇ, હમણાં સુધી શંકરસિંહ સાહેબ અમારા હતા, હવે તમારી પાસે આવ્યા. માનનીય સૌરભભાઇ વીજળી શકિત પરિયોજના અંગેની જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને મારું પૂર્ણ સમર્થન આપું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય આનંદીબેનના નેતૃત્વમાં સૌરભભાઇ પ્રજાલક્ષી અને વિકાસશીલ બજેટ લાવ્યા છે એને અભિનંદન આપું છું. સાથે સાથે નીતિનભાઇ, જે વર્ષોથી બધા ધારાસભ્યોની માગણી હતી કે નોન પ્લાન રસ્તાનો કોઇપણ જગ્યાએ સમાવેશ થવો જોઇએ, પહેલીવાર બજેટમાં એનું આયોજન થયું છે એ બદલ ખાસ અભિનંદન આપું છું. વલસાડ જિલ્લામાં પારડી અને વલસાડને જોડતા રેલ્વે બ્રિજ માટે સૌરભભાઇએ જે અમારું માન રાખ્યું છે એ બદલ આભાર. અત્યાર સુધી પૂરક માગણી માટેની ઘણી ચર્ચાઓ થઇ પણ એ પૂરક માગણીઓ શેના માટે છે, કપાત બતાવે છે પણ શેના માટે સપોર્ટ આપવો જોઇએ એની કોઇ ચર્ચા થઇ નથી. આપણે ખેડૂતો, આદિવાસીઓ, ગરીબો માટે ઘણી વાતો કરીએ છીએ. પરંતુ આ જે માગણીઓ છે, આ જે ખર્ચ વધ્યો છે એ શેના માટે વધ્યો છે એ બાબતમાં કોઇપણ ચર્ચા થઇ નથી. જે રીતે સંપૂર્ણ બહુમતિવાળી સરકાર અને એની કેબિનેટ જ્યારે પ્રજામાં જાય છે અને પ્રજાલક્ષી પ્રશ્નો સાંભળે છે. આનંદીબેન અને આપણા મંત્રીશ્રીઓ અવાર-નવાર પ્રજા વચ્ચે જાય છે. અને એ સમયે જ્યારે પ્રજાને કોઇપણ તકલીફ પડતી હોય અને તે સમયે આપણે જે નિર્ણય લેવા પડતા હોય એ નિર્ણય બજેટ ઉપર હોય છે અને આપના તરફથી પણ વારંવાર રજૂઆતો આવે છે. જ્યારે અમરેલી અને બનાસકાંઠામાં વરસાદ થતાં ખેડૂતોને નૂકસાન થયું, જમીન ધોવાઇ ગઇ આ બધા પ્રશ્નો આવે અને એના માટે સરકારે સંવેદનશીલ બનવું પડે અને જ્યારે સંવેદનશીલ બનીને સરકાર આ કામ કરીને આપે છે ત્યારે આપણે બધા ખૂશી થઇએ છીએ પણ જ્યારે આ પૂરક માગણીઓ આવે છે ત્યારે આપણે સમજ્યા વગર જ એના ઉપર કાપ દરખાસ્ત રજૂ કરીએ છીએ એ બહુ દુ:ખની વાત છે. ખાસ કરીને હું બે બાબતનો ઉલ્લેખ્ કરીશ. માનનીય આનંદીબેન જ્યારે કાંઠા વિભાગની ખાંડ ઉદ્યોગની બે મંડળીઓ જેમાં સરકારે આઠ આઠ અને દસ દસ કરોડ રૂપિયા આપ્યાં છે અને એનો વહિવટ કોના લીધે •(×××) એ બધા જાણે છે. ઉકાઇ સુગર શાના માટે *(×××)એ બધાને ખબર છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : હા, વાંધો નહિ. જે આ સુગર ફેકટરીઓ છે એના માટે સંવેદનશીલ મુખ્યમંત્રીએ જે શ્રમજીવી અને નાના આદિવાસી ખેડૂતો સભાસદો છે એના લાભમાં નિર્ણય લીધો એ માટે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : મોહનભાઇ, આપની પાસે ૩ મિનિટ છે.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૬

## પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં આદરણીય નાણામંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક ૪૩, ૧૩ કરોડ અને ૬૬ લાખ ૮૫ હજારની માગણી લઇને આવ્યાં છે તેના સમર્થનમાં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરની બાબતે હું મારા વિચારો દર્શાવવા માગુ છું અને તે પહેલા આ દેશના વડાપ્રધાન જેઓ દીર્ઘ દ્રષ્ટિવાળા માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને સૌ પ્રથમ તો હું અભિનંદન આપવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯માં કુલ પાંચ અભ્યાસક્રમો સાથે કુલ ૧૦૨ વિદ્યાર્થીથી આ યુનિવર્સિટી ચાલુ થઇ હતી. આ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગંભીર અને જટિલ પ્રકારના ગુનાઓ નાથવા માટે અતિ આધુનિક ટેકનોલોજી દ્વારા ફોરેન્સિક નિષ્ણાતો તૈયાર કરીને તેમના ટેકનોલોજીકલ જ્ઞાનના ઉપયોગ થકી દેશ અને વિશ્વભરમાં શાંતિ અને સુખાકારી જળવાઇ રહે તેવા ઉદ્દેશથી સ્થાપવામાં આવેલ. આમ દેશમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તેમજ દેશની આંતર સુરક્ષાની જાળવણી લક્ષમાં લેતાં ઉચ્ચ કક્ષાના ફોરેન્સિક તથા મનોવૈજ્ઞાનિક નિષ્ણાત તજજ્ઞો તૈયાર કરી ભવિષ્યના સમયમાં આ નિષ્ણાતો દ્વારા રાષ્ટ્રઘાતક પ્રવૃત્તિઓ તેમજ જટિલ ગુનાઓના ઉકેલ ફોરેન્સિક ટેકનોલોજી દ્વારા થાય તે માટે વિશ્વમાં પ્રથમ એવી ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની રચના કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના અન્ય દેશોમાં ફોરેન્સિક સાયન્સ બીહેવિઅરલ તેમજ રિસર્ચ કાર્યને લગતા અભ્યાસક્રમો ચલાવતી યુનિવર્સિટીઓ છે. પરંતુ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં ગુજરાત પ્રથમ રાજ્ય છે, જે ગુજરાત માટે સમગ્ર દેશમાં ગૌરવની વાત છે.

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને અમારાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ અન્ન પુરવઠાની પૂરક માગણી લઇને આવ્યાં છે એને પૂરા દિલથી, હ્રદયપૂર્વક અને સંપૂર્ણ સમજ સાથે આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના મારા સાથી સભ્યોએ અન્ન અને નાગરિક પુરવઠા માટે કાપદરખાસ્ત લાવે સાહેબ? જે અન્ન જઠરાગ્નિને ઠારે છે. સાહેબ, મારે એકજ વાત કરવી છે. ખાસ કરીને શૈલેષભાઇ,

''આપ કત્લ ભી કરતે હો તો ચર્ચે નહિ હોતે, હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હૈ બદનામ ''

માનનીય અધ્યક્ષશ્રી, એમના અવલોકન અમારા પક્ષના સામેનો વિરોધ અને હું એક જ વાત એટલા માટે કહેવા માગુ છું કે, જ્યારે રાજ્ય સત્તાને પરમ પૂજ્ય મહાત્મા ગાંધીજીએ એક વાત કહેલી હતી કે, તમે જે કોઇ કાર્ય કરો તે સમાજના છેવાડાના માનવીને લાભ થાય, છેવાડાના માનવીનું હિત થાય એ દષ્ટિને ધ્યાનમાં રાખીને તમામ નિર્ણયો થવા જોઇએ. આ આદર્શને, આ આઇડિયોલોજીને અમારી ભારતીય જનતા પાર્ટી આ રીતે જ કામ કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ના ભૂતો, ના ભવિષ્યતો, ૨૦૧૬ની અંદર એપ્રિલથી આપણે ત્રણ રૂપિયે કિલો ચોખા અને બે રૂપિયે કિલો ઘઉં જ્યારે આપવા માગીએ છીએ. સાહેબ મને કટોકટી પછીની સરકાર તે વખતે આદરણીય મોરારજીભાઇ દેસાઇની જ્યારે સરકાર હતી, એમની કાલે જ વર્ષગાંઠ ગઇ, ચાર વર્ષે એક વાર આવે છે, એ વખતે એમણે બે રૂપિયે કિલો ખાંડ આપવાની વાત કરેલી અને તે વખતે બે રૂપિયે ખાંડ આપેલી એ વખતની સરકારે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ બે રૂપિયે કિલો આપવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને એના લીધે જેવી તેવી વાત નથી કરતો ત્રણ કરોડ અને બ્યાંશી લાખ એ નાગરિકોને એનો લાભ મળવાનો છે. ગુજરાતને માટે જેમ નર્મદા જીવાદોરી કહેવાય છે એમ ગુજરાતને માટે મધ્યમ અને ગરીબ વર્ગ માટે સરકારનો અન્ન અને નાગરિક પૂરવઠો એ શરીર અને જીવનનિર્વાહ માટે જીવાદોરી સમાન કામ કરી રહ્યો છે. એવા અનેક કામો આપને આજે મારે કહેવાનું મન એટલા માટે થાય કે, *(×××) આજે આ નિમિષાબેન અહીંયા સાક્ષી છે, મોરવા હડફની અમે જ્યારે ચૂંટણીમાં ગયા ત્યારે એ કાર્યકર્તાઓએ આજે સાહેબ આ ગરીબ પરિવારોના ભાગનું અનાજ એના બાળકો રેશન કાર્ડ મારફતે...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.(અંતરાય) હા બોલો, બોલો શૈલેષભાઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે સભ્ય બોલી રહ્યા હતા કે, *(×××) એમની પાસે પુરાવા હોય તો પુરાવા રજૂ કરવામાં આવે અને જો ના હોય તો રેકર્ડ પરથી આ શબ્દો દૂર કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. (અંતરાય) ચાલો. એ પુરાવા શોધવા જવાની, મૂકો ચાલો. ભાઇ શ્રી સુરેશભાઇ પટેલ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આ ગૃહનો નવો સભ્ય છું અને માનનીય અધ્યક્ષશ્રીઓએ નવા સભ્યોને બોલવાનો ચાન્સ આપવાનો હોય એમાં આપશ્રી મને એક બે મિનિટ વધારે આપો એવી મારી લાગણી છે અને અમારા જેવા સભ્યોની લાગણી આપ સ્વીકારો એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આરોગ્ય ખાતાની જે પૂરક માગણી છે, આ માગણીમાં આપણે ગુજરાતની અંદર આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને એના પછી અનેક પડકારો હતા આપણે એમની કવિતામાં જોયેલું છે કે, “પ્રારબ્ધને અહીં ગાંઠે કોણ, હું પડકાર ઝીલનારો માણસ છું”. આ પડકારોમાંથી આગળ વધી અને જ્યારે એમના પછી આદરણીય આનંદીબેન ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તો એટલી ગતિશીલતા આવી છે તો આ જે પૂરક માગણી છે અને એમાં માનનીય વિરોધપક્ષને મારી વિનંતી છે કે, આ ગરીબોના હિતનું કામ છે. આ જે માગણીઓ છે એ ગુજરાત સરકારે એટલી બધી યોજનાઓ ચાલુ કરેલી છે અને એના તમે ખૂબ ભરપેટ વખાણ પણ કરેલા છે, આ માગણીઓ માટે એની જરૂર હોય તો આપણે કમ સે કમ આ ગુજરાતની વિકાસ યાત્રામાં આપણે. એક ભાઇએ જ્યારે પૂછ્યું કે, મારે સમાજ સેવા કરવી છે તો શું કરવું ? તો એને એક મહારાજે

જવાબ આપ્યો કે, ભાઇ નડવાનું બંધ કરો એ સૌથી મોટી સમાજ સેવા છે. તો આ સમાજ સેવા કરી અને આપણી આ આરોગ્ય અને પરિવાર કલ્યાણની અંદર રાષ્ટ્રીય અંધત્વ ઘણા બધા વિષયો લીધા છે હું માત્ર એક-બે વિષયનો ઉલ્લેખ કરીશ. હું માત્ર ૧-૨ વિષયનો ૧-૧ મિનિટ ઉલ્લેખ કરીશ. રાષ્ટ્રીય અંધત્વ નિવારણમાં ગુજરાતમાં એક લાખની વસતીએ ૧૩૧૧ મોતિયાના ઓપરેશન કરી અને ગુજરાત છેલ્લા સાત વર્ષથી આખા દેશની અંદર મોખરાનું સ્થાન ધરાવે છે એના માટે ગુજરાત સરકારને અભિનંદન આપું છું અને ૩૯૯૦૦૦ના બદલે ૭૭૧૦૦૦ જેટલા મોતિયાના ઓપરેશન કરી અને ગુજરાતે આખા દેશની અંદર સફળતા મેળવી છે. મુખ્યમંત્રી અમૃતમ યોજનાની સફળતા પછી હું ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય આરોગ્ય મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે કોઇપણ જ્ઞાતિ હોય પણ ૧૨૦૦૦૦ કરતા જેની ઓછી આવક હોય એવા તમામ લોકો માટે મા વાત્સલ્ય કાર્ડ કાઢી અને ગુજરાતની અંદર ટૂંક જ સમયમાં ૧.૨૦ લાખ લોકોએ આનો લાભ લીધો અને ૧૦૩ કરોડ રૂપિયા સરકારે આની અંદર આપ્યા છે એટલે આ ગુજરાત સરકારમાં, આદરણીય આનંદીબેનના નેતૃત્વમાં જે ગતિશીલતા છે અને જે કહ્યું છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ(ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શાસનની અંદર નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે ગૃહ માટેનું પુરવણી બજેટ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને એમને શુભેચ્છા પાઠવું છું કે ગૃહ વિભાગ એક અત્યંત સંવેદનશીલ વિભાગ હોય અને એ વિભાગની અંદર મિત્રો જયારે કાપ દરખાસ્ત લઇને આવ્યા હોય એ ખરેખર બરાબર નથી. શાંતિ અને સલામતી જયારે જોઇતી હોય અને ગુજરાત જયારે શાંતિ અને સલામતી ઇચ્છતું હોય ત્યારે ગૃહ વિભાગની વિશેષ જવાબદારી અને વિશેષ બજેટ આપવાની અત્યંત જરૂરિયાત છે. પૂરવણીને આપણે સમર્થન આપવું જોઇએ. કરફ્યુ, આજે ૨૦ વર્ષના યુવક યુવતીઓને પૂછીશું તો કરફ્યુ શું છે એ ખબર નથી. ડભોઇથી અમારે અમદાવાદ આવવું હોય તો પહેલા પૂછીને આવવું પડતું હતું કે અમદાવાદમાં શાંતિ છે કે નહીં? ખરેખર આદિવાસી વિસ્તારમાં લૂંટફાટ અને મધ્યપ્રદેશથી જો રાત્રે આવવું હોય તો ૧૦ વાગ્યાથી સવારે પાંચ વાગ્યા સુધી ગુજરાતમાં આવવા માટે તકલીફ હતી. આવો સમય ૧૯૯૫ પહેલાનો હતો. ધાડપાડુઓ અને કાયદો અને વ્યવસ્થાનું અંધેર હતું. રાજુ રિસાલદાર, •(×××) અને લતીફ જેવા જયારે આ *(×××). જયારે આજે અતિસંવેદનશીલ વિસ્તારની અંદર મહિલાઓ રાત્રે એકલી ફરે છે.

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો દૂર કરું છું.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : ગૃહ ખાતુ ચલાવી રહ્યા હતા. બઢતીની પ્રક્રિયામાં પણ આજે ખૂબ ઓપન રીતે બઢતી પ્રક્રિયા થઇ રહી છે. સામાન્ય અને ગરીબ પરિવારને સ્વપ્નું હતું કે મને સરકારી નોકરી મળશે કે નહીં? ગૃહ વિભાગની અંદર સીધી ભરતી થતી હતી પહેલા. સગાવાદ અને વ્યવહારવાદ ચાલતો હતો જયારે આજે તમામ નાબૂદ કરીને ખુલ્લે આમ ટી.વી. અને મિડિયા ઉપરથી ઓન લાઇન ભરતી થઇ શકતી હોય છે અને ભરતીની પ્રક્રિયાની અંદર પણ ખૂબ પારદર્શક વહીવટ હોય છે. સામાન્ય પરિવારને પણ આજે પોલીસની ભરતીની અંદર કે સરકારી નોકરીની ભરતીની અંદર એક સમય મળી ગયો છે અને એમને પણ આજે ચાન્સ મળે છે અને ખરેખર વચેટીયાઓ નાબૂદ થયા છે અને વહીવટ જયારે ખૂબ સુંદર રીતે થઇ રહયો હોય ત્યારે અતિ આધુનિક પોલીસ સ્ટેશનો આજે બન્યા છે અને લેટેસ્ટ પદ્ધતિથી પોલીસ વિભાગ સજ્જ છે. પોલીસ ચોકીની પણ ૧૫ થી ૨૦ કિલોમીટરની અંદર ખૂબ સુંદર વ્યવસ્થા થઇ છે. અતિ આધુનિક પોલીસ સ્ટેશનની અંદર જયારે આ લેટેસ્ટ પદ્ધતિનો ઉપયોગ થતો હોય તો સૌરભભાઇસાહેબ જે આ પુરવણી બજેટ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું અને શુભેચ્છા પાઠવું છું કે આ ગતિશીલ ગુજરાતમાં ખૂબ સુંદર રીતે કામ થઇ રહ્યું છે એમને શુભેચ્છા પાઠવું છું.

શ્રી સૌરભ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ઘણા વિભાગની પૂરક માગણી લઇને આવ્યો છું અને ઘણા બધા સભ્યશ્રીઓએ એમના વિચાર રજૂ કર્યા. માગણીઓની જે માહિતી છે એ હું સભ્યશ્રીઓને આપવા માગું છું. પહેલા ગૃહ વિભાગની માગણી નંબર-૪૩ છે. એની અંદર સુપ્રીમ કોર્ટનું જજમેન્ટ આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના જજમેન્ટના આધાર ઉપર શ્રી નથુભાઇ જાદવભાઇ, અને શ્રી મુસાભાઇ ઇસ્માઇલભાઇને ૨૫,૪૧,૬૦૦ રૂપિયા આપણે આપવાના હતા. એટલે આપણે માગણી એની લઇને આવ્યા છીએ. બીજી માગણી ગૃહ વિભાગની છે. આપણે વર્ષના ૪૧૩.૯૩ કરોડ એ લોકોના પગાર, લીવ એનકેશમેન્ટ, ઓવર ટાઇમ આની અંદર જોગવાઇ કરી હતી. આ ૪૧૩ માં વધારાના ૧૭.૮૧ કરોડ રૂપિયા એમણે પગાર ધોરણ ઉપર માગ્યા. પરંતુ વિભાગનું ૪.૧૪ કરોડનું સેવિંગ્સ હતું, એટલે કુલ ૧૩.૬૬ કરોડ પગાર ધોરણ માટે આપણે માગણી લઇને આવ્યા છીએ. એવી રીતે એગ્રીકલ્ચરની ડિમાન્ડ છે. એ ખાસ કરીને જે માગણી લઇને આવ્યા છીએ તે કચ્છ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંન્કની છે. કચ્છ ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેંન્કની અંદર તકલીફ હતી. એણે બેંન્કિંગ નોર્મ્સ પૂરા કરવાના હતા. એ કુલફિલ ન કર્યા હોત તો તેનું લાઇસન્સ કેન્સલ થયું હોત અને બેન્ક બંધ થઇ ગઇ હોત. બધા ધારાસભ્યશ્રીઓ, કચ્છના આગેવાનો મળવા આવ્યા. ગમે તેમ કરીને આ બેન્કને બચાવો અને બચાવવા માટે આપણે ૧૩.૭૫ કરોડ રૂપિયા એમને આપ્યા અને અત્યારે એ આપણે કન્ટીજન્સી ફંડમાંથી આપ્યા. એના કારણે સપ્લીમેન્ટરી ડિમાન્ડ પૂરી કરવા માટે લાવ્યા છીએ. એવી રીતે કો-ઓપરેટિવ સેક્ટરના બેંન્કોના નોર્મ્સ રાખવા માટે ૬.૭૪ કરોડ રૂપિયા આપણે જુદી જુદી બેંન્કો માટે ડિસ્ટ્રિક્ટ કો-ઓ.બેંન્કોને સ્ટ્રેન્ગ્ધન કરવા માટે રાખવામાં આવ્યા હતા. એ માગણી લઇને આવ્યા છીએ. એવી રીતે કાંઠા વિભાગ કો-ઓપરેટિવ સુગર ઇન્ડસ્ટ્રિઝ. કાંઠા વિભાગને તકલીફ થઇ હતી. કાંઠા વિભાગ માટે આપણે ૮.૪૯ કરોડની રિકવાયરમેન્ટ લઇને આવ્યા છીએ. ૮.૪૯ માટે

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપણે સપ્લીમેન્ટરી ડિમાન્ડ લઇને આવ્યા છીએ. કાંઠા સુગર મિલની ડિમાન્ડ હતી એટલે માગણી લાવ્યા હતા. એવી રીતે ઉકાઇ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ બંધ થઇ ગયો હોત. આપણે બજેટમાં આ બધાને મદદ કરવાની જોગવાઇ નહોતી કરી. પરંતુ આપણે એ લોકોને મદદ ન કરી હોત તો તકલીફ થાત. એના માટે ૭.૧૫ કરોડની ડિમાન્ડ લઇને આવ્યો છું. બેઝિકલી ડિમાન્ડ કો–ઓપરેટિવ સેક્ટરની વાત કરી. એ કો–ઓપરેટિવ સેક્ટરની ડિમાન્ડ નં. ૫ માં બધી ડિમાન્ડ બેન્કની છે, કો–ઓપરેટિવ સેક્ટરની ડિમાન્ડ છે. એવી રીતે હું એનર્જી પેટ્રોકેમિકલ્સની ડિમાન્ડ નં. ૧૩ ની વાત કરું. આપણે ૧૨૦૬ કરોડનું બજેટ પ્રોવિઝન કર્યુ હતું. શેના માટે? વીજ સબસિડી આપવા માટે. વર્ષની વચ્ચે ખેડૂતોને તકલીફ હતી. એટલે ૫૦ ટકા રિલીફ આપવાનું ૨૦૧૪–૧૫ નક્કી કર્યું. એના કારણે જે ડિમાન્ડ ઊભી થઇ. કુલ ૪૦૫.૭૪ કરોડની એડિશનલ ડિમાન્ડ સબસિડી માટે ખેડૂતોને માટે આપી. એટલે આ ડિમાન્ડ આ વર્ષ માટે લાવ્યા છીએ. એવી રીતે ૧૭૦૦ કરોડ આ વર્ષે મૂક્યા હતા. પરંતુ વીજળીમાં કોલસાના ભાવો વધે, એટલે રેગ્યુલેટર ભાવ વધારે છે. આપણે ઘર વપરાશ માટે ફ્યુઅલ સરચાર્જ તરીકે બિલ મોકલીએ છીએ. ઉદ્યોગોને ફ્યુઅલ સરચાર્જ માટે બિલ મોકલીએ છીએ, પણ ખેડૂતોને નથી મોકલતા. કોઇપણ કોલસાનો વધારો ફ્રેટનો વધારો કે વીજળીના ભાવમાં વધારો થાય, એ વધારો કોલસા આધારિત કે ગેસ આધારિત હોય, પણ તેના માટે ખેડૂતોને ભારણ નથી આપતા. ખેડૂતોનું ભારણ રાજ્ય સરકાર પોતે લે છે. એના માટે ૭૬૯.૨૦ કરોડની આ વખતે ડિમાન્ડ એડિશનલ લાવ્યો છું. આવી રીતે જેટકોની વાત કરું. જેટકોને આપણે ૨૨૦ કરોડની એડિશનલ ટ્રાન્સમીશન લાઇન નાખવાની મંજૂરી આપી હતી. પણ ૬૨ લાખની ટ્રાન્સમીશન લાઇન વધારે નાખી. બેઝીકલી આ ટ્રાન્સમીશન લાઇન, સબસ્ટેશન ખેડૂતો માટે હોય તેમાં થોડું સેવિંગ્સ હતું એટલે તે સેવિંગ્સના આધારે ૪૫.૩૩ લાખ તેમની ડિમાન્ડ છે.આપણે ૫૦૦ મેગાવોટ લિગ્નાઇટ માટે એડિશનલ કેપીટલ જોઇતું હતું. આપણે તે જોગવાઇ કરી ન હતી અને ખર્ચ વધારે થયો હતો એટલે સપ્લીમેન્ટરી ડિમાન્ડ ૫૪ કરોડ ૮૪ લાખની તે લાવ્યા છે. બેઝીકલી ઊર્જામાં જોશો તો મોટાભાગની ખેડૂતોને સબસિડી જે વધારી આપી છે તેના કારણે આ ડિમાન્ડ આપણે લાવ્યા છીએ. સિવિલ સપ્લાયની વાત કરું કે આની અંદર આપણે ૩૬.૮૧ કરોડનું પ્રોવિઝન કર્યુ હતું. આમાં એલ.પી.જી. સિલીન્ડરમાં જે સબસિડી આપી હતી તે સબસિડીનો વિષય છે. આની અંદર સબસિડીનું પ્રમાણ વધ્યું, થોડાક એલ.પી.જી.ના નંબર્સ વધ્યા તેના કારણે એડિશનલ ડિમાન્ડ ૬૨ કરોડની નીકળી પણ વિભાગ પાસે ૪૮.૯૦ કરોડ હતા એટલે સપ્લીમેન્ટરી ડિમાન્ડ ૧૩.૩૬ કરોડની લાવ્યા છીએ. આમ આપણે જોવા જઇએ તો એલ.પી.જી.ના સબસિડી પેટે છે. હવે હેલ્થની વાત કરીએ તો ડિમાન્ડ નં.૩૯માં ઓનરેબલ હાઇકોર્ટનો ઓર્ડર હતો ૧ કરોડ ૭૫ લાખ ૭૮ હજાર ૯૦૦ ભરવા માટેનો. તે હાઇકોર્ટના ઓર્ડર પ્રમાણે આપણે કન્ટીજન્સી ફંડમાંથી ઉપાડયા એટલે આપણે એપ્રોપ્રીએશનની ડિમાન્ડ લાવ્યા. આપણે ઇન્શ્યોર્ડ પર્સન માટેની એક લાખ રૂપિયાની ડિમાન્ડ હતી. તેના માટે આપણે એક લાખ રૂપિયાની જોગવાઇ હતી. કરન્ટ યરમાં આ વર્ષના પેટર્નમાં સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમ હતી. તે સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમમાં થોડોક સુધારો આવ્યો. ૫૪.૩૭ કરોડની આપણે જોગવાઇ કરી હતી. એડિશનલ ૩૨૦ કરોડ રૂપિયાની જરૂર પડી. આમાં વિભાગની બચત ૨૫૭ કરોડની હતી. એટલે સપ્લીમેન્ટરી ડિમાન્ડ ૬૩ કરોડની લાવ્યા છીએ. આ સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમમાં કેન્દ્ર સરકારમાં હમણાં ફેરફાર થયા છે તેના આધાર ઉપર આ ડિમાન્ડ આપણે લાવ્યા છીએ. એટલે આ બધી ડિમાન્ડ આપ જુઓ તો એવું નથી કે આની જોગવાઇ કરવાનું ભૂલી ગયા હતા. જોગવાઇ તો બરાબર જ કરી છે. પરંતુ જરૂરિયાતના આધાર ઉપર પછી ખેડૂતોની જરૂરિયાત હોય, ગરીબ માણસની જરૂરિયાત હોય તેના આધાર ઉપર અમે આ જોગવાઇ લાવ્યા છીએ. એટલે મારી વિનંતી છે કે આ મારો જવાબ સાંભળ્યા પછી આપ આપની કાપ દરખાસ્ત પાછી ખેંચો. આપ સૌએ ઘણા સૂચનો કર્યા. ઘણા બધા સૂચનો સરકારના જુદા જુદા વિભાગ માટેના હતા. માગણીઓ માટેનો વિષય ન્હોતો પરંતુ મેં આપના બધા સૂચનોની નોંધ કરી લીધી છે. જે સૂચનોની નોંધ કરી છે તેમાં ચોકકસ મને વિશ્વાસ છે કે અમારી સરકારની અંદર તમે જે સૂચનો કર્યા છે તેનાથી અમે ચાર પગલાં આગળ વધશું. મા અમૃતમ્ યોજના હોય, મા વાત્સલ્ય યોજના હોય કે એલ.પી.જી.ની સબસિડી હોય કે ખેડૂતોના વીજળીના કનેકશન હોય, એચ.પી.ના કનેકશનમાં બે એચ.પી.નો આગ્રહ ન રાખે તેવી વિનંતી કરું. કોઇ રો–મટીરીયલની શોર્ટેજ નથી. આપણે એક લાખ કનેકશન આપતા હોઇએ અને ૧૦૦ સબસ્ટેશન નાંખતા હોઇએ તો રો–મટીરીયલની શોર્ટેજ શેની? તમે મને કહો કે મારે આ જોઇએ છે તો ટ્રક ભરીને મોકલી આપું કાલે. કોઇ ચિંતા નથી. અમારી સરકાર નિયમમાં આપે છે.આપે કહ્યું કે છ દહાડા મોડું. મને એમ કહો કે ગઇકાલે તલાટીની પરીક્ષા ગઇ હવે હું એમ કહું કે મારે આજે બેસવું છે તો બેસવા મળે? આ એવો વિષય છે ભાઇ. મને એમ કહો કે બીજા દિવસે કોર્ટ મેટર બને. કનેકશન છ દહાડા મોડું ફોર્મ ભર્યુ હોય અને હું કનેકશન આપવા બેસું તો બીજા જ દિવસે કોર્ટ મેટર બને. કોઇપણ વ્યકિતમાં કોઇ ધારાસભ્યશ્રી હોય, કોઇ મંત્રી હોય કે કોઇ ખેડૂત હોય આપણે બધાએ જે નિયમમાં જોગવાઇ કરી છે તેમાં એક દિવસ આઘુંપાછું કરીએ તો આપણે સહી ના કરી શકીએ. આ સરકારની અંદર અમે કડકમાં કડક આ પ્રમાણે વલણ રાખેલ છે. આપના દ્વારા બધા સભ્યશ્રીઓને કહેવું છે કે આ બધી કાપ દરખાસ્તો મેં સાંભળી છે. નટવરસિંહ બાપુ આપે સાંભળી લીધું ને બરાબર. આ ખેડૂતલક્ષી છે, ખેડૂતલક્ષી ચિંતા હોય તો આપે કાપ દરખાસ્ત પાછી ખેંચી લેવી જોઇએ અને બધી માગણી આપણે સર્વાનુમતે મંજૂર થાય તે પ્રમાણેની મારી વિનંતી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં ગોવાભાઇની વાતમાં એમણે એમ કહ્યું કે સરકારના નિયમો છે એ નિયમોને આધીન તલાટીની એકઝામ થઇ ગઇ હોય ગઇ કાલે તો એ આજે ન આપી શકાય એ વાત સાથે હું સંમત છું. કોઇ માણસ ઊર્જા વિભાગમાંથી ટ્રાન્સફર થઇને સીધો નીતિનભાઇના ડિપાર્ટમેન્ટમાં ગયો એટલે મેન્ટલી ગાંડો થઇ ગયો છે એના માટે સરકારે માનવતાના ધોરણે પણ વિચારવું જોઇએ. આપ એવી માગણીઓ લઇને આવ્યા

છો કે જે જે બેન્કો કે સહકારી મંડળીઓ ડૂબતી હતી એનો પણ તમે આ માગણીઓમાં સમાવેશ કર્યો છે અને કરોડો રૂપિયા આપ્યા છે ત્યારે ખેડૂત બિચારો મરતો હોય તો એના માટે પણ તમારે માનવતાની દૃષ્ટિએ મદદ કરવી જોઇએ. બીજું અમારી પાર્ટી તરફથી પૂરક માગણીઓ ઉપરની જે કોઇ કાપ દરખાસ્તો અમે લઇને આવ્યા છીએ એમાં ખાસ કરીને ગૃહ વિભાગની ૪૩ નંબરની માગણીમાં હાઇકોર્ટના ચૂકાદાને આધીન નથુરામભાઇ કરીને જે છે એને ૨૫ લાખનું ચૂકવણું કરવાનું થાય છે એના માટે જે માગણી લઇને આવ્યા છે એના પરની કાપ દરખાસ્ત છે એ અમે પાછી ખેંચીએ છીએ. બીજું માગણી નંબર ૧૩માં જે ૫૦ ટકા ખેડૂતોને સબસિડી આપવાની વાત હતી એમાં ૪૦૫.૭૪ કરોડ રૂપિયાની પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવેલા છે આ બંને માગણીઓ ખેડૂતોના હિતની અને હાઇકોર્ટના ચૂકાદાને આધીન છે માટે અમે આ બંને માગણીઓ પરની કાપ દરખાસ્ત પાછી ખેંચીએ છીએ.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીને હું અભિનંદન આપુ છું કે, અમારા દક્ષિણ ગુજરાતમાં જે ૧૮ જેટલી સુગર ફેકટરીઓ છે એમાંથી બે માંદી હતી એને સરકારે સહયોગ આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો એ બાબતમાં જ એક પ્રશ્ન છે કે, ૧૯૯૬ અને ૧૯૯૮ દરમ્યાન બે વાર માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં દમણગંગા સુગર ફેકટરીને મંજૂર કરેલી અને એમાં સરકારે જે ૩૦ ટકા ટર્મ લોન આપવાની હોય એમાં ૫.૫૦ કરોડ રૂપિયા સરકારે મંજૂર પણ કરી આપેલા અને ૮૫ ટકા કામગીરી પણ થઇ ગયેલી છે. તો જે રીતે અત્યારે બે માંદી સુગર ફેકટરીને મદદ કરી છે તેજ રીતે દમણગંગા સુગર ફેકટરી છે એ ચાર ટ્રાયબલ વિસ્તારમાં આવેલી છે, ૧૯ હજાર સભાસદો છે તો એને આપ મદદ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની જે કાંઇ ચિંતા હશે એ માટે સાથે બેસીને નિકાલ કરીશું એમાં કોઇ સવાલ નથી. તમે જુઓ આ વખતે બજેટમાં પણ પ્રોવિઝન એવી રીતે કર્યું છે કે, સુગર ફેટકરીઓને એક્સપાનશન, મોર્ડનાઇઝેશન કરવું હોય તો એના માટે એક નવી જોગવાઇ કરી છે અને આવતા દિવસોમાં એક પોલીસી બનાવીશું જેથી તમારે કોઇ પણ વેલ્યુએડિશન કરવું હોય તો એની અંદર તમને મદદ થશે.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીનો કચ્છના ખેડૂતોવતી આભાર માનું છું. કચ્છની ખેડૂતો માટેની ડિસ્ટ્રિક્ટ કો–ઓપરેટિવ બેન્ક છે એને મદદરૂપ થવા માટે માનનીય નાણા મંત્રીશ્રીએ ઉદારતા રાખીને જે જરૂરિયાત હતી એ પૂર્ણ કરી છે આ માટે ફરી ફરી હું કચ્છના સૌ ખેડૂતોવતી માનનીય નાણા મંત્રીશ્રીને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું અને આભાર વ્યક્ત કરું છું.

શ્રી રણજિતભાઇ મં. ગિલિટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, પી.એ.સી.માં નવસારી જિલ્લાની કાવેરી સુગર ફેકટરીનો એક ઇશ્યુ પેન્ડીંગ છે. એ લોકોએ શેરફાળા માટે સરકારશ્રીમાં એપ્રોચ કર્યો હતો અને પી.એ.સી.એ એવું કહ્યું કે તમે તમારી બેન્કની જે લોન છે તે મંજૂરીનો પત્ર અમને લાવીને આપો. તો પી.એ.સી.એ અગાઉ ભલામણ કરી હતી કે આ તમારો પત્ર આવશે એટલે અમે સરકારશ્રીને ભલામણ કરી દઇશું. એ ભલામણ આવે તો એ લોકોને શેરફાળો આપવા વિનંતી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં હું જોઇ લઇશ.

શ્રી હીરાભાઇ હ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, વીજળી રાત અને દિવસ, અઠવાડિયુ દિવસના અને અઠવાડિયું રાત્રીના, હવે રાત્રીના ચાર પાંચ કલાક ખેતી માટે જવાનું હોય અને પાણી આપવાનું હોય એ ખેડૂતો માટે બહુ કઠિન રહે છે અને બહુ અઘરું કામ છે તો મારી વિનંતી એ છે કે સરકારશ્રી અને માનનીય વીજ મંત્રીશ્રી આ જે માગણીઓ લઇને આવ્યા છે એના અનુસંધાનમાં ખેડૂતોને માત્ર દસ કલાક કે બાર કલાક પણ દિવસના વીજળી આપવા માગે છે કે કેમ?

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે મેં અગાઉ જે વાત કરી કે ખેડૂતે બોર કરી નાંખ્યો અને થોડોક લેઇટ પડ્યો એનું કારણ એ છે કે, એક તાલુકામાં બે કે ત્રણ રીંગ હોય બોર બનાવવા માટેની. એક બોર બનાવતા ૧૫ થી ૨૦ દિવસ લાગે છે. હવે એના કનેકશન બધાના સાથે મંજૂર થયેલા હોય. તારીખ એક હોય અને ડાર્ક ઝોનમાંથી આવ્યા એટલે તાલુકામાં સીધા ૧૦૦–૨૦૦ જોડાણો સાથે મંજૂર થયા હોય અને એ બધાનો સમય એકજ હોય, હવે રીંગના અભાવે અગર તો કોઇક જગ્યાએ પાનું ફસાઇ ગયું તો દોઢ મહિનો બોર બનતા બનતા રીંગને થઇ જાય, આ કારણસર થોડોક લેઇટ પડ્યો છે બોર ચાલુ કરી દીધો પણ પૂરો બનાવી દીધો એટલે એનો સમય જતો રહ્યો. આટલી જ એની ભૂલ છે તો આવા જે કોઇ ખેડૂત હોય, માત્ર એની સમય મર્યાદાનો સવાલ છે. એનો હેતુ એવો નથી કે ન કરવું પણ એની રીંગ ક્યાંથી લાવવી. અમારે ત્યાં ડાર્ક ઝોન ઉઠ્યા પછી આ ડિમાન્ડ ડબલ થઇ ગઇ. રીંગના કારણે મુશ્કેલી છે તો એના માટે વિચારીને આવા જે કોઇ ખેડૂત હોય એને જોડાણ આપવાનું આપ વિચારો એવી મારી વિનંતી છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું કે કો–ઓપરેટીવ સેકટર માટે એમણે જે બજેટ ફાળવ્યું છે અને વિશેષ મંત્રીશ્રી પાસે હું આશા રાખું છું કે અમારે ત્યાં ઓલપાડ કાંઠા સુગર ફેકટરી જેમાં ૬૦૦૦૦ સભાસદો આવેલા છે અને સરકારશ્રીના એક પણ શેરફાળા વગર અમે આ નેવું કરોડ રૂપિયાના ખર્ચે સુગર ફેકટરી ઉભી કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ઉદઘાટન થઇને ગત વરસે જ ચાલુ થઇ છે દર વરસે ૩–૩ લાખનું પીલાણ થાય છે તો અમે ૨૫ કરોડ રૂપિયાના શેરફાળા માટે માગણી કરી છે તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ શેરફાળાની રકમ અમને આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : એમનું જે સૂચન છે તે અંગે તપાસ કરી લઇશું.

## તા. ૧લી માર્ચ, ૨૦૧૬

## પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની પૂરક માગણી ક્રમાંક ૪૩ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણી ક્રમાંક–૧૩ ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૯, ૧૧ અને ૧૨ પાછી ખેંચવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, અમે અમારી ગૃહ વિભાગની પૂરક માગણી ક્રમાંક ૪૩ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ અને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણી ક્રમાંક–૧૩ ઉપરની રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૯, ૧૧ અને ૧૨ પાછી ખેંચીએ છીએ.

પૂરક માગણી ક્રમાંક–૫, ૨૨ અને ૩૯ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક–૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪ અને ૧૫ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

પૂરક માગણી ક્રમાંક–૫, ૧૩, ૨૨, ૩૯ અને ૪૩ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬–૪૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ બીજી માર્ચ, ૨૦૧૬ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, તા. ૨જી, માર્ચ , ૨૦૧૬

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

જલાલપોર તાલુકામાં એરૂ કલથાણ રોડ પર નવા બોક્ષ કલ્વર્ટ

* ૨૨૧૧૭ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં એરૂ કલથાણ રોડ પર આવેલ જુના સ્ટ્રકચર તોડી નવા બોક્ષ કલ્વર્ટ બનાવવા માટે વર્ષ ૨૦૧૫–૧૬માં કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૫૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૨) ટેન્ડર માંગેલ છે. |

શ્રી પીયૂષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું ભૂલતો ન હોઉં તો ૨૦૧૪–૧૫ થી મુખ્ય જિલ્લા માર્ગ અને અન્ય જિલ્લા માર્ગોને પહોળા કરવાનો જે ક્રાંતિકારી નિર્ણય લીધો છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નીતિનભાઇને અભિનંદન આપું છું. મારા નવસારી જિલ્લામાં જલાલપોર તાલુકામાં એરૂ કલથાણ રોડ પર આવેલા જુના સ્ટ્રકચર તોડીને નવા બોક્ષ કલ્વર્ટ મંજૂર કરવામાં આવ્યો છે. એ બોક્ષ કલ્વર્ટ જે મંજૂર કરવામાં આવ્યો છે તેના નકશાના કામના અંદાજોમાં શું શું જોગવાઇઓ કરેલ છે એ જાણવા માગું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જવાબમાં બતાવ્યું છે કે ૫૦ લાખના ખર્ચે આ કામ મંજૂર કરેલ છે એમાં જે જોગવાઇઓ કરવામાં આવેલી છે એમાં એરૂ કલથાણ રોડ પર જેએનએચ કિલોમીટર ૧.૬ થી ૧.૮ પર જુના અને સાંકડા સ્લેબની ૫.૫૦ મીટર પહોળાઇનું પથ્થરથી ચણતરવાળું સ્ટ્રકચર હતું એ જગ્યાએ નવું બોક્ષ કલવર્ટ ૧૧.૮૦ લંબાઇમાં અને ૭.૫૦ મીટર પહોળાઇમાં બે ગાળાનું આર.સી.સી.નું મંજૂર કરવામાં આવેલ છે. આ નકશા અંદાજોમાં જે જોગવાઇ કરવામાં આવી છે એમાં પાયામાં ફાઉન્ડેશનમાં ૧૩.૩૦ મીટર લંબાઇમાં, ૮.૫૫ મીટર પહોળાઇમાં, ૧૫૦ એમ.એમ. મીટર જાડાઇમાં ગ્રેડ એમ ૫૦ માં પ્લેઇન સિમેન્ટ કોંક્રીટની કામગીરી રાઉટ ફાઉન્ડેશન માટે ૧૩ મીટર લંબાઇ અને ૮.૨૫ મીટર પહોળાઇમાં ૬૫૦ એમ.એમ. મીટર જાડાઇનું ગ્રેડ એમ–૨૫૦ માં આર.સી.સી.નું કામ ૯.૯૫ મીટર લંબાઇમાં ૮.૨૫ મીટર પહોળાઇમાં અને ૬૦૦ એમ.એમ. મીટર જાડાઇની ત્રણ આર.સી.સી.ની ગ્રેડ એમ ૩૦૦માં ઉભી દીવાલો બનાવવાની કામગીરી અને ૧૧.૮૦ મીટર લંબાઇમાં, ૮.૨૫ મીટર પહોળાઇમાં અને ૬૦૦ એમ.એમ. મીટર જાડાઇમાં આરસી.સી. ગ્રેડ એમ ૩૫૦માં સ્લેબની કામગીરી બોક્ષની બંને બાજુ ૩.૫૦ મીટર અને ૮.૨૫ મીટર પહોળાઇમાં ગ્રેડ એમ ૩૦૦ માં એપ્રોચ સ્લેબની કામગીરી પાણીના વહેણથી બોક્ષ કલ્વર્ટના પાયાને ભવિષ્યમાં નુકસાન ન થાય એને પણ ધ્યાનમાં રાખ્યું છે. તે માટે પાણીની આવક અને જાવક તરફ બંને બાજુએ જરૂરિયાત મુજબની આર.સી.સી. દીવાલોની કામગીરી પણ મંજૂર કરી છે. બોક્ષ કલ્વર્ટની બંને બાજુ ૭૫–૭૫ મીટર મળી કુલ ૧૫૦ મીટરની લંબાઇમાં ૫.૫૦ મીટર પહોળાઇના પાકા ડામરના એપ્રોચની કામગીરી પણ મંજૂર કરવામાં આવી છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના એરૂ કલથાણ રોડ પર આવેલા જુના સ્ટ્રકચર તોડી નવા બોક્ષ કલ્વર્ટની મંજૂરી કઇ યોજનામાં આપેલ છે? અને આ બોક્ષ કલ્વર્ટ પૂર્ણ થવાથી શું શું ફાયદા થવાના છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના જલાલપોર તાલુકામાં એરૂ કલથાણ રોડ પર નવું મંજૂર કરેલું બોક્ષ કલ્વર્ટ ખાસ મરામત બજેટ સદરે ૨૦૧૫–૧૬ અંતર્ગત રૂ.૫૦ લાખની રકમનું મંજૂર કરવામાં આવેલ છે. તાજેતરમાં આ રસ્તો ૫.૫૦ મીટર પહોળાઇનો બનાવવામાં આવેલ હોઇ આ જુનું સાંકડું સ્ટ્રકચર હોવાથી અકસ્માતો થતા હતા. નવું બોક્ષ કલ્વર્ટ સ્ટ્રકચર પૂર્ણ થવાથી અકસ્માતો પણ નિવારી શકાશે. એમાં એરૂ, કલથાણ, સુલતાનપુર આ ગામોની એરૂની ૬૫૫૮, કલથાણની ૧૨૭૪, સુલતાનપુરની ૨૨૭૬ની વસ્તી ઉપર મુજબના ત્રણ ગામોને વાહન વ્યવહારની પણ સુગમતા થશે અને વિદ્યાર્થીઓને શાળા–કોલેજમાં જવા આવવામાં ખૂબ જ સરળતા રહેશે.

અમદાવાદ શહેરમાં નવી રેફરલ હોસ્પિટલો ખોલવાનું આયોજન

* ૨૨૮૬૯ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ | (૧) ૧૧ અર્બન પીએચસીને અપગ્રેડ કરવાની બાબત |

શહેરમાં ત્રણ નવી રેફરલ હોસ્પિટલ ખોલવાનું સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે,

વિચારણા હેઠળ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ જગ્યાએ નવી રેફરલ હોસ્પિટલ ખોલવાની વિચારણા છે,

(૨) સ્થળ અંગે અમદાવાદ મહાનગરપાલિકાના પરામર્શમાં નિર્ણય કરવામાં આવશે.

(૩) ઉક્ત સ્થિતિએ તે માટે નાણાંકીય જોગવાઈ છે કે કેમ, અને

(૩) નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ના અંદાજપત્રમાં નાણાકીય જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

(૪) જો હા, તો કેટલી રકમની જોગવાઈ કરેલ છે અને જો ના, તો જોગવાઈ ન કરવાના કારણો શું છે?

(૪) વર્ષ ૨૦૧૬–૧૭નું અંદાજપત્ર મંજુર થયે રકમ નક્કી થશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવું છે કે અમદાવાદ શહેરની અંદર, મેં માનનીય મંત્રીશ્રીને અગાઉ એક કાગળ લખ્યો હતો અને એમનો રીપ્લાય પોઝીટીવ આવ્યો હતો આ બાબતમાં અને ગઇ વખતના સત્રમાં પણ એમણે આ બાબતનો ઉલ્લેખ હાઉસમાં કર્યો હતો. મારે ફક્ત એટલું જ જાણવું છે કે અમદાવાદમાં ૧૧ અર્બન પી.એચ.સી. ને અપગ્રેડ કરવાની વાત છે. તો કયા કયા સ્થળો ઉપર સરકાર કરવા વિચારી રહી છે. મેં મારી પોતાની પર્સનલ વિધાનસભા વિસ્તાર બહેરામપુરા વોર્ડ માટેની માગણી કરેલ છે. જ્યાં આગળ અમદાવાદ શહેરના ટોટલી કચરાને ડમ્પિંગ કરવામાં આવે છે. કેમિકલની ફેક્ટરીઓ આવેલ છે. પીરાણાનો પ્લાન્ટ આવેલ છે. એ રીતે ટોટલી ડ્રેનેજ સિસ્ટમનો પ્લાન્ટ આવેલ છે. જેથી કરીને રોગચાળાનું પ્રમાણ વધારે છે. અમદાવાદ શહેરમાં કઇ જગ્યાએ કરવા માગો છો? બહેરામપુરા વોર્ડની માગણી છે તો સરકાર વિચારે છે કે નહીં?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય ધારાસભ્યશ્રી શૈલેષભાઇ પરમારે ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો કે રાજ્ય સરકારે આ વખતે બજેટમાં એક મહત્વકાંક્ષી પ્રોજેક્ટ ખાસ કરીને મહાનગરપાલિકાઓ અને નગરપાલિકા વિસ્તારમાં મૂક્યો છે. એક મોટી હોસ્પિટલ હોય છે. અર્બન હેલ્થ સેન્ટર હોય છે. જ્યારે ગ્રામ્ય કક્ષાએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય છે. અહીયા પી.એચ.સી. કક્ષાના અર્બન હેલ્થ સેન્ટર હોય છે. વચ્ચેનાં સેન્ટરોને અપગ્રેડ કરવાં માટે, એટલે કે ગ્રામ્ય કક્ષાએ સી.એચ.સી. હોય છે, જેમાં ૮૦ હજારથી કરીને સવા લાખ જેટલી જનસંખ્યાએ આપણે એક સી.એચ.સી. બનાવતા હોઇએ છીએ. એ પ્રમાણે બજેટમાં ૩૨ જેટલાં નવાં સેન્ટરોની મંજૂરી આ વખતનાં બજેટમાં આપી છે. પી.એચ.સી. અને અર્બન હેલ્થ સેન્ટર કક્ષાએથી રિફર કરીને મૂકવા હોય તો તેને રેફરલ સુવિધાઓ મળશે. ૧૧ જેટલાં સેન્ટરો અમદાવાદ શહેરમાં મંજૂર થશે. મોટા ભાગના સ્લમ એરિયા કે જ્યાં સુવિધાની વધારે જરૂરિયાત હોય ત્યાં આગળ સિવિલ હોસ્પિટલ, યુ.એન. મહેતા અને કોર્પોરેશનની વ્યવસ્થાઓ અને સુવિધાઓ તો છે, પણ મિડલ કક્ષાએ નીચેનાં સેન્ટરમાં સુવિધાઓ ન હોય અને બહુ મોટી હોસ્પિટલ સુધી જવાની જરૂરિયાત ન હોય તો આ વચ્ચેની સુવિધા મળી રહેશે. ૧૧ જેટલાં સેન્ટરોનાં સ્થાન નક્કી કરવાનાં હવે થશે. આપે વાત કરી દાણીલીમડા વિસ્તારમાં અગાઉ આયોજન કરી લીધેલ છે. એ એરિયામાં જરૂરિયાત છે જ, ત્યાં પણ આની સુવિધા મળી રહે એના માટેની વ્યવસ્થા પોઝિટિવલી રાજ્ય સરકાર વિચારી રહી છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી પૂછવા માગું છું કે જે રીતે અમદાવાદ શહેરની વસતિ વધી રહી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકાર આરોગ્યની વિશેષ ચિંતા કરીને મોટું બજેટ લઇને આવી છે. ૧૧ અર્બન હેલ્થ સેન્ટરને અપગ્રેડ કરશે, તો આમાં આરોગ્યની સુવિધા માટે કયા કયા હેલ્થ સેન્ટર અને સરકારી દવાખાનાં ઉપલબ્ધ થશે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : સભ્યશ્રી રાકેશભાઇએ વાત કરી એ પ્રમાણે સુવિધા અહીયા મહાનગર પાલિકામાં તો ઘણી બધી છે, પરંતુ અમારો મેઇન ઉદેશ મોટી હોસ્પિટલ સિવિલ હોસ્પિટલ, મેડિકલ કૉલેજ સાથે સંલગ્ન હોય અને એના ઉપરનું ભારણ ઘટે. ડિલિવરી માટેની વ્યવસ્થા હોય તો બાકીની હોસ્પિટલની અંદર વ્યવસ્થા થઇ શકે, એના માટે સિવિલ હોસ્પિટલ સુધી જવાની જરૂર નથી. એ પણ વચ્ચેની લીંક કરવા જઇ રહ્યા છીએ. પ્રશ્ન કર્યો કે કઇ કઇ સુવિધા છે? તો અત્યારે આજે પણ કોર્પોરેશનની અંદર અર્બન હેલ્થ સેન્ટર ૬૪ જેટલાં છે. મેટરનિટી હોમ ૭, રેફરલ હોસ્પિટલો ૩, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ૨ જેટલાં, શેઠ વી.એસ. જનરલ હોસ્પિટલ, શારદાબેન હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, નગરી હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ અમદાવાદ, રૂક્ષ્મણીબેન સરકારી હોસ્પિટલ–ખોખરા, સરકારી ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલ, યુ.એન.મહેતા કોર્ડિયોલોજી હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ, જી.એમ.આર.એસ. મેડિકલ કૉલેજ સંલગ્ન સોલા હોસ્પિટલ, સોલા હોસ્પિટલ સંલગ્ન ૧૧ જેટલી ડિસ્પેન્સરી છેઃ સરદારનગર, કુબેરનગર, શાહીબાગ, એ–કોલોની પોલીસ ડિસ્પેન્સરી, મેન્ટલ, શાસ્ત્રીનગર, જી–કોલોની, સુખરામનગર, વસ્ત્રાપુર, હાઇકોર્ટ, બૉમ્બે હાઉસિંગ, ગાયકવાડ હવેલી આ બધી જગ્યાએ સુવિધાઓ છે. આયુર્વેદની પણ ૪ જેટલી સરકારી આયુર્વેદિક હોસ્પિટલ પણ છેઃ શ્રીમતી મણીબેન આયુર્વેદિક હોસ્પિટલ, અખંડાનંદ આયુર્વેદિક હોસ્પિટલ, રૂક્ષ્મણીબેન આયુર્વેદિક હોસ્પિટલ, સંજીવની આયુર્વેદિક હોસ્પિટલ, દવાખાના આપણે જેને કહીએ છીએ તેવા કાલુપુર–૧, કાલુપુર–૨, અસારવા, મણીનગર, ગોમતીપુર, બાપુનગર, ખાડિયા, એલિસબ્રિજ, બારડોલપુરા, જમાલપુર, નવા નરોડા, કાળી ગામ. આ પ્રમાણે જોઇએ તો અમદાવાદ શહેરની અંદર આરોગ્યની દ્રષ્ટીએ ઘણી બધી સુવિધાઓ આજે પણ ઉપલબ્ધ છે. આ નવી સુવિધાઓ આની અંદર ઉમેરાશે.

## ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમદાવાદ મહાનગરપાલિકાનો વિસ્તાર ઘણો જ વધેલો છે. તો આ ભૌગોલિક વિસ્તારને ધ્યાને લઇ અમદાવાદ શહેર તથા નજીકમાં આવેલ સી.એચ.સી.ને અપગ્રેડ કરવાનું વિચારણામાં છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે પ્રાથમિક અર્બન હેલ્થ સેન્ટર ૧૧ જેટલા અપગ્રેડ કરવા જઇ રહ્યા છે તેમ સી.એચ.સી.ને અપગ્રેડ કરવાનું વિચારણામાં લીધું છે. અમદાવાદ મહાનગરપાલિકાના ભૌગોલિક વિસ્તારને ધ્યાનમાં લઇને સીંગરવા પાસે હાલની ૩૦ પથારીની સામૂહિક આરોગ્ય કેન્દ્રની હોસ્પિટલ છે તેને અપગ્રેડ કરીને ૫૦ પથારીની સુવિધા ધરાવતી હોસ્પિટલ બનાવવામાં આવશે. આજે મારે એ ઉલ્લેખ કરવો જોઇએ કે અમારા સાથી પ્રદિપસિંહજી જાડેજા જેમણે આ ગરીબ અને વધારે જરૂરિયાતવાળો વિસ્તાર છે ત્યાં આગળ આવી સુવિધા મળે તે માટે માનનીય જગરૂપસિંહભાઇ અને માનનીય બાબુભાઇ પટેલ સાથે રજૂઆત કરી હતી અને આજે તેને ચાલુ વર્ષના બજેટમાં અપગ્રેડ કરવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લઇ લીધો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગરીબ વિસ્તારની અંદર સરકારશ્રીએ હોસ્પિટલ બનાવવા માટેની ખાતરી આપી છે માટે મારા વિસ્તારના મતદારો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીનો આભાર માનું છું. માનનીય મંત્રીશ્રી ત્યાં એક તકલીફ એ છે કે અમદાવાદ શહેરમાં ટી.પી. ફાઇનલ થયેલ નથી. મારા વિસ્તારની અંદર ડી.પી. છે. ડી.પી.ના કારણસર હોસ્પિટલ બનાવવા માટે જે પ્લોટ જોઇએ તે મળવો મુશ્કેલ બનશે. સરકારે ગ્રાન્ટ આપવાની હા પાડી છે પણ તે વિસ્તારની અંદર પોલીસ હાઉસિંગનો ૧૧ હજાર વારનો પ્લોટ આવેલો છે. તો કોર્પોરેશનની પોતાની તૈયારી છે કે તે પ્લોટની સામે કોર્પોરેશન બીજો પ્લોટ આપવા તૈયાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ આની રજૂઆત થઇ હતી. તો આ પ્લોટ કોર્પોરશન પાસેથી લઇ લેવામાં આવે અને તેની સામે કોર્પોરેશન પોલીસ હાઉસિંગને બીજો પ્લોટ આપશે તો હું માનું છું કે આ વિસ્તારમાં હોસ્પિટલ બનવી ખૂબ જ ઇઝીલી થઇ જશે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આરોગ્યની દ્દષ્ટિમાં કોઇ કચાસ રાખવા માગતી નથી. કોર્પોરશનની કક્ષાએ અથવા તો જમીનની અવેલિબિલીટી કઇ કક્ષાએથી મળી શકે તેના માટેના કોર્ડીનેશન કોર્પોરેશન કક્ષાએ કે જે કક્ષાએ કરવું હશે તેના માટે પોઝીટીવલી પ્રયત્નો અમે કરીશું.

### બનાસકાંઠા જિલ્લામાં સોલસંડા–માંકડી–મગવાસ રોડને પહોળો કરવા બાબત

* ૨૨૧૩૨ શ્રી કેશાજી ચૌહાણ (દિયોદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સોલસંડા–માંકડી–મગવાસ રોડને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૩૦૦.૦૦ લાખ |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સોલસંડા–માંકડી–મગવાસ ટ્રાફીકની રીતે અતિમહત્વનો રોડ છે અને તેને પહોળો કરવા માટે ૧૩૦૦ લાખની ફાળવણી કરવા બદલ રાજયના મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને જાણવા માગું છું કે રોડને કેટલી લંબાઇમાં અને કેટલો પહોળો કરવા માટેની મંજૂરી મળેલ છે તથા આ મંજૂર થયેલ રસ્તામાં શું કામગીરી કરવાની થાય છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે તેના માટે સરકારે લગભગ ૧૩૦૦ લાખ જેટલી માતબર રકમ મંજૂર કરી છે. આ રસ્તાની ૨૧.૯૬૦ કિલોમીટર લંબાઇને એટલે કે સોલસંડાથી મગવાસ સુધીના હયાત ૩.૭૫ મીટરમાંથી ૭ મીટર પહોળો કરવાની મંજૂરી આપેલ છે. રસ્તાની બંને બાજુએ ૧.૬૨૫ મીટર પહોળા વાઇડનીંગમાં ૧૨૫ એમએમ જીએસવી ગ્રેડ–૧, ૭૫ એમએમ જીએસવી, ૧૫૦ એમએમ ડબલ્યુબીએમ. ૧૦૦ એમએમ ડબલ્યુએમએમ, ૫૦ એમએમ ડીએમ સળંગ લંબાઇમાં, ૨૦ એમએચએસ સળંગ લંબાઇમાં, ૧૫૦ એમએમ જાડાઇમાં, થર્ડ સાઇડ સોલ્ડર્સ, એક મીટર બંને બાજુએ, ૧.૬૨૫ મીટર પહોળા વાઇડનીંગમાં ડબલ્યુએમએમ ઉપર પ્રાઇમીંગ કોટ, ૭.૫૦ કિલોગ્રામ દસ ચોરસ મીટરના દરે કરવાની કામગીરી થાય છે. આ રસ્તા પર આવતા હયાત સીડી વર્કસ એમાં ૧૪ જેટલા જરૂરિયાત મુજબના સાંકડા નાળાને ૧૨ મીટર પહોળા કરવાનું આયોજન હાથ ધરવાનું છે.

શ્રી નાગરજી હ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીની પૂછવા માગુ છું કે, આ રસ્તા ઉપર રોડ સેફ્ટીનું આયોજન છે કે નહીં?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તો પહોળો થાય કે નવો થાય એટલે સ્વાભાવિક છે કે, એની રોડ સેફ્ટીનું ધ્યાન વિભાગ રાખતું હોય છે. આ રસ્તામાં પ્રોટેક્ટિવ વોલ ૩૦૦ મીટર જુદી જુદી ચેનેજમાં લીધેલી છે. આ રસ્તો હીલી

એરિયામાંથી પસાર થતો હોય એક સાઇડ રસ્તાનું ધોવાણ અટકાવવા માટે પ્રોટેકશન વોલની નકશા અંદાજમાં જોગવાઇ કરેલ છે. જંકશન સુધારણા, જીતપુર ચોકડી અને ખેરોજ–અંબાજી હાઇવે ચોકડી એમ કુલ બે જગ્યાએ જંકશન સુધારણા કરવાનું આયોજન છે. આ રસ્તો કુલ ૧૦ ગામોમાંથી પસાર થતો હોય આમ જનતાને રસ્તો ક્રોસ કરવા માટે જીબ્રા ક્રોસિંગની જોગવાઇ કરેલ છે, રસ્તાને પહોળો કર્યા બાદ દ્વી–માર્ગી બનતો હોય રસ્તાઓ ઉપર અપ–ડાઉન ટ્રાફિક લિવિંગના માર્કીંગ માટે થર્મોપ્લાસ્ટીક પેઇન્ટથી સેન્ટર લાઇન માર્કીંગ કરવામાં આવનાર છે, રાત્રીના સમયે દ્રશ્યતા, વિજિબિલિટી રહે તે માટે ૨૯૫૬ નંગ કલે–ટાઇલ્સ લગાડવાનું આયોજન છે, માહિતી દર્શક બોર્ડ તરીકે વિલેજ નેઇમ બોર્ડ ૧૭ નંગ, વળાંક સૂચક બોર્ડ ૬૮ નંગ તેમજ ગાર્ડન સ્ટોન, ઇન્ડીકેશન સ્ટોન મળીને કુલ ૧,૫૯૧ નંગ રોડ સેફ્ટી માટે જુદા જુદા વળાંકો પર લગાવવાનું આયોજન પણ અંદાજોમાં કરેલું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી મંત્રી માનનીય જયદ્રથસિંહજીએ જે વિગત આપી એમાં એક ઉમેરો કરું કે, હાઇવે ઉપર અનેક જગ્યાએ સ્કૂલો, કોલેજો, ગામ, પ્રવેશ દ્વાર બધે જ મોટા પ્રમાણમાં નાગરિકો બમ્પ બનાવવાનો આગ્રહ કરે છે અને હજારોની સંખ્યામાં બમ્પ આપણા રોડ ઉપર ગ્રામ્ય માર્ગથી માંડીને હાઇવે ઉપર આપણે બનાવ્યા છે. આ બમ્પ અકસ્માત અટકાવે પણ છે અને ઘણી વખત બમ્પ ઉપર કોઇ જાતનું કોઇ નિશાન ન હોય તો રાત્રે સ્કૂટર કે મોટર સાઇકલ કે અન્ય વાહન લઇ જનાર સ્પીડમાં જતા હોય અને અચાનક બમ્પ આવે તો બ્રેક મારવી પડે તો પાછળ કોઇ અથડાઇ જાય અથવા ખબર ન હોય અને બ્રેક ન મારે તો મોટું જમ્પ થાય અને વાહન અથડાઇ જતું હોય છે, આવું બધું ન થાય એ માટે ગયા અઠવાડિયે અમે માર્ગ મકાન વિભાગમાં નિર્ણય કર્યો છે કે એક મહિનામાં, આવનાર એક મહિનામાં આખા ગુજરાતના કોઇ પણ બમ્પ હોય એ પછી કોઇ પણ ગામ, શહેર કે કોઇ પણ વિસ્તારમાં હોય એ બધા બમ્પને અમારા માર્ગ મકાન વિભાગ તરફથી કલર અને રીફલેક્ટર લગાવવાની કામગીરી ચાલુ કરવાના છીએ અને એક મહિનામાં એક સઘન ઝૂંબેશ તરીકે આખા રાજયના બધા જ વિસ્તારના બધા રસ્તાઓ ઉપર આપણે કલર વગેરે લગાવીશું અને જ્યાં જરૂર હશે ત્યાં રેડિયમ પટ્ટી લગાવીશું, બમ્પના સિંગ્નલ લગાવીશું જેથી નાગરિકોને ખબર પડે કે અહીંયા બમ્પ આવે છે એટલે બમ્પ દેખાય જેથી કોઇ અકસ્માત ન થાય અને સલામતી જળવાય એ માટે અમે આ અગત્યનો નિર્ણય કર્યો છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, અમારા જિલ્લામાં સોરસંડા–મોકળી–મગવાસની જે મંજૂરી આપી છે એ દરખાસ્ત ક્યારે આવી હતી, મંજૂર ક્યારે કર્યો, અને પૂરો ક્યારે કરવાના છે? બીજું કે, આના પહેલા દરખાસ્તો આવી હતી જે આનાથી પણ જરૂરતમંદ હતા. એવી કેટલી દરખાસ્તો છે, અને એ ક્યારે મંજૂર કરશો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે એ મેં આપને કહ્યું કે, ૨૦૧૫–૧૬ની જોગવાઇ હેઠળ કરેલો છે, એમાં જે વહીવટી મંજૂરી આપી છે એ ૩૦–૧૧–૨૦૧૫ના રોજ ૧૩૦૦ લાખ રૂપિયાના ખર્ચની વહીવટી મંજૂરી આપી છે, તાંત્રિક મંજૂરી ૮–૧–૨૦૧૬ના રોજ આપી છે. એના ડી.ટી.પી. મંજૂર કર્યા છે અને એના જે ટેન્ડર છે એ ટેન્ડર ઓન લાઇન ૨૫–૧–૨૦૧૬થી માગેલા છે, ટેન્ડર ઓન લાઇન ભાવ ભરીને પરત કરવાની તારીખ ૧૬–૨–૨૦૧૬ હતી, પૂર્વ પાત્રતા મંજૂરી માટે મોકલ્યા તારીખ ૨૨–૨–૨૦૧૬ અને હાલ ટેન્ડર પી.ક્યુ. લેવલે છે. આ રસ્તાની વાત કરું તો આ રસ્તા માટે લગભગ ૧૩૦૦ લાખની મંજૂરી આપી છે, આની પહેલાની જે કોઇ દરખાસ્તો આવી હોય એની વિગત મારી પાસે નથી. આ રસ્તાની જે વિગતો છે એ મેં આપના ધ્યાને મૂકી છે.

### મહુધા અને નડીયાદ તાલુકામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ કાર્ડ

* ૨૨૬૫૯ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં મહુધા તથા નડીયાદ તાલુકામાં ''મુખ્યમંત્રી અમૃતમ યોજના'' હેઠળ તા. ૩૧–ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. પરિવારોને યોજનાના કાર્ડ અપાયા છે, અને | (૧) તાલુકો – આપેલ કાર્ડની સંખ્યા<br>મહુધા – ૮૬૫૪<br>નડીયાદ – ૧૭૬૫૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા બી.પી.એલ. પરિવારોને કાર્ડ આપવાના બાકી છે અને તે કયાં સુધીમાં આપવામાં આવનાર છે? | (૨) નોંધણી કરાવવા આવેલ તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે. કોઈ લાભાર્થીને કાર્ડ આપવાના બાકી રહેતા નથી. |

શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, મહુધા અને નડિયાદ તાલુકામાં બી.પી.એલ. પરિવારો આ કાર્ડ લેવા માટે રહી ગયા હોય તો તેમને સત્વરે આપવા માંગો છો કે કેમ? બીજું આ યોજનામાં કેટલા પરિવારોએ સારવારનો લાભ લીધો છે?, ત્રીજું આ યોજનામાં દર્દીઓને બહારથી દવાઓ ખરીદવી પડે છે તે વાત સાચી છે?, આ યોજનામાં કયા કયા દર્દીઓને આમાં લાભ મળે છે અને કઇ કઇ હોસ્પિટલો આમાં નક્કી કરવામાં આવી છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : 'મા' યોજના અને 'મા વાત્સલ્ય ' યોજના અંતર્ગત નડિયાદ અને મહુધા તાલુકાનો આ પ્રશ્ન છે, નડિયાદ તાલુકામાં 'મા' યોજનાની અંદર કુલ કુટુંબો ૧,૭૦,૭૬૮ છે અને તેમાંથી ૫૪.૧૩ ટકા જેટલા લોકોને આ કાર્ડ ઓલરેડી અત્યારસુધીમાં અપાઇ ગયા છે અને મહુધા તાલુકાની અંદર ૭૦.૩૩ ટકા જેટલા કાર્ડ ઇસ્યુ થઇ ગયા છે એટલે માનનીય

ધારાસભ્યશ્રીના વિસ્તારમાં રાજ્ય સરકારે ખૂબ અગ્રતાના ધોરણે આ કામ હાથ ઉપર લીધું છે. ૨૬મી જાન્યુઆરીના દિવસે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ આરોગ્ય વિભાગમાં એક મહત્વકાંક્ષી નિર્ણય લીધો છે કે જે ગામોની અંદર હજી કાર્ડ કાઢવાની બાબતમાં કિઓસ્ક જે તે તાલુકા કક્ષાએ છે તેની જગ્યાએ ગ્રામ્ય કક્ષાએ જાય એ માટે દરેક તાલુકા કક્ષાએ પણ એક એક મોબાઇલ વાન ત્યાં ઉપલબ્ધ થાય તેવી યોજના ચાલુ કરી છે અને ઓફલાઇન અપડેઇટ થાય અને જિલ્લા સેન્ટર કે જ્યાં કનેક્ટીવિટી આવી વધારે હોય ત્યાં આગળ આવી સુવિધા મળે તે જોવાય છે. આના આંકડા સાથે હું કહી રહ્યો છું કે, ૭૦.૩૩ ટકા કાર્ડ અપાઇ ગયા છે. આમ છતાંય બાપુને એમ લાગતું હોય કે નથી થયું તો ડોકટર પાસે બાપુ જાય તો ક્યારેક પગે આંગળી અડાડીએ તો ત્યાં દુઃખે છે એમ કહે, છાતીએ આંગળી અડાડીએ તો એમ કહે કે છાતીમાં દુઃખે છે કયારેક માથે અડાડીએ તો કહે છે કે માથે દુઃખે છે હવે ડોકટરે ચેક કરતાં બધા રિપોર્ટ બરાબર છે પણ ડોકટરે એ જોવું પડે કે એમને માથામાં, પગમાં કે હૃદયમાં તકલીફ નથી આંગળી જ પાકેલી હોય એવું લાગે છે. એટલે જ્યાં આંગળી અડાડે ત્યાં દુખતું હોય. બાકી જ્યાંસુધી સુવિધાનો સવાલ છે ત્યાંસુધી એ કમ્પ્લીટલી મળે છે અને જરૂરિયાત મંદ લોકો છે ત્યાંસુધી પૂરેપૂરા કાર્ડ બન્ને તાલુકામાં નહિ, આખા રાજ્યની અંદર મળી રહે તેવી વ્યવસ્થા છે. બીજી વાત હોસ્પિટલની એમણે કરી તો નડિયાદની અંદર જ ડી.ડી.એમ. હાર્ટ હોસ્પિટલ, ડી.ઝેડ પટેલ કાર્ડીયોલોજી, મુળજીભાઇ પટેલ યુરોલોજી હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલ નડિયાદ એમ આ ચાર હોસ્પિટલ ત્યાં છે અને એ સિવાય પણ આખા રાજ્યની અંદર અમદાવાદ હોય કે બાકી કોઇપણ જગ્યાએ 'મા' અને 'મા વાત્સલ્ય' સાથે જોડાયેલી જે હોસ્પિટલો છે તેની સુવિધાનો લાભ કોઇપણ જિલ્લાનો કોઇપણ વ્યક્તિ લઇ શકે છે.

શ્રી કેસરીસિંહ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં 'મા' તથા 'મા વાત્સલ્ય' યોજના હેઠળ ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલા કાર્ડ કાઢવામાં આવેલા છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ગલતેશ્વરની અંદર 'મા' યોજનાની અંદર ૬૨૨૩ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૧૭૯૩, કપડવંજમાં 'મા' યોજનાની અંદર ૧૯૯૪૩ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૨૧૧૬, કઠલાલમાં 'મા' યોજનાની અંદર ૧૩૫૦૦ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૯૭૭, ખેડામાં 'મા' યોજનાની અંદર ૫૨૪૯ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૧૩૦૧, મહેમદાવાદમાં 'મા' યોજનાની અંદર ૧૧૨૨૬ અને 'મા વાત્સલ્ય ' યોજનાની અંદર ૨૦૧૭, મહુધામાં 'મા' યોજનાની અંદર ૮૬૫૪ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૧૭૬૪, માતરમાં 'મા' યોજનાની અંદર ૬૬૭૯ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૧૩૯૮, નડિયાદમાં 'મા' યોજનાની અંદર ૧૭૬૯૫ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૨૧૮૨, ઠાસરામાં 'મા' યોજનાની અંદર ૧૨૯૭૮ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૧૭૪૪, વસોમાં 'મા' યોજનાની અંદર ૩૨૭૭ અને 'મા વાત્સલ્ય' યોજનાની અંદર ૬૪૫ એટલે કુલ મળીને મા વાત્સલ્ય યોજનાની અંદર ૧૫૯૩૭ અને મા યોજનાની અંદર ૧ લાખ ૫ હજાર ૩૮૪ જેટલા કાર્ડો ખેડા જિલ્લામાં થઇ ગયા છે. તે સિવાય પણ દસ તાલુકાની અંદર કયૂસેક મૂકેલા છે અને દસ મોબાઇલ વાન દ્વારા એટલે હવે ટોટલી વીસ જેટલી સુવિધાઓ ઉપલબ્ધ થઇ શકશે. નવા દસ પૈકી છ તો કાર્યરત અમે કરી દીધા છે ચાર પણ ટૂંકાગાળાની અંદર તે જિલ્લામાં કાર્યરત થશે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ વિગતવાર વાત કરી છે પણ મારે એટલુ જ જાણવું છે કે, એમણે કહ્યું તેમ વીસ કીટ અત્યારે દસ ઓફ લાઇન અને દસ ઓન લાઇન કાર્યરત છે. મારો અનુભવ છે તે મુજબ એક કીટ પર એક દિવસમાં ૩૦ થી ૫૦ જેટલા કાર્ડ બને છે. અનેક ગામડાંમાંથી તાલુકા કક્ષાએ ઓન લાઇન કીટ હોય ત્યારે કાર્ડ કઢાવવા આવે તો વધારે સંખ્યામાં આવવાના કારણે અને ઓછા કાર્ડ નીકળવાના કારણે લોકોને ધક્કા પડે છે. મારી આપને વિનંતી છે કે આપણે એવી કોઇ વ્યવસ્થા કરવા માગીએ છીએ કે દરેક પી.એસ.સી.પર પરમેનન્ટ આવી કોઇ ઓન લાઇન કીટ મૂકવામાં આવે જેથી કરીને કોઇ લાભાર્થી આવે તો તેને કાર્ડ એ જ દિવસે મળી જાય એવી કોઇ વ્યવસ્થા કરવા માગીએ છીએ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા સાચી છે પણ એમાં અમે રાજ્ય સરકારે પગલા લીધાં છે. આપે જે વાત કરીને કે ૨૦ કીટ છે તો ૨૦ કીટ નથી. ૨૦ કયૂસેક છે એક કયૂસેકની અંદર પાંચ થી છ જેટલી કીટો હોય છે એટલે કીટની સંખ્યા જોઇશું તો ઘણી બધી વધી જશે. રહી વાત મેં પહેલા પ્રશ્નના જવાબમાં આપને વાત કરી તે પ્રમાણે પહેલા ઓન લાઇન હતું તેની જગ્યાએ ઓન લાઇનની સાથે સાથે એ તો રહેશે જ તાલુકા કક્ષાએ દરેક તાલુકામાં અત્યારે કયારેય પણ કોઇ જાય તો તેની અવેલીબીલીટી છે. પણ એ સિવાય ગ્રામ્યકક્ષાએ જઇને ઓફ લાઇન એટલે ૪૦-૫૦ ખુલે એવુ નહીં. તે પહેલા હતું કે જેમાં ૫૦-૧૦૦થી વધારે કાર્ડ નહોતા નીકળી શકતાં. હવે અમે ઓફ લાઇન એટલે એક એક દિવસના હજાર બે હજાર જેટલા કાર્ડો પણ નીકળી શકે એવી વ્યવસ્થા ચાલુ કરી છે તેમાંના છ જેટલા સેન્ટર તમારા જિલ્લામાં કાર્યરત થઇ ગયા છે અને ચાર નવા અમે ચાલુ કરવા જઇ રહ્યા છીએ. જે જે હોસ્પિટલોમાં સુવિધા તેમને જોઇએ ત્યારે તાત્કાલિક કોઇને કાર્ડની કે આજની તારીખે કોઇને હોસ્પિટલે જવું હોય અને તાત્કાલિક કદાચ તેની પાસે કાર્ડ ના હોય તો એ પણ તાત્કાલિક કાર્ડ કાઢી અને તેને હોસ્પિટલની સુવિધા ત્યાં આગળ પહોંચાડીએ છીએ. ઇનકેસ ના હોય તો અને કાર્ડ માટેના લાભાર્થી હોય તો કાર્ડની યાદીની અંદર મા કે મા વાત્સલ્ય યોજનાની અંદર આનો જે લાભાર્થી છે તે લાભથી વંચિત રહી ના જાય તાત્કાલિક અમે ત્યાંથી કાર્ડની વ્યવસ્થા કરી આપીએ છીએ. હમણાં થોડાં દિવસ પહેલાં અમારા દંડકશ્રી પંકજભાઇએ આ અંગેની રજૂઆત અમને કરી હતી કે આ ઓફ લાઇન કરીને પણ અમને બધાને મળી જાય એવી વ્યવસ્થા કરાવડાવો. હું રાજ્યના તમામ સદસ્યશ્રીઓને તે બાબતમાં આશ્વત કરવા માગુ છું કે મા યોજના અને મા વાત્સલ્ય યોજના તે ગરીબો માટે એક આશીર્વાદરૂપ યોજના છે તેમાં કોઇ જગ્યાએ આપણને તાત્કાલિક

લાગે કે આ બાબતની મદદ કરવા જેવુ છે તો ગમે ત્યારે પણ આ બાબતમાં મારો સંપર્ક કરો રાજય સરકાર તેના માટે ખુલ્લા દિલથી આપણે સૌ સાથે મળીને મદદ કરીએ તેમાં હું ઉદારતાપૂર્વક કરવા માગુ છું.

વિછીંયા અને જસદણ તાલુકાના રસ્તાઓને તાલુકા–જિલ્લા મથકને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૨૧૭૧૧ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ વિછીંયા તાલુકાના બેલડા થી દેરાળા (૨) સનાળા થી રતનવાવ (૩) કાસલોલીયા થી ખંભાળા (૪) મોટામાત્રા થી નાના માત્રા (૫) બંધાળી થી ઘેલા સોમનાથ અને જસદણ તાલુકાના (૧) જસદણ–ગોખલાણા થી સુકવડા (૨) જસદણના બોઘરાવદર થી બેડલા, તાલુકા કે જિલ્લા મથક સાથે પાકા રસ્તાથી જોડાયેલા નથી તે હકીકત સાચી છે કે કેમ, અને | (૧) જણાવેલ ગામો તાલુકા અને જિલ્લા મથક સાથે પાકા રસ્તાથી જોડાયેલા છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓ મંજુર કરવા માટેની દરખાસ્ત સરકારને ક્યારે મળી અને તે પરત્વે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) આ નોન પ્લાન રસ્તાઓ મંજુર કરવા માટે રજુઆત થયેલ છે. પરંતુ પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવતુ હોય, તાંત્રિક જરૂરીયાત અને અગ્રતા મુજબ વિચારવામાં આવશે. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મારો પ્રશ્ન મૂળ એવો હતો કે એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા રસ્તા બાબતે તેમાં બેલડાથી દેરાળા, સનાળાથી રતનવાવ, કાસલોલીયાથી ખંભાળા અને મોટામાત્રાથી નાના માત્રા અને જસદણ તાલુકાના બે રસ્તા બોઘરાવદરથી બેડલા આ રસ્તા માટે બહુ ટૂંકા રસ્તા છે, નોન પ્લાન રસ્તા છે પણ એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા અતિ જરૂરિયાતવાળા રસ્તા છે તો આ રસ્તાઓનો કયાં સુધીમાં સમાવેશ કરવામાં આવશે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, સમગ્ર દેશમાં રોડ કનેક્ટીવીટીમાં આપણું રાજય પ્રથમ નંબરે છે. તેમાં પણ જે જિલ્લાનો પ્રશ્ન છે તે જિલ્લામાં સો ટકા રોડ કનેકટીવીટી આર.એન્ડબી. ડિપાર્ટમેન્ટ દ્વારા આપવામાં આવી છે અને દરેક ગામો આજે પણ પાકા રસ્તા સાથે જોડાયેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તેમની લાગણી બે તાલુકાને જોડવાની વાત છે, કાચા રસ્તા છે, નોન પ્લાન રસ્તા છે એમને જે ગામો કહ્યાં તે ગામો આજે પાકા રસ્તાઓ સાથે જોડાયેલા છે. જેમ કે એમણે બેલડા કહ્યું તો બેલડા, દેવધરી,સનાળી, પીપરડી, થોરીયાડી રોડ સાથે પાકા રસ્તા સાથે જોડાયેલું છે. દેરાળા એ સખપર દેરાડા રોડ સાથે જોડાયેલું છે. સનાડા એ સનાળા, વનાળા, બંધાણી, વિછિંયા, ભડલી રોડ સાથે જોડાયેલું છે. રતનવાવ એ રતનપર, રતનવાવ, હોળાયા, ગઢડા રોડ સાથે જોયાયેલું છે. કાસલોલીયા એ કાસલોલીયા, આંબરડી, નવાગામ, ઘેલા સોમનાથ, મોટુગા રોડ સાથે જોડાયેલું છે. ખંભાળા એ ખંભાળા, સુખપુર વાકીયા, કોટડાપીઠા રોડ સાથે જોડાયેલું છે. મોટામાત્રા એ મોટામાત્રા, વિછિંયા, ઓરી રોડ સાથે જોડાયેલું છે. નાનામાત્રા એ નાનામાત્રા , ગંગાજળ, સમઢિયાળા, વિછિંયા રોડ, બંધાળી છે એ બડલી વિછિંયા રોડ. ઘેલા સોમનાથ એ યાત્રાધામ મંદિર છે એ માધવીપુર, ગોડલાધાર, ઘેલા સોમનાથ, મોટુગા સાથે જોડાયેલું છે. જસદણના જે બે રસ્તાની વાત કરી એમાં ગોખલાણા એ ગોખલાણા જસદણ રોડ સાથે, સુકવડા એ સુકવડા, રાયપર, ઉંટવડ રોડથી ભાવનગર સ્ટેટ હાઈવે સાથે. બોઘરાવદર એ બોઘરાવદર, વીરપર, ભાડલા, કમલાપુર રોડ સાથે અને બેડલા એ બેડલા, ફાડદંદ રોડ સાથે જોડાયેલું છે. આ બધા ગામો પાકા રસ્તા સાથે જોડાયેલા છે, સરકારની નીતિ સીંગલ કનેક્ટિવિટી આપવાની છે એ પ્રમાણે આ બધા રસ્તાઓને સવલત આજે મળે છે.

શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, વીછીંયા અને જસદણ તાલુકાના ગામો જે છે એને પાકા રસ્તાની સુવિધા મળેલી છે તો એ ગામોની વસતિ કેટલી છે અને કેટલાં ગામો છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે ગામોની મેં વાત કરી, એમાં બેલડા – ૧૭૬૮, કાસલોલીયા– ૨૦૪૬, મોટામાત્રા – ૨૩૨૮, નાનામાત્રા– ૨૩૪૮, બંધાળી– ૨૨૦૨, જસદણ તાલુકાનું ગોખલાણા– ૩૧૦૭, બોઘરાવદર– ૧૭૧૯, બંધાળી– ૨૨૦૨ અને દેરાળા –૧૧૧૧, રતનવાવ– ૨૯૧, બાબરા તાલુકાનું ખંભાળા –૪૯૯૦, સૂકવડા– ૭૮૫, બેડલા– ૩૩૮૫ આટલી વસતિના આ ગામોને આનો લાભ મળવાનો છે, અને રતનવાવને પણ લાભ મળવાનો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમાં બીજો એક વિશેષ ઉમેરો કરવા માગું છું કે, આખા ગૃહની અને આખા રાજયની કાયમી જરૂરિયાતો અને માગણી છે. આ સરકારે તમામ ગામો ગુજરાતના અઢારે અઢાર હજાર ગામોને પાકા ડામર બાર માસી રસ્તાથી જોડી દીધેલા છે. હવે જે વિકાસ થાય છે, જરૂરિયાત છે એના કારણે ગામડે ગામડેથી ધારાસભ્યશ્રીઓ દ્વારા, અગ્રણીઓ દ્વારા નોનપ્લાન રસ્તાને પાકા ડામર રસ્તા બનાવવા માટેની માગણી આવે છે, જેને આપણે

નેળિયા માર્ગ કહીએ કાચો માર્ગ કહીએ એને ધ્યાનમાં રાખી આ વખતે મુખ્ય મંત્રીશ્રીએ અને નાણા મંત્રીશ્રીએ અને અમે જે ચર્ચા કરી એમાં નિર્ણય કર્યો કે, હવે આટલું બધુ કામ થઇ ચૂક્યું છે, તો હવે નોનપ્લાન રસ્તાઓાને પણ પાકા ડામર રસ્તાથી જોડવા માટે મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના આ વખતે આપણે બજેટમાં મૂકી છે. ૨૫૦૦ કરોડ રૂપિયાની જંગી જોગવાઇ છે. તમે સમજો ગયા વર્ષે અમારું બજેટ ૫ હજાર કરોડ રૂપિયાનું હતું, એની સામે ફક્ત મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના માટે આટલી મોટી જોગવાઇ કરી હોય અને ત્રણ વર્ષમાં દશ હજાર કરોડ રૂપિયા ગુજરાતમાં મોટાભાગના નોનપ્લાન રસ્તા આવરી લેવા માટે આપણે આયોજન કર્યું છે, એટલે જે ગામો મોટા ગામોને જોડતા હશે, વધુ વસતિને જોડતા હશે, સ્કૂલો, કોલેજો, ફેક્ટરીઓ, ધાર્મિક સ્થળોને જોડતા હશે એવા નોનપ્લાન રસ્તાઓને પ્રાયોરિટી આપી આ વર્ષથી જ મોટા પ્રમાણમાં દરેક તાલુકાઓમાં આપણા બધાની પાસેથી દરખાસ્ત માગી એની વધુ ઉપયોગિતા થાય એ પ્રમાણે નોનપ્લાન રસ્તા પણ આપણે મોટા પ્રમાણમાં કરવાના છીએ, એટલે આપણી બધાની અપક્ષાઓ હવે ચોક્કસ મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના દ્વારા આગામી ત્રણ વર્ષમાં આપણે સંતોષી શકીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બે સરસ ાત આખા ગુજરાતને, હાઉસને કરી. રોડ બાબતમાં સૌથી વધારે અનુભવ મને છે, બહુ છેવાડાના ગામોમાંથી આવું છું. (અંતરાય) સરસ્વતી તાલુકો છે બેન, માનનીય અધ્યક્ષશ્રી, મારો જે કહેવાનો ભાવાર્થ છે કે, ઘણી વખતે નોન પ્લાનમાં એવું થાય છે કે, સાત–સાત, આઠ–આઠ કિલોમીટર ફરક પડતો હોય છે, અડધા કિલોમીટર માટે થઇને છ–છ અને સાત સાત કિલોમીટર ફરીને જવું પડે છે. જો તમે એ અડધો કિલોમીટર કે કિલોમીટર જોડો તો જે અત્યારે છ–સાત કે આઠ કિલોમીટર ફરવા જવું પડે છે એ ન જવું પડે. મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરી હતી કે જે નાના નાના પરા આવેલા છે એ મૂળ ગામથી અડધા કિલોમીટર જેટલા દૂર હોય છે એને જોડવા માટે તમે કોઇ જોગવાઇ કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમે સમય મર્યાદામાં આ બધા રોડ કરવાના કહ્યા છે. ગામડાંના ડેરી રોડ છે, નોન પ્લાન રસ્તા, ગામથી પરાને જોડતા, ગામથી ગામને જોડતા રસ્તા આપણે લીધા છે. એટલે બધા જ રસ્તાઓ આપણે આવરી લઇશું. પરંતુ પ્રાયોરિટી એ રહેશે કે જે વધુ લોકોને ઉપયોગી થાય તેવા ગામોને પહેલા લઇશું. આ રીતે તબક્કાવાર ગામો પૂર કરીશું.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : સમગ્ર ગુજરાત માટે નોન પ્લાન રસ્તાઓના કામો હાથ ઉપર લેવાની માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી એનો અમને આનંદ થાય છે. માનનીય નીતિનભાઇએ જાહેરાત કરી એમાં મારો પ્રશ્ન એ છે કે દક્ષિણ ગજરાતમાં આદિવાસી વિસ્તાર આવેલો છે. જેમાં આશરે ૩ હજાર જેટલા ગામડાં પૂર્વ પટ્ટીમાં આવેલા છે. આ બધા જ ગામોના ફળિયા આવેલા છે એને આપણી ભાષામાં નોન પ્લાન રસ્તા ગણવામાં આવે છે આ આદિવાસી વિસ્તાર સિવાયના નોન પ્લાનની કલ્પના કરતાં હોય તો આ બાબત હું આપના ધ્યાને મૂકવા માગું છું. નોન પ્લાન રસ્તાઓ આદિવાસી ફળિયાઓ સામે ગણવા માગો છો અને આ બધા મુખ્યમંત્રીશ્રી સડક યોજના નીચે લેવા માગો છો કે એ ટ્રાયબલના બજેટમાં હાથ ધરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રી નરોત્તમભાઇએ ખૂબ જ અગત્યનો પ્રશ્ન કર્યો છે. ઉત્તર ગુજરાતમાં પેટા પરા કહેતા હોય તો આદિવાસી વિસ્તારમાં ગામની બાજુના ભાગને ફળિયા કહીએ છીએ. ફળિયા કે જયાં રહેણાંક વસતિ છે જયાં લોકોની અવરજવર છે તેને ફળિયા કહો કે પેટા પરા કહો એ બધાને આવરી લેવાનું આમાં આયોજન છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : પહેલા તો હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. વર્ષોથી અમારી રજૂઆત હતી કે પ્લાન અને નોન પ્લાનના ચક્કરને છોડો. આ જે પ્લાન રસ્તાઓ છે એ અધિકારીઓ નક્કી કરે છે એમાં પ્રજાના પ્રતિનિધિઓને પૂછવામાં આવતું નથી એના પરિણામે ઘણા બધા ઉપયોગી રસ્તાઓ માત્ર નોન પ્લાન છે એ બહાને રહી જતાં હતા. આવા બધા રસ્તાઓ હવે હાથ ઉપર લેવાની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે ત્યારે હું એમને અભિનંદન આપું છું અને સાથે સાથે વિનંતી કરું કે આવા ઘણા બધા રસ્તાઓ રહી ગયા છે તો જે તે વિસ્તારના ધારાસભ્યોને પૂછી પૂછીને રસ્તાઓ મંજૂર કરવામાં આવે એટલી મારી વિનંતી છે.

## લુણવા–ચિત્રાસણી–ડીસા એપ્રોચ રોડનું વાઈડનીંગ કરવા બાબત

* ૨૨૫૦૨ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેર નજીકના તાલુકાના ગામો પાસેથી પસાર થતા નેશનલ હાઈવેને જોડતા લુણવા થઈ ચિત્રાસણીને ડીસા રોડ સાથે જોડતા એપ્રોચ રોડનું વાઈડનીંગ કરવાની કામગીરી તા. ૩૧–ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) અને (૨) ઉક્ત સ્થિતિએ કામ મંજુરીની પ્રક્રિયા હેઠળ હતું. જે ૧૬–૨–૨૦૧૬ના રોજ મંજુર કરેલ છે. જેની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ કામ શરૂ કરી પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | |

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## તારાંકિત પ્રશ્નો

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નેશનલ હાઇવેને જોડતા લુણવા થઇ ચિત્રાસણીને ડીસા રોડ સાથે જોડતા એપ્રોચ રોડમાં કેટલો રસ્તો વાઇડનીંગ કરવાની મંજૂરી ૧૬-૨-૨૦૧૬ના રોજ આપેલ છે, આ રોડ કેટલા કિલોમીટર વાઇડનીંગ કરવાનો છે અને કેટલો ખર્ચ થનાર છે. પ્રશ્ન બે માં જવાબ આપેલો છે પરંતુ આ રસ્તો બે માસ કે ત્રણ માસ કે છ માસમાં કયારે પૂરો કરવામાં આવશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ વાત કરી એ લુણવા -અખાડવા- રાજપુર રસ્તાની પાલનપુર શહેરની નજીક આવેલ ૩.૮૬૦ કિલોમીટર એટલે ૬ થી ૯.૮૬૦થી ચેનેજ લંબાઇને ૩.૭૫ માંથી ૭ મીટર પહોળો કરવાની મંજૂરી આપેલ છે. રસ્તાની બંને બાજુએ ૧.૬૨૫ મીટર પહોળા વાઇડનીંગમાં ૧૨૫ એમ.એમ. જીએસપી ગ્રેડ-૧, ૭૫ એમ.એમ. જીએસપી, ૧૫૦ એમ એમ. ડબલ્યુ બી.એ ૧૦૦ એમ.એમ. ડબલ્યુ. એમએમ. ૫૦ એમ.એમ.બી.એમ. સર્વેની લંબાઇ ૨૦ એમ.એસ.એસ. સળંગ લંબાઇમાં ૧૫૦ એમ.એમ. જાડાઇમાં સાઇડ સોલ્ડર ૧ મીટર બંને બાજુ ૧.૬૨૫ મીટર વાઇડનીંગ ડબલ્યુ.એમ.એમ. ઉપર પાઇનીંગ કોટ ૭.૫૦ મીટર દર દસ ચોરસ કિલોમીટરના દરે કરવાની પ્રક્રિયાની કામગીરી થવાની છે અને આ કામની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે કામગીરી હાથ ધરવામાં આવશે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : હું આપના મારફત જાણવા માગું છું કે લુણવાથી ચિત્રાસણી-ડીસા એપ્રોચ રોડના વાઇડનીંગનું કામ મંજૂર કર્યું છે. એ પૂરું કરવાની વાત તેમજ આવા રોડ ઉપર રોડ સેફ્ટી માટેનું આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમાં આ રસ્તાને પહોળો કર્યા બાદ જ્યારે દ્વિમાર્ગીય રસ્તો બનતો હોય, રસ્તા ઉપર અપ એન્ડ ડાઉન traffic linkના માર્કીંગ માટે થર્મોપ્લાસ્ટીક પેઇન્ટથી સેન્ટર લાઇન માર્કીંગ કરવામાં આવનાર છે તથા સાઇનબોર્ડ-૨૦ નંગ, વીલેજ નેઇમ બોર્ડ-૨ નંગ, કિલોમીટર સ્ટોન-૨ નંગ, guard stone, ઇન્ડીકેટર સ્ટોન, Hectometer stone મળીને કુલ ૨૦૬ નંગનું રોડ સેફ્ટી માટે નકશા અંદાજમાં જોગવાઇ કરેલ છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રોચરોડ છે તેનો કબજો બાવળે લઇ લીધો છે. જો સામસામા સાધન ભીડાય તો એક કિલોમીટર આમ જવું પડે અને એક કિલોમીટર આમ જવું પડે છે. તો આ દૂર કરવાની કોઇ વ્યવસ્થા થઇ છે કે કેમ?

અધ્યક્ષશ્રી : બાવળો દૂર કરવાની શું વ્યવસ્થા છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ તો રસ્તો પહોળો કરવાની વાત છે પણ એમના ધ્યાને કંઇ હોય, કારણ કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં તો બાવળ બધા ખતમ કરી દીધા છે. અત્યારે ગુજરાતમાં બાવળ જેવું છે નહીં. પણ કયાંક ખૂણે-ખાંચરે રહ્યા હોય અને આપના ધ્યાનમાં કંઇ હોય તો મને જણાવજો. આપણે વિભાગ મારફત કામગીરી કરાવીશું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નને જો આપણે ગંભીરતાથી લઇએ તો આખા રાજ્યમાં જ્યાં નેળિયા માર્ગો છે ત્યાં બાવળ ઉગીને એવા નજીક આવી જાય છે કે મોટરસાઇકલ સ્કૂટર કે બસમાં જતા હોઇએ તો ઘણીવાર ડાળું અથડાઇને કોઇની આંખ પણ ફોડી નાખે છે. આ ગૃહને હું જણાવવા માગું છું અને આપને બધાને પણ ખબર છે કે રાજય સરકાર તરફથી પંચાયતોને, તાલુકા પંચાયતને અનેક પ્રકારની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તેમાં જંગલ કટીંગનું એક હેડ છે. તે જંગલ કટીંગની ગ્રાન્ટ માર્ગ અને મકાન વિભાગ આપે છે. અન્ય વિભાગ પણ આપે છે. તાલુકા પંચાયત પાસે પોતાનું ભંડોળ હોય તેમાંથી પણ કરે છે. વારંવાર આપણે બધી જગ્યાએ સૂચના આપીએ છીએ. હું તો જ્યાં જાઉં છું ત્યાં સરપંચોને કહું છું કે તમે આટલું બધું માગો છો, લાખો રૂપિયા સરકાર આપે છે તો તમારા ગામનો રસ્તો તમે ચોખ્ખો નથી કરાવતા. નરેગા યોજનામાં પણ જો કામદાર રાખે તો કામદાર દ્વારા ગામનું નેળિયું ચોખ્ખું થઇ શકે. એટલે સરકાર ઉપર જ બધું આધારિત થઇ ગયું છે કે આપણાં ગામનું પીવાનું પાણી હોય કે ગંદકી થતી હોય અને પાણી બંધ કરવું હોય કે આવા બાવળ કાઢવા હોય. બધું સરકાર ઉપર અપેક્ષિત થયું છે. લોકશાહીમાં સરપંચો છે, તાલુકા-જિલ્લાનું તંત્ર છે આ બધાની જવાબદારી છે. તેમની પાસે ફંડ છે. પણ એ સક્રિય થઇને જો આ કઢાવડાવે તો માનનીય સભ્યશ્રીએ કહ્યું એવા પ્રશ્નો ઘણા ઓછાં થઇ જાય.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બાવળીયાની વાત કરી એટલે કહું છું કે બાવળીયા તમામ રોડ પર છે. એક રોડ એવો નથી કે બાવળીયા નથી. માનનીય મંત્રીશ્રીએ ફંડનું કહ્યું. તો આપના સદરે જે સીઆર ગ્રાન્ટ આપવામાં આવતી હતી, તે રિપેરીંગ કે મરામત થતું હતું એ બંધ કરી દીધી છે. આપના રોડ પર પંચાયત કે તાલુકાવાળો કાપવા જાય તો તમે ના પાડો છો કે અમારી હદમાં ન અડવું. એટલે આવી કોઇ ગ્રાન્ટ તાલુકામાં કે ગ્રામપંચાયતમાં હોતી નથી. તમારા સબડિવિઝનોને કિલોમીટર સોંપેલા છે. તો એ રોડના બાવળ કાપવાના, દબાણ કરવાનું, બાંધકામ થઇ ગયું હોય તો બધી જ જવાબદારી માટે આખું ડિપાર્ટમેન્ટ છે. તો તેને સૂચના આપીને તેને ગ્રાન્ટ આપો તો બધું કલીયર થાય. બનાસકાંઠામાં એક પણ રોડ એવો નથી કે જયાં બાવળીયા સામે અડી ન ગયા હોય. એ કટીંગ કરવા માટે સ્પેશિયલ ગ્રાન્ટ આપીને કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : સભ્યશ્રીનું સૂચન છે.

### અમદાવાદ ઇન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તબીબી સેવાના લાભાર્થીઓ

* ૨૨૫૨૭ શ્રી વલ્લભભાઇ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

તારાંકિત પ્રશ્નો

(૧) અમદાવાદમાં ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને

(૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

(૧) અમદાવાદ ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૩,૯૩,૦૨૬ દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી.

(૨) આ પૈકી નીચે મુજબના આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

| વિગત | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|
| આઉટડોર | ૨,૦૧,૪૦૪ | ૧,૪૭,૨૧૩ |
| ઈન્ડોર | ૧૦,૮૮૯ | ૧૦,૪૦૨ |
| સર્જીકલ | ૧૧,૪૩૯ | ૧૧,૬૭૯ |
| કુલ | ૨,૨૩,૭૩૨ | ૧,૬૯,૨૯૪ |

શ્રી વલ્લભભાઇ ગો. કાકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની બાબતમાં આ સરકાર ખૂબ જ ધ્યાન આપી રહી છે. આ સિવિલ હોસ્પિટલનો પ્રશ્ન છે. સિવિલ હોસ્પિટલના નવીનીકરણ માટે રૂ.૧૦૦૦/– કરોડથી પણ વધારે ફંડ આપેલ છે. સાથેસાથ લોકો બીમાર ન પડે એના માટે પણ મારા વિસ્તારમાં એક ગંદા પાણીનો નિકાલ કરતી ખારીકટ કેનાલ માટે રૂ.૧૦૦/– કરોડ ફાળવ્યા છે એ બદલ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. આ કીડની હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષમાં ૩.૯૩ લાખ જેટલા દર્દીઓએ લાભ લીધો છે. આ કીડની હોસ્પિટલ રાજ્યની અને દેશની સારામાં સારી હોસ્પિટલ છે. કીડની હોસ્પિટલમાં દર્દીઓને હજુપણ વધુ સારી સારવાર મળે એના માટે કોઇ નવીનીકરણનું આયોજન છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર આરોગ્યની સેવા માટે ખૂબ ગંભીર છે. વાત સાચી છે કે ''પહેલુ સુખ તે જાતે નર્યા'' સુખની વ્યાખ્યા છે એમાં પહેલાં તંદુરસ્ત રહેવું એ જરૂરી છે. રાજ્યની પ્રજા નિરોગી રહે એ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે અને એની પ્રાયોરીટી પણ છે. ગત બજેટ સત્ર પહેલાં જ અમારા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જ્યારે કીડની યુનિવર્સિટી અંગેનું બિલ રજૂ કર્યું ત્યારે આ ઈન્સ્ટિટયૂટ વિશે વિધાનસભામાં વિગતવાર ચર્ચા થયેલ છે અને બધુ રેકર્ડ ઉપર છે. આજની તારીખે ૪૪૨ બેડની હોસ્પિટલ છે એમાં વધારો કરીને હવે ૭૦૦–૮૦૦ બેડની હોસ્પિટલ બને તે માટેનો એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ઉપર લીધો છે અને એની કામગીરી ચાલુ છે. સાત માળનું બાંધકામ થઇ ગયું છે, પ્લાસ્ટર પૂર્ણતાના આરે છે. પહેલા ભાગનું કામ પૂર્ણતાના આરે છે. આ હોસ્પિટલનું કામ પૂરું થાય પછી એકેએક ગુજરાતી ગૌરવ લઇ શકશે. માત્ર દેશમાં નહીં પણ સમગ્ર એશિયામાં સારામાં સારી હોસ્પિટલ અને ઈન્સ્ટિટ્યૂટ આ બનવાની છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટરમાં સર્જીકલ ઓપરેશન થાય છે. એમાં મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાના કાર્ડ લઇને લોકો જાય છે. તો ઘણીવાર મહિના–મહિના સુધીનું વેઈટીંગ લિસ્ટ હોય છે. એટલે એમાં એ દર્દીને જેમ બને તેમ જલદી ઓપરેશન માટેની તારીખ મળે તેવું આયોજન કરવું જોઇએ. જ્યારે ઓપરેશન કરવાનું હોય ત્યારે માણસને ઉતાવળ હોય અને એ ટેન્શનમાં પણ હોય. એટલે એને જેમ બને તેમ જલદી ઓપરેશન માટેની તારીખ મળે અને જલદી એનું ઓપરેશન થાય તેવું આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ કીડની હોસ્પિટલમાં રાજ્ય, રાજ્ય બહાર અને બીજા દેશમાંથી પણ દર્દીઓ આવતા હોય છે. ૨૦૧૪–૧૫માં ૨૧૨૯૮ દર્દીઓ આવ્યા હતા. હવે અહીં ૭૦૦–૮૦૦ બેડની નવી હોસ્પિટલ બની રહી છે એટલે પહેલા કરતાં અનેકગણી સુવિધા લોકોને મળે એના માટેનું આયોજન કરવામાં આવ્યું છે. કોઇ કીડનીની ગંભીર બીમારીથી પિડાતા હોય ત્યારે એમને તાત્કાલિક ઓપરેશન કરવાની જરૂર હોય અને જો તાત્કાલિક ઓપરેશન ન કરીએ તો એનું મૃત્યુ થાય તેમ હોય એને પ્રાયોરીટી આપીએ છીએ. દેશભરમાંથી આ હોસ્પિટલમાં દર્દીઓ આવે છે. નવું મકાન બનશે ત્યારે ૧૦૦ ટકા બધાને ઝડપી સારવાર મળશે. આપની લાગણી સાચી છે. કીડની રિપ્લાન્ટ કરવાની હોય ત્યારે કીડની પ્રત્યાર્પણ કરનાર અને કીડની મેળવનાર દર્દી બન્નેને ધ્યાનમાં રાખવામાં આવે છે અને એમને પ્રાયોરીટી આપવામાં આવે છે. આ બાબતમાં પ્રજામાં હવે જાગૃતિ આવી રહી છે. જરૂરિયાતવાળા અને દાન આપવાવાળામાં વચ્ચે બહુ મોટો ગેપ છે એ ઓછો થશે ત્યારે અનેક લોકોના જીવ બચાવી શકાશે.

શ્રી ભૂષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે અમદાવાદ કીડની હોસ્પિટલમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ છે અને વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫ આ બે વર્ષ દરમિયાન લીવર ટ્રાન્સપ્લાન્ટના કેટલા ઓપરેશનો આ હોસ્પિટલમાં થયા છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪માં ૨૩ લીવર ટ્રાન્સપ્લાન્ટ માટેના અને વર્ષ ૨૦૧૪ની અંદર ૪૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ માટેના એટલે કુલ ૬૫ જેટલા લીવર ટ્રાન્સપ્લાન્ટ માટેના બે વર્ષમાં કેસો ત્યાં થયા છે. સુવિધાની વાત કરવામાં આવે તો કીડની ઈન્સ્ટીટયુટમાં આજે ૯ વિભાગો ૪૪ વોર્ડ, ૪૪૩ પથારી છે. જનરલ વોર્ડમાં ૧૧૫, સેમી સ્પેશીયલ

વોર્ડમાં ૧૨૮ અને સેમી સ્પેશિયલ રૂમમાં ૫૦ અને ડાયાલીસીસની ૫૫ પથારીઓ છે. ૧૪ જેટલા ઓપરેશન થીયેટરો છે. ડાયાલીસીસ માટેના મશીનો ૫૫ જેટલા છે. આજે સુવિધા છે એ નવું મકાન પહેલાની અત્યારની સુવિધા છે.

શ્રી જગદીશભાઈ ઈ. પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ અને અમારા બંન્ને મંત્રીશ્રી નીતિનભાઈ અને શ્રી શંકરભાઈ ચૌધરીની દેખરેખ હેઠળ ગુજરાતની મેડિકલ સુવિધા જે ઉચ્ચ ગુણવત્તાવાળી બની છે એના કારણે ગુજરાત નહીં પણ અમદાવાદ મેડિકલ ટુરીઝમનું હબ બન્યું છે ત્યારે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે સ્ટેમ સેલ પ્રત્યારોપણ અને કેડેવર કીડની ટ્રાન્સપ્લાન્ટ શું છે? અને કીડની હોસ્પિટલ અમદાવાદમાં છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓનું પ્રત્યારોપણ કરેલ છે?

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્ટેમ સેલ ટ્રીટમેન્ટ છે એ મેડિકલ દુનિયા માટે એક આશીર્વાદ કહી શકાય તેવું એક સંશોધન છે. શરીરની અંદર નવા કોષ જનરેટ કરવા માટે અને નવા કોષના આધારે નવા અવયવો બનાવવા માટેની ક્ષમતા સ્ટેમસેલ પદ્ધતિથી આ કોષના આધારે જનરેટ કરી શકાય છે એટલે કોઇ અંગ બિલકૂલ ડેમેજ થઇ ગયું હોય અને એને નવું જ કરવું છે તો કેટલાક સંશોધનોની અંદર સફળતા મળી છે એટલે સ્ટેમસેલ નવા કોષો જનરેટ કરવાની સારા કોષોમાંથી એની ટ્રીટમેન્ટનો એક ભાગ છે. બીજું એ કે દવા સિવાય પણ કેટલીક બિમારીઓ આ ટ્રીટમેન્ટના આધારે મટાડી શકાય છે. કેડેબર કીડની ટ્રાન્સપ્લાન્ટ માટેની જે માનનીય સભ્યશ્રીએ વાત કરી, કોઇ દર્દી કોમામાં ગયો હોય અને એ વેન્ટીલેટર ઉપર હોય અને એમ લાગતું હોય કે આ બચી શકશે નહીં અને એના પરિવારજનો સંમતિ આપે એમને એમ લાગે કે હવે વેન્ટીલેટર લઇ લઇશું તો પછી મૃત્યુ જ પામવાના છે એ પહેલા બીજા કોઇનું જીવન બચાવી શકાય તે માટેની કીડની ટ્રાન્સપ્લાન્ટ માટેની જે સુવિધા છે તેને કેડેબર પ્રત્યારોપણ કહેવામાં આવે છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે છેલ્લા બે વર્ષમાં ૧૧૦ જેટલા દર્દીઓને કેડેબર પ્રત્યારોપણનો લાભ આપવામાં આવ્યો છે. પોતાનું સ્વજન ગુમાવી દીધું હોય એમને લાગે કે હવે આ તો નહીં બચી શકે પણ બીજાની કીડનીના માધ્યમથી એમને જીવતો જોઇ શકાય તેવું કામ આ દાનના કારણે થઇ શકેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ માહિતી આપી કે ૫૫ મશીન ડાયાલીસીસના છે, કોઇપણ પેશન્ટ ડાયાલીસીસ માટે જાય એટલે એમને ઓછામાં ઓછા ત્રણ થી ચાર કલાક જેટલો સમય થતો હોય છે. કીડનીના દર્દીને ડાયાલીસીસ કરવું ખૂબ જરૂરી હોય છે એટલે માનનીય મંત્રીશ્રીને એટલું જ કહેવું છે કે હોસ્પિટલમાં જે નવી પથારીની વ્યવસ્થા કરવા જઇ રહ્યા છો એમાં ડાયાલીસીસ મશીનોની જે સંખ્યા છે એમાં વધારો કરજો અને એના યુનિટમાં પણ વધારો કરજો જેથી ડાયાલીસીસમાં વેઇટીંગ હોય છે એટલે માણસનો વેઇટીંગ કલાસ કેન્સલ થઇ જતો હોય છે એટલે એને નુકસાન થતું હોય છે એટલે આપ ડાયાલીસીસ સેન્ટરો વધારવા માગો છો કે શું?

શ્રી શંકરભાઈ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સારી બાબત કહી. ડાયાલીસીસ એક પ્રાથમિક જરૂરિયાત હોય છે. અત્યાર સુધીમાં ડાયાલીસીસનું મોટા ભાગનું ભારણ અહીંયા કીડની ઇન્સ્ટીટ્યુટ ઉપર હતું પણ ગયા વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક નિર્ણય કર્યો કે જિલ્લા કક્ષાએ પણ આવી સુવિધા ઉપલબ્ધ થાય એ માટે અમે જિલ્લાકક્ષાએ પણ ડાયાલીસીસની સુવિધા ઉભી કરવાનો નિર્ણય કરી લીધો છે. એટલે માત્ર ડાયાલિસિસ માટે એમને અહીંયા આગળ આવવું પડે એવું નહીં, જિલ્લા કક્ષાએ પણ થઇ શકે. આવનારા સમયમાં વધારે સુવિધા નીચે કક્ષા સુધી જાય તે પ્રમાણેનું પણ આયોજન અમે ભવિષ્યમાં વિચારી રહ્યા છીએ.

### ફોટથી લાલપરડા રસ્તાને રીકાર્પેટીંગ કરવા બાબત

* ૨૨૯૦૫ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલિયા તાલુકાના ફોટથી લાલપરડા અને ભાણાવડ તાલુકાના ફતેપુર થી ભાણવડ રસ્તો ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, | (૧) બંને રસ્તાઓ વાહન વ્યવહાર લાયક છે. |
| (૨) જો હા, તો તા. ૦૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ આ રસ્તાને રીકાર્પેટીંગ કરવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૨) અને (૩) સુચિત કામગીરી મંજુર થયેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | |

શ્રી મેરામણભાઈ મા. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા તાલુકાના રસ્તાઓ ક્યારે બનાવવામાં આવ્યા? આ બે રસ્તાઓ રીકાર્પેટિંગ કરવા માટે કોની અને ક્યારે રજૂઆત મળી? આ રસ્તાઓ સારી હાલતમાં છે તો આનો સરવે કોના દ્વારા અને ક્યારે કરવામાં આવ્યો? જવાબમાં લખ્યું છે કે બન્ને રસ્તાઓ વાહન વ્યવહાર લાયક છે. પણ ખેતરમાં પણ જઇએ છીએ તો વાહન ખેતરમાં જઇ શકે, ડુંગરમાં જઇ શકે પણ આ રસ્તા જ્યારે સર્વે કર્યો છે પણ અત્યારે રીક્ષા પણ ચાલતી નથી. મોટરસાઇકલ પણ ચાલતું નથી ત્યારે આમાં કહ્યું છે કે વાહન વ્યવહાર ચાલુ છે તો ક્યારે થશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ફોટથી લાલપરડા અને ભાણવડ તાલુકાના ફતેપુરથી ભાણવડ આ બે રસ્તાની વાત કરી. ખંભાળિયા તાલુકાના ફોટથી લાલપરડા રસ્તો ૫.૭૦૦ કિલોમીટર લંબાઇનો ૩.૭૫ મીટર પહોળાઇ ધરાવતો ડામર સપાટી ધરાવતો અન્ય જિલ્લા માર્ગ ઓ.ડી.આર. કક્ષાનો રસ્તો છે. આ રસ્તાની રીસરફેસિંગની કામગીરી ૨૦૦૯માં કરેલ છે. હાલ રસ્તાની સપાટી વાહનવ્યવહાર લાયક છે. વાહનવ્યવહાર માટે ત્યાંથી અવર–જવરમાં મુશ્કેલી પડતી નથી. માર્ગ અને મકાન વિભાગની રસ્તાઓની નિભાવણી કરવાની પ્રક્રિયા મુજબ આ

રસ્તાની પણ સમયાંતરે નિભાવણી કરવામાં આવે છે. એમની બીજી વાત છે એમાં ભાણવડ તાલુકાના ફતેપુરથી ભાણવડ રસ્તો ૫ કિલોમીટર લંબાઇનો ૩.૭૫ મીટર પહોળાઇ ધરાવતો ડામર સપાટીનો નોન પ્લાન ગ્રામ્ય રસ્તો છે. સદરહુ રસ્તાને માર્ગ અને મકાન વિભાગની પ્રક્રિયા મુજબ નિભાવણી કરવામાં આવે છે. હાલમાં પણ એ રસ્તો વાહનવ્યવહાર લાયક છે. મેં વાત કરી કે દરેક ગામને એક પાકો રસ્તો સિંગલ કનેક્ટિવિટીથી આપવામાં આવે છે. આ રસ્તાની સાથોસાથ બીજો ફતેપુર ભાણવડનો રસ્તો છે એ ભાણવડ તાલુકાના ફતેપુરથી એસ.એચ. રોડ અઢી કિલોમીટર લંબાઇનો મુખ્ય જિલ્લા માર્ગ ડામર સપાટીનો રસ્તો પ્લાન રસ્તો છે. આના ઉપર રીકાર્પેટિંગ ૨૦૧૩માં થયેલ છે. સપાટી સારી છે. આ રસ્તો ફતેપુર ગામને ભાણવડ તાલુકા મથકેથી જોડે છે. સિંગલ કનેક્ટિવિટી છે અને જે રસ્તાને રીપેર કરવાના છે એ વિભાગની સતત ચાલતી પ્રક્રિયા છે. એ ચાલતી પ્રક્રિયા પ્રમાણે દરેક રસ્તાને રીપેર કરી અને વાહન વ્યવહાર યોગ્ય રહે એનું ધ્યાન અમારું ડિપાર્ટમેન્ટ રાખે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સવાલ પૂછવાનો આશય એ પ્રકારનો છે કે, સામાન્ય રીતે ડામર સપાટીથી રસ્તાનું આયુષ્ય ૭ વર્ષનું હોય છે. એક રસ્તાનું આપે કહ્યું કે ૨૦૦૯માં થયું એટલે ૨૦૧૬માં આવે. ટ્રાફિકેબલ રસ્તો છે એ જુદી વસ્તુ છે અને વાસ્તવિક રીતે વાહનો સારી રીતે ચલાવી શકાય એ બીજી વસ્તુ છે. બન્ને રસ્તાઓને પ્રાયોરિટી આપીને જરૂર પડ્યે મરામત કે રીકાર્પેટિંગ વહેલું થાય એવું સરકાર વિચારશે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : મેં સન્માનનીય સભાગૃહને વાત કરી, અહીંયાથી નોન પ્લાનના રસ્તાઓની પણ ખૂબ વિગતવાર ચર્ચાઓ થઇ. પ્લાન રસ્તા છે, માનનીય સભ્યશ્રીએ વાત કરી એ પ્લાન રસ્તા મંજૂર કરવાની પ્રક્રિયા આપણી સરકારમાં આપણો વિભાગ કરે છે અને લગભગ બધા સભ્યશ્રીઓને એનાથી સંતોષ છે. આ જે એક રજૂઆત છે એ નોન પ્લાન રસ્તાની રજૂઆત આવતી હતી. આજે પણ આ સન્માનનીય સભાગૃહમાં ખૂબ વિગતવાર ચર્ચા થઇ. માનનીય સભ્યશ્રી આપ થોડા મોડા આવ્યા એટલે આપના ધ્યાને નહીં હોય. પણ નોન પ્લાન માટે આગામી બજેટમાં આયોજન કર્યું છે એની વાત માનનીય મંત્રીશ્રીએ કરી છે એટલે એ આખી વાત અને એમાં રીપેરિંગ કરવાનું હોય, માનનીય સભ્યશ્રી, એ ચાલતી પ્રક્રિયા છે એટલે ધ્યાને મૂકજો તો જોવડાવી લઇશું.

### જુનાગઢ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૨૨૭૧૬ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જીલ્લામાં સરકારી દવાખાના, સીવીલ હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે. | (૧) અને (૨) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સિવીલ હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ આવેલ નથી.<br>સામુહિક આરોગ્ય કેન્દ્રોની મહેકમની વિગત દર્શાવતુ *પત્રક–અ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક–બ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કુલ મંજૂર થયેલ ૩૧૨ પૈકી ૫૪ જગ્યાઓ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કુલ મંજુર થયેલ ૩૦૪ પૈકી ૯૮ જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે. | (૪) સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ–૨ની જગ્યાઓ ભરવા વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે તેમજ પેરા મેડીકલ, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.<br>વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે

તા. ૨જી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

<#B /અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ધોલેરા તાલુકાના ગામોમાં સી.સી. રોડ

* ૨૨૧૩૭ શ્રી લાલજીભાઈ કોળીપટેલ (ધંધુકા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫–૧૬માં અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકામાં કુલ કેટલા ગામોમાં સી.સી. રોડના કામો મંજૂર કરેલા છે, અને | (૧) અને (૨) ધોલેરા તાલુકામાં વર્ષ ૨૦૧૫–૧૬માં ૨ ગામોમાં રૂા. ૮૨.૩૧ લાખના સી.સી. રોડના કામો મંજુર કરેલ છે. |
| (૨) કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવેલ છે? | |

પાલેજ–નારેશ્વર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૫૫૫ શ્રી દિનેશભાઈ પટેલ (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાનાં યાત્રાધામ નારેશ્વરને જોડતાં પાલેજ–નારેશ્વર રસ્તાને પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૨૧૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ. |

<#S B /સિવિલ હોસ્પિટલ અમદાવાદનું નવીનીકરણ

<#M / * ૨૨૫૨૬ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સિવિલ હોસ્પિટલ અમદાવાદના નવીનીકરણ/ વિસ્તરણની કોઈ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના માટે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે ? | (૨) આ યોજના માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૨૨૩.૫૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

<#S B /ગોંડલ તાલુકાના ભાદલપુરથી કમલકોટડા સુધી પાકો રોડ

<#M /* ૨૨૧૩૩ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના ભાદલપુરથી કમલકોટડા સુધીના કાચા રસ્તાને પાકો કરવાના કામનું રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા, જી. અને |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) રૂ. ૨૫૦.૦૦ લાખ. |
| (૩) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

<#S B /અમદાવાદ–રાજકોટ હાઈવે પર ટોલટેક્ષ

<#M /* ૨૨૦૬૬ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ-રાજકોટ વાયા બગોદરા લીંબડી હાઈવે રસ્તા ઉપર રાજ્ય સરકાર હસ્તકના કેટલા ટોલટેક્ષ આવેલા છે,

(૧) બે.

(૨) તે અન્વયે દરેક ટોલટેક્ષ વચ્ચે કેટલા કી.મી. નું અંતર નિયમો મુજબ હોવું જોઈએ,

(૨) અંદાજે ૬૦.૦૦ કિ.મી.

(૩) તે અન્વયે ઉપરોક્ત રસ્તા ઉપરના ટોલટેક્ષમાં અંતરનું પાલન થયુ છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો પાલન ન થયેલ હોય તો સરકારે શા પગલાં લીધાં ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

<#S B /અમદાવાદ અને પાટણ જિલ્લામાં સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ અને કમળાના નોંધાયેલ કેસો

<#M /* ૨૧૦૫૮ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ, અને કમળાના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત રોગોને કારણે કેટલી વ્યકિતઓના મૃત્યુ થયા ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર સ્વાઈન ફ્લુ, ડેન્ગ્યુ અને કમળાના નીચે મુજબ કેસો નોંધાયેલ છે.

| સમયગાળો | અમદાવાદ | | | પાટણ | | |
|---|---|---|---|---|---|---|
| | સ્વાઈન ફ્લુ | ડેન્ગ્યુ | કમળો | સ્વાઈન ફ્લુ | ડેન્ગ્યુ | કમળો |
| તા. ૧-૧-૧૪ થી તા. ૩૧-૧૨-૧૪ | ૦૨ કેસ | ૪૭ કેસ | ૦૦ કેસ | ૦૧ કેસ | ૦૪ કેસ | ૧૮૧ કેસ |
| તા. ૧-૧-૧૫ થી તા. ૩૧-૧૨-૧૫ | ૧૩૩ કેસ | ૩૨ કેસ | ૦૦ કેસ | ૧૦૪ કેસ | ૧૪ કેસ | ૧૬ કેસ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર ઉક્ત રોગોને કારણે થયેલ મૃત્યુઃ-

| સમયગાળો | અમદાવાદ | | | પાટણ | | |
|---|---|---|---|---|---|---|
| | સ્વાઈન ફ્લુ | ડેન્ગ્યુ | કમળો | સ્વાઈન ફ્લુ | ડેન્ગ્યુ | કમળો |
| તા. ૧-૧-૧૪ થી તા. ૩૧-૧૨-૧૪ | ૦૧ મરણ | ૦૦ મરણ | ૦૦ મરણ | ૦૧ મરણ | ૦૦ મરણ | ૦૦ મરણ |
| તા. ૧-૧-૧૫ થી તા. ૩૧-૧૨-૧૫ | ૦૮ મરણ | ૦૦ મરણ | ૦૦ મરણ | ૧૪ મરણ | ૦૦ મરણ | ૦૦ મરણ |

રાજકોટ-મવડી-પાલ-માખાવડ રોડને પહોળો કરવા બાબત/ S B #>

* ૨૨૧૨૭ શ્રી પ્રવિણભાઈ માકડીયા (ધોરાજી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજકોટ જિલ્લાના રાજકોટ-મવડી-પાલ-માખાવડ રસ્તાનું પાલથી માખાવડ અનુભાગને ૭ મી. પહોળો કરવા માટે કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર

જવાબ

(૧) હાજી, રૂ. ૧૩૦૦. ૦૦ લાખ.
અને
(૨)

કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે?

(૩) પ્રગતિમાં

### ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૨૫૧૨ શ્રી ચીમનભાઈ શાપરીયા (જામજોધપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) તેમાં વર્ષવાર કેટલા યુવકો અને યુવતીઓએ ભાગ લીધો હતો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૪ માં રૂા. ૮,૭૨,૨૩૮/-
વર્ષ ૨૦૧૫ માં રૂા. ૧૩,૬૮,૩૨૬/-

(૨) વર્ષ ૨૦૧૪ માં રૂા. ૮,૭૨,૨૩૮/-
વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૩,૬૮,૩૨૬/-

(૩) વર્ષ ૨૦૧૪માં ૭૯૦ યુવકો અને ૨૦૪ યુવતીઓ, અને વર્ષ ૨૦૧૫માં ૨૨૪૩ યુવકો અને ૫૧૫ યુવતીઓએ ભાગ લીધેલ હતો.

### કપરાડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૨૨૩૫૭ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આવેલા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અને ખાલી જગ્યાઓની વિગતો પત્રક માં દશાર્વ્યા મુજબની છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવાના દર અઠવાડિયે વોક ઇન ઇન્ટરવ્યુનું આયોજન કરી ખાલી જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવે છે. જ્યારે પેરામેડીકલ, વર્ગ-૩ની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવે છે.

વર્ગ-૩ અને ડ્રાયવર, વર્ગ-૩ની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઇ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવાની કાર્યવાહી સમયાન્તરે કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ પર જરૂરીયાત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

પત્રક

| અ.નં. | સંવર્ગનું નામ | સા.આ.કેન્દ્ર કપરાડા તા. કપરાડા | | | સા.આ.કેન્દ્ર નાના પોંઢા તા. કપરાડા | | | સા.આ.કેન્દ્ર સુથારપાડા તા. કપરાડા | | | કપરાડા તાલુકાની સમરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ખાલી | ક્યારથી ખાલી | મંજુર | ખાલી | ક્યારથી ખાલી | મંજુર | ખાલી | ક્યારથી ખાલી | મંજુર | ખાલી |
| ૧ | અધિક્ષક/તજજ્ઞ, વર્ગ-૧ | ૫ | ૫ | ૧૧-૩-૦૫ ૮-૫-૧૨ | ૫ | ૫ | ૨૩-૧૧-૧૪ ૮-૫-૧૨ | ૧ | ૧ | ૧૩-૪-૧૫ | ૧૧ | ૧૧ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૪ | ૦ | | ૪ | ૦ | | ૩ | ૨ | ૧૩-૪-૧૫ | ૧૧ | ૨ |
| ૩ | ડેંન્ટલ સર્જન વર્ગ-૨ | ૧ | ૧ | ૮-૫-૧૨ | ૧ | ૧ | ૮-૫-૧૨ | ૦ | ૦ | | ૨ | ૨ |
| ૪ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૦ | ૦ | | ૦ | ૦ | | ૦ | ૦ | | ૦ | ૦ |
| ૫ | સીની. આસી. | ૨ | ૦ | | ૧ | ૦ | | ૧ | ૧ | ૧૩-૪-૧૫ | ૪ | ૧ |
| ૬ | સી. ક્લાર્ક | ૧ | ૧ | ૧૩-૨-૦૧ | ૧ | ૧ | ૬-૬-૦૨ | ૧ | ૧ | ૧૩-૪-૧૫ | ૩ | ૩ |
| ૭ | જુ. ક્લાર્ક | ૦ | ૦ | | ૧ | ૧ | ૮-૫-૧૨ | ૦ | ૦ | | ૧ | ૧ |
| ૮ | એક્સ-રે. ટેકનીશ્યન | ૧ | ૧ | ૧૭-૧-૧૨ | ૧ | ૧ | ૧-૪-૨૦૦૦ | ૧ | ૧ | ૧૩-૪-૧૫ | ૩ | ૩ |

| અ.નં. | સંવર્ગનું નામ | સા.આ.કેન્દ્ર કપરાડા તા. કપરાડા | | | સા.આ.કેન્દ્ર નાના પોંઢા તા. કપરાડા | | | સા.આ.કેન્દ્ર સુથારપાડા તા. કપરાડા | | | કપરાડા તાલુકાની સમરી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ખાલી | ક્યારથી ખાલી | મંજુર | ખાલી | ક્યારથી ખાલી | મંજુર | ખાલી | ક્યારથી ખાલી | મંજુર | ખાલી |
| ૯ | લેબ ટેકનીશ્યન | ૧ | ૦ | | ૧ | ૦ | | ૧ | ૦ | | ૩ | ૦ |
| ૧૦ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | ૧ | ૪–૫–૧૫ | ૧ | ૧ | ૪–૫–૧૫ | ૦ | ૦ | | ૨ | ૨ |
| ૧૧ | એક્સ–રે. આસી. | ૧ | ૧ | ૫–૫–૧૫ | ૧ | ૧ | ૫–૫–૧૫ | ૦ | ૦ | | ૨ | ૨ |
| ૧૨ | જુ. ફાર્માસીસ્ટ | ૧ | ૦ | | ૨ | ૧ | ૮–૫–૧૨ | ૧ | ૧ | ૧૩–૪–૧૫ | ૪ | ૨ |
| ૧૩ | હેડ નર્સ | ૦ | ૦ | | ૧ | ૧ | ૧–૧–૧૫ | ૦ | ૦ | | ૧ | ૧ |
| ૧૪ | સ્ટાફ નર્સ | ૭ | ૦ | | ૧૦ | ૧ | ૨૦–૨–૧૩ | ૭ | ૭ | ૧૩–૪–૧૫ | ૨૪ | ૮ |
| ૧૫ | ડ્રાઈવર | ૧ | ૦ | | ૧ | ૦ | | ૧ | ૧ | | ૩ | ૧ |
| ૧૬ | પટાવાળા | ૧ | ૦ | | ૧ | ૦ | | ૧ | ૧ | ૧૩–૪–૧૫ | ૩ | ૧ |
| ૧૭ | વોર્ડબોય | ૨ | ૦ | | ૨ | ૧ | | ૨ | ૨ | ૧૩–૪–૧૫ | ૬ | ૩ |
| ૧૮ | વોર્ડઆયા | ૧ | ૦ | | ૧ | ૦ | | ૧ | ૧ | ૧૩–૪–૧૫ | ૩ | ૧ |
| ૧૯ | ડ્રેસર | ૧ | ૧ | ૩૦–૬–૧૨ | ૧ | ૦ | | ૧ | ૧ | ૧૩–૪–૧૫ | ૩ | ૨ |
| ૨૦ | સ્વીપર | ૧ | ૦ | | ૧ | ૦ | | ૧ | ૧ | ૧૩–૪–૧૫ | ૩ | ૧ |
| ૨૧ | કુક | ૦ | ૦ | | ૦ | ૦ | | ૦ | ૦ | | ૦ | ૦ |
| ૨૨ | પાર્ટટાઈમ વોચમેન | ૨ | ૨ | ૧૧–૧–૨૦૦૦ | ૨ | ૨ | ૨૫–૧૧–૦૬ | ૨ | ૨ | ૧૩–૪–૧૫ | ૬ | ૬ |
| ૨૩ | પાર્ટટાઈમ સ્વીપર | ૨ | ૧ | ૧૧–૧–૨૦૦૦ | ૨ | ૨ | ૨૫–૧૧–૦૬ | ૨ | ૨ | ૧૩–૪–૧૫ | ૬ | ૫ |
| ૨૪ | વર્ગ–૪ | ૦ | ૦ | | ૫ | ૫ | | ૦ | ૦ | | ૫ | ૫ |
| | કુલ | ૩૬ | ૧૪ | | ૪૬ | ૨૪ | | ૨૭ | ૨૫ | | ૧૦૯ | ૬૩ |

## દાહોદ જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગોના નવીનીકરણની દરખાસ્તો

* ૨૦૫૨૬ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગો પૈકી કેટલા રસ્તાઓનું નવિનીકરણ તથા રસ્તાની પહોળાઈ વધારવાની કેટલી દરખાસ્તો વર્ષવાર મંજુર થઈ, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તેની કાર્યવાહી કયા તબક્કે છે ?

જવાબ

(૧) પત્રક–૧ મુજબ

પત્રક–૧

| તાલુકો | નવીનીકરણના મંજૂર કામોની દરખાસ્તો | | પહોળાઈ વધારવાનાં મંજૂર કામોના રસ્તાઓની દરખાસ્તો | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
| લીમખેડા | ૧૧ | ૪ | ૪ | ૭ |
| સંજેલી | ૦ | ૨ | ૦ | ૩ |
| ઝાલોદ | ૧૧ | ૯ | ૪ | ૭ |
| દે. બારીઆ | ૧૬ | ૧૧ | ૧૬ | ૧૫ |
| દાહોદ | ૯ | ૧૫ | ૬ | ૧૦ |
| ફતેપુરા | ૧૦ | ૫ | ૪ | ૩ |
| ગરબાડા | ૬ | ૩ | ૩ | ૫ |
| ધાનપુર | ૩ | ૦ | ૦ | ૧ |

(૨) પત્રક–૨ મુજબ

પત્રક–૨

| તાલુકો | નવીનીકરણ રસ્તાઓ | | | રસ્તાની પહોળાઈ વધારવા મંજૂર થયેલ રસ્તા | | |
|---|---|---|---|---|---|---|
| | પૂર્ણ | પ્રગતિ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ | પૂર્ણ | પ્રગતિ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
| લીમખેડા | ૧૧ | ૧ | ૩ | ૪ | ૩ | ૪ |
| સંજેલી | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૩ |
| ઝાલોદ | ૭ | ૫ | ૮ | ૩ | ૧ | ૭ |
| દે. બારીઆ | ૫ | ૧૧ | ૧૧ | ૧૧ | ૫ | ૧૫ |
| દાહોદ | ૭ | ૩ | ૧૪ | ૬ | ૦ | ૧૦ |
| ફતેપુરા | ૨ | ૯ | ૪ | ૪ | ૦ | ૩ |
| ગરબાડા | ૨ | ૫ | ૨ | ૩ | ૦ | ૫ |
| ધાનપુર | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |

## ફતેપુરા તાલુકાનો ફતેપુરા –છાલોર–જગોલા રોડને પહોળો કરવા બાબત

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

* ૨૨૧૧૨ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાનો ફતેપુરા–છાલોર–જગોલા રોડ પહોળો કરવા વર્ષ ૨૦૧૫–૧૬ માં સરકારનું કોઈ આયોજન છે કે કેમ, (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | (૧) હા, જી. રૂ. ૫૦૦. ૦૦ લાખ મંજુર કરેલ છે. અને (૨) |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજુર, વર્કઓર્ડર તબક્કે. |

### આણંદ અને વડોદરા જિલ્લામાં પરા/પેટાપરાઓને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૨૨૩૮૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં ૨૫૦ની વસ્તી સુધીના કેટલા પરા/પેટાપરાને પાકા રસ્તાથી જોડવાના બાકી છે ? | (૧) આણંદ જિલ્લાના – ૬૨ પરા<br>વડોદરા જિલ્લાના – ૧૯ પરા<br>કુલ – ૮૧ પરા |
| (૨) સદર પરા/પેટા પરાનો પી.એમ.જી.એસ.વાય. કોર નેટવર્ક માટે કયા વર્ષમાં સર્વે કરવામાં આવેલ, અને | (૨) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૧માં તથા વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૩–૦૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ સદર પરા/પેટા પરાઓને પાકા રસ્તાથી જોડવા સરકારનું શું આયોજન છે અને કેટલા સમયમાં પાકા રસ્તાથી જોડવામાં આવશે ? | (૩) ૧ પેટા પરાનું કામ પ્રગતિમાં છે અને બાકીના પેટાપરાને પાકા રસ્તાથી જોડવાની કામગીરી જરૂરીયાત મુજબ તબક્કાવાર વિચારણામાં લેવામાં આવશે. |

### ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદનું નવીનીકરણ

* ૨૨૫૫૨ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદના નવીનીકરણ / વિસ્તરણની કોઈ યોજના છે, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે ? | (૨) આ યોજના માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૪૯.૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવામાં આવેલ છે. |

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકાના ગ્રામ્ય માર્ગોને પેવર સપાટીના બનાવવાની દરખાસ્ત

* ૨૨૯૨૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્લાન/નોન પ્લાનના કયા રસ્તાઓ કે ગ્રામ્ય માર્ગોને પેવર સપાટીના બનાવવાની દરખાસ્તો પડતર છે, | (૧) સામેલ પત્રક મુજબ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત દરખાસ્ત પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી છે, | (૨) તે પૈકી ૧ (એક) |
| (૩) કેટલી મંજુર કરવાની બાકી છે અને તેના શા કારણો છે, અને (૪) ઉક્ત સ્થિતિએ પડતર માંગણીઓ/દરખાસ્તો ક્યાં સુધીમાં મંજુર કરવામાં આવનાર છે ? | (૩) અને (૪) : બાકી રહેતી રજુઆતો તાંત્રિક જરૂરીયાત તથા અગ્રતા મુજબ બજેટ જોગવાઈ ધ્યાને લઈ વિચારણામાં લેવામાં આવશે. |

પત્રક

વર્ષ – ૨૦૧૪

| દરખાસ્ત ક્રમ | તાલુકા | રસ્તાનું નામ | કક્ષા |
|---|---|---|---|
| ૧ | વંથલી | કણજા નાવડા રોડ | નોનપ્લાન |
| ૨ | વંથલી | સોનારડી ધણકુલીયા રોડને જોડતો ગાંઠીલા ઉમીયા ધામ | નોનપ્લાન |
| ૩ | વંથલી | જુનાગઢ ચોબારી કોયલી રોડ | નોનપ્લાન |

| દરખાસ્ત ક્રમ | તાલુકા | રસ્તાનું નામ | કક્ષા |
|---|---|---|---|
| | વંથલી | ભાટીયાથી મેદરડા ઈવનગર રોડ | નોનપ્લાન |
| ૪ | વંથલી | વાડલા લુવારસર જોઈનીંગ ઈવનગર રોડ | નોનપ્લાન |
| ૫ | મેંદરડા | મીઠાપુર ખડપીપળી રોડ | નોનપ્લાન |
| | મેંદરડા | ગુંદાળા બગડુ રોડ | નોનપ્લાન |
| | મેંદરડા | ખીમપાદર નાગલપુર રોડ | નોનપ્લાન |
| ૬ | વંથલી | ખોરાસા બડોદર રોડ | નોનપ્લાન |
| | વંથલી | સોનારડી ગામથી ઓજત કાંઠા ધણકુલીયા રોડ | નોનપ્લાન |
| | વંથલી | રવની આંબલીયા રોડ | નોનપ્લાન |
| | વંથલી | સુખપુરથી સીતારામનગર રોડ | નોનપ્લાન |
| | વંથલી | મોટા કાજલીયાળા નાના કાજલીયાળા રોડ | નોનપ્લાન |
| | વંથલી | ઘુડવદરથી તાલુકા સુધી | નોનપ્લાન |
| | વંથલી | સેલરા ધણકુલીયા ચોકડીથી શાહપુર રોડ | નોનપ્લાન |
| | વંથલી | સેલરા સોનારડી રોડ | નોનપ્લાન |
| | વંથલી | નાના કાજલીયાળા થી બોડકા રોડ | નોનપ્લાન |
| | વંથલી | શાપુર વાડલા રોડ | નોનપ્લાન |
| | વંથલી | નાના કાજલીયાળા થઈ ગાઠીલા રોડ | નોનપ્લાન |
| વર્ષ – ૨૦૧૫ | | | |
| ૭ | વંથલી | ધણકુલીયા બોડકા રોડ | નોનપ્લાન |
| ૮ | વંથલી | ખીમપાદર સુખપુર રોડ | નોનપ્લાન |
| ૯ | માણાવદર | નાકરા ખખાવી રોડ | નોનપ્લાન |
| | માણાવદર | નાકરા કોઠડી રોડ | નોનપ્લાન |
| ૧૦ | મેંદરડા | રાજેસર આંબલા રોડ | નોનપ્લાન |
| | મેંદરડા | આંબલા અજાબ રોડ | નોનપ્લાન |
| ૧૧ | મેંદરડા | સીમાસી મીઠાપુર રોડ | નોનપ્લાન |
| ૧૨ | મેંદરડા | ખીમપાદર થી ખડપીપળ રોડ | નોનપ્લાન |
| | મેંદરડા | ખીમપાદરથી સુખપુર રોડ | નોનપ્લાન |
| ૧૩ | મેંદરડા | નતાડીયા ઈટાળી રોડ | વી.આર. (પ્લાન) |

## આણંદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૧૮૨૯ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જીલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની માંગણી કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ–અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં.

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ૧૯૭૯ આંગણવાડીઓ કાર્યરત છે. જે નીચે દર્શાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખંભાત | ૨૭૮ |
| ૨ | પેટલાદ | ૩૮૯ |

| | | |
|---|---|---|
| ૩ | બોરસદ | ૩૯૭ |
| ૪ | આંકલાવ | ૧૫૨ |
| ૫ | આણંદ | ૪૬૩ |
| ૬ | ઉમરેઠ | ૨૦૧ |
| ૭ | તારાપુર | ૯૯ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે, અને

(૩) આંગણવાડી કેન્દ્રોની ઘટ વસ્તીની જરૂરિયાતનો સર્વે કર્યા બાદ જ નક્કી કરી શકાય.

(૪) આ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે અને આ આંગણવાડીઓ બનાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

(૪) આણંદ જિલ્લાની વસ્તી માટે આંગણવાડી કેન્દ્રોની જરૂરિયાતનો જિલ્લા દ્વારા સર્વે કરાવીને ૪૭ આંગણવાડી કેન્દ્રોની માંગણી થયેલ હતી. આંગણવાડી કેન્દ્રોની આ દરખાસ્ત તા. ૩૦-૯-૨૦૧૪ના પત્રથી ભારત સરકારને મોકલાવેલ હતી. જે પરત્વે કેન્દ્ર સરકારે રાજ્યનાં જિલ્લાઓ માટે કુલ ૮૯૨ આંગણવાડી કેન્દ્રો મંજુર કરેલા છે. જે પૈકી આણંદ જિલ્લાને ૨૯ આંગણવાડી કેન્દ્રો મંજુર કરીને આપવામાં આવેલ છે.

## અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં સીટીસ્કેન, વેન્ટીલેટર અને એક્સરે મશીનોમાં વધારો કરવા બાબત

* ૨૦૪૮૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ સિવિલ હોસ્પિટલમાં, સીટીસ્કેન, વેન્ટીલેટર અને એક્સરે મશીનોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ તેમાં વધારો કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ૨ સી.ટી.સ્કેન, ૧૪૨ વેન્ટીલેટર અને ૨૦ એક્સરે મશીન ઉપલબ્ધ છે.

(૨) દર્દીઓની સંખ્યાને ધ્યાનમાં લઈ જરૂરીયાત પ્રમાણેના સાધનો ખરીદવામાં આવે છે.

## જામનગર શહેર અને જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૨૭૩૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

જવાબ

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની માંગણી કરવામાં આવે છે. આદિજાતિ, કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં.

(૨) જામનગર શહેર અને જિલ્લામાં ૧૧૮૯ આંગણવાડીઓ કાર્યરત છે. જે તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર અર્બન ઘટક-૧ | ૧૬૬ |
| ૨ | જામનગર અર્બન ઘટક-૨ | ૧૩૧ |
| ૩ | જામનગર ગ્રામ્ય-૧ | ૧૩૬ |
| ૪ | જામનગર ગ્રામ્ય-૨ | ૧૦૩ |
| ૫ | ધ્રોલ | ૯૪ |
| ૬ | જોડિયા | ૮૧ |
| ૭ | કાલાવડ | ૧૮૩ |

| | | |
|---|---|---|
| ૮ | લાલપુર | ૧૪૨ |
| ૯ | જામ જોધપુર | ૧૫૩ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે, અને

(૩) આંગણવાડી કેન્દ્રોની ઘટ વસ્તીની જરૂરિયાતનો સર્વે કર્યા બાદ જ નક્કી કરી શકાય.

(૪) આ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે અને આ આંગણવાડીઓ બનાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

(૪) જિલ્લાની વસ્તી માટે આંગણવાડી કેન્દ્રોની જરૂરિયાતનો જિલ્લા દ્વારા સર્વે કરાવીને ૮ (આઠ) આંગણવાડી કેન્દ્રોની માંગણી થયેલ હતી. આંગણવાડી કેન્દ્રોની આ દરખાસ્ત તા. ૭–૧–૨૦૧૫ના પત્રથી ભારત સરકારને મોકલાવેલ હતી. જે પરત્વે કેન્દ્ર સરકારે રાજ્યનાં જિલ્લાઓ માટે કુલ ૮૯૨ આંગણવાડી કેન્દ્રો મંજુર કરેલા છે. જે પૈકી જામનગર જિલ્લાને ૪ (ચાર) આંગણવાડી કેન્દ્રો મંજુર કરીને આપવામાં આવેલ છે.

### સરકારી ગ્રંથાલયોમાં દુર્લભ ગ્રંથોની જાળવણી

* ૨૨૫૧૯ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ગ્રંથાલય ખાતા દ્વારા સરકારી ગ્રંથાલયોમાં સંગ્રહિત દુર્લભ ગ્રંથોની જાળવણી અને પ્રજાજનો માટે તેને ઉપલબ્ધ કરવા સરકાર દ્વારા શું કામગીરી હાથ ધરેલ છે ?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ગ્રંથાલય ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરા તથા રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, મહેસાણામાં સંગ્રહિત ૬૫,૯૫૮ દુર્લભ ગ્રંથોની જાળવણી માટે રૂ. ૧૩૨.૨૨ લાખના ખર્ચે ડીઝીટલાઈઝેશન પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં ઉક્ત ગ્રંથાલયોમાં સંગ્રહિત કુલ– ૬૫,૯૫૮ દુર્લભ ગ્રંથોનું સ્કેનીંગ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૧૫–૧૬માં આ સ્કેનીંગ કરેલ પેજીસનું ક્લીનીંગ કરવાની અને તેને ઈ–બુક્સમાં રૂપાંતરિત કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

### રાપર–આડેસર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૧૩૧ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં રાપર–આડેસર– રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ. ૩૪૦૦.૦૦ લાખ.

(૩) કામગીરી પ્રગતિ હેઠળ.

### પંચમહાલ જિલ્લામાં સરકારી દવાખાનાઓમાં મંજૂર મહેકમ

* ૨૨૦૫૩ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

જવાબ

(૧) અને (૨) : પંચમહાલ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ અનુક્રમે *પત્રક–અ, *પત્રક–બ અને *પત્રક–ક માં દર્શાવ્યા મુજબનું છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સરકારી હોસ્પિટલ ગોધરાની મંજુર ૨૨૭ પૈકી ૩૫, સામુહિક આરોગ્ય કેન્દ્રમાં

મંજુર ૩૪૯ પૈકી ૬૩ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર ૪૩૨ પૈકી ૯૧ જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

(૪) સરકારી હોસ્પિટલો/સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી, વર્ગ–૨ની જગ્યાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા વોક ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે તેમજ પેરા મેડીકલ, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.

વર્ગ–૩ અને વર્ગ–૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## મહુવા–નવસારી રોડનાં નિહાલી–મહુવા અનુભાગનું મજબુતીકરણ

* ૨૨૧૪૩ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં મહુવા–નવસારી રોડનાં નિહાલી–મહુવા અનુભાગના મજબુતીકરણ માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૭૦૦.૦૦ લાખ |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજુરી હેઠળ |

## સરકારી ગ્રંથાલયોમાં દુર્લભ ગ્રંથોની જાળવણી

* ૨૨૫૨૦ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ગ્રંથાલય ખાતા દ્વારા સરકારી ગ્રંથાલયોમાં સંગ્રહિત દુર્લભ ગ્રંથોની જાળવણી અને પ્રજાજનો માટે તેને ઉપલબ્ધ કરવા સરકાર દ્વારા શું કામગીરી હાથ ધરેલ છે ? | તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ગ્રંથાલય ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરા તથા રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, મહેસાણામાં સંગ્રહિત ૬૫,૯૫૮ દુર્લભ ગ્રંથોની જાળવણી માટે રૂ. ૧૩૨.૨૨ લાખના ખર્ચે ડીઝીટલાઈઝેશન પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં ઉક્ત ગ્રંથાલયોમાં સંગ્રહિત કુલ–૬૫,૯૫૮ દુર્લભ ગ્રંથોનું સ્કેનીંગ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૧૫–૧૬માં આ સ્કેનીંગ કરેલ પેજીસનું ક્લીનીંગ કરવાની અને તેને ઈ–બુક્સમાં રૂપાંતરિત કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે. |

## સરકારી મેડિકલ કોલેજોમાં બેઠક વધારવા બાબત

*૨૧૧૬૨ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં | (૧) હા જી. તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં |

| | |
|---|---|
| સરકારી મેડિકલ કોલેજોમાં બેઠકો વધારવાનું કે નવી સરકારી મેડિકલ કોલેજ સ્થાપવાનું કોઈ આયોજન કે વિચારણા ચાલે છે કે કેમ, અને | સરકારી મેડિકલ કોલેજોમાં બેઠકો વધારવાનું આયોજન કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ ચાલે છે, અને નવી સરકારી મેડિકલ કોલેજ સ્થાપવાનું કોઈ આયોજન વિચારણા હેઠળ નથી. |
| (૨) જો હા, તો કેટલી બેઠકો વધારવા કે નવી સરકારી મેડિકલ કોલેજો સ્થાપવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ? | (૨) કુલ ૧૭૦ બેઠકો વધારવા માટે કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ તા. ૧૬-૧૦-૨૦૧૪થી દરખાસ્ત કરેલ છે. ત્યારબાદ તા. ૧૩-૦૮-૨૦૧૫ના રોજ ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ખાતે યોજાયેલ તાંત્રિક મૂલ્યાંકન સમિતિની બેઠક સમક્ષ વિગતવાર કેસ રજુ કરેલ છે. |

## દસક્રોઈ તાલુકાના ગામ તળમાં સી.સી. રોડ

* ૨૨૧૩૮ શ્રી બાબુભાઈ પટેલ (દસક્રોઈ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષમાં અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકામાં ગામતળમાં સી.સી. રોડના કામો મંજૂર કર્યા છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ કેટલા ગામો માટે કેટલી રકમ મંજૂર કરાયેલ છે ? | (૨) ૧૧ ગામો માટે રૂા. ૪૬૫.૦૦ લાખની રકમ મંજૂર કરાયેલ છે. |

## અરવલ્લી જિલ્લાના સરકારી દવાખાનાઓમાં મંજૂર મહેકમ

* ૨૨૦૯૪ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અરવલ્લી જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કેટલું છે.<br>(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ અનુક્રમે *પત્રક-અ, *પત્રક-બ અને *પત્રક-કમાં દર્શાવ્યા મુજબની છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કોટેજ હોસ્પિટલ ભિલોડામાં ૨૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ૭૩ જગ્યાઓ એક વર્ષ કરતા વધુ સમયથી ખાલી છે.પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક વર્ષ કરતાં વધુ સમયથી કોઈ જગ્યાઓ ખાલી નથી. |
| (૪) આ ખાલી જગ્યાઓ કયાં સુધી ભરવામાં આવશે. | (૪) સરકારી હોસ્પિટલો/સામુહિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ અને તબીબી અધિકારી, વર્ગ-૨ ની જગ્યાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૨ની જગ્યાઓ ભરવા વોક/ઈન ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે તેમજ પેરા મેડીકલ, વર્ગ-૩ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે.<br>વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## તુરી-બારોટ સમાજના કલાકારોની કલા જીવંત રાખવા થયેલ ખર્ચ

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬
## અતારાંકિત પ્રશ્નો

* ૨૨૫૧૦ શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર દક્ષિણ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તુરી–બારોટ સમાજના કલાકારોની કલાને જીવંત રાખવા માટેની યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર આ યોજનાનો અમલ કરવા પાછળ સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં તુરી–બારોટ સમાજના કલાકારોની કલાને જીવંત રાખવા માટેની યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

વર્ષ : ૨૦૧૪

(૧) તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ દરમ્યાન તુરી બારોટ સમાજના કલાકારો માટે કુલ ૧૩ (તેર) શિબિરો યોજવામાં આવી હતી.

વર્ષ : ૨૦૧૫

(૨) તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ દરમ્યાન તુરી બારોટ સમાજના કલાકારો માટે કુલ ૧૧ (અગિયાર) શિબિરો યોજવામાં આવી હતી.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર આ યોજનાનો અમલ કરવા પાછળ સરકાર દ્વારા નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૪ :– રૂ. ૩૨,૪૨,૦૦૦/–

વર્ષ ૨૦૧૫ :– રૂ. ૪૪,૦૫,૦૦૦/–

### ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૨૫૧૫ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) તેમાં વર્ષવાર કેટલા યુવકો અને યુવતીઓએ ભાગ લીધો હતો ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૪માં રૂ. ૮,૭૨,૨૩૮/–
વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૩,૬૮,૩૨૬/–

(૨) વર્ષ ૨૦૧૪માં રૂ. ૮,૭૨,૨૩૮/–
વર્ષ ૨૦૧૫માં રૂ. ૧૩,૬૮,૩૨૬/–

(૩) વર્ષ ૨૦૧૪માં ૭૯૦ યુવકો અને ૨૦૪ યુવતીઓ, અને
વર્ષ ૨૦૧૫માં ૨૨૪૩ યુવકો અને
૫૧૫ યુવતીઓએ ભાગ લીધેલ હતો.

### મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૨૫૩૯ શ્રી ઋષીકેશ પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા. ૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે તા. ૦૧–૧૨–૨૦૧૩થી તા. ૩૦–૧૧–૨૦૧૪ અને તા. ૦૧–૧૨–૨૦૧૪થી તા. ૩૦–૧૧–૨૦૧૫ દરમ્યાન ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા કેટલા બાળકોની વર્ષવાર તપાસણી કરવામાં આવી,

(૨) ૦ થી ૧૮ વર્ષના શાળાએ ન જતા કેટલા બાળકોને ઉક્ત સમયગાળા દરમિયાન આરોગ્ય ચકાસણી કરવામાં આવી, અને

**જવાબ**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ મહેસાણા જિલ્લામાં તા. ૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા બાળકોની નીચે મુજબ તપાસણી કરવામાં આવી.

| વર્ષ | સમયગાળો | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | તા. ૦૧/૧૨/૨૦૧૩થી તા. ૩૦/૧૧/૨૦૧૪ | ૩,૯૭,૧૩૬ |
| ૨૦૧૪–૧૫ | તા. ૦૧/૧૨/૨૦૧૪થી તા. ૩૦/૧૧/૨૦૧૫ | ૪,૦૮,૧૦૨ |

(૨) ૦ થી ૧૮ વર્ષના શાળાએ ન જતાં બાળકોની ઉક્ત સમયગાળા દરમિયાન નીચે મુજબ ચકાસણી કરવામાં આવી.

| વર્ષ | સમયગાળો | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | તા. ૦૧/૧૨/૨૦૧૩થી તા. ૩૦/૧૧/૨૦૧૪ | ૧૩૭૩ |

| | | |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | તા. ૦૧/૧૨/૨૦૧૪થી તા. ૩૦/૧૧/૨૦૧૫ | ૧૬૨૩ |

(૩) કેટલા બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવેલ અને કેટલા બાળકોને નજીકની હોસ્પિટલ/સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રિફર કરવામાં આવેલ છે ?

(૩) નીચેની વિગતે બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ અને નજીકની હોસ્પિટલ/સા.આ.કેન્દ્ર ખાતે રીફર કરવામાં આવેલ છે.

| વર્ષ | સમયગાળો | સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ બાળકો | રીફર કરેલ બાળકો |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | તા. ૦૧/૧૨/૨૦૧૩થી તા. ૩૦/૧૧/૨૦૧૪ | ૩૨,૭૯૭ | ૧૦૮૩ |
| ૨૦૧૪-૧૫ | તા. ૦૧/૧૨/૨૦૧૪થી તા. ૩૦/૧૧/૨૦૧૫ | ૨૮,૪૧૨ | ૯૬૯ |

મહીસાગર જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૨૦૫૫૩ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે,

જવાબ

(૧) તાલુકાવાર કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | સામુહિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | બાલાશીનોર | ૩ | ૧ |
| ૨ | કડાણા | ૫ | ૧ |
| ૩ | ખાનપુર | ૩ | ૧ |
| ૪ | લુણાવાડા | ૭ | ૧ |
| ૫ | સંતરામપુર | ૧૨ | ૦ |
| ૬ | વિરપુર | ૩ | ૧ |
| | કુલ | ૩૩ | ૫ |

(૨) ઉક્ત કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ સામે ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની વિગત અનુક્રમે *પત્રક-અ અને *પત્રક-બ માં દર્શાવ્યા મુજબની છે.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

(૩) સામુહિક આરોગ્ય કેન્દ્રો/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવાના દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરી ખાલી જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવે છે જ્યારે પેરામેડીકલ, વર્ગ-૩ની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવે છે.

વર્ગ-૩ અને ડ્રાયવર, વર્ગ-૩ની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી સમયાન્તરે કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જગ્યાઓ પર જરૂરીયાત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

મહીસાગર જિલ્લામા પ્રાથમિક, સામૂહિક અને પેટા આરોગ્ય કેન્દ્રોની ઘટ

* ૨૦૭૭૧ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર

જિલ્લામાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રો, કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિની દ્રષ્ટીએ કેટલા આરોગ્ય કેન્દ્રોની ઘટ છે અને તે ઘટ પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

જિલ્લામાં ૨૨૪ પેટા આરોગ્ય કેન્દ્રો, ૩૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

(૨) મહીસાગર જિલ્લામાં ૦૩ પેટા આરોગ્ય કેન્દ્રો, ૦૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૫ સામુહિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે. જે અંગે આગામી વર્ષોમાં સર્વગ્રાહી વિચારણા કરી યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

### સરકારી ગ્રંથાલયોમાં દુર્લભ ગ્રંથોની જાળવણી

* ૨૨૫૨૧ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ગ્રંથાલય ખાતા દ્વારા સરકારી ગ્રંથાલયોમાં સંગ્રહિત દુર્લભ ગ્રંથોની જાળવણી અને પ્રજાજનો માટે તેને ઉપલબ્ધ કરવા સરકાર દ્વારા શું કામગીરી હાથ ધરેલ છે ?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ગ્રંથાલય ખાતા દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, મધ્યવર્તી પુસ્તકાલય, વડોદરા તથા રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, મહેસાણામાં સંગ્રહિત ૬૫,૯૫૮ દુર્લભ ગ્રંથોની જાળવણી માટે રૂ. ૧૩૨.૨૨ લાખના ખર્ચે ડીઝીટલાઈઝેશન પ્રોજેક્ટ હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં ઉક્ત ગ્રંથાલયોમાં સંગ્રહિત કુલ–૬૫,૯૫૮ દુર્લભ ગ્રંથોનું સ્કેનીંગ કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૧૫–૧૬માં આ સ્કેનીંગ કરેલ પેજીસનું ક્લીનીંગ કરવાની અને તેને ઈ–બુક્સમાં રૂપાંતરિત કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

### બોડેલી–નસવાડી અને સંખેડા તાલુકામાં નવી આંગણવાડીઓ ખોલવાની દરખાસ્ત

* ૨૦૬૨૭ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી–નસવાડી અને સંખેડા તાલુકામાં નવી આંગણવાડીઓ ખોલવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં છેલ્લે ક્યારે દરખાસ્ત કરી, અને

(૨) તે અન્વયે કેન્દ્ર સરકારે શો પ્રતિભાવ આપ્યો ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી, નસવાડી અને સંખેડા તાલુકામાં નવી આંગણવાડીઓની મંજુરી અર્થે રાજ્ય સરકારે તા. ૧૨–૨–૨૦૧૪ અને તા. ૧૬–૬–૨૦૧૪ના પત્રોથી ભારત સરકારને દરખાસ્ત કરેલ હતી

(૨) ઉક્ત દરખાસ્ત પરત્વે કેન્દ્ર સરકારે રાજ્યના જિલ્લાઓ માટે કુલ–૮૯૨ આંગણવાડી કેન્દ્રો મંજુર કરેલાં છે. જે પૈકી છોટાઉદેપુર જિલ્લાને ૧૦૭ આંગણવાડી કેન્દ્રો મંજુર કરીને આપવામાં આવેલ છે.

### રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો

* ૨૨૫૩૧ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૧ સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ

* ૨૨૫૩૭ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૧) ૨૮૫૭૭

(૨) તેના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ. ૪,૧૧,૭૩,૩૦૦/-

મહેસાણા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૨૫૩૩ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૧)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૧૫૭૮ | ૩૯૭૨૬ |

(૨) ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૨) ૧૦ (દશ)

(૩) મહેસાણા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને

(૩)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૧૯૩૧ | ૨૮૯૨ |

(૪) ઉકત મંજૂર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે ?

(૪)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| રૂ. ૨,૮૩,૧૬,૦૦૪/- | રૂ. ૩,૨૫,૨૯,૯૬૨/- |

રાજ્યમાં કુપોષણના સર્વેની કામગીરી

* ૨૦૬૬૬ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) મહીલા અને બાળ વિકાસ વિભાગના તા. ૧૮-૪-૨૦૧૨ના ઠરાવથી રાજ્યમાં કુપોષણના સર્વેની કામગીરી કરાવવા અંગે કઈ એજન્સીઓને કામગીરી સોંપવામાં આવેલ છે,

(૧) (૧) National Institute of Nutrition (NIN) હૈદરાબાદ.

(૨) International Institute for Population Sciences (IIPS) મુંબઈ

(૨) તે અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કઈ કઈ એજન્સીઓને કેટલી રકમ ચુકવવામાં આવી,

(૨) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ એજન્સીને નીચે મુજબની રકમ ચુકવવામાં આવી.

(૧) National Institute of Nutrition (NIN) હૈદરાબાદ કુલ રૂ. ૮૪,૫૭,૯૭૫/-

(૨) International Institute for Population Sciences (IIPS) મુંબઈ કુલ રૂ. ૧,૨૦,૮૪,૫૦૦/-

(૩) ઉક્ત એજન્સીઓ તરફથી કોઈ અહેવાલ મળેલ છે, અને

(૩) ના, જી.

(૪) જો હા, તો તેની મુખ્ય વિગતો શી છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જી. જી. હોસ્પિટલને એક્રેડીટેશન મેળવવા માટેની કામગીરી

* ૨૧૩૫૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : તા. ૪-૩-૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તા.પ્ર.ક્રમાંક ૧૫૨૬૧ (અગ્રતા-૧૧૮)ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) જામનગર જિલ્લાની જી.જી. હોસ્પિટલમાં તા.

(૧) અને (૨) : ભારત દેશમાં આરોગ્ય સંસ્થાઓમાં

૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નેશનલ એક્રેડીટેશન પ્રાપ્ત કરવાની કામગીરી પ્રગતિમાં હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ કામગીરી તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કામાં છે અને તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ?

રાષ્ટ્રીય માપદંડ એન.એ.બી.એચ./એન.એ.બી.એલ. પ્રમાણેની સેવાઓ અનિવાર્ય નથી, તેમ છતાં પણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાતે દેશમાં પ્રથમવાર રાજ્યની આરોગ્ય સંસ્થાઓમાં રાષ્ટ્રીય માપદંડ-એન.એ.બી.એચ./ એન.એ.બી.એલ. મુજબની ગુણવત્તા સભર સેવાઓ પૂરી પાડવા તબક્કાવાર કામગીરી હાથ ધરેલ છે. જેની કાર્યવાહી ચાલુ છે.

### લાખા પર ટપ્પર ભીમાસર ગામથી નેશનલ હાઈવેને જોડતા રોડને ડામર સપાટી કરવા બાબત

* ૨૨૫૫૬ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં લાખા પર ટપ્પર ભીમાસર ગામથી નેસનલ હાઈવેને જોડતા હયાત ડામર સપાટીના રસ્તા પર ફરીથી ડામર સપાટી કરવાનું કામ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું અને ક્યારે મંજુર કરવામાં આવ્યું, અને | (૨) રૂ।. ૧૭૫.૦૦ લાખનું, તા. ૧૨-૧૧-૨૦૧૪થી |
| (૩) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ? | (૩) વધારાની લંબાઈ સહિતનું કામ પ્રગતિમાં. |

### ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદનું નવીનીકરણ

* ૨૨૫૪૨ ડૉ. નિર્મલાબેન વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર અમદાવાદના નવીનીકરણ/વિસ્તરણની કોઈ યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો આ યોજના માટે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે? | (૨) આ યોજના માટે તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ।. ૧૯૩.૧૩ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |

### બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૨૪૭૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે, અને | (૧) તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | તાલુકો | પ્રા.આ.કેન્દ્ર | સા.આ.કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦૭ | ૦૨ |
| ૨ | ભાભર | ૦૩ | ૦૧ |
| ૩ | દાંતા | ૦૯ | ૦૧ |
| ૪ | દાંતીવાડા | ૦૪ | ૦૧ |
| ૫ | ડીસા | ૧૧ | ૦૧ |
| ૬ | દિયોદર | ૦૫ | ૦૧ |
| ૭ | ધાનેરા | ૦૭ | ૦૧ |
| ૮ | કાંકરેજ | ૦૯ | ૦૨ |
| ૯ | લાખણી | ૦૬ | ૦૧ |
| ૧૦ | પાલનપુર | ૦૯ | ૦૧ |
| ૧૧ | સુઈગામ | ૦૨ | ૦૧ |
| ૧૨ | થરાદ | ૦૯ | ૦૨ |
| ૧૩ | વડગામ | ૦૭ | ૦૩ |
| ૧૪ | વાવ | ૦૬ | ૦૨ |

| | | કુલ | ૯૪ | ૨૦ |
|---|---|---|---|---|

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો દવાઓનો કેટલો ખર્ચ છે?

(૨) છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો ખર્ચ રૂ. ૨,૨૭,૦૪,૫૧૫/- (અંકે રૂપિયા બે કરોડ સત્તાવીસ લાખ ચાર હજાર પાંચસો પંદર પુરા) અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો ખર્ચ રૂ. ૧,૮૨,૮૯,૧૯૨/- (અંકે રૂપિયા એક કરોડ બ્યાસી લાખ નેવ્યાસી હજાર એકસો બાણું પુરા) છે.

તાપી જિલ્લામાં ગ્રંથાલય ભવનોનું નિર્માણ

* ૨૨૫૧૪ શ્રી પૂર્ણેશકુમાર મોદી (સુરત પશ્ચિમ) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા અને કયા સ્થળોએ નવીન ગ્રંથાલય ભવનોનું નિર્માણ થયેલ છે,

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) તે અન્વયે કઈ સુવિધાઓ ઉપલબ્ધ બનેલ છે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં બે (૨) સરકારી ગ્રંથાલયોના નવીન ગ્રંથાલય ભવનોનું નિર્માણ કરાયેલ છે.

વર્ષઃ ૨૦૧૪માં વ્યારા ખાતે સરકારી જિલ્લા ગ્રંથાલય માટે અને વર્ષઃ ૨૦૧૫માં નિઝર ખાતે સરકારી તાલુકા ગ્રંથાલય માટે નવીન ગ્રંથાલય ભવનનું નિર્માણ કરાયેલ છે.

(૨) વ્યારા ખાતે નવીન જિલ્લા ગ્રંથાલય ભવન નિર્માણ માટે રૂ. ૧૬૯.૪૨ લાખના અને નિઝર ખાતે તાલુકા ગ્રંથાલય ભવન નિર્માણ માટે રૂ. ૭૪.૨૫ લાખનો ખર્ચ થયેલ છે, આમ આ બંન્ને ગ્રંથાલય ભવનો તૈયાર કરવા પાછળ કુલ રૂ. ૨૪૩.૬૭ લાખ ખર્ચ થયેલ છે.

(૩) સ્વતંત્ર ગ્રંથાલય ભવન નિર્માણ પામતાં આ બંન્ને ગ્રંથાલયોમાં વાંચનાલય વિભાગ, પુસ્તક આપ-લે વિભાગ, સંદર્ભ વિભાગ, સિનિયર સીટીઝન વિભાગ, બાળ વિભાગ. મહિલા વિભાગ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અલાયદા અધ્યયન ખંડ જેવી અનેકવિધ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવામાં આવેલ છે.

- સરકારી જિલ્લા પુસ્તકાલય, વ્યારાની સેવાઓ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલ છે.
- આ બંન્ને ગ્રંથાલયોમાં અદ્યતન ફર્નિચર ઉપલબ્ધ બનાવાયેલ છે.
- વ્યારા ખાતે વિદ્યાર્થીઓ માટે રાત્રિ વાંચનાલયની સુવિધા ઉપલબ્ધ બનાવાયેલ છે. જે અન્વયે રાત્રે ૧૨.૦૦ વાગ્યા સુધી ગ્રંથાલય ખુલ્લુ રહે છે.
- પ્રજાજનો માટે શિષ્ટ સાહિત્ય ઉપલબ્ધ બનાવાયેલ છે, જેનો પ્રજાજનો દ્વારા સંતોષકારક રીતે ઉપયોગ થઈ રહયો છે.

પારડી સ્ટેશનથી ઉમરસાડી-માછીવાડ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૨૧૨૯ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વલસાડ જિલ્લાના પારડી સ્ટેશનથી ઉમરસાડી-માછીવાડ રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૩) આ કામ તા.૩૧-૦૧-૨૦૧૬ ની સ્થિતિએ કયા તબક્કે છે?

જવાબ

(૧) અને (૨) હા જી, રૂ઼ા. ૮૦૦.૦૦ લાખ.

(૩) પ્રગતિમાં.

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### અંજાર તાલુકાના લાખાપર–ટપ્પરભીમાસર રોડનું ડામરકામ

* ૨૨૧૪૧ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં લાખા પર ટપ્પરભીમાસર ગામથી નેશનલ હાઈવેને જોડતા હયાત ડામર સપાટીના રસ્તા પર ફરીથી ડામર સપાટી કરવાનું કામ મંજુર થયેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું અને કયારે મંજૂર કરવામાં આવ્યુ, અને | (૨) રૂા. ૧૭૫.૦૦ લાખનું તા.૧૨–૧૧–૨૦૧૪ થી. |
| (૩) તા.૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) વધારાની લંબાઈ સહિતનું કામ પ્રગતિમાં. |

### રાજ્યમાં કાર્યરત ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૨૫૪૭ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૫૩ ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૬ નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો? | (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક કક્ષાએ ૧૨૬૦ સીટોનો વધારો થયેલ છે. |

### બારડોલી પાસે નવો પુલ બનાવવા બાબત

* ૨૨૧૪૨ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં સુરત–ધુલીયા રોડ પર બારડોલી પાસે જુના પુલ ઉપર થતાં ભારે ટ્રાફીકને નિવારવા નવો પુલ બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો નવા પુલ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૧૪૨૭.૦૦ લાખ. |
| (૩) આ કામ તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) વર્કઓર્ડર તબક્કે. |

### સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના કામોના ટેન્ડર

* ૨૨૮૬૨ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગર તાલુકામાં તા.૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયા રસ્તાના કામોનાં કેટલાં ટેન્ડર બહાર પાડવામાં આવ્યા, | (૧) સામેલ પત્રક મુજબના રસ્તાના ૨૧ ટેન્ડર. |
| (૨) આ પૈકી કેટલા ટેન્ડર એસ.ઓ.આર. થી ઓછા ભાવે આવ્યા, | (૨) ૧૯ ટેન્ડર, ૨ ટેન્ડર ખોલવાના બાકી છે. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામો એસ.ઓ.આર. થી ઓછા ભાવે મંજુર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૩) હા, જી. |
| (૪) એસ.ઓ.આર. થી ઓછા ભાવે મંજુર થયેલ કામોની ગુણવતા કેવી રીતે સાચવવામાં આવે છે ? | (૪) ગુણવત્તા બાબતે વિભાગ/ પેટા વિભાગના મદદનીશ ઈજનેર, નાયબ કાર્યપાલક ઈજનેર તથા કાર્યપાલક ઈજનેર તથા મા.મ. વિભાગનાં ગુણવત્તા નિયમન વિભાગ દ્વારા કામોની નિયમોનુસાર ચકાસણી કરવામાં આવે છે. |

## અતારાંકિત પ્રશ્નો

પત્રક

| અનુ. નં. | કામનું નામ |
|---|---|
| ૧ | મટોડા-ઝાંઝવા-પનાઈ-બહેડીયા-ખેડવારોડ |
| ૨ | હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા-અંબાજી રોડ |
| ૩ | ખેડબ્રહ્મા વાલરણ પઢારા સવેલા રોડ |
| ૪ | હિંગટીયા પાંચમહુડા ઈટવા રોડ |
| ૫ | માતાજીકંપા ખેડવા આમલી રોડ |
| ૬ | દિગ્થલી એપ્રોચ રોડ |
| ૭ | ખેડબ્રહ્મા વાસણા નીચી ધનાલ |
| ૮ | મેત્રાલ એસ. એચ. થી રાધિવાડ કંપા થી મેત્રાલ કંપા રોડ |
| ૯ | લક્ષ્મીપુરા હોસ્પીટલ થી તાંદલીયા રોડ |
| ૧૦ | કલોલકંપા થી લાન્દલીયાકંપા મેઘ રોડ |
| ૧૧ | ખેડબ્રહ્મા વરતોલ બહેડીયા રોડ |
| ૧૨ | નવાનાના દીઘીયા જાડી સેંબલ રોડ |
| ૧૩ | મીઠીબીલી નાનાબાવળ મોટા બાવળ રોડ |
| ૧૪ | ઉમ્બરવા એપ્રોચ રોડ |
| ૧૫ | પડેલા ટુ રાજસ્થાન બોર્ડર ટુ વિજયનગર વસાઈ ટુ રાજસ્થાન રાણી રોડ |
| ૧૬ | દઢવાવ રોડ |
| ૧૭ | દેડકા નાળા કરુમડી રોડ |
| ૧૮ | વણધોલ પાટીયા થી વણધોલ ગામ રોડ |
| ૧૯ | રાયસીંગપુર મસોતા રોડ |
| ૨૦ | જુસાવાડા મસોતા રોડ |
| ૨૧ | નવાખોલા એપ્રોચ રોડ |
| ૨૨ | ગાડી એપ્રોચ રોડ |
| ૨૩ | મસોતા આડીકુકડી થી રાયસીંગપુરને જોડતો રોડ |
| ૨૪ | દઢવાવ પ્રા. શાળાથી લક્ષ્મીપુરાને જોડતો |
| ૨૫ | સારોલી પ્રા. શાળાથી હોળી ચોક થી અસારી ફળીયા થી આડા ખોખરાને જોડતો રોડ |
| ૨૬ | ગુલાબપુરા કંપા થી હીતરીકંપા આ.સી.સી.રોડ |
| ૨૭ | વસઈ મોજારિયા રોડ |
| ૨૮ | અભાપુર મતાલી રોડ |
| ૨૯ | વિજયનગર ટીટારણ વસઈ રાજસ્થાન બોર્ડર રોડ |
| ૩૦ | રાજપુર નરસોલી રોડ |
| ૩૧ | અરવડ ચોરીમાલા કનાદર રોડ |
| ૩૨ | જાલેટી બદરખા વણજ રોડ |

### વ્યારા તાલુકામાં આરોગ્ય કેન્દ્રમાં ડોકટોરોની ભરતી

* ૨૧૩૧૮ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ વ્યારા તાલુકામાં કેટલા આરોગ્ય કેન્દ્રો આવેલા છે, અને

(૨) આ આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટોરોની કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે અને તે કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ વ્યારા તાલુકામાં એક સામુહિક આરોગ્ય કેન્દ્ર અને આઠ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલ છે.

(૨) તા.૩૧-૧૨-૧૫ ની સ્થિતિએ વ્યારા તાલુકાના કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | કેન્દ્રનું નામ | ખાલી જગ્યા | કયારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | સામુહીક આરોગ્ય કેન્દ્ર-ગડત | ૫ | તા.૧૬-૪-૦૧<br>તા.૮-૫-૧૨,<br>તા.૮-૫-૧૨,<br>તા.૮-૫-૧૨,<br>તા.૮-૫-૧૨, |
| ૨ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-ચાંપાવાડી | ૨ | તા.૨૫-૪-૧૨,<br>તા.૧-૪-૧૫ |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-જેસીંગપુરા | ૧ | તા.૨૫-૪-૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૪ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–બાલપુર | ૧ | તા.૨૫–૪–૧૨ |
| ૫ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–માયપુર | ૧ | તા.૨૫–૪–૧૨ |
| | કુલ | ૧૦ | |

–જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જરૂરીયાત પ્રમાણે જગ્યાઓ ભરવામાં આવે છે.

## રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર મેડિકલ કોલેજો

* ૨૨૫૪૪ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારિયાધાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વ–નિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ૧૫ સ્વ–નિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ નવી સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૩૦૦ સીટોનો વધારો થયેલ છે.

## દાંતા અને અમીરગઢ તાલુકામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૨૧૯૧૮ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, અને

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન ન હોય તેવી કેટલી આંગણવાડીઓ બાકી છે અને તેના શાં કારણો છે?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાંતા તાલુકામાં ૨૮૫ અને અમીરગઢ તાલુકમાં ૨૦૩ એમ તમામ આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## છોટાઉદેપુર જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૦૫૮૩ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી છે,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી અરજીઓ મંજૂર કરી, અને ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી અરજીઓ નામંજૂર થઈ અને પડતર છે, અને

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ અરજીઓ મળી.

| અનું. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૨૨ | ૧૫૧ |
| ૨ | કવાંટ | ૨૪૯ | ૯૮ |
| ૩ | બોડેલી | ૩૨૪ | ૪૦૨ |
| ૪ | જેતપુરપાવી | ૫૧ | ૧૫૨ |
| ૫ | નસવાડી | ૧૬ | ૯૦ |
| ૬ | સંખેડા | ૨૬૨ | ૧૬૧ |

(૨) વર્ષવાર અને તાલુકાવાર અરજીઓ નીચે મુજબ મંજૂર, નામંજૂર અને પડતર છે.

| અનું. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | | | વર્ષ–૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | પડતર | મંજૂર | નામંજૂર | પડતર |
| ૧ | છોટાઉદેપુર | ૧૦૧ | ૨૧ | ૦ | ૧૦૩ | ૪૮ | ૦ |
| ૨ | કવાંટ | ૧૦૯ | ૧૪૦ | ૦ | ૬૭ | ૨૧ | ૧૦ |
| ૩ | બોડેલી | ૨૫૩ | ૭૧ | ૦ | ૩૨૭ | ૭૫ | ૦ |
| ૪ | જેતપુરપાવી | ૫૧ | ૦ | ૦ | ૧૨૯ | ૦ | ૨૩ |
| ૫ | નસવાડી | ૧૨ | ૪ | ૦ | ૪૧ | ૭ | ૪૨ |

| | |
|---|---|
| (૩) ઉકત સ્થિતિએ સહાય ચૂકવણી કેટલા સમયથી બાકી છે? | (૩) ઉકત સ્થિતિએ કોઈ કિસ્સામાં સહાય ચૂકવણી બાકી નથી. |

ખેડા જિલ્લામાં ખેલ મહાકુંભ પાછળ થયેલ ખર્ચ

* ૨૧૨૦૩ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત કેટલી રકમ ફાળવી, અને | (૧) રૂા. ૨૩,૩૮,૪૦૪/ – |
| (૨) તે અન્વયે કેટલા ખેલાડીઓ (રમતવીરો) એ ભાગ લીધો અને કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) ખેલમહાકુંભ તા.૧૮–૦૧–૨૦૧૬ થી શરૂ થયેલ. તા.૩૧–૧૨–૨૦૧૫ સુધી થયેલ ખર્ચ રૂા. ૧૦,૭૮,૪૦૪/– |

સુરત–ઓલપાડ–સાહોલ રોડને ફોરલેન કરવા બાબત

* ૨૨૧૩૦ શ્રી મુકેશભાઇ પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત–ઓલપાડ–સાહોલ રસ્તાની ૧૯.૪૦ કિ.મી. લંબાઇને ચારમાર્ગીય કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હાજી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૭૩૫૫.૦૦ લાખ. |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) રસ્તાને ચારમાર્ગીય કરવાની કામગીરી પ્રગતિ હેઠળ. |

અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકાના ગ્રામ્ય રસ્તાઓને રીકારપેટ કરવાનું આયોજન

* ૨૨૪૧૬ શ્રી શકિતસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં છેલ્લા દસ વર્ષથી ડામરની રીકારપેટ ન થઇ હોય તેવા ગ્રામ્ય રસ્તાઓ (ઘઉછ અને ખઉછ) તા. ૦૧–૦૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલા છે, અને | (૧) ૩ (ત્રણ).<br>(ઘઉછ) અ.જી.મા – ૨<br>(ખઉછ) મુ.જી.મા – ૧ |
| (૨) ઉકત સ્થિતિએ આ રસ્તાઓને રીકારપેટ કરવાનું શું આયોજન છે. | (૨) તાંત્રિક જરૂરીયાત અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર વિચારવામાં આવશે. |

ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે અમલમાં મુકેલ યોજના

* ૨૨૫૧૩ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જ્યંતિ ઉજવણી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા અનુસુચિત જાતિના યુવક–યુવતીઓને પ્રોત્સાહન આપવા માટેની કોઇ યોજના અમલમાં મુકવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે અંગેની વિગતો શુ છે, અને | (૨) રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિના યુવક–યુવતીઓને પ્રોત્સાહન આપવા માટે યુવા ઉત્સવનું આયોજન કરવા માટે અમલમાં મુકેલ યોજના હેઠળ જિલ્લા, પ્રદેશ તથા રાજ્યકક્ષાએ યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. |
| (૩) આ યોજના પાછળ સરકાર દ્વારા તા. ૩૧–૧–૨૦૧૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૧૬,૫૩,૩૧૩/–. |

રાજપીપળા–અંકેલેશ્વર રોડનાં તવડીથી રાજપીપળા અનુભાગને ફોરલેન કરવા બાબત

* ૨૨૧૨૮ શ્રી શબ્દશરણ તડવી (નાંદોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) નર્મદા જિલ્લાના રાજપીપળા–અંકલેશ્વર રોડનાં તવડીથી રાજપીપળા અનુભાગને ચારમાર્ગીય કરવા માટે કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને

(૧) અને (૨) હાજી, રૂ. ૯૭.૭૭ કરોડ.

(૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કા છે?

(૩) ટેન્ડર માંગેલ છે.

અમદાવાદ–કુહા–કઠલાલ–ઝાડેશ્વર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૧૨૬ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડાને નડીયાદ સાથે જોડતાં અમદાવાદ–કુહા–કઠલાલ–બાલાશિનોર–લુણાવાડા–ઝાડેશ્વર રસ્તાને મહીસાગર જિલ્લાની ૨૪ કિ.મી. લંબાઇને ૧૦ મી. પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) હાજી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૭૪૦૦ લાખ. |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર માંગેલ છે. |

પાલેજ–નારેશ્વર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૧૨૫ શ્રી સતીષભાઇ પટેલ (કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લાના યાત્રાધામ નારેશ્વરને જોડતાં પાલેજ–નારેશ્વર રસ્તાને પહોળો કરવા માટે કોઇ આયોજન છે કે કેમ, | (૧) હાજી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂા. ૨૧૬૦.૦૦ લાખ. |
| (૩) આ કામ તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજુરીની પ્રક્રિયા હેઠળ. |

ધરમપુર તાલુકામાં કાર્યરત બ્લડ બેન્કો

* ૨૧૯૪૬ શ્રી ઈશ્વરભાઇ પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં કેટલી બ્લડ બેંન્કો કાર્યરત છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં એક પણ બ્લડ બેન્ક કાર્યરત નથી. |
| (૨) જો એક પણ બ્લડ બેન્ક ન હોય તો સરકારે બ્લડ બેંન્ક કાર્યરત થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધાં ? | (૨) નવી બ્લડ બેન્ક કાર્યરત થાય તે માટે વિભાગ દ્વારા પરવાના ફાળવવા અંગેની કામગીરી કરવામાં આવે છે. અને ધરમપુર તાલુકામાં નવી બ્લડ બેંન્ક શરૂ કરવાની કોઇ જ અરજી આ વિભાગને મળેલ નથી. તેમજ પડતર નથી. |

અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તબીબી સેવાના લાભાર્થીઓ

* ૨૨૫૫૦ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદમાં ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને | (૧) અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૩,૯૩,૦૨૬ દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી. |

(૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઇન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી?

(૨) આ પૈકી નીચે મુજબના આઉટડોર, ઇનડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

| વિગત | વર્ષ-૨૦૧૪ | વર્ષ-૨૦૧૫ |
|---|---|---|
| આઉટડોર | ૨,૦૧,૪૦૪ | ૧,૪૭,૨૧૩ |
| ઇન્ડોર | ૧૦,૮૮૯ | ૧૦,૪૦૨ |
| સર્જીકલ | ૧૧,૪૩૯ | ૧૧,૬૭૯ |
| કુલ | ૨,૨૩,૭૩૨ | ૧,૬૯,૨૯૪ |

મોરવા હડફ તાલુકાના સાલીયા-ખાબડા રોડનું કામ

* ૨૨૧૧૯ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના સાલીયા-ખાબડા રોડ વર્ષ ૨૦૧૫-૧૬માં મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમ મંજુર કરેલ છે, અને

(૩) આ કામ તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે?

જવાબ

(૧) અને (૨) હા, જી. રૂા. ૫૫૦ લાખ મંજુર કરેલ છે.

(૩) પ્રગતિ હેઠળ.

દાહોદ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૨૫૩૫ શ્રી વિંછીયાભાઇ ભુરીયા (લીમખેડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) દાહોદ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને

(૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) ''મા'' યોજના ''મા વાત્સલ્ય''યોજના ૭૪૦૯ ૫૬૪૩

(૨) ૮ (આઠ)

(૩) ''મા'' યોજના ''મા વાત્સલ્ય'' યોજના ૨૦૧૪ ૫૫૫

(૪) ''મા'' યોજના ''મા વાત્સલ્ય'' યોજના
રૂ. ૩,૩૯,૦૧,૧૫૨/-, રૂ. ૧,૦૫,૮૧,૧૦૨/-

નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજનાના લાભાર્થીઓ

* ૨૨૫૪૬ શ્રી બાલકૃષ્ણભાઇ પટેલ (ડભોઇ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને

(૨) તેના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૨૮૫૭૭.

(૨) રૂ.૪,૧૧,૭૩,૩૦૦/-.

રાજુલા તાલુકાના કાતર-કોટડી-આગરીયા રોડને પહોળો કરવા બાબત

* ૨૨૧૨૩ શ્રી હિરાભાઇ સોલંકી (રાજુલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કાતર કોટડી આગરીયા રોડને પહોળો કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને

(૩) તા.૩૧-૧-૨૦૧૬ ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) રૂ.૭૨૦.૦૦ લાખ.

(૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### વ્યાયામ શાળાઓને આર્થિક સહાય

* ૨૨૫૨૪ શ્રી હર્ષ સંઘવી (મજૂરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમતગમત ક્ષેત્રે કામ કરતી માન્ય વ્યાયામ શાળાઓને કેટલી આર્થિક સહાય ચુકવવામાં આવેલ છે ? | રૂ.૩૧,૭૦,૭૬૩/–. |

### કાલાવડ તાલુકાના નાની વાવડી ગામતળમાં સી.સી. રોડ

* ૨૨૧૩૪ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાની વાવડી ગામતળમાં સી.સી. રોડનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમનું મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) રૂ.૮૦.૦૦ લાખ. |
| (૩) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડરની પ્રક્રિયા હેઠળ. |

### ડીસા તાલુકામાં પુરના કારણે ધોવાણ થયેલ રસ્તાઓનું મરામત કામ

* ૨૨૬૯૮ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ ડીસા તાલુકામાં જુલાઇ–૨૦૧૫ માં આવેલ ભારે વરસાદ અને પુરના કારણે ક્યા રસ્તાનું કેટલું ધોવાણ થયેલ છે, | (૧) *પત્રક મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા રસ્તાઓની મરામત કામગીરી પૂર્ણ થઇ અને કેટલા રસ્તાઓનું મરામત કામ બાકી છે, અને | (૨) તાત્કાલિક મરામતની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ મરામત પાછળ કેટલો ખર્ચ થયો? | (૩) જે પૈકી હાલ રૂ.૬.૮૬ લાખનો ખર્ચ થયેલ છે. અને કાયમી મરામત માટે રૂ.૧૦૭૨.૧૮ લાખનાં કામો મંજુર કરવામાં આવેલ છે. |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પીડીત બાળકો

* ૨૨૪૪૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા વર્ષવાર કેટલી છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા વર્ષવાર નીચે મુજબ છે. |

સાબરકાંઠા

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | ખેડબ્રહ્મા | ૫૬૪૭ | ૧૩૨ |
| ૨ | વિજયનગર | ૧૬૭૨ | ૩૩ |
| ૩ | હિંમતનગર | ૨૪૫૮ | ૫૫ |
| ૪ | ઇડર | ૨૧૬૯ | ૧૨૩ |
| ૫ | પ્રાંતિજ | ૧૩૮૦ | ૧૩૬ |
| ૬ | વડાલી | ૭૭૭ | ૬૦ |
| ૭ | તલોદ | ૧૦૦૩ | ૬૭ |
| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ | |

| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૨૬૭૮ | ૮૯ |
| ૨ | વિજયનગર | ૭૯૨ | ૪૧ |
| ૩ | હિંમતનગર | ૧૩૮૩ | ૭૨ |
| ૪ | ઇડર | ૧૨૧૫ | ૧૨૧ |
| ૫ | પ્રાંતિજ | ૧૩૨૬ | ૨૨૧ |
| ૬ | વડાલી | ૩૦૪ | ૪૭ |
| ૭ | તલોદ | ૫૨૦ | ૫૭ |

અરવલ્લી

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ | |
|---|---|---|---|
| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | બાયડ | ૩૭૮૦ | ૨૨૮ |
| ૨ | મોડાસા | ૨૬૪૪ | ૨૨૭ |
| ૩ | મેઘરજ | ૩૦૬૮ | ૧૬૮ |
| ૪ | ધનસુરા | ૨૦૬૭ | ૬૧ |
| ૫ | માલપુર | ૨૪૫૦ | ૧૧૪ |
| ૬ | ભિલોડા | ૬૩૮૦ | ૪૬૮ |
| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ | |
| | | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
| ૧ | બાયડ | ૩૫૬૧ | ૪૪૭ |
| ૨ | મોડાસા | ૩૦૪૨ | ૨૪૫ |
| ૩ | મેઘરજ | ૧૦૯૮ | ૯૦ |
| ૪ | ધનસુરા | ૫૩૦ | ૬૫ |
| ૫ | માલપુર | ૯૪૨ | ૨૩ |
| ૬ | ભિલોડા | ૧૪૯૧ | ૮૦ |

(૨) ઉક્ત બાળકોના સ્વાસ્થ્ય માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ઉક્ત બાળકોના સ્વાસ્થ્ય માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યો.

સાબરકાંઠા

| ક્રમ | વર્ષ ૨૦૧૪ નો કુલ ખર્ચ | વર્ષ ૨૦૧૫ અને (ડીસે.-૨૦૧૫ અંતિત) કુલ ખર્ચ |
|---|---|---|
| ૧ | રૂ.૨,૮૮,૨૭,૦૦૦/- | રૂ.૧,૬૫,૪૨,૦૦૦/- |

અરવલ્લી

| ક્રમ | વર્ષ ૨૦૧૪ નો કુલ ખર્ચ | વર્ષ ૨૦૧૫ અને (ડીસે.-૨૦૧૫ અંતિત) કુલ ખર્ચ |
|---|---|---|
| ૧ | રૂ.૬૫,૫૯,૪૩૪/- | રૂ. ૫૦,૫૮,૬૦૯/- |

(૩) કેટલા બાળકોએ તેનો લાભ લીધો ?

(૩) સાબરકાંઠા જિલ્લાના કુલ ૨૪૫૭૮ બાળકોએ લાભ લીધેલ છે.

અરવલ્લી જિલ્લાના કુલ ૩૩૨૬૯ બાળકોએ લાભ લીધેલ છે.

## અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૨૫૪૫ શ્રી વલ્લભભાઈ વઘાસીયા (સાવરકુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન અમરેલી જિલ્લાના કેટલા બાળકો રોગગ્રસ્ત જણાય,

(૨) આ બાળકોને મુખ્યત્વે ક્યા રોગ હતા, અને

જવાબ

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસ દરમ્યાન અમરેલી જિલ્લામાં – ૩૧,૯૪૯ બાળકો.

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડીના રોગ/બિમારી હતા.

(૩) આ રોગની બાબતે સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) આ રોગ/બિમારીની સારવાર બાબતે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.
(૧) સ્થળ પર સારવાર
(૨) વધુ બિમારીવાળા બાળકોને સામૂહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા
(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

## જુનાગઢ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૨૫૩૨ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) જુનાગઢ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને

(૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે ?

જવાબ

(૧) ''મા'' યોજના ૨૩૨૪ ; ''મા વાત્સલ્ય'' યોજના ૪૦૯૪૩

(૨) ૧૦ (દસ).

(૩) ''મા'' યોજના ૨૫૨૧ ; ''મા વાત્સલ્ય'' યોજના ૩૧૪૦

(૪) ''મા'' યોજના રૂ.૩,૦૪,૫૮,૧૧૧/- ; ''મા વાત્સલ્ય'' યોજના રૂ.૫,૪૩,૯૯,૭૧૭/-

## મોરબી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. ના મંજુર ઘટક

* ૨૧૮૮૨ શ્રી મહમદજાવીદ પીરજાદા (વાંકાનેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. ના કેટલા ઘટક મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ મોરબી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. નું મંજૂર મહેકમ કેટલું છે,

(૩) આ પૈકી કેટલી જગ્યા ભરાયેલી છે અને કેટલી જગ્યા ખાલી છે, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આઇ.સી.ડી.એસ. માં ૫(પાંચ) ઘટક મંજૂર થયેલ છે.

(૨) અને (૩) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આઇ.સી.ડી.એસ.માં કુલ-૬૭ જગ્યાનું મહેકમ મંજુર થયેલ છે, અને તે પૈકી ભરાયેલ તથા ખાલી જગ્યાની વિગતો જે નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | મંજુર મહેકમ | ભરાયેલ | તે પૈકી ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રોગ્રામ અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૨ | બાળ વિકાસ યોજના અધિકારી | ૫ | ૨ | ૩ |
| ૩ | આંકડા મદદનીશ | ૬ | ૦ | ૬ |
| ૪ | મુખ્ય સેવિકા | ૩૭ | ૨૦ | ૧૭ |
| ૫ | જુ. ક્લાર્ક | ૮ | ૩ | ૫ |
| ૬ | ડ્રાઈવર | ૩ | ૦ | ૩ |
| ૭ | પટાવાળા | ૭ | ૨ | ૫ |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) સરકારશ્રી દ્વારા જિલ્લા વિભાજનમાં તાજેતરમાં મોરબીને અલગ જિલ્લો બનાવતાં હાલ રાજકોટ જિલ્લામાંથી કમર્ચારીઓ ફાળવવામાં આવેલ છે. વિભાગ હસ્તકની જગ્યાઓ નિયમાનુસાર સીધી ભરતી/બઢતીની પ્રક્રિયા પૂર્ણ કરીને સત્વરે ભરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને મકાનો આપવા બાબત

* ૨૨૮૮૭ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી, અને

(૨) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાનો આપવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી, તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કુલ કેન્દ્રો | પોતાના મકાનો નથી તેવા આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨૭ | ૨૮ |
| ૨ | દહેગામ | ૨૫૬ | ૨૧ |
| ૩ | કલોલ | ૩૦૫ | ૮૪ |
| ૪ | માણસા | ૧૭૩ | ૩૨ |

(૨) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાનો આપવા નીચે મુજબના પગલાં લીધા છે.

- ૧૬૫ બાકી આંગણવાડી મકાનો પૈકી ૪૫ આંગણવાડી મકાનો અંગેની કાર્યવાહી ગતિમાં છે.
- ૫૯ આંગણવાડી મકાનો બાંધવાની મળેલ મંજુરી ધ્યાને લઈ જમીન ઉપલબ્ધી અંગેની કાર્યવાહી ચાલુ છે.
- ૬૧ બાકી રહેતા આંગણવાડી મકાનોને આગામી વર્ષોના આયોજનમાં આવરી લેવામાં આવશે.

page સુરેન્દ્રનગર જિલ્લાના એરવાડાથી પંચાસર રોડનું કામ

* ૨૨૧૨૨ શ્રી પૂનમભાઈ મકવાણા (દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના એરવાડાથી પંચાસર રોડનું કામ મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કામ તા.૩૧–૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) હા, જી.

રૂ.૨૬૦.૦૦ લાખનું કામ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ટેન્ડર મંજુરીની કાર્યવાહી હેઠળ.

રાજ્યમાં કાર્યરત મેડિકલ કોલેજો

* ૨૨૫૪૮ ડૉ. ટી. ડી. માણિયા (બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી મેડિકલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૨૧ મેડિકલ કોલેજો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી,અને

(૩) મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૩૦૦ સીટોનો વધારો થયેલ છે.

દાહોદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૧૯૬૪ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે, અને

(૪) આ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે અને આ આંગણાવાડીઓ બનાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

જવાબ

(૧) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ ગ્રામ્ય વિસ્તારોમાં ૪૦૦ થી ૮૦૦ ની વસ્તીદીઠ એક આંગણવાડી અને ૧૫૦ થી ૪૦૦ ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજુર કરવાનું થાય છે. શહેરી વિસ્તારનાં અર્બન સ્લમ વિસ્તારને ધ્યાને લેવામાં આવે છે. જે અનુસાર આંગણવાડીની માંગણી કરવામાં આવે છે. આદિજાતિ કોતર, ખાણ પ્રદેશ, રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારોને પણ ધ્યાને લેવામાં આવે છે. ગ્રામ્ય અને અર્બન સ્લમ શહેરી વિસ્તારોની સ્થાનિક અને ભૌગોલિક પરિસ્થિતિ અલગ-અલગ હોય છે. જેથી વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે, તે કહી શકાય નહીં.

(૨) ઉક્ત સ્થિતિએ ૨૯૬૦ આંગણવાડીઓ કાર્યરત છે. જે તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૬૭ |
| ૨ | દેવગઢ બારિયા | ૩૭૬ |
| ૩ | ધાનપુર | ૨૫૬ |
| ૪ | ફતેપુરા | ૨૮૫ |
| ૫ | ગરબાડા | ૨૮૫ |
| ૬ | લીમખેડા | ૫૨૪ |
| ૭ | ઝાલોદ | ૫૦૨ |
| ૮ | સંજેલી | ૧૬૫ |

(૩) આંગણવાડી કેન્દ્રોની ઘટ વસ્તીની જરૂરિયાતનો સર્વે કર્યા બાદ જ નક્કી કરી શકાય.

(૪) જિલ્લાની વસ્તી માટે આંગણવાડી કેન્દ્રોની જરૂરિયાતનો જિલ્લા દ્વારા સર્વે કરાવીને ૧૫૫ આંગણવાડી કેન્દ્રોની માંગણી થયેલ હતી. આંગણવાડી કેન્દ્રોની આ દરખાસ્ત તા.૭-૧-૨૦૧૫ નાં પત્રથી ભારત સરકારને મોકલાવેલ હતી. જે પરત્વે કેન્દ્ર સરકારે રાજ્યનાં જિલ્લાઓ માટે કુલ ૮૯૨ આંગણવાડી કેન્દ્રો મંજુર કરેલાં છે. જે પૈકી દાહોદ જિલ્લાને ૯૬ આંગણવાડી કેન્દ્રો મંજુર કરીને આપવામાં આવેલ છે.

### બનાસકાંઠા જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં મંજૂર મહેકમ

* ૨૨૪૩૦ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર થયેલ મહેકમ મુજબ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી રહેલ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજુર થયેલ મહેકમની વિગતો અનુક્રમે *પત્રક-અ અને *પત્રક-બ માં દર્શાવ્યા મુજબની છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રો/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવાના દર અઠવાડિયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરી ખાલી જગ્યાઓ પર નિમણુંક આપવામાં આવે છે. જ્યારે પેરામેડીકલ, વર્ગ-૩ ની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવે છે. વર્ગ-૩ અને ડ્રાયવર, વર્ગ-૩ની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઇ ગુજરાત પંચાયત સેવા

પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઇ ભરવાની કાર્યવાહી સમયાન્તરે કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર જરૂરીયાત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## અમરેલી જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી હેઠળ બાળકોની તપાસ

* ૨૨૫૪૦ શ્રી બાવકુભાઈ ઉંઘાડ (લાઠી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તા.૦૧–૧૨–૨૦૧૪ થી તા.૩૦–૧૧–૨૦૧૫ દરમ્યાન સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીની આરોગ્ય તપાસ દરમ્યાન અમરેલી જિલ્લાના કેટલા બાળકોને મુખ્યત્વે ક્યા ગંભીર રોગ હતા, અને

(૨) આ ગંભીર રોગની સારવાર બાબતે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસ દરમ્યાન અમરેલી જિલ્લામાં હૃદયની બિમારી–૨૯, કીડનીની બિમારી–૯ અને કેન્સર ની બિમારી–૬ એમ કુલ–૪૪ બાળકોને ગંભીર રોગ હતા.

(૨) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

## પાટણ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૨૫૩૪ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ પાટણ જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે,

(૩) પાટણ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા, અને

(૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે ?

**જવાબ**

(૧)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૪૮૭૦ | ૨૪૫૯૨ |

(૨) ૮ (આઠ).

(૩)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| ૨૪૬૩ | ૩૩૪૯ |

(૪)

| ''મા'' યોજના | ''મા વાત્સલ્ય'' યોજના |
|---|---|
| રૂ.૩,૦૬,૦૭,૩૦૭/– | રૂ.૨,૭૨,૨૨,૭૦૩/– |

## અમરેલી સીવીલ હોસ્પિટલને મેડિકલ કોલેજમાં રૂપાંતરીત કરવા બાબત

* ૨૧૬૬૩ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–જાન્યુઆરી, ૨૦૧૬ની સ્થિતિએ અમરેલી સિવિલ હોસ્પિટલને મેડિકલ કોલેજમાં રૂપાંતરિત કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ અંગે ક્યા પ્રકારની મંજૂરીઓ પ્રાપ્ત થયેલ છે અને ક્યા પ્રકારની મંજૂરી મેળવવાની બાકી રહેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

ભારત સરકારશ્રીની જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરીને નવી મેડીકલ કોલેજો સ્થાપવાની યોજના મુજબ તેમજ મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડીયાના રેગ્યુલેશન અંતર્ગત સને ૨૦૧૫–૧૬ ના વર્ષના બજેટમાં જિલ્લા હોસ્પિટલ, અમરેલીને પ્રથમ તબક્કે અપગ્રેડ કરી ૩૦૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરાવવાની જોગવાઇ કરવામાં આવી છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૨૫૩૮ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એટલે કે તા.૦૧-૧૨-૨૦૧૪ થી તા.૩૦-૧૧-૨૦૧૫ દરમ્યાન રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી અને કેટલા બાળકોને મુખ્યત્વે ક્યા પ્રકારની ગંભીર બિમારીઓ જોવા મળી,

(૧) તા.૩૦-૧૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એટલે કે તા.૦૧-૧૨-૨૦૧૪ થી તા.૩૦-૧૧-૨૦૧૫ દરમ્યાન રાજકોટ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કુલ-૬,૦૦,૭૧૮ બાળકોની તપાસ કરવામાં આવી અને ૧૮૫ બાળકોને હદયરોગ, ૪૨ બાળકોને કીડની રોગ, અને ૧૨ બાળકોને કેન્સર રોગ જેવી ગંભીર બિમારીઓ જોવા મળી.

(૨) તે પૈકી કેટલા બાળકોને હ્રદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ૧૮૫ બાળકોને હ્રદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા.

(૩) કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવ્યા ?

(૩) તે પૈકી ૩૩૬૫ બાળકોને ચશ્મા આપવામાં આવ્યા.

### રાજ્યમાં કાર્યરત મેડિકલ કોલેજો

* ૨૨૫૨૯ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી મેડિકલ કોલેજો કાર્યરત છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૨૧ મેડિકલ કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ નવી મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી. |
| (૩) મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો ? | (૩) મેડિકલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ ૩૦૦ સીટોનો વધારો થયો છે. |

### ખંભાત તાલુકાના ગામોમાં સી.સી. રોડ

* ૨૨૧૪૦ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૫-૧૬માં આણંદ જિલ્લાના ખંભાત તાલુકામાં ગામો માટે સી.સી. રોડ મંજૂર કર્યા છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમના કામો મંજૂર કરેલ છે ? | (૨) ૫(પાંચ) કામો રૂ.૨૬૦.૦૦ લાખના. |

### રાજ્યમાં કાર્યરત ફીઝીયોથેરાપી કોલેજો

* ૨૨૫૨૫ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૫૩ ફીઝીયોથેરાપી કોલેજો કાર્યરત છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૬ ફીઝીયોથેરાપી કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને |
| (૩) ઉક્ત સ્થિતએ છેલ્લા બે વર્ષમાં ફીઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ફીઝીયોથેરાપી કોલેજોમાં સ્નાતક કક્ષાએ ૧૨૬૦ સીટોનો વધારો થયેલ છે. |

### મહેસાણા જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ તાલીમ

* ૨૨૪૭૭ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં વિધવા સહાય યોજનાના લાભાર્થીઓને સ્વરોજગાર લક્ષી તાલીમ આપવા માટેની કોઈ યોજના અમલમાં છે ખરી, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કયા સ્થળે તાલીમ આપવામાં આવી અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તા. ૦૧-૦૨-૨૦૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ સુધીમાં જિલ્લામાં નીચે મુજબ તાલુકાવાર લાભાર્થીઓને અને ખર્ચ કરવામાં આવ્યો છે. |

| અ. નં. | તાલુકાનું નામ | સ્થળ | લાભાર્થીઓની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ.માં) |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | પાંજરાપોળનાં મકાનમાં, આઝાદ ચોક, મહેસાણા | ૮૨ | ૪,૯૨,૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | વિસનગર | મથુરદાસ કલબ, તાલુકા પંચાયતની સામે, વિસનગર. | ૪૩ | ૨,૫૮,૦૦૦/– |
| ૩ | વિજાપુર | અનુપમ શિવણ વર્ગ, સાંથ બજાર, વિજાપુર | ૭૫ | ૪,૫૦,૦૦૦/– |
| ૪ | કડી | મમતા કેન્દ્ર, નાની કડી, તા. કડી. | ૬૫ | ૩,૯૦,૦૦૦/– |
| ૫ | બેચરાજી | સુખડીયાની વાડી, બેન્ક ઓફ બરોડાની સામે, બેચરાજી. | ૪૦ | ૨,૪૦,૦૦૦/– |
| ૬ | વડનગર | પથ્થરવાડી હવેલી, મહિલા શિવણ વર્ગ, નાગરીક બેંકની સામે, વડનગર | ૪૫ | ૨,૭૦,૦૦૦/– |
| ૭ | ઉંઝા | ઉમિયા શિવણ વર્ગ, રાધા કૃષ્ણ મંદિર પાસે, ઉંઝા. | ૨૫ | ૧,૫૦,૦૦૦/– |

તા. ૦૧–૦૨–૨૦૧૫ થી તા. ૩૧–૦૧–૨૦૧૬ દરમ્યાન કોઈ તાલીમ થયેલા નથી.

પુરૂષોત્તમ નગર (જીતોડ) થી ગોવિંદપુરા તથા વડલાવાસના રસ્તાનું ડામર કામ

* ૨૨૧૩૯ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના પુરૂષોત્તમ નગર (જીતોડ) થી ગોવિંદપુરા તથા વડલાવાસ રસ્તો જે બીસ્માર હાલતમાં છે તેને ફરીથી ડામર કામ કરવા વર્ષ ૨૦૧૫–૧૬માં સરકાર દ્વારા મંજૂર કરાયેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમનું કામ કયારે મંજૂર કરેલ છે?

(૨)

| કામનું નામ | રકમ રૂ. લાખમાં | મંજૂર થયાની તારીખ |
|---|---|---|
| પુરૂષોત્તમનગર (જીતોડ) થી ગોવિંદપુરા રોડ | ૧૨૦.૦૦ | ૨૮–૦૯–૨૦૧૫ |
| પુરૂષોત્તમનગર (જીતોડ) વચલા પ્લોટથી વડલાવાસ રોડ | ૭૫.૦૦ | |

ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૨૨૫૪૧ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તા. ૦૧–૧૨–૨૦૧૪ થી તા. ૩૦–૧૧–૨૦૧૫ દરમ્યાન ભરૂચ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કુલ કેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી કરવામાં આવી,

(૧) ૨,૬૫,૩૯૦.

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની કયા પ્રકારની ગંભીર બિમારીઓ જણાઈ આવી,

(૨) તે પૈકી વિદ્યાર્થીઓને નીચે દર્શાવ્યા મુજબ ગંભીર બિમારીઓ જણાઈ આવી

| અ.નં. | બિમારી | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | હૃદય | ૪૭ |
| ૨. | કીડની | ૧૭ |
| ૩. | કેન્સર | ૧૪ |
| | કુલ | ૭૮ |

(૩) તેમની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી,

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચેની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદય | યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કીડની | ઈન્સ્ટીટયુટ ઓફ કીડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ. |

(૪) કેટલા બાળકોને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા, અને

(૪) ૧ બાળકને કીડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવેલ છે.

(૫) હૃદય, કીડની, કેંન્સરની ગંભીર બિમારીવાળા કેટલા બાળકોને રીફર કર્યા?

હૃદયની બિમારી–૪૭, કીડનીની બિમારી–૧૭ અને કેન્સર બિમારી–૧૪ એમ કુલ–૭૮ ગંભીર બિમારીવાળા બાળકોને રીફર કર્યા.

### છત્રાલ પાસે અંડરપાસ ગરનાળુ બનાવવાની માંગણી

* ૨૨૪૦૨ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ, મહેસાણા ટોલ રોડ ઉપર છત્રાલ ગામ પાસે ગોગાપુરા વિસ્તારમાં જવા માટે અંડરપાસ ગરનાળુ બનાવવા માટેની કેટલી માંગણી કે દરખાસ્ત છેલ્લા બે વર્ષમાં સરકારને મળેલ છે,

(૧) ૦૨ (બે).

(૨) તે સંદર્ભે સરકારે શું પગલાં ભર્યા, અને

(૨) ગોગાપુરા ગામથી ૩૦૫ મીટરના અંતરે વ્હીકયુલર અંડરપાસ તેમજ ૫૦૫ મીટરના અંતરે છત્રાલ જંકશન પર રોડ ઓવરબ્રીજ બાંધવામાં આવેલ હોઈ નવો અંડરપાસ બનાવવો જરૂરી જણાતો નથી.

(૩) ઉક્ત સ્થિતિએ આ રોડ ઉપર ઉક્ત જગ્યાએ વારંવાર સર્જાતા અકસ્માતો અટકાવવા સરકાર શુ પગલાં ભરવા માંગે છે?

(૩) આ રસ્તાની સપાટી પર કી.મી. ૩૫+૯૮૦ના સ્થળે ૩ડી પેઈન્ટીંગ કરવામાં આવનાર છે અને કી.મી. ૩૫+૭૮૦ થી ૩૫+૯૮૦ લંબાઈમાં રસ્તાના મીડીયનમાં ડબલ્યુ બીમ ક્રેશ બેરીયર અથવા મીડીયન પોસ્ટ ગ્રીલ મૂકવામાં આવનાર છે.

### સીવીલ હોસ્પિટલ, અમદાવાદનું નવીનીકરણ

* ૨૨૫૪૯ શ્રી કીરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) સીવીલ હોસ્પિટલ, અમદાવાદના નવીનીકરણ/ વિસ્તરણની કોઈ યોજના છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) આ યોજના માટે તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ચુકવવામાં આવેલ છે?

(૨) આ યોજના માટે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૨૩.૫૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

### મકરપુરા–ધનીયાવી રસ્તા પર નવો પુલ

* ૨૨૧૨૦ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વડોદરા તાલુકામાં મકરપુરા–ધનીયાવી રસ્તામાં જુનો પુલ તોડી નવો પુલ કરવા માટેનું કામ ૨૦૧૫–૧૬ના વર્ષમાં મંજૂર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કયારે અને કેટલી રકમ મંજૂર કરેલ છે,

(૧) અને (૨) હા, જી.
તા. ૦૩–૧૦–૨૦૧૫ થી રૂા. ૩૫૦ લાખ મંજુર કરેલ છે.

અને

(૩) આ કામ તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ કયા તબક્કે છે?

(૩) નકશા અંદાજો તાંત્રિક ચકાસણી હેઠળ.

ખેડા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૧૨૩૭ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અન્વયે ખેડા જિલ્લામાં તાલુકાવાર આંગણાવાડીઓમાં કેટલી સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી બહેનોને કયા પ્રકારના લાભ મળેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અન્વયે ખેડા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓમાં નીચે મુજબની સગર્ભા મહિલાઓ તેમજ ધાત્રી બહેનોને પુરક પોષણ (પ્રિમીક્ષ, શીરો, સુખડી, ઉપમા)નો લાભ મળેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ લાભ લીધેલ સગર્ભા તેમજ ધાત્રી બહેનો | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ લાભ લીધેલ સગર્ભા તેમજ ધાત્રી બહેનો |
|---|---|---|---|
| ૧ | માતર | ૩૧૧૪ | ૩૧૬૧ |
| ૨ | ઠાસરા | ૫૯૫૮ | ૬૩૭૪ |
| ૩ | મહેમદાવાદ | ૪૪૫૬ | ૪૭૩૩ |
| ૪ | નડીયાદ | ૭૬૪૮ | ૭૨૯૦ |
| ૫ | કપડવંજ | ૪૭૦૮ | ૪૭૬૨ |
| ૬ | કઠલાલ | ૩૪૨૩ | ૩૪૫૭ |
| ૭ | મહુધા | ૯૪૭ | ૨૫૯૮ |
| ૮ | ખેડા | ૨૦૭૪ | ૨૪૧૦ |

(૨) ઉક્ત સ્થિતએ આ માટે વર્ષવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી.

| તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રૂપિયા | તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રૂપિયા |
|---|---|
| ૧૩૦૦૨૪૯૮ | ૨૦૭૩૯૫૨૪ |

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના નોન પ્લાન રસ્તાઓને પ્લાન રસ્તાઓમાં રૂપાંતરીત કરવા બાબત

* ૨૨૪૨૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્લાન રસ્તાઓ કેટલા છે અને કેટલા કિ.મિ.ના છે અને નોન પ્લાનના રસ્તાઓ કેટલા છે અને કેટલા કિ.મિ. ના છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ નોન-પ્લાન રસ્તાઓ રી-કાર્પેટ કરવા માટે સરકારનું શું આયોજન છે?

જવાબ

(૧) સામેલ પત્રક મુજબ

(૨) તાંત્રિક જરૂરીયાત અને નાણાકીય ઉપલબ્ધતા અનુસાર વિચારવામાં આવે છે.

પત્રક

અરવલ્લી જિલ્લો

| તાલુક | પ્લાન રસ્તા | | | | | | નોન પ્લાન રસ્તા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | રાજ્ય | | પંચાયત | | કુલ | | રાજ્ય | | પંચાયત | | કુલ | |
| | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભિલોડા | ૨૮ | ૧૫૨.૦૫ | ૧૦૫ | ૩૧૪.03 | ૧૩૩ | ૪૬૬.૦૮ | ૦ | ૦.૦૦ | ૨૫૧ | ૫૧૩.૫૦ | ૨૫૧ | ૫૧૩.૫૦ |
| મેઘરજ | ૩૦ | ૧૫૬.૭૫ | ૬૬ | ૨૫૯.૫૬ | ૯૬ | ૪૧૬.૩૧ | ૦ | ૦.૦૦ | ૨૩૦ | ૪૧૨.૮૧ | ૨૩૦ | ૪૧૨.૮૧ |
| મોડાસા | ૩૫ | ૨૧૯.૯૮ | ૯૫ | ૩૦૧.૪૪ | ૧૩૦ | ૫૨૧.૪૨ | ૦ | ૦.૦૦ | ૧૫૨ | ૨૩૪.૭૦ | ૧૫૨ | ૨૩૪.૭૦ |
| ધનસુરા | ૨૧ | ૧૦૨.૯૬ | ૬૧ | ૧૯૨.૩૩ | ૮૨ | ૨૯૫.૨૯ | ૦ | ૦.૦૦ | ૮૭ | ૧૪૮.૧૬ | ૮૭ | ૧૪૮.૧૬ |
| માલપુર | ૨૩ | ૧૧૦.૧૩ | ૬૪ | ૧૬૬.૭૦ | ૮૭ | ૨૭૬.૮૩ | ૦ | ૦.૦૦ | ૧૬૦ | ૨૫૮.૬૦ | ૧૬૦ | ૨૫૮.૬૦ |
| બાયડ | ૪૫ | ૨૧૯.૦૮ | ૧૧૩ | ૩૦૫.૫૮ | ૧૫૮ | ૫૨૪.૬૬ | ૦ | ૦.૦૦ | ૯૭ | ૧૯૬.૭૨ | ૯૭ | ૧૯૬.૭૨ |
| કુલ | ૧૮૨ | ૯૬૦.૯૫ | ૫૦૪ | ૧૫૩૯.૬૪ | ૬૮૬ | ૨૫૦૦.૫૯ | ૦ | ૦.૦૦ | ૯૭૭ | ૧૭૬૪.૪૮ | ૯૭૭ | ૧૭૬૪.૪૮ |

પત્રક

સાબરકાંઠા જિલ્લો

| તાલુકા | પ્લાન રસ્તા | | | | | | નોન પ્લાન રસ્તા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | રાજ્ય | | પંચાયત | | કુલ | | રાજ્ય | | પંચાયત | | કુલ | |
| | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) | સંખ્યા | લંબાઈ (કિ.મિ.) |
| હિંમતનગર | ૪૮ | ૨૪૬.૪૨ | ૧૦૧ | ૨૭૭.૩૦ | ૧૪૯ | ૫૨૩.૭૨ | ૦ | ૦.૦૦ | ૧૪૧ | ૨૩૫.૫૨ | ૧૪૧ | ૨૩૫.૫૨ |
| પ્રાંતિજ | ૨૨ | ૧૦૯.૫૩ | ૪૧ | ૧૩૮.૩૧ | ૬૩ | ૨૪૭.૮૪ | ૦ | ૦.૦૦ | ૬૭ | ૧૩૩.૭૩ | ૬૭ | ૧૩૩.૭૩ |
| તલોદ | ૪૦ | ૨૦૧.૮૬ | ૫૮ | ૧૫૦.૧૬ | ૯૮ | ૩૫૨.૦૨ | ૦ | ૦.૦૦ | ૬૬ | ૧૩૫.૨૭ | ૬૬ | ૧૩૫.૨૭ |
| ઈડર | ૫૬ | ૨૫૦.૪૬ | ૮૬ | ૩૧૮.૬૦ | ૧૪૨ | ૫૬૯.૦૬ | ૦ | ૦.૦૦ | ૧૦૪ | ૨૪૨.૧૨ | ૧૦૪ | ૨૪૨.૧૨ |
| વડાલી | ૧૫ | ૫૮.૭૨ | ૩૧ | ૮૪.૩૮ | ૪૬ | ૧૪૩.૧૦ | ૦ | ૦.૦૦ | ૪૧ | ૯૦.૧૯ | ૪૧ | ૯૦.૧૯ |
| ખેડબ્રહ્મા | ૧૮ | ૧૫૦.૧૭ | ૫૭ | ૧૭૭.૦૮ | ૭૫ | ૩૨૭.૨૫ | ૦ | ૦.૦૦ | ૮૬ | ૧૮૦.૫૫ | ૮૬ | ૧૮૦.૫૫ |
| પોશીના | ૦ | ૦.૦૦ | ૫૫ | ૨૦૫.૧૨ | ૫૫ | ૨૦૫.૧૨ | ૦ | ૦.૦૦ | ૫૮ | ૧૧૨.૮૮ | ૫૮ | ૧૧૨.૮૮ |
| વિજયનગર | ૬ | ૩૯.૩૨ | ૫૮ | ૧૬૪.૨૫ | ૬૪ | ૨૦૩.૫૭ | ૦ | ૦.૦૦ | ૧૨૨ | ૧૩૪.૮૦ | ૧૨૨ | ૧૩૪.૮૦ |
| કુલ | ૨૦૫ | ૧૦૫૬.૪૮ | ૪૮૭ | ૧૫૧૫.૨૦ | ૬૯૨ | ૨૫૭૧.૬૮ | ૦ | ૦.૦૦ | ૬૮૫ | ૧૨૬૫.૦૬ | ૬૮૫ | ૧૨૬૫.૦૬ |

### રાજ્યની પર્વતારોહણ સંસ્થાઓમાં બાળકો/યુવાનો માટે કોર્ષોનું આયોજન

* ૨૨૫૧૧ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યના પવર્તારોહણ સંસ્થાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળકો/યુવાનો (સાહસિકો) માટે કયા કોર્ષોનું આયોજન રાજ્યના પવર્તારોહણ કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ વર્ષવાર સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) રાજ્યની માઉન્ટઆબુ પવર્તારોહણ તાલીમ સંસ્થા તેમજ રાજ્ય પવર્તારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે નીચે મુજબના કોર્ષોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧ | ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ |
| ૨ | ૧૪ થી ૪૫ વર્ષના બાળકો/યુવાનો માટે બેઝિક રોક કલાઈમ્બીંગ કોર્ષ |
| ૩ | ૧૫ થી ૪૫ વર્ષના બાળકો/યુવાનો માટે એડવાન્સ કોર્ષ |
| ૪ | ૧૭ થી ૪૫ વર્ષના યુવાનો માટે કોચિંગ રોક કલાઈમ્બીંગ કોર્ષ |

(૨) ૨૦૧૪માં રૂ. ૫,૮૭,૨૬૫/– અને
૨૦૧૫માં રૂ. ૬,૯૮,૨૮૨/–

### તળાજા તાલુકાના મેથળા–મધુવન ઝાંઝમેર રોડનું રીસરફેસીંગ

* ૨૨૧૩૫ શ્રી શિવાભાઇ ગોહીલ (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના મેથાળા

**જવાબ**

(૧) હા, જી.

મધુવન ઝાંઝમેર રોડમાં રીસરફેસીંગ કરવાનું કામ રાજ્ય સરકાર દ્વારા મંજુર કરેલ છે કે કેમ,

(૨) કઈ યોજનામાં કેટલી રકમનું મંજુર કરવામાં આવ્યું છે, અને

(૩) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે?

(૨) જે માર્ગો સાત વર્ષથી સમતલ કરવામાં આવેલ નથી તેવા મુખ્ય જિલ્લા માર્ગો /અન્ય જિલ્લા માર્ગોને ફરીથી સમતલ કરવાની યોજના હેઠળ રૂ.૧૫૦.૦૦ લાખ મંજુર કરવામાં આવેલ છે.

(૩) નકશા અંદાજ તબક્કે.

## રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર મેડિકલ કોલેજો

* ૨૨૫૩૦ શ્રી ભુષણ ભટ્ટ (જમાલપુર ખાડિયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વ–નિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૫ સ્વ–નિર્ભર મેડિકલ કોલેજો કાર્યરત છે, |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨ નવી સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોની મંજૂરી આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્વ–નિર્ભર મેડિકલ કોલેજોમાં સ્નાતક કક્ષાએ ૩૦૦ સીટોનો વધારો થયેલ છે. |

## તવડીથી રાજપીપળા અનુભાગને ચારમાર્ગીય કરવા બાબત

* ૨૨૫૫૪ શ્રી ઈશ્વરસિંહ પટેલ (અંકલેશ્વર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લાનાં રાજપીપળા–અંકલેશ્વર રોડનાં તવડીથી રાજપીપળા અનુભાગને ચાર માર્ગીય કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, | (૧) અને (૨) હાજી, રૂ. ૯૭.૭૭ કરોડ. |
| (૨) જો હા, તો આ કામ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર માંગેલ છે? |

## વલસાડ તાલુકના વાઘલધરા વાસણ ખાપરવાડા રોડનું રીસરફેસીંગ

* ૨૨૧૨૪ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાનાં વલસાડ તાલુકાના વાઘલધરા વાસણ ખાપરવાડા રસ્તાને રીસરફેસ કરવા માટે વર્ષ ૨૦૧૫–૧૬માં મંજુર કરેલ છે કે કેમ, | (૧) અને (૨) હાજી, તા. ૦૭–૦૮–૨૦૧૫ થી રૂ. ૨૪૬ લાખ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે અને કેટલી રકમથી મંજુર કરેલ, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

## પંચમહાલ જિલ્લામાં બાળસખા યોજનાના લાભાર્થીઓ

* ૨૨૫૩૬ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં બાળસખા યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, અને | (૧) ૭૦૫૧. |
| (૨) તેના પાછળ કેટલો ખર્ચ ખચેલ છે? | (૨) રૂ. ૧,૨૨,૪૩,૦૩૦/– |

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## અતારાંકિત પ્રશ્નો

### ઉમરગામ તાલુકાના ખતલવાડા તંબુ રોડ પર પુલ બનાવવા બાબત

* ૨૨૧૧૪ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ખતલવાડા તંબુ રોડ નાનો પુલ બનાવવા માટે વર્ષ ૨૦૧૫–૧૬ દરમિયાન સરકાર દ્વારા કોઇ આયોજન કરવામાં આવેલ છે કે કેમ? | (૧) અને (૨) હા, જી. તા. ૧૯–૦૯–૨૦૧૫ થી રૂ. ૨૦૦ લાખ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો આ કામ માટે ક્યારે અને કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) વર્ક ઓર્ડર તબક્કે. |

### તરસાલી–ધનીયાવી–કારવણ રોડ પર પુલ/સ્લેબ ડ્રેઇનનું આયોજન

* ૨૨૧૧૬ શ્રી જીતેન્દ્ર સુખડીઆ (સયાજીગંજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વડોદરા તાલુકામાં તરસાલી ધનીયાવી કારવણ રોડ પર વર્ષ ૨૦૧૫–૧૬ માં પુલ કે સ્લેબ ડ્રેઇન બનાવવા કોઇ આયોજન છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. પુલ માટે રૂ. ૪૦૦ લાખ અને સ્લેબડ્રેઇન માટે રૂ઼ા. ૧૦૦ લાખ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો સદર કામ માટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) પુલના નકશા અંદાજો ચકાસણી હેઠળ, સ્લેબ ડ્રેઇનના નકશા અંદાજો મંજુર થયેલ છે. |

### માંગરોળ તાલુકામાં ઇશનપુર વડ કેવડીકુંડથી અમરકુઇ રોડનું રીસરફેસીંગ

* ૨૨૧૧૫ શ્રી રણજીતભાઇ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાનાં માંગરોળ તાલુકામાં ઇશનપુર વડ કેવડીકુંડ ટુ અમરકુઇ રોડ વર્ષ ૨૦૧૫–૧૬ માં પેવરથી રીસરફેસ કરવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) અને (૨) હા, જી. રૂ઼ા. ૩૦૦ લાખ મંજુર કરેલ છે. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમ મંજૂર કરેલ છે, અને | |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

### વાંકાનેર તાલુકાના મેસરીયા–અદેપર–સતાપર રોડને પહોળો કરવા બાબત

* ૨૨૧૨૧ શ્રી કાંતિલાલ અમૃતિયા (મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લાનાં વાંકાનેર તાલુકાના હાઇવેથી મેસરીયા–અદેપર–સતાપર રોડને પહોળો કરવાનું રાજ્ય સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ માટે કેટલી રકમનું તથા ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૨) રૂ. ૫૨૫.૦૦ લાખ તા. ૩૦–૦૫–૨૦૧૫ |
| (૩) આ કામ તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડરની પ્રક્રિયામાં |

### મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓમાં શૌચાલયની સુવિધા

* ૨૧૨૭૫ શ્રી પ્રહલાદભાઇ પટેલ (વિજાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓમાં શૌચાલયોની | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર શૌચાલયોની સુવિધાઓ નથી તેની વિગત |

સુવિધાઓ નથી, અને

નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યાન્વિત આંગણવાડી કેંદ્રોની સંખ્યા | શૌચાલય સુવિધા નહી ધરાવતા આં.વાડી કેંદ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કડી | ૧૫૪ | ૨ |
| ૨ | ખેરાલુ | ૧૨૮ | ૦ |
| ૩ | મહેસાણા | ૨૩૧ | ૦ |
| ૪ | વિસનગર | ૧૭૯ | ૦ |
| ૫ | જોટાણા | ૧૮૫ | ૮ |
| ૬ | વડનગર | ૧૬૪ | ૦ |
| ૭ | વિજાપુર | ૧૮૬ | ૩ |
| ૮ | સતલાસણા | ૯૮ | ૨ |
| ૯ | ઉંઝા | ૧૭૦ | ૦ |
| ૧૦ | બેચરાજી | ૧૧૭ | ૦ |
| ૧૧ | વાલમ | ૬૭ | ૦ |
| ૧૨ | નંદાસણ | ૧૩૦ | ૦ |
| ૧૩ | કુકરવાડા | ૧૦૧ | ૬ |

(૨) આ સુવિધાઓ સત્વરે પુરી પાડવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) આ અંગે સરકારશ્રી દ્વારા જિલ્લા પંચાયત મહેસાણાને ગ્રાન્ટ ફાળવેલ છે.

## રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર ડેન્ટલ કોલેજો

* ૨૨૫૪૩ શ્રી જયંતિભાઈ રાઠવા (જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી, અને

(૩) સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્નાતક કક્ષાએ કેટલી સીટોનો વધારો થયો?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ૧૧ સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજો કાર્યરત છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવી સ્વ–નિર્ભર ડેન્ટલ કોલેજોની મંજૂરી આપવામાં આવી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બગોદરા–તારાપુર–વડોદરા રસ્તાનું કામ શરૂ કરવા બાબત

* ૨૧૦૯૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બગોદરા–તારાપુર–વડોદરા રસ્તાનું કામ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જો સદરહુ રોડનું કામ બંધ હોય તો તેના કારણો શા છે અને કેટલા સમયમાં આ કામ શરૂ કરવામાં આવશે?

જવાબ

(૧) અને (૨) બી.ઓ.ટી. હેઠળ કન્સેશનર મારફતે આ કામગીરી હાલ પ્રગતિમાં છે. પરંતુ કામની પ્રગતિ સંતોષકારક ન હોવાથી કરારની જોગવાઈ અનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે. આ કામ શક્ય તેટલું વહેલું પૂર્ણ કરાવવા સરકાર પ્રયત્નશીલ છે.

## ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મંજૂર મહેકમ

* ૨૨૮૭૦ શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં આવેલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર શહેરમાં આવેલ હોસ્પિટલમાં સામેલ *પરિશિષ્ટના કોલમ–૩માં દર્શાવ્યા મુજબ કુલ–૭૦૬નું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર સામેલ *પરિશિષ્ટના કોલમ–૪માં દર્શાવ્યા મુજબની ૫૬૮ જગ્યાઓ ભરેલી અને કોલમ–૫માં દર્શાવ્યા મુજબની ૧૩૮ જગ્યાઓ ખાલી છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સામેલ *પરિશિષ્ટના

## અતારાંકિત પ્રશ્નો

બે વર્ષથી વધુ સમયથી કઈ જગ્યાઓ ખાલી છે?

કોલમ–૬માં દર્શાવ્યા મુજબની કુલ ૧૨૩ જગ્યાઓ બે વર્ષથી વધુ સમયથી ખાલી છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### ખેડા જિલ્લામાં ૫૦૦થી વધારે વસ્તી ધરાવતા ગામોને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૨૨૬૬૧ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના મહુધા અને નડિયાદ તાલુકા પેટા પરા તથા ૫૦૦થી વધારે વસ્તી ધરાવતા ગામોને પાકા ડામર સપાટીથી જોડવાની કામગીરી તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) તે તમામ રસ્તાઓને ડામર સપાટીથી જોડવાની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) અને (૨) મહુધા અને નડિયાદ તાલુકાના ૫૦૦થી વધુ વસ્તી ધરાવતા તમામ ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે. પેટા પરા માટે તાંત્રિક જરૂરીયાત અને આંતરીક અગ્રતાઅનુસાર વિચારવામાં આવે છે.

### રાજકોટ જીલ્લામાં પ્રાથમિક અને સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યાઓ

* ૨૨૦૭૬ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી રહેલ જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ રાજકોટ જીલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામુહીક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ક્યારથી ખાલી | સામુહીક આરોગ્ય કેન્દ્રો | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|
| લોધીકા | ૦ | – | ૨ | તા. ૨–૪–૦૪<br>તા. ૮–૫–૧૫ |
| પડધરી | ૦ | – | ૧ | તા. ૨૦–૨–૧૩ |
| ધોરાજી | ૦ | – | ૧ | તા. ૨૮–૨–૮૯ |
| ઉપલેટા | ૦ | – | ૨ | તા. ૨૭–૩–૮૯<br>તા. ૩૧–૮–૧૩ |
| ગોંડલ | ૧ | તા. ૯–૮–૧૦ | ૩ | તા. ૧–૮–૦૪<br>તા. ૫–૬–૧૧<br>તા. ૨૨–૪–૧૫ |
| કોટડા સાંગાણી | ૦ | – | ૧ | તા. ૧૫–૬–૧૫ |
| જસદણ | ૧ | તા.૧૫–૫–૧૫ | ૪ | તા.૧૨–૧૧–૮૪<br>તા. ૨૪–૯–૦૮<br>તા.૩૦–૯–૦૮<br>તા.૩૦–૩–૧૫ |
| વિછીંયા | ૧ | તા.૧૨–૪–૧૫ | ૨ | તા. ૧–૮–૦૪<br>તા. ૪–૧–૧૪ |
| જેતપુર | ૦ | – | ૨ | તા. ૫–૯–૯૫<br>તા. ૧૯–૩–૧૨ |
| જામકંડોરણા | ૦ | – | ૧ | તા.૨૬–૬–૮૭ |
| રાજકોટ | ૦ | – | ૦ | – |
| કુલ | ૩ | | ૧૯ | |

(૨) સામુહીક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૧ અને તબીબી અધિકારી વર્ગ–૨ની જગાઓ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ–૨ની જગ્યાઓ ભરવા વોક–ઈન–ઈન્ટરવ્યુ દ્વારા ભરવાનું આયોજન કરવામાં આવે છે જેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી નિમણુંક આપી આ જગ્યાઓ ભરવામાં આવે છે.

### પાલનપુર ખાતે મેડિકલ કોલેજ શરૂ કરવા બાબત

* ૨૨૫૦૩ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૫–૧૬ના વર્ષના બજેટમાં પાલનપુર

**જવાબ**

(૧) ભારત સરકારશ્રીની જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ

ખાતે મેડિકલ કોલેજ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે,

કરીને નવી મડિકલ કોલેજો સ્થાપવાની યોજના મુજબ તેમજ મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના રેગ્યુલેશન અંતર્ગત સને ૨૦૧૫–૧૬ના વર્ષના બજેટમાં જિલ્લા હોસ્પિટલ પાલનપુરને પ્રથમ તબક્કે અપગ્રેડ કરી ૩૦૦ પથારીઓની સુવિધા ઉપલબ્ધ કરાવવાની જોગવાઈ કરવામાં આવી છે.

(૨) જો હા, તો આ કોલેજ શરૂ કરવાની કાર્યવાહી તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કાર્યવાહી પૂર્ણ કરી કયાં સુધીમાં મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દેવભુમિ દ્વારકા જિલ્લામાં સીવીલ હોસ્પીટલને એન.એ.બી.એલ./એન.એ.બી.એચ.એક્રેડીટેશન મેળવવા બાબત

* ૨૨૯૦૬ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભુમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ કઈ સીવીલ હોસ્પીટલ તથા સામુહિક આરોગ્ય કેન્દ્ર (સી.એચ.સી.) ના એન.બી.એચ. / એન.એ.બી.એલ./એક્રેડીટેશન મેળવવાના બાકી છે, અને | (૧) દેશમાં આરોગ્ય સંસ્થાઓમાં રાષ્ટ્રીય માપદંડ એન.એ.બી.એચ./એન.એ.બી.એલ. પ્રમાણેની સેવાઓ અનિવાર્ય નથી તેમ છતાં પણ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાતે દેશમાં પ્રથમવાર રાજ્યની આરોગ્ય સંસ્થાઓમાં રાષ્ટ્રીય માપદંડ એન.એ.બી.એચ./ એન.એ.બી.એલ. મુજબ ગુણવત્તા સભર સેવાઓ પુરી પાડવા તબક્કવાર કામગીરી હાથ ધરેલ છે. |
| (૨) તે કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરી પૂર્ણ કરવામાં આવનાર છે? | (૨) કાર્યવાહી ચાલુ છે. |

જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં ડૉકટરો/ટેકનીકલ સ્ટાફની ભરતી

* ૨૨૭૧૭ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં ટેકનીકલ સ્ટાફ અને ડૉકટરોના અભાવે તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ હોસ્પીટલના મશીનો ઓપરેટ થતા નથી કે બંધ રહે છે તે હકીકત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો કયા પ્રકારના કેટલા મશીનો કેટલા સમયથી બંધ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) દર્દીઓને સારવાર સમયસર મળી રહે તે માટે ઉક્ત મશીનો ચાલુ થાય તે માટે સરકાર ક્યાં સુધીમાં ટેકનીકલ સ્ટાફ અને ડૉકટરોની ભરતી કરશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

બામણબોર–બગોદરા ખાતે ટોલટેક્સ ઉઘરાવવાની શરૂઆત

* ૨૨૦૬૭ શ્રી ઈન્દ્રનીલભાઈ રાજ્યગુરુ (રાજકોટ પૂર્વ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ બામણબોર અને બગોદરા ખાતે રાજ્ય સરકાર દ્વારા ટોલટેક્સ ઉઘરાવવાની શરૂઆત કયા વર્ષથી કરવામાં આવી હતી, અને | (૧) તા. ૧૫–૦૭–૨૦૦૩ થી |
| (૨) આ રોડ કેટલી રકમના ખર્ચે તૈયાર થયેલ અને ટોલટેક્સ કયા વર્ષથી બંધ કરવામાં આવશે? | (૨) કુલ ખર્ચ રૂા. ૩૬૯.૦૦ કરોડ. આ રસ્તો રાષ્ટ્રીય ધોરીમાર્ગ હોવાથી કેન્દ્ર સરકારની ટોલ નીતિ મુજબ નિર્ણય લેવાશે. |

પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગામડાઓને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૨૧૦૫૯ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના દ્વારા પાકા ડામર | (૧) શૂન્ય. |

રસ્તાથી ના જોડાયેલા ૫૦૦ કરતા વધારે વસ્તીવાળા ગામોની સંખ્યા કેટલી છે, અને

(૨) આ ગામોને ડામરના રસ્તાથી જોડવા માટે કોરનેટ વર્કમાં સમાવેશ કરાવવા સરકારે શા પગલાં લીધાં?

(૨) તમામ ગામોનો કોરનેટ વર્કમાં સમાવેશ કરેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### માડવા–વારોલી–અંભેટી રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૨૩૫૮ શ્રી જીતુભાઈ ચૌધરી (કપરાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના માડવા–વારોલી–કોઠાર બાજવડ–કાકડકોપર અંભેટી રસ્તો ૩.૭૫ મીટરમાંથી ૭ મીટર કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ?

જવાબ

(૧) અને (૨) : હાલ કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ગરબાડા ખાતે વિશ્રામગૃહ બનાવવા બાબત

* ૨૦૫૨૭ શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જીલ્લાના ગરબાડા ખાતે એક પણ વિશ્રામગૃહ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો વિશ્રામગૃહ બનાવવાનું સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) માર્ગ અને મકાન વિભાગનું વિશ્રામગૃહ આવેલ નથી.

(૨) વિશ્રામગૃહની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા તાલુકા મથકે તબક્કાવાર નવિન વિશ્રામગૃહ બનાવવાની કાર્યવાહી જમીનની ઉપલબ્ધિ, બજેટ જોગવાઈને ધ્યાને લઈ ભવિષ્યમાં વિચારણા કરવામાં આવશે.

### આણંદ અને વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ

* ૨૨૩૭૪ શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત તાલુકાવાર કેટલા લાભાર્થીઓ પાત્રતા ધરાવે છે અને કેટલાને કાર્ડ આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ સદર યોજનાના મોનીટરીંગ માટે જિલ્લા કક્ષાએ કોઈ કમીટી અસ્તિત્વમાં છે કે કેમ, અને

(૩) જો હા, તો કોની અધ્યક્ષતામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મીટીંગ કરવામાં આવી અને શું કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧)

| આણંદ | | વડોદરા | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | કાર્ડ આપેલ લાભાર્થી કુટુંબો | તાલુકાનું નામ | કાર્ડ આપેલ લાભાર્થી કુટુંબો |
| આણંદ | ૯,૧૭૭ | ડભોઈ | ૯,૫૦૪ |
| આંકલાવ | ૮,૨૪૭ | કરજણ | ૬,૯૧૬ |
| બોરસદ | ૧૭,૩૫૮ | પાદરા | ૧૧,૬૪૦ |
| ખંભાત | ૧૦,૫૯૬ | સાવલી | ૧૬,૩૫૬ |
| પેટલાદ | ૧૦,૦૪૬ | શિનોર | ૩,૫૨૩ |
| સોજીત્રા | ૩,૭૦૧ | વડોદરા | ૩૧,૦૭૪ |
| તારાપુર | ૪,૫૦૯ | વાઘોડીયા | ૬,૬૨૨ |
| ઉમરેઠ | ૬,૧૮૦ | – | – |
| કુલ | ૬૯,૮૧૪ | કુલ | ૮૫,૬૩૫ |

(૨) (૧) જિલ્લા તકરાર નિવારણ કમિટી
(૨) સ્ટીયરીંગ કમિટી

(૩) ★ જિલ્લા તકરાર નિવારણ કમિટીના આણંદ જિલ્લામાં, કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં કુલ–૪ (ચાર) મીટીંગ કરવામાં આવી અને વડોદરા જિલ્લામાં, જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કુલ–૨ (બે) મીટીંગ કરવામાં આવી.

★ સ્ટીયરીંગ કમિટીની ઉક્ત બંને જિલ્લામાં, જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રીની અધ્યક્ષતામાં મીટીંગ કરવામાં આવી.

જેમાં આણંદ જિલ્લામાં કુલ–૩ (ત્રણ) અને વડોદરા જિલ્લામાં કુલ–૪ (ચાર) મીટીંગ કરવામાં આવી.

★ ઉક્ત બન્ને કમિટીની મીટીંગમાં પ્રોગ્રામના અમલીકરણનો રીવ્યુ અને નોંધાયેલ તકરારનું નિવારણ કરવામાં આવ્યું.

## જુનાગઢ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજના હેઠળ કાર્ડ

* ૨૨૯૨૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં 'મુખ્યમંત્રી અમૃતમ યોજના' હેઠળ તા. ૩૧–ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બી.પી.એલ. પરિવારોને યોજનાના કાર્ડ અપાયા છે, | (૧) ૪૧૯. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા બી.પી.એલ. પરિવારોને કાર્ડ આપવાના બાકી છે અને તે ક્યાં સુધીમાં આપવામાં આવનાર છે, અને | (૨) પાત્રતા ધરાવતા તમામ લાભાર્થીને કાર્ડ આપવામાં આવેલ છે. આમ, કોઈ લાભાર્થીને કાર્ડ આપવાના બાકી નથી. |
| (૩) તેની જવાબદારી કોને સોંપાઈ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## આણંદ જિલ્લામાં પ્લાન, નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત

* ૨૧૮૩૦ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્લાન અને નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવામાં આવ્યા, | (૧) પરિશિષ્ટ – ૧ મુજબ |
| (૨) કેટલા જોબ નંબર આપવામાં આવ્યા અને તેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ રીકાર્પેટીંગ માટે ૧૫૧ જોબ નંબર આપ્યા. જે પૈકી પ્રથમ કામ તા. ૨૮–૦૨–૨૦૧૪ના શરૂ થયુ. |
| (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાના કામો અધુરા કે બાકી છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ? | (૩) ઉક્ત સ્થિતિએ પ્રગતિમાં /હવે શરૂ થનાર કામોની વિગત પરિશિષ્ટ–૨ મુજબ તથા તે કામો નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

### પરિશિષ્ટ–૧

| તાલુકા | રીકાર્પેટ થયેલ રસ્તાની સંખ્યા | | | |
|---|---|---|---|---|
| | પ્લાન રસ્તાઓ | | નોન પ્લાન રસ્તાઓ | |
| | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ | વર્ષ ૨૦૧૪–૧૫ | વર્ષ ૨૦૧૫–૧૬ |
| આણંદ | ૬ | ૬ | ૧ | ૦ |
| ઉમરેઠ | ૪ | ૪ | ૧ | ૦ |
| આંકલાવ | ૮ | ૩ | ૦ | ૦ |
| બોરસદ | ૧૧ | ૧૯ | ૦ | ૧ |
| પેટલાદ | ૭ | ૭ | ૦ | ૦ |
| સોજીત્રા | ૨ | ૧ | ૦ | ૦ |
| તારાપુર | ૩ | ૦ | ૧ | ૦ |
| ખંભાત | ૨૪ | ૮ | ૦ | ૦ |

### પરિશિષ્ટ–૨

| તાલુકો | પ્રગતિ | હવે શરૂ થનાર |
|---|---|---|
| આણંદ | ૪ | ૧૨ |
| ઉમરેઠ | ૨ | ૭ |
| આંકલાવ | ૦ | ૧૨ |

| | | |
|---|---|---|
| બોરસદ | ૫ | ૧૪ |
| પેટલાદ | ૯ | ૧૨ |
| સોજીત્રા | ૨ | ૩ |
| તારાપુર | ૫ | ૧ |
| ખંભાત | ૧૪ | ૧૯ |

જામનગર–ભાવનગર અને ભુજની લેબોરેટરીઓને બી.એસ.એલ.થ્રી લેવલની બનાવવા બાબત

* ૨૦૪૮૧ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જામનગર–ભાવનગર અને ભૂજ ખાતે સ્વાઈન ફ્લ્યુના રોગ પરીક્ષણ માટે બનાવેલ લેબોરેટરી આંતર રાષ્ટ્રીય ધારા ધોરણના સ્તરની નથી તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો આ લેબોરેટરીને બી.એસ.એલ.–૩ લેવલની વિકસાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર શહેર અને જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૨૨૭૩૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) જામનગર શહેર અને જીલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૧) જામનગર શહેર અને જીલ્લામાં તાલુકાવાર અને બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૪૧૬ | ૫૭૦ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૭૫ | ૭૮ |
| ૩ | ધ્રોલ | ૩૫ | ૪૮ |
| ૪ | જોડીયા | ૨૩ | ૯ |
| ૫ | કાલાવડ | ૩૪ | ૩૫ |
| ૬ | લાલપુર | ૪૫ | ૩૮ |
| ૭ | જામજોધપુર | ૫૮ | ૬૨ |

(૨) તે પૈકી શહેર અને તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને કેટલી અરજીઓ કયા કારણોસર નામંજુર કરી, અને

(૨) જામનગર શહેર અને જીલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર અને નામંજુર કરવામાં આવી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | | વર્ષ–૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| ૧ | જામનગર (શહેર) | ૨૮૩ | ૮૭ | ૩૩૧ | ૧૫૮ |
| ૨ | જામનગર (ગ્રામ્ય) | ૬૩ | ૧૨ | ૬૩ | ૭ |
| ૩ | ધ્રોલ | ૧૮ | ૧૭ | ૧૦ | ૩૪ |
| ૪ | જોડીયા | ૧૧ | ૯ | ૪ | ૨ |
| ૫ | કાલાવડ | ૨૯ | ૫ | ૧૯ | ૧ |
| ૬ | લાલપુર | ૩૨ | ૧૩ | ૨૫ | ૯ |
| ૭ | જામજોધપુર | ૪૩ | ૧૫ | ૪૨ | ૯ |

અરજીઓ મુખ્યત્વે નીચે મુજબના કારણોસર નામંજૂર કરી

(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી

(૨) અરજી સાથે પુરાવા રજૂ કરેલ ન હોવાથી

(૩) વાર્ષિક આવક વધુ હોવાથી

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ ૧૭૫ અરજીઓ પડતર છે અને તેનો નિકાલ ત્વરીત કરવામાં આવશે.

પંચમહાલ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૨૦૫૪ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે અને, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૫૫૦૭ અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૨૪૦૨ છે. |
| (૨) આ બાળકોને કુપોષણ મુક્ત કરવા માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.<br>• ૬ માસથી ૩ વર્ષના નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.<br>• ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.<br>• આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્બારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્બારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.<br>• ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.<br>• દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.<br>• મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્બારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્બારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.<br>• વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.<br>• પંચમહાલ :- પુષ્ટી યોજના હેઠળ સગર્ભા અને ધાત્રી માતાને પોષ્ટીક લાડુ ૬.૫ માસ માટે ટ્રાયબલ યોજના હેઠળ આપવામાં આવે છે. |

કા.રા.વિ.યો. હોસ્પિટલ, નરોડા ખાતે નવી મેડીકલ કોલેજ સ્થાપવા માટે કેન્દ્ર સરકારને દરખાસ્ત

* ૨૧૧૬૩ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફેફસાના રોગોની કા.રા.વિ.યો. હોસ્પિટલ, નરોડા અમદાવાદ ખાતે નવી મેડીકલ કોલેજની સ્થાપના કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિ ેએ છેલ્લા બે વર્ષમાં ક્યારે શી દરખાસ્ત કરી, અને | (૧) કોઈ દરખાસ્ત કરેલ નથી. |
| (૨) તે અન્વયે સરકારને કયારે શા પ્રતિભાવ મળ્યા? | (૨) તા. ૪-૧૨-૨૦૧૪ના રોજ ૧૬૩ મી કામદાર |

રાજ્ય વિમા નિગમની મળેલ મીટીંગમાં કામદાર રાજ્ય વીમા નિગમે કોઈપણ નવી મેડીકલ કોલેજ શરૂ ન કરવાનો નિર્ણય લીધેલ છે.

## અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૨૦૯૫ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે અને, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લીમાં ઓછા વજનવાળા કુલ ૫૦૬૦ અને અતિ ઓછા વજનવાળા કુલ ૪૩૦ બાળકોની સંખ્યા છે. |
| (૨) ઉકત બાળકોને કુપોષણ મુક્ત કરવા માટે કયા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) બાળકોમાં કુપોષણથી મુક્ત કરવા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.<br>• ૬ માસથી ૩ વર્ષના નિદર્શક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.<br>• ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.<br>• આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.<br>• ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.<br>• મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.<br>• ન્યુટ્રીશન કાઉન્સીલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.<br>• વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણસ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.<br>• મોડાસા અને ભિલોડા તાલુકામાં ઓછા વજનવાળા બાળકો માટે બાલ અમુલ કાર્યક્રમ હાલમાં ચાલે છે. |

## બાલાશિનોર–કપડવંજ અને વિરપુર તાલુકામાં રસ્તાઓના પેવર કામ

* ૨૦૫૬૧ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બાલાશિનોર–કપડવંજ અને વિરપુર તાલુકામાં સાત વર્ષ જુના ડામર થયેલા | (૧) અને (૨) : ૭૫ રસ્તાઓ, તે પૈકી તાંત્રિક જરૂરીયાત વાળા ૧૫ રસ્તાઓને રીસરફેસ કરવા રૂ.૨૯૯૨ લાખની |

રસ્તાઓ કેટલા છે, અને

(૨) આ રસ્તાઓની હાલત અત્યંત બિસ્માર હોઈ ડામર પેવર કામ સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે ?

મંજૂરી આપેલ છે જે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી હાથ ધરવામાં આવશે. અન્ય રસ્તાઓને વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓનું રીકારપેટીંગ

* ૨૦૬૨૮ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ છે,

(૨) તે અન્વયે સાત વર્ષ ઉપરના જે રસ્તાઓ છે તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાઓ રીકારપેટ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના રસ્તાઓને ક્યાં સુધીમાં રીકારપેટ કરવામાં આવશે ?

જવાબ

(૧), (૨) અને (૩) : મા.મ. રાજ્ય વિભાગ હસ્તક ૮૩ રસ્તા, અને મા.મ. પંચાયત વિભાગ હસ્તક ૨૮૨ રસ્તાઓ છે. જે રસ્તાઓને સાત વર્ષથી રીસરફેસીંગ કરેલ નથી તે પૈકી તાંત્રિક જરૂરીયાત વાળા ૨૫ રસ્તાઓને રીકારપેટ કરવામાં આવેલ છે અન્ય રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ કરવા બાબત

* ૨૧૩૫૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧ ડીસેમ્બર–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના જોડીયા તાલુકા મથકે તથા મોરબી જિલ્લાના આમરણ ખાતેની ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ ૨૪ કલાક માટે ઉપલબ્ધ કરાવાય નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો, હા તો આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા હાથ ધરી છે ?

જવાબ

(૧) ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા રાજ્યના તમામ જિલ્લા/તાલુકા/શહેર અને ગામોમાં રાત દિવસ મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવે છે. જે તે વિસ્તારની ઈમરજન્સી કેસોની સરેરાશ, વિસ્તારની વસ્તી, વિસ્તારની આસપાસ કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સની સંખ્યા વગેરે બાબતો ધ્યાને લઈ ૧૦૮ ની એમ્બ્યુલન્સનું લોકેશન નક્કી કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં રમતગમત સંકુલોની સુવિધા

* ૨૨૪૭૬ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ક્યા તાલુકામાં રમત–ગમત સંકુલ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતાં સંકુલોની સુવિધા છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવી ?

જવાબ

(૧) પાલનપુર તાલુકામાં રમતગમત સંકુલની સુવિધા છે, જ્યારે જિલ્લામાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતાં સંકુલોની સુવિધા નથી.

(૨) રૂ.૨૨.૯૦ લાખની ગ્રાન્ટ સ્પોર્ટસ સંકુલ માટે ફાળવેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૧૯૧૯ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉકત બાળકોને કુપોષણ મુકત કરવા માટે ક્યાં પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૦,૫૯૬ અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા ૧૨૪૩ છે.

(૨) બાળકોમાં કુપોષણથી મુકિત મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંણગવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને ટેક હોમ રેશન (ઊઇછ) તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત ટેક હોમ રેશન (ઊઇછ) તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (ગઈટ) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

બનાસકાંઠા –

- કુપોષીત બાળકોને જિલ્લાના સંકલન અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ દ્વારા દત્તક લેવામાં આવે છે અને તેની વિશેષ કાળજી લેવામાં આવે છે.
- અંબાજી દેવસ્થાનામાં આવતા કોપરામાંથી અંબાજી ખાતે કોપરાપાક સખી મંડળ/મીશન મંગલમના સહયોગથી દાંતા તાલુકાની ૨૮૫ આંગણવાડી કેન્દ્રમાં વિતરણ કરવામાં આવે છે.

## છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ રજીસ્ટર્ડ થયેલ હોસ્પિટલો

* ૨૦૫૮૪ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય સુરક્ષા વિમા યોજના હેઠળ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં કઈ હોસ્પિટલ રજીસ્ટર્ડ થયેલ છે, | (૧) છોટા ઉદેપુર જિલ્લો: *પત્રક–અ મુજબ. વડોદારા જિલ્લો: *પત્રક–બ મુજબ. |
| (૨) તે અન્વયે ખાનગી અને સરકારી હોસ્પિટલો કેટલી છે, અને | (૨) ૧૧ ખાનગી હોસ્પિટલો / ૬૯ ખાનગી હોસ્પિટલો; ૦૯ સરકારી હોસ્પિટલો / ૨૦ સરકારી હોસ્પિટલો |

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ કઈ હોસ્પિટલને કેટલી રકમ ચૂકવાઈ છે ? (૩) *પત્રક–ક મુજબ *પત્રક–ડ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## ખેડા જિલ્લામાં આવેલ પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૧૨૦૪ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | સા.આ. કેન્દ્રો | પ્રા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | ગલતેશ્વર | ૦૦ | ૦૩ |
| ૨ | કપડવંજ | ૦૧ | ૦૬ |
| ૩ | કઠલાલ | ૦૧ | ૦૬ |
| ૪ | ખેડા | ૦૧ | ૦૩ |
| ૫ | મહુધા | ૦૧ | ૦૫ |
| ૬ | માતર | ૦૧ | ૦૩ |
| ૭ | મહેમદાવાદ | ૦૨ | ૦૬ |
| ૮ | નડીયાદ | ૦૨ | ૦૬ |
| ૯ | ઠાસરા | ૦૨ | ૦૫ |
| ૧૦ | વસો | ૦૦ | ૦૪ |
| | કુલ | ૧૧ | ૪૭ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા નવા આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાત છે અને નવા આરોગ્ય કેન્દ્રો બનાવવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) તાલુકાવાર સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાતની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | સા.આ. કેન્દ્રો | પ્રા.આ. કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | ગલતેશ્વર | ૦૧ | ૦૧ |
| ૨ | કપડવંજ | ૦૧ | ૦૧ |
| ૩ | કઠલાલ | ૦૧ | ૦૦ |
| ૪ | ખેડા | ૦૦ | ૦૦ |
| ૫ | મહુધા | ૦૦ | ૦૦ |
| ૬ | માતર | ૦૦ | ૦૨ |
| ૭ | મહેમદાવાદ | ૦૦ | ૦૧ |
| ૮ | નડીયાદ | ૦૦ | ૦૧ |
| ૯ | ઠાસરા | ૦૦ | ૦૧ |
| ૧૦ | વસો | ૦૧ | ૦૦ |
| | કુલ | ૦૪ | ૦૭ |

સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૧૨–૧–૨૦૧૬ના ઠરાવથી કપડવંજ તાલુકામાં ૦૧ (એક), કઠલાલ તાલુકામાં ૦૧ (એક) અને નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. ગલતેશ્વર તાલુકામાં ૦૧ (એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રની ઘટ રહે છે જે અંગે આગામી વર્ષોમાં સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા.૧૨–૧–૨૦૧૬ના ઠરાવથી કપડવંજ તાલુકામાં ૦૧ (એક), માતર તાલુકામાં ૦૧ (એક),

મહેમદાવાદ તાલુકામાં ૦૧ (એક) અને ઠાસરા તાલુકામાં ૦૧ (એક) આમ, કુલ ૦૪ (ચાર) નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે. ગલતેશ્વર તાલુકામાં ૦૧ (એક), માતર તાલુકામાં ૦૧ (એક) અને નડીયાદ તાલુકામાં ૦૧ (એક) આમ, કુલ ૦૩ (ત્રણ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ રહે છે જે અંગે આગામી વર્ષોમાં સર્વગ્રાહી વિચારણા કરી નિર્ણય કરવામાં આવશે.

## ભૂજ મેડિકલ કોલેજમાં વર્ગ–૧ ની મંજૂર જગ્યાઓ

* ૨૨૪૧૭ શ્રી શકિતસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભૂજની મેડિકલ કોલેજ ખાતે તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ગ–૧ ની મંજૂર જગ્યાઓ કેટલી છે, અને

(૨) આ પૈકી તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ ખાલી જગ્યાઓ કેટલી છે ?

જવાબ

(૧) અને (૨) : ભૂજની મેડિકલ કોલેજ ખાતે તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સરકારી મહેકમ મંજૂર થયેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ધરમપુર તાલુકામાં કાર્યરત નર્સીંગ કોર્ષ

* ૨૧૯૪૭ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધમરપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં સરકાર દ્વારા નર્સીંગ કોર્ષ ક્યારથી કાર્યરત છે?

જવાબ

તા.૧–૯–૨૦૧૫ થી નર્સીંગ કોર્ષ કાર્યરત છે.

## બનાસકાંઠા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત

* ૨૨૮૬૧ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાત છે, અને

જવાબ

(૧) તાલુકાવાર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જરૂરીયાની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૦૦ |
| ૨ | ભાભર | ૦૨ |
| ૩ | દાંતા | ૦૧ |
| ૪ | દાંતીવાડા | ૦૨ |
| ૫ | ડીસા | ૦૧ |
| ૬ | દિયોદર | ૦૦ |
| ૭ | ધાનેરા | ૦૩ |
| ૮ | કાંકરેજ | ૦૪ |
| ૯ | લાખણી | ૦૧ |
| ૧૦ | પાલનપુર | ૦૦ |
| ૧૧ | સુઈગામ | ૦૨ |
| ૧૨ | થરાદ | ૦૩ |
| ૧૩ | વડગામ | ૦૧ |
| ૧૪ | વાવ | ૦૨ |
| | કુલ | ૨૨ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત થયા ?

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાર્યરત થયેલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨ | દાંતા | ૦૧ |
| ૩ | દાંતીવાડા | ૦૧ |
| ૪ | પાલનપુર | ૦૧ |
| ૫ | સુઈગામ | ૦૧ |
| | કુલ | ૦૬ |

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી. માં મંજૂર મહેકમ

* ૨૨૪૪૯ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ મુજબ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ આ ખાલી રહેલ જગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમની વિગતો અનુક્રમે *પત્રક–અ અને *પત્રક–બ તથા અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમની વિગતો અનુક્રમે *પત્રક–ક અને *પત્રક–ડ માં દર્શાવ્યા મુજબની છે.

(૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રો/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ–૧ અને વર્ગ–૨ ની ખાલી જગ્યાઓ ભરવાના દર અઠવાડીયે વોક ઈન ઈન્ટરવ્યુનું આયોજન કરી ખાલી જગ્યાઓ પર નિમણૂંક આપવામાં આવે છે. જ્યારે પેરામેડીકલ, વર્ગ–૩ ની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવે છે.

વર્ગ–૩ અને ડ્રાયવર, વર્ગ–૩ ની જગ્યાઓ પંચાયત સંવર્ગની હોઈ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈ ભરવાની કાર્યવાહી સમયાન્તરે કરવામાં આવે છે. ડ્રાયવર, વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ પર જરૂરીયાત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

મોરબી જિલ્લામાં અતિથિગૃહની સુવિધા

* ૨૨૭૨૩ શ્રી મહમદજાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લાના ક્યા તાલુકામાં સરકારનું ગેસ્ટ હાઉસ કે અતિથિગૃહ નથી અને તેના કારણો શા છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત તાલુકામાં આ સુવિધા ઉપલબ્ધ કરવાનું સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨) : મોરબી જિલ્લાના વાંકાનેર અને માળીયા (મીંયાણા) તાલુકામાં માર્ગ અને મકાન વિભાગનું ગેસ્ટહાઉસ કે અતિથિગૃહ નથી.

વિશ્રામગૃહની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા તાલુકા મથકે તબક્કાવાર નવિન વિશ્રામગૃહ બનાવવાની કાર્યવાહી જમીનની ઉપલબ્ધિ, બજેટ જોગવાઈને ધ્યાને લઈ ભવિષ્યમાં વિચારણા કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં આઈ.સી.ડી.એસ. માં મંજૂર મહેકમ

* ૨૨૮૮૮ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર આઈ.સી.ડી.એસ. માં સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

જવાબ

(૧) ગાંધીનગર

| અ.નં. | જગ્યાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ યોજના અધિકારી | ૨ | ૨ | ૦ | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | આંકડા મદદનીશ | ૨ | ૦ | ૨ | જુન-૧૫ |
| ૩ | સીની.કલાર્ક | ૧ | ૧ | ૦ | - |
| ૪ | મુખ્ય સેવિકા | ૧૧ | ૯ | ૨ | માર્ચ-૧૫ |
| ૫ | જુ.કલાર્ક | ૩ | ૧ | ૨ | એપ્રિલ-૧૩ |
| ૬ | આસી.જુ.કલાર્ક | ૧ | ૦ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૭ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૮ | ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | જાન્યુ-૧૨ |
| ૯ | પટાવાળા | ૩ | ૧ | ૨ | માર્ચ-૧૨ |

દહેગામ

| અ.નં. | જગ્યાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ યોજના અધિકારી | ૨ | ૨ | ૦ | - |
| ૨ | આંકડા મદદનીશ | ૨ | ૦ | ૨ | જુન-૧૪<br>જુન-૧૫ |
| ૩ | સીની.કલાર્ક | ૦ | ૦ | ૦ | - |
| ૪ | મુખ્ય સેવિકા | ૧૨ | ૧૦ | ૨ | જુન-૧૪<br>જુલાઈ-૧૫ |
| ૫ | જુ.કલાર્ક | ૩ | ૨ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૬ | આસી.જુ.કલાર્ક | ૦ | ૦ | ૦ | - |
| ૭ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૮ | ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૯ | પટાવાળા | ૩ | ૨ | ૧ | માર્ચ-૧૨ |

કલોલ

| અ.નં. | જગ્યાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ યોજના અધિકારી | ૧ | ૧ | ૦ | - |
| ૨ | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ | |
| ૩ | સીની.કલાર્ક | ૧ | ૧ | ૦ | - |
| ૪ | મુખ્ય સેવિકા | ૧૫ | ૧૪ | ૧ | ૨૦૧૪ |
| ૫ | જુ.કલાર્ક | ૩ | ૨ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૬ | આસી.જુ.કલાર્ક | ૦ | ૦ | ૦ | |
| ૭ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| ૮ | ડ્રાઈવર | ૧ | ૦ | ૧ | એપ્રિલ-૧૩ |
| ૯ | પટાવાળા | ૨ | ૧ | ૧ | માર્ચ-૧૨ |

માણસા

| અ.નં. | જગ્યાનું નામ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ વિકાસ યોજના અધિકારી | ૧ | ૧ | ૦ | - |
| ૨ | આંકડા મદદનીશ | ૧ | ૧ | ૦ | |
| ૩ | સીની.કલાર્ક | ૦ | ૦ | ૦ | |
| ૪ | મુખ્ય સેવિકા | ૬ | ૬ | ૦ | |
| ૫ | જુ.કલાર્ક | ૨ | ૧ | ૧ | ફેબ્રુઆરી-૧૬ |
| ૬ | આસી.જુ.કલાર્ક | ૦ | ૦ | ૦ | |
| ૭ | કલાર્ક કમ ટાઈપીસ્ટ | ૦ | ૦ | ૦ | |
| ૮ | ડ્રાઈવર | ૦ | ૦ | ૦ | |
| ૯ | પટાવાળા | ૧ | ૦ | ૧ | માર્ચ-૧૨ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી ભરી શકાશે.

## અતારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજૂર રસ્તાઓ

* ૨૧૯૬૫ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે વર્ષવાર તે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા અને કેટલા કામ અધુરા છે અને તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧), (૨) અને (૩) : તાલુકા મથકોએથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવાની યોજના વર્ષ ૨૦૦૬ થી શરૂ કરવામાં આવેલ તે અન્વયે વર્ષ ૨૦૦૫–૦૬ થી ૨૦૦૬–૦૭ દરમ્યાન દાહોદ જિલ્લાના લાભ આપવા પાત્ર થતા બધાજ તાલુકા મથકોએ આ યોજનાનો લાભ આપી કામો પૂર્ણ કરેલ હોઈ, મંજૂરી આપેલ નથી.

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓ મંજૂર કરવાની માંગણીઓ

* ૨૨૪૩૧ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોન પ્લાન રસ્તાઓના કેટલા જોબ નંબર આપવામાં આવ્યા,

(૨) રસ્તાઓ મંજૂર કરવા માટે કેટલી માંગણી કે દરખાસ્ત મળી, અને

(૩) તે પૈકી કેટલા રસ્તાઓને જોબનંબર આપવાના બાકી છે ?

જવાબ

(૧) કુલ ૨૯૮

(૨) કુલ–૫૩૩ રસ્તાની ૧૬૪ માંગણીઓ આવેલ છે.

(૩) ૪૩૧ રસ્તાઓના.

અમરેલી શહેરના રસ્તાઓને માર્ગ અને મકાન વિભાગને સોંપવા બાબત

* ૨૧૬૬૪ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા. ૩૧–જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ અમરેલી નગરપાલિકા દ્વારા અમરેલી શહેરમાંથી પસાર થતા કયા રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગને સોંપવા માટેની માંગણી કે દરખાસ્ત સરકારને ક્યારે મળેલ છે, અને

(૨) આ અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) જેશીંગ પરાથી જગુપુલ અને ચિત્તલ રોડથી ઠેબી ડેમના પાળા પાસેથી જીવાપરા સોમનાથ મંદિર રસ્તાઓ માર્ગ અને મકાન વિભાગને સોંપવા દરખાસ્ત તા. ૨૭–૧૧–૨૦૧૪નાં કાર્યપાલક ઇજનેરશ્રી (મા.મ.) રાજ્ય વિભાગ, અમરેલીને મળેલ છે.

(૨) કાર્યપાલક ઇજનેરશ્રી (મા.મ.) રાજ્ય વિભાગ, અમરેલી દ્વારા તા. ૨૦–૨–૨૦૧૫ ના પત્રથી નગરપાલિકાને પુર્તતા અર્થે પરત કરેલ છે.

મહેસાણા જિલ્લામાં મંજુર થયેલ સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ

* ૨૨૪૭૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.—

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મંજુર થયેલ પંચાયત અને સ્ટેટ હસ્તકના તાલુકાવાર કેટલા રસ્તાઓ છે, અને

જવાબ

(૧)

| તાલુકાવાર રસ્તાની વિગતો | |
|---|---|
| તાલુકો | મંજુર થયેલ કામો |
| મહેસાણા | ૧૩૨ |
| વિસનગર | ૭૪ |
| બેચરાજી | ૩૮ |
| કડી | ૮૦ |
| વડનગર | ૫૫ |
| વિજાપુર | ૪૬ |
| ખેરાલુ | ૨૪ |
| સતલાસણા | ૨૦ |
| ઉંઝા | ૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ આ રસ્તાઓની કામગીરી કયા તબક્કે છે અને કેટલા સમયમાં આ કામ પૂર્ણ થશે ?

(૨) ૧૯૩ પૂર્ણ, ૯૮ પ્રગતિમાં, ૨૦૫ ટેન્ડર પ્રક્રિયા હેઠળ, ૬ ડી.ટી.પી. સ્તરે, ૨ વર્ક ઓર્ડર સ્તરે તથા ૧૦ રદ કરવાપાત્ર છે. કામગીરી બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

### કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રની મરામત

* ૨૨૪૦૩ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનની મરામત પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રના કયા વિભાગોની મરામત કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ મકાન ખૂબ જ જીર્ણ હાલતમાં છે તેને નવું બનાવવા સરકાર શું પગલાં ભરવા માંગે છે ?

જવાબ

(૧) કલોલ સામુહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ નગરપાલિકા હસ્તક હતું. તા. ૩–૩–૨૦૧૫ના ઠરાવથી સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજુર કરવામાં આવેલ છે અને તા. ૩૦–૩–૨૦૧૫થી આરોગ્ય વિભાગને સોંપવામાં આવેલ છે. તેથી તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનની મરામત પાછળ છેલ્લા બે વર્ષમાં કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

(૨) કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રના નવીન બાંધકામ માટે કુલ રૂ. ૩૫૫.૦૦ લાખની વર્ષ ૨૦૧૫–૧૬ નાબાર્ડ પ્રોગ્રામ હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે.

### ખેડા જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત પેટાપરાઓ

* ૨૧૨૩૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ખેડા અને મહેમદાવાદ તાલુકાના કેટલા પેટાપરા પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આ પેટાપરા કયા છે અને આ પેટાપરાને પાકા રસ્તા આપવા માટેનું શું આયોજન છે ?

જવાબ

(૧) ખેડા – ૨
મહેમદાવાદ – ૫૨ (બાવન)

(૨) *પરિશિષ્ટ–૧ મુજબ અને તાંત્રિક અગ્રતા મુજબ વિચારણામાં લેવામાં આવશે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### ભિલોડા અને મેઘરજ તાલુકામાં કિશોરી શક્તિ યોજનાનો અમલ

* ૨૨૪૨૫ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં કિશોરી શક્તિ યોજના કેટલા સમયથી ચાલે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ યોજના હેઠળ પુરક પોષણમાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા અને કેટલા લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી, અને

જવાબ

(૧) વર્ષ – ૨૦૦૭થી

(૨) પુરક પોષણમાં તાલુકાવાર નીચે મુજબના લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા અને લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી.

મેઘરજ

- પુરક પોષણના લાભાર્થી

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૮૯૫૫ |
| ૨૦૧૪–૧૫ | ૪૮૮૮૭ |

- કિશોરી તાલીમના લાભાર્થી

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૬૬૦ |
| ૨૦૧૪–૧૫ | ૭૭૦ |

ભિલોડા

- પુરક પોષણના લાભાર્થી

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૩૩૧૨ |
| ૨૦૧૪-૧૫ | ૧૧૮૧૨ |

- કિશોરી તાલીમના લાભાર્થી

| વર્ષ | લાભાર્થી |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૦ |
| ૨૦૧૪-૧૫ | ૦ |

(૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) મેઘરજ

- પુરક પોષણના લાભાર્થીનો ખર્ચ

| વર્ષ | ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૦,૨૮,૦૫,૫૦૦/- |
| ૨૦૧૪-૧૫ | ૧૦,૨૬,૬૨,૭૦૦/- |

- કિશોરી તાલીમના લાભાર્થીનો ખર્ચ

| વર્ષ | ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૫,૭૪૦ |
| ૨૦૧૪-૧૫ | ૨૫,૭૪૦ |

ભિલોડા

- પુરક પોષણના લાભાર્થીનો ખર્ચ

| વર્ષ | ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨,૭૯,૫૫,૨૦૦/- |
| ૨૦૧૪-૧૫ | ૨,૪૮,૦૫,૨૦૦/- |

- કિશોરી તાલીમના લાભાર્થીનો ખર્ચ

| વર્ષ | ખર્ચ રૂ. |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૦ |
| ૨૦૧૪-૧૫ | ૦ |

## અમદાવાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૧૦૯૬ શ્રી કરમશીભાઇ પટેલ (સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૧૪૯૮ આંગણવાડીઓ કાર્યરત છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | દશક્રોઇ | ૨૮૬ |
| ૨ | ધોળકા | ૨૭૬ |
| ૩ | બાવળા | ૧૭૩ |
| ૪ | સાણંદ | ૨૦૪ |
| ૫ | વિરમગામ | ૧૮૫ |
| ૬ | માંડલ | ૯૮ |
| ૭ | દેત્રોજ | ૧૧૭ |
| ૮ | ધંધુકા | ૧૫૯ |
| | કુલ | ૧૪૯૮ |

(૨) ઉક્ત સ્થિતિએ આ આંગણવાડીઓમાં મુખ્યત્વે

(૨) ઉક્ત સ્થિતિએ આ આંગણવાડીઓમાં મુખ્યત્વે

ક્યા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે, અને

વિજળી, પાણી, શૌચાલય અને અનાજ ભરવાનાં પીપ વગેરે પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી નવી આંગણવાડીઓ શરૂ કરવામાં આવી?

(૩) ભારત સરકારે ૮૬૬ આંગણવાડીઓ કેન્દ્રો મંજુર કરીને મોકલતાં અત્રેથી તા. ૩૦-૧૧-૨૦૧૫ થી અમદાવાદ જિલ્લા માટે ૬૯ આંગણવાડી કેન્દ્રો ફાળવેલ હોય જિલ્લા દ્વારા આ નવી મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રોને કાર્યરત કરવાની કામગીરી પ્રગતિમાં છે.

## અમદાવાદ શહેરમાં સ્પોર્ટસ સંકુલોની સંખ્યા

* ૨૨૮૭૧ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં સ્પોર્ટસ સંકુલો અને રમત-ગમતના મેદાનો તથા સ્ટેડીયમો કેટલા છે,

(૧) અમદાવાદ શહેરમાં રાજ્ય સરકાર હસ્તકનું ખોખરા ખાતે રમત-ગમતના મેદાન સહિતનું એક સ્પોર્ટસ સંકુલ આવેલ છે તથા નરોડા ખાતે રમત સંકુલના નિર્માણ માટે ૧૫ એકર ૩૨ ગુંઠા (૬૨૦૦૧ ચો.મી.) જમીન ફાળવેલ છે.

(૨) ઉપરોક્ત સ્થિતિએ ઉક્ત સ્પોર્ટસ સંકુલો અને રમત-ગમતના મેદાનો તથા સ્ટેડીયમો અમદાવાદ શહેરની વસ્તીના પ્રમાણમાં પૂરતા છે કે કેમ, અને

(૨) વસ્તીના પ્રામાણમાં રમત-ગમતનું મેદાન/સુકંલ/સ્ટેડીયમની સુવિધા આપવાની કોઇ યોજના નથી.

(૩) જો ના, તો સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે શું કાર્યવાહી કરી?

(૩) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

## વિંછીયા તાલુકામાં 'મુખ્યમંત્રી અમૃતમ' યોજનાથી વંચિત ગામો

* ૨૨૦૭૭ શ્રી ભોળાભાઇ ગોહેલ (જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના સમઢીયાળા-ગૌરૈયા-નાના માત્રા અને ઓરી ગામના અરજદારોને મુખ્યમંત્રી અમૃતમ યોજનાના કાર્ડ માટેની સુવિધા વેબ સાઇટના ડેટા ટ્રાન્સફર ન થવાના કારણે વિંછીયા તાલુકામાંથી મળતી નથી તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો સરકાર વિંછીયા તાલુકામાં આ સુવિધા ક્યારે ઉપલબ્ધ કરાવવા માંગે છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને દવા પુરી પાડવા બાબત

* ૨૨૫૦૪ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) પાલનપુર ખાતેની સીવીલ હોસ્પિટલમાં દર્દીઓને તા. ૩૧ ડીસેમ્બર-૨૦૧૫ની સ્થિતિએ બહારથી દવાઓ લખી આપવામાં આવી રહે છે તે ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૧) હાજી.
ખાસ સંજોગોમાં બહારથી દવાઓ લખી આપવામાં આવે છે. પરંતુ કોઇ ફરિયાદ મળેલ નથી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ દર્દીઓને હોસ્પિટલમાંથી દવા પુરી પાડવા શી વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતએ સિવિલ હોસ્પીટલ પાલનપુર ખાતે ૩૧૮ પ્રકારની દવાઓ હોસ્પીટલમાં ઉપલબ્ધ હતી. હોસ્પીટલમાં ઉપલબ્ધ બધીજ દવાઓ મફત આપવામાં આવે છે.
સગર્ભા માતાઓ, બાળકો, છ્જ્જઇઢ કાર્ડધારકો તમામને જરૂરીયાત મુજબની દવાઓ બહારથી ખરીદીને પણ વિનામૂલ્યે પુરી પાડવામાં આવે છે.
ઇમરજન્સીમાં અને ગંભીર પ્રકારની બિમારીમાં જો દર્દી ગરીબ સ્થિતિમાં હોય, તો છ્ઊંજ ફંડમાંથી દવાઓ ખરીદીને આપવામાં આવે છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટ્રોમા સેન્ટર સ્થાપવા બાબત

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૨૨૯૦૭ શ્રી મેરામણભાઇ આહિર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કઇ હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો કાર્યરત છે, | (૧) કોઇ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર કાર્યરત નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ જિલ્લાની કઇ હોસ્પિટલોમાં ટ્રોમા સન્ટર સ્થાપવાના બાકી છે, અને | (૨) હાલ કોઇ આયોજન નથી. |
| (૩) આ કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૨૧૦૬૦ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે બાળકોને કુપોષણથી મુક્ત મળે તે માટે ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાટણ | ૧૩૪૭૯૩ | ૧૪૩૭૧ |
| ૨ | બનાસકાંઠા | ૧૦૫૯૬ | ૧૨૪૩ |

(૨) બાળકોમાં કુપોષણથી મુક્તિ મળે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના નિર્દશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- બનાસકાંઠા જિલ્લામાં દુધ સંજીવની યોજના અંતર્ગત ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ ફ્લેવર્ડ દુધ આપવામાં આવેલ છે. કુલ ૧૪૦ અ કુપોષિત બાળકોમાંથી ૬૭ બાળકોને દુધ આપવાથી અપગ્રેડ થયેલ છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવીને આપવામાં આવે છે. આ ઉપરાંત THR તરીકે પ્રિમિક્ષમાં બાલભોગના ૪ પેકેટ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના

વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.

- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.

પાટણઃ–

- પાટણ રેડક્રોસ સોસા. દ્વારા રૂ. ૧ કરોડ ના ફંડ માંથી ૧ વર્ષથી પોષણ યુક્ત કીટ જેવીકે ગોળ, ચણા,ખજુર, તલ, ચીકી, સુખડી, શીંગ દાણાની પોષણ યુક્ત કીટ આપવામાં આવે છે.
- તા. ૩૦–૧–૨૦૧૬ના રોજ કલેકટરશ્રી પાટણ ના અધ્યક્ષ સ્થાને રેડક્રોસ સોસાયટી ના ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રી અને તમામ ડૉ.શ્રીઓ મુ. જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સી.ડી.પી.ઓ શ્રીઓ ની બેઠકયોજી આઇ.સી.ડી.એસના બાળકોને કુપોષણ મુક્ત કરવા માટે ચિંતન કરી એકશન પ્લાન કરવાનુ ં આયોજન કરેલ.
- સમી/શંખેશ્વર ઘટકમાં ૧૦૫ કિલો આમળા, ૫૦ કિલો ગોળ ૧૫૦ કિલો દાડમ, ૪૫ કિલો ગાજર, તેમજ ૨૬મી જાન્યુઆરી ના દિવસે તેલના ડબ્બા, ચણા, ચણાની દાળનું વિતરણ કરવામાં આવ્યું.
- દાડમ, ગાજર અને રેડ ક્રોસની કિટ કાર્યકર દ્વારા બાળકને રૂબરૂ ખવડાવીને વજન વધારવાના પ્રયત્નો થાય છે. આ ઉપરાંત
- હારીજ તાલુકામાં આંગણવાડી ના બાળકો ને ૯૦ કિવન્ટલ ઘઉં, ૬૦ તેલ ના ડબ્બા અને ગોળ મેળવી તેમાંથી કુપોષિત બાળકો ને સુખડી બનાવી આપવામાં આવે છે દર માસના પ્રથમ અને ત્રીજા મંગળવારે ચાઇલ્ડ કલીનીકમા બીમાર તેમજ M/5 ના બાળકોનો હેલ્થ ચેક–અપ તેમજ રાહતદરે દવા વિતરણ કરવામાં આવે છે.

બનાસકાંઠાઃ–

- કુપોષીત બાળકોને જિલ્લાના સંકલન અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ દ્વારા દત્તક લેવામાં આવે છે અને તેની વિશેષ કાળજી લેવામાં આવે છે.
- ભગવાનના ભાગ તરીકે દુધ ડેરી તરફથી આંગણવાડીમાં બાળકોને દુધ આપવામાં આવે છે.
- દાંતા અને અમીરગઢ તાલુકામાં દૂધ સંજીવની યોજના હેઠળ ૩ થી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં બે દિવસ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે.
- અંબાજી દેવસ્થાનમાં આવતા કોપરામાંથી અંબાજી ખાતે કોપરાપાક સખી મંડળ/મીશન મંગલમના સહયોગથી દાંતા તાલુકાની ૨૮૫ આંગણવાડી કેન્દ્રમાં વિતરણ કરવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં સીકલ સેલ રોગની ચકાસણી

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૨૨૩૫૯ શ્રી જીતુભાઇ ચૌધરી (કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર સીકલ સેલ રોગની ચકાસણી કરવા માટે સરકારે ક્યાં અને ક્યારે તપાસ કરી, અને

(૨) તે અન્વયે આ રોગ અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ રોગની ચકાસણી અંગેની માહિતી આ સાથે સામેલ પત્રક મુજબ છે.

(૧) *પત્રક–૧ (વર્ષ ૨૦૧૪)

(૨) *પત્રક–૨ (વર્ષ ૨૦૧૫)

(૨) આ રોગને અટકાવવા માટે નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

સીકલસેલ માટેની તપાસ વિના મુલ્યે કરવામાં આવે છે.

સીકલસેલના દર્દીઓને નિયમિત રીતે ફોલિક એસિડની ગોળીઓ આપવામાં આવે છે.

સીકલસેલના દર્દીઓને નિયમિત રીતે કાઉન્સેલર દ્વારા સમપરામર્શ ની સુવિધા પુરી પાડવામાં આવે છે.

જરૂરીયાતના સમયે સીકલસેલના દર્દીઓને વિના મુલ્યે લોહીની સુવિધા પુરી પાડવામાં આવે છે.

જરૂરીયાતવાળા સમયે સીકલસેલના દર્દીઓને વિના મુલ્યે હાઇડ્રોક્સીયુરીયા દવા  આપવામાં આવે છે.

સીકલસેલના દર્દીઓને વિના મુલ્યે ન્યુમોકોકલ વેકસીન આપવામાં આવે છે.

જોખમી દંપતી (પતિ–પત્ની બંને સીકલસેલ ધરાવનાર)ને ગર્ભ પરીક્ષણ (ડચિ ગફર્ફિંહ ઉશફલક્ષજ્ઞતશત) ની સગવડ વિના મુલ્યે આપવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

દાહોદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૦૫૨૮ શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા (ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

(૨) આ આંગણવાડીઓમાં ગેસ કનેકશનો વગરની કેટલી આંગણવાડીઓ છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓ કાર્યરત છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર થયેલ અને કાર્યરત આંગણવાડીઓ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૫૬૭ |
| ૨ | ગરબાડા | ૨૮૫ |
| ૩ | ઝાલોદ | ૬૬૧ |
| ૪ | લીમખેડા | ૫૩૦ |
| ૫ | દે. બારીયા | ૩૭૬ |
| ૬ | ધાનપુરા | ૨૫૬ |
| ૭ | ફતેપુર | ૨૮૫ |

(૨) એક પણ નહીં.

આણંદ અને વડોદરા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં મંજૂર મહેકમ

* ૨૨૩૮૧ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી  જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલી સરકારી હોસ્પિટલો કાર્યરત છે,

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ આંણદ જિલ્લામાં ૦૧ અને વડોદરા જિલ્લામાં ૦૪ સરકારી હોસ્પિટલો કાર્યરત છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨)

| સંવર્ગ | આણંદ | વડોદરા | | | |
|---|---|---|---|---|---|
| | જ.હો. પેટલાદ | જ.હો. વડોદરા | મા.આ.હો. વડોદરા | આઇ.ડી.હો. વડોદરા | એસ.એસ.જી હોસ્પિટલ વડોદરા |
| વર્ગ–૧ | ૧૪ | ૧૬ | ૦૪ | ૦૨ | ૦૯ |
| વર્ગ–૨ | ૦૮ | ૧૭ | ૦૨ | ૦૩ | ૨૩ |
| વર્ગ–૩ | ૫૫ | ૮૪ | ૧૩૦ | ૨૨ | ૮૨૦ |
| વર્ગ–૪ | ૩૬ | ૫૦ | ૪૩ | ૨૨ | ૫૮૬ |

વિગતવાર *પત્રક ૧ થી ૫ સામેલ છે.

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩)

| સંવર્ગ | આણંદ | વડોદરા | | | |
|---|---|---|---|---|---|
| | જ.હો. પેટલાદ | જ.હો. વડોદરા | મા.આ.હો. વડોદરા | આઇ.ડી.હો. વડોદરા | એસ.એસ.જી હોસ્પિટલ વડોદરા |
| વર્ગ–૧ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૨ |
| વર્ગ–૨ | ૦૩ | ૦૫ | ૦ | ૦ | ૦૬ |
| વર્ગ–૩ | ૧૭ | ૨૪ | ૫૮ | ૦૨ | ૭૦ |
| વર્ગ–૪ | ૧૮ | ૧૫ | ૨૪ | ૦૬ | ૦ |

વિગતવાર *પત્રક ૧ થી ૫ સામેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કઇ સેવાઓ આઉટસોર્સીંગથી લેવામાં આવે છે અને તેની પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ખર્ચ કરવામાં આવી?

(૪) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર વર્ગ–૩ અને વર્ગ–૪ની ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સીંગથી સેવાઓ લેવામાં આવે છે અને તેની પાછળ છેલ્લા બે વર્ષના ખર્ચની વિગત (રૂ. લાખમાં)

| આણંદ | વડોદરા | | | |
|---|---|---|---|---|
| જ.હો. પેટલાદ | જ.હો. વડોદરા | મા.આ.હો. વડોદરા | આઇ.ડી.હો. વડોદરા | એસ.એસ.જી હોસ્પિટલ વડોદરા |
| ૨૪.૪૩ | ૩૭.૨૮ | ૧૯૧.૩૧ | ૫.૦૧ | ૧૪૬૮.૦૪ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા યુઝર્સ ચાર્જની વસુલાત

* ૨૨૯૩૦ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢની સીવીલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ કઇ બાબતે કેટલો યુઝર્સ ચાર્જ વસુલવામાં આવી રહ્યો છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલો યુઝર્સ ચાર્જ રોગી કલ્યાણ સમિતિ દ્વારા વર્ષવાર વસુલાતમાં આવ્યો, અને

(૩) તેનો ઉપયોગ રોગી કલ્યાણ સમિતિ દ્વારા ક્યા હેતુ માટે કરવામાં આવ્યો ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ સીવીલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા કોઇપણ પ્રકારના યુઝર્સ ચાર્જ લેવામાં આવતા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## આણંદ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ મંજુર રસ્તાઓ

* ૨૧૮૩૧ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં વિકાસપથ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા રસ્તાઓ મંજુર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) કેટલા રસ્તાના કામો પૂર્ણ થયા અને કેટલા કામ અધુરા છે તથા તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

જવાબ

(૧) (૨) અને (૩) તાલુકા મથકોએથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવાની યોજના વર્ષ ૨૦૦૬ થી શરૂ કરવામાં આવેલ તે અન્વયે વર્ષ ૨૦૦૫–૦૬ થી ૨૦૧૦–૧૧ દરમ્યાન આણંદ જિલ્લાના લાભ આપવાપાત્ર થતા બધાજ તાલુકા મથકોને આ યોજનાનો લાભ આપી કામો પૂર્ણ કરેલ હોઇ મંજૂરી આપેલ નથી.

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### પંચમહાલ જિલ્લામાં વિધવા સહાય મેળવવાની અરજીઓ

* ૨૨૦૫૫ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે ક્યા કારણોસર નામંજૂર કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર અને બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી.

| અનું. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૨૬૯ | ૩૨૭ |
| ૨ | કાલોલ | ૧૮૯ | ૨૦૭ |
| ૩ | મોરવા | ૮૯ | ૭૮ |
| ૪ | શહેરા | ૧૪૬ | ૨૫૬ |
| ૫ | હાલોલ | ૯૬ | ૪૩૧ |
| ૬ | ઘોઘંબા | ૧૩૨ | ૧૯૬ |
| ૭ | જાંબુઘોડા | ૧૦૭ | ૨૧ |

(૨) પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી

| અનું. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | | વર્ષ–૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | ગોધરા | ૨૫૨ | ૧૭ | ૧૩૦ | ૧ |
| ૨ | કાલોલ | ૧૮૦ | ૯ | ૧૮૩ | ૫ |
| ૩ | મોરવા | ૬૫ | ૨૪ | ૩૦ | ૩ |
| ૪ | શહેરા | ૧૩૮ | ૮ | ૨૨૫ | ૨૧ |
| ૫ | હાલોલ | ૭૧ | ૨૫ | ૩૬૧ | ૬૨ |
| ૬ | ઘોઘંબા | ૧૦૨ | ૩૦ | ૧૬૯ | ૨૧ |
| ૭ | જાંબુઘોડા | ૧૦૩ | ૪ | ૧૯ | ૦ |
| | કુલ | ૯૧૧ | ૧૧૭ | ૧૧૧૭ | ૧૧૫ |

અરજીઓ મુખ્યત્વે નીચે મુજબના કારણોસર નામંજૂર કરી

(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી

(૨) અરજી સાથે પુરાવા રજૂ કરેલ ન હોવાથી,

(૩) ઉક્ત સ્થિતિએ ૨૮૪ અરજીઓ પડતર છે, અને તેનો નિકાલ ત્વરીત કરવામાં આવશે.

### અરવલ્લી જિલ્લામાં વિધવા સહાયની અરજીઓ

* ૨૨૦૯૬ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખ્યત્વે ક્યા કારણોસર નામંજૂર કરી, અને

જવાબ

(૧) અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર અને બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ મળી.

| અનું. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | વર્ષ–૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | બાયડ | ૫૫૪ | ૧૦૨ |
| ૨ | મોડાસા | ૧૧૪ | ૧૨૦ |
| ૩ | મેઘરજ | ૨૨ | ૮૫ |
| ૪ | માલપુર | ૬૧૨ | ૩૪૮ |
| ૫ | ભીલોડા | ૧૩૭ | ૧૧૬ |
| ૬ | ધનસુરા | ૭૩ | ૬૭ |

(૨) અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવી

| અનું. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૪ | | વર્ષ–૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | બાયડ | ૪૧૨ | ૧૪૨ | ૮૬ | ૫ |
| ૨ | મોડાસા | ૧૦૭ | ૭ | ૯૬ | ૧૧ |
| ૩ | મેઘરજ | ૧૫ | ૭ | ૬૯ | ૯ |
| ૪ | માલપુર | ૬૦૫ | ૭ | ૩૪૧ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | ભીલોડા | ૧૩૭ | ૦ | ૧૧૬ | ૦ |
| ૬ | ધનસુરા | ૬૪ | ૪ | ૫૭ | ૪ |
| | કુલ | ૧૩૪૦ | ૧૬૭ | ૭૬૫ | ૩૫ |

અરજીઓ મુખ્યત્વે નીચે મુજબના કારણોસર નામંજૂર કરી
(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી
(૨) અરજી સાથે પુરાવા રજૂ કરેલ ન હોવાથી,
(૩) વાર્ષિક આવક વધુ હોવાથી.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૩) ઉક્ત સ્થિતિએ ૪૩ અરજીઓ પડતર છે, અને તેનો નિકાલ ત્વરીત કરવામાં આવશે.

મહીસાગર જિલ્લામાં આવેલ નોન-પ્લાન રસ્તાઓ

* ૨૦૫૬૩ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસીનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં નોન પ્લાનના કેટલા રસ્તાઓ છે, અને

(૨) તે અનેવયે ઉક્ત સ્થિતિએ બાલાસીનોર અને વિરપુર તાલુકામાં નોન પ્લાનના કેટલા રસ્તાઓ બનાવવાના બાકી છે?

જવાબ

(૧) ૬૭૨ નોન પ્લાન રસ્તા છે.

(૨) ૪૬ નોન પ્લાન રસ્તા કાચા છે.

વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ખેલ મહાકુંભમાં થયેલ ખર્ચ

* ૨૦૬૨૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા અને છોટા ઉદેપુર જિલ્લામાં ખેલ મહાકુંભ અન્વયે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) વડોદરા- રૂા. ૧૪,૦૩,૬૬૭-
છોટા ઉદેપુર-રૂા. ૧૩,૯૨,૨૬૯-

(૨) રૂા. ૮,૨૮,૭૬૧-

રાજ્યમાં કાર્યરત નારી અદાલતો

* ૨૨૫૫૩ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના કયા શહેરોમાં નારી અદાલતો કાર્યરત કરવાની બાકી છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે અદાલતો કયાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

જવાબ

(૧) રાજ્યના ૧૧ શહેરોમાં નારી અદાલત કાર્યરત કરવાની બાકી છે.
૧. ધોળકા
૨. ધંધુકા
૩. માતર
૪. ધાનેરા
૫. તાલાલા
૬. વેરાવળ
૭. સુત્રાપાડા
૮. હળવદ
૯. માળીયા-મિયાણા
૧૦. માણાવદર
૧૧. વિસાવદર

(૨) બનતી ત્વરાએ

બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાય મેળવવાની અરજીઓ

* ૨૧૯૨૦ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય મેળવવા માટેની તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર અને બે વર્ષમાં

વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

નીચે મુજબ અરજીઓ મળી.

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૪ | વર્ષ-૨૦૧૫ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૪૬૦ | ૨૮૩ |
| ૨ | વડગામ | ૧૫૦ | ૧૨૯ |
| ૩ | ડીસા | ૨૦૫ | ૧૮૮ |
| ૪ | કાંકરેજ | ૨૦૨ | ૧૯૯ |
| ૫ | ધાનેરા | ૧૬૯ | ૫૨ |
| ૬ | દાંતીવાડા | ૬૪ | ૩૯ |
| ૭ | સૂઈગામ | ૧૫ | ૨૩ |
| ૮ | ભાભર | ૧૨૯ | ૬૭ |
| ૯ | થરાદ | ૧૬૧ | ૧૪૧ |
| ૧૦ | વાવ | ૯૫ | ૪૧ |
| ૧૧ | દાંતા | ૮૭ | ૭૮ |
| ૧૨ | અમીરગઢ | ૬૨ | ૪૮ |
| ૧૩ | દિયોદર | ૮૯ | ૬૫ |
| ૧૪ | લાખણી | ૪૨ | ૩૭ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ મુખયત્વે કયા કારણોસર નામંજુર કરી, અને

(૨) બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મંજુર ના મંજુર કરવામાં આવી,

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ-૨૦૧૪ | | વર્ષ-૨૦૧૫ | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | પાલનપુર | ૩૧૪ | ૬૭ | ૨૨૫ | ૪૬ |
| ૨ | વડગામ | ૧૧૦ | ૪૦ | ૧૦૪ | ૨૫ |
| ૩ | ડીસા | ૧૭૦ | ૩૫ | ૧૫૩ | ૩૫ |
| ૪ | કાંકરેજ | ૧૬૮ | ૩૪ | ૧૭૫ | ૧૫ |
| ૫ | ધાનેરા | ૧૧૦ | ૫૪ | ૨૨ | ૧૯ |
| ૬ | દાંતીવાડા | ૫૨ | ૧૨ | ૩૨ | ૨ |
| ૭ | સૂઈગામ | ૧૫ | ૦ | ૨૨ | ૧ |
| ૮ | ભાભર | ૧૧૬ | ૧૩ | ૫૮ | ૯ |
| ૯ | થરાદ | ૧૫૭ | ૪ | ૧૧૭ | ૧૨ |
| ૧૦ | વાવ | ૮૫ | ૧૦ | ૩૨ | ૨ |
| ૧૧ | દાંતા | ૭૮ | ૯ | ૭૪ | ૪ |
| ૧૨ | અમીરગઢ | ૫૦ | ૧૨ | ૩૯ | ૫ |
| ૧૩ | દિયોદર | ૭૭ | ૧૨ | ૬૩ | ૨ |
| ૧૪ | લાખણી | ૧૯ | ૨૩ | ૨૭ | ૧૦ |
| | કુલ | ૧૫૨૧ | ૩૨૫ | ૧૧૪૩ | ૧૮૭ |

અરજીઓ મુખ્યત્વે નીચે મુજબના કારણોસર નામંજૂર કરી

(૧) પુખ્ત વયનો પુત્ર હોવાથી,
(૨) અરજી સાથે પુરાવા રજૂ કરેલ ન હોવાથી,
(૩) વાર્ષિક આવક વધુ હોવાથી,

(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) ઉકત સ્થિતિએ ૧૪૪ અરજીઓ પડતર છે અને તેનો નિકાલ ત્વરીત કરવામાં આવશે.

## છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત રોગી કલ્યાણ સમિતિ

* ૨૦૫૮૫ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી રોગી કલ્યાણ સમિતિ કાર્યરત છે,

જવાબ

(૧) તાલુકાવાર કાર્યરત રોગી કલ્યાણ સમિતિની માહીતી નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત રોગી કલ્યાણ સમિતિની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૯ |

| | | |
|---|---|---|
| ૨ | જેતપુર પાવી | ૯ |
| ૩ | કવાંટ | ૧૦ |
| ૪ | નસવાડી | ૭ |
| ૫ | સંખેડા | ૫ |
| ૬ | બોડેલી | ૮ |
| | કુલ | ૪૮ |

(૨) તે પૈકી છોટાઉદેપુર–જેતપુર પાવી–બોડેલી તાલુકામાં સી.એચ.સી. અને પી.એચ.સી. વાર ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરાઈ, અને

(૨) સામેલ *પત્રક–અ મુજબ

(૩) આ ગ્રાન્ટમાંથી કેવા પ્રકારના કામો માટે કેટલી રકમ ખર્ચાઈ ?

(૩) સામેલ *પત્રક–બ મુજબ

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ખેડા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૨૧૨૦૫ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની આંગણવાડીઓ કાર્યરત છે.

| ક્રમ | તાલુકો | ખેડા જિલ્લામાં તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | માતર | ૧૬૬ |
| ૨ | ઠાસરા | ૩૨૭ |
| ૩ | મહેમદાવાદ | ૨૫૧ |
| ૪ | નડીયાદ | ૪૩૦ |
| ૫ | કપડવંજ | ૩૧૪ |
| ૬ | કઠલાલ | ૧૮૯ |
| ૭ | મહુવા | ૧૫૯ |
| ૮ | ખેડા | ૧૨૮ |

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી અને તે મકાનો બનાવવા સરકારે શા પગલા લીધા ?

(૨) તે અન્વયે ૪૧૯ આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાન નથી. જે પૈકી હાલમાં ૧૪૨ કેન્દ્રોના બાંધકામ પ્રગતિ હેઠળ છે અને ૪૨ કેન્દ્રોના મકાન બાંધકામની કામગીરી ટેન્ડર હેઠળ છે અને ૨૩૫ આંગણવાડી કેન્દ્રો માટે જમીન ઉપલબ્ધ કરવાની કાર્યવાહી ચાલુ છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વર્ગ–૧ ની મંજૂર જગ્યાઓ બાબત

* ૨૨૪૧૫ શ્રી શક્તિસિંહજી ગોહીલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ગ–૧ ની મંજુર થયેલી જગ્યાઓ કેટલી છે, અને

જવાબ

(૧) અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે તા.૧–૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ગ–૧ ની કુલ–૩૧ જગ્યાઓ મંજુર થયેલ છે.

(૨) આ પૈકી તા. ૧–૨–૨૦૧૬ ની સ્થિતિએ ખાલી જગ્યાઓ કેટલી છે?

(૨) આ પૈકી તા. ૧–૨–૨૦૧૬ ની સ્થિતિએ ૨૫– ખાલી છે. ઉકત ૨૫– ખાલી જગ્યાઓ પૈકી ૧૫ જગ્યાઓ સામે સુપરસ્પેશ્યાલીસ્ટ તજજ્ઞો માનદ સેવાઓ આપે છે.

વલસાડ જિલ્લામાં સરકારી આયુર્વેદ દવાખાનાઓ

* ૨૧૯૪૮ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે, અને

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કુલ કાર્યરત આયુર્વેદ દવાખાનાઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૭ |
| ૨ | કપરાડા | ૨ |
| ૩ | ધરમપુર | ૩ |
| ૪ | ઉમરગામ | ૩ |
| ૫ | પારડી | ૨ |
| | કુલ | ૧૭ |

(૨) તે અન્વયે કેટલા આયુર્વેદ ડોક્ટરોની ઘટ કેટલા સમયથી છે અને કેટલા સમયમાં તે ભરાશે ?

(૨) વલસાડ જિલ્લામાં તા. ૨૩–૦૮–૨૦૧૩થી ૧૫ મેડીકલ ઓફીસર (આયુર્વેદ) વર્ગ–૨ની જગ્યાઓ ખાલી છે.

–મેડીકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ–૨ને એડહોક ધોરણે ઈન્ટરવ્યુ કરી સિલેક્ટ થયેલ કુલ–૨૪૨ ઉમેદવારોને નિમણૂંક આપવાની કાર્યવાહી ગતિમાં છે. તેમજ કુલ–૩૩૬ મેડીકલ ઓફિસર (આયુર્વેદ) વર્ગ–૨ની સીધી ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગને તા. ૧૧–૦૨–૨૦૧૬થી માંગણા પત્રકો મોકલેલ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં રમતગમતના મેદાન

* ૨૨૪૫૦ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય રમત–ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રમતગમતના મેદાન બનાવવા સારૂ સરકાર દ્વારા કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

જવાબ

સાબરકાંઠા જિલ્લામાં રૂા. ૩૦.૪૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે. અરવલ્લી જિલ્લામાં હજુ જમીન ફાળવવામાં આવેલ ન હોઈ કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

દહેગામ તાલુકામાં આઈ.સી.ડી.એસ. હેઠળ કેન્દ્રો ખોલવાની દરખાસ્ત

*૨૨૮૮૯ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લાના દહેગામ તાલુકામાં આઈ.સી.ડી.એસ. ના નવા કેન્દ્રો અને મીની કેન્દ્રો ખોલવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી દરખાસ્તો સરકારને મળી, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૧ મીની આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત સરકારશ્રીને મળેલી છે જેની વિગત નીચે દશાવેલ છે.

| તા. ૩૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | | તા. ૩૧–૧–૨૦૧૫ થી તા. ૩૧–૧–૨૦૧૬ | |
|---|---|---|---|
| નવા કેન્દ્રો | મીની કેન્દ્રો | નવા કેન્દ્રો | મીની કેન્દ્રો |
| ૦ | ૦ | ૦ | ૧૧ |

(૨) તે અન્વયે દહેગામ તાલુકાના કયા ગામોમાં અને પેટા પરાઓમાં ઉક્ત નવા કેન્દ્રો ખોલવામાં આવશે ?

(૨) દહેગામ તાલુકામાં ૪ (ચાર) મીની આંગણવાડીઓ ચાલે છે. જેની ગામવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂરી આપેલ કેન્દ્રો | મંજૂરી આપેલ કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દહેગામ | દેવપુરા | ૧ |
| ૨ | દહેગામ | કોહરાલી (ચતુરપુરા પેટાપરૂ) | ૧ |
| ૩ | દહેગામ | વર્ધાના મુવાડા | ૧ |
| ૪ | દહેગામ | અંગુથલાના | ૧ |

| | | | |
|---|---|---|---|
| | | પેટાપરા જવાનપુરા | |
| | કુલ | -- | ૪ |

દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્લાન-નોન પ્લાન રસ્તાઓનું રીકાર્પેટ

* ૨૧૯૬૬ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જીલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા પ્લાન અને નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવામાં આવ્યા,

(૨) કેટલા જોબ નંબર આપવામાં આવ્યા અને તેની કામગીરી ક્યારે શરૂ કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાના કામો અધુરા કે બાકી છે તથા તે ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) પરિશિષ્ટ-૧ મુજબ.

પરિશિષ્ટ-૧

| તાલુકો | પ્લાન રસ્તાઓ | | નોન પ્લાન રસ્તાઓ | |
|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ | વર્ષ ૨૦૧૪-૧૫ | વર્ષ ૨૦૧૫-૧૬ |
| લીમખેડા | - | ૧૪ | - | - |
| સંજેલી | ૧ | - | - | - |
| ઝાલોદ | ૬ | ૯ | ૧ | - |
| દે.બારીઆ | ૧ | ૧૭ | ૧ | - |
| દાહોદ | ૧ | ૧૦ | - | ૨ |
| ફતેપુરા | ૧ | ૫ | ૧ | - |
| ગરબાડા | ૧ | ૪ | - | - |
| ધાનપુર | ૧ | ૧ | - | - |

(૨) ઉક્ત સ્થિતિએ રીકાર્પેટીંગ માટે ૨૧૧ જોબ નંબર આપ્યા. જે પૈકી પ્રથમ કામ તા. ૨૩-૧-૧૪ના શરૂ કર્યુ.

(૩) ઉક્ત સ્થિતિએ પ્રગતિમાં /હવે શરૂ થનાર કામોની વિગત પરિશિષ્ટ-૨ મુજબ.

પરિશિષ્ટ-૨

| તાલુકો | પ્રગતિ | હવે શરૂ થનાર |
|---|---|---|
| લીમખેડા | ૪ | ૭ |
| સંજેલી | ૦ | ૬ |
| ઝાલોદ | ૫ | ૧૫ |
| દે.બારીઆ | ૧૫ | ૨૬ |
| દાહોદ | ૨ | ૨૪ |
| ફતેપુરા | ૮ | ૮ |
| ગરબાડા | ૪ | ૮ |
| ધાનપુર | ૧ | ૧ |

રાજ્ય મેડીકલ કોલેજોમાં મંજૂર થયેલ બેઠકો

* ૨૨૬૬૨ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી તેમજ સરકારી મેડિકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં કઈ કોલેજોમાં કેટલી બેઠકો મંજૂર થયેલ છે.

(૨) આ પૈકી કેટલી બેઠકો અનામત કક્ષાના

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી તેમજ સરકારી મેડિકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની કોલેજોમાં બેઠકો મંજૂર થયેલ છે.

| વર્ષ | મેડિકલ કોલેજનું નામ | મંજૂર બેઠકો |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ | -- | ૦૦ |
| ૨૦૧૫-૧૬ | જીએમઇઆરએસ મેડિકલ કોલેજ, જુનાગઢ | ૧૫૦ |
| | જીએમઇઆરએસ મેડિકલ કોલેજ, હિંમતનગર | ૧૫૦ |
| | કુલ | ૩૦૦ |

(૨) સરકારી ક્વોટાની ૨૫૪ બેઠકો પૈકી ૧૨૪ બેઠકો

વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવી અને તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

અનામત રાખવામાં આવી અને તે પૈકી ૧૨૪ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.

(૩) અનામત બેઠકો પૂરેપૂરી ભરવામાં આવી છે કે કેમ અને એ ન ભરવામાં આવી હોય તો તેના કારણો શાં છે ?

(૩) અનામત બેઠકો પુરેપુરી ભરવામાં આવેલ છે.

અમરેલીના રાજ્યના ધોરી માર્ગને રાષ્ટ્રીય ધોરીમાર્ગ તરીકે જાહેર કરવા બાબત

* ૨૧૬૬૫ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–જાન્યુઆરી–૨૦૧૬ની સ્થિતિએ મહુવાથી સાવરકુંડલા–અમરેલી–બગસરા થઈને જેતપુરને જોડતા 'રાજ્ય ધોરીમાર્ગ'ને ક્યારે 'રાષ્ટ્રીય ધોરી માર્ગ' જાહેર કરવામાં આવેલ છે,

(૧) તા. ૧૩–૦૬–૨૦૧૪.

(૨) ઉપરોક્ત 'રાષ્ટ્રીય ધોરી માર્ગ' અમરેલી જીલ્લામાં કયા તાલુકાના મુખ્યત્વે કયા ગામોમાંથી પસાર થશે,

(૨)

| તાલુકા | મુખ્ય ગામ |
|---|---|
| સાવરકુંડલા | ઓળીયા, ચરખડીયા, સાવરકુંડલા, બાઢડા, લુહારા, ગોરકડા, વીજપડી, હાડીંડા |
| અમરેલી | પણીયા, ગાવડકા, મોટા ગોખરવાડા, લાપાળીયા |
| વડીયા–કુકાવાવ | વડીયા, તોરી |
| બગસરા | પીઠડીયા– હડાળા–બગસરા–જેઠીયાવદર–માંડવડા |

(૩) ઉપરોક્ત'રાષ્ટ્રીય ધોરી માર્ગ'ની અમરેલી જીલ્લામાં લંબાઈ અને પહોળાઈ કેટલી હશે, અને

(૪) ઉપરોક્ત કામમાં અંદાજીત કેટલી રકમનો ખર્ચ થશે અને સુચીત કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) અને (૪) : રાષ્ટ્રીય ધોરીમાર્ગના વિકાસના કામો ભારત સરકાર દ્વારા મંજુર થયેથી લંબાઈ, પહોળાઈ, ખર્ચ અને સમયમર્યાદા નક્કી થશે.

મહેસાણા જિલ્લામાં કોકલીયર ઈમ્પ્લાન્ટની સારવાર

* ૨૨૪૭૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં બાળકોને કોકલીયર ઈમ્પ્લાન્ટની વિનામૂલ્યે સારવાર આપવાની કોઈ વ્યવસ્થા છે કે કેમ, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લાના તાલુકાવાર કેટલા દર્દીઓને તપાસવામાં આવ્યા, અને કેટલા ઓપરેશન કરવામાં આવ્યા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ

* ૨૨૪૦૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧) અને (૨) : ગાંધીનગર જિલ્લામાં કલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર કુલ મંજુર થયેલ મહેકમની વિગત પત્રક માં દર્શાવ્યા મુજબની છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) લાયકાત ધરાવતાં ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

પત્રક

## અતારાંકિત પ્રશ્નો

કલોલ સા.આ.કેન્દ્ર ખાતે મંજુર, ભરેલી અને ખાલી જગ્યાની માહિતી દર્શાવતું પત્રક. તા. ૩૧-૧-૨૦૧૬ની સ્થિતિએ.

| ક્રમ | સંવર્ગનું નામ | સા.આ.કેન્દ્ર, કલોલ, તા. કલોલ | | |
|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી |
| ૧ | અધિક્ષક વર્ગ-૧ | ૧ | ૧ | ૦ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૩ | ૦ |
| ૩ | ડેન્ટલ સર્જન વર્ગ-૨ | ૦ | ૦ | ૦ |
| ૪ | એક્સ રે ટેકનીશીયન વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૫ | લેબોરેટરી ટેકનીશીયન વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૬ | જુનિયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૭ | સીસ્ટર ઈન્ચાર્જ વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૮ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૭ | ૬ | ૧ |
| ૯ | હેડ કલાર્ક વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | એક્સ-રે આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ફીઝીયોથેરાપીસ્ટ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સીનીયર કલાર્ક વર્ગ-૩ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | જુનિયર કલાર્ક વર્ગ-૩ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ડ્રાઈવર વર્ગ-૩ | ૧ | ૧ | ૦ |
| ૧૫ | ડ્રેસર વર્ગ-૪ | ૧ | ૧ | ૦ |
| ૧૬ | પટાવાળા વર્ગ-૪ | ૧ | ૧ | ૦ |
| ૧૭ | વોર્ડ બોય વર્ગ-૪ | ૩ | ૩ | ૦ |
| ૧૮ | ધોબી વર્ગ-૪ | ૦ | ૦ | ૦ |
| ૧૯ | માળી વર્ગ૪ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | આયા વર્ગ-૪ | ૧ | ૧ | ૦ |
| ૨૧ | સ્વીપર વર્ગ-૪ | ૨ | ૨ | ૦ |
| ૨૨ | વોચમેન વર્ગ-૪ | ૧ | ૧ | ૦ |
| ૨૩ | રસોયા વર્ગ-૪ | ૦ | ૦ | ૦ |
| ૨૪ | સ્વીપર (પાર્ટ ટાઇમ) | ૦ | ૦ | ૦ |
| ૨૫ | વોચમેન (પાર્ટ ટાઇમ) | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૨૫ | ૨૧ | ૪ |

### નડીયાદ અને ખેડા સિવિલ હોસ્પિટલમાં મંજુર મહેકમ

* ૨૧૨૩૯ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડીયાદ અને ખેડા સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજુર થયેલ છે,

**જવાબ**

(૧) ખેડા અને નડીયાદ સિવિલ હોસ્પિટલ ખાતે સંવર્ગવાર મહેકમની વિગત

| સંવર્ગ | નડિયાદ | ખેડા | કુલ |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૧૯ | ૨૨ | ૪૧ |
| વર્ગ-૨ | ૨૦ | ૦૮ | ૨૮ |
| વર્ગ-૩ | ૮૨ | ૧૧૯ | ૨૦૧ |
| વર્ગ-૪ | ૪૩ | ૪૩ | ૮૬ |
| કુલ | ૧૬૪ | ૧૯૨ | ૩૫૬ |

*વિગતવાર પત્રક-૧ અને ૨ સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) સંવર્ગવાર ખાલી જગ્યાની વિગત

| સંવર્ગ | નડિયાદ | ખેડા | કુલ |
|---|---|---|---|
| વર્ગ-૧ | ૬ | ૧૧ | ૧૭ |
| વર્ગ-૨ | ૧૦ | ૧ | ૧૧ |
| વર્ગ-૩ | ૨૬ | ૪૦ | ૬૬ |
| વર્ગ-૪ | ૨૮ | ૨૬ | ૫૪ |
| કુલ:- | ૭૦ | ૭૮ | ૧૪૮ |

*વિગતવાર પત્રક-૩ અને ૪ સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે,

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ભિલોડા અને મેઘરજ તાલુકામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન

* ૨૨૪૨૬ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ છે, | (૧) તા. ૩૧–૧–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં તાલુકાવાર નીચે મુજબ આંગણવાડીઓ છે,<br>• ભિલોડા તાલુકામાં – ૪૨૧<br>• મેઘરજ તાલુકામાં – ૨૪૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી આંગણવાડીઓમાં ગેસ કનેક્શન અને ફાયર સેફ્ટીની સુવિધા છે, | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી નીચે મુજબ આંગણવાડીઓમાં ગેસ કનેક્શન અને ફાયર સેફ્ટીની સુવિધા છે,<br>• ભિલોડા તાલુકામાં – ૪૨૧<br>• મેઘરજ તાલુકામાં – ૨૪૪ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ સુવિધા અન્વયે તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૩) ઉક્ત સ્થિતિએ આ સુવિધા અન્વયે તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ગેસ કનેક્શન માટે ખર્ચ કરવામાં આવ્યો.<br>• ભિલોડા તાલુકામાં – ૩,૩૬,૦૦૦/–<br>• મેઘરજ તાલુકામાં – ૧,૪૭,૩૨૧/–<br>ઉક્ત સ્થિતિએ આ સુવિધા અન્વયે તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ફાયર સેફ્ટી માટે ખર્ચ કરવામાં આવ્યો.<br>• ભિલોડા તાલુકામાં – ૯,૨૬,૨૦૦/–<br>• મેઘરજ તાલુકામાં – ૫,૩૬,૮૦૦/– |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ક્યાં સુધીમાં ગેસ કનેક્શન અને ફાયર સેફ્ટીની સુવિધા પુરી પાડવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને અહીંયા આગળ એક ખૂબજ અગત્યની બાબત ઉભી કરવા માટે ઝીરો અવર્સની મંજૂરી આપવામાં આવે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલા વિષય શું છે એ તો કહો?

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશની સામે આજે જ્યારે એક વિસ્ફોટક માહિતી આવી છે, આ રાજ્યના (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, ભાઇ પહેલા વિષય કહો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ ગૃહ સચિવ વી. કે. પિલ્લાઇએ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વાત કરી છે ત્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, નહિ (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અમારે પણ વાત કરવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગૃહમાં કોઇપણ વિષય મૂકવો હોય તો પહેલા આપે અધ્યક્ષશ્રીને જાણ કરવી પડે. જે તે વિભાગના મંત્રીશ્રીને જાણ કરવી પડે. (ઘોંઘાટ) નહિ, નહિ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ જ (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પહેલા આ વિભાગના મંત્રીશ્રીને મળજો અને મારી પાસે આવજો પછી વિષય શું છે એ સમજીને હું નિર્ણય કરીશ. (અંતરાય)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ જ અગત્યનો (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, નહિ. અત્યારે આ વિષયની ચર્ચા ના કરાય. આપે મને કોઇ નોટિસ નથી આપી. આપ મને મળ્યાં પણ નથી. આપ પહેલા જે તે વિભાગના મંત્રીશ્રીને મળો અને પછી મારી પાસે આવો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇશરત જહાંનો (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભલે ઈશરત જહાંનો વિષય ખૂબ ગંભીર છે પણ આપણી વિધાનસભા નિયમોથી ચાલે છે. પ્લીઝ , અત્યારે નહિ. આપ મંત્રીશ્રીને મળજો અને પછી મારી પાસે આવજો. નેક્સ્ટ.  માનનીય નીતિનભાઈ. (ઘોંઘાટ)

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે
મંત્રીશ્રીનો ખુલાસો (નિયમ-૪૫)

મંત્રીશ્રીનો ખુલાસો - નિયમ ૪૫
<#D/( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી )/D#>
તા.૧-૩-૨૦૧૬ના ઉચ્ચારણો અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર.. પ્લીઝ.. (ઘોંઘાટ) ભાઇ, બંને પક્ષે શાંતિ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપની પરવાનગી લીધી છે. હું મારા હ્રદયની વાત કરવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ગુજરાત વિધાનસભામાં ભાગ્યે જ અગાઉ કોઇવાર થયું હશે એ પ્રકારનું નિવેદન કરવા માગુ છું. ગઇ કાલે મેં સાહેબની રજા લીધી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, હું ગૃહને પહેલા વાત કરી દઉં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હા, જી.

અધ્યક્ષશ્રી : બધાનું ધ્યાન દોરી દઉં. માનનીય મંત્રીશ્રી મને મળ્યાં છે અને એમને નિયમ-૪૫ હેઠળ પોતાનો અંગત ખુલાસો કરવો છે. પોતાના મનની વાત કરવી છે, મેં એમને પરમિશન આપી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આજે ગુજરાત વિધાનસભામાં ભાગ્યે જ અગાઉ કોઇવાર બન્યું હોય એવા પ્રકારનું નિવેદન કરવા ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે આ ગૃહમાં જે વિવાદ થયો તેનો યોગ્ય રસ્તો આપશ્રીએ કાઢીને ગૃહની દ્રષ્ટિએ પ્રશ્નનું નિરાકરણ કરેલ છે. તે બદલ હું આપનો અને માનનીય પ્રદિપસિંહ જાડેજા, દંડકશ્રી પંકજભાઇ, દંડકશ્રી બલવંતસિંહ અને શ્રી શૈલેષભાઇ પરમારનો આભાર માનુ છું. સમગ્ર ગૃહના બધા સભ્યનો પણ આભારી છું. માનનીય અધ્યક્ષશ્રી, હું મારી દરરોજની જે પધ્ધતિ છે કે રાતે સૂઇ જતાં પહેલાં આખા દિવસના બનાવોને મનમાં રિપીટ કરું છું, કોઇ મુલાકાત, કોઇ ચર્ચા, કોઇ મંજૂરી વગેરે વગેરે. એના આધારે મને કાલે રાત્રે સૂઇ જતી વખતે મનમાં એમ થયું કે કાલે જે બનાવ બન્યો. મારે અને કામિનીબેન વચ્ચે જે વિવાદ ઊભો થયો. કામિનીબેન નવા સભ્ય છે, નિર્દોષ છે. •(×××)પણ માનનીય અધ્યક્ષશ્રી, એ પછી હું જે બોલ્યો. એ શબ્દો મને એમ લાગે છે કે કડક હતા, વધારે પડતા હતા. (અંતરાય)બિન જરૂરી હતા.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : નહિ, નહિ. કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નહિ. આપ એમની વાત સાંભળો પછી આપને તક આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ મારી વાત પૂરી કરવા દો, પછી તમે કરજો સાહેબ.

અધ્યક્ષશ્રી : આપને તક આપીશ. (અંતરાય) એમનો ખુલાસો પૂરો થાય એટલે આપને તક આપીશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વિચાર કર્યો.

અધ્યક્ષશ્રી : ભાઇ, બંને પક્ષે શાંતિ રાખો પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કામિનીબેન નવા સભ્ય છે, મહિલા સભ્ય છે. હું સિનિયર છું, મંત્રી છું. પાંચ ટર્મથી મંત્રી છું, ધારાસભ્ય છું. એટલે બહેનના અને મારા વર્તન વિષે સ્વાભાવિક છે કે મારે વિશેષ જવાબદારીથી વર્તવું જોઇતું હતું તેવું મનમાં થિંકિંગ થયું, મનમાં વિચાર થયો અને માનનીય અધ્યક્ષશ્રી, મેં જે શબ્દો વાપર્યા એ પણ મને વધારે પડતા અને બિનજરૂરી લાગ્યાં. એટલે માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ મહિલા મુખ્યમંત્રીશ્રીની સરકાર આપણે માનનીય આનંદીબેનની કહેતા હોઇએ. સ્ત્રી સશક્તિકરણની ખૂબ ઉત્સાહથી અમારી બહેનો પણ વાત કરતી હોય, ધારાસભ્યશ્રીઓ, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહીનું મંદિર છે એવું આપણે બધા કહીએ છીએ. છ કરોડની જનતાના આપણે બધા જ ૧૮૨ પ્રતિનિધિઓ છીએ. લાખ્ખો લોકોનું આપણે નેતૃત્વ કરીએ છીએ. આપણામાંથી ઘણા માર્ગદર્શન લેતા હશે, પ્રેરણા લેતા હશે, નવું નવું શીખતા હશે, એવા આપણે વ્યક્તિઓ હોઇ અને હું વિશેષ જવાબદારીમાં હોઇ, મને રાત્રે એમ લાગ્યું કે, આજે કોઇ બાબત નથી, કોઇ પ્રશ્ન પણ નથી, પ્રશ્ન તો ગઇ કાલે પૂરો થઇ ગયો છે. પણ મને હ્રદયથી એમ લાગ્યું કે મારું વર્તન, મારા બોલવાના શબ્દો એ વિશેષ રીતે થોડા વધારે આપત્તિજનક મને લાગ્યા છે એટલે હું એકતરફી કોઇપણ કારણ વિના, કોઇએ માગણી કરી નથી છતાં હું આજે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ, આ લોકશાહીના મંદિરમાં દિલગીરી વ્યક્ત કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, આના ઉપર કોઇ ચર્ચા હોતી નથી. આ તો શકિતસિંહજીએ વાંધો લીધો હતો એટલે એમને હું ફક્ત જે કાંઇ કહેવું હોય એ ટૂંકમાં.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર એક જ મિનિટમાં, બે વસ્તુ હું એક તો માનનીય નીતિનભાઇએ એક મંત્રી તરીકે બતાવેલી મોટપને આવકારું છું અને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, સત્તાપક્ષ "આંબા ઉપર કેરી આવે તો નીચો નમે" , એમ અહીંનો કોઇ ત્યાં બેસે ત્યારે એમનો વિવેક વધારે વધવો જોઇએ, અમે ભૂતકાળમાં એ કર્યું છે. અહીંયા આક્રોશ કર્યો હશે ત્યાં અમે વિવેકી રહ્યા છીએ. હું એમને આવકારું છું પરંતુ સમગ્ર રેકર્ડ માંથી જ્યારે આટલી મોટાઇ બતાવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું સમય બગાડવા નથી માગતો એટલા માટે વધારે નથી કહેતો, આપ જોઇ લેજો ભૂતકાળમાં ક્યારેય પણ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

•(×××) આ રેકર્ડ ઉપર રહે એ કોઇના માટે સારું નથી. એટલે એ શબ્દો રેકર્ડ માંથી દૂર થાય અને અમારા પક્ષે પણ આક્રોશ હોય એ સ્વાભાવિક છે, સામાપક્ષે વિવેકની પરંપરા શરૂ થઇ છે હું એને આવકારું છું.

અધ્યક્ષશ્રી : એ હું જોઇ લઇશ. ચાલો સરસ (અંતરાય) નહીં, હવે નહીં બલવંતસિંહજી હવે વિષય પૂર્ણ થાય છે અને ખૂબ સારી બાબત છે. ચાલો ભાઇ બલવંતસિંહજી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (વિરોધપક્ષના મુખ્ય દંડક) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબે જે એમનું આટલું મોટું મન બતાવીને ખરેખર અહીંની જે પરંપરા છે, જે દિલની પરંપરા કહેવાય મારી દ્દષ્ટિથી, હું પણ મારા દિલથી વાત કરું છું, ખરેખર તમે બતાવી છે. ખૂબ દિલથી અભિનંદન આપું છું અને એમ કહું છું કે, આ પરંપરા જળવાય એ મહત્વનું છે.

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાનું આ જ ગૌરવ છે મિત્રો, ૧૮૨ એટલે આપણો એક પરિવાર છે. અધ્યક્ષશ્રીના કહેવાથી કોઇ શબ્દો પાછા ખેંચાય, અધ્યક્ષશ્રીના કહેવાથી કોઇ શબ્દો રેકર્ડ ઉપરથી આપણે દૂર કરીએ, ગઇકાલે જે બનાવ બન્યો અધ્યક્ષશ્રીએ રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કર્યા, છતાં પણ બન્ને પક્ષો મારી ચેમ્બરમાં આવીને ખૂબ સારી રીતે તંદૂરસ્ત ચર્ચા કરી અને વિધાનસભામાં પોતાના બોલેલા શબ્દો પણ માનનીય નીતિનીભાઇએ પાછા ખેંચ્યા, કામિનીબહેને પણ પાછા ખેંચ્યા. આજે ફરી નીતિનભાઇ મારી પાસે આવ્યા અને એમણે પોતાના દિલની વાત મને કરી અને મેં કહ્યું કે ખૂબ સારી બાબત છે. આપ સરકારશ્રીના સિનિયર મંત્રી હોવા છતાં પણ આજે ગૃહમાં દિલગીરી વ્યક્ત કરવાની જે ઇચ્છા દર્શાવી છે એ ખરેખર ખૂબ સારી બાબત છે. સમગ્ર બાબત આમ તો ગઇકાલે પૂર્ણ થઇ હતી મિત્રો. ગુજરાત વિધાનસભામાં આજ પ્રકારની આપણી ઉચ્ચ સંસદીય પરંપરા ચાલતી રહે. આ એક ખૂબ સારી શરૂઆત થઇ છે એ આપણા સૌના માટે માર્ગદર્શક બની રહેશે. નેકસ્ટ.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલની રજૂઆત

શ્રી ભરતભાઇ કી. પટેલ (બિન–સરકારી કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો તેરમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

શ્રી ભરતભાઇ કી. પટેલ ( બિન–સરકારી કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાજે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૫,૬૧,૦૪,૪૮,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંકઃ ૧૦૨ રજૂ કરવામાં આવી .

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી મોહમદજાવેદ અ. પીરજાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પૂરક માગણી નં. ૬૭

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠા સેવાને લગતી નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮૦ લાખની અને મૂડી ખર્ચ માટે રૂ. ૨૩,૦૨,૪૪,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંક–૬૭ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંકઃ ૬૭ રજૂ કરવામાં આવી .

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૧૨, ૧૯૩૭ શાકે

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૬ – માનનીય સભ્યશ્રી ગેરહાજર

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પૂરક માગણી નં.૭૦

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ માટેની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૨૯,૧૮,૪૬,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક –૭૦ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંકઃ ૭૦ રજૂ કરવામાં આવી .

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.

ડો. અનિલભાઇ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

પૂરક માગણી નં.૮૬

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગો અને પુલ સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૩,૫૩,૨૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૫૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક –૮૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી .

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.

આદિજાતિ વિકાસ વિભાગ

પૂરક માગણી નં. ૯૬

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૨૭,૧૪,૩૪,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંક– ૯૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંકઃ ૯૬ રજૂ કરવામાં આવી .

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રીની જાહેરાત

ગિલોટીન અંગે

અધ્યક્ષશ્રી : પૂરક માગણી પરની ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય બપોરે ૧૨–૦૦ થી સાંજના ૫–૧૫ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) મુજબ પૂરક માગણીઓના ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં પૂરક માગણી ઉપરની સઘળી

ચર્ચા પૂરી કરવાની થાય. તદઅનુસાર બપોર ૪-૧૫ વાગ્યે જે પૂરક માગણી ઉપરની ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બધી પૂરક માગણી સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

હવે, રજૂ થયેલ પૂરક માગણીઓ અને તેના ઉપરની કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અનિલભાઇ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી જુદા જુદા વિભાગની પૂરક માગણીઓ શહેરી વિકાસ વિભાગની, નર્મદા જળસંપત્તિ, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, માર્ગ મકાન, આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

(ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને )

પૂરક માગણીઓ ત્યારે જ લાવવાની જરૂરિયાત ઊભી થાય કે બજેટમાં જોગવાઇ છે એ જોગવાઇનો પૂરેપૂરો ઉપયોગ થવાની સંભાવના ન હોય તો. આ વખતના બજેટમાં લગભગ ૯૯૬૦ કરોડની જોગવાઇ હતી અને આ જોગવાઇ હોવા છતા લગભગ ૫૦ ટકા રકમ નથી વપરાઇ, છતા પૂરક માગણીની જરૂરિયાત ઊભી થઇ છે. એ પણ ૧૨૭ કરોડ ૧૪ લાખ ૩૪ હજારની. હવે જુદા જુદા વિષયો માટે પૂરક માગણીઓ છે. એમાં મારી વિનંતી છે કે જે માગણીઓ છે એમાં એક તો પૈસા વાપરી શકતા નથી અને વ્યાજની ચૂકવણી કરવી પડે છે. આપણે આ વખતે જે વ્યાજની ચૂકવણી માટે લગભગ ૬૦૦ લાખ રૂપિયાની જોગવાઇ કરી હતી, જે વપરાયા નહિ હોય અને બીજા ૧૦૦ લાખની પૂરક માગણી રજૂ કરી છે. ખાસ શિક્ષણ માટે તો સામાન્ય શિક્ષણની પૂરક માગણી છે તે સાક્ષર ભારત માટે છે. સાક્ષર ભારતમાં એડ્લ્ટ શિક્ષણ માટે છે. એમાં કોઇ જગ્યાએ એડલ્ટ શિક્ષણ ચાલતું નથી. આ શિક્ષણ જ ન ચાલતું હોય તો શેના માટે પૂરક માગણીની જરૂરિયાત ઊભી થઇ છે? મંત્રીશ્રી આપ તપાસ કરો? કોઇ જગ્યાએ એડ્લ્ટ શિક્ષણ ચાલે છે કે કેમ? બીજી માગણી આશ્રમશાળાઓ માટેની છે. એ લગભગ ૧૦૭ કરોડ, ૩૨ લાખ ૨૪ હજારની બહુ મોટી માગણી છે. આશ્રમશાળાની પરિસ્થિતિ એવી છે કે આજે છેલ્લાં ૧૦ વર્ષથી શિક્ષકોની ભરતી બંધ છે. ત્યાં આશ્રમશાળામાં શિક્ષકો નથી અને એના લીધે બાળકો ભણી શકતા નથી. પુસ્તકો પસ્તીમાં વેચાય છે. અત્યારે સાબરમતીમાં ૧ થી ૯ ધોરણના પુસ્તકો પકડાયા. આના માટે તપાસ નથી કરાતી. આપણે શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ કરીએ. શિક્ષકો વગર ગુણોત્સવ કરવાની શી જરૂર છે? ગુણોત્સવ કરીને શું મેળવો છો? આની પાછળ બીન પ્રોડક્ટીવ ખર્ચ સરકાર કરી રહી છે. તે ખર્ચા બંધ કરો. શિક્ષકોની ભરતી કરો. સિનિયર સભ્યએ કહ્યું હતું કે શિક્ષકોની ભરતી માટેનો અમલ કરો તો આ વર્ષે તો શિક્ષણ જરૂર સુધરશે. આ માગણી તેના માટે કરી હોત તો આવકારદાયક હોત! ગ્રામ કક્ષાએ કાર્યક્રમ હેઠળ નાણાં પંચની ભલામણ અનુસાર પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવી. આ વખતનું પંચાયતનું ઇલેક્શન થયું. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની જે પરિસ્થિતિ થઇ એ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મને લાગે છે કે જે પૈસા અત્યાર સુધી જિલ્લા પંચાયતોને ફાળવાતા હતા. આ વખતે સીધા પંચાયતોને ફાળવ્યા. આ તમારે પહેલેથી કરવું જોઇતું હતું. પણ તમારી સરકારો રહી ત્યાં સુધી પૈસા ફાળવ્યા નહિ. આ પૈસા પંચાયતોને મળવા જોઇતા હતા. તમે નહિ ફાળવ્યા અને આ કાયદાનું સદંતર ઉલ્લંઘન કર્યુ. હવે એમ થયું કે આ અમારી પંચાયતો છે નહિ, ત્યારે ફરજ પડી હોય તેમ લાગે છે. તમે આ પ્રોવિઝન કર્યુ તેમ લાગે છે. મારી વિનંતી છે કે પંચાયતમાં તલાટીની જગ્યાઓ બધી ખાલી છે. એક તલાટી પાસે ૩-૪ જગ્યાઓનું ભારણ છે. તલાટી મોટા ભાગે મળતા નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે પહેલા જગ્યા ભરો અને આ જગ્યા ભરાશે તો કામ થશે. હમણા માનનીય મંત્રીશ્રીએ કૃષિ માટેની યોજના માટે સુક્ષ્મ સિંચાઇ યોજના. જે ઘણા લાંબા સમયથી સાંભળી રહ્યા છીએ કે અમારે ગુજરાતમાં સુક્ષ્મ સિંચાઇ યોજના માટેની સગવડ. તો આ તો સાહેબ કેન્દ્ર સરકારના પૈસા હતા. આ સરકાર વાપરતી નહોતી. ટ્રાયબલ વિસ્તારની વાત કરું. તપાસ કરો મોટા ભાગના વિસ્તારોમાં સુક્ષ્મ સિંચાઇ યોજના છે. તમારી જે સંસ્થાઓ છે તેના દ્વારા કદાચ પાઇપલાઇન ચેક કરવામાં આવે છે. ડ્રોપર માટેના પાઇપો છે તે પાઇપો આપવામાં આવતા નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તમે આ વિસ્તારોમાં તપાસ કરો. લોકો પાસે, આદિવાસીઓ અભણ છે એટલે તેમની પાસે સહી કરાવી લે છે. તેમને ખબર પડતી નથી કે શેના માટે સહી કરાવે છે અને આ પાઇપો લઇ જાય છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તમે યોજનાઓ કરો તે સારી વાત છે. સાથે સાથે તેનો લાભ મળે છે કે નહીં તેની પણ તપાસ કરો. એટલે આના પણ પૈસા વેડફાઇ જાય છે. કરજણ યોજના માટે જમીન સંપાદન યોજનાની અંદર કોર્ટના કેસને લીધે, એલ.એ.કયુ થયેલો તેના માટે પૈસા આપવા પડે તે જરૂર આપવા પડે તેમાં હું સંમત છું. મારી વિનંતી છે કે આદિવાસી વિસ્તારોમાં મોટા ડેમ હોવા છતાં સિંચાઇની કોઇ સુવિધા નથી. છેક અંબાજી દાંતાથી માંડીને છેક વલસાડ સુધી મોટા ડેમ આદિવાસી વિસ્તારોમાં આવેલા છે. છતાં કોઇ લીફ્ટ ઈરીગેશન યોજનાઓ, સારો વિસ્તાર કવર તેવી યોજનાઓ આ સરકારે કરી નથી. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે તમે એવી યોજનાઓ નકકી કરો. તેમને બીજી કોઇ યોજનાથી પાણી નથી મળવાનું. તેમને અપસ્ટ્રીમમાં હોવાના કારણે પાણી નથી મળતું તો લીફ્ટ ઈરીગેશન યોજનાઓ કરીને આ વિસ્તારોને પાણી આપો અથવા તો તળાવો ભરી આપો. આવી કોઇ યોજનાઓ કરો તો આ વિસ્તારને ચોક્કસ ફાયદો થાત અને હું આવકારત. આમાં તો કોર્ટ કેસ છે એટલે તેમાં સંમત થઇએ છીએ. સૌના માટે મકાનની વાત છે. માનનીય ટ્રાયબલ મિનીસ્ટર નીકળી ગયા નહીંતર તેમને કહેવું હતું મહાનગરપાલિકાઓને ૮૩૦ લાખ સહાય, નગરપાલિકાઓને સહાય અને શહેરી વિસ્તારો માટે સહાય. મારી તો તેમને વિનંતી છે કે આ જે શહેરો છે તેમાં આદિવાસીઓ જે છે તેને કોઇ સહાય મળે છે ખરી? તેમને કોઇ ઘર મળતું નથી. ખોટા પૈસા જાય છે, વેસ્ટ થાય છે. આ પૈસા ડાયવર્ટ થાય છે. મારે

નાણામંત્રીશ્રીને વિનંતી છે કે આ પૈસા તમે ટ્રાયબલ વિસ્તારમાં ડાયવર્ટ કરો. ખોટી રીતે આ પૈસા ન જાય તે જોવાની મારી વિનંતી છે. રાજય સરકારે કેન્દ્ર સરકારની એક યોજના હતી તેમાં ૨૦ કરોડ રૂપિયા હાટ શરૂ કરવા માટે આપ્યા. હાટ એટલે આદિવાસી વિસ્તારોમાં દુકાનો શરૂ કરવાની હતી. તે સારી યોજના હતી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ પૈસાની તપાસ કરાવો એકપણ રૂપિયો વપરાયો નથી. આખું વર્ષ પૂરું થઇ ગયું તેમ છતાં હજી તો જમીન સંપાદિત કરી નથી. તો આ પૈસા વપરાવવાના કયારે? આ વપરાયા નથી તેમ છતાં બીજા વધારાના ૩૯ કરોડ ૭૨ લાખ ૭૦ હજારની વધારાની માગણી કરી છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે તમારા પ્રાયોજના વહીવટદાર જે હોય તેને જાણ કરો કે તમે તાત્કાલિક જમીન સંપાદિત કરો અને આમ કરી આ યોજનાનો અમલ શરૂ કરો. બાકી તો ખાલી જાહેરાતો થાય અને તેનો અમલ પણ ન થાય પછી *(×××)

ઉપાધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવામાં આવે છે. આપની પાસે બે મિનિટ છે.

શ્રી અનિલભાઇ જોષીયારા : આ સરકાર બહુ મોટી જાહેરાતો કરે છે. આદિવાસીઓ માટે ૪૦ હજાર કરોડની જાહેરાત કરી. આજે ૪૦ હજાર કરોડ વાપર્યા હોત તો વિકાસ થયો હોત. આજે ગામડાંઓમાં તપાસ કરો રસ્તાઓની હાલત શું છે? આજે પ્લાન અને નોનપ્લાન રસ્તાઓની તપાસ કરો. ઘણા બધા ગામડાં એવા છે કે તે રસ્તા વગરના છે. માનનીય મંત્રીશ્રીએ બહુ સારી વાત કરી કે એકેએક ગામડાંને આપણે રસ્તાથી જોડવા છે. આ જાહેરાત તો ૨૭–૨–૨૦૦૭માં તત્કાલિન મુખ્યમંત્રીએ કરી હતી કે એક એક ગામડું, ફળીયાને બારમાસી રસ્તો મળશે. આજે તે રસ્તો નથી મળ્યો સાહેબ. અમે આશા રાખીએ કે નવા મંત્રી સાહેબ તેનો ખ્યાલ રાખે. અમારા વિસ્તારમાં રસ્તા નથી મળ્યા તે ગામડાંઓના નામ આપું તો બોરખાદ, ચમાનાડા, જેડીયાવાડા, બળવદ, વહીયા, સાઇડી, નારંગપુર, ધંબોળીયા આદિવાસી વિસ્તાર અને નાપરાજા આ ગામોને આજની તારીખ સુધી કોઇ રસ્તો નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે કમસેકમ આ વિસ્તારને રસ્તો મળે તેવું તો કંઇક કરો. માર્ગ અને મકાનમાં મારે થોડી વિનંતી કરવી છે. તેમાં ૨૦૩ કરોડ ૫૩ લાખ ૨૪ હજારની પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં મોટાભાગે કોર્ટ કેસ છે. કોર્ટ કેસની બાબત છે એટલે તે પૈસા ફાળવવા પડે. ગ્રામ્ય રસ્તાઓ માટેના પૈસા છે. ગ્રામ્ય રસ્તાઓ માટે કોર્ટ કેસ થયા હતા તેના માટે આ પૈસા ચૂકવવા પડે છે. મારી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને આ સરકાર ઘણા મોટા ઉપાડે વાત કરે છે કે અમે બહુ રસ્તા કરી નાખ્યા. રસ્તાની કનેક્ટિવિટીમાં ગુજરાત નંબર વન છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે તમે તપાસ કરો, તમારો સોશીયો ઇકોનોમીક સરવે શું કહે છે. ૨૦૦૨ સુધી ૭૪ હજાર ૧૮ કિલોમીટરના રસ્તા ગુજરાતની અગાઉની સરકારે કરેલા હતા. તમારી સરકાર આવ્યા પછી ફકતને ફકત …

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની જે માગણી નંબર ૮૬ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ માનનીય જોષીયારા સાહેબે માર્ગ અને મકાન વિભાગની માગણીમાં કહ્યું કે, કોર્ટના પડતર કેસોની આ માગણી છે. મારી વિનંતી છે કે, તમે વાંચશો તો ખબર પડશે કે પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનતા રસ્તાઓ છે એ ગામડાં માટેના છે. પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના છે એ કોઇ ઉદ્યોગપતિના ઘરે જતી યોજના નથી. પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના છે એ ગામડાંના છેવાડાના માનવી સુધી પહોંચતી બહુ જ સારી યોજના છે અને એમાં ૬૦/૪૦ના રેશિયા મુજબ આપણી રાજય સરકારે ૪૦ ટકા પૈસા ઉમેરવાના થાય છે અને એના માટેની ૨૦૩ કરોડની જોગવાઇ આ વખતે સરકારે કરેલી છે. કોઇ પણ રાજયના વિકાસ માટે આંતર માળખાકીય સુવિધા એ ખૂબ અગત્યની બાબત છે અને જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી છે ત્યારથી ગુજરાતના રોડ, રસ્તા, પુલો વગેરેનું ખૂબ પુરજોશમાં બાંધકામ કરવામાં આવ્યું છે અને છેક છેવાડાના ગામડાં સુધી, મુખ્ય શહેરો સુધી, દરિયા કિનારા સુધી એકે એક વ્યક્તિને, એકે એક વિસ્તારને એનો લાભ મળે એના માટે વિવિધ યોજનાઓ દ્વારા કામ ચાલી રહ્યું છે. એ પ્રગત્તિ પથ યોજના હોય, વિકાસ પથ હોય, પ્રવાસી પથ હોય, કિશાન પથ હોય, તાલુકાને તાલુકા સાથે જોડતો રસ્તો હોય કે જિલ્લાને જિલ્લા સાથે કે મુખ્ય મથક સાથે જોડતો રસ્તો હોય, બંદરને જોડાણ માટેની યોજના હોય, ઉદ્યોગોને જોડતા રસ્તાની વાત હોય આવી જુદી જુદી યોજના કરીને સમગ્ર ગુજરાતની અંદર એક રોડનું ખૂબ સારું નેટવર્ક આ ગુજરાતમાં ઉભું કરવામાં આવ્યું છે. આ સિવાય હમણા જ વાત કરી કે અમારી અગાઉની સરકારના વખતના આ રસ્તા તૈયાર હતા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આજે ૧,૧૩,૭૧૬ કિલો મીટરનું નેટવર્ક આ ગુજરાત સરકાર દ્વારા ઉભું કરવામાં આવ્યું છે. એમાં ૫,૧૫૨ કિલો મીટર નેશનલ હાઇવે, ૧૬,૭૯૬ કિલો મીટર રાજય ધોરી માર્ગો, ૨૦,૨૭૬ કિલો મીટર મુખ્ય જિલ્લા માર્ગો અને ૭૧,૪૯૨ કિલો મીટર ગ્રામ અને અન્ય જિલ્લા માર્ગોની વ્યવસ્થા આજે સમગ્ર ગુજરાતમાં કરવામાં આવી છે. સાથે સાથે ગુજરાતની અંદર ઔદ્યોગિક વિકાસ પણ વધ્યો, સાથે સાથે સરકારની યોજના હોય, સિંચાઇની વાત હોય, ખેડૂતોને કૃષિ મહોત્સવ દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવાની બાબત હોય આ બધી જ બાબતોમાં ગુજરાત સરકારે સાથ આપ્યો એને લીધે આજે ગુજરાતના તમામ લોકોનું જીવન ધોરણ ઉંચું આવ્યું એને લીધે આજે અહીંયા બેઠાં છે એ બધાને ખબર છે કે, આજથી થોડા વર્ષો પહેલા ફોર વ્હિલર કોઇએ જોયું ન હતું, ખૂબ જૂજ પ્રમાણમાં લોકોની પાસે ટુ વ્હિલર હતા આજે આ સરકારની યોજનાઓને કારણે, જીવન ધોરણ ઉંચું આવ્યું એના કારણે દરેક દરેકે ગામડાંઓમાં દરેક લોકો પાસે સાધનો વધ્યા છે. કદાચ ભાગ્યે જ કોઇ ઘર એવું

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હશે કે જેની પાસે ટુ વ્હિલર નહીં હોય, તો એવા સંજોગોમાં આ જે રસ્તાઓ અગાઉની સરકારે બનાવેલા હતા એ વાત સાચી છે પણ એ ખૂબ જ સાંકડા હતા, દસ દસ ફૂટના રસ્તા હતા. આ સરકારે આ જે ટ્રાફિક વધ્યો છે એને કારણે આજે એ પહોળા કરવા માટેની જરૂરિયાત ઉભી થઇ અને એ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આજે સમગ્ર ગુજરાતમાં રસ્તા પહોળા કરવાનું નક્કી કરવામાં આવ્યું અને છેલ્લા ૧૫ વર્ષની વાત કરું તો પહેલા ફોર લેન અને સિક્સ લેન માર્ગ સમગ્ર ગુજરાતની અંદર ફક્ત ૩૯૪ કિલો મીટર હતા આજે ગુજરાતમાં ૧,૫૩૩ કિલો મીટર રસ્તા ફોર લેન અને સિકસ લેન છે. સાથે સાથે ૧૦ મીટરના જે પહોળા રસ્તા છે એ ૧૫ વર્ષ પહેલા ફક્ત ૧૩૨ કિલો મીટર હતા જે આજે ૪,૩૧૬ કિલો મીટર રસ્તા ૧૦ મીટર પહોળા છે, ૭ મીટર અને સાડા પાંચ મીટર પહોળા રસ્તા જે ૧૦ હજાર કિલો મીટર જેટલા હતા એ આજે ૧૭ હજાર કિલો મીટર છે. આ સિવાય સરકારની બીજી ઘણી યોજનાઓમાં એક ખૂબ અગત્યની યોજના છે એ મરુન વિલેજ યોજના છે. પહેલા શું હતું કે થોડો ઘણો વરસાદ થાય તો કેટલાય ગામડાંઓની અંદર પાણી ભરાવાના કારણે એ ગામડાંના લોકો મુખ્ય મથક સુધી આવી શકતા ન હતા એવા પ્રકારના કેટલાય ગામડાંઓ હતા અને એ લોકો મુખ્ય મથકે ન આવી શકે એના કારણે જે તે ગામડાંમાં રહેતા લોકોને કેટલી તકલીફ પડતી હશે એ તો ત્યાં આગળ રહેતા હોય એને ખબર પડે. કોંગ્રેસની ૫૦ વર્ષની સરકારોએ આ લોકો માટે કશું જ ન કર્યું, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર મરુન વિલેજ નામની યોજના લાવી અને સમગ્ર ગુજરાતના ગામડાંઓમાં ઓછામાં ઓછો એક બાર માસી  રસ્તો થાય એના માટે મરુન વિલેજ યોજના જેવી ખૂબ સારી યોજના કરીને સમગ્ર ગુજરાતના ગામડાંઓને બાર માસી રસ્તાથી જોડ્યા છે.  વધુમાં પ્રગતિ પથ યોજના હેઠળ પૂર્વ અને પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણની આદિવાસી પટ્ટીને જોડીને એ લોકો પણ મુખ્ય વ્યવસ્થા સાથે જોડાય એમને આ વ્યવસ્થાઓનો લાભ મળે એના માટે પ્રગતિપથ યોજના કરીને એનો પણ વિકાસ કરીને રસ્તાઓ બનાવ્યા છે. શહેરી વિકાસ માટે વિકાસ પથ યોજના આ સરકારે કરી. શહેરના જે મુખ્ય માર્ગો માર્ગ અને મકાન વિભાગના હતા એને ખૂબ પહોળા કર્યા, સાથે સાથે ફૂટપાથ બનાવી, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરી. ઇલેક્ટ્રીલ પોલ નાંખ્યા. અદ્યતન રોડ કર્યા અને ૧૩૨ નગરપાલિકાઓમાં ૭૫૦ જેટલા રસ્તા આ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.  આ સિવાય પ્રવાસી પથ યોજના હેઠળ પણ આજે ધાર્મિક સ્થળો અને પર્યટક સ્થળો છે ત્યાં આગળ પણ લોકોની અવરજવર વધી અને એ અવરજવર વધવાના કારણે આજે ત્યાં પણ રસ્તા પહોળા કરવાનું નક્કી કર્યું.  માનનીય મંત્રીશ્રી જ્યારે આ પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

શ્રી  બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ ૧૨૨૧ કરોડ રૂપિયા અને ૨૩ કરોડ બે લાખ રૂપિયાની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને પાણી પુરવઠા વિભાગની ૨૩ કરોડ ૮૨ લાખ રૂપિયાના કુલ ખર્ચની પૂરક માગણીઓ છે.  એમાં મુખ્યત્વે બે બાબત બતાવેલી છે એક રાષ્ટ્રીય ગ્રામ પેય જળ યોજનાની અંદર અને બીજી એક વોટર કીલીંગ બાબતની. આ બન્ને બાબતો માટે મારે ખાસ કરીને કહેવું છે. ઘણા બધા મિત્રો, સભ્યો અવારનવાર આ ગૃહમાં કહેતા હોય છે. માનનીય મુરબ્બી શ્રી નરોત્તમકાકા કાલે જ કહેતા હતા. હું સરસ્વતી નદીના કાંઠે જન્મેલો માણસ છું.  એ જમાનાની અંદર એટલો બધો વરસાદ પડતો મેં નદીમાં આવતું પૂર પ્રત્યક્ષ જોયેલું છે. પૂર આવતું હોય અને નદીમાંથી દોડતા હોય લોકો એવી સ્થિતિ એ જમાનાની અંદર હતી, પાણી પણ એટલું જ મીઠું હતું. કૈલાસના કૂવાનું પાણી તમે પીવો તો કોઇ આર.ઓ. પ્લાન્ટનું પાણી ના પીવું પડે એ પ્રકારની સ્થિતિવાળો જમાનો હતો  આજથી ૨૫-૩૦ વરસ પહેલાં. પહેલાં વરસાદ ઘણો પડતો, પણ જે સિસ્ટમ પેદા થઇ એને કારણે વરસાદ ઓછો થયો, વનીકરણ કપાવાના કારણે આજે સ્થિતિ એવી પેદા થઇ છે કે ભૂગર્ભના તળ આજે દિનપ્રતિદિન નીચા જતા જાય છે. પહેલાંના જમાનામાં લોકો કહેતા હતા કે પચાસ કે સો ફૂટે બોર હશે અને પાણી મળી જશે એ લોકો આજે ૬૦૦, ૭૦૦ કે ૮૦૦ ફૂટે બોર થાય ત્યારે પાણી મળે એવી સ્થિતિ પેદા થઇ છે. મારે મંત્રીશ્રી સૌરભભાઇને કહેવું છે કે હવે એવા કંઇક મોટા સિંચાઇના કામો થાય તે જરૂરી છે.  આપણે તળાવો ખોદાવાનું કામ ચોક્કસપણે કરીએ છીએ, એક તળાવ ઉંડું થાય એનાથી ચોકકસ ૧૦૦ ટકા ફાયદો થાય, એમાં પાણી જળવાય.  પણ હવે જે સ્થિતિ રહી છે એના કારણે વધારે પડતું પાણી ઉંડું નહિ જાય, કદાચ તળાવો કરવા હોય તો ૧૦૦ એકર જમીનમાં જો મોટા તળાવ કરવામાં આવે જેમ ખેરાલુમાં 'ચીમનીબાઇ' કરીને સરોવર છે એવા મોટા જો સરોવર થાય તો જ ચોકકસપણે પાણી અંદર ઉતરે. વરસાદનું એક એક ટીપું આપણા માટે બહુ જરૂરી છે. એને ભેગું કરવું હશે તો છેવાડામાં જ્યાં જ્યાં વરસાદ વધુ થતો હોય અને જ્યાં ઢાળ પડતો હોય અને ત્યાં પાણી એકત્ર થાય અને એ પાણી પણ પંપીંગથી નહિ પણ ઢાળથી જ એ બીજા તળાવોમાં જાય તો જ આવનાર સમયમાં સાચી દિશામાં જશે.  કોઇ ગમે તે કહેતું હોય, ઘણીવાર સરકાર મોટા મોટા દાવા કરે પણ અમારે ત્યાં ઉત્તર ગુજરાતમાં પાટણ અને બનાસકાંઠા એવો વિસ્તાર છે કે જ્યાં ચાર ચાર મોટા મોટા બંધો છે. ધરોઇ બંધનું પાણી અમને જરાય નથી મળવાનું. ધરોઇનું પાણી માત્ર પીવા પૂરતું પ્રાપ્ત કરી શકાય.  તેમાં પણ કેટલીક ત્રૂટિઓ છે હું આવનારા સમયમાં બતાવવાનો છું. મુખ્ય શહેર હોય તો પણ ત્યાંથી ના મળતું હોય તો ખેતી તો અમારા માટે બહુ મોટામાં મોટી મુશ્કેલીવાળી સ્થિતિ પેદા કરવાની છે ત્યારે મારે આ સરકારનું  ધ્યાન દોરવું છે કે એકબાજુ પીવાના પાણીની તકલીફ છે ધરોઇને જે પાણી આપવામાં આવે છે આપણે ગામડાંમાં એક વ્યકિતને ૭૦ લિટર પાણી માથાદીઠ આપીએ એવુ સરકાર કહે છે અને શહેરમાં ૧૪૦ લિટર પાણી આપીએ તે પ્રમાણેની વાત કરીએ છીએ. આપ સરકારમાં તપાસ કરાવજો કે ધરોઇમાંથી પાઇપ લાઇન નીકળે છે તેની અંદર કેટલુ પાણી આવે છે ? તો સરકારને નક્કી કરવુ પડે કે આપણે ૭૦ લિટર પ્રમાણે આપીએ છીએ તે ૫૫થી વધારે તો આપણી પાઇપની કેપેસિટી નથી એટલી વાસ્તવિકતા સ્પષ્ટ છે. જયારે ના હોય ત્યારે આપણે છેવાડાના ગામ સુધી કેવી રીતે પાણી પહોંચતુ હશે જયારે આપણે ૭૦ નક્કી કરીએ અને ૫૫ પણ ના પહોંચવાનું હોય તો કોઇ દિવસ કોઇ છેવાડાના ગામોમાં પાણી કોઇ દિવસ પૂરુ પડતું નથી અને

તેના કારણે બોર બનાવવા પડતા હોય છે. ભૂતકાળની અંદર બોર બનાવ્યા પછી કોઇ કારણોસર વરસાદ, મોટર, પાઇપ ફેઇલ થાય અને બોર જયારે ફેઇલ થાય અને ગામડાંના લોકો જયારે શરૂ થાય ત્યારે ગામડાંના ધારાસભ્યની દશા તમે કલ્પી ના શકે એવી સ્થિતિવાળી હોય છે. એક ધારાસભ્યને તો કેટલાય ફોન આવે કે કયારે ચાલુ થશે? અને જેવો બોર બંધ થાય મારો જાત અનુભવ કહુ છું સૌથી પહેલું ટેન્શન પેદા થાય કે ગામને કઇ પ્રકારનો જવાબ આપીશું. ગામના પાંચ–દસ જણા બે દિવસ, ચાર દિવસ થાય તો બરાબર છે પણ વધારે સમય થાય એટલે ચોક્કસપણે આપણા ઉપર એ કરતા હોય છે. મારે ખાસ કરીને કહેવુ છે કે માનનીય મહેશભાઇ અધિકારી બહુ સારા માણસ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે અનુભવ રહ્યો છે કે આપણે કઇ પ્રકારની મશીનરીનો ઓર્ડર આપીએ છીએ કે પાઇપ લાઇનો આજદિન સુધી આવતી નથી. અધિકારીઓને તમે બહુ ફોર્સ કરો એટલે કામ તમારું કરે પણ આખા ઉત્તર ગુજરાતમાં આજે બોર બનાવો અને જે નવો બનાવ્યો તે તો બરાબર છે પણ જૂના પણ ફેઇલ ગયા ત્યાં આગળ આવી સ્થિતિ છે માટે સરકાર પાણી પુરવઠામાં વધારે પૈસા ફાળવે અને તેમાં ખાસ કરીને બોર માટે વધારે પૈસા ફળવાય એવું કહું છું. તમે પૂરક માગણી લઇને આવ્યા છો ખરેખર મોટા બજેટની અંદર જયાં પીવાનું પાણી ૬૦ વર્ષે, અને પચ્ચીસ વર્ષથી આ ગુજરાતની સરકાર વહીવટ કરતી હોય અને પાણી તમે શુદ્ધ ના આપી શકતા હો તો આનાથી વધારે ખરાબ કઇ પરિસ્થિતિ હોઇ શકે? એ સ્થિતિ સાથે હું સરકારને કહું કે આમાં વધારે પૈસા ફળવાય.

શ્રી રોહિતભાઇ જ. પટેલ(આણંદ) : Hon’ble Speaker, sir, and Hon’ble Members of this House. Sir, I am here to support the additional demand for water supply projects. Sir, if I explain in micro details, I may be required more than two hours to explain everything in detail so I will just explain everything in macro details. I will explain details only in macro level. More than 38 big and small projects are almost completed during last 12 to 15 months and 80960 million rupees have been spent towards the projects. This has been even only within 12 to 15 months. This shows supersonic speed of the work of the Water Supply Department. Sir, 8474 villages are benifitted by this projects; 40% of total villages and 438 cities of Gujarat. About 13.2 million people are getting benefit because all the projects are almost completed and I would like to mention here that without using material, this project cannot be completed. This obviously shows supersonic speed of the project. I mean ગતિ ઓફ ગતિશીલ ગુજરાત under the able leadership of founder of our Gatisheel Gujarat Hon’ble Chief Minister Smt. Anandiben Patel and superb working style of the Water Supply Department under the excellent guidance of the dynamic Minister Hon'ble Mr.Vijaybhai Rupani.

Before I go ahead, to explain only few eye catching examples of working of Water Supply Department, I would mention something about the thought process of human being. In spite of doing this much work, if I keep on saying that nothing has been done by the Water Supply Department, કે ભાઇ, વોટર સપ્લાય ડીપાર્ટમેન્ટની કામગીરી બહુ પુઅર રહી, ધીમી રહી, આટલા બધા પૈસા ખર્ચવામાં આવ્યા પણ કાંઇ થયું નહીં, અને આ ગામમાં પેલા ગામમાં આ બેન કે પેલા બેનના ઘરની નજીક પાણી નથી મળતું. I think this micro management have to be done by either Gram Panchayat or Municipality. So far as this House is concerned, in my opinion, we are concerned with macro level management. If I keep on saying like that કે જેમ ગાંધીજીના ત્રણ વાંદરા હતા, ખોટું બોલતો નથી, ખોટું જોતો નથી, ખોટું સાંભળતો નથી, પણ જો એમજ કહ્યા કરું કે કાંઇ નથી થયું, કાંઇ નથી થયું, કાંઇ નથી થયું, તો મારામાં પાંચ નેગેટીવ વાંદરા મારું ડોમીનેશન કરે છે એમ મારે કહેવું જોઇએ કે સાચું બોલતો નથી, સાચું જોતો નથી, સાચું સાંભળતો નથી, સાચું વિચારતો નથી. સાચું સ્વીકારતો નથી. I think, we all should be positive and encourage our dynamic Minister. To quote few vibrant example. Saurashtra and Kutch water grid is already completed and as our Hon'ble Member Dr.Neemaben Acharya said, છાતી ગજ ગજ ફૂલે છે, પાણી વહેતું જોઇને કચ્છમાં અને there is no need for Kutchi people to migrate before monsoon and go back home just after monsoon is started. It would become history about migration of people of Kutch. Another eye-catching example is SOS service project of Upleta where Hon'ble Minister just identified that scarcity of water has arise and he immediately developed a project and implemented project to enable people to get water in scarcity time. This completion of project is also on SOS basis. One more example of pro-active working style of the Water Supply Department. This is why I am projecting this issue. In Bharuch, hencenow there is likely to cause, in some areas, water supply scarcity and to eliminate this scarcity and prevent problem of the people, Water Supply department has already prepared a project for supply water by tanker. I am not who is speaking this; it is Divya Bhaskar

who is speaking this. Another project which is new vision. Nobody would have though before 5 years that they will get R.O. purified water in the tap. In small town of Boriyavi, R.O. plant is completed and more than 20,000 people are going to get R.O. purified water in their home by tap. This is not a small thing. To have vision for something, to create something, શૂન્યમાંથી સર્જન is also very very valuable and in the way our Hon'ble Prime Minister had done in Gujarat in last 12 years. I hope all the members would certainly approve additional demand without any hesitation and objection.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી નંબર – ૭૦ સામૂહિક વિકાસ, ગ્રામ ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગ અને માગણી નંબર–૯૨ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની પૂરક માગણીની ચર્ચામાં હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ વિભાગની માગણીની વાત કરીએ તો, ગ્રામ વિકાસ વિભાગ યોજના અંતર્ગત ઘણી સામાજિક યોજનાઓ, જે ગરીબલક્ષી યોજનાઓ છે. તે યોજનાઓનો અમલ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત મારફતે થતો હોય છે. આ બાબતમાં ગામડાંમાંથી ઘણી રજૂઆતો થઇ, આ ગતિશીલ ગુજરાતમાં દરેક વિભાગોની અંદર ગરીબોની જુદી જુદી યોજનાઓનો સમાવેશ કરેલ છે. આપણે ઇન્દિરા આવાસ યોજનાની વાત કરીએ તો બનાસકાંઠા જિલ્લાના છેલ્લા પાંચ વર્ષના લક્ષ્યાંકની વાત કરું તો સન ૨૦૧૧–૧૨માં ૮૭૫૬ મકાનોનો લક્ષ્યાંક હતો, એ જ રીતે સન ૨૦૧૨–૧૩માં ૬૫૦૦ મકાનો, જયારે સન ૨૦૧૩–૧૪માં ૮૪૬૪ મકાનો, સન ૨૦૧૪–૧૫માં આ લક્ષ્યાંક ઘટીને આ ગતિશીલ ગુજરાતમાં સીધે સીધો અધોગતિએ એટલે કે ૧૭૦૦નો લક્ષ્યાંક થઇ ગયો. સન ૨૦૧૫–૧૬માં તો ફકત ૮૨૯ મકાનોનો જ લક્ષ્યાંક કરી નાખ્યો. આપણે એક મકાન માટે પહેલા ૪૦ હજાર રૂપિયા આપતા હતા એના ૭૦ હજાર કર્યા પરંતુ અહીંયા મકાનોના લક્ષ્યાંકમાં મોટો ઘટાડો કરીને ફકત ૮૨૯ મકાનો જ થઇ ગયા છે અને આ ૮૨૯ મકાનોની વાત કરું તો આ વર્ષ તો લગભગ પૂરું થવા આવ્યું એમાં ઓન લાઇન પેમેન્ટ ૨૦૦ મકાનોનું જ કરવામાં આવ્યું છે. એટલે આ કઇ જાતની ગતિ છે એની અમને સમજણ પડતી નથી. મારી પાસે જે માહિતી છે એ પ્રમાણે પહેલી એપ્રિલથી ઇન્દિરા આવાસ યોજનાનું નામ બદલીને પ્રધાનમંત્રી આવાસ યોજના લાવવાનું મંત્રીશ્રીએ વિચાર્યું છે. છેલ્લા બે વર્ષમાં લક્ષ્યાંકમાં ઘટાડો કર્યો છે એ ઘટાડો જેટલો થયો છે એ આવતા બે વર્ષમાં પૂર્ણ કરવા માગો છો કે કેમ?

બીજી વાત સન ૨૦૧૩–૧૪ના વર્ષમાં સરકારે દરેક જિલ્લામાં રાજીવ ગાંધી ભવન હેઠળ ૧૨ લાખ રૂપિયાની જોગવાઇ કરી હતી, એની તાંત્રિક અને વહીવટી મંજૂરી પણ આપી દેવામાં આવી હતી પરંતુ એનું ચૂકવણું આજ સુધી કરવામાં આવેલ નથી એનો જો આ પૂરક માગણીમાં સમાવેશ કર્યો હોત તો મારી દૃષ્ટિએ ખૂબ સારું થાત.

બાજી મારી રજૂઆત છે કે દરેક તાલુકા પંચાયતમાં સર્કલ ઇન્સ્પેકટરની બે થી ચાર જગ્યાઓ હતી. પરંતુ આજે મોટા ભાગની તાલુકા પંચાયતોમાં સો એ સો ટકા જગ્યાઓ ખાલી છે, એટલે એનો ચાર્જ તલાટીઓને આપીને કામ ચલાવવામાં આવે છે. આ રીતે સર્કલ ઇન્સ્પેકટર તથા તલાટીઓની જગ્યાઓ ભરવામાં આવતી નથી તેથી ગ્રામ્ય કક્ષાએ જે સામાજિક યોજનાઓ છે એ તમામ યોજનાઓ આજે ખોરંભે પડી છે. ટી.ડી.ઓ. ની જગ્યાઓ ખાલી છે અને જયાં ટી.ડી.ઓ. ભરાયેલા છે એ કામ કરતા નથી. એમની સામે રજૂઆતો કરીએ તો સરકાર એના તરફ ધ્યાન આપતા નથી. ટી.ડી.ઓ. માત્રને માત્ર ઇન્દિરા આવાસ યોજનામાં પાંચ–પાંચ હજારની ઉઘરાણી કરે છે એવી લેખિત ફરિયાદ કરી છે તેમ છતાં તંત્ર એને બદલવાની કોશિશ કરતું નથી અને એને છાવરવામાં આવે છે. તાલુકા પંચાયતની કચેરીમાં સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધીમાં આવે છે અને ઉઘરાણું કરીને ૧૧ વાગ્યા પછી પદાધિકારીઓ આવે એ પહેલા તાલુકાની મુલાકાતે જતા રહે છે. આમ છતાં તંત્ર તરફથી કોઇપણ પગલાં લેવામાં આવતા નથી. આવા તો અનેક પંચાયતોને લગતા પ્રશ્નો છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને લગતા અનેક પ્રશ્નો છે એમાં ખાસ કરીને તલાટીઓની ભરતી પરીક્ષા થઇ એનું સાબરકાંઠા જિલ્લામાં પેપર ફૂટી ગયેલ. સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણીમાં એટલું કહીશ કે સરકાર તરફથી જે વિદેશ અભ્યાસની લોન છે એ ખૂબ આશીર્વાદ સમાન યોજના છે. પણ આ યોજનાને થોડી લંબાવીને, વ્યાપ વધારીને તેમાં સંખ્યાનો વધારો કરવામાં આવે.

બીજું, ખાસ અગત્યનું કે આદિજાતિ કન્યાઓને પોસ્ટ મેટ્રિકના ફ્રીશીપ કાર્ડ મળે છે તે રીતે અનુસૂચિત જાતિની કન્યાઓને પણ કોઇ પણ જાતની આવકની મર્યાદા વગર ફ્રીશીપ કાર્ડ મળવા જોઇએ. આ અમારી લાગણીને લઇને આ બાબતમાં મુખ્યમંત્રીશ્રીને પણ અનેક કાગળો લખ્યા છે. આ ફ્રીશીપ કાર્ડની યોજના જો આદિજાતિ વિભાગમાં હોય..

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી આ ગૃહની અંદર પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમાં પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીમાં સમૂહ વિકાસની માગણી નં.૭૦ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

ગ્રામીણ વિકાસનો કાર્યક્રમ એટલે સમૂહ વિકાસ. આ રાજ્યની ૧૩,૬૮૫ જેટલી ગ્રામપંચાયતો. વિકાસ સૌને ગમે છે. સર્વત્ર ગમે. દરેક વિષયોમાં પ્રગતિ અને વિકાસ માનવીને ગમે. ૨૦ વર્ષ પહેલાં જે ગામડાંઓની પરિસ્થિતિ હતી, લોકો જે ગામડાંમાં વસે છે. તેમણે ચલાવી જ લેવાનું. કોઇ પણ ભોગે ચલાવી જ લેવાનું. આવી પરિસ્થિતિ આ ગામડાંની હતી એ ચલાવી ચલાવીને

ગામડાંઓ ત્યાંને ત્યાં જ હતા. આ રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. તેણે તમામ બજેટમાં ગામડાંઓ સમક્ષ દ્દષ્ટિ રાખી. ઘણા વિભાગો રસ્તાઓ, પાણી– પુરવઠા, શિક્ષણ વિભાગ એ પોતાના પૂરતા કાર્ય કરે તેમ છતાં પણ ગ્રામપંચાયતોની જવાબદારીઓ સમૂહ વિકાસમાં સૌથી ઓછી આ ગામડાંઓ અને આ રાજ્યની અંદર છે.

દેશ અને દુનિયા, વિકાસ અને ટેક્નોલોજી. ગુજરાતના તત્કાલિન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ગામડાંનો એક ચિતાર રજૂ કર્યો. મારા ગુજરાતના ગામડાંઓ એ ઇ–ગ્રામ, આદર્શ ગ્રામ તરીકે જાહેર કરી અને જે શહેરી સુવિધાઓ મળે છે એવી જ સુવિધાઓ ગામડાંઓને પણ ઉપલબ્ધ થવી જોઇએ. દરેક ગ્રામપંચાયતોનું કોમ્પ્યુટરાઇઝેશન અને ગામડાંઓ સુધી ટેક્નોલોજી પહોંચાડવા માટે ઇ–ગ્રામ–વિશ્વ ગ્રામનો આદર્શ પૂર્ણ કરવા માટે રાજ્ય સરકારે પંચાયતી રાજ સંસ્થાઓને જેવી કે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતોને ઇ–ગ્રામ–વિશ્વ ગ્રામ પ્રોજેક્ટ અંતર્ગત ૧૩,૬૮૫ ગ્રામપંચાયતોને પ્રાથમિકતા, પરંતુ મહત્વની સેવાઓ જેવી કે પંચાયતની અંદર દરેક ગામના નાગરિકોને જે પ્રાથમિક સુવિધાઓ મળવી જોઇએ, જેવી કે જન્મ–મરણનો દાખલો, આવકનો દાખલો ચારિત્ર્ય પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર, આકારણી, બી.પી.એલ.ની યાદી, પોતાની ખેતીવાડીની મહામૂલી મિલકત કહેવાય તેનો ૭/૧૨ અને ૮/અ નો ઉતારો, કરવેરા ભર્યાની પહોંચ, આ વિવિધ યોજનાઓ છે, ગ્રામ્યલક્ષી, ખેડૂતલક્ષી, મજૂરલક્ષી એ બધાની જે અરજીઓ કરવી પડે છે એ અરજી પત્રકો, તેના ફોર્મ એ કોમ્પ્યુટર દ્વારા દરેક ગ્રામપંચાયતમાં ઉપલબ્ધ કરાવવાના અને એ પણ ગુજરાતી ભાષામાં. ૧૩,૬૮૫ ગ્રામપંચાયતોને કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવા માટે ઇન્ટરનેટ બેઝ્ડ સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલી છે. હાલમાં ૨૦૧૩–૧૪માં ૫૦૦૦ ગામોને ઇન્ટરનેટની કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. કમ્પ્યુટરની આનુષાંગિક તમામ સાધન–સામગ્રી પૂરી પાડવામાં આવી છે. ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલે સમગ્ર ગુજરાતમાં આ યોજનાનું અમલીકરણ કરવાનું આયોજન કર્યું છે. વહીવટી અને વાણિજ્યિક સેવાઓ જેવી કે વીમા, નાની બચત, બેંકીંગ વગેરે સેવાઓ ગ્રામ પંચાયતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. એના માટે ગ્રામ પંચાયત ઇ–ગ્રામ આઇટી હબ તરીકે કામગીરી કરી રહ્યું છે. આ રાજ્યની અંદર ગ્રામ પંચાયતો અમલમાં છે. સરપંચ ચૂંટાઇને ગામમાં જાય તો પણ એને કોઇપણ અધિકાર નહીં. આ રાજ્ય સરકારે સૌથી પ્રથમ વખત ગુજરાતની તમામ ગ્રામ પંચાયતોના સરપંચોને ગામની સેવાઓ માટે નાણાકીય અધિકાર આપવામાં આવ્યો છે. દરેક સરપંચને ગ્રામ પંચાયતમાં આકસ્મિક ખર્ચ કરવા માટે રૂ.૧૦,૦૦૦/– વાર્ષિક ધોરણે આપવાનું નક્કી કર્યું છે. દરેક ગામમાં કમ્પ્યુટરની યોજના માટે ગામના કોઇ શિક્ષિત યુવાનને રોકે તો એને રોજગારી મળે અને તેને કમ્પ્યુટર સાહસિક તરીકે ઓળખવાનું નક્કી કર્યું છે. એની સાથે ગ્રામ પંચાયતને પણ આવક ઉભી થાય. આ રીતે રોજગારીની તકો પૂરી પાડવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી માનસિંહ ચૌહાણ.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની વધારાની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં નર્મદા અને જળસંપત્તિ વિભાગની વાત કરીશ. ૧૯૭૭થી જે યોજનાનો પ્રારંભ થયો અને આ સરકારે ૨૦૦૫, ૨૦૧૦ અને ૨૦૧૫માં આ યોજના જલદીથી પૂરી થાય તે માટે અહીંયાં ખાતરી આપી હતી. નર્મદાનું પાણી ખેતરો સુધી પહોંચે એના માટે આ સરકારે જાહેરાત કરી હતી. આ યોજનામાં ૪૮૦૫૮ કિ.મી. નહેર બાંધવાની હતી. માર્ચ ૨૦૧૫ સુધીમાં માત્ર ૧૦૪૪૪ કિ.મી. સબમાઇનોર કેનાલ બાંધવામાં આવી છે. આટલા વર્ષોમાં માત્ર ૪૦ ટકા જ કેનાલોનું કામ થયું છે. એમાં કેનાલોની લંબાઇ ૭૪૬૨૪ કિ.મી. નક્કી થઇ હતી એમાં માત્ર ૨૭૧૮૯ કિ.મી.ની લંબાઇ થઇ શકી છે. અહીંયાં ટ્રિબ્યુનલના ચૂકાદા મુજબ ગુજરાતના ૧૩૧ નાના શહેરો અને ૯૬૩૩ ગામોને નર્મદાનું પીવાનું પાણી આપવાની વાત કરી હતી. આજે ફક્ત ૪ લાખ હેક્ટર ખેતીની જમીનને સિંચાઇનું પાણી આપવામાં આવે છે. નર્મદાના પાણી વગર આજે ખેતરો તરસ્યા છે. ૧૪.૭૪ લાખ હેક્ટર જમીનને પાણી પહોંચાડવાનું બાકી છે. આ નર્મદા યોજના સૌની યોજના છે. આ યોજના દ્વારા સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧૫ ડેમો અને ૧૪ જળાશયોને ૪ લીંક દ્વારા પાણી પહોંચાડવાનું આયોજન હતું એ આજે પણ પૂરું કરી શક્યા નથી. આ યોજનામાં ચાલુ નાણાકીય વર્ષમાં રૂ.૨૮૫૮૮.૭૨ લાખની પૂરક માગણીઓ કરવામાં આવી છે. પીવાના પાણીના પ્રશ્નો આજે પણ છે. આજે આપણે ગુજરાતમાં જોઇશું તો સૌરાષ્ટ્ર હોય, મધ્ય ગુજરાત હોય કે મહિસાગર જિલ્લો હોય આજે પણ આપણે જોઇશું તો અહીંયા ખેડા જિલ્લાના મહીડા પાસે નર્મદા આધારીત અંડરગ્રાઉન્ડ પાઇપલાઇનથી અરવલ્લી જિલ્લાના ત્રણ જેટલા જે જળાશયો છે વાત્રક, માજુમ અને મેશ્વો આ જળાશયો ભરવાનું કામ હજી પૂર્ણ થઇ શક્યું નથી એ જો પૂરું થયું હોત અને આ પૂરક માગણી લાવ્યા હોત તો મને આનંદ થાત. મારા વિસ્તારમાં પાણી ખેતી સિંચાઇ માટે આપ્યું હોત તો આનંદ થાત અને એને આવકારત પણ આજે સિંચાઇ માટે મારા મતવિસ્તારમાં એટલે કે મહિસાગર જિલ્લામાં પાણીની મુશ્કેલી છે. મારા મતવિસ્તારના કપડવંજ તાલુકામાં પૂર્વના ૪૫ ગામ એવા છે કે આજે પણ પીવાના પાણી માટે ટેન્કર શરૂ કરવું પડે એવી પરિસ્થિતિ ઉભી થઇ છે. પીવાના પાણી માટે સરકાર ચોક્કસ વિચારે. ટેન્કરની વાત કરીએ તો ટેન્કર કેમ ચાલુ કરવા પડે? પહેલા કહેવાતું કે કોંગ્રેસના રાજ્યમાં ટ્રેન દ્વારા પીવાનું પાણી આપવામાં આવતું. ગુજરાતના કોઇ પણ ગામડાંમાં સૌરાષ્ટ્ર હોય, મધ્ય ગુજરાત હોય કોઇ પણ જગ્યાએ જઇએ તો પીવાના પાણીની ખૂબ મુશ્કેલી છે. આજે શહેરોમાં પણ જોઇએ તો બહેનો પીવાના પાણી માટે પણ રેલી કાઢે છે અને અધિકારીઓને પણ ભાગી જવું પડે એવી સ્થિતિ આપણે ગઇકાલે અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોની જોઇ. જૂથ પાણી પુરવઠા યોજનાઓ

રાજયના લગભગ વિસ્તારોમાં છે. પીવાના પાણીની ટાંકી છે એમાં આજે પણ પાણી ઉપર ગયું નથી અને સીધી લાઇનથી જ પાણી આખા ગુજરાતના લગભગ વિસ્તારોમાં આપવામાં આવે છે. એવી જગ્યાએ પાણી પૂરેપૂરું મળે એ માટે સરકારે ચોકકસ વિચારવું જોઇએ. આજે હેન્ડપંપ કે બોરમાં જોઇએ તો બોર અહીંયા માનનીય બલવંતસિંહજી કહેતા હતા એમ પાણીના તળ ખૂબ ઉંચા ગયા છે. હેન્ડપંપ કરવાની ખૂબ જરૂરછે. એમણે અહીંયા તળાવોની વાત કરી એ મુદ્દો ખૂબ સારો છે. આજે સુજલામ સુફલામ કેનાલ છે એનાથી પાણી પરકોલેટ થઇને નજીકના એક કે બે કિલોમીટર નજીકના કૂવા છે એમાં પાણી મળી રહે છે. પીવાના પાણી માટે આજે હેન્ડપંપ અથવા બોર ઘણા બધા કેમ કરવા પડે એક બાજુ જૂથ પાણી પુરવઠા યોજના અને એ જૂથ પાણી પુરવઠા યોજના વર્ષોથી ચાલતી હોય અને એનું મટીરીયલ હલકા પ્રકારનું હોય એટલે વારંવાર આ જૂથ પાણી પુરવઠા થઇ હોવા છતાં આજે પણ કોઇપણ ગામમાં જઇએ તો પીવાના પાણીના પ્રશ્ને સંતોષ નથી એટલે અહીંયા સરકારે ગયા સત્રમાં કહેલું કે જૂથ પાણી પુરવઠા યોજનાઓ છે એની જે પાઇપો છે એને રીપ્લેસ કરવાની વાત કરી હતી. સરકારે આ પાઇપ રીપ્લેસ કરવાની વાત કરી હતી આજે પણ એ પાઇપ રીપ્લેસ થઇ નથી મશીનરી પણ એની એ જ જૂની છે એટલે સરકારે જો આવી બાબતમાં ખર્ચો કર્યો હોત તો ચોકકસ આનંદ થાત.

શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની માગણી ક્રમાંક ૧૦૨ માં હું મારી વાત મૂકવા માગુ છું એ પહેલા કહું તો અમે બધા પહેલી ટર્મના ધારાસભ્યો છીએ. આ લોકશાહીના મંદિરમાં જયારે હું પહેલી વાર દાદર ચડતો હતો ત્યારે મને એવું લાગેલું કે અહીંયાથી કંઇક શીખવા મળશે એ આજે સાર્થક થયું. આ સભાગૃહના સભ્ય અને અમારા સીનીયર કેબીનેટ મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આજે એક પોઝીટીવ પોલીટીકસની એક સાઇન અહીંયા રજૂ કરી. બહુ દુઃખ સાથે કહેવા માગું છું કે, આ સભાગૃહમાં અમુક સભ્યોએ જ્યારે કંઇક વાત રજૂ કરી. એ વાત રજૂ કરનાર સભ્યશ્રીઓને આપના માધ્યમથી પૂછવા માગું છું કે આ સભ્યશ્રીઓએ છેલ્લા વર્ષોમાં આ સભાગૃહના સન્માનનીય સભ્ય અમારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઇ શાહ ઉપર ઇશરત જહાને લઇને ખોટા આરોપો લગાડ્યા હતા એ માટે માફી માગવા માગે છે કે આ રીતે ખોટા આરોપો ભવિષ્યમાં પણ ચાલુ રાખવા માગે છે?

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની વાત કરીએ તો ગુજરાતની અંદર ૮ મહાનગરો અને અનેક મોટી સંખ્યામાં નગરપાલિકાઓ છે. જ્યાં આજુબાજુના ગામડાંમાંથી લોકો રોજીરોટી માટે ખૂબ જ મોટી સંખ્યામાં વર્ષોથી સ્થળાંતર થતા આવ્યા છે. ગુજરાતની ૪૫ ટકાથી વધારે જનસંખ્યા મહાનગરો અને નગરોમાં રહે છે. દુઃખ સાથે જણાવવા માગું છું કે, જે વિઝનથી આજની સરકાર કામ કરી રહી છે એ જો ૩૫-૪૦ વર્ષ પહેલાં જ્યારે જે કોઇ સરકારો હતી એ સરકારોએ આ મહાનગરપાલિકાઓને, તકલીફને ઓપર્ચ્યુનિટી સમજીને, એક અવસર સમજીને ડેવલપ કરવાનો પ્રયત્ન કર્યો હોત તો આપણા મહાનગરો અને મહાનગરપાલિકાઓ દુનિયાના અનેક દેશો સાથે સરખામણી કરી શકતા એવી સ્થિતિમાં હોત. એમ કહેવાય છે કે 'દેર સે આયે, દુરસ્ત આયે'. જૂની વાતો કરવાથી કોઇ મતલબ નથી. કારણ કે જૂની સરકારોનો અનુભવ અનેક લોકો સાથેનો ખરાબ જ રહ્યો છે. હું કહેવા માગું છું કે, ગુજરાતમાં આઝાદીના આટલા વર્ષો જતા રહ્યા પણ આજથી સાત-આઠ વર્ષ પહેલાં આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે શહેરીકરણમાં ખૂબ જ મોટી સંખ્યા ધરાવતા ગરીબ માણસો તરફ નજર કરી ત્યારે ધ્યાનમાં આવ્યું કે સૌથી વધારે આ પ્રજાની ક્યાંકને ક્યાંક ઉપેક્ષા થઇ રહી છે. આટલી મોટી સંખ્યા છે, આ દેશના અર્થતંત્ર અને દેશના ગ્રોથ એન્જિનને આગળ લઇ જવા વાળી સંખ્યાને હેલ્થ સેકટરની કોઇપણ સુવિધા ખૂબ જ ઓછા પ્રમાણમાં મળતી હતી. આ રાજ્યના તે વખતના મુખ્યમંત્રીશ્રીએ પી.એચ.સી., સી.એચ.સી. માટે ખૂબ જ મોટું બજેટ પાસ કરીને આ પ્રજા ઉપર ધ્યાન આપીને એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગુજરાત રાજ્યની વાત કરીએ તો દેશ અને દુનિયા આ રાજ્ય માટે શું વાતો કરતા હતા? થોડા વર્ષ પહેલાં જોઇએ તો ગુજરાત એટલે શું? તો ગુજરાત એટલે પુર વાળું રાજ્ય, ગુજરાત એટલે ગંદુ રાજ્ય, સુરત કે જે મારી જન્મભૂમિ છે અને કર્મભૂમિ પણ છે એના માટે પુરનું શહેર એવું કહેવામાં આવતું હતું. સુરત એક ગંદુ શહેર ગણાતું હતું. એ જ સુરત અને અમદાવાદ આજે આ દેશના મુખ્ય સ્માર્ટ સિટીમાં આવ્યા છે. અમારા ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની આગેવાનીમાં આ વિકાસ થયો છે. આજે ગુજરાત શેનાથી ઓળખાય છે? ગુજરાત નંબર વન તરીકે ઓળખાય છે, ગુજરાતના અનેક શહેરો દેશમાં સફાઇની બાબતમાં ટોપ ૧૦ કે ટોપ ૨૦ માં નંબર પ્રાપ્ત કરી રહ્યા છે. આજે અમારું સુરત શહેર એ ડ્રીમ સિટી તરીકે ઓળખાવાનું છે. ડ્રીમ સિટીના માધ્યમથી બોમ્બેમાં લાખો રોજગારી પ્રાપ્ત કરનારા હીરા ઉદ્યોગ માટે એક ડ્રીમ સિટીનું આયોજન કરેલ છે. ગુજરાત આજે ગીફ્ટ સિટીના નામે ઓળખાય છે. ગુજરાત આજે સુરતના ગોપી તળાવ અને અમદાવાદના કાંકરિયા તળાવના નામે ઓળખાય છે. ગુજરાત આજે નંબર વન એટલા માટે છે કે સુવ્યવસ્થાઓ સાથે અમારી સરકાર કામ કરી રહી છે. અનેક સભ્યો ક્યાંકને ક્યાંક એવી વાત લાવે છે કે ઇન્દિરા ગાંધી યોજના બંધ થઇ જવાની છે. રાજીવ ગાંધી યોજના બંધ થવાની છે. ઇન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી કે રાહુલ ગાંધી એ બધી યોજનાઓમાંથી બહાર નીકળીને આ સરકારે એવો નિર્ણય લીધેલ છે કે સારા, દેશ માટે ક્રાંતિકારી નિર્ણય લીધેલા હોય એવા લોક પુરુષોના નામે યોજના શરૂ થતી હોય તો આપણે સૌએ સહકાર આપીને ગુજરાતને આગળ વધારવું જોઇએ.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરુ(રાજકોટ (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક માગણીની ચર્ચા ઉપર હું બોલી રહ્યો છું ત્યારે એક દાખલો દેવાનું મન થાય છે. વારેઘડીએ ચર્ચા થતી હોય છે એના અનુસંધાનમાં એક દીકરો મોટો થાય અને એની માં પાસે દેકારા કરે કે મારો બાપ વિકાસ કરવા નથી દેતો. માંને એમ થાય એટલે એના પતિને કહે કે, વિકાસ કરવા દો પછી દીકરો

થોડીક લોન લઇ આવે. એમાંય પૈસા ઘટે એટલે માંના ઘરેણાં વેચી આવે અને બાપે જે મકાન બનાવેલું હોય એમાં કલર રહી ગયો હોય એટલે કલર કરે અને સીટીંગ રૂમમાં સોફા મૂકે, ટી.વી. મૂકે અને પછી બેઠો બેઠો તાલીઓ પાડે કે જો મેં વિકાસ કર્યો, મેં વિકાસ કર્યો. આ સરકાર પાસે આગલી સરકારોની ચર્ચા સિવાય કાંઇ મુદ્દાઓ છે ખરા? એ સરકારોએ જ્યારે જે જરૂરી હતું, આપણે ગાંધીજીએ સ્વતંત્રતા અપાવી ત્યારે આપણે એવી અપેક્ષા તેની પાસે નહોતા રાખતા કે તમે અમારાં ઘરના નળમાં પાણી પણ લાવી દો અને પૂલ પણ બાંધી દો. કેમ કે, ત્યારે એ સમય નહોતો. સમય જાય એમ વિકાસ થાય અને એક દ્રષ્ટિવાળી સરકાર હોય તો શું બન્યું હતું એમ નહિ, અમે શું કર્યું છે એના ઉપર જવાબ દેવાનું શીખે. એ સાચી અને સારી સરકાર કહેવાય. મને ખૂબ આનંદ થયો અને ખૂબ દિલથી આવકારું છું નીતિનભાઇએ આજે જે દિલગીરી વ્યક્ત કરી પણ મને એમ લાગે છે કે એક કક્ષાએ આપણે પહોંચીએ એટલે દિલગીરી વ્યક્ત કરવી જોઇએ એ આવકારદાયક છે અને એમને આવકારું છું પણ હું એવું ઇચ્છું કે અહીંયા ૧૮૨ ધારાસભ્યો એક થઇને આ કક્ષાને થોડીક અપગ્રેડ કરે અને એની સૌથી મોટી જવાબદારી એ સરકારની બનતી હોય છે. આજે શહેરી વિકાસની જ્યારે આપણે વાત કરીએ છીએ ત્યારે ૨૦૧૧ કરતા ૨૦૧૭માં શહેરોમાં ઝૂંપડપટ્ટી વધી છે, ઘટી નથી. આ હું નથી કહેતો આ આંકડા કહે છે અને જ્યારે ઝૂંપડપટ્ટી વધી છે ત્યારે એનો મતલબ એ થાય કે આપણી પાસે આયોજનશક્તિ ઓછી હતી. શું ડિમાન્ડ અને સપ્લાયના રેશિયાનો આ સરકારને ખ્યાલ નહોતો? એટલે એનું આયોજન નહોતું થયું. સરકારે આજે આનો ખ્યાલ રાખવો ખૂબ જરૂરી હોય છે. દરેક વાતમાં આંકડાકીય પ્રવચનો થાય એટલે કહે કે, આટલા ફાળવી દીધાં, આટલા ફાળવી દીધાં. ભાઇ, આ તો આપણે પૈસા ફાળવીએ છીએ એ તો ટેક્સમાં લોકો વધારે દેતાં થયા છે એટલે આપણે વધારે લેતાં થયાં એટલે પછી પૈસા વધારે આવે એમાં કાંઇ એને ફાળવવા એ કાંઇ મારી દ્રષ્ટિએ મોટી વાત નથી. મોટી વાત એ છે કે, એ પૈસાનો સદુપયોગ થાય. આ સરકાર જો ખરેખર ગતિશીલ હોય આની સરકાર પહેલા મુખ્યમંત્રી જુદાં હતાં ત્યારે જુદું નામ હતું. અત્યારે જુદું નામ છે. નામ તો આપી શકાય. બહુ સહેલું હોય છે. કેમ કે એમાં કોઇ પૂછવાવાળું નથી. લોકશાહીમાં છૂટ છે પણ ખરેખર જો આપણી ગતિશીલ સરકાર હોય તો જે સરકારી અધિકારીઓ કામ નથી કરી રહ્યાં એના ઉપર તમે કાંઇ બંધન લાવવા વિચાર્યું છે? આજે એકપણ અધિકારી એને મનફાવે, એમાંય છૂટા હાથનો છૂટો દોર દઇ દેવામાં આવ્યો છે અને મને લાગે છે કે સીધાની બદલી, હું નહિ, હું કોઇકના થકી ખાઉં છું. એવું કાંઇક નથી બનતું ને આવી શંકાઓ મને થાય છે. ઝૂંપડપટ્ટીઓને ગમે તેમ પાડી નાંખવામાં આવે ત્યારે કોઇ વિચાર આ સરકારને આવે છે કે બધી મ્યુનિસિપલ કોરપોરેશનમાં આ સરકાર પાસે એવી કોઇ નીતિ છે કે તમારાં જેવા આના ઉપર કામ કરવું. ત્યાં જે કમિશનર આવ્યાં એના મનમાં જે પ્રાયોરિટી હોય એ પ્રાયોરિટી ઉપર કામ કરે અને બદલી નાખો એટલે પ્રાયોરિટી શહેરની ફરી જાય તો આ સરકાર પાસે એવું શું આયોજન છે કે તમારે આવી જ રીતે કામ કરવાનું એને ગતિશીલ કહેવાય, એને દ્રષ્ટિવાળી સરકાર કહેવાય અને એની મોટી ખામી દેખાતી હોય છે. નાના માણસોના ઘર પાડીને અમે રૂપાળું શહેર બનાવી રહ્યાં છીએ એવું કરવા કરતા એને મકાન દઇને શહેરને રૂપાળું બનાવવાની જો નીતિ હોય તો મને લાગે છે કે એ આવકારદાયક છે. એવી નીતિના અભાવમાં લોકોમાં પડઘા પડતાં હોય છે અને છેલ્લે એ પડઘા અમારા શહેર સહિત બધાએ જોયેલા છે. આજે જે.એન.યુ.આર.એમ.ની જે સ્કિમ હતી, આજે મુખ્યમંત્રી આવાસ યોજના છે, અમારે રાજકોટમાં ઘણી બની છે અને એમાં કોઇ મકાન લેવા તૈયાર નથી થાતું, આને ગતિશીલ ના કહેવાય, આને દૃષ્ટિવિહિન કહેવાય. (અંતરાય) ભાઇ, તકલીફ પડે તમને, અમે તમને સાંભળતા જ હતા. અમારામાં સાંભળવાની ત્રેવડ તમારા કરતાં વધારે છે. આજે શહેરને ગુંડાગીરીયુક્ત બનાવ્યું છે, ટ્રાફિકયુક્ત બનાવ્યું છે, માફિયાગીરીયુક્ત બનાવ્યું છે અને કોરપોરેશનની શિક્ષણ સમિતિઓ દ્વારા ત્યાં એડમિશન પરાણે પકડીને પેલા શાળા ઉત્સવો કરી અને આપણે કરાવવું પડે એ સ્થિતિનું નિર્માણ આજે થયું છે, એને ગતિ ના કહેવાય એને અવગતિ કહેવાય. રુડાના ચેરમેનની નિમણૂક તમે નથી કરી શકતા. એવી જ રીતના ઔડાના છે. રાજકીય ખટપટમાં વહીવટી ખામીઓ જ્યારે દેખાય તો આવું જે બનતું હોય તો એને ગતિશીલ સરકાર ના કહી શકાય. આજે જકાતની ગ્રાન્ટ જે આપવામાં આવી હતી. જે ટકાવારીમાં વધવી જોઇએ એ સરકાર વધારતી નથી, હતી તેના કરતાં ઓછી આપવામાં આવે છે અને જકાતની આવક બંધ થઇ ગઇ છે એ બધા શહેરોને માટે મોટી મુશ્કેલી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી અરવિંદભાઇ લાડાણી.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે આ ગૃહમાં પૂરક માગણી માનનીય મંત્રીશ્રી દ્વારા જે આવી છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં અને કાર્યદક્ષ મંત્રીશ્રીઓની ખૂબ સરસ કામગીરીના અનુસંધાને જ્યારે સારામાં સારું કામ આ સરકાર કરી રહી છે ત્યારે મારે સમૂહ વિકાસ ઉપર ગૃહને માહિતી આપવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ અને નીચે મુજબ માગણીઓની જરૂરિયાત ઉભી થયેલ છે. આ પૂરક માગણીઓની રાષ્ટ્રીય વિસ્તરણ સેવા પદ્ધતિ માટે રખાયેલ કર્મચારી વર્ગના આવર્તક ખર્ચ માટે પંચાયત રાજ સંસ્થાઓને સહાય માટે. બીજા નંબરમાં ગ્રામ હિસાબી સહિત ગ્રામ પંચાયતોના મંત્રીઓના પગાર અને તાલીમ સહાય માટે. સી.ડી.પી. અગિયાર પંચાયતોની ચૂંટણી માટે. ચોથા નંબરમાં નાણા પંચની ભલામણ અનુસાર પંચાયતી રાજ સંસ્થાઓને સંગીન બનાવવા માટે અને કેન્દ્રીય સહાયની ચૂકવણી માટે અને અન્ય ખર્ચ માટે આ પૂરક માગણીઓની જરૂરિયાત ઉભી થઇ છે.

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, સમૂહ વિકાસ એટલે દરેક ક્ષેત્રે વિકાસ, સમૂહ વિકાસ એટલે જન જનનો વિકાસ, સમૂહ વિકાસ એટલે દરેક શહેરોનો વિકાસ, સમૂહ વિકાસ એટલે દરેક ગામનો વિકાસ, સમૂહ વિકાસ એટલે દરેક વિભાગનો વિકાસ, સમૂહ વિકાસ એટલે સૌનો સાથ સૌનો વિકાસ. આ સમૂહ વિકાસમાં સરદાર પટેલ આવાસ યોજના, ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ યોજના હોય, ગરીબ કલ્યાણ મેળાઓ હોય, રૂર્બન માળખાકીય સુવિધાઓ હોય, સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામની યોજના હોય, સમરસ ગ્રામ પંચાયતની યોજના હોય, કૃષિ કલ્યાણકારી યોજનાઓ હોય, મનરેગા યોજના હોય, સામૂહિક શૌચાલયની યોજના હોય કે જળસંપત્તિની યોજના હોય, જળ સંચયની યોજના હોય કે પછી સરદાર સરોવર નર્મદા ડેમની યોજના હોય. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાઓનું ફક્ત નામ બોલતો રહું તો પણ મારી પાસે આપે આપેલ સાત મિનિટ છે, બીજી વધારાની સાત મિનિટ આપો તો પણ પૂરું થાય એવું નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપની સાત મિનિટ નથી અરવિંદભાઇ, આપની છ મિનિટ છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : મારે આપ સાહેબ મારફતે આ ગૃહને જણાવવું છે કે, આટલી બધી યોજનાઓના માધ્યમથી આ ગુજરાત સરકાર વિકાસ કરે છે તો પણ મારા આ કોંગ્રેસના સાથી મિત્રોને ક્યાંય વિકાસ દેખાતો નથી. મારે નર્મદા ડેમ વિશે થોડી વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે નર્મદા ડેમ વિશે થોડી વાત કરવી છે. આ નર્મદા ડેમની હાઇટ વધારવા માટે આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી સાત સાત વર્ષથી મહેનત કરતા હતા ત્યારે કોંગ્રેસની સરકાર જયારે કેન્દ્રમાં હતી ત્યારે એમણે હાઇટ વધારવાની મંજૂરી નહોતી આપી. આ નર્મદા ડેમની ૧૨૧.૯૨ની હાઇટથી માંડી ૧૩૮.૬૮ની હાઇટ સુધી લઇ જવા માટે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાને કેન્દ્રની સરકારના વડાપ્રધાન તરીકે આવ્યા પછી સત્તરમા દિવસે તાત્કાલિક રીતે આ યોજનાની અંદર મંજૂરી આપી દીધી. મંજૂરી આપી તે જ દિવસે આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને હાલ ગુજરાતના મુખ્યમંત્રી બહેનશ્રી આનંદીબેન પટેલ અમારા જુનાગઢ જિલ્લાના એક કાર્યક્રમની અંદર રોકાયેલા હતા. હમણા મારા પૂર્વ વકતાએ કીધું કે આ ગતિશીલ ગુજરાત કેવી રીતે કહેવાય એટલે મારે દાખલો આપવો છે કે હાઉસીંગ બોર્ડના મકાનોની ત્યારે કામગીરી હતી અને હાઉસીંગ બોર્ડના મકાનના કામ પૂર્ણ કર્યા વગર અધૂરા કામે માનનીય મુખ્યમંત્રી તાત્કાલીક હેલીકોપ્ટર દ્વારા નર્મદા ડેમ ઉપર જઇ અને તે દિવસની તારીખમાં જ ખાતમૂહુર્ત કરી અને ૧૩૮.૬૮ આ ડેમની હાઇટ પહોંચે, આ ગુજરાતના છેવાડાના માનવી સુધી પાણી પહોંચે, આ ગુજરાતના એકેએક વ્યકિત સુધી પાણી પહોંચે અને ગુજરાતના એકેએક ખેતર સુધી પાણી પહોંચે એની ચિંતા કરી છે. કૃષિની વાત થતી હોય તો ખેડૂતોની વાત કરે, ખેડૂતોની વાત કરીને ખેડૂતોને ભરમાવે, લોકોને જુદા પાડવાનું કામ કરે. આ ખેડૂતોની વાત કરી અને ખેડૂતોની અવગણના કરે એવી વાત થાય પણ ખેડૂતોના હામી અને ખેડૂતોને કાયદેસરની યોજના દ્વારા જો કાંઇ પણ મળતું હોય તો એ મળે એમાં કોઇ રસ નથી પણ ખેડૂતોને ભરમાવી એમાં રાજકારણ કરી અને મત લેવાના અભરખા છે. મને એ સમજાતું નથી કે આ ગુજરાતના હિતને નુકસાન કરવાનું કામ કોંગ્રેસે કર્યું છે અને લોકોને બેવડી નીતિ, બેવડું રાજકારણ કર્યું છે. નીતિ હોય, બધું થાય લોકો મુશ્કેલીથી દૂર હોય તો પણ કરી શકાય જીવતું જાગતું ઉદાહરણ ગુજરાતના પનોતા પુત્ર, આ દેશના તત્કાલિન મુખ્યમંત્રી જયારે આજે દેશના વડાપ્રધાન તરીકે આવ્યા છે ત્યારે ગુજરાતને અનેક અન્યાયો થતા હતા. એ અન્યાયોને ન્યાય અપાવવાનું કામ, એ અન્યાયોથી દૂર રાખી અને ગુજરાતમાં સારામાં સારો વિકાસ કરવાનું કામ, ગુજરાતનો વિકાસ થાય, એકેએક ઘરનો વિકાસ થાય અને એકેએક માનવીનો વિકાસ થાય એટલા માટે ગુજરાતના આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાને ખૂબ ચિંતા કરી છે. એવી જ રીતે આપણા ગતિશીલ ગુજરાતના પ્રણેતા બહેનશ્રી આનંદીબેન પટેલે આપણા સામાન્ય માનવીની ચિંતા કરી મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજના જેવી યોજનાઓ લાવ્યા છે. આ મા અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના એક એવી યોજના છે કે એક માનવીની સારી રીતેસેવા કરી શકે. એક લાખ વીસ હજારથી ઓછી આવક ધરાવતા પરિવારો ઉપર કોઇ પણ આફત આવે, દુઃખ આવ્યું હોય તો એક માનવીએ માનવીને બચાવવાનું કામ કર્યું છે. આ સારામાં સારું મુખ્યમંત્રી દ્વારા હું તો એમ કહીશ કે વાત્સલ્ય મા દ્વારા જે લોકોની જાન બચાવવાનું કાર્ય કર્યું છે એમને હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આવી યોજનાઓ દ્વારા ગુજરાતના એકેએક લોકોની સેવા કરવાનો એમને મોકો મળ્યો છે અને આ સેવા કરી અને ગુજરાતના એકેએક વ્યકિતનું ધ્યાન રાખે છે ત્યારે આપણે જે વિકાસ કર્યો છે એ વિકાસ પણ આપણને મળ્યો છે. આપણે ચારેકોરથી વિકાસ કરીને ગુજરાતને અવ્વલ નંબરનું સ્ટેટ બનાવ્યું છે, સોળે કળાએ વિકાસ ખીલ્યો છે ત્યારે આ ગૃહને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ ગૃહના નેતાઓને પણ અભિનંદન આપું છું અને કોંગ્રેસના લોકોને કહું છું કે પોઝીટીવીટી કરી અને સારામાં સારું ગૃહનું અને દેશનું કામ થાય.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી નાણામંત્રીશ્રી જુદા જુદા વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું એટલું કહેવા માગું છું કે પૂરક માગણી કયારે મૂકવામાં આવે કે તમને ખબર હોય કે ગયા વર્ષે આપણે બજેટ આ રીતનું બનાવ્યું હતું અને એ બજેટમાં આટલી જોગવાઇ કરી હતી અને એ જોગવાઇમાં આ વિભાગમાં થોડો વધારે ખર્ચો થાય તેમ છે તો જ આ પૂરક માગણીઓ મૂકવાની હોય. પરંતુ જે જે વિભાગની પૂરક માગણી મુકવામાં આવી છે, તે તમામ વિભાગોને અંદાજપત્ર મુજબ જે કોઇ ખર્ચ કરવામાં આવ્યો છે તે પૂરેપૂરો કરેલ નથી. તો ખરેખર આ માગણી મુકવાનો પ્રશ્ન જ આવતો નથી. તો મારે આ પૂરક માગણીમાં હું મારા જુદા જુદા વિભાગોની રજૂઆત કરું છું. પહેલાં પાણી પુરવઠા વિભાગની વાત કરું તો પાણી પુરવઠા વિભાગમાં ખરેખર મારા જ મત વિસ્તારમાં સાણંદ અને બાવળામાં પાણી દરેક ગામોને બે સ્ત્રોતથી આપવાનું

હોય છે. એક તો બોરથી અને પાણીની લાઇટ. મારા લગભગ કાંઠા વિસ્તારમાં ૧૦ થી ૧૨ ગામોમાં હાલની તારીખમાં કોઇ સ્ત્રોતથી પીવાનું પાણી આપવામાં આવતું નથી. તો ખરેખર આપણી જવાબદારીમાં આવતું હોય તો તમામ ગામોને પીવાનું પાણી આપવું જોઇએ. બીજું કે સાણંદ તાલુકામાં 'નેનો નેનો' ની વાત કરું. ખરેખર અમારી ૧૧૦૦ એકર જમીનમાં...

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ, આ નેનો વાળો વિષય નથી. પૂરક માગણીના વિષયમાં બોલો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : એટલી વાત કરું કે નેનો માં પાણી પુરવઠા વિભાગ તરફથી ખરેખર પીવાનું પાણી આપવું જોઇએ. જે પીવા માટે આપતા નથી અને ઉદ્યોગોમાં આ પાણીનો ઉપયોગ કરે છે. બાજુમાં ૧૦ ગામોના લોકોને અને પશુઓને પીવાનું પાણી મળતું નથી. ગામના નામ આપ કહેતા હોય તો રજૂ કરું: ચારોડી, કલાણા, શીયાવાડા, ચરલ. આ વિસ્તારમાં લોકોને તથા પશુઓને પીવાનું પાણી મળતું નથી. તળાવો હાલ ખાલી છે. નેનો અને ફોર્ડને પાઇપલાઇન દ્વારા પુષ્કળ પાણી આપવામાં આવે છે. આ વિસ્તારના અંતરિયાળ ગામો ખેતી કરી શકે એટલા માટે તેમને પાણીની જરૂર છે. તેમના ઢોર-માલને પાણી મળી રહે. ઘાસ ઉગાડીને પશુધનને બચાવી શકે. એકબાજું આપણે ગતીશિલ ગુજરાત, ગતિશીલ ગુજરાત કહીએ છીએ. ભાઇ, શેની ગતિ •(×××)

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ, હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : ખરેખર એવું જ છે ને.

ઉપાધ્યક્ષશ્રી : હોય તો પણ આવું અહીયા ન બોલાય.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : અમારા સ્થાનિક ખેડૂતોને, આગેવાનો અને બધી જ કોમના લોકોને પશુધનને પીવાનું પાણી નથી. બીજી વાત કરું શહેરી વિકાસમાં ખરેખર ઝૂંપડપટ્ટી હતી. આ સરકારે દૂર કરી. સરકારે કહ્યું ૨૫ ચો.મી.ના પ્લોટ આપીશું. પ્લોટ તો શું આપે. દબાણ દૂર કરી, ઝૂંપડપટ્ટી દૂર કરી એ તમામ ઝૂંપડપટ્ટીના લોકો રોડ ઉપર આવી ગયા. કોઇના સગાસંબંધી આજુબાજુમાં રહેતા હોય ત્યાં રહેવા જતા રહ્યા, કોઇ સરકારી ગૌચર જમીન રોડની આજુબાજુ પડતર હોય ત્યાં ઝૂંપડપટ્ટી બનાવીને રહેવા લાગ્યા. ઝૂંપડપટ્ટી કાઢી નાખી અને ત્યાં આગળ ૨૫ વારના મકાન બાંધીને આપીશું. મકાનના તેમને પાછા ૮૦ હજારથી ૨ લાખ રૂપિયા ભરવાના. આવી ઝૂંપડપટ્ટીમાં રહેનાર માણસ કઇ રીતે ૨ લાખ રૂપિયા ભરી શકે? એ બિચારો પોતાની ઝૂંપડપટ્ટીમાં રહીને પોતાનું ગુજરાન અને કુટુંબનું ભરણપોષણ કરતો હોય તેને રોડ ઉપર કરી દીધો. આજની તારીખમાં અમદાવાદ શહેરમાં ઝૂંપડપટ્ટી દૂર કરી છે તેઓ અત્યારે બેઘર છે.

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ફરી બપોરના ૩-૧૫ કલાકે મળશે.

( વિરામ ૨-૩૦ થી ૩-૧૫ )

માનનીય અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષ સ્થાને.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ માટે રાજયના નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૧૦૨ નંબરની જે માગણી લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજુ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીની જે માગણી છે તેમાં અટલ મિશન યોજના માટે ૫૦ લાખની, મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ વિકાસ યોજના માટે ૧૩૪૯૬ લાખ, નગરપાલિકાઓના આકસ્મિક ચૂંટણી ફંડ પેટે ૧૪૨૮ લાખ, ૧૪મા નાણાપંચની સામે ૧૨૯૨૯ લાખ, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન ૨૦૦૦ લાખ, નદી સંરક્ષણ યોજના ૫૧૩૯ લાખની માગણીઓ છે. ભારત સરકાર અને દેશના વડાપ્રધાન તથા તત્કાલિન મુખ્યમંત્રી કે જેમનું સ્વપ્ન અટલ મિશન યોજના થકી એક સુંદર સ્માર્ટ સિટીનું આયોજન થાય તેના માટે ૫૦૦ શહેરોની યાદી તૈયાર કરી છે તેમાં પ્રથમ તબક્કામાં ગુજરાતના બે શહેરો અમદાવાદ અને સુરતની પસંદગી કરવામાં આવી છે તેને હું આવકારું છું. અટલ મિશન યોજનાની બાબતમાં વાત કરું તો આ યોજના અંતર્ગત શહેરના આધુનિકરણ અને નવીનીકરણ માટે એક એવું શહેર બને કે ઇ-ગવર્નન્સના માધ્યમથી સરકારની તમામ યોજનાઓ એક જ છત્ર નીચે પ્રાપ્ત થાય. આના થકી એક સુંદર શહેરનું આયોજન થઇ શકે. જુદા જુદા વિસ્તારોની અંદર વિકાસથી વંચિત રહેલો વિસ્તાર હોય તેની અંદર પણ કામગીરી કરવામાં આવે. અટલ મિશન યોજના એવી છે કે તે ૭૫:૨૫ ટકાના ધોરણની યોજના છે. ૭૫ ટકા કેન્દ્ર સરકાર તથા ૨૫ ટકા રાજય સરકારના અનુદાનની આ યોજના છે. પાંચ વર્ષ દરમ્યાન વિવિધ શહેરોમાં ૨ લાખ કરોડ કરતાં વધુ રૂપિયાના રોકાણની આશા છે. કેન્દ્ર અંદાજે એક લાખ કરોડ આપશે તેની સામે રાજય સરકાર પીપીપી ધોરણે એક લાખ કરોડનું આયોજન કરશે. આના દ્વારા જેએનયુઆરએમના અધૂરા પ્રોજેક્ટ છે તેને સમાવિષ્ટ કરવાનું નક્કી કર્યુ છે. તે સિવાય ૨૦૧૪ની અંદર ધોલેરા દેશનું પ્રથમ સ્માર્ટ સિટી બને તેના માટે ૩ હજાર કરોડ ફાળવવામાં આવ્યા છે. ગુજરાતની વાત કરીએ તો સાણંદને સેટેલાઇટ સિટી, અમદાવાદ, રાજકોટ, ભાવનગર, વડોદરા, સુરત, ગાંધીનગર એમ સાત સ્માર્ટ સિટી બનાવવાની યોજના માટે કેન્દ્ર સરકાર દ્વારા ૬૦ કરોડની ફાળવણી કરવામાં આવનાર છે. જયારે દેશની અંદર દેશ આઝાદ થયો ત્યારથી મારા સાથી મિત્ર રાજયગુરુભાઇ કહી રહ્યા હતા કે અગાઉથી આયોજન થવું જોઇએ. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, જ્યારથી દેશ આઝાદ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

થયો ત્યારથી માંડીને ૫૦ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન રહ્યું છે અને એમનું કહેવું એવું હતું કે, તમે કાંઇ કરતા નથી ત્યારે મારે કહેવું છે કે શહેરોના વિકાસ માટે મુખ્ય મંત્રી સ્વર્ણિમ જયંતી યોજના દ્વારા શહેરોનો વિકાસ થાય, સુદ્રઢ વિકાસ થાય, ખૂબ સારી રીતે એના આરોગ્યની ચિંતા થાય, દરેક બાબતોના પાસાનો વિચાર કરીને ગંદા વિસ્તારોની સ્વચ્છતા માટે પણ આયોજન કરવામાં આવ્યું છે. એ સિવાયની જે એક બાબત છે "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" જ્યારે ગુજરાત મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી ઉજવી રહ્યું હોય એવા સમયે આપણા લોક લાડીલા વડા પ્રધાને સ્વચ્છતાની જે પહેલ કરી છે અને ગુજરાત સરકારે અને આપણા ગતિશીલ ગુજરાતના મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ સ્વચ્છતા ઉપર ભાર દઇને રાજ્યની અંદર દરેક જગ્યાએ વ્યક્તિગત શૌચાલયો પણ સારી રીતે ઉપલબ્ધ થાય એ માટેના પ્રયત્નો શરૂ કર્યા છે એને હું બિરદાવું છું.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંગેની પૂરક માગણી નં.૯૬ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ગુજરાત રાજ્યના પૂર્વ વિસ્તારમાં વસતા ૯૦ લાખ જેટલા આદિવાસી લોકો કેવી રીતે પગભર બને, ગુજરાતના વિકાસમાં કેવી રીતે કદમથી કદમ મિલાવે એના માટે સરકારે વનબંધુ કલ્યાણ યોજના પ્રારંભ કરી હતી. પ્રથમ તબક્કામાં ૧૫ હજાર કરોડ રૂપિયાની સામે ૧૭,૮૦૦ કરોડનો ખર્ચ કર્યો, બીજા તબકકામાં આ યોજનામાં ૪૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવા માટે લગભગ વિકાસ માટેના તમામ જરૂરી ૧૦ મુદ્દાઓ જેવા કે લોકોને રોજગારી મળી રહે તે માટે, શિક્ષણની ગુણવત્તા સુધરે, આદિવાસી વિસ્તારનો આર્થિક વિકાસ વેગવંતો બને, સૌના માટે આરોગ્યની વ્યવસ્થા થાય, સૌના માટે ઘરની વ્યવસ્થા થાય, સ્વચ્છ પીવાનું પાણી મળે, સિંચાઇની સુવિધા મળે, આદિવાસી વિસ્તારોમાં વીજળીની સાર્વત્રિક સુવિધાઓ મળે, આદિવાસી વિસ્તારમાં બાર માસી રસ્તાઓની સુવિધા થાય, આદિવાસી વિસ્તારના જે નાના મોટા શહેરો છે એનો પણ વિકાસ થાય, આદિવાસી યુવાનોને ખેલકૂદ કૌશલ્ય તાલિમની તકો મળે એના માટે સરકારે બજેટમાં અનેકવિધ જોગવાઇઓ કરી છે. ગયા વર્ષના ચાલુ બજેટની અંદર આવા પ્રકારની અનેક સુવિધાઓ કરી હતી પણ ચાલુ વર્ષે અમુક બાબતોની પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રી લાવ્યા છે ત્યારે અહીંયા ઘણાં લોકો વાત કરતા હતા, અહીંયા આવાસની વાત થઇ, આવાસની સંખ્યાની ચર્ચા થતી, ખૂબ વર્ષો પહેલા એક એક તાલુકામાં લગભગ ૫૦૦-૧૦૦૦ આવાસોની ફાળવણી થતી હતી, ૦ થી ૧૬ના સ્કોર પ્રમાણે બી.પી.એલ. ધારકોને આવાસો આપવામાં આવતા હતા, ત્યારે આજે મને અહીંયા કહેતા ગર્વ થાય છે કે, આદિવાસી વિસ્તારની અંદર ૦ થી ૧૬, ૧૭ થી ૨૦ અને ૨૧ થી ૪૦-૫૦ જેટલા સ્કોર વાળા બી.પી.એલ.ધારકોને તમામે તમામને આવાસની વ્યવસ્થા આ સરકારે પૂરી પાડી છે. હવે એ લોકોના કાચા ઘર છે એ કાચા ઘરની જગ્યાએ પાકા આવાસ આપવાની યોજના શરૂ કરી છે અને એની અમલવારી શરૂ કરી છે ત્યારે આદિવાસી વિસ્તારમાં ઝૂપડપટ્ટીમાં રહેતા લોકો છે એ લોકોને વર્ષોથી ખોટા પ્રચારો કરી ભરમાવતા હતા આવા લોકોને જ્યારે સારા કામો થાય છે ત્યારે ગમતું નથી. સિંચાઇની સુવિધાઓની બાબતની અંદર વરસાદ આધારિત ખેતી કરીને જીવતા આદિવાસીને સિંચાઇની સુવિધા મળે છે, ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ લોકોને મળવા લાગી છે. ઉંડાણના વિસ્તારની અંદર વીજળીનું મફત કનેકશન મળે છે. હમણાં જ સરકારે વીજળીનું કનેકશન જ્યાં નથી પહોંચી શકે તેમ છે ત્યાં સોલાર સિસ્ટમ- પંપો દ્વારા પણ વીજળીનું કનેકશન મળે એવી વ્યવસ્થા કરી છે અને એ રીતે સિંચાઇની સુવિધા આપવામાં આવે છે. આ સરકારે આદિવાસી લોકોના ઉત્થાન માટે આવા પ્રકારની ઉત્તમ ટેકનોલોજી વાળી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી છે ત્યારે ઘણા લોકોને આ બધું નથી ગમતું. ગામડાંનો માણસ ખેતીનું ઉત્પાદન કરે નજીકની એ.પી.એમ.સી.માં જાય કે નાના શહેરમાં જઇને આપ લે કરે અને એ રીતે શહેરનો પણ વિકાસ થાય અને શહેરની સાથે ગામડું જોડાયેલ હોય ત્યારે એના માટેની વ્યવસ્થા પણ આ સરકારે કરી છે. આશ્રમશાળાઓ, છાત્રાલયો, શિક્ષણની સુવિધાઓ કરી છે. જેટલી પણ શિક્ષણની સંસ્થાઓ છે એ એકદમ ઉત્તમ પ્રકારનું શિક્ષણ પૂરું પાડે છે. દરેક તાલુકામાં વિજ્ઞાનની શાળા છે. એકલવ્ય મોડેલની સારામાં સારી સ્કૂલ આવેલી હોય છે. રેસીડેન્ટ સ્કૂલ હોય છે. આ બધી જ સુવિધાઓ આદિવાસી વિસ્તારમાં આદિજાતિ બાળકો માટે આદિજાતી વિકાસ વિભાગે શરૂ કરી છે. આદિવાસી વિસ્તારની પંચાયતો પણ સદ્ધર થાય. નાણાં પંચની ભલામણ અનુસાર ગ્રામ પંચાયત પણ વધારેમાં વધારે મજબૂત બને. ગામની સેવાઓ પણ સુદઢ બને, ગામડાંના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મારફતે ગામના લોકોને વધુ સારી સેવા અને સગવડ મળી શકે તે માટે ગ્રામ પંચાયત મજબૂતીકરણ કરવાની દિશામાં આજે માનનીય નાણા મંત્રીશ્રી અહીંયા જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમને હું હાર્દિક સમર્થન આપું છું.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા(લીમખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ગૃહના નાણામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ પૂરક માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું આદિજાતિ વિભાગ ઉપર બોલવા ઉભો થયો છું. આ ગુજરાતની સરકાર હરહંમેશને માટે આદિજાતીના લોકો માટે ચિંતિત હોય છે. આ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ગતિશીલ ગુજરાતની સરકાર છે. ગતિશીલ ગુજરાતની સરકાર એટલે દૂધ આપતી સરકાર. આદિવાસી વિસ્તારની અંદર ૨૮ જેટલા તાલુકાઓની અંદર દૂધ સંજીવની યોજના દાખલ કરી છે અને હંમેશને માટે નાના ભૂલકાંઓની આ સરકાર ચિંતા કરે છે. અમારા દાહોદ અને ઉમરગામથી અંબાજીના પટ્ટાની અંદર આદિવાસીઓ અને તેના બાળકો હરહંમેશા કુપોષણથી પીડાતા હતા અને તેથી છેવાડાના માનવી સુધીની ચિંતા આ ગતિશીલ ગુજરાતની સરકાર કરે છે. એક દિવસ એવો હતો કે અમારા આદિવાસી વિસ્તારની અંદર એક પણ રસ્તો નહોતો, અંતરિયાળ વિસ્તાર હોય, ડુંગરાળ વિસ્તાર હોય અને ડુંગરાઓની અંદર ચાલતા ચાલતા જતા હોય. આ રાજ્યમાં ૧૯૯૫થી જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે અને તેઓએ પગ માંડ્યો છે ત્યારથી આ આદિવાસી વિસ્તારનો વિકાસ શરૂ થયો છે.

ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિજાતિ વિસ્તારોની ખૂબ ચિંતા કરી છે. જે જગ્યાએ શાળાઓ નહોતી અને એક મકાનની અંદર લોકો ભણતા હતા એની જગ્યાએ ગામડાંઓની અંદર બહુમાળી શાળાઓ બનાવી છે અને એક એક શાળાની અંદર શિક્ષકોની પૂરતી ભરતી કરીને પૂરતા શિક્ષકો મૂક્યા છે. મારે આ સભાગૃહને જણાવવું છે કે હમણાં જ ઘણી વાતો થતી હતી કે આ ગતિશીલ ગુજરાત કોને કહેવાય આ ગતિશીલ ગુજરાત કહેવાય? પરંતુ આ દૂધ આપતી સરકાર છે એને જ ગતિશીલ ગુજરાત કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામડાંઓની અંદર આદિવાસી વિસ્તાર તેમાં આંગણવાડી હોય કે પ્રાયમરી શાળાઓ હોય તે દરેક શાળાઓને દૂધ આપે અને આ યોજના ૨૮ તાલુકાની અંદર લાગુ પાડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૯૧૯ પ્રાયમરી શાળાઓની અંદર ૬.૭૭ લાખ બાળકોને આ ગુજરાત સરકાર દૂધ પૂરું પાડે છે ત્યારે મારે આ સભાગૃહને જણાવવું છે કે, અમારા આદિવાસી વિસ્તારની અંદર જયારે નાના નાના ચેકડેમો બનાવી અને ત્યાં મોટી નદીઓ થઇ ત્યારે રિચાર્જ કરવાનું કામ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પગલું ભર્યુ છે ત્યારે અમારા વિસ્તારની અંદર રિચાર્જથી કૂવાનું પાણી, તળાવનું પાણી પણ ઉપર આવે તેના માટે ખૂબ ચિંતા કરી છે. આટલુ જ નહીં પણ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન આદિવાસી વિસ્તારોની અંદર જયારે બાળકો શાળાએ ભણવા નહોતા જતાં એવા સમયની અંદર આપણાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબને લાખ લાખ ધન્યવાદ આપું કે તેઓએ શાળાપ્રવેશોત્સવ શરૂ કરીને ગામડાંની એક બાળકીનો હાથ પકડીને શાળાએ લઇ જાય એવા આ દેશના વડાપ્રધાન અને આ ગૃહના મુખ્યમંત્રી. મિત્રો, તેઓ છેવાડાના માનવી સુધીની ચિંતા કરતા હોય બીજુ કે દેશના વડાપ્રધાન એકલી જ ચિંતા નહીં પણ સૌનો સાથ સૌનો વિકાસના મંત્રને છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેનો પ્રયત્ન કરી રહ્યાં છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી વિંછિયાભાઇ જો. ભૂરિયા : આ ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ હર–હંમેશને માટે આ ગતિશીલ ગુજરાતને આગળ વધારવાના પ્રયત્ન કરી રહ્યાં છે જયારે અગાઉની સરકારે શૂન્ય પણ કામ નથી કર્યુ ત્યારે તેઓ આજે છાતી ઠોકીને કામ માગે છે. મિત્રો, મારે આપ બધાને કહેવાનું છે કે આદિવાસી વિસ્તારની અંદર કેટલા કામો થયા છે તે મારા સામેના વિપક્ષના સભ્યો છાતી ઉપર હાથ મૂકીને યાદ કરે કે પોતાના વિસ્તારની અંદર કેટલા કામો થયા છે. આ ગૃહના નાણામંત્રી સાહેબ આ ગૃહની અંદર જયારે પૂરક માગણીઓ લઇને આવ્યા છે તેમને હું પૂરેપૂરો ટેકો આપુ છું, આભાર માનું છું.

શ્રી અરુણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને પૂલોની પૂરક માગણીઓ ઉપરની ચર્ચામાં મારા વિચારો હું રજૂ કરું છું. ભાજપ સરકારના વિકાસની ગાથામાં કહેવાનું થતું જાય છે તેમ તેમ સમયના અભાવે હું મારી વાત ટૂંકી કરીશ. માત્ર અને માત્ર ફક્ત વિકાસની વાતો નહીં તેનું અમલીકરણ જો કરેલુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલુ છે. વિપક્ષના કોંગ્રેસના નેતા તેઓ પણ જુએ છે કે પહેલા ગાંધીનગર આવવું હોય, આ હાઉસના બધા લોકોને ગાંધીનગર આવવું હોય તો કલાકોના કલાકો થતાં હતા. આ મુખ્યમંત્રી આનંદીબહેન અને નીતિનભાઇ પટેલના દ્રષ્ટિકોણથી રસ્તાઓની જે યોજનાઓનું માળખું સુવ્યવસ્થિત કરવામાં આવ્યુ છે ત્યારે ગુજરાતમાં ભાજપની સરકાર વિવિધ યોજનાઓ, પ્રગતિ પથ, વિકાસ પથ, તાલુકા મથક, પ્રવાસી પથ, તાલુકા થી તાલુકાને જોડતા જિલ્લા મથકો, નજીકના જિલ્લાના મથકો સાથે જોડાતા બંદરો, જોડાતા ઉદ્યોગો, જોડાતા રસ્તાઓ જેવી યોજનાઓ મંજૂર કરીને આજે સમગ્ર ગુજરાતમાં આખુ બાંધકામ વિભાગનું નેટવર્ક ઉભું કરવામાં આવેલું છે. દેશને સ્વતંત્રતા મળી પછી વર્ષો સુધી કોંગ્રેસે રાજ કર્યું અને સારા રસ્તાઓના અભાવના કારણે લોકો ગામડાંઓમાં ઘોડાગાડી જોડતા હતા, બળદગાડી જોડતા હતા, સાયકલો ઉપર કે ચાલતા જવું પડતું હતું, ગામડાંની દશા ખૂબ ખરાબ હતી, ઉદ્યોગો સ્થાપી શક્યા ન હતા, ગૃહ ઉદ્યોગો ચાલતા ન હતા અને ગામડાંઓના લોકો સાદગીભેર જીવન જીવતા હતા, ત્યારે મિત્રો, આત્મખોજ કરવાની જરૂર છે. આત્મખોજ કરશો અને આત્મીયતાથી પ્રભુ પાસે જવાબ માગશો તો તમને જવાબ મળશે.

પાકા રસ્તાઓ બનાવવામાં ગુજરાત એ દેશનું એક વિકાસ મોડલ બન્યું છે. સમગ્ર દેશમાં ગુજરાત એક નંબરે વિકાસમાં જયારે આગળ છે ત્યારે હું આજે વાત કરીશ કે, માનનીય નીતિનભાઇ પટેલ અને માનનીય શ્રીમતી આનંદીબહેનને મારા ભરૂચમાં મત વિસ્તારની વાત કરૂં તો ભરૂચ જિલ્લો એ કુલ ૧૩,૭૦,૬૫૬ની વસતિ ધરાવતો જિલ્લો છે. જેમાં નવ તાલુકાઓ છે, એમાં વાલિયા, નેત્રંગ, ઝગડિયા એ ટ્રાયબલ વિસ્તાર છે. વેપાર માટેનું મથક, યાત્રાધામો, પર્યટન સ્થળો, જી.આઇ.ડી.સી., ઔદ્યોગિક વિસ્તાર છે, મહારાષ્ટ્ર રાજય સાથે કનેક્ટીવીટીથી જોડાયેલ છે.

નેશનલ હાઇવે, રાજય ધોરી માર્ગ, જિલ્લા પંચાયત હેઠળ રસ્તાઓના કામની વાત કરું તો, છેલ્લા ત્રણ વર્ષમાં ૧૪૮૫ કરોડ રૂપિયા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપેલા છે. આજે હું આનંદ સાથે વાત કરીશ કે, ૪૨૬ કરોડ રૂપિયા બીજા કામોમાં, અને ૫૩૭ કિલોમીટર લંબાઇનું કામ પણ પૂર્ણ કરેલું છે. એવી જ રીતે બીજા કામની વાત કરું તો, ૫૫૩ કરોડના ૪૮ કામો કરવામાં આવેલા છે. આજે હું માનનીય નીતિનભાઇ પટેલને આનંદ સાથે ધન્યવાદ આપીશ કે, ૨૯૬૯ કરોડ રૂપિયા આ ભરૂચ જિલ્લાના રસ્તાની સુખાકારીમાં આપેલા છે ત્યારે આ સરકારને હું ધન્યવાદ આપું છું. તમે જાઓ, અમારા વાગરા મત વિસ્તારની અંદર તો તમને ખ્યાલ આવશે કે, વાગરામાં આજે રસ્તો તમે જોશો તો વાગરા મત વિસ્તારમાં રસ્તાઓ માટે ૪૦૬ કરોડ રૂપિયા બે વર્ષમાં આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આજે બીજી પણ વાત કરીશ કે, ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રીજ છે એની વાત કરું તો આજે મને આનંદ થાય છે કે, ૧૫૦ વર્ષ જૂનો પુલ, માનનીય શ્રીમતી આનંદીબહેન અને માનનીય શ્રી નીતિનભાઇ પટેલે હમણાં ઉદ્દઘાટન

કરીને કામની શરૂઆત કરી છે. આને કહેવાય દ્રષ્ટિ, આને કહેવાય વિકાસ. પ્રામાણિકતાથી આ ગુજરાત રાજ્ય આગેકૂચ કરે છે. પુલોની કામગીરીમાં વધારો કરીએ. ગામડાંમાં, તાલુકાઓ અને જિલ્લાને જોડતા રસ્તામાં ભાજપ સરકારે કરેલી સિધ્ધિઓ તરફ દ્રષ્ટિકોણ કરીએ તો મેજર બ્રીજની ૨૦૦૧માં ૧૨૯૦ની સંખ્યા હતી. એ માર્ચ ૨૦૧૫માં ૧૪૮૮ની સંખ્યા થઇ. ૧૯૮ મેજર બ્રીજ બનાવવામાં આવેલા છે. મિત્રો, આ કોઇ નાનીસૂની વાત નથી. આને કહેવાય છે વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, માઇનોર બ્રીજની ૨૦૦૧માં ૪૨૫૮ સંખ્યા હતી, ૨૦૧૫માં ૫૧૮૯ની સંખ્યા થઇ છે. ૯૩૦ માઇનોર બ્રીજો બનાવવામાં આવેલા છે. નાના– મોટા નાળાઓની વાત કરું તો, માર્ચ – ૨૦૦૧માં ૨૨૮૦૦ એની સંખ્યા હતી, માર્ચ– ૨૦૧૫માં ૩૯૮૨૨ની સંખ્યા એટલે કે લગભગ ૧૭૦૧૪ ઉપરાંતનો વધારો એમાં થયેલો છે. મિત્રો અમે જયારે વાત કરી રહ્યા છીએ ત્યારે એમ નથી કહેવા માગતા કે પહેલાં રસ્તાઓ નહોતા, પહેલા રસ્તાઓ હતા પણ એમાં ઘણી તકલીફો હતી. માનનીય રાઘવજીભાઇએ અહીંયા વાત કબૂલી કે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ નોન પ્લાનની અંદર પણ રસ્તાઓ આપ્યા છે એ બદલ મંત્રીશ્રીને એમણે અભિનંદન પણ આપ્યા છે અને પોતે સાચી વાત કબૂલી છે. કોંગ્રેસના શાસનમાં એક રસ્તો બની જાય એ પછી છેક દસ બાર વર્ષે ફરીથી એ રસ્તો બનતો હતો. જયારે ભાજપના શાસનમાં એ ૬ થી ૭ વર્ષમાં સમગ્ર ગુજરાતના રસ્તાઓ, પૂલો બને છે જે ન ભૂતો ન ભવિષ્યતિ. કયારેય પણ આવા રસ્તાઓ જોવા મળશે નહિ. મનથી સંકલ્પ કરીને મનથી વિચારો અને એ વિચારીને પછી આ સરકારની ટીકા કરો.

હમણાં આ હાઉસમાં તંદુરસ્ત પ્રણાલિકા જોઇ. સમગ્ર ગુજરાત જયારે આ જોઇ રહ્યું હોય ત્યારે કમસેકમ ખોટું તો ન બોલો. સન ૨૦૦૦ થી ભારતીય જનતા પાર્ટીની સરકાર બનતી હોય તો એની પાછળ કંઇક તો હશેને? આત્મખોજ આપણે કરવાની જરૂર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ ગામડાં અને શહેરોના રસ્તાઓનું કામ ખૂબ જ સારું કર્યું છે ત્યારે આ વિભાગ ઉપર છ કલાક બોલીએ તો પણ ઓછા પડે. ગામડાંના જે નોન પ્લાન રસ્તાઓ છે એ રસ્તાઓ પણ આ સરકારે મંજૂર કર્યા છે. ગામડાંના બધા જ કામો સારા થાય છે એટલે ગુજરાતમાં બાંધકામ ખાતું છે એ પહેલા નંબરનું ખાતું બનશે એવું ચોક્કસપણે કહીશ.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરિયા(કામરેજ) : અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી નંબર ૬૭ લઇને આવ્યા છે એને સમર્થન આપવા અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

રાજયની પ્રગતિ અને સમૃદ્ધિ એનું પાણી મેનેજમેન્ટ, પાણી પુરવઠા ઉપર ભાગ ભજવતું હોય છે, પછી એ ઔદ્યોગિક હોય કે પીવાનું પાણી હોય. જે તે વિસ્તારની અંદર ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કરીને પાણી પહોંચાડીએ તો એનાથી અનેક પ્રકારના ફાયદા થાય છે અને એ સરકારની સફળતા ગણી શકાય. પર્યાવરણ બચાવવાથી લઇને આરોગ્ય સુધીની તમામ બાબતોની પ્રથમ ચિંતા સરકારે કરી હોય તો પાણી મેનેજમેન્ટની કરી છે જે ખૂબ જ પ્રશંસનીય કામગીરી છે એના માટે આપણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો પણ પ્રાપ્ત કરી ચૂકયા છીએ.

સન ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીનું શાસન શરૂ થયું ત્યારે પૂરા ગુજરાતની અંદર ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું. જયારે થોડીક જરૂરિયાત પડે ત્યારે એના અંગે વિચારવું એટલે પાણી બાબતે નક્કર આયોજન કે ચિંતા કરવામાં આવી નહોતી ત્યારે માત્ર આંગળીના વેઢે ગણી શકાય એટલા ધાર્મિક અને સામાજિક સંગઠનોએ કે સંસ્થાઓએ ભૂગર્ભ જળ બચાવવા માટે થોડો ઘણો પ્રયાસ કર્યો હતો. એમાં સ્વામિનારાયણ સંપ્રદાય, પાંડુરંગ શાસ્ત્રીનો સ્વાધ્યાય પરિવાર અને સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ દ્વારા પાણી બાબતે નાના નાના પ્રયાસો થઇ રહ્યા હતા. ત્યારબાદ રાજય સરકારે રાજયમાં લાઇનો પાથરીને પાણી આપવાનો પ્રયાસ કર્યો અને ભૂગર્ભજળ બેલેન્સ કરવા ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરી. ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો સમુદ્ર કિનારો આવેલો છે એ ઉપરાંત પૂર્વ આદિવાસી વિસ્તારમાં પર્વતવાળા વિસ્તારો છે ત્યાં ઉનાળામાં પાણીની ખૂબ જ પરેશાની હોય છે. એવા સમયે ગુજરાતમાં શ્રેષ્ઠ વોટર મેનેજમેન્ટ માટે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાનું G.W.S.S.B.નું આયોજન કર્યું. હેન્ડપંપ, મીની પાઇપ અને વ્યકિતગત પાણી પહોંચાડી શકાય એવી તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી છે. નર્મદા કેનાલ G.W.I.L. દ્વારા પણ ખૂબ મોટી કામગીરી ડિપાર્ટમેન્ટ વહેંચીને પણ કરવામાં આવી છે અને આંતરિક ગ્રામ્ય લોકભાગીદારી દ્વારા વાસ્મો દ્વારા પણ અનેક યોજનાઓ બનાવીને પાણી પહોંચાડવાનો સફળ પ્રયાસ કર્યો છે. ૧૯૯૫ પછી પ્રયાસ શરૂ થયો, ૨૦૦૧માં ૪,૦૫૪ ગામોમાં ટેંકર દ્વારા પાણી આપવામાં આવતું હતું. તેમાં આજે ઘટાડો થઇ પરા વિસ્તાર કે જ્યાં પ્રોબ્લેમ છે ત્યાં માત્ર ૩૦૦–૩૫૦ જગ્યાએ આજે ટેંકરો દ્વારા પાણી આપી રહ્યા છીએ ત્યારે એ રાજ્ય સરકારની શ્રેષ્ઠ સફળતા કહી શકાય જેમણે આટલું સરસ મેનેજમેન્ટ કર્યું. આંતરિક જિલ્લાઓને એક માળખાકીય અંડરગ્રાઉન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર પાણીની લાઇન દ્વારા ૨,૭૨૭ કિલોમીટર, ૧૮૭ પાણીના શુદ્ધિકરણના પ્લાન્ટ. આ કિલોમીટર જોતાં જ ખ્યાલ આવી જશે કે કેટલો મોટો પ્રયત્ન રાજ્ય સરકારે કર્યો છે. કુલ ૧૧,૮૫૬ ગામો, ૧૯૪ શહેરો અને ૨૯૫ કરોડ લીટર પાણીની વ્યવસ્થા કરવાના છીએ ત્યારે નર્મદા પાઇપલાઇન દ્વારા જોડાઇ ચૂકેલા ૧૫૭ અને ૮,૨૦૫ જેટલા ગામોમાં ખૂબ પ્રસંશનીય કામગીરી થઇ છે. આંતરિક પાણી વ્યવસ્થામાં વાસ્મો દ્વારા ૧૬,૯૨૭ માંથી ૧૨,૯૭૩ પૂર્ણ થયા છે અને ૩૯૫૪ પ્રગતિ હેઠળ છે. રાજયમાં ૫૨,૯૦,૦૦૦ પરિવારના નળ જોડાણ તેમાં જે આદિવાસી વિસ્તાર છે તેમાં ૮,૫૬,૦૦૦ જેટલા કનેકશનોમાં નળ જોડાણ આપવામાં આવ્યું છે. આદિજાતિ વિસ્તારની યોજનામાં, વનબંધુ યોજનાઓમાં પણ આ યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું છે. કુલ હેન્ડ પંપ હતા ૨,૩૯,૦૦૦ તેમાં ૧,૭૩,૧૦૩ આદિજાતિ વિસ્તારોની અંદર છે અને આ વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા વાસ્મોમાં ૧૦ ટકા જે એમને ભરવાના

આવતા હોય છે, રોકડ રકમ જે યોજનાના હિસાબે આપવાની હોય છે તે પણ રાજ્ય સરકારે માફ કરી ૪.૫૫ કરોડ ડાયરેક્ટ રાજ્ય સરકારે ભરી અને આ અંતરિયાળ વિસ્તારમાં અંત્યોદય સુધી સુવિધા પૂરી પાડવા માટેનો એક ભગીરથ પ્રયાસ થયો છે. સાગરખેડૂ દ્વારા ૧૩ જિલ્લાઓ અને ૩૮ તાલુકામાં ૨૭૦૦ ગામોમાંથી ૨૨૯૫ ગામોમાં પુરવઠા જોડાણ થયેલું છે અને ૧.૧૩ લાખ પરિવારોને નળ જોડાણ આપીને પાણી પુરવઠા બાબતમાં શ્રેષ્ઠ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુનિયા જયારે ઉર્જા ક્ષેત્રે ખૂબ વિચારી રહી છે અને પર્યાવરણને લક્ષ્યમાં રાખીને રાજ્ય સરકારે જો પહેલ કરી હોય અને એક બેસ્ટ પ્લાનીંગ કર્યું હોય તો ૪૪૦ બોરવેલમાં સૌર ઉર્જાથી પાણી પહોંચાડવાનો એક પ્રયાસ થઇ રહ્યો છે, જે ભારતમાં ગુજરાત આ બાબતમાં ખૂબ સરસ રીતે પ્લાનીંગ કરી રહ્યું છે. શહેરી વિસ્તારોમાં પાણીની ખૂબ સરસ વ્યવસ્થા થઇ રહી છે ત્યારે સુરત મહાનગર પાલિકામાં શુદ્ધ અને ખૂબ સારું પાણી લોકો સુધી પહોંચે છે. આસપાસના નવા ગામોનો સમાવેશ સુડામાં કરવામાં આવ્યો છે એમના માટે રાજ્ય સરકારે સ્પેશિયલ યોજના જાહેર કરવી જોઇએ. સુડાને બદલે એસ.એમ.સી.ને ગ્રાન્ટ અપાય તો આ વિસ્તારોને સારું અને શુદ્ધ પાણી પહોંચાડી શકીશું. આ નવા વિસ્તારો માટે પાણીની યોજના બનાવવી જોઇએ અને એ વિસ્તારોમાં પાણી પહોંચાડવું જોઇએ. સુરત મહાનગરપાલિકાના અનેક પ્રોજેક્ટો રાજ્ય સરકારના સહયોગથી સફળ થયા છે ત્યારે પાણીની અંદર પણ સુરત મહાનગરપાલિકા ખૂબ સારી કામગીરી કરી રહી છે. અસ્તુ.

શ્રી સૌરભ પટેલ ( નાણામંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું પૂરક માગણી નં.૧૦૨, ૬૭, ૭૦, ૮૬ અને ૯૬ લઇને આવ્યો છું એમાં ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ લાવવાના ઘણા બધા કારણો હોય છે. રાજ્ય સરકાર જ્યારે બજેટ બનાવતી હોય છે ત્યારે દરેક ખર્ચને ધ્યાનમાં લેતી હોય છે. પણ ઘણીવાર એવા સંજોગો બનતા હોય છે જેના કારણે આ પૂરક માગણીઓ રજૂ કરવી પડતી હોય છે. રાજ્ય સરકારની કોઇ યોજના આવી, કેન્દ્ર સરકારની કોઇ યોજનાની ટકાવારી બદલાઇ હોય, કોઇ યોજના પાછળ રાજ્ય સરકાર વધારે ખર્ચ કરવા માગતી હોય, કોઇ વહીવટી ખર્ચ વધ્યો હોય, પગારમાં નાનો-મોટો વધારો થયો હોય, કોઇ કોર્ટ કેસીસનું જજમેન્ટ આવ્યું હોય. આવા અનેક કારણોસર વિધાનસભાગૃહમાં પૂરક માગણીઓ લાવવામાં આવતી હોય છે. ૧૦૨ નંબરની પૂરક માગણીમાં કેન્દ્ર સરકારે અમૃત યોજના જાહેર કરી અને એ વખતે રાજ્ય સરકારે કોઇ પ્રોવિઝન કરેલ હતું નહીં એટલે તાત્કાલિક રૂ.૫૦/- લાખ કન્ટીજન્સી ફંડ તરીકે આ યોજનાની અંદર ભાગ લેવા માટે આપણે આ માગણી લાવ્યા હતા. આમ જોઇએ તો ઘણા વર્ષોથી નગરપાલિકા અને મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રાજ્ય સરકારનો ખૂબ મોટો ફાળો હોય છે અને તે બજેટમાં મૂકતી હોય છે. આ વર્ષે રૂ.૪૨૨૮/- કરોડનો ફાળો કર્યો હતો. પણ એડિશનલ રિક્વાર્યમેન્ટ રૂ.૩૩૫/- કરોડની આવી. એની અંદર વિભાગે પોતાની બચતમાંથી રૂ.૧૩૪/- કરોડની બચત બતાવી એટલે સપ્લીમેન્ટરી ડિમાન્ડ રૂ.૧૯૯/- કરોડની મૂકવામાં આવી અને આસિસ્ટન્સ ટુ મ્યુનિસિપાલિટી અને મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ખર્ચ કરવામાં આવ્યો એવી જ રીતે લોકલ બોડીના ઇલેક્શન માટે કરન્ટમાં રૂ.૩.૦૨ કરોડ મૂક્યા હતા અને ખર્ચ રૂ.૯.૮૫ કરોડ થયો. વિભાગમાં રૂ.૫.૫૭ કરોડની બચત થઇ એટલે સપ્લીમેન્ટરી ડિમાન્ડમાં ઘટાડો થયો. ૧૪મા નાણાપંચમાં દર વર્ષે ખૂબ મોટા પ્રમાણમાં નાણા ફાળવવામાં આવે છે. ભારત સરકાર દ્વારા આ વર્ષે રૂ.૧૨૯/- કરોડની વધારાની ગ્રાન્ટ રિલિઝ કરવામાં આવી. એટલે આપણે રૂ.૧૨૯.૨૯ લાખની સપ્લીમેન્ટરી ડિમાન્ડ રજૂ કરી છે. કેન્દ્ર સરકારે નેશનલ રીવર કન્ઝર્વેશનનો પ્લાન મૂક્યો અને આપણી પાસે આ પ્લાન માટે કોઇ પ્રોવિઝન ન હતું. એટલે કન્ટીજન્સી ફંડમાંથી રૂ.૧/- કરોડની એમાઉન્ટ વિડ્રો કરી હતી અને સપ્લીમેન્ટરી ડિમાન્ડ રૂ.૫૧.૩૯ કરોડની મૂકવામાં આવી છે. એવી જ રીતે પંચાયત વિભાગની વાત કરું તો કુલ વાર્ષિક પ્રોવિઝન રૂ.૮૪.૭૯ કરોડનું હતું અને ખર્ચ વધારે થયો. પંચાયતી રાજ ઇન્સ્ટિટ્યૂશન પાછળ અને હ્યુમન રિસોર્સીસ પાછળ ખર્ચ કરવાના કારણે રૂ.૨.૨૮ કરોડની ડિમાન્ડ મૂકવામાં આવી છે. એવી જ રીતે ગ્રાન્ટ ઇન એઇડસ સેલરી અને ટ્રેનીંગ ગ્રામ પંચાયતમાં આપવા માટે ૨૮.૫૬ કરોડ હાલના કરંટ ઇયરની પ્રોવીઝનમાં વધારો કરી અને સપ્લીમેન્ટરી ડીમાન્ડ અમે મૂકી રહ્યા છીએ. પંચાયત ઇલેકશન હમણાં જ ગયા આ પંચાયત ઇલેકશનની અંદર એડીશનલ ગ્રાન્ટ રૂ. ૭,૦૦૦ દરેક બુથ માટે આપણે આપવાનો નિર્ણય કર્યો અને એના માટે જે કોઇ સ્ટાફ હતો એ સ્ટાફનો ખર્ચો આપવાથી માંડીને બધું જ જે વધ્યું અને એના કારણે વધારાના ૭૪.૦૯ કરોડની આપણે સપ્લીમેન્ટરી ડીમાન્ડ મૂકી. કેન્દ્ર સરકારે આ વખતે ૭૦૨ કરોડ પંચાયતને રીલીઝ કર્યા હતા અને એ ૭૦૨ કરોડ રીલીઝ કરવાના કારણે કરંટ ઇયરમાં આપણે ૫૪૪ કરોડની જોગવાઇ કરી હતી એટલે ૨૨૪ કરોડ રૂપિયા આપણે વધારે સપ્લીમેન્ટરી ડીમાન્ડ મૂકવી પડી છે. માગણી નંબર-૮૬માં માર્ગ અને પુલોમાં લેન્ડ એકવીઝેશનના કેસમાં કોર્ટના ચૂકાદાના કારણે આપણે ૩.૭૫ કરોડની ડીમાન્ડ મૂકી છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની અંદર આપણે ૨૦૩ કરોડની ડીમાન્ડ પણ મૂકી છે એ લોકોની ૨૮૭ કરોડની માગણી હતી પણ ૮૩.૪૬ કરોડ રૂપિયા એ લોકોએ પોતાની સ્કીમમાંથી જ અવેલેબલ કર્યા એટલે આ સેન્ટ્રલી સ્પોન્સર્ડ સ્કીમમાં જે ફેરફાર થયા છે એના કારણે આ સપ્લીમેન્ટરી ડીમાન્ડ મૂકવામાં આવી છે. એવી જ રીતે આમાં પણ એક લેન્ડ એકવીઝેશન કેસમાં ૧,૬૩,૬૨૦ રૂપિયાની માગણી હતી પણ સેંકશન ગ્રાન્ટનું આપણે ટોકન પ્રોવિઝન ૧ હજાર કરીએ છીએ કારણ કે ફંડસ ઓલરેડી એમની પાસે અવેલેબલ છે. ડેલપમેન્ટ ઓફ નેશનલ હેરીટેજ દાંડી માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇનું એલોકેશન કરવામાં આવ્યું હતું પણ આપણે એડવાન્સ પ્રોવિઝન તરીકે એક કરોડની જોગવાઇ કરી છે. આ વર્ષના બજેટમાં કોઇ જોગવાઇ કરાઇ નથી એટલે આ કરવામાં આવ્યું છે. ફોર લેનીંગ ઓફ ભરૂચ બનસાલી દરેજ રોડ ઉપર રુ. ૩,૦૯,૭૦૦ લેન્ડ એકવીઝેશન કેસમાં આપણે આપવાના આવેલા છે અને એના ટોકન પ્રોવિઝન તરીકે એક હજારની જોગવાઇ કરવામાં આવી છે. માગણી નં. ૯૬ની અંદર

ટ્રાયબલ એરીયાની અંદર લેન્ડ એકવીઝેશન કેસમાં અક કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સાક્ષર ભારત એ ભારત સરકારની સ્કીમમાં ૬૦-૪૦ની યોજના છે એમાં કોઇ પ્રોવિઝન હતું નહીં એટલે ૨.૭૮ કરોડ રૂપિયાની જરૂરીયાત હતી પણ સપ્લીમેન્ટરી ડીમાન્ડની અંદર એક હજાર અત્યારે આપણે જોગવાઇ કરીએ છીએ. નેશનલ પ્રોગ્રામ ફોર પ્રીવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ કેન્સર, ડાયાબીટીસ માટે ૧૩.૨૭ કરોડની આ વખતમાં આપણે જોગવાઇ કરી છે કારણ કે કોઇ જોગવાઇ કરવામાં આવી નહોતી. આ પણ સી.એસ.એસ. સ્પોન્સર્ડ સ્કીમ છે ૬૭-૩૩ની સ્કીમ છે. નેશનલ પ્રોગ્રામ આસીસ્ટન ટુ મ્યુનિસિપલ કોર્પોરેશન અન્ડર હાઉસિંગ સીએસએસ ૬૦-૪૦ની અંદર ૮.૩૭ કરોડની જરૂરિયાત બતાડી છે પણ ટોકન સપ્લીમેન્ટરી આપણે બે હજાર મૂકીએ છીએ કારણ કે ઇન્ટરનલ સેવીંગ્સમાંથી એ લોકો બાદની વ્યવસ્થા કરવાના છે. એ રીતે આસીસ્ટન્સ ટુ અર્બન એરીયા હાઉસિંગ ફોર ઓલ એની અંદર પણ કોઇ પ્રોવિઝન કરવામાં આવ્યું નથી. સીએસએસમાં ૬૦-૪૦ની કેન્દ્ર સરકારની આ નવી યોજના હતી એટલે ૨.૬૨ કરોડની જરૂરિયાતની સામે ટોકન પ્રોવિઝન એક હજાર કરોડની કરી હતી એટલે આવી રીતે દરેક વિભાગોની માગણીઓની આપણે જોગવાઇ કરીએ છીએ. માઇક્રો ઈરીગેશનની વાત કરીએ પ્રધાનમંત્રીશ્રીની ૫૦-૫૦ની સ્કીમ છે એટલે એની અંદર પણ આપણે ૨૨.૦૧ કરોડ વિભાગ સંપૂર્ણપણે ઇન્ટરનલ રીસોર્સથી એ જોગવાઇ કરે છે પણ ટોકન સપ્લીમેન્ટરી ડીમાન્ડ તરીકે એક હજાર રૂપિયા આપણે આપીએ છીએ. ઘણા બધા સભ્યોએ આ હાઉસની અંદર પોતાના વિસ્તારની અને જુદા જુદા વિભાગની ચિંતા કરી, ઘણા બધા વિષય ઉપર ખૂબ અભ્યાસ માનનીય સભ્યશ્રીઓએ કર્યો હતો અને સરકાર આ બધા વિષયમાં ચિંતિત છે. દા.ત. ડ્રીપ ઈરીગેશનની વાત કરી, તો ડ્રીપ ઈરીગેશન એ ખૂબ અગત્યનું છે. અને બલવંતસિંહજીએ વાત કરી કે પાણીના ટેબલ્સ દિવસે દિવસે ઉત્તર ગુજરાતની અંદર નીચે ઉતરતા જાય છે. આ સામૂહિક જવાબદારી આપણા સૌની છે કારણ કે જો વધારેને વધારે ટેબલ્સ નીચે ઉતરશે તો ખેડૂતોને આવતા દિવસોની અંદર તકલીફ પડશે. એટલે વધારેને વધારે સ્પ્રીન્કલ અને ડ્રીપ ઇરિગેશન થાય એ આપણે સૌ ધ્યાન રાખીએ અને રાજ્ય સરકાર તરફથી પૂરતા નાણા જ્યાં જોઇએ ત્યાં આપવામાં કોઇ કચાશ રાખીશું નહીં. પીવાના પાણી માટે ચિંતા કરી છે. એના માટે પણ રાજ્ય સરકાર ઘણી બધી યોજના લાવી છે. શિક્ષકોની વાત કરી, બને એટલા શિક્ષકોની ભરતી પણ કરીએ છીએ. આશ્રમશાળાઓની વાત કરી, આશ્રમશાળાઓ માટે પણ સૂચના આપજો, હું વિભાગને મોકલી આપીશ અને શું થઇ શકે એના માટે ચોક્કસ ધ્યાન રાખીશું. મણીભાઇએ છોકરાઓને ફોરેન મોકલવાની વાત કરી. અમારા મંત્રીશ્રી રમણભાઇ અને તમારા વિચારો સરખા જ છે. વધારેને વધારે છોકરા-છોકરીઓ ફોરેન જાય એના માટે કેવી રીતે વધારે જોગવાઇ થઇ શકે એ પ્રમાણેનો અમે પ્રયાસ કરીશું. રાજકોટના ધારાસભ્યશ્રી ઈન્દ્રનિલ રાજ્યગુરૂએ લોન લેવી પડે છે. માહિતી આપો કે મુદ્રા બેન્ક વગેરેમાં જામીનગીરી આપ્યા વગર મળે છે. આપના તરફથી આવી કોઇ આવે તો બેન્કમાં મોકલજો નહિતર રાજ્ય સરકારમાં મોકલજો, અરજી પહોંચાડવાની બને એટલી કોશિશ કરીશું. મિત્રો, આ પ્રમાણે મારી માગણીઓ છે એને મંજૂર કરવા વિનંતી છે. આપ સૌએ ચિંતા વ્યક્ત કરી છે એ આવતા દિવસોમાં, આ વર્ષમાં, આવતા વર્ષમાં સામૂહિક રીતે પ્રયાસ કરી રાજ્યના લોકોના લાભાર્થે આપણે કામ કરીશું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જળ એ જીવન, પાણીની મુશ્કેલી જ્યાં સુધી મારા મત વિસ્તારને લાગે વળગે છે, ત્યાં સુધી અબડાસા વિસ્તાર પાસે બીજો કોઇ સોર્સ નથી. ૧૮ એમ.એલ.ડી. પાણી આપતા હતા એમાં ઘટાડો કરીને ૧૫ એમ.એલ.ડી. કરી નાખ્યું છે. પીવાનું પૂરતું પાણી ૧૮ એમ.એલ.ડી. મળી રહે અને ટેન્કરો માટે અહીં સુધી મંજૂરી માટે આવવું પડે છે એના બદલે કલેકટર કક્ષાએથી મંજૂરી અપાય અને જ્યાં જરૂર પડે ત્યારે લોકલ સોર્સ નથી એના માટે કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : પીવાના પાણીની ટોપ મોસ્ટ પ્રાયોરિટી છે. આની અંદર કોઇપણ વિસ્તાર હોય, કોઇપણ ગામને આપવાના જ છીએ. માનનીય શકિતસિંહભાઇએ વાત કરી એ બાબતે ધ્યાન દોરવું છે કે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક કમિટી બનાવી છે. માત્ર અને માત્ર અછતના મહિનાઓમાં આપણે કઇ રીતે કામ કરવું. માનનીય ભૂપેન્દ્રસિંહના નેતૃત્વમાં આ કમિટી બની છે અને હું પણ એમાં સભ્ય છું. આપે જે વાત કરી એમાં ચોક્કસ પાણી કેમ ઓછું થયું છે એ જોવડાવી લઇશું. એક વસ્તુ કલીયર છે કે ટેન્કરની મંજૂરી કલેકટર લેવલે જ આપવાની છે. કોઇપણ ગામને પાણીની તકલીફ પડે તો કોઇપણ સભ્ય હોય, વિભાગને લખજો અથવા અમને સીધી જાણ કરજો. લખવાની પણ જરૂર નથી, અમને ફોન કરશો તો પણ અમે કોશિશ કરીને નિકાલ લાવીશું.

ડો. અનિલભાઇ જોષીયારા : ટ્રાયબલ વિસ્તારમાં ડેમો હોવા છતાં પણ કોઇ સિંચાઇની અથવા પીવાના પાણીની યોજના ડેમ આધારિત નથી. મારે જાણવું છે કે આ ડેમોમાંથી પાણી લિફ્ટ કરીને અપ-સ્ટ્રીમમાં આવેલા વિસ્તારોને આપવા માગો છો કે કેમ? બીજું કે, ભારત સરકાર તરફથી જે કેન્સર, ડાયાબિટિસ અને કાર્ડિયોવાસ્ક્યુલર રોગો માટેની ગ્રાન્ટ આપણને મળે છે, તો મા અમૃતમ સાથે જોડ્યા વગર આવા દર્દીઓને આવકનું ધોરણ જોયા વગર આવી સારવાર ફ્રી આપવા માટે મદદ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : લિફ્ટ ઈરિગેશનની વાત કરું તો લિફ્ટ ઈરિગેશન આદિવાસી એરિયામાં રાજ્ય સરકારની હવે પ્રાયોરિટી થઇ ગઇ છે. આપના વિષયો સંપૂર્ણપણે અમારા ધ્યાનમાં છે. આ વખતના બજેટમાં જુઓ તો અનેક લિફ્ટ ઈરિગેશનની સ્કીમો કરી છે. આ તો બજેટની શરૂઆત છે. આ જે અત્યારે આ વર્ષે જે કાંઇ બજેટમાં લીધેલ છે અને એ બજેટમાં મોટી લિફ્ટ ઈરિગેશનની

સ્કીમો એ વિસ્તારમાં આવવાની છે. એટલે અંબાજીથી લઇને જે કોઇ હોય, ઉકાઇ હોય જે કાંઇ હોય એ જોષીયારાજી આપને ખાતરી તો નથી આપતો પણ તમે વિશ્વાસ રાખજો કે આવતા બે–ત્રણ વર્ષમાં તમારા પટ્ટામાં ઘણા બધા તાલુકાઓમાં સિંચાઇની પરિસ્થિતિમાં ચોક્કસ બદલાવ આવશે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય મંત્રીશ્રીએ ડ્રીપ ઇરિગેશનની વાત કરી. મારે પૂછવું છે કે અમારે ત્યાં નવા વીજ કનેકશન લેવાના થાય છે એમાં કન્ડિશન છે કે જી.જી.આર.સી. મંજૂરી આપે તો જોડાણ આપવાનું. ૬ – ૬ મહિના સુધી જી.જી.આર.સી.માં દરખાસ્તો પડી છે, કોઇ આપતા નથી તો એની કોઇ સમય મર્યાદા છે? વીજળીના જોડાણ આપવાના છે એમાં શરત એવી છે કે તમે ડ્રીપ ઇરિગેશન નાખો તો જ જોડાણ મળે. હવે એની દરખાસ્ત જી.ઇ.બી. મારફત થાય છે અને બરોડા જી.જી.આર.સી. કંપની છે એ ૬ મહિના સુધી દરખાસ્ત મોકલતા નથી. ખેડૂત ત્યાં ધક્કા ખાય, મળે એ ખેડૂતનો વિષય નથી. ડિપાર્ટમેન્ટ જી.ઇ.બી.ને મોકલે છે. છતાં એની સમય મર્યાદા રાખવામાં આવે કે ૧૫ દિવસમાં તમે મોકલી આપો, એમાં કાંઇ કરવાનું નથી. ૬ મહિના શાના? બીજો મુદ્દો પીવાના પાણીનો છે એ મારાં વિસ્તારની અંદર ઘણાં ગામો એવા છે કે પાણી નથી અને બીજું ખાસ એ છે કે પીવાના પાણીનો બોર કરવામાં આવે છે. આપના વિભાગ મારફત થાય છે એ ૧૬–૧૭ લાખમાં બોર થાય છે. જ્યારે ત્યાં ખેડૂત બોર બનાવે છે એ ૫–૬ લાખમાં બને છે. હવે આટલો મોટો તફાવત? ભલે કદાચ પાઇપો સારી લાવતા હશો તો તફાવત હશે પણ આટલો તફાવતના ૧૦% ભરવામાં ઘણી બધી સમસ્યા રહે છે તો એ વિસંગતતા દૂર કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે જે પહેલો વિષય જી.જી.આર.સી.ની વાત કરી. ૬ મહિના મારાં ધ્યાનમાં નથી પણ હું ચોક્કસપણે જી.જી.આર.સી. અને મારાં વિભાગ બેયને બોલાવી લઇશ. આપના તાલુકાની અરજીઓ હોય તો આપજો અને એવું હોય તો આ વિધાનસભા ચાલુ છે તો આપણે જોડે બેસીને એક બેઠક કરી લઇએ. તમે હાજર રહેજો બરાબર છે. આપણે ઇશ્યુનો નિકાલ કરીશું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, મારાં ક્વાંટ તાલુકામાં હાફેશ્વર પાણી પુરવઠાની યોજના ૨૦૦૮માં મંજૂર થયેલી છે. પણ ૧૩૩ ગામની યોજનાની આજે પણ કામગીરી પૂર્ણ થઇ નથી અને એ ગામડાંમાં આજે પણ પીવાના પાણીની મુશ્કેલી છે. એવી જ રીતે નસવાડીમાં પણ પાણી પુરવઠા યોજના બનેલી છે, એને છેલ્લા ચાર વર્ષ થયા આજે પણ એ યોજના ચાલુ નથી. જેથી કરીને કવાંટ તાલુકો અને નસવાડી તાલુકાના ૩૦૦ જેટલા ગામડાંમાં પીવાના પાણીની હાલ ઉનાળામાં સમીક્ષા થવાની છે તો આ યોજના કાંઇક વહેલી કરવા માટેનું આયોજન છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે જે મારી પાસે માહિતી છે એ માહિતી આપને આપું છું. ૭૮ કરોડના કામ નસવાડી રિજિયોનલ વોટર સપ્લાય સ્કીમ, સાવલી અઘર સ્કીમ ઓફ છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ અને પાનમ રિજિયોનલ સ્કીમ ઓફ પંચમહાલ ડિસ્ટ્રિક્ટ આ ૧૭૮ ગામડાં અને એક શહેર આ કામ છે આવતા દિવસોમાં હાથમાં લેવાના છે, લીધેલું છે એવી થોડી નાની માહિતી છે પણ વધારે માહિતી..

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : હાફેશ્વર યોજના છે.

શ્રી સૌરભ પટેલ : મારી પાસે અત્યારે માહિતી નથી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : કાંઇ વાંધો નહિ, પણ આ યોજના ૨૦૦૮ થી શરૂ થઇ છે. ૧૩૩ ગામની યોજના છે. આજે એકપણ ગામને પીવાનું પાણી મળતું નથી.

શ્રી સૌરભ પટેલ : હું પ્રોગ્રેસ રિપોર્ટ અને આ વર્ષે શું કરવાના છે અને પ્રોગ્રેસ રિપોર્ટ શું છે એ હું આપને આપીશ.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : હા, સાહેબ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાની અંદર પીવાના પાણીના બોર કરવા માટે ૧૦% ફાળો લેવામાં આવે છે. આર્થિક રીતે લોકો પછાત છે તો આ ફાળો માફ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : સૂચન છે. આ વિષય વિભાગનો નીતિ વિષયક નિર્ણય છે.

શ્રી પૂનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે મારા તારાપુરની અંદર આણંદ જિલ્લાના સાડા ચાર લાખ લિટરની પીવાના પાણીની ટાંકી ત્રણ મહિના પહેલા તૂટી ગઇ છે. હવે એના માટે સરકારે ૭ કરોડ રૂપિયા મંજૂર પણ કર્યા છે પણ યોજના ચાલુ કરવામાં આવતી નથી તો આ યોજના વહેલી તકે ચાલુ કરવામાં આવશે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : હું વિભાગને આપની લાગણી ચોક્કસ પહોંચાડીશ.

## તા. ૨જી માર્ચ, ૨૦૧૬

## પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : સાહેબ, છેલ્લું.

અધ્યક્ષશ્રી : બધા જાણે છે કે નાણામંત્રીશ્રી ખૂબ મજબૂત છે એટલે..

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : સાહેબ, આજે નાણામંત્રીશ્રી વરસવા લાગ્યા છે એટલે મને પણ એક ઇચ્છા થઇ કે મારો પ્રશ્ન રજૂ કરી દઉં. મારો મતવિસ્તાર સાબરકાંઠા અને અરવલ્લી બંનેમાં એસ.કે.વન અને ટુ હજુ પણ બાકી છે. ઘણાં વિસ્તારો એવા છે કે હજુ આજે પાણીનો કોઇ સોર્સ નથી, જેમ ગોવાભાઇએ કીધુંને. પાણીના તળ પણ ઊંડા ગયા છે, બોરની પણ વ્યવસ્થા થાય તેવું નથી તેવી પરિસ્થિતિમાં ત્યાં શું કરવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : (આ તકે મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયા બેઠા બેઠા કાંઇક બોલતાં) અમારા મંત્રીશ્રી કહે છે કે, આ બધું આઇધર પ્રોસેસમાં છે. મંજૂરીની પ્રોસેસમાં છે. મંજૂરી થશે તો કામ આવતા દિવસોમાં બને એટલું ઝડપી ઉપાડી લઇશું. હું વિનંતી કરું છું કે, રજૂ થયેલી કાપ દરખાસ્તો પાછી ખેંચે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણી ક્રમાંક ૬૭ પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ અને ૫ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત: માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણી ક્રમાંક ૬૭ પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ અને ૫ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : પૂરક માગણી ક્રમાંક ૬૭ પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪ અને ૫ પાછી ખેંચવામાં આવે છે.

કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૩ અને ૭ થી ૧૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

પૂરક માગણી ક્રમાંક ૧૦૨, ૬૭, ૭૦, ૮૬ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

ગીલોટીન કરેલી માગણીઓ

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫-૧૬ના પૂરક માગણીઓના પત્રકમાં કુલ ૫૮ પૂરક માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૧૦ પૂરક માગણીઓ ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૪૮ માગણીઓ પૈકી ૯ માગણીઓ બિન-મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૩૯ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક : ૧, ૩, ૬, ૯, ૧૦, ૧૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૬, ૭૩, ૭૪, ૭૫, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૧૦૧ અને ૧૦૬ હું મતદાન માટે રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક ૧, ૩, ૬, ૯, ૧૦, ૧૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૦, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૬, ૭૩, ૭૪, ૭૫, ૭૯, ૮૧, ૮૩, ૮૪, ૮૮, ૮૯, ૯૨, ૯૩, ૯૫, ૧૦૧ અને ૧૦૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : હું વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક : ૩૬ મત માટે મૂકું છું.

પૂરક માગણી ક્રમાંક : ૩૬ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૦૪-૧૫ વાગ્યે પુરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૩જી માર્ચ, ૨૦૧૬ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના નોન પ્લાન રસ્તાઓને પ્લાન રસ્તાઓમાં | ૩૬૦ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પશુદવાખાના | ૨૫૩ |
| | અરવલ્લી જિલ્લામાં પોલીસનું મહેકમ | ૨૭૫ |
| | બાંધકામ ક્ષેત્રના શ્રમિકો માટે સેસની જમા રકમ | ૧૫૩ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં આંગણવાડીઓને ગેસ કનેક્શન | ૩૯૪ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં એસ.કે.–૪(૧) અને એસ.કે.–૪(૨) યોજના | ૧૨૮ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં કિશોરી શક્તિ યોજનાનો અમલ | ૩૭૯ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં રીસર્વેની કામગીરી | ૨૮૮ |
| | શામળાજી ખાતે યાત્રાધામ વિકાસ | ૧૬૩ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૩૯૮ |
| | રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૮૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન યોજનાના કામો માટે બેઠક | ૨૦ |
| અમિત ચાવડા | આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૫૭ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ | ૩૬૭ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં શરૂ થયેલ મોટા–મધ્યમ અને લઘુ ઉદ્યોગો | ૨૬૪ |
| | આંકલાવ તાલુકામાં કોર્ટ સંકુલ | ૧૨૮ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો | ૩૩ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં પરા/પેટાપરાઓને પાકા રસ્તાથી જોડવા બાબત | ૩૩૩ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં મંજૂર મહેકમ | ૩૮૫ |
| | આણંદ જિલ્લામાં વૃક્ષોની હરાજીની બાકી રકમ | ૭૧ |
| | દિલ્હી સ્થિત ગુજરાત ભવનમાં રૂમોની સુવિધા | ૨૮૨ |
| અમિતભાઈ ચૌધરી | ગાંધીનગર જિલ્લાના ગામોના પાણીમાં ફ્લોરાઈડનું પ્રમાણ | ૧૩૬ |
| અરુણસિંહ અ. રણા | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૦૯ |
| | અમદાવાદ ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા તબીબી સેવાના | ૩૫૦ |
| | ભરૂચ જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓ | ૧૮ |
| | ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય | ૧૧૩ |
| અરવિંદભાઈ લાડાણી | કેશોદ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના | ૩૯ |
| | જુનાગઢ જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કાર્ડ | ૩૫૩ |
| | જૂનાગઢ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય | ૧૨૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૦૬ |
| અરવિંદભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના | ૧૦૯ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં રોપાનું વાવેતર | ૪૫ |
| | ખેડા જિલ્લામાં પપૈયાનાં પાક માટે સહાય | ૨૫૯ |
| | રાજ્યમાં કાર્યરત મેડિકલ કોલેજો | ૩૫૭ |
| અરવિંદસિંહ રાઠોડ | પંચમહાલ જિલ્લાના માનગઢ ખાતેના ગોવિંદગુરૂ સ્મૃતિવન | ૩૯ |
| | પંચમહાલ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૨૫૦ |
| | પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૨૮ |
| અશ્વિન કોટવાલ | રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૦૦ |
| | રાજ્યમાં આઈ.એ.એસ.નું મહેકમ | ૨૯૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં આઈ–કિસાન પોર્ટલ હેઠળ અનુસૂચિત જાતિ/જનજાતિની | ૨૭૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના કામોના ટેન્ડર | ૩૪૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં રોટાવેટર ખરીદી બાબત | ૨૫૯ |

| | | |
|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને લોન સહાય | ૧૨૨ |
| | અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો | ૫૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.આઈ. એકટનો અમલ | ૩૬ |
| અશોકકુમાર પટેલ | ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદનું નવીનીકરણ | ૩૩૩ |
| | ગાંધીનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૨૫ |
| | ગાંધીનગર મહાનગરપાલિકા ને વ્યક્તિગત શૌચાલય ગ્રાન્ટની મંજૂરી | ૨૫૧ |
| ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરુ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૦૫ |
| | રાજકોટ શહેરમાં આર.ટી.ઈ. નો પ્રસાર | ૬૦ |
| | વાંકાનેર તાલુકાના કણકોટ ગામમાં રેવન્યુ નોંધ પાડવા બાબત | ૨૪૭ |
| | રાજકોટ શહેરમાં આર. ટી. ઈ. હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ | ૭૧ |
| | રાજકોટ શહેર અને જિલ્લાની શાળાઓમાં આચાર્યો અને શિક્ષકોનું મંજુર મહેકમ | ૩૮ |
| | રાજકોટ શહેરને નર્મદા યોજના દ્વારા પાણીનો જથ્થો | ૧૪૯ |
| | રાજકોટની હોસ્ટેલમાં અપાતા ભોજનમાં મૃત ગરોળી બાબત | ૧૧૮ |
| | બામણબોર–બગોદરા ખાતે ટોલટેકસ ઉઘરાવવાની શરૂઆત | ૩૬૬ |
| | રાજકોટ શહેર અને જિલ્લામાંથી પકડાયેલ દારૂ | ૨૬૯ |
| ઈશ્વરભાઈ પટેલ | વલસાડ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૨૪૮ |
| | ધરમપુર તાલુકામાં કાર્યરત બ્લડ બેન્કો | ૩૪૯ |
| | ધરમપુર તાલુકામાં કાર્યરત નર્સિંગ કોર્ષ | ૩૭૫ |
| | વલસાડ જિલ્લાની આશ્રમશાળાઓમાં ખાલી જગ્યાઓ | ૧૬૦ |
| | વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૧૦૨ |
| | વલસાડ જિલ્લામાં પકડાયેલ દારૂ | ૨૭૧ |
| | વલસાડ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના | ૪૬ |
| | વલસાડ જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૧૪૫ |
| | વલસાડ જિલ્લામાં સરકારી આયુર્વેદ દવાખાનાઓ | ૩૯૦ |
| | વલસાડ જિલ્લામાં હાઈસ્કુલોમાં શિક્ષકોની ઘટ | ૬૩ |
| | સુરત જિલ્લામાં ગણવેશ સહાય | ૧૪૨ |
| | સુરત જિલ્લામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ | ૧૧ |
| | અંકલેશ્વર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર | ૩૦ |
| | તવડીથી રાજપીપળા અનુભાગને ચારમાર્ગીય કરવા બાબત | ૩૬૨ |
| | ભરૂચ જિલ્લામાં હેન્ડપંપોના રીપેરીંગની કામગીરી | ૧૧૧ |
| ઈશ્વરભાઈ પરમાર | બારડોલી પાસે નવો પુલ બનાવવા બાબત | ૩૪૫ |
| ઋષિકેશ ગ. પટેલ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ) | ૮૭ |
| | મહેસાણા જિલ્લામાં આવેલ કન્યા છાત્રાલયો | ૧૪૧ |
| | વિસનગર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૨ |
| | મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ | ૩૩૯ |
| કેતનભાઈ ઈનામદાર | વડોદરા જિલ્લામાં સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત તાલીમ | ૨૪૯ |
| | રાજ્યની પર્વતારોહણ સંસ્થાઓમાં બાળકો/યુવાનો માટે કોર્ષોનું આયોજન | ૩૬૧ |
| | વડોદરા જિલ્લામાં ''કુંવરબાઈ મામેરૂં'' યોજનાના લાભાર્થીઓ | ૩૩ |
| | વડોદરા જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ સાધન સહાય | ૧૩૩ |
| કનુભાઈ મો. દેસાઈ | પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૧૩ |
| | પારડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર | ૧ |
| | પારડી સ્ટેશનથી ઉમરસાડી–માછીવાડ રસ્તાને પહોળો કરવા બાબત | ૩૪૪ |
| | વલસાડ જિલ્લામાં શિષ્યવૃત્તિની ચૂકવણી | ૧૦૫ |
| | વાપી ખાતે રહેણાંકના આવાસનું બાંધકામ | ૧૪૭ |

| | | |
|---|---|---|
| કરમશીભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૩૮૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૪૦૭ |
| | અમદાવાદ જિલ્લામાં મહેસૂલી તલાટીઓનું મહેકમ | ૨૬૬ |
| | અમદાવાદ જિલ્લામાં વૃધ્ધોને સહાય | ૧૪૮ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં અંધજન બેરોજગારોને નોકરી | ૧૧૭ |
| | ગુજરાત સામૂહિક જુથ જનતા અકસ્માત વિમા યોજનાનું પ્રિમીયમ જમા નહિ કરાવવા | ૧૬૧ |
| | બગોદરા–તારાપુર–વડોદરા રસ્તાનું કામ શરૂ કરવા બાબત | ૩૬૪ |
| | રાજ્યની પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષકોની નવી કેડરના નિતિનિયમો | ૬૩ |
| | સાણંદ અને બાવળા તાલુકાની શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટ | ૪૫ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લામાં ખાદ્યતેલનું વિતરણ | ૧૮ |
| | ભાવનગર જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અરજીઓ | ૧૧૪ |
| | રાજ્યમાં કાર્યરત સ્વનિર્ભર મેડિકલ કોલેજો | ૩૪૭ |
| કેશાજી ચૌહાણ | બનાસકાંઠા જિલ્લામાં ડેરી વિકાસ યોજનાના લાભાર્થીઓ | ૨૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને ચૂકવેલ ગણવેશ સહાય | ૧૧૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સોલસંડા–માંકડી–મગવાસ રોડને પહોળો કરવા બાબત | ૩૨૦ |
| કેસરીસિંહ સોલંકી | અમદાવાદ–કુહા–કઠલાલ–ઝાડેશ્વર રોડને પહોળો કરવા બાબત | ૩૪૯ |
| | ખેડા જિલ્લામાં ઈકો ટુરીઝમનો વિકાસ | ૪ |
| | ખેડા જિલ્લામાં પશુઓને રસીકરણ | ૨૬૦ |
| | ખેડા જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ સહાય | ૧૨૩ |
| કાંતિભાઈ ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૩૪૭ |
| | બનાસકાંઠા જિલ્લાની ચેકપોસ્ટો પર બંધ રહેલ સીસીટીવી કેમેરા | ૧૨૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૩૭૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ | ૨૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં બીપીએલ પરિવારોને રેશનીંગનો જથ્થો | ૫૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિધવા સહાય મેળવવાની અરજીઓ | ૩૮૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં શ્રમિકોને આવાસ | ૧૫૧ |
| કાંતિલાલ અમૃતિયા | વાંકાનેર તાલુકાના મેસરીયા–અદેપર–સતાપર રોડને પહોળો કરવા બાબત | ૩૬૩ |
| | મોરબી જિલ્લાની હળવદ નગરપાલિકાને વ્યક્તિગત શૌચાલય, ગ્રાન્ટની મંજુરી | ૨૪૯ |
| | મોરબી જિલ્લામાં અંત્યોદય કાર્ડધારકોને ચીજવસ્તુઓનું વિતરણ | ૨૬ |
| | મોરબી જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૩૦ |
| કામિનીબા ભૂ. રાઠોડ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૦૪ |
| | ગાંધીનગર જિલ્લામાં આઈ.સી.ડી.એસ. માં મંજૂર મહેકમ | ૩૭૭ |
| | ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને મકાનો આપવા બાબત | ૩૫૪ |
| | દહેગામ તાલુકામાં આઈ.સી.ડી.એસ. હેઠળ કેન્દ્રો ખોલવાની દરખાસ્ત | ૩૯૦ |
| કિરીટસિંહ રાણા | લીંબડી તાલુકામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ | ૨૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળો | ૧૦૮ |
| કિશોરભાઈ કાનાણી | સુરત જિલ્લામાં આદિમજૂથની છ પાયાની સુવિધાઓ | ૧૭ |
| કિશોરસિંહ ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં ચૂકવેલ આંતરજ્ઞાતિય લગ્ન સહાય | ૧૦૧ |
| | સરકારી ગ્રંથાલયોમાં દુર્લભ ગ્રંથોની જાળવણી | ૩૪૧ |
